# ઉત્તરજ્ઝયણાણિ



વાચના પ્રમુખ
આચાર્ય તુલસી

સંપાદક : વિવેચક
આચાર્ય મહાપ્રજ્ઞ

# ઉત્તરજ્ઝયણાણિ

[૧]

(મૂલ પાઠ, સંસ્કૃત છાયા, ગુજરાતી અનુવાદ, તુલનાત્મક ટિપ્પણ)


વાચના-પ્રમુખ

**આચાર્ય તુલસી**

સંપાદક-વિવેચક

**આચાર્ય મહાપ્રજ્ઞ**

ગુજરાતી આવૃત્તિ : સંપાદક-અનુવાદક

ડૉ. રમણીક શાહ



પ્રકાશક

**જૈન વિશ્વભારતી**

લાડનૂં (રાજસ્થાન)

પ્રકાશક: **જૈન વિશ્વભારતી**
લાડનૂં - ૩૪૧ ૩૦૬

© **જૈન વિશ્વભારતી**

ગુજરાતી અનુવાદ
પ્રથમ સંસ્કરણ - ૨૦૦૨

આર્થિક સૌજન્ય :
**બચ્ચુભાઈ, અશોક, કિરીટ, કમલેશ, નરેશ, વસન્ત શાહ**
ઓરલેનડો (ફ્લોરિડા) યુ.એસ.એ.

પૃષ્ઠ સંખ્યા : ૧૦૬૦ (ભાગ ૧ - ૨)

મુલ્ય : ૫૦૦/-
સેટ : ૧૦૦૦/-

લેસર ટાઈપ સેટિંગ : મયંક રમણિકભાઈ શાહ,
અમદાબાદ (૦૭૯) - ૭૪૫૧૬૦૩

મુદ્રક : **સી. ક્યૂબ** (ચોપરા કમ્પ્યુટર સેન્ટર )
અમદાબાદ (ફોન: ૦૭૯-૬૪૬૨૫૧૩)

# Uttarajjhayanani

**[1]**

*(Prakrit Text, Sanskrit renderings, Gujarati translation and Comparative notes)*

*Vacana Pramukh*

**ACARYA TULSI**

*Editor and Annotator*

**ACARYA MAHAPRAJNA**

*Gujarati Edition : Editor-Translator*

**Dr. Ramanik Shah**

*Publisher*

**Jain Vishwa-Bharati**

**Ladnun (Raj.)**

Publisher : **Jain Vishva Bharati**
Ladnun - 341 306

**© Jain Vishva Bharati**

Gujarati Edition : 2002

Courtesy : **Bachubai, Ashok, Kirit, Kamlesh, Naresh, Vasant Shah**
Orlando, (Florida) U.S.A.

Pages : 1060 ( in 2 Volumes)

Price : Rs. 500/-
Set : Rs.1000/-

Laser Type Setting : Mayank Ramnikbhai Shah,
Ahmedabad (079 - 7451603)

Printed by : C CUBE (Chopra Computer Centre)
Ahmedabad (079) 6462513

# સમર્પણ

॥ ૧ ॥

पुट्ठो वि पण्णा-पुरिसो सुदक्खो,
आणा-पहाणो जणि जस्स निच्चं ।
सच्चप्पओगे पवरासयस्स,
भिक्खुस्स तस्स प्पणिहाण पुव्वं ॥

જેનો પ્રજ્ઞા-પુરુષ પુષ્ટ પટુ,
થઈને ય આગમ-પ્રધાન જે;
સત્ય-યોગમાં હતો પ્રવર ચિત્ત,
તે ભિક્ષુને વિમળ ભાવથી.

॥ ૨ ॥

विलोडियं आगमदुद्धमेव,
लद्धं सुलद्धं णवणीय मच्छं ।
सज्झायसज्झाणरयस्स निच्चं,
जयस्स तस्स प्पणिहाण पुव्वं ॥

જેણે આગમ-દોહન કરીને,
પામ્યું પ્રવર પ્રચુર નવનીત;
શ્રુત-સદ્ધ્યાન લીન ચિર ચિંતન,
જયાચાર્યને વિમળ ભાવથી.

॥ ૩ ॥

पवाहिया जेण सुयस्स धारा,
गणे समत्थे मम माणसे वि ।
जो हेउभूओ स्स पवायणस्स,
कालुस्स तस्स प्पणिहाण पुव्वं ॥

જેણે શ્રુતની ધાર વહાવી,
સકળ સંઘમાં મારામાં;
હેતુભૂત શ્રુત-સંપાદનમાં,
કાલુગણીને વિમળ ભાવથી.

વિનયાવનત

**આચાર્ય તુલસી**

# અન્તસ્તોષ

અન્તસ્તોષ અનિર્વચનીય હોય છે, તે માળીનો કે જે પોતાના હાથે વાવેલા અને સીંચેલા દ્રુમ-નિકુંજને પલ્લવિત, પુષ્પિત અને ફલિત થયેલું જુએ છે, તે કલાકારનો કે જે પોતાની પીંછીથી નિરાકારને સાકાર થયેલું જુએ છે અને તે કલ્પનાકારનો કે જે પોતાની કલ્પનાથી પોતાના પ્રયત્નોને પ્રાણવાન બનેલા જુએ છે. ચિરકાળથી મારું મન એ કલ્પનાથી ભરેલું હતું કે જૈન-આગમોનું સંશોધન-પૂર્ણ સંપાદન થાય અને મારા જીવનની બહુશ્રમી ક્ષણો તેમાં ખર્ચાય. સંકલ્પ ફળવાન બને અને તેમ જ થયું. મને કેન્દ્ર માનીને મારો ધર્મ-પરિવાર તે કાર્યમાં સંલગ્ન બની ગયો. આથી મારા આ અન્તસ્તોષમાં હું તે બધાને સહભાગી બનાવવા ઇચ્છું છું જે આ પ્રવૃત્તિમાં સંવિભાગી બની રહ્યાં છે. સંક્ષેપમાં તે સંવિભાગ આ પ્રમાણે છે—

| | | |
|---|---|---|
| સંપાદક : વિવેચક | | **યુવાચાર્ય મહાપ્રજ્ઞ** |
| | સહયોગી | **મુનિ દુલહરાજ** |
| સંસ્કૃત છાયા | ” | **મુનિ સુમેરમલ 'લાડનૂં'** |
| | | **મુનિ શ્રીચંદ 'કમલ'** |

સંવિભાગ આપણો ધર્મ છે. જેણે-જેણે આ ગુરુતર પ્રવૃત્તિમાં ઉન્મુક્તભાવે પોતાનો સંવિભાગ સમર્પિત કર્યો છે, તે બધાને હું આશીર્વાદ આપું છું અને કામના કરું છું કે તેમનું ભવિષ્ય આ મહાન કાર્યનું ભવિષ્ય બને.

**આચાર્ય તુલસી**

# અર્હમ્

ઉત્તરાધ્યયન એક આગમ છે, એક મહાકાવ્ય છે, એક વૈરાગ્યનો કથાગ્રંથ છે. તેમાં જીવન જીવવાની કળાના મહત્ત્વપૂર્ણ સૂત્રો છે. અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. આચાર્ય તુલસીના વાચના પ્રમુખત્વમાં અમે તેનું સંપાદન કર્યું હતું. તેમાં કેટલીક વિશેષતા છે, આધુનિકતા છે. તેના વાચક વિદ્વાન પોતે જ તેનું મૂલ્યાંકન કરી શકે છે.

કીર્તિભાઈ જુવાલિયાના મનમાં એક ભાવના જાગી—આગમોનો ગુજરાતી ભાષામાં અનુવાદ થવો જોઈએ. જૈન વિશ્વભારતીના માધ્યમથી આ કાર્ય ચાલી રહ્યું છે. આનો અનુવાદ ડૉ. રમણીક શાહે કર્યો છે. જૈન વિશ્વભારતી દ્વારા અનેક આગમ ગ્રંથો પ્રકાશિત થયા છે. ગુજરાતી ભાષામાં અનુવાદિત આ પ્રથમ ગ્રંથ વાચકોના હાથમાં છે. ગુજરાતી ભાષાનો વાચકવર્ગ આનું યથાયોગ્ય મૂલ્યાંકન કરશે, એમ વિશ્વાસપૂર્વક કહી શકાય.

૨૧-૫-૨૦૦૨ **આચાર્ય મહાપ્રજ્ઞ**

ભાભર

# અનુવાદકીય

જૈન આગમોમાં મૂલસૂત્રોનું સ્થાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક ભાષા અને વિષયની દૃષ્ટિએ અત્યંત પ્રાચીન છે. આ સૂત્રોની તુલના સુત્તનિપાત, ધમ્મપદ વગેરે પ્રાચીન બૌદ્ધ સૂત્રો સાથે કરવામાં આવી છે. ઉત્તરાધ્યયન જૈન આગમોમાં પ્રથમ મૂલસૂત્ર છે. ઉત્તરાધ્યયનની ટીકાઓના આધારે એ જાણી શકાય છે કે ભગવાન મહાવીરે પોતાના અંતિમ ચાતુર્માસ વેળાએ પૂછાયા વિનાના ૩૬ પ્રશ્નોના જે ઉત્તરો આપ્યા તે આ ગ્રંથમાં ૩૬ અધ્યયનો રૂપે સંગૃહીત હોવાથી આનું નામ ઉત્તરાધ્યયન પડ્યું. ભદ્રબાહુસ્વામીની ઉત્તરાધ્યયન-નિર્યુક્તિ અનુસાર આ ૩૬ અધ્યયનોમાંથી કેટલાક અંગગ્રંથોમાંથી લેવામાં આવ્યાં છે, કેટલાંક જિનભાષિત છે, કેટલાંક પ્રત્યેક-બુદ્ધો દ્વારા પ્રરૂપિત છે અને કેટલાક સંવાદરૂપે કહેવામાં આવ્યા છે—

अंगप्पभवा जिणभासिया पत्तेयबुद्ध-संवाया ।
बंधे मुक्खे य कया छत्तीसं उत्तरज्झयणा ॥ (गा. ४)

ઉત્તરાધ્યયન સૂત્રનું મહત્ત્વ તેના પર રચાયેલી સંખ્યાબંધ ટીકાઓથી પણ સમજી શકાય છે. પ્રાચીન કાળની ભદ્રબાહુની નિર્યુક્તિ, જિનદાસ ગણિની ચૂર્ણિ પછી ૧૧મી સદીમાં ઉત્તરાધ્યયન સૂત્ર પર બે અત્યંત સમૃદ્ધ ટીકાઓ મળે છે— આ. શાન્તિસૂરિ (ઈ.સ.૧૧મી સદી પ્રથમાર્ધ) વિરચિત શિષ્યહિતા ટીકા તથા આ. નેમિચન્દ્રસૂરિ (ઈ.સ.૧૧મી સદી ઉત્તરાર્ધ) વિરચિત સુખબોધા ટીકા. આ બે ટીકાઓ પ્રાચીન ટીકાઓમાં શિરમોર સમાન છે.

અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં અનુવાદ સાથે પણ ઉત્તરાધ્યયનની અનેક આવૃત્તિઓ પ્રકાશિત થઈ ચૂકી છે.

અત્રે આપેલ ગુજરાતી અનુવાદ આચાર્ય તુલસીજીના વાચના-પ્રમુખત્વ તળે આચાર્ય મહાપ્રજ્ઞજી સંપાદિત હિન્દી આવૃત્તિનો અનુવાદ છે. વિસ્તૃત આમુખ, મૂળ અને સંસ્કૃત છાયા, હિન્દી અનુવાદ, ચૌદસો જેટલાં ટિપ્પણો અને નવ પરિશિષ્ટોમાં સમાયેલ આ દળદાર ગ્રંથ ઉત્તરાધ્યયન સૂત્રનાં બધાં રહસ્યોને વાચક સમક્ષ ખોલી આપે છે. પરંપરાગત ઉપદેશવચનોને પોતાની અનન્ય પ્રતિભાથી, સમગ્ર વિશ્વના ધર્મોના પોતાના મર્મગામી અધ્યયનથી અને જીવનકળાના પોતે પ્રબોધેલા નવ્ય પ્રકાશથી આચાર્ય મહાપ્રજ્ઞજીએ આપણી સમક્ષ સરળ અને સુબોધક શૈલીમાં સ્પષ્ટ કરી આપ્યાં છે.

ગુજરાતી અનુવાદનું કાર્ય મને સોંપી પૂજ્ય આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ મારા પર પરમ ઉપકાર કરેલ છે. તેઓશ્રીના શુભ આશીર્વાદથી જ હું આ કાર્ય કરી શક્યો છું. અનુવાદ કરવા પ્રેરનાર શ્રી શુભકરણજી સુરાણાનો અને કાળજીપૂર્વક પ્રકાશનકાર્યની સઘળી વ્યવસ્થા ગોઠવી આપવા માટે શ્રી સિદ્ધરાજજી ભંડારીજીનો હું અત્રે હૃદયપૂર્વક આભાર માનું છે. સમગ્ર ગ્રંથનું સુંદર લેસર કંપોઝીંગ કરી આપવા માટે ચિ. મયંકને ધન્યવાદ.

૧૭-૬-૨૦૦૨ — રમણીક શાહ

અમદાવાદ

# પ્રકાશકીય

## (૨જી હિન્દી આવૃત્તિનું)

'ઉત્તરજ્ઝયણાણિ' મૂળપાઠ, સંસ્કૃત છાયા, હિન્દી અનુવાદ અને ટિપ્પણી સાથે બે ભાગોમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. પહેલા ભાગમાં વીસ અધ્યયનો છે. બાકીના અધ્યયનો તથા વિવિધ પરિશિષ્ટો બીજા ભાગમાં સંલગ્ન રહેશે.

વાચના પ્રમુખ આચાર્યશ્રી તુલસી તથા તેમના ઇંગિત અને આકાર પર સર્વકંઈ ન્યોછાવર કરનાર મુનિવૃંદની આ સમવેત કૃતિ આગમિક કાર્ય-ક્ષેત્રમાં યુગાંતરકારી છે. આ કથનમાં અતિશયોક્તિ નથી, પણ સત્ય છે. બહુમુખી પ્રવૃત્તિઓના કેન્દ્ર પ્રાણપુંજ આચાર્યશ્રી તુલસી જ્ઞાન-ક્ષિતિજના એક મહાન તેજસ્વી સૂર્ય છે અને તેમનું મંડળ પણ શુભ્ર નક્ષત્રોનું તપોપુંજ છે. આ વાત અત્યંત શ્રમસાધ્ય કૃતિમાંથી સ્વયં ફળીભૂત થાય છે.

ગુરુદેવના ચરણોમાં મારો વિનમ્ર પ્રસ્તાવ હતો—આપના તત્ત્વાવધાનમાં આગમોનું સંપાદન અને અનુવાદ થાય—આ ભારતના સાંસ્કૃતિક અભ્યુદયની એક મૂલ્યવાન કડીના રૂપમાં ચિર-અપેક્ષિત છે. આ અત્યંત સ્થાયી કાર્ય થશે, જેનો લાભ એકાદ-બે જ નહિ, પરંતુ અનેક ભાવિ પેઢીઓને મળતો રહેશે. મને એ વાતનો અત્યંત આનંદ છે કે મારી મનોભાવના અંકુરિત જ નહિ, પણ ફલવતી અને રસવતી પણ બની છે.

'દસવેઆલિયં'ની જેમ જ 'ઉત્તરજ્ઝયણાણિ'માં પણ પ્રત્યેક અધ્યયનના પ્રારંભમાં પાંડિત્યપૂર્ણ આમુખ આપવામાં આવેલ છે, જેનાથી અધ્યયનના વિષયનો સાંગોપાંગ આભાસ મળી જાય છે. પ્રત્યેક આમુખ એક અધ્યયનપૂર્ણ નિબંધ જેવો છે. પ્રત્યેક અધ્યયનના અંતમાં તે અધ્યયનમાં રહેલ વિશેષ શબ્દો તથા વિષયો પર તુલનાત્મક વિમર્શ પ્રસ્તુત કરવામાં આવેલ છે. પ્રયત્ન એવો કરવામાં આવ્યો છે કે કોઈપણ શબ્દ કે વિષય વિમર્શશૂન્ય ન રહે. ટિપ્પણગત વિમર્શના સંદર્ભો પણ સપ્રમાણ નીચે આપવામાં આવ્યા છે.

તેરાપંથના આચાર્યોની બાબતમાં એમ કહેવામાં આવે છે કે તેઓએ પ્રાચીન ચૂર્ણિ, ટીકા વગેરે ગ્રંથોનો બહિષ્કાર કર્યો હતો. વાસ્તવમાં તેની પાછળ તથ્ય ન હતું. સત્ય જ્યાં ક્યાંય હોય તે આદરણીય છે, એ જ તેરાપંથી આચાર્યોની દૃષ્ટિ રહી છે. ચતુર્થ આચાર્ય જયાચાર્યે પ્રાચીન ટીકાઓનો કેટલો ઉપયોગ કર્યો હતો તે તેમની 'ભગવતી જોડ' વગેરે રચનાઓથી પ્રગટ થાય છે. 'દસવેઆલિયં' તથા 'ઉત્તરજ્ઝયણાણિ' તો આ વાતના પ્રત્યક્ષ પ્રમાણ છે કે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકાઓ વગેરેનો જેટલો ઉપયોગ પ્રથમવાર વાચનાપ્રમુખ આચાર્યશ્રી તુલસી તથા તેમના ચરણોમાં સંપાદન-કાર્યમાં લાગેલા યુવાચાર્ય મહાપ્રજ્ઞ તથા તેમના સહયોગી સાધુઓએ કર્યો છે તેટલો કોઈપણ અદ્યાવધિ પ્રકાશિત સાનુવાદ સંસ્કરણમાં થયો નથી. સમગ્ર અનુવાદ અને લેખનકાર્ય અભિનવ કલ્પના સાથે થયેલ છે. મૌલિક ચિંતન પણ તેમાં કમ નથી. બહુશ્રુતતા અને ગંભીર અન્વેષણ પ્રતિ પૃષ્ઠ ઝળકે છે. અમે આશા રાખીએ છીએ કે બે ભાગમાં પ્રકાશિત થનાર આ ગ્રંથ પાઠકોને નવી સામગ્રી પ્રદાન કરશે અને તેઓ આને ખૂબ આદર સાથે અપનાવી લેશે.

**આભાર**

આચાર્યશ્રીની સુદીર્ઘ દૃષ્ટિ અત્યંત ભેદક છે. જ્યાં એક બાજુ જન-માનસની આધ્યાત્મિક અને નૈતિક ચેતનાની જાગૃતિના વ્યાપક આંદોલનોમાં તેમની અમૂલ્ય જીવન-ક્ષણો વપરાઈ રહી છે, ત્યાં બીજી બાજુ આગમ-સાહિત્ય-ગત જૈન સંસ્કૃતિના મૂળ સંદેશને જન-વ્યાપી બનાવવાનો તેમનો ઉપક્રમ પણ અનન્ય અને સ્તુત્ય છે. જૈન-આગમોને અભિલષિત રૂપમાં ભારતીય તથા વિદેશી વિદ્વાનોની સંમુખ લાવી મુકવાની આકાંક્ષામાં વાચના પ્રમુખના રૂપમાં આચાર્યશ્રી તુલસીએ જે અથાગ પરિશ્રમ પોતાના ખભા પર લીધો છે, તેને માટે જૈન જ નહિ, પરંતુ સમગ્ર ભારતીય જનતા તેઓશ્રી પ્રત્યે કૃતજ્ઞ રહેશે.

યુવાચાર્ય મહાપ્રજ્ઞજીનું સંપાદન અને વિવેચનકાર્ય તથા તેરાપંથ-સંઘના અન્ય વિદ્વાન મુનિવૃંદનો સક્રિય સહયોગ પણ સાથેસાથ અભિનંદનીય છે.

અમે આચાર્યશ્રી અને તેમના સાધુ-પરિવાર પ્રત્યે આ જન-હિતકારી પવિત્ર પ્રવૃત્તિ માટે નતમસ્તક છીએ.

દીપાવલી
લાડનૂં

**શ્રીચંદ રામપુરિયા**
કુલાધિપતિ
જૈન વિશ્વભારતી સંસ્થાન

# સંપાદકીય

**પ્રાચીન સાહિત્યનું સંપાદન**

સંપાદનનું કાર્ય સરળ નથી – જેમણે આ દિશામાં કંઈ પણ પ્રયત્ન કર્યો છે તેઓને આ હકિકત સુવિદિત છે. જેમની ભાષા અને ભાવવધારા આજની ભાષા અને ભાવવધારા વચ્ચે બહુ વ્યવધાન આવી ચૂકેલ છે તેવા બે-અઢી હજાર વર્ષ પુરાણા ગ્રંથોનું સંપાદનનું કાર્ય એથી ય જટિલ છે. ઈતિહાસની એ અપવાદ-રહિત ગતિ છે કે જે વિચાર કે આચાર જે આકારે જન્મે છે તે જ આકારે સ્થાયી રહેતો નથી. કાં તો તે મોટો બની જાય છે, કાં નાનો, આ હ્રાસ અને વિકાસની કહાણી જ પરિવર્તનની કહાણી છે. અને કોઈ પણ આકાર એવો નથી કે કૃત હોય અને પરિવર્તનશીલ ન હોય. પરિવર્તનશીલ ઘટનાઓ, તથ્યો, વિચારો અને આચારો માટે અપરિવર્તનશીલતાનો આગ્રહ મનુષ્યને અસત્ય તરફ લઈ જાય છે. સત્યનું કેન્દ્ર-બિંદુ એ છે કે જે કૃત છે, તે બધું પરિવર્તનશીલ છે. કૃત કે શાશ્વત પણ એવું શું છે કે જેમાં પરિવર્તનનો સ્પર્શ ન હોય ? આ વિશ્વમાં જે છે, તે જ છે જેની સત્તા શાશ્વત અને પરિવર્તનની ધારાથી સર્વથા જુદી નથી.

શબ્દનાં ઘેરાવામાં બંધાનાર કોઈ પણ સત્ય એવું હોઈ શકે છે કે જે ત્રણે કાળે સમાનરૂપે પ્રકાશિત રહી શકે ? શબ્દના અર્થનો ઉત્કર્ષ કે અપકર્ષ થાય છે – ભાષાશાસ્ત્રના આ નિયમને જાણનાર એવો આગ્રહ ન રાખી શકે કે બે હજાર વર્ષ જૂના શબ્દનો જે આજે પ્રચલિત છે એ જ અર્થ સાચો છે. 'પાંખડ' શબ્દનો જે અર્થ ગ્રંથો અને અશોકના શિલાલેખોમાં છે, તે આજના શ્રમણ-સાહિત્યમાં નથી. આજ તેનો અપકર્ષ થઈ ચૂક્યો છે. આગમ-સાહિત્યમાં સેંકડો શબ્દોની આ જ વાત છે કે તે બધા આજ મૌલિક અર્થનો પ્રકાશ આપતા નથી. આવી સ્થિતિમાં પ્રત્યેક ચિંતનશીલ વ્યક્તિ અનુભવી શકે છે કે પ્રાચીન સાહિત્યના સંપાદનનું કામ કેટલું મુશ્કેલ છે.

મનુષ્ય પોતાની શક્તિમાં વિશ્વાસ રાખે છે અને પોતાના પૌરુષથી ખેલે છે, આથી તે કોઈ પણ કાર્ય એટલા માટે છોડી નથી દેતો કે તે કાર્ય અઘરું છે. જો આવી પલાયનવૃત્તિ તેણે રાખી હોત તો પ્રાપ્યની સંભાવના જ માત્ર ન થઇ જાત, પરંતુ આજ જે પ્રાપ્ત છે તે અતીતની કોઈ પણ ક્ષણે વિલુપ્ત થઈ જાત. આજથી હજાર વર્ષ પહેલાં નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ સામે અનેક મુશ્કેલીઓ હતી. તેઓએ તેની ચર્ચા કરતાં લખ્યું છે –

૧. સત્ સંપ્રદાય (અર્થ-બોધની સમ્યક્ ગુરુ-પરંપરા) પ્રાપ્ત નથી.

૨. સત્ ઊહ (અર્થની આલોચનાત્મક કૃતિ કે સ્થિતિ) પ્રાપ્ત નથી.

૩. અનેક વાચનાઓ (આગમિક અધ્યાયનની પદ્ધતિઓ) છે.

૪. પુસ્તકો અશુદ્ધ છે.

૫. અર્થ વિષયક મતભેદ પણ છે.

આ બધી મુશ્કેલીએ, હોવા છતાં પણ તેમણે પોતાના પ્રયત્ન છોડ્યો નહીં અને તેઓ કંઈક કરી ગયા.

મુશ્કેલીઓ આજ પણ ઓછી નથી, પરંતુ તેમના હોવા છતાં પણ આચાર્યશ્રી તુલસીએ આગળ સંપાદનનું કાર્ય પોતાના હાથમાં લીધું.

**આગમ-સંપાદનની પ્રેરણા અને સંકલ્પ**

વિક્રમ સંવત ૨૦૧૧નું વર્ષ અને ચૈત્ર મહિનો. આચાર્યશ્રી તુલસી મહારાષ્ટ્રની યાત્રા કરી રહ્યા હતા. પૂનાથી નારાયણગાંવ તરફ જતાં-જતાં વચ્ચે એક દિવસનો પડાવ મંચરમાં થયો. આચાર્યશ્રી એક જૈન પરિવારના મકાનમાં ઊતર્યાં હતા. ત્યાં માસિક પત્રોની ફાઈલો પડી હતી. ગૃહસ્વામીની અનુમતિ લઈને અમે તે વાંચી રહ્યાં હતા. સાંજની વેળા, લગભગ છ વાગ્યા હશે. હું એક પત્રના કોઈ ભાગનું નિવેદન કરવા માટે આચાર્યશ્રી પાસે ગયો. આચાર્યશ્રી પત્રો જોઈ રહ્યા હતા. જેવો હું પહોંચ્યો કે આચાર્યશ્રીએ 'ધર્મદૂત'ના તાજા અંકની તરફ સંકેત કરતાં પૂછ્યું–'આ જોયુ કે નહિ ?' મેં જવાબમાં નિવેદન કર્યું–'નહિ, હજી નથી જોયું.' આચાર્યશ્રી ખૂબ ગંભીર બની ગયા. એક ક્ષણ અટકી બોલ્યા–'આમાં બૌદ્ધ પિટકોના સંપાદનની ઘણી મોટી યોજના છે. બૌદ્ધોએ આ દિશામાં પહેલાં જ ઘણું બધુ કામ કર્યું છે અને અત્યારે પણ ઘણું કરી રહ્યાં છે.

જૈન આગમોનું સંપાદન વૈજ્ઞાનિક પદ્ધતિથી હજુ થયું નથી અને હજી પણ ધ્યાન આપવામાં આવતું નથી.' આચાર્યશ્રીની વાણીમાં અંતર-વેદના ટપકી રહી હતી, પણ તેને પકડવામાં સમયની જરૂર હતી.

**આગમ-સંપાદનનો સંકલ્પ**

રાત્રિ-કાલીન પ્રાર્થના પછી આચાર્યશ્રીએ સાધુઓને આમંત્રિત કર્યા. તેઓ આવ્યા અને વંદના કરી પંક્તિબદ્ધ બેસી ગયા. આચાર્યશ્રીએ સાયંકાલીન ચર્ચા છેડતાં કહ્યું–'જૈન-આગમોનો કાયાકલ્પ કરવામાં આવે તેવો સંકલ્પ થઈ રહ્યો છે. તેની પૂર્તિ માટે કાર્ય કરવું પડશે. બોલો, કોણ તૈયાર છે ?'

બધાં હૈયાં એકીસાથે બોલી ઊઠ્યાં–'બધાં તૈયાર છીએ.'

આચાર્યશ્રીએ કહ્યું–'મહાન કાર્ય માટે મહાન સાધના જોઈએ. કાલે જ પૂર્વતૈયારીમાં લાગી જાઓ. પોતપોતાની રુચિનો વિષય પસંદ કરો અને તેમાં ગતિ કરો.'

મંચરથી વિહાર કરી આચાર્યશ્રી સંગમનેર પહોંચ્યા. પહેલા દિવસે વ્યક્તિગત વાતચીત થતી રહી. બીજા દિવસે સાધુ-સાધ્વીઓની પરિષદ બોલાવવામાં આવી. આચાર્યશ્રીએ પરિષદ સંમુખ આગમ-સંપાદનના સંકલ્પની ચર્ચા કરી. આખી પરિષદ પ્રફુલ્લ થઈ ઊઠી. આચાર્યશ્રીએ પૂછ્યું–'શું આ સંકલ્પને હવે નિર્ણયનું રૂપ આપવું જોઈએ ?'

એકી અવાજે પ્રાર્થનાનો અવાજ નીકળી પડ્યો–'જરૂર, જરૂર.' આચાર્યશ્રી ઔરંગાબાદ પધાર્યા. સુરાણા-ભવન, ચૈત્ર શુક્લા ત્રયોદશી (વિ.સં.૨૦૧૧), મહાવીર-જયંતિનું પુણ્ય પર્વ. આચાર્યશ્રીએ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા– આ ચતુર્વિધ-સંઘની પરિષદમાં આગમ-સંપાદનની વિધિવત્ ઘોષણા કરી.

**આગમ-સંપાદનનો કાર્યારંભ**

વિ.સં. ૨૦૧૨ શ્રાવણ માસ (ઉજ્જૈન ચાતુર્માસ)થી આગમ-સંપાદનનો કાર્યારંભ થઈ ગયો. ન તો સંપાદનનો કોઈ અનુભવ કે ન કોઈ પૂર્વતૈયારી. અકસ્માત ધર્મદૂતનું નિમિત્ત મળતાં આચાર્યશ્રીના મનમાં સંકલ્પ જાગ્યો અને તેને સૌએ શિરોધાર્ય કરી લીધો. ચિંતનની ભૂમિકાથી તો આને નરી ભાવુકતા જ કહેવી પડશે, પરંતુ ભાવુકતાનું મૂલ્ય ચિંતનથી કમ નથી. અમે અનુભવ-વિહીન હતા, પરંતુ આત્મવિશ્વાસ-શૂન્ય ન હતા. અનુભવ આત્મવિશ્વાસનું અનુગમન કરે છે, પરંતુ આત્મવિશ્વાસ અનુભવનું અનુગમન કરતો નથી.

પ્રથમ બે-ત્રણ વર્ષોમાં અમે અજ્ઞાત દિશામાં યાત્રા કરતા રહ્યા. પછી અમારી બધી દિશાઓ અને કાર્યપદ્ધતિઓ નિશ્ચિત અને સુસ્થિર બની ગઈ. આગમ-સંપાદનની દિશામાં અમારું કાર્ય સર્વાધિક વિશાળ અને ગુરુતર કઠણાઈઓથી ભરપૂર છે, આમ કહીને હું સહેજ પણ અતિશયોક્તિ કરી રહ્યો નથી. આચાર્યશ્રીના અદમ્ય ઉત્સાહ અને સમર્થ પ્રયત્ન વડે અમારું કાર્ય નિરંતર ગતિશીલ રહ્યું છે. આ કાર્યમાં અમને અન્ય અનેક વિદ્વાનોની સદ્ભાવના, સમર્થન અને પ્રોત્સાહન મળી રહેલ છે. મને વિશ્વાસ છે કે આચાર્યશ્રીની આ વાચના પૂર્વવર્તી વાચનાઓથી ઓછી અર્થસભર નહિ હોય.

**સામૂહિક વાચના**

જૈન પરંપરામાં વાચનાનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં સુધી આગમની ચાર વાચનાઓ થઈ ચૂકી છે. દેવર્દ્ધિગણિ પછી કોઈ સુનિયોજિત આગમ-વાચના નથી થઈ. તેમના વાચના-કાળ દરમિયાન જે આગમો લખવામાં આવ્યાં હતાં તે આટલી લાંબી અવધિમાં ઘણાં અવ્યવસ્થિત થઈ ગયાં છે. તેમની પુનર્વ્યવસ્થા માટે આજે ફરી એક સુનિયોજિત વાચનાની અપેક્ષા હતી. આચાર્ય શ્રી તુલસીએ સુનિયોજિત સામૂહિક વાચના માટે પ્રયત્ન પણ કર્યો હતો, પરંતુ તે સફળ થયો નહીં. અંતે અમે એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે અમારી વાચના અનુસંધાનપૂર્ણ, શોધપૂર્ણ, તટસ્થ-દૃષ્ટિ-સમન્વિત તથા સપરિશ્રમ હશે તો તે આપમેળે જ સામૂહિક બની જશે. આ જ નિર્ણયના આધારે અમારું આ આગમ-વાચનાનું કાર્ય શરૂ થયું.

અમારી આ વાચનાના પ્રમુખ આચાર્યશ્રી તુલસી છે. વાચનાનો અર્થ અધ્યાપન છે. અમારી આ પ્રવૃત્તિમાં અધ્યાપન-કર્મનાં અનેક અંગો છે – પાઠનું અનુસંધાન, ભાષાન્તર, સમીક્ષાત્મક અધ્યયન, તુલનાત્મક અધ્યયન વગેરે વગેરે. આ બધી પ્રવૃત્તિઓમાં આચાર્યશ્રીનો અમને સક્રિય સહયોગ, માર્ગદર્શન અને પ્રોત્સાહન મળેલ અને આજ પણ તે અદૃશ્યરૂપે મળી

રહેલ છે. આ જ અમારું આ ગુરુતર કાર્યમાં પ્રવૃત્ત થવાનું શક્તિબીજ છે.

ઈ.સ. ૧૯૯૭માં 'ઉત્તરજ્ઝયણાણિ' બે ભાગમાં પ્રકાશિત થયું હતું. પહેલા ભાગમાં મૂળ પાઠ, છાયા અને અનુવાદ તથા બીજા ભાગમાં માત્ર ટિપ્પણ અને અન્યાન્ય પરિશિષ્ટો. બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૯૩માં બન્ને ભાગમાં પ્રકાશિત થઈ. તેમાં ટિપ્પણ પાઠ સાથે જ સંલગ્ન હતાં. પ્રથમ ભાગમાં આગળના વીસ અધ્યયનો તથા બીજા ભાગમાં બાકીના સોળ અધ્યયનો, પ્રથમ આવૃત્તિમાં ટિપ્પણની સંખ્યા છસો હતી, બીજી આવૃત્તિમાં ટિપ્પણોની સંખ્યા ચૌદસો થઈ થઈ. પ્રસ્તુત તૃતીય આવૃત્તિમાં દ્વિતીય આવૃત્તિના બન્ને ભાગ સમાયેલા છે. આમાં નવ પરિશિષ્ટો છે–

| | |
|---|---|
| ૧. પદાનુક્રમ | ૬. તુલનાત્મક અધ્યયન |
| ૨. ઉપમા અને દૃષ્ટાંત | ૭. ટિપ્પણ-અનુક્રમ |
| ૩. સૂક્ત | ૮. વિશેષ શબ્દ |
| ૪. વ્યક્તિ-પરિચય | ૯. પ્રયુક્ત ગ્રંથ |
| ૫. ભૌગોલિક-પરિચય | |

**કૃતજ્ઞતા જ્ઞાપન**

જેમના શક્તિશાળી હાથોનો સ્પર્શ પામીને નિષ્પ્રાણ પણ પ્રાણવંત બની જાય છે, તો ભલા આગમ સાહિત્ય - કે જે સ્વયં પ્રાણવંત છે તેમાં પ્રાણસંચાર કરવો તે કઈ મોટી વાત છે ? મોટી વાત તો એ છે કે આચાર્યશ્રીએ તેમાં પ્રાણ-સંચાર મારી અને મારા સહયોગી સાધુ-સાધ્વીઓની અસમર્થ આંગળીઓ દ્વારા કરાવવાનો પ્રયત્ન કર્યો છે. સંપાદન કાર્યમાં અમને આચાર્યશ્રીનો આશીર્વાદ જ માત્ર નહોતો મળ્યો, તેમનું માર્ગદર્શન અને સક્રિય સહયોગ પણ મળ્યો હતો. આચાર્યવર્યે આ કાર્યને પ્રાથમિકતા આપી અને તેની પરિપૂર્ણતા માટે પોતાનો પર્યાપ્ત સમય પણ આપ્યો. તેઓના માર્ગદર્શન, ચિંતત અને પ્રોત્સાહનનું પાથેય પામીને અમે અનેક દુસ્તર ધારાઓનો પાર પામવા સમર્થ બન્યા છીએ.

હું આચાર્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતા-જ્ઞાપન કરી ભાર-મુક્ત બનું તે કરતાં સારું એ છે કે આગળના કાર્ય માટે તેમના મૂક આર્શીવાદનું ભાથું મેળવી વધુ ભારે બનું.

આગમ-સંપાદનના કાર્યમાં અનેક સાધુ-સાધ્વીઓનું યોગદાન રહ્યું છે. આજ પણ તેઓ આ સારસ્વત કાર્યમાં સંલગ્ન છે. આ આવૃત્તિની સમાયોજનામાં સર્વાધિક યોગ મુનિ દુલહરાજીનો છે. અન્યાન્ય મુનિઓએ પણ યથાશક્તિ યોગ આપેલ છે. મુનિ શ્રીચંદજી, મુનિ રાજેન્દ્ર કુમારજી, મુનિ ધનંજયકુમારજીએ ટિપ્પણ-લેખનમાં યોગ આપેલ છે. સંસ્કૃત છાયા લેખનમાં સહયોગી રહ્યા છે-મુનિ સુમેરમલજી 'લાડનૂં' તથા મુનિ શ્રીચંદજી 'કમલ'. ટિપ્પણ અનુક્રમનું પરિશિષ્ટ તૈયાર કર્યું છે મુનિ રાજેન્દ્રકુમારજી, મુનિ પ્રશાન્તકુમારજી તથા સમણી કુસુમપ્રજ્ઞાએ. મુનિ સુમેરમલજી 'સુદર્શને' પણ પ્રુફ વગેરે તપાસવામાં પોતાનો સમય ફાળવ્યો છે.

આ રીતે પ્રસ્તુત સંપાદનમાં અનેક મુનિઓની પવિત્ર અંગુલિઓનો યોગ રહ્યો છે. હું તે બધા પ્રત્યે સદ્ભાવના વ્યક્ત કરું છું. અને આશા રાખું છું કે આ મહાન કાર્યના આગળના ચરણમાં અધિક દક્ષતા પ્રાપ્ત કરી ગણાધિપતિ તુલસી દ્વારા પ્રારંભ કરાયેલ આ કાર્યને વધુ ગતિમાન કરવાનો પ્રયત્ન કરશે.

આચાર્યશ્રી પ્રેરણાના અનંત સ્રોત હતા. અમને આ કાર્યમાં તેઓની પ્રેરણા અને પ્રત્યક્ષ યોગ પ્રાપ્ત થયા હતા. એટલે અમારો માર્ગ સરળ બની ગયો હતો. આજ પણ પરોક્ષપણે તેમના જ શક્તિ-સંબલથી અમે આ કાર્યમાં નિયોજિત છીએ, ગતિમાન છીએ. તેમનો શાશ્વત આશીર્વાદ દીપ બનીને અમારો કાર્ય-પથ પ્રકાશિત કરતો રહે એ જ અમારી આશંસા છે.

30 જૂન ૨૦૦૦
જૈન વિશ્વ ભારતી
લાડનૂં (રાજ.)

**આચાર્ય મહાપ્રજ્ઞ**

# ભૂમિકા

## ૧. આગમ-સૂત્રોનું વર્ગીકરણ

જૈન આગમોનુ પ્રાચીનતમ વર્ગીકરણ પૂર્વો અને અંગોના રૂપમાં મળે છે. પૂર્વો સંખ્યામાં ચૌદ હતા.[1] અને અંગો બાર[2].

બીજું વર્ગીકરણ આગમ-સંકલન-કાલીન છે. તેમાં આગમોને બે વર્ગોમાં વિભક્ત કરવામાં આવ્યા છે – અંગ-પ્રવિષ્ટ અને અંગ-બાહ્ય[3]

ત્રીજું વર્ગીકરણ આ બંનેની વચ્ચેનું છે. તેમાં આગમ-સાહિત્યના ચાર વર્ગો કરવામાં આવ્યા છે –

(૧) ચરણ-કરણાનુયોગ, (૨) ધર્મકથાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.

એક વર્ગીકરણ સૌથી ઉત્તરવર્તી છે. તે અનુસાર આગમો ચાર વર્ગોમાં વિભાજિત થાય છે –

(૧) અંગ, (૨) ઉપાંગ, (૩) મૂલ અને (૪) છેદ.

નંદીના વર્ગીકરણમાં મૂલ અને છેદનો વિભાગ નથી. ઉપાંગ શબ્દ પણ અર્વાચીન છે. નંદીના વર્ગીકરણમાં આ અર્થનો વાચક અનંગ-પ્રવિષ્ટ અથવા અંગ-બાહ્ય શબ્દ છે.

આગમોનું એક વર્ગીકરણ અધ્યયન-કાળની દૃષ્ટિએ પણ કરવામાં આવ્યું છે. દિવસ અને રાતના પ્રથમ અને અંતિમ પ્રહરમાં વાંચવામાં આવનારા આગમો 'કાલિક' તથા દિવસ અને રાતના ચારે પ્રહરમાં વાંચવામાં આવનારા આગમો 'ઉત્કાલિક' કહેવાય છે.

દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન અંગ-બાહ્ય આગમો છે. આ બન્ને 'મૂલ-સૂત્ર' કહેવાય છે.

## ૨. મૂલ-સૂત્ર

દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન ગણધર-કૃત નથી, એટલા માટે અંગ-બાહ્ય છે. તેમને 'મૂલ' શા માટે માનવામાં આવ્યાં છે તેનો કોઈ પ્રાચીન ઉલ્લેખ ઉપલબ્ધ નથી. અનેક વિદ્વાનોએ 'મૂલ' શબ્દની અનેક આનુમાનિક વ્યાખ્યાઓ કરી છે. "દશવૈકાલિક : એક સમીક્ષાત્મક અધ્યયન"માં આનો ઉલ્લેખ અમે કરી ચૂક્યા છીએ.

પ્રો. વિન્ટરનિત્ઝે 'મૂલ' શબ્દને 'મૂલગ્રંથ'ના અર્થમાં સ્વીકાર્યો છે. તેમનો અભિપ્રાય આવો છે – આ સૂત્રો પર અનેક ટીકાઓ છે. તેમનાથી 'મૂલગ્રંથ'નો ભેદ કરવા માટે તેમને 'મૂલસૂત્ર' કહેવામાં આવ્યાં.[4] આ વાત પ્રામાણિક નથી. પ્રો.

---

૧. समवाओ, समवाय १४ : चउद्दस पुव्वा प० तं०—
उप्पायपुव्वमग्गेणियं, च तइयं वीरियं पुव्वं ।
अत्थीनत्थिपवायं, तत्तो नाणप्पवायं च ॥
सच्चप्पवायपुव्वं, तत्तो आयप्पवायपुव्वं च ।
कम्मप्पवायपुव्वं, पच्चक्खाणं भवे नवमं ॥
विज्जाअणुप्पवायं, अबंझपाणाउ बारसं पुव्वं ।
तत्तो किरियविसालं, पुव्वं तह बिंदुसार च ॥

૨. वही, समवाय ८८ : दुवालसंगे गणिपिडगे प० तं०— आयारे सूयगडे ठाणे समवाए विआहपण्णत्ती णायाधम्मकहाओ उवासगदसाओ अंतगडदसाओ अणुत्तरोववाियदसाओ पण्हावागरणाइं विवागसुए दिट्ठिवाए ।

૩. नंदी, सूत्र ७३ : अहवा तं समासओ दुविहं पण्णत्तं, तं जहा— अंगपविट्ठं अंगबाहिरं च ।

૪. ए हिस्ट्री ओफ इण्डियन लिटरेचर, भाग-२, पृ० ४६६, पाद-टिप्पणी-१ : Why these texts are called "root-Sutras" is not quite clear Generally the word mula is used in the sense of "fundamental text" in contradistinction to the commentary. Now as these are old and important commentaries in existence precisely in the case of these texts, they were probaly termed "Mula-texts."

વિન્ટરનિત્ઝે પિંડનિર્યુક્તિ ને પણ 'મૂલ-વર્ગ'માં સમ્મિલિત કરેલ છે પરંતુ તેની અનેક ટીકાઓ નથી. જો અનેક ટીકાઓ હોવાના કારણે જ 'મૂલ-સૂત્ર'ની સંજ્ઞા આપવામાં આવે તો પિંડનિર્યુક્તિ આ વર્ગમાં આવી શકે નહિ.

ડૉ.સરપેન્ટિયર,[1] ડૉ. ગેરિનો[2] અને પ્રો. પટવર્ધને[3] 'મૂલ-સૂત્ર'નો અર્થ 'ભગવાન મહાવીરના મૂળ શબ્દોનો સંગ્રહ' કર્યો છે. પરંતુ આ પણ સંગત નથી. ભગવાન મહાવીરના મૂળ શબ્દોના કારણે જ કોઈ આગમને 'મૂલ' સંજ્ઞા આપવી હોય તો તે આચારાંગ ના પ્રથમ શ્રુતસ્કંધને જ આપી શકાય. તે સહુથી પ્રાચીન અને મહાવીરના મૂળ શબ્દોનું સંકલન છે.

દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન મુનિની જીવનચર્યાના પ્રારંભમાં મૂળભૂત સહાયકો બને છે તથા આગમોનું અધ્યયન તેમના જ પઠનથી શરૂ થાય છે. એટલા માટે તેમને 'મૂલ-સૂત્ર'ની માન્યતા મળી એમ પ્રતીત થાય છે. ડૉ. શુબ્રિંગનો મત પણ આ જ છે.[4]

અમારો બીજો મત એ છે કે આમાં મુનિનાં મૂળ ગુણો – મહાવ્રત, સમિતિ વગેરેનું નિરૂપણ છે. આ દૃષ્ટિએ તેમને 'મૂલ-સૂત્ર'ની સંજ્ઞા આપવામાં આવી છે.

### ૩. મૂલાચાર અને મૂલ-સૂત્ર

'મૂલાચાર' આચાર્ય વટ્ટકેર ની રચના છે.[5] તેનાથી પણ ઉપરોક્ત મતની પુષ્ટિ થાય છે. મૂલાચારમાં મુનિના મૂળ આચારોનું નિરૂપણ છે. તેમાં ઉત્તરાધ્યયનનાં અનેક શ્લોકો સંગૃહીત છે.[6]

દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આવશ્યક તથા ઓઘનિર્યુક્તિ-પિંડનિર્યુક્તિને 'મૂલ-સૂત્ર' વર્ગમાં સ્થાપિત કરનારા આચાર્યના મનમાં તે જ કલ્પના રહી છે જે કલ્પના આચાર્ય વટ્ટકેરનાં મનમાં 'મૂલાચાર'ના અધિકાર-નિર્માણમાં રહી છે. 'મૂલ-સૂત્રો'ના વિષયવસ્તુ સાથે જે અધિકારો તુલનીય છે, તે આ છે –

---

१. दी उत्तराध्ययन सूत्र, भूमिका, पृष्ठ ३२ : In the Buddhist work Mahavyutpatti 245, 1265 mulagrantha seems to means 'original text', i.e. the words of Buddha himself. Consequently there can be no doubt whatsoever that the Jains too may have used mula in the sense of 'original text', and perhaps not so much in oposition to the later abridhments and commentaries as merely to denote the actual words of Mahavira himself.

२. ल रिलीजीयन द जैन, पृ० ७९ : The word Mula-Sutra is translated as "trar'es originaux."

३. दशवैकालिक सूत्र. : ए स्टडी, पृ० १६ : We find however the word Mula often used in the sense "original text", and it is but reasonable to hold that the word Mula appearing in the expression Mulasutra has got the same sense. Thus the term Mulasutra would mean 'the original text', i.e. "the text containing the original words of Mahavira (as received directly from his mouth)". And as a mater of fact we find, that the style of Mulasutras Nos. 1 and 3 ( उत्तराध्ययन and दसवैकालिक ) as sufficiently to justify the claim made in their original title, that they represent and preserve the original words of Mahavira.

३. दशवेयालिय सुत्त, भूमिका, पृ० ३ : Together with the Uttarajjhaya (commonly called Uttarajjhayana Sutta) the Avassaganijjuti and the Pindaijjutti it forms a small group of texts called Mulasutta. This disignation seems the mean that these four works are intended to serve the jain monks and nuns in the beginning ( मूल ) of their career.

५. मुनि कल्याणविजयजी गणी ने 'श्रमण भगवान् महावीर' पृ० ३४३ पर 'मूलाधार' की रचना-काल विक्रम की सातवीं शताब्दी के आस-पास माना है ।

६. मूलाचार, ४।६९ मिलाइए—उत्तराध्ययन, ३६।२५७
मूलाचार, ४।७० मिलाइए—उत्तराध्ययन, ३६।२५८
मूलाचार, ४।७२ मिलाइए—उत्तराध्ययन, ३६।२६०
मूलाचार, ४।७३ मिलाइए—उत्तराध्ययन, ३६।२६१

| | |
|---|---|
| (૧) મૂલ-ગુણાધિકાર | સરખાવો – દશવૈકાલિક, ઉત્તરાધ્યયન |
| (૨) સમાચારાધિકાર | સરખાવો – ઓઘનિર્યુક્તિ |
| (૩) પિંડશુદ્ધિઅધિકાર | સરખાવો – પિંડનિર્યુક્તિ |
| (૪) ષડાવશ્યકાધિકાર | સરખાવો – આવશ્યક. |

આ સાદૃશ્યના આધારે દશવૈકાલિક, ઉત્તરાધ્યયન વગેરેને 'મૂલ-સૂત્ર'ના વર્ગમાં રાખવાનું કારણ બુદ્ધિગમ્ય બને છે.

**૪. મૂલ-સૂત્ર વર્ગની કલ્પના અને શ્રુત-પુરુષ**

'મૂલ-સૂત્ર' વર્ગની કલ્પનાનું એક કારણ શ્રુત-પુરુષ(આગમ-પુરુષ) પણ હોઈ શકે છે. નંદી-ચૂર્ણિમાં શ્રુત-પુરુષની કલ્પના કરવામાં આવી છે. પુરુષના શરીરમાં બાર અંગો હોય છે – બે પગ, બે જાંઘ, બે ઊરુ, બે ગાત્રાર્ધ (ઉદર અને પીઠ), બે ભુજાઓ, ગ્રીવા અને શિર. આગમ-સાહિત્યમાં જે બાર અંગો છે, તે જ શ્રુત-પુરુષના બાર અંગો છે.[૧]

અંગ-બાહ્ય શ્રુત-પુરુષના ઉપાંગો સ્થાનીય છે. આ પરિકલ્પના અંગ-પ્રવિષ્ટ અને અંગ-બાહ્ય આ બે આગમિક વર્ગોના આધારે કરવામાં આવી છે. તેમાં 'મૂલ' અને 'છેદ' ની કોઈ ચર્ચા નથી. હરિભદ્રસૂરિ(વિક્રમની ૮મી શતાબ્દી) અને આચાર્ય મલયગિરિ (વિક્રમની ૧૩મી શતાબ્દી)ના સમય સુધી પણ શ્રુત-પુરુષની કલ્પનામાં અંગ-પ્રવિષ્ટ અને અંગ-બાહ્ય – આ બે જ પરિપાર્શ્વ રહ્યા છે. આ બન્ને આચાર્યોએ ચૂર્ણિનું અનુસરણ કર્યું છે. તેમાં કોઈ નવી વાત ઉમેરી નથી.[૨] આચાર્ય મલયગિરિએ તો અંગ-પ્રવિષ્ટ તથા આચારાંગ વગેરેને પણ 'મૂલ-ભૂત' કહ્યાં છે.[૩] શ્રુત-પુરુષની પ્રાચીન રેખાકૃતિઓમાં અંગ-પ્રવિષ્ટ શ્રુતની સ્થાપના આ પ્રમાણે છે –

| | |
|---|---|
| ૧. જમણો પગ – આચારાંગ | ૪. ડાબી જાંઘ – સમવાયાંગ |
| ૨. ડાબો પગ – સૂત્ર કૃતાંગ | ૫. જમણો ઊરુ – ભગવતી |
| ૩. જમણી જાંઘ – સ્થાનાંગ | ૬. ડાબો ઊરુ – જ્ઞાતાધર્મકથા |
| ૭. ઉદર – ઉપાસકદશા | ૧૦. ડાબો હાથ – પ્રશ્નવ્યાકરણ |
| ૮. પીઠ – અંતકૃદશા | ૧૧. ગ્રીવા – વિપાક |
| ૯. જમણો હાથ – અનુત્તરોપપાતિકદશા | ૧૨. શિર – દૃષ્ટિવાદ |

આ સ્થાપના અનુસાર પણ મૂલ-સ્થાનીય (ચરણ-સ્થાનીય) આચારાંગ અને સૂત્રકૃતાંગ છે.[૪]

શ્રુત-પુરુષની અન્ય રેખાકૃતિઓમાં સ્થાપના ભિન્ન પ્રકારે મળે છે. તેમાં મૂલ-સ્થાનીય ચાર સૂત્રો છે – આવશ્યક, દશવૈકાલિક, પિંડનિર્યુક્તિ અને ઉત્તરાધ્યયન. નંદી અને અનુયોગદ્વારને વ્યાખ્યા-ગ્રંથો (અથવા ચૂલિકા-સૂત્રો)ના રૂપમાં 'મૂલ'થી પણ નીચે પ્રદર્શિત કરવામાં આવેલ છે.[૫]

પિસ્તાલીસ આગમો ને પ્રદર્શિત કરનારી શ્રુત-પુરુષની રેખાકૃતિ ઘણી અર્વાચીન છે. જો આની કોઈ પ્રાચીન રેખાકૃતિ મળતી હોય તો વિષયની પ્રામાણિક જાણકારી થઈ શકે. જે સમયે પિસ્તાલીસ આગમોની માન્યતા સ્થિર થઈ, તેની આજુબાજુના કે તે જ સમયે, સંભવ છે કે શ્રુત પુરુષની સ્થાપનામાં પણ પરિવર્તન થયું. ચૂર્ણિ-કાલીન શ્રુત-પુરુષના 'મૂલ-સ્થાન' (ચરણ-સ્થાન)માં આચારાંગ અને સૂત્રકૃતાંગ હતાં. ઉત્તર-કાલીન શ્રુત-પુરુષના 'મૂલ-સ્થાન'માં દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન

---

१. नंदी चूर्णि, पृ० ४७ : इच्चेतस्स सुतपुरिसस्स जं सुतं अंगभागठितं तं अंगपविट्ठं भण्णइ ।

२. नंदी, हारिभद्रीय वृत्ति, पृ० ९० ।

३. नंदी, मलयगिरीया वृत्ति, पत्र २०३ : यद् गणधरदेवकृत तदंगप्रविष्टं मूलभूतमित्यर्थः, गणधरदेवा हि मूलभूतमाचारादिकं श्रुतमुपरचयन्ति ।

४. श्री आगम पुरुषनु रहस्य, पृ० ५० के सामने ( श्री उदयपुर, मेवाड़ क हस्तलिखित भण्डार से प्राप्त प्राचीन ) श्री आगम पुरुष का चित्र ।

५. श्री आगम पुरुषनु रहस्य, पृ० १४ तथा ४९ के सामने वाला चित्र ।

આવી ગયા. તેમને 'મૂલ-સૂત્ર' માનવાનો આ સર્વાધિક સંભાવિત હેતુ છે.

**૫. અધ્યયન-ક્રમનું પરિવર્તન અને મૂલ-સૂત્ર**

આગમિક-અધ્યયનના ક્રમમાં જે પરિવર્તન થયું, તેનાથી પણ આની પુષ્ટિ થાય છે. દશવૈકાલિકની રચના પહેલાં આચારાંગની પછી ઉત્તરાધ્યયન ભણવામાં આવતું હતું. દશવૈકાલિકની રચના થયા પછી દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન ભણાવા લાગ્યા.[1]

પ્રાચીન કાળમાં આચારાંગનાં પ્રથમ અધ્યયન 'શસ્ત્ર-પરિજ્ઞા' નું અધ્યયન કરાવીને શૈક્ષની ઉપસ્થાપના કરવામાં આવતી હતી અને પછી તે દશવૈકાલિકના ચતુર્થ અધ્યયન 'ષડ્જીવનિકા'નું અધ્યયન કરાવીને કરાવા લાગી.[2]

પ્રાચીન કાળમાં આચારાંગનાં દ્વિતીય અધ્યયનનાં પંચમ ઉદ્દેશકના 'આમગંધ' સૂત્રનું અધ્યયન કર્યા પછી મુનિ 'પિંડકલ્પી' બનતો. પછી તે દશવૈકાલિકના પાંચમાં અધ્યયન 'પિંડૈષણા'નાં અધ્યયન પછી પિંડકલ્પી થવા લાગ્યો.[3]

આ ત્રણે તથ્યો એ વાતના સાક્ષી છે કે એક કાળે આચારાંગનું સ્થાન દશવૈકાલિકે લઈ લીધું. આચારની જાણકારી માટે આચારાંગ મૂળભૂત હતું, તેવી જ રીતે દશવૈકાલિક આચાર-જ્ઞાન માટે મૂળભૂત બની ગયું. સંભવ છે કે શરૂઆતમાં ભણવામાં આવતું હોવાને કારણે તથા મુનિની અનેક મૂળભૂત પ્રવૃત્તિઓનું ઉદ્‌બોધક હોવાને કારણે તેને 'મૂલ-સૂત્ર 'ની સંજ્ઞા આપવામાં આવી.

**૬. મૂલ-સૂત્રોની સંખ્યા**

૧. ઉપાધ્યાય સમયસુંદરે 'સમાચારી શતક' માં (રચના-કાલ વિક્રમ સં. ૧૬૭૨) 'મૂલ-સૂત્ર' ચાર માન્યા છે – (૧) દશવૈકાલિક, (૨) ઓઘનિર્યુક્તિ (૩) પિંડનિર્યુક્તિ અને (૪) ઉત્તરાધ્યયન.

૨. ભાવપ્રભસૂરિ(૧૮મી શતાબ્દી) એ પણ 'મૂલ-સૂત્ર' ચાર માન્યા છે – (૧) ઉત્તરાધ્યયન, (૨) આવશ્યક, (૩) પિંડનિર્યુક્તિ-ઓઘનિર્યુક્તિ અને (૪) દશવૈકાલિક.[4] આ નામો ઉપાધ્યાય સમયસુંદરે આપેલા નામોથી જુદા છે. આમાં પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિને એક માનીને 'આવશ્યક' ને પણ 'મૂલ-સૂત્ર' માનવામાં આવેલ છે.

૩. સ્થાનકવાસી[5] અને તેરાપંથ[6] સંપ્રદાયમાં ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, નંદી અને અનુયોગદ્વાર – આ ચાર સૂત્રોને 'મૂલ' માનવામાં આવેલ છે.

૪. આધુનિક વિદ્વાનોએ 'મૂલ-સૂત્ર'ની સંખ્યા અને ક્રમ વ્યવસ્થા નીચે પ્રમાણે માનેલ છે –

(ક) પ્રો. વેબર અને પ્રો. બુલર – ઉત્તરાધ્યયન, આવશ્યક અને દશવૈકાલિકને 'મૂલ-સૂત્ર' ઠરાવે છે.

(ખ) ડૉ. શરપેન્ટિયર, ડૉ. વિન્ટરનિત્ઝ અને ડૉ. ગેરિનો – ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક અને પિંડનિર્યુક્તિને 'મૂલ-સૂત્ર' માને છે.

(ગ) ડૉ. શુબ્રિંગ – ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આવશ્યક, પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિને 'મૂલ-સૂત્ર' તરીકે ઓળખાવે છે.[7]

(ઘ) પ્રો.હીરાલાલ કાપડિયા – આવશ્યક, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, દશવૈકાલિક-ચૂલિકાઓ, પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિને 'મૂલ-સૂત્ર' કહે છે.[8]

---

१. व्यवहारभाष्य, उद्देशक ३, गाथा १७६ :
आयारस्स उ उवरिं, उत्तरज्झयणा उ आसि पुव्वं तु ।
दसवेयालिय उवरिं, इयाणिं किं ते न होंती उ ॥

२. वही, उद्देशक ३, गाथा १७४ :
पुव्वं सत्थपरिण्णा, अधीय पढियाइ होउ उवट्ठवणा ।
इण्हिं च्छज्जीवणया, किं सा उ न होउ उवट्ठवणा ॥

३. वही, उद्देशक ३, गाथा १७५ :
बितितंमि बंभचेरे, पंचमउद्देस आमगंधम्मि ।
सुत्तमि पिंडकप्पी, इइ पुण पिंडसणाएओ ॥

४. जैनधर्मवरस्तोत्र, श्लोक ३० की स्वोपज्ञ वृत्ति-अथ उत्तराध्ययन-आवश्यक-पिण्डनिर्युक्ति : तथा ओघनिर्युक्तिदशवैकालिक— इति चत्वारि मूलसूत्राणि ।

५. श्री रत्नमुनि स्मृति ग्रन्थ, आगम और व्याख्या साहित्य, पृष्ठ २७ ।

६. श्री मज्जयाचार्य कृत प्रश्नोत्तर तत्त्वबोध, आगमाधिकार, पृ० ७३-७४ ।

७. ए हिस्ट्री ओफ दी केनोनिकल लिटरेचर ऑफ दी जैन्स, पृष्ठ ४४-४५ ।

८. वही, पृष्ठ ४८ ।

ઉપરોક્ત બધા મતોનું સંકલન કરતાં મૂલ-સૂત્રોની સંખ્યા આઠ થઈ જાય છે – આવશ્યક, દશવૈકાલિક, દશવૈકાલિક-ચૂલિકાઓ, ઉત્તરાધ્યયન, પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, અનુયોગદ્વાર અને નંદી.

આગમોના વર્ગીકરણમાં આવશ્યકનું સ્થાન ઘણું મહત્ત્વપૂર્ણ છે. અનંગ-પ્રવિષ્ટ આગમોના બે વિભાગો કરવામાં આવ્યા છે. તેમાં પહેલો આવશ્યક અને બીજો આવશ્યક-વ્યતિરિક્ત છે. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન વગેરે આગમો બીજા વિભાગની અંદર આવે છે, જ્યારે આવશ્યકનું પોતાનું સ્વતંત્ર સ્થાન છે. એટલા માટે તેને 'મૂલ-સૂત્રો'ની સંખ્યામાં સંમિલિત કરવાનું કોઈ કારણ જણાતું નથી.

ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિ – આ બંને આગમો નથી, પરંતુ વ્યાખ્યા-ગ્રંથો છે. પિંડનિર્યુક્તિ દશવૈકાલિકના પાંચમાં અધ્યયન – પિંડૈષણા – ની વ્યાખ્યા છે. ઓઘનિર્યુક્તિ ઓઘ-સમાચારીની વ્યાખ્યા છે. તે આવશ્યક નિર્યુક્તિનો એક અંશ છે. વિસ્તૃત ક્લેવર હોવાને કારણે તેને જુદા ગ્રંથનું રૂપ આપવામાં આવ્યું.[1] એટલા માટે તેમને 'મૂલ-સૂત્રો'ની સંખ્યામાં સામેલ કરવાને બદલે દશવૈકાલિક અને આવશ્યકનાં સહાયક ગ્રંથોના રૂપમાં સ્વીકારવા તે અધિક સંગત લાગે છે. અનુયોગદ્વાર અને નંદી – આ બંને ચૂલિકા-સૂત્રો છે. તેમને 'મૂલ-સૂત્ર' વર્ગમાં રાખવાનો કોઈ હેતુ નથી. સંભવ છે કે બત્રીસ સૂત્રોની માન્યતાની સાથે (વિક્રમ ૧૬મી શતાબ્દીમાં) તેમને 'મૂલ-સૂત્ર' વર્ગમાં રાખવામાં આવ્યા હોય. શ્રીમદ્ જયાચાર્યે પૂર્વ પ્રચલીત પરંપરા અનુસાર અનુયોગદ્વાર અને નંદીને 'મૂલ-સૂત્ર' માન્યા છે પરંતુ તે પર તેમણે પોતાના તરફથી કોઈ મીમાંસા કરી નથી.

આ રીતે 'મૂલ-સૂત્ર'ની સંખ્યા છેલ્લે બે રહે છે – દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન.

### ૭. મૂલ-સૂત્રોનો વિભાજન-કાળ

દશવૈકાલિકની નિર્યુક્તિ, ચૂર્ણિ અને હારિભદ્રીય વૃત્તિમાં મૂલ-સૂત્રોની કોઈ ચર્ચા નથી.

આ જ રીતે ઉત્તરાધ્યયનની નિર્યુક્તિ, ચૂર્ણિ અને શાંત્યાચાર્યકૃત બૃહદ્વૃત્તિમાં પણ તેમની કોઈ ચર્ચા નથી.

આનાથી એ સ્પષ્ટ છે કે વિક્રમની ૧૧મી શતાબ્દી સુધી 'મૂલ-સૂત્ર'વર્ગની સ્થાપના થઈ ન હતી.

ધનપાલનો અસ્તિત્વ-કાળ ૧૧મી શતાબ્દી છે. તેમણે 'શ્રાવક-વિધિ'માં પિસ્તાલીસ આગમોનો ઉલ્લેખ કર્યો છે.[2] તેનાથી એવું અનુમાન થઈ શકે છે કે ધનપાલની પહેલાં જ આગમોની સંખ્યા પિસ્તાલીસ નિર્ધારિત થઈ ચૂકી હતી. પ્રદ્યુમ્નસૂરિ(વિ. ૧૩મી શતાબ્દી) કૃત વિચારસાર-પ્રકરણમાં પણ આગમોંની સંખ્યા પિસ્તાલીસ છે, પરંતુ તેમાં 'મૂલ-સૂત્ર' વિભાગ નથી. તેમાં અગિયાર અંગો અને ચોત્રીસ ગ્રંથોનો ઉલ્લેખ મળે છે.[3]

પ્રભાવક-ચરિતમાં અંગ, ઉપાંગ, મૂલ અને છેદ – આગમોનાં આવા ચાર વિભાગો મળે છે.[4] તે વિક્રમ સંવત ૧૩૩૪ની રચના છે.

આમાંથી એમ ફલિત થાય છે કે 'મૂલ-સૂત્ર' વર્ગની સ્થાપના ૧૪મી શતાબ્દીના પૂર્વાર્ધમાં થઈ ચૂકી હતી. પછી ઉપાધ્યાય સમયસુંદરના સામાચારી શતકમાં તેનો ઉલ્લેખ મળે છે.[5]

### ૮. દશવૈકાલિક અને ઉત્તરાધ્યયનનું સ્થાન

જૈન-આગમોમાં દશવૈકાલિક અને ઉત્તરાધ્યયનનું સ્થાન બહુ મહત્ત્વપૂર્ણ છે. શ્વેતાંબર અને દિગંબર – બન્ને પરંપરાઓના આચાર્યોએ તેમનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. દિગંબર-સાહિત્યમાં અંગ-બાહ્યનાં ચૌદ પ્રકારો બતાવવામાં આવ્યાં છે. તેમાં સાતમું દશવૈકાલિક અને આઠમું ઉત્તરાધ્યયન છે.[6]

---

१. आवश्यकनिर्युक्ति, गाथा ६६५, वृत्ति पत्र ३४१ : साम्प्रतमोघनिर्युक्तिर्वक्तव्या, सा च महत्वात् पृथग्ग्रन्थातरस्था कृता ।

२. समयसुन्दर गणी विरचित श्री गाथासहस्री में धनपाल कृत 'श्रावक विधि' का उद्धरण है । उसमें पाठ आता है— पणयालीसं आगम ( श्लोक २९७, पृ० १८ ) ।

३. विचारलेस, गाथा ३४४-३५१ ।

४. प्रभावकचरितम्, दूसरा आर्यरक्षित प्रबन्ध २४१ :
ततश्चतुर्विधः कार्योऽनुयोगोऽतः परं मया ।
ततोऽङ्गपाङ्गमूलाख्यग्रन्थच्छेदकृतागमः ॥

५. समाचारी शतक, पत्र ७६ ।

६. ( क ) कषायपाहुड ( जलधवला सहित ) भाग १, पृष्ठ १३।२५ : दसवेयालिय उत्तरज्झयणं ।
( ख ) गोम्मटसार ( जीव-काण्ड ), गाथा ३६७ : दसवेयालं च उत्तरज्झयणं ।

શ્વેતાંબર-સાહિત્યમાં અંગ-બાહ્ય શ્રુતના બે મુખ્ય વિભાગો છે – (૧) કાલિક અને (૨) ઉત્કાલિક. કાલિક સૂત્રોની ગણનામાં પહેલું સ્થાન ઉત્તરાધ્યયનનું અને ઉત્કાલિક સૂત્રોની ગણનામાં પહેલું સ્થાન દશવૈકાલિકનું છે.[1]

**૯. ઉત્તરાધ્યયન**

આલોચ્યમાન આગમનું નામ 'उत्तराध्ययन' છે. તેમાં બે શબ્દો છે – 'उत्तर' અને 'अध्ययन'. સમવાયાંગના –[2] એ વાક્યમાં ઉત્તરાધ્યયના 'છત્રીસ અધ્યયન' પ્રતિપાદિત નથી થયેલ, પરંતુ 'છત્રીસ ઉત્તર અધ્યયન' પ્રતિપાદિત થયેલ છે. નંદીમાં પણ 'उत्तरज्झयणाइं' એવું બહુવચનાત્મક નામ મળે છે.[3] ઉત્તરાધ્યયના અંતિમ શ્લોકમાં પણ – 'छत्तीसं उत्तरज्झाए' – એવું બહુવચનાત્મક નામ મળે છે.[4] નિર્યુક્તિકારે 'उत्तराध्ययन'નો બહુવચનમાં પ્રયોગ કર્યો છે.[5] ચૂર્ણિકારે છત્રીસ ઉત્તરાધ્યયને એક શ્રુતસ્કંધ (એક ગ્રંથરૂપ)માં સ્વીકાર કર્યો છે. છતાં પણ તેમણે તેનું નામ બહુવચનાત્મક માન્યું છે.[6]

આ બહુવચનાત્મક નામથી એવું ફલિત થાય છે કે ઉત્તરાધ્યયન અધ્યયનોનો સંગ્રહમાત્ર છે, એક-કર્તૃક એક ગ્રંથ નથી.

'उत्तर' શબ્દ 'पूर्व' સાપેક્ષ છે. ચૂર્ણિકારે પ્રસ્તુત અધ્યયનોની ત્રણ રીતે યોજના કરી છે[7] –

(૧) स उत्तर – પહેલું અધ્યયન

(૨) निरुत्तर – છત્રીસમું અધ્યયન

(૩) स-उत्तर– વચ્ચેના બધાં અધ્યયનો

પરંતુ 'उत्तर' શબ્દથી આ અર્થ-યોજના ચૂર્ણિકારની દૃષ્ટિએ અધિકૃત નથી. તેમની દૃષ્ટિએ અધિકૃત અર્થ એ જ છે જે નિર્યુક્તિકારે પ્રસ્તુત કરેલ છે. નિર્યુક્તિકાર અનુસાર પ્રસ્તુત અધ્યયનો આચારાંગના ઉત્તરકાળમાં વાંચવામાં આવતા હતા. એટલા માટે તેમને 'ઉત્તર અધ્યયનો' કહેવામાં આવ્યાં.[8] શ્રુતકેવળી શય્યંભવ (વીર-નિર્વાણ સં. ૯૮)ની પછી આ અધ્યયનો દશવૈકાલિકના ઉત્તરકાળમાં વંચાવા લાગ્યાં.[9] એટલા માટે તે 'ઉત્તર અધ્યયનો' જ બની રહ્યાં. આ 'ઉત્તર' શબ્દની આ વ્યાખ્યા સંગત પ્રતીત થાય છે.

દિગંબર આચાર્યોએ પણ 'उत्तर' શબ્દની અનેક દૃષ્ટિકોણથી વ્યાખ્યા કરી છે. ધવલાકાર (વિ. ૯મી શતાબ્દી)ના મતાનુસાર 'उत्तराध्ययन' ઉત્તર-પદોનું વર્ણન કરે છે. આ 'उत्तर' શબ્દ સમાધાન-સૂચક છે.[10]

अंगपण्णत्ति (વિ. ૧૬મી શતાબ્દી)ના આધારે 'उत्तर' શબ્દના બે અર્થો ફલિત થાય છે –

(૧) उत्तरकाल – કોઈ ગ્રંથની પછી વાંચવામાં આવનાર અધ્યયન

---

૧. नंदी, सूत्र ७७, ७८ :

से किं तं उक्कालियं ? उक्कालियं अणेगविहं पण्णत्तं,
तं जहा—दसवेयालियं.... ।

से किं तं कालियं ? कालियं अणेगविहं पण्णत्तं,
तं जहा—उत्तरज्झयणाइं.... ।

२. समवाओ, समवाय ३६ ।

३. नंदी, सूत्र ७८ ।

४. उत्तराध्ययन ३६।२६८।

५. उत्तराध्ययन निर्युक्ति, गाथा ४ ।

६. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ८ : एतेसिं चेव छत्तीसाए उत्तरज्झयणाणं समुदयसमितिसमागमेणं उत्तरज्झयण-भावसुतक्खंधेति लब्भइ, ताणि पुण छत्तीसं उत्तरज्झयणाणि इमेहिं नामेहिं अणुगंतव्वाणि ।

७. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ६ : विणयसुयं सउत्तरं जीवाजीवाभिगमो णिरुत्तरो, सर्वोत्तर इत्यर्थः सेसज्झयणाणि सुउत्तराणि णिरुत्तराणि य, कहं ? परीसहा विणयसुयस्स उत्तरा चउरंगिज्जस्स तु पुव्वा इति काउं णिरुत्तरा ।

८. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३ :

कमउत्तरेण पगयं आयारस्सेव उवरिमाइं तु ।
तम्हा उ उत्तरा खलु अज्झयणा हुंति णायव्वा ॥

९. उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ५, : विशेषश्चायं यथा—शय्यम्भवं यावदेष क्रमः, तदाऽऽरतस्तु दशवैकालिकोत्तरकालं पठ्यन्त इति ।

(૨) उत्तर -- પ્રશ્નોના ઉત્તરો આપનારું અધ્યયન.[1]

આ અર્થો પણ 'ઉત્તર' અને 'અધ્યયનો' વચ્ચેના સંબંધમાં રહેલી વાસ્તવિકતા પર પ્રકાશ ફેંકે છે.

ઉત્તરાધ્યયનમાં પ્રશ્નોત્તર શૈલીથી લખાયેલાં પાંચ અધ્યયનો છે – ૯, ૧૬, ૨૩, ૨૫ અને ૨૯. આંશિક રૂપે કેટલાક પ્રશ્નોત્તરો અન્ય અધ્યયનોમાં પણ છે. આ દૃષ્ટિએ 'ઉત્તર'નો સમાધાન-સૂચક અર્થ સંગત હોવા છતાં પણ પૂર્ણપણે વ્યાપ્ત નથી.

'उत्तरकाल' વાચી અર્થ સંગત હોવાની સાથે સાથે પૂર્ણપણે વ્યાપ્ત પણ છે, એટલા માટે આ 'उत्तर'નો મુખ્ય અર્થ આ જ પ્રતીત થાય છે.

**૧૦. ઉત્તરાધ્યયન : રચનાકાળ અને કર્તૃત્વ**

ઉત્તરાધ્યયન એક કૃતિ છે. કોઈ પણ કૃતિ શાશ્વત નથી હોતી, એટલે એવો પ્રશ્ન પણ સ્વાભાવિક છે કે તેના કર્તા કોણ છે? આ પ્રશ્નનો સહુ પ્રથમ વિચાર નિર્યુક્તિકારે કર્યો છે. ચૂર્ણિકારે પણ આ પ્રશ્ન સ્પષ્ટ શબ્દોમાં ઉઠાવ્યો છે.[3] નિર્યુક્તિકારની દૃષ્ટિએ ઉત્તરાધ્યયન એક-કર્તૃક કૃતિ નથી. તેમના મતે ઉત્તરાધ્યયનના અધ્યયનો કર્તૃત્વની દૃષ્ટિએ ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે –

(૧) અંગપ્રભવ, (૨) જિન-ભાષિત, (૩) પ્રત્યેકબુદ્ધ-ભાષિત અને (૪) સંવાદ-સમુત્થિત.[4]

બીજું અધ્યયન અંગપ્રભવ માનવામાં આવ્યું છે. નિર્યુક્તિકાર અનુસાર તે કર્મપ્રવાદ પૂર્વેના સત્તરમાં પ્રાભૃતમાંથી ઉદ્ધૃત કરાયેલ છે.[5] દસમું અધ્યયન જિન-ભાષિત છે.[6] આઠમું અધ્યયન પ્રત્યેકબુદ્ધ-ભાષિત છે.[7] નવમું અને ત્રેવીસમું બે અધ્યયનો સંવાદ-સમુત્થિત છે.[8] તે અધ્યયનો ચૂર્ણિ અને બૃહદ્વૃત્તિકાર દ્વારા ઉદાહૃત છે.

ઉત્તરાધ્યયનની મૂળ રચના પર નજર નાખીએ તો તેના કર્તૃત્વ પર કંઈક પ્રકાશ પડે છે. પ્રસ્તુત સૂત્રમાં ગદ્યાત્મક અધ્યયનો ત્રણ છે – બીજું, સોળમું અને ઓગણીસમું.

બીજા અધ્યયનનું પ્રારંભિક વાક્ય છે – 'सुयं मे, आउसं ! तेण भगवया एवमक्खायं – इह खलु बावीसं परीसहा समणेण भगवया महावीरेण कासवेणं पवेइया ।'

સોળમા અધ્યયનનું પ્રારંભિક વાક્ય છે – 'सुयं मे, आउसं ! तेण भगवया एवमक्खायं – इह खलु थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिठाणा पण्णत्ता ।'

ઓગણત્રીસમા અધ્યયનનું પ્રારંભિક વાક્ય છે – 'सुयं मे, आउसं ! तेण भगवया एवमक्खाय – इह खलु सम्मत्तपरक्कमे नाम अज्झयणे समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइए ।'

આ પ્રારંભિક વાક્યો ઉપરથી એવું ફલિત થાય છે કે બીજું અને ઓગણત્રીસમું એ બે અધ્યયનો મહાવીર દ્વારા નિરૂપિત

---

૧. धवला, पृष्ठ ९७ ( सहारनपुर प्रति, लिखित ) : उत्तरज्झयणं उत्तरपदाणि वण्णेइ ।

२. अंगपण्णत्ति ३।२५,२६ उत्तराणि अहिज्जंति, उत्तरज्झयणं पदं जिणिंदेहिं ।

३. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ६ : एयाणि पुण उत्तरज्झयणाणि कओ केण वा भासियाणित्ति ?

४. उत्तराध्ययन निर्युक्ति, गाथा ४ :
अंगप्पभवा जिणभासिया य पत्तेयबुद्धसंवाया ।
बंधे मुक्खे य कया छत्तीसं उत्तरज्झयणा ॥

५. उत्तराध्ययन निर्युक्ति, गाथा ६९ :
कम्मप्पवायपुव्वे सत्तरसे पाहुडंमि जं सुत्तं ।
सणयं सोदाहरणं तं चेव इहंपि णायव्वं ॥

६. ( क ) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७ : जिणभासिया जहा दुमपत्तगादि ।
( ख ) उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ५ : जिनभाषितानि यथा द्रुमपुष्पिकाऽध्ययनम् ।

७. ( क ) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७ : पत्तेयबुद्धभासियाणि जहा काविलिज्जादि ।
( ख ) उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ५ : प्रत्येकबुद्धाः—कपिलादयः तेभ्य उत्पन्नानि यथा कापिलीयाध्ययनम् ।

८. ( क ) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७ : संवाओ जहा णमिपव्वज्जा केसिगोयमेज्जं च ।
( ख ) उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ५ : संवादः—सङ्गत-प्रश्नोत्तरवचनस्तस्तत उत्पन्नानि, यथा—केशिगौतमीयम् ।

છે અર્થાત્ જિન-ભાષિત છે અને સોળમું અધ્યયન સ્થવિર-વિરચિત છે.

નિર્યુક્તિમાં બીજા અધ્યયનને કર્મપ્રવાદ-પૂર્વમાંથી નિર્યૂઢ માનવામાં આવ્યું છે અને તેના પ્રારંભિક વાક્ય ઉપરથી એમ ફલિત થાય છે કે તે જિન-ભાષિત છે.

નિર્યુક્તિકારના ચાર વર્ગોના આધારે કર્તૃત્વ પર કોઈ પ્રકાશ પડતો નથી; પરંતુ વિષય-વસ્તુ પર પ્રકાશ પડે છે. દસમા અધ્યયનનું વિષય-વસ્તુ ભગવાન મહાવીર દ્વારા કથિત છે. પરંતુ તે અધ્યયનના કર્તા ભગવાન મહાવીર નથી – એવું તે અધ્યયનના અંતિમ વાક્ય – 'बुद्धस्स निसम्म भासियं' થી સ્પષ્ટ લાગે છે.

એ જ રીતે બીજા અને ઓગણત્રીસમા અધ્યયનના પ્રારંભિક વાક્યો પરથી પણ એ જ તથ્ય પ્રગટ થાય છે. છઠ્ઠા અધ્યયના અંતિમ શ્લોક પરથી પણ એ જ સૂચિત થાય છે –

एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे ।
अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥ (६।१७)

પ્રત્યેકબુદ્ધ-ભાષિત અધ્યયનો પ્રત્યેકબુદ્ધ-વિરચિત નથી. આઠમા અધ્યયનના અંતિમ શ્લોક પરથી આ મતની પુષ્ટિ થાય છે –

इइ एस धम्मे अक्खाए कविलेणं च विसुद्धपन्नेणं ।
तारिहिंति जे उ काहिंति तेहिं आराहिया दुवे लोगे ॥ (८।२०))

સંવાદ-સમુત્થિત અધ્યયનો – નવમું અને ત્રેવીસમું પણ નમિ તથા કેશિ-ગૌતમ દ્વારા વિરચિત નથી. તેનું સમર્થન પણ તેમના અંતિમ શ્લોકા દ્વારા થાય છે –

एवं करेंति संबुद्धा पंडिया पवियक्खणा ।
विणियट्टंति भोगेसु जहा से नमी रायरिसि ॥ (९।६२)
तोसिया परिसा सव्वा सम्मग्गं समुवट्ठिया ।
संथुया ते पसीयंतु भयवं केसिगोयमे ॥ (२३।८९)

આ રીતે આપણે જોઈએ છીએ કે નિર્યુક્તિકારના ચાર વર્ગો ઉપરથી એટલું જ ફલિત થાય છે કે ભગવાન મહાવીર, કપિલ, નમિ અને કેશિ-ગૌતમ – આ બધાના ઉપદેશો, ઉપદેશ-ગાથાઓ કે સંવાદોને આધાર બનાવીને આ અધ્યયનો રચવામાં આવેલ છે. આ અધ્યયનો ક્યારે અને કોણે રચ્યા તે પ્રશ્નનો નિર્યુક્તિમાં કોઈ ઉત્તર મળતો નથી. ચૂર્ણિ અને બૃહદ્વૃત્તિમાં પણ તે નથી. અન્ય કોઈ પણ સાધન દ્વારા પણ પ્રસ્તુત સૂત્રના કર્તાનું નામ જાણી શકાયું નથી. તેના રચના-કાળની મીમાંસા વડે આપણે એટલું જાણી શકીએ છીએ કે આ અધ્યયનો વિભિન્ન યુગોમાં થઈ ગયેલા અનેક ઋષિઓ દ્વારા ઉદ્ગીત છે.

સાંખ્ય, ન્યાય, વૈશેષિક આદિ દર્શનો ઈ.સ.પૂર્વ ૫મી શતાબ્દીથી લઈને ઈ.સપૂ. પ્રથમ શતાબ્દી સુધીમાં વ્યવસ્થિત રૂપ ધારણ કરી ચૂક્યા હતા. ભગવદ્ગીતા અને ઉત્તરવર્તી ઉપનિષદોનું નિર્માણ ઈ.પૂ.૫૦૦ આસપાસ થયું હતું. આત્મા, પુનર્જન્મ, મોક્ષ, કર્મ, સંસારની ક્ષણભંગુરતા, વૈરાગ્ય અને સંન્યાસની ચર્ચા આ યુગમાં વિશેષ વિકસિત થઈ હતી.

ઉત્તરાધ્યયનમાં આપણને ઈ.પૂ.૬૦૦થી ઈ.સ.૪૦૦ સુધીની ધાર્મિક અને દાર્શનિક ધારાનું પ્રતિનિધિત્વ કે વિકાસ પ્રાપ્ત થાય છે. સંભવિત છે કે તેમાંનો કેટલોક અંશ મહાવીર પહેલાંનો પણ હોય. ચૂર્ણિમાં એવો સંકેત પણ મળે છે કે ઉત્તરાધ્યયનનું છઠ્ઠું અધ્યયન ભગવાન પાર્શ્વ દ્વારા ઉપદિષ્ટ છે.[1]

દશવૈકાલિક વીર નિર્વાણની પહેલી શતાબ્દીની રચના છે. ઉત્તરાધ્યયન એક ગ્રંથ સ્વરૂપે તેની પહેલાં સંકલિત થઈ ચૂક્યું હતું. તે કાળે તેના કેટલાં અધ્યયનો હતા તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી.

વીર-નિર્વાણની દસમી શતાબ્દી (૯૮૦-૯૯૩)માં દેવર્દ્ધિગણીએ આગમોનું સંકલન કર્યું હતું. તેમણે ઉત્તરાધ્યયના

---

१. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १५७ : केचिदन्यथा पठन्ति— एवं से उदाहु, अरहा पासे पुरिसादाणीए ।
भगवंते वेसालीए बुद्धे परिणिव्वुडे ॥

આકાર-પ્રકાર કે વિષય-વસ્તુમાં કંઈ અભિવૃદ્ધિ કરી કે ન કરી તેનો કોઈ પ્રત્યક્ષ ઉલ્લેખ મળતો નથી, પરંતુ નથી તેવું માનવાને કોઈ કારણ નથી. આથી ઉત્તરાધ્યયને આપણે એક સહસ્રાબ્દીની વિચારધારાનું પ્રતિનિધિ સૂત્ર કહી શકીએ. તેમાં એક બાજુ જ્યાં વેદ અને બ્રાહ્મ-સાહિત્ય-કાલીન યજ્ઞ અને જાતિવાદની ચર્ચા છે, ત્યાં બીજી બાજુ દ્રવ્ય, ગુણ અને પર્યાયની પરિભાષાઓ પણ છે. તે પરિભાષાઓને દર્શનકાલીન (ઈ.પૂ.૫મીથી ઈ.પૂ. ૧લી શતાબ્દી) માનીએ તો એવું નિષ્પન્ન થાય કે ઉત્તરાધ્યયનનાં અધ્યયનો વિભિન્ન કાળોમાં નિર્મિત થયાં છે અને અંતિમ વાચના સમયે દેવર્દ્ધિગણીએ તેનું એક ગ્રંથરૂપે સંકલન કર્યું હતું. એટલા માટે સમવાયાંગમાં છત્રીસ ઉત્તર-અધ્યયનોના નામો ઉલ્લિખિત થયાં. અન્યથા અંગ-સાહિત્યમાં તેમનો ઉલ્લેખ થવો સંભવિત ન હતો. વર્તમાન સંકલન સામે રાખીને આપણે ચિંતન કરીએ તો ઉત્તરાધ્યયનના સંકલયિતા દેવર્દ્ધિગણી છે. તેનાં પ્રારંભિક સંકલન અને દેવર્દ્ધિગણી-કાલીન સંકલનમાં અધ્યયનોની સંખ્યા અને વિષય-વસ્તુમાં પર્યાપ્ત અંતર પડે છે.

વિષય-વસ્તુની દૃષ્ટિએ ઉત્તરાધ્યયનના અધ્યયનોને ચાર ભાગોમાં વહેંચી શકાય છે –

(૧) ધર્મકથાત્મક - ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫ અને ૨૭.

(૨) ઉપદેશાત્મક - ૧, ૩, ૪, ૫, ૬ અને ૧૦.

(૩) આચારાત્મક - ૨, ૧૧, ૧૫, ૧૬, ૧૭, ૨૪, ૨૬, ૩૨ અને ૩૫.

(૪) સૈદ્ધાન્તિક - ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪ અને ૩૬.

આર્ય રક્ષિતસૂરિ (વિ.પ્રથમ શતાબ્દી)એ આગમોના ચાર વર્ગ પાડ્યા –

(૧) ચરણ-કરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને

(૨) ધર્મકથાનુયોગ, (૪) દ્રવ્યાનુયોગ.

આ વર્ગીકરણમાં ઉત્તરાધ્યયન ધર્મકથાનુયોગ અંતર્ગત મૂકાયું છે.[1] પણ આચારાત્મક અધ્યયનો ચરણ-કરણાનુયોગમાં અને સૈદ્ધાન્તિક અધ્યયનોનો દ્રવ્યાનુયોગમાં સમાવેશ થાય છે. આ રીતે ઉત્તરાધ્યયનનું વર્તમાન સ્વરૂપ અનેક અનુયોગોનું સંમિશ્રણ છે. આ સંમિશ્રણ દેવર્દ્ધિગણીના સંકલન-કાળમાં થયું હોય તે અધિક સંભવિત છે.

કેટલાંક વિદ્વાનોનો મત છે કે ઉત્તરાધ્યયનના પહેલાં અઢાર અધ્યયનો પ્રાચીન છે અને પાછળના અઢાર અધ્યયનો અર્વાચીન. પરંતુ આ મતની પુષ્ટિ માટે તેમણે કોઈ નક્કર કારણ આપેલ નથી. એમ બની શકે કે કેટલાંક ઉત્તરવર્તી અધ્યયનો અર્વાચીન હોય, પરંતુ બધાં જ ઉત્તરવર્તી અધ્યયનો અર્વાચીન છે તેવું માનવાને કોઈ કારણ નથી. એકત્રીસમાં અધ્યયનમાં આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે પ્રાચીન આગમોની સાથે સાથે દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર અને નિશીથ જેવાં અર્વાચીન આગમોનાં નામો પણ ઉપલબ્ધ થાય છે.[2] તે શ્રુતકેવળી ભદ્રબાહુ (વીરનિર્વાણ બીજી શતાબ્દી) દ્વારા નિર્યૂઢ કે રચાયેલાં છે.[3] એટલા માટે પ્રસ્તુત અધ્યયન ભદ્રબાહુ પછીની રચના છે.

અઠ્યાવીસમા અધ્યયનમાં અંગ અને અંગ-બાહ્ય – આ બે આગમિક વિભાગો ઉપરાંત અગિયાર અંગ, પ્રકીર્ણક અને દૃષ્ટિવાદનો ઉલ્લેખ પણ મળે છે.[4] પ્રાચીન આગમોમાં ચૌદ પૂર્વો, અગિયાર અંગો કે બાર અંગોનાં અધ્યયનનું વર્ણન મળે છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १ : अत्र धम्माणुयोगेनाधिकारः ।

૨. उत्तरज्झयणाणि, ३१।१६-१८ :
तेवीसइ सूयगडे, स्वाहिएसु सुरेसु अ ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥
पणवीसभावणाहिं, उद्देसेसु दसाइणं ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥
अणगारगुणेहिं च, पकप्पम्मि तहेव य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥

૩. (क) दशाश्रुतस्कन्ध निर्युक्ति, गाथा १ :
वंदामि भद्दबाहुं, पाईणं चरिमसयलसुयणाणिं ।
सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे य ववहारे ॥
(ख) पंचकल्पभाष्य, गाथा २३, चूर्णि : तेण भगवता आयारपकप्प दसाकप्प ववहारा य नवमपुव्वनीसंदभूता निज्जूढा ।

૪. (क) उत्तरज्झयणाणि, २८।२१ : ........अंगेण बाहिरेण व....।
(ख) वही, २८।२३ : .....एक्कारस अंगाइं पइण्णगं दिट्ठिवाओ य ॥

પરંતુ અંગ-બાહ્ય કે પ્રકીર્ણક શ્રુતનાં અધ્યયનનું વર્ણન મળતું નથી. આથી આ અધ્યયન પણ ઉત્તરકાલીન આગમ-વ્યવસ્થાની આસપાસના સમયની રચના જણાય છે.

આ અધ્યયનમાં દ્રવ્ય, ગુણ તથા પર્યાયની પરિભાષાઓ પણ છે. તેમની તુલના ક્રમે વૈશેષિક દર્શનનાં દ્રવ્ય, ગુણ અને કર્મ સાથે કરી શકાય.

| ઉત્તરાધ્યયન[1] | વૈશેષિક દર્શન[2] |
| --- | --- |
| (૧) દ્રવ્ય – गुणाणमासओ दव्वं | (૧) દ્રવ્ય – क्रियागुणवत् समवायिकारणमिति द्रव्यलक्षणम्। |
| (૨) ગુણ – एगसव्वस्सिया गुणा | (૨) ગુણ – द्रव्याश्रय्यगुणवान् संयोगविभागेष्वकारणमनपेक्ष इति गुणलक्षणम्। |
| (૩) પર્યાય – लक्खणं पज्जवाणं तु उभओ अस्सिया भवे। | (૩) પર્યાય – एकद्रव्यमगुणं संयोगविभागेष्वकारणमनपेक्ष इति गुणलक्षणम्। |

આગમ સાહિત્યમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની પરિભાષા પ્રથમવાર ઉત્તરાધ્યયનમાં મળે છે. આગમોમાં વિવરણાત્મક અર્થ જ વધુ મળે છે, સંક્ષિપ્ત પરિભાષાઓ મોટા ભાગે નથી મળતી. તેની પૂર્તિ વ્યાખ્યા-ગ્રંથોથી થાય છે. આથી ઉત્તરાધ્યયનમાં આ પરિભાષાઓ વિશેષ અર્થ-સૂચક છે. પ્રસ્તુત અધ્યયનમાં કર્તા વૈશેષિક દર્શનની ઉક્ત પરિભાષાઓથી પરિચિત જણાય છે એમ પ્રતીત થાય છે. આથી આ અધ્યયન પણ અર્વાચીન સંકલનમાં સંકલિત થયાનું અનુમાન થઈ શકે છે. ઉત્તરાધ્યયનના પ્રાચીન સંસ્કરણમાં કેટલાં અધ્યયનો સંકલિત હતાં અને અર્વાચીન સંસ્કરણમાં કેટલાં અધ્યયન સંકલિત કરવામાં આવ્યા તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. પરંતુ સ્થૂળ રીતે એટલું કહી શકાય કે પ્રાચીન સંસ્કરણનો મુખ્ય ભાગ કથાભાગ હતો અને અર્વાચીન પરિવર્ધિત સંસ્કરણનો મુખ્ય ભાગ સૈદ્ધાન્તિક છે.

ઉત્તરાધ્યયનના વિષય-વસ્તુનો ઉલ્લેખ શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરાઓમાં મળે છે.

'જૈન સિદ્ધાન્ત ભવન', આરા (બિહાર)માં મળતી ધવલાની હસ્તપ્રત (પત્રપમ્ય)માં લખેલ મળે છે – 'ઉત્તરાધ્યયનમાં ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા સંબંધી દોષોના પ્રાયશ્ચિત્તોનું વિધાન છે.'[3]

અંગપણ્ણત્તિમાં લખ્યું છે – 'બાવીસ પરીષહો અને ચાર પ્રકારના ઉપસર્ગો સહન કરવાનું વિધાન, તેનું ફળ અને આ પ્રશ્નનો આ ઉત્તર છે – આ ઉત્તરાધ્યયનનો પ્રતિપાદ્ય વિષય છે.'[4]

ધવલામાં આ પણ લખ્યું છે કે ઉત્તરાધ્યયન ઉત્તરપદોનું વર્ણન કરે છે.[5]

હરિવંશપુરાણ (વિ.સં.૮૪૦)માં લખ્યું છે કે ઉત્તરાધ્યયનમાં વીર-નિર્વાણગમનનું વર્ણન છે.[6]

આ રીતે દિગંબર સાહિત્યમાં ઉત્તરાધ્યયનના વિષય-વસ્તુનું જે વર્ણન મળે છે, તેની સંગતિ ઉત્તરાધ્યયનના વર્તમાન સ્વરૂપ દ્વારા નથી થતી. અંગપણ્ણત્તિનું વિષય-દર્શન આંશિક રૂપે સંગત થાય છે. જેમ કે –

(૧) બાવીસ પરીષહો સહન કરવાનું વિધાન. જુઓ - બીજું અધ્યયન.

(૨) પ્રશ્નોના ઉત્તર. જુઓ - ઓગણત્રીસમું અધ્યયન.

પ્રાયશ્ચિત્ત વિધિનું વર્ણન તથા મહાવીરના નિર્વાણ-પ્રાપ્તિના વર્ણનની વર્તમાન ઉત્તરાધ્યયન સાથે કોઈ સંગતિ થતી

---

૧. उत्तरज्झयणाणि, २८।६।

૨. वैशेषिक दर्शन, प्रथम आह्निक, सूत्र १५-१७।

૩. उत्तरज्झयणं उग्गमुप्पायणेसदोसगयपायच्छित्तविहाणं कालादि विसेसिदं वण्णेदि।

૪. अंगपण्णत्ति, ३।२५, २६ :
उत्तराणि अहिज्जंति, उत्तरज्झयणं मदं जिणिंदेहिं।
बावीसपरीसहाणं उवसग्गाणं च सहणविहिं॥
वण्णेदि तप्फलमवि, एवं पण्हे च उत्तरं एवं।
कहदि गुरुसीसयाण, पइण्णिय अट्ठमं तं खु॥

૫. धवला, पृष्ठ ९७ (सहारनपुर प्रति): उत्तरज्झयणं उत्तरपदाणि वण्णेइ।

૬. हरिवंश पुराण, १०।१३४ : उत्तराध्ययनं वीर-निर्वाण-गमनं तथा।

નથી. સંભવ છે કે લેખકોની સામે ઉત્તરાધ્યયનનું બીજું સંસ્કરણ હોય અથવા તો ભ્રાન્ત અનુશ્રુતિના આધારે આવું લખ્યું હોય.

દિગંબર-સાહિત્યમાંથી એક વાત નિશ્ચિતરૂપે ફલિત થાય છે કે ઉત્તરાધ્યયન અંગ-બાહ્ય પ્રકીર્ણક છે. આનો અર્થ એ થયો કે તે આરાતીય આચાર્યો (ગણધરોથી ઉત્તરકાલીન આચાર્યો)ની રચના છે.[1]

શ્વેતાંબર-સાહિત્યમાં ઉત્તરાધ્યયનના વિષય-વસ્તુનું વર્ણન તે જ મળે છે, જે વર્તમાન ઉત્તરાધ્યયનમાં ઉપલબ્ધ છે.[2]

વીર-નિર્વાણની પ્રથમ શતાબ્દી પૂર્ણ થતાં થતાં જ દશવૈકાલિકની રચના થઈ ચૂકી હતી. ઉત્તરાધ્યયન તેની પૂર્વવર્તી રચના છે. તે આચારાંગની પછી વંચાવા લાગ્યું હતું. તેની આગવી વિશેષતાને કારણે તેને ટૂંકા ગાળામાં જ મહત્ત્વપૂર્ણ સ્થાન મળી ચૂક્યું હતું. આવી સ્થિતિના સંદર્ભમાં એવું અનુમાન કરી શકાય છે કે ઉત્તરાધ્યયનના પ્રારંભિક સંસ્કરણનું સંકલન વીર-નિર્વાણની પહેલી શતાબ્દીના પૂર્વાર્દ્ધમાં જ થઈ ચૂક્યું હશે.

ઉત્તરાધ્યયનના પ્રારંભિક સંસ્કરણની પ્રાચીનતા અસંદિગ્ધ છે. તેની પ્રાચીનતા જાણવાનાં બે સાધન છે –

(૧) ભાષા-પ્રયોગો અને (૨) સિદ્ધાન્તો.

**ભાષા-પ્રયોગો :**

ત્રીજા અધ્યયન (શ્લોક ૧૪)માં 'जक्ख' (સં.यक्ष) શબ્દનો 'અર્ચનીય દેવ'ના અર્થમાં પ્રયોગ થયેલો છે. આ પ્રયોગ પ્રાચીનતાનો સૂચક છે. યજ્ઞના ઉત્કર્ષ-કાળમાં જ 'यक्ष' શબ્દ ઉત્કર્ષવાચી હતો. બન્નેની નિષ્પત્તિ એક જ ધાતુ (यज्)માંથી થાય છે. યજ્ઞના અપકર્ષની સાથે સાથે '' શબ્દના અર્થનો પણ અપકર્ષ થઈ ગયો. ઉત્તરકાલીન સાહિત્યમાં તે દેવોની એક હીન જાતિનો વાચક માત્ર રહી ગયો.

એ જ રીતે 'पाढव' (૩।૧૩), 'वुसीमओ' (૫।૧૮), 'मिलेक्खुआ' (૧૯।૧૬), 'अज्झत्थ' (૬।૬), 'समिय' (૬।૪) વગેરે અનેક શબ્દો છે, જે આચારાંગ અને સૂત્રકૃતાંગ જેવા પ્રાચીન આગમોમાં જ મળે છે.

**સિદ્ધાન્તો :**

જાતિવાદ (અધ્યયન ૧૨ અને ૧૩), યજ્ઞ અને તીર્થસ્થાનો (અ.૧૨), બ્રાહ્મણોના લક્ષણોનું પ્રતિપાદન (અ.૨૫) – વિષયો તે તે અધ્યયનોની પ્રાચીનતાના દ્યોતક છે. તે સંબંધિત ચર્ચાઓના ઉત્કર્ષકાળમાં લખાયેલાં છે, નહીં તો શાંત ચર્ચાનું આટલું સજીવ પ્રતિપાદન થઈ શકે નહીં. આ જ તથ્યના આધારે કહી શકાય કે આ અધ્યયનો મહાવીર-કાલીન અથવા તેમની નજીકના સમયના છે. સંભવ છે કે કેટલાક અધ્યયનો પૂર્વવર્તી પણ હોય.

ચિકિત્સા-વર્જન (૨।૩૨, ૩૩), પરિકર્મ-વર્જન (અ.૧૯), અચેલકતાનું પ્રતિપાદન (૨।૩૪, ૩૫; ૨૩।૨૯) તથા અચેલકતા અને સચેલકતાની સામંજસ્યપૂર્ણ સ્થિતિનો સ્વીકાર (૨।૧૨,૧૩) – આ બધા જૈન આચારની પ્રાચીનતમ પરંપરાના અવશેષો છે, જે ઉત્તરવર્તી સાહિત્યમાં નવીન પરંપરાઓની પૃષ્ઠભૂમિમાં પ્રશ્ન-ચિહ્નો બની રહ્યા છે.

ઉત્તરાધ્યયન પોતાના મૂળરૂપમાં ધર્મકથાનુયોગ છે. તેના કથા-ભાગમાં ભગવાન મહાવીરના ઉત્તરકાલીન કોઈ પણ રાજા, મુનિ કે વ્યક્તિનું નામ આવતું નથી. તેનાથી પણ જાણી શકાય છે કે આનું પ્રારંભિક સંસ્કરણ ભગવાન મહાવીરના નિર્વાણકાળની આજુબાજુના સમયમાં જ સંકલિત થઈ ગયું હતું.

**૧૧. શું ઉત્તરાધ્યયન ભગવાન મહાવીરની અંતિમ વાણી છે ?**

કલ્પસૂત્રમાં બતાવવામાં આવ્યું છે કે ભગવાન મહાવીર કલ્યાણફળ-વિપાકવાળા ૫૫ અધ્યયનો, પાપ-ફળવાળા ૫૫ અધ્યયનો તથા ૩૬ અપૃષ્ટ વ્યાકરણોનું વ્યાકરણ કરી 'પ્રધાન' નામક અધ્યયનનું નિરૂપણ કરતાં કરતાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ

---

૧. तत्त्वार्थवार्तिक, १।२०, पृष्ठ ७८ : यद् गणधरशिष्य-प्रशिष्यैरारातीयैरधिगतश्रुतार्थतत्त्वैः कालदोषादल्पमेधायुर्बलानां प्राणिनामनुग्रहार्थमुपनिबद्धं संक्षिप्ताङ्गार्थवचनविन्यासं तदङ्गबाह्यम् । ........तद्भेदा उत्तराध्ययना-दयोऽनेकविधाः ।

२. उत्तराध्ययन निर्युक्ति, १८-२६ ।

ગયા.[1]

ઉપર્યુક્ત ઉદ્ધરણના આધારે એમ માની શકાય કે છત્રીસ અપૃષ્ટ-વ્યાકરણો વસ્તુતઃ ઉત્તરાધ્યયનનાં છત્રીસ અધ્યયનો જ છે. ઉત્તરાધ્યયનના અંતિમ શ્લોક (૩૬।૨૬૮) પરથી આ વાતની પુષ્ટિ કરી શકાય છે —

इइ पाउकरे बुद्धे, नायए परिनिव्वुए ।
छत्तीसं उत्तरज्झाए, भवसिद्धीयसंमए ॥

ચૂર્ણિકારે આનો અર્થ નીચે પ્રમાણે કર્યો છે — જ્ઞાતકુળમાં ઉત્પન્ન વર્ધમાન સ્વામી છત્રીસ ઉત્તરાધ્યયનોનું પ્રકાશન કે પ્રજ્ઞાપન કરી પરિનિર્વાણ પામ્યા.[2]

શાન્ત્યાચાર્યે ચૂર્ણિકારનું અનુસરણ કરવા છતાં પણ પોતાના તરફથી બે વાત ઉમેરી છે. પહેલી એ કે ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયનના કેટલાંક અધ્યયનોનું અર્થ-રૂપે અને કેટલાંક અધ્યયનોનું સૂત્ર-રૂપે પ્રજ્ઞાપન કર્યું હતું.[3] બીજી વાત એ કે તેમણે 'परिनिर्वृत'નો વૈકલ્પિક અર્થ 'स्वस्थीभूत' કર્યો છે.[4]

નિર્યુક્તિકારે આ અધ્યયનોને જિન-પ્રજ્ઞપ્ત બતાવ્યાં છે.[5] શાન્ત્યાચાર્યે 'જિન' શબ્દનો અર્થ 'શ્રુત-જિન' એટલે કે 'શ્રુતકેવલી' કર્યો છે.[6]

નિર્યુક્તિકારના મત પ્રમાણે આ છત્રીસ અધ્યયનો શ્રુતકેવલી આદિ સ્થવિરો દ્વારા પ્રરૂપિત છે. તેમણે એ વાતની પણ કોઈ ચર્ચા નથી કરી કે ભગવાને અંતિમ દેશનામાં આ છત્રીસ અધ્યયનોનું પ્રરૂપણ કર્યું હતું. બૃહદ્‌વૃત્તિકારે શાન્ત્યાચાર્ય પણ પરિનિર્વાણના વિષયમાં સ્પષ્ટ નથી. માત્ર ચૂર્ણિકારે પોતાનો સ્પષ્ટ મત પ્રગટ કર્યો છે.

ઉત્તરાધ્યયનના અધ્યયનોની સંખ્યા ૩૬ હોવાના કારણે સહજપણે જ તે વાત તરફ ધ્યાન જાય કે કલ્પસૂત્રમાં ઊલ્લિખિત ૩૬ અપૃષ્ટ-વ્યાકરણો આ જ હોવા જોઈએ. અહીં એ યાદ રહે કે સમાવયાંગમાં છત્રીસ અપૃષ્ટ-વ્યાકરણોનો ઉલ્લેખ નથી. ત્યાં માત્ર એટલું જ કહેવામાં આવ્યું છે કે ભગવાન મહાવીર અંતિમ રાત્રિના સમયે ૫૫ કલ્યાણ-ફલ-વિપાકવાળા અધ્યયનો તથા ૫૫ પાપ-ફલ-વિપાકવાળા અધ્યયનોનું વ્યાકરણ કરીને પરિનિવૃત થયા હતા.[7] સમવાયાંગમાં છત્રીસમા સમવાયમાં પણ આના કંઈ ચર્ચા નથી.

ઉત્તરાધ્યયનની રચના તથા 'इइ एस धम्मे अक्खाए कविलेणं च विसुद्धपत्रेणं' જેવા ઉલ્લેખો દ્વારા એમ પ્રમાણિત નથી થતું કે આ બધા અધ્યયનો મહાવીર દ્વારા પ્રરૂપિત છે. નિર્યુક્તિના સાક્ષ્ય સાથે આની ચર્ચા આપણે પહેલાં કરી ચૂક્યા છીએ. અઢારમા અધ્યયનના ચોવીસમા શ્લોકના પ્રથમ બે ચરણો તે જ છે, જે છત્રીસમા અધ્યયનના અંતિમ શ્લોકોનાં છે—

---

१. कल्पसूत्र, सूत्र १४६ : ......पच्चूसकालसमयंसि संपलियंकनिसन्ने पणपन्नं अज्झयणाइं कल्लाणफलविवागाइं पणपन्नं अज्झयणाइं पावफलविवागाइं छत्तीसं च अपुट्ठवागरणाइं वागरित्ता पधाणं नाम अज्झयणं विभावेमाणे २ कालगए वितिक्कंते समुज्जाए छिन्नजाइजरामरणबंधणे सिद्धे बुद्धे मुत्ते अंतकडे परिनिव्वुडे सव्वदुक्खप्पहीणे ।

२. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २८३ : इति परिसमाप्ती उपप्रदर्शने च, प्रादुःप्रकाशे, प्रकाशीकृत्य — प्रज्ञापयित्वा बुद्धः — अवगतार्थः ज्ञातकः — ज्ञातकुलसमुद्भवः वर्द्धमानस्वामी, ततः परिनिर्वाणं गतः, किं प्रज्ञापयित्वा ? षट्त्रिंशदुत्तराध्ययनानि ।

३. उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ७१२ : इति इत्यनन्तरमुप्रवर्णितान् 'पाउकरे' त्ति सूत्रत्वात् 'प्रादुष्कृत्य' कांश्चिदर्थतः कांश्चन सूत्रतोऽपि प्रकाश्य, कोऽर्थः ? प्रज्ञाप्य, किमित्याह 'परिनिर्वृत्तः' निर्वाणं गत इति सम्बन्धनीयम्, कीदृशः सन्क इत्याह—'बुद्धः' केवलज्ञानादवगतसकलवस्तुतत्त्वः 'ज्ञापको' 'ज्ञापजो' वा—ज्ञातकुलसमुद्भवः, स चेह भगवान् वर्द्धमानस्वामी 'षट्त्रिंशद्' इति षट्त्रिंशत्संख्या उत्तराः— प्रधाना अधीयन्त इत्यध्याया—अध्ययनानि तत उत्तराश्च तेऽध्यायाश्चोत्तराध्यायस्तान्—विनयश्रुतादीन्......।

४. उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ७१२ : अथवा 'पाउकरे' त्ति प्रादुरकार्षीत् प्रकाशितवान्, शेषं पूर्ववत् नवरं 'परिनिर्वृतः' क्रोधादिदहनोपशमतः समन्तात् स्वस्थीभूतः ।

५. उत्तराध्ययन निर्युक्ति, गाथा ५५९ :

तम्हा जिणपन्नत्ते, अणंतगमपज्जवेहि संजुत्ते ।
अज्झाए जहाजोगं, गुरुपसाया अहिज्झिज्जा ॥

६. उत्तराध्ययन बृहद्वृत्ति. पत्र ७१३ : तस्माज्जिनैः— श्रुतजिनादिभिः प्ररूपिताः ।

७. समवाओ, समवाय ५५ ।

| | |
|---|---|
| ૧૮।૨૪ | ૩૬।૨૬૮ |
| इइ पाउकरे बुद्धे | इइ पाउकरे बुद्धे |
| नायए परिनिव्वुडे | नायए परिनिव्वुए। |
| विज्जाचरण संपन्ने | छत्तीसं उत्तरज्झाए |
| सच्चे सच्चपरक्कमे ॥ | भवसिद्धीयसंमए ॥ |

અઢારમા અધ્યયનના ચોવીસમા શ્લોકના પૂર્વાર્દ્ધનો જે અર્થ વૃત્તિકારે કર્યો છે, તે જ અર્થ છત્રીસમા શ્લોકના પૂર્વાર્દ્ધનો હોવો જોઈએ. વૃત્તિકારે ચોવીસમા શ્લોકના પૂર્વાર્દ્ધની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે – બુદ્ધ (અવગત તત્ત્વ), પરિનિર્વૃત (શીતીભૂત), જ્ઞાતપુત્ર મહાવીરે આ તત્ત્વની પ્રજ્ઞાપના કરી છે.[1] આ અર્થના સંદર્ભમાં જ્યારે છત્રીસમા અધ્યયનનો અંતિમ શ્લોક જોઈએ છીએ, ત્યારે તેમાંથી એમ ફલિત નથી થતું કે જ્ઞાતપુત્ર મહાવીર છત્રીસ અધ્યયનોની પ્રજ્ઞાપના કરી પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

મહાવીરની પરંપરામાં જે અર્થ-પ્રતિપાદન કરાય છે, તે તેમની ધર્મદેશનાના આધારે કરવામાં આવે છે. આ જ પારંપરિક સત્યનો ઉલ્લેખ ઉત્તરાધ્યયના સંકલનકર્તાએ અંતિમ શ્લોકમાં કર્યો છે.

### ૧૨. મહાવીર-વાણીનું પ્રતિનિધિ સૂત્ર

સમગ્ર ઉત્તરાધ્યયન ભગવાન મહાવીરની પ્રત્યક્ષ વાણી ભલે ન હોય, પરંતુ તેમાં ભગવાન મહાવીરની વાણીનું જે યથાયોગ્ય પદ્ધતિએ સંકલન થયું છે, તે જોઈને સહજપણએ જ એમ કહેવા મન લલચાય છે કે આ મહાવીર-વાણીનું પ્રતિનિધિ સૂત્ર છે.

અહિંસા, અપરિગ્રહ આદિતત્ત્વો નવીન નથી અને ભગવાન મહાવીરના સમયમાં પણ નવીન ન હતાં. તેઓની પહેલાં અનેક તીર્થંકરો અને ધર્માચાર્યો તેમનો પ્રયોગ કરી ચૂક્યા હતા. પરંતુ ભગવાન મહાવીરે તાત્કાલિક પરિસ્થિતિઓ સંદર્ભમાં તેમની જે અભિવ્યક્તિ કરી, તે તેમનું નવીન રૂપ છે. ભગવાન મહાવીરના કાળની સામાજિક પરિસ્થિતિમાં અહિંસા અને અપરિગ્રહનાં મુખ્ય બાધક તત્ત્વો આ હતાં–

| | |
|---|---|
| (૧) દાસ પ્રથા | (૪) અમાપ સંગ્રહ |
| (૨) જાતિવાદ | (૫) દંડનો ઉચ્છૃંખલ પ્રયોગ |
| (૩) પશુ બલિ | (૬) અનિયંત્રિત ભોગ |

આ બાધક તત્ત્વોના નિરસન માટે ભગવાન મહાવીરે જે વિચારધારાનું પ્રતિપાદન કર્યું તેનું હૃદયગ્રાહી સંકલન ઉત્તરાધ્યયનમાં થયું છે.

પાર્શ્વનાથના સમયમાં ચાર મહાવ્રત હતા અને સામાયિક ચારિત્ર હતું. ભગવાન મહાવીરે મહાવ્રત પાંચ કર્યા અને છેદોપસ્થાપનીય ચારિત્રની વ્યવસ્થા કરી. છેદોપસ્થાપનીય નો અર્થ છે – વિભાગ મુક્ત ચારિત્ર.

પૂજ્યપાદે (વિ. ૫-૬ શતાબ્દી) લખ્યું છે – 'ભગવાન મહાવીરે ચારિત્ર-ધર્મના તેર વિભાગ કર્યા – પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ. આ વિભાગો પાર્શ્વનાથના સમયમાં ન હતા.'[2] ઉત્તરાધ્યયનમાં આનું સુવ્યવસ્થિત પ્રતિપાદન થયું છે.

ષડ્જીવનિકાયવાદ મહાવીરના તત્ત્વવાદનું મુખ્ય અંગ છે. જીવવિષયક આટલું વ્યવસ્થિત અને વિસ્તૃત પ્રતિપાદન બીજી કોઈ ધર્મ-પરંપરામાં થયેલું ન હતું. આચાર્ય સિદ્ધસેને આને ભગવાન મહાવીરની સર્વજ્ઞતાની કસોટીરૂપે પ્રસ્તુત કર્યું

1. उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र ४४४ : इत्येवंरूपं 'पाउकरे' त्ति प्रादुरकार्षीत्—प्रकटितवान् 'बुद्धः' अवगततत्त्वः सन् ज्ञात एव ज्ञातकः—जगत्प्रतीतः क्षत्रियो वा, स चेह प्रस्तावान्महावीर एव, 'परिनिर्वृतः' कषायानलविध्यापनात् समन्ताच्छीतीभूतः ।

2. चारित्रभक्ति, ७ :
तिस्रः सत्तमगुप्तयस्तनुमनोभाषानिमित्तोदयाः
पंचेर्यादिसमाश्रयाः समितयः पंचव्रतानीत्यपि ।
चारित्रोपहितं त्रयोदशतयं पूर्वं न दिष्टं परै-
राचारं परमेष्ठिनो जिनमतेर्वीरान् नमामो वयम् ॥

છે.[१]

ઉત્તરાધ્યયનનાં જીવ-વિભક્તિનું પણ એક સુંદર પ્રકરણ છે. અજીવ-વિભક્તિ, કર્મવાદ, ષડ્દ્રવ્ય, નવ તત્ત્વ વગેરે પણ સમુચિત રૂપે પ્રતિપાદિત થયા છે.[२]

જો કે ઉત્તરાધ્યયનને ધર્મકથાનુયોગ અન્તર્ગત રાખ્યુ છે પરંતુ અત્યારે વર્તમાન સમયમાં તે ચાર અનુયોગોનો સંગમ છે. આ દૃષ્ટિથી તેને મહાવીર-વાણી (આગમો)નું પ્રતિનિધિ સૂત્ર કહી શકાય.

**૧૩. ઉત્તરાધ્યયન : આકાર અને વિષય-વસ્તુ**

ઉત્તરાધ્યયના છત્રીસ અધ્યયનો છે. આ એક સંકલિત સૂત્ર છે. આનું પ્રારંભિક સંકલન વીર-નિર્વાણની પહેલી શતાબ્દીના પૂર્વાર્દ્ધમાં થયું. ઉત્તરકાલીન સંસ્કરણ દેવર્દ્ધિગણીના સમયમાં સંપન્ન થયું. વર્તમાન અધ્યયનોના નામો સમવાયાંગ અને ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં મળે છે. તેમાં ક્યાંક ક્યાંક થોડો તફાવત પણ છે–

| समवायांग | उत्तराध्ययन निर्युक्ति[३] | समवायांग | उत्तराध्ययन निर्युक्ति |
|---|---|---|---|
| १. विणयसुयं | विणयसुयं | १९. मियचारिता | मियचारिया |
| २. परीसह | परीसह | २०. अणाहपव्वज्जा | नियंठिज्ज (महानियंट)[४] |
| ३. चाउरंगिज्जं | चउरंगिज्जं | २१. समुद्दपालिज्ज | समुद्दपालिज्जं |
| ४. असंख्यं | असंख्यं | २२. रहनेमिज्जं | रहनेमीयं |
| ५. अकाममरणिज्जं | अकाममरणं | २३. गोयमकेसिज्जं | केसिगोयमिज्जं |
| ६. पुरिसविज्जा | खुड्डागनियंठ | २४. समितीओ | समिइओ |
| ७. उरब्भिज्जं | ओरब्भं | २५. जन्नतिज्जं | जन्नइज्जं |
| ८. काविलिज्जं | काविलिज्जं | २६. समावारी | सामायारी |
| ९. नमिपव्वज्जा | णमिपव्वज्जा | २७. खलुंकिज्जं | खलुंकिज्जं |
| १०. दुमपत्तयं | दुमपत्तयं | २८. मोक्खमग्गई | मुक्खगई |
| ११. बहुसुयपूजा | बहुसुयपुज्जं | २९. अप्पमाओ | अप्पामाओ |
| १२. हरिएसिज्जं | हरिएस | ३०. तवोमग्गो | तव |
| १३. चित्तसंभूयं | चित्तसंभूइ | ३१. चरणविही | चरण |
| १४. उसुकारिज्जं | उसुआरिज्जं | ३२. पमायठाणाइं | पमायठाणं |
| १५. सभिक्खुगं | सभिक्खु | ३३. कम्मपगडी | कम्मप्पयडी |
| १६. समाहिठाणाइं | समाहिठाणं | ३४. लेसज्झयणं | लेसा |
| १७. पावसमणिज्जं | पावसमणिज्जं | ३५. अणगारमग्गे | अणगारमग्गे |
| १८. मियचारिता | मियचारिया | ३६ जीवाजीवविभत्ती | जीवाजीवविभत्ती |

નિર્યુક્તિ અનુસાર છત્રીસ અધ્યયનોનું વિષય-વર્ણન આ પ્રમાણે છે[५]–

| અધ્યયન | વિષય | અધ્યયન | વિષય |
|---|---|---|---|
| ૧ | –વિનય | ૩ | –ચાર દુર્લભ અંગોનું પ્રતિપાદન |
| ૨ | –પ્રાપ્ત-કષ્ટ-સહન નું વિધાન. | ૪ | –પ્રમાદ અને અપ્રમાદનું પ્રતિપાદન |

१. प्रथम द्वात्रिंशिका, श्लोक १३ :
य एव षड्जीवनिकायविस्तरः परैरनालीढपथस्त्वयोदितः ।
अनेन सर्वज्ञपरीक्षणक्षमास्त्वयि प्रसादोदयसोत्सवाः स्थिताः ॥

२. समवाओ, समवाय ३६ ।

३. उत्तराध्ययन निर्युक्ति, गाथा १३-१७ ।

४. उत्तराध्ययन निर्युक्ति, गाथा ४२२ : एसा खलु निज्जुत्ती महानियंठस्स सुत्तस्स ।

५. उत्तराध्ययन निर्युक्ति, गाथा १८-२७ ।

| અધ્યયન | વિષય | અધ્યયન | વિષય |
|---|---|---|---|
| ૫ | —મરણ-વિભક્તિ—અકામ અને સકામમરણ. | ૨૧ | —વિચિત્ર ચર્યા |
| ૬ | —વિદ્યા અને આચરણ. | ૨૨ | —ચરણનું સ્થિરીકરણ. |
| ૭ | —રસ-ગૃદ્ધિનો પરિત્યાગ. | ૨૩ | —ધર્મ—ચાતુર્યામ અને પંચયામ. |
| ૮ | —લાભ અને લોભ ના યોગનું પ્રતિપાદન | ૨૪ | —સમિતિયાં-ગુપ્તિયાં. |
| ૯ | —સંયમમાં નિષ્પ્રકમ્પ ભાવ | ૨૫ | —બ્રાહ્મણ ના ગુણ. |
| ૧૦ | —અનુશાસન. | ૨૬ | —સામાચારી. |
| ૧૧ | —બહુશ્રુતની પુજા. | ૨૭ | —અશઠતા. |
| ૧૨ | —તપનું એશ્વર્ય. | ૨૮ | —મોક્ષ-ગતિ. |
| ૧૩ | —નિદાન—ભોગ-સંકલ્પ. | ૨૯ | —આવશ્યકમાં અપ્રમાદ. |
| ૧૪ | —અનિદાન—ભોગ-અસંકલ્પ. | ૩૦ | —તપ. |
| ૧૫ | —ભિક્ષુના ગુણ | ૩૧ | —ચારિત્ર. |
| ૧૬ | —બ્રહ્મચર્યની ગુપ્તિયાં. | ૩૨ | —પ્રમાદ-સ્થાન. |
| ૧૭. | —પાપ-વર્જન. | ૩૩ | —કર્મ. |
| ૧૮. | —ભોગ અને ઋદ્ધિ નો ત્યાગ. | ૩૪ | —લેશ્યા. |
| ૧૯ | —અપરિકર્મ—દેહાધ્યાસ નું પરિત્યાગ. | ૩૫. | —ભિક્ષુના ગુણ |
| ૨૦ | —અનાથતા. | ૩૬ | —જીવ અને અજીવનું પ્રતિપાદન. |

નિર્યુક્તિકારે ઉત્તરાધ્યયનના પ્રતિપાદ્યના સંક્ષિપ્ત સંકેત પ્રસ્તુત કર્યા છે. તેનાથી એક સ્થૂલ રૂપરેખા આપણી સામે આવી જાય છે. વિસ્તારમાં જઇએ તો ઉત્તરાધ્યયનનું પ્રતિપાદ્ય ઘણું વિશદ છે. ભગવાન પાર્શ્વ અને ભગવાન મહાવીરની ધર્મ-દેશનાઓનું સ્પષ્ટ ચિત્રણ અહીં મળે છે. વૈદિક અને શ્રમણ સંસ્કૃતિના મતવાદોનું સંવાદાત્મક શૈલીમાં આટલું વ્યવસ્થિત પ્રતિપાદન અન્ય આગમોમાં નથી. અહિં ધર્મ-કથાઓ, આધ્યાત્મિક-ઉપદેશો તથા દાર્શનિક સિદ્ધાંતોનો આકર્ષક સુયોગ થયો છે. આને ભગવાન મહાવીરની વિચારધારાનું પ્રતિનિધિ સૂત્ર કહી શકાય.

**૧૪. ઉત્તરાધ્યયનની કથાઓ : તુલનાત્મક દૃષ્ટિકોણ**

ભારતીય ધર્મોની અનેક સાહિત્યિક શાખાઓ છે. તેમાં અનેક કથાઓ એક જેવી મળે છે. પ્રસ્તુત સૂત્રમાં ચાર કથાઓ એવી છે, જે સહેજસાજ રૂપાન્તર સાથે મહાભારત અને બૌદ્ધ સાહિત્યમાં મળે છે. જેવી કે—

| ઉત્તરાધ્યયન | મહાભારત | જાતક |
|---|---|---|
| ૧. હરિકેશ બલ (અ. ૧૨) | | માતંગ(જા. સં. ૪૯૭) |
| ૨. ચિત્ત-સંભૂત (અ. ૧૩) | | ચિત્ત-સંભૂત(જા. સં. ૪૯૮) |
| ૩. ઈષુકારીય (અ. ૧૪) | શાંતિપર્વ, અ. ૧૭૫,૨૭૭ | હસ્તિપાલ(જા.સં. ૫૦૯) |
| ૪. નમિ-પ્રવ્રજ્યા (અ. ૯) | શાંતિપર્વ, અ.૧૭૮ | મહાજન (જા. સં. ૫૩૯) |

આ સાદશ્યનું કારણ પૂર્વકાલીન 'શ્રમણ-સાહિત્ય'ની સ્વીકૃતિ છે. પ્રત્યેક બુદ્ધો દ્વારા રચિત પ્રકરણો હજારોની સંખ્યામાં પ્રચલિત હતાં. તેમણે ભારતીય સાહિત્યની પ્રત્યેક ધારાને પ્રભાવિત કરેલ. માર્કંડયપુરાણમાંના પિતા-પુત્ર-સંવાદની તુલના ઉત્તરાધ્યયનના ચૌદમા ઈષુકારીય અધ્યયનમાં આવેલ પિતા-પુત્ર સંવાદ સાથે કરવાથી બન્નેનો મૂળ સ્રોત એક જ પરંપરામાં હોવાનું જણાય છે. આની વિસ્તૃત ચર્ચા અમે 'उत्तराध्ययन : एक समीक्षात्मक अध्ययन' માં કરી છે.

**૧૫. ઉત્તરાધ્યયન : વ્યાકરણ-વિમર્શ**

વર્તમાન પ્રાકૃત વ્યાકરણની અપેક્ષાએ પ્રાચીન આગમોમાં કેટલાક વિશિષ્ટ પ્રયોગો પ્રાપ્ત થાય છે. ઉત્તરાધ્યયન પણ તે જ કક્ષાનું આગમ છે. તેમાં અનેક સ્થળે વિભક્તિ-વિહીન શબ્દોનાં પ્રયોગ મળે છે. અનેક સ્થળે હ્રસ્વનું દીર્ઘીકરણ અને દીર્ઘનું

હ્રસ્વીકરણ થયેલ છે. સંસ્કૃત તુલ્યતથા પ્રાકૃત વ્યાકરણ દ્વારા અસિદ્ધ સંધિ-પ્રયોગો મળે છે. વિભક્તિ, વચન વગેરેનો વ્યત્યય પણ વિપુલ પ્રમાણમાં મળે છે. આમાં સમાલોચ્ય શબ્દો પણ પ્રમોજામેળ છે.

**વિભક્તિ-વિહીન શબ્દ-પ્રયોગ :**

| | | | |
|---|---|---|---|
| बुद्धपुत्त | (૧।૭), | भिक्खु | (૨।૨૨) |
| भाय | (૧।૩૯), | तेल्ल | (૧૪।૧૮) |
| कल्लाण | (૧।૩૯), | जीविय | (૩૨।૨૦) |

**હ્રસ્વનું દીર્ઘીકરણ :**

| | | | |
|---|---|---|---|
| समाययन्ती | (૪।૨), | जाईमय | (૧૨।૫) |
| परत्था | (૪।૫), | अन्नमन्नमणूरता | (૧૩।૫) |
| दुक्खपउराए | (૮।૧), | अग्गमाहिसी | (૧૯।૧) |

**દીર્ઘનું હ્રસ્વીકરણ :**

पक्खिणि (૧૪।૪૧), जिया (૨૨।૧૯), पमाणि (૨૬।૨૭)

**સંસ્કૃત તુલ્ય સંધિ-પ્રયોગ:**

मुहुरादवि (૭।૧૮)

**પ્રાકૃત વ્યાકરણ દ્વારા અસિદ્ધ સંધિ-પ્રયોગ**

अवसग्गे + अभिधारए = उवसग्गाभिधारए (૨।૧૧)

बुद्धेहि + आयरियं = बुद्धेहायरियं (૧।૪૨)

विप्परियासं + उवेइ = विप्परियासुपेइ (૨૦।૪૬)

**વિભક્તિ-વ્યત્યય :**

आणुपुव्वि (૧।૧) —અહીં તૃતીયાના અર્થમાં દ્વિતીયા વિભક્તિ છે.

अदीणमणसे (૨।૩) —અહીં પ્રથમાના અર્થમાં ષષ્ઠી વિભક્તિ છે.

सव्वदुक्खाणं (૮।૮) —અહીં તૃતીયાના અર્થમાં ષષ્ઠી વિભક્તિ છે.

चोद्दसहिं ठाणेहिं (૧૧।૬) —અહીં સપ્તમી અર્થમાં પ્રથમા વિભક્તિ છે.

मुहाजीवी (૨૫।૨૭) —અહીં દ્વિતીયાના અર્થમાં પ્રથમા વિભક્તિ છે.

चरमाण (૩૦।૨૦) —અહીં ષષ્ઠીના અર્થમાં પ્રથમા વિભક્તિ છે.

**વચન-વ્યત્યય :**

विहन्नइ (૨।૬) —અહીં બહુવચનની જગ્યાએ એક વચન છે.

आहु (૧૨।૨૫) —અહીં એકવચનની જગ્યાએ બહુવચન છે.

तं (૩૬।૪૮) —અહીં બહુવચનની જગ્યાએ એકવચન છે.

परित्तसंसारी (૩૬।૨૬૦) —અહીં બહુવચનની જગ્યાએ એકવચન છે.

**અલાક્ષણિક :**

फरसु + आइहिं = फरसुमाईहिं (૧૯।૬૬)

मुट्ठि + आईहिं = बुद्धेहायरियं (૧૯।૬૭)

असजत् = संजए (૨૧।૨૦)

**સમાલોચ્ય શબ્દ :**

अप्पायंके (૩।૧૮)—અહીં 'अप्प' નો પ્રચલિત અર્થ અલ્પ નથી થતો. અહીં આ શબ્દ નિષેધાર્થે પ્રયોજાયો છે.

सुदिट्ठं (૧૨।૩૮), सुजट्ठं (૧૨।૪૦)—આ બન્નેમાં સમાન પ્રયોગ હોવો જોઈએ. સંભવ છે કે 'सुदिट्ठं' ની જગ્યાએ લિપિ-

### ૧૬. ઉત્તરાધ્યયન : ભાષાની દૃષ્ટિએ

ઉત્તરાધ્યયનની ભાષા પ્રાકૃત છે. ભરત મુનિએ પોતાના નાટ્યશાસ્ત્રમાં સાત પ્રાકૃતોનો ઉલ્લેખ કર્યો છે – માગધી, આવંતી, પ્રાચ્યા, શૌરસેની, અર્ધમાગધી, વાલ્હીકા અને દાક્ષિણાત્યા.[1]

આચાર્ય હેમચંદ્રે પોતાના વ્યાકરણમાં પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ – એવી છ પ્રાકૃતોનો ઉલ્લેખ કર્યો છે.

'ષડ્ભાષાચન્દ્રિકા'માં પણ પ્રાકૃતના આ જ છ પ્રકારો મળે છે. ત્યાં મહારાષ્ટ્રની ભાષાને પ્રાકૃત શૂરસેન (મથુરાની આજુબાજુનો પ્રદેશ)ની ભાષાને શૌરસેની, મગધની ભાષાને માગધી, પિશાચ(પાંડ્ય, કેકય વગેરે દેશો)ની ભાષાને પૈશાચી અને ચૂલિકા પૈશાચી તથા આભીર વગેરે દેશોની ભાષાને અપભ્રંશ કહેવામાં આવેલ છે.[2]

ભગવાન મહાવીર અર્ધમાગધી ભાષામાં બોલતા હતા. આગમોમાં ઠેકઠેકાણે આ જ ઉલ્લેખ મળે છે.[3] પ્રાચીન જૈન આગમોની ભાષા અર્ધમાગધી અને માગધી રહી છે.

ક્ષેત્રની દૃષ્ટિએ અર્ધમાગધી તે ભાષાનું નામ છે જે અર્ધા મગધમાં અર્થાત્ મગધના પશ્ચિમ ભાગમાં વપરાતી હતી. એમાં માગધી ભાષાના લક્ષણો મળતાં હતાં, એથી કરીને પ્રવૃત્તિની દૃષ્ટિએ તેને અર્ધમાગધી કહેવામાં આવી. ભાષાશાસ્ત્રીઓના અભિપ્રાય અનુસાર માગધીની ત્રણ મુખ્ય વિશેષતાઓ છે–

(૧) પ્રથમા વિભક્તિમાં એકવચનમાં 'ओ' કારના સ્થાને 'ए' કાર થવો.

(૨) 'र' નો 'ल' થવો.

(૩) 'ष', 'स' ના સ્થાને 'श' થવો

અર્ધમાગધીમાં પ્રથમ વિશેષતા બહુલતાથી મળે છે, બીજી ક્યાંક ક્યાંક અને ત્રીજી પ્રાયઃ મળતી નથી.

જ્યારે જૈન મુનિઓ પૂર્વ ભારતથી ખસીને પશ્ચિમ ભારતમાં વિહાર કરવા લાગ્યા ત્યારે તેમની મુખ્ય ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત બની ગઈ. અર્ધમાગધી અને માગધીમાં લખાયેલાં આગમો પણ તેનાથી પ્રભાવિત થયા. પ્રાકૃતના રૂપોમાં મહારાષ્ટ્રીએ ઉત્કર્ષ પણ પ્રાપ્ત કરી લીધો. મહાકવિ દંડીએ આનો ઉલ્લેખ કર્યો છે–'महाराष्ट्राश्रयां प्रकृष्टं विदुः ।'[4]

છતાં પણ જૈન આચાર્યોને આગમોની મૂળ ભાષાની વિસ્મૃતિ ન થઈ. તેઓ કાળના વિવિધ તબક્કાઓમાં પણ એ જ તથ્યની પુનરાવૃત્તિ કરતા રહ્યા છે કે આગમોની મૂળ ભાષા અર્ધમાગધી છે. પ્રજ્ઞાપનામાં અર્ધમાગધી ભાષા બોલનારાઓને 'ભાષા-આર્ય' તરીકે ઓળખાવવામાં આવ્યા છે.[1] સ્થાનાંગ[2] અને અનુયોગદ્વાર[3] માં સંસ્કૃત તથા પ્રાકૃતને ઋષિભાષિત કહેવામાં આવેલ છે. આચાર્ય હરિભદ્રસૂરિએ ભાષા-આર્યની વ્યાખ્યામાં વધારામાં સંસ્કૃત ઉમેરેલ છે.[4] કેટલાક આચાર્યો

---

૧. नाट्यशास्त्र, १७।४८ :

मागध्यवन्तिजा प्राच्या शौरसेन्यर्द्धमागधी ।
वाल्हीका दाक्षिणात्याश्च सप्तभाषाः प्रकीर्तिताः ॥

૨. षड्भाषाचन्द्रिका, उपोद्घात :

षड्विधा सा प्राकृती च शौरसेनी च मागधी ।
पैशाची चूलिकापैशाच्यपभ्रंश इति क्रमात् ॥
तत्र तु प्राकृतं नाम महाराष्ट्रोद्भवं विदुः ।
शूरसेनोनोद्भवा भाषा शौरसेनीति गीयते ॥
मगधोत्पन्नभाषां तां मागधीं संप्रचक्षते ।
पिशाचदेशनियतं पैशाचीद्वितयं भवेत् ॥
पाण्ड्यकेकयवाल्हीक सिंह नेपाल कुन्तलाः ।
सुधेष्णभोजगान्धारहैवकन्नोजकास्तथा ॥
एते पिशाचदेशाः स्युस्तद्देश्यस्तद्गुणो भवेत् ।
पिशाचजातमथवा पैशाचीद्वयमुच्यते ॥
अपभ्रंशस्तु भाषा स्यादाभीरादिगिरां चयः ।
............................................................ ॥

૩. (क) ओवाइयं, सूत्र ७१ : तए णं समणं भगवं महावीरे कूणियस्स रण्णो भंभसारपुत्तस्स......अद्धमागहाए भासाए भासइ..... ।

(ख) समवाओ समवाय ३४ : भगवं च णं अद्धमागहीए भासाए धम्ममाइक्खइ (२२) ।

૪. काव्यादर्श, १।३४ ।

પૂર્વોની ભાષા પણ સંસ્કૃત હોવાનું માનતા હતા.[૫] આ બધા તથ્યોમાં અધ્યયન પછી પણ આપણએ એ હકીકત ન ભૂલી શકીએ કે પ્રાચીન આગમોની ભાષા અર્ધમાગધી હતી.

**અર્ધમાગધી અને મહારાષ્ટ્રી**

ઉત્તરાધ્યયનની ભાષા મહારાષ્ટ્રીથી પ્રભાવિત અર્ધમાગધી છે. અર્ધમાગધી અને મહારાષ્ટ્રીમાં અંતર નીચે મુજબ છે–

| અર્ધમાગધી | મહારાષ્ટ્રી |
|---|---|
| અસંયુક્ત 'क' નો 'ग' કે 'त' થાય છે– | 'क' નો પ્રાયઃ લોપ થાય છે– |
| | अज्झावयाणं (१२।१६) |
| कुमारगा (१४।११) | 'ग' નો પ્રાયઃ લોપ થાય છે– |
| लोगो (१४।२२) | भोए (१४।३७) |
| અસંયુક્ત 'ग' નો લોપ નથી થતો– | |
| कामभोगेसु (१४।६) | |
| सगरो (१८।३५) | |
| અસંયુક્ત 'च' અને 'ज' ના તકાર-બહુલ પ્રયોગો મળે છે– | 'य' અને 'ज' નો પ્રાયઃ લોપ થાય છે– |
| तेगिच्छं (२।३३) | समुवाय (१४।३७) |
| वितिगिच्छा (१६।सू० ४) | बीयाइं (१२।१२) |
| અસંયુક્ત 'त' નો પ્રાયઃ લોપ નથી થતો– | 'त' નો પ્રાયઃ લોપ થાય છે– |
| अतरं (८।६) | पुरोहिय (१४।३७) |
| અસંયુક્ત 'द'નો પ્રાયઃ લોપ નથી થતો અને ક્યાંક ક્યાંક તેનો 'त' થઈ જાય છે– | 'दનો પ્રાયઃ લોપ થાય છે– |
| उदगं (७।२३) | विइयाणि (१२।१३) |
| અસંયુક્ત 'प'નો પ્રાયઃ 'व' થઈ જાય છે– | 'प' નો પ્રાયઃ લોપ થાય છે– |
| महादीवो (२३।६६) | तउय (३६।७३) |
| અસંયુક્ત 'य'ના પ્રાયઃ લોપ નથી થતો અને ક્યાંક ક્યાંક તેનો 'त' થઈ જાય છે– | 'य' નો પ્રાયઃ લોપ થાય છે– |
| उवाया (३२।९) | काए (३६।८२) |
| | आउ (७।१०) |
| અસંયુક્ત 'व'નો પ્રાયઃ લોપ નથી થતો અને ક્યાંક ક્યાંક તેનો 'त' થઈ જાય છે– | 'व' નો પ્રાયઃ લોપ થાય છે– |

---

१. प्रज्ञापना, पद १, सूत्र ३७ : भासारिया जे णं अद्धमागहाए भासाए भासेति ।

२. ठाणं, ७।४८ गाथा १० :
सक्कता पागता चेव, दोण्णि य भणिति आहिया ।
सरमंडलंमि गिज्जंते, पसत्था इसिभासिता ॥

३. अणुओगदाराइं, सूत्र ३०७ गाथा ११ :
सक्कया पायवा चेव, भणितिओ होंति दोण्णि वि
सरमंडलम्मि गिज्जंते, पसत्था इसिभासिया ॥

४. तत्त्वार्थ सूत्र ३।१५, हारिभद्रीय वृत्ति पृष्ठ १८० :
शिष्टाः—सर्वातिशयसम्पन्ना गणधरादयः तेषां भाषा संस्कृताऽर्धमागधिकादिका च ।

५. प्रभावक चरित, पृष्ठ ५८, वृद्धवादिसूरि, चरित, श्लोक ११३ : चतुर्दशापि पूर्वाणि संस्कृतानि पुराऽभवन् ।

| | |
|---|---|
| | चेय (२४।१६) |
| पवरे (११।१६) | |
| दिवायरे (११।१४) | |
| પ્રથમા એકવચનમાં 'ए'કાર થાય છે– | પ્રથમા એકવચનમાં 'ओ'કાર થાય છે– |
| कयरे (१२।६) | मणगुत्तो (१२।३) |
| धीरे (१५।३) | |

શબ્દભેદ–

| અર્ધમાગધી | મહારાષ્ટ્રી | અર્ધમાગધી | મહારાષ્ટ્રી |
|---|---|---|---|
| कम्मुणा (२५।३१) | कम्मेण | सोही (३।१२) | सुद्धी |
| वेयसां (२५।१६) | वेयाणं | तेगिच्छं (२।३३) | चीइच्छं |
| विसालिसेहिं (३।१४) | विसरिसेहिं | मिलेक्खुया (१०।१६) | मिलिच्छा, मिच्छा |
| दुवालसंगं (२४।३) | बारसंगं (२३।७) | माहणा (१२।१३) | बम्हणी (२५।१९) |
| गेही (६।४) | गिद्धी | पडुप्पन्न (२९सू० १३) | पच्चुप्पन्न (७।९) |

ઉત્તરાધ્યયનમાં અર્ધમાગધીની સાથે સાથે મહારાષ્ટ્રી પ્રાકૃતના પ્રયોગો પણ મળે છે. એથી ભાષાની દૃષ્ટિએ તેને ભાષા-દ્વયની મિશ્રિત કૃતિ કહી શકાય.

### ૧૭. ઉત્તરાધ્યયનના વ્યાખ્યા-ગ્રંથો

જૈન આગમોમાં ઉત્તરાધ્યયન સર્વાધિક પ્રિય આગમ છે. તેની પ્રિયતાનું કારણ તેના સરળ કથાનકો, સરસ સંવાદો અને રસભર રચનાશૈલી છે. તેની સર્વાધિક પ્રિયતાના સાક્ષ્ય વ્યાપક અધ્યયન-અધ્યાપન અને વિશાળ વ્યાખ્યા-ગ્રંથો છે. જેટલા વ્યાખ્યા-ગ્રંથો ઉત્તરાધ્યયનના છે, તેટલા બીજા કોઈ આગમના નથી.

#### ૧. નિર્યુક્તિ :

આ ઉત્તરાધ્યયનના પ્રાપ્ત વ્યાખ્યા-ગ્રંથોમાં સહુથી પ્રાચીન છે. તેમાં ૫૫૭ ગાથાઓ છે. લઘુ કૃતિ છે, પરંતુ તેમાં અનેક મહત્ત્વપૂર્ણ સૂચનો મળે છે. એટલા માટે તે ઉત્તરવર્તી બધા વ્યાખ્યા-ગ્રંથોની આધાર-શીલા બની રહી છે. તેના કર્તા દ્વિતીય ભદ્રબાહુ (વિ. છઠ્ઠી શતાબ્દી) છે.

#### ૨. ચૂર્ણિ :

આ પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર ભાષામાં લખાયેલી ઉત્તરાધ્યયનની મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા છે. આમાં અંતિમ અઢાર અધ્યયનોની વ્યાખ્યા ખૂબ જ સંક્ષેપમાં છે. ગ્રંથની પ્રશસ્તિમાં ગ્રંથકારે પોતાનો પરિચય 'ગોપાલિક મહત્તર શિષ્ય' તરીકે આપ્યો છે.[1] તેમનો અસ્તિત્વ-કાળ વિક્રમની સાતમી શતાબ્દી છે.

#### ૩. શિષ્યહિતા (બૃહદ્વૃત્તિ કે પાઈય-ટીકા) :

ઉત્તરાધ્યયનની સંસ્કૃત વ્યાખ્યાઓમાં આ સર્વાધિક મહત્ત્વપૂર્ણ છે. આમાં અવતરણાત્મક કથાઓ પ્રાકૃતમાં આપેલી છે. બૃહદ્વૃત્તિકારે અનેક વખત 'वृद्धसंप्रदायादवसेयः'[2] અથવા તો सम्प्रदायादवसेयः[3] લખીને તેમનું અવતરણ કર્યું છે.

બૃહદ્વૃત્તિકારની સામે ચૂર્ણિ ઉપરાંત બીજી પણ કોઈ વ્યાખ્યા રહી હશે એવું પ્રતીત થાય છે. નવમા અધ્યાયના અઠ્યાવીસમા શ્લોકની વ્યાખ્યામાં– 'तथा च वृद्धा :- लोमहाराः प्राणहारा इति'[1] એવો ઉલ્લેખ મળે છે. આ વાક્ય ચૂર્ણિનું નથી. તેમાં

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २८३ :
वाणिजकुलसंभूओ, कोडियगणिओ उ वयरसाहीतो ।
गोवालियमहत्तरओ, विक्खाओ आसि लोगंमि ॥१॥
ससमयपरसमयविऊ ओयस्सी दित्तिमं सुगंभीरो ।
सीसगणसंपरिवुडो, वक्खाणतिप्पिओ आसी ॥२॥
तेसिं सीसेण इमं, उत्तरज्झयणाम चुण्णिखंडं तु ।
रइयं अणुग्गहत्थं, सीसाणं मंदबुद्धीणं ॥३॥

२. उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र १४५ ।

३. उत्तराध्ययन बृहद्वृत्ति, पत्र १२५ ।

'लोमहार' नो अर्थ– 'लोभहारा णाम पेल्लणमोसगा'[2]–એવા શબ્દોમાં છે.

એનાથી એમ પ્રમાણિત થાય છે કે બૃહદ્‌વૃત્તિમાં ઉદ્ધૃત વાક્ય ચૂર્ણિ ઉપરાંતની કોઈ બીજી પ્રાચીન વ્યાખ્યાનું છે.

બૃહદ્‌વૃત્તિકારે 'वृद्ध' શબ્દ વડે ચૂર્ણિકારનો પણ ઉલ્લેખ કર્યો છે – 'वृद्धास्तु व्याचक्षते – लोलुप्यमाणं ति लालप्यमानं भरणपोषणकुलसंताणेसु य तुब्भे भविस्सह त्ति ।'[3]

સરખાવો–ઉત્તરાધ્યયન ચૂર્ણિ, પૃષ્ઠ ૨૨૩ : 'लोलुप्पमाणं लोलुप्यमानं भरणपोसणकुलसंताणेसु य तुब्भे भविस्सह त्ति ।'

આ બૃહદ્‌વૃત્તિકાર છે વાદી-વેતાલ શાંતિસૂરિ. તેમનો અસ્તિત્વ કાળ વિક્રમની ૧૧મી શતાબ્દી છે.

**૪. સુખબોધા :**

આ બૃહદ્‌વૃત્તિમાંથી સમુદ્ધૃત લઘુવૃત્તિ છે. તેના કર્તા નેમિચંદ્રસૂરિ છે. સૂરિપદ-પ્રાપ્તિ પહેલાં તેમનું નામ દેવેન્દ્ર હતું. આ વૃત્તિનો રચના-કાળ વિ.સં. ૧૧૨૯ છે.

**૫. સર્વાર્થસિદ્ધિ :**

આના રચયિતા ભાવવિજય છે. આનો રચના-કાળ વિ. સં. ૧૬૭૯ છે. આમાં કથાઓ પદ્યબદ્ધ છે.

આ ઉપરાંત બીજી પણ અનેક વ્યાખ્યાઓ મળે છે. તે બધી જ મોટા ભાગે ઉપરોક્ત મુખ્ય વ્યાખ્યાઓની ઉપજીવી છે. અમે તેમનો સંક્ષિપ્ત પરિચય – નામ, કર્તા, અને રચનાકાળના વિવરણ સાથે – નીચે પ્રસ્તુત કરીએ છીએ[4]–

| | | |
|---|---|---|
| ૬. અવચૂરિ | જ્ઞાનસાગર | વિ. સં. ૧૫૪૧ |
| ૭. વૃત્તિ | કમલ સંયમ | વિ. સં. ૧૫૫૪ |
| ૮. દીપિકા | ઉદયસાગર | વિ. સં. ૧૫૪૬ |
| ૯. લઘુવૃત્તિ | ખરતર તપોરત્નવાચક | વિ. સં. ૧૫૫૦ |
| ૧૦. વૃત્તિ | કીર્તિવલ્લભ | વિ. સં. ૧૫૫૨ |
| ૧૧. વૃત્તિ | વિનયહંસ | વિ. સં. ૧૫૬૭-૮૧ |
| ૧૨. ટીકા | અજિતદેવ સૂરિ | વિ. સં. ૧૬૨૮ |
| ૧૩. દીપિકા | હર્ષકુલ | ૧૬વીં શતાબ્દી |
| ૧૪. અવચૂરિ | અજિતદેવસૂરિ | |
| ૧૫. ટીકા-દીપિકા | માણિક્યશેખર સૂરિ | |
| ૧૬. દીપિકા | લક્ષ્મીવલ્લભ | ૧૮વીં શતાબ્દી |
| ૧૭. વૃત્તિ-ટીકા | હર્ષનન્દન | વિ. સં. ૧૭૧૧ |
| ૧૮. વૃત્તિ | શાન્તિભદ્રાચાર્ય | |
| ૧૯. ટીકા | મુનિચન્દ્ર સૂરિ | |
| ૨૦. અવચૂરિ | જ્ઞાનશીલગણી | |
| ૨૧. અવચૂરિ | | વિ. સં. ૧૪૯૧ |
| ૨૨. બાલાવબોધ | સમરચન્દ્ર | |
| ૨૩. બાલાવબોધ | કમલલાભ | ૧૬ વીં શતાબ્દી |
| ૨૪. બાલાવબોધ | માનવિજય | વિ. સં. ૧૭૪૧ |

આ ઉપરાંત કેટલીક વૃત્તિ-ટીકાઓ, દીપિકાઓ તથા અવચૂરિઓ પણ મળી આવે છે. તેમાં કોઈમાં કર્તાનું નામ નથી મળતું, તો કોઈમાં રચનાકાળનો ઉલ્લેખ નથી. તે બધી આ પ્રમાણે છે–

---

१. उत्तराध्ययन बृहद्‌वृत्ति, पत्र ३१२ ।

२. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १८३ ।

३. उत्तराध्ययन बृहद्‌वृत्ति, पत्र ४०० ।

४. जैन भारती (वर्ष ७, अंक ३३, पृ० ५६५-६८) में प्रकाशित श्री अगरचन्दजी नाहटा के 'उत्तराध्ययन सूत्र और उसकी टीकाएँ' लेख पर आधृत ।

| વ્યાખ્યા-ગ્રંથ | કર્ત્તા | રચના-કાલ |
|---|---|---|
| મકરન્દ ટીકા | | વિ. સં. ૧૭૫૦ |
| દીપિકા | | વિ. સં. ૧૬૩૭ |
| વૃત્તિ-દીપિકા | | |
| દીપિકા | | વિ. સં. ૧૬૪૩ |
| વૃત્તિ | | |
| અક્ષરાર્થ લવલેશ | | |
| ટબ્બા | આદિચન્દ્ર અને રાયચન્દ્ર | |
| ટબ્બા | પાર્શ્વચન્દ્ર, ધર્મસિંહ | ૧૮મી શતાબ્દી |
| વૃત્તિ | મતિકીર્તિ ના શિષ્ય | |
| ભાષા પદ્યસાર | બ્રહ્મ ઋષિ | વિ. સં. ૧૫૯૯ |

તેરાપંથના ચતુર્થ આચાર્ય શ્રીમજ્જયાચાર્યે (વિ. સં. ૧૮૬૦-૧૯૩૮) આ સૂત્રના ઓગણત્રીસ અધ્યયનો ઉપર રાજસ્થાની ભાષામાં પદ્ય-બદ્ધ 'જોડ'ની રચના કરી હતી. વિષયને સ્પષ્ટ કરવા માટે અહીં તહીં તેમણે વાર્તિકો પણ લખ્યાં છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત ભૂમિકામાં ઉત્તરાધ્યયનનું સંક્ષિપ્ત પર્યાલોચન કરવામાં આવ્યું છે. તેમાંના છંદો વગેરે અનેક વિષયો વિષે અહીં કોઈ વિમર્શ કરવામાં આવ્યો નથી. તે બધી વિગતોનું પર્યાયલોચન 'उत्तराध्ययन : एक समीक्षात्मक अध्ययन'માં થઈ ચૂક્યું છે. એટલાં માટે તેમના અવલોકનની સૂચના સાથે જ હું આ વિષય અહીં પૂરો કરું છું.

**આચાર્ય તુલસી**

# શ્લોક-વિષયાનુક્રમ


પહેલું અધ્યયન : વિનયશ્રુત (વિનયનું વિધાન, પ્રકાર અને મહત્ત્વ) પૃ. ૧-૪૧

| | | |
|---|---|---|
| શ્લોક | ૧ | વિનય-પ્રરૂપણની પ્રતિજ્ઞા. |
| | ૨ | વિનીતની પરિભાષા. |
| | ૩ | અવિનીતની પરિભાષા. |
| | ૪ | અવિનીતનું ગણમાંથી નિષ્કાસન. |
| | ૫ | અજ્ઞાની ભિક્ષુનું સૂવરની જેમ આચરણ. |
| | ૬ | વિનયનો ઉપદેશ. |
| | ૭ | વિનયનું પરિણામ. |
| | ૮ | ભિક્ષુનું આચાર્ય પાસે વિનય અને મૌન-ભાવપૂર્વક સાર્થક પદોનું અધ્યયન. |
| | ૯ | ક્ષમાની આરાધના અને ક્ષુદ્ર વ્યક્તિઓ સાથે સંસર્ગ-ત્યાગ. |
| | ૧૦ | ચંડાલોચિત કર્મનો નિષેધ. |
| | | વધારે બોલવાનો નિષેધ. |
| | | સ્વાધ્યાય અને ધ્યાનનું વિધાન. |
| | ૧૧ | ઋજુતા તથા ભૂલની સ્વીકૃતિ. |
| | ૧૨ | અવિનીત અને વિનીત ઘોડા સાથે શિષ્યના આચરણની તુલના. |
| | ૧૩ | અવિનીત શિષ્ય દ્વારા કોમળ પ્રકૃતિવાળા આચાર્યને પણ ક્રોધી બનાવી દેવા. |
| | | વિનીત શિષ્ય દ્વારા પ્રચંડ પ્રકૃતિવાળા આચાર્યને પણ પ્રસન્ન રાખવા. |
| | ૧૪ | બોલવાનો વિવેક. |
| | ૧૫,૧૬ | સંયમ અને તપ દ્વારા આત્મ-દમન. |
| | ૧૭ | આચાર્યના પ્રતિકૂળ વર્તનનો ત્યાગ. |
| | ૧૮,૧૯ | આચાર્ય પ્રતિ વિનય-પદ્ધતિનું નિરૂપણ. |
| | ૨૦-૨૨ | આચાર્ય દ્વારા આમંત્રિત શિષ્યના આચરણનું નિરૂપણ. |
| | ૨૩ | વિનીત શિષ્યને જ સૂત્ર, અર્થ અને તદુભય દેવાનું વિધાન. |
| | ૨૪,૨૫ | ભાષા-દોષોના ત્યાગનો ઉપદેશ. |
| | ૨૬ | એકલી સ્ત્રી સાથે આલાપ-સંલાપનો નિષેધ. |
| | ૨૭ | અનુશાસનનો સ્વીકાર. |
| | ૨૮,૨૯ | પ્રજ્ઞાવાન મુનિ માટે અનુશાસન હિતનું કારણ. |
| | | અસાધુ, અજ્ઞાની માટે અનુશાસન દ્વેષનું કારણ. |
| | ૩૦ | ગુરુ સમક્ષ બેસવાની વિધિ. |
| | ૩૧ | યથાસમય કાર્ય કરવાનો નિર્દેશ. |
| | ૩૨-૩૪ | આહાર સંબંધી વિધિ-નિષેધ. |
| | ૩૫ | આહારનું સ્થાન અને વિધિ. |
| | ૩૬ | સાવદ્ય-ભાષાનો નિષેધ. |
| | ૩૭ | વિનીત અને અવિનીત શિષ્યની ઉત્તમ અને દુષ્ટ ઘોડા સાથે તુલના. |
| | ૩૮ | પાપ-દૃષ્ટિ મુનિ દ્વારા અનુશાસનની અવહેલના. |

૩૯ અનુશાસન પ્રતિ દૃષ્ટિ-ભેદ.
૪૦ ન આચાર્યને કે ન સ્વયંને કુપિત કરવાનો ઉપદેશ.
૪૧ કુપિત આચાર્યને પ્રસન્ન કરવાનો ઉપક્રમ.
૪૨ વ્યવહાર-ધર્મનું પાલન કરનાર મુનિની સર્વત્ર પ્રશંસા.
૪૩ આચાર્યના મનોનુકૂળ વર્તનનો ઉપદેશ.
૪૪ વિનીત દ્વારા આદેશાનુસાર કાર્ય-સંપન્નતા.
૪૫ વિનીતની કીર્તિ અને આધારભૂતતા.
૪૬ વિનયથી પૂજ્ય આચાર્યની કૃપા અને શ્રુત-જ્ઞાનનો લાભ.
૪૭ વિનીતની સર્વ-ગુણ-સંપન્નતા.
૪૮ વિનયી માટે મોક્ષની સુલભતાનું પ્રતિપાદન.

**બીજું અધ્યયન : પરીષહ-પ્રવિભક્તિ (શ્રમણ-ચર્યામાં થનાર પરીષહોનું પ્રરૂપણ)** **પૃ. ૪૩-૯૫**

સૂત્ર ૧-૩ પરીષહ-નિરૂપણનો ઉપક્રમ અને પરીષહોના નામ-નિર્દેશ.

| | | | | |
|---|---|---|---|---|
| શ્લોક | ૧ | પરીષહ-નિરૂપણની પ્રતિજ્ઞા. | ૨૪,૨૫ | આક્રોશ-પરીષહ. |
| | ૨,૩ | ક્ષુધા-પરીષહ. | ૨૬,૨૭ | વધ-પરીષહ. |
| | ૪,૫ | પિપાસા-પરીષહ. | ૨૮,૨૯ | યાચના-પરીષહ. |
| | ૬,૭ | શીત-પરીષહ. | ૩૦,૩૧ | અલાભ-પરીષહ. |
| | ૮,૯ | ઉષ્ણ-પરીષહ. | ૩૨,૩૩ | રોગ-પરીષહ. |
| | ૧૦,૧૧ | દંશમશક-પરીષહ. | ૩૪,૩૫ | તૃણ-સ્પર્શ-પરીષહ. |
| | ૧૨,૧૩ | અચેલ-પરીષહ. | ૩૬,૩૭ | જલ્લ-પરીષહ. |
| | ૧૪,૧૫ | અરતિ-પરીષહ. | ૩૮,૩૯ | સત્કાર-પુરસ્કાર-પરીષહ. |
| | ૧૬,૧૭ | સ્ત્રી-પરીષહ. | ૪૦,૪૧ | પ્રજ્ઞા-પરીષહ. |
| | ૧૮,૧૯ | ચર્યા-પરીષહ. | ૪૨,૪૩ | અજ્ઞાન-પરીષહ. |
| | ૨૦,૨૧ | નિષીધિકા-પરીષહ. | ૪૪,૪૫ | દર્શન-પરીષહ. |
| | ૨૨,૨૩ | શય્યા-પરીષહ. | ૪૬ | પરીષહો સમભાવથી સહન કરવાનો ઉપદેશ |

**ત્રીજું અધ્યયન : ચતુરંગીય (ચાર દુર્લભ અંગોનું આખ્યાન)** **પૃ. ૯૭-૧૨૨**

૧ દુર્લભ અંગોનો નામ-નિર્દેશ.
૨-૭ મનુષ્યત્વ-પ્રાપ્તિની દુર્લભતા.
૮ ધર્મ-શ્રવણની દુર્લભતા.
૯ શ્રદ્ધાની દુર્લભતા.
૧૦ વીર્યની દુર્લભતા.
૧૧ દુર્લભ અંગોની પ્રાપ્તિથી કર્મ-મુક્ત થવાની સંભાવના.
૧૨ ધર્મ-સ્થિતિનો આધાર.
૧૩ કર્મ-હેતુઓ દૂર કરવાથી ઊર્ધ્વ દિશાની પ્રાપ્તિ.

૧૪-૧૯ શીલની આરાધનાથી દેવલોકોની પ્રાપ્તિ. ત્યાંથી ચ્યુત થઈને ઉચ્ચ કે સમૃદ્ધ કુળોમાં જન્મ અને ફરી વિશુદ્ધ બોધિનો લાભ.

૨૦ દુર્લભ અંગોના સ્વીકારથી સર્વ કર્માંશ-મુક્તિ.

**ચોથું અધ્યયન : અસંસ્કૃત (જીવન પ્રત્યે સાચા દૃષ્ટિકોણનું પ્રતિપાદન)** પૃ. ૧૨૩-૧૪૪

૧ જીવનની અસંસ્કૃતતા અને અપ્રમાદનો ઉપદેશ.

૨ પાપ-કર્મથી ધનોપાર્જનનાં અનિષ્ટ પરિણામો.

૩ કૃત કર્મોનું અવશ્યંભાવી પરિણામ.

૪ કર્મોની ફળ-પ્રાપ્તિમાં બીજાની અસમર્થતા.

૫ ધનની અત્રાણતા અને તેના વ્યામોહથી દિગ્મૂઢતા.

૬ ભારંડ પક્ષીના ઉપમાનથી ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરવાનો ઉપદેશ

૭ ગુણોપલબ્ધિ સુધી શરીર-પોષણનું વિધાન, પછી અનશનનો ઉપદેશ.

૮ છન્દ-નિરોધથી મોક્ષની સંભાવના.

૯ શાશ્વત-વાદનું નિરસન.

૧૦ વિવેક-જાગરણ માટે એક ક્ષણ પણ ન ગુમાવવાનું આહ્વાન.

૧૧,૧૨ શ્રમણ માટે અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહોને સમભાવથી સહન કરવાનો નિર્દેશ.

૧૩ જીવનને શાશ્વત માનનારાઓનું નિરસન અને શરીર-ભેદ સુધી ગુણારાધનાનો આદેશ.

**પાંચમું અધ્યયન : અકામમરણીય (મરણના પ્રકાર અને સ્વરૂપ-વિધાન)** પૃ. ૧૪૫-૧૮૦

શ્લોક ૧,૨ અધ્યયનનો ઉપક્રમ અને મરણના પ્રકારોનો નામ-નિર્દેશ.

૩ મરણનું કાળ-નિર્ધારણ.

૪-૭ કામાસક્ત વ્યક્તિ દ્વારા મિથ્યા-ભાષણનો આશ્રય.

૮,૯ કામાસક્તિ હિંસાનો હેતુ. હિંસાથી દોષ-પરંપરાનો વિસ્તાર.

૧૦ કામ-રત વ્યક્તિ દ્વારા શિશુનાગની જેમ બેવડો કર્મ-મળ સંચય.

૧૧-૧૩ રોગાતંક થતાં કર્મના અનિષ્ટ પરિણામોની આશંકાથી ભય-યુક્ત અનુતાપ.

૧૪-૧૬ વિષમ માર્ગમાં પડેલા ગાડીવાનની જેમ ધર્મ-ચ્યુત વ્યક્તિ દ્વારા શોકાનુભૂતિ અને પરલોક-ભયથી સંત્રસ્ત અવસ્થામાં અકામ-મૃત્યુ.

૧૭ અકામ-મરણનો ઉપસંહાર અને સકામ-મરણનો આરંભ.

૧૮ સંયમી પુરુષોનું પ્રસાદ-યુક્ત અને આઘાત-રહિત મરણ.

૧૯ સકામ-મરણની દુર્લભતા.

૨૦ સાધુ અને ગૃહસ્થનું તુલનાત્મક વિવેચન.

૨૧ બાહ્યાચારોથી સાધુત્વની રક્ષા અસંભવ.

૨૨ દુઃશીલ અને શીલના નિશ્ચિત પરિણામો.

૨૩ શ્રાવક-આચારનો નિર્દેશ.

૨૪ સુવ્રતી મનુષ્યની સુગતિ-પ્રાપ્તિ.

૨૫-૨૮ સંવૃત-ભિક્ષુનું અપવર્ગ કે સ્વર્ગ-ગમન. દેવતાઓની સમૃદ્ધિ અને સંપદાનું વર્ણન. દેવ-આવાસોની પ્રાપ્તિમાં ઉપશમ અને સંયમની પ્રધાનતા.

૨૯,૩૦ બહુશ્રુત મુનિનો મરણકાળમાં સમભાવ તથા ઉદ્વિગ્ન ન થવાનો ઉપદેશ.
૩૧ સંલેખનામાં શરીર-ભેદની આકાંક્ષા.
૩૨ સકામ-મરણના પ્રકારોમાંથી કોઈ એકના સ્વીકારનો ઉપદેશ.

**છઠ્ઠું અધ્યયન : ક્ષુલ્લકનિર્ગ્રન્થીય (ગ્રન્થ-ત્યાગનું સંક્ષિપ્ત નિરૂપણ)** પૃ. ૧૮૧-૧૯૮

શ્લોક ૧ અવિદ્યા—ભવ-ભ્રમણનો હેતુ.
૨ સત્યની ગવેષણા અને જીવો પ્રતિ મૈત્રીનો ઉપદેશ.
૩ કૃત-કર્મોના વિપાક સમયે સ્વજન-પરિજનોની અસમર્થતા.
૪ સમ્યગ્-દર્શનવાળા પુરુષ દ્વારા આંતરિક પરિગ્રહનો ત્યાગ.
૫ બાહ્ય પરિગ્રહ-ત્યાગથી કામ-રૂપતાની પ્રાપ્તિ.
૬ અહિંસાના વિચારનો વ્યાવહારિક આધાર.
૭ પરિગ્રહનો નિષેધ અને પ્રદત્ત ભોજનનું ગ્રહણ.
૮,૯ ક્રિયા-રહિત જ્ઞાનથી દુઃખ-મુક્તિ માનનારાઓનું નિરસન.
૧૦ ભાષા અને અનુશાસનની રક્ષણ આપવામાં અસમર્થતા.
૧૧ આસક્તિ છે દુઃખોત્પત્તિનું કારણ.
૧૨ બધી દિશાઓ જોઈને અપ્રમાદનો ઉપદેશ.
૧૩ બાહ્યની અનાશંસા અને દેહ-ધારણનો ઉદ્દેશ્ય.
૧૪ કર્મ-હેતુઓ પર વિચાર. મિત અને નિર્દોષ અન્ન-પાણીનું ગ્રહણ.
૧૫ અસંગ્રહનું વિધાન.
૧૬ અનિયત વિહાર કરતાં પિંડપાતની ગવેષણા.
૧૭ ઉપસંહાર.

**સાતમું અધ્યયન : ઉરભ્રીય (ઉરભ્ર, કાકિણી, આમ્રફલ, વ્યવહાર અને સાગર—પાંચ ઉદાહરણો)** પૃ. ૧૯૯-૨૨૧

શ્લોક ૧-૧૦ ઉરભ્ર દૃષ્ટાંતથી વિષય-ભોગોના કટુ વિપાકનું દર્શન.
૧૧-૧૩ કાકિણી અને આમ્રફલ દૃષ્ટાંતથી દેવ-ભોગોની સામે માનવીય-ભોગોની તુચ્છતાનું દર્શન.
૧૪-૨૨ વ્યવહાર (વ્યવસાય) દૃષ્ટાંતથી આય-વ્યયના વિષયમાં કુશળતાનું દર્શન.
૨૩,૨૪ સાગર દૃષ્ટાંતથી આય-વ્યયની તુલનાનું દર્શન.
૨૫ કામ-ભોગોની અનિવૃત્તિથી આત્મ-પ્રયોજનનો નાશ.
૨૬,૨૭ કામ-ભોગોની નિવૃત્તિથી દેવત્વ અને અનુત્તર સુખવાળા મનુષ્ય કુળોની પ્રાપ્તિ.
૨૮ બાલ જીવોનું નરક-ગમન.
૨૯ ધીર-પુરુષનું દેવ-ગમન.
૩૦ બાલ અને અબાલ-ભાવની તુલના અને પંડિત મુનિ દ્વારા અબાલ-ભાવનું સેવન.

**આઠમું અધ્યયન : કાપિલીય (સંસારની અસારતા અને ગ્રંથિ-ત્યાગ)** પૃ. ૨૨૩-૨૪૪

શ્લોક ૧ દુઃખ-બહુલ સંસારથી છૂટવાની જિજ્ઞાસા.
૨ સ્નેહ-ત્યાગથી દોષ-મુક્તિ.
૩ કપિલ મુનિ દ્વારા પાંચસો ચોરોને ઉપદેશ.

| | |
|---|---|
| ૪ | ગ્રંથિ-ત્યાગનો ઉપદેશ. |
| ૫ | આસક્ત મનુષ્યની કર્મ-બદ્ધતા. |
| ૬ | સુવ્રતી દ્વારા સંસાર-સમુદ્રનો પાર. |
| ૭,૮ | કુતીર્થિકોની અજ્ઞતાનું નિરસન. |
| ૯,૧૦ | અહિંસાનો વિવેક. |
| ૧૧,૧૨ | સંયમ-નિર્વાહ માટે ભોજનની એષણા. |
| ૧૩ | સ્વપ્ન-શાસ્ત્ર, લક્ષણ-શાસ્ત્ર અને અંગ-વિદ્યાના પ્રયોગનો નિષેધ. |
| ૧૪,૧૫ | સમાધિ-ભ્રષ્ટ વ્યક્તિનું સંસાર-ભ્રમણ અને બોધિ-દુર્લભતા. |
| ૧૬,૧૭ | તૃષ્ણાની દુષ્પૂરતા. |
| ૧૮,૧૯ | સ્ત્રી-સંગનો ત્યાગ. |
| ૨૦ | ઉપસંહાર. |

નવમું અધ્યયન : નમિપ્રવ્રજ્યા (ઇન્દ્ર અને નમિ રાજર્ષિનો સંવાદ) પૃ. ૨૪૪-૨૭૬

| | |
|---|---|
| શ્લોક ૧ | નમિનો જન્મ અને પૂર્વ જન્મની સ્મૃતિ. |
| ૨ | ધર્મની આરાધના માટે અભિનિષ્ક્રમણ. |
| ૩,૪ | પ્રવર ભોગોનો ત્યાગ અને એકાંતવાસનો સ્વીકાર. |
| ૫ | નમિના અભિનિષ્ક્રમણથી મિથિલામાં કોલાહલ. |
| ૬ | દેવેન્દ્ર દ્વારા બ્રાહ્મણ રૂપમાં આવીને નમિને પ્રશ્ન. |
| ૭-૧૦ | મિથિલામાં થઈ રહેલા કોલાહલ પ્રતિ દેવેન્દ્રની જિજ્ઞાસા. નમિ રાજર્ષિ દ્વારા આશ્રય-હીન થયેલાં પક્ષીઓ સાથે મિથિલાવાસીઓની તુલના. |
| ૧૧-૧૬ | દેવેન્દ્ર દ્વારા સળગી રહેલા અન્તઃપુર તરફ ધ્યાન આકૃષ્ટ કરવાનો પ્રયત્ન. નમિ રાજર્ષિનો ઉદાસીન-ભાવ. |
| ૧૭-૨૨ | દેવેન્દ્ર દ્વારા નગર-સુરક્ષા પ્રતિ કર્તવ્ય-બોધ. નમિ રાજર્ષિ દ્વારા આત્મ-નગરની સુરક્ષાપૂર્વક મુક્તિ-બોધ |
| ૨૩-૨૬ | દેવેન્દ્ર દ્વારા મહેલ, વર્ધમાન-ગૃહ વગેરે બનાવવાની પ્રેરણા. નમિ રાજર્ષિ દ્વારા માર્ગમાં બનાવેલા ઘર પ્રતિ સંદેહશીલતા અને શાશ્વત ઘર તરફ સંકેત. |
| ૨૭-૩૦ | દેવેન્દ્ર દ્વારા નગરમાં ન્યાય અને શાંતિ-સ્થાપનનો અનુરોધ. રાજર્ષિ દ્વારા જગતમાં થનાર અન્યાય-પોષણનો ઉલ્લેખ. |
| ૩૧-૩૬ | દેવેન્દ્ર દ્વારા સ્વતંત્ર રાજાઓને જીતીને મુનિ બનવાનો અનુરોધ. રાજર્ષિ દ્વારા આત્મ-વિજય જ પરમ વિજય છે, એટલા માટે પોતાના આત્મા સાથે યુદ્ધ કરવાનો ઉપદેશ. |
| ૩૭-૪૦ | દેવેન્દ્ર દ્વારા યજ્ઞ, દાન અને ભોગની પ્રેરણા. રાજર્ષિ દ્વારા દાન દેનાર માટે પણ સંયમની શ્રેયસ્કરતાનું પ્રતિપાદન. |
| ૪૧-૪૪ | દેવેન્દ્ર દ્વારા ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ તપની પ્રેરણા. રાજર્ષિ દ્વારા સમ્યક્-ચારિત્ર સમ્પન્ન મુનિ-ચર્યાનું મહત્ત્વખ્યાપન. |
| ૪૫-૪૯ | દેવેન્દ્ર દ્વારા પરિગ્રહના સંગ્રહનો ઉપદેશ. રાજર્ષિ દ્વારા આકાશ સમાન ઇચ્છાની અનંતતાનું પ્રતિપાદન અને પદાર્થોથી ઇચ્છા-પૂર્તિની અસંભવિતતાનું નિરૂપણ. |

| | |
|---|---|
| ૫૦-૫૪ | દેવેન્દ્ર દ્વારા પ્રાપ્ત ભોગોના ત્યાગ અને અપ્રાપ્ત ભોગોની અભિલાષાથી ઉત્પન્ન વિરોધનું પ્રતિપાદન. રાજર્ષિ દ્વારા કામ-ભોગોની ભયંકરતા અને તેમનાં અનિષ્ટ પરિણામોનું ખ્યાપન. |
| ૫૫-૫૯ | દેવેન્દ્રનું પોતાના મૂળ રૂપમાં પ્રકટીકરણ. રાજર્ષિની હૃદયગ્રાહી સ્તુતિ અને વંદન. |
| ૬૦ | ઇન્દ્રનું આકાશ-ગમન. |
| ૬૧ | રાજર્ષિની શ્રામણ્યમાં ઉપસ્થિતિ. |
| ૬૨ | સંબુદ્ધ લોકો દ્વારા તે જ પથનો સ્વીકાર. |

**દસમું અધ્યયન : દ્રુમપત્રક (જીવનની અસ્થિરતા અને આત્મ-બોધ)** પૃ. ૨૭૭-૨૯૪

| | |
|---|---|
| શ્લોક ૧,૨ | જીવનની અસ્થિરતા અને અપ્રમાદનો ઉદ્‌બોધ. |
| ૩ | આયુષ્યની ક્ષણભંગુરતા. |
| ૪ | મનુષ્ય-ભવની દુર્લભતા. |
| ૫-૯ | સ્થાવર-કાયમાં ઉત્પન્ન જીવની ઉત્કૃષ્ટ સ્થિતિ. |
| ૧૦-૧૪ | ત્રસ-કાયમાં ઉત્પન્ન જીવની ઉત્કૃષ્ટ સ્થિતિ. |
| ૧૫ | પ્રમાદ-બહુલ જીવનું જન્મ-મૃત્યુમય સંસારમાં પરિભ્રમણ. |
| ૧૬ | મનુષ્ય-ભવ મળવા છતાં પણ આર્ય-દેશની દુર્લભતા. |
| ૧૭ | આર્ય-દેશ મળવા છતાં પણ પૂર્ણ પાંચ ઇન્દ્રિયોની દુર્લભતા. |
| ૧૮ | ઉત્તમ ધર્મના શ્રવણના દુર્લભતા. |
| ૧૯ | શ્રદ્ધાની દુર્લભતા. |
| ૨૦ | આચરણની દુર્લભતા. |
| ૨૧-૨૬ | ઇંદ્રિય-બળની ઉત્તરોત્તર ક્ષીણતા. |
| ૨૭ | અનેક શીઘ્ર-ઘાતી રોગોનો શરીરને સ્પર્શ. |
| ૨૮ | સ્નેહાપનયનની પ્રક્રિયા. |
| ૨૯,૩૦ | વાન્ત-ભોગોનું પુનઃસેવન ન કરવાનો ઉપદેશ. |
| ૩૧,૩૨ | પ્રાપ્ત વિશાળ ન્યાય-પથ પર અપ્રમાદપૂર્વક આગળ વધવાની પ્રેરણા. |
| ૩૩ | વિષમ-માર્ગ પર ન ચાલવાની સૂચના. |
| ૩૪ | કિનારા નજીક પહોંચીને પ્રમાદ ન કરવાનો ઉપદેશ. |
| ૩૫ | ક્ષપક-શ્રેણિથી સિદ્ધિ-લોકની પ્રાપ્તિ. |
| ૩૬ | ઉપશાંત થઈને વિચરણ કરવાનો ઉપદેશ. |
| ૩૭ | ગૌતમની સિદ્ધિ-પ્રાપ્તિ. |

**અગિયારમું અધ્યયન : બહુશ્રુતપૂજા (બહુશ્રુત વ્યક્તિનું મહત્ત્વ-ખ્યાપન)** પૃ. ૨૯૫-૩૧૭

| | |
|---|---|
| શ્લોક ૧ | અધ્યયનનો ઉપક્રમ. |
| ૨ | અબહુશ્રુતની પરિભાષા. |
| ૩ | શિક્ષા-પ્રાપ્ત ન થવાનાં પાંચ કારણ. |
| ૪,૫ | શિક્ષા-શીલનાં આઠ લક્ષણ. |
| ૬-૯ | અવિનીતનાં ચૌદ લક્ષણ. |
| ૧૦-૧૩ | સુવિનીતનાં પંદર લક્ષણ. |

૧૪ શિક્ષા-પ્રાપ્તની અર્હતા.
૧૫ શંખમાં રાખેલા દૂધની જેમ બહુશ્રુતની બંને રીતે શોભા.
૧૬ કન્થક ઘોડાની જેમ ભિક્ષુઓમાં બહુશ્રુતની સર્વશ્રેષ્ઠતા.
૧૭ જાતિમાન અશ્વ પર આરૂઢ યોદ્ધાની જેમ બહુશ્રુતની અજેયતા.
૧૮ સાઠ વર્ષના બળવાન હાથીની જેમ બહુશ્રુતની અપરાજેયતા.
૧૯ પુષ્ટ સ્કન્ધવાળા યૂથાધિપતિ બળદની જેમ બહુશ્રુત આચાર્યની સુશોભનીયતા.
૨૦ યુવાન સિંહની સમાન બહુશ્રુતની સર્વશ્રેષ્ઠતા.
૨૧ વાસુદેવની સમાન બહુશ્રુતની બળવત્તા.
૨૨ ચૌદ રત્નોના અધિપતિ ચક્રવર્તીની સાથે ચૌદ પૂર્વધર બહુશ્રુતની તુલના.
૨૩ દેવાધિપતિ શક્રની સાથે બહુશ્રુતની તુલના.
૨૪ ઊગતા સૂર્યના તેજની સાથે બહુશ્રુતના તેજની તુલના.
૨૫ પરિપૂર્ણ ચંદ્રમાની સાથે બહુશ્રુતની તુલના.
૨૬ સામાજિકોના કોષ્ઠાગાર સમાન બહુશ્રુતની પરિપૂર્ણતા.
૨૭ સુદર્શના નામક જંબૂની સાથે બહુશ્રુતની તુલના.
૨૮ શીતા નદીની જેમ બહુશ્રુતની સર્વશ્રેષ્ઠતા.
૨૯ મંદર પર્વતની જેમ બહુશ્રુતની સર્વશ્રેષ્ઠતા.
૩૦ રત્નોથી પરિપૂર્ણ અક્ષય જળવાળા સ્વયંભૂરમણ સમુદ્ર સાથે બહુશ્રુતના અક્ષય જ્ઞાનની તુલના.
૩૧ બહુશ્રુત મુનિઓનું મોક્ષ-ગમન.
૩૨ શ્રુતના આશ્રયનો ઉપદેશ.

**બારમું અધ્યયન : હરિકેશીય (જાતિની અતાત્ત્વિકતાનો સંબોધ)** **પૃ. ૩૧૯-૩૪૨**

શ્લોક ૧,૨ હરિકેશબલ મુનિનો પરિચય.
૩ મુનિનું ભિક્ષા માટે યજ્ઞ-મંડપમાં ગમન.
૪-૬ મલિન મુનિને જોઈને બ્રાહ્મણોનું હસવું અને મુનિના વેશ અને શરીર વિશે પરસ્પર વ્યંગાત્મક સંલાપ.
૭ મુનિને અપમાનજનક શબ્દો વડે પાછા ચાલ્યા જવાની પ્રેરણા.
૮ યક્ષનો મુનિના શરીરમાં પ્રવેશ.
૯,૧૦ યક્ષ દ્વારા મુનિનો પરિચય અને આગમનનું ઉદ્દેશ્ય-કથન.
૧૧ સોમદેવ બ્રાહ્મણ દ્વારા ભોજન ન દેવાનો ઉત્તર.
૧૨-૧૭ યક્ષ અને સોમદેવ વચ્ચે દાનના અધિકારી વિશે ચર્ચા.
૧૮ સોમદેવ દ્વારા મુનિને મારી-ઝૂડીને બહાર કાઢવાનો આદેશ.
૧૯ કુમારો દ્વારા મુનિ પર પ્રહાર.
૨૦-૨૩ ભદ્રા દ્વારા કુમારોને સમજાવવાનો પ્રયત્ન. ઋષિનો વાસ્તવિક પરિચય અને અવહેલનાથી થનાર અનિષ્ટ તરફ સંકેત.
૨૪ યક્ષ દ્વારા કુમારોને ભૂમિ પર પાડવાં.
૨૫ યક્ષ દ્વારા કુમારો પર ભયંકર પ્રહાર. ભદ્રાનું પુનઃ કુમારોને સમજાવવું.
૨૬-૨૮ ભિક્ષુનું અપમાન કરવાથી થનાર અનિષ્ટ પરિણામો તરફ સંકેત.

| | | |
|---|---|---|
| | ૨૯ | છાત્રોની દુર્દશા. |
| | ૩૦,૩૧ | સોમદેવને મુનિનું નમ્ર નિવેદન. |
| | ૩૨ | મુનિ દ્વારા સ્પષ્ટીકરણ. |
| | ૩૩-૩૫ | સોમદેવનું પુનઃ ક્ષમા આપવાનું નિવેદન. ભિક્ષા-ગ્રહણ કરવાનો આગ્રહ. મુનિ દ્વારા ભિક્ષા-સ્વીકાર. |
| | ૩૬ | દેવો દ્વારા દિવ્ય વૃષ્ટિ અને દિવ્ય ઘોષ. |
| | ૩૭ | તપની મહત્તાનું પ્રતિપાદન, જાતિની મહત્તાનું નિરસન. |
| | ૩૮,૩૯ | અગ્નિનો સમારંભ અને જલનો સ્પર્શ પાપ-બંધના હેતુ. |
| | ૪૦ | સોમદેવ દ્વારા યજ્ઞ વિશે જિજ્ઞાસા. |
| | ૪૧,૪૨ | મુનિ દ્વારા વાસ્તવિક યજ્ઞનું નિરૂપણ. |
| | ૪૩ | સોમદેવ દ્વારા જ્યોતિ અને તેની સામગ્રી વિશે જિજ્ઞાસા. |
| | ૪૪ | મુનિ દ્વારા આત્મ-પરક જ્યોતિનું વિશ્લેષણ. |
| | ૪૫ | સોમદેવ દ્વારા તીર્થ વિશે જિજ્ઞાસા. |
| | ૪૬,૪૭ | મુનિ દ્વારા તીર્થનું નિરૂપણ. |

**તેરમું અધ્યયન : ચિત્ર-સંભૂતીય (ચિત્ર અને સંભૂતિનો સંવાદ)** ૩૪૩-૩૬૨

| | | |
|---|---|---|
| શ્લોક | ૧,૨ | સંભૂતિનો બ્રહ્મદત્ત ચક્રવર્તીના રૂપમાં કામ્પિલ્યમાં અને ચિત્રનો પૂરિમતાલમાં શ્રેષ્ઠિ-કુળમાં જન્મ. |
| | ૩ | ચિત્ર અને સંભૂતિનું મિલન અને સુખ-દુઃખના વિપાકની વાત. |
| | ૪-૭ | બ્રહ્મદત્ત દ્વારા પૂર્વ ભવોનું વર્ણન. |
| | ૮ | મુનિ દ્વારા પૂર્વ જન્મમાં કૃત નિદાનની યાદ અપાવવી. |
| | ૯ | ચક્રવર્તી દ્વારા પૂર્વ કૃત શુભ અનુષ્ઠાનોથી પ્રાપ્ત સુખ-ભોગોનું વર્ણન. મુનિને સુખ વિશે પ્રશ્ન. |
| | ૧૦-૧૨ | મુનિ દ્વારા કૃત કર્મોને ભોગવવાની અનિવાર્યતા.<br>પોતાની ચક્રવર્તી-સમ સમૃદ્ધિનો ઉલ્લેખ.<br>સ્થવિરોની ગાથાથી શ્રામણ્ય-સ્વીકાર. |
| | ૧૩,૧૪ | ચક્રવર્તી દ્વારા પ્રચુર ધન-સંપદા અને સ્ત્રી-પરિવૃત થઈને ભોગ ભોગવવાનો આગ્રહ. પ્રવ્રજ્યાની કષ્ટમયતા |
| | ૧૫ | મુનિનો ચક્રવર્તીને વૈરાગ્ય-ઉપદેશ. |
| | ૧૬ | કામ-રાગની દુઃખકારિતા. |
| | ૧૭ | કામ-ગુણ-રતની અપેક્ષાએ વિરક્તને અધિક સુખ. |
| | ૧૮ | ચાંડાલ-જાતિમાં ઉત્પત્તિ અને લોકોનો વિદ્વેષ. |
| | ૧૯ | વર્તમાન ઉચ્ચતા પૂર્વ સંચિત શુભ કર્મોનું ફળ. |
| | ૨૦ | અશાશ્વત ભોગો છોડવાનો ઉપદેશ. |
| | ૨૧ | શુભ અનુષ્ઠાનોના અભાવમાં ભવિષ્યમાં પશ્ચાત્તાપ. |
| | ૨૨ | અંત-કાળમાં મૃત્યુ દ્વારા હરણ. માતા-પિતાની અસહાયતા. |
| | ૨૩ | કર્મ દ્વારા કર્તાનું અનુગમન. |
| | ૨૪ | માત્ર કર્મો સાથે આત્માનું પરભવ-ગમન. |
| | ૨૫ | શરીરને સળગાવીને સગા-સંબંધીઓ દ્વારા બીજા દાતાનું અનુસરણ. |

૨૬ જીવનની ક્ષણભંગુરતા. ઘડપણ દ્વારા કાંતિનું અપહરણ. કર્મ-અર્જન ન કરવાનો ઉપદેશ.

૨૭-૩૦ ચક્રવર્તી દ્વારા પોતાની દુર્બળતાનો સ્વીકાર.
સનત્કુમારને જોઈને નિદાન કરવાનો ઉલ્લેખ.
પ્રાયશ્ચિત્ત ન કરી શકવાને કારણ કાદવમાં ફસાયેલા હાથીની જેમ ધર્માનુસરણ કરવામાં અસમર્થતા અને કામ-મૂર્ચ્છા.

૩૧ જીવનની અસ્થિરતા. ભોગો દ્વારા મનુષ્યનો ત્યાગ.

૩૨ આર્ય-કર્મ કરવાનો ઉપદેશ.

૩૩ રાજાની ભોગ છોડવામાં અસમર્થતા અને મુનિનું ત્યાંથી ગમન.

૩૪ ચક્રવર્તીનું નરક-ગમન.

૩૫ ચિત્રની અનુત્તર સિદ્ધિ-પ્રાપ્તિ.

**ચૌદમું અધ્યયન : ઈષુકારીય (બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિનું ભેદ-દર્શન)** પૃ. ૩૬૩-૩૮૯

શ્લોક ૧-૩ અધ્યયનનો ઉપક્રમ અને નિષ્કર્ષ.

૪,૫ પુરોહિત-કુમારો દ્વારા નિર્ગ્રંથોને જોવા. પૂર્વ-જન્મની સ્મૃતિ અને કામ-ગુણોથી વિરક્તિ.

૬ ધર્મ-શ્રદ્ધાથી પ્રેરિત થઈને પિતા પાસે નિવેદન.

૭ જીવનની અનિત્યતા. મુનિ-ચર્યા માટે અનુમતિ.

૮ પિતા દ્વારા સમજાવવાનો પ્રયાસ. અપુત્રની ગતિ નહિ.

૯ વેદાધ્યયન, બ્રાહ્મણોને દાન અને પુત્રોત્પત્તિ પછી મુનિ બનવાની સલાહ.

૧૦,૧૧ કુમારોનો પુરોહિતને ઉત્તર.

૧૨ વેદાધ્યયન, બ્રાહ્મણ-ભોજન અને ઔરસ પુત્રની અત્રાણતા.

૧૩ કામ-ભોગો દ્વારા ક્ષણભર સુખ તથા ચિરકાળ સુધી દુઃખની પ્રાપ્તિ.

૧૪,૧૫ કામના – જન્મ અને મૃત્યુનો હેતુ.

૧૬ પ્રચુર ધન અને સ્ત્રીની સુલભતા હોવા છતાં શ્રમણ બનવાની ઉત્કંઠાના માટે પિતાનો પ્રશ્ન.

૧૭ ધર્મ-ધુરામાં ધન અને વિષયોનું નિષ્પ્રયોજન.

૧૮ પિતા દ્વારા શરીર-નાશની સાથે જીવ-નાશનું પ્રતિપાદન.

૧૯ કુમારો દ્વારા આત્માની અમૂર્તતાનું પ્રતિપાદન. આત્માના આંતરિક દોષ જ સંસાર-બંધનના હેતુ.

૨૦ ધર્મના અણજાણપણામાં પાપનું આચરણ.

૨૧ પીડિત લોકમાં સુખની પ્રાપ્તિ નહિ.

૨૨ લોકની પીડા કઈ ?

૨૩ લોકની પીડા – મૃત્યુ.

૨૪ અધર્મ-રત વ્યક્તિની રાત્રિઓ નિષ્ફળ.

૨૫ ધર્મ-રત વ્યક્તિની રાત્રિઓ સફળ.

૨૬ યૌવન વીત્યે એક સાથે દીક્ષા લેવાની પિતાનું સૂચન.

૨૭ મૃત્યુને વશ કરનાર જ કાલની ઈચ્છા કરવા માટે સમર્થ.

૨૮ આજે જ મુનિ-ધર્મ સ્વીકારવાનો સંકલ્પ.

૨૯,૩૦ પિતાની પણ પુત્રોની સાથે ગૃહ-ત્યાગની ભાવના.
શાખા-રહિત વૃક્ષ, પાંખ વગરનું પક્ષી, સેના-રહિત રાજા અને ધન-રહિત વેપારીની જેમ અસહાય.

| | |
|---|---|
| ૩૧ | વાશિષ્ઠી દ્વારા પ્રાપ્ત ભોગોને ભોગવ્યા પછી મોક્ષ-પથના સ્વીકારનું સૂચન. |
| ૩૨ | પુરોહિત દ્વારા ભોગની અસારતાનું કથન. મુનિ-ધર્મનાં આચરણનો સંકલ્પ. |
| ૩૩ | ભોગ ન ભોગવવાથી પછી પશ્ચાત્તાપ. |
| ૩૪ | પુત્રોનું અનુગમન કેમ નહિ ? |
| ૩૫ | રોહિત મત્સ્યની જેમ ધીર પુરુષ જ સંસાર-જાળને કાપવા સમર્થ. |
| ૩૬ | વાશિષ્ઠીની પણ પુત્ર અને પતિના અનુગમનની ઈચ્છા. |
| ૩૭,૩૮ | પુરોહિત-પરિવારની પ્રવ્રજ્યા પછી રાજા દ્વારા ધન-સામગ્રી લેવાની ઈચ્છા. રાણી કમલાવતી તરફથી ફિટકાર. |
| ૩૯ | આખું જગત પણ ઈચ્છાપૂર્તિને માટે અસમર્થ. |
| ૪૦ | પદાર્થ-જગતની અત્રાણતા. ધર્મની ત્રાણતા. |
| ૪૧ | રાણી દ્વારા સ્નેહ-જાળને તોડીને મુનિ-ધર્મનાં આચરણની ઈચ્છા. |
| ૪૨,૪૩ | રાગ-દ્વેષ યુક્ત પ્રાણીઓની સંસારમાં મૂઢતા. |
| ૪૪ | વિવેકી પુરુષો દ્વારા અપ્રતિબદ્ધ વિહાર. |
| ૪૫ | રાણી દ્વારા રાજાને ભૃગુ પુરોહિતની જેવા બનવાની પ્રેરણા. |
| ૪૬ | નિરામિષ બનવાનો સંકલ્પ. |
| ૪૭ | કામ-ભોગોથી સશંક રહેવાનો ઉપદેશ. |
| ૪૮ | બંધન-મુક્ત હાથીની જેમ સ્વ-સ્થાનની પ્રાપ્તિનો ઉદ્‌બોધ. |
| ૪૯ | રાજા અને રાણી દ્વારા વિપુલ રાજ્ય અને કામ-ભોગોનો ત્યાગ. |
| ૫૦ | તીર્થઙ્કર દ્વારા ઉપદિષ્ટ માર્ગમાં ઘોર પરાક્રમ. |
| ૫૧ | દુઃખોના અંતની શોધ. |
| ૫૨ | રાજા, રાણી, પુરોહિત, બ્રાહ્મણી, પુરોહિત-કુમારો દ્વારા દુઃખ-વિમુક્તિ. |

**પંદરમું અધ્યયન : સભિક્ષુક (ભિક્ષુનાં લક્ષણોનું નિરૂપણ)** પૃ. ૩૮૭-૪૦૧

| | |
|---|---|
| શ્લોક ૧ | મુનિ-વ્રતનો સંકલ્પ. સ્નેહ-પરિચય-ત્યાગ-તપ વગેરેની વિગતો આપ્યા વિના ભિક્ષાની એષણા. |
| ૨ | રાત્રિ-ભોજન કે રાત્રિ-વિહારનો ત્યાગ. વસ્તુ પ્રતિ અમૂર્છા-ભાવ. |
| ૩ | હર્ષ અને શોકમાં અનાકુળતા. |
| ૪ | પરીષહ-વિજય અને સમભાવની સાધના. |
| ૫ | સત્કાર, પૂજા અને પ્રશંસા પ્રતિ ઉપેક્ષા-ભાવના. |
| ૬ | સ્ત્રી-પુરુષની સંગતિનો ત્યાગ. |
| ૭ | વિદ્યાઓ દ્વારા આજીવિકા મેળવવાનો નિષેધ. |
| ૮ | મંત્ર, મૂળ વગેરે દ્વારા ચિકિત્સાનો નિષેધ. |
| ૯ | ગૃહસ્થોની પ્રશંસાનો નિષેધ. |
| ૧૦ | ઇહલૌકિક ફળ-પ્રાપ્તિ માટે પરિચયનો નિષેધ. |
| ૧૧ | ગૃહસ્થ દ્વારા વસ્તુ ન અપાતાં પ્રદ્વેષનો નિષેધ. |
| ૧૨ | ગૃહસ્થ દ્વારા વસ્તુ અપાતાં આશીર્વાદનો નિષેધ. |
| ૧૩ | નીરસ અન્ન-પાનની નિંદાનો નિષેધ અને સામાન્ય ઘરોમાંથી ભિક્ષા. |
| ૧૪ | અભયની સાધના. |

| | | |
|---|---|---|
| | ૧૫ | આત્મ-તુલ્ય ભાવનાનો વિકાસ. |
| | ૧૬ | શિલ્પ-જીવી ન થવાનો, ઘર, મિત્ર અને પરિગ્રહથી મુક્ત થવાનો, મંદકષાય અને અલ્પાહારભોજી થવાનો ઉપદેશ. |

**સોળમું અધ્યયન : બ્રહ્મચર્ય-સમાધિ-સ્થાન (બ્રહ્મચર્યના દસ સમાધિ-સ્થાનોનું વર્ણન)** પૃ. ૪૦૩-૪૨૧

| | | |
|---|---|---|
| શ્લોક | ૧-૩ | અધ્યયનનો પ્રારંભ અને દસ સમાધિ-સ્થાનોનો નામ-નિર્દેશ. |
| | ૪ | સ્ત્રી-કથા ત્યાગ. |
| | ૫ | સ્ત્રીઓ સાથે એક આસન પર બેસવાનો ત્યાગ. |
| | ૬ | દૃષ્ટિ-સંયમ. |
| | ૭ | સ્ત્રી-શબ્દ સાંભળવા પર સંયમ. |
| | ૮ | પૂર્વકૃત કામ-ક્રીડાની સ્મૃતિનો સંયમ. |
| | ૯ | પ્રણીત આહારનો નિષેધ. |
| | ૧૦ | માત્રાથી વધારે આહારનો નિષેધ. |
| | ૧૧ | વિભૂષા-ત્યાગ. |
| | ૧૨ | શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ-વિજય. |
| શ્લોક | ૧ | એકાંત-વાસ. |
| | ૨ | સ્ત્રી-કથા-ત્યાગ. |
| | ૩ | સ્ત્રી-પરિચય અને વાર્તાલાપનો ત્યાગ. |
| | ૪ | સ્ત્રીનું શરીર, અંગ-પ્રત્યંગોને જોવાના પ્રયત્નનો નિષેધ. |
| | ૫ | સ્ત્રીનાં શબ્દ, ગીત વગેરેના શ્રવણનો ત્યાગ. |
| | ૬ | પૂર્વકૃત ક્રીડા-રતિનો સ્મરણ-ત્યાગ. |
| | ૭ | પ્રણીત ભોજનનો ત્યાગ. |
| | ૮ | પરિમિત ભોજનનું વિધાન. |
| | ૯ | વિભૂષા-ત્યાગ. |
| | ૧૦ | શબ્દ, રૂપ, ગંધ અને સ્પર્શ— કામ-ગુણોનો ત્યાગ. |
| | ૧૧-૧૩ | દસ સ્થાનોના સેવનની તાલપુટ વિષ સાથે તુલના. |
| | ૧૪ | દુર્જય કામ-ભોગ અને બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન કરનાર બધાં સ્થાનોના ત્યાગનો ઉપદેશ. |
| | ૧૫ | ભિક્ષુનું ધર્મ-આરામમાં વિચરણ. |
| | ૧૬ | બ્રહ્મચર્યનું પાલન કરનાર વ્યક્તિ દેવ વગેરે બધા વડે વંદનીય. |
| | ૧૭ | બ્રહ્મચર્યની સાધનાથી સિદ્ધત્વની પ્રાપ્તિ. |

**સત્તરમું અધ્યયન : પાપ-શ્રમણીય (પાપ-શ્રમણના સ્વરૂપનું નિરૂપણ)** પૃ. ૪૨૩-૪૩૫

| | | |
|---|---|---|
| શ્લોક | ૧-૩ | જ્ઞાન-આચારમાં પ્રમાદ. |
| | ૪ | આચાર્ય, ઉપાધ્યાયની અવહેલના. |
| | ૫ | દર્શન-આચારમાં પ્રમાદ. |
| | ૬-૧૪ | ચારિત્ર-આચારમાં પ્રમાદ. |

| | |
|---|---|
| ૧૫,૧૬ | તપ-આચારમાં પ્રમાદ. |
| ૧૭-૧૯ | વીર્ય-આચારમાં પ્રમાદ. |
| ૨૦ | પાપ-શ્રમણની ઈહલોક અને પરલોકમાં વ્યર્થતા. |
| ૨૧ | સુવ્રતી દ્વારા ઈહલોક અને પરલોકની આરાધના. |

**અઢારમું અધ્યયન : સંજયીય (જૈન-શાસનની પરંપરાનું સંકલન)** પૃ. ૪૩૭-૪૬૧

| | |
|---|---|
| શ્લોક ૧-૩ | સંજય રાજાનો પરિચય. શિકાર માટે રાજાનું વન-ગમન. |
| ૪ | કેશર ઉદ્યાનમાં ધ્યાનલીન મુનિની ઉપસ્થિતિ. |
| ૫ | રાજા દ્વારા મુનિ પાસે આવેલા હરણ પર પ્રહાર. |
| ૬ | રાજાનું મુનિ-દર્શન. |
| ૭ | ભય-ભ્રાન્ત મનથી તુચ્છ કાર્ય પર પશ્ચાત્તાપ. |
| ૮-૧૦ | મુનિ પાસે ક્ષમા-પ્રાર્થના. મૌન હોવાના કારણે અધિક ભયાકુળતા. |
| ૧૧ | મુનિનું અભય-દાન. અભય-દાતા બનવાનો ઉપદેશ. |
| ૧૨ | અનિત્ય જીવ-લોકમાં આસક્ત ન થવાનો ઉપદેશ. |
| ૧૩ | જીવનની અસ્થિરતા. |
| ૧૪-૧૬ | સગપણ-સંબંધોની અસારતા. |
| ૧૭ | કર્મ-પરિણામોની નિશ્ચિતતા. |
| ૧૮,૧૯ | રાજાનો સંસાર-ત્યાગ અને જિન-શાસનમાં દીક્ષા. |
| ૨૦,૨૧ | ક્ષત્રિય મુનિ દ્વારા સંજય રાજર્ષિને પ્રશ્ન. |
| ૨૨ | સંજય રાજર્ષિનો પોતાના વિશે ઉત્તર. |
| ૨૩ | ક્ષત્રિય મુનિ દ્વારા એકાંતવાદી વિચારધારાઓનો ઉલ્લેખ. |
| ૨૪-૨૭ | એકાંત દૃષ્ટિકોણ માયાપૂર્ણ, નિરર્થક અને નરકનો હેતુ. |
| ૨૮-૩૨ | ક્ષત્રિય મુનિ દ્વારા આત્મ-પરિચય. |
| ૩૩ | ક્રિયાવાદનું સમર્થન. |
| ૩૪ | ભરત ચક્રવર્તીનો પ્રવ્રજ્યા-સ્વીકાર. |
| ૩૫ | સગર ચક્રવર્તી દ્વારા સંયમ-આરાધના. |
| ૩૬ | મઘવા ચક્રવર્તી દ્વારા સંયમ-આરાધના. |
| ૩૭ | સનત્કુમાર ચક્રવર્તી દ્વારા તપશ્ચરણ. |
| ૩૮ | શાંતિનાથ ચક્રવર્તી દ્વારા અનુત્તર-ગતિ-પ્રાપ્તિ. |
| ૩૯ | કુંથુ નરેશ્વર દ્વારા મોક્ષ-પ્રાપ્તિ. |
| ૪૦ | અર નરેશ્વર દ્વારા કર્મ-રજથી મુક્તિ. |
| ૪૧ | મહાપદ્મ ચક્રવર્તી દ્વારા તપનું આચરણ. |
| ૪૨ | હરિષેણ ચક્રવર્તી દ્વારા અનુત્તર-ગતિ-પ્રાપ્તિ. |
| ૪૩ | જય ચક્રવર્તીનું હજાર રાજાઓ સાથે દમનું આચરણ. |
| ૪૪ | દશાર્ણભદ્રનો મુનિ-ધર્મ સ્વીકાર. |
| ૪૫,૪૬ | કલિંગમાં કરકંડૂ, પાંચાલમાં દ્વિમુખ, વિદેહમાં નમિ અને ગાંધારમાં નગ્ગતિ દ્વારા શ્રમણ-ધર્મમાં પ્રવ્રજ્યા |

૪૭ ઉદ્રાયણ રાજા દ્વારા મુનિ-ધર્મનું આચરણ.
૪૮ કાશીરાજ દ્વારા કર્મ-મહાવનનું ઉન્મૂલન.
૪૯ વિજય રાજાની જિન-શાસનમાં પ્રવ્રજ્યા.
૫૦ રાજર્ષિ મહાબલની મોક્ષ-પ્રાપ્તિ.
૫૧ એકાંત દષ્ટિમય અહેતુવાદોને છોડીને પરાક્રમશાળી રાજાઓ દ્વારા જૈન-શાસનનો સ્વીકાર.
૫૨ જૈન-શાસન દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર.
૫૩ એકાંત દષ્ટિમય અહેતુવાદોનો અસ્વીકાર કરવાથી મોક્ષની પ્રાપ્તિ.

**ઓગણીસમું અધ્યયન : મૃગાપુત્રીય (શ્રમણ-ચર્યાનું સાંગોપાંગ દિગ્દર્શન)** પૃ. ૪૬૩-૪૯૯

શ્લોક ૧-૯ મૃગાપુત્રનો પરિચય. મુનિને જોઈને પૂર્વ-જન્મની સ્મૃતિ.
૧૦ મૃગાપુત્રનું માતા-પિતા સાથે પ્રવ્રજ્યા માટે નિવેદન.
૧૧-૧૪ જીવનની અશાશ્વતતા અને કામ-ભોગોનાં કટુ પરિણામો.
૧૫ જીવનની દુઃખમયતા.
૧૬,૧૭ કિંપાક-ફળની જેમ કામ-ભોગની અનિષ્ટતા.
૧૮,૧૯ લાંબા માર્ગમાં પાથેય-રહિત મનુષ્યની જેમ ધર્મ-રહિત મનુષ્યનું ભવિષ્ય દુઃખકર.
૨૦,૨૧ લાંબા માર્ગમાં પાથેય-સહિત મનુષ્યની જેમ ધર્મ-સહિત મનુષ્યનું ભવિષ્ય સુખકર.
૨૨,૨૩ આગ લાગેલા ઘરમાંથી મૂલ્યવાન વસ્તુની જેમ પોતાની જાતને સંસારમાંથી કાઢી લેવાનું મૃગાપુત્રનું નિવેદન.
૨૪-૩૦ માતા-પિતા દ્વારા શ્રમણ-ધર્મનાં પાંચ મહાવ્રત અને રાત્રિ-ભોજન-ત્યાગનો પરિચય.
૩૧,૩૨ પરીષહોનું વર્ણન.
૩૩ કાપોતી-વૃત્તિ, કેશ-લોચનો ઉલ્લેખ.
૩૪,૩૫ મૃગાપુત્રની સુકોમળતા અને શ્રામણ્યની કઠોરતા.
૩૬ આકાશગંગાના સ્રોત-પ્રતિસ્રોતની જેમ શ્રામણ્યની કઠોરતા.
૩૭ રેતીના કોળિયાની જેમ સંયમની સ્વાદ-હીનતા.
૩૮ લોખંડના જવ ચાવવાની જેવી શ્રામણ્યની કઠોરતા.
૩૯ અગ્નિ-શિખા પીવાની જેવી શ્રમણ-ધર્મની કઠિનતા.
૪૦ સત્ત્વ-હીન વ્યક્તિનું સંયમ માટે અસામર્થ્ય.
૪૧ મેરુ-પર્વતને ત્રાજવાથી તોળવા જેવી સંયમની કઠિનતા.
૪૨ સમુદ્રને ભુજાઓથી તરવા જેવી સંયમ-પાલનની કઠિનતા.
૪૩ વિષયો ભોગવ્યા પછી શ્રમણ-ધર્મના આચરણનું સૂચન.
૪૪ ઐહિક સુખોની જેની તરસ છિપાઈ ગઈ છે તેને માટે સંયમની સુકરતા.
૪૫-૭૪ મૃગાપુત્ર દ્વારા નરકના દારુણ દુઃખોનું વર્ણન. પોતે અનંત વાર તે સહ્યાનો ઉલ્લેખ.
૭૫ માતા-પિતા દ્વારા શ્રામણ્યની સહુથી મોટી કઠોર ચર્યા—નિષ્પ્રતિકર્મતાનો ઉલ્લેખ.
૭૬-૮૫ મૃગાપુત્ર દ્વારા મૃગ-ચારિકા વડે જીવન ગાળવાનો સંકલ્પ.
૮૬,૮૭ મૃગાપુત્રનો પ્રવ્રજ્યા-સ્વીકાર.
૮૮-૯૫ મૃગાપુત્ર દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના અને મોક્ષ-પ્રાપ્તિ.
૯૬ સંબુદ્ધ વ્યક્તિઓ દ્વારા મૃગાપુત્રનું અનુગમન.

૯૭,૯૮ મૃગાપુત્રના આખ્યાનથી પ્રેરણા લેવાનો ઉપદેશ.

**વીસમું અધ્યયન : મહાનિર્ગ્રન્થીય (અનાથતા અને સનાથતા)** **પૃ. ૫૦૧-૫૨૨**

શ્લોક ૧-૮ અધ્યયનનો ઉપક્રમ. શ્રેણિકનું મણ્ડિકુક્ષિ-ઉદ્યાનમાં ગમન. મુનિને જોઈને આશ્ચર્ય અને શ્રામણ્ય-સ્વીકાર વિશે પ્રશ્ન

૯ મુનિ દ્વારા પોતાની અનાથતાનો ઉલ્લેખ.

૧૦,૧૧ રાજા દ્વારા પોતે નાથ થવાનો પ્રસ્તાવ.

૧૨ મુનિ દ્વારા રાજાની અનાથતાનો ઉલ્લેખ.

૧૩-૧૫ રાજા દ્વારા આશ્ચર્યપૂર્વકની વ્યાકુળતા.

૧૬ અનાથતા અને સનાથતા વિશે જિજ્ઞાસા.

૧૭-૩૫ મુનિ દ્વારા પોતાની આત્મ-કથા. પરિવાર દ્વારા ચક્ષુ-વેદના દૂર કરવાની અશક્તિ. ધર્મનું શરણ, રોગોપશમન, અનગાર-વૃત્તિનો સ્વીકાર અને સનાથતા.

૩૬,૩૭ આત્મ-કર્તૃત્વનો ઉપદેશ.

૩૮-૫૦ મુનિ-ધર્મથી વિપરીત આચરણ કરવું— બીજી અનાથતા.

૫૧-૫૩ મેધાવી પુરુષને મહાનિર્ગ્રન્થના માર્ગે ચાલવાની પ્રેરણા.

૫૪-૫૯ અનાથની વ્યાખ્યાથી શ્રેણિકને પરમ સંતોષ. મુનિનું હાર્દિક સ્તવન અને ધર્મમાં અનુરાગ.

૬૦ મુનિનો સ્વતંત્ર ભાવે વિહાર.

**એકવીસમું અધ્યયન : સમુદ્રપાલીય (વધ્યચોરના દર્શનથી સંબોધિ)** **૫૨૩-૫૩૫**

શ્લોક ૧-૬ પાલિતની સમુદ્ર-યાત્રા. સમુદ્રપાલનો જન્મ અને વિદ્યા અધ્યયન

૭ રૂપિણી સાથે વિવાહ

૮-૧૦ વૃદ્ધને જોઈને સંવેગ-પ્રાપ્તિ. કર્મોનાં વિપાકનું ચિંતન અને સાધુત્વ-સ્વીકાર.

૧૧ મુનિને પર્યાય-ધર્મ, વ્રત, શીલ તથા પરીષહોમાં અભિરુચિ રાખવાનો ઉપદેશ

૧૨ પંચ મહાવ્રત અને તેમના આચરણનો ઉપદેશ

૧૩ દયાનુકંપી બનવાનો ઉપદેશ

૧૪ પોતાનાં બળાબળને માપીને કાલોચિત કાર્ય કરતાં કરતાં વિહરણનો ઉપદેશ

૧૫ સમ-ભાવની સાધનાનો ઉપદેશ

૧૬ મનના અભિપ્રાયો પર અનુશાસન તથા ઉપસર્ગો સહન કરવાનો ઉપદેશ

૧૭-૧૯ પરીષહોની ઉપસ્થિતિમાં સમતા-ભાવનો ઉપદેશ

૨૦ પૂજામાં ઉન્નત અને ગર્હામાં અવનત ન થવાનો ઉપદેશ

૨૧ સંયમવાન્ મુનિની પરમાર્થ-પદોમાં સ્થિતિ

૨૨ ઋષિઓ દ્વારા આચીર્ણ સ્થાનોનાં સેવનનો ઉપદેશ

૨૩ અનુત્તર જ્ઞાનધારી મુનિની સૂર્યની જેમ દીપ્તિમત્તા

૨૪ સમુદ્રપાલ મુનિની સંયમમાં નિશ્ચલતાથી અપુનરાગમન-ગતિની પ્રાપ્તિ

**બાવીસમું અધ્યયન : રથનેમીય (પુનરુત્થાન)** **પૃ. ૫૩૭-૫૫૫**

શ્લોક ૧, ૨ વસુદેવ રાજાના પરિવારનો પરિચય

| | |
|---|---|
| ૩, ૪ | સમુદ્રવિજય રાજાના પરિવારનો પરિચય. અરિષ્ટનેમિનો જન્મ |
| ૫, ૬ | અરિષ્ટનેમિનો શરીર-પરિચય અને જાતિ-પરિચય. કેશવ દ્વારા તેમના માટે રાજીમતીની માગણી |
| ૭ | રાજીમતીનો સ્વભાવ-પરિચય |
| ૮ | ઉગ્રસેન દ્વારા કેશવની માગણીનો સ્વીકાર |
| ૯-૧૬ | અરિષ્ટનેમિના વિવાહની શોભા-યાત્રા. વાડ અને પાંજરાઓમાં નિરુદ્ધ પ્રાણીઓ જોઈને સારથિને પ્રશ્ન |
| ૧૭ | સારથિનો ઉત્તર |
| ૧૮, ૧૯ | અરિષ્ટનેમિનું ચિંતન |
| ૨૦ | સારથિને કુંડળ વગેરે આભૂષણોનું દાન |
| ૨૧ | અભિનિષ્ક્રમણની ભાવના અને દેવોનું આગમન |
| ૨૨-૨૭. | શિબિકામાં આરૂઢ થઈને અરિષ્ટનેમિનું રૈવતક પર જવું. કેશ-લુંચન. વાસુદેવ દ્વારા આશીર્વચન |
| ૨૮ | અરિષ્ટનેમિની દીક્ષાની વાત સાંભળીને રાજીમતીની શોક-નિમગ્નતા |
| ૨૯-૩૧ | રાજીમતીનો પ્રવ્રજિત થવાનો નિશ્ચય અને કેશ-લુંચન. વાસુદેવનો આશીર્વાદ |
| ૩૨ | રાજીમતી દ્વારા અનેક સ્વજન-પરિજનોની દીક્ષા |
| ૩૩ | રૈવતક પર્વત પર જતી વેળાએ રાજીમતીનું વરસાદમાં પલળવાને કારણે ગુફામાં રોકાવું |
| ૩૪ | વસ્ત્રો સૂકવવા. રથનેમિનું રાજીમતીને યથાજાત (નગ્ન) રૂપમાં જોઈને ભગ્નચિત્ત થઈ જવું |
| ૩૫ | રાજીમતીનું સંકુચિત થઈ બેસવું |
| ૩૬-૩૮ | રથનેમિ દ્વારા આત્મ-પરિચય અને પ્રણય-નિવેદન |
| ૩૯-૪૫ | રાજીમતી દ્વારા રથનેમિને વિવિધ પ્રકારે ઉપદેશ |
| ૪૬, ૪૭ | રથનેમિનું સંયમમાં પુનઃ સ્થિર થવું |
| ૪૮ | રાજીમતી અને રથનેમિને અનુત્તર સિદ્ધિની પ્રાપ્તિ |
| ૪૯ | સંબુદ્ધનું કર્તવ્ય |


**ત્રેવીસમું અધ્યયન : કેશિ-ગૌતમીય (કેશિ અને ગૌતમનો સંવાદ)** પૃ. ૫૫૭-૫૮૨

| | |
|---|---|
| શ્લોક ૧-૪ | તીર્થંકર પાર્શ્વના શિષ્ય શ્રમણ કેશિનો પરિચય. શ્રાવસ્તીમાં આગમન અને તિંદુક ઉદ્યાનમાં સ્થિતિ |
| ૫-૮ | ભગવાન મહાવીરના શિષ્ય ગૌતમનો પરિચય. શ્રાવસ્તીમાં આગમન અને કોષ્ટક ઉદ્યાનમાં સ્થિતિ |
| ૯-૧૩ | બંનેના શિષ્ય-સમુદાયમાં એક-બીજાને જોઈને અનેક સંદેહ અને જિજ્ઞાસાઓ |
| ૧૪ | કેશિ અને ગૌતમનો પરસ્પર મળવાનો નિશ્ચય |
| ૧૫-૧૭ | ગૌતમનું તિંદુક-વનમાં આગમન. કેશિ દ્વારા ગૌતમનો આદર-સત્કાર અને આસન-પ્રદાન |
| ૧૮ | કેશી અને ગૌતમની ચંદ્ર અને સૂર્ય સાથે તુલના |
| ૧૯, ૨૦ | અન્યતીર્થિક સાધુઓ, શ્રાવકો તથા દેવો વગેરેનું આગમન |
| ૨૧-૨૪ | કેશી દ્વારા ચાતુર્યામ ધર્મ અને પંચ મહાવ્રત ધર્મ વિશે પ્રશ્ન |
| ૨૫-૨૭ | ગૌતમનું સમાધાન |
| ૨૮-૩૦ | કેશી દ્વારા સચેલક-અચેલક વિશે જિજ્ઞાસા |
| ૩૧-૩૩ | લોક-પ્રતીતિ વગેરે કારણોથી વેષ-ધારણ આવશ્યક |
| ૩૪, ૩૫ | શત્રુઓ પર વિજય કેવી રીતે ? |
| ૩૬-૩૮ | ગૌતમનું સમાધાન |

| | |
|---|---|
| ૩૯, ૪૦ | પાશ-બહુલ સંસારથી મુક્ત વિહાર કેવી રીતે ? |
| ૪૧-૪૩ | ગૌતમનું સમાધાન |
| ૪૪, ૪૫ | વિષ-તુલ્ય ફળવાળી લતાનો ઉચ્છેદ કેવી રીતે ? |
| ૪૬-૪૮ | ગૌતમનું સમાધાન |
| ૪૯, ૫૦ | ઘોર અગ્નિઓનું ઉપશમન કેવી રીતે ? |
| ૫૧-૫૩ | ગૌતમનું સમાધાન |
| ૫૪, ૫૫ | દુષ્ટ અશ્વ પર સવાર થઈને પણ તમે ઉન્માર્ગ પર કેમ નહીં ? |
| ૫૬-૫૮ | ગૌતમનું સમાધાન |
| ૫૯, ૬૦ | કુમાર્ગની બહુલતા હોવા છતાં પણ ભટકી કેમ જતા નથી ? |
| ૬૧-૬૩ | ગૌતમનું સમાધાન |
| ૬૪, ૬૫ | મહાન જળ-પ્રવાહમાં વહેતા જીવો માટે શરણ, ગતિ, પ્રતિષ્ઠા અને દ્વીપ કોણ ? |
| ૬૬-૬૮ | ગૌતમનું સમાધાન |
| ૬૯, ૭૦ | મહાપ્રવાહવાળા સમુદ્રનો પાર કેવી રીતે ? |
| ૭૧-૭૩ | ગૌતમનું સમાધાન |
| ૭૪, ૭૫ | તિમિર-લોકમાં પ્રકાશ કોના દ્વારા ? |
| ૭૬-૭૮ | ગૌતમનું સમાધાન |
| ૭૯, ૮૦ | પીડિત પ્રાણીઓ માટે ક્ષેમંકર સ્થાન ક્યાં ? |
| ૮૧-૮૪ | ગૌતમનું સમાધાન |
| ૮૫-૮૭ | શ્રમણ કેશી દ્વારા ગૌતમની અભિવંદના અને પૂર્વ-માર્ગથી પશ્ચિમ-માર્ગમાં પ્રવેશ |
| ૮૮ | કેશી અને ગૌતમનું મિલન મહાન ઉત્કર્ષ અને અર્થ-વિનિશ્ચયનો હેતુ |
| ૮૯ | પરિષદનું સંતોષપૂર્વક નિર્ગમન |

**ચોવીસમું અધ્યયન : પ્રવચન-માતા (પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિઓનું નિરૂપણ)** **પૃ. ૫૮૩-૫૯૭**

| | |
|---|---|
| શ્લોક ૧ | અધ્યયનનો ઉપક્રમ |
| ૨ | સમિતિ, ગુપ્તિઓનો નામ-નિર્દેશ |
| ૩ | જિન-ભાષિત દ્વાદશાંગ-રૂપ પ્રવચનનો પ્રવચન-માતામાં સમાવેશ |
| ૪ | સાધુને ઈર્યાપૂર્વક ચાલવાનો ઉપદેશ |
| ૫-૮ | ઈર્યાનું આલંબન, કાળ, માર્ગ અને યતનાનો નિર્દેશ |
| ૯, ૧૦ | ભાષા-સમિતિનું સ્વરૂપ અને વિધિ |
| ૧૧, ૧૨ | એષણા-સમિતિનું સ્વરૂપ અને વિધિ |
| ૧૩, ૧૪ | આદાન-સમિતિનું સ્વરૂપ અને પ્રતિલેખન-વિધિ |
| ૧૫-૧૮ | ઉચ્ચારણ-સમિતિનું સ્વરૂપ અને પ્રતિલેખન-વિધિ |
| ૧૯ | સમિતિઓનાં કથન પછી ગુપ્તિઓનું કથન |
| ૨૦ | મનોગુપ્તિના ચાર પ્રકાર |
| ૨૧ | સંરભ, સમારંભ અને આરંભમાં પ્રવર્તમાન મનના નિવર્તનનો ઉપદેશ |
| ૨૨ | વચન-ગુપ્તિના ચાર પ્રકાર |
| ૨૩ | સંરભ, સમારંભ અને આરંભમાં પ્રવર્તમાન વચનના નિવર્તનનો ઉપદેશ |

૨૪, ૨૫ સંરભ, સમારંભમાં પ્રવર્તમાન શરીરના નિવર્તનનો ઉપદેશ
૨૬ ચારિત્રની પ્રવૃત્તિ માટે સમિતિનું તથા અશુભ વિષયોમાંથી નિવૃત્તિ માટે ગુપ્તિનું વિધાન
૨૭ પ્રવચન-માતાના આચરણથી મુક્તિની સંભાવના

**પચીસમું અધ્યયન : યજ્ઞીય (જયઘોષ અને વિજયઘોષનો સંવાદ)** પૃ. ૫૯૯-૬૧૪

શ્લોક ૧-૩ જયઘોષ મુનિનો પરિચય અને વારાણસીમાં આગમન
૪ વિજયઘોષ બ્રાહ્મણ દ્વારા યજ્ઞનું આયોજન
૫ મુનિનું ત્યાં ભિક્ષાર્થ ઉપસ્થિત થવું
૬-૮ વિજયઘોષ દ્વારા ભિક્ષાનો નિષેધ
૯, ૧૦ મુનિ દ્વારા સમભાવપૂર્વક બ્રાહ્મણને સંબોધ
૧૧, ૧૨ વેદ-મુખ, યજ્ઞ-મુખ, નક્ષત્ર-મુખ, ધર્મ-મુખ અને પોતાના-બીજાના ઉદ્ધારમાં સમર્થ વ્યક્તિઓના વિષયમાં જિજ્ઞાસા
૧૩-૧૫ વિજયઘોષનું નિરુત્તર થવું અને મુનિને તેના વિશે પ્રશ્ન
૧૬ મુનિ દ્વારા સમાધાન
૧૭ ચંદ્રમાની સન્મુખ ગ્રહોની જેમ ભગવાન ઋષભ સમક્ષ સમસ્ત લોક નત-મસ્તક
૧૮ યજ્ઞવાદી બ્રાહ્મણ-વિદ્યાથી અનભિજ્ઞ
૧૯-૨૭ બ્રાહ્મણના સ્વરૂપનું નિરૂપણ
૨૮ વેદ અને યજ્ઞની અત્રાણતા
૨૯ શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તાપસના સ્વરૂપમાં બાહ્યાચારનું ખંડન
૩૦ શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તાપસની વાસ્તવિક વ્યાખ્યા
૩૧ જાતિથી કર્મની પ્રધાનતા
૩૨, ૩૩ કર્મોથી મુક્ત આત્મા જ બ્રાહ્મણ અને તેમની જ પોતાના-બીજાના ઉદ્ધારમાં સમર્થતાનું પ્રતિપાદન
૩૪-૩૭ વિજયઘોષ દ્વારા મુનિની સ્તુતિ અને ભિક્ષા માટે આગ્રહ
૩૮ મુનિનો વિજયઘોષને સંસારથી નિષ્ક્રમણનો ઉપદેશ
૩૯-૪૧ માટીના ભીના અને સૂકા ગોળાની ઉપમાથી ભોગાસક્તિના સ્વરૂપનું વિશ્લેષણ
૪૨ વિજયઘોષ દ્વારા પ્રવ્રજ્યા-સ્વીકાર
૪૩ જયઘોષ અને વિજયઘોષ બંનેને સિદ્ધિ-પ્રાપ્તિ

**છવ્વીસમું અધ્યયન : સામાચારી (સંઘીય જીવનની પદ્ધતિ)** પૃ. ૬૧૫-૬૪૬

શ્લોક ૧ અધ્યયનનો ઉપક્રમ
૨-૪ સામાચારીના દસ અંગોનો નામ-નિર્દેશ
૫-૭ સામાચારીનો પ્રયોગ ક્યારે અને કેવી રીતે ?
૮-૧૦ પ્રતિલેખન પછી ગુરુના આદેશાનુસાર ચર્યાનો પ્રારંભ
૧૧ દિવસના ચાર ભાગમાં ઉત્તર-ગુણોની આરાધના
૧૨ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામાં ભિક્ષાચરી અને ચોથામાં પુનઃ સ્વાધ્યાયનું વિધાન
૧૩-૧૪ પૌરુષી-વિધિ અને વર્ષભરની તીથિઓનાં વૃદ્ધિ-ક્ષયનું પરિજ્ઞાન

| | |
|---|---|
| ૧૬ | પ્રતિલેખનનું સમય-વિધાન |
| ૧૭ | રાત્રિના ચાર ભાગમાં ઉત્તર-ગુણોની આરાધના |
| ૧૮ | પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામાં નિદ્રા અને ચોથામાં પુનઃ સ્વાધ્યાયનું વિધાન |
| ૧૯, ૨૦ | નક્ષત્રો દ્વારા રાત્રિનું કાળ-જ્ઞાન |
| ૨૧-૨૫ | પ્રતિલેખના વિધિ |
| ૨૬, ૨૭ | પ્રતિલેખનાના દોષોના પ્રકારોનું વર્જન |
| ૨૮ | પ્રતિલેખનાના પ્રશસ્ત અને અપ્રશસ્ત વિકલ્પો |
| ૨૯, ૩૦ | પ્રતિલેખનામાં કથા વગેરે કરનારનું છ કાયોનું વિરાધક હોવું |
| ૩૧ | ત્રીજા પ્રહરમાં ભિક્ષા તથા છ કારણોથી ભિક્ષાનું વિધાન |
| ૩૨ | છ કારણોનો નામ-નિર્દેશ |
| ૩૩ | છ કારણોથી ભિક્ષા ન કરવાનું વિધાન |
| ૩૪ | છ કારણોનો નામ-નિર્દેશ |
| ૩૫ | ભિક્ષા માટે અર્ધ-યોજન સુધી જવાનું વિધાન |
| ૩૬ | ચોથા પ્રહરમાં સ્વાધ્યાયનું વિધાન |
| ૩૭ | શય્યાની પ્રતિલેખના |
| ૩૮ | ઉચ્ચાર-ભૂમિની પ્રતિલેખના. કાયોત્સર્ગનું વિધાન |
| ૩૯-૪૧ | દૈવસિક અતિચારોનું પ્રતિક્રમણ |
| ૪૨ | કાળ-પ્રતિલેખના |
| ૪૩ | રાત્રિના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામાં નિદ્રા અને ચોથામાં સ્વાધ્યાયનું વિધાન |
| ૪૪ | અસંયત વ્યક્તિઓને ન જગાડતાં સ્વાધ્યાયનો નિર્દેશ |
| ૪૫ | કાળની પ્રતિલેખના |
| ૪૬ | કાયોત્સર્ગનું વિધાન |
| ૪૭-૪૯ | રાત્રિક અતિચારોનું પ્રતિક્રમણ |
| ૫૦ | કાયોત્સર્ગમાં તપ-ગ્રહણનું ચિંતન |
| ૫૧ | તપનો સ્વીકાર અને સિદ્ધોનું સંસ્તવન |
| ૫૨ | સામાચારીના આચરણથી સંસાર-સાગરનો પાર |

**સત્યાવીસમું અધ્યયન : ખલુંકીય (અવિનીતની ઉદ્દંડતાનું ચિત્રણ)** **પૃ. ૬૪૭-૬૫૮**

| | |
|---|---|
| શ્લોક ૧ | ગર્ગ મુનિનો પરિચય |
| ૨ | વાહન વહન કરતા બળદની જેમ યોગ-વહન કરનાર મુનિનો સંસાર સ્વયં ઉલ્લંઘિત |
| ૩-૭ | અવિનીત બળદનું મનોવૈજ્ઞાનિક સ્વભાવ-ચિત્રણ |
| ૮ | અયોગ્ય બળદની જેમ દુર્બળ શિષ્ય દ્વારા ધર્મ-યાનને ભગ્ન કરવું |
| ૯-૧૩ | અવિનીત શિષ્યનું સ્વભાવ-ચિત્રણ |
| ૧૪, ૧૫ | આચાર્યના મનમાં ખેદ-ખિન્નતા |
| ૧૬ | ગલી-ગર્દભની જેમ કુશિષ્યોનો ગર્ગાચાર્ય દ્વારા બહિષ્કાર |
| ૧૭ | ગર્ગાચાર્યનું શીલ-સંપન્ન થઈને વિહરણ કરવું |

**અઠ્યાવીસમું અધ્યયન : મોક્ષ-માર્ગ-ગતિ (મોક્ષના માર્ગોનું નિરૂપણ)** **પૃ. ૬૫૯-૬૯૬**

| | | |
|---|---|---|
| શ્લોક | ૧ | અધ્યયનનો ઉપક્રમ |
| | ૨ | માર્ગોનો નામ-નિર્દેશ |
| | ૩ | માર્ગ પ્રાપ્ત કરનાર જીવોની સુગતિ |
| | ૪, ૫ | જ્ઞાનના પાંચ પ્રકાર |
| | ૬ | દ્રવ્ય, ગુણ અને પર્યાયની પરિભાષા |
| | ૭ | દ્રવ્યના છ પ્રકારોનો નામ-નિર્દેશ |
| | ૮ | છ દ્રવ્યોની સંખ્યા-પરકતા |
| | ૯ | ધર્મ, અધર્મ અને આકાશનાં લક્ષણ |
| | ૧૦-૧૨ | કાળ, જીવ અને પુદ્ગલનાં લક્ષણ |
| | ૧૩ | પર્યાયનાં લક્ષણ |
| | ૧૪ | નવ તત્ત્વોનો નામ-નિર્દેશ |
| | ૧૫ | સમ્યક્ત્વની પરિભાષા |
| | ૧૬ | સમ્યક્ત્વના દસ પ્રકારોનો નામ-નિર્દેશ |
| | ૧૭, ૧૮ | નિસર્ગ-રુચિની પરિભાષા |
| | ૧૯ | ઉપદેશ-રુચિની પરિભાષા |
| | ૨૦ | આજ્ઞા-રુચિની પરિભાષા |
| | ૨૧ | સૂત્ર-રુચિની પરિભાષા |
| | ૨૨ | બીજ-રુચિની પરિભાષા |
| | ૨૩ | અભિગમ-રુચિની પરિભાષા |
| | ૨૪ | વિસ્તાર-રુચિની પરિભાષા |
| | ૨૫ | ક્રિયા-રુચિની પરિભાષા |
| | ૨૬ | સંક્ષેપ-રુચિની પરિભાષા |
| | ૨૭ | ધર્મ-રુચિની પરિભાષા |
| | ૨૮ | સમ્યક્ત્વની પરિભાષા |
| | ૨૯ | સમ્યક્ત્વ અને ચારિત્રનો પૌર્વાપર્ય સંબંધ |
| | ૩૦ | દર્શન, જ્ઞાન અને ચારિત્રથી જ મુક્તિની સંભાવના |
| | ૩૧ | સમ્યક્ત્વના આઠ અંગોનું નિરૂપણ |
| | ૩૨, ૩૩ | ચારિત્રના પાંચ પ્રકાર |
| | ૩૪ | તપના બે પ્રકાર |
| | ૩૫ | જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું પરિણામ |
| | ૩૬ | સંયમ અને તપથી કર્મ-વિમુક્તિ |

**ઓગણત્રીસમું અધ્યયન : સમ્યક્ત્વ-પરાક્રમ (સાધના-માર્ગ)** **પૃ. ૬૯૭-૭૫૧**

| | | |
|---|---|---|
| શ્લોક | ૧ | અધ્યયનનો ઉપક્રમ. સમ્યક્ત્વ-પરાક્રમનો અર્થ તથા સંવેગથી અકર્મતા સુધીના ૭૩ વિષયોનો નામ-નિર્દેશ |
| | ૨ | સંવેગનાં પરિણામ |

| | |
|---|---|
| ૩ | નિર્વેદનાં પરિણામ |
| ૪ | ધર્મ-શ્રદ્ધાનાં પરિણામ |
| ૫ | ગુરુ-ધાર્મિક-શુશ્રૂષાના પરિણામ |
| ૬ | આલોચનાનાં પરિણામ |
| ૭ | નિંદાનાં પરિણામ |
| ૮ | ગર્હાનાં પરિણામ |
| ૯ | સામાયિકનું પરિણામ |
| ૧૦ | ચતુર્વિંશતિસ્તવનું પરિણામ |
| ૧૧ | વંદનાનાં પરિણામ |
| ૧૨ | પ્રતિક્રમણનાં પરિણામ |
| ૧૩ | કાયોત્સર્ગનાં પરિણામ |
| ૧૪ | પ્રત્યાખ્યાનનાં પરિણામ |
| ૧૫ | સ્તવ-સ્તુતિ-મંગલનાં પરિણામ |
| ૧૬ | કાળ-પ્રતિલેખનાનું પરિણામ |
| ૧૭ | પ્રાયશ્ચિત્ત કરવાનાં પરિણામ |
| ૧૮ | ક્ષમા કરવાનાં પરિણામ |
| ૧૯ | સ્વાધ્યાયનું પરિણામ |
| ૨૦ | વાચનાનાં પરિણામ |
| ૨૧ | પ્રતિપૃચ્છનાનાં પરિણામ |
| ૨૨ | પરિવર્તનાનું પરિણામ |
| ૨૩ | અનુપ્રેક્ષાનાં પરિણામ |
| ૨૪ | ધર્મકથાનાં પરિણામ |
| ૨૫ | શ્રુતારાધનાનાં પરિણામ |
| ૨૬ | એકાગ્ર-મનઃસન્નિવેશનું પરિણામ |
| ૨૭ | સંયમનું પરિણામ |
| ૨૮ | તપનું પરિણામ |
| ૨૯ | વ્યવદાનનાં પરિણામ |
| ૩૦ | સુખ-શાતનાં પરિણામ |
| ૩૧ | અપ્રતિબદ્ધતાનાં પરિણામ |
| ૩૨ | વિવિક્ત-શયનાસન-સેવનનાં પરિણામ |
| ૩૩ | વિનિવર્તનનાં પરિણામ |
| ૩૪ | સંભોજ-પ્રત્યાખ્યાનનાં પરિણામ |
| ૩૫ | ઉપધિ-પ્રત્યાખ્યાનનાં પરિણામ |
| ૩૬ | આહાર-પ્રત્યાખ્યાનનાં પરિણામ |
| ૩૭ | કષાય-પ્રત્યાખ્યાનનાં પરિણામ |
| ૩૮ | યોગ-પ્રત્યાખ્યાનનાં પરિણામ |
| ૩૯ | શરીર-પ્રત્યાખ્યાનનાં પરિણામ |

૪૦ સહાય-પ્રત્યાખ્યાનનાં પરિણામ
૪૧ ભક્ત-પ્રત્યાખ્યાનનાં પરિણામ
૪૨ સદ્ભાવ-પ્રત્યાખ્યાનનાં પરિણામ
૪૩ પ્રતિરૂપતાનાં પરિણામ
૪૪ વૈયાવૃત્યનાં પરિણામ
૪૫ સર્વ-ગુણ-સંપન્નતાનાં પરિણામ
૪૬ વીતરાગતાનાં પરિણામ
૪૭ ક્ષમાનું પરિણામ
૪૮ મુક્તિનાં પરિણામ
૪૯ ઋજુતાનાં પરિણામ
૫૦ મૃદુતાનાં પરિણામ
૫૧ ભાવ-સત્યનાં પરિણામ
૫૨ કરણ-સત્યનાં પરિણામ
૫૩ યોગ-સત્યનાં પરિણામ
૫૪ મનો-ગુપ્તતાનાં પરિણામ
૫૫ વાક્-ગુપ્તતાનાં પરિણામ
૫૬ કાય-ગુપ્તતાનાં પરિણામ
૫૭ મનઃસમાધારણાનાં પરિણામ
૫૮ વાક્-સમાધારણાનાં પરિણામ
૫૯ કાય-સમાધારણાનાં પરિણામ
૬૦ જ્ઞાન-સંપન્નતાનાં પરિણામ
૬૧ દર્શન-સંપન્નતાનાં પરિણામ
૬૨ ચારિત્ર-સંપન્નતાનાં પરિણામ
૬૩ શ્રોત્રેન્દ્રિય-નિગ્રહનું પરિણામ
૬૪ ચક્ષુ-ઇન્દ્રિય-નિગ્રહનું પરિણામ
૬૫ ઘ્રાણેન્દ્રિય-નિગ્રહનું પરિણામ
૬૬ જિહ્વેન્દ્રિય-નિગ્રહનું પરિણામ
૬૭ સ્પર્શેન્દ્રિય-નિગ્રહનું પરિણામ
૬૮ ક્રોધ-વિજયનું પરિણામ
૬૯ માન-વિજયનું પરિણામ
૭૦ માયા-વિજયનું પરિણામ
૭૧ લોભ-વિજયનું પરિણામ
૭૨ પ્રેમ, દ્વેષ અને મિથ્યા-દર્શન-વિજયનાં પરિણામ
૭૩ કેવલીના યોગ-નિરોધનો ક્રમ. શેષ ચાર કર્મોના ક્ષયનો ક્રમ
૭૪ કર્મ-ક્ષયની પછી જીવની મોક્ષની તરફ ગતિ, સ્થિતિનું સ્વરૂપ-વિશ્લેષણ. ઉપસંહાર.

**ત્રીસમું અધ્યયન : તપો-માર્ગ-ગતિ (તપો-માર્ગના પ્રકારોનું નિરૂપણ)** પૃ. ૭૫૩-૭૯૩

શ્લોક ૧ અધ્યયનનો પ્રારંભ
૨ મહાવ્રત અને રાત્રિ-ભોજન-વિરતિથી જીવની આશ્રવ-વિરતિ
૩ સમિત અને ગુપ્ત જીવની આશ્રવ-વિરતિ
૪ અર્જિત કર્મોના ક્ષયના ઉપાય
૫, ૬ તળાવના દૃષ્ટાંતથી તપસ્યા કર્મ-ક્ષયનું નિરૂપણ
૭ તપના પ્રકાર
૮ બાહ્ય-તપના છ પ્રકાર
૯ ઇત્વરિક અનશન
૧૦, ૧૧ ઇત્વરિક તપના છ પ્રકાર
૧૨, ૧૩ અનશનના બે પ્રકાર
૧૪-૨૪ અવમૌદર્યના પ્રકાર
૨૫ ભિક્ષાચર્યાની પરિભાષા
૨૬ રસ-વિવર્જન
૨૭ કાયક્લેશ
૨૮ વિવિક્ત-શયનાશન
૨૯, ૩૦ આંતરિક-તપના ભેદોનો નામ-નિર્દેશ
૩૧ પ્રાયશ્ચિત્ત
૩૨ વિનય
૩૩ વૈયાવૃત્ય
૩૪ સ્વાધ્યાય અને તેના પ્રકાર
૩૫ ધ્યાન
૩૬ કાયોત્સર્ગ
૩૭ તપના આચરણથી મુક્તિની સંભાવના

**એકત્રીસમું અધ્યયન : (ચરણ-વિધિનું નિરૂપણ)** ૭૯૫-૮૨૨

શ્લોક ૧ અધ્યયનનો ઉપક્રમ
૨ અસંયમથી નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિનું વિધાન
૩ રાગ અને દ્વેષના નિરોધથી સંસાર-મુક્તિ
૪ ત્રણ દંડો, ગૌરવો અને શલ્યોના ત્યાગથી સંસાર-મુક્તિ
૫ ઉપસર્ગ સહન કરવાથી સંસાર-મુક્તિ
૬ વિકથા, કષાય, સંજ્ઞા અને આર્ત્ત-રૌદ્ર ધ્યાનના વર્જનથી સંસાર-મુક્તિ
૭ વ્રત અને સમિતિઓના પાલનથી, ઇન્દ્રિય-વિજય અને ક્રિયાઓના પરિહારથી સંસાર-મુક્તિ
૮ છ લેશ્યા, છ કાય અને આહારના છ કારણોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ
૯ આહાર-ગ્રહણની સાત પ્રતિમાઓ અને સાત ભય-સ્થાનોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ
૧૦ આઠ મદ-સ્થાન, બ્રહ્મચર્યની નવ ગુપ્તિ અને દસ પ્રકારના ભિક્ષુ-ધર્મમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ

| | | |
|---|---|---|
| | ૧૧ | ઉપાસકની અગિયાર પ્રતિમાઓ તથા ભિક્ષુની બાર પ્રતિમાઓમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૨ | તેર ક્રિયાઓ, ચૌદ જીવ-સમુદાયો અને પંદર પરમાધાર્મિક દેવોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૩ | ગાથા ષોડશક અને સત્તર પ્રકારના અસંયમમા યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૪ | અઠાર પ્રકારના બ્રહ્મચર્ય, ઓગણીસ જ્ઞાન- અધ્યયન અને વીસ અસમાધિ-સ્થાનોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૫ | એકવીસ સબલ દોષ, બાવીસ પરીષહોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૬ | સૂત્રકૃતાંગના ત્રેવીસ અધ્યયન અને ચોવીસ પ્રકારના દેવોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૭ | પચ્ચીસ ભાવનાઓ અને છવ્વીસ ઉદ્દેશોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૮ | સાધુના સત્યાવીસ ગુણ અને અઠ્યાવીસ આચાર-પ્રકલ્પોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૧૯ | ઓગણત્રીસ પ્રકારના પાપ-પ્રસંગો અને ત્રીસ પ્રકારના મોહ-સ્થાનોમાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૨૦ | સિદ્ધોના એકત્રીસ આદિ-ગુણ, બત્રીસ યોગ-સંગ્રહ અને તેત્રીસ આશાતનામાં યત્ન કરવાથી સંસાર-મુક્તિ |
| | ૨૧ | આ સ્થાનોમાં યત્ન કરનારનું શીઘ્ર સંસાર-મુક્ત થવું |


**બત્રીસમું અધ્યયન : પ્રમાદ-સ્થાન (પ્રમાદનાં કારણો અને તેનું નિવારણ)** પૃ. ૮૨૩-૮૪૫


| | | |
|---|---|---|
| શ્લોક | ૧ | અધ્યયનનો પ્રારંભ |
| | ૨ | એકાંત સુખના હેતુનું પ્રતિપાદન |
| | ૩ | મોક્ષ-માર્ગનું પ્રતિપાદન |
| | ૪ | સમાધિની આવશ્યક સામગ્રી |
| | ૫ | એકલ-વિહારની વિશેષ વિધિ |
| | ૬ | તૃષ્ણા અને મોહનો અવિનાભાવ સંબંધ |
| | ૭ | કર્મ-બીજનું નિરૂપણ |
| | ૮ | દુ:ખ-નાશનો ક્રમ |
| | ૯, ૧૦ | રાગ-દ્વેષ અને મોહના ઉન્મૂલનનો ઉપાય |
| | ૧૧ | પ્રકામ-ભોજન બ્રહ્મચારી માટે અહિતકર |
| | ૧૨ | વિવિક્ત શય્યાસન અને ઓછા ભોજનથી રાગ-શત્રુનો પરાજય |
| | ૧૩-૧૮ | બ્રહ્મચારી માટે સ્ત્રી-સંસર્ગ-વર્જનનું વિધાન |
| | ૧૯, ૨૦ | કિંપાક-ફળની જેમ કામ-ભોગની અભિલાષા દુ:ખનું કારણ |
| | ૨૧ | મનોજ્ઞ વિષય પર રાગ અને અમનોજ્ઞ વિષય પર દ્વેષ ન કરવાનો ઉપદેશ |
| | ૨૩-૨૪ | રૂપ-આસક્તિ હિંસા, અસત્ય, ચૌર્ય અને દુ:ખનો હેતુ. રૂપ-વિરતિ શોક-મુક્તિનું કારણ |
| | ૨૫-૪૭ | શબ્દાસક્તિ હિંસા, અસત્ય, ચૌર્ય અને દુ:ખનો હેતુ. શબ્દ-વિરતિ શોક-મુક્તિનું કારણ |
| | ૪૮-૬૦ | ગંધ-આસક્તિ હિંસા, અસત્ય, ચૌર્ય તથા દુ:ખનો હેતુ. રસ-વિરતિ શોક-મુક્તિનું કારણ |
| | ૬૧-૭૩ | રસ-આસક્તિ હિંસા, અસત્ય, ચૌર્ય તથા દુ:ખનો હેતુ. રસ-વિરતિ શોક-મુક્તિનું કારણ |
| | ૭૪-૮૬ | સ્પર્શ-આસક્તિ હિંસા, અસત્ય, ચૌર્ય તથા દુ:ખનો હેતુ. સ્પર્શ-વિરતિ શોક-વિમુક્તિનું કારણ |
| | ૮૭-૯૯ | ભાવ-આસક્તિ હિંસા, અસત્ય, ચૌર્ય તથા દુ:ખનો હેતુ. ભાવ-વિરતિ શોક-વિમુક્તિનું કારણ |
| | ૧૦૦ | રાગી પુરુષ માટે ઇન્દ્રિય અને મનના વિષય દુ:ખના હેતુ, વીતરાગ માટે નહીં. |

| | |
|---|---|
| ૧૦૧ | સમતા કે વિકારનો હેતુ તદ્‌વિષયક મોહ છે, કામ-ભોગ નહીં |
| ૧૦૨, ૧૦૩ | કામ-ગુણ આસક્ત પુરુષ અનેક વિકાર—પરિણામો દ્વારા કરુણાસ્પદ અને અપ્રિય |
| ૧૦૪ | તપના ફળની વાંછા કરનાર ઇન્દ્રિય-રૂપી ચોરોને વશવર્તી |
| ૧૦૫ | વિષય-પ્રાપ્તિના પ્રયોજનો માટે ઉદ્યમ |
| ૧૦૬ | વિરક્ત પુરુષ માટે શબ્દ વગેરે વિષય મનોજ્ઞતા કે અમનોજ્ઞતાના હેતુ નહીં |
| ૧૦૭ | રાગ-દ્વેષાત્મક સંકલ્પ દોષનું મૂળ છે, ઇન્દ્રિય-વિષય નહીં—આ વિચારથી તૃષ્ણાનો ક્ષય |
| ૧૦૮ | વીતરાગની કૃતકૃત્યતા |
| ૧૦૯ | આયુષ્ય ક્ષય થતાં મોક્ષ-પ્રાપ્તિ |
| ૧૧૦ | મુક્ત જીવની કૃતાર્થતા |
| ૧૧૧ | દુઃખોથી મુક્ત થવાનો માર્ગ |

**તેત્રીસમું અધ્યયન : કર્મ-પ્રકૃતિ (કર્મની પ્રકૃતિઓનું નિરૂપણ)** પૃ. ૮૪૭-૮૫૯

| | |
|---|---|
| શ્લોક ૧ | અધ્યયનનો ઉપક્રમ |
| ૨-૩ | કર્મોના નામ-નિર્દેશ |
| ૪-૧૫ | કર્મોના પ્રકાર |
| ૧૬-૧૭ | એક સમયમાં ગ્રાહ્ય બધા કર્મોના પ્રદેશોનું પરિણામ |
| ૧૮ | બધા જીવોના સંગ્રહ-યોગ્ય પુદ્‌ગલોની છ દિશાઓમાં સ્થિતિ |
| ૧૯-૨૩ | કર્મોની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ |
| ૨૪ | કર્મોનો અનુભાવ |
| ૨૫ | કર્મ-નિરોધનો ઉપદેશ |

**ચોત્રીસમું અધ્યયન : લેશ્યા-અધ્યયન (કર્મ-લેશ્યાનો વિસ્તાર)** પૃ. ૮૬૧-૮૭૮

| | |
|---|---|
| શ્લોક ૧-૨ | ઉપક્રમ |
| ૩ | લેશ્યાઓનો નામ-નિર્દેશ |
| ૪-૯ | લેશ્યાઓનો વર્ણ-વિચાર |
| ૧૦, ૧૫ | લેશ્યાઓનો રસ-વિચાર |
| ૧૬, ૧૭ | લેશ્યાઓનો ગંધ-વિચાર |
| ૧૮, ૧૯ | લેશ્યાઓનો સ્પર્શ-વિચાર |
| ૨૧-૩૨ | લેશ્યાઓનાં પરિણામ |
| ૩૩ | લેશ્યાઓનાં સ્થાન |
| ૩૪-૩૯ | લેશ્યાઓની સ્થિતિ |
| ૪૦-૪૩ | નારકીય જીવોની લેશ્યાઓની સ્થિતિ |
| ૪૪-૪૬ | તિર્યંચ અને મનુષ્યોની લેશ્યાઓની સ્થિતિ |
| ૪૭-૫૫ | દેવોની લેશ્યાઓની સ્થિતિ |
| ૫૬ | અધર્મ લેશ્યાઓની ગતિ |
| ૫૭ | ધર્મ લેશ્યાઓની ગતિ |
| ૫૮-૬૦ | લેશ્યા-પરિણતિનો ઉપપાત સાથે સંબંધ |

૬૧ અપ્રશસ્ત લેશ્યાઓનું વર્જન અને પ્રશસ્ત લેશ્યાઓના સ્વીકારનો ઉપદેશ

**પાંત્રીસમું અધ્યયન : અનગાર-માર્ગ-ગતિ (અનગારનો સ્ફુટ આચાર)** પૃ. ૮૭૯-૮૮૮

શ્લોક ૧ ઉપક્રમ
૨ સંગ-વિવેક
૩ પાંચ મહાવ્રતોનો નામ-નિર્દેશ
૪, ૫ ભિક્ષુ એવા મકાનમાં ન રહે જ્યાં કામરાગ વધતો હોય
૬ ભિક્ષુ સ્મશાન વગેરે એકાંત સ્થાનોમાં રહે
૭ ભિક્ષુના રહેવાનું સ્થાન કેવું હોય ?
૮ ભિક્ષુને ગૃહ-સમારંભ ન કરવાનો નિર્દેશ
૯ ગૃહ-સમારંભના દોષ
૧૦, ૧૧ આહારની શુદ્ધતા
૧૨ ભિક્ષુ માટે અગ્નિનો સમારંભ ન કરવાનું વિધાન
૧૩ સોના-ચાંદીની અનાકાંક્ષા
૧૪, ૧૫ ક્રય-વિક્રય ભિક્ષુ માટે મહાન દોષ
૧૬ પિંડ-પાતની એષણા
૧૭ જીવન-નિર્વાહ માટે ભોજનનું વિધાન
૧૮ પૂજા, અર્ચના અને સમ્માન પ્રત્યે અનાશંસા-ભાવ
૧૯ શુક્લ-ધ્યાન કરવા અને વ્યુત્સૃષ્ટ-કાય બનવાનો ઉપદેશ
૨૦ અનશનનું વિધાન
૨૧ આશ્રવ-રહિત વ્યક્તિનું પરિનિર્વાણ

**છત્રીસમું અધ્યયન : જીવાજીવવિભક્તિ (જીવ અને અજીવના વિભાગોનું નિરૂપણ)** પૃ. ૮૮૯-૯૯૬

શ્લોક ૧ અધ્યયનનો ઉપક્રમ
૨ લોક અને અલોકની પરિભાષા
૩ જીવ અને અજીવની પ્રરૂપણાના પ્રકાર
૪ અજીવના બે પ્રકાર
૫, ૬ અરૂપી અજીવના દસ પ્રકાર
૭ ધર્માસ્તિકાય વગેરેનું ક્ષેત્રતઃ નિરૂપણ
૮, ૯ ધર્માસ્તિકાય વગેરેનું કાલતઃ નિરૂપણ
૧૦-૧૪ રૂપી પુદ્ગલોના પ્રકારોના દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ-માન
૧૫-૨૦ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પુદ્ગલની પરિણતિ
૨૧ સંસ્થાનની અપેક્ષાથી પુદ્ગલની પરિણતિ
૨૨-૪૭ પુદ્ગલના અનેક વિકલ્પ. અજીવ વિભક્તિનું સમાપન
૪૮ જીવના બે પ્રકાર
૪૯-૬૭ સિદ્ધોના પ્રકાર, અવગાહના, સંસ્થિતિનું નિરૂપણ તથા સિદ્ધાલયનું સ્વરૂપ
૬૮ સંસારી જીવના બે પ્રકાર

| | |
|---|---|
| ૬૯ | સ્થાવર જીવના ત્રણ મૂળ ભેદ |
| ૭૦-૮૩ | પૃથ્વીકાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૮૪-૯૧ | અપ્કાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૯૨-૧૦૬ | વનસ્પતિકાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૦૭ | ત્રસ-જીવના ત્રણ ભેદ |
| ૧૦૮-૧૧૬ | તેજસ્કાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૧૭-૧૨૫ | વાયુકાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૨૬ | ઉદાર ત્રસકાયિક જીવોના પ્રકાર |
| ૧૨૭-૧૩૫ | દ્વિન્દ્રિય-કાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૩૬-૧૪૪ | ત્રીન્દ્રિય-કાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૪૫-૧૫૪ | ચતુરિન્દ્રિય-કાયના ઉત્તર-ભેદ, ગતિ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૫૫ | પંચેન્દ્રિયના ચાર પ્રકાર |
| ૧૫૬-૧૬૮ | નરકોનો નામ-નિર્દેશ. નૈરયિક જીવોની સ્થિતિ, કાયસ્થિતિ, અંતર વગેરે પર વિચાર |
| ૧૭૦-૧૭૧ | પંચેન્દ્રિય-તિર્યંચના પ્રકાર અને અવાંતર ભેદ |
| ૧૭૨-૧૭૮ | જળચર જીવોના પ્રકાર. કાળ-વિભાગ, આયુ, કાયસ્થિતિ તથા અંતરનો નિર્દેશ |
| ૧૭૯-૧૮૭ | સ્થળચર જીવોના પ્રકાર. કાળ-વિભાગ, આયુ, કાયસ્થિતિ તથા અંતરનો નિર્દેશ |
| ૧૮૮-૧૯૪ | ખેચર જીવોના પ્રકાર. કાળ-વિભાગ, આયુ, કાયસ્થિતિ તથા અંતરનો નિર્દેશ |
| ૧૯૫-૨૦૩ | મનુષ્યના પ્રકાર. કાળ-વિભાગ, આયુ, કાયસ્થિતિ તથા અંતરનો નિર્દેશ |
| ૨૦૪-૨૪૭ | દેવોના પ્રકાર. કાળ-વિભાગ, કાયસ્થિતિ તથા અંતરનો નિર્દેશ |
| ૨૪૮, ૨૪૯ | જીવાજીવના જ્ઞાનપૂર્વક સંયમનો નિર્દેશ |
| ૨૫૦-૨૫૫ | સંલેખના વિધિ |
| ૨૫૬-૨૬૨ | શુભ અને અશુભ ભાવનાઓ સુગતિ અને દુર્ગતિનું કારણ |
| ૨૬૩ | કાંદર્પી-ભાવના |
| ૨૬૪ | અભિયોગી-ભાવના |
| ૨૬૫ | કિલ્વિષિકી-ભાવના |
| ૨૬૬ | આસુરી ભાવના |
| ૨૬૭ | મોહી-ભાવના |
| ૨૬૮ | ઉપસંહાર |

પરિશિષ્ટ

| | | |
|---|---|---|
| ૧. | **પદાનુક્રમ** | પૃ. ૯૪૭-૯૯૦ |
| ૨. | **ઉપમાઓ અને દૃષ્ટાંતો** | પૃ. ૯૯૧-૯૯૨ |
| ૩. | **સૂક્તો** | પૃ. ૯૯૩-૯૯૪ |
| ૪. | **વ્યક્તિ પરિચય** | પૃ. ૯૯૫-૧૦૦૩ |
| ૫. | **ભૌગોલિક પરિચય** | પૃ. ૧૦૦૪-૧૦૧૨ |
| ૬. | **તુલનાત્મક અધ્યયન** | પૃ. ૧૦૧૩-૧૦૨૧ |
| ૭. | **ટિપ્પણ અનુક્રમ** | પૃ. ૧૦૨૨-૧૦૪૦ |
| ૮. | **શબ્દવિશેષ** | પૃ. ૧૦૪૧-૧૦૫૯ |
| ૯. | **પ્રયુક્ત-ગ્રંથ-સૂચિ** | પૃ. ૧૦૫૦-૧૦૫૯ |

# पढमं अज्झयणं

## विणयसुयं

# પ્રથમ અધ્યયન

## વિનયશ્રુત

# આમુખ

ચૂર્ણિ અનુસાર આ અધ્યયનનું નામ 'વિનયસૂત્ર'[1] અને નિર્યુક્તિ તથા બૃહદ્‌વૃત્તિ અનુસાર 'વિનયશ્રુત' છે.[2]

સમવાયાંગમાં પણ આ અધ્યયનનું નામ 'વિનયશ્રુત' છે.[3] 'શ્રુત' અને 'સૂત્ર'—બન્ને પર્યાયવાચી શબ્દો છે. આ અધ્યયનમાં વિનયની શ્રુતિ અથવા સૂત્રણ છે.

ભગવાન મહાવીરની સાધના-પદ્ધતિનું એક અંગ 'તપોયોગ' છે. તેના બાર પ્રકાર છે. તેમાં આઠમો પ્રકાર 'વિનય' છે.[4] તેનાં સાત રૂપો મળે છે[5] :

| | |
|---|---|
| ૧. જ્ઞાનવિનય—જ્ઞાનનું અનુવર્તન | ૫. વચનવિનય—વચનનું પ્રવર્તન |
| ૨. દર્શનવિનય—દર્શનનું અનુવર્તન | ૬. કાયવિનય—કાયાનું પ્રવર્તન |
| ૩. ચારિત્રવિનય—ચારિત્રનું અનુવર્તન | ૭. લોકોપચારવિનય—અનુશાસન, શુશ્રૂષા અને શિષ્ટાચાર-પાલન |
| ૪. મનવિનય—મનનું પ્રવર્તન | |

બૃહદ્‌વૃત્તિમાં 'વિનય'નાં પાંચ રૂપો મળે છે[6]—

| | |
|---|---|
| ૧. લોકોપચારવિનય. | ૫. મોક્ષવિનય — મોક્ષ માટે અનુવર્તન કરવું. |
| ૨. અર્થવિનય—અર્થ માટે અનુવર્તન કરવું. | આ વિનયના પાંચ પ્રકાર પાડવામાં આવે |
| ૩. કામવિનય—કામ માટે અનુવર્તન કરવું. | છે—જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય |
| ૪. ભયવિનય—ભય માટે અનુવર્તન કરવું. | તપવિનય અને ઔપચારિક-વિનય.[7] |

આ બંને વર્ગીકરણોના આધારે વિનયના પાંચ અર્થો પ્રાપ્ત થાય છે—અનુવર્તન, પ્રવર્તન, અનુશાસન, શુશ્રૂષા અને શિષ્ટાચાર-પરિપાલન.

પ્રસ્તુત અધ્યયનમાં આ બધા પ્રકારોનું પ્રતિપાદન થયું છે.

બીજા શ્લોકમાં 'વિનીત'ની પરિભાષા લોકોપચારવિનયના આધારે કરવામાં આવી છે. લોકોપચારવિનયના સાત વિભાગ છે[8]—

---

१. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ८ : प्रथममध्ययनं विनयसुत्तमिति, विनयो यस्मिन् सूत्रे वर्ण्यते तदिदं विनयसूत्रम् ।

२. ( क ) उत्तराध्ययन निर्युक्ति, गाथा २८ :तत्थज्झयणं पढमं विणयसुयं...। ( ख ) बृहद्वृत्ति, पत्र १५: विनयश्रुतमिति द्विपदं नाम ।

३. समवाओ, समवाय ३६ : छत्तीसं उत्तरज्झयणा प० तं०—विणयसुयं...।

४. उत्तरज्झयणाणि, ३०।८, ३०।

५. ओववाइयं, सूत्र ४० : से किं तं विणए ? विणए सत्तविहे पण्णत्ते, तं जहा—णाणविणए दंसणविणए चरित्तविणए मणविणए वइविणए कायविणए लोगोवयारविणए ।

६. बृहद्वृत्ति, पत्र १६ : लोगोवयारविणओ अत्थनिमित्तं च कामहेउं च ।
भयविणयमोक्खविणओ खलु पंचहा णेओ ॥

७. " " : दंसणनाणचरित्ते तवे य तह ओवयारिए चेव ।
एसो य मोक्खविणओ पंचविहो होइ णायव्वो ॥

८. ओववाइयं, सूत्र ४० : से किं तं लोगोवयारविणए ? लोगोवयारविणए सत्तविहे पण्णत्ते, तं जहा—अब्भासवत्तियं परच्छंदाणुवत्तियं कज्जहेउं कयपडिकिरिया अत्तगवेसणया देसकालण्णुया सव्वत्थेसु अप्पडिलोमया ।

૧. અભ્યાસવૃત્તિતા—નજીક રહેવું.
૨. પરછન્દાનુવૃત્તિતા—બીજાના અભિપ્રાયનું અનુવર્તન કરવું
૩. કાર્યહેતુ—કાર્યની સિદ્ધિ માટે અનુકૂળ વર્તન કરવું.
૪. કૃતપ્રતિક્રિયા—કૃતઉપકારની પ્રતિ અનુકૂળ વર્તન કરવું.
૫. આર્તગવેષણા—આર્તની ગવેષણા કરવી.
૬. દેશકાલજ્ઞતા—દેશ અને કાળને સમજવો.
૭. સર્વાર્થ-અપ્રતિલોમતા—બધા પ્રકારના પ્રયોજનોની સિદ્ધિ માટે અનુકૂળ વર્તન કરવું.

ત્રીજા શ્લોકમાં આપેલી વિનીતની પરિભાષામાં આમાંથી ત્રણ વિભાગો—પરછંદાનુવૃત્તિતા, અભ્યાસવૃત્તિતા, દેશકાલજ્ઞતા—ક્રમશઃ આજ્ઞાનિર્દેશકર, ઉપપાતકારક અને ઇંગિતાકાર-સમ્પન્નના રૂપમાં પ્રયુક્ત થયા છે.

દસમા શ્લોકમાં 'મનવિનય', 'વચનવિનય' અને 'જ્ઞાનવિનય'નો સંક્ષેપમાં બહુ સુંદર નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ રીતે આ અધ્યયનમાં વિનયના બધા રૂપોનું સમ્યક્ સંકલન થયું છે. પ્રાચીનકાળમાં વિનયનું ઘણું મૂલ્ય રહ્યું છે. ત્રેવીસમા શ્લોકમાં દર્શાવવામાં આવ્યું છે કે આચાર્ય વિનીતને વિદ્યા આપે છે. અવિનીતને વિદ્યાનો અધિકારી માનવામાં આવતો નથી. આ અધ્યયન પરથી એ પણ જાણી શકાય છે કે ગુરુ શિષ્ય ઉપર કઠોર અને કોમળ—બંને પ્રકારે અનુશાસન કરતા હતા (શ્લોક ૨૭). સમયની નિયમિતતા પણ વિનય અને અનુશાસનનું એક અંગ હતું :

**कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥ १।४१ ॥**

આ અધ્યયનમાં સ્વાધ્યાય અને ધ્યાન બંનેનો સંમિલિત ઉલ્લેખ મળે છે. આચાર્ય રામસેને લખ્યું છે[1] :

**स्वाध्यायाद् ध्यानमध्यास्तां, ध्यानात् स्वाध्यायमामनेत् ।**
**ध्यानस्वाध्यायसम्पत्त्या, परमात्मा प्रकाशते ॥**

સ્વાધ્યાય પછી ધ્યાન અને ધ્યાન પછી સ્વાધ્યાય—આ રીતે સ્વાધ્યાય અને ધ્યાનની પુનરાવૃત્તિથી પરમાત્મ-સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આ પરંપરા ઘણી જૂની છે. આનો સંકેત દસમા શ્લોકમાં મળે છે—**कालेण य अहिज्जित्ता, तओ झाएज्ज एगगो ।**

વિનયના વ્યાપક સ્વરૂપને સામે રાખીને જ આમ કહેવાયું હતું—'વિનય જિન-શાસનનું મૂળ છે. જે વિનયરહિત છે, તેને ધર્મ અને તપ ક્યાંથી પ્રાપ્ત થાય ?'[2]

આચાર્ય વટ્ટકેરે વિનયનો ઉત્કર્ષ આ ભાષામાં પ્રગટ કર્યો છે—વિનયવિહીન વ્યક્તિની બધી વિદ્યા વ્યર્થ છે. વિદ્યાનું ફળ વિનય છે. એમ નથી થઈ શકતું કે કોઈ વ્યક્તિ શિક્ષિત હોય અને વિનીત ન હોય. તેમની ભાષામાં વિદ્યાનું ફળ વિનય અને વિનયનું ફળ બાકીનું સમગ્ર કલ્યાણ છે.[3]

વિનય માનસિક ગુલામી નથી, પરંતુ તે આત્મિક અને વ્યાવહારિક વિશેષતાઓની અભિવ્યંજના છે. તેની પૃષ્ઠભૂમિમાં આટલા ગુણો સમાયેલા રહે છે[4]:

૧. આત્મશોધિ—આત્માનું પરિશોધન.
૨. નિર્દ્વન્દ્વ—કલહ વગેરે દ્વન્દ્વની પ્રવૃત્તિનો અભાવ.

---

૧. तत्त्वानुशासन, ८१ ।

૨. उपदेशमाला, ३४१ : विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तओ ॥

3. मूलाचार, ५।२११ : विणएण विप्पहीणस्स, हवदि सिक्खा सव्वा णिरत्थिया ।
विणओ सिक्खाए फलं, विणयफलं सव्व कल्लाणं ॥

૪. " ५।२१३ : आयारजीदकप्पगुणदीवणा, अत्तसोधि णिज्जंजा ।
अज्जव-मद्दव-लाहव-भत्ती-पल्हादकरणं च ॥

૩. ઋજુતા—સરળતા.
૪. મૃદુતા—નિશ્છલતા અને નિરભિમાનતા
૫. લાઘવ—અનાશક્તિ.
૬. ભક્તિ—ભક્તિ.
૭. પ્રહ્લાદકરણ—પ્રસન્નતા.

વિનયનાં વ્યાવહારિક ફળો છે—કીર્તિ અને મૈત્રી. વિનય કરનાર પોતાના અભિમાનનું નિરસન, ગુરુજનોનું બહુમાન, તીર્થંકરની આજ્ઞાનું પાલન અને ગુણોનું અનુમોદન કરે છે.[1]

સૂત્રકારે વિનીતને તે સ્થાન આપ્યું છે, જે અનાયાસ મળતું નથી. સૂત્રની ભાષા છે—**'हवइ किच्चाणं सरणं, भूयाणं जगई जहा'**—જે રીતે પૃથ્વી પ્રાણીઓને માટે આધારરૂપ બને છે, તે જ રીતે વિનીત શિષ્ય ધર્માચરણ કરનારાઓ માટે આધાર બને છે.[2]

---

૧. मूलाचार, ५।२१४: कित्ती मित्ती माणस्स भंजणं गुरुजणे य बहुमाणं ।
तित्थयराणं आणा गुणाणुमोदो य विणयगुणा ॥

२. उत्तरज्झयणाणि, १।४५ ।

# पढमं अज्झयणं : પ્રથમ અધ્યયન
# विणयसुयं : વિનયશ્રુત

| મૂળ | संस्कृत છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. संजोगा विप्पमुक्कस्स<br>अणगारस्स भिक्खुणो ।<br>विणयं पाउकरिस्सामि<br>आणुपुव्विं सुणेह मे ॥ | संयोगाद् विप्रमुक्तस्य<br>अनगारस्य भिक्षोः ।<br>विनयं प्रादुष्करिष्यामि<br>आनुपूर्व्या श्रुणुत मम ॥ | ૧. જે સંયોગથી મુક્ત છે, અનગાર છે, ભિક્ષુ છે,[૧] તેના વિનયને[૨] ક્રમશઃ પ્રકટ કરીશ. મને સાંભળો. |
| २. आणानिद्देसकरे<br>गुरूणमुववायकारए ।<br>इंगियागारसंपन्ने<br>से विणीए त्ति वुच्चई ॥ | आज्ञानिर्देशकरः<br>गुरूणामुपपातकारकः ।<br>इंगिताकारसम्प्रज्ञः<br>स विनीत इत्युच्यते ॥ | ૨. જે ગુરુની આજ્ઞા અને નિર્દેશનું પાલન કરે છે[૩], ગુરુની શુશ્રૂષા કરે છે[૪], ગુરુના ઇંગિત અને આકારને[૫] જાણે છે[૬], તે 'વિનીત' કહેવાય છે. |
| ३. आणाऽनिद्देसकरे<br>गुरूणमणुववायकारए ।<br>पडिणीए असंबुद्धे<br>अविणीए त्ति वुच्चई ॥ | अनाज्ञानिर्देशकरः<br>गुरूणामनुपपातकारकः ।<br>प्रत्यनीकोऽसम्बुद्धः<br>अविनीत इत्युच्यते ॥ | ૩. જે ગુરુની આજ્ઞા અને નિર્દેશનું પાલન નથી કરતો, ગુરુની શુશ્રૂષા નથી કરતો[૭], જે ગુરુને પ્રતિકૂળ વર્તન કરે છે અને ઇંગિત તથા આકારને સમજતો નથી[૮], તે 'અવિનીત' કહેવાય છે. |
| ४. जहा सुणी पूइकण्णी<br>निक्कसिज्जइ सव्वसो ।<br>एवं दुस्सील पडिणीए<br>मुहरी निक्कसिज्जई ॥ | यथा शुनी पूतिकर्णी<br>निष्काश्यते सर्वशः ।<br>एवं दुःशीलः प्रत्यनीकः<br>मुखरो निष्काश्यते ॥ | ૪. જેવી રીતે સડેલા કાનવાળી કૂતરી બધાં જગ્યાએથી હાંકી કઢાય છે[૯], તેવી જ રીતે દુઃશીલ[૧૦], ગુરુને પ્રતિકૂળ વર્તન કરનારો અને વાચાળ ભિક્ષુ[૧૧] ગણમાંથી હાંકી કઢાય છે. |
| ५. कणकुण्डगं चइत्ताणं<br>विट्ठं भुंजइ सूयरे ।<br>एवं सीलं चइत्ताणं<br>दुस्सीले रमई मिए ॥ | कणकुण्डगं त्यक्त्वा<br>विष्ठां भुंक्ते शूकरः ।<br>एवं शीलं त्यक्त्वा ।<br>दुःशीले रमते मृगः ॥ | ૫. જે રીતે ડુક્કર ચોખાની કણકીને[૧૨] છોડીને વિષ્ઠા ખાય છે, તેવી જ રીતે અજ્ઞાની[૧૩] ભિક્ષુ શીલને[૧૪] છોડીને દુઃશીલમાં રમણ કરે છે. |
| ६. सुणियाऽभावं साणस्स<br>सूयरस्स नरस्स य ।<br>विणए ठवेज्ज अप्पाणं<br>इच्छन्तो हियमप्पणो ॥ | श्रुत्वा अभावं शुनः<br>शूकरस्य नरस्य च ।<br>विनये स्थापयेदात्मानम्<br>इच्छन् हितमात्मनः ॥ | ૬. પોતાના આત્માનું હિત[૧૫] ચાહનાર ભિક્ષુ કૂતરી અને ડુક્કરની માફક દુઃશીલ મનુષ્યના હીન ભાવને સાંભળીને[૧૬] પોતાની જાતને પોતે જ વિનયમાં સ્થાપિત કરે. |

**७. तम्हा विणयमेसेज्जा**
**सीलं पडिलभे जओ ।**
**बुद्धपुत्ते नियागट्ठी**
**न निक्कसिज्जइ कण्हुई ॥**

तस्माद् विनयमेषयेत्
शीलं प्रतिलभेत यतः ।
बुद्धपुत्रो नियागार्थी
न निष्कास्यते क्वचित् ॥

૭. એટલા માટે વિનયનું આચરણ કરે કે જેથી શીલની પ્રાપ્તિ થાય. જે બુદ્ધપુત્ર (આચાર્યનો પ્રિય શિષ્ય) અને મોક્ષનો ઇચ્છુક[17] હોય છે, તેને ક્યાંયથી પણ હાંકી કાઢવામાં આવતો નથી.

**८. निसंते सियाऽमुहरी**
**बुद्धाणं अन्तिए सया ।**
**अट्ठजुत्ताणि सिक्खेज्जा**
**निरट्ठाणि उ वज्जए ॥**

निशान्तः स्यादमुखरः
बुद्धानामन्तिके सदा ।
अर्थयुक्तानि शिक्षेत
निरर्थानि तु वर्जयेत् ॥

૮. ભિક્ષુ આચાર્ય સમીપે સદા પ્રશાંત રહે, વાચાળ ન બને. તેમની પાસેથી અર્થયુક્ત પદો શીખે અને નિરર્થક પદોને છોડી દે.[18]

**९. अणुसासिओ न कुप्पेज्जा**
**खंतिं सेविज्ज पण्डिए ।**
**खुड्डेहिं सह संसग्गिं**
**हासं कीडं च वज्जए ॥**

अनुशिष्टो न कुप्येत्
क्षांतिं सेवेत पण्डितः ।
क्षुद्रैः सह संसर्गं
हासं क्रीडां च वर्जयेत् ॥

૯. પંડિત ભિક્ષુ ગુરુ દ્વારા અનુશાસિત થતા ક્રોધ ન કરે. ક્ષમાની આરાધના કરે. ક્ષુદ્ર વ્યક્તિઓ સાથેનો સંસર્ગ, હાસ્ય અને રમત[19] ન કરે.

**१०. मा य चण्डालियं कासी**
**बहुयं मा य आलवे ।**
**कालेण य अहिज्जित्ता**
**तओ झाएज्ज एगगो ॥**

मा च चाण्डालिकं कार्षी
बहुकं मा चालपेत् ।
कालेन चाधीत्य
ततो ध्यायेदेककः ॥

૧૦. ભિક્ષુ ચાંડાલને યોગ્ય કર્મ[20] (ક્રૂર વ્યવહાર) ન કરે. બહુ ન બોલે. સ્વાધ્યાયકાળે સ્વાધ્યાય કરે અને તે પછી એકલો ધ્યાન કરે.[21]

**११. आहच्च[1] चण्डालियं कट्टु**
**न निण्हविज्ज कयाइ वि ।**
**कडं कडे त्ति भासेज्जा**
**अकडं नो कडे त्ति य ॥**

'आहत्य' चाण्डालिकं कृत्वा
न निन्हुवीत कदाचिदपि ।
कृतं कृतमिति भाषेत
अकृतं नो कृतमिति च ॥

૧૧. ભિક્ષુ એકાએક ચાંડાલને યોગ્ય કર્મ કરી તેને ક્યારેય ન છુપાવે. અકાર્ય કર્યું હોય તો 'કર્યું' અને ન કર્યું હોય તો 'નથી કર્યું' તેમ કહે.

**१२. मा गलियस्से व कसं**
**वयणमिच्छे पुणो पुणो ।**
**कसं व दट्ठुमाइण्णे**
**पावगं परिवज्जए ॥**

मा गल्यश्व इव कशं
वचनमिच्छेद् पुनः पुनः ।
कशमिव दृष्ट्वा आकीर्णः
पापकं परिवर्जयेत् ॥

૧૨. જેવી રીતે ગળિયો ઘોડો[22] વારંવાર ચાબુક માગે છે, તેવી રીતે વિનીત શિષ્ય વારંવાર ગુરુનો ઠપકો ન માગે. જેમ આજ્ઞાંકિત ઘોડો ચાબુક જોતાં જ ખોટો રસ્તો છોડી દે છે, તેવી જ રીતે વિનયી શિષ્ય ગુરુના ઇશારા અને ચેષ્ટા જોઈને અશુભ પ્રવૃત્તિને છોડી દે.[23]

**१३. अणासवा थूलवया कुसीला**
**मिउं पि चण्डं पकरेंति सीसा ।**
**चित्ताणुया लहुदक्खोववेया**
**पसायए ते हु दुरासयं पि ॥**

अनाश्रवाः स्थूलवचसः कुशीलाः
मृदुमपि चण्डं प्रकुर्वन्ति शिष्याः ।
चित्तानुगा लघुदाक्ष्योपेताः
प्रसादयेयुस्ते 'हु' दुराशयमपि ॥

૧૩. આજ્ઞા ન માનનાર અને જેમ-તેમ બોલનાર કુશીલ શિષ્ય કોમળ સ્વભાવવાળા ગુરુને પણ ક્રોધી બનાવી દે છે. ચિત્ત અનુસાર ચાલનાર અને કુશળતાથી કાર્ય સંપન્ન કરનાર શિષ્ય[24] દુરાશય[25] ગુરુને પણ પ્રસન્ન કરે છે.

---

૧. બૃહદ્વૃત્તિ (પત્ર ૪૮)માં આનું સંસ્કૃત રૂપ 'आहत्य' અને અર્થ 'कदाचित्' કરવામાં આવ્યો છે. ચૂર્ણિ (પૃ. ૨૯)માં કદાચિત્ અને સહસા— બે અર્થ મળે છે. પિશેલે આને અર્ધમાગધી શબ્દ માનીને સંસ્કૃત રૂપ 'अहृत्य' કર્યું છે. દેશીનામમાલા (૧/૬૨)માં આનો અર્થ 'अत्यर्थ' મળે છે. શૌરસેનીમાં આ શબ્દ 'आहणिअ' રૂપમાં મળે છે. પ્રસ્તુત પ્રકરણમાં 'सहसा' અર્થ અધિક યોગ્ય જણાય છે.

१४. नापुट्ठो वागरे किंचि
पुट्ठो वा नालियं वए ।
कोहं असच्चं कुव्वेज्जा
धारेज्जा पियमप्पियं ॥

नापृष्टो व्यागृणीयात् किञ्चित्
पृष्टो वा नालीकं वदेत् ।
क्रोधमसत्यं कुर्वीत
धारयेत् प्रियमप्रियम् ॥

૧૪. વિના પૂછ્યે કંઈ પણ ન બોલે.[૨૬] પૂછાતાં અસત્ય ન બોલે. ક્રોધ આવી જાય તો તેને દબાવી દે.[૨૭] પ્રિય અને અપ્રિયને ધારણ કરે—રાગ અને દ્વેષ ન કરે.[૨૮]

१५. अप्पा चेव दमेयव्वो
अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दन्तो सुही होइ
अस्सिं लोए परत्थ य ॥

आत्मा चैव दान्तव्यः
आत्मा 'हु' खलु दुर्दमः ।
आत्मा दान्तः सुखी भवति
अस्मिंल्लोके परत्र च ।

૧૫. આત્માનું જ દમન કરવું જોઈએ[૨૯] કેમકે આત્મા જ દુર્દમ્ય છે. દમિત આત્મા જ આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

१६. वरं मे अप्पा दन्तो
संजमेण तवेण य ।
माहं परेहि दम्मन्तो
बन्धणेहि वहेहि य ॥

वरं मम आत्मा दान्तः
संयमेन तपसा च ।
माहं परैर्दम्यमानः
बन्धनैर्वधैश्च ॥

૧૬. સારું એ છે કે હું સંયમ અને તપ વડે મારા આત્માનું દમન કરું.[૩૦] બીજા લોકો બંધન અને વધ વડે મારું દમન કરે તે સારું નથી.

१७. पडिणीयं च बुद्धाणं
वाया अदुव कम्मुणा ।
आवी वा जइ वा रहस्से
नेव कुज्जा कयाइ वि ॥

प्रत्यनीकत्वं च बुद्धानां
वाचा अथवा कर्मणा ।
आविर्वा यदि वा रहस्ये
नैव कुर्यात् कदाचिदपि ॥

૧૭. લોકો સમક્ષ કે એકાંતમાં, વચનથી કે કર્મથી, ક્યારેય પણ આચાર્યોને પ્રતિકૂળ વર્તન ન કરવું.[૩૧]

१८. न पक्खओ न पुरओ
नेव किच्चाण पिट्ठओ ।
न जुंजे ऊरुणा ऊरुं
सयणे नो पडिस्सुणे ॥

न पक्षतो न पुरतः
नैव कृत्यानां पृष्ठतः ।
न युञ्ज्याद् उरुणोरुं
शयने नो प्रतिश्रृणुयात् ॥

૧૮. આચાર્યોની[૩૨] પડખે ન બેસવું. આગળ કે પાછળ પણ ન બેસવું. તેમના સાથળને પોતાના સાથળ અડાડીને ન બેસવું. પથારી પર બેઠા બેઠા જ તેમના આદેશ ન માગવા, પરંતુ પથારી છોડીને સાંભળવા.[૩૩]

१९. नेव पल्हत्थियं कुज्जा
पक्खपिण्डं व संजए ।
पाए पसारिए वावि
न चिट्ठे गुरुणन्तिए ॥

नैव पर्यस्तिकां कुर्यात्
पक्षपिण्डं वा संयतः ।
पादौ प्रसार्य्य वापि
न तिष्ठेद् गुरूणामन्तिके ॥

૧૯. સંયમી મુનિ ગુરુ પાસે પલાંઠી વાળીને ન બેસે. પક્ષપિંડ કરીને(બંને હાથ વડે ઘૂંટણ અને સાથળને[૩૪] વીંટીને) તથા પગ ફેલાવીને ન બેસે.

२०. आयरिएहिं वाहिन्तो
तुसिणीओ न कयाइ वि ।
पसायपेही नियागट्ठी
उवचिट्ठे गुरुं सया ॥

आचार्यैर्व्याहृतः
तूष्णीको न कदाचिदपि ।
प्रसादप्रेक्षी नियागार्थी
उपतिष्ठेत गुरुं सदा ॥

૨૦. આચાર્યો દ્વારા બોલાવામાં આવે ત્યારે[૩૫] કોઈ પણ અવસ્થામાં મૌન ન રહે. ગુરુની કૃપાને ચાહનારો મોક્ષાભિલાષી શિષ્ય સદા તેમની સમીપે રહે.[૩૬]

२१. आलवन्ते लवन्ते वा
न निसीएज्ज कयाइ वि ।
चइऊणमासणं धीरो
जओ जत्तं पडिस्सुणे ॥

आलपन् लपन् वा
न निषीदेत् कदाचिदपि ।
त्यक्त्वा आसनं धीरः
यतो यत्नं प्रतिश्रृणुयात् ॥

૨૧. ધૃતિમાન શિષ્ય ગુરુ સાથે વાર્તાલાપ કરતી વેળાએ અને પ્રશ્ન પૂછતી વેળાએ[૩૭] ક્યારેય બેઠો ન રહે, પરંતુ તેઓ જે આજ્ઞા આપે, તેને આસન છોડીને સંયત મુદ્રામાં યત્નપૂર્વક સ્વીકારે.

**२२. आसणगओ न पुच्छेज्जा**
**नेव सेज्जागओ कया ।**
**आगम्मुक्कुडुओ सन्तो**
**पुच्छेज्जा पंजलीउडो ॥**

आसनगतो न पृच्छेत्
नैव शय्यागतः कदा ।
आगम्योत्कुटुकः सन्
पृच्छेत् प्रांजलिपुटः ॥

૨૨. આસન પર અથવા પથારી પર બેઠા-બેઠા ક્યારેય ગુરુને કોઈ વાત ન પૂછે. તેમની નજીક જઈને ઊભડક બેસીને[૩૮], હાથ જોડીને પૂછે.

**२३. एवं विणयजुत्तस्स**
**सुत्तं अत्थं च तदुभयं ।**
**पुच्छमाणस्स सीसस्स**
**वागरेज्ज जहासुयं ॥**

एवं विनययुक्तस्य
सूत्रमर्थं च तदुभयम् ।
पृच्छतः शिष्यस्य
व्यागृणीयाद् यथाश्रुतम् ॥

૨૩. આ રીતે જે શિષ્ય વિનયી હોય[૩૯], તેના પૂછવાથી ગુરુ સૂત્ર, અર્થ અને તદુભય[૪૦] (સૂત્ર અને અર્થ બંને) જેવી રીતે સાંભળ્યાં હોય, જાણેલાં હોય, તેવી રીતે બતાવે.

**२४. मुसं परिहरे भिक्खू**
**न य ओहारिणिं वए ।**
**भासादोसं परिहरे**
**मायं च वज्जए सया ॥**

मृषा परिहरेद् भिक्षुः
न चावधारिणीं वदेत् ।
भाषादोषं परिहरेत्
मायां च वर्जयेत् सदा ॥

૨૪. ભિક્ષુ અસત્યનો ત્યાગ કરે. નિશ્ચયકારિણી ભાષા ન બોલે. ભાષાના દોષોને છોડે. માયાનો સદા ત્યાગ કરે.[૪૧]

**२५. न लवेज्ज पुट्ठो सावज्जं**
**न निरट्ठं न मम्मयं ।**
**अप्पणट्ठा परट्ठा वा**
**उभयस्सन्तरेण वा ॥**

न लपेत् पृष्टः सावद्यं
न निरर्थं न मर्मकम् ।
आत्मार्थं परार्थं वा
उभयस्यान्तरेण वा ॥

૨૫. કોઈના પૂછવા છતાં પણ પોતાના, પારકાંના કે બંનેનાં પ્રયોજનને માટે અથવા અકારણ જ[૪૨] સાવદ્ય ન બોલે. નિરર્થક[૪૩] ન બોલે અને મર્મભેદી વચન[૪૪] ન બોલે.

**२६. समरेसु अगारेसु**
**सन्धीसु य महापहे ।**
**एगो एगित्थिए सद्धिं**
**नेव चिट्ठे न संलवे ॥**

स्मरेषु अगारेषु
सन्धिषु च महापथे ।
एक एकस्त्रिया सार्धं
नैव तिष्ठेन्न संलपेत् ॥

૨૬. કામદેવનાં મંદિરોમાં, ઘરોમાં, બે ઘરની વચ્ચેની સંધિમાં[૪૫] અને રાજમાર્ગમાં એકલો મુનિ એકલી સ્ત્રી સાથે ઊભો ન રહે કે ન તો વાર્તાલાપ કરે.

**२७. जं मे बुद्धाणुसासन्ति**
**सीएण फरुसेण वा ।**
**मम लाभो त्ति पेहाए**
**पयओ तं पडिस्सुणे ॥**

यन्मां बुद्धा अनुशासति
शीतेन परुषेण वा ।
मम लाभ इति प्रेक्ष्य
प्रयतस्तत् प्रतिश्रृणुयात् ॥

૨૭. આચાર્ય મારા પર કોમળ કે કઠોર વચનો[૪૬] વડે જે અનુશાસન કરે છે તે મારા લાભને માટે છે એવું વિચારીને, જાગરૂકતાપૂર્વક તેમનાં વચનોનો સ્વીકાર કરે.

**२८. अणुसासणमोवायं**
**दुक्कडस्स य चोयणं ।**
**हियं तं मन्नए पण्णो**
**वेसं होइ असाहुणो ॥**

अनुशासनमौपायं
दुष्कृतस्य च चोदनम् ।
हितं तन्मन्यते प्राज्ञः
द्वेष्यं भवत्यसाधोः ॥

૨૮. કોમળ કે કઠોર વચનોથી કરવામાં આવેલ અનુશાસન હિતસાધનનો ઉપાય અને દુષ્કૃતનું નિવારક હોય છે. પ્રજ્ઞાવાન મુનિ તેને હિતકારી સમજે છે. તે જ અસાધુ માટે દ્વેષનો હેતુ[૪૭] બની જાય છે.

**२९. हियं विगयभया बुद्धा**
**फरुसं पि अणुसासणं**
**वेसं तं होइ मूढाणं**
**खन्तिसोहिकरं पयं ॥**

हितं विगतभया बुद्धाः
परुषमप्यनुशासनम् ।
द्वेष्यं तद् भवति मूढानां
क्षान्तिशोधिकरं पदम् ॥

૨૯. ભયમુક્ત[૪૮] બુદ્ધિમાન શિષ્ય ગુરુના કઠોર અનુશાસનને પણ હિતકારી માને છે. પરંતુ મોહગ્રસ્ત વ્યક્તિઓ માટે તે જ—સહિષ્ણુતા અને ચિત્તવિશુદ્ધિ કરનાર, ગુણવૃદ્ધિ માટે આધારભૂત—અનુશાસન દ્વેષનો હેતુ બની જાય છે.

**३०. आसणे उवचिट्ठेज्जा**
**अणुच्चे अकुए थिरे ।**
**अप्पुट्ठाई निरुट्ठाई**
**निसीएज्जप्पकुक्कुए ॥**

आसने उपतिष्ठेत
अनुच्चे अकुचे स्थिरे ।
अल्पोत्थायी निरुत्थायी
निषीदेदल्पकुक्कुचः ॥

૩૦. જે ગુરુના આસનથી નીચું હોય, અકંપાયમાન અને સ્થિર હોય એવા આસન ઉપર બેસે અને પ્રયોજન હોવા છતાં પણ વારંવાર ન ઊઠે અને પ્રયોજન વિના તો ઊઠે જ નહિ. બેસે ત્યારે સ્થિર અને શાંત થઈને બેસે, હાથ-પગ વગેરેને ચંચળ ન થવા દે.[૯]

**३१. कालेण निक्खमे भिक्खू**
**कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जित्ता**
**काले कालं समायरे ॥**

काले निष्क्रामेद् भिक्षुः
काले च प्रतिक्रामेत् ।
अकालं च विवर्ज्य
काले कालं समाचरेत् ॥

૩૧. ભિક્ષુ સમયસર ભિક્ષા માટે નીકળે, સમયસર પાછો ફરે. અકાળને છોડીને, જે કાર્ય જે સમયે કરવાનું હોય, તેને તે જ સમયે કરે.[૧૦]

**३२. परिवाडीए न चिट्ठेज्जा**
**भिक्खू दत्तेसणं चरे ।**
**पडिरूवेण एसित्ता**
**मियं कालेण भक्खए ॥**

परिपाट्यां न तिष्ठेत्
भिक्षुर्दत्तैषणां चरेत् ।
प्रतिरूपेणैषयित्वा
मितं काले भक्षयेत् ॥

૩૨. ભિક્ષુ પરિપાટી(હાર)માં ઊભો ન રહે.[૧૧] ગૃહસ્થ દ્વારા અપાયેલા આહારની એષણા કરે. પ્રતિરૂપ(મુનિવેષ)માં[૧૨] એષણા કરી યોગ્ય સમયે મિત આહાર કરે.

**३३. नाइदूरमणासन्ने**
**नन्नेसिं चक्खुफासओ ।**
**एगो चिट्ठेज्ज भत्तट्ठा**
**लंघिया तं नइक्कमे ॥**

नातिदूरेऽनासन्ने
नान्येषां चक्षुः स्पर्शतः ।
एकस्तिष्ठेद् भक्तार्थः
लङ्घयित्वा तं नातिक्रामेत् ॥

૩૩. પહેલાંથી જ અન્ય ભિક્ષુઓ ઊભા હોય તો તેમનાથી અતિ દૂર કે અતિ સમીપ ન ઊભો રહે અને દેનાર ગૃહસ્થોની નજરની સામે પણ ન રહે. પરંતુ એકલો (ભિક્ષુઓ અને દાતા બંનેની દૃષ્ટિથી બચીને) ઊભો રહે. ભિક્ષુઓને વટાવીને ભોજન લેવા માટે ન જાય.[૧૩]

**३४. नाइउच्चे व नीए वा**
**नासन्ने नाइदूरओ ।**
**फासुयं परकडं पिण्डं**
**पडिगाहेज्ज संजए ॥**

नात्युच्चे वा नीचे वा
नासन्ने नातिदूरतः ।
प्रासुकं (स्पर्शुकं) परकृतं पिण्डं
प्रतिगृह्णीयात् संयतः ।

૩૪. સંયમી મુનિ પ્રાસુક અને ગૃહસ્થ માટે બનેલો આહાર લે, પરંતુ અતિ ઊંચેથી અથવા અતિ નીચેથી તથા અતિ સમીપ કે અતિ દૂરથી આપવામાં આવતો આહાર ન લે.[૧૪]

**३५. अप्पपाणेऽप्पबीयंमि**
**पडिच्छन्नंमि संवुडे ।**
**समयं संजए भुंजे**
**जयं अपरिसाडयं ॥**

अल्पप्राणेऽल्पबीजे
प्रतिच्छन्ने संवृते ।
समकं संयतो भुंजीत
यतमपरिसाटयन् ॥

૩૫. સંયમી મુનિ પ્રાણી અને બીજ રહિત[૧૫], ઉપરથી ઢાંકેલા અને ચારે બાજુ ભીંતોથી સંવૃત[૧૬] (ઢંકાયેલા) ઉપાશ્રયમાં પોતાના સહધર્મી મુનિઓની સાથે, જમીન પર ન પડે તેમ, યત્નપૂર્વક આહાર કરે.[૧૭]

**३६. सुकडे त्ति सुपक्के त्ति**
**सुच्छिन्ने सुहडे मडे ।**
**सुणिट्ठिए सुलट्ठे त्ति**
**सावज्जं वज्जए मुणी ॥**

सुकृतमिति सुपक्वमिति
सुच्छिन्नं सुहृतं मृतम् ।
सुनिष्ठितं सुलष्टमिति
सावद्यं वर्जयेन्मुनिः ॥

૩૬. ઘણું સરસ કર્યું છે (ભોજન વગેરે), ઘણું સરસ રાંધ્યું છે(મિષ્ટાન્ન વગેરે), ઘણું સરસ કાપ્યું છે(પાંદડાંનું શાક વગેરે), ઘણું સરસ હર્યું છે(શાકની કડવાટ વગેરે), ઘણું સરસ માર્યું છે(ચૂરમામાં ઘી વગેરે), ઘણો સરસ રસ નીકળ્યો છે(જલેબી વગેરેમાં), ઘણું ઇષ્ટ છે— મુનિ આવાં સાવદ્ય વચનોનો પ્રયોગ ન કરે.[૧૮]

**३७. रमए पण्डिए सासं**
**हयं भद्दं व वाहए ।**
**बालं सम्मइ सासन्तो**
**गलियस्सं व वाहए ॥**

रमते पण्डितान् शासत्
हयं भद्रमिव वाहकः ।
बालं श्राम्यति शासत्
गल्यश्वमिव वाहकः ॥

૩૭. જેમ ઉત્તમ ઘોડાને હંકારતા તેનો હાંકનાર આનંદ પામે છે, તેવી જ રીતે પંડિત(વિનયી) શિષ્ય પર અનુશાસન કરતાં ગુરુ આનંદ પામે છે. જેમ દુષ્ટ ઘોડાને હંકારતા તેનો હાંકનાર ખિન્ન થાય છે, તેવી જ રીતે બાલ(અવિનયી) શિષ્ય પર અનુશાસન કરતાં ગુરુ ખિન્ન થાય છે.

**३८. खड्डुया मे चवेडा मे**
**अक्कोसा य वहा य मे ।**
**कल्लाणमणुसासन्तो**
**पावदिट्ठि त्ति मन्नई ॥**

'खड्डुया' मे चपेटा मे
आक्रोशाश्च वधाश्च मे ।
कल्याणमनुशास्यमानः
पापदृष्टिरिति मन्यते ॥

૩૮. પાપ-દૃષ્ટિવાળો શિષ્ય ગુરુના કલ્યાણકારી અનુશાસનને પણ લાતસમાન, લપડાક-સમાન, ગાળસમાન કે પ્રહાર સમાન માને છે.[૬૦]

**३९. पुत्तो मे भाय नाइ त्ति**
**साहू कल्लाण मन्नई ।**
**पावदिट्ठी उ अप्पाणं**
**सासं दासं व मन्नई ॥**

पुत्रो मे भ्राता ज्ञातिरिति
साधुः कल्याणं मन्यते ।
पापदृष्टिस्त्वात्मानं
शास्यमानं दासमिव मन्यते ॥

૩૯. ગુરુ મને પુત્ર, ભાઈ અને સ્વજનની જેમ પોતાના ગણીને શિક્ષા આપે છે—એવું વિચારીને વિનયી શિષ્ય તેમના અનુશાસનને કલ્યાણકારી ગણે છે, પરંતુ કુશિષ્ય હિતાનુશાસન વડે શાસિત થવા છતાં પણ પોતાને દાસ સમાન ગણે છે.[૬૧]

**४०. न कोवए आयरियं**
**अप्पाणं पि न कोवए ।**
**बुद्धोवघाई न सिया**
**न सिया तोत्तगवेसए ॥**

न कोपयेदाचार्यं
आत्मानमपि न कोपयेत् ।
बुद्धोपघाती न स्यात्
न स्यात् तोत्रगवेषकः ॥

૪૦. શિષ્ય આચાર્યને ગુસ્સે ન કરે. પોતે પણ ગુસ્સે ન થાય. આચાર્યનો ઉપઘાત કરનાર ન થાય.[૬૨] તેમનો છિદ્રાન્વેષી[૬૩] ન થાય.

**४१. आयरियं कुवियं नच्चा**
**पत्तिएण पसायए ।**
**विज्झवेज्ज पंजलिउडो**
**वएज्ज न पुणो त्ति य ॥**

आचार्यं कुपितं ज्ञात्वा
प्रातीतिकेन प्रसादयेत् ।
विध्यापयेत् प्रांजलिपुटः
वदेन्न पुनरिति च ॥

૪૧. આચાર્યને કોપાયમાન થયેલા[૬૪] જાણીને વિનયી શિષ્ય પ્રતીતિકારક (અથવા પ્રીતિકારક) વચનો વડે તેમને પ્રસન્ન કરે. હાથ જોડીને[૬૫] તેમને શાંત કરે અને એમ કહે કે 'હું ફરી આવું નહિ કરું'.

**४२. धम्मज्जियं च ववहारं**
**बुद्धेहायरियं सया ।**
**तमायरन्तो ववहारं**
**गरहं नाभिगच्छई ॥**

धर्मार्जितं च व्यवहारं
बुद्धैराचरितं सदा ।
तमाचरन् व्यवहारं
गर्हां नाभिगच्छति ॥

૪૨. જે વ્યવહાર ધર્મથી અર્જિત[૬૬] થયો છે, જેનું તત્ત્વજ્ઞ આચાર્યોએ સદા આચરણ કર્યું છે, તે વ્યવહારનું આચરણ કરતો મુનિ ક્યાંય પણ નિંદાને પાત્ર થતો નથી.

**४३. मणोगयं वक्कगयं**
**जाणित्तायरियस्स उ ।**
**तं परिगिज्झ वायाए**
**कम्मुणा उववायए ॥**

मनोगतं वाक्यगतं
ज्ञात्वा आचार्यस्य तु ।
तत् परिगृह्य वाचा
कर्मणोपपादयेत् ॥

૪૩. આચાર્યના મનોગત અને વાક્યગત ભાવોને જાણીને, તેમના વચનોને ગ્રહણ કરે અને કાર્યરૂપમાં પરિણત કરે.

४४. वित्ते अचोइए निच्चं
खिप्पं हवइ सुचोइए ।
जहोवइट्ठं सुकयं
किच्चाइं कुव्वई सया ॥

वित्तोऽचोदितो नित्यं
क्षिप्रं भवति सुचोदितः ।
यथोपदिष्टं सुकृतं
कृत्यानि करोति सदा ॥

૪૪. જે વિનયથી પ્રખ્યાત હોય છે તે સદા પ્રેર્યા વિના જ કાર્યમાં પ્રવૃત્ત થાય છે. તે સારા પ્રેરક ગુરુની પ્રેરણા પામીને તરત જ તેમના ઉપદેશ અનુસાર સારી રીતે કાર્ય સંપન્ન કરે છે.

४५. नच्चा नमइ मेहावी
लोए कित्ती से जायए ।
हवई किच्चाणं सरणं
भूयाणं जगई जहा ॥

ज्ञात्वा नमति मेधावी
लोके कीर्तिस्तस्य जायते ।
भवति कृत्यानां शरणं
भूतानां जगती यथा ॥

૪૫. મેધાવી મુનિ ઉક્ત વિનય-પદ્ધતિ જાણીને તેને ક્રિયાન્વિત કરવામાં તત્પર બને છે. તેની લોકમાં કીર્તિ થાય છે. જે રીતે પૃથ્વી પ્રાણીઓનો આધાર છે, તે જ રીતે તે આચાર્યોને માટે આધારભૂત બની જાય છે.

४६. पुज्जा जस्स पसीयन्ति
संबुद्धा पुव्वसंथुया ।
पसन्ना लाभइस्सन्ति
विउलं अट्ठियं सुयं ॥

पूज्या यस्य प्रसीदन्ति
सम्बुद्धाः पूर्वसंस्तुताः ।
प्रसन्ना लाभयिष्यन्ति
विपुलमार्थिकं श्रुतम् ॥

૪૬. તેના પર તત્ત્વજ્ઞ પૂજ્ય આચાર્યો પ્રસન્ન થાય છે. અધ્યયનકાળ પહેલાં જ તેઓ તેના વિનય સમાચરણથી પરિચિત હોય છે. તેઓ પ્રસન્ન થઈને તેને મોક્ષના હેતુભૂત વિપુલ શ્રુતજ્ઞાનનો લાભ કરાવે છે.

४७. स पुज्जसत्थे सुविणीयसंसए
मणोरुई चिट्ठइ कम्मसंपया ।
तवोसमायारिसमाहिसंवुडे
महज्जुई पंचवयाइं पालिया ॥

स पूज्यशास्त्रः सुविनीतसंशयः
मनोरुचिस्तिष्ठति कर्मसम्पदा ।
तपःसामाचारीसमाधिसंवृतः
महाद्युतिः पंच व्रतानि पालयित्वा ॥

૪૭. તે પૂજ્યશાસ્ત્ર હોય છે—તેને શાસ્ત્રીય જ્ઞાનનું ઘણું સન્માન હોય છે. તેની બધી શંકાઓ નાશ પામે છે. તે ગુરુના મનને ગમે છે. તે કર્મ-સંપદા (દસવિધ સામાચારી) વડે સમ્પન્ન થઈને રહે છે. તે તપ: સામાચારી અને સમાધિ વડે સંવૃત થાય છે. તે પાંચ મહાવ્રતોનું પાલન કરીને મહાન તેજસ્વી બની જાય છે.

४८. स देवगन्धव्वमणुस्सपूइए
चइत्तु देहं मलपंकपुव्वयं ।
सिद्धे वा हवइ सासए
देवे वा अप्परए महिड्ढिए ॥

स देवगन्धर्वमनुष्यपूजितः
त्यक्त्वा देहं मलपङ्कपूर्वकम् ।
सिद्धो वा भवति शाश्वतः
देवो वा अल्परजा महर्द्धिकः ॥

૪૮. દેવ, ગંધર્વ અને મનુષ્યોથી પૂજાતો તે વિનીત શિષ્ય મળ અને પંકથી બનેલા શરીરને ત્યાગીને કાં તો શાશ્વત સિદ્ધ બને છે અથવા અલ્પ કર્મવાળો મહર્ધિક દેવ બને છે.

–त्ति बेमि ।

–इति ब्रवीमि

–એમ હું કહું છું.

ટિપ્પણ

# અધ્યયન ૧ : વિનયશ્રુત

## ૧. (संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो)

સંયોગનો અર્થ છે—સંબંધ. તે બે પ્રકારનો હોય છે—બાહ્ય અને આભ્યંતર. માતા-પિતા વગેરેનો પારિવારિક સંબંધ 'બાહ્ય સંયોગ' છે અને વિષય, કષાય વગેરેનો સંબંધ 'આભ્યંતરિક-સંયોગ' છે. ભિક્ષુએ આ બંને સંયોગોથી મુક્ત થવું જોઈએ.[1]

વૃક્ષ ચાલતાં નથી, તેટલા માટે તેમને 'અગ' કહેવામાં આવે છે. પ્રાચીન કાળમાં મોટા ભાગે ઘરો વૃક્ષના લાકડાંમાંથી બનાવવામાં આવતાં હતાં. તેથી ઘરનું નામ 'અગાર' પડ્યું. જેમને 'અગાર' નથી હોતું, તે 'અનગાર' છે.[2]

પ્રવૃત્તિ-લભ્ય અર્થની દૃષ્ટિથી 'અનગાર' અને 'ભિક્ષુ' બંને શબ્દ એકાર્થવાચી છે. શાન્ત્યાચાર્યે દર્શાવ્યું છે કે અહીં 'અનગાર'નો વ્યુત્પત્તિ-લભ્ય અર્થ લેવો જોઈએ, નહીં તો બે શબ્દોની સાર્થકતા સિદ્ધ થતી નથી. 'અગાર'નો અર્થ છે 'ઘર'. જેને 'ઘર' ન હોય તે 'અનગાર' કહેવાય છે.[3]

નેમિચન્દ્ર અનુસાર ભિક્ષુ બીજાને માટે બનેલા ઘરોમાં રહેવા છતાં પણ તેમના પર મમત્વ નથી કરતો, એટલા માટે તે 'અનગાર' છે.[4]

શાન્ત્યાચાર્યે વૈકલ્પિક રૂપમાં 'અણગાર' અને 'અસ્સભિક્ખુ' એવો પદચ્છેદ કર્યો છે. જે ભિક્ષા લેવા માટે જાતિ, કુળ વગેરે બતાવીને બીજાને આત્મીય ન બનાવે, તેને 'અ-સ્વભિક્ષુ' (મુધાજીવી) કહેવામાં આવે છે.[5]

સંયોગોથી વિપ્રમુક્ત, અનગાર અને ભિક્ષુ—એ ત્રણ શબ્દો મહત્ત્વપૂર્ણ છે. આ ત્રણેમાં પૌર્વાપર્ય સંબંધ છે. જે વ્યક્તિ બધા પ્રકારના સંયોગોથી વિપ્રમુક્ત હોય છે, તેને માટે સામાજિક જીવન સમાપ્ત થઈ જાય છે. સમાજનો અર્થ છે—સંબંધ ચેતનાનો વિકાસ. મુનિ સામાજિક નથી હોતો. તે કોઈપણ પ્રકારે કોઈની સાથે સંબદ્ધ નથી હોતો. તે સંબંધાતીત જીવન જીવે છે. આ મુનિ બનવાની પ્રથમ ભૂમિકા છે. જે સંબંધ-મુક્ત હોય છે, તે અકિંચન હોય છે. તેને પોતાનું ઘર પણ નથી હોતું. તે અનગાર હોય છે. તો પછી પ્રશ્ન થાય છે કે જ્યારે વ્યક્તિ સંબંધાતીત થઈ ચૂકેલ છે, જેને કોઈ ઘર નથી, તો તેની આજીવિકા કેવી રીતે ચાલે છે? તેના જવાબમાં કહેવામાં આવ્યું છે કે તે ભિક્ષાચારી બને, ભિક્ષાથી પોતાનો જીવનનિર્વાહ કરે.

આ રીતે આ ત્રણે શબ્દો એક જ સાંકળમાં સંકળાયેલાં છે. એક શબ્દમાં કહી શકાય કે જે સંબંધાતીત જીવન જીવે છે તેની પાસે પોતાનું કંઈપણ નથી હોતું, ઘર પણ નથી હોતું, પરંતુ તે સંપૂર્ણ વિશ્વની સંપત્તિનો સહજ રીતે જ સ્વામી બની જાય છે—

---

१. सुखबोधा, पत्र १ : 'संयोगात्' सम्बन्धाद् बाह्याभ्यन्तरभेद-भिन्नात्, तत्र मात्रादिविषयाद् बाह्यात्, कषायादिविषयाच्चान्तरात्।

२. उत्तराध्ययन चूर्णि, पृ० २६: 'न गच्छंतीत्यगा-वृक्षा इत्यर्थः, अगैः कृतमगारं गृहमित्यर्थः नास्य अगारं विद्यत इत्यनगारः।

३. बृहद्वृत्ति, पत्र १९ : 'अनगारस्ये' ति अविद्यमानमगारमस्येत्यनगार इति व्युत्पन्नोऽनगारशब्दो गृह्यते, यस्त्वव्युत्पन्नो रूढिशब्दो यतिवाचकः, यथोक्तम्-
अनगारो मुनिर्मौनी, साधुः प्रव्रजितो व्रती।
श्रमणः क्षपणश्चैव, यतिश्चैकार्थवाचकाः॥
इति, स इह न गृह्यते, भिक्षुशब्देनैव तदर्थस्य गतत्वात्।

४. सुखबोधा, पत्र १, : 'अनगारस्य' परकृतगृहनिवासित्वात् तत्राऽपि ममत्वमुक्तत्वात् संगरहितस्य।

५. बृहद्वृत्ति, पत्र १९ : अथवा-'अणगारस्स भिक्खुणो' त्ति अस्वेषु भिक्षुरस्वभिक्षु-जात्याद्यनाजीवनादनात्मीकृतत्वेनानात्मीयानेव गृहिणोऽन्नादि भिक्षत इति कृत्वा स च यतिरेव, ततोऽनगारश्चासावस्वभिक्षुश्च अनगारास्वभिक्षुः।

'अकिञ्चनोहमित्यास्व, त्रैलोक्याधिपतिर्भवेत् ।
योगिगम्यमिदं तथ्यं, रहस्यं परमात्मन : ॥'

**૨. વિનયને (विणयं)**

શાન્ત્યાચાર્યે આના સંસ્કૃત રૂપ બે કર્યાં છે—વિનય અને વિનત. વિનયનો અર્થ છે—આચાર અને વિનતનો અર્થ છે—નમ્રતા.[1]

સુદર્શન શેઠે થાવચ્ચાપુત્રને પૂછ્યું—''ભંતે ! આપના ધર્મનું મૂળ શું છે ?'' થાવચ્ચાપુત્રે કહ્યું—''સુદર્શન ! અમારા ધર્મનું મૂળ—વિનય છે. તે બે પ્રકારનો છે—અગારવિનય અને અનગારવિનય. બાર વ્રત અને અગિયાર ઉપાસક પ્રતિમાઓ એ 'આગારવિનય' છે અને પાંચ મહાવ્રત, છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ વ્રત, અઢાર પાપોથી વિરમણ, દસ પ્રત્યાખ્યાન અને બાર ભિક્ષુ પ્રતિમાઓ—એ 'અનગારવિનય' છે.''[2]

**ઔપપાતિક**માં વિનયના સાત પ્રકાર દર્શાવાયા છે—જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, મનવિનય, વચનવિનય, કાયવિનય અને લોકોપચારવિનય.[3] પ્રસ્તુત અધ્યયનમાં વિનયના બંને અર્થો—આચાર અને નમ્રતા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**૩. જે ગુરુની આજ્ઞા અને નિર્દેશનું પાલન કરે છે (आणानिद्देसकरे)**

ચૂર્ણિ અનુસાર 'આજ્ઞા' અને 'નિર્દેશ' સમાન અર્થવાચી છે. વૈકલ્પિક રૂપમાં ત્યાં આજ્ઞાનો અર્થ—આગમનો ઉપદેશ અને નિર્દેશનો અર્થ—આગમથી અવિરુદ્ધ ગુરુ-વચન કરવામાં આવ્યો છે.[4]

શાન્ત્યાચાર્યે આજ્ઞાનો મુખ્ય અર્થ—આગમોક્ત વિધિ અને નિર્દેશનો અર્થ—પ્રતિપાદન કર્યો છે. ગૌણ રૂપમાં આજ્ઞાનો અર્થ—ગુરુવચન અને નિર્દેશનો અર્થ—''હું આ કાર્ય આપના આદેશ અનુસાર જ કરીશ.''—આ રીતે નિશ્ચયાત્મક વિચાર પ્રકટ કરવો તે છે.[5]

તેમની સામે 'आणानिद्देसयरे' પાઠ હતો. આથી તેમણે 'यर' શબ્દના 'कर' અને 'तर' બંને રૂપોની વ્યાખ્યા કરી છે—આજ્ઞા-નિર્દેશ મુજબ કરનાર અને આજ્ઞા-નિર્દેશ વડે સંસાર-સમુદ્રને તરનાર. આગળ લખ્યું છે કે ભગવદ્-વાણીના અનંત પર્યાયો હોવાને કારણે અનેક વ્યાખ્યા-ભેદ સંભવી શકે છે. પરંતુ મંદ બુદ્ધિવાળાઓ માટે આ વ્યામોહનો હેતુ ન બની જાય એટલા માટે પ્રત્યેક સૂત્રની વ્યાખ્યામાં અનેક વિકલ્પો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી.[6]

---

१. बृहद्वृत्ति, पत्र १९:विशिष्टो विविधो वा नयो—नीति–विनयः—साधुजनासेवितः समाचारस्तं, विनमनं वा विनतम् ।

२. नायाधम्मकहाओ, १।५। सूत्र ६१ ।

3. ओववाइयं, सूत्र ४० ।

४. उत्तराध्ययन चूर्णि, पृ० २६ : आज्ञाप्यतेऽनया इति आज्ञा, निर्देशनं निर्देशः, आज्ञैव निर्देशः, अथवा आज्ञा-सूत्रोपदेशः, तथा निर्देशस्तु तदविरुद्धं गुरुवचनं, आज्ञानिर्देशं करोतीति आणाणिद्देसकरो ।

५. बृहद्वृत्ति, पत्र ४४ : आङिति स्वस्वभावावस्थानात्मिकया मर्यादयाऽभिव्याप्त्या वा ज्ञायन्तेऽर्था अनयेत्याज्ञा—भगवद-भिहितागमरूपा तस्या निर्देश-उत्सर्गापवादाभ्यां प्रतिपाद-नमयाज्ञानिर्देशः, इदमित्थं विधेयमिदमित्थं वेत्येवमात्मकः तत्करणशीलस्तदनुलोमानुष्ठानो वा आज्ञानिर्देशकरः, यद्वाऽऽज्ञा-सौम्य ! इदं कुरु इदं च मा कार्षीरिति गुरुवचनमेव, तस्या निर्देश-इदमित्थमेव करोमि इति निश्चयाभिधानं तत्करः ।

६. એજન, પત્ર ૪૪ : आज्ञानिर्देशेन वा तरति भवाम्भोधिमित्या-ज्ञानिर्देशतर इत्यादयोऽनन्तगमपर्यायत्वाद् भगवद्वचनस्य व्याख्याभेदाः सम्भवन्तोऽपि मन्दमतीनां व्यामोहहेतुतया बालाबालादिबोधोत्पादनार्थत्वाच्चास्य प्रयासस्य न प्रतिसूत्रं प्रदर्शयिष्यन्ते ।

૪. શુશ્રૂષા કરે છે (उववायकारए)

ચૂર્ણિમાં આનો અર્થ 'શુશ્રૂષા કરનાર'[1] અને ટીકામાં આનો અર્થ 'સમીપ રહેનાર'[2]—જ્યાં બેસીને ગુરુની નજરે પડે તથા તેમનો શબ્દ સાંભળી શકે, ત્યાં રહેનાર અર્થાત્ 'આદેશના ભયથી દૂર ન બેસનાર' કરવામાં આવ્યો છે. ઉપપાત, નિર્દેશ, આજ્ઞા અને વિનય આ બધાને એકાર્થક પણ માનવામાં આવ્યાં છે.[3]

૫. ઈંગિત અને આકારને (इंगियागार)

ઈંગિત અને આકાર—આ બંને શબ્દ શરીરની ચેષ્ટાઓના વાચક છે. કોઈ કાર્યની પ્રવૃત્તિ અને નિવૃત્તિને માટે મસ્તક વગેરેને થોડું હલાવવું તે ઈંગિત છે. આ ચેષ્ટા સૂક્ષ્મ હોય છે. તેને નિપુણ મતિવાળા લોકો જ સમજી શકે છે.

આકારને સ્થૂળ બુદ્ધિવાળા લોકો પણ પકડી શકે છે. આસનને શિથિલ કરતાં જોઈને સહેજે જ જાણી શકાય છે કે તેઓ પ્રસ્થાન કરવા ઈચ્છે છે. એ જ રીતે દિશાઓ તરફ જોવું, બગાસું ખાવું અને ચાદર ઓઢવી—આ બધા પ્રસ્થાનની સૂચના આપનારા 'આકાર' છે.[4]

ઈંગિત અને આકાર પર્યાયવાચી પણ માનવામાં આવ્યા છે.[5]

૬. જાણે છે (संपन्ने)

ચૂર્ણિ અને સુખબોધામાં આનો અર્થ 'યુક્ત' અને બૃહદ્વૃત્તિમાં 'સંપ્રજ્ઞ' (જાણનાર) તથા 'યુક્ત'—બંને અર્થ આપવામાં આવ્યા છે. અહીં બૃહદ્વૃત્તિનો સંપ્રજ્ઞ અર્થ અધિક યોગ્ય જણાય છે.[6]

૭. ગુરુની શુશ્રૂષા નથી કરતો (अणुववायकारए)

અવિનીત શિષ્યનું મન ગુરુની ઉપાસનામાં ચોંટતું નથી. તે ગુરુ સાથે માનસિક અંતર રાખીને રહે છે. તેના મનમાં સદા એ ભાવ બની રહે છે કે જો હું ગુરુની ઉપાસના કરીશ તો ગુરુને ઠપકો દેવાનો વધુ મોકો મળશે. તે એ સત્યને ભૂલી જાય છે કે ગુરુના ઠપકામાં પણ વ્યક્તિનો વિકાસ અને હિત છુપાયેલાં છે. નીતિનો આ પ્રસિદ્ધ શ્લોક એ તથ્યને પ્રતિધ્વનિત કરે છે—

त्रीभिर्गुरूणां परुषाक्षराभिः, प्रताडिताः यान्ति नराः महत्त्वम् ।
अलब्धशाणोत्कषणा नृपाणां, न जातु मौलौ मणयो वसन्ति ॥

૮. (पडिणीए असंबुद्धे)

જે ગુરુની આજ્ઞાથી પ્રતિકૂળ વર્તન કરે છે, ગુરુના કથનનો પ્રતિવાદ કરે છે અને જે સદા ગુરુના દોષો જોતો રહે છે, તે પ્રત્યનીક કહેવાય છે.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ०२६ : उपपतनमुपपातः शुश्रूषाकरणमित्यर्थः ।

२. बृहद्वृत्ति, पत्र ४४ : उप—समीपे पतनं—स्थानमुपपातः दृग्वचनविषयदेशावस्थानं तत्कारकः तदनुष्ठाता, न तु गुर्वादेशादिभीत्या तद्व्यवहितदेशस्थायीति यावत् ।

३. व्यवहारभाष्य, ४।३५४: उववाओ निद्देसो आणा विणओ य होंति एगट्ठा ।

४. बृहद्वृत्ति, पत्र ४४ : इंगितं—निपुणमतिगम्यं प्रवृत्तिनिवृत्तिसूचकमीषद्भ्रूशिरःकम्पादि, आकारः स्थूलधीसंवेद्यः प्रस्थानादि भावाभिव्यंजको दिगवलोकनादिः आह च—
"अवलोयणं दिसाणं, वियंभणं साडयस्स संठवणं ।
आसणसिढिलीकरणं, पट्ठियलिंगाइं एयाइं ॥"

५.(क) अभिधानप्पदीपिका, ७६४ : आकारो इंगितं इंगो
(ख) એજન, ९८१:आकारो कारणे वुत्तो, सण्ठाने इंगितेपि च ।

६.(क) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २७: संपन्नवान् संपन्नः ।
(ख) सुखबोधा, पत्र १ : सम्पन्नः युक्तः ।
(ग) बृहद्वृत्ति, पत्र ४४ : सम्यक् प्रकर्षेण जानाति इंगिताकारसम्प्रज्ञः, यद्वा—इंगिताकाराभ्यां गुरुगतभावपरिज्ञानमेव कारणे कार्योपचारादिङ्गिताकारशब्देनोक्तं, तेन सम्पन्नो—युक्तः ।

જે મુનિ ગુરુના ઇંગિત અને આકારને સારી રીતે સમજી નથી શકતો, તે અસંબુદ્ધ હોય છે.

આ શ્લોક પૂર્વવર્તી શ્લોકનો પ્રતિપક્ષી છે. વૃત્તિમાં પ્રત્યનીકતાને સમજાવવા માટે 'કૂલવાલક શ્રમણ'ની કથા આપવામાં આવી છે. તે આ રીતે છે—

એક આચાર્ય હતા. તેમનો શિષ્ય અત્યંત અવિનયી હતો. આચાર્ય કોઈ કોઈ વાર તેને ઠપકો આપતા અને તે આચાર્ય તરફ દ્વેષભાવ રાખતો હતો. એક વાર આચાર્ય તેને સાથે લઈને સિદ્ધશૈલની વંદના કરવા ગયા. તેઓ વંદન કરી પર્વત પરથી નીચે ઊતરી રહ્યા હતા. આચાર્ય આગળ હતા. શિષ્ય પાછળ-પાછળ આવી રહ્યો હતો. શિષ્યના મનમાં દ્વેષ ઊભરાયો અને તેણે આચાર્યને મારવા માટે એક શિલાખંડ નીચે ગબડાવ્યો. આચાર્યે જોયું. તેમણે પગ પહોળા કરી દીધા. શિલાખંડ બે પગની વચ્ચેથી પસાર થઈને નીચે જતો રહ્યો. નહીં તો તેઓ મરી જાત. શિષ્યની આ હલકટતા જોઈ કોપાયમાન થઈ તેમણે શાપ આપ્યો—"હે દુષ્ટ ! તારો વિનાશ સ્ત્રીને કારણે થશે." શિષ્યે સાંભળ્યું. આચાર્યનું વચન મિથ્યા થાય તે દૃષ્ટિએ તે તાપસોના એક આશ્રમમાં રહેવા લાગ્યો. બાજુમાં જ એક નદી હતી. તે નદીના કિનારે આતાપના લેવા લાગ્યો. જ્યારે કોઈ સાર્થવાહ ત્યાંથી પસાર થતો ત્યારે તેને આહાર મળી રહેતો. નદીના કાંઠા પર આતાપના લેવાના પ્રભાવથી નદીએ પોતાનો પ્રવાહ બદલી નાખ્યો. તેનું નામ પડી ગયું—કૂલવાલય અર્થાત્ કૂળ(કાંઠા)ને વળાંક આપનારો.

મહારાજા શ્રેણિકનો પુત્ર કોણિક વૈશાલી નગરીને પોતાને અધીન કરવા ઇચ્છતો હતો. પણ તે તેમ કરી શક્યો નહિ, કારણકે ત્યાં મુનિસુવ્રત સ્વામીનો એક સ્તૂપ હતો. કોણિક હતાશ થઈ ગયો. એક વાર દેવવાણી થઈ—'જો શ્રમણ કૂલવાલક ગણિકાને વશ થઈ જાય તો વૈશાલી નગરીને અધીન કરી શકાય.' કોણિકે ગણિકાઓને બોલાવી. એક ગણિકાએ આ કાર્ય પાર પાડવાનું માથે લીધું. તેણે કપટશ્રાવિકાનું રૂપ ધારણ કર્યું. સાર્થ સાથે તે કૂલવાલકની પાસે ગઈ અને વંદના કરીને બોલી—'મારો પતિ મૃત્યુ પામ્યો છે. હું તીર્થાટન કરવા નીકળી છું. આપની વાત સાંભળી અને હું અહીં આવી પહોંચી. આપ કૃપા કરી મારા હાથથી દાન સ્વીકારો.' તે દિવસે મુનિને પારણું હતું. શ્રાવિકાએ ઔષધિ-મિશ્રિત લાડવા વહોરાવ્યા. મુનિને ઝાડા થઈ ગયા. ઔષધિના પ્રયોગથી મુનિ સ્વસ્થ બન્યા. અનુરાગ વધ્યો. શ્રાવિકા પ્રતિદિન મુનિને ઉબટન કરી આપતી. મુનિનું મન વિચલિત થઈ ગયું. તે મુનિને લઈ કોણિક પાસે આવી. તેની પાસેથી બધી જાણકારી મેળવી કોણિકે મુનિસુવ્રતનો સ્તૂપ ધ્વસ્ત કરી દીધો અને વૈશાલી નગરી પર અધિકાર મેળવ્યો.[1]

### ૯. (जहा सुणी पूइकण्णी निक्कसिज्जइ सव्वसो)

'પૂતિ' શબ્દના બે અર્થ છે—(૧) કાનમાં જ્યારે કૃમિ પેદા થાય છે ત્યારે તેમાંથી દુર્ગંધ નીકળવા લાગે છે. (૨) જ્યારે કાનમાં પરુ થઈ જાય છે ત્યારે ભયંકર દુર્ગંધ આવવા લાગે છે. આનું તાત્પર્ય એ છે કે—તે કૂતરી જેના શરીરના બધા અવયવો સડી ગયા હોય-ગળી ગયા હોય.[2]

આવી કૂતરીને બધી જગ્યાએથી હાંકી કાઢવામાં આવે છે. આ રીતે અવિનીત સર્વત્ર તિરસ્કારને પાત્ર બને છે. તેને ક્યાંય પણ સન્માન મળતું નથી. આચાર્ય ભિક્ષુએ આ શ્લોકના મંતવ્યને સરસ રીતે અભિવ્યક્ત કર્યું છે[3]—

कुह्या कानारी कूतरी, तिणरे झरै कीड़ा राध लोही रे ।
सगले ठाम स्यूं काढे हुड़ हुड़ करे, घर में आवण न दे कोई रे ॥
धिग धिग अविनीत आतमा ।

---

१. सुखबोधा, पत्र २ ।

२. बृहद्वृत्ति, पत्र ४५ : पूतिः—परिपाकतः कुथितगन्धौ कृमिकुलाकुलत्वाद् उपलक्षमणमेतत्, तथाविधौ कर्णौ श्रुती यस्याः, पक्वरक्तं वा पूतिस्तद्व्याप्तौ कर्णौ यस्याः सा पूतिकर्णा, सकलावयवकुत्सोपलक्षणं चैतत् ।

३. विनीत अविनीत की चौपई, ढाल २ । १ ।

ચૂર્ણિકાર અને વૃત્તિકાર અનુસાર 'शुनी' શબ્દનો પ્રયોગ અત્યંત ગર્હા અને કુત્સા વ્યક્ત કરવા માટે કરવામાં આવ્યો છે.[1]

સુશ્રુતમાં 'पूतिकर्ण'ને કાનનો રોગ માનવામાં આવ્યો છે, જેમાં પરુ વહે છે.[2]

'सव्वसो' શબ્દના ત્રણ અર્થ મળે છે—

૧. બધા સ્થાનોમાંથી.[3]

૨. બધા પ્રકારે.[4]

૩. બધી અવસ્થાઓમાં.[5]

**૧૦. દુઃશીલ (दुस्सील)**

શીલના ત્રણ અર્થ છે—સ્વભાવ, સમાધિ અને આચાર. જેનું શીલ રાગ, દ્વેષ તથા અન્યાન્ય દોષોથી વિકૃત થાય છે તે દુઃશીલ કહેવાય છે.[6]

આચાર કે ચારિત્ર વિનયના પર્યાયવાચી શબ્દો છે. તે પરસ્પર જોડાયેલા છે. વિનય શીલનું જ એક અંગ છે. વિનયની ફલશ્રુતિ છે—ચારિત્ર. જે અવિનીત હોય છે, તે દુઃશીલ હોય છે. દુઃશીલ વ્યક્તિનો વિનાશ થાય છે. પ્રાચીન શ્લોક છે—

**'वृत्तं यत्नेन संरक्षेत्, वित्तमायाति याति च ।**
**अक्षीणो वित्ततः क्षीणो, वृत्ततस्तु हतो हतः ॥**

બૌદ્ધ સાહિત્યમાં માનસિક, વાચિક અને કાયિક અનાચારને દુઃશીલ માનવામાં આવેલ છે.[7]

**૧૧. વાચાળ ભિક્ષુ (मुहरी)**

અવિનીત વ્યક્તિ વાચાળ હોય છે. વાચાળતાથી વ્યક્તિની લઘુતા સામે આવી જાય છે. નીતિનો પ્રસિદ્ધ શ્લોક છે—

**मौखर्यं लाघवकरं, मौनमुन्नतिकारकम् ।**
**मुखरौ नूपुरौ पादे, हारः कण्ठे विराजते ॥**

વૃત્તિકારે 'मुहरी' શબ્દના ત્રણ સંસ્કૃત રૂપ આપી, ત્રણ ભિન્ન-ભિન્ન અર્થ કર્યા છે[8]—

૧. मुखारि—જેનું મુખ જ અરિ—શત્રુ છે અથવા જેનું મુખ (વચન) આલોક અને પરલોકમાં અપકાર કરનારું છે.

૨. मुधारि—અસંબદ્ધ ભાષા બોલનાર.

૩. मुखर—વાચાળ.

---

१. (क) उत्तराध्ययन चूर्णि, पत्र २७ : अथ शुनीग्रहणं शुनी गर्हिततरा, न तथा श्वा ।
(ख) बृहद्वृत्ति, पत्र ४५ : स्त्रीनिर्देशोऽत्यन्तकुत्सोपदर्शकः ।

२. सुश्रुत १।२६०।१४।

३. बृहद्वृत्ति, पत्र ४५ : सव्वसो त्ति सर्वतः सर्वेभ्यो गोपुरगृहांगणादिभ्यः ।

४. (क) उत्तराध्ययन चूर्णि, पृ० २७ : सव्वसो सव्वपागारं ।
(ख) बृहद्वृत्ति, पत्र ४५ ।

५. उत्तराध्ययन चूर्णि, पृ०२७ : सव्वसोत्ति ...... सर्वावस्थासु वा ।

६. बृहद्वृत्ति, पत्र ४५ : दुष्टमिति रागद्वेषादिदोषविकृतं शीलं स्वभावः समाधिराचारो वा यस्यासौ दुःशीलः ।

७. विसुद्धिमग्ग, भाग १, पृष्ठ ५५ : सब्बम्पि दुस्सील्यं अनाचारो ।

८. बृहद्वृत्ति, पत्र ४५ ।

### ૧૨. ચોખાના ભૂંસાને (कणकुण्डगं)

ચૂર્ણિ અને ટીકામાં આના બે અર્થ કરવામાં આવ્યા છે—ચોખાનું ભૂંસુ અથવા કણકીમિશ્રિત ભૂંસુ. ચૂર્ણિકારે આને પુષ્ટિકારક તથા ભૂંડને પ્રિય ભોજન કહ્યું છે.[1]

શ્રાવકધર્મવિધિપ્રકરણમાં એક કથા આવે છે, જેનો આશય એવો છે કે એક રાજાને ખૂબ ભૂખ લાગી. તેણે વિવિધ પ્રકારના ભોજન બનાવડાવ્યાં. તે બધું જ ખાઈ ગયો. એટલે સુધી કે 'कण-कुण्डग, मण्डक' વગેરે પણ ખાઈ ગયો. આ કથાનકમાંથી એમ સ્પષ્ટ થાય છે કે 'कण कुण्डक' ચોખાનું ભૂંસુ નહીં પણ કોઈ વિશેષ વાનગી હતી.[2]

કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કણ-કુણ્ડક શબ્દ કેટલાંક સ્થાનોમાં આવ્યો છે (૨।૧૫।૫૨, ૫૬; ૨।૨૯।૪૩). અહીં કુણ્ડકનો અર્થ—'લાલ ચૂર્ણ કે જે છાલની અંદર ચોખા સાથે ચોંટેલું રહે છે'—એવો કર્યો છે.[3] જાતકમાં 'आचामकुण्डक' શબ્દ આવ્યો છે. ત્યાં આચામનો અર્થ 'ચોખાનું ઓસામણ' છે.[4] આયામનો અર્થ 'ચોખામાંથી બનાવેલ યૂષ' પણ છે.[5]

### ૧૩. અજ્ઞાની (मिए)

મૃગ શબ્દના બે અર્થ છે—હરણ અને પશુ. પ્રસ્તુત પ્રસંગમાં પશુની લાક્ષણિક વિવક્ષાથી તેનો અર્થ થાય છે—અજ્ઞાની કે વિવેકહીન વ્યક્તિ. વૃત્તિકારે અવિનીત એવો અર્થ સ્વીકાર્યો છે.[6]

### ૧૪. શીલને (सीलं)

શીલનો અર્થ છે—આચાર અથવા સંયમ. મુનિનો સંપૂર્ણ આચાર કે સંયમ 'શીલ' શબ્દથી ઓળખાવાય છે. પ્રસ્તુત પ્રસંગમાં આ શબ્દ 'વિનીત' શિષ્યના આચાર તરફ ઈશારો કરે છે. સૂત્રકાર અનુસાર વિનીતના શીલનું સ્વરૂપ આવું છે—

૧. ગુરુની આજ્ઞા અને નિર્દેશનું પાલન કરવું.

૨. ગુરુના દૃષ્ટિપથમાં બેસવું, ગુરુની શુશ્રૂષા કરવી.

૩. ગુરુના ઇંગિત અને આકાર(ઇશારા)ને જાણવા.

૪. ગુરુને અનુકૂળ વર્તન કરવું..

૫. વાચાળતા છોડી દેવી, અલ્પભાષી થવું.

બૌદ્ધ સાહિત્યમાં શીલ, સમાધિ અને પ્રજ્ઞા—આ ત્રણ શબ્દો ઘણા વપરાયા છે. શીલનો એક અર્થ છે—કથની અને કરણીની સમાનતા.[7] એનો બીજો અર્થ છે—આચાર—મન, વચન અને કાયાની સમ્યક્ પ્રવૃત્તિ.[8]

---

૧. (क) उत्तराध्ययन चूर्णि, पृ० २७ : कणा नाम तंडुला: कुंडगा कुक्कसा:, कणानां कुंडगा:, कणकुंडगा:, कणमिस्सो वा कुंडक: कणकुंडक:, सो य वुड्ढिकरो, सूयराणं प्रियश्च ।

(ख) बृहद्वृत्ति, पत्र ४५ : कणा:—तन्दुलास्तेषां तन्मिश्रो वा कुण्डक:—तत्क्षोदनोत्पन्नकुक्कुस: कणकुण्डकस्तम् ।

૨. श्रावक-धर्मविधि प्रकरण, पत्र २४, २५ ।

3. The red powder which adheres to the the rice under the husk. (Childers)

૪. Jātak, 254, gg. 1-2 : Ācāma is scum of boiling rice.

૫. Āyama, "A thin rice porridge" (Leumann : Āupapātik S.s.z.)

૬. बृहद्वृत्ति, पत्र ४५ : मृग इव मृग· अज्ञत्वादविनीत इति प्रक्रम: ।

૭. विसुद्धिमग्ग, भाग १, पृ० १३ : सीलं ति सम्मावाचाकम्मन्ता ।

૮. એજન, पृ० १५ : सीले ति कुसलसीले ।

૧૫. આત્માનું હિત (हियमप्पणो)

આત્માનું ઐહિક અને પારલૌકિક હિત વિનયની આરાધનાથી સંભવે છે. આચાર્ય નેમિચન્દ્રે એની પુષ્ટિમાં એક પ્રાચીન ગાથા ઉદ્ધૃત કરી છે[1]—

'विणया णाणं णाणाओ दंसणं दंसणाओ चरणं च ।
चरणाहिंतो मोक्खो, मोक्खे सोक्खं निराबाहं ॥'

વિનયની આરાધનાથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષમાં નિરાબાધ સુખ પ્રાપ્ત થાય છે.

૧૬. અભાવ (હીનભાવ)ને સાંભળીને (सुणियाऽभावं)

આનાં સંસ્કૃત રૂપો બે થઈ શકે છે—'श्रुत्वा अभावं' તથા 'श्रुत्वा भावं'. અકારને 'सुणिया' સાથે જોડાયેલ માનવાથી સંસ્કૃત રૂપ 'श्रुत्वा अभावं' બને છે, બીજી રીતે 'श्रुत्वा भावं'. ભાવનો અર્થ છે—અવસ્થા કે સ્થિતિ.

૧૭. બુદ્ધપુત્ર (આચાર્યનો પ્રિય શિષ્ય) અને મોક્ષનો અર્થી (बुद्धपुत्त नियागट्ठी)

આચાર્ય નેમિચન્દ્ર અનુસાર 'बुद्धपुत्त'નો અર્થ છે—આચાર્ય વગેરેનો પ્રીતિપાત્ર શિષ્ય અને 'नियागट्ठी'નો અર્થ છે—મોક્ષાભિલાષી.[2]

ચૂર્ણિ અને બૃહદ્‌વૃત્તિમાં 'बुद्धउत्त' પાઠ છે. 'बुद्धउत्त' અને 'नियागट्ठी' આ બંને શબ્દોને એક માનીને તેનું સંસ્કૃત રૂપ—'बुद्धोक्तनिजकार्थी'—તીર્થંકર વગેરે દ્વારા ઉપદિષ્ટ જ્ઞાનનો અભિલાષી કરવામાં આવ્યું છે.[3] બૃહદ્‌વૃત્તિમાં 'नियाग'નો વૈકલ્પિક અર્થ મોક્ષ કરાયો છે.[4]

બૃહદ્‌વૃત્તિમાં આ બે પાઠાંતર માનવામાં આવ્યા છે[5]—

૧. 'बुद्धवुत्त'—બુદ્ધવ્યુક્ત અર્થાત્ આગમ.

૨. 'बुद्धपुत्त'—બુદ્ધપુત્ર અર્થાત્ આચાર્ય આદિનો પ્રીતિપાત્ર શિષ્ય.

ચૂર્ણિકારે આ અધ્યયનના વીસમા શ્લોકમાં પણ 'नियागट्ठी'નો અર્થ—જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યનો અર્થી—કર્યો છે.[6]

---

૧. सुखबोधा, पत्र ३ ।

૨. એજન, पत्र ३ : बुद्धानाम्—आचार्यादीनां पुत्र इव पुत्रो बुद्धपुत्रः—'पुत्ता य सीसा य समं विभत्ता' इतिवचनात्, स्वरूपविशेषणमेतत्, नियागार्थी मोक्षार्थी ....... ।

૩. (क) उत्तराध्ययन चूर्णि, पृ० २८ : बुद्धैरुक्तं बुद्धोक्तं ज्ञानमित्यर्थः तदेव च नियाकं निजकमात्मीयं शेषं शरीरादि सर्वं पराक्यं ।

(ख) बृहद्‌वृत्ति, पत्र ४६ : बुद्धैः—अवगततत्त्वैस्तीर्थकरादिभिरुक्तम्—अभिहितं, तच्च तन्निजमेव निजकं च—ज्ञानादि तस्यैव बुद्धैरात्मीयत्वेन तत्त्वत उक्तत्वात्, बुद्धोक्तनिजकं, तदर्थयते अभिलषतीत्येवंशीलः बुद्धोक्तनिजकार्थी ।

૪. बृहद्‌वृत्ति, पत्र ४६ : यद्वा.......नितरां यजनं यागः—पूजा यस्मिन् सोऽयं नियागो मोक्षः ।

૫. એજન, पत्र ४६ : पठन्ति च—'बुद्धवुत्ते णियागट्ठि त्ति' बुद्धैः—उक्तरूपैर्व्युक्तो—विशेषेणाभिहितः, स च द्वादशांगरूप आगमस्तस्मिन् स्थित इति गम्यते, यद्वा बुद्धानाम्—आचार्यादीनां पुत्र इव पुत्रो बुद्धपुत्रः ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ० ३५ : णियागं णिदाणं नियागमित्यर्थः णाणातितियं वा णियगं आत्मीयमित्यर्थः सेसं सरीरादि सव्वं परायगं, णियाएणऽट्ठो जस्स सो णियागट्ठी ।

આગમ-સાહિત્યમાં 'बुद्ध' શબ્દનો પ્રયોગ અનેક સ્થાનો પર મળે છે. તેનો અર્થ છે—આચાર્ય, તીર્થંકર, વીતરાગ, જ્ઞાની, ગુરુ વગેરે-વગેરે. બૌદ્ધ-સાહિત્યમાં આ અર્થોની સાથે-સાથે 'शाक्यपुत्र'ના અર્થમાં પણ આનો પ્રયોગ થયો છે. મહાત્મા શાક્ય મુનિને જ્યારે બોધિ-લાભ થયો ત્યારે તેઓ બુદ્ધ કહેવાયા[1] અને તેમનું દર્શન પણ તે જ નામથી ઓળખાવા લાગ્યું. પરંતુ મહાત્મા બુદ્ધ બોલતી વેળાએ પોતાને માટે વિશેષ કરીને 'તથાગત' શબ્દનો જ પ્રયોગ કરતા હતા.

### ૧૮. (निसन्ते.....अट्ठजुत्ताणि.....निरट्ठाणि)

निसन्ते—ચૂર્ણિ અને વૃત્તિના આધારે આના ત્રણ અર્થ ફલિત થાય છે[2]—

(૧) જેનું અંતઃકરણ ક્રોધયુક્ત ન હોય.

(૨) જેનો બાહ્યાકાર પ્રશાન્ત હોય.

(૩) જેની ચેષ્ટાઓ અત્યન્ત શાંત હોય.

अट्ठजुत्ताणि—આના ત્રણ અર્થ મળે છે—

(૧) આગમ-વચન[3] (૨) મોક્ષના ઉપાય[4] (૩) અર્થ સહિત[5]

निरट्ठाणि—ચૂર્ણિકારે નિરર્થક શબ્દના ત્રણ ઉદાહરણ આપ્યાં છે—

(૧) ભારત, રામાયણ વગેરે. તે લોકોત્તર અર્થથી શૂન્ય છે.

(૨) તિત્થ, દવિત્થ, પાખંડ વગેરે. આ અર્થશૂન્ય અથવા નિરુક્તશૂન્ય શબ્દો છે.

(૩) સ્ત્રી-કથા વગેરે. આ મુનિના માટે અનર્થક અથવા અપ્રયોજનીય છે.[6]

### ૧૯. ક્રીડા (कीडं)

આનો સામાન્ય અર્થ છે—ખેલકૂદ, કિલ્લોલ વગેરે. શાન્ત્યાચાર્ય અને નેમિચન્દ્ર આનો અર્થ—અન્ત્યાક્ષરી, પ્રહેલિકા વગેરેથી પેદા થતું કુતૂહલ એવો કરે છે.[7] ચૂર્ણિકારે વિકલ્પમાં બંને શબ્દો (हासं कीडं)નો સમુચ્ચયાર્થ 'क्रीडापूर्वक हास्य' એવો કર્યો છે.[8]

---

१. बुद्ध और बुद्ध साधक, पृ० १५ ।

२. (क) उत्तराध्ययन चूर्णि, पृ० २८: अहियं शान्तो निशान्तः अक्रोधवानित्यर्थः, अत्यन्तशान्तचेष्टो वा ।

(ख) सुखबोधा, पत्र ३ : निशान्तः नितरामुपशमवान् अन्तः क्रोधपरिहारेण बहिश्च प्रशान्ताकारतया ।

३. (क) उत्तराध्ययन चूर्णि, पृ० २८: अर्थेनयुक्तानि सूत्राण्युपदेशपदानि ।

(ख) बृहद्वृत्ति, पत्र ४६, ४७ : अर्यते—गम्यत इति अर्थः, .......स च हेयउपादेयश्चोभयस्याप्यर्थ्यमाणत्वात् तेन युक्तानि—अन्वितानि अर्थयुक्तानि, तानि च हेयोपादेयाभिधायकानि, अर्थादागमवचांसि ।

४. बृहद्वृत्ति, पत्र ४७ : मुमुक्षुभिरर्थ्यमानत्वादर्थो—मोक्षस्तत्र युक्तानि—उपायतया संगतानि ।

५. એજન, पत्र ४७ : अर्थे वा अभिधेयमाश्रित्य युक्तानि—यतिजनोचितानि ।

६. उत्तराध्ययन चूर्णि, पृ० २८ : न येषामर्थो विद्यत इति निरत्थाणि..... 'भारहरामायणादीणि' अथवा दित्थो दवित्थो पाखंड इति, अथवा इत्थिकहादीणि ।

७. (क) बृहद्वृत्ति, पत्र ४७ : क्रीडां च अन्ताक्षरिकाप्रहेलिकादानादिजनिताम् ।

(ख) सुखबोधा, पत्र ३ ।

८. उत्तराध्ययन चूर्णि, पृ० २९: अहवा जं कीडपुव्वगं हास्यं तद् ।

## ૨૦. ચંડાલોચિત કર્મ (ક્રૂર વ્યવહાર) (चण्डालियं)

ચૂર્ણિમાં આનો મુખ્ય અર્થ ક્રોધ અને અનૃત કરવામાં આવ્યો છે.[1] બૃહદ્‌વૃત્તિમાં આનો મુખ્ય અર્થ ક્રોધથી વશીભૂત થઈને અનૃત ભાષણ કરવું અને વિકલ્પમાં ક્રૂર કર્મ એવો કર્યો છે.[2] શાન્ત્યાચાર્ય બીજા વિકલ્પમાં 'मा अचण्डालिय'માં अचण्डને શિષ્યનું સંબોધન માનીને 'अलीक'નો અર્થ અનૃત કરે છે.[3] નેમિચન્દ્રે માત્ર 'ક્રોધને વશીભૂત થઈને અનૃત ભાષણ કરવું' એ જ એક અર્થ માન્યો છે.[4] પરંતુ चंड અને अलिक—આ બે શબ્દોને ભિન્ન માનવાની અપેક્ષાએ चांडालिकને એક શબ્દ માનવો વધુ યોગ્ય છે.

## ૨૧. એકલો ધ્યાન કરે (झाएज्ज एगगो)

આ શબ્દથી એક લૌકિક પ્રતિપત્તિનો સંકેત મળે છે કે ધ્યાન એકલો કરે, અધ્યયન બે વ્યક્તિ કરે અને ગ્રામાન્તર-ગમન ત્રણ વગેરે વ્યક્તિ કરે.[5] ભોજન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય વગેરે પ્રવૃત્તિઓ સમૂહમાં કરવામાં આવે છે. ધ્યાન[6] સમૂહમાં નહીં પરંતુ એકલા કરવામાં આવે છે. આ પ્રાચીન પરંપરાનો જ અહીં ઉલ્લેખ છે.

વર્તમાનકાળે સામૂહિક ધ્યાન (ગ્રુપ મેડિટેશન)ને પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તેમાં શક્તિસંપન્ન સાધકોના પ્રકંપનોથી નિર્બળ સાધકો સાહજિક રીતે જ લાભ મેળવે છે. તેમની એકાગ્રતાને એક સહારો મળી જાય છે અને તેઓ ધ્યાનના ઊંડાણમાં જવા લાગે છે.

પ્રાચીન પરંપરા અનુસાર દિવસના ચાર પ્રહરમાંથી મુનિને પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરવાનું અને બીજા પ્રહરમાં ધ્યાન કરવાનું હોય છે. એ રીતે રાત્રિના ચાર પ્રહરોમાં મુનિએ પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય અને બીજા પ્રહરમાં ધ્યાન કરવાનું હોય છે.[7] દિવસ-રાતમાં ચાર પ્રહર સ્વાધ્યાયના અને બે પ્રહર ધ્યાનના હોય છે.

ધ્યાનના બે અર્થ છે—(૧) સૂત્રના અર્થનું ચિંતન અને (૨) ધર્મ-વિચય.

## ૨૨. (गलियस्स-आइण्णे)

गलियस्स—આનો અર્થ છે અવિનીત ઘોડો.[8] ગંડી, ગલી અને મરાલી—આ ત્રણ શબ્દો દુષ્ટ ઘોડા અને બળદના પર્યાયવાચી છે.[9] ગંડી—ઉછળકૂદ કરનારો. ગલી—બાઉધરો. મરાલી—વાહનમાં જોતરતાં લાતંલાત કરનાર અથવા જમીન પર આળોટી પડનાર.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० २९ : चंडो नाम क्रोधः, ऋतं सत्यं, न ऋतमनृतं, पागते तु तमेव अलियं, चंडं च अलियं च चंडालियं ।

૨. बृहद्‌वृत्ति, पत्र ४७ : चण्डः—क्रोधस्तद्वशादलीकम्—अनृतभाषणं चण्डालीकम् । यद्वा—चण्डेनाऽऽलमस्य चण्डेन वा कलितश्चण्डालः, स चातिक्रूरत्वाच्चण्डालजातिस्तस्मिन् भवं चाण्डालिकं कर्मेति गम्यते ।

૩. એજન, पत्र ४७ : अथवा अचण्ड ! सौम्य ! अलीकम्—अन्यथात्वविधानादिभिरसत्यं ।

૪. सुखबोधा, पत्र ३ : चण्डः कोधस्तद्वशाद् अलीकम्—अनृतभाषणं चण्डालिकं, लोभाद्यलीकोपलक्षणमेतत् ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ० २९ : उक्तं हि—एकस्य ध्यानं द्वयोरध्ययनं त्रिपभृतिग्रामः', एवं लौकिकाः संप्रतिपन्नाः ।

૬. प्रवचनसारोद्धार, गा० ६९२ :
सुत्ते अत्थे भोयण काले आवस्सए य सज्झाए ।
संथारे चेव तहा सत्तेया मंडली जइणो ॥

૭. उत्तराध्ययन २६/१२, १८ :
पढमं पोरिसिं सज्झायं, बीयं झाणं झियायई ।
तइयाए भिक्खायरियं, पुणो चउत्थीए सज्झायं ॥
पढमं पोरिसिं सज्झायं, बीयं झाणं झियायई ।
तइयाए निद्दमोक्खं तु, चउत्थी भुज्जो वि सज्झायं ॥

૮. बृहद्‌वृत्ति, पत्र ४८ : गलिः—अविनीतः, स चासावश्वश्च गल्यश्वः ।

૯. उत्तराध्ययन निर्युक्ति, गा० ६४ : गंडी गली मराली अस्से गोणे य हुंति एगट्ठा ।

आइण्णे—આનો અર્થ છે વિનીત ઘોડો.[1] આકીર્ણ, વિનીત અને ભદ્રક—આ ત્રણ શબ્દ વિનીત ઘોડા અને બળદના પર્યાયવાચી છે.[2]

## ૨૩. (पावगं परिवज्जए)

આનો અર્થ છે—મુનિ અશુભ પ્રવૃત્તિને છોડી દે. બૃહદ્વૃત્તિકારે 'पावगं पडिवज्जइ'ને પાઠાંતર માનીને તેનો અર્થ પાવક અર્થાત્ શુભ અનુષ્ઠાનનો સ્વીકાર કરે છે એવો કર્યો છે.[3]

## ૨૪. હોંશિયારીપૂર્વક કાર્ય પૂરું કરનાર શિષ્ય (लहुदक्खोववेया)

પ્રસ્તુત પ્રસંગમાં 'लघुदाक्ष्य' એ સામાસિક પદ છે. લઘુ શબ્દના અનેક અર્થો છે. અહીં તેનો અર્થ હળવો, સક્રિય, અવિલંબ એવો કરી શકાય. લઘુદાક્ષ્યનો અર્થ થશે—ક્રિયાશીલ દક્ષતા, સૂક્ષ્મ નિપુણતા, અવિલંબકારિતા.

## ૨૫. દુરાશય (दुरासयं)

આના સંસ્કૃત રૂપ બે થઈ શકે છે— दुराशयः અને दुराश्रयः.

વૃત્તિકાર શીલાંકાચાર્યે 'दुराश्रय' શબ્દ માનીને તેનો અર્થ આવી રીતે કર્યો છે[4]—અતિ કોપાયમાન થવાના સ્વભાવવાળા ગુરુનો આશ્રય લેવો અત્યંત કષ્ટપ્રદ બને છે. નેમિચન્દ્રે આનો અર્થ—શીઘ્ર કોપાયમાન થનાર એવો કર્યો છે.[5] આ બંને અર્થ પ્રસંગોપાત્ત છે.

વ્યાખ્યાકારોએ આ પ્રસંગે એક કથા પ્રસ્તુત કરી છે—

### આચાર્ય ચન્દ્રરુદ્ર

આચાર્ય ચન્દ્રરુદ્ર અત્યંત ક્રોધી હતા. એક વાર તેઓ પોતાના શિષ્યોની સાથે ઉજ્જયિની નગરીમાં આવ્યા. તેઓ એકાંતમાં સ્વાધ્યાયમગ્ન હતા. એટલામાં જ એક નવવિવાહિત યુવક પોતાના મિત્રોની સાથે ત્યાં આવ્યો અને મશ્કરી કરતાં કરતાં સાધુઓને વંદન કરીને બોલ્યો—ભંતે ! મને ધર્મની વાત સમજાવો. સાધુઓ તેની મશ્કરીને સમજીને મૌન રહ્યા. તે યુવક ફરીથી બોલ્યો—ભંતે ! આપ મને દીક્ષા આપી દો. હું ગૃહસ્થવાસથી કંટાળી ગયો છું. મારી દરિદ્રતા જોઈને મારી પત્નીએ પણ મને છોડી દીધો છે. મારા ઉપર કૃપા કરો અને મારો ઉદ્ધાર કરો. સાધુઓએ તેને આચાર્ય પાસે મોકલ્યો. આચાર્યને તે કહેવા લાગ્યો—મને પ્રવ્રજ્યા આપો. હું ગૃહવાસથી કંટાળી ગયો છું. આચાર્યે તેની વાણીમાં રહેલા ઉપહાસને પામી જઈ રોષયુક્ત ભાષામાં કહ્યું—જા, રાખ લઈ આવ. તે ગયો. રાખ લઈ આવ્યો. આચાર્ય તેનું કેશલુંચન કરવા લાગ્યા. મિત્રો ગભરાયા. તેમણે પોતાના તે મિત્રને કહ્યું—ભાગી જા. નહીં તો મુનિ બનવું પડશે. હજી હમણાં તો તારો વિવાહ થયો છે. તેણે વિચાર્યું, હવે ઘરે કેવી રીતે જાઉં ? લોચ તો થઈ ગયો છે. તે મુનિ બની ગયો, ભાવશ્રમણ થઈ ગયો. મિત્રો ત્યાંથી ભાગી નીકળ્યા.

બીજા દિવસે તે નવદીક્ષિત શિષ્યે આચાર્ય ચંદ્રરુદ્રને કહ્યું—ભંતે ! અહીંથી બીજે જઈએ. કેમકે મારા કુટુંબીજનો મને ઘરે પાછા ફરવા ફરજ પાડશે. રાત્રિમાં આચાર્યે પોતાના તે નવીન શિષ્યની સાથે પ્રસ્થાન કર્યું. શિષ્ય આગળ ચાલી રહ્યો હતો.

---

૧. बृहद्वृत्ति, पत्र ४८ : आकीर्णो—विनीतः, स चेह प्रस्तावादश्वः ।

૨. उत्तराध्ययन निर्युक्ति, गाथा ६४ : आइन्ने य विणीए भद्दए वावि एगट्ठा ।

૩. बृहद्वृत्ति, पत्र ४८ : पापमेव पापकं, गम्यमानत्वादनुष्ठानं परिवर्जयेत्—सर्वप्रकारं परिहरेत्......पठन्ति च—'पावगं पडिवज्जइ' त्ति तत्र च पुनातीति पावकं—शुभमनुष्ठानं प्रतिपद्येत—अगीकुर्यात् ।

૪. એજન, પત્ર ૪૯ : दुःखेनाश्रयन्ति तमतिकोपनत्वादिभिरिति दुराश्रयः ।

૫. सुखबोधा, पत्र ४ : दुराशयमपि आशुकोपनमपि ।

ચાલતાં-ચાલતાં સઘન અંધકારને કારણે આચાર્યને ઠેસ વાગી અને તેઓ પડી ગયા. તેમણે ક્રોધવશ શિષ્ય ઉપર દંડાનો પ્રહાર કર્યો, તેનું માથું ફૂટી ગયું, પરંતુ શિષ્યે તે પીડા સમભાવે સહી લીધી. તેણે વિચાર્યું કે હું કેટલો અધમ છું કે પોતાના શિષ્યો સાથે સુખપૂર્વક રહેતાં આચાર્યને મેં આ આફતમાં નાખ્યા. તે આ રીતે પવિત્ર અધ્યવસાયોની હારમાળામાં આગળ વધતો ગયો અને કેવલજ્ઞાની બની ગયો.

રાત વીતી. આચાર્યે રુધિરથી ખરડાયેલાં શિષ્યના શરીરને જોયું. મનોમન તેમને પોતાના કૃત્ય માટે ગ્લાનિ થઈ. શુભ અધ્યવસાયોની પરંપરામાં પોતાના કૃત્યની નિન્દા કરી અને પોતે પણ કેવલજ્ઞાની થઈ ગયા.

શિષ્યે પોતાના મૃદુ વ્યવહારથી શીઘ્ર કોપાયમાન થનારા પોતાના ગુરુને પણ કોમળ બનાવી દીધા.[1]

૨૬. (नापुट्ठो वागरे किंचि)

આના બે અર્થ છે—

(૧) ગુરુ જ્યાં સુધી 'આમ કેમ?' એવો પ્રશ્ન ન પૂછે ત્યાં સુધી શિષ્ય કંઈ ન બોલે, મૌન રહે.

(૨) ગુરુ જ નહીં, કોઈના પણ પૂછ્યા વિના ક્યારેય કંઈ ન કહે.

૨૭. (कोहं असच्चं कुव्वेज्जा)

બે ભાઈઓ પોતાની માની સાથે રહેતા હતા. એક ભાઈને તેના દુશ્મને મારી નાખ્યો. માએ બીજા પુત્રને કહ્યું—બેટા ! તારા ભાઈની હત્યા કરનારાને પકડ અને તેને મારી નાખ. પુત્રની મર્દાનગી જાગી ઊઠી. તે પેલા હત્યારાની શોધમાં નીકળી પડ્યો. બાર વર્ષ પછી પેલો મળ્યો. તેને પકડીને માની પાસે લઈ આવ્યો. તેણે કહ્યું—મા ! હું શરણાગત છું. આપ ચાહો તો મારો, ચાહો તો બચાવો. માનું મન કરુણાથી ભરાઈ ગયું. પુત્રે કહ્યું—મા ! ભાઈના હત્યારા એવા આને જોઈને મારા રૂંવે-રૂંવે આગ લાગી છે. પોતાના ક્રોધને કેવી રીતે શાંત કરું ? મા બોલી—પુત્ર ! ક્રોધને પીતા શીખ. દરેક જગ્યાએ તેને સફળ ન કર. યાદ રાખ કે—

'सरणागयाण वस्संभियाण पणयाण वसणपत्ताणं ।
रोगियअजंगमाणं, सप्पुरिसा नेव पहंरति ॥

શરણમાં આવેલા, વશ થયેલા, નમી પડેલા, આપત્તિમાં આવી પડેલા તથા રોગથી પાંગળા બનેલા લોકો પર સત્પુરુષો કદી પ્રહાર કરતા નથી. પુત્રનો ક્રોધ શાંત થયો. તેણે પોતાના ભાઈના ઘાતકને છોડી દીધો.[2]

૨૮. (धारेज्जा पियमप्पियं)

એક વાર એક આખું નગર ભયંકર રોગચાળાથી ઘેરાઈ ગયું. રાજા અને નગરજનો દુઃખી-દુઃખી થઈ ગયા. ત્યાં ત્રણ ભૂતવાદીઓ આવ્યા અને બોલ્યા—હે રાજન ! અમારી પાસે શક્તિશાળી ભૂત છે. અમે આખા નગરનો ઉપદ્રવ શમાવી દઈશું. રાજાએ ત્રણેને કહ્યું—પોતપોતાના ભૂતોનો પરિચય આપો.

પહેલો ભૂતવાદી બોલ્યો—મારું ભૂત અત્યંત સુંદર રૂપ બનાવી નગરની ગલીઓમાં ક્રીડા કરશે. જો કોઈ તેને દ્વેષથી જોશે, તો તે ખીજાઈને તેને મારી નાખશે. જે તેને જોઈને નમન કરશે તે રોગમુક્ત થઈ જશે. રાજાએ કહ્યું—આવું ભૂત ન જોઈએ.

બીજા ભૂતવાદીએ કહ્યું—રાજન ! મારું ભૂત અત્યંત વિકરાળ સ્વરૂપ બનાવીને રસ્તાઓ ઉપર નાચ કરશે. જો કોઈ તેની મશ્કરી કરશે તો તે તેનું માથું ફોડી નાખશે. જે તેની પ્રશંસા કરી પૂજા કરશે તે રોગમુક્ત થઈ જશે. રાજા બોલ્યો—આવું ભૂત પણ ખતરનાક કહેવાય.

---

૧. सुखबोधा, पृ० ४, ५ ૨. એજન, પૃ. ૫.

ત્રીજા ભૂતવાદીએ કહ્યું—રાજન ! મારું ભૂત સીધુંસાદું છે. કોઈ એની પૂજા કરે કે મશ્કરી, તે બધાને રોગમુક્ત કરી દે છે. રાજાએ કહ્યું—અમારે આવું ભૂત જ જોઈએ. તે ભૂતે બધી આપત્તિ નષ્ટ કરી અને સમગ્ર નગરને રોગમુક્ત બનાવી દીધું.

જે વ્યક્તિ પ્રિય અને અપ્રિયને સહન કરે છે તે જ સહુને ગમે છે.[1]

## ૨૯. દમન કરવું જોઈએ (दमेयव्वो)

દમનનો અર્થ છે—પાંચે ઇન્દ્રિયો તથા મનને ઉપશાંત કરવું. વિષય બે પ્રકારના હોય છે—મનોજ્ઞ અને અમનોજ્ઞ. મનોજ્ઞ વિષયો પ્રતિ રાગ અથવા આસક્તિ અને અમનોજ્ઞ વિષયો પ્રતિ દ્વેષ કે ઘૃણા પેદા થાય છે. આ વૃત્તિને વિવેક-જાગૃતિ દ્વારા અંકુશિત કરવી તે દમન છે.[2]

'दमु' અને 'शमु'—આ બંને ધાતુઓ એકાર્થક છે. પ્રયોગની દૃષ્ટિએ 'दमन'નો પ્રયોગ નિગ્રહ કરવાના અર્થમાં અને 'शमन'નો પ્રયોગ શાંત કરવાના રૂપમાં થાય છે. અધ્યાત્મના ક્ષેત્રમાં ઇન્દ્રિય અને મનનો નિગ્રહ કરવો તે દમન કહેવાય છે. પ્રસ્તુત શ્લોકમાં આત્માનો અર્થ ઇન્દ્રિય અને મન છે. આત્મ-દમનનો અર્થ થશે—ઇન્દ્રિયો અને મનનો નિગ્રહ. જેવી રીતે લગામ ખેંચીને ઘોડાને કાબુમાં રાખવામાં આવે છે તેવી રીતે જ ઇન્દ્રિયો અને મનના ઘોડાઓને વશમાં રાખવા તે આત્મ-દમન છે.

દંડનીતિમાં જે દમનનો અર્થ છે, તે અહીં નથી. કાયદાની સંહિતા અનુસાર અપરાધી પર મુકદમો અને તેનું બળપૂર્વક દમન કરવામાં આવે છે. અધ્યાત્મ-સંહિતા અનુસાર એક વ્યક્તિ પોતાની પૂરેપૂરી સ્વતંત્રતા સાથે અહિંસક વિધિ વડે પોતાની ઇન્દ્રિયો અને મનની ચંચળ પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. આ જ આત્મ-દમન છે.

આ રીતે એક જ શબ્દ બે સંદર્ભોમાં બે જુદા અર્થ ધારણ કરે છે.

## ૩૦. 'वरं मे अप्पा दंतो'ના પ્રસંગમાં નીચેની કથા આપવામાં આવી છે—

**ગન્ધહસ્તી સેચનક**

એક ગાઢ જંગલ હતું. ત્યાં હાથીઓનું એક જૂથ રહેતું હતું. જૂથપતિ તે જૂથમાં નવા પેદા થનારા બધા બાળ-હાથીઓને મારી નાખતો હતો. એક વાર એક ગર્ભિણી હાથણીએ વિચાર્યું, 'મને જો બાળહાથી જન્મશે તો આ જૂથપતિ તેને મારી નાખશે. સારું એ છે કે હું અહીંથી છટકી જાઉં. એક વાર અવસર જોઈ તે ત્યાંથી નીકળી નજીકના ઋષિઆશ્રમમાં ચાલી ગઈ. ઋષિકુમારોએ તેને આશ્રય આપ્યો. તેણે બાળહાથીને જન્મ આપ્યો. તે બધા ઋષિકુમારો સાથે વાટિકાનું સિંચન કરવા લાગ્યો. તેમણે તેનું નામ 'સેચનક' રાખ્યું. તે મોટો થયો. પેલા જૂથપતિને જોઈ અને તેના પર તેણે હુમલો કર્યો. તેને મારી નાખીને પોતે તે જૂથનો સ્વામી બની ગયો. એક વાર તેણે કંઈક વિચાર્યું અને જે આશ્રમમાં તે જન્મ્યો હતો, ઉછર્યો હતો, તે જ આશ્રમનો નાશ કર્યો. ઋષિકુમારો જીવ બચાવી રાજા શ્રેણિક પાસે દોડી ગયા અને સેચનક ગંધહસ્તીની વાત કરી. રાજા પોતે જ તેને પકડવા ગયો. તે ગંધહસ્તી એક દેવતા વડે પરિગૃહીત હતો. રાજાએ હાથીને કહ્યું—'વત્સ ! તું પોતે પોતાની જાતનો નિગ્રહ કર. બીજાઓ વડે બંધ અને વધ વગેરેથી નિગૃહીત થવું સારું નથી.' આ સાંભળી હાથી આશ્વસ્ત થયો અને પોતે જ આલાન સ્તમ્ભ પાસે આવી ઊભો રહ્યો.

---

૧. सुखबोधा, पृ० ५, ६ ।

૨. बृहद्वृत्ति, पत्र ५२ : दमयेत् इन्द्रियनोइन्द्रियदमेन मनोज्ञेतरविषयेषु रागद्वेषवशतो दुष्टगजमिवोन्मार्गगामिनं स्वयं विवेकांकुशेनोपशमनं नयेत् ।

૩૧. (શ્લોક ૧૭)

શિષ્ય ગુરુને પ્રતિકૂળ આચરણ ન કરે. ન તો તે વાણીથી એમ કહે—'તમે કંઈ જાણતા નથી.' અથવા ગુરુસમક્ષ કે પરોક્ષ તેમની વિરુદ્ધનાં વચનો ન બોલે. તથા કર્મથી અર્થાત્ ક્રિયાથી તે આચાર્ય અને ઉપાધ્યાયના શૈયા-સંથારા ઉપર ન બેસે, હાથ-પગથી તેને ઘસાય નહીં તથા આવતાં-જતાં તેના પર પગ રાખીને ચાલે નહીં—આ ચૂર્ણિગત વ્યાખ્યા છે.[1] વૃત્તિકારની વ્યાખ્યા કંઈક જુદી છે.

૩૨. આચાર્યોના (**किच्चाण**)

કૃતિનો અર્થ છે—વંદના. જે વંદનાને યોગ્ય હોય છે તેમને કૃત્ય—આચાર્ય કહેવામાં આવે છે.[2]

૩૩. પ્રસ્તુત શ્લોક (૧૮)માં આચાર્ય સમીપે શિષ્યે કેવી રીતે ન બેસવું જોઈએ તેનો નિર્દેશ કરતાં સૂત્રકાર ચાર બાબતોનો ઉલ્લેખ કરે છે.

વૃત્તિકારે તેમના કારણોનો નિર્દેશ આ રીતે કર્યો છે—

(૧) શિષ્ય ગુરુની જમણે કે ડાબે ન બેસે, કેમકે ગુરુને આમ-તેમ જોવામાં ગરદન અને ખભામાં પીડા થઈ શકે છે.

(૨) શિષ્યે ગુરુની સામે તદ્દન નજીક પણ ન બેસવું જોઈએ, કેમકે ગુરુ-વંદના માટે આવનાર લોકોને ગુરુના મુખારવિંદના દર્શન ન થવાથી તેમના મનમાં અપ્રીતિ ઉત્પન્ન થઈ શકે છે.

(૩) શિષ્ય ગુરુની પાછળ પણ ન બેસે, કેમકે બંનેને—ગુરુ અને શિષ્યને, એક-બીજાનું મોઢું ન દેખાવાને કારણે તે રસવત્તા ઉત્પન્ન નથી થતી જે રસવત્તા મુખદર્શનથી થાય છે.

(૪) શિષ્ય ગુરુને ચોંટીને ન બેસે, કેમકે પૂજ્ય વ્યક્તિઓના અંગોના સ્પર્શથી આશાતના થાય છે અને તે અવિનયનું પ્રતીક છે.[3]

૩૪. (**पल्हत्थियं.....पक्खपिण्डं**)

**पल्हत्थियं**—ઘૂંટણ અને કમરની ચારે તરફ વસ્ત્ર બાંધીને બેસવાને પર્યસ્તિકા કહેવામાં આવે છે.[4]

કુષાણકાલીન મૂર્તિઓમાં, જે મથુરાથી પ્રાપ્ત થઈ છે, યક્ષકુબેર અથવા સાધુ વગેરે પોતાના પગ કે પેટની ચારે તરફ વસ્ત્ર બાંધીને બેઠેલા દર્શાવવામાં આવ્યા છે. તેને તે સમયની ભાષામાં 'पल्हत्थिया' (પલાંઠી) કહેતા હતા. તે બે પ્રકારની હતી—'समग्र पल्हत्थिया' અથવા આખી પલાંઠી અને 'अर्ध पल्हत्थिया' અથવા અર્ધી પલાંઠી.

અર્ધી પલોઠી જમણી અને ડાબી એટલે કે જમણો પગ અથવા ડાબો પગ વાળવાથી બે પ્રકારની બનતી હતી. પલોઠી વાળવા માટે સાટક, બાહુપટ્ટ, ચર્મપટ્ટ, વલ્કલપટ્ટ, સૂત્ર, રજ્જુ વગેરે વડે બંધન બાંધવામાં આવતું હતું. આ પલ્હત્થિકા-પટ્ટ રંગીન, ચિત્રિત અથવા સુવર્ણ-રત્ન-મણિ-મુક્તા ખચિત પણ બનાવવામાં આવતા હતા.[5]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ३४.

૨. बृहद्वृत्ति, पत्र ५४ : कृतिः—वन्दनकं तदर्हन्ति कृत्याः 'दण्डादित्वाद् यप्रत्ययः' ते चार्थादाचार्यादयः ।

૩. એજન, पत्र ५४ ।

૪. એજન, पत्र ५४ : 'पर्यस्तिका' जानुजङ्घोपरिवस्त्रवेष्टनाऽऽत्मिकाम् ।

૫. अंगविज्जा भूमिका, पृ० ५९ ।

**पक्खपिण्डं**—બંને હાથ બંને ઘૂંટણ અને સાથળને વીંટાળીને બેસવું, તે પક્ષપિંડ કહેવાય છે.[1]

### ૩૫. બોલાવવામાં આવતાં (**वाहित्तो**)

ચૂર્ણિ અને બંને વૃત્તિઓમાં 'वाहित्तो' પાઠ છે. તેનું સંસ્કૃત રૂપ 'व्याकृत' છે. પાછળની પ્રતિઓમાં આ પાઠ 'वाहित्तो' રૂપમાં મળે છે. આના આધારે પિશેલે તેનું સંસ્કૃત રૂપ 'व्याक्षिप्त' આપ્યું છે.[2] પરન્તુ 'व्याक्षिप्त'નું પ્રાકૃત રૂપ 'वक्खित्त' થાય છે. આથી શબ્દ અને અર્થની દૃષ્ટિથી આ ઉચિત નથી.

આ શબ્દના સંદર્ભમાં આચાર્ય નેમિચન્દ્રે કહ્યું છે કે ગુરુ દ્વારા બોલાવવામાં આવતાં શિષ્ય પોતાની જાતને ધન્ય માને. તેમણે એક પ્રાચીન પદ્ય ઉદ્ધૃત કર્યું છે[3]—

**'धन्नाण चेव गुरुणो, आदेसं देंति गुणमहोयहिणो ।**

**चंदणरसो अपुन्नाण निवडए नेय अंगम्मि ॥**

—ગુણોના સાગર આચાર્ય યોગ્ય શિષ્યને જ આજ્ઞા કરે છે. જે ક્ષીણપુણ્ય છે, શું તેમના શરીર પર ક્યારેય ચંદનરસનાં છંટકાવ થાય છે ?

### ૩૬. સમીપ રહે (**उवचिट्ठे**)

ચૂર્ણિકારે એનો અર્થ આનો અર્થ 'પાસે બેસવું' એવો કર્યો છે.[4] ટીકાઓમાં આનો અર્થ છે—'હું આપનું અભિવાદન કરું છું'—એવું બોલતો શિષ્ય સવિનય ગુરુ પાસે હાજર થાય.[5]

### ૩૭. (**आलवन्ते लवन्ते वा**)

आलाप અને लपन—આ બે શબ્દો છે. આલાપનો અર્થ છે—'થોડુંક બોલવું'[6] અથવા 'પ્રશ્ન વગેરે પૂછવા'[7]. લપનનો અર્થ છે—'વારંવાર બોલવું' અથવા 'અનેક રીતે બોલવું'.[8]

### ૩૮. ઉભડક બેઠક (**उक्कुडुओ**)

સ્થાનાંગમાં પાંચ પ્રકારની નિષદ્યાનો ઉલ્લેખ છે.[9] તેમાં ઉત્કટુકા એક નિષદ્યા છે. બંને પંજા ભૂમિ ઉપર રાખીને, બંને પગની એડી જમીન સાથે ન અડે તે રીતે બેસવું તેને ઉત્કટુકાસન કહે છે. તેનો પ્રભાવ વીર્યગ્રંથીઓ પર પડે છે. આ આસન બ્રહ્મચર્યની સાધના માટે બહુ ઉપયોગી છે. આ વિનયની એક મુદ્રા છે.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ० ३५ : पक्खपिण्डो दोहिं वि बाहाहिं उरूगजाणूणि घेत्तूण अच्छणं ।

२. पिशेल २८६ ।

३. सुखबोधा, पत्र ९ ।

४. उत्तराध्ययन चूर्णि, पृ० ३५ : उपेत्य तिष्ठेत वा चिट्ठेज्जा ।

५. (क) बृहद्वृत्ति, पत्र ५५ : 'उपतिष्ठेत' मस्तकेनाभिवन्द इत्यादि वदन् सविनयमुपसर्प्येत् ।

(ख) सुखबोधा, पत्र ८ ।

६. बृहद्वृत्ति, पत्र ५५ : आङ्गिति इषल्लपति वदति ।

७. अभिधान चिन्तामणि कोष, २।१८८: आपृच्छालाप....।

८. बृहद्वृत्ति, पत्र ५५ : लपति या वारं वारमनेकधा वाऽभिदधति ।

९. ठाणं ५।५० :—पंच णिसिज्जाओ पण्णत्ताओ, तं जहा—उक्कुडुया, गोदोहिया, समपायपुता, पलियंका, अद्धपलियंका ।

૩૯. જે શિષ્ય વિનયયુક્ત હોય (**विणयजुत्तस्स**)

વિનયયુક્ત મુનિનો વ્યવહાર કેવો હોય ? તે ગુરુ પાસે પોતાની જિજ્ઞાસા કેવી રીતે રજૂ કરે ? તે ગુરુ સમક્ષ કેવી રીતે ઉપસ્થિત થાય—આ પ્રશ્નોના સંદર્ભમાં સૂત્રકારે કેટલાંક સૂચનો કર્યાં છે—

મુનિ આસન ઉપર બેસીને કે શૈય્યા પર બેસીને ગુરુ સમીપ જિજ્ઞાસા વ્યક્ત ન કરે. તે ગુરુ પાસે હાજર થઈ, બંને હાથ જોડી, ઉત્કટુક આસનમાં બેસી પોતાની જિજ્ઞાસા રજૂ કરે.[1]

હાલમાં ઉત્કટુક આસનની જગ્યાએ વંદનાસનમાં બેસવાની પરંપરા પ્રચલિત છે.

૪૦. સૂત્ર, અર્થ અને તદુભય (**सुत्तं अत्थं च तदुभय**)

આગમની રચના શૈલી ત્રણ પ્રકારની છે—

૧. સૂત્રાત્મક શૈલી—આ શૈલી સંક્ષિપ્ત અને સૂચક હોય છે.

૨. અર્થાત્મક શૈલી—આ શૈલી વ્યાખ્યાત્મક હોય છે.

૩. તદુભયાત્મક શૈલી—આ ક્યાંક સૂત્રાત્મક અને ક્યાંક વ્યાખ્યાત્મક—એમ બંને પ્રકારના મિશ્રણવાળી હોય છે.

વૃત્તિકારે સૂત્ર શબ્દથી કાલિક અને ઉત્કાલિક આગમ તથા અર્થ શબ્દથી તેમના અભિધેયને ગ્રહણ કરેલ છે. બંનેનું સમન્વિત રૂપ છે—તદુભય.[2]

૪૧. (શ્લોક ૨૪)

પ્રસ્તુત શ્લોકમાં અસત્ય અને નિશ્ચયકારિણી ભાષા ન બોલવાનો તથા ભાષાના દોષોનો પરિહાર કરવાનો નિર્દેશ છે.

વૃત્તિકાર નેમિચન્દ્રે અસત્ય બોલવાથી થનાર છ દોષોનો નિર્દેશ કર્યો છે—

**धर्महानिरविश्वासो, देहार्थव्यसनं तथा ।**
**असत्यभाषिणां निंदा, दुर्गतिश्चोपजायते ॥**

અસત્ય ભાષણના છ દોષ આ પ્રમાણે છે—

| | |
|---|---|
| (૧) ધર્મની હાનિ | (૪) અર્થની હાનિ |
| (૨) અવિશ્વાસ | (૫) નિંદા |
| (૩) શારીરિક ઉત્તાપ | (૬) દુર્ગતિ. |

અવધારિણી અથવા નિશ્ચયકારિણી ભાષા ન બોલવાના પ્રસંગમાં વૃત્તિકારે એક સુંદર ગાથા પ્રસ્તુત કરીને તેના વાસ્તવિક કારણનો નિર્દેશ કર્યો છે—

**'अन्नह परिचिंतिज्जइ, कज्जं परिणमइ अन्नहा चेव ।**
**विहिवसयाण जियाणं, मुहुत्तमेत्तं पि बहुविग्घं ॥'**

—પ્રત્યેક પ્રાણી ભાગ્યને અધીન છે, કર્મોને અધીન છે. તે વિચારે છે કંઈક અને થઈ જાય છે કંઈક જુદુ જ. જીવનની પ્રત્યેક ક્ષણ વિઘ્નોથી ભરેલી છે.[3]

---

૧. उत्तरज्झयणाणि, १।२१, २२ ।

૨. बृहद्वृत्ति, पत्र ५६ ।

૩. सुखबोधा, पत्र ९ ।

અસત્ય ભાષણ, સાવદ્યનું અનુમોદન કરતી વાણી, પાપકારી ભાષા, ક્રોધ-માન-માયા અને લોભને વશીભૂત થઈને બોલાતી ભાષા–આ બધી ભાષાઓ સદોષ છે.

**૪૨. બંનેના પ્રયોજન માટે અથવા અકારણ જ (उभयस्सन्तरेण)**

ટીકાઓમાં આનો અર્થ છે–બંને (પોતાના અને પારકા)ના પ્રયોજન માટે અથવા પ્રયોજન વિના.[૧] ચૂર્ણિમાં આનો અર્થ બે અથવા વધુ વ્યક્તિઓની વચ્ચે બોલવું–કરવામાં આવ્યો છે.[૨]

**૪૩. નિરર્થક (निरट्ठं)**

સુખબોધા ટીકામાં આ શબ્દની વ્યાખ્યામાં એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કરવામાં આવ્યો છે–

**'एष वन्ध्यासुतो याति, खपुष्पकृतशेखरः ।**
**मृगतृष्णाम्भसि स्नातः शशश्रृंगधनुर्धरः ॥**

–જુઓ, આ વાંઝણીનો દીકરો જઈ રહ્યો છે. તેણે આકાશ-કુસુમની મસ્તકમાળા બાંધી છે, મૃગતૃષ્ણાના જળમાં સ્નાન કરીને હાથમાં સસલાના શીંગડાનું ધનુષ્ય લીધું છે.[૩]

**૪૪. મર્મભેદી વચન (मम्मयं)**

ચૂર્ણિ અનુસાર 'મર્મ'ની નિર્યુક્તિ છે–'म्रियते येन तन् मर्म'–જેનાથી વ્યક્તિ મૃત્યુ પામે છે, તે છે મર્મ. જેવી રીતે કોઈને કહેવું કે તું તારી પત્નીનો દાસ છો–'इत्थीकारी भवान्'–આ મર્મવચન છે.[૪]

મર્મ શબ્દના અનેક અર્થ થાય છે–રહસ્યમય, કડવું, પીડાકારક. વૃત્તિકારે અહીં તેની વ્યાખ્યા કડવા વચનનાં રૂપમાં કરી છે. કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર કહેવો–મર્મભેદી વચન છે. તે યથાર્થ હોવા છતાં પણ મર્મને ભેદે છે. આ અતિ સંક્લેશકારી હોય છે.

ચૂર્ણિકારે[૫] એક શ્લોકના માધ્યમ વડે દર્શાવ્યું છે કે જેવી રીતે મર્મભેદી વચન પીડાકારક હોય છે તેવી જ રીતે જન્મસંબંધી અને કાર્યસંબંધી વચન પણ મર્મભેદી વચનની શ્રેણીમાં જ આવે છે. કોઈના જન્મનો ઉલ્લેખ કરતાં કંઈ કહેવું, આજીવિકાના સંબંધમાં કંઈ કહેવું વ્યક્તિના મર્મને સ્પર્શનાર હોય છે. મુનિ આ ત્રણેનો ત્યાગ કરે, કેમકે મર્મવિદ્ધ વ્યક્તિ પોતે જ આત્મહત્યા કરી શકે છે અથવા મર્મકારી વચન બોલનારની હત્યા કરી શકે છે–

**'मम्मं जम्मं कम्मं, तिन्नि वि एयाइं परिहरिज्जासि ।**
**मा जम्म-मम्मविद्धे, मरेज्ज मारेज्ज वा किंचि ॥**

**૪૫. (समरेसु अगारेसु सन्धीसु)**

**समरेसु**–ચૂર્ણિકાર અનુસાર આનો અર્થ લુહારની કોઢ થાય છે.[૬] શાન્ત્યાચાર્યે આનો અર્થ હજામની દુકાન, લુહારની કોઢ

---

૧. (क) बृहद्वृत्तिः, पत्र ५७ : 'उभयस्स' त्ति आत्मनः परस्य च, प्रयोजनमिति गम्यते 'अन्तरेण व' त्ति विना वा प्रयोजनमित्युपस्कारः ।
(ख) सुखबोधा, पत्र १० ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ० ३६, ३७ ।

૩. सुखबोधा, पत्र १० ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ० ३९ ।

૫. એજન, પૃ૦ ૩૧ ।

૬. એજન, પૃ૦ ૩૭ : समरं नाम जत्थ हेट्ठा लोहयारा कम्मं करेंति ।

અને બીજાં નીચસ્થાનો એવો કર્યો છે. તેમણે સમરનો બીજો અર્થ યુદ્ધ પણ કર્યો છે.[1] નેમિચન્દ્ર અનુસાર આનો અર્થ હજામની દુકાન છે.[2]

સર મોનિયર વિલિયમ્સે સમરનો અર્થ 'સમૂહનું એકત્રિત થવું' કર્યો છે.[3] આ અર્થ પણ પ્રકરણની દૃષ્ટિએ ગ્રાહ્ય બની શકે તેવો છે. સમર્સ્નું સંસ્કૃત રૂપ સ્મર પણ બને છે. તેનો અર્થ છે કામદેવ સંબંધી અથવા કામદેવનું મંદિર.[4] અનુવાદમાં અમે આ જ અર્થ કર્યો છે. આ શબ્દ વડે સંદેહાસ્પદ સ્થાનનું ગ્રહણ ઇષ્ટ છે.

**अगारेसु**—ચૂર્ણિકારે આનો અર્થ શૂન્યાગાર[5] અને શાન્ત્યાચાર્યે માત્ર ગૃહ કર્યો છે.[6]

**संधीसु**—બે ઘરની વચ્ચેનો સાંધો. બે દીવાલોની વચ્ચેનું છૂપું સ્થાન.[7]

### ૪૬. (सीएण फरुसेण)

**सीएण**—પ્રકરણવશ ચૂર્ણિકારે 'शीत'નો અર્થ 'स्वादु' (મધુર), શાન્ત્યાચાર્યે 'उपचार सहित' અને નેમિચન્દ્રે 'आह्लादक' કર્યો છે.[8]

**फरुसेण**—ચૂર્ણિકારે 'परुष'નો અર્થ સ્નેહ-વર્જિત અથવા નિષ્ઠુર અને બૃહદ્વૃત્તિકારે કર્કશ કર્યો છે.[9] ગચ્છાચારની વૃત્તિમાં સોયની જેમ ભોંકાનાર વચનને ખર, બાણની જેમ ભોંકાનાર વચનને પરુષ અને ભાલાની જેમ ભોંકાનાર વચનને કર્કશ કહેવામાં આવેલ છે.[10]

### ૪૭. દ્વેષનો હેતુ (वेसं)

વૃત્તિકારોએ આને દ્વેષ્ય માનીને વ્યાખ્યા કરી છે.[11] દેશી નામમાલામાં આ અર્થમાં 'वेसक्खिज्ज' શબ્દ મળે છે.[12]

---

१. बृहद्वृत्ति, पत्र ५७ : समरेषु खरकुटीषु.....उपलक्षणत्वादस्यान्येष्वपि नीचास्पदेषु......अथवा सममरिभिर्वर्तन्त इति समराः ।

२. सुखबोधा, पत्र १० : समरेषु—खरकुटीषु ।

3. Sanskrit-English Dictionary, 1170 : Samara-coming together, meeting, concourse, confluence.

४. (क) पाइअ-सद्द-महण्णवो, पृ० १०८५ ।
(ख) अंगविज्जा भूमिका, पृ० ६३ : समर्स—स्मरगृह या कामदेवगृह ।

५. उत्तराध्ययन चूर्णि, पृ० ३७ : अगारं नाम सुण्णागारं ।

६. बृहद्वृत्ति, पत्र ७० : अगारेषु—गृहेषु ।

७. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ३७ : संधाणं संधि, बहूण वा घराणं तिण्हं घराणं यदंतरा ।
(ख) बृहद्वृत्ति, पत्र ५७ : 'गृहसन्धिषु च' गृहद्वयान्तरालेषु च ।

८. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ३७ : शीतेन स्वादुना इत्यर्थः ।
(ख) बृहद्वृत्ति, पत्र ५७ : 'शीतेन' सोपचारवचसा ।
(ग) सुखबोधा, पत्र १० : शीतेन—उपचाराच्छीतलेनाऽऽह्लादकेनेत्यर्थः ।

९. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ३७ : परुषं—स्नेहवर्जितं यत्परोक्षं निष्ठुराभिधानम् ।
(ख) बृहद्वृत्ति, पत्र ५७ : 'परुषेण' कर्कशेन ।

१०. गच्छाचार, पत्र ५९ : खराः शूचीतुल्याः । परुषा बाणतुल्याः । कर्कशाः कुन्ततुल्याः ।

११. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ३८ ।
(ख) बृहद्वृत्ति, पत्र ५८ ।
(ग) सुखबोधा, पत्र १० ।

१२. देशीनाममाला ७।७१।

### ૪૮. ભયમુક્ત (विगयभया)

'विगयभय'નો એક અર્થ છે—ભયમુક્ત. તેનો વૈકલ્પિક અર્થ થાય છે—ભયપ્રાપ્ત. મુનિના મનમાં એક ભય પેસી જાય છે. તે વિચારે છે—જો હું ગુરુના કઠોર અનુશાસનનું પાલન નહીં કરું તો બીજાઓ વડે મારું અપમાન થશે. બીજા મુનિઓ મારી બાબતમાં શું વિચારશે—એવી ધારણાથી એ ગુરુના અનુશાસનને હિતકારી માને છે. આ રચનાત્મક ભય છે. એ અનેકવાર મુનિના જીવનમાં રચનાત્મક અને ગુણાત્મક પરિવર્તનનો હેતુ બને છે.

વૃત્તિકારે 'बुद्धा' શબ્દમાં વૈકલ્પિક રૂપે પાંચમી વિભક્તિ માનીને 'बुद्धाद्'નો અર્થ આચાર્ય વગેરે કર્યો છે અને 'विगयभया'ને તેનું વિશેષણ માન્યું છે—'विगयभयाद् बुद्धाद्'.[1]

### ૪૯. હાથ-પગ વગેરે વડે ચપળતા ન કરે (अप्पकुक्कुए)

ચૂર્ણિમાં 'अप्प'નો અર્થ નિષેધ છે.[2] શાન્ત્યાચાર્યે 'अप्प' શબ્દના અર્થ 'થોડું' અને 'નહીં'—એમ બંને કર્યાં છે.[3] નેમિચન્દ્રે માત્ર 'થોડું' અર્થ કર્યો છે.[4]

### ૫૦. શ્લોક ૩૧ :

'काले कालं समायरे'—આ વાક્ય મુનિની સામાચારીનું દ્યોતક છે. મુનિએ વિવિધ ક્રિયાઓમાં જોડાવાનું હોય છે. જો તે પ્રત્યેક ક્રિયાને ઉચિત કાળમાં કે નિર્ધારિત સમયમાં સંપન્ન કરે તો બધી ક્રિયાઓ યોગ્ય સમયે પરિસંપન્ન થાય છે.

જે દેશ કે સમાજમાં ભિક્ષાનો જે કાળ હોય, મુનિ તે જ સમયે ભિક્ષા માટે નીકળે. કેમકે અયોગ્ય સમયે જવાથી મુનિને ખિન્ન થવું પડે છે, આત્મ-ક્લેશ થાય છે. તે સમયે જાય અને સમયે જ પાછો ફરે. જો ભિક્ષા ન મળે તો પણ તે ફરતો ન રહે. તે આ સૂત્રનું સ્મરણ કરે કે ભગવાને કહ્યું છે કે—'अलाभो त्ति न सोएज्जा, तवो त्ति अहियासए'—પ્રાપ્તિ ન થાય તો રાંક ન બને. એની મેળે જ તપસ્યા થઈ રહી છે, એમ વિચારે. મને થોડુંક મળ્યું કે નથી મળ્યું—એમ વિચારી ઘરે-ઘરે ન ભટકે.

માત્ર ભટકતા રહેવાથી બીજી-બીજી ક્રિયાઓનો સમય વીતી જાય છે. એમ થવાથી તે ન સમય પર પ્રતિલેખન કરી શકે છે કે ન સ્વાધ્યાય-ધ્યાન પણ કરી શકે છે.

આ જ શ્લોક દશવૈકાલિક ૫।૨।૪માં આવેલ છે.

### ૫૧. પરિપાટી (પંક્તિ)માં ઊભો ન રહે (परिवाडीए न चिट्ठेज्जा)

બૃહદ્‌વૃત્તિમાં પરિપાટીના બે અર્થ મળે છે—ગૃહપંક્તિ અને ભોજન માટે બેઠેલા માણસોની પંક્તિ.

૧. ગૃહપંક્તિ—મુનિ એક સ્થાન પર ઊભો રહી ઘરોની લાંબી પંક્તિમાંથી લાવવામાં આવનાર આહાર ન લે. કેમકે દૂરના ઘરોથી ભિક્ષા લાવનાર ગૃહસ્થની અયતનાનું સાચું જ્ઞાન થઈ શકતું નથી.

---

१. बृहद्वृत्ति, पत्र ५८ ।

२. उत्तराध्ययन चूर्णि, पृ० ३८ : 'अप्पकुक्कुए' ति न गात्राणी स्पंदयती ण वा अबद्धासणो भवति, अन्नत्थुसास-णीससितादौ अत्थस्सेह मुक्त्वा शेषमकुकुचो ।

३. बृहद्वृत्ति, पत्र ५८, ५९ : 'अप्पकुकुइ' त्ति अल्पस्पन्दनः करादिभिरल्पमेव चलन्, यद्वा—अल्पशब्दोऽभावाभिधायी, ततश्चाल्पम्—असत् कुकुयं ति कौत्कुचं—कर-चरण-भ्रू-भ्रमणाद्यसच्चेष्टात्मकमस्येत्यल्पकौत्कुचः ।

४. सुखबोधा, पत्र ११ ।

૨. જ્યાં ભોજન કરનાર ગૃહસ્થોની પંક્તિ લાગેલી હોય, મુનિ તે પંક્તિમાં ઊભો ન રહે. કેમકે તેનાથી ગૃહસ્થોના મનમાં અપ્રીતિ અને અદૃષ્ટકલ્યાણતા (અકલ્યાણ-દર્શન) વગેરે દોષો સંભવે છે.[1]

ડૉ. જેકોબીએ આ રીતે અર્થ કર્યો છે–'મુનિ પંક્તિમાં બેસી ભોજન કરનારા માણસો પાસે (આહારની યાચના માટે) ન જાય.'[2]

તેમણે આ અર્થનો કોઈ આધાર આપ્યો નથી.

### ૫૨. પ્રતિરૂપ (મુનિ-વેશ)માં (पडिरूवेण)

પ્રસ્તુત શ્લોકમાં પ્રતિરૂપ શબ્દ છે અને ૨૯મા અધ્યયનના ૪૩મા સૂત્રમાં પ્રતિરૂપતા.

આ શ્લોકની વ્યાખ્યામાં ચૂર્ણિકારે પ્રતિરૂપના ત્રણ અર્થ કર્યા છે[3]–

(૧) પ્રતિરૂપ–શોભાયમાન રૂપધારી.

(૨) પ્રતિરૂપ–ઉત્કૃષ્ટ વેશધારી અર્થાત્ રજોહરણ, ગોચ્છગ અને પાત્રધારી.

(૩) પ્રતિરૂપ–જિન-પ્રતિરૂપક–અર્થાત્ તીર્થંકરની જેમ હાથમાં ભોજન કરનાર.

આનો પ્રકરણગત અર્થ એ છે કે મુનિ–સ્થવિરકલ્પી કે જિનકલ્પી–જે વેશમાં હોય તે વેશમાં ભિક્ષા લે.

વૃત્તિકાળમાં આનો અર્થ–'ચિરંતન મુનિઓની જેવો વેશ ધારણ કરનાર'–જ મુખ્ય રહ્યો છે.[4]

પ્રતિરૂપનો અર્થ પ્રતિબિંબ છે. તે તીર્થંકરનું પણ હોઈ શકે છે અને ચિરંતન મુનિઓનું પણ હોઈ શકે છે. અહીં ચિરંતન મુનિઓ સમાન વેશધારી–આ અર્થ પ્રાસંગિક છે અને ૨૯।૪૩માં તીર્થંકર સમાન વેશધારી–આ અર્થ પ્રાસંગિક છે. જુઓ–૨૯।૪૩નું ટિપ્પણ.

### ૫૩. શ્લોક ૩૩

આના પૂર્વવર્તી શ્લોકમાં 'मियं कालेण भक्खए' આ પદ દ્વારા ભોજન-વિધિનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે. છતાં પણ આ શ્લોકમાં પુનઃ ભિક્ષાટન કરવાની જે વાત કહેવામાં આવી છે, તેની સંગતિ આ રીતે થાય છે[5]–સાધુ સામાન્ય રીતે એકવાર જ ભિક્ષા માટે જાય, પરંતુ રોગીને માટે અથવા જે આહાર મળ્યો હોય તેનાથી ભૂખ શાંત ન થાય તો તે સાધુ ફરી ભિક્ષા માટે જાય.

---

૧. बृहत्‌वृत्ति, पत्र ५९ : परिपाटी गृहपंक्तिः, तस्यां न तिष्ठेत्–न पंक्तिस्थगृहभिक्षोपादानायैकत्रावस्थितो भवति, तत्र दायकदोषाऽनवगमप्रसंगात्, यद्वा–पंक्त्यां–भोक्तुमुपविष्ट-पुरुषादिसम्बन्धिन्यां न तिष्ठेत् । अप्रीत्यदृष्‌कल्याणतादि-दोषसम्भवात् ।

૨. Jacobi, Jaina Sutras, p. 5 : A monk should not approach (dining people) sitting in a row....

૩. उत्तराध्ययन चूर्णि, पृ० ३९ : पडिरूवं णाम सोभणरूवं, जहा पासादीये दरिसणीज्जे अहिरूवे पडिरूवे, रूपं रूपं च प्रति यदन्यरूपं, तत्प्रतिरूपं, सर्वधर्मभूतेभ्यो हि तद्रूपमुत्कृष्टं, तत्तद् रयहरण-गोच्छ-पडिग्गह माताए, जे वा पाणिपडिग्ग-हिया जिणकप्पिता तेसिं गहणं, तेसिं जिनरूवप्रतिरूपकं भवति, यतस्तेन प्रतिरूपेन ।

૪. (क) बृहद्‌वृत्ति, पत्र ५९ : प्रतिप्रतिबिम्बं चिरन्तनमुनीनां यद्रूपं तेन, उभयत्र पतद्‌ग्रहादिधारणात्मकेन सकलान्य-धार्मिकविलक्षणेन ।

(ख) सुखबोधा, पत्र ११ ।

૫. बृहद्‌वृत्ति, पत्र ६० : इह च मितं कालेन भक्षयेदिति भोजन-मभिधाय यत्पुनर्भिक्षाटनाभिधानं तत् ग्लानादिनिमित्तं स्वयं वा बुभुक्षावेदनीयमसहिष्णोः पुनर्भ्रमणमपि न दोषायेति ज्ञापनार्थम्, उक्तं च–..................।

આની પુષ્ટિમાં ટીકાકાર દશવૈકાલિક (અ.-૫, ઉ.-૨)નો નીચેનો શ્લોક ઉદ્ધૃત કરે છે–

..................जइ तेणं न संथरे ॥ २ ॥

तओ कारणमुपन्ने, भत्तपाणं गवेसए ।

..............................................॥ ३ ॥

આ તેત્રીસમા શ્લોકનો વિસ્તાર દશવૈકાલિક ૫।૨।૧૦, ૧૧, ૧૨માં મળે છે.

**चक्खुफासओ**–આનું સંસ્કૃત રૂપ છે–'चक्षुः स्पर्शतः' અહીં 'तस्' પ્રત્યય સાતમીના અર્થમાં છે.

બૃહદ્વૃત્તિકારે આ શબ્દના બીજા બે સંસ્કૃત રૂપ પણ આપ્યાં છે–चक्षुःस्पर्शे અને चक्षुःस्पर्शतः.[1]

**अइक्कमे**–આનો ધાતુગત અર્થ છે–અતિક્રમણ કરવું, ઉલ્લંઘન કરવું. પરંતુ પ્રકરણની દૃષ્ટિથી આનો અર્થ 'પ્રવેશ કરવો' જ સંગત લાગે છે, કારણકે તેની પહેલાં 'लंघिया' શબ્દ (જેનો અર્થ છે–લાંઘીને, વટાવીને) આવી ચૂક્યો છે.

## ૫૪. શ્લોક ૩૪

આ શ્લોકનું પ્રથમ ચરણ 'नाइउच्चे व नीए वा'–ઊર્ધ્વમાલાપહૃત અને અધોમાલાપહૃત નામના ભિક્ષાના દોષો તરફ સંકેત કરે છે. તેમની વિશેષ જાણકારી દશવૈકાલિકસૂત્ર ૫।૧।૬૭, ૬૮, ૬૯માં મળે છે.

વૃત્તિકારે તેના કેટલાંક વૈકલ્પિક અર્થ આપ્યા છે[2]–

(ક) ૧. સ્થાનની અપેક્ષા : ઊંચા સ્થાન ઉપર ઊભો ન રહે.

૨. શારીરિક મુદ્રાની અપેક્ષા : ખભા ઊંચા કરીને–અક્કડ રાખીને ઊભો ન રહે.

૩. ભાવની અપેક્ષા : 'હું લબ્ધિ-સંપન્ન છું' એવી અહંકાર-પૂર્ણ અવસ્થામાં ન જાય.

(ખ) ૧. સ્થાનની અપેક્ષા : નીચા સ્થાને ઊભો ન રહે.

૨. શારીરિક મુદ્રાની અપેક્ષા : ખભા નીચા કરી–દીનતાની અવસ્થામાં ઊભો ન રહે.

૩. ભાવની અપેક્ષા : 'હું કેટલો મંદભાગ્ય છું કે મને આજે કંઈ પણ મળ્યું નહીં'–આવી દીન અવસ્થામાં ન રહે.

ડૉ. હર્મન જેકોબીએ આનો અર્થ આવી રીતે આપ્યો છે–(Monk should) neither boldly erect nor humbly bowing down.–મુનિ અક્કડ થઈને ઊભો ન રહે કે ન દીનતાપૂર્વક નીચો ઝૂકી જાય.[3]

આ અર્થ ટીકાકારના વૈકલ્પિક અર્થ પર આધારિત છે. પણ આ અર્થ પ્રસંગોચિત લાગતો નથી.

આ જ શ્લોકનું બીજું ચરણ 'नासन्ने नाइदूरओ'–ગોચરી માટે ગયેલ મુનિના ગૃહ-પ્રવેશની મર્યાદા તરફ સંકેત કરે છે. તેનો વિસ્તાર દશવૈકાલિક ૫।૧।૨૪માં મળે છે. ત્રીજા ચરણમાં આવેલા બે શબ્દો–'फासुयं' અને 'परकडं पिण्ड'નો વિસ્તાર દશવૈકાલિક ૮।૩૩ અને ૮।૫૧માં મળે છે.

---

૧. बृहद्वृत्ति, पत्र ६० : चक्षुः स्पर्शत इति सप्तम्यर्थे तसिः, ततः- चक्षुःस्पर्शे–दृग्गोचरे चक्षुःस्पर्शगो वा दृग्गोचरगतः ।

૨. बृहद्वृत्ति, पत्र ६० : नात्युच्चे प्रासादो परिभूमिकादौ नीचे वा–भूमिगृहादौ, तत्र तदुत्क्षेपनिक्षेपनिरीक्षणासम्भवाद् दायकापायसम्भवाच्च, यद्वा नात्युच्चः उच्चस्थानस्थिततत्वेन ऊर्ध्वीकृतकंधरतया वा द्रव्यतो, भावतस्त्वहो ! अहं लब्धिमानिति मदाध्मातमानसः, नीचोऽत्यन्तावनतकन्धरो निम्नस्थानस्थितो वा द्रव्यतः, भावतस्तु न मयाऽद्य किञ्चित् कुतोऽप्यवाप्तमिति दैन्यवान् ।

૩. **Jaina Sutras, p. 9.**

**પ્રાસુક**—આનો અર્થ છે—બીજરહિત, નિર્જીવ.[1] આ તેનો વ્યુત્પત્તિલભ્ય અર્થ છે. આનો પ્રવૃત્તિલભ્ય અર્થ છે—નિર્દોષ કે વિશુદ્ધ.

આના સંસ્કૃત રૂપ બે થઈ શકે છે—પ્રાસુક અને સ્પર્શુક. બેચરદાસજીએ આનું સંસ્કૃત રૂપ 'स्पर्शुक' કર્યું છે.

જાર્લ સરપેન્ટિયરે માન્યું છે કે માત્ર જૈન સંસ્કૃતમાં જ આનું રૂપ 'प्रासुक' કરવામાં આવે છે, પરંતુ તે સ્પષ્ટ અર્થબોધક નથી. લ્યૂમેને ઔપપાતિકમાં આ જ આશંકા વ્યક્ત કરી છે. પરંતુ હોર્નલે, પિશેલ અને મેયરે આને 'स्पर्शुक' માન્યું છે. આનો અર્થ છે, મનોજ્ઞ, સ્વીકાર કરવા યોગ્ય.[2]

### ૫૫. પ્રાણી અને બીજ રહિત (अप्पपाणेऽप्पबीयंमि)

**अप्पपाणे**—આનો અર્થ છે—પ્રાણી-રહિત સ્થાનમાં. બંને ટીકાકારો 'पाण' શબ્દ વડે દ્વીન્દ્રિય વગેરે પ્રાણીઓ એવો અર્થ ગ્રહણ કરે છે.[3] પરંતુ ચૂર્ણિકાર આ શબ્દ વડે સમસ્ત પ્રાણીઓ—સ્થાવર અને ત્રસ—એવો અર્થ ગ્રહણ કરે છે.[4]

શાન્ત્યાચાર્યે એવો તર્ક રજૂ કર્યો છે કે આ ચરણમાં આવેલા બે શબ્દ 'अल्प-प्राण' અને 'अल्प-बीज'માં 'अल्प-बीज' શબ્દ નિરર્થક છે, કેમકે પ્રાણ શબ્દથી સમસ્ત પ્રાણીઓનું ગ્રહણ થઈ જાય છે. બીજ પણ પ્રાણ છે.

આ તર્કનું તેમણે આ શબ્દોમાં સમાધાન કર્યું છે—મુખ અને નાસિકા દ્વારા જે વાયુ નીકળે છે, તેને પ્રાણ કહે છે. લોકમાં 'प्राण'નો આ જ અર્થ રૂઢ છે. પ્રાણ દ્વીન્દ્રિય વગેરેમાં જ હોય છે. એકેન્દ્રિય જીવોમાં તે હોતો નથી. આથી કરીને 'अल्प-बीज'નો નિર્દેશ પ્રયોજનપૂર્વક છે.[5]

ચૂર્ણિકારનો મત છે કે અહીં અર્થની દૃષ્ટિએ 'अप्पाणे' પાઠ હોવો જોઈએ, પરંતુ તેમ કરવાથી શ્લોક-રચના બરાબર થતી નથી એ દૃષ્ટિએ 'अप्पाणे'ના સ્થાને 'अप्पपाणे'નો પ્રયોગ કરવામાં આવ્યો છે.[6]

ટીકાકારની દૃષ્ટિએ પણ અલ્પ શબ્દ અભાવવાચી છે.[7] આનાથી પણ ચૂર્ણિકારનો મત સમર્થિત થાય છે.

**अप्पबीयंमि**—આનો શબ્દાર્થ છે—બીજરહિત સ્થાનમાં. ઉપલક્ષણથી આનો અર્થ સમસ્ત સ્થાવર જંતુરહિત સ્થાનમાં એવો થાય છે.[8] બીજસહિત સ્થાન ત્યાજય છે એટલે લીલોતરીસહિતનું સ્થાન એની મેળાએ જ ત્યાજય થઈ જાય છે.[9]

---

૧. (क) बृहद्वृत्ति, पत्र ६० : प्रगता असव इति सूत्रत्वेन मतुब्लोपादसुमन्तः—सहजसंसक्तिजन्मानो यस्मात् तत् प्रासुकम्।
(ख) सुखबोधा, पत्र १२।

૨. The Uttarādhyayana Sūtra, pp. 280, 281.

૩. (क) बृहद्वृत्ति, पत्र ६०।
(ख) सुखबोधा, पत्र १२।

૪. उत्तराध्ययन चूर्णि, पृ० ४० : प्राणग्रहणात् सर्वप्राणीनां ग्रहणम्।

૫. बृहद्वृत्ति, पत्र ६० : ननु चाल्पप्राण इत्युक्ते अल्पबीज इति गतार्थं, बीजानामपि प्राणत्वाद्, उच्यते, मुखनासिकाभ्यां यो निर्गच्छति वायुः स एवेहलोके रूढितः प्राणो गृह्यते। अयं च द्वीन्द्रियादीनामेव संभवति, न बीजाद्येकेन्द्रियाणामिति।

૬. उत्तराध्ययन चूर्णि, पृ० ४०: अप्पाणेत्ति वत्तव्वे बंधाणुलोमे अप्पपाणे।

૭. बृहद्वृत्ति, पत्र ६० : अल्पा—अविद्यमानाः प्राणाः—प्राणिनो यस्मिंस्तदल्पप्राणम्।

૮. એજન, पत्र ६० : अल्पानि—अविद्यमानानि बीजानि शाल्यादीनि यस्मिंस्तदल्पबीजं तस्मिन्, उपलक्षणत्वाच्चास्य सकलैकेन्द्रिय-विरहिते।

૯. उत्तराध्ययन चूर्णि, पृ० ४०: बीजग्रहणात् तद्भेदाः यदि वा बीजान्यपि वर्जयन्ति, किमुत हरितत्रसादयः ?

૫૬. ( पडिच्छन्नंमि संवुडे )

**पडिच्छन्नंमि**–ઉપરથી ઢંકાયેલા ઉપાશ્રયમાં.

અહીં પ્રતિપાદ્ય એ છે કે સાધુ ખુલ્લા આકાશ નીચે ભોજન ન કરે. કેમકે ત્યાં ઉપરથી પડનારા સૂક્ષ્મ જીવોનો ઉપદ્રવ થઈ શકે છે. આથી એવા સ્થાનમાં તે આહાર કરે કે જે ઉપરથી ઢાંકેલું હોય.[1]

**संवुडे**–ચારે બાજુ ભીંતો વગેરેથી ઢંકાયેલા ઉપાશ્રયમાં.

ચૂર્ણિકારે 'संवुडे'ને સાધુનું વિશેષણ માનીને એનો અર્થ સંયત અથવા સર્વેન્દ્રિયગુપ્ત એવો કર્યો છે.[2] શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે તેને સ્થાનનું વિશેષણ માન્યું છે.[3] અનુવાદનો આધાર આ બીજો અર્થ છે. શાન્ત્યાચાર્યે વૈકલ્પિક રૂપમાં 'संवुडे'ને સાધુનું વિશેષણ પણ માન્યું છે.[4] સરખાવો–દશવૈકાલિક ૫।૧।૮૩, ટિપ્પણ અંક ૨૦૩.

૫૭. (समयं.......जयं अपरिसाडियं)

**समयं**–આનો અર્થ છે–સાથે. આ શબ્દ વડે ગચ્છવાસી સાધુઓની સામાચારીનો નિર્દેશ થયો છે. જે મંડળી-ભોજી સાધુઓ છે, તેમનું એ કર્તવ્ય છે કે તેઓ પોતાના સહધર્મી સાધુઓને નિમંત્રિત કરી તેમની સાથે ભોજન કરે, એકલા ન ખાય. આ આશયનો સ્પષ્ટ ઉલ્લેખ દશવૈકાલિક ૫।૧।૯૫માં મળે છે.

બંને ટીકાકારો મુખ્યત્વે આ જ અર્થને માન્ય કરે છે અને દશવૈકાલિક ૫।૧।૯૫નો શ્લોક ઉદ્ધૃત કરે છે. શાન્ત્યાચાર્યે વિકલ્પે આનો અર્થ–'સરસ-વિરસ આહારમાં અનાસક્ત થઈને'–પણ કર્યો છે.[5]

ચૂર્ણિમાં દર્શાવવામાં આવ્યું છે કે એકલો ભોજન કરે તો તે સમતાપૂર્વક કરે અને મંડળીમાં ભોજન કરે તો સાધર્મિકોને નિમંત્રિત કરીને ભોજન કરે.[6]

**जयं अपरिसाडियं**–આ પદ દશવૈકાલિક ૫।૧।૯૬માં જેમનું તેમ આવ્યું છે. 'अपरिसाडियं'નો અર્થ છે–ભૂમિ પર ન પાડતાં. ડૉ. જેકોબીએ આનો અર્થ–વસ્ત્રરહિત–નગ્ન એવો કર્યો છે.[7] આ અર્થ યોગ્ય નથી.

૫૮. શ્લોક ૩૬

બૃહદ્‌વૃત્તિમાં પ્રસ્તુત શ્લોકગત શબ્દોની મુખ્ય વ્યાખ્યા ભોજનવિષયક છે અને વૈકલ્પિક રૂપે બે તારણો આપ્યાં છે–

૧. 'સુપક્વ' શબ્દને છોડીને બાકીના બધા શબ્દોની સામાન્યવિષયક વ્યાખ્યા છે. જેમકે–આણે સારી રીતે કાપ્યાં છે ન્યગ્રોધ વૃક્ષો વગેરે, આણે સરસ બનાવ્યા છે મહેલો, કૂવા વગેરે વગેરે.

---

૧. सुखबोधा, पत्र १२ : प्रतिच्छन्ने–उपरिप्रावरणाऽन्विते, अन्यथा संपातिमसत्त्वसंपातसंभवात् ।

२. उत्तराध्ययन चूर्णि, पृ० ४० : संवुडो नाम सव्विंदियगुत्तो ।

३. (क) बृहद्वृत्ति, पत्र ६०, ६१ : 'संवृते' पार्श्वतः कटकुट्यादिना संकटद्वारे, अटव्यां कुडंगादिषु वा ।
(ख) सुखबोधा, पत्र १२ ।

४. बृहद्वृत्ति, पत्र ६१ : संवृतो वा सकलाश्रवविरमणात् ।

५. (क) बृहद्वृत्ति, पत्र ६१ : 'समकम्' अन्यैः सह, न त्वेकाक्येव रसलम्पटतया समूहासहिष्णुतया वा, अत्राह च–
साहवो तो चियत्तेणं, निमंतेज्ज जहक्कमं ।
जइ तत्थ केइ इच्छेज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥
(दशवै. ५।१।९५)
त्ति, गच्छस्थितसामाचारी चेयं गच्छस्यैवं जिनकल्पिकादीनामपि मूलत्वख्यापनायोक्ता ।
(ख) सुखबोधा, पत्र १२ ।

६. उत्तराध्ययन चूर्णि, पृ० ४० : समतं नाम सम्यग् रागद्वेष वियुतः एकाकी भुंक्ते, यस्तु मंडलीए भुक्ते सोऽविसमगं संजएहिं भुंजेज्ज, सहान्यैः साधुभिरिति, अहवा समयं जहारातिणिओ लंबणे गेण्हईऽण्णे वा, तथा अविक्कितवदनो गेण्हति ।

૭. Jacobi, Jaina Sutras, p. 6.

૨. 'સુકૃત' વગેરે શબ્દોનો નિરવદ્ય પ્રયોગ પણ છે, જેમકે—આણે સુકૃત કર્યાં ધર્મધ્યાન વગેરે. આનું સુપક્વ છે વચન-વિજ્ઞાન વગેરે. આણે સુચ્છિન્ન કર્યો છે સ્નેહ વગેરે. આણે અકલ્યાણની શાંતિ માટે ઉપકરણોને સુહૃત-એકત્રિત કર્યાં છે. આણે સુહૃત—સારી રીતે મારી નાખ્યા છે કર્મ શત્રુઓને. આ સુમૃત છે—આણે પંડિત-મરણ વડે મૃત્યુ પ્રાપ્ત કર્યું છે. આ સાધ્વાચારના વિષયમાં સુનિષ્ઠિત છે. સુલષ્ટ છે—સારાં છે આના તપોનુષ્ઠાન વગેરે.[1]

નેમિચન્દ્રાચાર્યે પણ આ શબ્દોની ભોજનપરક વ્યાખ્યા કરીને વૈકલ્પિક રૂપમાં સામાન્યપરક વ્યાખ્યા અને નિરવદ્ય વ્યાખ્યા—બંને કરી છે. અત્ર-તત્ર ઉદાહરણોમાં તફાવત છે.[2]

ડૉ. હર્મન જેકોબી અનુસાર આ પદ્યનો અર્થ છે—મુનિ એવા આહારને ત્યાજ્ય માને જે સુકૃત, સુપક્વ વગેરે હોય.[3]

આ અર્થ પ્રસંગોચિત નથી, કેમકે પ્રસ્તુત શ્લોકમાં એવો વિવેક કરવામાં આવ્યો છે કે મુનિ આહારના સંબંધમાં શું ન બોલે.

પ્રસ્તુત શ્લોક દશવૈકાલિક ૭।૪૧માં પણ આવ્યો છે. આ સૂત્રના પ્રાચીન ચૂર્ણિકાર અગત્સ્યસિંહ સ્થવિર આ શ્લોકમાં પ્રયુક્ત શબ્દોને અનેક વિશિષ્ટ ક્રિયાઓના પ્રશંસક વચન માને છે. બીજા ચૂર્ણિકાર જિનદાસ અને વૃત્તિકાર હરિભદ્રસૂરિ આ શબ્દોના ઉદાહરણ ભોજન વિષયક પણ આપે છે અને સામાન્ય પણ.

વિશેષ વિવરણ માટે જુઓ—દશવૈકાલિક ૭।૪૧નું ટિપ્પણ.

### ૫૯. શ્લોક ૩૭ :

અવિનીત મનુષ્ય દુષ્ટ પ્રકૃતિનો હોય છે. ગુરુના અનુશાસનથી તે પ્રસન્ન નથી થતો. ગુરુ તેના વ્યવહારથી ખિન્ન થઈ જાય છે. આવી દુષ્ટ પ્રકૃતિવાળા અવિનીત શિષ્યની તુલના દુષ્ટ ઘોડા સાથે કરવામાં આવી છે. આચાર્ય ભિક્ષુએ અવિનીતની આ મનોવૃત્તિનું માર્મિક ચિત્રણ કર્યું છે—

गलियार गधो घोडो अविनीत ते, कूट्या विना आगे न चाले रे ।
ज्यूं अविनीत ने काम भोलावियां, कह्या नीठ नीठ पार घाले रे ॥
गलियार गधो घोडो मोल ले, खाडेती घणो दु:ख पावे रे ।
ज्यूं अविनीत ने दिख्या दिया पछै, पग पग गुरु पिछतावै रे ॥[4]

### ૬૦. શ્લોક ૩૮ :

પ્રસ્તુત શ્લોકના બે પ્રકારના પાઠોના આધારે ચૂર્ણિકારે ત્રણ અર્થ આપ્યા છે[5]—

---

૧. बृहद्वृत्ति, पत्र ६१ :

२. सुखबोधा, पत्र ९ ।

3. **Jacobi, Jaina Sutras, p. 9: A monk should avoid as unallowed such food as is well dressed, or well cooked, or well cut........**

४. विनीत अविनीत की चौपई, ढाल २।११,१२।

५. उत्तराध्ययन चूर्णि, पृ० ४१: खड्डुगाहिं चवेडाहिं अक्कोसेहिं वहेहिं या एवमादि भिक्खुशासने प्रकारे तमाचार्यं कल्लाणमणुसासेन्तं, कल्यमानयतीति कल्याणं, इह परलोकं (कहितं) इत्यर्थः, तथापि तत् कल्याणमनुशासत् कल्याणं वा तमाचार्यमनुशासनं पावदिट्ठित्ति मण्णति, अयं हि पापो मां हंति, निर्घृणत्वात् क्रौर्य्यत्वाच्च चारपालकवद् बाधयति । अपरकल्प:—खड्डुगा मे चवेडा मे सो उ गम्मो इति, एस आयरिओ अकोविओ एवं चवेड उच्चावएहिं मं आउस्सेहिं आउस्सति, एवमसौ कल्लाणमणुसासंतं पावदिट्ठित्ति मन्नति । अपर आदेश:—वाग्भिरप्यसावनुशास्यमान: मन्यते तां वाचं 'खड्डुगा मे चवेडा मे' तथा हितामपि वाचं अक्कोसतित्ति, सासति वधं वा ।

૧. **खड्डुगाहिं चवेडाहिं**.............. આ પાઠના આધારે આનો અર્થ છે—લાતો, લપડાકો, કડવા વચનો તથા દંડ વગેરેના આઘાતો વડે શિષ્ય-હિત માટે કલ્યાણકારી અનુશાસન કરનારા આચાર્યને શિષ્ય પાપદૃષ્ટિ માને છે. તે વિચારે છે—આ તો પાપી છે. તેમના મનમાં મારા માટે દયા નથી. તેઓ ક્રૂર છે. તેઓ કારાવાસના અધિકારીની જેમ મને સજા કરે છે.

૨. **खड्डुगा मे चवेडा मे**—આ પાઠના આધારે આનો અર્થ છે—મારે માટે તો માત્ર લાત ખાવી, લપાટો ખાવી, ગાળો સહન કરવી અને માર ખાવો જ ભાગ્યમાં છે—આમ વિચારીને શિષ્ય કલ્યાણ માટે અનુશાસન કરનારા આચાર્યને પણ પાપદૃષ્ટિવાળા માને છે.[1]

૩. આચાર્ય વાણી વડે શિષ્ય પર અનુશાસન કરે છે. પાપદૃષ્ટિ શિષ્ય તેને લાતો અને લપાટો સમાન માને છે. તે તેમની હિતકારી વાણીને આક્રોશ અને પ્રહાર સમાન માને છે.

બૃહદ્વૃત્તિમાં ચૂર્ણિના પ્રથમ બે અર્થ મળે છે.[2] સુખબોધા વૃત્તિમાં ત્રીજો અર્થ માન્ય છે.[3] આ અર્થ મુનિની જીવનશૈલીને અનુકૂળ છે. એટલા માટે અમે તેનો સ્વીકાર કર્યો છે.

જર્મન વિદ્વાન ડૉ. હર્મન જેકોબી અને જાર્લ સરપેન્ટિયરે પ્રસ્તુત શ્લોકનો અર્થ આ રીતે કર્યો છે—(કુશિષ્ય વિચારે છે કે) મને લાત, લપડાક, આક્રોશ અને મારપીટ મળે છે. તે શિષ્ય પોતાના પર હિતકારી અનુશાસન કરનારા ગુરુને ક્રૂર અને ચંડ માને છે.[4]

## ૬૧. શ્લોક ૩૯

પ્રસ્તુત શ્લોકમાં 'भाया' (ભ્રાતા) અને 'कल्लाणं' (કલ્યાણ)ના સ્થાને વિભક્તિ-વિહીન 'भाय' અને 'कल्लाणं'નો પ્રયોગ થયો છે. सासं—પ્રાકૃત વ્યાકરણ અનુસાર આ 'शास्यमानं'ના અર્થમાં પ્રયુક્ત થયેલ છે.[5] સરપેન્ટિયરે 'शास्यमानं'ને અસંભવ માનીને એનું રૂપ 'शास्य' જ હોવું જોઈએ, એમ કહ્યું છે.[6]

## ૬૨. આચાર્યનો ઉપઘાત કરનાર ન બનો (बुद्धोवघाई न सिया)

બુદ્ધ અથવા આચાર્યના ઉપઘાતના ત્રણ પ્રકાર છે—

૧. જ્ઞાન-ઉપઘાત—આ આચાર્ય અલ્પ-શ્રુત છે અથવા જ્ઞાનને છુપાવે છે.

૨. દર્શન-ઉપઘાત—આ આચાર્ય ઉન્માર્ગનું પ્રરૂપણ કરે છે અથવા તેમાં શ્રદ્ધા રાખે છે.

૩. ચારિત્ર-ઉપઘાત—આ આચાર્ય પાર્શ્વસ્થ અથવા કુશીલ છે.

આ પ્રકારે જે વ્યવહાર કરે છે તે આચાર્યનો ઉપઘાતી બને છે.

આનો બીજો અર્થ આ પ્રમાણે છે—જે શિષ્ય આચાર્યની વૃત્તિનો ઉપઘાત કરે છે, તે પણ 'બુદ્ધોપઘાતી' કહેવાય છે. આચાર્યને દીર્ઘજીવી જોઈને શિષ્યો વિચારે છે—'આપણે ક્યાં સુધી આમની સેવા કરતા રહીશું ? કોઈ એવો પ્રયત્ન કરીએ કે જેથી તેઓ અનશન કરી લે.' તેઓ ભિક્ષામાં પૂરેપૂરો નીરસ આહાર લાવે છે અને કહે છે—'ભંતે ! શું કરીએ ? શ્રાવક લોકો

---

૧. જુઓ, ટિપ્પણ નં. ૫, પૃ. ૩૫.

૨. बृहद्वृत्ति, पत्र ६२ ।

૩. सुखबोधा, पत्र १३ ।

૪. (क) Jaina Sutras, p. 6.

(ख) The Uttarādhyayana Sūtra, pp. 281 282.

૫. बृहद्वृत्ति, पत्र ६२ ।

૬. The Uttarādhyayana Sūtra, p. 282.

સારો આહાર આપતા જ નથી.' અહીં શ્રાવક લોક એમ વિચારીને કે આચાર્ય વૃદ્ધ છે, સદ્ભાગ્યે આપણે ત્યાં સ્થાન-સ્થિત છે, આથી આપણે જાતે જ પ્રણીત-ભોજન તેમને આપીએ. તેઓ ભિક્ષા માટે આવનારા સાધુને પ્રણીત આહાર આપવા ઈચ્છે છે પરંતુ તે સાધુઓ તેમને કહે છે—'આચાર્ય પ્રણીત-ભોજન લેવા માગતા નથી. તેઓ સંલેખના કરી રહ્યા છે—અનશનની તૈયારી માટે કાયાને કૃશ કરી રહ્યા છે.' શ્રાવકો આચાર્યને કહે છે—'ભગવન્ ! આપ મહાન ઉદ્યોતકારી આચાર્ય છો એટલે સમય પાક્યા વિના જ સંલેખના કેમ કરી રહ્યા છો ? આપ અમારા માટે ભારરૂપ નથી. અમે અમારી શક્તિ મુજબ આપની સેવા કરવા ઇચ્છીએ છીએ. આપના વિનીત સાધુઓ પણ આપની સેવા કરવા ઇચ્છે છે. તેઓ પણ આપથી ખિન્ન નથી.' આચાર્ય આ સમગ્ર સ્થિતિને સમજીને વિચારે છે—'આ અપ્રતીતિહેતુક પ્રાણ-ધારણનો શો અર્થ ? ધર્માર્થી પુરુષે અપ્રીતિ પેદા કરવી ઉચિત નથી.' તેઓ તત્કાળ શ્રાવકોને કહે છે—'હું નિયતવિહારી થઈને કેટલા દિવસ સુધી આ વિનીત સાધુઓને અને તમને રોકેલા રાખું ? સારું એ છે કે હવે હું ઉત્તમ અર્થનું અનુસરણ કરું.' આ રીતે શ્રાવકોને સમજાવીને આચાર્ય અનશન ધારણ કરી લે છે.[1]

શિષ્યોની આવી ચેષ્ટા પણ આચાર્યનો ઉપઘાત કરનારી કહેવાય છે. એટલા માટે વિનીત શિષ્ય બુદ્ધોપઘાતી ન હો—આચાર્યને અનશન વગેરે કરવા માટે બાધ્ય કરનાર ન હો.

### ૬૩. છિદ્રાન્વેષી (तोत्तगवेसए) :

જેના દ્વારા વ્યથા ઉત્પન્ન થાય છે તેને તોત્ત—તોત્ર કહેવામાં આવે છે. દ્રવ્ય તોત્ર છે—ચાબુક, પ્રહાર વગેરે અને ભાવ તોત્ર છે—દોષોદ્ભાવન, તિરસ્કારયુક્ત વચન, છિદ્રાન્વેષણ વગેરે-વગેરે.[2] આનો એક અર્થ એવો પણ કરી શકાય છે—વિનીત શિષ્ય એક જ કાર્યને માટે આચાર્ય દ્વારા વારંવાર કહેવડાવવાની ઇચ્છા ન કરે.

### ૬૪. કોપાયમાન થયેલા (कुवियं)

વિનીત શિષ્યનું કર્તવ્ય છે કે તે આચાર્યને કોપાયમાન થયેલા જાણે તો તેમને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે. પ્રશ્ન થાય છે કે એ કેવી રીતે જાણવું કે આચાર્ય કોપાયમાન થયા છે ? ચૂર્ણિકારે કોપાયમાનને જાણવા માટે છ લક્ષણો બતાવ્યા છે. તે આ મુજબ છે[3]—

अचुक्षुदानं कृतपूर्वनाशनं, विमाननं दुश्चरिताय कीर्तनम् ।
कथाप्रसंगो न च नाम विस्मयो, विरक्तभावस्य जनस्य लक्षणम् ॥

---

१. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ४२ : बुद्धो—आयरियो, बुद्धानुहन्तुं शीलं यस्य स भवति बुद्धोवघाती, उपेत्य घातः उपघातः, स तु त्रिविधः णाणादि, णाणे अप्पसुतो एस देसं गोप्पवइ इओ दंसणे उम्मग्गं पण्णवेति सद्दहति वा, चरणे पासत्थो वा कुशीलो वा एवमादी, अहवा आयरियस्स वृत्तिमुपहंति, जहा एको आयरिओ य (ववा) यमग्गो (अगमओ), तस्स सीसा चिंतेंति—केच्चिरं कालं अम्हेहिं एयस्स वट्टियव्वंति ?, तो तहा काहामो जहा भत्तं पच्चक्खाति, ताहे अंतं एव (विरसं भत्तं) उवणेंति, भणंति य—ण देंति सड्ढा, किं करेमो ?, सावयाणं च कहेंति—जहा आयरिया पणीयं पाणभोयणं ण इच्छंति, संलेहणं करेंतिति, तत्तो सड्ढा आगंतूणं भणंति—किं खमासमणा ! संलेहणं करेह ?, ण वयं पडिचारगा वा णिव्विण्णत्ति, ताहे ते जाणिऊण तेहिं चेव वारितंति भणंति—किं मे सिस्सेहिं तुब्भेहिं वाऽवरोहिएहिं ?, उत्तमायरियं उत्तमट्ठं पडिवज्जामि, प०२ भतं पच्चाक्खायंति, इत्थेवं बुद्धोपघाति न सिया ।

(ख) बृहद्वृत्ति, पत्र ६२, ६३ ।

२. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ४२ ।

(ख) बृहद्वृत्ति, पत्र ६२ ।

३. उत्तराध्ययन चूर्णि, पृ० ४२ ।

૧. તેની તરફ નજર ઉઠાવીને પણ ન જોવું.

૨. પૂર્વકૃતને ભૂલી જવું.

૩. તિરસ્કાર કરવો.

૪. દુશ્ચરિત્રનું કથન કરવું.

૫. વાતચીત ન કરવી.

૬. તેની વિશેષતા પર વિસ્મય પ્રગટ ન કરવું.

૬૫. (**पत्तिएण.......पंजलिउडो**)

'**पत्तिएण**'—શાન્ત્યાચાર્યે આને આર્ષ પ્રયોગ માનીને તેના બે સંસ્કૃત રૂપ આપ્યાં છે—૧. प्रातीतिकेन અને ૨. प्रीत्या. 'प्रातीतिक'ના બે અર્થ કરવામાં આવ્યા છે—શપથ અને પ્રતીતિ ઉત્પાદક વચન.[1] તેમણે મુખ્ય અર્થ 'प्रातीतिक' કર્યો છે. નેમિચન્દ્રે તેનો મુખ્ય અર્થ प्रीत्या—પ્રેમથી કર્યો છે.[2]

'**पंजलिउडो**'—શાન્ત્યાચાર્ય અનુસાર આના બે સંસ્કૃત રૂપ બને છે—૧. प्रकृताञ्जलिः અને ૨. प्राञ्जलिपुटः.[3] નેમિચન્દ્રે બીજા રૂપને માન્ય કર્યું છે.[4]

૬૬. **ધર્મથી અર્જિત (धम्मज्जियं)**

ચૂર્ણિકારે આ શબ્દને 'धार्मिकं जीतं—धम्मज्जीतं'—આ રીતે વ્યુત્પન્ન કરીને, 'इ'કારને હ્રસ્વ માનીને 'धम्मज्जियं' શબ્દ માન્યો છે. તેનો અર્થ છે—ધર્મને અનુરૂપ જીત વ્યવહાર અર્થાત્ પ્રાચીન બહુશ્રુત આચાર્યો દ્વારા આચીર્ણ વ્યવહાર.[5]

બૃહદ્વૃત્તિકારે તેના બે સંસ્કૃત રૂપ આપ્યાં છે[6]—

૧. धर्मार्जितं—ક્ષમા, સંયમ વગેરે ધર્મો વડે પ્રાપ્ત.

૨. धर्म्यजीतं—ધર્મને અનુરૂપ જીત વ્યવહાર.

પ્રથમ અર્થમાં મુનિ-ધર્મના દસ ભેદો વડે સમન્વિત વ્યવહાર ધર્માર્જિત કહેવાય છે. બીજા અર્થમાં વ્યવહારના આગમ, ધારણા વગેરે પાંચ ભેદોમાંથી 'જીત'વ્યવહારને મુખ્ય માનવામાં આવ્યો છે.

પ્રસ્તુત પ્રસંગમાં 'ધર્માર્જિત' અર્થ અધિક યોગ્ય લાગે છે.

પ્રસ્તુત શ્લોકના ત્રીજા ચરણમાં 'तत्' શબ્દનો પ્રયોગ છે. यत् અને तत्નો નિત્ય સંબંધ હોય છે. આ આધારે શાન્ત્યાચાર્યે 'धम्मज्जियं', 'ववहारं' અને 'बुद्धेहायरियं'—આ ત્રણ શબ્દોની બીજી વિભક્તિના સ્થાનમાં પ્રથમ વિભક્તિ પણ માની છે.[7]

૬૭. કાર્ય (**किच्चाइं**)

બધા વ્યાખ્યાકારોએ આનો અર્થ 'कृत्यानि'—કાર્ય એવો કર્યો છે.[8] પ્રાચીન પ્રતોમાં પણ આ જ પાઠ પ્રાપ્ત થાય છે, પરંતુ

---

૧. बृहद्वृत्ति, पत्र ६३।

२. सुखबोधा, पत्र १४ : पत्तिएण ति प्रीत्या साम्नैव।

३. बृहद्वृत्ति, पत्र ६३।

४. सुखबोधा, पत्र १४।

५. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ४३ : धार्मिकं जीतं धम्मज्जीतं, इकारस्य ह्रस्वत्वं काउं।

६. बृहद्वृत्ति, पत्र ६४।

૭. એજન.

૮. (क) उत्तराध्ययन चूर्णि, पृ० ४३, (ख) बृहद्वृत्ति, पत्र ६५, (ग) सुखबोधा, पत्र १३।

પ્રસ્તુત પ્રસંગમાં વિભક્તિ-વ્યત્યયના આધારે 'किच्चाणं' પાઠ માનવામાં આવે તો તેનો અર્થ થશે—આચાર્યનું. પૂર્વવર્તી અને પશ્ચાદ્‌વર્તી શ્લોકમાં 'आयरियस्स' અને 'किच्चाणं' પાઠ મળે છે.

### ૬૮. પ્રસન્ન થાય છે (पसीयंति)

તેનો અર્થ છે—પ્રસન્ન થવું. પ્રશ્ન થાય છે કે શું આચાર્ય પ્રસન્ન થાય તો સ્વર્ગની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવે છે? શું તેઓ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે? શું તેઓ ઇચ્છિત વરદાન આપે છે? આના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે તેઓ સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ નથી કરાવી શકતા, પરંતુ તેઓ મોક્ષના હેતુભૂત શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય કરાવે છે.[1]

### ૬૯. પ્રસન્ન થઈને (पसन्ना)

પ્રસાદ અથવા પ્રસન્નતાનો અર્થ ચિત્તની નિર્મળતા વડે કરવામાં આવેલ અનુગ્રહ છે. એનો સંબંધ હર્ષ સાથે નથી. આ સંદર્ભમાં 'अप्पाणं विप्पसायए'—આચારાંગનું આ સૂત્ર મનનીય છે.[2] અધ્યાત્મનો પ્રસાદ નિર્વિચારની અવસ્થામાં પ્રાપ્ત થાય છે. મહર્ષિ પતંજલિનો મત અભિમત પણ અહીં ઉલ્લેખનીય છે.[3]

### ૭૦. મોક્ષના હેતુભૂત (अट्ठियं)

અહીં 'अर्थ' શબ્દ મોક્ષવાચી છે. મોક્ષની પ્રાપ્તિ માટે હેતુભૂત જ્ઞાન આર્થિક કહેવાય છે.[4] આ શ્રુતજ્ઞાનનું વિશેષણ છે.

### ૭૧. પૂજ્ય-શાસ્ત્ર (पुज्जसत्थे)

ચૂર્ણિકારે આનો અર્થ પૂજ્યશાસિત એવો કર્યો છે.[5]

બૃહદ્‌વૃત્તિકારે આના ત્રણ સંસ્કૃત રૂપ પ્રસ્તુત કરી તે દરેકના જુદા-જુદા અર્થ આપ્યા છે[6]—

૧. पूज्यशास्त्र—જેના શાસ્ત્રીય જ્ઞાનની સમસ્ત જનતા પૂજા કરે છે.

૨. पूज्यशास्ता—જેના ગુરુ બધાના પૂજનીય છે અથવા જે પોતાની વૃત્તિઓ વડે ગુરુની પૂજામાં વિશેષ નિમિત્ત બને છે.

૩. पूज्यशस्त—જે પૂજ્ય અને કલ્યાણકારી છે.

આ ત્રણમાં પહેલો અર્થ જ યોગ્ય છે. નીતિનું વાક્ય છે—'शास्त्रं भारोऽविवेकिनां'—અવિવેકી વ્યક્તિ માટે શાસ્ત્ર ભારરૂપ બને છે અથવા વિવેકહીન વ્યક્તિઓનું શાસ્ત્ર કે કથન ભારભૂત હોય છે. જે વિવેકી હોય છે, વિનીત હોય છે, તેનું જ શાસ્ત્રજ્ઞાન સારભૂત હોય છે, પૂજનીય હોય છે.

### ૭૨. તેમના બધા સંશયો નાશ પામે છે (सुविणीयसंसए)

બૃહદ્‌વૃત્તિમાં આના બે અર્થ મળે છે[7]—

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ४४।

२. आयारो, ३।५५।

३. पातंजलयोगदर्शनम्, १।४७।
निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः।

४. बृहद्‌वृत्ति, पत्र ६५ : अर्यते इत्यर्थो—मोक्षः स प्रयोजनमस्येत्यार्थिकं।

५. उत्तराध्ययन चूर्णि, पृ० ४४।

६. बृहद्‌वृत्ति, पत्र ६६।

७. बृहद्‌वृत्ति, पत्र ६६ : सुष्ठु—अतिशयेन विनीत—अपनीतः प्रसादितगुरुणैव शास्त्रपरमार्थसमर्पणेन संशयो—दोलायमानमानसात्मकोऽस्येति, सुविनीतसंशयः। सुविनीता वा संसत्—परिषदस्येति सुविनीतसंसत्कः। विनीतस्य हि स्वयमतिशयविनीतैव परिषद् भवति।

૧. सुविनीतसंसय—જેની બધી જિજ્ઞાસાઓ કે શંકાઓ નાશ પામી છે.

૨. सुविनीतसंसत्क—જેમની પરિષદ સુવિનીત છે.

**૭૩. કર્મ-સંપદા (दसविध सामाचारी) વડે સંપન્ન (कम्मसंपया)**

પ્રાચીન કાળમાં ક્રિયાની ઉપસંપદા માટે સાધુઓની વિશેષ નિયુક્તિ કરવામાં આવતી. તેઓ સાધુઓને દસ-વિધ સામાચારીનું પ્રશિક્ષણ આપતા અને તેનું પાલન કરાવવાનું ધ્યાન રાખતા. ચૂર્ણિમાં 'कर्मसंपदा'નો અર્થ 'योगज विभूति सम्पन्न' કર્યો છે.[1]

બૃહદ્‌વૃત્તિમાં આના બે અર્થ કરવામાં આવ્યા છે—સામાચારી વડે સંપન્ન અને યોગજ વિભૂતિ વડે સંપન્ન.[2]

ચૂર્ણિકાર અને બૃહદ્‌વૃત્તિકારે 'नागार्जुनीयास्तु पठन्ति' અંતર્ગત આનું પાઠાન્તર 'मणिच्छियं संपयमुत्तमं गयत्ति' આપ્યું છે. અહીં 'संपद्'નો અર્થ છે—'यथाख्यातचारित्ररूप सम्पदा'.[3]

**૭૪. શ્લોક ૪૭**

મોક્ષવિનયના પાંચ પ્રકાર છે—દર્શનવિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય, તપવિનય અને ઔપચારિકવિનય અથવા અનાશાતનાવિનય.[4]

પ્રસ્તુત શ્લોકમાં પાંચે વિનયોનો નિર્દેશ છે—

૧. પૂજ્યશાસ્ત્ર—જ્ઞાનવિનય.

૨. સુવિનીતસંશય—દર્શનવિનય.

૩. કર્મસંપદા—ઔપચારિકવિનય.

૪. તપઃસામાચારી તથા સમાધિ—તપવિનય.

૫. પાંચ મહાવ્રત—ચારિત્ર વિનય.

**શ્લોક ૪૮ (देवगंधव्व.....मलपंकपुव्वयं....अप्परए)**

**देवगंधव्व**—અહીં દેવ શબ્દથી વૈમાનિક તથા જ્યોતિષ્ક દેવોનું તથા 'ગંધર્વ' શબ્દથી વ્યંતર અને ભુવનપતિ દેવોનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

**मलपंकपुव्वयं**—મનુષ્ય-શરીરનું નિર્માણ મળ અને પંક (રક્ત અને વીર્ય) વડે થાય છે, એટલા માટે તેને મલ-પંક-પૂર્વક કહેવાય છે.[5]

**अप्परए**—જે 'अल्परत' હોય છે, મોહજનિત ક્રીડાથી રહિત હોય છે, તેને 'अल्परत' કહેવાય છે. જેના બધ્યમાન-કર્મ અલ્પ હોય છે, તેને 'अल्परजाः' કહેવાય છે. 'अप्परए'ના આ બંને અર્થ થઈ શકે છે.[6]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ ० ४४ : अक्खीणमहाणसीयादिलद्धि-जुत्ती ।

૨. बृहद्वृत्ति, पत्र ६६ : कर्म—क्रिया दशविधचक्रवालसामाचारीप्रभृतिरितिकर्तव्यता तस्याः सम्पत्—सम्पन्नता तया, लक्षणे तृतीया, ततः कर्मसम्पदोपलक्षितस्तिष्ठतीति सम्बन्ध, .........'कर्म-सम्पदा' यत्यनुष्ठानमाहात्म्यसमुत्पन्नपुलाकादिलब्धिसम्पत्या ।

૩. ( क ) उत्तराध्ययन चूर्णि, पृ० ४५ ।
( ख ) बृहद्वृत्ति, पत्र ६६ ।

૪. दशवैकालिक निर्युक्ति, गाथा २११ :
दंसणनाणचरित्ते, तवे य तह ओवयारिए चेव ।
एसो उ मोक्खविणयो, पंचविहो होइ नायव्वो ॥

૫. बृहद्वृत्ति, पत्र ६७ : 'मलपंकपुव्वयं' ति जीवशुद्ध्यपहारितया मलवन्मलः स चासौ 'पावे वज्जे वेरे पंके पणए य' त्ति वचनात् पङ्कश्च कर्ममलपङ्कः स पूर्व—कार्यात् प्रथमभावितया कारणमस्येति मलपङ्कपूर्वकं, यद्वा...... 'माओउयं पिऊसुक्कं' त्ति वचनात् रक्तशुक्रे एव मलपङ्कौ तत्पूर्वकम् ।

૬. એજન, पत्र ६७ : 'अप्परए' ति अल्पमिति ..... अविद्यमानं रतमिति..... क्रीडितं मोहनीयकर्मोदयजनितमस्येति अल्परतो-लवसत्तमादिः, अल्परजा वा प्रतनुबध्यमानकर्मा ।

# बीअं अज्झयणं

## परीसह पविभत्ती

# દ્વિતીય અધ્યયન

## પરીષહ-પ્રવિભક્તિ

# આમુખ

ઉત્તરાધ્યયનના આ દ્વિતીય અધ્યયનમાં મુનિના પરીષહોનું નિરૂપણ છે. કર્મ-પ્રવાદ પૂર્વના ૧૭મા પ્રાભૃતમાં પરીષહોનું નય અને ઉદાહરણ-સહિત નિરૂપણ છે. તે જ અહીં ઉદ્ધૃત કરવામાં આવ્યું છે—આવો નિર્યુક્તિકારનો મત છે.[1] દશવૈકાલિકના બધાં અધ્યયનો જે રીતે પૂર્વોમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે તે જ રીતે ઉત્તરાધ્યયનનું આ અધ્યયન પણ ઉદ્ધૃત કરવામાં આવ્યું છે.

જે સહન કરવામાં આવે છે તેને કહે છે પરીષહ. સહન કરવાનાં બે પ્રયોજનો છે : (૧) માર્ગાચ્યવન અને (૨) નિર્જરા. સ્વીકૃત માર્ગથી ચ્યુત ન થવા માટે અને નિર્જરા—કર્મોને ક્ષીણ કરવા માટે કેટલુંક સહન કરવું પડે છે.[2]

ભગવાન મહાવીરની ધર્મ-પ્રરૂપણાનાં બે મુખ્ય અંગો છે—અહિંસા અને કષ્ટ-સહિષ્ણુતા.[3] કષ્ટ સહન કરવાનો અર્થ શરીર, ઈન્દ્રિયો અને મનને પીડવાનો નથી, પરંતુ અહિંસા વગેરે ધર્મોની આરાધનાને સ્થિરપણે ટકાવી રાખવાનો છે. આચાર્ય કુંદકુંદે કહ્યું છે—

सुहेणं भाविदं णाणं, दुहे जादे विणस्सदि ।
तम्हा जहाबलं जोई, अप्पा दुक्खेहि भावए ॥[4]

અર્થાત્ સુખથી ભાવિત જ્ઞાન દુઃખ પેદા થતાં નષ્ટ થઈ જાય છે, એટલા માટે યોગીએ યથાશક્તિ પોતાની જાતને દુઃખથી ભાવિત કરવી જોઈએ.

આનો અર્થ કાયાને ક્લેશ આપવો એવો નથી. તો પણ એક મર્યાદિત અર્થમાં કાય-ક્લેશ પણ તપરૂપે સ્વીકારાયેલ છે, પરંતુ પરીષહ અને કાય-ક્લેશ એક નથી. કાય-ક્લેશ આસનો કરવાના, ગ્રીષ્મ-ઋતુમાં આતાપના લેવાના, વર્ષા-ઋતુમાં વૃક્ષતળે નિવાસ કરવાના, શિયાળામાં ખુલ્લા સ્થાનમાં સૂવાના અને વિવિધ પ્રકારની પ્રતિમાઓ અંગીકાર કરવાના, શરીરને ન ખંજવાળવાના, શરીરનું પ્રસાધન ન કરવાના અર્થમાં માન્ય છે.[5]

ઉપરોક્ત પ્રકારોમાંથી કોઈપણ કષ્ટ જે પોતાની ઇચ્છાથી શરીર પર લાદવામાં આવે છે, તે કાય-ક્લેશ છે અને જે ઇચ્છા વિના જ આવી પડે છે તે પરીષહ છે.[6]

કાય-ક્લેશના અભ્યાસથી શારીરિક દુઃખો સહન કરવાની ક્ષમતા, શારીરિક સુખો પ્રત્યે અનાકાંક્ષા અને ક્યારેક

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ६१ : कम्मप्पवायपुव्वे सत्तरसे पाहुडंमि ज सुत्तं ।
सयणं सोदाहरणं तं चेव इहंपि णायव्वं ॥

२. तत्त्वार्थसूत्र, ९/८ : मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ।

३. सूयगडो, १/२/१/१४ : धुणिया कुलियं व लेववं किसए देहमणासणा इह ।
अविहिंसामेव पव्वए अणुधम्मो मुणिणा पवेइओ ॥

वृत्ति—विविधा हिंसा विहिंसा न विहिंसा अविहिंसा तामेव प्रकर्षेण व्रजेत्, अहिंसाप्रधानो भवेदित्यर्थः अनुगतो—मोक्षं प्रयत्नुकूलो धर्मोऽनुधर्मः असावहिंसालक्षणः परीषहोपसर्गसहनलक्षणश्च धर्मो 'मुनिना' सर्वज्ञेन 'प्रवेदितः' कथित इति ।

४. अष्टपाहुड, मोक्ष प्राभृत ६२ ।

५. (क) उत्तरज्झयणाणि ३०।२७ :
ठाणा वीरासणाईया जीवस्स उ सुहावहा ।
उग्गा जहा धरिज्जन्ति कायकिलेसं तमाहियं ॥

(ख) ओववाइय, सूत्र ३६ : से किं तं कायकिलेसे ? कायकिलेसे अणेगविहे पण्णत्ते, तं जहा—ठाणाट्ठिइए उक्कुडुयासणिए पडिमट्ठाई वीरासणिए नेसज्जिए आयावए अवाउडए अकंडुयए अणिट्ठुहए सव्वगायपरिकम्मविभूसविप्पमुक्के ।

६. तत्त्वार्थवृत्ति ( श्रुतसागरीय ), पृष्ठ ३०१, सू० ९।१७-वृत्ति : यदृच्छया समागतः परीषहः, स्वयमेव कृतः कायक्लेशः ।

જિનશાસનની પ્રભાવના પણ થાય છે.[1] પરીષહ સહન કરવાથી સ્વીકૃત અહિંસા વગેરે ધર્મોની સુરક્ષા થાય છે.

આ અધ્યયન અનુસાર પરીષહો બાવીસ છે :-

| | | |
|---|---|---|
| ૧. ક્ષુધા | ૯. ચર્યા | ૧૭. તૃણ-સ્પર્શ |
| ૨. પિપાસા | ૧૦.નિષદ્યા | ૧૮. જલ્લ |
| ૩. શીત | ૧૧. શય્યા | ૧૯. સત્કાર-પુરસ્કાર |
| ૪. ઉષ્ણ | ૧૨. આક્રોશ | ૨૦. પ્રજ્ઞા |
| ૫. દંશ-મશક | ૧૩. વધ | ૨૧. અજ્ઞાન |
| ૬. અચેલ | ૧૪. યાચના | ૨૨. દર્શન |
| ૭. અરતિ | ૧૫. અલાભ | |
| ૮. સ્ત્રી | ૧૬. રોગ | |

તત્ત્વાર્થસૂત્રમાં પણ તેમની સંખ્યા બાવીસ જ છે.[2]

આમાં દર્શન-પરીષહ અને પ્રજ્ઞા-પરીષહ—આ બે માર્ગથી અચ્યવન(ખસી ન જવા)માં સહાયક થાય છે અને બાકીના વીસ પરીષહો નિર્જરા માટે સહાયક થાય છે.[3]

સમવાયાંગ (સમવાય ૨૨)માં છેલ્લા ત્રણ પરીષહોનો ક્રમ ઉત્તરાધ્યયનના ક્રમથી જુદો છે :-

| ઉત્તરાધ્યયન | સમવાયાંગ |
|---|---|
| ૧. પ્રજ્ઞા | ૧. જ્ઞાન |
| ૨. અજ્ઞાન | ૨. દર્શન |
| ૩. દર્શન | ૩. પ્રજ્ઞા |

અભયદેવસૂરિએ સમવાયાંગની વૃત્તિમાં અજ્ઞાન-પરીષહનો ક્યારેક શ્રુતિના રૂપમાં ઉલ્લેખ કર્યો છે.

તત્ત્વાર્થસૂત્ર (૯/૯)માં 'અચેલ'ના સ્થાને 'નાગ્ન્ય'-પરીષહનો ઉલ્લેખ છે અને દર્શન-પરીષહના સ્થાને અદર્શન-પરીષહનો. પ્રવચનસારોદ્ધાર (ગાથા ૬૮૬)માં દર્શન-પરીષહના સ્થાને સમ્યક્ત્વ-પરીષહ માનવામાં આવેલ છે. દર્શન અને સમ્યક્ત્વ એ માત્ર શબ્દ-ભેદ છે.

અચેલ અને નાગ્ન્યમાં થોડોક અર્થ-ભેદ પણ છે. અચેલનો અર્થ છે—૧. નગ્નતા અને ૨. ફાટેલાં કે હલકી કિંમતનાં વસ્ત્રો.[4]

તત્ત્વાર્થસૂત્ર શ્રુતસાગરીય વૃત્તિમાં પ્રજ્ઞા-પરીષહ અને અદર્શન-પરીષહની વ્યાખ્યા મૂળ ઉત્તરાધ્યયનના પ્રજ્ઞા અને દર્શન-પરીષહથી જુદી છે. ઉત્તરાધ્યયન (૨/૪૨)માં જે અજ્ઞાન-પરીષહની વ્યાખ્યા છે, તે શ્રુતસાગરીયમાં અદર્શનની વ્યાખ્યા છે.

---

૧. तत्त्वार्थवृत्ति ( श्रुतसागरीय ), पृष्ठ ३०१ । सूत्र ९।१७ वृत्ति :
शरीरदु:खसहनार्थं शरीरसुखानभिवाञ्छार्थं जिनधर्मप्रभावनाद्यर्थञ्च ।

૨. तत्त्वार्थसूत्र, ९।९ : क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कार-प्रज्ञाज्ञानादर्शनानि ।

૩. प्रवचनसारोद्धार, पत्र १९२, गा० ६८५-वृत्ति : तत्र मार्गाच्यवनार्थं दर्शनपरीषहः प्रज्ञापरीषहश्च, शेषा विंशतिनिर्जरार्थम् ।

૪. એજન, पत्र १९३, गा० ६८५-वृत्ति : चेलस्य अभावो अचेलं जिनकल्पिकादीनां अन्येषां तु यतीनां भिन्नं स्फुटितं अल्पमूल्यं च चेलमप्यचेलमुच्यते ।

## तत्त्वार्थवृत्ति ( श्रुतसागरीय ) पृ०२९५

प्रज्ञा-परीषह :-

यो मुनिस्तर्कव्याकरणच्छन्दोलंकारसारसाहित्याध्यात्म-शास्त्रादिनिधानांगपूर्वप्रकीर्णकनिपुणोऽपि सन् ज्ञानमदं न करोति, ममाग्रतः प्रवादिनः सिंहशब्दश्रवणात् वनगजा इव पलायन्ते ......मदं नाधत्ते स मुनिः प्रज्ञापरीषहविजयी भवति ।

અર્થ :- જે મુનિ તર્ક, વ્યાકરણ, સાહિત્ય, છંદ, અલંકાર, અધ્યાત્મશાસ્ત્ર વગેરે વિદ્યાઓમાં નિપુણ હોવા છતાં પણ જ્ઞાનનું અભિમાન નથી કરતો તથા જે એ વાતનો ઘમંડ નથી કરતો કે વાદીઓ મારી સામેથી એવી રીતે ભાગી જાય છે કે જેવી રીતે સિંહનો શબ્દ સાંભળીને હાથી ભાગી જાય છે—તે મુનિને પ્રજ્ઞા-પરીષહ-જય પ્રાપ્ત થાય છે.

अदर्शन-परीषह :-

यो मुनिः......चिरदीक्षितोऽपि सन्नेवं न चिन्तयति अद्यापि ममातिशयवद्बोधनं न सञ्जायते उत्कृष्टश्रुतव्रतादिविधायिनां किल प्रातिहार्यविशेषाः प्रादुर्भवन्ति, इति श्रुतिर्मिथ्या वर्तते दीक्षेयं निष्फला व्रतधारणं च फल्गु एव वर्तते इति सम्यग्दर्शनविशुद्धिसन्निधानादेवं न मनसि करोति तस्य मुनेरदर्शनपरीषहजयो भवतीत्यवसानीयम् ।

અર્થ :-લાંબા ગાળાથી દીક્ષિત હોવા છતાં પણ અવધિજ્ઞાન કે ઋદ્ધિ વગેરેની પ્રાપ્તિ ન થવાથી જે મુનિ વિચાર નથી કરતો કે આ દીક્ષા નિષ્ફળ છે, વ્રતોનું ધારણ કરવું વ્યર્થ છે વગેરે—તે મુનિને અદર્શન-પરીષહ-જય પ્રાપ્ત થાય છે.

## उत्तराध्ययन अ०२

प्रज्ञा-परीषह :-

से नूणं मए पुव्वं, कम्माणाणफला कडा ।
जेणाहं नाभिजाणामि, पुट्ठो केणइ कण्हुई ॥ ४० ॥
अह पच्छा उइज्जंति, कम्माणाणफलाकडा ।
एवमस्सासि अप्पाणं, णच्चा कम्मविवागयं ॥ ४१ ॥

અર્થ :- મેં ચોક્કસ પૂર્વકાળમાં અજ્ઞાન-રૂપ ફળ આપનારાં કર્મો કર્યાં છે. તે કારણે જ હું કોઈ પૂછે તો પણ કંઈ જાણતો નથી—જવાબ દેવાનું જાણતો નથી. પહેલાં કરેલાં અજ્ઞાનરૂપ ફળ આપનારાં કર્મો પાકીને પછી ઉદયમાં આવે છે—એ રીતે કર્મના વિપાકને જાણીને આત્માને આશ્વાસન આપવું.

अज्ञान-परीषह :-

णत्थि णूणं परे लोए, इड्ढी वावि तवस्सिणो ।
अदुवा वंचिओ मि त्ति, इइ भिक्खू ण चिंतए ॥ ४४ ॥
अभू जिणा अत्थि जिणा, अदुवावि भविस्सइ ।
मुसं ते एवमाहंसु, इइ भिक्खू न चिंतए ॥ ४५ ॥

અર્થ:-ખરે જ પરલોક નથી, તપસ્વીની ઋદ્ધિ પણ નથી, અથવા હું ઠગાઈ ગયો—ભિક્ષુ એવું ચિંતન ન કરે. જિનો થયા હતા, જિનો છે અને જિનો થશે એવું જે કહે છે તેઓ જૂઠું બોલે છે—ભિક્ષુ એવું ચિંતન ન કરે.

अज्ञान-परीषह :-

निरट्ठगम्मि विरओ, मेहुणाओ सुसंवुडो ।
जो सक्खं नाभिजाणामि, धम्मं कल्लाण पावगं ॥ ४२॥
तवोवहाणमादाय, पडिमं पडिवज्जओ ।
एवं पि विहरओ, मे छउमं ण णियट्टइ ॥ ४३॥

અર્થ:- હું મૈથુનથી નિવૃત્ત થયો, ઇન્દ્રિયો અને મનનું મેં સંવરણ કર્યું—એ બધું નિરર્થક છે. કેમકે ધર્મ કલ્યાણકારી છે કે પાપકારી—તે હું સાક્ષાત્ જાણતો નથી.

તપસ્યા અને ઉપધાનને સ્વીકાર કરું છું, પ્રતિમાઓનું પાલન કરું છું—એવી રીતે વિશેષ ચર્યાપૂર્વક વિહાર કરવા છતાં મારું છદ્મ(જ્ઞાનાવરણ વગેરે કર્મ) ખસતું નથી—એવું ચિંતન ન કરે.

મૂલાચારમાં વિચિકિત્સાના બે ભેદ કરવામાં આવ્યા છે—(૧) દ્રવ્ય-વિચિકિત્સા અને (૨) ભાવ-વિચિકિત્સા. ભાવ-વિચિકિત્સા અંતર્ગત બાવીસ પરીષહોનો ઉલ્લેખ થયો છે. તેમાં અરતિના સ્થાને અરતિ-રતિ, યાચનાના સ્થાને અયાચના અને દર્શનના સ્થાને અદર્શન-પરીષહ છે.[1]

આ બાવીસ પરીષહોના સ્વરૂપનાં અધ્યયનથી એમ જણાઈ આવે છે કે કેટલાક પરીષહો સામાન્ય વ્યક્તિઓ માટે ન હતા. તે જિનકલ્પ-પ્રતિમા સ્વીકાર કરનારા વિશેષ સંહનન અને ધૃતિ-યુક્ત મુનિઓ માટે હતા. શાન્ત્યાચાર્યે પણ આ વાતનો સંકેત કર્યો છે. તેમના અનુસાર અચેલ-પરીષહ (જ્યાં આપણે અચેલનો અર્થ નગ્નતા કરીએ છીએ) જિનકલ્પી મુનિઓ માટે તથા એવા સ્થવિરકલ્પી મુનિઓ માટે ગ્રાહ્ય છે કે જેમને વસ્ત્રો મળવા અત્યન્ત દુર્લભ છે, જેમની પાસે વસ્ત્રોનો અભાવ છે, જેમના વસ્ત્ર જીર્ણ થઈ ગયાં છે અથવા જે વરસાદ વગેરે વિના વસ્ત્ર-ધારણ નથી કરી શકતા[2] અને તૃણસ્પર્શ-પરીષહ માત્ર જિનકલ્પી મુનિઓ માટે ગ્રાહ્ય છે.[3]

પ્રવચનસારોદ્ધારની ટીકામાં સર્વથા નગ્ન રહેવું તથા ચિકિત્સા ન કરાવવી, માત્ર જિનકલ્પી મુનિઓ માટે જ બતાવવામાં આવેલ છે.[4]

વ્યાખ્યાકારોએ બધા પરીષહોની સાથે કથાઓ જોડીને તેમને સુબોધ બનાવ્યા છે. કથાઓનો સંકેત નિર્યુક્તિમાં પણ મળે છે.

પરીષહ-ઉત્પત્તિના કારણો આ રીતે બતાવવામાં આવ્યા છે[5] :-

| પરીષહ | ઉત્પત્તિનાં કારણરૂપ કર્મ | પરીષહ | ઉત્પત્તિનાં કારણરૂપ કર્મ |
|---|---|---|---|
| ૧. પ્રજ્ઞા | જ્ઞાનાવરણીય | ૭. નિષધા | ચારિત્ર મોહનીય |
| ૨. અજ્ઞાન | " | ૮. યાચના | " |
| ૩. અલાભ | અન્તરાય | ૯. આક્રોશ | " |
| ૪. અરતિ | ચારિત્ર મોહનીય | ૧૦. સત્કાર-પુરસ્કાર | " |
| ૫. અચેલ | " | ૧૧. દર્શન | દર્શન મોહનીય |
| ૬. સ્ત્રી | " | ૧૨. ક્ષુધા | વેદનીય |

૧. मूलाचार, ५।७२, ७३ : छुहतण्हा सीदुण्हा दंसमसयमचेलभावो य ।
अरदि रदि इत्थि चरिया णिसीधिया सेज्ज अक्कोसो ॥
वधजायणं अलाहो रोग तणप्फास जल्लसक्कारो ।
तह चेव पण्णपरिसह अण्णाणमदंसणं खमणं ॥

૨. बृहद्वृत्ति, पत्र ९२, ९३ : जिनकल्पप्रतिपत्तौ स्थविरकल्पेऽपि दुर्लभवस्त्रादौ वा सर्वथा चेलाभावेन सति वा चेले विना वर्षादिनिमित्तमप्रावरणेन जीर्णादिवस्त्रतया वा 'अचेलक' इति अवस्त्रोऽपि भवति ।

૩. એજન, पत्र १२२ : जिनकल्पिकापेक्षं चैतत्, स्थविरकल्पिकाश्च सापेक्षसंयमत्वात्सेवन्तेऽपीति ।

૪. (क) प्रवचनसारोद्धार, पत्र १९३ : गा० ६८५-वृत्ति : चेलस्य अभावो अचेलं जिनकल्पिकादीनां...... ।
(ख) " पत्र १९४ : गा० ६८६-वृत्ति : ज्वरकासश्वासादिके सत्यपि न गच्छनिर्गता जिनकल्पिकादयश्चिकित्साविधापने प्रवर्तन्ते ।

૫. उत्तराध्ययन निर्युक्ति, गाथा ७३-७८ :
णाणावरणे वेए मोहंमि य अन्तराइए चेव । एएसु बावीसं परीसहा हुंति णायव्वा ॥
पन्नान्नाणपरिसहा णाणावरणंमि हुंति दुन्नेए । इक्को य अंतराए अलाहपरीसहो होइ ॥
अरई अचेल इत्थी निसीहिया जायणा य अक्कोसे । सक्कारपुरक्कारे चरित्तमोहंमि सत्तेए ॥
अरईइ दुगुंछाए पुंवेय भयस्स चेव माणस्स । कोहस्स य लोहस्स य उदएण परीसहा सत्त ॥
दंसणमोहे दंसणपरीसहो नियमसो भवे इक्को । सेसा परीसहा खलु इक्कारस वेयणीज्जंमि ॥
पंचेव आणुपुव्वी चरिया सिज्जा वहे व ( य ) रोगे य । तणफासजल्लमेव व इक्कारस वेयणीज्जंमि ॥

| પરીષહ | ઉત્પત્તિનાં કારણરૂપ કર્મ | પરીષહ | ઉત્પત્તિનાં કારણરૂપ કર્મ |
|---|---|---|---|
| ૧૩. પિપાસા | વેદનીય | ૧૮. શય્યા | વેદનીય |
| ૧૪. શીત | " | ૧૯. વધ | " |
| ૧૫. ઉષ્ણ | " | ૨૦. રોગ | " |
| ૧૬. દંશ-મશક | " | ૨૧. તૃણ-સ્પર્શ | " |
| ૧૭. ચર્યા | " | ૨૨. જલ્લ | " |

આ બધા પરીષહો નવમા ગુણસ્થાન સુધી થઈ શકે છે. દશમા ગુણસ્થાનમાં ચારિત્ર-મોહનીય કર્મના ઉદયમાં આવવાથી થનાર અરતિ વગેરે સાત પરીષહો તથા દર્શન-મોહનીય વડે ઉત્પન્ન દર્શન-પરીષહને છોડીને બાકીના ચૌદ પરીષહો થાય છે. છદ્મસ્થ વીતરાગ એટલે કે અગિયારમા-બારમા ગુણસ્થાનમાં રહેલા મુનિમાં પણ આ જ ચૌદ પરીષહો હોઈ શકે છે. કેવળીમાં માત્ર વેદનીય-કર્મના ઉદયથી થનાર અગિયાર પરીષહો મળે છે.[1]

તત્ત્વાર્થસૂત્રમાં એક સાથે ઓગણીસ પરીષહ માન્યા છે. જેમકે—શીત અને ઉષ્ણમાંથી કોઈ એક હોય છે. શય્યા-પરીષહના થવા વખતે નિષદ્યા અને ચર્યા-પરીષહ હોતા નથી. નિષદ્યા-પરીષહ હોય ત્યારે શય્યા અને ચર્યા-પરીષહ હોતા નથી.[2]

બૌદ્ધ-ભિક્ષુઓ કાય-ક્લેશને મહત્ત્વ નથી આપતા પરંતુ પરીષહ-સહનની સ્થિતિનો તેઓ પણ અસ્વીકાર નથી કરતા. સ્વયં મહાત્મા બુદ્ધે કહ્યું છે—"મુનિ શીત, ઉષ્ણ, ક્ષુધા, પીપાસા, વાત, આતપ, દંશ અને સરીસૃપનો સામનો કરીને ખડ્ગ-વિષાણની માફક એકલો વિહાર કરે."[3]

આચારાંગ નિર્યુક્તિમાં પરીષહના બે વિભાગો છે[4] :-

૧. શીત—મંદ પરિણામવાળા. જેમકે—સ્ત્રીપરીષહ અને સત્કાર-પરીષહ. આ બંને અનુકૂળ પરીષહો છે.

૨. ઉષ્ણ—તીવ્ર પરિણામવાળા. બાકીના વીસ. આ પ્રતિકૂળ પરીષહો છે.

પ્રસ્તુત અધ્યયનમાં પરીષહોના વિવેચનરૂપે મુનિ-ચર્યાનું અત્યન્ત મહત્ત્વપૂર્ણ નિરૂપણ થયું છે.

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा ७८ ।

૨. (ક) तत्त्वार्थसूत्र. ९।१७ : एकादयो भाज्या युगपदेकस्मिन्नेकोनविंशतिः ।

(ખ) तत्त्वार्थसूत्र ( श्रुतसागरीय ), पृ० २९९ : शीतोष्णपरीषहयोर्मध्ये अन्यतरो भवति शीतमुष्णो वा । शय्यापरीषहे सति निषद्याचर्ये न भवतः, निषद्यापरीषहे शय्याचर्ये द्वौ न भवतः, चर्यापरीषहे शय्यानिषद्ये द्वौ न भवतः । इति त्रयाणामसम्भवे एकोनविंशति रेकस्मिन् युगपद् भवति ।

૩. सुत्तनिपात, उरगवग्ग, ३।१८ : सीतं च उण्हं च खुदं पिपासं, वातातपे डंससिरिसपे च ।
मब्बानिपेतानि अभिसंभवित्वा, एको चरे खग्गविसाणकप्पो ॥

૪. आचारांग निर्युक्ति, गाथा २०२, २०३ : इत्थी सक्कार परिसहा य, दो भाव-सीयला एए ॥
सेसा वीसं उण्हा, परीसहा होंति णायव्वा ॥
जे तिव्वप्परिणामा, परीसहा ते भवन्ति उण्हा उ ।
जे मन्दप्परिणामा, परीसहा ते भवे सीया ॥

# बीयं अज्झयणं : દ્વિતીય અધ્યયન
# परीसह पविभत्ती : પરીષહ-પ્રવિભક્તિ

મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ

सू० १– सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं –

इह खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सोच्चा, नच्चा, जिच्चा, अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहन्नेज्जा ।

श्रुतं मया आयुष्मन् ! तेन भगवता एवमाख्यातम् —

इह खलु द्वाविंशतिः परीषहाः श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिताः, यान् भिक्षुः श्रुत्वा, ज्ञात्वा, चित्वा, अभिभूय भिक्षाचर्यया परिव्रजन् स्पृष्टो नो विहन्येत ।

સૂ૦ ૧—આયુષ્યમાન ! મેં સાંભળ્યું છે, ભગવાને આમ કહ્યું હતું–નિર્ગ્રંથ-પ્રવચનમાં બાવીસ પરીષહો હોય છે, જે કશ્યપ-ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર દ્વારા સમજાવાયા છે, જેને સાંભળીને, જાણીને, અભ્યાસ વડે પરિચય કરીને', પરાજિત કરીને ભિક્ષાચર્યા માટે પર્યટન કરતો મુનિ તેમનો સંપર્ક થતાં વિચલિત થતો નથી.

सू० २–कयरे ते खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया ? जे भिक्खू सोच्चा, नच्चा, जिच्चा, अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहन्नेज्जा ।

कतरे ते खलु द्वाविंशतिः परीषहाः श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिताः ? यान् भिक्षुः श्रुत्वा, ज्ञात्वा, चित्वा, अभिभूय भिक्षाचर्यया परिव्रजन् स्पृष्टो नो विहन्येत ।

સૂ૦૨—કશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર વડે પ્રવેદિત તે બાવીસ પરીષહો કયા છે? જેને સાંભળીને, જાણીને, અભ્યાસ દ્વારા પરિચય કરીને, પરાજિત કરીને, ભિક્ષાચર્યા માટે પર્યટન કરતો મુનિ તેમનો સંપર્ક થતાં વિચલિત થતો નથી.

सू०३–इमे ते खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सोच्चा, नच्चा, जिच्चा, अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहन्नेज्जा, तं जहा–

इमे ते खलु द्वाविंशतिः परीषहाः श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिताः, यान् भिक्षुः श्रुत्वा, ज्ञात्वा, चित्वा, अभिभूय भिक्षाचर्यया परिव्रजन् स्पृष्टो नो विहन्येत । तद्यथा–

સૂ૦૩—તે બાવીસ પરીષહો આ પ્રમાણે છે, જે કશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર વડે પ્રવેદિત છે, જેને સાંભળીને, જાણીને, અભ્યાસ દ્વારા પરિચય કરીને, પરાજિત કરીને ભિક્ષાચર્યા માટે પર્યટન કરતો મુનિ તેમનો સંપર્ક થતાં વિચલિત થતો નથી. જેમકે–

१. दिगिंछापरीसहे, २. पिवासापरीसहे, ३. सीयपरीसहे, ४. उसिणपरीसहे, ५.दंसमसयपरीसहे, ६. अचेलपरीसहे, ७.अरइपरीसहे, ८. इत्थीपरीसहे, ९.चरियापरीसहे, १०. निसीहियापरीसहे, ११. सेज्जापरीसहे, १२. अक्कोसपरीसहे,

१.'दिगिंछा'परीषहः, २. पिपासापरीषहः, ३. शीतपरीषहः, ४. उष्णपरीषहः, ५. दंशमशक परीषहः, ६. अचेलपरीषहः, ७. अरतिपरीषहः, ८. स्त्रीपरीषहः, ९. चर्यापरीषहः, १०.निषीधिका (निषद्या?)परीषहः, ११. शय्या-

૧. ક્ષુધા પરીષહ
૨. પિપાસા પરીષહ
૩. શીત પરીષહ
૪. ઉષ્ણ પરીષહ
૫. દંશમશક પરીષહ
૬. અચેલ પરીષહ
૭. અરતિ પરીષહ
૧૦. નિષદ્યા પરીષહ
૧૧. શય્યા પરીષહ
૧૨. આક્રોશ પરીષહ
૧૩. વધ પરીષહ
૧૪. યાચના પરીષહ
૧૫. અલાભ પરીષહ
૧૬. રોગ પરીષહ

| | | |
|---|---|---|
| १३. वहपरीसहे, १४. जायणापरीसहे, १५. अलाभपरीसहे, १६. रोगपरीसहे, १७. तणफासपरीसहे, १८. जल्लपरीसहे, १९. सक्कारपुरक्कारपरीसहे, २०. पन्नापरीसहे, २१. अन्नाणपरीसहे, २२. दंसणपरीसहे। | परीषहः, १२.आक्रोशपरीषहः, १३.वधपरीषहः, १४. याचना-परीषहः, १५.अलाभपरीषहः, १६. रोगपरीषहः, १७. तृणस्पर्शपरीषहः, १८.'जल्ल'परीषहः, १९. सत्कारपुरस्कारपरीषहः, २०.प्रज्ञापरीषहः, २१. अज्ञानपरीषहः, २२. दर्शन-परीषहः। | ૮. સ્ત્રી પરીષહ ૧૭. તૃણસ્પર્શ પરીષહ<br>૯. ચર્યા પરીષહ ૧૮. જલ્લ પરીષહ<br>૧૯.સત્કાર-પુરસ્કાર પરીષહ ૨૦. પ્રજ્ઞા પરીષહ<br>૨૧. અજ્ઞાન પરીષહ ૨૨. દર્શન પરીષહ |
| १. परीसहाणं पविभत्ती<br>कासवेणं पवेइया।<br>तं भे उदाहरिस्सामि<br>आणुपुव्विं सुणेह मे॥ | परीषहाणां प्रविभक्तिः<br>काश्यपेन प्रवेदिता।<br>तां भवतामुदाहरिष्यामि<br>आनुपूर्व्या शृणुत मे॥ | ૧. પરીષહોનો જે વિભાગ કશ્યપ-ગોત્રીય ભગવાન મહાવીર વડે પ્રવેદિત કે પ્રરૂપિત છે તે હું ક્રમવાર કહું છું. તુ મને સાંભળ. |
| (१) दिगिंछापरीसहे | (१) 'दिगिंछा' परीषहः | (૧) ક્ષુધા પરીષહ |
| २. दिगिंछापरिगए देहे<br>तवस्सी भिक्खु थामवं।<br>न छिंदे न छिन्दावए<br>न पए न पयावए॥ | 'दिगिंछा' परिगते देहे<br>तपस्वी भिक्षुः स्थामवान्।<br>न छिन्द्यात् न छेदयेत्<br>न पचेत् न पाचयेत्॥ | ૨. દેહમાં ક્ષુધા(ભૂખ) વ્યાપ્ત થઈ જતાં[2] તપસ્વી અને પ્રાણવાન ભિક્ષુ ફળ વગેરેનું છેદન ન કરે, ન કરાવે. ન તેમને પકાવે અને પકવાવે.[3] |
| ३. कालीपव्वंगसंकासे<br>किसे धमणिसंतए।<br>मायण्णे असणपाणस्स<br>अदीणमणसो चरे॥ | कालीपर्वाङ्गसङ्काशः<br>कृशो धमनिसन्ततः।<br>मात्रज्ञोऽशनपानयोः<br>अदीनमनाश्चरेत्॥ | ૩. શરીરના અંગો ભૂખથી સુકાઈને કાકજંઘા[4] નામના ઘાસ જેવાં દુર્બળ થઈ જાય, શરીર કૃશ થઈ જાય, નસોનું ખોખું[5] માત્ર બાકી રહી જાય તો પણ આહાર-પાણીની મર્યાદા જાણનાર સાધુ અદીનભાવે વિહાર કરે. |
| (२) पिवासापरीसहे | (२) पिपासापरीषहः | (૨) પિપાસા પરીષહ |
| ४. तओ पुट्ठो पिवासाए<br>दोगुंछी लज्जसंजए।<br>सीओदगं न सेविज्जा<br>वियडस्सेसणं चरे॥ | ततः स्पृष्टः पिपासया<br>जुगुप्सी लज्जासंयतः।<br>शीतोदकं न सेवेत<br>'वियडस्स' एषणां चरेत्॥ | ૪. અહિંસક અથવા કરુણાશીલ[6], લજ્જાવાન, સંયમી સાધુ તરસથી પીડાવા છતાં પણ સચિત્ત પાણી[7]નું સેવન ન કરે, પરંતુ પ્રાસુક જળની એષણા[8] કરે. |
| ५. छिन्नावाएसु पंथेसु<br>आउरे सुपिवासिए।<br>परिसुक्कमुहेदीणे<br>तं तितिक्खे परीसहं॥ | छिन्नापातेषु पथिषु<br>आतुरः सुपिपासितः।<br>परिशुष्कमुखोऽदीनः<br>तं तितिक्षेत परीषहम्॥ | ૫. નિર્જન માર્ગમાં જતી વખતે તરસથી અત્યન્ત વ્યાકુળ થઈ જવા છતાં, મોઢું સૂકાઈ જવા છતાં પણ સાધુ અદીનભાવથી પીપાસા પરીષહ સહન કરે.[9] |

(३) सीयपरीसहे

६. चरंतं विरयं लूहं
सीयं फुसइ एगया ।
नाइवेलं मुणी गच्छे
सोच्चाणं जिणसासणं ॥

(३) शीतपरीषहः

चरन्तं विरतं रूक्षं
शीतं स्पृशति एकदा ।
नातिवेलं मुनिर्गच्छेत्
श्रुत्वा जिनशासनम् ॥

(૩) શીત પરીષહ

૬. વિહાર કરતાં વિરત અને રુક્ષ શરીરવાળા સાધુને[10] શિયાળામાં ઠંડી સતાવે છે છતાં પણ તે જિન-શાસન સાંભળીને (આગમના ઉપદેશને ધ્યાનમાં રાખીને) સ્વાધ્યાય વગેરેની વેળા(અથવા મર્યાદા)નું ઉલ્લંઘન ન કરે.[11]

७. न मे निवारयं अत्थि
छवित्ताणं न विज्जई ।
अहं तु अग्गिं सेवामि
इइ भिक्खू न चिंतए ॥

न मे निवारणमस्ति
छवित्राणं न विद्यते ।
अहं तु अग्निं सेवे
इति भिक्षुर्न चिन्तयेत् ॥

૭. ઠંડીથી પીડિત થવા છતાં મુનિ એવું ન વિચારે—મારી પાસે ઠંડીનું નિવારણ કરનાર ઘર વગેરે નથી અને છવિત્રાણ (વસ્ત્ર, કામળો વગેરે) પણ નથી, એટલા માટે હું અગ્નિનું સેવન કરું.

(४) उसिणपरीसहे

८. उसिणपरियावेणं
परिदाहेण तज्जिए ।
घिंसु वा परियावेणं
सायं नो परिदेवए ॥

(४) उष्णपरीषहः

उष्णपरितापेन
परिदाहेन तर्जितः ।
ग्रीष्मे वा परितापेन
सातं नो परिदेवेत ॥

(૪) ઉષ્ણ પરીષહ

૮. ગરમ ધૂળ વગેરેની પીડા, પરસેવો, મેલ કે તરસની પીડા[12] અથવા ગ્રીષ્મકાલીન સૂર્યના પરિતાપથી અત્યન્ત પીડિત થવા છતાં પણ મુનિ સુખ માટે વિલાપ ન કરે—આકુળવ્યાકુળ ન બને.

९. उण्हाहितत्ते मेहावी
सिणाणं नो वि पत्थए ।
गायं नो परिसिंचेज्जा
न वीएज्जा य अप्पयं ॥

उष्णाभितप्तो मेधावी
स्नानं नो अपि प्रार्थयेत् ।
गात्रं नो परिषिञ्चेत्
न वीजयेच्चात्मकम् ॥

૯. ગરમીથી સંતપ્ત થવા છતાં પણ મેધાવી[13] મુનિ સ્નાનની ઈચ્છા ન કરે, શરીરને ભીનું ન કરે, પંખા વડે શરીરને હવા ન નાખે.

(५) दंसमसयपरीसहे

१०. पुट्ठो य दंसमसएहिं
समरेव महामुणी ।
नागो संगामसीसे वा
सूरो अभिहणे परं ॥

(५) दंशमशक परीषहः

स्पृष्टश्च दंशमशकैः
सम एव महामुनिः ।
नागः संग्रामशीर्षे इव
शूरोऽभिहन्यात् परम् ॥

(૫) દંશમશક પરીષહ

૧૦. ડાંસ અને મચ્છરનો ઉપદ્રવ થવા છતાં પણ મહામુનિ સમભાવમાં રહે[14], ક્રોધ વગેરેનું તેવી જ રીતે દમન કરે જેવી રીતે યુદ્ધમાં આગળના ભાગે રહેલો શૂરવીર[15] હાથી બાણોને ન ગણકારતાં શત્રુઓને હણે છે.

११. न संतसे न वारेज्जा
मणं पि न पओसए ।
उवेहे न हणे पाणे
भुंजंते मंससोणियं ॥

न संत्रसेत् न वारयेत्
मनो पि न प्रदोषयेत् ।
उपेक्षेत न हन्यात् प्राणान्
भुञ्जानान्मांसशोणितम् ॥

૧૧. ભિક્ષુ તે ડાંસ-મચ્છરોથી સંત્રસ્ત ન બને[16], તેમને દૂર કરે નહીં.[17] મનમાં પણ તેમના પ્રત્યે દ્વેષ ન લાવે. માંસ અને રક્ત ખાવા-પીવા છતાં પણ તેમની ઉપેક્ષા કરે[18], પરંતુ તેમને મારે નહીં.[19]

(६) अचेलपरीसहे

१२. परिजुण्णेहिं वत्थेहिं
होक्खामि त्ति अचेलए ।
अदुवा सचेलए होक्खं
इइ भिक्खू न चिंतए ॥

(६) अचेलपरीषहः

परिजीर्णैर्वस्त्रैः
भविष्यामीत्यचेलकः ।
अथवा सचेलको भविष्यामि
इति भिक्षुर्न चिन्तयेत् ॥

(૬) અચેલ પરીષહ

૧૨. 'વસ્ત્ર ફાટી ગયાં છે એટલા માટે હું અચેલ થઈ જઈશ અથવા વસ્ત્ર મળશે તો પાછો હું સચેલ થઈ જઈશ'—મુનિ એવું ન વિચારે. (દીનતા અને હર્ષ બંને પ્રકારના ભાવ ન લાવે.)

१३. एगयाचेलए होइ
सचेले यावि एगया ।
एयं धम्महियं नच्चा
नाणी नो परिदेवए ॥

एकदाऽचेलको भवति
सचेलश्चापि एकदा ।
एतद् धर्महितं ज्ञात्वा
ज्ञानी नो परिदेवेत ॥

૧૩. જિનકલ્પ-દશામાં અથવા વસ્ત્ર ન મળવાથી મુનિ અચેલક પણ બને છે અને સ્થવિરકલ્પ-દશામાં તે સચેલક પણ બને છે. અવસ્થાભેદ અનુસાર આ બંને (સચેલત્વ અને અચેલત્વ)ને યતિધર્મ માટે હિતકારી માની જ્ઞાની મુનિ વસ્ત્ર ન મળતાં દીન ન બને.[20]

(७) अरइपरीसहे

(७) अरतिपरीषहः

(૭) અરતિ પરીષહ

१४. गामाणुगामं रीयंतं
अणगारं अकिंचणं ।
अरई अणुप्पविसे
तं तितिक्खे परीसहं ॥

ग्रामानुग्रामं रीयमाणं
अनगारमकिञ्चनम् ।
अरतिरनुप्रविशेत्
तं तितिक्षेत परीषहम् ॥

૧૪. એક ગામથી બીજે ગામ વિહાર કરતાં અકિંચન મુનિના ચિત્તમાં અરતિ ઉત્પન્ન થઈ જાય તો તે અરતિ પરીષહને સહન કરી લે.[21]

१५. अरइं पिट्ठओ किच्चा
विरए आयरक्खिए ।
धम्मारामे निरारंभे
उवसंते मुणी चरे ॥

अरतिं पृष्ठतः कृत्वा
विरतः आत्मरक्षितः ।
धर्मारामो निरारम्भः
उपशान्तो मुनिश्चरेत् ॥

૧૫. હિંસા વગેરેથી વિરત રહેનાર, આત્માની રક્ષા કરનાર[22], ધર્મમાં રમણ કરનાર, અસત્-પ્રવૃત્તિથી દૂર રહેનાર, ઉપશાન્ત મુનિ અરતિને દૂર કરીને વિહાર કરે.[23]

(८) इत्थीपरीसहे

(८) स्त्रीपरीषहः

(૮) સ્ત્રીપરીષહ

१६. संगो एस मणुस्साणं
जाओ लोगंमि इत्थिओ ।
जस्स एया परिण्णाया
सुकडं तस्स सामण्णं ॥

संग एष मनुष्याणां
या लोके स्त्रियः ।
यस्यैताः परिज्ञाताः ।
सुकरं तस्य श्रामण्यम् ॥

૧૬. "લોકમાં જે સ્ત્રીઓ છે, તે મનુષ્યોને માટે સંગ છે—લેપ છે"[24]—જે આ વાતને સમજી લે છે, તેના માટે શ્રામણ્ય સહેલું છે.[25]

१७. एवमादाय मेहावी
पंकभूया उ इत्थिओ ।
नो ताहिं विणिहन्नेज्जा
चरेज्जत्तगवेसए ॥

एवमादाय मेधावी
पंकभूताः स्त्रियः ।
नो ताभिर्विनिहन्यात्
चरेदात्मगवेषकः ॥

૧૭. "સ્ત્રીઓ બ્રહ્મચારી માટે કાદવ-કીચડ સમાન છે"—આવું જાણીને મેધાવી મુનિ તેમનાથી પોતાના સંયમ-જીવનનો ઘાત ન થવા દે, પરંતુ આત્મ-ગવેષણા કરતાં કરતાં વિહાર કરે.[26]

(९) चरियापरीसहे

(९) चर्यापरीषहः

(૯) ચર્યા પરીષહ

१८. एग एव चरे लाढे
अभिभूय परीसहे ।
गामे वा नगरे वावि
निगमे वा रायहाणिए ॥

एक एव चरेद् लाढः
अभिभूय परीषहान् ।
ग्रामे वा नगरे वापि
निगमे वा राजधान्याम् ॥

૧૮. સંયમને માટે[27] જીવન-નિર્વાહ કરનાર મુનિ પરીષહોને જીતીને ગામમાં કે નગરમાં, નિગમમાં[28] કે રાજધાનીમાં એકલો[29] (રાગ-દ્વેષ રહિત થઈને)વિહાર કરે.

१९. असमाणो चरे भिक्खू
नेव कुज्जा परिग्गहं ।
असंसत्तो गिहत्थेहिं
अणिएओ परिव्वए ॥

असन् चरेद् भिक्षुः
नैव कुर्यात् परिग्रहम् ।
असंसक्तो गृहस्थैः
अनिकेतः परिव्रजेत् ॥

૧૯. મુનિ એક સ્થાન પર આશ્રમ બનાવીને ન બેસે[30] પરંતુ વિહાર કરતો રહે.[31] ગામ વગેરે સાથે મમત્વ ન કરે, તેમનાથી બંધાઈ ન જાય. ગૃહસ્થો તરફ નિર્લિપ્ત રહે. અનિકેત (ગૃહ-મુક્ત) રહીને પરિવ્રજન (સાધુચર્યા) કરે.[32]

(१०) निसीहियापरीसहे

(१०) निषीधिकापरीषहः

(૧૦) નિષદ્યા પરીષહ

२०.सुसाणे सुन्नगारे वा
रुक्खमूले व एगओ ।
अकुक्कुओ निसीएज्जा
न य वित्तासए परं ॥

श्मशाने शून्यागारे वा
वृक्षमूले वा एकक: ।
अकुक्कुचः निषीदेत्
न च वित्रासयेत् परम् ॥

૨૦. રાગ-દ્વેષ રહિત મુનિ ચંચળતાઓનો ત્યાગ કરતો[33] સ્મશાન, શૂન્યગૃહ અથવા વૃક્ષના મૂળમાં[34]-વૃક્ષતળે બેસે. બીજાઓને ત્રાસ ન આપે.[35]

२१.तत्थ से चिट्ठमाणस्स
उवसग्गाभिधारए ।
संकाभीओ न गच्छेज्जा
उट्ठित्ता अन्नमासणं ॥

तत्र तस्य तिष्ठतः
उपसर्गा अभिधारयेयुः ।
शंकाभीतो न गच्छेत्
उत्थायान्यदासनम् ॥

૨૧. ત્યાં બેઠેલા એવા તેને ઉપસર્ગો આવી પડે તો તે આવું ચિંતન કરે—''આ બધાં મારું શું અનિષ્ટ કરશે ?'' પરંતુ અપકારની શંકાથી ડરીને ત્યાંથી ઊઠીને બીજા સ્થાને ન જાય.[36]

(११) सेज्जापरीसहे

(११) शय्यापरीषह

(૧૧) શય્યા પરીષહ

२२.उच्चावयाहिं सेज्जाहिं
तवस्सी भिक्खु थामवं ।
नाइवेलं विहन्नेज्जा
पावदिट्ठी विहन्नई ॥

उच्चावचाभिः शय्याभिः
तपस्वी भिक्षुः स्थामवान् ।
नातिवेलं विहन्येत
पापदृष्टिर्विहन्यते ॥

૨૨. તપસ્વી અને પ્રાણવાન ભિક્ષુ ઉત્કૃષ્ટ અથવા નિકૃષ્ટ ઉપાશ્રય પામીને[37] મર્યાદાનું અતિક્રમણ ન કરે (હર્ષ કે શોક ન પામે)[38]. જે પાપદૃષ્ટિ હોય છે, તે વિહત થઈ જાય છે (હર્ષ કે શોકથી ઘેરાઈ જાય છે)

२३.पइरिक्कुवस्सयं लद्धुं
कल्लाणं अदु पावगं ।
किमेगरायं करिस्सइ
एवं तत्थऽहियासए ॥

प्रतिरिक्तमुपाश्रयं लब्ध्वा
कल्याणं अथवा पापकम् ।
किमेकरात्रं करिष्यति
एवं तत्राध्यासीत ॥

૨૩. પ્રતિરિક્ત (એકાંત) ઉપાશ્રય—ભલે પછી તે સુંદર હોય કે અસુંદર—ને પામીને[39] ''એક રાતમાં શું થઈ જવાનું છે''[40]—એવું વિચારીને રહે, જે પણ સુખ-દુ:ખ આવી પડે તેને સહન કરે.[41]

(१२) अक्कोसपरीसहे

(१२) आक्रोशपरीषहः

(૧૨) આક્રોશ પરીષહ

२४.अक्कोसेज्ज परो भिक्खुं
न तेसिं पडिसंजले ।
सरिसो होइ बालाणं
तम्हा भिक्खू न संजले ॥

आक्रोशेत् परो भिक्षुं
न तस्मै प्रतिसंज्वलेत् ।
सदृशो भवति बालानां
तस्माद् भिक्षुर्न संज्वलेत् ॥

૨૪. કોઈ મનુષ્ય સાધુને ગાળ દે તો તે તેના તરફ ક્રોધ[42] ન કરે. ક્રોધ કરનાર ભિક્ષુ બાળકો (અજ્ઞાનીઓ)ની જેવો બની જાય છે[43], એટલા માટે સાધુ ક્રોધ ન કરે.

२५.सोच्चाणं फरुसा भासा
दारुणा गामकंटगा ।
तुसिणीओ उवेहेज्जा
न ताओ मणसीकरे ॥

श्रुत्वा परुषाः भाषाः ।
दारुणाः ग्रामकण्टकाः ।
तूष्णीक उपेक्षेत
न ताः मनीकुर्यात् ।

૨૫. મુનિ કઠોર, દારુણ અને ગ્રામ-કંટક[44] (કર્ણકંટક—કાનને ખૂંચનારી) ભાષા સાંભળીને મૌન રહીને તેની ઉપેક્ષા કરે[45], તેને મનમાં ન લાવે.[46]

(१३) वहपरीसहे

(१३) वधपरीषहः

(૧૩) વધ પરીષહ

२६.हओ न संजले भिक्खू
मणं पि न पओसए ।
तितिक्खं परमं नच्चा
भिक्खुधम्मं विचिंतए ॥

हतो न संज्वलेद् भिक्षुः
मनो पि न प्रदोषयेत् ।
तितिक्षां परमां ज्ञात्वा
भिक्षुधर्मं विचिन्तयेत् ॥

૨૬. પોતાને મારવામાં આવે તો પણ મુનિ ક્રોધ[47] ન કરે, મનમાં પણ દ્વેષ ન લાવે. પરમ[48] તિતિક્ષા જાણીને મુનિ-ધર્મ[49]નું ચિંતન કરે.

**२७. समणं संजयं दंतं
हणेज्जा कोइ कत्थई ।
नत्थि जीवस्स नासु त्ति
एवं पेहेज्ज संजए ॥**

श्रमणं संयतं दान्तं
हन्यात् कोऽपि कुत्रचित् ।
नास्ति जीवस्य नाश इति
एवं प्रेक्षेत संयतः ॥

૨૭. સંયત અને દાન્ત શ્રમણને[૫૦] કોઈ ક્યાંક મારે તો તે ''આત્માનો નાશ નથી થતો''[૫૧]—એવું ચિંતન કરે, પણ બદલાની ભાવના ન રાખે.[૫૨]

### (१४) जायणापरीसहे — (१४) याचनापरीषहः — (૧૪) યાચના પરીષહ

**२८. दुक्करं खलु भो ! निच्चं
अणगारस्स भिक्खुणो ।
सव्वं से जाइयं होइ
नत्थि किंचि अजाइयं ॥**

दुष्करं खलु भो ! नित्यम्
अनगारस्य भिक्षोः ।
सर्वं तस्य याचितं भवति
नास्ति किंचिदयाचितम् ॥

૨૮. અહો ! અણગાર ભિક્ષુની આ ચર્યા કેટલી કઠણ છે કે તેને જીવનભર બધું યાચનાથી જ મળે છે. તેની પાસે અયાચિત કંઈ પણ હોતું નથી.[૫૩]

**२९. गोयरग्गपविट्ठस्स
पाणी नो सुप्पसारए ।
सेओ अगारवासु त्ति
इइ भिक्खू न चिंतए ॥**

गोचराग्रप्रविष्टस्य
पाणिः नो सुप्रसारकः ।
श्रेयानगारवास इति
इति भिक्षुर्न चिन्तयेत् ॥

૨૯. ગોચરાગ્રમાં[૫૪] પ્રવેશેલા મુનિ માટે ગૃહસ્થો સામે હાથ ફેલાવવો સરળ નથી.[૫૫] એટલે ''ગૃહસ્થવાસ જ શ્રેયસ્કર છે''[૫૬]—મુનિ એવું ચિંતન ન કરે.

### (१५) अलाभपरीसहे — (१५) अलाभपरीषहः — (૧૫) અલાભ પરીષહ

**३०. परेसु घासमेसेज्जा
भोयणे परिणिट्ठिए ।
लद्धे पिंडे अलद्धे वा
नाणुतप्पेज्ज संजए ॥**

परेषु घासमेषयेत्
भोजने परिनिष्ठिते ।
लब्धे पिण्डे अलब्धे वा
नानुतपेत् संयतः ॥

૩૦. ગૃહસ્થોના ઘેર ભોજન તૈયાર થઈ જાય પછી મુનિ તેની એષણા કરે. આહાર થોડોક મળે કે ન મળે પણ સંયમી મુનિ અનુતાપ ન કરે.[૫૭]

**३१. अज्जेवाहं न लब्भामि
अवि लाभो सुए सिया ।
जो एवं पडिसंविक्खे
अलाभो तं न तज्जए ॥**

अद्यैवाहं न लभे
अपि लाभः श्वः स्यात् ।
य एवं प्रतिसंवीक्षते
अलाभस्तं न तर्जयति ॥

૩૧. ''આજ મને ભિક્ષા નથી મળી, પણ સંભવ છે કે કાલે મળી જાય''—જે આવી રીતે વિચારે છે, તેને અલાભ સતાવતો નથી.[૫૮]

### (१६) रोगपरीसहे — (१६) रोगपरीषहः — (૧૬) રોગ પરીષહ

**३२. नच्चा उप्पइयं दुक्खं
वेयणाए दुहट्टिए ।
अदीणो थावए पन्नं
पुट्ठो तत्थ हियासए ॥**

ज्ञात्वोत्पतितं दुःखं
वेदनया दुःखार्दितः ।
अदीनः स्थापयेत् प्रज्ञां
स्पृष्टस्तत्राऽध्यासीत ॥

૩૨. રોગને[૫૯] પેદા થયેલો જાણીને તથા વેદનાથી પીડાવા છતાં દીન ન બને. વ્યાધિથી વિચલિત થતી પ્રજ્ઞાને સ્થિર બનાવે અને આવેલા દુઃખને સમભાવપૂર્વક સહન કરે.[૬૦]

**३३. तेगिच्छं नाभिनंदेज्जा
संचिक्खत्तगवेसए ।
एयं खु तस्स सामण्णं
जं न कुज्जा न कारवे ॥**

चिकित्सां नाभिनन्देत्
संतिष्ठेतात्मगवेषकः ।
एतत् खलु तस्य श्रामण्यं
यत्र कुर्यात् न कारयेत् ॥

૩૩. આત્મ-ગવેષક મુનિ ચિકિત્સાનું અનુમોદન ન કરે. રોગ આવી પડતાં સમાધિપૂર્વક રહે.[૬૧] તેનું શ્રામણ્ય એમાં છે કે તે રોગ ઉત્પન્ન થવા છતાં પણ ચિકિત્સા ન કરે, ન કરાવે.[૬૨]

(१७) तणफास परीसहे

(१७) तृणस्पर्शपरीषहः

(૧૭) તૃણસ્પર્શ પરીષહ

३४. अचेलगस्स लहस्स
संजयस्स तवस्सिणो ।
तणेसु सयमाणस्स
हुज्जा गायविराहणा ॥

अचेलकस्य रूक्षस्य
संयतस्य तपस्विनः ।
तृणेषु शयानस्य
भवेद् गात्रविराधना ॥

૩૪. અચેલક અને લૂખા શરીરવાળા સંયત તપસ્વીને ઘાસ ઉપર સૂવાથી શરીરમાં ઘાસ ખૂંચવાથી પીડા થાય છે.[63]

३५. आयवस्स निवाएणं
अउला हवइ वेयणा ।
एवं नच्चा न सेवंति
तंतुजं तणतज्जिया ॥

आतपस्य निपातेन
अतुला भवति वेदना ।
एवं ज्ञात्वा न सेवन्ते
तंतुजं तृणतर्जिताः ॥

૩૫. ગરમી પડતાં અતુલ વેદના થાય છે[64]—આમ જાણીને પણ ઘાસથી પીડિત મુનિ વસ્ત્રનું[65] સેવન કરતા નથી.

(१८) जल्लपरीसहे

(१८) जल्लपरीषहः

(૧૮) જલ્લ પરીષહ

३६. किलिन्नगाए मेहावी
पंकेण व रएण वा ।
घिंसु वा परितावेण
सायं नो परिदेवए ॥

क्लिन्नगात्रो मेधावी
पंकेन वा रजसा वा ।
ग्रीष्मे वा परितापेन
सातं नो परिदेवेत ॥

૩૬. મેલ, રજ[66] કે ગ્રીષ્મના પરિતાપથી[67] શરીર ક્લિન્ન (ભીનું કે મેલું) થઈ જવા છતાં મેધાવી મુનિ સુખને માટે વિલાપ ન કરે.[68]

३७. वेएज्ज निज्जरापेही
आरियं धम्मऽणुत्तरं ।
जाव सरीरभेउ त्ति
जल्लं काएण धारए ॥

वेदयेन् निर्जरापेक्षी
आर्यं धर्ममनुत्तरम् ।
यावत् शरीरभेद इति
'जल्लं' कायेन धारयेत् ॥

૩૭. નિર્જરાર્થી મુનિ અનુત્તર આર્ય-ધર્મ (શ્રુત-ચારિત્ર-ધર્મ)ને પામીને દેહ-નાશ સુધી શરીર ઉપર 'જલ્લ' (પરસેવાથી પેદા થતો મેલ) ધારણ કરે અને તેનાથી થતા પરીષહને સહન કરે.

(१९) सक्कारपुरक्कारपरीसहे

(१९) सत्कारपुरस्कार परीषहः

(૧૯) સત્કાર-પુરસ્કાર પરીષહ

३८. अभिवायणमब्भुट्ठाणं
सामी कुज्जा निमंतणं ।
जे ताइं पडिसेवंति
न तेसिं पीहए मुणी ॥

अभिवादनमभ्युत्थानं
स्वामी कुर्यान् निमन्त्रणम् ।
ये एतानि प्रतिसेवन्ते
न तेभ्यः स्पृहयेन्मुनिः ॥

૩૮. અભિવાદન, ઊભા થઈને બહુમાન આપવું તથા 'સ્વામી' સંબોધનથી સંબોધિત કરવું– ગૃહસ્થો આવા પ્રકારની પ્રતિસેવના—સન્માન કરે છે, મુનિ આવા સન્માનજનક વ્યવહારોની ઈચ્છા ન કરે.[69]

३९. अणुक्कसाई अप्पिच्छे
अण्णाएसी अलोलुए ।
रसेसु नाणुगिज्झेज्जा
नाणुतप्पेज्ज पण्णवं ॥

अनुकषायी अल्पेच्छः
अज्ञातैषी अलोलुपः ।
रसेषु नानुगृध्येत्
नानुतपेत् प्रज्ञावान् ॥

૩૯. અલ્પ કષાયવાળો, અલ્પ ઈચ્છાવાળો, અજ્ઞાત કુળોમાંથી ભિક્ષા લેનાર[70], અલોલુપ ભિક્ષુ રસોમાં ગૃદ્ધ ન થાય. પ્રજ્ઞાવાન મુનિ બીજાને સન્માનિત થતાં જોઈને અનુતાપ ન કરે.[71]

(२०) पण्णापरीसहे

(२०) प्रज्ञापरीषहः

(૨૦) પ્રજ્ઞા પરીષહ

४०. से नूणं मए पुव्वं
कम्माणाणफला कडा ।
जेणाहं नाभिजाणामि
पुट्ठो केणइ कण्हुई ॥

अथ नूनं मया पूर्वं
कर्माण्यज्ञानफलानि कृतानि ।
येनाहं नाभिजानामि
पृष्टः केनचित् क्वचित् ॥

૪૦. જરૂર મેં પૂર્વકાળમાં અજ્ઞાનરૂપ ફળ આપનારાં કર્મો કર્યાં છે. તેમના જ કારણે હું કોઈ કંઈ પૂછે તો કંઈ જાણતો નથી—ઉત્તર આપવાનું જાણતો નથી.[72]

४१. अह पच्छा उइज्जंति
कम्माणाणफला कडा ।
एवमस्सासि अप्पाणं
नच्चा कम्मविवागयं ।।

अथपश्चादुदीर्यन्ते
कर्माण्यज्ञानफलानि कृतानि ।
एवमाश्वासयात्मानं
ज्ञात्वा कर्मविपाककम् ॥

૪૧. ''પહેલાં કરેલાં અજ્ઞાનરૂપ ફળ આપનારાં કર્મો પાક્યા પછી ઉદયમાં આવે છે''[૭૩]—આ રીતે કર્મના વિપાકને જાણીને મુનિ આત્માને આશ્વાસન આપે.[૭૪]

(२१) अण्णाणपरीसहे

(२१) अज्ञानपरीषहः

(૨૧) અજ્ઞાન પરીષહ

४२. निरट्ठगम्मि विरओ
मेहुणाओ सुसंवुडो ।
जो सक्खं नाभिजाणामि
धम्मं कल्लाण पावगं ।।

निरर्थके विरतः
मैथुनात्सुसंवृतः ।
यः साक्षान्नाभिजानामि
धर्मं कल्याण पापकम् ॥

૪૨. હું મૈથુનથી નિવૃત્ત થયો,[૭૫] ઈન્દ્રિયો અને મનનું મેં સંવરણ કર્યું—આ બધું નિરર્થક છે. કેમકે ધર્મ કલ્યાણકારી છે કે પાપકારી[૭૬]—તે હું સાક્ષાત્ નથી જાણતો.

४३. तवोवहाणमादाय
पडिमं पडिवज्जओ ।
एवं पि विहरओ मे
छउमं न नियट्टई ।।

तप-उपधानमादाय
प्रतिमां प्रतिपद्यमानस्य ।
एवमपि विहरतो मे
छद्म न निवर्तते ॥

૪૩. તપસ્યા અને ઉપધાન[૭૭] સ્વીકારું છું, પ્રતિમાનું[૭૮] પાલન કરું છું—એવી રીતે વિશેષ ચર્યાપૂર્વક વિહાર કરવા છતાં મારું છદ્મ[૭૯](જ્ઞાનનું આવરણ) ફિટ્યું નહીં—એવું ચિંતન ન કરે.[૮૦]

(२२) दंसणपरीसहे

(२२) दर्शनपरीषहः

(૨૨) દર્શન પરીષહ

४४. नत्थि नूणं परे लोए
इड्ढी वावि तवस्सिणो ।
अदुवा वंचिओ मि त्ति
इइ भिक्खू न चिंतए ।।

नास्ति नूनं परो लोकः
ऋद्धिर्वापि तपस्विनः ।
अथवा वञ्चितोस्मि इति
इति भिक्षुर्न चिन्तयेत् ॥

૪૪. ''ચોક્કસ પરલોક જ નથી, તપસ્વીની ઋદ્ધિ[૮૧] પણ નથી, અથવા હું ઠગાઈ ગયો''—ભિક્ષુ એવું ન વિચારે.

४५. अभू जिणा अत्थि जिणा
अदुवावि भविस्सई ।
मुसं ते एवमाहंसु
इइ भिक्खू न चिंतए ।।

अभूवन् जिनाः सन्ति जिनाः
अथवा अपि भविष्यन्ति ।
मृषा ते एवमाहुः
इति भिक्षुर्न चिन्तयेत् ॥

૪૫. ''જિનો થયા હતા, જિનો છે અને જિનો થશે—એવું જે કહે છે તેઓ જૂઠું બોલે છે''—ભિક્ષુ આવું ચિંતન ન કરે.[૮૨]

४६. एए परीसहा सव्वे
कासवेण पवेइया ।
जे भिक्खू न विहन्नेज्जा
पुट्ठो केणइ कण्हुई ।।

एते परीषहाः सर्वे
काश्यपेन प्रवेदिताः ।
यान् भिक्षुर्न विहन्येत
स्पृष्टः केनापि क्वचित् ॥

૪૬. આ બધા પરીષહોનું કશ્યપ-ગોત્રીય ભગવાન મહાવીરે પ્રરૂપણ કર્યું છે. તેમને જાણીને, તેમનામાંથી કોઈપણ દ્વારા ક્યારેય પણ સ્પૃષ્ટ થવા છતાં મુનિ તેમનાથી પરાજિત ન થાઓ.

–त्ति बेमि ।

-इति ब्रवीमि

-એવું હું કહું છું.

## ટિપ્પણ

# અધ્યયન ૨ : પરીષહ-પ્રવિભક્તિ

### ૧. અભ્યાસ વડે પરિચિત કર (जिच्चा)

બૃહદ્‌વૃત્તિમાં 'जिच्चा'નું સંસ્કૃત રૂપ 'जित्वा' અને અર્થ—ફરી ફરી અભ્યાસ દ્વારા પરિચિત કર, કર્યો છે.[1] આ 'जि-जये' ધાતુનું રૂપ છે. તેનો અર્થ થાય છે—જીતીને. ચૂર્ણિમાં 'जिणित्ता' જીતીને અર્થ કરવામાં આવ્યો છે.[2]

અમે આને 'चि-चये' ધાતુથી નિષ્પન્ન કરીને તેનું સંસ્કૃત રૂપ 'चित्वा' કર્યું છે. પ્રસ્તુત અર્થના પરિપ્રેક્ષ્યમાં આ જ સંગત લાગે છે.

### ૨. ક્ષુધા વ્યાપ્ત થવા પર (दिगिंछापरिगए)

સામાન્ય રીતે મનુષ્ય રોગ વડે આક્રાન્ત થઈ જાય ત્યારે જ ક્ષુધા પરીષહ સહન કરે છે—આહાર છોડે છે અથવા અલ્પાહાર કરે છે. તેમના માટે અલ્પ આહાર કરવો તે એક વિવશતા છે. ભગવાન મહાવીર રોગથી ઘેરાયા ન હોવા છતાં પણ ક્ષુધા-પરીષહ સહન કરતા હતા—અલ્પ આહારનો પ્રયોગ કરતા હતા. તેમના માટે કહેવામાં આવ્યું છે કે—'ओमोदरियं चाएति, अपुट्ठे वि भगवं रोगेहिं ।'[3]

### ૩. શ્લોક ૨

પરીષહ પ્રકરણમાં 'क्षुधा परीषह'ને સ્થાન કેમ આપવામાં આવ્યું? ચૂર્ણિકારે આનું સમાધાન 'क्षुधासमा नास्ति शरीरवेदना'—ભૂખ જેવી બીજી કોઈ શારીરિક વેદના નથી—એમ કહીને કર્યું છે.[4]

નેમિચન્દ્ર અહીં એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કરે છે—

**पंथसमा नत्थि जरा, दारिद्दसमो य परिभवो नत्थि ।**
**मरणसमं नत्थि भयं, खुहासमा वेयणा नत्थि ॥**[5]

પંથસમાન કોઈ ઘડપણ નથી, દરિદ્રતા સમાન કોઈ અપમાન નથી, મૃત્યુસમાન કોઈ ભય નથી અને ભૂખસમાન કોઈ વેદના નથી.

પ્રસ્તુત શ્લોકમાં પ્રયુક્ત 'दिगिंछा' દેશી શબ્દ છે. તેનો અર્થ છે—ક્ષુધા, બુભુક્ષા, ભૂખ.[6]

### ૪. કાકજંઘા (कालीपव्व)

આનો અર્થ છે 'કાક-જંઘા' નામે ઘાસ. તેને હિન્દીમાં ઘુંઘચી અથવા ગુંજા કહેવામાં આવે છે.

---

૧. बृहद्वृत्ति, पत्र १ : जित्वा पुनः पुनरभ्यासेन परिचितान् कृत्वा ।
૨. उत्तराध्ययन चूर्णि, पृ० ५२ : जिच्चा ते जिणित्ता ।
૩. आयारो ९।४।१ ।
૪. उत्तराध्ययन चूर्णि, पृ० ५२ ।
૫. सुखबोधा, पत्र १७ ।
૬. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ५२ : दिगिंछ णाम देसीतो खुहाभिधाणं ।
(ખ) बृहद्वृत्ति, पत्र ८२ : दिगिंछ त्ति देशीवचनेन बुभुक्षोच्यते ।

ચૂર્ણિકારે આનો અર્થ 'તૃણ વિશેષ', જેને કેટલાક લોકો 'કાક-જંઘા' કહે છે, કર્યો છે.[1]

ટીકાકાર પણ આ અર્થને માન્ય કરે છે.[2] પરંતુ આધુનિક વિદ્વાન ડૉ. હરમન જેકોબી, ડૉ. સાંડેસરા વગેરેએ 'કાક-જંઘા'નો અર્થ કાગડાની જાંઘ કર્યો છે.[3]

બૌદ્ધ-સાહિત્યમાં અલ્પ-આહારથી થનારી શારીરિક અવસ્થાના વર્ણનમાં 'काल-पव्वानि' શબ્દ આવ્યો છે.[4] રાહુલજીએ તેનો અર્થ 'કાલવૃક્ષની ગાંઠો' એવો કર્યો છે.[5] આ અર્થ ટીકાકારોના અર્થ સાથે મળતો છે.

કાલ-જંઘા નામે તૃણ-વૃક્ષની ગાંઠો સ્થૂળ અને તેમની વચ્ચેનો ભાગ કૃશ હોય છે. આ રીતે જે ભિક્ષુના ઘૂંટણ, કોણી વગેરે સ્થૂળ અને જાંઘ, સાથળ, હાથ વગેરે કૃશ હોય છે, તેને 'कालीपव्वंगसंकासे' (कालीपर्वसंकाशाङ्ग) કહેવામાં આવે છે.[6]

## ૫. ધમનીઓનું માળખું (धमणिसंतए)

આનો ભાવાર્થ છે—અત્યન્ત કૃશ, જેનું શરીર માત્ર ધમનીઓનું જાળું જ બાકી બચ્યું હોય.[7]

બૌદ્ધ-ગ્રન્થોમાં પણ 'किसं धमनिसन्थतं' એવો પ્રયોગ આવ્યો છે. તેનો અર્થ—દૂબળો-પાતળો નસોથી મઢેલ શરીરવાળો એવો છે.[8] આ પ્રયોગથી એવું અનુમાન થાય છે કે એક બાજુ તો બૌદ્ધો તપસ્યાનું ખંડન કરે છે અને બીજી બાજુ 'किसं धमनिसन्थतं'ને સારો બતાવતાં તેને બ્રાહ્મણનું લક્ષણ માને છે. એનું શું કારણ છે? આ પ્રયોગ તથા મજ્ઝિમ નિકાય (૧૨/૬/૧૯/૨૦)નું વિવરણ જોવાથી એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે બૌદ્ધો પર જૈન-સાહિત્ય અને તપસ્યા-વિધિનો પ્રભાવ પડેલો છે.

ભાગવતમાં પણ—"एवं चीर्णेन तपस्या, मुनिधर्मनिसन्ततः"—આવો પ્રયોગ આવ્યો છે.[9]

આનાથી એમ પ્રતીત થાય છે કે ત્રણે (જૈન, બૌદ્ધ અને વૈદિક) ધાર્મિક પરંપરાઓમાં કેટલીક બાબતો સમાનપણે ચાલી આવે છે.

## ૬. અહિંસક અથવા કરુણાશીલ (दोगुंछी)

'दोगुंछी' શબ્દનું સંસ્કૃત રૂપ છે—जुगुप्सी. તેનો શાબ્દિક અર્થ છે—ઘૃણા કરનાર અથવા કરુણા કરનાર. મુનિ હિંસાની, અનાચારની ઘૃણા કરે છે. મુનિ જ્યારે તરસથી વ્યાકુળ પણ થઈ જાય ત્યારે પણ તે સચિત્ત જળનું સેવન ન કરે, કેમકે તે અહિંસક છે. સચિત્ત જળનું સેવન કરવું તે અનાચાર છે, હિંસા છે. તે હિંસાની ઘૃણા કરે છે અથવા પ્રાણીમાત્ર તરફ અહિંસક વ્યવહાર કરે છે. એટલા માટે ભાવાર્થમાં 'दोगुंछी'નો અર્થ અહિંસક થાય છે.

ચૂર્ણિમાં અસંયમથી જુગુપ્સા કરનારને 'दोगुंछी' કહેલ છે.[10]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ५३ : काली नाम तृणविसेसो केइ काकजंघा भणंति, तीसे पासतो पव्वाणि तुल्लाणि तणूणि।

૨. (ક) बृहद्वृत्ति, पत्र ८४।
(ખ) सुखबोधा, पत्र १८।

૩.(ક) The Sacred Books of the East, Vol. XLV, page 10 : emacited like the joint of a crow's (leg).
(ખ) उत्तराध्ययन, पृ० १७।

૪. मज्झिमनिकाय, १२।६।१९।

૫. એજન, અનુવાદ, પૃ. ૫૦.

૬. उत्तराध्ययन चूर्णि, पृ०५३ : कालीतृणपर्वणः पर्वभिरंगानि संकाशानि यस्य स भवति कालीतृणपर्वांगसंकाशः, तानि हि कालीपर्वाणि संधिसु थूराणि मध्ये कृशानि, एवमसावपि भिक्षुः छुहाए जानुकोप्परसंधिसु थूरो भवति, जंघोरुकालायिकबाहुसुकृशः।

૭. बृहद्वृत्ति, पत्र ८४ : धमनयः—शिरास्ताभिः सन्ततो—व्याप्तो धमनिसंततः।

૮. धम्मपद, २६।१३: पंसूकुलधरं जन्तुं, किसं धमनिसन्थतं, एकं वनस्मिं झायंतं, तमहं ब्रूमि ब्राह्मणं।

૯. भागवत, ११।१८।९।

૧૦. उत्तराध्ययन चूर्णि, पृ०५४ : दुगुंछत्तीति दोगुंछी, अस्संजमं दुगुंछती।

### ૭. સચિત્ત પાણી (सीओदगं)

શીતનો અર્થ છે—ઠંડુ. શીત-ઉદક—આ સ્વરૂપસ્થ (શસ્ત્રથી અનુપહત અથવા સજીવ) પાણીનું સૂચક છે.[1] ડૉ. હરમન જેકોબીએ તેનો અર્થ Cold Water 'ઠંડુ પાણી' કર્યો છે. આ શબ્દનો લાક્ષણિક અર્થ છે, ભ્રામક પણ છે. ઠંડુ પાણી સચિત્ત પણ હોઈ શકે છે અને અચિત્ત પણ. અહીં સચિત્ત અર્થ અભિપ્રેત છે.

### ૮. પ્રાસુક જળની એષણા (वियडस्सेसणं)

બૃહદ્‌વૃત્તિકારે 'वियड'નું સંસ્કૃત રૂપ 'विकृत' આપીને, તેનો અર્થ અગ્નિ વગેરે વડે સંસ્કારિત એવો કર્યો છે. પ્રસ્તુત પ્રસંગમાં તે અચિત્ત અથવા નિર્જીવ જળ માટે વપરાયું છે.[2] 'वियड' દેશી શબ્દ છે.

### ૯. તરસનો પરીષહ

પિતા અને પુત્ર બંનેએ પ્રવજ્યા લીધી. એક વાર બપોરે વિહાર કરી તેઓ એક નગર તરફ જવા નીકળ્યા. રસ્તામાં ભયંકર જંગલ હતું. નાના મુનિને તરસ લાગી અને તે પોતાના પિતા (મુનિ)ની પાછળ ચાલવા લાગ્યો. બીજા બીજા મુનિઓ પણ સાથે હતા. રસ્તામાં એક નદી આવી. પિતા-મુનિએ સ્નેહવશ પોતાના પુત્ર-મુનિને કહ્યું—વત્સ ! નદીનું પાણી પીને તરસ બુઝાવ. પછી પ્રાયશ્ચિત્ત કરી લેજે. પિતા-મુનિ નદીમાં ઉતર્યા.

તેણે વિચાર્યું—હું કંઈક આગળ ચાલું, કે જેથી કરી આ બાળમુનિ પાણી પી લે. ક્યાંક મારી હાજરીમાં તે પાણી નહિ પીવે—એમ વિચારીને તે એક બાજુ ચાલ્યા ગયા.

બાલ-મુનિ નદીમાં ઉતર્યો. તેનું મન સહેજ ઢીલું પડ્યું. તેણે ખોબામાં પાણી લીધું. તેની વિવેક-બુદ્ધિ જાગી ઊઠી. તેણે મનોમન વિચાર્યું—'અરે ! આ જીવોને કેવી રીતે પીઉં ?'

ભગવાને કહ્યું છે—

एक्कम्मि उदगबिंदुम्मि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ।
ते पारेवयमेत्ता, जंबुद्दीवे ण माएज्जा ।।
जत्थ जलं तत्थ वणं, जत्थ वणं तत्थ निच्छिओ तेऊ ।
तेऊ वाउसहगओ, तसा य पच्चक्खया चेव ।।
ता हंतूण परप्पाणे, अप्पाणं जो करेइ सप्पाणं ।
अप्पाणं दिवसाणं, कएण नासेइ सप्पाणं ।।

બાલ-મુનિને અત્યન્ત વૈરાગ્ય ઉપજ્યો. તેણે વિચાર્યું—હું પોતાના ટૂંકા જીવન માટે આટલાં બધાં પ્રાણીઓની હત્યા કરું તે મારા માટે યોગ્ય નથી. આમ વિચારીને તે ત્યાંથી તરસ્યો જ આગળ ચાલ્યો. નદી પાર ઉતર્યો. તરસ વધતી જ ગઈ. મૃત્યુને નજીક આવેલું જાણી તેણે એક વૃક્ષ નીચે વિશ્રામ કર્યો અને નમસ્કાર મહામંત્રનો જાપ કરતો-કરતો સદ્‌ગતિ પામ્યો.

બધા મુનિઓએ તે બાળમુનિની ધીરજને વખાણી અને તેની અત્યન્ત પ્રશંસા કરી.[3]

### ૧૦. રુક્ષ શરીરવાળા સાધુનો (लूहं)

શીત પરીષહના સંદર્ભમાં 'रूक्ष' શબ્દનો પ્રયોગ અર્થ-સૂચક છે. સ્નિગ્ધતા શરીરમાં ગરમી પેદા કરે છે, એટલા માટે

---

૧. बृहद्वृत्ति, पत्र ८६ : शीतं-शीतलं, स्वरूपस्थतोयोपलक्षण मेतत्, ततः स्वकीयादिशस्त्रानुपहतं अप्रासुकमित्यर्थः ।

૨. એજન : वियडस्स त्ति विकृतस्य वह्न्यादिना विकारं प्रापितस्य प्रासुकस्येति यावत्, प्रक्रमादुदकस्य ।

૩. सुखबोधा, पत्र ११ ।

સ્નિગ્ધ શરીરવાળાને ઠંડી ઓછી સતાવે છે. મુનિ રુક્ષ શરીરવાળો છે, તે વિચરણશીલ છે, અને તે વિરત[1]—અગ્નિના સમારંભ તથા ગૃહ-વ્યાપારથી મુક્ત છે—પ્રસ્તુત શ્લોકમાં ઉલ્લિખિત આ ત્રણેય અવસ્થાઓ શીતસ્પર્શને પ્રખર કરનારી છે.

શરીરની રુક્ષતાનાં બે કારણો છે—સ્નિગ્ધ ભોજનનો અભાવ અને સ્નાન વગેરેનો અભાવ.[2] જે મુનિ સતત રુક્ષ ભોજન કરે છે, સ્નાન નથી કરતો, તેનું શરીર રુક્ષ—સૂકું થઈ જાય છે. રુક્ષ શરીરવાળાને ઠંડી, ગરમી વગેરે સતાવે છે. રુક્ષ આહારથી પેશાબ પણ અધિક થાય છે, વારંવાર શંકા નિવૃત્તિ માટે જવું પડે છે, તેથી સ્વાધ્યાયમાં વિક્ષેપ પડે છે. રુક્ષ આહારને લીધે ચીડિયાપણું વધે છે અને વ્યક્તિ વારંવાર અને જલ્દી ગુસ્સે થવા લાગે છે.

ભગવાન મહાવીર જ્યારે લાટ દેશમાં ગયા ત્યારે તેમને ત્યાં અનેક કષ્ટો સહન કરવા પડ્યાં. તે દેશમાં અન્નની પેદાશ ઓછી થતી હતી. પ્રદેશ પથરાળ હતો. લોકો લૂખું-સૂકું ખાઈને જીવન-નિર્વાહ કરતા હતા, એટલા માટે તેઓ અધિક ક્રોધી અને ચીડિયા સ્વભાવના હતા.[3]

આવા પ્રકારનું લૂખું ભોજન શરીર અને મન બંનેને પ્રભાવિત કરે છે.

જૈન મુનિઓ માટે એમ વિધાન છે કે તેઓ સ્નિગ્ધ આહાર પણ સતત ન કરે અને રુક્ષ આહાર પણ સતત ન કરે. બંનેમાં સમતુલા જાળવે. માત્ર સ્નિગ્ધ આહાર કરવાથી ઉન્માદ વધે છે અને માત્ર રુક્ષ આહાર કરવાથી ક્રોધ વગેરેની વૃદ્ધિ થાય છે, બુદ્ધિ નિર્બળ બને છે.

હેરાક્લાઈટસે કઠોરતા અને રુક્ષતાને જગતનું મૂળ તત્ત્વ માન્યું. તેણે કહ્યું—Keep your life dry—જીવનને સૂકું બનાવો. તેના આધારે સંયમનો વિકાસ થયો. ભગવાન મહાવીર અને હેરાક્લાઈટસ—બંનેએ સંયમના અર્થમાં એક જ શબ્દ—રુક્ષ—નો પ્રયોગ કર્યો છે.

**૧૧. (શીત પરીષહ)**

આચાર્ય ભદ્રબાહુ રાજગૃહ નગરીમાં પધાર્યા. ચાર વણિકમિત્રો તેમની પાસે દીક્ષિત થયા. તે ચારેએ આચાર્ય પાસેથી વિપુલ શ્રુતજ્ઞાન મેળવ્યું. તેઓએ પોતાની આત્મશક્તિને ઉત્તેજિત કરી એકલ-વિહાર-પ્રતિમા સ્વીકારી ને ચારે જણા સાથે સાથે જનપદ-વિહાર કરવા લાગ્યા. એક વાર તેઓ રાજગૃહ નગરમાં આવી ચડ્યા. તે સમયે હેમંત ઋતુ પૂરબહારમાં હતી. ઠંડીનો ભયંકર પ્રકોપ સમગ્ર નગરને સતાવી રહ્યો હતો. તેવા ઠંડા પવનથી અનેક પશુપક્ષીઓ મરી ગયા. વૃક્ષો ઠરી ગયા, સૂકાઈ ગયા. તે ચારે મુનિઓ સ્વાધ્યાય અને ધ્યાનમાંથી નિવૃત્ત થઈ દિવસના ત્રીજા પહોરમાં ગોચરી માટે નીકળ્યા. ચારે રાજગૃહની જુદી-જુદી દિશાઓમાં ગયા. તેમને પાછા વળી વૈભારગિરિ પર્વત પર આવવાનું હતું. એક મુનિ ભોજન લઈ અને આવી રહ્યો હતો. વૈભારગિરિના ગુફા-દ્વાર પર આવતા આવતા દિવસનો ચોથો પહોર શરૂ થઈ ગયો. તે ત્યાં જ પ્રતિમા—કાયોત્સર્ગમાં ખડો થઈ ગયો. ભોજન ન કર્યું. બીજો મુનિ જ્યારે નગરના બગીચા પાસે પહોંચ્યો ત્યારે ચોથો પહોર શરૂ થઈ ગયો. તે ત્યાં જ સ્થિર થઈ ગયો. ત્રીજો એક ઉદ્યાનની પાસે સ્થિર થઈ ગયો અને ચોથો નગરની પાસે પ્રતિમામાં ઊભો રહી ગયો. એકલ-વિહારે જ સાધના કરનારા સાધકોની એવી મર્યાદા હોય છે કે જ્યાં જ્યારે દિવસનો ચોથો પહોર શરૂ થઈ જાય, તેણે ત્યાં જ પ્રતિમામાં સ્થિર થઈ જવું પડે છે.

ગુફા-દ્વાર પાસે સ્થિત મુનિને પર્વતના વાયુના ભયંકર સપાટા લાગી રહ્યા હતા. પણ તે મેરુની માફક નિષ્પ્રકંપ અને નિશ્ચળ રહ્યો. તે રાત્રિના પહેલાં પહોરમાં દેવગતિ પામ્યો. એ જ રીતે ઠંડીના પ્રચંડ પ્રકોપથી પીડાઈને બીજો રાત્રિના બીજા પહોરમાં, ત્રીજો ત્રીજા પહોરમાં અને ચોથો ચોથા પહોરમાં દેવગતિ પામ્યો.

આ દૃષ્ટાંત છે શીત પરીષહને સમભાવથી સહન કરવાનું.[4]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ५६ : विरतं अग्गिसमारंभातो गृहारंभतो वा, बाह्याभ्यंतरस्नेहपरिहास ।

२. बृहद्वृत्ति, पत्र ८८ : लूहं ति स्नानस्निग्धभोजनादि-परिहारेण रूक्षम् ।

३. आचारांग चूर्णि, पृ० ३१८ : रुक्खाहारत्ता अतीव कोहणा ।

४. सुखबोधा, पत्र २० ।

## ૧૨. પ્રસ્વેદ, મેલ અથવા તરસનો દાહ (परिदाहेण)

દાહ બે પ્રકારના હોય છે—બાહ્ય દાહ અને આંતરિક દાહ. પ્રસ્વેદ, મેલ વગેરે દ્વારા શરીરમાં જે થાય છે તે બાહ્ય દાહ છે અને તરસથી જે દાહ થાય છે તેને આંતરિક દાહ કહે છે. અહીં બંને પ્રકારના દાહ અભિપ્રેત છે.[1] ચૂર્ણિકારે આ પ્રસંગે એક સુંદર શ્લોક ઉદ્ધૃત કર્યો છે :

**उवरिं तावेइ रवी, रविकरपरिताविता दहइ भूमी । सव्वादो परिदाहो, दसमलपरिगतंगा तस्स ॥**[2]

## ૧૩. મેધાવી (मेहावी)

ધારણા માટે સક્ષમ બુદ્ધિ 'મેધા' કહેવાય છે.[3] પ્રસ્તુત પ્રસંગમાં મેધાનો અર્થ છે—મર્યાદા. જે મર્યાદાનું અતિક્રમણ નથી કરતો તે મેધાવી કહેવાય છે.[4] તેની નિરુક્તિ છે—'मेहया (मेरया) धावतीति मेधावी ।'[5]

ઉપાશકદશાની વૃત્તિમાં આચાર્ય અભયદેવસૂરિએ 'मेहावी'ની નિર્યુક્તિ આ રીતે આપી છે—मेहावीत्ति सकृद्दृष्टश्रुतकर्मज्ञः— જે એક વાર જોયેલા અથવા સાંભળેલા કાર્યને કરવાની રીત જાણી લે છે, તે મેધાવી કહેવાય છે.[6]

## ૧૪. સમભાવમાં રહે (समरेव)

શાન્ત્યાચાર્ય અનુસાર મૂળ શબ્દ 'सम एव' છે. પરંતુ પ્રાકૃત વ્યાકરણની દૃષ્ટિએ 'ए'નો 'रेफ' થઈ જતાં 'समरेव' શબ્દ બન્યો છે.[7] ચૂર્ણિકારે 'समरे'નો અર્થ યુદ્ધ કર્યો છે.[8] વૃત્તિકારે વૈકલ્પિક રૂપમાં ચૂર્ણિકારનું અનુસરણ કરતાં 'समरे'ને 'संगामसीसे'નું વિશેષણ માન્યું છે.[9]

## ૧૫. શૂર (सूरो)

વ્યાખ્યાકારોએ મુખ્યત્વે શૂર શબ્દને 'नाग'—હાથીનું વિશેષણ માન્યું છે. વૈકલ્પિક રૂપમાં 'शूर' શબ્દને સ્વતંત્ર માનીને તેનો અર્થ શૂરવીર યોદ્ધો કર્યો છે.[10]

જેકોબીએ 'શૂર'ને સ્વતંત્ર માનીને તેનો અર્થ આત્મ-યોદ્ધો કર્યો છે.

## ૧૬. સંત્રસ્ત ન થાય (न संतसे)

ચૂર્ણિકારે આનો અર્થ કર્યો છે—હાથ, પગ વગેરે અવયવોને ન હલાવે, ન ઉછાળે.[11]

શાન્ત્યાચાર્યે તેના બે અર્થ કર્યા છે—(૧) દંશમસક વગેરેથી સંત્રસ્ત ન બને. (૨) હાથ, પગ વગેરે અવયવોને હલાવે નહિ.[12]

---

૧. सुखबोधा टीका, पत्र ८९ : परिदाहेन—बहिः स्वेदमलाभ्यां वह्निना वा, अन्तश्च तृष्णया जनितदाहस्वरूपेण ।

२. उत्तराध्ययन चूर्णि, पृ० ५७ ।

३. अभिधान चिंतामणि कोश, २।२२३ : सा मेधा धारणक्षमा ।

४. बृहद्वृत्ति, पत्र ९० : मेधावी मर्यादानतिवर्ती ।

५. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ५७ ।

६. उपासकदशा वृत्ति, पत्र २१८ ।

७. बृहद्वृत्ति, पत्र ९१ ।

८. उत्तराध्ययन चूर्णि, पृ० ५८ ।

९. बृहद्वृत्ति, पत्र ९१ ।

१०.(क) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ५९ ..... शूरो वा योधः ।
(ख) बृहद्वृत्ति, पत्र ९१ : शूरः—पराक्रमवान् । यद्वा शूरो—योधः ।

११. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ६१ : न संत्रसति अंगानि कंपयति विक्षिपति वा ।

१२. बृहद्वृत्ति, पत्र ९१ 'न संत्रसेत्' नोद्विजेत् दंशादिभ्य इति गम्यते, यद्वाऽनेकार्थत्वाद्धातूनां न कम्पयेत्तैस्तुद्यमानोऽपि, अङ्गानीति शेषः ।

ડૉ. હરમન જેકોબી અને ડૉ. સાંડેસરાએ આનો અર્થ—પ્રાણીઓને ત્રાસ ન આપવો—કર્યો છે.[1]

આમાં પરસ્પર કોઈ વિરોધ નથી, પરંતુ પરીષહનું પ્રકરણ છે એટલે શાન્ત્યાચાર્યનો પ્રથમ અર્થ અધિક યોગ્ય છે.

### ૧૭. હટાવવું (वारेज्जा)

આનો અર્થ છે—હટાવવું, નિષેધ કરવો. મુનિ હાથ, વસ્ત્ર, ડાળખી, ધુમાડો વગેરે ઉપાયો વડે ડાંસ અને મચ્છરોનું નિવારણ ન કરે.[2]

### ૧૮. ઉપેક્ષા કરે (उवेहे)

ડાંસ-મચ્છર કરડે તો પણ મુનિ તેમની ઉપેક્ષા કરે, તેમના પર રાગ-દ્વેષ ન કરે. તે આમ વિચારે—આ બધા અસંજ્ઞી છે, ભોજનને માટે ઘૂમી રહ્યાં છે. મારું શરીર એમના માટે ભોજન-સામગ્રી છે, સર્વસાધારણ જેવું છે. જો તેઓ મારા શરીરમાંથી અત્યન્ત અલ્પ માત્રામાં રક્ત અને માંસ ખાય છે તો શું થઈ ગયું ? મારે તેમના પર દ્વેષ ન કરવો જોઈએ. તેઓ લોહી જ પી રહ્યાં છે. મારા આત્માનું ઉપહનન તો નથી કરી રહ્યાં.[3]

૧૯. શ્રમણભદ્ર રાજપુત્ર હતો. તેનું મન વિરક્ત થયું અને તે ધર્મઘોષ આચાર્ય પાસે પ્રવ્રજિત થઈ મુનિ બન્યો. તે આગમોનું સમગ્ર પારાયણ કરી પોતાની શક્તિનું માપ કાઢી એકલવિહારી પ્રતિમા સ્વીકારી વિહરવા લાગ્યો. શરદ ઋતુ હતી. અટવીમાં તે ધ્યાનમાં સ્થિર બની ગયો. રાત્રિનો સમય હતો. ડાંસ-મચ્છરોએ આક્રમણ કર્યું. તેના ખુલ્લા શરીરને તેઓ કરડવા લાગ્યા. ભયંકર વેદના ઊપડી. તેણે વિચાર્યું—'આ વેદના કેટલી પળોની ? આનાથી પણ અનંતગણી વધુ વેદના મેં નરકાવાસોમાં સહન કરી છે.' મુનિ આમ આત્મસ્થ બની ગયા. પોતાની ચેતનાના સમુદ્રમાં ડૂબકી મારી તેણે વિચાર્યું—

'अन्नं इमं सरीरं, अन्नो जीवो त्ति एव कयबुद्धी ।
दुक्खकरं जीव ! तुमं, छिंद ममत्तं सरीरम्मि ॥'

—હે આત્મા ! તું વિચાર કર. આ શરીર જુદું છે અને આત્મા જુદો છે. જે શરીર તરફ મોહ-મૂઢ બને છે તે દુઃખના વમળોમાં ફસાતો જાય છે. તું શરીરના મોહને તોડીને પોતાની ચેતનામાં ઉન્મજ્જન-નિમજ્જન કર.

આ આલંબનસૂત્રથી મુનિએ તે પીડાને સહન કરી લીધી. ડાંસ-મસકોએ તેના શરીરનું બધું લોહી ચૂસી લીધું. તે તે જ રાતે દિવંગત બની ગયો, પણ અધૃતિમાં ફસાયો નહિ.[4]

### ૨૦. શ્લોક ૧૩ :

આ શ્લોકમાં આવેલ 'एगया' શબ્દ મુનિની જિનકલ્પિક અને સ્થવિરકલ્પિક અવસ્થાઓ તથા વસ્ત્રાભાવ વગેરે અવસ્થાઓ તરફ સંકેત કરે છે.

ચૂર્ણિકાર અનુસાર—મુનિ જિનકલ્પ અવસ્થામાં 'અચેલક' હોય છે. સ્થવિરકલ્પ અવસ્થામાં તે દિવસમાં, ગ્રીષ્મ ઋતુમાં અથવા વર્ષા ઋતુમાં વરસાદ ન આવે ત્યાં સુધી પણ અચેલક રહે છે. શિયાળાની રાત્રિઓ (પોષ અને મહા), વર્ષાની રાત્રિઓ

---

૧. (ક) The Sacred Books of the East vol. XLV, p. 11 : He should not scare away (insects)
(ખ) उत्तराध्ययन सूत्र, पृ० १९ : ત્રાસ આપવો નહીં....,

૨. उत्तराध्ययन चूर्णि, पृ० ५९ : न चैव हस्तवस्त्रशाखाधूमादिभिस्तान्निवारणोपायैर्वारयति ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ५९ : चैषामसंज्ञित्वात् आहारकांक्षिणां, भुंजमानानां मच्छरीरं साहारणं, यदि भक्षयन्ति किं ममात्र प्रद्वेषोत्पाते ?
(ખ) बृहद्वृत्ति, पत्र ९२ : तथा असंज्ञिन एते आहारार्थिनश्च भोज्यमेतेषां मच्छरीरं बहुसाधारणं च यदि भक्षयन्ति किमत्र प्रद्वेषेणेति च विचिन्तयन् तदुपेक्षणपरो न तदुपघातं विदध्यादिति ।

૪. सुखबोधा, पत्र २२ ।

(ભાદરવો અને આસો), વરસાદ વરસતી વેળાએ તથા પ્રભાતસમયે ભિક્ષા માટે જતી વખતે તે 'સચેલક' રહે છે.[૧]

આથી એમ લાગે છે કે એક જ મુનિ એક જ કાળમાં અચેલક અને સચેલક—બંને અવસ્થાઓમાં રહે છે.

શાન્ત્યાચાર્ય અનુસાર જિનકલ્પ અવસ્થામાં મુનિ અચેલક હોય છે અને સ્થવિરકલ્પ અવસ્થામાં પણ જ્યારે વસ્ત્રો મળવા દુર્લભ બને છે અથવા સર્વથા મળતાં જ નથી અથવા વસ્ત્ર હોવા છતાં પણ વર્ષાઋતુ વિના તે ધારણ ન કરવાની પરંપરા હોવાને કારણે અથવા વસ્ત્રો ફાટી જવાથી—તે અચેલક થઈ જાય છે.[૨] નેમિચન્દ્રનો મત પણ સંક્ષેપમાં આ જ છે.[૩]

હેમન્ત ઋતુ પૂરી થતાં અને ગ્રીષ્મ આવી જતાં મુનિ એકશાટક અથવા અચેલ થઈ જાય—એમ આચારાંગમાં દર્શાવવામાં આવ્યું છે.[૪] રાતના હિમ, ઝાકળ આદિના જીવોની હિંસાથી બચવા માટે તથા વરસાદમાં જળના જીવોથી બચવા માટે વસ્ત્રો પહેરવા-ઓઢવાનું પણ વિધાન મળે છે.[૫]

સ્થાનાંગમાં કહેવામાં આવ્યું છે—પાંચ સ્થાનો વડે અચેલક પ્રશસ્ત બને છે—

(૧) તેની પ્રતિલેખના અલ્પ હોય છે.

(૨) તેનું લાઘવ (ઉપકરણ તથા કષાયની અલ્પતા) પ્રશસ્ત હોય છે.

(૩) તેનું રૂપ (વેષ) વૈશ્વાસિક (વિશ્વાસયોગ્ય) હોય છે.

(૪) તપોનુજ્ઞાત—તેનું તપ (પ્રતિસંલીનતા નામે બાહ્ય તપનો એક પ્રકાર—ઉપકરણ-સંલીનતા) જિનાનુમત હોય છે.

(૫) તેને વિપુલ ઈન્દ્રિય-નિગ્રહ હોય છે.[૬]

ત્રીજા સ્થાનમાં કહેવામાં આવ્યું છે—ત્રણ કારણોસર નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીનીઓ વસ્ત્ર ધારણ કરી શકે છે—

(૧) લજ્જા-નિવારણ માટે.

(૨) જુગુપ્સા—ઘૃણા નિવારણ માટે.

(૩) પરીષહ-નિવારણ માટે.[૭]

આ જ અધ્યયનના ચોત્રીસમા અને પાંત્રીસમા શ્લોકમાં જે વસ્ત્ર-નિષેધ ફલિત થાય છે, તે પણ જિનકલ્પી અથવા વિશેષ અભિગ્રહધારીની અપેક્ષાએ છે—એમ પ્રસ્તુત શ્લોક ઉપરથી સમજી શકાય છે.

**૨૧. ચૂર્ણિકારે આ શ્લોકના પ્રસંગમાં એક કથા પ્રસ્તુત કરી છે—**

એક બૌદ્ધ ભિક્ષુ પોતાના આચાર્યની સાથે ક્યાંક જઈ રહ્યો હતો. આચાર્ય આગળ ચાલી રહ્યા હતા અને તે તેમની પાછળ-પાછળ. કંઈક દૂર ગયા ત્યારે તેમણે એક રસ્તાની બાજુમાં પડેલી દાબડી જોઈ. તેણે તેને ઉપાડીને પોતાના થેલામાં રાખી લીધી. હવે તેને ભય સતાવવા લાગ્યો. તે આચાર્ય પાસે આવીને બોલ્યો—ભંતે ! પાછળ-પાછળ ચાલવાથી મને ભય લાગે છે,

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ६० : एगता नाम जदा जिणकप्पं पडिवज्जति, अहवा दिवा अचेलगो भवति, ग्रीष्मे वा, वासासुवि वासे अपडिंते ण पाउणति, एवमेव एगता अचेलगो भवति, सचेले यावि एगता' तंजहा—सिसिररातीए वरिसारत्ते वासावासे पडंते भिक्खं हिंडंते ।

૨. बृहद्वृत्ति, पत्र ९२-९३ : 'एकदा' एकस्मिन् काले जिनकल्पप्रतिपत्तौ स्थविरकल्पेऽपि दुर्लभवस्त्रादौ वा सर्वथा चेलाभावेन, सति वा चेले विना वर्षादिनिमित्तमप्रावरणेन, जीर्णादिवस्त्रतया वा 'अचेलक' इति अवस्त्रोऽपि भवति ।

૩. सुखबोधा, पत्र २२ : 'एकदा' जिनकल्पिकाद्यवस्थायां सर्वथा चेलाभावेन जीर्णादिवस्त्रतया वा अचेलको भवति । सचेलश्च 'एकदा' स्थविरकल्पिकाद्यवस्थायाम् ।

૪. आयारो ८।५० ।

૫. बृहद्वृत्ति, पत्र ९६ : तह निमि चाउक्कालं सज्झायज्झाणसाहणमिसीणं । हिममहियावासोसारया-इक्खाणिमित्तं तु ॥

૬. ठाणं ५।२०१ ।

૭. ठाणं, ३।३४७ ।

એટલા માટે આપની આગળ-આગળ ચાલવા માગું છું. આચાર્ય બોલ્યા—ઠીક છે. ભયને છોડી દે. તુ અભય બનીને આગળ-આગળ ચાલ. તે કેટલેક દૂર સુધી ચાલ્યો. આચાર્યે પૂછ્યું—શું હજી પણ ભય લાગે છે? શિષ્ય બોલ્યો—હા, હજી પણ ભય લાગે છે. આચાર્યે તેને ફરી ભય છોડી દેવા માટે કહ્યું. શિષ્યમાં ધર્મસંજ્ઞાનું જાગરણ થયું અને ત્યારે તેણે દાબડીને એક બાજુ ફેંકી દીધી. આચાર્ય બોલ્યા—અરે, તું તો ખૂબ જલ્દી-જલ્દી ચાલી રહ્યો છે. શું હવે ભય નથી લાગતો? શિષ્ય બોલ્યો—ભંતે! મેં ભયને ત્યજી દીધો છે, જેનાથી ભય લાગતો હતો તેનાથી છૂટકારો મેળવી લીધો છે.[1]

**૨૨. આત્માની રક્ષા કરનાર (आयरक्खिए)**

શાન્ત્યાચાર્યે આનાં બે સંસ્કૃત રૂપ આપી બે જુદા જુદા અર્થ કર્યા છે[2]—

(૧) आत्मरक्षितः—જેણે આત્માની રક્ષા કરી છે.

(૨) आयरक्षितः—જેણે જ્ઞાનાદિ વડે લાભની રક્ષા કરી છે.

'आहिताग्न्यादिषु' વડે 'रक्षित'નો પરનિપાત થયો છે.

**૨૩. (શ્લોક ૧૪-૧૫)**

મુનિચર્યાનું પાલન કરતાં-કરતાં ક્યારેક સાધકના મનમાં સંયમ તરફ અરતિ—અનુત્સાહ પેદા થઈ શકે છે. ચૌદમા શ્લોકમાં અરતિ ઉત્પન્ન થવાના ત્રણ કારણો તથા પંદરમા શ્લોકમાં તેના નિવારણના ઉપાયોની ચર્ચા છે. અરતિ ઉત્પન્ન થવાનાં ત્રણ કારણો આ પ્રમાણે છે—

(૧) એક ગામથી બીજે ગામ વિચરણ કર્યા કરવું.

(૨) સ્થાયી સ્થાન કે ઘરનું ન હોવું.

(૩) અકિંચન હોવું, પોતાની માલિકીનું કંઈ પણ ન હોવું.

અરતિ નિવારણના પાંચ ઉપાય આ પ્રમાણે છે—

(૧) વિરત થવું, અપ્રતિબદ્ધ થવું.

(૨) અરતિ આત્મ-સમુત્થ દોષ છે, આભ્યન્તર દોષ છે. જે આત્મરક્ષિત હોય છે, જે આત્મા વડે આત્માની રક્ષા કરે છે, વૈરાગ્યવાન હોય છે, તેને અગાર—ઘરનો અભાવ ક્યારેય સતાવતો નથી.

(૩) જે ધર્મારામી છે, જે નિરંતર ધર્મમાં રમણ કરે છે, શ્રુત, ભાવના વગેરેનો અભ્યાસ કરે છે, તે ગમે ત્યાં રહે, આનંદનો જ અનુભવ કરે છે.

(૪) અકિંચન હોવા છતાં અથવા પોતાનું કંઈ પણ ન હોવા છતાં તે નિરારંભ હોવાને કારણે અરતિનું વેદન કરતો નથી. આરંભ અથવા પ્રવૃત્તિ માટે 'સ્વ' જોઈએ, અર્થ જોઈએ. નિરારંભ વ્યક્તિ 'અર્થ'થી મુક્ત હોય છે. (ચૂ. ૬૨)

(૫) ઉપશાંત—જેના કષાયો શાંત થઈ ગયા છે, તે અરતિથી સ્પૃષ્ટ નથી થતો. જે અહંકાર, મમકાર અને તૃષ્ણાથી અભિભૂત થાય છે, તેને અરતિ ડગલે ને પગલે સતાવે છે.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ० ९९।

२. बृहद्वृत्ति पत्र ९९ : आत्मा रक्षितः दुर्गतिहेतोरपध्यानादेरनेनेत्यात्मरक्षितः, आहिताग्न्यादिषु दर्शनात् क्तान्तस्य परनिपातः । आयो वा—ज्ञानादिलाभो रक्षितोऽनेनेत्यायरक्षितः ।

૨૪. (संगो.....इत्थिओ)

સ્ત્રી બીજી બીજી આસક્તિઓને પેદા કરનારી મહાન આસક્તિ છે. ચૂર્ણિકારે સ્ત્રીવિષયક બે શ્લોકો ઉદ્ધૃત કર્યા છે[1]—

एता हसंति च रुदंति च अर्थहेतो-र्विश्वासयंति च परं न च विश्वसंति ।
तस्मान्नरेण कुलशीलसमन्वितेन, नार्यः श्मशानसुमना इव वर्जनीयाः ॥
समुद्रवीचीचपलस्वभावाः, सन्ध्याभ्ररेखा व मुहूर्तरागाः ।
स्त्रियः कृतार्थाः पुरुषं निरर्थकं, निपीडितालक्तकवत् त्यजंती ॥

૨૫. સુકર છે (सुकडं)

ચૂર્ણિકારે 'सुकरं'ને મૂળ પાઠ માની 'सुकडं'ને પાઠાંતર માન્યું છે. બૃહદ્વૃત્તિકારે 'सुकडं'ને મૂળ માનીને 'सुकरं'નો પાઠાંતરના રૂપમાં ઉલ્લેખ કર્યો છે.

'सुकरं'નો અર્થ છે—જે સુખપૂર્વક અથવા સરળતાથી કરી શકાય.

'सुकडं'નો અર્થ છે—સારી રીતે કરેલું.[2] અર્થની પ્રાસંગિકતાની દૃષ્ટિથી અહીં 'सुकरं' પાઠ યોગ્ય લાગે છે.

વર્ણ-વ્યત્યય—'र'ને સ્થાને 'ड'નો પ્રયોગ આગમ સાહિત્યમાં મળે છે. અહીં 'सुकडं'નું સંસ્કૃત રૂપ 'सुकृतं'ની અપેક્ષાએ 'सुकरं' અધિક સંગત લાગે છે.

૨૬. (શ્લોક ૧૭)

આચાર્ય સંભૂતિવિજયના અનેક મેધાવી શિષ્યો હતા. મુનિ સ્થૂલભદ્ર તેમની પાસે રહીને ઘોર તપ કરી રહ્યા હતા. એક વાર સ્થૂલભદ્ર વગેરે ચાર અણગારો આચાર્ય પાસે આવ્યા અને બોલ્યા—અમે અભિગ્રહ કરવા ઈચ્છીએ છીએ. આપ અમને અનુજ્ઞા આપો.

એક મુનિએ કહ્યું—હું સિંહની ગુફામાં ચાતુર્માસ કરવા ઈચ્છું છું. બીજાએ કહ્યું—હું સાપના રાફડા પર. ત્રીજાએ કહ્યું—હું કૂવાના થાળા ઉપર અને સ્થૂલભદ્રે કહ્યું—હું કોશા વેશ્યાના ઘરે. ગુરુએ ચારેને રજા આપી. સિંહ ગુફાવાસી મુનિના તપના તેજથી સિંહ ઉપશાંત થઈ ગયો. સાપના રાફડા પર ઊભેલા મુનિની શાંતિથી દૃષ્ટિવિષ સાપ નિર્વિષ બની ગયો. કૂવાના થાળા પર ઊભેલા મુનિએ એકાગ્રતા સિદ્ધ કરી. વેશ્યાના ઘરે સ્થૂલભદ્ર મુનિને અનુકૂળ પરીષહો સહન કરવા પડ્યા.

ચાતુર્માસ પૂરો થયો. ચારે ગુરુ પાસે આવ્યા. આચાર્યે સિંહ ગુફાવાસી વગેરે ત્રણે મુનિઓની પ્રશંસા કરતા કહ્યું—સ્વાગત છે દુષ્કર કાર્ય કરનારાઓનું. મુનિ સ્થૂલભદ્ર પણ આવ્યા. આચાર્યે ઊભા થઈ સ્વાગત કરતાં કહ્યું—અતિ દુષ્કર છે, અતિ દુષ્કર છે તમારું આચરણ.

ત્રણેએ વિચાર્યું, આચાર્યશ્રી પક્ષપાત કરી રહ્યા છે. સ્થૂલભદ્ર અમાત્યપુત્ર છે, એટલા માટે તેમના માટે આવા ઉદ્ગારો વ્યક્ત કર્યા.

બીજા વર્ષે સિંહ ગુફાવાસી મુનિ દ્વેષથી અભિભૂત થઈ કોશા વેશ્યાને ઘરે ચાતુર્માસ વીતાવવા ગયા. આચાર્યે બહુ અટકાવ્યા, પણ અહંકારને વશ થઈ તેણે માન્યું નહિ. કોશા વેશ્યાએ પોતાના હાવભાવથી તેને મોહિત કરી નાખ્યા. મુનિ તેના સૌંદર્ય પર

---

1. उत्तराध्ययन चूर्णि, पृ० ६५ ।

2. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ६५ ।
(ખ) बृहद्वृत्ति, पत्र १०३ ।

મુગ્ધ થઈ ભોગની યાચના કરવા લાગ્યા. કોશાએ કહ્યું—તેની કિંમત ચુકવવી પડશે. આપ રંક છો. આપ નેપાળ જાઓ. ત્યાંનો રાજા જૈન ધર્મનો શ્રાવક છે. તેની પાસેથી લાખ મૂલ્યવાળી રત્નકંબલ લઈ આવો.

મુનિ પોતાની મર્યાદા અને વેષની શરમ છોડીને ભયંકર જંગલો પાર કરીને નેપાળ પહોંચ્યા. નેપાળનરેશે તેમને રત્નકંબલ આપ્યો. તે પાછા ફરી રહ્યા હતા. ચોરોએ તેમને લૂંટવા વિચાર્યું. પણ જેમ-તેમ કરી ચોરોથી બચી તે કોશા વેશ્યાને ઘરે પહોંચ્યા. રત્નકંબલ ભેટ ધરી નિશ્ચિંત થઈ ગયા. વેશ્યાએ તે કંબલથી પોતાના કીચડથી ખરડાયેલા પગ લૂછીને તેને ખાળમાં ફેંકી દીધો. મુનિએ જોયું અને કહ્યું—અરે અરે ! આ શું કર્યું ? આટલા મૂલ્યવાન કંબલનો આમ નાશ કરી નાખ્યો ! વેશ્યા બોલી—પોતાની તરફ જુઓ. શું તમે પણ તમારા સંયમ-રત્નનો નાશ નથી કર્યો ? મુનિ સમજી ગયા. તેમણે આચાર્ય પાસે આવી પોતાની દુશ્મનાવટની ભાવના માટે પ્રાયશ્ચિત્ત લીધું.

ગુરુએ કહ્યું—

**० वग्घो वा सप्पो वा, सरीरपीडाकरा मुणेयव्वा ।**
**नाणं च दंसणं वा, चरणं व न पच्चला भेत्तुं ॥**

**० भयवं पि थूलभद्दो, तिक्खे चंकम्मिओ न पुण छिन्नो ।**
**अग्गिसिहाए वुच्छो, चाउम्मासे न पुण दड्ढो ॥**

**—एवं दुक्कर-दुक्करकारओ थूलभद्दो ।**[1]

—વાઘ, સાપ વગેરે શરીરને પીડા કરી શકે છે, પરંતુ તેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું ભેદન કરવા સમર્થ નથી થતા. મુનિ સ્થૂલિભદ્ર એવા સ્થાન ઉપર ગયા, પણ સ્ખલિત ન થયા. તેઓ અગ્નિશિખાતુલ્ય ગણિકાના ઘરમાં ચાતુર્માસ માટે રહ્યા, પરંતુ તેઓ તેનાથી દાઝ્યા નહિ, પોતાના કર્તવ્યમાંથી ચ્યુત થયા નહિ.

## ૨૭. સંયમ માટે (लाढे)

શાન્ત્યાચાર્યે આનો અર્થ—'એષણીય-આહાર' અથવા 'મુનિ-ગુણો વડે જીવન-યાપન કરનાર'—કર્યો છે. તેમના મત મુજબ આ પ્રશંસાવાચક દેશી શબ્દ છે.[2] ચૂર્ણિકાર અને નેમિચન્દ્ર પણ સંક્ષેપમાં આ જ અર્થ કરે છે.[3] આ વિશેષણ ચર્યાના પ્રસંગમાં આવ્યું છે અને તેની પહેલાંના ચરણમાં પરીષહોને જીતવાની વાત કહેવામાં આવી છે તથા તેને પ્રશંસાવાચક શબ્દ કહ્યો છે. આ બધાં તથ્યો પર ધ્યાન દેવાથી લાગે છે કે તેનો મૂળ અર્થ 'લાઢ' અથવા 'રાઢ' દેશ છે. ભગવાન મહાવીરે ત્યાં વિહાર કર્યો હતો, ત્યારે ત્યાં અનેક કષ્ટો સહ્યાં હતાં.[4] આગળ જતાં તે શબ્દ કષ્ટ સહન કરનારાઓ માટે પ્રશંસા-સૂચક બની ગયો. પ્રસ્તુત આગમમાં ૧૫ા૨માં લાઢનો અર્થ—સત્ અનુષ્ઠાન વડે પ્રધાન—એવો કરવામાં આવ્યો છે.[5]

## ૨૮. નિગમમાં (निगमे)

ચૂર્ણિકાર અનુસાર 'નિગમ'નો અર્થ છે—તે સ્થાન જ્યાં વિવિધ પ્રકારની કારીગરી અને શિલ્પ જાણનારી જાતિઓ નિવાસ કરતી હોય.[6]

---

૧. सुखबोधा, पत्र ३१ ।
२. बृहद्वृत्ति, पत्र १०७ : 'लाढे' त्ति लाढयति प्रासुकैषणीयाहारेण साधुगुणैर्वाऽऽत्मानं यापयतीति लाढः, प्रशंसाभिधायि वा देशीपदमेतत् ।
૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ६६, लाढे इति फासुएण उग्गमादिशुद्धेण लाढेति, साधुगुणेहिं वा लाढय इति ।
(ખ) सुखबोधा, पत्र ३१ : लाढयति—आत्मानं प्रासुकैषणीयाहारेण यापयतीति लाढः ।
४. आवश्यक निर्युक्ति, गाथा ४८२ : लाढेसु अ उवसग्गा, घोरा ....। ततो भगवान् लाढासु जनपदे गतः तत्र घोरा उपसर्गा अभवन् ।
५. बृहद्वृत्ति, पत्र ४१४ : 'लाढे' त्ति सदनुष्ठानतया प्रधानः ।
६. उत्तराध्ययन चूर्णि, पृ० ६६ : नयन्तीति निगमास्त एव नगमाः, नानाकर्मशिल्पजातयः इत्यर्थः ।

બૃહદ્‌વૃત્તિકાર અને નેમિચન્દ્રાચાર્ય અનુસાર નિગમ તે સ્થાન છે જ્યાં વેપારી વર્ગ રહે છે.[1]

**૨૯. એકલો (एग एव)**

ચૂર્ણિકારે અને શાન્ત્યાચાર્યે આના બે અર્થ કર્યા છે—રાગદ્વેષરહિત અથવા એકાકી. ચૂર્ણિકારે 'એકાકી' તેને માન્યો છે જે અપ્રતિબદ્ધતાને કારણે જનતાની વચ્ચે (ગણમાં) રહેતો હોવા છતાં પણ 'એકલો' રહે. 'गण में रहूं निरदाव अकेलो'—આનો જ પ્રતિધ્વનિ છે. બીજા અર્થની પુષ્ટિ માટે શાન્ત્યાચાર્ય આ જ આગમના ૩૨મા અધ્યયનનો પાંચમો શ્લોક ઉદ્ધૃત કરે છે.[2] નેમિચન્દ્રે માત્ર પ્રથમ અર્થ જ સ્વીકાર્યો છે.[3]

આ અધ્યયનના વીસમા શ્લોકના બીજા ચરણમાં 'एगओ' શબ્દ આવ્યો છે. શાન્ત્યાચાર્યે તેના બે અર્થ આપ્યા છે—

(૧) एकग—પ્રતિમાનું આચરણ કરવા માટે એકલો જનાર.

(૨) एक—અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ માટે અનુકૂળ પ્રવૃત્તિ કરનાર.[4]

પરંતુ તેનો પ્રકરણગત અર્થ एकक—એકલો ઉપયુક્ત છે.

**૩૦. મુનિ એક સ્થાન પર આશ્રમ બનાવીને ન બેસે (असमाणो)**

'असमाणो'નું સંસ્કૃત રૂપ છે—असन्. ચૂર્ણિકારે આના ત્રણ અર્થ કર્યા છે[5]—

(૧) असन्(असन्निहित)—જેની પાસે કંઈ પણ નથી.

(૨) असदृश—જે ગૃહસ્થની સમાન નથી.

(૩) अतुल्यविहारी—જેનો વિહાર અન્યતીર્થિકોથી જુદો છે.

બૃહદ્‌વૃત્તિ અનુસાર આના અર્થ આ પ્રમાણે છે[6]—

ભિક્ષુ અસમાન હોય છે. તે કોઈ ઘર કે આશ્રયસ્થાનમાં રહે છે, પણ તેના પ્રતિ મૂર્છિત નથી હોતો. તે ન તો આશ્રયદાતાને વધાવે છે, ન આશ્રયની પ્રશંસા કરે છે કે ન તો આશ્રયસ્થાનની સારસંભાળ રાખે છે. આશ્રયસ્થાનના પડી-ગળી જવા છતાં પણ તેની ફરિયાદ ગૃહસ્વામીને કરતો નથી.

મુનિ અસમાન—અહંકાર રહિત હોય છે.

તે અન્યતીર્થિકોની જેમ નિયત સ્થાનો કે મઠોમાં નિવાસ નથી કરતો. તે અનિયતવિહારી હોય છે. આ દૃષ્ટિથી પણ તે અસમાન હોય છે.

---

૧. (ક) बृहद्वृत्ति, पत्र १०७ : निगमे वा वणिग्निवासे ।
(ખ) सुखबोधा, पत्र ३१, ३२ ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पत्र ६६ : एगो णाम रागद्दोसरहितो, अहवा एगो 'जणमज्झे वि वसंतो ।'
(ખ) बृहद्वृत्ति, पत्र १०७ : 'एक एवे'ति रागद्वेषविरहितः 'चरेत्' अप्रतिबद्धविहारेण विहरेत्, सहायवैकल्यतो वैकस्तथाविध गीतार्थो, यथोक्तम्—
ण या लभिज्जा णिउणं सहायं, गुणाहियं वा गुणतो समं वा ।
एक्कोऽवि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥

૩. सुखबोधा, पत्र ३१ ।

૪. बृहद्वृत्ति, पत्र १०९ : 'एकः' उक्तरूपः स एवैककः, एको वा प्रतिमाप्रतिपत्त्यादौ गच्छतीत्येकगः, एकं वा कर्मसाहित्यविगमतो मोक्षं गच्छति—तत्प्राप्तियोग्यानुष्ठानप्रवृत्तेर्यातीत्येकगः ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ० ६७ : असमान इति असमादि ( नो ) कः, असंनिहित इत्यर्थः.....अहवा असमाण इति नो गृहितुल्यितः.....अथवा असमानः अतुल्यविहारः अन्यतीर्थिकैः ।

૬. बृहद्वृत्ति, पत्र १०७ : न विद्यते समानोऽस्य गृहिण्यश्रयामूर्च्छितत्वेन अन्यतीर्थिकेषु वाऽनियतविहारादिनेत्यसमानः—असदृशो, यद्वा समानः—साहङ्कारो न तथेत्यसमानः, अथवा '( अ )समाणो' त्ति प्राकृतत्वादसन्निवासन्, यत्रास्ते तत्राप्यसंनिहित एवेति हृदयम् ।

ગૃહસ્થો પોતાના સ્થાનની આસક્તિ ધરાવે છે, નિરંતર તેની ચિંતા કરતા રહે છે. ભિક્ષુ અસન્નિહિત હોવાને કારણે આશ્રયસ્થાનની ચિંતાથી મુક્ત હોય છે.

આયારચૂલામાં અનેક સ્થાન પર આ બે શબ્દો વપરાયેલા છે—'समाणे वा असमाणे वा ।'[1]

'वसमाण' શબ્દ અનિયતવાસનો વાચક છે અને 'समाण' શબ્દ નિયતવાસનો.[2]

પ્રસ્તુત આગમમાં પ્રયુક્ત 'असमाण' શબ્દ 'वसमाण'નો વાચક છે, અર્થાત્ અનિયતવાસનો દ્યોતક છે. આયારચૂલાના સંદર્ભમાં 'असन्'—આ મૂળ અર્થ પ્રતીત થાય છે.

**૩૧. ગામ વગેરેની સાથે......પ્રતિબદ્ધ ન થાય (नेव कुज्जा परिग्गहं)**

પરિગ્રહનો અર્થ છે—મમત્વ. આ ચરણ પૂર્વવર્તી શ્લોકના બે અંતિમ ચરણો તથા દશવૈકાલિક સૂત્ર (ચૂલિકા ૨:૮)ના—નું દ્યોતક છે. મુનિ કોઈ ગામ, કુળ, નગર કે દેશ તરફ આસક્તિ ન રાખે, પ્રતિબદ્ધ ન થાય. પ્રતિબદ્ધતાથી સંયમની હાનિ થાય છે. એટલા માટે પ્રસ્તુત શ્લોકના આગળના બે ચરણોમાં કહેવામાં આવ્યું છે કે મુનિ ગૃહસ્થોથી અસંબદ્ધ રહે અને અનિકેત થઈને વિચરણ કરે.

આ શ્લોક પૂર્વવર્તી શ્લોકનો પૂરક છે.

**૩૨. ચર્યા પરીષહ**

કોલ્લકર નામનું નગર હતું. ત્યાં બહુશ્રુત સ્થવિર આચાર્ય સંગમ પોતાના અનેક સાધુઓ સાથે નિવાસ કરી રહ્યા હતા. તેઓ ત્યાં સ્થિરવાસી હતા. તેઓ બધા નિરંતર પોતાની ચર્યામાં પૂરેપૂરા જાગરુક હતા અને આગમો અનુસાર ચર્યાનું પાલન કરતા હતા. એકવાર તેમનો શિષ્ય દત્ત લાંબા ગાળા પછી ત્યાં આવ્યો અને પોતાના સ્થિરવાસી આચાર્યને જોઈ તેણે વિચાર્યું, 'અરે ! આ તો 'નિયતવાસી' બની ગયા છે. મારે અહીં ન ઊતરવું જોઈએ.' તે બીજી જગ્યાએ ઊતર્યો. આચાર્ય ભિક્ષા વેળાએ ઊંચ-નીચ કુળમાં ગોચરી કરવા ગયા. તે પણ તેમની સાથે થઈ ગયો. કાળદોષના કારણે તે દિવસે આચાર્યને લૂખું-સૂકું ભોજન મળ્યું. આચાર્ય નિસ્સંગભાવથી આહાર લેતા અનેક ઘરોમાં ફરતા રહ્યા. શિષ્ય આકુળ-વ્યાકુળ થઈ ગયો. તે આડું-અવળું બોલવા લાગ્યો. આચાર્ય તેને શાંત કરવા માટે એક ધનવાનના ઘરે ગયા. ત્યાં ગૃહિણી રેવતી પોતાના બાળકને તેડીને ઊભી હતી. તે બાળક છ માસથી રોતું હતું. એક પળ માટે પણ રુદન રોકાતું ન હતું. આચાર્ય અંદર ગયા. રડતા બાળકની સામે ચપટી વગાડી અને તેણે રડવાનું બંધ કરી દીધું. કુટુંબીજનો રાજી થયા. તેમણે તેઓને પરમ અન્નથી પ્રતિલાભિત કર્યા. શિષ્ય પ્રસન્ન થઈ પોતાના નિવાસસ્થાને પાછો ફર્યો. આચાર્ય નાના-મોટા ઘરેથી ભિક્ષા લઈ સ્થાન પર આવ્યા. સૌએ ભોજન કર્યું. સાંજે પ્રતિક્રમણ સમયે આચાર્યે તેને કહ્યું—કરેલાની આલોચના કર. તેણે કહ્યું—હું તો આપની સાથે જ ફર્યો હતો. આપ આલોચના કરો. આપે અમુક ઘરમાંથી ધાતૃપિંડ લીધું છે. તે અકલ્પ્ય છે. આચાર્ય બોલ્યા—બીજાના અત્યન્ત બારીક છિદ્રો પણ તું જોઈ લે છે. તે બોલ્યો—ખોટી વાત. કહ્યું છે—મનુષ્યની પાસે પોતાના દોષો જોવા માટે એક આંખ પણ નથી, પરંતુ પારકાના દોષો જોવા માટે તે સહસ્રાક્ષ બની જાય છે—

> 'एक्कं पि नत्थि लोयस्स लोयणं जेण नियइ नियदोसे ।
> परदोसपेच्छणे पुण, लोयणलक्खाइं जायंति ॥

શિષ્ય આચાર્યને છોડીને બીજા કમરામાં ચાલ્યો ગયો. રાતનો સમય હતો. ભયંકર તોફાન આવ્યું. સઘન અંધકાર હતો. તે ભયભીત થયો. તેણે આચાર્યને પોકાર્યા. આચાર્યે કહ્યું—અહીં આવી જા. તે બોલ્યો—કેવી રીતે આવું ? હાથવેંત પણ જોઈ શકાતું નથી. સર્વત્ર સૂચીભેદ્ય અંધકાર વ્યાપી રહ્યો છે. આચાર્ય લબ્ધિસંપન્ન હતા. તેઓએ પોતાની આંગળી આગળ ધરી. તે

---

૧. आयारचूला, १ । ४६, १२२, १३८ વગેરે.

૨. आचारांगवृत्ति, पत्र ३३५ : समानाः इति जंघाबल-परिक्षीणतयैकस्मिन्नेव क्षेत्रे तिष्ठन्तः, तथा वसमाना मासकल्पविहारिणः ।

પ્રજ્વલિત થઈ પ્રકાશ પાથરવા લાગી. શિષ્યે વિચાર્યું—આ કેવા ગુરુ ? પોતાની પાસે દીવો પણ રાખે છે. તે વળી વધુ રોષે ભરાયો. કેટલોક સમય ગયો. તેની વિવેકચેતના જાગી. તેને પોતાની દુષ્ટતાનું ભાન થયું. ઉપદ્રવ પૂરો થયો. તે તત્કાળ ગુરુચરણોમાં પડી વારંવાર ક્ષમાયાચના કરવા લાગ્યો. તેણે કહ્યું—આપ જ મારા તારક છો. હવે પછી હું આવું આચરણ નહીં કરું. આચાર્યે તેને આશ્વાસન આપ્યું. શિષ્યને ગ્રંથકારના વચનોની યાદ આવી. તે ગણગણવા લાગ્યો—

**निम्ममा निरंहकारा, उज्जुत्ता संजमे तवे चरणे ।**

**एगक्खेत्ते वि ठिया, खवंति पोराणयं कम्मं ॥**

જે મુનિ મમત્વ અને અહંકારથી શૂન્ય હોય છે, જે સંયમ, તપ અને ચારિત્રમાં જાગરૂક રહે છે, તેઓ નિયતવાસી હોય તો પણ, એક ક્ષેત્રમાં રહેતા હોય તો પણ, પોતાના કર્મોનો ક્ષય કરે છે.[1]

નિગમન—આચાર્ય સંગમે ચર્યા પરીષહ સમભાવપૂર્વક સહ્યો.

### ૩૩. ચપળતા ત્યજી દેતો (अकुक्कुओ)

બૃહદ્‌વૃત્તિકારે આનાં બે સંસ્કૃત રૂપ આપ્યાં છે—(૧) अकुक्कुचः અને (૨) अकुत्कुचः.

તેમનો ક્રમશઃ અર્થ છે—

(૧) અશિષ્ટ ચેષ્ટાઓ રહિત.

(૨) હાથ-પગ અનુચિત રીતે ન હલાવનાર.[2]

### ૩૪. સ્મશાન... અથવા વૃક્ષતળે (सुसाणे.....रुक्खमूले)

મુનિએ કેવા પ્રકારના સ્થાનમાં રહેવું જોઈએ તેનો વિચાર કેટલાક અધ્યયનોમાં કરવામાં આવ્યો છે. જુઓ—૧૫।૪; ૧૬।સૂ.૩ શ્લો.૧;૩૨।૧૨, ૧૩, ૧૬; ૩૫।૪-૯. સ્મશાન, શૂન્ય-ગૃહ અને વૃક્ષમૂળ આ બધાં એકાન્તસ્થાનોના ઉદાહરણ માત્ર છે. સ્મશાન અને વૃક્ષ-મૂળમાં મોટાભાગે વિશિષ્ટ સાધના કરનારા મુનિઓ જ રહે છે.[3]

'सुसाण'—આ સ્મશાનનો અર્થ આપતો આર્ષ-પ્રયોગ છે.

કેટલાક બૌદ્ધ ભિક્ષુઓ પણ સ્મશાનમાં રહેવાનું વ્રત રાખતા હતા. તેમનું આ વ્રત 'श्मशानिकांग' કહેવાય છે. આ જ અગિયારમુ 'धुतांग' છે.[4]

કેટલાક બૌદ્ધ ભિક્ષુઓ વૃક્ષો નીચે પણ રહેતા હતા. તેઓ છાપરાવાળા ઘરોમાં રહેતા નહિ. તેમનું આ વ્રત 'वृक्षमूलिकांग' કહેવાય છે. આ જ નવમુ 'धुतांग' છે.[5]

### ૩૫. બીજાઓને ત્રાસ ન આપે (न य वित्तासए परं)

મુનિની સાધના વિવિધ પ્રકારની હોય છે. ક્યારેક-ક્યારેક તે સ્મશાન-પ્રતિમાની વિશિષ્ટ સાધના સ્વીકારીને સ્મશાનમાં રાત્રિ-નિવાસ કરે છે. તે સમયે ત્યાં વિવિધ પ્રકારના ભયોત્પાદક ઉપસર્ગો થાય છે. મુનિએ તેનાથી ભયભીત ન થવું જોઈએ. તે આગમના આ વચનનું સ્મરણ કરે—'पडिमं पडिवज्जिया मसाणे, णो भायए भयभेरवाइं दिस्स ।' સાથોસાથ તે ત્યાં સાધનારત બીજા બીજા સાધકોને પણ ડરાવે નહિ. એવા અવાજો ન કરે કે બીજા ડરી જાય અથવા એવા હાવભાવ ન કરે કે જેથી ત્યાં ભયનું વાતાવરણ ઊભું થઈ જાય.[6]

---

૧. सुखबोधा, पत्र ३२ ।

૨. बृहद्वृत्ति, पत्र १२६ : अकुक्कुचः—अशिष्टचेष्टारहितः ।.... यद्वा अकुक्कुए त्ति अकुत्कुचः....कुत्सितं हस्तपादादिभिरस्पन्दमानो... ।

૩. दशवैकालिक, १०।१२ ।

૪. विशुद्धि मार्ग, पृ० ६० ।

૫. એજન, પૃ०, ६० ।

૬. बृहद्वृत्ति, पत्र १०९ ।

૩૬. (શ્લોક ૨૦, ૨૧)

આ બે શ્લોક નિષદ્યા પરીષહ સંબંધી છે. ચૂર્ણિકારે 'णिसीहिया' અને 'ठाणं'ને એકાર્થક માન્યા છે અને તેનો અર્થ निषीदन—બેસવું એવો કર્યો છે.[1] વૃત્તિમાં આનો અર્થ સ્મશાન વગેરે સ્વાધ્યાયભૂમિ કરવામાં આવ્યો છે.[2] પ્રાચીનકાળમાં મુનિઓ સ્વાધ્યાય માટે એકાંત સ્થાનમાં જતા હતા. તેને નિષીધિકા અથવા નિષદ્યા કહેતા.

ખારવેલના શિલાલેખમાં 'काय निसीदिका' અને 'अर्हत् निसीदिका' પાઠ મળે છે.

આ રીતે 'निसीदिया' અને 'निसीहिया'—આ બે જાતના પાઠ મળે છે. તેમાં ખારવેલના શિલાલેખનો પાઠ ઘણો પ્રાચીન છે. પ્રાચીન લિપિમાં 'द' અને 'ह' અક્ષરોનો વળાંક ઘણોબધો મળતો હતો. આના આધારે અનુમાન કરવામાં આવે છે કે 'निसीदिया'ના 'द'નું 'ह'કારમાં પરિવર્તન થઈ ગયું અને 'निसीहिया' પાઠ પ્રચલિત બન્યો.

'निसीदिया'નો અર્થ છે—નિષદ્યા. આ સ્વાભાવિક પ્રયોગ છે. 'निसीहिया'નો અર્થ નિષીધિકા, નૈષેધિકી અથવા નિશીથિકા કરવામાં આવે છે. આ અર્થ મૌલિક પ્રતીત નથી થતો.

નિષદ્યાનો અર્થ છે—નિર્વાણભૂમિ, સ્વાધ્યાયભૂમિ અથવા સમાધિસ્થળ.

નિષદ્યા પરીષહ

હસ્તિનાપુર નગર. કુરુદત્ત નામનો શ્રેષ્ઠિપુત્ર. તેણે એક આચાર્ય પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. આચાર્ય બહુશ્રુત હતા. તેમણે તેની યોગ્યતાની કસોટી કરી તેને અનેક આગમોની વાચના આપી. તે વિનયપ્રતિપત્તિ વડે જ્ઞાનાર્જન કરી થોડાંજ વર્ષોમાં બહુશ્રુત મુનિ બની ગયો. આચાર્યની અનુજ્ઞા મેળવી તે એકવાર એકલવિહાર પ્રતિમાની પ્રતિજ્ઞા લઈને સાકેત નગર જવા નીકળ્યો. નગરની નજીક આવતા આવતા દિવસનો અંતિમ પ્રહર—ચોથા પ્રહરનો સમય આવી ગયો. તેણે ત્યાં જ પગને ચાલતાં અટકાવી દીધા. તે સ્થાન હતું નગરનું સ્મશાન. આમતેમ શબો સળગી રહ્યા હતા. તે ત્યાં જ કાયોત્સર્ગમાં ઊભો રહી ગયો.

નજીકના એક ગામમાંથી કેટલાક ચોર ગાયો ચોરીને તે રસ્તે નીકળ્યા. ચોરની પાછળ તેમને પકડવા કેટલાક લોકો આવી રહ્યા હતા. જ્યાં મુનિ કાયોત્સર્ગમાં ઊભા હતા, ત્યાંથી બે માર્ગો બે ગામો તરફ જઈ રહ્યા હતા. પેલા ચોરને શોધવા નીકળેલા લોકો ત્યાં અટક્યા. મુનિને પૂછ્યું કે ચોર કઈ તરફ ગયા ? મુનિ મૌન હતા. પેલા લોકોએ વારંવાર પૂછ્યું. મુનિએ મૌનનો ભંગ ન કર્યો. પેલા લોકો કોપાયમાન થયા અને તેમણે મુનિના મસ્તક ઉપર માટીની પાળી બાંધી તેમાં સળગતા અંગારા ભરી દીધા, પછી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

મુનિને અસહ્ય વિકરાળ વેદના થઈ રહી હતી. પરંતુ તેઓએ સમતાના અથાગ સાગરમાં ડૂબકી મારી. તેઓ ગણગણવા લાગ્યા—

**सह कलेवर ! खेदमचिन्तयन्, स्ववशता हि पुनस्तव दुर्लभा ।**
**बहुतरं च सहिष्यसि जीव हे !, परवशो न च तत्र गुणोऽस्ति ते ॥**

'શરીર ! આ વિપુલ કષ્ટને તું એમ સમજીને સમભાવથી સહન કરી લે કે કષ્ટ સહન કરવાની આવી સ્વતંત્રતા બીજે મળવી મુશ્કેલ છે. મનુષ્યજીવન સિવાય આવી સ્વવશતા ફરી મળવી મુશ્કેલ છે. પરવશતામાં તેં અનેક ભયંકર કષ્ટો સહન કર્યાં છે. એ તારી કોઈ વિશેષતા નથી. વિશેષતા ત્યારે કહેવાય જ્યારે સ્વવશતામાં પણ ભયંકર કષ્ટો સમભાવથી સહન કરવામાં આવે.'

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ६७ : णिसीहयत्ति वा ठाणंति वा एगट्ठं, तं तु तस्स साधोः कुत्र स्थाने स्यात् ? णिसीहियमित्यर्थः । निषद्येति यावत् ।

૨. (ક) बृहद्वृत्ति, पत्र ८३ : श्मशानादिका स्वाध्यायादिभूमिः

(ખ) सुखबोधा, पत्र १७ : नैषेधिकी—स्मशानादिका स्वाध्यायभूमिः ।

મુનિના પરિણામોની શ્રેણી વિશુદ્ધતમ બનતી ગઈ અને તેઓ બધા કષ્ટોથી સદાકાળ માટે મુક્ત બની ગયા.[1]

**૩૭. ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ ઉપાશ્રય મેળવતાં (उच्चावयाहिं सेज्जाहिं)**

ઉચ્ચ અને અવચ્ચ—આ બે શબ્દો છે. ઉચ્ચનો અર્થ છે—તેવા બેમાળી મકાન કે જે લીંપ્યા-ગુંપ્યા હોય અથવા જે ઠંડી-ગરમી વગેરેનું નિવારણ કરવામાં સક્ષમ હોય, બધી ઋતુઓમાં સુખદાયી હોય.

અવચનો અર્થ છે—જમીનને અડેલા મકાન, ખંડેર અથવા જે ઠંડી-ગરમીથી રક્ષા કરવા માટે સક્ષમ ન હોય.[2]

શય્યાનો અર્થ છે—નિવાસસ્થાન, ગૃહ.

**૩૮. મર્યાદાનું અતિક્રમણ ન કરે (नाइवेलं विहन्नेज्जा)**

વેલા શબ્દના બે અર્થ છે—સમય અને મર્યાદા.

'हन्' ધાતુના બે અર્થ છે—હિંસા અને ગતિ. અહીં તે ગતિ અર્થમાં પ્રયોજાયેલ છે.

'नाइवेलं विहन्नेज्जा' પદના બે અર્થ છે—

(૧) મુનિ ઠંડી, ગરમી વગેરેથી પ્રતાડિત થઈ સ્વાધ્યાયભૂમિનું અતિક્રમણ ન કરે, તેને છોડીને બીજી જગ્યાએ ન જાય.

(૨) મુનિ ઉચ્ચ કે હલકું સ્થાન મળવાને કારણે પોતાની મર્યાદા અર્થાત્ સમભાવ ન છોડે.

તે સારું સ્થાન મેળવીને એમ ન વિચારે કે હું કેટલો નસીબદાર છું કે મને બધી ઋતુઓમાં સુખદાયી એવું આ સ્થાન મળ્યું. ખરાબ સ્થાન મળતાં તે એમ ન વિચારે કે હું કેટલો કમનસીબ છું કે મને ઠંડી વગેરેથી બચાવનારું રહેઠાણ પણ મળતું નથી. આ રીતે મુનિ હર્ષ અને વિષાદથી ગ્રસ્ત ન બને.[3]

આયારચૂલામાં 'સ્થાન યા શય્યાવિધિ'નો નિર્દેશ કરતાં સૂત્રકાર કહે છે—મુનિને ક્યારેક સમસ્થાન તો ક્યારેક વિષમ સ્થાન, ક્યારેક હવાવાળું સ્થાન તો ક્યારેક હવારહિત સ્થાન, ક્યારેક ગંદુ તો ક્યારેક સફાઈદાર, ક્યારેક ડાંસ-મશકથી ઘેરાયેલું તો ક્યારેક તેમનાથી રહિત, ક્યારેક ખંડેર તો ક્યારેક આખું, ક્યારેક બાધાઓથી ભરેલું તો ક્યારેક નિર્બાધ સ્થાન મળે છે. મુનિ તેમાં સમભાવ રાખે, રાગ-દ્વેષ ન કરે.[4]

**૩૯. પ્રતિરિક્ત (એકાન્ત) ઉપાશ્રય (पइरिक्कुवस्सयं)**

'पइरिक्क' દેશી શબ્દ છે. તેના એકાંત, શૂન્ય, વિશાળ વગેરે અનેક અર્થો છે.[5] સંસ્કૃતમાં પણ 'प्रतिरिक्त' શબ્દ આ અર્થોમાં વપરાયેલ છે.

ચૂર્ણિકારે તેના અનેક અર્થો આપ્યા છે—પુણ્ય—સુંદર અથવા પૂર્ણ, અવ્યાબાધ, નવ-નિર્માપિત, ઋતુક્ષમ—બધી ઋતુઓમાં સુખપ્રદ, જે હજી સુધી કાર્પટિક વગેરે ભિક્ષુઓએ ભોગવેલું ન હોય તેવું સ્થાન.[6]

બૃહદ્વૃત્તિમાં તેના બે અર્થ મળે છે[7]—

---

૧. सुखबोधा, पत्र ३३ ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ६८ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ११० ।

૩. बृहद्वृत्ति, पत्र ११० ।

૪. आयारचूला, ८।३० ।

૫. જુઓ—देशी शब्दकोश ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ० ६९ : पयरेको णाम पुण्णो, अव्वाबाहो असु( ब्भु )ण्णवो वा, ण किंचि वि तत्थ ठविया जं निमित्तं तत्थागमिस्संति, अयं ऋतुखमितो, ण कप्पडियादीहिं य उवभुज्जति ।

૭. बृहद्वृत्ति, पत्र ११० : पइरिक्कं स्त्र्यादिविरहितत्वेन विविक्तं, अव्याबाधं वा ।

(૧) સ્ત્રી વગેરેથી રહિત હોવાને કારણે એકાંત.

(૨) અવ્યાબાધ.

૪૦. એક રાતમાં શું થઈ જવાનું છે (**किमेगरायं करिस्सइ**)

અહીં એક રાત્રિનો પ્રયોગ વિશેષ સાધનારત મુનિઓ માટે છે. એકલવિહારની પ્રતિમા અથવા અન્ય પ્રતિમાઓ ધારણ કરીને વિચરણ કરનારા મુનિઓ ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાત રહી શકે છે. સ્થવિરકલ્પી મુનિ નવકોટિ વિહારપૂર્વક વિચરણ કરે છે. એટલા માટે તેમના માટે આ નિયમ નથી.[1]

**૪૧. શય્યા-વસતિ પરીષહ**

કૌશાંબી નગરીના વિદ્વાન વિપ્ર યજ્ઞદત્તને બે પુત્રો હતા. તેમનાં નામ હતાં—સોમદત્ત અને સોમદેવ. તેઓ વેદોના પારંગત વિદ્વાન બની ગયા. અકસ્માત કોઈ નિમિત્ત મળ્યું અને તે બંને સંસારથી વિરક્ત થઈને સોમભૂતિ અણગાર પાસે દીક્ષિત બન્યા. બંનેએ જ્ઞાનાર્જન માટે શ્રમ કર્યો અને થોડા જ સમયમાં તેઓ બહુશ્રુત બની ગયા. એકવાર તેઓ એક પલ્લીમાં આવી પહોંચ્યા. ત્યાંના લોકો મદિરાપાન કરતા હતા. તેમણે કોઈ પીણામાં મદિરાનું મિશ્રણ કરી બંને મુનિઓને તે પીણું આપ્યું. મુનિઓ તેમાં રહેલી મદિરાથી અજાણ હતા. તેમણે તે પીણું પીધું અને થોડાજ વખતમાં તેઓ ઉન્મત્ત બની ગયા. તેમણે વિચાર્યું—આપણે સારું ન કર્યું. આપણાથી આ પ્રમાદ થઈ ગયો. ભલે, આપણે અનશન-વ્રત લઈ લઈએ. તેઓ બંને નજીકની એક નદી પાસે ગયા અને ત્યાં પડેલાં બે લાકડાનાં પાટિયા પર પાદપોપગમન અનશન સ્વીકારીને પડ્યા રહ્યા. બે-ચાર દિવસ વીતી ગયા. અકાળે વરસાદ આવ્યો અને નદીમાં પૂર આવ્યું. તે પૂરમાં બંને ભાઈઓ તણાયા. સમુદ્રમાં જઈ પડ્યા. મોજાઓના તીવ્ર સપાટાથી તેઓ હત-વિહત થયા. જળચર જીવો તેમને કરડી ગયા. બંને ભાઈઓ બધી પીડાને સમતાપૂર્વક સહીને પંડિતમરણ પામ્યા.[2]

૪૨. **પ્રતિક્રોધ (पडिसंजले)**

'**पडिसंजले**'નું તાત્પર્ય છે—કોઈ ક્રોધને વશ થઈ ગાળ દે, ક્રોધથી સળગી ઊઠે, તો પણ મુનિ પ્રતિશોધની ભાવનાથી પ્રેરિત થઈ તેના પ્રતિ ક્રોધ ન કરે, ક્રોધાગ્નિમાં સળગે નહિ. આંખો લાલ-પીળી કરી, આખા શરીરમાં દાહ પેદા કરી, ગાળનો જવાબ પ્રચંડ ગાળથી આપવો, અગ્નિની માફક પ્રજ્વલિત થવા જેવું છે. મુનિ તેના પ્રત્યે પણ સંજ્વલન-ક્રોધ—અત્યધિક હળવો ક્રોધ પણ ન કરે, શાંત રહે.[3]

આચાર્ય નેમિચન્દ્રે અહીં એક સુંદર શ્લોક પ્રસ્તુત કર્યો છે[4]—

**आक्रुष्टेन मतिमता, तत्त्वार्थालोचने मतिः कार्या ।**
**यदि सत्यं कः कोपः, स्यादनृतं किं नु कोपेन ?॥**

૪૩. (**सरिसो होइ बालाणं**)

આ ચરણનું તાત્પર્ય એ છે કે જે મુનિ ગાળનો જવાબ ગાળથી આપે છે તે અજ્ઞાનીની જેવો જ થઈ જાય છે. અહીં એક ઘણું સુંદર ઉદાહરણ છે—

---

૧. (ક) **उत्तराध्ययन चूर्णि, पृ० ६९ : सो हि एगल्लविहारी गामे एग रातीए नगरे पंचरातीए ।**
(ખ) **बृहद्वृत्ति, पत्र ११०-१११ : प्रतिमाकल्पिकापेक्षं चैकरात्रमिति, स्थवीरकल्पिकापेक्षया तु कतिपया रात्रयः ।**

૨. **सुखबोधा, पत्र ३५ ।**

૩. **बृहद्वृत्ति, पत्र १११-११२ ।**

૪. **सुखबोधा, पत्र ३४ ।**

'એક ક્ષપક મુનિ હતા. દેવ તેમની સેવા કરતો હતો. ક્ષપક જે કંઈ કહેતા દેવ તે મુજબ કરતો હતો. એકવાર મુનિને એક હલકી જાતિની વ્યક્તિ સાથે ઝઘડો થઈ ગયો. તે હૃષ્ટ-પુષ્ટ હતો. તેણે મુનિને પછાડી દીધા. રાતે દેવ વંદન કરવા આવ્યો. મુનિ મૌન રહ્યા. દેવ બોલ્યો–'શું મારો કંઈ અપરાધ થયો છે ?' મુનિએ કહ્યું–'તેં પેલા દુષ્ટ માણસને ઠપકો પણ ન આપ્યો.' દેવ બોલ્યો–'ગુરુદેવ ! હું ત્યાં આવ્યો તો હતો પણ મને ખબર ન પડી કે દુષ્ટ માણસ કોણ હતો અને શ્રમણ કોણ હતા ? બંને એક જેવા જ લાગતા હતા.'

૪૪. (શ્લોક ૨૫)

પ્રસ્તુત શ્લોકમાં ત્રણ વિશેષણો મળે છે–પરુષ, દારુણ અને ગ્રામકંટક.

০ **પરુષ**–તે ભાષા જે સ્નેહરહિત, અનૌપચારિક અને કર્કશ હોય.[1]

০ **દારુણ**–તે ભાષા જે મનને વીંધે, કમજોર સાધકોની સંયમ-ધૃતિને તોડી નાખે.[2]

০ **ગ્રામકંટક**–અહીં ગ્રામ શબ્દ ઈન્દ્રિય-ગ્રામ (ઈન્દ્રિય-સમૂહ)ના અર્થમાં વપરાયો છે. ગ્રામકંટક અર્થાત્ કાનમાં કાંટાની માફક ભોંકાનાર ઈન્દ્રિયોના વિષયો, પ્રતિકૂળ શબ્દો વગેરે. તે કાંટા એટલા માટે છે કે તે દુઃખ ઉત્પન્ન કરે છે અને મોક્ષ-માર્ગમાં પ્રવૃત્ત સાધકો માટે વિઘ્નકર્તા બને છે.[3]

મૂલારાધનામાં 'गामवचीकंटगेहिं'નો પ્રયોગ છે.[4] તેનો અર્થ છે–ગ્રામ્ય લોકોના વચનરૂપી કાંટા વડે. પ્રસ્તુત શ્લોકમાં 'गामकण्टए'નો પ્રયોગ છે. અહીં મધ્યમપદ 'वची'નો લોપ માની લઈએ તો તેનો અનુવાદ 'ગ્રામ્ય લોકોની કાંટાની માફક ભોંકાનારી ભાષા'–કરી શકાય.

૪૫. આક્રોશ પરીષહ

રાજગૃહ નગર. મુદ્ગરપાણિ યક્ષનું આયતન. યક્ષનો પરમ ભક્ત અર્જુન માળી. સ્કન્દશ્રી તેની પત્ની. બંનેનો ઈષ્ટદેવ હતો મુદ્ગરપાણિ યક્ષ. એકવાર છ યુવકોએ સ્કન્દશ્રી પર આક્રમણ કર્યું. અર્જુન માળીએ જોયું. મુદ્ગરપાણિ યક્ષ માળીના શરીરમાં દાખલ થયો. માળીએ છએ વ્યક્તિઓ તથા પોતાની પત્નીને મુદ્ગરથી મારી નાખી. આ પછી તે પ્રતિદિન સાત વ્યક્તિઓ (છ પુરુષ અને એક સ્ત્રી)ની હત્યા કરવા લાગ્યો.

કેટલોક સમય વીત્યો. ભગવાન મહાવીર જનપદ-વિહાર કરતા કરતા તે સ્થાને આવ્યા. રાજગૃહના બાહ્ય ઉદ્યાનમાં રોકાયા. ચારે તરફ અર્જુન માળીનો ભય ફેલાઈ ગયો હતો. કોઈ પણ માણસ ભગવાનનાં દર્શન કરવા જવા માટે પણ તૈયાર ન હતો. શ્રેષ્ઠિપુત્ર સુદર્શન 'जं होइ तं होइ(જે થવું હોય તે થાઓ)' એમ મનમાં વિચારી ભગવાનનાં દર્શન માટે નીકળ્યો. અર્જુનને સામે આવતો જોઈ, સુદર્શન મનમાં ને મનમાં જ બોલ્યો–'મને અરહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણ હો, મહાવીર મારી ગતિ હો. આ વેળાએ જો મારા આ દેહથી કોઈ પ્રમાદ થાય (મારું મરણ થાય) તો હું આહાર, ઉપધિ અને કાયાનું ત્રણ

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ० ७० फरुसा निःस्नेहा अनुपचारा श्रमणको निल्लज्जा इत्यादि ।

૨. (ક) उत्तराध्ययन चूर्णिः पृ० ७० : मणं दारयतीति दारुणा ।
(ખ) बृहद्वृत्ति, पत्र ११२ : दारयन्ति मन्दसत्त्वानां संयम-विषयां धृतिमिति दारुणाः ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ७० : ग्रसत इति ग्रामः–इन्द्रिय-ग्रामः तस्य इन्द्रियग्रामस्य कंटगा, जहा पंथे गच्छंताणं कंटगा विघ्नाय, तहा सद्दादयोवि इन्द्रियग्रामकंटया मोक्षिणां विघ्नायेति ।
(ખ) बृहद्वृत्ति, पत्र १११ ।
(ગ) જુઓ–दशवैकालिक १०।११નું ટિપ્પણ.

૪. मूलाराधना, आश्वास ४, श्लोक ३०१, मूलाराधनादर्पणवृत्ति, पत्र ५१५ :

दुस्सहपरीसहेहिं य, गामवचीकंटएहिं तिक्खेहिं ।
अभिभूदा वि हु संता, मा धम्मधुरं पमुच्चेह ॥

–गामवचीकंटगेहिं–ग्राम्याणामविविक्तजनानां वचनानि एवं कंटकास्तैराक्रोशवचनैरित्यर्थः ।

કરણ અને ત્રણ યોગથી પ્રત્યાખ્યાન કરું છું.' તે નમસ્કારમંત્રનું પાંચ વાર સ્મરણ કરી કાયોત્સર્ગમાં ઊભો રહી ગયો. એટલામાં જ અર્જુન ત્યાં આવ્યો. પણ તેને અત્યન્ત આશ્ચર્ય થયું કે તે પેલી વ્યક્તિ ઉપર પ્રહાર કરી શકતો ન હતો. તેણે પોતાની બધી તાકાત સુદર્શન પર પ્રહાર કરવા માટે અજમાવી જોઈ. પણ બધું વ્યર્થ. યક્ષ અર્જુનના શરીરમાંથી નીકળી ગયો. અર્જુન ત્યાં જ ભૂમિ પર પડી ગયો. ચૈતન્ય આવતાં જ તે ઊભો થયો અને સુદર્શનને પૂછ્યું—'હું ક્યાં છું ? મેં આવું કેમ કર્યું ? મારી શું સ્થિતિ છે ? હું મારી જાતને ઓળખતો નથી. તમે મને બતાવો.' સુદર્શને બધી વાત કહી. માળીનું મન દોલાયમાન થઈ ઊઠ્યું. તે પણ સુદર્શનની સાથે ભગવાનના સાન્નિધ્યમાં પહોંચ્યો. તેણે પૂછ્યું—ભંતે ! હું હવે ઘોર પાપી છું. મારી શુદ્ધિ કેવી રીતે થઈ શકે ? ભગવાન બોલ્યા—શુદ્ધિનાં બે સાધનો છે—તપસ્યા અને સંયમ. આ સાંભળી માળી ભગવાન પાસે પ્રવ્રજિત થઈ ગયો.

તે ભોજનપાન માટે રાજગૃહ નગરમાં જતો. તેને જોતાં જ લોકોની યાદ તાજી થતી. કોઈ કહેતું—આણે મારા પિતાને, કોઈ કહેતું મારા ભાઈને, કોઈ કહેતું મારી પત્નીને, કોઈ કહેતું મારા પુત્રને આ હત્યારાએ માર્યો છે. તેઓ તેના ઉપર પથરા ફેંકતા. પણ મુનિ અર્જુન તે બધી જ પ્રકારના આક્રોશને સમભાવથી સહી લેતા.

સંયમની વિશુદ્ધ પરિપાલના અને સમતાની આરાધના વડે કર્મોનો ક્ષય કરી તે જ ભવમાં તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.[1]

**૪૬. મનમાં ન લાવે (मणसीकरे)**

ચૂર્ણિકારે આનો અર્થ—માનસિક અસમાધિ—એવો કર્યો છે.[2] પ્રતિકૂળ ભાષા સાંભળીને પણ મુનિ પોતાની માનસિક સમાધિ ન ગુમાવે, માનસિક અસમાધિમાં ન જાય.

વૃત્તિકાર અનુસાર આનો અર્થ છે—કઠોર ભાષા બોલનાર વ્યક્તિ તરફ મનમાં પણ દ્વેષભાવ ન લાવે.[3]

**૪૭. ક્રોધ (संजले)**

ચૂર્ણિકારે સંજ્વલનનો અર્થ રોષોદ્‌ગમ અથવા માનોદય એવો કર્યો છે. તેમણે તેનું લક્ષણ બતાવતાં એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે[4]—

'कंपति रोषादग्निसंधुक्षितवच्च दीप्यतेऽनेन ।
तं प्रत्याक्रोशत्याहंति च मन्येत येन स मतः ॥

—જે ક્રોધથી કંપી ઊઠે છે, અગ્નિની માફક સળગી ઊઠે છે, આક્રોશ સામે આક્રોશ અને હત્યા સામે હત્યા કરે છે, તે સંજ્વલનનું ફળ છે.

બૃહદ્‌વૃત્તિમાં આ શબ્દ વડે એમ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે કે મુનિ માર ખાવા છતાં પણ શરીરથી સંજ્વલિત ન બને—ક્રોધથી કંપી ન ઊઠે અને પોતાને મારનારને મારવાનો પ્રયત્ન પણ ન કરે. તે આક્રોશ સામે આક્રોશ કરી પોતાની જાતને અત્યન્ત કોપાયમાન બનેલી ન દર્શાવે.[5]

**૪૮. પરમ (परमं)**

પ્રાચીન સાહિત્યમાં બે શબ્દો પ્રચલિત છે—પરાવિદ્યા અને અપરાવિદ્યા. પરાવિદ્યાનો અર્થ છે—લોકોત્તર વિદ્યા, અધ્યાત્મ વિદ્યા અને અપરા વિદ્યાનો અર્થ છે—સાંસારિક વિદ્યા, વ્યાવહારિક વિદ્યા.

ઉપનિષદોમાં પરાવિદ્યાની જિજ્ઞાસાના અનેક પ્રસંગો જોવા મળે છે.

---

૧. सुखबोधा, पत्र ३५ ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ० ७० : मन करणं णाम तदुपयोगः मनसोऽसमाधिरित्यर्थः ।

૩. बृहद्वृत्ति, पत्र ११२ : न ता मनसि कुर्यात्, तद् भाषिणि द्वेषाकरणेनेति भावः ।

૪. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७२ ।

૫. बृहद्वृत्ति, पत्र ११४ ।

'પરમ' શબ્દનો અર્થ છે—ઉત્કૃષ્ટ. શાન્ત્યાચાર્યે તિતિક્ષાને ઉત્કૃષ્ટ ધર્મ-સાધન માન્યું છે.[1]

**૪૯. મુનિ-ધર્મ (भिक्खुधम्मं)**

મુનિ-ધર્મ સ્થાનાંગ (૧૦।૭૧૨) તથા સમવાયાંગ (સમવાય ૧૦) અનુસાર દસ પ્રકારનો હોય છે—

(૧) ક્ષાન્તિ
(૨) મુક્તિ—નિર્લોભતા, અનાસક્તિ
(૩) માર્દવ
(૪) આર્જવ
(૫) લાઘવ
(૬) સત્ય
(૭) સંયમ
(૮) તપ
(૯) ત્યાગ—પોતાના સાંભોગિક સાધુઓને આહારદાન
(૧૦) બ્રહ્મચર્ય

**શ્લોક ૨૭**

**૫૦. શ્રમણને (समणं)**

ચૂર્ણિકારે આનો અર્થ 'સમાન મનવાળો' કર્યો છે.[2] શાન્ત્યાચાર્યે આ અર્થની સાથે-સાથે શ્રમણ અર્થ પણ કર્યો છે.[3] નેમિચન્દ્રે તપસ્વી અર્થ કર્યો છે.[4] સંસ્કૃતમાં આ શબ્દનાં બે રૂપ થઈ શકે છે—श्रमणम् અને समणम्. વિસ્તાર માટે જુઓ—દસવેઆલિયં ૧।૩ના 'समणा' શબ્દનું ટિપ્પણ.

**૫૧. (શ્લોક ૨૬, ૨૭)**

પ્રસ્તુત બે શ્લોકો (૨૬,૨૭)માં આક્રોશ, વધ વગેરે પરીષહો સહન કરવા માટે ત્રણ આધારસૂત્રો મળે છે—

(૧) તિતિક્ષા—મુનિ વિચારે કે સહન કરવાથી મોટું નિર્જરા માટેનું કોઈ સાધન નથી. ક્ષમા પરમ ધર્મ છે. સહન કરનાર જ ક્ષમાશીલ બની શકે છે. એક પ્રાચીન શ્લોક છે—

**'धर्मस्य दया मूलं, न चाक्षमावान् दयां समाधत्ते ।**
**तस्माद् यः क्षान्तिपरः, स साधयत्युत्तमं धर्मम् ॥'**

(૨) મુનિ-ધર્મનું ચિંતન કરે. મુનિ-ધર્મ બે પ્રકારનો છે—પાંચ મહાવ્રતાત્મક અને ક્ષાન્તિ વગેરે દસવિધ ધર્મ. મુનિ એમ વિચારે કે મુનિ-ધર્મનું મૂળ છે ક્ષમા. તે આક્રોશ કરનાર વ્યક્તિ મને નિમિત્ત બનાવીને કર્મોનો સંગ્રહ કરે છે, એટલા માટે પરોક્ષપણે હું જ દોષી છું. આથી મારે તેની ઉપર ક્રોધ કરવો ન જોઈએ.

(૩) આત્માનાં અમરત્વનું ચિંતન—પોતાને મારવામાં આવે ત્યારે મુનિ એમ વિચારે કે જીવ—આત્માનો નાશ નથી થતો. આ ચિંતનનો પૂર્વપક્ષ એવો છે કે જો કોઈ દુર્જન વ્યક્તિ મુનિને ગાળ દે તો મુનિ એમ વિચારે કે—ચાલો ગાળ જ દે છે ને, મારતો તો નથી. મારે ત્યારે વિચારે—ચાલો, મારે જ છે ને, મારી નાખતો તો નથી. મારી નાખે ત્યારે વિચારે—ચાલો, મારી જ નાખે છે ને, ધર્મથી ભ્રષ્ટ તો નથી કરતો—આત્મધર્મનું હનન તો નથી કરતો, કેમકે આત્મા અમર છે, અમૂર્ત છે.

આવી પ્રેક્ષાથી મુનિ પછીના મોટા સંતાપને સામે રાખીને ઓછો સંતાપ પામે છે, તેને લાભ માને છે અને તે રીતે તે મનોવૈજ્ઞાનિક વિજય મેળવે છે.[5]

---

૧. बृहद्वृत्ति, पत्र ११४ : परमां धर्मसाधनं प्रति प्रकर्षवर्ती ।
૨. उत्तराध्ययन चूर्णि, पृ० ७२ : समो सव्वत्थ मणो जस्स भवति स समणो ।
૩. बृहद्वृत्ति, पत्र ११४ : 'समणं'—श्रमणं सममनसं वा—तथाविधवधेऽपि धर्मं प्रति प्रहितचेतसम् ।
૪. सुखबोधा, पत्र ३६ : 'श्रमणं' तपस्विनम् ।
૫. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७२ :
अक्कोस-हणण-मारण-धम्मब्भंसाण बालसुलभाणं ।
लाभं मन्नति धीरो, जहुत्तराणं अभावंमि ॥

૫૨. વધ પરીષહ

સ્કન્દક શ્રાવસ્તી નગરીના જિતશત્રુ રાજાનો રાજકુમાર હતો. તેની માતાનું નામ ધારિણી અને બહેનનું નામ હતું પુરંદરયશા. પુરંદરયશાનો વિવાહ કુંભકાર નગરના દંડકી રાજા સાથે થયો. પાલક દંડકીનો પુરોહિત હતો.

એકવાર શ્રાવસ્તી નગરીમાં મુનિસુવ્રત ભગવાન સમોસર્યા. ધર્મચર્ચા સાંભળવા માટે લોકો ઊમટી પડ્યા. યુવરાજ સ્કંદક પણ ગયો. ધર્મદેશના સાંભળી તેણે શ્રાવકના વ્રતો અંગીકાર કર્યાં.

એકવાર દંડકી રાજાનો પુરોહિત પાલક શ્રાવસ્તી નગરીમાં દૂત બનીને આવ્યો. ભરી સભામાં તે મુનિઓનો અવર્ણવાદ બોલવા લાગ્યો. સ્કંદકે તેને નિરુત્તર કરી દીધો. તે દિવસથી પાલક સ્કંદકનો દ્વેષી બની ગયો.

કેટલોક સમય વીત્યો. સ્કંદક સંસારથી નિર્વિણ્ણ થયો અને તેણે પાંચસો વ્યક્તિઓ સાથે મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. તેણે જ્ઞાનાભ્યાસ કરી બહુશ્રુતપણું પ્રાપ્ત કર્યું. મુનિસુવ્રત સ્વામીએ તેની યોગ્યતા જોઈ, તેનું મૂલ્યાંકન કરી તેને પાંચસો શિષ્યોનો અધિપતિ બનાવી દીધો. એકવાર મુનિ સ્કંદકે આચાર્યને પૂછ્યું—ભંતે ! હું મારી બહેનના ગામ કુંભકાર નગરમાં જવા ઈચ્છું છું. આપ આજ્ઞા આપો. આચાર્ય બોલ્યા—ત્યાં જવાથી મારણાંતિક કષ્ટ સહન કરવાં પડશે. મુનિ સ્કંદકે પૂછ્યું—મૃત્યુ ભલે આવે. પણ શું અમે આરાધક બનીશું કે વિરાધક ? આચાર્ય બોલ્યા—તમને છોડીને બાકીના બધા મુનિ આરાધક બનશે. તેણે કહ્યું—ભલે, કોઈ વાંધો નહિ. પાંચસોમાંથી ચારસો નવ્વાણુ વ્યક્તિ તો આરાધના કરી પોતાનું કલ્યાણ કરશે. એકના વિરાધક બનવાથી શું ફેર પડવાનો છે ?

મુનિ સ્કંદક અન્ય પાંચસો મુનિઓ સાથે કુંભકાર નગરમાં પહોંચ્યા. પાલકે તકનો લાભ ઊઠાવી મુનિનિવાસની ચારે બાજુ શસ્ત્રાસ્ત્રો દટાવી દીધા અને રાજા દંડકીને મુનિઓ પ્રત્યે ઉશ્કેરતાં તેણે કહ્યું—આ લોકો આપનું રાજ્ય પડાવી લેવા આવ્યા છે. ઉદ્યાનની ચારે બાજુ શસ્ત્રાસ્ત્રો છુપાવી રાખ્યાં છે. આપને વિશ્વાસ ન હોય તો તપાસ કરાવો. રાજાએ ગુપ્તચરો મોકલ્યા. વાત સાચી નીકળી. તેમણે બધા મુનિઓને પુરોહિત પાલકને સોંપી દીધા. તેણે બધાને કોલ્હૂમાં પીલવાનો આદેશ આપ્યો. એક એક કરીને બધા મુનિને કોલ્હૂમાં પીલવામાં આવ્યા. બધાએ ઉત્કૃષ્ટ અધ્યવસાયો વડે આ દારુણ વધ-પરીષહને સહન કર્યો, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને બધા સિદ્ધ થઈ ગયા. હવે માત્ર બે મુનિઓ બચ્યા હતા—એક બાળ-મુનિ અને એક સ્કંદક. સ્કંદકનું મન કરુણાથી દ્રવી ગયું. તેણે અધિકારીને કહ્યું—આ બાળક પર કરુણા કરો. હું કોલ્હૂમાં પીલાઈ જતાં આ બાળકને જોઈ નહિ શકું. પહેલાં મને પીલી નાખો. પાલક હસ્યો. તેણે સ્કંદકને વધુ પીડા પહોંચાડવા માટે બાળ-મુનિને કોલ્હૂમાં નાંખ્યો. બાળ-મુનિએ અધ્યવસાયોની નિર્મળતા ટકાવી રાખી. તે સિદ્ધ થઈ ગયો. સ્કંદક ભાન ભૂલી બેઠો. કોલ્હૂમાં પીલાતા તેણે નિદાન કર્યું અને તે અગ્નિકુમાર દેવ બન્યો તથા આખા જનપદને સળગાવીને રાખ કરી દીધું.

બધા મુનિઓ વધ-પરીષહ સહન કરીને આરાધક બની ગયા. મુનિ સ્કંદકે આ પરીષહ સહન ન કર્યો. તે વિરાધક બન્યો.[1]

૫૩. (सव्वं से......किंचि अजाइयं)

યાચના અહંકાર-વિલયનો પ્રયોગ છે. જે વ્યક્તિને રોટલી અને પાણી પણ માગવાથી મળે છે, રોટલી અને પાણીને માટે પણ જેને બીજાની આગળ હાથ ફેલાવવો પડે છે, તેનામાં અહંકારનો ભાવ જાગે કેવી રીતે ? 'યાચના' અહંકાર-મુક્તિનો એક આધાર બને છે.

કેટલાક કહે છે, સાધુ-જીવન પલાયનનું જીવન છે. સાધુ કોઈ ઉત્પાદક શ્રમ કરતો નથી. એક બાજુ માગવું મુશ્કેલ હોય છે તો બીજી બાજુ આ આરોપ લગાવવામાં આવે છે. આકિંચન્ય અને ઉત્પાદક શ્રમમાં કોઈ સંબંધ નથી.

સૂફી પરમ્પરામાં કહેવામાં આવ્યું છે કે સાધુને માટે માંગવું તે વરદાન છે અને આળસુ—પરિગ્રહી માટે માંગવું તે અભિશાપ

---

૧. सुखबोधा, पत्र ३९ ।

છે. વિનોબાભાવેએ કાંચન-મુક્તિનો પ્રયોગ કર્યો. તેમણે કહ્યું—જ્યાં કિંચનતા છે ત્યાં માંગવાની, ભિક્ષા માગવાની મનાઈ હોવી જોઈએ. અકિંચન ત્યાગી સંન્યાસી માટે યાચના વિહિત છે, સંમત છે.

યાચના કઠિન કાર્ય છે. નીતિકારે દાતા અને યાચકની સ્થિતિનું સુંદર વર્ણન આ શ્લોકમાં પ્રસ્તુત કર્યું છે—

'एकेन तिष्ठताऽधस्ताद्, अन्येनोपरि तिष्ठता ।

दातृयाचकयोर्भेदः कराभ्यामेव सूचितः ॥

દેનારનો હાથ ઉપર રહે છે અને લેનારનો હાથ નીચે. આ જ દાતા અને યાચકની સ્થિતિ સૂચવે છે.

એક રાજા પોતાના ગુરુની પાસે ગયો અને બોલ્યો—'ગુરુદેવ ! અહંકાર મારી સાધનામાં બાધક બની રહ્યો છે. મને તેનાથી છૂટવાનો ઉપાય બતાવો.' ગુરુ બોલ્યા—ઘણું મુશ્કેલ છે અહંથી મુક્ત થવું. અને તે પણ એક રાજાને માટે, કે જે સમગ્ર દેશ ઉપર શાસન કરે છે. જો તું ખરેખર જ અહંથી છૂટકારો મેળવવા ઈચ્છતો હો તો પોતાના રાજ્યનાં આ મોટા નગરમાં તુ સાત દિવસ સુધી ભિક્ષા માગવા નીકળ અને ઘર-ઘરથી ભિક્ષા માગી જીવન-નિર્વાહ કર. રાજા બોલ્યો—ભગવંત ! માગવું અત્યન્ત મુશ્કેલ કામ છે અને તે પણ પોતાનાં જ રાજ્યમાં કે જ્યાં હું આટલો સમ્માનિત અને પૂજનીય છું. આપ કોઈ બીજો ઉપાય બતાવો.' ગુરુ બોલ્યા—તારે માટે આ જ ઉપાય કારગત થઈ શકે છે. જો અહંકારથી મુક્ત થવા ઈચ્છતો હો તો આટલુ કરવું જ પડશે. રાજાએ ગુરુની વાત માની, એકલો જ નગરમાં માગવા નીકળ્યો. હાથમાં ભિક્ષાપાત્ર હતું. લોકોએ જોયું. બધા આશ્ચર્યસ્તબ્ધ થઈ ગયા. કોઈએ આક્રોશ વ્યક્ત કર્યો, કોઈએ ઘરમાંથી કાઢી મૂક્યો. પણ રાજા સમભાવથી બધું સહન કરતો-કરતો ઘરે-ઘરે ગયો. આ રીતે સાત દિવસ વીતી ગયા. તે ગુરુ પાસે આવીને બોલ્યો—પૂજ્ય ગુરુદેવ ! ઉપાય કારગત થયો. મારે જે મેળવવું હતું તે મેં મેળવી લીધું. અહં વિલીન થઈ ગયો.

### ૫૪. ગોચરાગ્રમાં (गोयरग्ग........)

'ગોચર'નો અર્થ છે—ગાયની માફક ચરવું. ગાય પોતાના પરિચિત કે અપરિચિતનો ભેદભાવ કર્યા વિના જ ભોજન ગ્રહણ કરી લે છે, તેવી જ રીતે ભિક્ષુ પણ પરિચિત કે અપરિચિત વ્યક્તિઓ અથવા ઘરો પાસેથી ભિક્ષા ગ્રહણ કરે છે. પરંતુ ગાય 'यथाकथंचित' જે કંઈ પણ લઈ લે છે, તેવી રીતે ભિક્ષુ લઈ શકતો નથી. તે સદા એષણાયુક્ત ભોજન જ લે છે. આ જ 'अग्ग' (સં. अग्रयं) શબ્દનો વિશેષ અર્થ છે.[1]

ચૂર્ણિકારે 'अग्ग' શબ્દના બે અર્થ કર્યા છે—પ્રધાન અને એષણાયુક્ત.[2] તેમણે અહીં વાછરડાના ઉદાહરણનો સંકેત કર્યો છે—પર્વનો દિવસ હતો. ઘરની સ્વામિની બહાર ગઈ હતી. પુત્રવધૂ સાજ-સજ્જામાં પડી ગઈ હતી. તે વાછડાને ચારો-પાણી દેવાનું ભૂલી ગઈ. પછી અચાનક જ તેને વાછરડાની યાદ આવી. તે તે જ રૂપમાં ચારો દેવા ગઈ. વાછરડાએ તેની તરફ આંખ ઊંચી કરીને પણ જોયું નહિ. તે ચારો ખાવામાં મગ્ન બની ગયો. તે જ રીતે ભિક્ષુ પણ એષણાયુક્ત ભોજનની ગવેષણામાં લીન રહે.[3]

### ૫૫. હાથ ફેલાવવો સહેલું નથી (पाणी नो सुप्पसारए) :

યાચના માટે બીજાની પાસે હાથ ફેલાવવો—'મને આપો'—એમ કહેવું સહેલું નથી. જેમકે—

धणवइसमोऽवि दो अक्खराइं लज्जं भयं च मोत्तूणं ।

देहित्ति जाव ण भणति पडइ मुहे नो परिभवस्स ॥[4]

કુબેરની જેવી ધનવાન વ્યક્તિ પણ જ્યાં સુધી લાજ અને ભય છોડીને 'देहि' (આપ) એમ નથી કહેતો ત્યાં સુધી કોઈ તેનો તિરસ્કાર નથી કરતું—અર્થાત્ ધનવાન વ્યક્તિ 'મને આપો' એવું કહીને બીજાની પાસે હાથ ફેલાવે છે ત્યારે તે પણ તિરસ્કારને

૧. बृहद्वृत्ति, पत्र ११९ ।
૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७४ : अग्गं पहाणं, जतो एसणाजुत्तं ।
૩. એજન, पृष्ठ ७४ ।
૪. એજન, पृष्ठ ७४ ।

પાત્ર બની જાય છે.

યાચના કરવી મૃત્યુસમાન છે. નીતિકારે કહ્યું છે—

**गात्रभंगः स्वरे दैन्यं, प्रस्वेदो वेपथुस्तथा । मरणे यानि चिह्नानि, तानि चिह्नानि याचने ॥**

મૃત્યુસમયે જે લક્ષણો પ્રકટ થાય છે—શરીરના ગાત્રોનું ઢીલા જવું, વાણીમાં લાચારી, પરસેવો તથા કંપન વગેરે—તે બધાં યાચનાસમયે પણ પ્રકટ થાય છે.

### ૫૬. ગૃહવાસ જ શ્રેયસ્કર છે (सेओ अगारवासु त्ति)

યાચનાના પરીષહથી પરાજિત થઈને ભિક્ષુ એવું ના વિચારે કે ગૃહવાસ જ શ્રેયસ્કર છે, સારો છે, કેમકે તેમાં કોઈની પાસેથી કંઈ માગવુ નથી પડતું, યાચના નથી કરવી પડતી. તેમાં પોતાના પુરુષાર્થથી મેળવેલી કમાણી વડે ખાવાનું હોય છે અને તે પણ દીન, અનાથ વગેરે સાથે સંવિભાગ કરીને ખાવાનું હોય છે. એટલા માટે ગૃહવાસ જ સારો છે.[1]

### ૫૭. (શ્લોક ૩૦)

લાભ અને અલાભ—આ એક દ્વન્દ્વ છે. મુનિને દરેક પદાર્થ માગવાથી મળે છે. એટલા માટે તેને ક્યારેક વસ્તુ મળી જાય છે અને ક્યારેક નથી પણ મળતી. અપ્રાપ્તિમાં તેનું મન વિચલિત ન બને એટલા માટે બત્રીસમા શ્લોકમાં એક આધારસૂત્ર નિર્દિષ્ટ છે. જે મુનિને લાભમાં આનંદ થાય છે તેને અલાભમાં દુઃખ થવાનું જ. આ સ્થિતિમાંથી બચવા માટે તે બંને અવસ્થાઓમાં સમભાવ રાખી રહે. વસ્તુની પ્રાપ્તિ થતાં એમ ના વિચારે કે હું કેટલો લબ્ધિમાન છું કે જે ઈચ્છું છું તે મળી જાય છે. વસ્તુની પ્રાપ્તિ ન થતાં એમ ના વિચારે કે અરે હું કેટલો અભાગી છું કે મને કંઈ પણ મળતું નથી. બંને પરિસ્થિતિમાં તે ધૈર્ય રાખે, સમ રહે. તે આમ વિચારે, આજ મને આ પદાર્થ નથી મળ્યો તો શું થયું, સંભવ છે કાલ કે પરમ દિવસે કે એના પછીના દિવસે તો મળી શકશે. આ આધાર-સૂત્રનો જે સહારો લે છે, તેને અલાભ કદી સતાવતો નથી. આ આધારસૂત્રનું મૂળ છે—ધૈર્ય.

એક યુવક ટૉલ્સટોય પાસે આવીને બોલ્યો—મહાશય ! આપની સફળતાનું રહસ્ય શું છે ? ટૉલ્સટોયે કહ્યું—ધૈર્ય. યુવકે બે-ત્રણ વાર પૂછ્યું અને તેને એ જ ઉત્તર મળ્યો. તે મૂંઝવણમાં મુકાઈ ગયો. તે બોલ્યો—આ તે કંઈ સફળતાનું રહસ્ય છે ? શું ધૈર્ય રાખવાથી ક્યારેય ચાળણીમાં પાણી ભરી રાખી શકાય છે ? અસંભવિત છે. આપ કંઈક છૂપાવી રહ્યા છો, સાચેસાચું કહી દો. ટૉલ્સટોયે કહ્યું—મિત્ર ! જીવનની સફળતાનું આ મહાન સૂત્ર છે. જો ધૈર્ય રાખવામાં આવે તો ચાળણીમાં પણ પાણી ભરી શકાય છે. યુવક ધૂંધવાયો. તે બોલ્યો—કેવી રીતે ? ક્યાં સુધી ધૈર્ય રાખવામાં આવે ? ટૉલ્સટોયે કહ્યું—ત્યાં સુધી ધૈર્ય રાખવું કે જ્યાં સુધી પાણી જામીને બરફ ન બની જાય. બરફ ચાળણીમાં ભરી રાખી શકાશે.

### ૫૮. તેને અલાભ નથી સતાવતો (अलाभो तं न तज्जए)

વ્યાખ્યાકારોએ અહીં એક લૌકિક ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે[2]—

એકવાર વાસુદેવ, બળદેવ, સત્યકિ અને દારુક આ ચારે ઘોડેસવાર થઈ ફરવા નીકળ્યા. ઘોડા તીવ્રવેગી હતા. તે ચારે એક ભયંકર અટવીમાં આવી પહોંચ્યા. રાતનો સમય આવી લાગ્યો હતો. તે ચારે એક વટવૃક્ષ નીચે વિશ્રામ કરવા અટક્યા. રાત્રિનો પહેલો પ્રહર. બધા સૂઈ ગયા. દારુક જાગી રહ્યો હતો. એટલામાં જ ક્રોધ પિશાચનું રૂપ ધારણ કરી ત્યાં આવ્યો અને દારુકને કહ્યું—'હું ભૂખ્યો છું. આ જે સૂઈ રહ્યા છે તેમને ખાઈને મારી ભૂખ સંતોષીશ. નહિતર તુ મારી સાથે લડ.' દારુકે તેની

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७४ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ११७ ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७५, ७६ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ११८ ।
(ગ) सुखबोधा, पत्र ४५ ।

સાથે લડવાનું શરૂ કર્યું. જેમ-જેમ દારુક તે પિશાચ ઉપર કાબુ મેળવવામાં નિષ્ફળ થતો ગયો તેમ-તેમ તેનો ક્રોધ વધતો ગયો. પિશાચનો ક્રોધ પણ વધતો ગયો. પ્રહર વીતતા-વીતતા દારુક નિષ્પ્રાણ બની નીચે પછડાયો.

બીજા પ્રહરમાં સત્યકિ ઊઠ્યો. પિશાચે તેને પણ નિષ્પ્રાણ કરી દીધો. ત્રીજા પ્રહરમાં બળદેવની પણ એ જ ગતિ થઈ.

રાત્રિનો ચોથો પ્રહર. વાસુદેવ ઊઠ્યો. પિશાચે તેને પડકાર્યો. બંને લડવા લાગ્યા. પિશાચ જેમ-જેમ લડતો, જેમ-જેમ દાવપેચ કરતો, વાસુદેવ પ્રશંસાના સ્વરમાં તેને કહેતો—'અહો ! કેટલો બળવાન છે તું ! અપાર છે તારી શક્તિ.' જેમ-જેમ પિશાચ આ પ્રશંસાના શબ્દો સાંભળતો, તેનો રોષ ઓછો થઈ જતો. ચોથો પ્રહર વીતતાં-વીતતાં તો પિશાચ શક્તિહીન બની ગયો. વાસુદેવે તેને ઉપાડીને એક બાજુ ફેંકી દીધો. પ્રભાત થયું. તેણે જોયું કે તેના ત્રણે સાથીઓ હત-પ્રહત છે. પૂછ્યું તો તેમણે કહ્યું—પિશાચે અમારી આ દશા કરી છે. વાસુદેવ બોલ્યો—તે ક્રોધરૂપી પિશાચ હતો. મેં તેને શાંતિ અને ક્ષમાથી જીતી લીધો.

જેમ ક્રોધને ક્ષમાથી જીતી શકાય છે, તેમ અલાભને સંતોષથી જીતી શકાય છે.

વાસુદેવનો પુત્ર 'ઢંઢ' ભગવાન અરિષ્ટનેમિની પાસે ચાતુર્યામ વિનયધર્મ સ્વીકારી પ્રવ્રજિત થયો. તે સમૃદ્ધ ગામ-નગરોમાં વિહાર કરતો. પરંતુ ક્યાંય તેને ભિક્ષા મળતી નહિ. જો ક્યારેક કંઈક મળતું તો તે 'जं वा तं वा'. તે જે ઘરમાં જતો, તે ઘરમાંથી બીજા મુનિઓને પણ ભિક્ષા મળતી નહિ. બધાને અંતરાય થતો. તેણે એવો અભિગ્રહ કરી લીધો કે મારે બીજા મુનિઓનો લાભ લેવો નથી. એકવાર ભગવાન દ્વારકા નગરીમાં પધાર્યા. વાસુદેવે પૂછ્યું—ભંતે ! આપના સાધુ-સમ્પ્રદાયમાં દુષ્કરકારક મુનિ કોણ છે? ભગવાને કહ્યું—ઢંઢણ અણગાર. ફરી પૂછ્યું—ભગવાન ! કેવી રીતે ? ભગવાને કહ્યું—તે મુનિ અલાભ-પરીષહ સમભાવથી સહન કરી રહ્યા છે. 'ભગવાન ! તેઓ ક્યાં છે ?' ભગવાન બોલ્યા—જ્યારે તમે નગરમાં પ્રવેશ કરશો ત્યારે તે સામા મળશે.

નગરમાં પ્રવેશ કરતાં જ જોયું કે એક અણગાર સામે આવી રહ્યા હતા. તેમનું શરીર સૂકાઈને લાકડાં જેવું થઈ ગયું હતું. તે માત્ર હાડકાનો માળો જ બની ગયા હતા. પરંતુ તેમના મુખમંડળ પરથી શાંતરસ ટપકી રહ્યો હતો. તેમનું પરાક્રમ અસ્ખલિત હતું. તે ઢંઢણ અણગાર હતા. વાસુદેવ હાથી પરથી નીચે ઊતર્યા. વંદના કરી. એક શેઠે વાસુદેવને વંદના કરતા જોયા. સંયોગવશ ઢંઢણ અણગાર તે જ શેઠના ઘરે ગયા. શેઠે તેમને લાડુ વહોરાવ્યા. તેમણે ભગવાન પાસે આવીને પૂછ્યું—ભંતે ! શું મારું લાભાંતરાય કર્મ ક્ષીણ થઈ ગયું ? ભગવાન બોલ્યા—નહિ. 'તો પછી ભગવંત ! આજ મને ભિક્ષામાં લાડુ કેવી રીતે મળ્યા?' ભગવાન બોલ્યા—આજે જે ભિક્ષા તમને મળી છે, તેનું મૂળ કારણ છે વાસુદેવે તમને કરેલું વંદન. તેમને જોઈને જ શેઠના મનમાં ભક્તિભાવ ઊભરાયો. ઢંઢણ અણગારે વિચાર્યું—હું બીજાના લાભ પર જીવવા ઈચ્છતો નથી. હવે આ ભિક્ષા હું બીજાને પણ આપી શકતો નથી. આમ વિચારીને ઢંઢણ અણગારે ભાવનાની શુભ શ્રેણી પર આરોહણ કરતાં-કરતાં કેવળજ્ઞાની બની ગયા. તે જ ભવમાં તેઓ મુક્ત થઈ ગયા.

મુનિ લાભ-અલાભમાં સમ રહે. ક્યારેક કંઈક મળી શકે છે, ક્યારેક કંઈ પણ નહિ. તેનું પોતાનું કંઈ નથી હોતું. બધી આવશ્યકતાઓ યાચનાથી પૂરી થાય છે. આથી તેને ક્યારેક લાભ થાય છે, ક્યારેક નહિ. તેની પોતાની તો છે—સમતા. તેનાથી જ તે આ પરીષહને પાર કરી શકે છે.

### ૫૯. રોગને (दुक्खं)

પ્રસ્તુત શ્લોકમાં દુઃખ શબ્દ રોગનો વાચક છે.[1] દુઃખ ચાર છે—જન્મ, ઘડપણ, રોગ અને મૃત્યુ.[2]

રોગ બે પ્રકારના હોય છે—આંતરિક અને બાહ્ય. ચૂર્ણિકારે ત્રણ પ્રકારના રોગોનો ઉલ્લેખ કર્યો છે[3]—

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७७ : रोगं दुक्खं वा ।
(ખ) बृहद्वृत्ति, पत्र ११८ : दुःखयति इति दुःखं, प्रस्तावाद् ज्वरादिरोगः ।

૨. उत्तरज्झयणाणि, १९।१५ :
जम्मं दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जन्तवो ॥

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७७ : स तु रोगो वातिकः पैत्तिकः श्लेष्मजश्चेति ।

(૧) વાતિક—વાયુના પ્રકોપથી થનારા.

(૨) પૈત્તિક—પિત્તના પ્રકોપથી થનારા.

(૩) શ્લેષ્મજ—શ્લેષ્મ(કફ)ના પ્રકોપથી થનારા.

બાહ્ય રોગો આગંતુક હોય છે. જુદા જુદા પ્રકારના કીટાણુઓ વડે તેવા રોગો પેદા થઈ અને પીડા કરે છે. આંતરિક રોગો ભાવનાત્મક અસંતુલન તથા ઈર્ષ્યા, દ્વેષ, અતિરાગ વગેરે આવેગો દ્વારા ઉત્પન્ન થઈને શીઘ્ર ઘાતી રોગોના રૂપમાં પ્રકટ થાય છે. અંતર્વ્રણ, અલ્સર વગેરે રોગો ભાવનાની વિકૃતિથી થનારા રોગો છે. તે અંદરને અંદર જ વધતા જાય છે અને પછી બહાર પ્રકટ થઈ વ્યક્તિની લીલા સમાપ્ત કરી દે છે.

સ્થાનાંગસૂત્રમાં રોગોત્પત્તિના નવ કારણોનો નિર્દેશ મળે છે[1]—અતિ આહાર, અહિતકારી ભોજન, અતિ નિદ્રા, અતિ જાગરણ વગેરે વગેરે.

### ૬૦. રોગ પરીષહ

(૧) સાધ્વી ગળાના કેન્સરથી પીડિત હતાં. કેન્સર વધતું જતું હતું. પણ સાધ્વી સમતામાં લીન હતાં. તેમને આલંબન-સૂત્ર મળ્યું—'आत्मान्यः पुद्गलश्चान्यः'—આત્મા જુદો છે, શરીર જુદું છે. આ આલંબન-સૂત્રની સતત ભાવના વડે તેમના ભાવોમાં પરિવર્તન થયું અને હવે તેઓ કેન્સરની ભયંકર પીડા હોવા છતાં પણ તેની સંવેદનાથી મુક્ત બની ગયાં. તેમને પૂછવામાં આવતું—પીડા કેમ છે? તેઓ કહેતા—પીડા શરીરગત છે, આત્મગત નથી. શરીર મારું નથી, તો પીડા પણ મારી નથી. આત્મા મારો છે, તેમાં કોઈ પીડા નથી. કેટલાક મહિના સુધી તેવી અસહ્ય પીડાની સ્થિતિમાં રહીને સાધ્વી સમાધિપૂર્વક પંડિતમરણને વર્યાં.

તેમનું સૂત્ર હતું—

**'असासए सरीरम्मि, विन्नाए जिणसासणे ।**

**कम्मे वेइज्जमाणम्मि, लाभो दुःखऽहियासणं ॥'**

—શરીર અશાશ્વત છે. જિનશાસનને જાણી લેવાથી એ સ્પષ્ટ પ્રતીત થઈ જાય છે કે કર્મો સમભાવથી સહેવા—તેમનાથી ઉદીરિત દુઃખોમાં સમભાવપૂર્વક રહેવું લાભપ્રદ બને છે.

(૨) મથુરાનો કાલવેશિક રાજકુમાર સ્થવિર આચાર્ય પાસે પ્રવ્રજિત થયો. આગમોનું અધ્યયન કરી તે એકલવિહારી પ્રતિમા સ્વીકારીને મુદ્ગશૈલપુર આવ્યો. તે હરસ-મસાના રોગથી ગ્રસ્ત હતો. મસા ગુદાની બહાર લટકી રહ્યા હતા. અપાર પીડા. પણ તે ચિકિત્સાને સાવદ્ય માનીને તે રોગનો પ્રતિકાર નહોતો કરતો. એક બહેને મુનિની અવસ્થાથી દ્રવિત થઈને એક વૈદ્યને પૂછ્યું. વૈદ્યે કહ્યું—બહેન! હું એક ઔષધિ આપીશ. તું આહારમાં ભેળવીને મુનિને આપી દેજે. તેઓ સ્વસ્થ થઈ જશે. બહેને તે પ્રમાણે કર્યું. તે ઔષધિની ગંધથી હરસ-મસાનો રોગ નાબૂદ થઈ ગયો. મુનિને ખબર પડી કે એક બહેને વૈદ્યને પૂછીને આ હિંસાત્મક દવા કરી છે. હવે મારા જીવનથી શું? મારે હવે અનશન-વ્રત લઈ લેવું જોઈએ. તેમણે અનશન-વ્રત સ્વીકારી લીધું.[2]

### ૬૧. સમાધિપૂર્વક રહે (संचिक्ख)

સંસ્કૃતમાં આનાં બે રૂપ થાય છે—संतिष्ठेत અને समीक्ष्य. બૃહદ્વૃત્તિ અનુસાર 'संतिष्ठेत'નો અર્થ છે—સમાધિપૂર્વક રહે, રડારોળ ન કરે. તેમણે 'समीक्ष्य'નો અર્થ આવો કર્યો છે—રોગ થાય ત્યારે મુનિ એમ વિચારે કે તે પોતાના કર્મોનો જ વિપાક છે,

---

૧. ठाणं ९।१३ ।

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७८ ।

ફળ છે.[1]

**૬૨. ચિકિત્સા ન કરે, ન કરાવે (जं न कुज्जा न कारवे) :**

સહજપણે જ પ્રશ્ન થાય કે–શું આ વિધાન સમસ્ત સાધુઓ માટે છે ? તેના સમાધાનમાં કહેવાયું છે–ચિકિત્સા ન કરે, ન કરાવે[2]–આ ઉપદેશ જિન-કલ્પિક મુનિઓ માટે છે. સ્થવિર-કલ્પી મુનિ સાવદ્ય ચિકિત્સા ન કરે, ન કરાવે.[3] આવો શાન્ત્યાચાર્યનો મત છે.

તેમણે સાવદ્ય ચિકિત્સાને અપવાદરૂપ વિધિ માનીને તેના સમર્થનમાં એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કર્યો છે[4]–

'काहं अछित्ति अदुवा अहीहं, तवोविहाणेण य उन्नमिस्सं ।
गणं व णीतीइ वि सारविस्सं, सालंबसेवी समुवेति मोक्खं ॥'

મુનિ પાંચ કારણો હોય તો ચિકિત્સાનું આલંબન લઈ શકે છે–

(૧) હું પરંપરાને વ્યુચ્છિન્ન થવા નહિ દઉં.

(૨) હું જ્ઞાનાર્જન કરીશ.

(૩) હું તપોયોગમાં સંલગ્ન થઈશ.

(૪) હું ઉપધાન તપ માટે ઉદ્યમ કરીશ.

(૫) હું નીતિપૂર્વક ગણની સારસંભાળ રાખીશ.

શ્રીમજ્જયાચાર્ય અનુસાર સ્થવિરકલ્પી સાવદ્ય ચિકિત્સા ન કરે અને જિનકલ્પી નિરવદ્ય ચિકિત્સા પણ ન કરે.[5]

ચૂર્ણિકારે જિનકલ્પી અને સ્થવિર-કલ્પીનો ઉલ્લેખ નથી કર્યો. તેમણે સામાન્યપણે બતાવ્યું છે કે મુનિ ન તો સ્વયં ચિકિત્સા કરે અને ન વૈદ્યો પાસે કરાવે. શ્રામણ્યનું પાલન નીરોગી અવસ્થામાં કરી શકાય છે. આ વાત જરૂર મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તેનાથી પણ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે મુનિ રોગી હોવા છતાં પણ સાવદ્ય ક્રિયાનું સેવન નથી કરતો. આ જ તેનું શ્રામણ્ય છે.[6] વિશેષ જાણકારી માટે જુઓ–દસવેયાલિયં, ૩।૪નું ટિપ્પણ.

**૬૩. (શ્લોક ૩૪)**

પ્રસ્તુત શ્લોકમાં તૃણસ્પર્શથી થનાર પરીષહનું વર્ણન છે. જે મુનિ અચેલ હોય છે, વસ્ત્રરહિત હોય છે, તપસ્યાને કારણે તથા લૂખું ભોજન કરવાને કારણે જેનું શરીર બહાર અને અંદરથી લૂખું થઈ જાય છે, તે મુનિને તૃણસ્પર્શ અત્યન્ત પીડા કરે છે. શરીરની રુક્ષતાને કારણે તૃણોની તીક્ષ્ણતા અથવા પરાળ વગેરે ઘાસની ધારથી મુનિના શરીર પર કાપા પડી જાય છે અને

---

૧. बृहद्वृत्ति, पत्र १२० : 'समीक्ष्य' स्वकर्मफलमेवैतत् भुज्यते इति पर्यालोच्य, यद्वा 'संचिक्ख त्ति' अचां सन्धिलोपो बहुलम्' इत्येकारलोपे 'संचिक्खे' समाधिना तिष्ठेत, न कूजनकर्करायतादि कुर्यात् ।

२. बृहद्वृत्ति, पत्र १२० ।

३. बृहद्वृत्ति, पत्र १२० : जिनकल्पिकापेक्षया चैतत्, स्थविरकल्पापेक्षया तु 'जं न कुज्जा' इत्यादौ सावद्यमिति गम्यते, अयमत्र भावः–यस्मात्कारणादिभिः सावद्यपरिहार एव श्रामण्यं, सावद्या च प्रायश्चिकित्सा, ततस्तां नाभिनन्देत् ।

४. बृहद्वृत्ति, पत्र १२० ।

५. उत्तराध्ययन की जोड़ २।३२-३३:
रोग थकी दुःख उपनो जाणी, वेदन दुख पीडभो पहिछाणी ।
थिर प्रज्ञा करि अदीन मनसूं, फरस्यूं रोग सहे दुख तन सूं ॥
औषधि न करे ए गुण अधिक, निज कृत जाणी चरण गवेक्षक ।
चरण पणूं सावज नहीं भावे, जिनकल्पी निरवद करे न करावै ॥

६. उत्तराध्ययन चूर्णि, पृ० ७७ : यदुत्पन्नेषु तत्प्रतिकारायोद्यम न कुरुते, तंत्रमंत्रयोगलेपादिभिः स्वयं करणं, न स्नेहविरेचनादिना स्वयं करोति, कारापणं तु वैद्यादिभिः, शक्यं हि नीरोगेण श्रामण्यं कर्त्तुं, यस्तु रोगवानपि न सावद्यक्रियामारभत तं प्रतीत्योच्यते–एयं खु तस्स सामन्नं ।

દર્ભથી શરીરમાં ઠેકાણે-ઠેકાણે ફાટ પડી જાય છે. જેમનું શરીર સ્નિગ્ધ હોય છે, તેમને આ બધી પીડાઓ નથી થતી, શરીર ઉપર કાપા પડતા નથી.[1]

પ્રસ્તુત પ્રસંગમાં ગાત્ર-વિરાધનાનો અર્થ છે—શરીરનું ફાટી જવું, શરીરનું વિદારિત થવું, શરીર પર કાપા પડવા.

### ૬૪. અતુલ વેદના થાય છે (अउला हवइ वेयणा)

વ્યાખ્યાકારોએ અહીં એક નાનુ દૃષ્ટાન્ત રજૂ કર્યું છે—શ્રાવસ્તી નગરીનો રાજકુમાર ભદ્ર સંસારથી વિરક્ત થઈને પ્રવ્રજિત થયો. કેટલોક સમય વીત્યો. એકવાર તે પોતાના આચાર્યની આજ્ઞા પ્રાપ્ત કરીને એકલ-વિહાર પ્રતિમા સ્વીકારીને વિચરણ કરવા લાગ્યો. તે સમયે નાના-નાના રાજ્યો હતા. એકવાર તે 'વૈરાજ્ય'ની સરહદમાં ચાલ્યો ગયો. ત્યાંના ચોકીદારોએ તેને ગુપ્તચર સમજી કેદ કર્યો. તેને બહુ ખરાબ રીતે માર્યો અને શરીર ઉપર મીઠું ભભરાવી, ઘાસમાં વીંટીને, તેને છોડી દીધો. શરીર લોહીલુહાણ હતું. ડાભની તીક્ષ્ણ અણીઓ તેને અત્યન્ત પીડા કરવા લાગી. પરંતુ મુનિએ પોતાનો સમતાભાવ છોડ્યો નહિ.[2]

### ૬૫. વસ્ત્રનું (तंतुजं)

વ્યાખ્યાગ્રંથોમાં આનો અર્થ તંતુઓ-તાંતણાઓથી બનેલું વસ્ત્ર અથવા કામળો એવો કર્યો છે.[3] તેમણે આ જ અર્થમાં પાઠાંતરના રૂપમાં 'तंतयं' (સં.तन्त्रजं) પાઠ આપ્યો છે.[4]

ચૂર્ણિ અને વૃત્તિ—બંનેમાં તે જિનકલ્પિક મુનિઓની અપેક્ષાએ માન્યો છે.[5]

### ૬૬. મેલ, રજ (पंकेण वा रएण वा)

પરસેવાને કારણે શરીર પર એકઠો થયેલ ભીનો મેલ 'पंक' કહેવાય છે અને જયારે તે સૂકાઈને ગાઢ થઈ જાય છે ત્યારે તેને 'रज' કહે છે.[6]

શરીર પર ચોંટેલા ધૂળના કણ 'रज' કહેવાય છે.[7]

'पंक' અને 'रज'ને એક શબ્દમાં 'जल्ल' પણ કહેવામાં આવેલ છે.[8]

### ૬૭. પરિતાપથી (परितावेण)

જે ચારે બાજુથી પરિતપ્ત કરે છે, તે છે પરિતાપ. જયારે શરીર પરિતપ્ત થાય છે, ત્યારે પરસેવો વળે છે અને આખુ શરીર તેનાથી લથપથ થઈ જાય છે. મેલ અને રજ શરીર પર જામી જાય છે, પરસેવાને કારણે કઠણ બની જાય છે અને ત્યારે ખેંચાણ થાય છે, શરીરમાં પીડા થવા લાગે છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७८, ७९ ।
૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७९ ।
(ખ) बृहद्वृत्ति, पत्र १२२ ।
૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७९ : तंतुभ्यो जातं तन्तुजं तनुवस्त्रं कंबलो वा ।
(ખ) बृहद्वृत्ति, पत्र १२२ ।
૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७९ : तन्यते इति तन्त्रं— वेमविलेखनं-छनिकादि, तत्र जातं तंत्रजं, तनुवस्त्रं कंबलो वा ।
(ખ) बृहद्वृत्ति, पत्र १२२ ।
૫. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७९ : जिणकप्पिया जे अचेला ।
(ખ) बृहद्वृत्ति, पत्र १२२ : जिनकल्पिकापेक्षं चैतत् ।
૬. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ७९-८० : पंको नाम स्वेदाबद्धो मलः, रजस्तु कमठीभूतो जल्लो शुष्कमात्रस्तु रजः ।
૭. बृहद्वृत्ति, पत्र १२३ : पांशुना वा ।
૮. એજન, પત્ર १२३ : जल्लं कठिनतापन्नं मलम्, उपलक्षणत्वात् पंकरजसी च ।

### ૬૮. સુખ માટે વિલાપ ન કરે (सायं नो परिदेवए)

મુનિ તડકાને કારણે શરીર ઉપર જામનારા મેલથી પીડાઈને એવી રોકકળ ન કરે કે મેલથી લથપથ મારા આ શરીરમાં સુખનો અનુભવ ક્યારે થશે ? જો હું આજ કોઈ નદી કે જળાશયને કિનારે હોત, કોઈ પર્વતના શિખર ઉપર રહેત અથવા ચંદન, ખસખસ વગેરે વૃક્ષોની વચ્ચે રહેત અને શીતળ વાયુનું સેવન કરતો હોત તો કેટલું સારુ.[1]

અહીં 'सायं'માં બીજી વિભક્તિ છે. ચૂર્ણિકારે તેનો અર્થ 'સાતાને ન બોલાવે' એવો કર્યો છે.[2] વૃત્તિકારે તેનો અર્થ 'સાતાનો આશ્રય લઈને' એવો કર્યો છે.[3] આથી તેમાં ચતુર્થી વિભક્તિનો અર્થ રહેલો છે.

### ૬૯. (શ્લોક ૩૮)

પ્રસ્તુત શ્લોક 'સત્કાર-પુરસ્કાર'સંબંધી છે. ચૂર્ણિકારે આ શ્લોકની વ્યાખ્યામાં તેનો અર્થ આ રીતે કર્યો છે—સત્કારનો અર્થ છે—સારું કરવું તથા સત્કારને જ પુરઃ—આગળ રાખવો તે સત્કાર-પુરસ્કાર છે.[4]

બૃહદ્‌વૃત્તિકારે આ જ અધ્યયનના ત્રીજા સૂત્રમાં ઉલ્લેખાયેલા 'સત્કાર-પુરસ્કાર પરીષહ'ની વ્યાખ્યામાં કહ્યું છે—અતિથિની વસ્ત્રદાન વગેરે વડે પૂજા કરવી તે સત્કાર અને અભ્યુત્થાન કરવું, આસન દેવું વગેરે પુરસ્કાર. તેનો વૈકલ્પિક અર્થ છે—અભ્યુત્થાન, અભિવાદન વગેરે બધી ક્રિયાઓ સત્કાર છે અને તે બધા વડે કોઈનું સ્વાગત કરવું પુરસ્કાર છે.[5] રાજવાર્તિકમાં સત્કારનો અર્થ—પૂજા, પ્રશંસા અને પુરસ્કારનો અર્થ—કોઈ પણ પ્રવૃત્તિના પ્રારંભમાં વ્યક્તિને આગળ રાખવી, પ્રમુખ બનાવવી અથવા આમંત્રિત કરવી—એવો કર્યો છે.[6]

### ૭૦. (अणुक्कसाई अप्पिच्छे अन्नाएसी)

**अणुक्कसाई**—ચૂર્ણિકારે આનો અર્થ 'અલ્પ કષાયવાળો' કર્યો છે.[7] શાન્ત્યાચાર્યે તેનો મુખ્ય અર્થ 'अनुत्कशायी'—'સત્કાર વગેરે માટે ઉત્કંઠા ન રાખનાર' કર્યો છે અને વૈકલ્પિક અર્થ—'अणु-कषायी—સત્કાર વગેરે ન કરનાર પર ક્રોધ ન કરનાર તથા સત્કાર થાય તો અભિમાન નહિ કરનાર' એવો કર્યો છે.[8] નેમિચન્દ્ર પણ આનું અનુસરણ કરે છે.[9]

૧૫।૧૬ની ટીકામાં શાન્ત્યાચાર્યે આનાં બે સંસ્કૃત રૂપ આપ્યાં છે. ત્યાં 'अनुत्कशायी'ના સ્થાને 'अनुत्कषायी' માન્યું છે. (૧) अणुकषायी—અલ્પ કષાયવાળો. (૨) अनुत्कषायी—જેના કષાય પ્રબળ ન હોય તે.[10]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ८० : परिदेवनं नाम सातमाह्वति, जहा जलाश्रया: होन्ति नगो वेति, तहा चन्दनोसीरोरक्षीपवायव:, एवं परिदेवति ।

૨. એજન, पृष्ठ ८० ।

૩. बृहद्वृत्ति, पत्र १२३ : सातं सुखम्, आश्रित्येति शेष:, नो परिदेवेत् न प्रलपेत्—कथं कदा वा ममैवं मलदिग्धदेहस्य सुखानुभव: स्यात् ?

૪. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ८१ : करणं कार:, शोभनकार: सक्कार:, सक्कारमेव पुरस्करोति सक्कारपुरस्कारपरीसहो भवति ।

૫. बृहद्वृत्ति, पत्र ८३ : सत्कारो—वस्त्रादिभि: पूजनं, पुरस्कार:—अभ्युत्थानासनादिसम्पादनं, यद् वा सकलै-र्वाभ्युत्थानाभिवादन-दानादिरूपा प्रतिपत्तिरिह सत्कारस्तेन पुरस्करणं सत्कारपुरस्कार: ।

૬. तत्त्वार्थराजवार्तिक, ९।९, पृष्ठ६१२ : सत्कार: पूजा-प्रशंसात्मक: । पुरस्कारो नाम क्रियारम्भादिष्वग्रत: करणमामन्त्रणं वा ।

૭. उत्तराध्ययन चूर्णि, पृ० ८१ : 'अणुक्कसायो' अणुशब्द: स्तोकार्थ:, अतो नेत्यनु, कषयंतीति कषाया: क्रोधाद्या: ।

૮. बृहद्वृत्ति, पत्र १२४ : उत्कण्ठित: सत्कारादिषु शेत इत्येवं शील उत्कशायी न तथा अनुत्कशायी, यद्वा प्राकृतत्वादणु-कषायी 'सर्वधनादित्वादि' नि, कोऽर्थ: ?—न सत्कारा-दिकमकुर्वते कुप्यति, तत्सम्पत्तौ वा नाहङ्कारवान् भवति ।

૯. सुखबोधा, पत्र ४९ ।

૧૦. बृहद्वृत्ति, पत्र ४२० : अणव:—स्वल्पा: सञ्ज्वलननामान इति यावत् कषाया:—क्रोधादयो यस्येति 'सर्वधनादित्वादि' नि प्रत्येयऽणुकषायी, प्राकृतत्वात्सूत्रे ककारस्य द्वित्वं, यद्वा उत्कषायी—प्रबलकषायी न तथाऽनुत्कषायी ।

**अप्पिच्छे**—અલ્પેચ્છ—અલ્પ ઈચ્છાવાળો. જે મુનિ ધર્મોપકરણ ઉપરાંત કંઈ પણ લેવાની અભિલાષા નથી કરતો, સત્કાર-પૂજા વગેરેની પણ આશા નથી રાખતો, તે 'અલ્પેચ્છ' કહેવાય છે.[1] શાન્ત્યાચાર્યે તેના બે અર્થ કર્યા છે—(૧) થોડી ઈચ્છાવાળો. (૨) ઈચ્છારહિત—નિરીહ.[2]

**अन्नाएसी**—જે અજ્ઞાત રહીને—તપ, જાતિ વગેરેનો પરિચય આપ્યા વિના આહારની એષણા કરે છે, તેને 'अज्ञातैषी' કહેવાય છે. અપરિચિત કુળોમાંથી એષણા કરનાર પણ 'अज्ञातैषी' કહેવાય છે.[3] મનુસ્મૃતિમાં પણ ભોજન માટે કુળ-ગોત્રનો પરિચય આપનાર બ્રાહ્મણને 'वान्ताशी' કહ્યો છે.[4]

**૭૧. પ્રજ્ઞાવાન મુનિ.....અનુતાપ ન કરે (नाणुतप्पेज्ज पण्णवं)**

મુનિ અન્ય-તીર્થિકોને રાજા, અમાત્ય વગેરે વિશિષ્ટ જનો વડે સન્માનિત થતા જોઈને પોતાના મનમાં આવો અનુતાપ ન કરે—અરે ! હું પણ આમનામાં કેમ પ્રવ્રજિત ન થયો ? હું શ્રમણ બની ગયો. શ્રમણો તો થોડાક જ લોકો દ્વારા પૂજનીય અને વંદનીય છે. બીજા તીર્થિકો તેમનું અપમાન પણ કરી નાખે છે. મેં શા માટે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં ?[5]

મુનિ ક્યારેય આવું ન વિચારે. જે આવું વિચારતો નથી તે પ્રજ્ઞાવાન છે.

**૭૨. (શ્લોક ૪૦)**

પ્રજ્ઞા હોય ત્યારે તેનો મદ કરવો તે પ્રજ્ઞા-પરીષહ છે. એ રીતે પ્રજ્ઞા ન હોય તો હીનતાનો અનુભવ કરવો તે પણ પ્રજ્ઞા-પરીષહ છે. પહેલામાં પ્રજ્ઞાના ઉત્કર્ષનો ભાવ છે અને બીજામાં પ્રજ્ઞાના અપકર્ષનો ભાવ છે.

મૂળ સૂત્રમાં અપ્રજ્ઞાનથી ઉત્પન્ન હીનભાવ સહન કરવાનું વર્ણન છે. પ્રજ્ઞા-મદ સૂત્રથી ફલિત થતો નથી. ચૂર્ણિકારે પ્રજ્ઞા-મદનું વર્ણન કર્યું છે.[6] તેની તુલના રાજવાર્તિકના વર્ણન સાથે કરી શકાય. રાજવાર્તિકમાં માત્ર પ્રજ્ઞા-મદનું જ વર્ણન મળે છે. ત્યાં પ્રજ્ઞાના અપકર્ષથી થનાર હીનભાવનું વર્ણન નથી.[7] ચૂર્ણિમાં તેનો ઉલ્લેખ પણ મળે છે.[8]

શાન્ત્યાચાર્યે પણ પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યા પ્રજ્ઞાના ઉત્કર્ષ અને અપકર્ષ—બન્ને દૃષ્ટિએ કરી છે.[9] નેમિચન્દ્રે પ્રજ્ઞાના અપકર્ષની દૃષ્ટિથી તેની વ્યાખ્યા કરી છે. તેમણે મૂળ સૂત્રનું જ અનુસરણ કર્યું છે. કથાના પ્રસંગમાં તેઓએ પ્રજ્ઞા-મદનો ઉલ્લેખ પણ કર્યો છે.[10]

---

૧. सुखबोधा, पत्र ४९ : 'अल्पेच्छः' धर्मोपकरणप्राप्तिमात्राभिलाषी न सत्काराद्याकांक्षी ।

૨. बृहद्वृत्ति, पत्र १२५ ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ८१ : 'अज्ञातैषी' न ज्ञापयत्यहमेवंभूतः पूर्वमासीत्, न वा क्षपको बहुश्रुतो वेति ।
(ખ) એજન, પૃ० २३५ : अज्ञानमज्ञातेन एषते—भिक्षते असौ अज्ञातैषी, निश्रादिरहित इत्यर्थः ।
(ગ) बृहद्वृत्ति, पत्र ४१४ : अज्ञातः—तपस्वितादिभिर्गुणैरनवगतः एषयते—प्रासादिकं गवेषयतीत्येवंशीलः ।

૪. मनुस्मृति, ३।१०९ :
न भोजनार्थं स्वे विप्रः कुलगोत्रे निवेदयेत् ।
भोजनार्थं हि ते शंसन्वान्ताशीत्युच्यते बुधैः ॥

૫. सुखबोधा, पत्र ४९ : तीर्थान्तरीयान् नृपत्यादिभिः सत्क्रियमाणानवेक्ष्य किमहमेषां मध्ये न प्रव्रजितः ? किं मया कतिपयजनपूज्या इतरजनस्यापि परिभवनीयाः श्वेतभिक्षवोऽङ्गीकृताः ? इति न पश्चात्तापं विधत्ते ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ० ८२ : प्रज्ञायते अनयेति प्रज्ञा, प्रगता ज्ञा प्रज्ञा, प्रज्ञापरीसहो नाम सो हि सति प्रज्ञाने तेण गव्वितो भवति तस्य प्रज्ञापरीषहः ।

૭. तत्त्वार्थ राजवार्त्तिक पृ० ६१२ : अंगपूर्वप्रकीर्णकविशारदस्य कृत्स्नग्रन्थार्थावधारिणः अनुत्तरवादिनस्त्रिकालविषयार्थविदः शब्दन्यायाध्यात्मनिपुणस्य मम पुरस्तादितरे भास्करप्रभाभिभूतोद्योतखद्योतवत् नितरामवभासन्ते इति विज्ञानमदः.... ।

૮. उत्तराध्ययन चूर्णि, पृ. ८२ ।

૯. बृहद्वृत्ति, पत्र १२६, १२७ ।

૧૦. सुखबोधा, पत्र ५० ।

જ્ઞાનાવરણ કર્મના ઉપાર્જનના પાંચ હેતુઓ છે[1]—

(૧) જ્ઞાન અને જ્ઞાનીની નિંદા કરવી.

(૨) જ્ઞાન અને જ્ઞાનીનો દ્વેષ કરવો.

(૩) જ્ઞાન અને જ્ઞાની તરફ મત્સરભાવ રાખવો.

(૪) જ્ઞાન અને જ્ઞાનીનો ઉપઘાત કરવો.

(૫) જ્ઞાન અને જ્ઞાનીના માર્ગમાં વિઘ્નો પેદા કરવાં.

જ્યારે જ્ઞાનાવરણ કર્મનો વિપાક થાય છે ત્યારે જ્ઞાન આવૃત્ત થઈ જાય છે. આવી સ્થિતિમાં જ્યારે કોઈ પૂછે છે ત્યારે વ્યક્તિ તેનો જવાબ ન દઈ શકવાને કારણે મનોમન પોતાને હીન માનવા લાગે છે. આ પ્રજ્ઞાના અભાવને કારણે ઉત્પન્ન પરીષહ છે.

સૂત્રકારે આ પરીષહને સમભાવપૂર્વક સહન કરવા માટે કેટલાક રસ્તા બતાવ્યા છે—

(૧) મેં પોતે આ અજ્ઞાનના હેતુભૂત જ્ઞાનાવરણ કર્મ ઉપાર્જિત કર્યાં છે.

(૨) તે કર્મો તત્કાળ જ ઉદયમાં ન આવ્યા. અબાધાકાળ વીતી ગયા પછી, ઉપયુક્ત નિમિત્તોનો સંયોગ મળ્યો ત્યારે તેમનો વિપાક થયો છે. હવે મારા માટે એ જ શ્રેયસ્કર છે કે હું તે કર્મોના વિઘાત માટે પ્રયત્ન કરું, નહિ કે વિષાદગ્રસ્ત થઈને પોતાની જાતને દુઃખી કરું.

(૩) સ્વાભાવિકપણે આજે આ કર્મોનો વિપાક થઈ રહ્યો છે તો હું તેમને સહન કરું.

### ૭૩. પછીથી ઉદયમાં આવે છે (पच्छा उइज्जन्ति)

કર્મ-બંધની પ્રક્રિયા અનુસાર કર્મોનો બંધ થતાં જ તે ઉદયમાં નથી આવી જતા. પ્રત્યેક કર્મબંધનો અબાધાકાળ હોય છે. આ એવો કાળ છે કે જેમાં કર્મો સુષુપ્ત રહે છે, ફળ આપતાં નથી. જ્યારે આ કાળ પૂરો થાય છે ત્યારે તે ઉદયમાં આવે છે, ભલે તેમનો વિપાકોદય હોય કે પ્રદેશોદય હોય. અહીં 'पच्छा' (સં.पश्चात्) શબ્દ વડે અબાધાકાળ ગૃહિત છે.[2]

**उइज्जन्ति**—અહીં ભવિષ્યકાળનો વ્યત્યય માનીને બૃહદ્‌વૃત્તિકારે આનું સંસ્કૃત રૂપ 'उदेष्यन्ति' આપ્યું છે.[3] અમે 'उदीर्यन्ते'ના આધારે અર્થ કર્યો છે.

### ૭૪. પ્રજ્ઞા પરીષહ

સુવર્ણભૂમિમાં આર્ય સાગર પોતાની શિષ્યમંડળી સાથે સુખપૂર્વક રહેતા હતા. તેમના દાદાગુરુ આચાર્ય કાલક ઉજ્જૈનીમાં હતા. એકવાર તેમણે વિચાર્યું—ઓહ ! મારા બધા શિષ્યો મંદ શ્રદ્ધાવાળા બની ગયા છે. તેઓ ન સૂત્ર ભણે છે અને ન તો અર્થનું અનુચિંતન કરે છે. તેઓ બધા સાધ્વાચારમાં પણ શિથિલ થઈ રહ્યા છે. હું કોમળતાથી તેમને આ બાજુ ખેંચું છું, પણ તેઓ મારી આ પ્રેરણાને સાચી રીતે લેતા નથી. તેમની વારંવાર સારણાવારણાથી મારા સૂત્રાર્થની હાનિ થાય છે અને ક્યારેક-ક્યારેક રોષવશ કર્મબંધ પણ થાય છે. આવું વિચારીને તેઓ રાતોરાત ત્યાંથી નીકળી એકલા જ સુવર્ણભૂમિ પહોંચી ગયા. આર્ય સાગરે તેમને ઓળખ્યા નહિ. તેઓ તેમના ગણમાં સંમિલિત થઈ ગયા. આર્ય સાગર અનુયોગની વાચના આપવા

---

૧. बृहद्वृत्ति, पत्र १२६ :
ज्ञानस्य ज्ञानिनां चैव, निन्दाप्रद्वेषमत्सरैः ।
उपघातैश्च विघ्नैश्च, ज्ञानघ्नं कर्म बध्यते ॥

૨. बृहद्वृत्ति, पत्र १२६ : यदि पूर्वं कृतानि कर्माणि किं न तदैव वेदितानि ? उच्यते.....पश्चाद्—अबाधोत्तरकालं, उदीर्यन्ते—विपच्यन्ते कर्माण्यज्ञानफलानि कृतानि अलर्कमूषिकविषविकारवद् तथाविधद्रव्यसाचिव्यादेव तेषां विपाकदानात् ।

૩. એજન, पत्र १२७ ।

લાગ્યા. તેમણે તે વૃદ્ધ મુનિને પૂછ્યું—'કંઈ સમજાઈ રહ્યું છે?' તેમણે કહ્યું—'હા.' આર્ય સાગરનું મન પ્રફુલ્લ બની ગયું. પ્રજ્ઞાનું અભિમાન જાગી ઊઠ્યું. કેટલાક દિવસો વીત્યા.

ઉજ્જૈનીથી આર્ય કાલકના બધા શિષ્યો તેમની શોધમાં નીકળ્યા. તેઓ સુવર્ણભૂમિમાં આવ્યા. આર્ય સાગરને પૂછ્યું—શું આર્ય કાલક અહીં આવ્યા હતા? તેમણે કહ્યું—હું આર્ય કાલકને ઓળખતો નથી પણ એક વૃદ્ધ આવ્યા છે ખરા. તે શિષ્યો આર્ય કાલકને ઓળખી ગયા. આર્ય સાગરે પોતાના દાદાગુરુ તરફ થયેલી આશાતના માટે તેમની ક્ષમા-યાચના માગી અને પૂછ્યું—ક્ષમાક્ષમણ ! મારી વ્યાખ્યા-પદ્ધતિ કેવી છે? આર્ય કાલક બોલ્યા—વ્યાખ્યા-શૈલી સુંદર છે, પણ ક્યારેય અભિમાન ન કરવું. સંસારમાં એકથી એક ચડિયાતા જ્ઞાનીઓ છે. 'હું જ જ્ઞાની છું' એમ માનવું તે મૂર્ખતાનું દ્યોતક છે. જ્ઞાનના ક્ષયોપશમનો તરતમ ભાવ હોય છે, તે ભૂલવું નહિ.

આર્ય સાગર સમજી ગયા. તેમણે વિચાર્યું—અરે ! મેં જ્ઞાનનો ગર્વ કરીને ઘણું-બધું ખોયું. પ્રજ્ઞાનો ગર્વ ન કરવો, આ છે પ્રજ્ઞાના પરીષહને સહન કરવો.[1]

૭૫. નિવૃત્ત થયો (विरओ)

વિરતિના પાંચ પ્રકાર છે—પ્રાણાતિપાત વિરતિ, મૃષાવાદ વિરતિ, અદત્તાદાન વિરતિ, મૈથુન વિરતિ અને અપરિગ્રહ વિરતિ. પ્રસ્તુત શ્લોકમાં મૈથુન વિરતિનો જ ઉલ્લેખ છે. બધી વિરતિઓમાં મૈથુન વિરતિ સૌથી મુશ્કેલ છે, મોટી છે, એટલા માટે તેનો મુખ્ય રૂપે ઉલ્લેખ થયો છે.[2]

બૃહદ્‌વૃત્તિકાર માને છે કે પુરુષમાં અબ્રહ્મ પ્રતિ આસક્તિ હોય છે અને તેને માટે તેનો ત્યાગ અત્યન્ત કઠિન બને છે, એટલા માટે અહીં તેનું ગ્રહણ કરવામાં આવ્યું છે.[3]

આચાર્ય નેમિચન્દ્રે આ જ કારણોનો નિર્દેશ કરતાં એક સુંદર ગાથા પ્રસ્તુત કરી છે[4]—

ચાર ઉપર વિજય મેળવવો અત્યંત કઠણ છે—

'अक्खाणऽसणी कम्माण मोहणी तह वयाण बंभं च ।
गुत्तीण य मणगुत्ती, चउरो दुक्खेण जिप्पंति ॥'

આ ચાર પર વિજય મેળવવો મુશ્કેલ છે—

(૧) ઈન્દ્રિયોમાં જિહ્વા ઈન્દ્રિયો પર.

(૨) કર્મોમાં મોહનીય કર્મ પર.

(૩) વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત પર.

(૪) ગુપ્તિઓમાં મનોગુપ્તિ પર.

૭૬. (जो सक्खं....धम्मं कल्लाण-पावगं)

અજ્ઞાનથી ઘેરાયેલો સાધક વિચારે છે કે હું સાક્ષાત્ અથવા સ્પષ્ટ રૂપે નથી જાણતો કે ધર્મ કલ્યાણકારી છે કે પાપકારી?

ચૂર્ણિકારે આ બે પદોના ત્રણ અર્થ કર્યા છે.[5] સાધક વિચારે છે—હું સાક્ષાત્ જાણતો નથી કે,

(૧) કલ્યાણકારી ધર્મ કયો છે અને પાપકારી ધર્મ કયો છે?

(૨) કયાં કર્મો કલ્યાણકારી છે અને કયાં કર્મો પાપકારી?

---

૧. सुखबोधा, पत्र ५१ ।
૨. उत्तराध्ययन चूर्णि, पृ० ८४ ।
૩. बृहद्वृत्ति, पत्र १२८ ।
૪. सुखबोधा, पत्र ५१ ।
૫. उत्तराध्ययन चूर्णि, पृ० ८४ ।

(૩) એવાં કયાં કર્મ છે કે જેમનું ફળ કલ્યાણકારી હોય છે અને એવાં કયાં કર્મ છે કે જેમનું ફળ પાપકારી હોય છે ?

બૃહદ્‌વૃત્તિમાં બે વિકલ્પો પ્રસ્તુત છે[1]—

(૧) શુભ કર્મ કયું છે અને અશુભ કર્મ કયું છે ?

(૨) મુક્તિના કારણરૂપ ધર્મ કયો છે અને નરક આદિના કારણરૂપ ધર્મ કયો છે ?

પ્રસ્તુત ચરણમાં પ્રયુક્ત 'सक्खं'નો અર્થ છે—સાક્ષાત્.[2] આ જ શબ્દ ૧૨।૩૭માં આ જ અર્થમાં પ્રયુક્ત થયો છે. ચૂર્ણિકારે 'समक्खं' પાઠ માનીને તેનો અર્થ સાક્ષાત્ એવો કર્યો છે.[3]

**૭૭. તપસ્યા અને ઉપધાનને (तवोवहाण....)**

તપ અને ઉપધાન—આ બે શબ્દો છે. તપનો અર્થ છે—ભદ્ર, મહાભદ્ર વગેરે તપોનુષ્ઠાન.

ઉપધાન શબ્દ જૈન પરંપરાનો પારિભાષિક શબ્દ છે. પ્રત્યેક આગમનું અધ્યયન શરૂ કરતાં પહેલાં સાધકે કેટલીક નિશ્ચિત તપસ્યાઓ કરવાની હોય છે. તે તપસ્યાઓ ઉપધાન કહેવાય છે. તેમાં આચામ્લ તપની પ્રધાનતા રહે છે.[4]

આગમોના અધ્યયનકાળમાં આચામ્લ (આયંબિલ) વગેરે તપસ્યા કરવાની પરંપરા રહી છે. પ્રત્યેક આગમ માટે તપસ્યાના દિવસો નિશ્ચિત કરેલા છે. વિશેષ જાણકારી માટે જુઓ—**આચાર દિનકર વિભાગ ૧; યોગોદ્‌વહનવિધિ પત્ર ૮૬-૧૧૦.**

પ્રસ્તુત આગમના ૧૧।૧૪માં ઉપધાન કરનાર માટે 'उवहाणवं' (उपधानवान्)નો પ્રયોગ મળે છે.

**૭૮. પ્રતિમાનો (पडिमं)**

પ્રતિમાનો અર્થ કાયોત્સર્ગ છે.[5] ચૂર્ણિ અને બૃહદ્‌વૃત્તિમાં તેનો અર્થ માસિક વગેરે ભિક્ષુ-પ્રતિમા કરવામાં આવ્યો છે.[6]

પરંતુ આ શબ્દ સાંકેતિક છે. વસ્તુતઃ પ્રતિમા શબ્દ સ્થાન-મુદ્રાનો સૂચક છે. બેઠી કે ઊભી પ્રતિમાની જેમ સ્થિરતાથી બેસવાને અથવા ઊભા રહેવાને પ્રતિમા કહેવામાં આવેલ છે. પ્રતિમાઓમાં ઉપવાસ વગેરેની અપેક્ષાએ કાયોત્સર્ગ અને આસનોની પ્રધાનતા હોય છે. એટલા માટે તેમનાં નામ ઉપવાસપ્રધાન ન હોતાં કાયોત્સર્ગપ્રધાન છે. તે બાર છે. વિશેષ જાણકારી માટે જુઓ—**દશાશ્રુતસ્કંધ, દશા ૭.**

**૭૯. છદ્મ (छउमं)**

જે આચ્છાદિત કરે છે, તે છદ્મ છે. આત્મગુણોને આચ્છાદિત કરનાર—ઢાંકી દેનાર ચાર કર્મો છે—જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ. તેમની વિદ્યમાનતામાં છદ્મસ્થતા બની રહે છે.

પ્રસ્તુત શ્લોકના પ્રસંગમાં અહીં માત્ર જ્ઞાનાવરણીય કર્મ ગૃહિત છે.[7]

**૮૦. (શ્લોક ૪૨-૪૩)**

સત્યનો સાક્ષાત્કાર ન હોવાને કારણે હીન ભાવનાથી ગ્રસ્ત થવું તે અજ્ઞાન-પરીષહ છે. પ્રજ્ઞા-પરીષહ અને અજ્ઞાન-પરીષહમાં શું અંતર છે—આ પ્રશ્ન સ્વાભાવિક જ ઊઠે. રાજવાર્તિકમાં તેનું સમાધાન આ રીતે કરવામાં આવેલું મળે છે—પ્રજ્ઞા-

---

૧. बृहद्‌वृत्ति, पत्र १२८ ।

૨. बृहद्‌वृत्ति, पत्र १२८ : सक्खं साक्षात् ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ० ८४ : समक्खं णाम सहसाक्षिभ्यां साक्षात् समक्षं तो साक्षात् ।

૪. (ક) बृहद्‌वृत्ति, पत्र १२८ : तपो—भद्रमहाभद्रादि, उपधानम्—आगमोपचाररूपमाचाम्लादि ।
(ખ) એજન, ૩૪૭ : उपधानम् अङ्गानङ्गाध्ययनादौ यथायोगमाचाम्लादि तपो विशेषः ।

૫. मूलाराधना दर्पण, ८।२०७१: पडिमा कायोत्सर्गः ।

૬. (ક) उत्तराध्ययन चूर्णि, पृ० ८५ : पडिमा नाम मासिकादिता ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र १२८ ।

૭. बृहद्‌वृत्ति, पत्र १२८ : छादयतीति छद्म—ज्ञानावरणादिकर्म ।

પરીષહનો સંબંધ શ્રુત-જ્ઞાન સાથે છે. સામાન્ય વિષયની જાણકારી ન હોવી તે પ્રજ્ઞા-પરીષહ છે. અજ્ઞાન પરીષહનો સંબંધ અવધિજ્ઞાન વગેરે અતીન્દ્રિય જ્ઞાન સાથે છે.[1]

ચૂર્ણિકારે આ શ્લોકોની વ્યાખ્યા જ્ઞાન-પરીષહ—આ બંને અપેક્ષાઓથી કરી છે.[2]

વૃત્તિકારે અજ્ઞાનના ભાવપક્ષ અને અભાવપક્ષના આધારે તેમની વ્યાખ્યા પ્રસ્તુત કરી છે.[3]

રાજવાર્તિકમાં અજ્ઞાન પરીષહના બે અર્થ કરવામાં આવ્યા છે. પહેલો અર્થ છે—તું અજ્ઞાની છે, વગેરે આક્ષેપાત્મક વચનો સાંભળવા. બીજો અર્થ છે—પ્રસ્તુત શ્લોકવર્તી નિરૂપણ.[4]

વૃત્તિકારે અજ્ઞાનના સદ્ભાવને સમજાવવા માટે આ ઉદાહરણ રજૂ કર્યું છે—

બે ભાઈઓ એક સાથે પ્રવ્રજિત થયા. એક બહુશ્રુત હતો અને બીજો અલ્પશ્રુત. બહુશ્રુત મુનિની પાસે અનેક શિષ્યો પ્રવ્રજિત થયા અને તે તેમને અધ્યાપન કરાવવા લાગ્યા. બધા શિષ્યો તે અધ્યાપનથી સંતુષ્ટ હતા. અધ્યયનકાળમાં તેમના મનમાં અનેક પ્રશ્નો ઊઠતા અને તેઓ તેમનું સમાધાન બહુશ્રુત મુનિ પાસેથી મેળવી લેતા. આખો દિવસ મુનિને વિશ્રામ મળતો નહિ. રાતનો સમય પણ શિષ્યોને ભણાવવામાં અને પ્રશ્નોનું સમાધાન કરવામાં વીતી જતો. ઊંઘવાનો પણ સમય ઓછો પડતો.

અલ્પશ્રુત મુનિ સુખપૂર્વક રહેતા અને ખૂબ ઊંઘ લેતા. ન કોઈ બીજો મુનિ તેમની પાસે જતો કે ન કોઈ કંઈ પૂછતું. એક વાર બહુશ્રુત મુનિએ વિચાર્યું—અહો ! ધન્ય છે આ સાથી-મુનિ કે જે સુખે સુવે છે. હું કમનસીબ છું કે મને સુવામાં પણ અડચણ પડે છે. આનું મુખ્ય કારણ છે મારું જ્ઞાનીપણું. જ્ઞાનની એવી ઉપાસનાથી શું લેવા-દેવા ! આવા ચિંતનથી તેમને જ્ઞાનાવરણીય કર્મનો બંધ થયો. તેમણે આ અસદ્ ચિંતનનું પ્રાયશ્ચિત્ત ન કર્યું.

ત્યાંથી મરીને તે દેવ બન્યા. ત્યાંનું આયુષ્ય પૂરું કરી તે એક આભીર કુળમાં જન્મ્યા. યુવાન થતાં કંઈક નિમિત્ત મળતાં તેઓ વિરક્ત થયા અને એક આચાર્ય પાસે દીક્ષિત થયા. ગુરુએ તેમને ઉત્તરાધ્યયનના પ્રથમ ત્રણ અધ્યયન શીખવ્યાં. જ્યારે તેમને ચોથા અધ્યયન 'असंखयं'ની વાચના આપી ત્યારે તેમનું પહેલાં બંધાયેલું જ્ઞાનાવરણ કર્મ વિપાકમાં આવ્યું. તેમણે છઠ્ઠ કર્યો, આયંબિલનો પ્રારંભ કર્યો, પણ તે અધ્યયનનો એક પણ શ્લોક તેમને આવડ્યો નહિ. તે આચાર્ય પાસે ગયા. આચાર્યે કહ્યું—જ્યાં સુધી આ અધ્યયન ન શીખી લો, ત્યાં સુધી આયંબિલ તપ કરતા રહો. આ આજ્ઞા શિરોધાર્ય કરી તે આયંબિલ તપ કરવા લાગ્યા. બાર વર્ષ સુધી આવો ક્રમ ચાલ્યો. આ અવધિમાં તે માત્ર 'असंखयं'—એ અધ્યયન એકલું શીખ્યા. જ્ઞાનાવરણ કર્મ ક્ષીણ થયું અને પછી તેમણે તરત જ બીજાં બીજાં આગમો શીખી લીધાં.[5]

અજ્ઞાનના અભાવપક્ષની દૃષ્ટિથી વૃત્તિકારે લખ્યું છે કે સાધક નિરંતર એમ વિચારે—જો કે હું સમસ્ત શાસ્ત્રોનું પારાયણ કરી બધા તથ્યોને કસોટી ઉપર કસી ચૂક્યો છું, પરંતુ મારે જ્ઞાનનો ગર્વ નથી કરવો. કેમ કે—

'पूर्वपुरुषसिंहानां विज्ञानातिशयसागरानन्त्यम् ।
श्रुत्वा साम्प्रतपुरुषाः, कथं स्वबुद्ध्या मदं यान्ति ॥'

—મારી પહેલાં અનેક બહુશ્રુત મુનિઓ થઈ ચૂક્યા છે. તેમનું જ્ઞાન-વિજ્ઞાન સાગર જેવું અથાગ હતું. તેમની પાસે હું બિંદુમાત્ર છું. હું કયા આધારે અહંકાર કરું ?[6]

૧. तत्त्वार्थ, राजवार्तिक ९।१७, पृ० ६१५ : प्रज्ञाऽज्ञाने अपि विरुद्धे तयोरन्तराभावेऽष्टादशसंख्याप्रसंग इति, तत्र किं कारणम् ? अपेक्षातो विरुद्धाभावात् । श्रुतज्ञानापेक्षया प्रज्ञाप्रकर्षे सति अवध्याद्यभावापेक्षया अज्ञानोपपत्तेः ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ० ८४ ।

૩. बृहद्वृत्ति, पत्र १२८ ।

૪. तत्त्वार्थराजवार्तिक, पृ. ६१२ : अज्ञोऽयं न किञ्चिदपि वेत्ति पशुसम इत्येवमाद्याधिक्षेपवचनं सहमानस्याऽध्ययनार्थ-ग्रहणपराभिभवादिष्वसक्तबुद्धेश्चिरप्रव्रजितस्य विविधतपो-विशेषभाराक्रान्तमूर्तेः सकलसामर्थ्यप्रमत्तस्य विनिवृत्तानिष्ट-मनोवाक्कायचेष्टस्याद्यापि मे ज्ञानातिशयो नोत्पद्यत इत्यनभिसन्दधतः अज्ञानपरीषहजयोऽवगन्तव्यः ।

૫. बृहद्वृत्ति, पत्र १२९-१३० ।

૬. એજન, पत्र १२९ ।

વૃત્તિકારે એક કથાનક પણ પ્રસ્તુત કર્યું છે—

આચાર્ય સ્થૂલભદ્ર ગામોગામ વિચરણ કરતાં-કરતાં એક નગરમાં આવ્યા. તેઓ બહુશ્રુત અને અનેક વિદ્યાઓના પારગામી હતા. તે નગરમાં તેમનો એક પૂર્વપરિચિત મિત્ર રહેતો હતો. તેઓ તેના ઘરે ગયા અને ગૃહિણીને પૂછ્યું—અમુક વ્યક્તિ ક્યાં છે? ગૃહિણીએ કહ્યું—'મહારાજ! તેઓ વ્યાપાર માટે પરદેશ ગયા છે.' આચાર્યે આમતેમ જોયું. તેમને લાગ્યું કે જે ઘર પહેલાં વૈભવથી ભરેલું અને સાફ-સફાઈદાર હતું તે આજે ખંડેર જેવું થઈ રહ્યું છે. તેમણે પોતાના જ્ઞાનબળથી જાણી લીધું કે આ વ્યક્તિના પૂર્વજોએ ઘરના અમુક થાંભલા નીચે ધન દાટી રાખ્યું હતું, તે આજે પણ જ્યાંનું ત્યાં જ દટાયેલું છે. તેમનું મન પીગળી ગયું. તેમણે ગૃહિણીને થાંભલા તરફ આંગળી કરી સાંકેતિક ભાષામાં કંઈક કહ્યું. તે સમજી કે મહારાજ મને અનિત્યતાનો ઉપદેશ આપી રહ્યા છે. આચાર્ય ત્યાંથી ચાલ્યા ગયા. કેટલોક સમય વીત્યા પછી ગૃહપતિ ઘરે પાછો ફર્યો. તેની પત્નીએ આચાર્યના આગમનની સાથે-સાથે સાંકેતિક ભાષામાં જે કંઈ કહ્યું હતું તે પણ સંભળાવ્યું. ગૃહસ્થ બધો સંદર્ભ સમજી ગયો. થાંભલા નીચે ખોદાવ્યું, અપાર ધન મળ્યું.[1]

## ૮૧. ઋદ્ધિ (इड्ढी)

અહીં ઋદ્ધિનો અર્થ છે—તપસ્યા વગેરેથી ઉત્પન્ન થનારી વિશેષ શક્તિ—યોગજ વિભૂતિ.[2] પાતંજલ યોગદર્શનના વિભૂતિ-પાદમાં જેવી રીતે યોગજ વિભૂતિઓનું વર્ણન છે તેવી જ રીતે જૈન આગમોમાં તપોજનિત ઋદ્ધિઓનું વર્ણન મળે છે.[3] શાન્ત્યાચાર્યે આ પ્રસંગે બે શ્લોક ઉદ્ધૃત કર્યા છે[4]—

**पादरजसा प्रशमनं सर्वरुजां साधवः क्षणात्कुर्युः ।**
**त्रिभुवनविस्मयजननान् दद्युः कामांस्तृणाग्राद्वा ॥**
**धर्माद्रिन्नोन्मिश्रितकाञ्चनवर्षादिसर्गसामर्थ्यम् ।**
**अद्भुतभीमोरुशिलासहस्रसम्पातशक्तिश्च ॥**

## ૮૨. (શ્લોક ૪૪-૪૫)

પ્રસ્તુત બે શ્લોકો દર્શન-પરીષહ સંબંધી છે. પ્રત્યેક સાધક કોઈને કોઈ વિચારધારા આત્મસાત્ કરીને સાધનામાં પ્રવૃત્ત થાય છે. તે દાર્શનિક ધારા પ્રત્યે તેનો વિશ્વાસ અખંડ હોવો જોઈએ. નહિ તો તે પાર પહોંચી નથી શકતો, વચમાં જ અટવાઈ જાય છે.

જૈન દર્શનની કેટલીક મુખ્ય પ્રતિપત્તિઓ આ પ્રમાણે છે—

(૧) પરલોક—જન્માંતર છે.

(૨) તપસ્યાનું મુખ્ય ફળ છે—કર્મોની ક્ષીણતા અને અવાંતર ફળ છે—અનેક ઋદ્ધિઓની પ્રાપ્તિ.

(૩) કેવલી થયા છે અને થશે.

પ્રસ્તુત બે શ્લોકોમાં આ ત્રણ પ્રતિપત્તિઓનો ઉલ્લેખ થયો છે. જે સાધકને તેમનામાં અવિશ્વાસ થવા લાગે છે તે પોતાની સાધનાને આગળ વધારી શકતો નથી.

---

૧. बृहद्वृत्ति, पत्र १३०-१३१ ।

૨. એજન, पत्र १३१ : 'ऋद्धिर्वा, तपोमाहात्म्यरूपा..... सा च आमर्शौषध्यादिः ।

૩. ओववाइय, सूत्र १५ ।

૪. बृहद्वृत्ति, पत्र १३१ ।

જ્યારે તેનું મન સંશયથી ભરાઈ જાય છે કે પરલોક કોણે જોયો છે? તેનું અસ્તિત્વ કેવી રીતે જાણી શકાય? ત્યારે તેને બધી ક્રિયાઓ નિરર્થક, કષ્ટ-સહન વ્યર્થ લાગવા માંડે છે. તે પોતાની કઠોર ચર્યામાંથી છટકવા લાગે છે.

સાધક તપસ્યા કરે છે અને જાણે છે કે તેને ઋદ્ધિઓ—યોગજ વિશેષતા પ્રાપ્ત થશે, પણ જ્યારે ઋદ્ધિપ્રાપ્તિમાં વિલંબ થાય છે ત્યારે તે તપસ્યાથી મોં ફેરવી લે છે. તેની ધીરજ ડગમગી જાય છે.

બે તપસ્વીઓ તપસ્યા કરી રહ્યા હતા. નારદજી ત્યાંથી પસાર થયા. એકે પૂછ્યું—ઋષિવર ! ક્યાં જઈ રહ્યા છો? નારદે કહ્યું—ભગવાન પાસે. તપસ્વીએ કહ્યું—'મારું એક કામ કરો. ભગવાનને પૂછજો કે મારી મુક્તિ ક્યારે થશે?' નારદ આગળ વધ્યા. બીજા તપસ્વીએ પણ આ જ વાત કરી. નારદજી પાછા ફરતાં તે જ રસ્તેથી નીકળ્યા અને પહેલા તપસ્વીને કહ્યું—ભગવાને કહ્યું છે કે તારી મુક્તિ ત્રણ જન્મ પછી થશે. તપસ્વીએ આ સાંભળ્યું. મનમાં ઉથલ-પાથલ મચી ગઈ. વિચાર્યું—અરે! આ શું? હું સાઠ હજાર વર્ષથી તપ તપી રહ્યો છું, છતાં પણ મારે ત્રણ જન્મ બીજા લેવા પડશે? આ કેવો ન્યાય? તેણે તે જ સમયે તપસ્યાને તિલાંજલિ દીધી અને પોતાના ગામ જવા રવાના થયો.

નારદજી બીજા તપસ્વીની પાસે પહોંચ્યા અને બોલ્યા—ઋષિવર ! ભગવાને કહ્યું છે કે તમારી મુક્તિ થશે જરૂર, પણ જે વૃક્ષની નીચે તમે તપસ્યા કરી રહ્યા છો તે વૃક્ષના જેટલાં પાંદડાં છે તેટલાં વર્ષ હજુ લાગશે. તપસ્વીએ સાંભળ્યું. તેનું મન આનંદથી ભરાઈ ગયું. તે નાચતો નાચતો ગણગણવા લાગ્યો—'મારી મુક્તિ થઈ જશે, મારી મુક્તિ થઈ જશે.'

આ છે ધૃતિ અને અધૃતિનો ખેલ. સાધનામાં ધૃતિ રાખવાની હોય છે.

જ્યારે સાધકને વીતરાગ કે આપ્તપુરુષના અસ્તિત્વમાં સંદેહ પેદા થાય છે ત્યારે તે તેમના વચનો પ્રત્યે પણ સંદેહશીલ બની જાય છે. 'જિન' સદા બધાને પ્રત્યક્ષ હોતા નથી. વ્યક્તિએ વિશ્વાસ પર વ્યવહાર કરવાનો હોય છે. જે શાસ્ત્રો છે, તે વીતરાગની વાણીના આધારે સંગૃહીત છે, એવું માનનાર સાધક જ તેમના વચનોના આધારે પોતાની સાધનાનો યાત્રાપથ નક્કી કરી શકે છે, અન્યથા નહિ. વિના વિશ્વાસ એક ડગલું પણ ચાલી શકાતું નથી.

વર્તમાનમાં ભગવાન મહાવીરનું શાસન ચાલી રહ્યું છે. તેઓ ચોવીસમા તીર્થંકર હતા. તેમની પહેલાં ત્રેવીસ તીર્થંકરો થઈ ચૂક્યા હતા. એટલા માટે કહેવામાં આવ્યું—'अभू जिणा'—જિનો થયા હતા. 'अत्थि जिणा'—જિનો છે—આ કથન તીર્થંકર મહાવીરની સૂચના આપે છે. વૃત્તિકારે લખ્યું છે કે આ અધ્યયન કર્મપ્રવાદ-પૂર્વના સત્તરમા પ્રાભૃતમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે અને સુધર્માસ્વામીએ પ્રત્યક્ષ જંબુસ્વામીને આ કહ્યું છે. એટલે વીતરાગની ઉપસ્થિતિનો ઉલ્લેખ છે અથવા મહાવિદેહ આદિ ક્ષેત્રોની અપેક્ષાએ પણ આ કથન યથાર્થ છે. ત્યાં તીર્થંકરો સદા રહે છે.

ચુમ્માલીસમા શ્લોકના 'नत्थि नूणं परे लोए'ને આધાર માનીને વ્યાખ્યાકારોએ આચાર્ય આષાઢનું કથાનક પ્રસ્તુત કર્યું છે. તે આ પ્રમાણે છે—

વત્સભૂમિમાં આષાઢ વિચરણ કરી રહ્યા હતા. તેઓ એક ગણના આચાર્ય હતા. તેઓ બહુશ્રુત અને અનેક શિષ્યોના આચાર્ય હતા. તે ગણમાં જે જે મુનિ દિવંગત થતા, તેઓ તેમને અનશન કરાવતા અને કહેતા—જ્યારે તમે દેવ બનો ત્યારે જરૂર મને દર્શન દેજો. વર્ષો વીતી ગયાં. અનેક સંથારા થયા, પરંતુ કોઈ પાછું ફરીને આવ્યું નહિ. એકવાર એક અત્યન્ત પ્રિય શિષ્ય મૃત્યુશય્યા પર હતો. આચાર્યે તેને ભક્ત-પ્રત્યાખ્યાન કરાવતાં કહ્યું—દેવરૂપમાં ઉત્પન્ન થતાં જ તરત અહીં આવી દર્શન દેજે, પ્રમાદ ન કરીશ. મુનિનું મૃત્યુ થયું. પણ તે પણ ન આવ્યો. આચાર્યે વિચાર્યું—ચોક્કસ પરલોક છે જ નહિ. અનેક ગયા, પણ કોઈ આવ્યું નહિ. આથી આ વ્રતચર્યા નિરર્થક છે. મેં નકામો જ ભોગોનો ત્યાગ કર્યો. આચાર્ય ડામાડોળ બની ગયા. તે જ મુનિવેશમાં તેઓ ગણનો ત્યાગ કરી ચાલ્યા ગયા. એટલામાં જ તેમના એક દિવંગત શિષ્યે જોયું. તેમને પ્રતિબોધ આપવા માટે તેણે માર્ગમાં એક ગામની રચના કરી અને ત્યાં નૃત્યનું આયોજન કર્યું. આચાર્ય ત્યાં છ મહિના સુધી રહ્યા. ન તેમને ભૂખ સતાવતી હતી, ન તરસ કે ન શ્રમ. છ મહિનાનો કાળ વીતી ગયો તે પણ તેમણે ન જાણ્યું. દેવતાએ પોતાની માયા સમેટી લીધી. આચાર્ય ત્યાંથી આગળ ચાલ્યા. દેવતાએ તેમના સંયમના પરિણામોની પરીક્ષા કરવા માટે છ બાળકોની વિકુર્વણા કરી.

આચાર્યની સામે પહેલુ બાળક આવ્યું. તેનું નામ હતું—પૃથ્વીકાય. આચાર્યે વિચાર્યું—હું આના બધા ઘરેણા લઈ લઉં, જીવન સુખપૂર્વક વીતશે. આચાર્યે બાળકને કહ્યું—ઘરેણાં ઉતારી દે. બાળક બોલ્યું—ભંતે ! આ ભીષણ અટવીમાં હું આપના શરણે આવ્યો છું. આપ જ મને લૂંટો છો ? આ કેવો ન્યાય ? મારી વાત સાંભળો, પછી જેમ ઈચ્છો તેમ કરજો.

**जेण भिक्खं बलिं देमि, जेण पोसेमि नायए ।**

**सा मे मही अक्कमइ, जायं सरणओ भयं ॥**

જે પૃથ્વી સહુનું સંરક્ષણ કરે છે, ભરણ-પોષણ કરે છે, તે જ પૃથ્વી મારું ભક્ષણ કરે છે તો લાગે છે કે શરણ દેનાર જ પ્રાણ હરણ કરે છે.

આચાર્યે તેના ઘરેણાં ઉતારી તેને છોડી દીધો. ઘરેણાં પોતાના પાત્રમાં રાખી લીધાં.

એટલામાં અપકાય નામનો બીજો બાળક આવ્યો. તે પણ સુઅલંકૃત હતો. આચાર્યે કહ્યું—ઘરેણાં આપી દે, નહિ તો મારી નાખીશ. બાળક બોલ્યો—મારી વાત સાંભળો. પાટલ નામનો એક માણસ કથા કહીને આજીવિકા ચલાવતો હતો. એકવાર તે ગંગા નદી પાર કરી રહ્યો હતો. એટલામાં જ તેમાં તીવ્ર પ્રવાહ આવ્યો અને તે પાટલ વહેવા લાગ્યો. ભંતે ! જુઓ—

**जेण रोहंति बीयाणि, जेण जीयंति कासया ।**

**तस्स मज्झे विवज्जामि, जायं सरणओ भयं ॥**

જે જળના પ્રભાવથી બીજ ઉત્પન્ન થાય છે, ખેડૂતો જીવન-યાપન કરે છે, તે જ જળ મને મારી રહ્યું છે. તે સાચું છે કે શરણ આપનાર જ પ્રાણ હરણ કરી રહેલ છે.

આચાર્યે તેના ઘરેણાં લઈ લીધાં અને તેને અભયદાન આપી છોડી મૂક્યો.

ત્રીજો બાળક તેજસ્કાય નજરે પડ્યો. તેણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું—ગુરુદેવ ! એક કથા સાંભળો. એક જંગલમાં એક તપસ્વી રહેતો હતો. તે પ્રતિદિન અગ્નિની પૂજા કરતો, આહુતિ આપતો. એકવાર તે જ અગ્નિ વડે તેની ઝૂંપડી સળગીને રાખ થઈ ગઈ. તે તપસ્વીએ કહ્યું—

**जमहं दिया राओ य, तप्पेमि महुसप्पिसा ।**

**तेण मे उडओ दड्ढो, जायं सरणओ भयं ॥**

હું જે અગ્નિનું મધ અને ઘીથી સિંચન કરતો હતો તે જ અગ્નિએ મારું ઘર—કુટિર સળગાવી દીધી. શરણ આપનાર પણ ભયપ્રદ બની ગયો.

એક વ્યક્તિ જંગલમાં જઈ રહ્યો હતો. એટલામાં જ વાઘને આવતો જોયો. તેણે અગ્નિનું શરણ લીધું. અગ્નિ સળગાવીને ત્યાં બેસી ગયો. અગ્નિને જોઈને વાઘ ભાગી ગયો. પરંતુ તે અગ્નિએ તેને જ સળગાવી દીધો. જેને શરણ માન્યું હતું, તે જ અશરણ બની ગયું.

આચાર્યે તેના ઘરેણાં લઈ લીધા અને તેને જીવતો છોડી મૂક્યો.

ચોથા બાળકનું નામ હતું—વાયુકાય. આચાર્યની સામે આવતાં જ આચાર્યે તેને ઘરેણાં આપવા માટે કહ્યું. તેણે આનાકાની કરી. આચાર્યે મારી નાખવાની ધમકી આપી. બાળક બોલ્યો—પહેલાં મારી વાત સાંભળો પછી મનફાવતું કરો. ભંતે ! એક યુવક હતો. તે શક્તિસંપન્ન અને શરીરસંપદાથી યુક્ત હતો. તેને વાયુનો રોગ થયો. શીતળ વાયુ પણ તેને પીડા કરવા લાગ્યો. જે વાયુના સહારે બધા પ્રાણીઓ જીવિત રહે છે, તે જ વાયુ પ્રાણહરણ પણ કરે છે. જે પ્રાણદાતા છે, તે પ્રાણહર્તા પણ બની જાય છે. સાચું જ કહ્યું છે—

**जिट्ठासाढेसु मासेसु, जो सुहो वाइ मारुओ ।**

**तेण मे भज्जए अंगं, जायं सरणओ भयं ॥**

जेण जीवंति सत्ताणि, निरोहंमि अणंतए ।
तेण मे भज्जए अंगं, जायं सरणओ भयं ॥

આચાર્યે સાંભળ્યું, ઘરેણાં પોતાના પાત્રમાં મૂકી દીધાં અને તેને જીવતો છોડી દીધો.

પાંચમો બાળક હતો—વનસ્પતિકાય. તેણે કહ્યું—ભંતે ! જંગલમાં એક સઘન વૃક્ષ હતું. તે વૃક્ષ પર અનેક પક્ષીઓ આવીને વિસામો લેતા હતા. તે પક્ષીઓનું આવાસસ્થાન હતું. તેમાં પક્ષીઓએ પોતાના માળા બનાવ્યા હતા અને તે માળાઓમાં તેમના બચ્ચાં ઉછરી રહ્યાં હતાં. એકવાર તે જ વૃક્ષની પાસે એક વેલ ઊગી નીકળી અને વધવા લાગી. ધીરે-ધીરે તે વેલે આખા વૃક્ષને ઢાંકી દીધું. તે વેલ ઉપર સુધી ચઢી ગઈ. એક દિવસ એક સાપ તે વેલના સહારે ઉપર ચઢ્યો અને માળાઓમાં રહેલા બધાં બચ્ચાઓને ખાઈ ગયો. ભંતે ! કેવો અન્યાય ! જે વૃક્ષ અભયસ્થાન હતું, તે જ વેલના કારણે ત્રાસદાયી બની ગયું—

जाव वुच्छं सुहं वुच्छं, पादवे निरुवद्दवे ।
मूलाउ उट्ठिया वल्ली, जायं सरणओ भयं ॥

આચાર્યે તેના ઘરેણાં લઈ લીધાં અને તેને જવા દીધો.

છઠ્ઠા બાળકનું નામ હતું—ત્રસકાય. આચાર્યે તેને જોયો. જેવા આચાર્ય તેના ઘરેણાં ઉતારવા લાગ્યા, તેવો તે બોલ્યો—ગુરુવર્ય ! આપ આ શું કરી રહ્યા છો ? હું તો આપનો શરણાગત છું. આપ મને મારો નહિ. મારી વાત સાંભળો. એક નગર હતું. ત્યાંનો રાજા, પુરોહિત અને કોટવાળ ત્રણે ચોર હતા. તેઓ નગરને લૂંટતા. બધી જનતા ત્રાસી ગઈ હતી. ભંતે ! આ ત્રણે રક્ષક હોવા છતાં ભક્ષક બની ગયા. સાચું જ કહ્યું છે કે શરણ પણ ભય આપનાર બની જાય છે.

जत्थ राया सयं चोरो, मंडिओ य पुरोहिओ ।
दिसं भयह नायरिया ! जायं सरणओ भयं ॥

ભંતે ! એક વાત બીજી પણ સાંભળો—

એક બ્રાહ્મણ હતો. તેની પુત્રી અત્યન્ત રૂપવતી હતી. તેણે યૌવનમાં પગ મૂક્યો. પિતા તે પુત્રીમાં આસક્ત બની ગયો. હંમેશા તેનું જ ચિંતન કરતાં-કરતાં તેનું શરીર સૂકાઈ ગયું. બ્રાહ્મણીએ પૂછ્યું. તેણે બધી વાત કરી દીધી. બ્રાહ્મણી બોલી—આપ ચિંતા ન કરો. હું ઉપાય કરીશ. એક દિવસ બ્રાહ્મણીએ પોતાની પુત્રીને કહ્યું—દીકરી ! આપણી એ કુળપરંપરા છે કે કુળમાં જન્મેલી પુત્રીનો ઉપભોગ પહેલાં યક્ષ કરે છે, પછી તેનો વિવાહ કરવામાં આવે છે. આ મહિનાની કૃષ્ણચતુર્દશીને દિવસે યક્ષ આવશે. તું તેને નારાજ ન કરીશ. તે સમયે અજવાળું રાખીશ નહિ. બાળાનાં મનમાં યક્ષ વિશેનું કુતૂહલ છવાઈ ગયું. ચતુર્દશીનો દિવસ. રાત્રે તેણે દીવા ઉપર ઢાંકણું મૂકી દીધું. ઘોર અંધકાર. યક્ષના બહાને તે પિતા બ્રાહ્મણ આવ્યો અને રાતભર બાળા સાથે રતિક્રીડા કરી ત્યાં જ સૂઈ ગયો. બાળાનું કુતૂહલ શાંત થયું ન હતું. તે જાગી રહી હતી. તેણે દીવાનું ઢાંકણું ઊંચકી લીધું. તેણે પોતાની પાસે સૂતેલા પિતાને જોયા. તેણે વિચાર્યું—જે કંઈ થઈ રહ્યું છે, થવા દો. તેની સાથે ભોગ ભોગવું. વળી બંને રતિક્રીડામાં સંલગ્ન થયાં. સૂર્યોદય થઈ ગયો. પણ તેઓ જાગ્યાં નહિ. બ્રાહ્મણીએ જગાડવા માટે કંઈક ગીત ગાયું. તેના પ્રત્યુત્તરમાં બાળાએ કહ્યું—મા ! તેં જ મને શીખામણ આપતા કહ્યું હતું—દીકરી ! આવેલા યક્ષને ઈન્કાર કરીશ નહિ. મેં તેમ જ કર્યું. હવે પિતાનું યક્ષ દ્વારા હરણ કરાઈ ગયું છે. તું બીજા બ્રાહ્મણને શોધી લે.

બ્રાહ્મણી બોલી—

नवमास कुच्छीइ धालिया, पासवणे पुलिसे य मद्दिए ।
धूया मे गेहिए हडे सलणए असलणए य मे जायए ॥

જે છોકરીને મેં નવ માસ સુધી ગર્ભમાં રાખી, તેનું મળ-મૂત્ર સાફ કર્યું, તે જ પુત્રી મારા પતિનું હરણ કરી ગઈ. શરણ અશરણ બની ગયું.

એકવાર એક બ્રાહ્મણે તળાવ બનાવ્યું અને તેની નજીક એક મંદિર તથા બગીચો બનાવ્યો. ત્યાં યજ્ઞ થતો અને યજ્ઞમાં બકરા મારવામાં આવતા. તે બ્રાહ્મણ મરી ગયો અને ત્યાં જ બકરો બન્યો. તેના પુત્રો તેને તે જ દેવાલયમાં બલિ આપવા લઈ ગયા. તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તે પોતાની ભાષામાં બડબડવા લાગ્યો. તેણે વિચાર્યું—અરે ! મેં જ તો આ દેવમંદિર બનાવ્યું અને મેં જ આ યજ્ઞ ચાલુ કર્યો. તે કાંપી રહ્યો હતો. એક જ્ઞાની મુનિએ જોયું. મુનિએ કંઈક કહ્યું એટલે તે ચૂપ થઈ ગયો. બ્રાહ્મણે જોયું અને મુનિને પૂછ્યું. તેણે કહ્યું—વત્સ ! આ તારો પિતા છે. તેણે પૂછ્યું—તેની ઓળખાણ શું ? મુનિ બોલ્યા—તમે બંનેએ જ્યાં જમીનમાં ધન દાટ્યું છે તે આ જાણે છે. બકરો તે સ્થાન પર ગયો અને પોતાની ખરીથી પૃથ્વી પર ખોતરવા માંડ્યો. છોકરો જાણતો હતો. બકરાને છોડી મૂક્યો. તે સાધુઓના ચરણોમાં નમી પડ્યો.

તે બ્રાહ્મણે યજ્ઞ અને મંદિરને શરણ માની તેમનું નિર્માણ કરાવ્યું હતું પણ તે પણ અશરણ જ નીકળ્યાં.

બાળક ત્રસકાયનાં ઘરેણાં લઈ આર્ય આષાઢ આગળ વધ્યા. દેવે વિચાર્યું—આચાર્ય ચારિત્રશૂન્ય બની ગયા છે. હવે જોઉં તો ખરો કે તેમનામાં સમ્યક્ત્વ છે કે નહિ ?

આચાર્ય આષાઢ છએ બાળકોના ઘરેણાં લઈ આગળ વધ્યા. તેમણે જોયું કે રસ્તાની એક બાજુ એક ગર્ભવતી સાધ્વી સાજશણગાર સજીને બેઠી છે. આષાઢ આચાર્યે કહ્યું—

**कडए ते कुंडले य ते, अंजियक्खि ! तिलयते य ते ।**
**पवयणस्स उड्डाहकारिए ! दुट्ठा सेहि ! कतोसि आगया ॥**

તે કોપાયમાન થઈ બોલી—

**राईसरिसवमेत्ताणि परच्छिड्डाणि पेच्छसे ।**
**अप्पणो बिल्लमेत्ताणि, पिच्छन्तो वि न पेच्छसे ॥**

તમે બીજાના રાય જેવા નાનાં છિદ્રો પણ જુઓ છો અને પોતાના બીલાં જેવડા પણ મોટા દોષને જોવા છતાં નથી જોતા.

આપ શ્રમણ છો, સંયમી છો, બ્રહ્મચારી છો, કંચન અને પત્થરને સમાન સમજો છો, આપનો વૈરાગ્ય પ્રખર છે, આપનો વેશ મૂળ રૂપમાં છે. આર્ય ! કૃપા કરી અને બતાવો કે આપના પાત્રમાં શું છે ?

**समणो सि य संजओ य सि, बंभयारी समलेट्ठुकंचणो ।**
**वेहारिवंवायओ य ते, जेट्ठज्ज ! किं त पडिग्गहे ॥**

આચાર્ય કશું બોલ્યા વિના જ અત્યન્ત લજ્જા પામી આગળ વધ્યા. દેવ હાથીની વિકુર્વણા કરી હાથી પર ચડી આચાર્યની સામે આવી પહોંચ્યો. હાથી પરથી ઊતરી, વંદન કરી કહ્યું—ભંતે ! મારું સદ્ભાગ્ય છે કે અહીં જંગલમાં આપના દર્શન થયાં. કૃપા કરી આપ મારા હાથે પ્રાસુક દાન ગ્રહણ કરો. આચાર્યે કહ્યું—આજે ઉપવાસ છે. હું કંઈ લઈ શકું નહિ. એટલામાં જ એક વ્યક્તિએ આચાર્યના હાથમાંથી બળપૂર્વક ઝોળી ખેંચી લીધી અને તેમાં લાડુ મૂકવા માંડ્યો. ઝોળીમાં આભરણો જોઈ ખીજાઈને બોલ્યો—અનાર્ય ! આ શું છે ? આ તો મારા પુત્રોના ઘરેણાં છે. બતાવ, તે બધા ક્યાં ગયા ? શું તેં તેમને મારી નાખ્યા ? આચાર્ય ભયથી કંપવા લાગ્યા.

દેવતાએ પોતાની લીલા સમેટી લીધી અને પ્રત્યક્ષ રૂપમાં આવીને હાથ જોડીને બોલ્યો—હાય ! આપ જેવા આગમધરો માટે એમ વિચારવું કે પરલોક નથી, તે પણ ઉચિત નથી. આપ જાણો છો કે દેવલોકમાં અપાર સુખો છે. તે સુખનો ઉપભોગ કરતા દેવો જાણી નથી શકતા કે કેટલો કાળ વીતી ગયો. હું એટલા માટે સમયસર આપની સામે આવી શક્યો નહિ.

આચાર્ય આષાઢની વિવેકચેતના જાગી. તેઓ પોતાની ભૂલ પર પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેઓ પોતાના મૂળ સ્થાને પાછા ફર્યા અને આલોચના, પ્રતિક્રમણ કરી વૈરાગ્યની વૃદ્ધિ કરતા-કરતા વિહરણ કરવા લાગ્યા.[1]

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, પૃ० ८७-९० । (ખ) बृहद्वृत्ति, पत्र १३३-१३९ । (ગ) सुखबोधा, पत्र ५२-५५ ।

# तइअं अज्झयणं

## चाउरंगिज्जं

# તૃતીય અધ્યયન

## ચતુરંગીય

# આમુખ

અનુયોગદ્વાર આગમમાં નામકરણના દસ હેતુ બતાવવામાં આવ્યા છે. તેમાં એક હેતુ 'આદાન-પદ' છે. આ અધ્યયનનું નામ તે જ આદાન પદ (પ્રથમ પદ)ને કારણે 'ચતુરંગીય' થયું છે.[1] આ અધ્યયનમાં (૧) મનુષ્યત્વ, (૨) ધર્મ-શ્રવણ, (૩) શ્રદ્ધા, (૪) તપ-સંયમમાં પુરુષાર્થ—આ ચાર અંગોની દુર્લભતાનું પ્રતિપાદન છે. જીવનના આ ચાર પ્રશસ્ત અંગો—વિભાગો છે. આ અંગો પ્રત્યેક વ્યક્તિને સહજ પ્રાપ્ય નથી. ચારેનો એકત્ર સમાહાર વિરલાઓમાં જ મળે છે. જેમનામાં ચારેય મળે નહિ, તેઓ ધર્મની આરાધના કરી શકે નહિ. એકની પણ ખામી તેમના જીવનમાં પાંગળાપણું લાવી મૂકે છે. ચારેય અંગોની દુર્લભતા નીચેના વિવેચનથી પ્રગટ થશે.

**(૧) મનુષ્યત્વ**

આત્માથી પરમાત્મા બનવાનો એકમાત્ર અવસર મનુષ્ય-જન્મમાં પ્રાપ્ત થાય છે. તિર્યંચ જગતમાં ક્યારેક પૂર્વસંસ્કારોથી પ્રેરિત ધર્માંરાધના થાય છે, પરંતુ તે અધૂરી રહે છે. દેવો ધર્મની પૂરી આરાધના કરવા પામતા નથી. તેઓ વિલાસમાં જ વધુ સમય ગુમાવે છે. શ્રામણ્ય માટે તેઓ યોગ્ય નથી હોતા. નૈરયિક જીવો દુઃખોથી ત્રસ્ત હોય છે, આથી તેમનો ધાર્મિક વિવેક પ્રબુદ્ધ નથી હોતો. મનુષ્યનો વિવેક જાગૃત હોય છે. તે અતિ સુખી કે અતિ દુઃખી પણ નથી હોતો, આથી તે ધર્મની પૂર્ણ આરાધનાનો યોગ્ય અધિકારી છે.

**(૨) ધર્મ-શ્રવણ**

ધર્મ-શ્રવણની રુચિ પ્રત્યેકમાં નથી હોતી. જેમનું અંતઃકરણ ધાર્મિક ભાવનાથી ભાવિત હોય છે, તે મનુષ્યો ધર્મ-શ્રવણ માટે તત્પર રહે છે. ઘણા લોકો દુર્લભતમ મનુષ્યત્વને પામીને પણ ધર્મ સાંભળવાનો લાભ મેળવી શકતા નથી. નિર્યુક્તિકારે ધર્મ-શ્રવણમાં આવતાં ૧૩ વિઘ્નો દર્શાવ્યાં છે[2]—

૧. આલસ્ય— અનુદ્યમ.
૨. મોહ— ઘર(ધંધા)ની વ્યસ્તતામાંથી પેદા થયેલ મૂઢતા અથવા હેયોપાદેયના વિવેકનો અભાવ.
૩. અવજ્ઞા અથવા અવર્ણ— ધર્મ-કથક પ્રતિ અવજ્ઞા કે તિરસ્કારનો ભાવ.
૪. સ્તંભ— જાતિ વગેરેનો અહંકાર.
૫. ક્રોધ— ધર્મ-કથક તરફ અપ્રીતિ.
૬. પ્રમાદ— નિદ્રા, વિકથા વગેરે.
૭. કૃપણતા— ધનવ્યયનો ભય
૮. ભય.
૯. શોક— ઈષ્ટ-વિયોગથી પેદા થતું દુઃખ.
૧૦. અજ્ઞાન— મિથ્યા ધારણા.
૧૧. વ્યાક્ષેપ— કાર્ય-બહુલતામાંથી પેદા થતી વ્યાકુળતા.
૧૨. કુતૂહલ— જાદુ, ખેલ, તમાશા જોવાની આકુળતા.
૧૩. રમણ— ક્રીડા-પરાયણતા.

**(૩) શ્રદ્ધા**

ભગવાને કહ્યું—'श्रद्धा परम दुल्लहा'—શ્રદ્ધા પરમ દુર્લભ છે. જીવન-વિકાસનું આ મૂળ સૂત્ર છે. જેનો દૃષ્ટિકોણ મિથ્યા હોય છે, તે સદ્ભાવ સાંભળીને પણ તેમાં શ્રદ્ધા નથી કરતો અને શ્રુત અથવા અશ્રુત અસદ્ભાવમાં તેનો વિશ્વાસ થઈ જાય છે. જેનો દૃષ્ટિકોણ સમ્યક્ હોય છે તે સદ્ભાવને સાંભળીને તેમાં શ્રદ્ધા કરે છે પરંતુ પોતાના અજ્ઞાનને વશ થઈને અથવા ગુરુના નિયોગથી અસદ્ભાવ પ્રતિ પણ તેની શ્રદ્ધા થઈ જાય છે. આ રીતે સમ્યક્ દૃષ્ટિવાળા માટે પણ શ્રદ્ધા દુર્લભ છે.

---

૧. अणुओगदाराइं, सूत्र ३२२ : से किं तं आयाणपएणं ? आयाणपएणं—आवंती, चाउरंगिज्जं, असंखयं, जण्णइज्जं....एलइज्जं....से तं आयाणपएणं।

૨. उत्तराध्ययन निर्युक्ति, गाथा १६० : आलस्स मोहऽवन्ना, थंभा कोहा पमाय किविणता।
भय सोगा अन्नाणा, वक्खेव कुऊहला रमणा ॥

શિષ્યે પૂછ્યું—'ભંતે ! શું સમ્યક્ દૃષ્ટિવાળા આટલા સરળ પ્રકૃતિના હોય છે કે જે ગુરુના કથનમાત્રથી અસદ્ભાવ પ્રતિ શ્રદ્ધા કરી લે છે ?'

આચાર્યે કહ્યું—'આયુષ્મન્ ! એવું બને છે. જમાલિએ જ્યારે અસદ્ભાવની પ્રરૂપણા કરી અને પોતાના શિષ્યોને તેનાથી પરિચિત કર્યા તો કેટલાક શિષ્યો તેમાં શ્રદ્ધાન્વિત બની ગયા.'[1]

એટલા માટે બહુ માર્મિક ઢંગથી આમ કહ્યું છે કે—'શ્રદ્ધા પરમ દુર્લભ છે.'

**(૪) તપ-સંયમમાં પુરુષાર્થ**

નિર્યુક્તિકારે સંયમના આઠ પર્યાયવાચી નામો બતાવ્યાં છે—(૧) દયા, (૨) સંયમ, (૩) લજ્જા, (૪) જુગુપ્સા, (૫) અછલના, (૬) તિતિક્ષા, (૭) અહિંસા અને (૮) હ્રી.[2]

સંયમમાં શ્રદ્ધા હોય તો પણ બધી વ્યક્તિઓ તેમાં પરાક્રમ કરી શકતી નથી. જાણવું કે શ્રદ્ધા રાખવી તે એક વસ્તુ છે અને તેને અમલમાં મૂકવું તે બીજી. તેમાં સંકલ્પબળ, ધૃતિ, સંતોષ અને અનુદ્વિગ્નતાની અત્યન્ત આવશ્યકતા હોય છે. જેમનું ચિત્ત વ્યાક્ષિપ્ત કે વ્યામૂઢ નથી હોતું, તેવી જ વ્યક્તિઓ સંયમમાં પ્રવૃત્ત થઈ શકે છે. નિર્યુક્તિકારે દુર્લભ અંગોમાં કેટલોક વિસ્તાર કર્યો છે. તેમના મત અનુસાર મનુષ્યત્વ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, સર્વાંગ પરિપૂર્ણતા, નિરોગિતા, પૂર્ણાયુષ્ય, પરલોક-પ્રવણબુદ્ધિ, ધર્મ-શ્રવણ, ધર્મ-સ્વીકૃતિ, શ્રદ્ધા અને સંયમ—આ બધાં દુર્લભ છે.[3] મનુષ્ય-ભવની દુર્લભતાનાં દસ દૃષ્ટાંત નિર્યુક્તિમાં ઉલ્લેખાયેલાં છે.[4]

શ્રદ્ધાની દુર્લભતા દર્શાવવા માટે સાત નિહ્નવોની કથાઓ આપવામાં આવી છે.[5]

ભગવાને કહ્યું છે—'सोही उज्जुयभूयस्स धम्मो सुद्धस्स चिट्ठई'—સરળ વ્યક્તિની શુદ્ધિ થાય છે અને ધર્મ શુદ્ધ આત્મામાં સ્થિર થાય છે. જ્યાં સરળતા છે ત્યાં શુદ્ધિ છે અને જ્યાં શુદ્ધિ છે ત્યાં ધર્મનો નિવાસ છે. ધર્મનું ફળ આત્મશુદ્ધિ છે, પરંતુ ધર્મની આરાધના કરનારને પુણ્યનો બંધ થાય છે. દેવ યોનિમાંથી ચ્યુત થઈને જ્યારે તે ફરી મનુષ્ય બને છે ત્યારે તે દશાંગધારી મનુષ્ય યોનિમાં આવે છે. શ્લોક ૧૭ અને ૧૮માં આ દસ અંગો નીચે પ્રમાણે કહેવામાં આવ્યા છે—

---

૧. बृहद्वृत्ति, पत्र १५२ : ननु किमेवंविधा अपि केचिदत्यन्तमृजवः सम्भवेयुः ये स्वयमागमानुसारिमतयोऽपि गुरूपदेशतोऽन्यथापि प्रतिपद्येरन् ? एवमेतत्, तथाहि—जमालिप्रभृतीनां निह्नवानां शिष्यास्तद्भक्तियुक्ततया स्वयमागमानुसारिमतयोऽपि गुरुप्रत्ययाद्विपरीतमर्थं प्रतिपन्नाः ।

૨. उत्तराध्ययन निर्युक्ति, गाथा १५८ : दया य संजमे लज्जा, दुगुंछाऽछलणा इअ ।
तितिक्खा य अहिंसा य, हिरि एगट्ठिया पया ॥

૩. એજન, गाथा १५९ : माणुस्स खित्त जाई, कुल रूवारोग्ग आउयं बुद्धी ।
सवणुग्गह सद्धा, संजमो अ लोगंमि दुल्लहाइं ॥

૪. એજન, गाथा १६० : चुल्ला पासग धन्ने, जूए रयणे अ सुमिण चक्के य ।
चम्म जुगे परमाणु, दस दिट्ठंता मणुअलंभे ॥

૫. એજન, गाथा १६४-१६६ : बहुरयपएसअव्वत समुच्छ, दुगतिगअबद्धिगा चेव ।
एएसिं निग्गमणं, वुच्छामि अहाणुपुव्वीए ॥
बहुरय जमालिपभवा, जीवपएसा य तीसगुत्ताओ ।
अव्वत्ताऽऽसाढाओ, सामुच्छेयाऽऽसमित्ताओ ॥
गंगाए दोकिरिया, छलुगा तेरासिआण उप्पत्ती ।
थेरा य गुट्ठमाहिल, पुट्ठमबद्धं परूविंति ॥

| | |
|---|---|
| (૧) કામસ્કંધ | (૬) નિરોગિતાની પ્રાપ્તિ |
| (૨) મિત્રોની સુલભતા | (૭) મહાપ્રજ્ઞતા |
| (૩) બંધુજનોનો સુયોગ | (૮) વિનીતતા |
| (૪) ઉચ્ચગોત્રની પ્રાપ્તિ | (૯) યશસ્વિતા |
| (૫) રૂપની પ્રાપ્તિ | (૧૦) બળ |

આ અધ્યયનના શ્લોક ૨૪ અને ૧૬માં આવેલ 'जक्ख' (સં.यक्ष) શબ્દ ભાષા-વિજ્ઞાનની દષ્ટિથી ધ્યાન આપવા યોગ્ય છે. તેના અર્થનો અપકર્ષ થયો છે. આગમ-કાળમાં 'યક્ષ' શબ્દ 'દેવ' અર્થમાં પ્રચલિત હતો. કાળાનુક્રમે તેના અર્થનો હ્રાસ થયો અને તેનો આજે ભૂત, પિશાચ એવો અર્થ થવા લાગ્યો છે.

# तइयं अज्झयणं : તૃતીય અધ્યયન
# चाउरंगिज्जं : ચતુરંગીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. चत्तारि परमंगाणि<br>दुल्लहाणीह जंतुणो ।<br>माणुसत्तं सुई सद्धा<br>संजमम्मि य वीरियं । | चत्वारि परमाङ्गानि<br>दुर्लभानीह जन्तोः ।<br>मानुषत्वं श्रुतिः श्रद्धा<br>संयमे च वीर्यम् ॥ | ૧. આ સંસારમાં પ્રાણીઓ માટે ચાર પરમ અંગો દુર્લભ છે[1]—મનુષ્યત્વ[2], શ્રુતિ[3], શ્રદ્ધા[4] અને સંયમમાં પરાક્રમ. |
| २. समावन्नाण संसारे<br>नाणागोत्तासु जाइसु ।<br>कम्मा नाणाविहा कट्टु<br>पुढो विस्संभिया पया ॥ | समापन्नाः संसारे<br>नानागोत्रासु जातिषु ।<br>कर्माणि नानाविधानि कृत्वा<br>पृथग् विश्वभृतः प्रजाः ॥ | ૨. સંસારી જીવ વિવિધ પ્રકારના કર્મોનું ઉપાર્જન કરી વિવિધ ગોત્રવાળી જાતિઓમાં[5] ઉત્પન્ન થઈ વિધવિધ રૂપે સમગ્ર વિશ્વનો સ્પર્શ કરી લે છે[6]—બધી જગ્યાઓમાં જન્મ લે છે. |
| ३. एगया देवलोएसु<br>नरएसु वि एगया ।<br>एगया आसुरं कायं<br>आहाकम्मेहिं गच्छई ॥ | एकदा देवलोकेषु<br>नरकेष्वप्येकदा ।<br>एकदा आसुरं कायं<br>यथाकर्मभिर्गच्छति ॥ | ૩. જીવ પોતાના કરેલાં કર્મો અનુસાર ક્યારેક દેવલોકમાં, ક્યારેક નરકમાં અને ક્યારેક અસુરનિકાયમાં પેદા થાય છે.[7] |
| ४. एगया खत्तिओ होइ<br>तओ चंडाल बोक्कसो ।<br>तओ कीड पयंगो य<br>तओ कुंथु पिवीलिया ॥ | एकदा क्षत्रियो भवति<br>ततश्चण्डालो 'बोक्कसः'<br>ततः कीटः पतङ्गश्च<br>ततः कुंथुः पिपीलिका ॥ | ૪. તે જ જીવ ક્યારેક ક્ષત્રિય બને છે, ક્યારેક ચાંડાલ, ક્યારેક બોક્કસ[8], ક્યારેક કીડો, ક્યારેક પતંગિયું, ક્યારેક કુંથુ અને ક્યારેક કીડી. |
| ५. एवमावट्टजोणीसु<br>पाणिणो कम्मकिब्बिसा ।<br>न निविज्जंति संसारे<br>सव्वट्ठेसु व खत्तिया ॥ | एवमावर्तयोनिषु<br>प्राणिनः कर्मकिल्विषाः ।<br>न निर्विन्दन्ते संसारे<br>सर्वार्थेष्विव क्षत्रियाः ॥ | ૫. જે રીતે ક્ષત્રિય કોઈપણ અર્થ (પ્રયોજન) ઉપસ્થિત થવા છતાં હાર નથી માનતો, તેવી રીતે કર્મ-કિલ્વિષ[10] (કર્મથી કલુષિત) જીવ યોનિચક્રમાં[11] ભ્રમણ કરતો હોવા છતાં પણ સંસારથી નિર્વેદ પામતો નથી—તેનાથી મુક્ત થવાની ઈચ્છા કરતો નથી. |
| ६. कम्मसंगेहि सम्मूढा<br>दुक्खिया बहुवेयणा ।<br>अमाणुसासु जोणीसु<br>विणिहम्मंति पाणिणो ॥ | कर्मसङ्गैः सम्मूढाः<br>दुःखिता बहुवेदनाः ।<br>अमानुषीषु योनिषु<br>विनिहन्यन्ते प्राणिनः ॥ | ૬. જે જીવો કર્મોના સંગથી સમ્મૂઢ, દુઃખી અને અત્યન્ત વેદનાવાળા હોય છે, તેઓ પોતાના કરેલા કર્મો વડે મનુષ્યેતર (નરક-તિર્યંચ) યોનિઓમાં ધકેલાય છે. |

७. कम्माणं तु पहाणाए
आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुप्पत्ता
आययंति मणुस्सयं ॥

कर्मणां तु प्रहाण्या
आनुपूर्व्या कदाचित् तु ।
जीवाः शोधिमनुप्राप्ताः
आददते मनुष्यताम् ॥

૭. કાળક્રમાનુસાર કદાચિત મનુષ્યગતિને અટકાવનાર કર્મોનો નાશ થઈ જાય છે. તે શુદ્ધિ પામીને જીવ મનુષ્યત્વ મેળવે છે.[૧૨]

८. माणुस्सं विग्गहं लद्धुं
सुई धम्मस्स दुल्लहा ।
जं सोच्चा पडिवज्जंति
तवं खंतिमहिंसयं ॥

मानुष्यकं विग्रहं लब्ध्वा
श्रुतिर्धर्मस्य दुर्लभा ।
यं श्रुत्वा प्रतिपद्यन्ते
तपः क्षान्तिमहिंस्रताम् ॥

૮. મનુષ્ય-શરીર પ્રાપ્ત થવા છતાં પણ તે ધર્મનું શ્રવણ અત્યન્ત દુર્લભ છે જેને સાંભળીને જીવ તપ, સહિષ્ણુતા અને અહિંસાનો[૧૩] સ્વીકાર કરે છે.

९. आहच्च सवणं लद्धुं
सद्धा परमदुल्लहा ।
सोच्चा नेआउयं मग्गं
बहवे परिभस्सई ॥

'आहच्च' श्रवणं लब्ध्वा
श्रद्धा परम-दुर्लभा ।
श्रुत्वा नैर्यातृकं मार्ग
बहवः परिभ्रश्यन्ति ॥

૯. કદાચ ધર્મ સાંભળી લે તો પણ તેમાં શ્રદ્ધા[૧૪] થવી પરમ દુર્લભ છે. ઘણા લોકો મોક્ષ તરફ લઈ જનારા[૧૫] માર્ગને સાંભળીને પણ તેનાથી ભ્રષ્ટ થઈ જાય છે.[૧૬]

१०. सुइं च लद्धुं सद्धं च
वीरियं पुण दुल्लहं ।
बहवे रोयमाणा वि
नो एणं पडिवज्जए ॥

श्रुतिं च लब्ध्वा श्रद्धां च
वीर्यं पुनर्दुर्लभम् ।
बहवो रोचमाना अपि
नो एतद् प्रतिपद्यते ॥

૧૦. શ્રવણ અને શ્રદ્ધા પ્રાપ્ત થવા છતાં પણ સંયમમાં વીર્ય (પુરુષાર્થ) થવો અત્યન્ત દુર્લભ છે. ઘણા લોકો સંયમમાં રુચિ રાખવા છતાં પણ તેને સ્વીકારતા નથી.

११. माणुसत्तंमि आयाओ
जो धम्मं सोच्च सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं
संवुडे निद्धुणे रयं ॥

मानुषत्वे आयातः
यो धर्मं श्रुत्वा श्रद्धत्ते ।
तवस्वी वीर्यं लब्ध्वा
संवृतो निर्धुनोति रजः ॥

૧૧. મનુષ્યત્વ પ્રાપ્ત કરીને જે ધર્મને સાંભળે છે, તેમાં શ્રદ્ધા કરે છે, તે તપસ્વી સંયમમાં પુરુષાર્થ કરી, સંવૃત થઈ કર્મરજને ખંખેરી નાખે છે.[૧૭]

१२. सोही उज्जुयभूयस्स
धम्मो सुद्धस्स चिट्ठई ।
निव्वाणं परमं जाइ
घयसित्त व्व पावए ॥

शोधिः ऋजुकभूतस्य
धर्मः शुद्धस्य तिष्ठति ।
निर्वाणं परमं याति
घृतसिक्तः इव पावकः ॥

૧૨. શુદ્ધિ તેને પ્રાપ્ત થાય છે, જે ઋજુભૂત (સરળ) હોય છે.[૧૮] ધર્મ તેનામાં સ્થિર થાય છે જે શુદ્ધ હોય છે. જેનામાં ધર્મ સ્થિર થાય છે તે ઘીથી છંટાયેલા અગ્નિની માફક પરમ નિર્વાણ(સમાધિ) પ્રાપ્ત કરે છે.[૧૯]

१३. विगिंच कम्मुणो हेउं
जसं संचिणु खंतिए ।
पाढवं सरीरं हिच्चा
उड्ढं पक्कमई दिसं ॥

वेविग्धि कर्मणो हेतुं
यशः सञ्चिनु क्षान्त्या ।
पार्थिवं शरीरं हित्वा
ऊर्ध्वां प्रक्रामति दिशम् ॥

૧૩. કર્મના હેતુને[૨૦] દૂર કર.[૨૧] સહિષ્ણુતાથી યશ (સંયમ)નો સંચય કર. આવું કરનાર પાર્થિવ શરીરને[૨૨] છોડીને ઉર્ધ્વદિશા—સ્વર્ગ પ્રાપ્ત કરે છે.[૨૩]

१४. विसालिसेहिं सीलेहिं
जक्खा उत्तरउत्तरा ।
महासुक्का व दिप्पंता
मन्नंता अपुणच्चवं ॥

विसदृशैः शीलैः
यक्षाः उत्तरोत्तराः ।
महाशुक्लाः इव दीप्यमानाः
मन्यमाना अपुनश्च्यवम् ॥

૧૪. વિવિધ પ્રકારના શીલની આરાધનાને કારણે જે દેવો[૨૪] ઉત્તરોત્તર કલ્પો તથા તેમની ઉપરના દેવલોકના આયુષ્યનો ભોગ કરે છે, તેઓ મહાશુક્લ[૨૫](ચંદ્ર-સૂર્ય)ની માફક દીપ્તિમાન હોય છે. 'સ્વર્ગમાંથી ફરી ચ્યવન નથી હોતું' એમ માને છે.[૨૬]

१५. अप्पिया देवकामाणं
कामरूवविउव्विणो ।
उड्ढं कप्पेसु चिट्ठंति
पुव्वा वाससया बहू ॥

अर्पिता देवकामान्
कामरूपविकरणाः ।
ऊर्ध्वं कल्पेषु तिष्ठन्ति
पूर्वाणि वर्षशतानि बहूनि ।

૧૫. તેઓ દૈવી ભોગો માટે પોતાની જાતને સમર્પિત કરીને રહે છે, ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવામાં સમર્થ હોય છે[27] તથા સેંકડો પૂર્વ વર્ષો સુધી—અસંખ્ય કાળ સુધી[28] ઊર્ધ્વવર્તી કલ્પોમાં રહે છે.

१६. तत्थ ठिच्चा जहाठाणं
जक्खा आउक्खए चुया ।
उवेंति माणुसं जोणिं
से दसंगेऽभिजायई ॥

तत्र स्थित्वा यथास्थानं
यक्षा आयुःक्षये च्युताः ।
उपयन्ति मानुषीं योनिं
स दशांगोऽभिजायते ॥

૧૬. તે દેવો તે કલ્પોમાં પોતાની શીલ-આરાધનાને અનુરૂપ સ્થાનોમાં રહીને આયુ-ક્ષય થવા પર ત્યાંથી ચ્યુત થાય છે. પછી મનુષ્યયોનિ પ્રાપ્ત કરે છે. તેઓ ત્યાં દસ અંગોવાળી ભોગસામગ્રીથી યુક્ત બને છે.

१७. खेत्तं वत्थुं हिरण्णं च
पसवो दास-पोरुसं ।
चत्तारि कामखंधाणि
तत्थ से उववज्जई ॥

क्षेत्रं वास्तु हिरण्यञ्च
पशवो दास-पौरुषेयं ।
चत्वारः कामस्कन्धाः
तत्र स उपपद्यते ॥

૧૭. ક્ષેત્ર-વાસ્તુ, સુવર્ણ, પશુ અને દાસ-પૌરુષેય—જ્યાં આ ચાર કામ-સ્કંધો હોય છે તે કુળોમાં તેઓ ઉત્પન્ન થાય છે.

१८. मित्तवं नायवं होइ
उच्चागोए य वण्णवं ।
अप्पायंके महापन्ने
अभिजाए जसोबले ॥

मित्रवान् ज्ञातिमान् भवति
उच्चैर्गोत्रश्च वर्णवान् ।
अल्पातङ्कः महाप्रज्ञः
अभिजातो यशस्वी बली ॥

૧૮. તેઓ મિત્રવાન, જ્ઞાતિમાન, ઉચ્ચ ગોત્રવાળા, વર્ણવાન, નિરોગી, મહાપ્રજ્ઞ, અભિજાત (શિષ્ટ, વિનીત) યશસ્વી અને બળવાન બને છે.[29]

१९. भोच्चा माणुस्सए भोए
अप्पडिरूवे अहाउयं ।
पुव्वं विसुद्धसद्धम्मे
केवलं बोहि बुज्झिया ॥

भुक्त्वा मानुष्यकान् भोगान्
अप्रतिरूपान् यथायुः ।
पूर्वं विशुद्धसद्धर्मा
केवलां बोधिं बुद्ध्वा ॥

૧૯. તેઓ પોતાના આયુષ્ય અનુસાર અનુપમ માનુષી ભોગો ભોગવીને, પૂર્વ જન્મમાં વિશુદ્ધ-સદ્ધર્મી (નિદાન રહિત તપ કરનારા) હોવાને કારણે સંપૂર્ણ બોધિનો[30] અનુભવ કરે છે.

२०. चउरंगं दुल्लहं नच्चा
संजमं पडिवज्जिया ।
तवसा धुयकम्मंसे
सिद्धे हवइ सासए ॥

चतुरंगं दुर्लभं ज्ञात्वा
संयमं प्रतिपद्य ।
तपसा धुतसत्कर्मा
सिद्धो भवति शाश्वतः ॥

૨૦. તેઓ ઉપરોક્ત ચાર અંગોને દુર્લભ માનીને સંયમનો સ્વીકાર કરે છે. પછી બાકી બચેલા કર્મોને તપસ્યાથી ખંખેરીને[31] શાશ્વત સિદ્ધ બની જાય છે.

—त्ति बेमि ।

—इति ब्रवीमि

— આમ હું કહું છું.

## ટિપ્પણ

# અધ્યયન ૩ : ચતુરંગીય

### ૧. આ સંસારમાં ....... દુર્લભ છે (**दुल्लहाणीह**)

નિર્યુક્તિકારે મનુષ્યત્વની દુર્લભતાના પ્રસંગમાં બાર દુર્લભ વસ્તુઓનો ઉલ્લેખ કર્યો છે[1]—

| | | |
|---|---|---|
| (૧) મનુષ્યજન્મ | (૫) શરીરની સર્વાંગ સંપૂર્ણતા | (૯) ધર્મ-શ્રવણ |
| (૨) આર્યક્ષેત્ર | (૬) આરોગ્ય | (૧૦) ધર્મનું અવધારણ |
| (૩) આર્યજાતિ | (૭) આયુષ્ય | (૧૧) શ્રદ્ધા |
| (૪) આર્યકુળ | (૮) ઉજ્જ્વળ ભવિષ્ય | (૧૨) સંયમ |

ચૂર્ણિકારે સંયમમાં असढकरण—નિશ્છલ આચરણને બારમુ માન્યું છે.[2]

ચૂર્ણિકારે અને બૃહદ્‌વૃત્તિકારે આ પ્રસંગે નિર્યુક્તિના પાઠાંતરનો ઉલ્લેખ કર્યો છે. તેમના મત અનુસાર આ અગિયાર વસ્તુઓ દુર્લભ છે[3]—

(૧) ઈન્દ્રિયલબ્ધિ— પાંચ ઈન્દ્રિયોની પ્રાપ્તિ.

(૨) નિર્વર્તના— ઈન્દ્રિયોની પૂર્ણ રચના.

(૩) પર્યાપ્તિ— પૂર્ણ પર્યાપ્તિઓની પ્રાપ્તિ.

(૪) નિરુપહતતા— જન્મસમયે અંગ-વિકળતા રહિત.

(૫) ક્ષેમ— સંપન્ન દેશની પ્રાપ્તિ.

(૬) ધ્રાણ— સુભિક્ષ ક્ષેત્ર અથવા વૈભવશાળી ક્ષેત્રની પ્રાપ્તિ.

(૭) આરોગ્ય.

(૮) શ્રદ્ધા.

(૯) ગ્રાહક— શિક્ષક ગુરુ.

(૧૦) ઉપયોગ— સ્વાધ્યાય વગેરેમાં જાગરૂકતા.

(૧૧) અર્થ— ધર્મ વિષયક જિજ્ઞાસા.

### ૨. મનુષ્યત્વ (**माणुसत्तं**)

મનુષ્ય જન્મની દુર્લભતાને સ્પષ્ટ કરવા માટે દસ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. સંક્ષેપમાં તે આ પ્રમાણે છે—

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा १५९ :
माणुस्स खित्त जाई कुल रूवारोग्ग आउयं बुद्धी ।
सवणुग्गह सद्धा संजमो अ लोगंमि दुलहाइं ॥

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ९४ : संजमो तंमि य असढकरणं ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि पृ. ९४ : अथवा अन्नपरिवाडीए गाहा.........।

(ખ) बृहद्‌वृत्ति, पत्र १४६ : केचिदेतत् स्थाने पठन्ति—
इन्दियलद्धी निव्वत्तणा य पज्जत्ति निरुवहय खेमं ।
धाणारोग्गं सद्धा गाहग उवओग अट्ठो य ॥

૧. **ચોલ્લક**—વારાફરતી ભોજન.

બ્રહ્મદત્તનો એક કાર્પટિક સેવક હતો. તેણે રાજાને અનેકવાર વિપત્તિઓમાંથી બચાવ્યો હતો. તે સદા તેનો સહાયક બની રહ્યો હતો. બ્રહ્મદત્ત રાજા બની ગયો. પણ આ બિચારાને ક્યાંય આશ્રય મળ્યો નહિ. તેના માટે રાજાને તો હવે મળવું પણ મુશ્કેલ બની ગયું. બાર વર્ષ વીતી ગયાં. અભિષેકનું બારમું વર્ષ. કાર્પટિકે ઉપાય વિચાર્યો. તે ધ્વજવાહકો સાથે ચાલવા લાગ્યો. રાજા તેને ઓળખી ગયો. રાજાએ તેને પોતાની પાસે બોલાવીને કહ્યું—જે ઈચ્છા હોય તે માંગ. કાર્પટિક બોલ્યો—'રાજન ! હું પહેલા દિવસે આપના મહેલમાં ભોજન કરું, પછી વારાફરતી આપના સમસ્ત રાજ્યના બધા ઉચ્ચ કુળોમાં ભોજન પ્રાપ્ત કરી, ફરી આપના મહેલમાં ભોજન કરું—આવું વરદાન આપો.' રાજા બોલ્યો—આમાં શું ? તું ઈચ્છે તો તને ગામ આપી શકું, ધન આપી શકું. તને એવો બનાવી દઉં કે તુ જીવનભર હાથીના હોદ્દા ઉપર સુખપૂર્વક ઘૂમતો રહે. કાર્પટિક બોલ્યો—મારે એવા બધા પ્રપંચોથી શું ? રાજાએ તથાસ્તુ કહ્યું.

હવે તે વારાફરતી નગરના ઘરોમાં જમવા લાગ્યો. તે નગરમાં અનેક કુળ-કુટુંબો હતા. શું તે પોતાના જીવનકાળમાં તે નગરના ઘરોનો પાર પામી શકશે ? ક્યારેય નહિ. પછી સંપૂર્ણ ભારતવર્ષની તો વાત જ શું ?

સંભવ છે કે કોઈ ઉપાય કે દેવી યોગથી તે સંપૂર્ણ ભારતવર્ષના ઘરોનો પણ પાર પામી જાય, પરંતુ મનુષ્યજન્મ ફરી પ્રાપ્ત કરવો મુશ્કેલ છે.

(૨) **પાશક**—એક વ્યક્તિએ સોનું પેદા કરવાની એક યુક્તિ શોધી કાઢી. તેણે જુગારનો એક પ્રકાર શોધ્યો અને યંત્રમય પાસા બનાવ્યા. એક વ્યક્તિને સોનામહોરથી ભરેલો થાળ આપીને ઘોષણા કરાવી કે કોઈ મને આ જુગારમાં જીતી જશે, તેને હું સોનામહોરથી ભરેલો આ થાળ આપી દઈશ. જો તે વ્યક્તિ મને જીતી ના શકે તો તેણે એક સોનામહોર આપવી પડશે. યંત્રમય પાસા હોવાને કારણે કોઈ તેને જીતી ના શક્યું અને ધીરે-ધીરે તેણે અનેક સોનામહોર એકઠી કરી લીધી.

કદાચિત્ કોઈ વ્યક્તિ તેને જીતી પણ લે, પણ મનુષ્યજન્મથી ભ્રષ્ટ થયેલો જીવ ફરી મનુષ્યજન્મ સરળતાથી પ્રાપ્ત કરી શકતો નથી.

(૩) **ધાન્ય**—વિવિધ પ્રકારના ધાન્ય એકઠાં કરીને તેનો એક ઢગલો બનાવ્યો. તેમાં એક પાલી ભરી સરસવના દાણા ભેળવી દીધા. એક વૃદ્ધા તે સરસવના દાણા વીણવા બેઠી. શું તે સરસવના દાણાને જુદા કરી શકશે ? દૈવ યોગથી કદાચ જુદા પાડી પણ શકે. પણ જીવને ફરીથી મનુષ્યજન્મ મળવો મુશ્કેલ છે.

(૪) **દ્યૂત**—રાજસભાનો મંડપ એકસો આઠ થાંભલાના આધારે રચેલો હતો. રાજકુમારનું મન રાજ્યલોભથી ઘેરાઈ ગયું. તેણે રાજાને મારી નાખવા ઈચ્છ્યું. અમાત્યને આ વાતની ખબર પડી ગઈ. તેને રાજાને કહ્યું—આપણા રાજવંશની એવી પરંપરા છે કે જે રાજકુમાર રાજ્યપ્રાપ્તિના ક્રમને સહન નથી કરતો તેણે જુગાર રમવાનો હોય છે અને આ જુગારમાં જીતે તો જ તેને રાજ્ય મળી શકે છે. તેણે પૂછ્યું—જીતવાની શરત શું છે ? રાજાએ કહ્યું—એક ગામ તારું બનશે, બાકીના અમારા. એક જ દાવમાં તું જો એકસો આઠ થાંભલાના એક-એક ખૂણાને આઠસો વાર જીતી લઈશ તો રાજ્ય તને સોંપી દેવામાં આવશે.

જેવી રીતે આ વાત અસંભવિત છે, તેવી જ રીતે મનુષ્યજન્મ પણ અસંભવિત છે.

(૫) **રત્ન**—એક વૃદ્ધ વણિક પાસે અનેક રત્નો હતાં. એકવાર તે વૃદ્ધ દેશાંતર ચાલ્યો ગયો. પુત્રોએ બધાં રત્નો બીજા વેપારીઓને વેચી માર્યાં. વૃદ્ધ દેશાંતરથી પાછો ફર્યો અને રત્નો વેચાયાંની વાત સાંભળી ચિંતિત બન્યો. તેણે પુત્રોને કહ્યું—વેચેલાં રત્નો ફરી પાછા એકઠા કરી લો. પુત્રો બધા પરેશાન થઈ ગયા, કારણકે તેમણે બધાં રત્નો પરદેશી વેપારીઓને વેચ્યા હતાં. તે બધા વેપારીઓ તો દૂર-દૂર દેશોમાં ચાલ્યા ગયા હતા. તેમની પાસેથી રત્નો એકત્રિત કરવા અસંભવિત વાત હતી. તેવી જ રીતે મનુષ્યજન્મ ફરી મેળવવો અસંભવિત છે.

(૬) **સ્વપ્ન**—એક કાર્પટિકે સ્વપ્નમાં જોયું કે તે પૂર્ણ ચંદ્રને ગળી ગયો છે. તેનું ફળ તેણે સ્વપ્નપાઠકોને પૂછ્યું. તેમણે કહ્યું—મોટું ઘર તને મળશે. તેને તે પ્રમાણે મળી ગયું. બીજા કાર્પટિકે પણ સ્વપ્નમાં સંપૂર્ણ ચંદ્રમંડળને જોયું. તેને સ્વપ્નપાઠકોને તેનું ફળ

પૂછ્યું. તેઓ બોલ્યા—તું રાજા થઈશ. તે દેશનો રાજા સાત દિવસ પછી મરી ગયો. અશ્વની પૂજા કરી તે ગામમાં છૂટો મૂકવામાં આવ્યો. તે પેલી વ્યક્તિ પાસે જઈ હણહણ્યો. તેને પીઠ પર બેસાડી રાજમહેલમાં લઈ આવ્યા. તે રાજા બની ગયો.

પહેલા કાર્પટિકે વિચાર્યું કે હું પણ આવું જ સ્વપ્ન જોઉં. તે દૂધ પીને ઊંઘી ગયો. શું ફરીથી આવું સ્વપ્ન આવે ખરું? ક્યારેય નહિ. તેવી જ રીતે મનુષ્યજન્મ પણ ફરી સુલભ થતો નથી.

(૭) **ચક્ર**—ઈન્દ્રદત્ત ઈન્દ્રપુર નગરનો રાજા હતો. તેને બાવીસ પુત્રો હતા. એકવાર તે અમાત્યપુત્રીમાં આસક્ત થયો, તેની સાથે એક રાત રહ્યો. તે ગર્ભવતી થઈ. તેણે પુત્રને જન્મ આપ્યો. તેનું નામ સુરેન્દ્રદત્ત રાખવામાં આવ્યું.

રાજાના બધા બાવીસ પુત્રો અને સુરેન્દ્રદત્ત કલાચાર્ય પાસે શિક્ષણ મેળવવા લાગ્યા. સુરેન્દ્રદત્ત વિનયી અને અચંચળ હતો. તેણે કલાચાર્ય પાસેથી ઘણુંબધું શિક્ષણ મેળવ્યું. બાકીના રાજકુમારો ચંચળ હતા. તેઓ હતા તેવા જ રહી ગયા.

મથુરાના અધિપતિ જીતશત્રુની પુત્રીનું નામ નિર્વૃતિ હતું. જ્યારે તે વિવાહયોગ્ય બની ત્યારે રાજાએ પૂછતાં તેણે કહ્યું—પિતાજી ! જે રાધાવેધ કરી શકશે, તે મારો પતિ થશે.

સ્વયંવરની ઘોષણા થઈ. એક ધરી પર આઠ ચક્ર અને તેના પર એક પૂતળી સ્થાપિત કરવામાં આવી. તેની આંખને વીંધવાની શરત રાખવામાં આવી.

ઈન્દ્રદત્ત પોતાના પુત્રો સાથે ત્યાં આવ્યો. બધા બાવીસે પુત્રોએ પૂતળીની આંખ વીંધવાનો પ્રયત્ન કર્યો પણ બધા નિષ્ફળ ગયા. અંતે અમાત્યના કહેવાથી સુરેન્દ્રદત્ત આવ્યો. તેને સ્ખલિત કરવાના અનેક પ્રયત્નો થયા, પણ તેણે પૂતળીની આંખ વીંધી નાખી. લોકોએ જયજયકાર કર્યો. તેને નિર્વૃતિ અને રાજ્ય પ્રાપ્ત થયું અને બાકીના પરાજિત થઈ પોતપોતાને દેશ ચાલ્યા ગયા.

જેવી રીતે પૂતળીની આંખ વીંધવાનું દુષ્કર હતું તેવી જ રીતે મનુષ્યજન્મ દુષ્કર છે.

(૮) **ચર્મ**—એક તળાવ હતું. તે પાણીથી છલોછલ ભર્યું હતું. આખા તળાવ ઉપર સેવાળ પથરાઈ ગઈ હતી. એક કાચબો તેની અંદર રહેતો હતો. તેણે એકવાર પાણીમાં તરતાં-તરતાં એક જગ્યાએ સેવાળમાં એક કાણું જોયું. તે કાણામાંથી તેણે ઉપર જોયું. આકાશમાં ચંદ્ર ચમકી રહ્યો હતો, તારા ટમટમી રહ્યા હતા. કેટલીક ક્ષણ સુધી તે જોતો રહ્યો. પછી વિચાર્યું—પરિવારના બધા સભ્યોને અહીં લાવીને આ મનોરમ દૃશ્ય બતાવું. તે તત્કાળ ગયો અને આખા પરિવાર સાથે પાછો ફર્યો. ખસી ગયેલી સેવાળ ફરી એકાકાર બની ગઈ હતી. કાણું ન મળ્યું. બધા સભ્યો નિરાશ થઈ પાછા ફર્યા. શું ફરી તે ક્યારેય તે કાણું જોઈ શકશે?

જેમ તે કાણું ફરી મળવું દુર્લભ છે તેમ મનુષ્યજન્મ દુર્લભ છે.

(૯) **યુગ—(ધૂંસરી)**

એક અથાગ સમુદ્ર. સમુદ્રના એક છેડે ધૂંસરી છે અને બીજા છેડે તેની ખીલી છે. તે ખીલીનું ધૂંસરીના કાણામાં પેસવું દુર્લભ છે, તેવી જ રીતે મનુષ્યજન્મ પણ દુર્લભ છે.

ખીલી તે અથાગ પાણીમાં દૂર ચાલી ગઈ. ખસતાં-ખસતાં સંભવ છે કે તે આ છેડા પર આવી ધૂંસરીના કાણામાં પેસી જાય, પરંતુ મનુષ્યજન્મમાંથી ભ્રષ્ટ થયેલો જીવ પુનઃ મનુષ્યજન્મ પામી શકતો નથી.

(૧૦) **પરમાણુ**—એક વિશાળ સ્તંભ હતો. એક દેવ તે સ્તંભનું ચૂર્ણ કરીને એક નળીમાં ભરીને, મંદર પર્વત પર જઈને, તે ચૂર્ણને ફૂંકથી વીખેરી નાખે છે. સ્તંભના બધા પરમાણુઓ આમ-તેમ વીખેરાઈ જાય છે.

શું બીજી કોઈ પણ વ્યક્તિ તે પરમાણુઓ એકત્ર કરીને પહેલાંની જેમ જ સ્તંભનું નિર્માણ કરી શકે? જવાબ, ક્યારેય નહિ.

તેવી જ રીતે એકવાર મનુષ્યજન્મને વ્યર્થ ખોઈ દેતાં ફરીથી તેની પ્રાપ્તિ દુષ્કર બની જાય છે.

આ બધી કથાઓનો મૂળ આધાર છે—નિર્યુક્તિની ગાથા.[1]

ચૂર્ણિમાં આ કથાઓ માટે 'चोल्लग पासग'—માત્ર આટલો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[2]

બૃહદ્‌વૃત્તિકારે આ દસે કથાઓ સંક્ષેપમાં પ્રસ્તુત કરી છે.[3]

સુખબોધામાં આ કથાઓ વિસ્તારથી મળે છે.[4] તેમાં તથા બૃહદ્‌વૃત્તિની કથાઓમાં ભાષા અને ભાવનું અંતર પણ સ્પષ્ટ જણાઈ આવે છે.

### ૩. શ્રુતિ (सुई)

ધર્મના ચાર અંગો છે—મનુષ્ય જન્મ, શ્રુતિ—ધર્મ-શ્રવણ, શ્રદ્ધા—ધર્મ પ્રતિ અભિરુચિ અને સંયમમાં પરાક્રમ. આ ચારે દુર્લભ છે.

નિર્યુક્તિકારે શ્રુતિની દુર્લભતા માટે તેર કારણો બતાવ્યાં છે[5]—

(૧) આળસ
(૨) મોહ
(૩) અવજ્ઞા કે અશ્લાઘા
(૪) અહંકાર
(૫) ક્રોધ
(૬) પ્રમાદ
(૭) કૃપણતા
(૮) ભય
(૯) શોક
(૧૦) અજ્ઞાન
(૧૧) વ્યાક્ષેપ
(૧૨) કુતૂહલ
(૧૩) ક્રીડાપ્રિયતા

ચૂર્ણિકારે અને બૃહદ્‌વૃત્તિકારે આ કારણો સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તે આ રીતે છે—

મનુષ્ય આળસને વશ થઈ ધર્મમાં ઉદ્યમ નથી કરતો. તે ક્યારેય ધર્માચાર્ય પાસે ધર્મશ્રવણ કરવા માટે જતો નથી.

ગૃહસ્થના કર્તવ્યો નિભાવતાં-નિભાવતાં તેનામાં એક મૂઢતા કે મમત્વ પેદા થઈ જાય છે. તે આખો વખત તેમાં જ ડૂબેલો રહે છે. તેનામાં હેય અને ઉપાદેયના વિવેકનો અભાવ થઈ જાય છે.

તેના મનમાં શ્રમણો તરફ અવજ્ઞાભાવ પેદા થઈ જાય છે. તે વિચારે છે, આ મુંડ શ્રમણો શું જાણે છે ? હું તેમનાથી વધુ જાણું છું. આ મુનિઓ કેવા ગંદા-ગોબરા રહે છે, તેમનામાં કોઈ સંસ્કાર જ નથી. તેઓ મોટાભાગે અપરિપક્વ અવસ્થાના છે, તેઓ મને શું ધર્મોપદેશ આપશે ?

વ્યક્તિના મનમાં જ્યારે જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્યનો અહંકાર જાગી ઊઠે છે ત્યારે તે વિચારે છે—આ મુનિઓ બીજી જાતિના છે. મારું કુળ અને જાતિ આટલાં ઉત્તમ છે, પછી હું એમની પાસે શા માટે જાઉં ?

કોઈના મનમાં આચાર્ય કે મુનિ તરફ પ્રેમ થતો નથી. તે તેમને જોઈને જ ખિજાઈ જાય છે. અપ્રીતિને કારણે તે તેમની પાસે જવામાં ખચકાય છે. કોઈ-કોઈ વ્યક્તિમાં મોહની ઉદગ્રતા હોય છે. તે આચાર્ય અથવા મુનિ પ્રત્યે દ્વેષ રાખે છે. તે પણ ધર્મશ્રવણ માટે જઈ શકતો નથી.

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा १५९ :
चूल्लग पासग धन्ने जूए रयणे य सुमिण चक्के य ।
चम्म जुगे परमाणू दस दिट्ठंता मणुअलंभे ॥

२. उत्तराध्ययन चूर्णि, पृ. १४ ।

३. बृहद्वृत्ति, पत्र १४५-१५० ।

४. सुखबोधा, पत्र ५६-५७ ।

५. उत्तराध्ययन निर्युक्ति, गाथा १६०, १६१ :
आलस्स मोहऽवन्ना थंभा कोहा पमाय किविणत्ता ।
भय सोगा अन्नाणा वक्खेव कुऊहला रमणा ॥
एएहिं कारणेहिं लद्धूण सुदुल्लहं पि माणुस्सं ।
न लहइ सुइं हिअकरिं संसारुत्तारिणिं जीवो ॥

કોઈ વ્યક્તિઓ નિરંતર પ્રમાદમાં રહે છે, ઊંઘ લેવી, ખાવું-પીવું એ જ તેમને ગમે છે. તેઓ પણ ધર્મ-શ્રવણથી વંચિત રહી જાય છે.

કેટલાક માણસો અત્યન્ત કૃપણ હોય છે. તેઓ વિચારે છે, જો ધર્મગુરુઓ પાસે જઈશું તો ધનનો ચોક્કસ વ્યય જ થશે. તેમને કંઈક આપવું-કરવું પડશે. એટલા માટે તેમનાથી દૂર રહેવું જ સારું છે.

વ્યક્તિ જ્યારે ધર્મ-પ્રવચનમાં વારંવાર નારકીય જીવોની વેદનાની વાત સાંભળે છે, ત્યારે તેના રૂંવાડા ઊભા થઈ જાય છે અને મન ભયભીત થઈ જાય છે. આવો ભય ધર્મ-શ્રવણમાં બાધક બને છે.

શોક કે ચિંતા પણ ધર્મ-શ્રવણમાં બાધક બને છે. પત્ની કે પતિનો વિયોગ થતા નિરંતર તેની સ્મૃતિમાં ખોવાયેલા રહેવું એ પણ એક અવરોધ છે.

જ્યારે વ્યક્તિનું જ્ઞાન મોહથી આવૃત્ત થઈ જાય છે, ત્યારે તે મિથ્યાધારણાઓમાં ફસાઈને ધર્મ-શ્રવણથી વંચિત રહી જાય છે.

ગૃહસ્થાવાસમાં વ્યક્તિ સદા આકુળ-વ્યાકુળ રહે છે. તે વિચારે છે—હજી આ કરવાનું છે, હજી પેલું કરવાનું છે. તેનાથી તેનું મન વ્યાક્ષિપ્ત થઈ જાય છે.

કુતૂહલ પણ એક બાધા છે. માણસ ક્યારેક નાટક જોવામાં, ક્યારેક સંગીત સાંભળવામાં અથવા બીજી-બીજી મનોરંજક રમતોમાં રત રહે છે. તે પણ ધર્મ પ્રતિ આકૃષ્ટ થઈ શકતો નથી.

કેટલાક માણસો આખલાની લડાઈ, તેતર અને કૂકડાઓની લડાઈમાં રસ લે છે. કેટલાક લોકો જુગાર રમવામાં રત રહે છે. આ બધા પણ ધર્મ-શ્રુતિનો લાભ મેળવી શકતા નથી.[1]

૪. શ્રદ્ધા (**सद्धा**)

ધર્મ-શ્રવણ પ્રાપ્ત થવા છતાં પણ ધર્મ પર પૂરી શ્રદ્ધા હોવી અતિ દુર્લભ છે.

મિથ્યાદષ્ટિ મનુષ્ય ગુરુ વડે ઉપદિષ્ટ પ્રવચન—આગમ પર શ્રદ્ધા નથી કરતો. તે ઉપદિષ્ટ કે અનુપદિષ્ટ અસદ્ભાવ પર શ્રદ્ધા રાખી બેસે છે.

સમ્યક્દષ્ટિ મનુષ્ય ગુરુ વડે ઉપદેશાયેલા પ્રવચન પર શ્રદ્ધા કરે છે. તેના અસદ્ભાવ પર શ્રદ્ધા કરવામાં બે હેતુઓ હોય છે—અજ્ઞાન અથવા ગુરુનો નિયોગ—નિયોજન. તે નથી જાણતો કે આ તત્ત્વ આવું જ છે, પણ ગુરુના નિયોગથી તે તેના પર શ્રદ્ધા રાખી બેસે છે.

પ્રશ્ન થાય છે કે શું સમ્યક્દષ્ટિ વ્યક્તિ પણ એટલો સરળ હોય છે કે ગુરુના કથનમાત્રથી અસદ્ભાવ પ્રત્યે પણ શ્રદ્ધા કરી લે? સમાધાનની ભાષામાં કહેવામાં આવ્યું છે—હા, આમ થાય છે. જમાલિ વગેરે નિહ્નવોના શિષ્યો પોતપોતાના ગુરુઓ પ્રત્યે પૂર્ણ ભક્તિનત હતા. તેઓ સ્વયં આગમોના રહસ્યોના જ્ઞાતા હતા. પરંતુ ગુરુ પર વિશ્વાસ કરીને વિપરીત અર્થમાં પણ શ્રદ્ધાન્વિત બની ગયા.[2]

વૃત્તિકારે અહીં જમાલિ વગેરે સાત નિહ્નવોની સંક્ષિપ્ત કથાઓ અને તેમના દાર્શનિક પક્ષોનો ઉલ્લેખ કર્યો છે.[3]

અગિયારમાં શ્લોકમાં આ ચારે દુર્લભ અંગોની પ્રાપ્તિનું પરિણામ નિર્દિષ્ટ છે.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. ९४-९५ ।
(ખ) बृहद्वृत्ति, पत्र १५१ ।

૨. (ક) उत्तराध्ययन निर्युक्ति, गाथा १६२-१६३ :
मिच्छादिट्ठी जीवो उवइट्ठं पवयणं न सद्दहइ ।
सद्दहइ असब्भावं उवइट्ठं वा अणुवइट्ठं ॥
सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ ।
सद्दहइ असब्भावं अणभोगा गुरुनिओगा वा ॥
(ખ) बृहद्वृत्ति, पत्र १५१, १५२ ।

૩. बृहद्वृत्ति, पत्र १५२-१८१ ।

### ૫. વિવિધ ગોત્રવાળી જાતિઓમાં (नानागोत्तासु जाइसु)

**नानागोत्र**—ચૂર્ણિમાં આનો અર્થ હીન, મધ્ય અને ઉત્તમ વગેરે વિવિધ પ્રકારના ગોત્રો એવો કરવામાં આવ્યો છે. બૃહદ્‌વૃત્તિકારે આનો મુખ્ય અર્થ વિવિધ નામવાળી જાતિઓ અને વૈકલ્પિક અર્થ હીન, મધ્ય અને ઉત્તમ ભેદ પ્રધાન ગોત્રોમાં—કર્યો છે.

**जाति**—ચૂર્ણિ અનુસાર જાતિનો અર્થ છે—જન્મ. શાન્ત્યાચાર્યે તેનો મુખ્ય અર્થ ક્ષત્રિય વગેરે જાતિઓ અને વૈકલ્પિક અર્થ જન્મ કર્યો છે.[1]

પ્રસ્તુત પ્રસંગમાં જાતિનો અર્થ જન્મ વધુ બંધબેસતો છે.

### ૬. આખા વિશ્વને સ્પર્શી લે છે (विस्संभिया)

'विस्संभिया' પદમાં બિંદુ અલાક્ષણિક છે. તેનું સંસ્કૃત રૂપ છે—**विश्वभृतः** અને અર્થ છે—વારંવારના જન્મ-મરણથી વિશ્વના કણેકણનો સ્પર્શ કરનારો જીવ. આનું સંસ્કૃત રૂપ વિશ્રમ્ભિત પણ થઈ શકે છે. 'विस्संभिया' શબ્દનો તાત્પર્યાર્થ સમજાવવા માટે વૃત્તિકારે એક પ્રાચીન ગાથા ઉદ્ધૃત કરી છે—

**णत्थि किर को पएसो लोए वालग्गकोडिमित्तोऽपि ।**
**जम्मण मरणावाहा जत्थ जिएहि न संपत्ता ॥**

કેશના અગ્રભાગ જેટલો ભાગ પણ લોકમાં એવો નથી કે જ્યાં આ જીવે જન્મ-મરણ ન કર્યું હોય.

ચૂર્ણિ અને વૃત્તિમાં આનો વૈકલ્પિક અર્થ આવો છે—કર્મના દારુણ વિપાકને નહિ જાણવાને કારણે જે જીવ વિશ્રંભ—સંભ્રાન્તિ પામે છે.[2]

### ૭. (શ્લોક ૩)

પ્રસ્તુત શ્લોકમાં 'દેવલોક' તથા 'અસુરકાય'—આ બે શબ્દો આવ્યા છે. અસુર પણ દેવતાઓની એક જાતિ છે. પ્રશ્ન થાય છે કે તો પછી બે શબ્દોનો પ્રયોગ કેમ? તેનું સમાધાન આવું છે—દેવલોક શબ્દ સૌધર્મ વગેરે વૈમાનિક દેવોની અને અસુર શબ્દ અધોલોકના દેવોની અવસ્થિતિનો બોધક છે.[3]

સુખબોધા વૃત્તિમાં દેવલોક, નરકલોક, અસુરલોક અને વ્યંતરલોકમાં ઉત્પન્ન થવા લાયક કર્મોના બંધનના કારણોની ચર્ચા ચાર શ્લોકોમાં કરવામાં આવી છે. તે કારણો આ પ્રમાણે છે[4]—

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. ९६ : जननं जातिः ।
नानागोत्रास्विति हीणमज्झिमउत्तमासु ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र १८१ : नाना इत्यनेकार्थः, गोत्रशब्दश्च नामपर्यायः, ततो नानागोत्रासु—अनेकाभिधानासु जायन्ते जन्तव आस्विति जातयः—क्षत्रियाद्याः तासु अथवा जननानि जातयः, ततो जातिषु—क्षत्रियादिजन्मसु नाना—हीनमध्यमोत्तमभेदेनानेकं गोत्रं यासु तास्तथा तासु ॥

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. ९६ ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र १८१, १८२ : विस्संभिय त्ति बिन्दोरलाक्षणिकत्वाद् विश्वं—जगत् बिभ्रति—पूरयन्ति क्वचित् कदाचिदुत्पत्या सर्वजगद्व्यापनेन विश्वभृतः ........... विश्रम्भिताः सञ्जातविश्रम्भाः सत्यः प्रक्रमात् कर्मस्वेव तद्विपाकदारुणत्वापरिज्ञानात् ।

૩. बृहद्‌वृत्ति, पत्र १८२ ।

૪. सुखबोधा, पत्र ६७ :
देवाउयं निबंधइ, सरागतवसंजमो ।
अणुव्वयधरो दंतो, सत्तो बालतवम्मि य ॥
जीवघायरओ कूरो, महारंभपरिग्गहो ।
मिच्छद्दिट्ठी महापावो, बंधए नरयाउयं ॥
बालतवे पडिबद्धा, उक्कडरोसा तवेण गारविया ।
वेरेण य पडिबद्धा मरिऊणं जंति असुरेसु ॥
रज्जुग्गहणे विसभक्खणे य जलणे य जलपवेसे य ।
तण्हछुहाकिलंता, मरिऊणं हुंति वंतरिया ॥

દેવ-આયુષ્યના બંધ કર્તા—૧. સરાગ તપઃસંયમનું પાલન કરનાર ૨. અણુવ્રતધર ૩. દાન્ત ૪. અજ્ઞાન તપમાં આસક્ત.

નરક-આયુષ્યના બંધ કર્તા—૧. હિંસામાં રત ૨. ક્રૂર ૩. મહા આરંભ અને મહા પરિગ્રહમાં રત ૪. મિથ્યાદૃષ્ટિ ૫. મહા-પાપી.

અસુર-આયુષ્યના બંધ કર્તા—૧. અજ્ઞાન તપમાં પ્રતિબદ્ધ ૨. પ્રબળ ક્રોધ કરનાર ૩. તપનો અહંકાર કરનાર ૪. વેરમાં પ્રતિબદ્ધ.

વ્યન્તર-આયુષ્યના બંધ કર્તા—૧. ફાંસો ખાઈને આત્મહત્યા કરનાર ૨. વિષભક્ષણ કરનાર ૩. અગ્નિદાહમાં સળગી મરનાર ૪. પાણીમાં ડૂબીને મરનાર ૫. ભૂખ અને તરસથી ક્લાન્ત.

૮. **(खत्तिओ, चंडाल बोक्कसो)**

આ શ્લોકમાં આવેલા ત્રણ શબ્દો—ક્ષત્રિય, ચાંડાલ અને બુક્કસ—સંગ્રાહક છે. ક્ષત્રિય શબ્દથી વૈશ્ય, બ્રાહ્મણ વગેરે ઉત્તમ જાતિઓ, ચાંડાલ શબ્દથી નિષાદ, શ્વપચ વગેરે નીચ જાતિઓ અને બુક્કસ શબ્દ વડે સૂત, વૈદેહ, આયોગવ વગેરે સંકીર્ણ જાતિઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે.[1]

**खत्तिओ**—જૈન અને બૌદ્ધ પરંપરામાં ક્ષત્રિયનું સ્થાન સર્વોચ્ચ રહ્યું છે. સુખબોધા વૃત્તિમાં ક્ષત્રિયનો અર્થ રાજા કરવામાં આવ્યો છે. કલ્પસૂત્રમાં બ્રાહ્મણોની ગણતરી ભિક્ષુક અથવા તુચ્છ કુળમાં કરી છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ વગેરે શલાકા-પુરુષો બ્રાહ્મણ-કુળમાં પેદા થતા નથી. દીઘનિકાય[2] અને નિદાન-કથા[3] અનુસાર ક્ષત્રિયોનું સ્થાન બ્રાહ્મણોથી ઊંચું છે.

**चंडाल**—આના બે અર્થ કરવામાં આવ્યા છે—(૧) માતંગ અને (૨) શૂદ્ર વડે બ્રાહ્મણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિ.[4] ઉત્તરવર્તી વૈદિક સાહિત્ય અનુસાર ચંડાલ અનાર્ય વર્ગની એક જાતિ છે. તે ઋગ્વેદના સમય પછી આર્યોને ગંગાની પૂર્વમાં મળી હતી.[5]

મનુસ્મૃતિ (૧૦।૫૧, ૫૨)માં ચંડાલના કર્તવ્યોનું વિવરણ પ્રસ્તુત કરતાં કહ્યું છે—

> **चण्डालश्वपचानां तु बहिर्ग्रामात्प्रतिश्रयः ।**
> **अपपात्राश्च कर्तव्या धनमेषां श्वगर्दभम् ॥**
> **वासांसि मृतचेलानि भिन्नभाण्डेषु भोजनम् ।**
> **कार्ष्णायसमलंकारः परिव्रज्या च नित्यशः ॥**

**बोक्कसो**—આનાં સંસ્કૃત રૂપ ચાર મળે છે—बुक्कस, पुष्कस, पुक्कस અને पुल्कस.

બુક્કસ—સ્મશાનમાં કામ કરનાર બુક્કસ કહેવાય છે.[6]

પુષ્કસ—જે મરેલા કુતરાંને ઊંચકી બહાર ફેંકી આવે છે તેમને પુષ્કસ કહે છે.[7]

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ९६ ।
(ખ) बृहद्वृत्ति पत्र १८२, १८३ : इह च क्षत्रियग्रहणादुत्तमजातयः चण्डालग्रहणान्नीचजातयो बुक्कसग्रहणाच्च संकीर्णजातय उपलक्षिताः ।
(ગ) मनुस्मृति, १०।२५, २६, ४८ ।

૨. दीघनिकाय, ३।१।२४, २६ ।

૩. निदानकथा, १।४९ ।

૪. सुखबोधा, पत्र ६७ : 'चाण्डालः' मातङ्गः यदि वा शूद्रेण ब्राह्मण्या जातश्चाण्डालः ।

૫. हिन्दुस्तान की पुरानी सभ्यता, पृ. ३४ ।

૬. अभिधान चिंतामणि, ३।५९७।

૭. એજન.

પુક્કસ—ચાંડાલ અને પુક્કસ—પર્યાયવાચી પણ માનવામાં આવ્યા છે.

પુલ્કસ—ભંગી.[1]

મનુસ્મૃતિમાં વિભિન્ન વર્ણોના કાર્યોનું વિવરણ આપવામાં આવ્યું છે. તદનુસાર 'પુક્કસ'નું કાર્ય દરમાં રહેનારાં ઘો વગેરેને મારવાનું કે પકડવાનું છે.[2] અભિધાનપ્પદીપિકામાં 'પુક્કસ'નો અર્થ ફૂલ તોડનાર એવો કરવામાં આવ્યો છે.[3]

ચૂર્ણિકાર અને ટીકાકાર તેનો અર્થ 'वर्णान्तरजन्मा' કરે છે. જેમકે—બ્રાહ્મણ વડે શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન માણસ નિષાદ, બ્રાહ્મણ વડે વૈશ્ય સ્ત્રીમાં ઉત્પન્ન માણસ અમ્બષ્ઠ અને નિષાદ વડે અમ્બષ્ઠ સ્ત્રીમાં ઉત્પન્ન માણસ બોક્કસ કહેવાય છે.[4] કૌટિલ્ય અર્થશાસ્ત્ર અને મનુસ્મૃતિમાં આનાથી જુદા મતનો ઉલ્લેખ છે. મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે બ્રાહ્મણ વડે વૈશ્ય કન્યાને જન્મેલ અમ્બષ્ઠ અને બ્રાહ્મણ વડે શૂદ્ર કન્યામાં ઉત્પન્ન નિષાદ કહેવાય છે. તેને પારશવ પણ કહે છે.[5] કૌટિલ્ય અર્થશાસ્ત્ર (પૃ. ૧૬૫, ૧૬૯)માં 'પુક્કસ'નો અર્થ નિષાદ વડે ઉગ્રી સ્ત્રીમાં ઉત્પન્ન પુત્ર અને મનુસ્મૃતિમાં નિષાદ વડે શૂદ્રા સ્ત્રીમાં ઉત્પન્ન પુત્ર એવો કરવામાં આવ્યો છે.[6] મહાભારત[7]માં ચાંડાલ અને પુલ્કસનો એક સાથે પ્રયોગ મળે છે. 'पुल्कस'નું પ્રાકૃત રૂપ 'बुक्कस' થઈ શકે છે. પુલ્કસ અને ચાંડાલ એટલે કે ભંગી અને ચાંડાલ.

## ૯. (सव्वट्ठेसु व खत्तिया)

સર્વાર્થ શબ્દના બે અર્થ કરી શકાય છે—સર્વ પ્રયોજન અને સર્વ વિષય. જે રીતે કોઈ ક્ષત્રિય પ્રયોજન ઉપસ્થિત થતાં પરાજય સ્વીકારતો નથી, ખિન્ન નથી થતો, તે જ રીતે કર્મથી કલુષિત વ્યક્તિ સંસાર-ભ્રમણથી ખિન્ન થતો નથી.

વ્યાખ્યાકારોએ બીજા અર્થ (સર્વ વિષય)નો વિસ્તાર કર્યો છે. તે આ પ્રમાણે છે—રાજાઓની પાસે બધા પ્રકારની સુખ-સામગ્રી અને કામભોગોને ઉત્તેજિત કરનારા પદાર્થો તૈયાર હોય છે. ઈન્દ્રિય-વિષયોનો ઉપભોગ કરતા કરતા પણ તેઓ કદી તૃપ્ત થતા નથી. તેમની તૃષ્ણા વધે છે, સાથે-સાથે પ્રતાપ પણ વધે છે અને તેઓ સર્વત્ર પ્રસિદ્ધ થઈ જાય છે. તેઓ શારીરિક અને માનસિક દુઃખો ભોગવવા છતા પણ પેલા કામભોગોથી કદી વિરક્ત નથી થતા. તેઓ વધારે ને વધારે અનુરક્ત બનતા જાય છે. તેઓ જન્મ-મરણના ફેરામાંથી છૂટકારો મેળવી શકતા નથી.[8]

તેવી જ રીતે અધર્મમાં રત વ્યક્તિ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત નથી થઈ શકતા.

## ૧૦. કર્મ-કિલ્વિષ (कम्मकिब्बिसा)

કર્મો વડે મલિન અથવા જેનાં કર્મો મલિન છે તેઓ કર્મ-કિલ્વિષ કહેવાય છે. કર્મના બે પ્રકાર હોય છે—શુભાનુબંધી અને અશુભાનુબંધી. જેનાં અશુભાનુબંધી કર્મ હોય છે તેઓ 'कर्म-किल्विष' હોય છે.[9]

---

१. महाभारत, शान्तिपर्व १८०।३८ ।

२. मनुस्मृति, १०।४९ : क्षत्रुग्रपुक्कसानां तु बिलौकोवधबन्धनम् ।

3. अभिधानप्पदीपिका, पृ. ५०८ : पुक्कसो पुष्पछड्डको ।

४. (क) उत्तराध्ययन चूर्णि, पृ. ९६ : बुक्कसो वर्णान्तरभेदः, यथा बंभणेण सुद्दीए जातो णिसादोत्ति वुच्चति, बंभणेण वेसीते जातो अंबट्ठेति वुच्चति, तत्थ निसाएणं अंबट्ठीए जातो सो बोक्कसो भवति ।
(ख) बृहद्वृत्ति, पत्र १८२ ।
(ग) सुखबोधा, पत्र ६७ ।

५. मनुस्मृति, १०।८ :
ब्राह्मणाद् वैश्य कन्यायामम्बष्ठो नाम जायते ।
निषादः शूद्रकन्यायां, यः पारशव उच्यते ॥

६. मनुस्मृति, १०।१८ : जातो निषादाच्छूद्रायां जात्या भवति पुक्कसः ।

७. महाभारत, शान्तिपर्व, १८०।३८ :
न पुल्कसो न चाण्डाल, आत्मानं त्यक्तुमिच्छति ।
तया पुष्टः स्वया योन्या, मायां पश्यस्व यादृशीम् ॥

८. (क) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ९७ ।
(ख) बृहद्वृत्ति, पत्र १८३ ।

९. (क) उत्तराध्ययन चूर्णि, पृ. ९७ : 'कम्मकिब्बिसा' इति कम्मेहिं किब्बिसा, कम्मकिब्बिसा, कर्माणि तेषां किब्बिसाणि कर्मकिब्बिसा ।
(ख) बृहद्वृत्ति, पत्र १८३ : कर्मणा—उक्तरूपेण किल्विषाः —अधमाः कर्म्मकिल्बिषाः, प्राकृतत्वाद्वा पूर्वापर-निपातः,किल्विषाणि—क्लिष्टतया निकृष्टान्यशुभानु-बन्धीनि कर्म्माणि येषां ते किल्विषकर्म्माणः ।

### ૧૧. યોનિચક્રમાં (आवट्ट-जोणीसु)

જીવોના ઉત્પત્તિસ્થાનને 'યોનિ' કહે છે. તે ૮૪ લાખ છે. અનાદિકાળથી જીવ આ યોનિઓમાં જન્મ-મરણ કરતો રહ્યો છે. જન્મ-મરણનું આ ચક્ર છે.[1]

### ૧૨. (શ્લોક ૭)

ગતિના ચાર પ્રકાર છે—૧. નરકગતિ, ૨. તિર્યંચગતિ, ૩. મનુષ્યગતિ અને ૪. દેવગતિ. તિર્યંચ અને નરકગતિને યોગ્ય કર્મ મનુષ્યગતિની પ્રાપ્તિમાં પ્રતિબંધક બને છે. તેમના અસ્તિત્વ-કાળમાં જીવ મનુષ્યગતિ પામતો નથી. 'આનુપૂર્વી' નામકર્મની એક પ્રકૃતિ છે.[2] મનુષ્ય-આનુપૂર્વી નામકર્મનો ઉદય થવાથી જીવ મનુષ્યગતિમાં આવે છે. નિષ્કર્ષ આ છે કે મનુષ્ય-ગતિના બાધક કર્મોનો નાશ તથા મનુષ્ય-આનુપૂર્વી નામકર્મનો ઉદય થાય ત્યારે જીવને મનુષ્યગતિમાં આવવા માટેની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. તે જ અવસ્થામાં તે મનુષ્ય બને છે.[3]

### ૧૩. તપ, સહિષ્ણુતા અને અહિંસાને (तवं खंतिमहिंसयं)

આ ચરણમાં 'તપ' વડે તપસ્યાના બાર ભેદો, 'ક્ષાંતિ' દ્વારા દસવિધ શ્રમણ-ધર્મ અને 'અહિંસા' દ્વારા પાંચ મહાવ્રતોનું ગ્રહણ કરવામાં આવ્યું છે, તેવો બધા વ્યાખ્યાકારોનો મત છે.[4] ક્ષાંતિનો અર્થ છે—સહિષ્ણુતા, ક્ષમા. વૃત્તિકારે આનો અર્થ ક્રોધ-જય એવો કર્યો છે.[5] ૨૯મા અધ્યયનમાં ક્ષાંતિને ક્રોધ-વિજયનું પરિણામ બતાવવામાં આવ્યું છે.[6] ક્ષાંતિ વડે પરીષહોને જીતવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.[7]

### ૧૪. શ્રદ્ધા (सद्धा)

બૃહદ્વૃત્તિ અનુસાર શ્રદ્ધાનો અર્થ છે—ધર્મ પ્રત્યે રુચિ અથવા ધર્મ કરવાની અભિલાષા.[8] નિરુક્તમાં 'શ્રત્'નો અર્થ સત્ય અને તે જે બુદ્ધિમાં ધારણ કરવામાં આવે છે, તેનું નામ છે શ્રદ્ધા.[9]

આ વિચાર-સૂત્રોના આધારે શ્રદ્ધાનો અર્થ સત્યોન્મુખી અભિરુચિ એવો કરી શકાય.

### ૧૫. મોક્ષ તરફ લઈ જનાર (नेआउयं)

ચૂર્ણિકારે આનો અર્થ 'લઈ જનાર' કર્યો છે.[10] ટીકામાં આનો અર્થ 'न्यायोपपन्न' કરવામાં આવ્યો છે.[11] ડૉ. લ્યૂમેને ઔપપાતિક સૂત્રમાં તથા ડૉ. પિશલ, ડૉ. હરમન જેકોબી વગેરેએ આનો અર્થ 'न्यायोपपन्न' કર્યો છે.[12]

---

१. सुखबोधा, पत्र ६७ : आवर्त्तः—परिवर्त्तः तत्प्रधाना योनयः—चतुरशीतिलक्षप्रमाणानि जीवोत्पत्तिस्थानानि आवर्त्तयोनयस्तासु ।

२. पन्नवणा २३।५४ ।

३. उत्तराध्ययन चूर्णि, पृ. ९८ : तेषां मानुसजातिनिर्वर्तकानां कर्मणां प्रहीयते इति प्रहाणा, आनुपूर्वी नाम क्रमः तया आनुपूर्व्या, प्रहीयमाणेषु मनुष्ययोनिघातिषु कर्म्मसु निर्वर्तकेषु वा आनुपूर्व्येण उदीर्यमाणेसु, कथं आनुपूर्व्या उदीर्यते ? उच्यते, उक्कड्ढंतं जहा तोयं, अहवा कम्मं वा जोगं व भवं आयुगं वा मणुस्सगतिणामगोत्तस्स कस्मिंश्चित्तु काले कदाचित् तु पूरणे, न सर्वदेवैत्यर्थः, 'जीवा सोधिमणुप्पत्ता' शुद्ध्यते अनेनेति शोधिः तदावरणीय कर्मापगमादित्यर्थः ।

४. (क) उत्तराध्ययन चूर्णि, पृ. ९८ ।
(ख) बृहद्वृत्ति, पत्र १८४ ।

५. बृहद्वृत्ति, पत्र १८४ : क्षान्तिं क्रोधजयलक्षणाम् ।

६. उत्तराध्ययन, २९।६८ : कोहविजएणं खंतिं जणयइ ।

७. એજન, २९।४७ : खंतीए णं परीसहे जिणइ ।

८. (क) बृहद्वृत्ति, पत्र १८५ : श्रद्धा रुचिरूपा प्रक्रमाद् धर्मविषयैवः ।
(ख) એજન, पत्र १४४ : श्रद्धा धर्मकरणाभिलाषः ।

९. पातंजल योगदर्शन १।२०, टीका पृ. ५५ ।

१०. उत्तराध्ययन चूर्णि, पृ. ९८ : नयनशीलो नैयायिकः ।

११. बृहद्वृत्ति, पत्र १८५ : नैयायिक, न्यायोपपन्न इत्यर्थः ।

१२. જુઓ—उत्तराध्ययन, चार्ल सरपेन्टियर, पृ. २१२ ।

બૌદ્ધ સાહિત્યમાં નૈર્યાનિકનો અર્થ દુઃખક્ષય તરફ લઈ જનાર, પાર પહોંચાડનાર એવો કર્યો છે.[1] ચૂર્ણિકારના અર્થનો આની સાથે નજીકનો સંબંધ છે. આ અર્થને આધારે 'नेआउय'નું સંસ્કૃત રૂપ 'नैर्यातृक' હોવું જોઈએ. 'नैर्यातृक'ના પ્રાકૃત રૂપો 'नेआइय' અને 'नेआउय' બંને બની શકે છે. સૂત્રકૃતાંગ ચૂર્ણિમાં આ બંને રૂપો વપરાયાં છે. ત્યાં તેમનો અર્થ મોક્ષ તરફ લઈ જનાર એવો કરવામાં આવ્યો છે.[2]

**૧૬. ઘણા લોકો.....તેનાથી ભ્રષ્ટ થઈ જાય છે (बहवे परिभस्सई)**

આ પદમાં ચૂર્ણિકાર અને શાન્ત્યાચાર્યે જમાલી વગેરે નિહ્નવોનો ઉલ્લેખ કર્યો છે.[3] આ બધા નિહ્નવો કેટલીક શંકાઓને કારણે નૈર્યાતૃક-માર્ગ – નિર્ગ્રંથ-પ્રવચનમાંથી ભ્રષ્ટ થઈ ગયા હતા–દૂર થઈ ગયા હતા.

નેમિચન્દ્રે સાતેય નિહ્નવોનું વિવરણ ઉદ્ધૃત કર્યું છે.[4] તે આવશ્યક-નિર્યુક્તિમાં પણ છે.[5] ડૉ. લ્યૂમેને Indischen Studien. vol. XXII. pp. 91-135માં નિહ્નવોનું વિવરણ સુંદર રીતે પ્રસ્તુત કર્યું છે. ડૉ. હરમન જેકોબીએ પોતાના સંશોધનાત્મક નિબંધ–'શ્વેતાંબર અને દિગંબર સમ્પ્રદાયની ઉત્પત્તિ'–માં પણ આ વિવરણનો ઉપયોગ કર્યો છે.

**૧૭. (શ્લોક ૧૧)**

આ શ્લોક પ્રથમ શ્લોકનું નિગમન પ્રસ્તુત કરે છે. પ્રસ્તુત શ્લોકનું પ્રતિપાદ્ય છે કે ચાર પરમ અંગો છે અને તેમની પ્રાપ્તિ અત્યન્ત દુર્લભ છે. આ શ્લોકમાં આ ચાર પરમ અંગોની પ્રાપ્તિનું પરિણામ નિર્દિષ્ટ છે. જેને ચતુરંગની પ્રાપ્તિ થઈ જાય છે તે પૂર્વસંચિત કર્મોને વિનષ્ટ કરી આત્માને વિશુદ્ધ બનાવી લે છે. આ રીતે ચતુરંગનો સિદ્ધાંત આધ્યાત્મિક વિકાસની એક પ્રાયોગિક ભૂમિકાનો નિર્દેશ છે.

**૧૮. (सोही उज्जुयभूयस्स)**

ઋજુતા શુદ્ધિનું ઘટક તત્ત્વ છે. નિર્જરા આપણી પ્રત્યક્ષ નથી. શુદ્ધિ વ્યવહારમાં પ્રત્યક્ષ થઈ જાય છે. શુદ્ધિ અને ઋજુતા–બંનેમાં ઘનિષ્ટ સંબંધ છે. ઋજુતાનો એક પ્રકાર છે–અવિસંવાદન અર્થાત્ કથની અને કરણીમાં સંવાદિતા. અવિસંવાદિતા આવે ત્યારે જ જીવનમાં ધર્મની આરાધના થાય છે. ઓગણત્રીસમા અધ્યયનમાં આનો સ્પષ્ટ ઉલ્લેખ છે–

ગૌતમે પૂછ્યું–ભંતે ! ઋજુતાથી જીવ શું મેળવે છે ?

ભગવાન બોલ્યા–ઋજુતાથી તે કાયા, મન અને ભાષા–વાણીની સરળતા અને અવિસંવાદન વૃત્તિ મેળવે છે. અવિસંવાદન વૃત્તિથી સંપન્ન જીવ ધર્મનો આરાધક બને છે.[6]

માયા એક શલ્ય છે. તેની વિદ્યમાનતામાં વ્રત કે ધર્મની પ્રાપ્તિ થતી નથી. ઉમાસ્વાતિએ આ જ આશયથી લખ્યું છે–વ્રતી કે ધાર્મિક તે જ વ્યક્તિ હોય છે, જે નિઃશલ્ય બની જાય છે.[7]

ઋજુ શબ્દના બે અર્થ છે–સરળ અને મોક્ષ. ચૂર્ણિમાં ઋજુભૂતનો અર્થ છે–સરળતા ગુણથી યુક્ત[8] અને બૃહદ્વૃત્તિમાં તેનો અર્થ છે–ચતુરંગની પ્રાપ્તિ વડે મુક્તિ તરફ પ્રસ્થિત.[9]

---

૧. बुद्धचर्या, पृ. ४६७, ४८९ ।
૨. (ક) सूत्रकृतांग चूर्णि, पृ. ४५७ : नयनशीलो नेयाइओ मोक्षं नयतीत्यर्थः ।
(ખ) એજન, પૃષ્ઠ ४५५ : मोक्खं णयणशीलो णेयाउओ ।
૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. ९८ । (ખ) बृहद्वृत्ति, पत्र १८५ ।
૪. सुखबोधा, पत्र ६९-७५ ।
૫. आवश्यक निर्युक्ति, मलयगिरि वृत्ति, पत्र ४०१ ।
૬. उत्तराध्ययन २९ । सूत्र ४९ ।
૭. तत्त्वार्थवार्तिक, ७।१८ : निःशल्यो व्रती ।
૮. उत्तराध्ययन चूर्णि, पृ. ९९ : अर्जतीति ऋजुभूतः तद्गुणवतः ।
૯. बृहद्वृत्ति, पत्र १८५ : ऋजुभूतस्य–चतुरंगप्राप्त्या मुक्तिप्रति प्रगुणीभूतस्य ।

૧૯. (निव्वाणं......घयसित्तव्व पावए)

**निव्वाणं**—ચૂર્ણિમાં આનો અર્થ મુક્તિ એવો આપ્યો છે.[1] શાન્ત્યાચાર્યે આના બે અર્થ કર્યા છે—(૧) સ્વાસ્થ્ય અને (૨) જીવન-મુક્તિ. સ્વાસ્થ્યનો અર્થ છે—પોતાની પોતાનામાં અવસ્થિતિ, આત્મ-રમણા. જે વ્યક્તિનું જીવન ધર્માનુગત હોય છે તેનામાં આત્મ-રમણની સ્થિતિ સહજ સ્વાભાવિક પેદા થઈ જાય છે. આ જ ખરા અર્થમાં સ્વાસ્થ્ય છે. આત્મ-રમણની અવસ્થા સહજાનંદની અવસ્થા છે. તેમાં સુખ નિરંતર વધતું રહે છે. જૈન આગમ અનુસાર એક માસના પર્યાયવાળો શ્રમણ વ્યંતર દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરી જાય છે. સ્વસ્થ શ્રમણ ચક્રવર્તીનાં સુખોને પણ વટાવી જાય છે. આ પરમ-સુખની અનુભૂતિ આત્મ-સાપેક્ષ હોય છે. આ જ સ્વાસ્થ્ય અથવા નિર્વાણ છે.[2] જીવન્મુક્તિનો અર્થ છે—આ જ જીવનમાં મુક્તિ.[3]

શાન્ત્યાચાર્યે અહીં 'પ્રશમરતિ'નો એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે—

निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैवमोक्षः सुविहितानाम् ॥ २३८ ॥

નેમિચન્દ્રે આ શબ્દનો અર્થ જીવન્મુક્તિ કર્યો છે અને મુનિ-સુખની અર્ધ્યતાને લક્ષમાં રાખી એક બીજો શ્લોક પણ ઉદ્ધૃત કર્યો છે[4]—

तणसंथारनिवन्नो वि, मुणिवरो भट्ठारायमयमोहो ।
जं पावइ मुत्तिसुहं, कत्तो तं चक्कवट्टी वि ॥

નાગાર્જુનીય પરંપરામાં આ શ્લોક ભિન્ન રૂપે મળે છે, એવો ચૂર્ણિકારે[5] અને શાન્ત્યાચાર્યે[6] ઉલ્લેખ કર્યો છે—

चउद्धा संपयं लद्धुं इहेव ताव भायते ।
तेयते तेजसंपन्ने, घयसित्तेव पावए ॥

**घयसित्तव्व पावए**—પરાળ, છાણાં વગેરે વડે અગ્નિ તેટલો પ્રજ્વલિત નથી થતો જેટલો તે ઘીના સિંચનથી થાય છે, એટલા માટે અહીં ઘૃત-સિંચનની ઉપમાને પ્રધાનતા આપી છે.[7]

અહીં નિર્વાણની તુલના ઘૃત-સિક્ત અગ્નિ સાથે કરવામાં આવી છે. ઘૃતથી અગ્નિ પ્રજ્વલિત થાય છે, બુઝાતો નથી, એટલા માટે નિર્વાણનો અર્થ 'મુક્તિ'ની અપેક્ષાએ 'દીપ્તિ' વધુ યોગ્ય છે. મુક્તિ, સ્વાસ્થ્ય કે જીવન્મુક્તિ—આ બધી ચેતનાની પ્રજ્વલિત—તેજોમય અવસ્થાના નામો છે. આ દૃષ્ટિ સામે રાખી નિર્વાણનો આમાંથી કોઈપણ અર્થ કરી શકાય છે. પરંતુ તેનો અર્થ 'બૂઝવું' ઉપમા સાથે સામંજસ્ય રાખતો નથી.

૨૦. કર્મના હેતુને (कम्मणो हेउं)

કર્મબંધના બે મુખ્ય હેતુઓ છે—રાગ અને દ્વેષ. અથવા કર્મબંધનું કારણ છે—આશ્રવ. તે પાંચ પ્રકારનો છે—મિથ્યાત્વ આશ્રવ, અવ્રત આશ્રવ, પ્રમાદ આશ્રવ, કષાય આશ્રવ અને યોગ આશ્રવ.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ. ९९ : निर्वृत्तिः—निर्वाणम् ।
२. बृहद्वृत्ति, पत्र १८५, १८६ : 'निर्वाणं' निर्वृतिनिर्वाणं स्वास्थ्यमित्यर्थः 'परमं' 'एगमासपरियाए समणे वंतरियाणं तेयल्लेसं वीईवयति' इत्याद्यागमेनोक्तं 'नैवास्ति राजराजस्य तत्सुख' मित्यादिना च वाचकवचनेनानूदितम् ।
३. बृहद्वृत्ति, पत्र १८६ : यद्वा निर्वाणमिति जीवन्मुक्तिम् ।
४. सुखबोधा, पत्र ७६ ।
५. उत्तराध्ययन चूर्णि, पृ. ९९ ।
६. बृहद्वृत्ति, पत्र १८६ ।
७. उत्तराध्ययन चूर्णि, पृ. ९९ : तृणतुषपलालकरीषादिभिरिंधनविशेषैरिंध्यमानो न तथा दीप्यते यथा घृतेनेत्यतोऽनुमानात् ज्ञायते तथा घृतेनाभिषिक्तोऽधिकं भाति ।

**૨૧. દૂર કર (विगिंच)**

ચૂર્ણિકારે આના બે અર્થ કર્યા છે[૧]–

૧. વિચૃઙ્ પૃથગ્ભાગે–છૂટું કરવું.

૨. છોડવું, ત્યજવું.

**૨૨. પાર્થિવ શરીરને (पाढवं सरीरं)**

બૃહદ્‌વૃત્તિકારે 'पाढवं'ની વ્યાખ્યા આ રીતે કરી છે–જે પૃથ્વીતુલ્ય છે તે પાર્થિવ છે. પૃથ્વીનું એક નામ છે–સર્વસહા. તે બધું સહન કરી લે છે. મનુષ્યનું શરીર બધું સહન કરે છે, સુખ-દુઃખમાં સમ રહે છે. સહિષ્ણુતાની સમાનતાના આધારે શરીરને પણ પાર્થિવ કહેવામાં આવ્યું છે.

તેનો બીજો અર્થ શૈલ અથવા પર્વત એવો કરવામાં આવે છે. મનુષ્ય પર્વતની માફક અતિ નિશ્ચળ અવસ્થા પ્રાપ્ત કરે છે, એટલા માટે તેના શરીરને પાર્થિવ કહેવામાં આવ્યું છે.[૨]

વૃત્તિકારના આ બંને અર્થ પાર્થિવ શબ્દ સાથે ઘણો દૂરનો સંબંધ સ્થાપિત કરી આપે છે.

સૂત્રકૃતાંગ ચૂર્ણિ અનુસાર પાંચ ભૂતોમાં પૃથ્વીને મુખ્ય માનીને શરીરને પાર્થિવ કહેવામાં આવ્યું છે. શરીરમાં કઠોર ભાગ પૃથ્વી, દ્રવ્ય ભાગ પાણી, ઉષ્ણતા તેજ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ વાયુ અને શુષિર(ખાલી) ભાગ આકાશ છે.[૩]

આયુર્વેદમાં શરીરને પાર્થિવ કહેવાનું જે કારણ બતાવ્યું છે તે બહુ સ્પષ્ટ છે. એવી સંભાવના કરી શકાય કે પાર્થિવ શબ્દ આયુર્વેદની પરંપરામાંથી જ ગ્રહણ કરવામાં આવ્યો હોય.

'ગંધ, ઘ્રાણેન્દ્રિય તથા શરીર અંતર્ગત સમસ્ત કઠણ અવયવો, ગુરુત્વ (ભારેપણું તથા પોષણ), સ્થિરતા–આ કાર્યો શરીરમાં પૃથ્વી-મહાભૂતનાં છે. બાકીના ઘન દ્રવ્યો આયુર્વેદના મતે પૃથ્વીના વિકારો છે..... તેનું (શરીરનું) મુખ્ય ઉપાદાન (સમવાયી કારણ) પૃથ્વી જ બાકી રહે છે. આથી જ દર્શનોમાં આ શરીરને પાર્થિવ કહેવામાં આવે છે.[૪]

**૨૩. (શ્લોક ૧૩)**

પ્રસ્તુત શ્લોકના પ્રથમ બે ચરણોમાં મધ્યમ-પુરુષની ક્રિયા છે અને અંતિમ ચરણમાં પ્રથમ પુરુષની. એનાથી જાણાઈ આવે છે કે પહેલાં બે ચરણોમાં ઉપદેશ છે અને છેલ્લાં બે ચરણોમાં સામાન્ય નિરૂપણ છે.

શાન્ત્યાચાર્ય અનુસાર 'આવું કરનાર પાર્થિવ શરીરને છોડીને ઊર્ધ્વ દિશા (સ્વર્ગ કે મોક્ષ)ને પામે છે', આ અર્થની આગળ એટલું વધુ ઉમેરી દેવું જોઈએ–'એટલા માટે તું પણ આમ કર.'[૫]

**૨૪. દેવ (जक्खा)**

યક્ષ શબ્દ 'यज्' ધાતુમાંથી બન્યો છે. તેના બે નિરુક્ત છે–(૧) इज्यन्ते पूज्यन्ते इति यक्षाः–જે પૂજાય છે તે યક્ષો–દેવો છે. (૨) यान्ति वा तथाविधर्द्धिसमुदयेऽपि क्षयमिति यक्षाः–જે અનેક ઋદ્ધિઓ વડે સંપન્ન હોવા છતાં પણ પોતાની અવસ્થિતિમાંથી ચ્યુત થાય છે, તે યક્ષો છે.[૬]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. ९९ : विचिर् पृथक्भावे, पृथक् कुरुष्व । अहवा विगिंचेति उज्झित इत्यर्थः ।

૨. बृहद्वृत्ति, पत्र १८६ : पाढवं ति पार्थिवमिव पार्थिवं शीतोष्णादिपरिषहसहिष्णुतया समदुःखसुखतया च पृथिव्यामिव भवं, पृथिवी हि सर्वंसहा, कारणानुरूपं च कार्यमिति भावो । यदि वा पृथिव्या विकारः पार्थिवः, स चेह शैलः, ततश्च शैलेशीप्राप्त्यपेक्षयाऽतिनिश्चलतया शैलोपमत्वात् पगप्रसिद्ध्या वा पार्थिवं.....

૩. सूत्रकृतांग चूर्णि, पृ. २३, २४ ।

૪. आयुर्वेदीय पदार्थ विज्ञान ( वैद्य रणजितराय देसाई ) पृ. ६६, १०६ ।

૫. बृहद्वृत्ति, पत्र १८६ ।

૬. એજન, पत्र १८७ ।

પહેલાં આનો અર્થ દેવ હતો. ઉત્તરવર્તી સાહિત્યમાં તેના અર્થમાં અપકર્ષ થયો અને આ શબ્દ નિમ્ન કોટિની દેવજાતિ માટે વપરાવા લાગ્યો.

**૨૫. મહાશુક્લ (महासुक्का)**

ચન્દ્ર, સૂર્ય વગેરે અતિશય ઉજ્જ્વલ પ્રકાશવાળા હોય છે. એટલા માટે તેમને મહાશુક્લ કહેવામાં આવ્યા છે.[૧] 'सुक्क'નું સંસ્કૃત રૂપ 'शुक्त' પણ થઈ શકે છે. તેનો એક અર્થ અગ્નિ પણ છે. એમ માની લઈએ તો તેનો અર્થ થશે—મહાન અગ્નિ.

**૨૬: (શ્લોક ૧૪)**

બધા દેવો સમાન શીલવાળા હોતા નથી. તેમના તપ, નિયમ અને સંયમ-સ્થાન સરખાં નથી હોતાં. વ્યક્તિ પોતાના પૂર્વજન્મમાં જે પ્રકારનાં શીલ-સંયમનું પાલન કરે છે, તેને જ અનુરૂપ દેવગતિને તે પ્રાપ્ત કરે છે. બધા દેવતાઓની સંપદા એકસરખી નથી હોતી. પહેલા દેવલોકથી બીજા અને બીજાથી ત્રીજાની સંપદા અધિક હોય છે. આ રીતે આ સંપદા ઉત્તરોત્તર વધતી જાય છે. તેનું કારણ છે—'जहा जहा णं तेसिं देवाणं तव नियम-बंभचेराणि ऊसितानि भवंति, जस्स जारिसं, सीलमासि तारिसो जक्खो भवति ।'[૨]

**विसालिसेहिं**—આ માગધી ભાષાનો શબ્દ છે. તેનું સંસ્કૃત રૂપ છે—विसदृशैः.[૩]

**૨૭. ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવામાં સમર્થ હોય છે (कामरूव विउव्विणो)**

कामरूव विउव्विणो—નો અર્થ છે—ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવા સમર્થ, આઠ પ્રકારના ઐશ્વર્ય-યુક્ત.[૪] तत्त्वार्थराजवार्तिકમાં એકસાથે અનેક આકારવાળા રૂપ-નિર્માણની શક્તિને કામરૂપીત્વ કહેવામાં આવેલ છે.[૫] ચૂર્ણિકારે તેનું સંસ્કૃત રૂપ 'कामरूपविकुर्विणः' અને શાન્ત્યાચાર્ય તથા નેમિચન્દ્રે 'कामरूपविकरणाः' આપ્યું છે.[૬] 'विकुर्विणः' પ્રાકૃતનું જ અનુકરણ છે.

**૨૮. સેંકડો પૂર્વ-વર્ષો સુધી—અસંખ્ય કાળ સુધી (पुव्वा वाससया बहू)**

૮૪ લાખને ૮૪ લાખ વડે ગુણવાથી જે સંખ્યા મળે તેને પૂર્વ કહેવામાં આવે છે. સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ—૭૦,૫૬૦,૦૦૦,૦૦૦,૦૦૦—વર્ષને પૂર્વ કહેવામાં આવે છે. બહુ અર્થાત્ અસંખ્ય. અસંખ્ય પૂર્વ અથવા અસંખ્ય સો વર્ષ સુધી. આનું તાત્પર્ય છે—પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી દેવોની ઓછામાં ઓછી આટલી સ્થિતિ તો હોય જ છે. મુનિ પૂર્વજીવી કે શત્વર્ષજીવી હોય છે, એટલા માટે તેમના વડે તેમનું માપ બતાવવામાં આવ્યું છે.[૭]

---

૧. बृहद्वृत्ति, पत्र १८७ : 'महाशुक्ला' अतिशयोज्जवलतया चन्द्रादित्यादयः ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १०० ।

૩. बृहद्वृत्ति, पत्र १८७ : विसालिसेहिं ति मागधदेशीयभाषया विसदृशैः ।

૪. (ક) सुखबोधा, पत्र ७७ : 'कामरूपविकरणाः' यथेष्टरूपादि-निर्वर्त्तनशक्तिसमन्विताः ।
(ખ) उत्तराध्ययन चूर्णि, पृ.१०१ : अष्टप्रकारैश्वर्ययुक्ता इत्यर्थः ।

૫. तत्त्वार्थवार्तिक ३।३६, पृ. २०३ : युगपदनेकाकाररूप-विकरणशक्तिः कामरूपित्वमिति ।

૬. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १०१ : काम्यंते कमनीया वा कामाः, रोचते रोचयति वा रूपं, कामतो रूपाणि विकुर्वितुं शीलं येषां त इमे कामरूपविकुर्विणः ।
(ખ) बृहद्वृत्ति, पत्र १८७ : 'कामरूवविउव्विणो' त्ति सूत्रत्वात्कामरूपविकरणाः ।
(ગ) सुखबोधा, पत्र ७७ ।

૭. बृहद्वृत्ति, पत्र १८७ : पूर्वाणि—वर्षसप्तति-कोटिलक्षषट्पंचाशत्कोटिसहस्र-परिमितानि बहूणि, जघन्यतोऽपि पल्योपमस्थितित्वात्, तत्रापि च तेषाम-सङ्ख्येयानामेव सम्भवात्, एवं वर्षशतान्यपि बहूनि, पूर्ववर्षशतायुषामेव चरणयोग्यत्वेन विशेषतो देशनौचित्यमिति ख्यापनार्थमित्थमुपन्यास इति ।

૨૯. (શ્લોક ૧૬થી ૧૮)

સોળમા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે દેવ મનુષ્ય-યોનિમાં દસ અંગોવાળી ભોગસામગ્રીથી યુક્ત હોય છે. તે દસ અંગો આ પ્રમાણે છે—

| | |
|---|---|
| (૧) ચાર કામ-સ્કંધ. | (૬) નિરોગ |
| (૨) મિત્રવાન | (૭) મહાપ્રજ્ઞ |
| (૩) જ્ઞાતિમાન | (૮) વિનીત |
| (૪) ઉચ્ચગોત્ર | (૯) યશસ્વી |
| (૫) વર્ણવાન | (૧૦) સામર્થ્યવાન |

ચાર કામ-સ્કંધોનું નિરૂપણ સત્તરમા શ્લોકમાં અને બાકીના નવ અંગોનો ઉલ્લેખ અઢારમા શ્લોકમાં છે.

**चत्तारि काम-खंधाणि**—'काम-स्कंध'નો અર્થ છે—મનોજ્ઞ શબ્દ વગેરેના હેતુભૂત પુદ્‌ગલ-સમૂહ અથવા વિલાસના હેતુભૂત પુદ્‌ગલ-સમૂહ.[1] તે ચાર છે—

| | |
|---|---|
| (૧) ક્ષેત્ર-વાસ્તુ | (૩) પશુ |
| (૨) હિરણ્ય | (૪) દાસ-પૌરુષ |

**खेत्तं**—ક્ષેત્ર. ક્ષેત્ર શબ્દ 'क्षि' ધાતુમાંથી બન્યો છે. તે ધાતુના બે અર્થ છે—નિવાસ અને ગતિ. જેમાં રહી શકાય તેને ક્ષેત્ર કહેવાય છે. આ વ્યુત્પત્તિ અનુસાર ગામ, ઉદ્યાન વગેરે ક્ષેત્રો કહેવાય છે.[2] જ્યાં અનાજ ઉત્પન્ન થાય છે તે પણ ક્ષેત્ર કહેવાય છે. તેના ત્રણ પ્રકાર છે[3]—

(૧) સેતુ-ક્ષેત્ર— જ્યાં સિંચાઈથી પાક તૈયાર થાય છે.

(૨) કેતુ-ક્ષેત્ર— જ્યાં વરસાદથી પાક તૈયાર થાય છે.

(૩) સેતુ-કેતુ-ક્ષેત્ર— જ્યાં શેરડી વગેરે સિંચાઈ અને વરસાદ બંને વડે ઉત્પન્ન થાય છે.

**वत्थुं**—વાસ્તુ. વાસ્તુનો અર્થ છે—અગાર—ગૃહ. ચૂર્ણિકારે તેના ત્રણ ભેદ કર્યા છે—

| | | |
|---|---|---|
| (૧) સેતુ-વાસ્તુ | અથવા | |
| (૨) કેતુ-વાસ્તુ | (૧) ખાત | (૩) ખાતોચ્છ્રિત |
| (૩) સેતુ-કેતુ-વાસ્તુ | (૨) ઉચ્છ્રિત | |

તેમની વ્યાખ્યા અનુસાર—ભૂમિગૃહને સેતુ, ઊંચા મહેલને કેતુ અને ઉભયગૃહ (ભૂમિગૃહની ઉપરના મહેલ)ને સેતુ-કેતુ કહેવામાં આવે છે.[4] આ જ અર્થ ખાત, ઉચ્છ્રિત અને ખાતોચ્છ્રિતનો છે. શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે બીજા વિકલ્પનો ઉલ્લેખ કર્યો છે. અર્થની બાબતમાં ત્રણે એકમત છે.[5]

---

૧. सुखबोधा, पत्र ७७ : कामाः—मनोज्ञशब्दादयः तद्धेतवः स्कंधाः—तत्तत्पुद्‌गलसमूहाः कामस्कंधाः ।

૨. बृहद्‌वृत्ति, पत्र १८८ : 'क्षि निवासगत्योः' क्षियन्ति निवसन्त्यस्मिन्निति क्षेत्रम्—ग्रामारामादि ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १०१ : तत्र क्षेत्रं सेतुं केतुं वा, सेतुं केतुं वा, सेतुं रहट्टादि, केतुं वरिसेण निष्फज्जते इक्ष्वादि सेतुं केतुम् ।

૪. એજન, પૃષ્ઠ १०१ : वत्थुंसि सेतुं भूमिघरादि, केतुं यदभ्युच्छ्रितं प्रासादाद्यं, उभयथा गृहं सेतुकेतुं भवति, अथवा वत्थुं खायं ऊसियं खातूसियं, खातं भूमिघरं ऊसितं पासाओ खातूसितं भूमिघरोवरिं पासादो ।

૫.(ક) बृहद्‌वृत्ति, पत्र १८८ : तथा वसन्त्यस्मिन्निति वास्तु—खातोच्छ्रितोभयात्मकम् । (ખ) सुखबोधा, पत्र ७७ ।

**दास-पौरुष**—પૌરુષનો અર્થ છે—કર્મકર અને દાસનો અર્થ છે—ખરીદેલો અથવા માલિકની સંપત્તિ ગણાતો વ્યક્તિ—ગુલામ. તેના જીવન પર સ્વામીનો પૂરેપૂરો અધિકાર રહેતો. પોતાની જન્મજાત દાસ્ય સ્થિતિને બદલવાનું તેના વશમાં નહોતું અને ન તો તે સંપત્તિનો સ્વામી થઈ શકતો. દાસ અને નોકર-ચાકરમાં આ જ અંતર છે કે નોકર-ચાકર પર સ્વામીનો પૂરેપૂરો અધિકાર નથી હોતો, તે સ્વામીની મિલકતમાં ન ગણાતો અને તે અનિશ્ચિત કાળ માટે પગાર પર નોકરીએ રાખવામાં આવતો.

નિશીથ ચૂર્ણિમાં છ પ્રકારના દાસો ગણાવવામાં આવ્યા છે—

(૧) પરંપરાગત.

(૨) ખરીદીને બનાવેલો.

(૩) કરજ ન ચૂકવતાં સજા રૂપે બનાવેલો.

(૪) દુકાળ વગેરે આવતા ભોજન વગેરે માટે જેણે દાસપણું સ્વીકાર્યું હોય તે.

(૫) કોઈ અપરાધને કારણે દંડ વગેરે ન ભરી શકવાથી રાજા દ્વારા બનાવાયેલ.

(૬) બંદી બનાવીને જેને દાસ બનાવવામાં આવ્યો હોય.[1]

મનુસ્મૃતિમાં સાત પ્રકારના દાસ ગણાવવામાં આવ્યા છે—

(૧) ધ્વજાહૃત દાસ—સંગ્રામમાં પરાજિત દાસ.

(૨) ભક્ત દાસ—ભોજન વગેરે માટે દાસ બનેલો દાસ.

(૩) ગૃહજ દાસ—પોતાની દાસીથી પેદા થયેલો દાસ.

(૪) ક્રીત દાસ—ખરીદેલો દાસ.

(૫) દત્રિમ દાસ—કોઈએ આપેલો દાસ.

(૬) પૈતૃક દાસ—પૈતૃક વારસામાં આવેલો દાસ.

(૭) દંડ દાસ—દેવુ વસૂલ કરવા માટે બનાવેલો દાસ.[2]

મનુસ્મૃતિમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દાસ 'અધન' હોય છે. તેઓ જે ધન એકત્રિત કરે છે, તે તેમના માલિકોનું બની જાય છે.[3]

નિશીથ-ચૂર્ણિ અને મનુસ્મૃતિની દાસ-સૂચિ સરખી છે. મનુસ્મૃતિમાં માત્ર દત્રિમ દાસનો ઉલ્લેખ વધારાનો મળે છે.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના ટીકાકાર વિજ્ઞાનેશ્વરે પંદર પ્રકારના દાસ ગણાવ્યા છે. તેમાં મનુસ્મૃતિમાં ગણાવેલા તો છે જ ઉપરાંત જુગારમાં જીતેલા, પોતાની જાતે જ આવી મળેલા, દુકાળના સમયે બચાવેલા વગેરે વગેરે અધિક છે.[4]

સૂત્રકારે 'દાસ-પૌરુષ'ને કામ-સ્કંધ—ધન-સંપત્તિ માનેલ છે. દાસ-પૌરુષ શબ્દથી એમ જણાઈ આવે છે કે તે સમયે 'દાસ-પ્રથા' ઘણી પ્રચલિત હતી. ટીકાકારોએ દાસનો અર્થ પોષ્ય અથવા પ્રેષ્ય વર્ગ અને પૌરુષેયનો અર્થ પદાતિ-સમૂહ એવો કર્યો છે.[5]

---

૧. निशीथ चूर्णि, पृ. ११ ।

૨. मनुस्मृति, ८।४१५ :
ध्वजाहृतो भक्तदासो, गृहजः क्रीतदत्रिमौ ।
पैत्रिको दण्डदासश्च, सप्तैते दासयोनयः ॥

૩. એજન, ८।४१६ ।
भार्या पुत्रश्च दासश्च, त्रय एवाधनाः स्मृताः ।
यत्ते समधिगच्छन्ति, यस्य ते तस्य तद्धनम् ॥

૪. याज्ञवल्क्यस्मृति, २।१४, पृ. २७३ ।

૫. (ક) बृहद्वृत्ति, पत्र १८८ : दास्यते—दीयते एभ्य इति दासाः—पोष्य-वर्गरूपास्ते च पोरुसंति—सूत्रत्वात्पौरुषेयं च—पदातिसमूहः दासपौरुषेयम् । (ખ) सुखबोधा, पत्र ७७ ।

અંગ્રેજીમાં પણ બે શબ્દો છે— Slave અને Servant. આ બંને દાસ અને નોકરના ક્રમે પર્યાયવાચી છે.

જૈન-સાહિત્ય અનુસાર બાહ્ય-પરિગ્રહના દસ ભેદ છે. તેમાં 'दुप्पय' અર્થાત્ બે પગવાળા દાસ-દાસીઓને પણ બાહ્ય પરિગ્રહ માનવામાં આવેલ છે.

કૌટિલીય અર્થશાસ્ત્રમાં ગુલામને માટે 'દાસ' અને નોકર માટે 'કર્મકર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં 'દાસકર્મકરકલ્પ' નામે એક અધ્યાય છે.[1]

અનગારધર્મામૃતની ટીકામાં પંડિત આશાધરજીએ 'દાસ' શબ્દનો અર્થ—ખરીદ કરેલો કર્મકર એવો કર્યો છે.[2]

આજકાલ લોકોની ધારણા છે કે 'દાસ' શબ્દનો અર્થ ક્રૂર અને જંગલી લોકો છે. પણ દાસ શબ્દનો મૂળ અર્થ આવો નથી જણાતો. દાસનો અર્થ દાતા (અંગ્રેજીમાં જેને Noble કહે છે) રહ્યો હશે.[3] ઋગ્વેદની ઘણી ઋચાઓ પરથી એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે 'સપ્ત-સિંધુ' પર દાસોનું આધિપત્ય હતું.[4] એમ જણાય છે કે દાસ લોકો રજપૂતોની જેમ શૂરવીર હતા. નમૂચિ, શંબર વગેરે દાસો મોટા શૂરવીર હતા.[5]

આ આર્યપૂર્વ જાતિ ઉપર આધુનિક સંશોધકોએ ઘણો પ્રકાશ નાખ્યો છે.

## ૩૦. સંપૂર્ણ બોધિનું (केवलं बोहि)

બોધિ શબ્દ 'बुध्' ધાતુમાંથી નિષ્પન્ન થાય છે. તેનો અર્થ છે—જ્ઞાનનો વિવેક. અધ્યાત્મમાં તેનો અર્થ છે—આત્મબોધ. આ જ મોક્ષમાર્ગનો બોધ છે. બોધિ અને જ્ઞાન એક નથી. સામાન્ય જ્ઞાન માટે બોધિનો પ્રયોગ ન થઈ શકે. જ્ઞાન પુસ્તકીય તથ્યોના આધારે થનાર જાણકારી છે. બોધિ આંતરિક વિશુદ્ધિ દ્વારા સ્વયં પ્રસ્ફુટિત થનાર જ્ઞાન છે. તેને અતીન્દ્રિય-જ્ઞાન અથવા વિશિષ્ટ-જ્ઞાન પણ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાન, દર્શન અને ચારિત્રની સમ્યક્ યુતિ તે બોધિ છે. 'असोच्चा केवली' તેનું સ્પષ્ટ દૃષ્ટાંત છે. તેમાં આંતરિક વિશુદ્ધિથી પ્રજ્ઞાનું એટલું જાગરણ થઈ જાય છે કે તેઓ કેવળી બની જાય છે, સંપૂર્ણ જ્ઞાનના ધણી બની જાય છે.[6]

સ્થાનાંગસૂત્રમાં ત્રણ પ્રકારના બોધિનો ઉલ્લેખ છે—જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિ.[7] વૃત્તિકારે આનો અર્થ સમ્યગ્બોધ એવો કર્યો છે.[8]

સૂત્રકૃતાંગ ૨।૭૩માં 'णो सुलभं च बोहिं च आहियं'—માં પ્રયુક્ત બોધિ શબ્દનો અર્થ વૃત્તિકારે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ એવો કર્યો છે.[9]

આચાર્ય કુંદકુંદે બોધિની વ્યાખ્યા આ રીતે આપી છે—જે ઉપાયથી સદ્જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે ઉપાય—ચિંતાનું નામ બોધિ છે.[10]

આ બધા સંદર્ભોમાં 'બોધિ'નો અર્થ છે—સમ્યગ્દર્શન. મોક્ષપ્રાપ્તિનું પહેલું સોપાન છે—સમ્યગ્દર્શન અને તેની પાછળ છે સંયમની સાધના અને તેની ફળશ્રુતિ છે મોક્ષ.

બોધિ અથવા સંબોધિનો અર્થ કેવળજ્ઞાન પણ થાય છે. પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં તે અભિપ્રેત નથી.

---

૧. धर्मस्थीय, ३।१३, प्रकरण ६५ ।
૨. अनगारधर्मामृत. ४।१२१ ।
૩. भारतीय संस्कृति और अहिंसा, पृ. ११ ।
૪. ऋग्वेद, १।३२।११; ५।३०।५ ।
૫. भारतीय संस्कृति और अहिंसा, पृ. १३ ।
૬. भगवती, २।४६ વગેરે.
૭. ठाणं ३।१७६ : तिविहा बोधी पण्णत्ता, तं जहा—णाणबोधी, दंसणबोधी, चरित्तबोधी ।
૮. स्थानांगवृत्ति, पत्र १२३ : बोधिः सम्यग्बोधः ।
૯. सूत्रकृतांगवृत्ति, पत्र ७७ : बोधिं च सम्यग्दर्शनावाप्तिलक्षणाम् ।
૧૦. षट्प्राभृतादि संग्रह, पृ. ४४०, द्वादशानुप्रेक्षा ८३ ।

બૃહદ્વૃત્તિકારે કેવલનો અર્થ—અકલંકિત વિશુદ્ધ અને બોધિનો અર્થ—જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ એવો કર્યો છે.[૧] નેમિચન્દ્રે પણ આ જ અર્થ કર્યો છે.[૨]

વિશેષ વિવરણ માટે જુઓ—**ठाणं** ૩।૧૭૬નું ટિપ્પણ.

### ૩૧. બચેલા કર્મોને ..... ઝાડી નાખીને (धुयकम्मंसे)

**कम्मंस**—આ કર્મશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. તે સત્કર્મ અથવા વિદ્યમાન કર્મના અર્થમાં રૂઢ છે.[૩] કેવળીના ચાર ભવોપગ્રાહી કર્મો—વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય—બાકી રહે છે. જીવનના અંતિમ સમયમાં તેમને ક્ષીણ કરીને તે મુક્ત થઈ જાય છે.

શાન્ત્યાચાર્યે આનો મુખ્ય અર્થ સત્કર્મ અને વિકલ્પમાં અંશનો અર્થ 'ભાગ' કર્યો છે.[૪] નેમિચન્દ્રે પણ અંશનો આ જ અર્થ કર્યો છે.[૫] તેમના પ્રમાણે 'धुतकम्मंस'નો અર્થ થશે—જે સર્વ કર્મોના ભાગનું અપનયન કરી ચૂક્યો હોય.

---

१. बृहद्वृत्ति, पत्र १८८ : केवलाम्—अकलंकां बोधिं—जिनप्रणीतधर्म्मप्राप्तिलक्षणाम् ।
२. सुखबोधा, पत्र ७८ ।
३. बृहद्वृत्ति, पत्र १८८ : कम्मंसित्ति—कार्म्मग्रन्थिकपरिभाषया सत्कर्म्म...... ।
४. એજન, पत्र १८८ : कर्म्मणो अंशाः—भागाः ।
५. सुखबोधा, पत्र ७८ ।

# चउत्थं अज्झयणं

असंखयं

# ચતુર્થ અધ્યયન

અસંસ્કૃત

# આમુખ

આ અધ્યયનનું નામ નિર્યુક્તિ અનુસાર 'પ્રમાદાપ્રમાદ'[1] અને સમવાયાંગ અનુસાર 'અસંસ્કૃત' (પ્રા. અસંખયં) છે.[2] નિર્યુક્તિકારે કરેલું નામકરણ અધ્યયનમાં વર્ણવેલા વિષયના આધારે છે અને સમવાયાંગનું નામકરણ આદાનપદ (પ્રથમપદ)ના આધારે છે. આનું સમર્થન અનુયોગદ્વાર વડે પણ થાય છે.[3]

'જીવન અસંસ્કૃત છે—તેનું સંધાન કરી શકાતું નથી, એટલા માટે વ્યક્તિએ પ્રમાદ કરવો જોઈએ નહિ'—આ જ આ અધ્યયનનું પ્રતિપાદ્ય છે. જે વ્યક્તિઓનો જીવન પ્રત્યે આવો દષ્ટિકોણ નથી, તેઓ બીજી મિથ્યા ધારણાઓમાં ફસાઈને મિથ્યાભિનિવેશને આશ્રય આપે છે. સૂત્રકાર જીવન તરફ જાગરુક રહેવાની બળવાન પ્રેરણા આપતાં તથ્યોનું પ્રતિપાદન કરે છે અને મિથ્યા માન્યતાઓનું ખંડન કરે છે. તે મિથ્યા માન્યતાઓ આ છે—

૧. એમ માનવામાં આવતું હતું કે ધર્મ ઘડપણમાં કરવો જોઈએ, પહેલાં નહિ.

ભગવાને કહ્યું—"ધર્મ કરવા માટે બધો સમય યોગ્ય છે, ઘડપણમાં કોઈ રક્ષણકર્તા નથી." (શ્લો. ૧)

૨. ભારતીય જીવનની પરિપૂર્ણ કલ્પનામાં ચાર પુરુષાર્થ માનવામાં આવ્યા છે—કામ, અર્થ, ધર્મ અને મોક્ષ. અર્થ યેનકેન પ્રકારેણ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપવામાં આવતી હતી. લોકો ધનને જ રક્ષણકર્તા માનતા હતા.

ભગવાને કહ્યું—"જે વ્યક્તિ અયોગ્ય સાધનો દ્વારા ધનોપાર્જન કરે છે, તેઓ ધનને છોડીને નરકમાં જાય છે. અહીં કે પરભવમાં ધન કોઈનું રક્ષણકર્તા બની શકતું નથી. ધનનો વ્યામોહ વ્યક્તિને યોગ્ય માર્ગ પર જવા દેતો નથી." (શ્લો. ૨,૫)

૩. કેટલાય લોકો એમ માનતા હતા કે કરેલાં કર્મોનું ફળ પરભવમાં જ મળે છે. કેટલાક માનતા હતા કે કર્મોનું કોઈ ફળ છે જ નહિ.

ભગવાને કહ્યું—"કરેલાં કર્મોને ભોગવ્યા વિના છૂટકારો નથી મળતો. કર્મોનું ફળ આ જન્મમાં પણ મળે છે અને પરજન્મમાં પણ." (શ્લો. ૩)

૪. એવી માન્યતા હતી કે એક વ્યક્તિ ઘણા લોકો માટે કોઈ કર્મ કરે છે તો તેનું પરિણામ તે બધા ભોગવે છે.

ભગવાને કહ્યું—"સંસારી પ્રાણી પોતાના બાંધવો માટે જે સાધારણ કર્મ કરે છે, તે કર્મના ફળ-ભોગ વખતે તે બાંધવો બાંધવપણું દેખાડતા નથી, તેના ફળમાં ભાગ પડાવતા નથી." (શ્લો. ૪)

૫. એમ માનવામાં આવતું હતું કે સાધના માટે સમૂહ વિઘ્નરૂપ છે. વ્યક્તિએ એકાંતમાં સાધના કરવી જોઈએ.

ભગવાને કહ્યું—"જે સ્વતંત્ર વૃત્તિનો ત્યાગ કરી ગુરુના આશ્રયમાં સાધના કરે છે, તે મોક્ષ પામે છે." (શ્લો. ૮)

૬. લોકો કહેતા કે જો છન્દના વિરોધથી મુક્તિ મળે છે તો તે તો અંત સમયે પણ કરી શકાય છે.

ભગવાને કહ્યું—"ધર્મ પછીથી કરીશું—આવું કથન શાશ્વતવાદીઓ કરી શકે છે. જે પોતાની જાતને અમર માને છે, તેમનું આવું કથન હોઈ શકે છે, પરંતુ જે જીવનને ક્ષણ-ભંગુર માને છે, તેઓ કાલની પ્રતીક્ષા કેવી રીતે કરશે ભલા ? તેઓ કાલ પર વિશ્વાસ કેવી રીતે કરશે ? ધર્મની ઉપાસના માટે સમયનું વિભાજન અવાંછનીય છે. વ્યક્તિએ પ્રતિપળ અપ્રમત્ત રહેવું જોઈએ." (શ્લો. ૯-૧૦)

આ રીતે આ અધ્યયન જીવન પ્રત્યે એક સાચો દષ્ટિકોણ પ્રસ્તુત કરે છે અને મિથ્યા માન્યતાઓનું નિરસન કરે છે.

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा १८१ : पंचविहो अ पमाओ इहमज्झयणंमि अप्पमाओ य ।
वण्णिएज्ज उ जम्हा तेण पमायप्पमायंति ॥

૨. समवाओ, समवाय ३६ : छत्तीसं उत्तरज्झयणा प० तं०—विणयसुयं.....असंखयं... ।

૩. अणुओगदाराइं, सूत्र ३२२ ।

# चउत्थं अज्झयणं : ચતુર્થ અધ્યયન
# असंखयं : અસંસ્કૃત

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. असंखयं जीवियं मा पमायए<br>जरोवणीयस्स हु नत्थि ताणं ।<br>एवं वियाणाहि जणे पमत्ते<br>कण्ण विहिंसा अजया गहिंति ॥ | असंस्कृतं जीवितं मा प्रमादीः<br>जरोपनीतस्य खलु नास्ति त्राणम् ।<br>एवं विजानीहि जनाः प्रमत्ताः<br>कन्नु विहिंस्रा अयता ग्रहीष्यन्ति ॥ | ૧. જીવન સાંધી શકાતું નથી[1], એટલા માટે પ્રમાદ ન કરો.[2] ઘડપણ આવતાં[3] કોઈનું શરણ હોતું નથી. પ્રમાદી, હિંસક અને અવ્રતી મનુષ્ય કોનું શરણ લેશે—એ વિચાર કરો. |
| २. जे पावकम्मेहिं धणं मणूसा<br>समाययंती अमइं गहाय ।<br>पहाय ते पासपयट्टिए नरे<br>वेराणुबद्धा नरयं उवेंति ॥ | ये पापकर्मभिः धनं मनुष्याः<br>समाददते अमतिं गृहीत्वा ।<br>प्रहाय ते पाशप्रवर्तिताः नराः<br>वैरानुबद्धा नरकमुपयन्ति ॥ | ૨. જે મનુષ્યો કુબુદ્ધિને અનુસરી પાપકારી પ્રવૃત્તિઓ વડે[4] ધનનું ઉપાર્જન કરે છે તેવા મૂર્છાના પાશથી[5] પ્રવર્તિત વેર વડે બંધાયેલા માણસો[6] ધનને છોડીને નરકમાં જાય છે. |
| ३. तेणे जहा संधिमुहे गहीए<br>सकम्मुणा किच्चइ पावकारी ।<br>एवं पया पेच्च इहं च लोए<br>कडाण कम्माण न मोक्ख अत्थि ॥ | स्तेनो यथा सन्धिमुखे गृहीतः<br>स्वकर्मणा कृत्यते पापकारी ।<br>एवं प्रजा प्रेत्येह च लोके<br>कृतानां कर्मणां न मोक्षोऽस्ति ॥ | ૩. જેવી રીતે ખાતર પાડતાં[7] પકડાઈ ગયેલો પાપી ચોર પોતાના કર્મોથી જ કપાઈ જાય છે, તેવી જ રીતે આ લોક અને પરલોકમાં પ્રાણી પોતાના કરેલાં કર્મોથી જ કપાઈ જાય છે—દંડાય છે. કરેલાં કર્મોનું ફળ ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. |
| ४. संसारमावन्न परस्स अट्ठा<br>साहारणं जं च करेइ कम्मं ।<br>कम्मस्स ते तस्स उ वेयकाले<br>न बंधवा बंधवयं उवेंति ॥ | संसारमापन्नः परस्यार्थात्<br>साधारणं यच्च करोति कर्म ।<br>कर्मणस्ते तस्य तु वेदकाले<br>न बान्धवा बान्धवतामुपयन्ति ॥ | ૪. સંસારી પ્રાણી પોતાના બાંધવો માટે જે સાધારણ કર્મ (આનું ફળ મને પણ મળે અને તેમને પણ—એવું કર્મ) કરે છે, તે કર્મનું ફળ ભોગવતી વેળાએ બાંધવો બંધુતા દેખાડતાં નથી—તેના ફળમાંથી ભાગ પડાવતા નથી. |
| ५. वित्तेण ताणं न लभे पमत्ते<br>इमंमि लोइ अदुवा परत्था ।<br>दीवप्पणट्ठे व अणंतमोहे<br>नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥ | वित्तेन त्राणं न लभते प्रमत्तः<br>अस्मिंल्लोके अथवा परत्र ।<br>प्रणष्टदीप इव अनन्तमोहः<br>नैर्यातृकं दृष्ट्वाऽदृष्ट्वैव ॥ | ૫. પ્રમત્ત (ધનમાં મૂર્છિત) મનુષ્ય આ લોકમાં કે પરલોકમાં ધનથી રક્ષણ મેળવી શકતો નથી.[8] અંધારી ગુફામાં જેનો દીવો બૂઝાઈ ગયો હોય[9] તેની માફક, અનંત મોહવાળો પ્રાણી પાર પહોંચાડનાર માર્ગને જોવા છતાં જોતો નથી.[10] |
| ६. सुत्तेसु यावी पडिबुद्धजीवी<br>न वीससे पंडिए आसुपन्ने ।<br>घोरा मुहुत्ता अबलं सरीरं<br>भारुंडपक्खी व चरप्पमत्तो ॥ | सुप्तेसु चापि प्रतिबुद्धजीवी<br>न विश्वस्यात् पण्डित आशुप्रज्ञः ।<br>घोरा मुहूर्ता अबलं शरीरं<br>भारण्डपक्षीव चराप्रमत्तः ॥ | ૬. આશુપ્રજ્ઞ પંડિત સૂતેલા માણસોની વચ્ચે[11] પણ જાગૃત રહે.[12] પ્રમાદમાં વિશ્વાસ ન કરે. કાળ ઘણો ઘોર (ક્રૂર) હોય છે.[13] શરીર દુર્બળ છે. એટલા માટે ભારંડ પક્ષી[14]ની જેમ અપ્રમત્ત થઈને વિચરણ કરે. |

| | | |
|---|---|---|
| ७. चरे पयाइं परिसंकमाणो<br>जं किंचि पासं इह मण्णमाणो ।<br>लाभंतरे जीविय बूहइत्ता<br>पच्छा परिन्नाय मलावधंसी ॥ | चरेत्पदानि परिशङ्कमानः<br>यत्किञ्चित्पाशमिह मन्यमानः ।<br>लाभान्तरे जीवितं बृंहयित्वा<br>पश्चात्परिज्ञाय मलापध्वंसी ॥ | ૭. પગલે-પગલે દોષોનો ભય રાખતો, નાનકડા દોષને પણ[૧૫] પાશ માનતો માનતો ચાલે. નવા-નવા ગુણોની ઉપલબ્ધિ થાય, ત્યાં સુધી જીવનને પોષે.[૧૬] જ્યારે તેમ ન થાય ત્યારે વિચાર-વિમર્શપૂર્વક[૧૭] આ શરીરનો ધ્વંસ[૧૮] કરી નાખે.[૧૯] |
| ८. छंदं निरोहेण उवेइ मोक्खं<br>आसे जहा सिक्खियवम्मधारी ।<br>पुव्वाइं वासाइं चरप्पमत्तो<br>तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥ | छन्दनिरोधेनोपैति मोक्षं<br>अश्वो यथा शिक्षितवर्मधारी ।<br>पूर्वाणि वर्षाणि चरति अप्रमत्तः<br>तस्मान्मुनिः क्षिप्रमुपैति मोक्षम् ॥ | ૮. શિક્ષિત (શિક્ષકને અધીન રહેલો) અને તનુત્રાણધારી અશ્વ[૨૦] જેવી રીતે યુદ્ધનો પાર પામી જાય છે, તેવી જ રીતે સ્વચ્છંદતાનો નિરોધ કરનાર મુનિ સંસારનો પાર પામી જાય છે. પૂર્વ જીવન[૨૧]માં જે અપ્રમત્ત બની વિચરણ કરે છે, તે તેવા અપ્રમત્ત-વિહાર વડે તરત જ મોક્ષને પ્રાપ્ત થાય છે. |
| ९. स पुव्वमेवं न लभेज्ज पच्छा<br>एसोवमा सासयवाइयाणं ।<br>विसीयई सिढिले आउयंमि<br>कालोवणीए सरीरस्स भेए ॥ | स पूर्वमेव न लभेत पश्चात्<br>एषोपमा शाश्वतवादिकानाम् ।<br>विषीदति शिथिले आयुषि<br>कालोपनीते शरीरस्य भेदे ॥ | ૯. જે પૂર્વ જીવનમાં[૨૨] અપ્રમત્ત નથી હોતો, તે પાછળના જીવનમાં પણ અપ્રમત્ત બની શકતો નથી. "પાછલા જીવનમાં અપ્રમત્ત થઈ જઈશું"—એવું નિશ્ચય-વચન શાશ્વતવાદીઓ માટે જ[૨૩] ઉચિત હોઈ શકે. પૂર્વ જીવનમાં પ્રમત્ત રહેનાર આયુષ્ય શિથિલ થતાં, મૃત્યુ વડે શરીરભેદની[૨૪] ક્ષણો ઉપસ્થિત થતાં વિષાદમાં પડી જાય છે. |
| १०. खिप्पं न सक्केइ विवेगमेउं<br>तम्हा समुट्ठाय पहाय कामे ।<br>समिच्च लोयं समया महेसी<br>अप्पाणरक्खी चरमप्पमत्तो ॥ | क्षिप्रं न शक्नोति विवेकमेतुं<br>तस्मात्समुत्थाय प्रहाय कामान् ।<br>समेत्य लोकं समतया महैषी ।<br>आत्मरक्षी चरति अप्रमत्तः ॥ | ૧૦. કોઈ પણ મનુષ્ય તત્કાળ વિવેક પામી[૨૫] શકતો નથી. એટલા માટે હે મોક્ષની એષણા કરનાર[૨૬] મહર્ષિ ! તું ઉત્થિત બન—"જીવનના અંતિમ ભાગમાં અપ્રમત્ત બનીશું"—એવી આળસને ત્યજી દે. કામ-ભોગો છોડી દે. લોકને સારી રીતે જાણી લે. સમભાવમાં રમણ કર તથા આત્મ-રક્ષક અને અપ્રમત્ત બની વિચરણ કર.[૨૭] |
| ११. मुहुं मुहुं मोहगुणे जयंतं<br>अणेगरूवा समणं चरंतं ।<br>फासा फुसंती असमंजसं च<br>न तेसु भिक्खू मणसा पउस्से ॥ | मुहुर्मुहुर्मोहगुणान् जयन्तं<br>अनेकरूपाः श्रमणं चरन्तम् ।<br>स्पर्शाः स्पृशन्त्यसमञ्जसं च<br>न तेषु भिक्षुर्मनसा प्रद्विष्यात् ॥ | ૧૧. વારંવાર મોહગુણો[૨૮] પર વિજય પામવાનો પ્રયત્ન કરનાર ઉગ્રવિહારી શ્રમણને અનેક પ્રકારના પ્રતિકૂળ[૨૯] સ્પર્શો પીડા કરે છે,[૩૦] અસંતુલન પેદા કરે છે. પરંતુ તે તેમના પ્રત્યે મનમાં પણ પ્રદ્વેષ ન કરે. |
| १२. मंदा य फासा बहुलोहणिज्जा<br>तहप्पगारेसु मणं न कुज्जा ।<br>रक्खेज्ज कोहं विणएज्ज माणं<br>मायं न सेवे पयहेज्ज लोहं ॥ | मन्दाः स्पर्शा बहुलोभनीयाः<br>तथाप्रकारेषु मनो न कुर्यात् ।<br>रक्षेत् क्रोधं विनयेद् मानं<br>मायां न सेवेत प्रजह्याल्लोभम् ॥ | ૧૨. કોમળ—અનુકૂળ સ્પર્શ[૩૧] અતિ લોભામણા હોય છે. તેવા સ્પર્શોમાં મનને ન જોડે. ક્રોધનું નિવારણ કરે.[૩૨] માનને દૂર કરે. માયાનું સેવન ન કરે. લોભનો ત્યાગ કરે. |

१३. जे संखया तुच्छ परप्पवाई
ते पिज्जदोसाणुगया परज्झा।
एए अहम्मे त्ति दुगुंछमाणो
कंखे गुणे जाव सरीरभेओ ॥

—त्ति बेमि।

ये संस्कृताः तुच्छाः परप्रवादिनः
ते प्रेयोदोषानुगताः पराधीनाः।
एते अधर्माः इति जुगुप्समानः
काङ्क्षेद् गुणान् यावच्छरीरभेदः ॥

—इति ब्रवीमि

૧૩. જે અન્યતીર્થિક લોકો "જીવન સાંધી શકાય છે"[૩૩]—એવું કહે છે તેઓ અશિક્ષિત છે,[૩૪] પ્રેય અને દ્વેષમાં ફસાયેલા છે, પરતંત્ર છે.[૩૫] "તેઓ ધર્મ-રહિત છે"—આવું વિચારી તેમનાથી દૂર રહે.[૩૬] અંતિમ શ્વાસ સુધી[૩૭] (સમ્યક્-દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે) ગુણોની આરાધના કરે.

—એમ હું કહું છું.

ટિપ્પણ

# અધ્યયન ૪ : અસંસ્કૃત

### ૧. સાંધી નથી શકાતું (असंखयं)

જેનો સંસ્કાર કરી શકાય, જેને સાંધી શકાય, વધારી શકાય, તેને સંસ્કૃત કહેવાય છે. જીવન અસંસ્કૃત હોય છે—ન તો તેને સાંધી શકાય છે કે ન વધારી શકાય છે. આ જીવનનું સત્ય છે. નેમિચન્દ્રે અહીં એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કર્યો છે[1]—

'वासाइं दो व तिन्नि व, वाहिज्जइ जरघरं पि सीडेवि ।

सा का वि नत्थि नीई, सीडिज्जइ जीवियं जीए ।।'

ભાંગેલા-તૂટેલા ઘરની મરામત કરી તેમાં બે-ચાર વર્ષ રહી પણ શકાય છે. પરંતુ એવું કોઈ સાધન નથી કે જેના વડે તૂટેલા જીવનને સાંધી શકાય.

### ૨. પ્રમાદ ન કરો (मा पमायए)

આનો અર્થ છે—જીવન અસંસ્કૃત (સાંધી ન શકાય તેવું) અને આયુષ્ય અલ્પ છે. પ્રસ્તુત શ્લોકની રચનામાં 'मप्पमाउयं'માં લિપિ-વિપર્યયના કારણે 'मा पमायए' બન્યું છે કે 'मा पमायए' જ મૂળ પાઠ છે, તે વિચારણીય છે. પ્રકરણની દૃષ્ટિએ 'मप्पमाउयं' પાઠ અધિક પ્રાસંગિક છે.

### ૩. ઘડપણ આવતાં (जरोवणीयस्स)

જે વ્યક્તિ એમ વિચારે છે કે ધર્મ તો ઘડપણમાં કરી લઈશું, તેઓ ભ્રમણામાં જીવે છે. તેમણે વિચારવું જોઈએ[2]—

'जया य रूवलावण्णं, सोहग्गं च विणासए ।

जरा विडंबए देहं, तया को सरणं भवे ?।।'

'ઘડપણ રૂપ, લાવણ્ય અને સૌભાગ્યને નષ્ટ કરી દે છે. તે શરીરની વિડંબના કરે છે. ત્યારે તે શરણરૂપ કેવી રીતે થઈ શકે ભલા ?'

'रसायणं निसेवंति, मंसं मज्जरसं तहा ।

भुंजंति सरसाहारं, जरा तहवि न नस्सए ।।'

લોકો રસાયણોનું સેવન કરે છે; મદ્ય, માંસ, રસ, સરસ આહાર વગેરે ખાય-પીવે છે, છતાં પણ ઘડપણ આવતું રોકાતું નથી.

### ૪. પાપકારી પ્રવૃત્તિઓથી (पावकम्मेहि)

ચૂર્ણિમાં પાપ-કર્મનો અર્થ—હિંસા, અનૃત, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ વગેરે કર્મો—કર્યો છે.[3] શાન્ત્યાચાર્યે તેનો અર્થ

---

૧. सुखबोधा, पत्र ७८ ।

૨. એંજન, पत्र ७९ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. ११० : पातयते तमिति पापं, क्रियत इति कर्म, कर्म्माणि हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहादीनि ।

'પાપનાં ઉપાદાન-ભૂત અનુષ્ઠાન'[1] અને નેમિચન્દ્રે 'કૃષિ, વાણિજ્ય વગેરે અનુષ્ઠાન' કર્યો છે.[2]

### ૫. મૂર્છાના પાશથી (पास)

ચૂર્ણિ અને બૃહદ્‌વૃત્તિમાં 'पास'નો મુખ્ય અર્થ—'पश्य'—'જો' કર્યો છે. બૃહદ્‌વૃત્તિમાં તેનો વૈકલ્પિક અર્થ 'पाश' પણ આપ્યો છે.[3] નેમિચન્દ્રે આને 'पाश' શબ્દ માન્યો છે.[4] તેમણે બે પ્રાચીન શ્લોકો ઉદ્ધૃત કર્યા છે—

वारी गयाण जालं तिमीण हरिणाण वग्गुरा चेव ।
पासा य सउणयाणं, णराण बंधत्थमित्थीओ ॥ १॥
उन्नयमाणा अक्खलिय-परक्कमा पंडिया कई जे य ।
महिलाहिं अंगुलीए, नच्चाविज्जंति ते वि नरा ॥ २ ॥

હાથી માટે वारि—સાંકળ, માછલીઓ માટે જાળ, હરણો માટે ફાંસલો અને પક્ષીઓ માટે પાશ જેવાં બંધનો છે, તેવી જ રીતે મનુષ્યો માટે સ્ત્રીઓ બંધન છે. ઉન્નત અને અસ્ખલિત પરાક્રમવાળા પંડિતો અને કવિઓ પણ મહિલાઓની આંગળીના ઈશારે નાચે છે.

### ૬. વેરથી બંધાયેલા વ્યક્તિ (वेराणुबुद्धा)

'वेरं वज्जे य कम्मे य'—આ વચન પ્રમાણે 'वैर'ના બે અર્થ થાય છે—વજ્ર અને કર્મ. અહીં તેનો અર્થ કર્મ એવો થાય છે. શાન્ત્યાચાર્ય અનુસાર 'वेराणुबद्ध'નો અર્થ 'કર્મ વડે બદ્ધ'[5] અને નેમિચન્દ્ર અનુસાર 'પાપ વડે બદ્ધ'[6] એવો થાય છે.

### ૭. ખાતર પાડતાં (संधिमुहे)

આનો શાબ્દિક અર્થ છે—ખાતર પાડેલી જગ્યાએ.[7] ચૂર્ણિકાર અને ટીકાકારોએ અનેક પ્રકારનાં ખાતર બતાવ્યાં છે—કલશાકૃતિ, નંદ્યાવર્તાકૃતિ, પદ્માકૃતિ, પુરુષાકૃતિ વગેરે વગેરે.[8]

શૂદ્રક વિરચિત સંસ્કૃત નાટક 'मृच्छकटिक'(૩।૧૩)માં સાત પ્રકારનાં ખાતર દર્શાવવામાં આવ્યા છે— પદ્મ (કમળ)ના આકારનું, સૂર્યના આકારનું, અર્ધચન્દ્રના આકારનું, જલકુંડના આકારનું, સ્વસ્તિકના આકારનું, ઘડા (પૂર્ણકુંભ)ના આકારનું અને આયતાકાર : पदम् व्याकोशं भास्करं बालचन्द्रं, वापी विस्तीर्णं स्वस्तिकं पूर्णकुम्भम् ॥

આ પ્રસંગે ચૂર્ણિ (પૃ. ૧૧૦, ૧૧૧), બૃહદ્‌વૃત્તિ (પત્ર ૨૦૭, ૨૦૮) અને સુખબોધા (પત્ર ૮૧, ૮૨)માં બે કથાઓનો ઉલ્લેખ છે.

બંને કથાઓ આ પ્રમાણે છે—

---

૧. बृहद्‌वृत्ति, पत्र २०६ : 'पापकर्मभिः' इति पापोपादानहेतुभिरनुष्ठानैः ।
૨. सुखबोधा, पत्र ८० : 'पापकर्मभिः' कृषिवाणिज्यादिभिः अनुष्ठानैः ।
૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ११० : पस्सत्ति श्रोतृसमंत्रणम् ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र २०६ : 'पश्य' अवलोकय...यदि वा पाशा इव पाशा ।
૪. सुखबोधा, पत्र ८० : पाशा इव पाशाः ।
૫. बृहद्‌वृत्ति, पत्र २०६ : वैरं—कर्म्म....तेन अनुबद्धाः—सततमनुगताः ।
૬. सुखबोधा, पत्र ८० : वैरानुबद्धाः—पापेन सततमनुगताः ।
૭. बृहद्‌वृत्ति, पत्र २०७ : संधिः—क्षत्रं तस्य मुखमिव मुखं—द्वारं तस्मिन् ।
૮. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १११ : खत्ताणि य अणेगागारणि कलसागिति- णंदियावत्त-संट्ठितं ( ताणि ) पउमामि ( सुमागि ) ति पुरिसाकिति वा ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र २०७ ।
(ગ) सुखबोधा, पत्र ८१ ।

૧. એક નગરમાં એક કુશળ ચોર રહેતો હતો. તે વિવિધ પ્રકારનાં ખાતર પાડવામાં નિપુણ હતો. એકવાર તે એક અભેદ્ય ઘરમાં કપિશીર્ષક (કાંગરાવાળું) બાંકોરું પાડી રહ્યો હતો. એટલામાં જ ઘરનો માલિક જાગી ગયો. તે ખાતર તરફ જોવા લાગ્યો. ચોરે બાંકોરું કોતરવાનું પૂરું થતાં જ તેમાં પોતાના બંને પગ નાખ્યા. ઘરનો માલિક સાવચેત હતો. તેણે ચોરના બંને પગ બળપૂર્વક પકડી લીધા. ચોરે બહાર ઊભેલા પોતાના સાથી ચોરને કહ્યું—અંદરથી મારા પગ કોઈએ પકડી લીધા છે. તું જોર કરી મને બહાર ખેંચી લે. સાથી ચોરે તેમ કરવાનું શરૂ કર્યું. અંદર અને બહાર બંને બાજુથી પેલાની ખેંચતાણ થવા લાગી. તે ખાતરના બાંકોરાંના કાંગરા તીક્ષ્ણ હતા. વારંવાર ખેંચાવાથી ચોરનું શરીર લોહીલુહાણ થઈ ગયું. કોઈએ તેને છોડ્યો નહિ. તે વિલાપ કરતો મરી ગયો.

૨. એક ચોર ઘરની પછવાડે ખાતર પાડી એક ધનાઢ્ય વ્યક્તિના ઘરમાં ઘૂસ્યો. ઘરના બધા સભ્યો નિદ્રાધીન હતા. તેણે મનફાવતું ધન ચોરી લીધું અને તે જ ખાતરના બાંકોરાંમાંથી બહાર નીકળી ઘરે પહોંચી ગયો. રાત વીતી. સવાર થયું. તે સ્નાન કરી નવાં કપડાં પહેરી પેલા ઘરની નજીક હાજર થઈ ગયો. તે જાણવા માગતો હતો કે લોકો તેના ખાતર વિષયમાં શું બોલે છે ? તેઓ તેને (ચોરને) ઓળખી શકે છે કે નહિ ? જો ઓળખી ના શકે તો પોતે ફરી-ફરી ચોરી કરશે. તે ખાતરના સ્થાન પર આવ્યો. ત્યાં ભીડ એકઠી થઈ હતી. બધાં ખાતર પાડનારાની નિપુણતા માટે આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા હતા. તેઓ બોલવા લાગ્યા—અરે ! આ ઘર પર ચડવું અત્યન્ત મુશ્કેલ છે. ચોર આના પર ચડ્યો કેવી રીતે ? તેણે પાછળની દીવાલ ઉપર ખાતર પાડ્યું કેવી રીતે ? અહો ! આટલા નાનકડા બાંકોરાંમાંથી તે અંદર ગયો કેવી રીતે અને ધનની પોટલી સાથે ફરી પાછો આ નાનકડા બાંકોરાંમાંથી નીકળ્યો કેવી રીતે ? ચોર સાંભળી રહ્યો હતો. તેણે પોતાની કમર અને પેટ તરફ જોયું. પછી પેલા નાનકડા બાંકોરાં તરફ જોયું. બે ગુપ્તચરો ત્યાં ઊભા હતા તેઓ તેની બધી ગતિવિધિ પર ધ્યાન રાખી રહ્યા હતા. તેઓ તત્કાળ પહોંચ્યા અને તેને પકડીને રાજા પાસે લઈ ગયા. તેણે ચોરીની વાત સ્વીકારી લીધી. રાજાએ તેને શિક્ષા કરી કારાવાસમાં પૂરી દીધો.

પ્રસ્તુત કથામાં ચોર પોતે પાડેલ ખાતરના બાંકોરાંની પ્રશંસા સાંભળી હર્ષાતિરેકથી સંયમ ન રાખવાને કારણે પકડાઈ જાય છે. આ કથાની તુલના 'मृच्छकटिक' (૩।૧૩)માં આવતી કથા સાથે કરી શકાય છે. તેમાં ચારુદત્તની વિશાળ હવેલીની દીવાલ પાસે ઊભો રહેલો નિષ્ણાત ચોર શર્વિલક વિચારી રહ્યો છે—"તરુલતા વડે આચ્છાદિત આ ભીંતમાં ખાતર કેવી રીતે પાડવું ? ખાતર જોઈને લોક આશ્ચર્યચકિત થઈ તેની પ્રશંસા ન કરે તો મારી ખાતર પાડવાની કળાની વિશેષતા શું ?"

**૮. (वित्तेण ताणं न लभे पमत्ते)**

વ્યક્તિ ધન કમાય છે, પણ તે તેના માટે રક્ષણકર્તા નથી બનતું. ધન સુખ-સગવડ આપી શકે છે, પણ શરણ નહિ. વ્યાખ્યાગ્રંથોમાં એક કથા છે—

ઇન્દ્રમહ ઉત્સવનું આયોજન થયું હતું. રાજાએ પોતાના નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે આજે નગરમાં બધા પુરુષો ગામબહાર ઉદ્યાનમાં એકઠા થાય. કોઈપણ પુરુષ નગરની અંદર ન રહે. જો કોઈ રહેશે તો તેને મૃત્યુદંડ આપવામાં આવશે. બધા પુરુષો નગરબહાર એકઠા થઈ ગયા. રાજપુરોહિતનો પુત્ર એક વેશ્યાના ઘરમાં જઈ છુપાયો. રાજ્ય કર્મચારીઓને ખબર પડી એટલે તેઓ તેને વેશ્યાના ઘરેથી પકડી લઈ ગયા. તે રાજપુરુષો સાથે વિવાદ કરવા લાગ્યો. તેઓ તેને રાજા સમક્ષ લઈ ગયા. રાજાજ્ઞાની અવજ્ઞાના અપરાધ માટે રાજાએ તેને મૃત્યુદંડ આપ્યો. પુરોહિત રાજા સમક્ષ ઉપસ્થિત થઈ બોલ્યો—હે રાજન ! હું મારું સર્વસ્વ આપને આપી દઉં. આપ મારા આ એકના એક પુત્રને છોડી દો. રાજાએ તેની વાત માની નહિ અને પુરોહિતપુત્રને શૂળી ઉપર ચડાવી દીધો.[1]

---

१. बृहद्वृत्ति, पत्र २११ ।

જે ધન આ લોકમાં પણ રક્ષણ કરી શકતું નથી, તે પરલોકમાં રક્ષણરૂપ કેવી રીતે બનશે ?

આચાર્ય નેમિચન્દ્રે વિત્ત–ધનના પરિણામોની ચર્ચા કરતાં એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે[૧]–

'मोहाययणं मयकामवद्धणो जणियचित्तसंतावो ।
आरंभकलहहेऊ, दुक्खाण परिग्गहो मूलं ॥

પરિગ્રહ મોહનું નિવાસસ્થાન, અહંકાર અને કામવાસનાને વધારનાર, ચિત્તમાં સંતાપ પેદા કરનાર, હિંસા અને કલહનું કારણ તથા દુઃખોનું મૂળ છે.

**૯. અંધારી ગુફામાં જેનો દીપક બુઝાઈ ગયો હોય (दीवप्पणट्ठे)**

નિર્યુક્તિકારે પ્રાકૃત અનુસાર 'दीव' શબ્દના બે અર્થ કર્યા છે–'आश्वास-द्वीप' અને 'प्रकाश-दीप'. જેનાથી સમુદ્રમાં ડૂબતાં મનુષ્યોને આશ્વાસન મળે છે તેને 'આશ્વાસ-દ્વીપ' અને જે અંધકારમાં પ્રકાશ ફેલાવે છે તેને 'પ્રકાશ-દીપ' કહેવામાં આવે છે. આશ્વાસ-દ્વીપના બે ભેદ છે–'संदीन' અને 'असंदीन'. જે જળપ્લાવન વગેરેથી નાશ પામે છે તેને 'સંદીન' અને જે નાશ નથી પામતો તેને 'અસંદીન' કહે છે.[૨] ચૂર્ણિકાર અનુસાર અસંદીન-દ્વીપ વિસ્તીર્ણ અને ઊંચો હોય છે, જેમકે–કોંકણ દેશનો દ્વીપ.[૩]

પ્રકાશ-દીપના બે ભેદ છે–'संयोगिम' અને 'असंयोगिम'. જે તેલ, વાટ વગેરેના સંયોગથી પ્રદીપ્ત થાય છે તે 'સંયોગિમ' કહેવાય છે અને સૂર્ય, ચન્દ્ર વગેરેના બિંબ 'અસંયોગિમ' કહેવાય છે.[૪]

અહીં પ્રકાશ-દીપ અભિપ્રેત છે. કેટલાક ધાતુવાદીઓ ધાતુપ્રાપ્તિ માટે ભૂગર્ભમાં ગયા. દીપ, અગ્નિ અને ઇંધણ તેમની પાસે હતા. પ્રમાદવશ દીપ બુઝાઈ ગયો, અગ્નિ પણ બુઝાઈ ગયો. હવે તેઓ તેવા ગહન અંધકારમાં પહેલાં જે માર્ગ જોયો હતો તે માર્ગ જોઈ શક્યા નહિ. તેઓ અટવાઈ ગયા. એક જગ્યાએ મહાન વિષધર સર્પો હતા. તે ધાતુવાદીઓ તે જગ્યાએથી પસાર થયા. સાપો તેમને ડસ્યા. તેઓ ત્યાં જ એક ખાડામાં પડી ગયા અને તરત મરી ગયા.[૫]

સરપેન્ટિયર શાન્ત્યાચાર્યના દ્વીપ-પરક અર્થને ખોટો માને છે.[૬]

પરંતુ શાન્ત્યાચાર્યે નિર્યુક્તિકારના મતનું અનુસરણ કરીને 'दीव' શબ્દના બે સંભાવિત અર્થની જાણકારી આપી છે. તેમાં પ્રસ્તુત અર્થ 'પ્રકાશ-દીપ'ને જ માન્યો છે–अत्र च प्रकाशदीपेनाधिकृतम् ।[૭]

**૧૦. (શ્લોક ૧-૫)**

પ્રસ્તુત અધ્યયનના પ્રથમ પાંચ શ્લોકોમાં ભગવાન મહાવીરના અપરિગ્રહના દૃષ્ટિકોણની વ્યાખ્યા મળે છે. સંગ્રહની નિરર્થકતા બતાવવા માટે તેમણે પાંચ મહત્ત્વપૂર્ણ સૂત્રો આપ્યાં. તે આ પ્રમાણે છે–

૧. જીવન સ્વલ્પ છે. તેને સાંધી શકાતું નથી, પછી આટલા નાનકડા જીવન માટે આટલો સંગ્રહ શા માટે ?

૨. અશુદ્ધ સાધનો વડે, પાપકારી પ્રવૃત્તિઓ વડે ધનનું ઉપાર્જન અથવા સંગ્રહ દુઃખ કે દુર્ગતિનો હેતુ છે.

૩. કૃતકર્મો વડે પ્રાણી છેદાય છે–દંડિત થાય છે. કરેલા કર્મોને ભોગવ્યા વિના છૂટકારો મળતો નથી.

---

૧. सुखबोधा, पत्र ८३ ।

૨. उत्तराध्ययन निर्युक्ति, गाथा २०६ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. ११४-११५ : जो पुण सो विच्छिण्णात्तणेण उस्सित्तणेण य जलेण ण छादेज्जति सो जीतिवत्थीर्णं त्राणाय, असंदीणो दीवो जह कोंकणदीवो ।

૪. उत्तराध्ययन निर्युक्ति, गाथा २०७ ।

૫. बृहद्वृत्ति, पत्र २१२, २१३ ।

૬. The Uttarādhyayana Sūtra, p. 295 : दीवप्पणट्ठे is a composition of which the two parts have a wrong position one to the other : the word ought to be प्रणष्टदीप: But S also thinks it possible to explain दीव० by द्वीप–I think that would give a rathar bad sense.

૭. बृहद्वृत्ति, पत्र २१२ ।

૪. વ્યક્તિ કુટુંબ માટે કર્મો કરે છે, પરંતુ કર્મોના ફળ ભોગવતી વખતે કુટુંબીજનો તેમાં ભાગ પડાવતા નથી. તેણે એકલાએ જ ફળ ભોગવવાં પડે છે.

૫. ધન રક્ષણ આપી શકતું નથી.

આ હેતુઓને સામે રાખી સંગ્રહની નિરર્થકતાની આંકણી કરી શકાય છે.

**૧૧. (सुत्तेसु)**

'सुत्तेसु'—સુપ્ત શબ્દમાં તે બંનેનો સમાવેશ થાય છે, જે સૂતેલું હોય અને જે ધર્માચરણ માટે જાગૃત ન હોય.[1]

**૧૨. જાગૃત રહે (पडिबुद्धजीवी)**

પ્રતિબુદ્ધ શબ્દમાં તે બેનો સમાવેશ થાય છે—'જે ઊંઘમાં ન હોય અને જે ધર્માચરણ માટે જાગૃત હોય.'

પ્રતિબોધનો અર્થ છે—જાગરણ. તે બે પ્રકારનું છે—(૧) નિદ્રાનો અભાવ અને (૨) ધર્માચરણ અને સત્ય પ્રતિ જાગરૂકતા. જેમની ચેતના દ્રવ્યદૃષ્ટિએ સઘન નિદ્રા દ્વારા અને ભાવદૃષ્ટિએ મૂર્ચ્છા દ્વારા પ્રસુપ્ત છે, તેમનો વિવેક જાગૃત થતો નથી. જે વ્યક્તિ બંને અવસ્થાઓમાં જાગે છે, તે પ્રતિબુદ્ધજીવી છે. તે સમગ્ર જીવન જાગરણનું જીવન જીવે છે.[2]

દશવૈકાલિક સૂત્રમાં પ્રતિબુદ્ધજીવીની પરિભાષા મળે છે[3]—

(૧) જે મન, વચન અને કાયાની દુષ્પ્રવૃત્તિ પર નિયંત્રણ રાખવા શક્તિમાન હોય છે.

(૨) જે ધૃતિમાન હોય છે.

(૩) જે સંયમી અને જિતેન્દ્રિય હોય છે.

ઉત્તરાધ્યનની ચૂર્ણિ અનુસાર પ્રતિબુદ્ધજીવી તે છે જે કષાયો અને ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરીને આગળ વધે છે.[4]

નિદ્રા—અજાગરૂકતાના પ્રતિષેધ માટે વ્યાખ્યાગ્રંથોમાં અગડદત્તનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. ચૂર્ણિમાં આ કથાનક અત્યન્ત સંક્ષિપ્તરૂપે છે.[5] બૃહદ્‌વૃત્તિકારે આ કથાનક પ્રાકૃત ગદ્યમાં પ્રસ્તુત કર્યું છે[6] અને સુખબોધામાં આ કથાનક ૩૨૮ ગાથાઓમાં પદ્યબદ્ધ છે.[7]

**કથાનો સાર-સંક્ષેપ**

અગડદત્ત એક સારથિનો પુત્ર હતો. બાલ્યાવસ્થામાં જ તેને પિતાનો વિયોગ થયો. વયસ્ક બનતાં તે કૌશમ્બી નગરીમાં શસ્ત્રવિદ્યા શીખવા ગયો. ત્યાં તે એક નિપુણ શસ્ત્રાચાર્ય પાસે શસ્ત્રવિદ્યામાં નિપુણ બનીને પોતાની નિપુણતાનું પ્રદર્શન કરવા રાજસભામાં ગયો. રાજા અને બધા સભાસદો તેની કુશળતા પર મુગ્ધ બન્યા અને તેને નગરરક્ષાની જવાબદારી સોંપવામાં આવી.

આખું જનપદ એક ચોરની હરકતોથી ત્રાહિમામ પોકારી રહ્યું હતું. રાજાએ નગરરક્ષક અગડદત્તને ચોરને પકડી લાવવાનું કામ સોંપ્યું. તે રાજકુળમાંથી ચોરને પકડવા માટે નીકળ્યો. તે એક ઉદ્યાનમાં એક સઘન વૃક્ષ નીચે આરામ માટે બેઠો અને

---

૧. बृहद्वृत्ति, पत्र २१३ : सुप्तेषु – द्रव्यतः शयानेषु भावतस्तु धर्म्मं प्रत्यजाग्रत्सु ।

૨. એજન, पत्र २१३ ।

૩. दशवैकालिक, चूलिका २।१४, १५ ।

૪. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ११६ : प्रतिबुद्धजीवनशील : प्रतिबुद्धजीवी, ण विस्ससेज्ज कसायिंदिएसु ।

૫. એજન, पृष्ठ ११६ ।

૬. बृहद्वृत्ति, पत्र २१३-२१६ ।

૭. सुखबोधा, पत्र ८४-९४ ।

ચોરને પકડવાના ઉપાય વિચારવા લાગ્યો. એટલામાં જ એક પરિવ્રાજક તે જ વૃક્ષની છાયામાં આવીને બેઠો. અગડદત્તને તે વ્યક્તિ ચોર હોવાની શંકા થઈ. પરિવ્રાજક અને અગડદત્ત બંને પરસ્પર વાતચીત કરવા લાગ્યા. અગડદત્ત બોલ્યો—ભગવન્ ! હું અત્યન્ત દરિદ્ર છું. ખાવા-પીવાનાં પણ ફાંફાં છે. પરિવ્રાજકે કહ્યું—તું મારી સાથે રહે. હું તને આજીવિકા આપીશ. આમ તે પરિવ્રાજકની સાથે તેના પડછાયા માફક રહેવા લાગ્યો.

હકીકતમાં પરિવ્રાજક જ દુર્ધર્ષ ચોર હતો. તે તે રાત્રીમાં અગડદત્ત સાથે એક ધનવાનના ઘરે ચોરી કરવા ગયો. અપાર ધનસંપત્તિ ચોરીને તે એક યક્ષમંદિરમાં પાંચ-સાત વ્યક્તિઓને લઈને આવ્યો. બધા તે ધનસંપત્તિ સાથે નગરની બહાર નીકળ્યા. પરિવ્રાજકે કહ્યું—હવે નગરના આ બાહ્ય ઉદ્યાનમાં આપણે બધા આરામ કરીએ, પછી આગળ વધીશું. બધા સૂઈ ગયા. અગડદત્ત અને પરિવ્રાજક પોતપોતાની જગ્યાએ સૂતા રહ્યા. બીજા બધા માણસો ગાઢ ઊંઘમાં ઘેરાઈ ગયા. અગડદત્ત પરિવ્રાજકની નજર બચાવીને એક વૃક્ષની પાછળ જઈ છુપાયો. આ બાજુ પરિવ્રાજક ઊઠ્યો. તેણે સૂતેલા બધા માણસો પર ભયંકર પ્રહાર કરી બધાને મારી નાખ્યા. અગડદત્તને તેની જગ્યાએ ન જોતાં તેની શોધમાં તે નીકળી પડ્યો. તેને એક વૃક્ષની આડમાં જોયો અને તેના પર પ્રહાર કરવા લપક્યો. અગડદત્ત સાવધાન હતો. તેણે ચોરના ખભા પર બળપૂર્વક પ્રહાર કર્યો. ચોર બેભાન થઈ ગયો. સહેજ ચેતન આવતાં તે બોલ્યો—'વત્સ ! તું મારે ઘરે જઈ મારી આ તલવાર બતાવજે. ત્યાં રહેલી મારી બહેન તને પતિ રૂપે સ્વીકારશે.' આટલું કહી તેણે પ્રાણ છોડી દીધા.

અગડદત્ત તેના ઘરે ગયો. તલવાર જોતાં જ ચોરની બહેન જાણી ગઈ કે આ મારા ભાઈનો હત્યારો છે. તેણે બદલો લેવા માટે તેને મારવાની યુક્તિ કરી. પણ અગડદત્ત સાવધાન હતો. તેણે પેલીની ચાલ સફળ થવા દીધી નહિ. તે તેને લઈને રાજગૃહમાં ગયો. રાજાએ ઘણાબધા ઈનામો આપી તેનું સન્માન કર્યું.

**૧૩. કાળ ખૂબ જ ઘોર (ક્રૂર) હોય છે (घोरा मुहुत्ता)**

આ શબ્દો વડે એવો સંકેત કરવામાં આવ્યો છે કે પ્રાણીનું આયુષ્ય અલ્પ હોય છે અને મૃત્યુનો સમય અચોક્કસ હોય છે, ન જાણે તે ક્યારે આવી જાય અને પ્રાણીને ઉપાડી જાય.

અહીં 'मुहूर्त' શબ્દ વડે સમસ્ત કાળનું ગ્રહણ કરવામાં આવ્યું છે. પ્રાણીનું આયુષ્ય પ્રતિપળ ક્ષીણ થતું જાય છે—આ અર્થમાં કાળ પ્રતિપળ જીવનનું અપહરણ કરે છે. એટલે તેને ઘોર—રૌદ્ર કહેવામાં આવેલ છે.[1]

**૧૪. ભારંડ પક્ષી (भारुंडपक्खी)**

જૈન-સાહિત્યમાં 'અપ્રમત્ત અવસ્થા' દર્શાવવા માટે આ ઉપમાનો પ્રયોગ અનેક સ્થળે કરવામાં આવેલ છે.

કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરને—'भारंड पक्खी इव अप्पमत्ते'—ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત કહેવામાં આવ્યા છે. ચૂર્ણિ અને ટીકાઓ અનુસાર આ બે જીવો સંયુક્ત હોય છે. આ બંનેને ત્રણ પગ હોય છે. વચ્ચેનો પગ બંનેનો સામાન્ય હોય છે અને એક-એક પગ વ્યક્તિગત. તેઓ એકબીજાની સાથે અત્યન્ત સાવધાનીપૂર્વક વર્તે છે, સતત જાગરૂક રહે છે.[2]

છઠ્ઠી શતાબ્દીની રચના વસુદેવહિંડી નામે ગ્રંથ (પૃ. ૨૪૯)માં ભારંડ પક્ષીનું વર્ણન કરતાં લખ્યું છે—આ પક્ષીઓ રત્નદ્વીપમાંથી આવે છે. તેમનું શરીર ઘણું વિશાળ હોય છે અને તેઓ વાઘ, રીંછ વગેરે વિશાળકાય જાનવરોનું માંસ ખાય છે.

કલ્પસૂત્રની કિરણાવલિ ટીકામાં ભારંડ પક્ષીનું ચિત્રણ આવી રીતે કરવામાં આવ્યું છે—

द्विजिह्वा द्विमुखाश्चैकोदरा भिन्नफलैषिणः ।

---

૧. सुखबोधा, पत्र ९४ : घोराः—रौद्राः सततमपि प्राणिनां प्राणापहारित्वात् मुहूर्त्ताः – कालविशेषाः, दिवसाद्युपलक्षण-मेतत् ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ ११७ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २१७ ।
(ગ) सुखबोधा, पत्र ९४ ।

પંચતંત્રના અપરિક્ષિત કારકમાં ભારંડ પક્ષી સંબંધી કથાનો ઉલ્લેખ થયો છે. તેનો પૂર્વવર્તી શ્લોક આ છે—

**एकोदराः पृथग्ग्रीवा, अन्योन्यफलभक्षिणः ।**

**असंहता विनश्यन्ति, भारंडा इव पक्षिणः ॥**

એક સરોવરના કિનારા ઉપર ભારંડ પક્ષીનું એક યુગલ રહેતું હતું. એક દિવસ બંને પતિ-પત્ની ભોજનની તપાસમાં સમુદ્રના કિનારે-કિનારે ઘૂમી રહ્યા હતા. તેમણે જોયું કે સમુદ્રના મોજાઓના વેગથી પ્રવાહિત થઈને અમૃતફળોનો એક જથ્થો કિનારા પર ફેલાયેલો પડ્યો હતો. તેમાંના ઘણાબધા ફળ નર ભારંડ પક્ષી ખાઈ ગયું અને તેના સ્વાદથી તૃપ્ત થઈ ગયું. તેના મુખે ફળોના સ્વાદની વાત સાંભળી બીજા મુખે કહ્યું—અરે ભાઈ ! જો આ ફળોમાં એટલો સ્વાદ છે તો મને પણ કંઈક ચખાડ, જેથી કરીને આ બીજી જીભ પણ તે સ્વાદના સુખનો થોડોક અનુભવ કરી શકે. આ સાંભળીને પેલા ભારંડ પક્ષીએ કહ્યું—આપણા બંનેનું પેટ એક જ છે એટલા માટે એક મુખ વડે ખાવાથી પણ બીજાને તૃપ્તિ થઈ જ જાય છે. એટલે વધુ ખાવાથી શું લાભ ? પરંતુ ફળોનો જે બાકી બચેલો ભાગ છે તે માદા ભારંડ પક્ષીને આપી દેવો જોઈએ કે જેથી કરી તે પણ તેનો સ્વાદ લઈ શકે. બાકી બચેલા ફળો માદાને આપી દેવામાં આવ્યા. પરંતુ બીજા મુખને આ ઉચિત ન લાગ્યું. તે સદા ઉદાસીન રહેવા લાગ્યું અને યેનકેનપ્રકારેણ આનો બદલો લેવાનું તેણે વિચાર્યું. એક દિવસ સંયોગવશ બીજા મુખને એક વિષફળ મળી ગયું. તેણે અમૃતફળ ખાઈ જનાર મુખને કહ્યું—'અરે અધર્મ અને નિરપેક્ષ ! મને આજે વિષફળ મળ્યું છે. હવે હું મારા અપમાનનો બદલો લેવા તે ખાઈ જાઉં છું.' આ સાંભળી પહેલું મુખ બોલ્યું—'અરે મૂર્ખ ! એમ ન કર. એમ કરવાથી આપણે બંને મરી જઈશું.' પરંતુ તે ન માન્યું અને અપમાનનો બદલો લેવા માટે વિષફળ ખાઈ ગયું. વિષના પ્રભાવથી બંને મરી ગયા.

આ પક્ષી માટે भारंड, भारुण्ड અને भेरुंड—આ ત્રણે શબ્દો પ્રચલિત છે. આચાર્ય હેમચન્દ્રની દેશીનામમાલામાં ભારુંડનું નામ ભોરુડ છે—भारुंडयम्मि भोरुडओ (૬।૧૦૮) । તેમની જ અનેકાર્થક-નામમાલા (૩।૧૭૩)માં ''भेरुण्डो भीषण खगः'—भेरुण्डः खगः પક્ષી, યથા—विसंहिता विनश्यंति, भेरुण्डा इव पक्षिणः''—આવો ઉલ્લેખ મળે છે.

વસુદેવહિંડીમાં એક કથા છે—

કેટલાક વણજારા વેપાર માટે એકસાથે પ્રવાસે નીકળ્યા. પ્રવાસ કરતા-કરતા તેઓ અજપથ[1] નામના દેશમાં પહોંચ્યા. ત્યાં પહોંચીને બધા વેપારીઓ 'વજ્રકોટિ-સંસ્થિત' નામના પર્વતને ઓળંગી આગળ ચાલ્યા. પરંતુ અતિશય ઠંડીના કારણે તેમના બકરા કાંપવા લાગ્યા. તેમની આંખો પરથી પટ્ટીઓ દૂર કરવામાં આવી અને પછી જેમના પર બેસીને તેઓ ત્યાં પહોંચ્યા હતા તે બધા બકરાને મારીને તેમની ચામડીમાંથી મોટી-મોટી મશકો બનાવી દીધી. ત્યાર પછી રત્નદ્વીપ જવા ઈચ્છુક વેપારીઓ આ મશકોમાં એક-એક છરો લઈ પેસી ગયા અને અંદરથી મશકને બંધ કરી લીધી.

તે પર્વત પર ભક્ષ્યની શોધમાં ભારંડ પક્ષીઓ આવ્યા અને પેલી મશકોને માંસના લોચા સમજીને ઊપાડી ગયા. રત્નદ્વીપમાં નીચે રાખતાં જ અંદર બેઠેલા વેપારીઓ છરીથી મશકને કાપીને બહાર નીકળી ગયા. ત્યાર પછી ત્યાંથી યથેચ્છ રત્નોની ગાંસડીઓ બાંધી ફરી મશકમાં આવી બેઠા. ભારંડ પક્ષીઓએ ફરી તે મશકોને તે પર્વત પર લાવી મૂકી.

પ્રાપ્ત સામગ્રીના આધારે આ ભારંડ પક્ષીનો સંક્ષિપ્ત પરિચય છે. પ્રાચીનકાળમાં આ પક્ષીઓ ક્યાંક-ક્યાંક નજરે પડતા હતા. પરંતુ આજકાલ તેમના વિશે કોઈ જાણકારી મળતી નથી. હમણાં-હમણાં કેટલાંક વર્ષ પહેલાં અમે એક પત્રમાં વાંચ્યું હતું કે એક દિવસ એક વિશાળકાય પક્ષી આકાશમાંથી નીચે ઊતરી રહ્યું હતું. તેની ગતિથી ઉત્પન્ન થયેલ અવાજ વિમાનના અવાજ જેવો હતો. જેવું તે જમીન પાસે આવ્યું કે તરત જ ત્યાં ઊભેલા કેટલાય પશુઓ (વાઘ, સિંહ વગેરે) પોતાની મેળે જ તેની તરફ ખેંચાઈ આવ્યા અને તે તેમને ખાઈ ગયું.

---

૧. તે દેશ કે જ્યાં બકરાઓ ઉપર પ્રવાસ કરવામાં આવે છે. તે દેશમાં બકરાઓની આંખો પર પટ્ટી બાંધી સવારી કરવામાં આવે છે.

**૧૫. થોડા દોષને પણ (जं किंचि)**

'यत् किंचित्'નો પ્રાસંગિક અર્થ થોડોક પ્રમાદ કે દોષ છે. दुश्चिन्तित, दुर्भाषित અને दुष्कार्य–આ બધા પ્રમાદ છે. જે દુશ્ચિંતન કરે છે તે પણ બંધાઈ જાય છે. જે દુશ્ચિંતન કરી તેને અમલમાં મૂકે છે, તે તો જરૂર બંધાઈ જાય છે. એટલા માટે યત્ કિંચિત્ પ્રમાદ પણ પાશ છે–બંધન છે.[1] શાન્ત્યાચાર્યે 'यत् किंचित्'નો મુખ્ય આશય ગૃહસ્થ સાથે સંબંધ રાખવો અને ગૌણ આશય પ્રમાદ એવો દર્શાવ્યો છે.[2]

**૧૬. નવા-નવા ગુણની પ્રાપ્તિ થાઓ....પોષણ કરો (लाभंतरे जीविय बूहइत्ता)**

ચૂર્ણિકારે 'लाभंतरे'નો અર્થ–લાભ આપનાર એવો કર્યો છે.[3] બૃહદ્‌વૃત્તિમાં લાભનો અર્થ 'અપૂર્વ ઉપલબ્ધિ' અને 'अन्तर'નો અર્થ 'વિશેષ' એવો કર્યો છે. આનું તાત્પર્ય છે–વિશિષ્ટ-વિશિષ્ટતર જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોની ઉપલબ્ધિ.[4]

વેન્નાકતટ નગરમાં મંડિક નામે વણકર રહેતો હતો. તે બીજાનાં ધનનું અપહરણ કરી પોતાની આજીવિકા ચલાવતો હતો. તે પોતાના પગ ઉપર પાટા બાંધી રાજમાર્ગ ઉપર કાપડ વણતો. લોકો પૂછતાં તો કહેતો–'મારા પગ ઉપર ભયંકર ઝેરી ફોલ્લો થયો છે.' તે હાથમાં લાકડી લઈ લંગડાતો-લંગડાતો ચાલતો. રાતમાં લોકોના ઘરમાં ખાતર પાડી ચોરી કરતો અને ગામની નજીક આવેલા એક ભોંયરામાં તે ધન એકઠું કરે રાખતો. ત્યાં તેની બહેન રહેતી હતી. તે ભોંયરામાં વચ્ચોવચ્ચ એક ઊંડો કૂવો હતો. ચોર મંડિક પોતે ચોરેલું ધન ભારવાહકો પાસે ઉપડાવીને ત્યાં લાવતો. તેની બહેન તેમની મહેમાનગતિ કરવાના બહાને કૂવા પર પહેલાંથી જ પાથરી રાખેલા આસન ઉપર તેમને બેસાડતી અને તે બધા અંધારા કૂવામાં પડી મરી જતા.

આખું નગર ચોરથી ત્રાસી ગયું હતું. ચોર કોઈ રીતે પકડાતો ન હતો. નગરના આગેવાન માણસો મળી રાજા મૂળદેવ પાસે ગયા. ચોરની વાત કરી. રાજાએ ચિંતા વ્યક્ત કરી અને તેમને આશ્વાસન આપવા બીજા નગરરક્ષકની નિયુક્તિ કરી. તે પણ ચોરને પકડવામાં નિષ્ફળ ગયો. ત્યારે રાજા પોતે જ કાળાં વસ્ત્રો પહેરી ચોરની તપાસમાં રાત્રે નીકળી પડ્યો. તે એક સભામાં જઈ બેઠો. કોઈ તેને ઓળખી શક્યું નહિ. એટલામાં મંડિક ચોરે ત્યાં આવી પૂછ્યું–'તું કોણ છે ?' મૂળદેવ બોલ્યો–'ભાઈ હું તો ભિખારી છું.' મંડિકે કહ્યું–'ચાલ મારી સાથે. હું તને મજૂરી આપીશ.' તે ઊઠ્યો. મંડિક આગળ-આગળ ચાલી રહ્યો હતો અને ગુપ્તવેશધારી રાજા તેની પાછળ-પાછળ. મંડિક એક ધનવાન વ્યક્તિને ઘરે પહોંચ્યો, ખાતર પાડ્યું અને ખૂબ ધન ચોરીને ગાંસડીઓ બાંધી પછી ભિખારીના માથે બધી ગાંસડીઓ રાખી નગરની બહાર નીકળ્યો. પેલા ભોંયરા પાસે આવીને ચોરે બધી ગાંસડીઓ નીચે ઉતારી અને પોતાની બહેનને બોલાવી કહ્યું–'આ મહેમાનનો સત્કાર કર.' મંડિક બીજે ચાલ્યો ગયો. બહેને પેલા અતિથિને જોયો. તેના લાવણ્ય અને મુખાકૃતિ જોઈને તેણે વિચાર્યું કે આ કોઈ રાજકુટુંબનો માણસ લાગે છે. બિચારો મફતનો માર્યો જશે. તેના મનમાં દયા આવી. તે બોલી–'ભદ્ર ! અહીંથી ભાગી જા. નહીંતર માર્યો જઈશ.' મૂળદેવ ત્યાંથી ભાગી છૂટ્યો. તે છોકરીએ બૂમ પાડતા કહ્યું–'અરે ! દોડો, દોડો, પેલો ભાગી જાય છે.' મંડિક ચોરે આ સાંભળ્યું. તે નાગી તલવાર હાથમાં લઈ પાછળ ભાગ્યો. પણ પેલો મળ્યો નહિ. મૂળદેવ જતાં-જતાં એક શિવમંદિરમાં છુપાઈ ગયો. ચોર શિવલિંગને મનુષ્ય સમજી તેના પર પ્રહાર કરી ભોંયરામાં પાછો ફર્યો. સવારે તે રાજમાર્ગ પર ગયો અને કાપડ વણવાના કામમાં લાગી ગયો. રાજપુરુષોએ તેને પકડી રાજા મૂળદેવ પાસે હાજર કર્યો. રાજાએ તેને સન્માનપૂર્વક આસન આપ્યું અને કહ્યું–'તું તારી બહેનનો વિવાહ મારી સાથે કરી દે.' વિવાહ થઈ ગયો. રાજાએ તેને પ્રચૂર ભોગસામગ્રી આપી. કેટલાક

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. ११७ : जंकिंचि अप्पणा पमादं पासंति दुच्चिंतितादि, दुव्विचिंतिएणावि वज्झति, किं पुण जो चिंतित्तु कामुणा सफलीकरेति, एवं दुब्भासितदुच्चिंतितादि जं किंचि पासं ।

૨. बृहद्‌वृत्ति, पत्र २१७ : 'यत्किंचिद्' गृहस्थसंस्तवाद्यल्पमपि.... 'जं किंचि' त्ति यत्किंचिदल्पमपि दुश्चिन्तितादि प्रमादपदं मूलगुणादिमालिन्यजनकतया बन्धहेतुत्वेन ।

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ११७ : लाभंप्रयच्छतनीति लाभान्तरं ।

૪. बृहद्‌वृत्ति, पत्र २१७ : लम्भनं लाभः–अपूर्वार्थप्राप्तिः, अन्तरं–विशेषः, .....यावद् विशिष्ट विशिष्टतर-सम्यग्-ज्ञानदर्शनचारित्रावाप्तिः........ ।

દિવસો વીત્યા. એક દિવસ રાજાએ તેને કહ્યું—'મારે હજી પણ કંઈક જોઈએ છે.' ચોરે પોતાના ભંડારમાંથી ધન લાવી આપ્યું. વળી થોડું ધન મંગાવ્યું. આ રીતે ચોરનું બધું ધન મંગાવી લીધું. રાજાએ ચોરની બહેનને પૂછ્યું—'આની પાસે હજુ કેટલું ધન છે ?' બહેન બોલી—'હવે ખાલી થઈ ગયો છે.' ત્યારે રાજાએ તે મંડિક ચોરને શૂળી પર ચડાવી દીધો.

રાજાને જ્યાં સુધી તે ચોર પાસેથી ધન મળતું રહ્યું ત્યાં સુધી તે તેનું ભરણ-પોષણ કરતો રહ્યો. જ્યારે ધન મળવાનું બંધ થઈ ગયું ત્યારે તેણે તેને મારી નાખ્યો.

બૃહદ્‌વૃત્તિ (પત્ર ૨૧૮-૨૨૨)માં આ કથા વિસ્તારથી મળે છે.

### ૧૭. વિચાર-વિમર્શપૂર્વક (परिन्नाय)

પરિજ્ઞાનો અર્થ છે—બધી રીતે જાણીને. પરિજ્ઞાના બે પ્રકાર છે—જ્ઞ-પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન-પરિજ્ઞા. વ્યક્તિ જ્ઞ-પરિજ્ઞાથી જાણી લે છે કે હવે હું પહેલાની માફક જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોની વિશિષ્ટ પ્રાપ્તિ કરવા માટે અસમર્થ છું, નિર્જરા પણ ઓછી થઈ રહી છે. કેમકે શરીર ક્ષીણ બન્યું છે. તે વૃદ્ધાવસ્થાને કારણે જીર્ણ અને રોગોથી ઘેરાયેલું છે, આથી હવે ધર્મારાધના પણ નથી કરી શકાતી. આમ જાણીને તે સંલેખના કરે છે અને અંતમાં યાવજ્જીવન અનશન કરી શરીરનો ત્યાગ કરે છે.

### ૧૮. આ શરીરનો નાશ (मलावधंसी)

અહીં 'મલ'નો અર્થ છે શરીર. તે મળોનો આશ્રય હોય છે. આથી તેનું લાક્ષણિક નામ 'મલ' છે. ચૂર્ણિકારે 'મલ'નો અર્થ કર્મ[1] અને બૃહદ્‌વૃત્તિકારે તેનો મૂળ અર્થ કર્મ અને વૈકલ્પિક અર્થ શરીર એવો કર્યો છે.[2] શરીર અર્થ જ અહીં પ્રાસંગિક છે.

### ૧૯. (શ્લોક ૭)

પ્રસ્તુત શ્લોકમાં અનશનની સીમાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રશ્ન થાય છે કે મુનિ (અથવા અન્ય કોઈ) અનશન ક્યારે કરે ? સૂત્રકારે આના સમાધાનમાં આયુ-સીમાનું કોઈ નિર્ધારણ નથી કર્યું કે ન તો રોગ કે નીરોગ અવસ્થાનો નિર્દેશ કર્યો છે. અહીં એક ભાવાત્મક સીમાનો નિર્દેશ છે. જ્યાં સુધી જ્ઞાન, દર્શન અને ચારિત્રની નવી-નવી ઉપલબ્ધિઓ થતી રહે, ત્યાં સુધી શરીર ધારણ કરવું જોઈએ. જ્યારે પોતાના શરીર વડે કોઈ વિશિષ્ટ ઉપલબ્ધિ ન થાય, તે અવસ્થામાં સંલેખનાની આરાધના કરી અંતમાં અનશન કરી લેવું જોઈએ.

સૂત્રકૃતાંગમાં આબાધા (વૃદ્ધાવસ્થા કે રોગ) હોય કે ન હોય—બંને અવસ્થાઓમાં અનશનની વિધિનો નિર્દેશ મળે છે. આ નિર્દેશ સાધુ અને શ્રમણોપાસક—બંને માટે છે.[3]

### ૨૦. શિક્ષિત....અશ્વ (आसे जहा सिक्खिय.......)

અશ્વ બે પ્રકારના હોય છે—પ્રશિક્ષિત અને અપ્રશિક્ષિત. પ્રશિક્ષિત અશ્વ પોતાના શિક્ષકના અનુશાસનમાં રહે છે. તે ઉચ્છૃંખલ બનતો નથી. અપ્રશિક્ષિત અશ્વ પોતાના સવાર (अश्ववार)નું અનુશાસન માનતો નથી. તે ઉચ્છૃંખલ હોય છે. વ્યાખ્યાકારોએ અહીં એક કથાનક પ્રસ્તુત કર્યું છે—

એક રાજાએ બે કુલપુત્રો (સામંતો)ને બે અશ્વ આપ્યા અને કહ્યું—આને પ્રશિક્ષિત કરવાના છે અને તેમનું સમુચિત ભરણ-પોષણ પણ કરવાનું છે. પહેલો કુલપુત્ર પોતાના અશ્વને ધાવન, પ્લાવન , વલ્ગન વગેરે અનેક કળાઓમાં પારંગત કરે છે અને તેનું ઉચિત ભરણ-પોષણ પણ કરે છે. બીજો કુલપુત્ર વિચારે છે—રાજકુળમાંથી આ અશ્વ માટે આટલું બધુ મળે છે, પણ એને

---

१. उत्तराध्ययन चूर्णि, पृष्ठ ११७, ११८ : मलं अष्टप्रकारं ।

२. बृहद्वृत्ति, पत्र २१८ : मलः—अष्टप्रकारं कर्म्म.....यद्वा मलाश्रयत्वान्मलः—औदारिकशरीरं..... ।

૩. सुयगडो, २ । २ । ६७, ७३ ।

શા માટે ખવડાવવું ? એમ વિચારી તે તે અશ્વને ભૂંસુ વગેરે ખવડાવે છે અને પોતાના રહેંટ પર જોતરીને તેની પાસે કામ કરાવે છે. તે તેને પ્રશિક્ષિત કરતો નથી.

એક વાર કોઈ શત્રુ રાજાએ આક્રમણ કર્યું. રાજાએ પેલા બંને કુલપુત્રોને પોતપોતાના અશ્વો સાથે સંગ્રામમાં જવાનો આદેશ આપ્યો. જે અશ્વ પૂર્વ-પ્રશિક્ષિત હતો, તે પોતાના સવારનું અનુશાસન માનીને સંગ્રામ પાર કરી ગયો. જે અપ્રશિક્ષિત અશ્વ હતો તે શત્રુઓના હાથમાં ઝડપાઈ ગયો અને કુલપુત્ર પણ પકડાઈ ગયો.[૧]

### ૨૧. પૂર્વ જીવનમાં (पुव्वाइं वासाइं)

પૂર્વ-પરિમાણ આયુષ્યવાળાઓ માટે 'पूर्व' અને વર્ષ-પરિમાણ આયુષ્યવાળાઓ માટે 'वर्ष'નો ઉલ્લેખ થયો છે—એવો ચૂર્ણિકાર અને વૃત્તિકારનો અભિપ્રાય છે.[૨] પરંતુ વિષયની દષ્ટિએ 'पुव्वाइं वासाइं'નો અર્થ 'પૂર્વજીવનના વર્ષો' સંગત લાગે છે.

### ૨૨. પૂર્વ જીવનમાં (पुव्वमेवं)

'पुव्व' (પૂર્વ)નો અર્થ છે—પહેલાંનું જીવન. ચૂર્ણિકારે આઠમા શ્લોકના પ્રસંગમાં એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. શિષ્ય ગુરુને પૂછે છે—ભંતે ! કેટલીક ક્ષણો અથવા દિવસો સુધી અપ્રમત્ત રહી શકાય છે. જે પૂર્વકાળ (દીર્ઘકાળ) સુધી અપ્રમત્ત રહેવાની વાત કહેવાય છે, તે કષ્ટકર છે, કઠણ છે. એટલા માટે જીવનના અંતિમ ચરણમાં અપ્રમત્ત રહેવું જ શ્રેયસ્કર છે.[૩]

ગુરુએ કહ્યું—જે પહેલાં જીવનમાં અપ્રમાદી નથી હોતો, તે અંતમાં અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત કરી શકતો નથી. કેમકે—

**'पुव्वमकारितजोगो पुरिसो, मरणे उवट्ठिते संते ।**

**ण चइति व सहितुं जे अंगेहिं परीसहणिवादे ॥'**

—જે મનુષ્ય પૂર્વજીવનમાં સમાધિ પ્રાપ્ત કરતો નથી, તે મરણકાળે પોતાના પ્રમાદને છોડી શકતો નથી અને પોતાના શિથિલ શરીર વડે ન તો પરીષહોને સહન કરવા માટે પણ સક્ષમ બની શકે છે.[૪]

### ૨૩. શાશ્વતવાદીઓ માટે જ (सासयवाइयाणं)

પ્રસ્તુત ચરણમાં શાશ્વતવાદીનો પ્રયોગ આયુષ્યના સંદર્ભમાં થયો છે. આયુષ્ય બે પ્રકારનું છે—સોપક્રમ અને નિરુપક્રમ. જેમાં અકાલ-મૃત્યુ થાય છે, તે સોપક્રમ આયુષ્ય છે અને જેમાં કાલ-મૃત્યુ થાય છે તે નિરુપક્રમ આયુષ્ય છે. શાશ્વતવાદીઓ આયુષ્યને નિરુપક્રમ માને છે. તેમના મત અનુસાર અકાળ મૃત્યુ હોતું નથી. તે જ લોકો એવું માની શકે છે—'स पुव्वमेवं न लभेज्ज पच्छा'—'જીવનના પ્રારંભમાં જ શા માટે, ધર્માચરણ તો જીવનના અંતકાળમાં પણ કરી શકાય છે.' જે જીવનને પાણીના પરપોટા જેવું અસ્થિર માને છે, તેઓ એવું ક્યારેય વિચારી શકતા નથી.[૫]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२; बृहद्वृत्ति पत्र २२३; सुखबोधा पत्र ९६ ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२२ : पूरयंतीति पूर्वं, वर्षंतीति वर्षं, ताणि पुव्वाणि वासाणी, का भावना ? पुव्वाउसो जया मणुया तदा पुव्वाणि, जदा वरिसायुसो तया वरिसाणि ।
(ખ) बृहद्वृत्ति पत्र २२४ : पूर्वाणि वर्षाणीति च एतावदा-युषामेव चारित्रपरिणतिरिति ।

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२२ : अत्राह चोदकः—सक्कते मुहुत्तं दिवसं वा अप्पमादो काउं, जं पुण भण्णति—'पुव्वाणि वासाणि चरप्पमत्तो', एवतियं कालं दुःक्खं अप्पमादो कज्जति, तेण पच्छिमे काले अप्पमादं करेस्सामि ।

૪. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १०२, १२३ ।

૫. એજન, પૃ. १२३ : के य सासयवादिया उच्यते, ये निरुव्व-क्कमायुणो, ण तु जेसिं फेणबुब्बुय-भंगुराणि जीविताणि, अथवा सासयवादो णिण्ण अप्पमत्तो कालो मरतो जेसिं एसा दिट्ठी, जो पुव्वमेव अकयजोगो सो ।

## ૨૪. શરીરભેદ (सरीरस्स भेए)

ચૂર્ણિકારે અહીં એક કથાનો ઉલ્લેખ કર્યો છે—એક રાજાએ પોતાના રાજ્યમાં મ્લેચ્છોનું આગમન જાણીને આખા જનપદમાં એવી ઘોષણા કરાવી કે નગરના બધા સ્ત્રી-પુરુષો કિલ્લાની અંદર આવી જાય. ત્યાં તેમની સુરક્ષા થશે. કેટલાક માણસો તત્કાળ દુર્ગમાં આવી સુરક્ષિત બની ગયા. કેટલાક માણસો ઘોષણા તરફ ધ્યાન ન આપતાં પોતાના પરિગ્રહ—ધન, ધાન્ય, મકાન વગેરેમાં આસક્ત થઈ ત્યાં જ રહી ગયા. જોતજોતાંમાં જ મ્લેચ્છો આવી પહોંચ્યા અને ત્યાં રહેલ માણસોને મારીને તેમનું ધન લૂંટી ગયા. જે લોકો કિલ્લામાં હતા તેઓ બચી ગયા. મ્લેચ્છોના ચાલ્યા ગયા પછી તેઓ પાછા ફર્યા અને પોતાના સ્વજનોને માર્યા ગયેલા જોઈને તથા વૈભવને નષ્ટ થયેલો જાણીને રોતાં-કકળતાં રહ્યાં.[1]

## ૨૫. વિવેક પ્રાપ્ત (विवेगमेउं)

વિવેકનો સામાન્ય અર્થ છે—પૃથક્કરણ. પ્રસ્તુત પ્રસંગમાં તેનો અર્થ છે—આસક્તિનો પરિત્યાગ અને કષાયોનો પરિહાર.

સૂત્રકારનો અભિપ્રાય છે કે કોઈ પણ માણસ તત્કાળ વિવેક પ્રાપ્ત કરી શકતો નથી. કર્મોની ક્ષીણતા થતાં-થતાં, બધી સામગ્રી ઉપલબ્ધ થતાં વિવેક પ્રાપ્ત થાય છે. ઋષભની જન્મદાત્રી મરુદેવા માતાને તત્કાળ વિવેક પ્રાપ્ત થઈ ગયો હતો. આ અપવાદરૂપ ઘટના છે અને તેને એક આશ્ચર્યજનક વિશિષ્ટ ઘટના જ માનવામાં આવી છે. આવી તીવ્ર અભીપ્સા વિરલાઓમાં જ હોય છે. આથી તેને સામાન્ય નિયમ માની શકાય નહિ. 'વિવેક તત્કાળ થઈ શકતો નથી' તે વાત બતાવવા માટે એક ઉદાહરણ પ્રસ્તુત છે—

એક બ્રાહ્મણ પરદેશ ગયો અને ત્યાં વેદની બધી શાખાઓમાં પારંગત બની ઘરે પાછો ફર્યો. એક બીજા બ્રાહ્મણે તેની બહુશ્રુતતાથી આકર્ષાઈને પોતાની સારી રીતે લાલન-પાલન કરેલી પુત્રીનો વિવાહ તેની સાથે કર્યો. લોકોએ તેને પ્રચુર દક્ષિણા આપી. ધીરે-ધીરે તેનું ધન વધ્યું અને તે ધનાઢ્ય બની ગયો. તેણે પોતાની પત્ની માટે સોનાના આભૂષણો બનાવ્યા. તે સદા આભૂષણો પહેરી રાખતી. એક દિવસ બ્રાહ્મણ બોલ્યો—આપણે આ સરહદ ઉપરના ગામમાં રહીએ છીએ. અહીં ચોરોનો ભય રહે છે. તું માત્ર પર્વના દિવસોમાં આ આભૂષણો પહેર તો સારું રહેશે, કેમકે ક્યારેય ચોરો આવી પણ જાય તો તું ઘરેણાંની રક્ષા કરી શકીશ. તે બોલી—બરાબર. પણ જયારે ચોર આવશે ત્યારે હું તત્કાળ ઘરેણાં ઊતારી છુપાવી દઈશ. આપ ચિંતા ન કરો.

એક વાર તે જ ગામમાં ધાડ પડી. લૂંટારુઓ તે બ્રાહ્મણના ઘરમાં પેસી ગયા અને આભૂષણોથી અલંકૃત તેની પત્નીને પકડી ઘરેણાં ઉતારવા લાગ્યા. તે નિરંતર પૌષ્ટિક ભોજન લેવાથી અત્યધિક સ્થૂળ બની ગઈ હતી. પગના કડા અને હાથની બંગડીઓ નીકળી શકી નહિ. ચોરોએ તેના હાથ-પગ કાપી નાખ્યા અને ઘરેણાં લઈ ગયા.[2]

## ૨૬. મોક્ષની એષણા કરનાર (महेसी)

ચૂર્ણિકારે આનો અર્થ—મોક્ષની ઇચ્છા કરનાર એવો કર્યો છે.[3] બૃહદ્‌વૃત્તિમાં આના બે અર્થ મળે છે[4]—મહર્ષિ અને મોક્ષની ઇચ્છા કરનાર.

## ૨૭. અપ્રમત્ત થઈને વિચરણ કર (चरमप्पमत्तो)

અહીં 'મ'કાર અલાક્ષણિક છે. પદ છે—चर अप्पमत्तो—તું અપ્રમત્ત થઈ વિચરણ કર. પ્રમાદના પરિહાર અને અપરિહારનું ઘોતક દૃષ્ટાંત આ પ્રમાણે છે—

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२३ ।

૨. सुखबोधा, पत्र ९७ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२४ : महंतं एसतीति महेसि, मोक्षं इच्छतीत्यर्थः ।

૪. बृहद्वृत्ति, पत्र २२५ ।

એક વેપારી પરદેશ જવા માટે તૈયાર થયો. તેણે પોતાની પત્નીને કહ્યું—મને થોડોક સમય લાગશે. તું અહીંનો કારોબાર સંભાળી લેજે. કર્મચારીઓને વ્યવસ્થિત પણે કામમાં જોડી રાખજે.

વેપારી પરદેશ ચાલ્યો ગયો. તેની પત્નીનો બધો સમય શરીરના પોષણ અને શૃંગારમાં વીતવા લાગ્યો. તે ખૂબ જ આળસુ બની ગઈ. તે કર્મચારીઓને યોગ્ય સમયે યોગ્ય કામમાં લગાડતી નહિ કે તેમને ઉચિત સમયે તેમનું વેતન પણ આપતી નહિ. બધા કર્મચારીઓ ત્યાંથી ચાલ્યા ગયા. બધો કારોબાર ઠપ્પ થઈ ગયો. નાણાંની અછત વર્તાવા લાગી. કેટલાક સમય પછી શેઠ પરદેશથી પાછો ફર્યો. ઘર અને કારોબારની દુર્દશા જોઈને તે ખિજાઈ ગયો. તેણે પોતાની પત્નીને ઠપકો દીધો, સાચું-ખોટું સંભળાવ્યું અને ઘરમાંથી કાઢી મૂકી. પત્નીના પ્રમાદે આખા ઘરને ચોપટ કરી નાખ્યું.

તે જ વેપારીએ પ્રચુર ધન ખર્ચી બીજી કન્યા સાથે વિવાહ કરી લીધો. તે ચતુર હતી. એકવાર શેઠ ફરી પરદેશ ગયો. પત્ની પોતાના કર્મચારીઓને યોગ્ય સમયે કરવાના કાર્યોની સૂચના આપતી અને તેમને સવાર-સાંજ ભોજન કરાવતી. તેમની સાથે કોમળ વ્યવહાર કરતી અને માસિક પગાર સમયસર ચૂકવી આપતી. બધા કર્મચારીઓ તેના વ્યવહારથી પ્રસન્ન હતા. તે નિરંતર ઘરની સારસંભાળ લેતી. પોતાના શરીરના સાજશૃંગારમાં તે અધિક સમય ન વીતાવતી. શેઠ પરદેશથી પાછો ફર્યો. તે ઘરનું વાતાવરણ જોઈ સંતુષ્ટ થયો અને પત્નીને પોતાનું બધુ સોંપી દીધું.[1]

જે પ્રમાદનો ત્યાગ નથી કરતો તે નાશ પામે છે અને જે પ્રમાદનો ત્યાગ કરી પોતાની જાતને શ્રમમાં યોજે છે તે સ્વામી બની જાય છે.

### ૨૮. મોહગુણો (मोहगुणे)

આનો અર્થ છે—મોહને સહાયભૂત ઇન્દ્રિયોના વિષયો—શબ્દ, રૂપ વગેરે. જે જાણકાર વ્યક્તિને પણ આકુળ-વ્યાકુળ કરી ઉન્માર્ગમાં ખેંચી જાય છે તે મોહ છે. તે મોહને ઉત્તેજિત કરનારા ઇન્દ્રિય-વિષયો 'गुण' કહેવાય છે.

સાંખ્ય દર્શન પ્રકૃતિ અને પુરુષ—આ બે તત્ત્વોને મુખ્ય માને છે. પ્રકૃતિના ત્રણ ગુણો છે—સત્ત્વ, રજસ્ અને તમસ્. મોહગુણની સરખામણી રજસ્ અને તમસ્ સાથે કરી શકાય.

### ૨૯. પ્રતિકૂળ (असमंजसं)

ચૂર્ણિકારે 'असमंजस' શબ્દનો બહુવચનાન્ત પ્રયોગ કર્યો છે. તેનાથી પ્રતીત થાય છે કે તેમની સામે 'असमंजसा' પાઠ હતો. તેમના મત અનુસાર તે 'फासा'નું વિશેષણ છે. તેનો અર્થ છે—પ્રતિકૂળ, અનભિપ્રેત.[2]

બૃહદ્‌વૃત્તિમાં 'असमंजस'ને ક્રિયા-વિશેષણ માની તેનો અર્થ—પ્રતિકૂળ કર્યો છે. પ્રતિકૂળ સ્પર્શ અસંતુલન પેદા કરે છે. અમે આ ભાવાર્થ જ ગ્રહણ કર્યો છે.[3]

### ૩૦. સ્પર્શ પીડિત કરે છે (फासा फुसंती)

અહીં સ્પર્શનો અર્થ છે—ઇન્દ્રિયોના વિષયો. આ વિષયો ગૃહીત થતાં જ વ્યક્તિની સાથે સંબદ્ધ થઈ જાય છે, તેને પકડી લે છે.[4]

ચૂર્ણિકાર અનુસાર બધા ઇન્દ્રિય-વિષયોમાં સ્પર્શ ઇન્દ્રિયના વિષયને સહન કરવો અત્યન્ત દુષ્કર છે.[5] એટલા માટે તે મુખ્ય છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२४, १२५ ।
૨. એજન, पृष्ठ १२५ ।
૩. बृहद्‌वृत्ति, पत्र २२६ ।
૪. એજન ।
૫. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १२५ : एतेसिं पुणो विसयाणं सव्वेसिं दुरधियासतरा फासा, जतो ववदेस्सते ।

બૃહદ્‌વૃત્તિકારે 'स्पर्श' શબ્દના ઉપાદાનનું ઔચિત્ય બતાવતાં કહ્યું છે—ઇન્દ્રિયોના પાંચ વિષયોમાં સૌથી દુર્જેય છે—સ્પર્શ વિષય. તે વ્યાપક પણ છે. એટલા માટે તેના ગ્રહણ દ્વારા બધા ઇન્દ્રિય-વિષયો ગૃહીત થઈ જાય છે.[1]

### ૩૧. કોમળ—અનુકૂળ (मंदाय)

વ્યાખ્યાગ્રંથોમાં આ શબ્દ 'मंदा य' (સં. मन्दाश्च) એવી રીતે વ્યાખ્યાત છે. પરંતુ 'मंदाय' એ એક શબ્દ છે. રાયપસેણિય સૂત્ર ૧૭૩ અને જીવાજીવાભિગમ ૩।૨૮૫માં આ શબ્દ આ જ રૂપે મળે છે.

'मंद' શબ્દના અનેક અર્થો છે—ધીમું, મૃદુ, હલકું, થોડું, નાનું વગેરે. ચૂર્ણિકારે તેના બે અર્થ કર્યા છે—અલ્પ અને સ્ત્રી.[2]

બૃહદ્‌વૃત્તિમાં તેના બે અર્થ આ પ્રમાણે છે[3]—

૧. मन्द—મૂઢ. હિત અને અહિત જાણનાર વ્યક્તિને પણ આ સ્પર્શ મંદ કરી દે છે, બીજી રીતનો બનાવી દે છે.

૨. સ્ત્રી.

સુખબોધામાં પણ આ જ બે અર્થ મળે છે.[4]

ડૉ. હરમન જેકોબીએ 'मंदा'નો અર્થ બાહ્ય (external) કર્યો છે.[5]

અમે આનો અર્થ કોમળ—અનુકૂળ કર્યો છે, જે પ્રસંગની દૃષ્ટિએ સંગત છે.

### ૩૨. નિવારણ કરે (रक्खेज्ज)

અહીં 'रक्ष' ધાતુ નિવારણના અર્થમાં પ્રયુક્ત છે.

### ૩૩. જીવન સાંધી શકાય છે (संखया)

ચૂર્ણિમાં 'संखया' અર્થાત્ 'संस्कृत' નો પહેલો અર્થ 'સંસ્કૃત વચનવાળા અર્થાત્ સર્વજ્ઞના વચનમાં દોષ દેખાડનારા' અને બીજો અર્થ 'સંસ્કૃત બોલવામાં રુચિ રાખનારા' કરવામાં આવ્યો છે.[6] શાન્ત્યાચાર્યે તેનો એક અર્થ—'સંસ્કૃત સિદ્ધાંતનું પ્રરૂપણ કરનારા'—કર્યો છે. તેમનો સંકેત નિરન્વયોચ્છેદવાદી બૌદ્ધો, એકાંત-નિત્યવાદી સાંખ્યો અને સંસ્કારવાદી સ્મૃતિકારો તરફ છે. બૌદ્ધ લોકો વસ્તુને એકાંત અનિત્ય માનીને પછી 'સંતાન' માને છે તથા સાંખ્ય તેને એકાંત-નિત્ય માનીને પછી 'આવિર્ભાવ-તિરોભાવ' માને છે. એટલા માટે તે બંને 'સંસ્કૃત ધર્મવાદી' છે. સ્મૃતિકારોના મતમાં પ્રાચીન ઋષિઓ દ્વારા નિરૂપિત સિદ્ધાંતનો પ્રતિષેધ અને તેનો પુનઃ સંસ્કાર કરીને સ્મૃતિઓનું નિર્માણ કરવામાં આવ્યું—એટલા માટે તેઓ પણ સંસ્કારવાદી છે.[7]

ડૉ. હરમન જેકોબી તથા અન્ય વિદ્વાનોએ મૂળમાં 'असंखया' શબ્દ માન્યો છે. ડૉ. સાંડેસરાએ તેનો તાત્પર્યાર્થ અસહિષ્ણુ, અસમાધાનકારી કર્યો છે.[8]

---

१. बृहद्वृत्ति, पत्र २२६ : स्पर्शोपादानं चास्यैव दुर्ज्जयत्वाद् व्यापित्वाच्च ।

२. उत्तराध्ययन चूर्णि, पृ. १२५ : मंदा णाम अप्पा, अथवा मंदंतीति मंदाः स्त्रियः....... ।

३. बृहद्वृत्ति, पत्र २२७ ।

४. सुखबोधा, पत्र ९८ ।

५. उत्तराध्ययन सूत्र, पृष्ठ २० : मंदा य फासा....external things.

६. उत्तराध्ययन चूर्णि, पृ. १२६ : संस्कृता नाम संस्कृतवचना सर्वज्ञवचनदत्तदोषाः, अथवा संस्कृताभिधानरुचयः ।

७. बृहद्वृत्ति, पत्र २२७ : यद्वा संस्कृतागमप्ररूपकत्वेन संस्कृता, यथा सौगताः, ते हि स्वागमे निरन्वयोच्छेदमभिधाय पुनस्तेनैव निर्वाहमपश्यन्तः परमार्थतोऽन्वयिद्रव्यरूपमेव सन्तानमुपकल्पयांबभूवुः, सांख्याश्चैकान्तनित्यतामुक्त्वा तत्त्वतः परिणामरूपां चै (पावे) व पुनराविर्भावतिरोभावावुक्तवन्तो, यथा वा—
"उक्तानि प्रतिषिद्धानि, पुनः सम्भावितानि च ।
सापेक्षनिरपेक्षाणि, ऋषिवाक्यान्यनेकशः ॥"
इतिवचनाद्वचननिषेधनसम्भवादिभिरुपस्कृतस्मृत्यादिशास्त्रा मन्वादयः ।

८. उत्तराध्ययन सूत्र, पृ. ३७, फुट नो. २ ।

પહેલા શ્લોકના પહેલા ચરણમાં જીવનને અસંસ્કૃત કહેવામાં આવ્યું છે. તે સંદર્ભમાં 'संस्कृत'નો અર્થ......'જીવનનો સંસ્કાર થઈ શકે છે, તેને ફરી સાંધી શકાય છે, તેવું માનનારા....' એ અર્થ અધિક યોગ્ય લાગે છે.

### ૩૪. અશિક્ષિત છે (तुच्छ)

ચૂર્ણિકારે આનો અર્થ—અશિક્ષિત કર્યો છે.[1] વૃત્તિમાં આનો અર્થ છે—નિસ્સાર વચન કહેનાર, પોતાની ઇચ્છાનુસાર સિદ્ધાંતની પ્રરૂપણા કરનાર.[2]

### ૩૫. પરતંત્ર છે (परज्झा)

આ દેશી શબ્દ છે. તેનો અર્થ છે—પરતંત્ર. 'परज्झ' (સ્થા. ૧૦।૧૦૮) તથા 'परज्झा'—આ બંને શબ્દો એ જ અર્થમાં વપરાયા છે.

ચૂર્ણિમાં આના ત્રણ અર્થ મળે છે—પરવશ, રાગ-દ્વેષને વશવર્તી તથા અજિતેન્દ્રિય.[3]

વૃત્તિકારે તેને દેશી શબ્દ માની તેનો અર્થ પરવશ કર્યો છે.[4]

### ૩૬. દૂર રહે (दुगुंछमाणो)

આનો શબ્દાર્થ છે—જુગુપ્સા કરતો, ઘૃણા કરતો. મુનિ કોઈની નિંદા કરતો નથી, કોઈની ઘૃણા કરતો નથી. એટલા માટે આ શબ્દનું અહીં તાત્પર્ય છે કે મુનિ તે વ્યક્તિઓને સારી રીતે ઓળખી લે કે જેઓ ઉન્માર્ગગામી છે, તેમનો સંસર્ગ ઇચ્છવાયોગ્ય નથી.

આચાર્ય નેમિચન્દ્રે આ પ્રસંગમાં બે ગાથાઓ ઉદ્ધૃત કરી છે.[5]

'सुट्ठुवि उज्जममाणं, पंचेव करेंति रित्तयं समणं ।
अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया य ॥'

—શ્રામણ્યમાં પરમ પુરુષાર્થ કરનાર શ્રમણને પણ આ પાંચ બાબતો શ્રામણ્યથી રહિત કરી દે છે—

(૧) સ્વપ્રશંસા
(૨) પરનિંદા
(૩) રસલોલુપતા
(૪) કામવાસના
(૫) કષાય-ચતુષ્ક

'संतेहिं असंतेहिं परस्स किं जंपिएहिं दोसेहिं ।
अत्थो जसो न लब्भइ, सो य अमित्तो कओ होइ ॥'

—બીજામાં વિદ્યમાન કે અવિદ્યમાન દોષોની ચર્ચા કરવામાં કયો ફાયદો છે? ન તેનાથી અર્થ-પ્રયોજન સિદ્ધ થાય છે કે ન તેનાથી યશ મળે છે. પણ જેના દોષોની ચર્ચા કરવામાં આવે છે, તે શત્રુ તો અવશ્ય બની જાય છે.

### ૩૭. અંતિમ શ્વાસ સુધી (जाव सरीरभेओ)

આત્માનું શરીરથી જુદા થવું કે શરીરનું આત્માથી શૂન્ય થઈ જવું તે શરીરભેદ છે.[6] આ મરણ અથવા વિમુક્તિનો વાચક

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १२७ : तुच्छा णाम असिक्खिता इति ।
૨. (ક) बृहद्‌वृत्ति, पत्र २२७ ।
(ખ) सुखबोधा, पत्र ९८ ।
૩. उत्तराध्ययन चूर्णि, पृ. १२६ : परज्झा परवसा रागद्दोसवसगा अजितिंदिया ।
૪. बृहद्‌वृत्ति, पत्र २२७ : परज्झ त्ति देशीपदत्वात् परवशा राग-द्वेषग्रहग्रस्तमानसतया न ते स्वतंत्राः ।
૫. सुखबोधा, पत्र ९९ ।
૬. उत्तराध्ययन चूर्णि, पृ. १२६ : भिद्यते इति भेदः, जीवो वा सरीरातो सरीरं वा जीवातो ।

છે. સામાન્ય મરણમાં સ્થૂળ શરીર છૂટી જાય છે, પણ સૂક્ષ્મ શરીર છૂટતું નથી. જ્યારે મુક્તિ થાય છે ત્યારે સ્થૂળ અને સૂક્ષ્મ—બંને પ્રકારનાં શરીરો છૂટી જાય છે.

એક ચોર ધનાઢ્ય વ્યક્તિઓના ઘરોમાં ખાતર પાડી ચોરી કરતો હતો. તે અપાર ધન ચોરીને પોતાના ઘરે લઈ જતો અને ઘરમાં એક બાજુ બનાવેલા કૂવામાં નાખી દેતો. તે રૂપવતી કન્યાઓ સાથે લગ્ન કરવાનો શોખીન હતો. તે પેલા કૂવામાંથી ધન કાઢતો અને મનપસંદ કન્યા સાથે લગ્ન કરતો. જ્યારે કન્યા ગર્ભવતી બનતી ત્યારે તેને મારીને તે પેલા કૂવામાં ફેંકી દેતો. તે એમ ઇચ્છતો હતો કે મારી પત્ની બાળકની મા બનીને બીજાને મારા ઘરની જાણકારી આપી ન દે. એટલા માટે તે આવું ક્રૂર કર્મ કરતો. આ રીતે તેણે અનેક કન્યાઓની જીવનલીલા સમાપ્ત કરી દીધી. એક વાર તેણે અતિશય રૂપાળી કન્યા જોઈ અને તેના પરિવારને અપાર ધનરાશિ આપી તેની સાથે લગ્ન કરી લીધું. તે ગર્ભવતી બની. તેણે તેને ન મારી. તેણે પુત્રને જન્મ આપ્યો. પુત્ર આઠ વર્ષનો થઈ ગયો. ચોરે વિચાર્યું—ઘણો સમય વીતી ગયો છે. હવે હું પહેલાં પત્નીને મારી પછી બાળકને પણ મારી નાખું તો ઠીક રહેશે. તેણે એક દિવસ તક જોઈ પત્નીને મારી નાખી. બાળકે આ જોઈ લીધું. તે ભાગ્યો અને શેરીમાં આવી બૂમો પાડવા લાગ્યો. આજુબાજુના પાડોશીઓ એકત્ર થઈ ગયા. છોકરાએ કહ્યું—આણે મારી માને મારી નાખી છે. રાજપુરુષોએ ચોરને પકડી લીધો. ઘરની જપ્તી કરવામાં આવી. તેમણે જોયું કે કૂવો આખો ધનથી ભરેલો છે અને તેમાં હાડકાં પણ પડ્યાં છે. ચોરને રાજા પાસે ઉપસ્થિત કરવામાં આવ્યો. બધું ધન પેલા બાળકને આપવામાં આવ્યું અને ચોરને ફાંસી ઉપર લટકાવી દેવામાં આવ્યો.

જે પાપકારી પ્રવૃત્તિઓથી ધન એકઠું કરે છે અને ધનને જ સર્વસ્વ માને છે, તેની આ જ દશા થાય છે. ધન રક્ષણ કરતું નથી.[1]

---

१. सुखबोधा, पत्र ८१ ।

# पंचमं अज्झयणं

## अकाममरणिज्जं

# પાંચમુ અધ્યયન

## અકામમરણીય

# આમુખ

આ અધ્યયનનું નામ 'अकाममरणिज्जं'–'अकाम-मरणीय' છે. નિર્યુક્તિમાં તેનું બીજું નામ 'मरणविभत्ती'–'मरणविभक्ति' પણ મળે છે.[1]

જીવન-યાત્રાના બે વિશ્રામ-સ્થાન છે—જન્મ અને મૃત્યુ. જીવન કળા છે તો મૃત્યુ પણ તેનાથી કમ કળા નથી. જે જીવવાની કળા જાણે છે અને મૃત્યુની કળા નથી જાણતા, તેઓ સદા માટે પોતાની પાછળ દૂષિત વાતાવરણ છોડી જાય છે. વ્યક્તિએ કેવું મરણ ન પામવું જોઈએ તેનો વિવેક આવશ્યક છે. મરણના વિવિધ પ્રકારોના ઉલ્લેખો આ પ્રમાણે મળે છે—

**મરણના ચૌદ પ્રકાર**

ભગવતી સૂત્રમાં મરણના બે ભેદ—બાલ અને પંડિત—કરવામાં આવ્યા છે. બાલ-મરણના બાર પ્રકાર છે અને પંડિત-મરણના બે પ્રકાર. કુલ મળીને ચૌદ પ્રકાર ત્યાં મળે છે—

બાલ-મરણના બાર પ્રકાર—

| | |
|---|---|
| (૧) વલય | (૭) જલ-પ્રવેશ |
| (૨) વશાર્ત્ત | (૮) અગ્નિ-પ્રવેશ |
| (૩) અંતઃશલ્ય | (૯) વિષ-ભક્ષણ |
| (૪) તદ્ભવ | (૧૦) શસ્ત્રાવપાટન |
| (૫) ગિરિ-પતન | (૧૧) વૈહાયસ |
| (૬) તરુ-પતન | (૧૨) ગૃદ્ધપૃષ્ઠ[2] |

પંડિત-મરણના બે પ્રકાર છે—

(૧) પ્રાયોપગમન

(૨) ભક્ત-પ્રત્યાખ્યાન.[3]

**મરણના સત્તર પ્રકાર**

સમવાયાંગમાં મરણના સત્તર પ્રકાર બતાવવામાં આવ્યા છે. મૂલારાધનામાં પણ મરણના સત્તર પ્રકારોનો ઉલ્લેખ છે અને તેમનો વિસ્તાર વિજયોદયાવૃત્તિમાં મળે છે. ઉક્ત પરંપરાઓ અનુસાર મરણના સત્તર પ્રકાર આ રીતે છે—

| સમવાયાંગ | મૂલારાધના (વિજયોદયાવૃત્તિ) |
|---|---|
| ૧. આવીચિ-મરણ | ૧. આવીચિ-મરણ |
| ૨. અવધિ-મરણ | ૨. તદ્ભવ-મરણ |
| ૩. આત્યન્તિક-મરણ | ૩. અવધિ-મરણ |
| ૪. વલન્મરણ | ૪. આદિ-અંત-મરણ |
| ૫. વશાર્ત્ત-મરણ | ૫. બાલ-મરણ |
| ૬. અંતઃશલ્ય-મરણ | ૬. પંડિત-મરણ |

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा २३३ : सव्वे एए दारा मरणविभत्तीइ वण्णिआ कमसो ।

२. भगवई २।४९ : दुविहे मरणे पण्णत्ते, तं जहा—बालमरणे य पंडियमरणे य। से किं तं बालमरणे ? बालमरणे दुवालसविहे पण्णत्ते तं जहा —वलयमरणे, वसट्टमरणे, अंतोसल्लमरणे, तब्भवमरणे, गिरिपडणे, तरुपडणे, जलप्पवेसे, जलणप्पवेसे, विसभक्खणे, सत्थोवाडणे, वेहाणसे, गद्धपट्ठे ।

૩. એજન, २।४९ : से किं तं पंडियमरणे ? पंडियमरणे दुविहे पण्णत्ते, तं जहा...पाओवगमणे य भत्तपच्चक्खाणे य ।

| | |
|---|---|
| ૭. તદ્‌ભવ-મરણ | ૭. અવસન્ન-મરણ |
| ૮. બાલ-મરણ | ૮. બાલ-પંડિત-મરણ |
| ૯. પંડિત-મરણ | ૯. સશલ્ય-મરણ |
| ૧૦. બાલ-પંડિત-મરણ | ૧૦. વલાય-મરણ |
| ૧૧. છદ્મસ્થ-મરણ | ૧૧. વ્યુત્સૃષ્ટ-મરણ |
| ૧૨. કેવલિ-મરણ | ૧૨. વિપ્રનાસ-મરણ |
| ૧૩. વૈહાયસ-મરણ | ૧૩. ગૃદ્ધપૃષ્ઠ-મરણ |
| ૧૪. ગૃદ્ધપૃષ્ઠ-મરણ | ૧૪. ભક્ત-પ્રત્યાખ્યાન-મરણ |
| ૧૫. ભક્ત-પ્રત્યાખ્યાન-મરણ | ૧૫. પ્રાયોપગમન-મરણ |
| ૧૬. ઇંગિની-મરણ | ૧૬. ઇંગિની-મરણ |
| ૧૭. પ્રાયોપગમન-મરણ[1] | ૧૭. કેવલી-મરણ[2] |

સમવાયાંગના ત્રીજા, દસમા અને પંદરમા મરણના નામો ઉત્તરાધ્યયન નિર્યુક્તિ અનુસાર ક્રમશઃ અત્યન્ત-મરણ, મિશ્ર-મરણ અને ભક્ત-પરિજ્ઞા-મરણ છે. આ માત્ર શાબ્દિક અંતર છે, નામો કે ક્રમમાં કોઈ અંતર નથી.[3]

વિજયોદયામાં ક્રમ તથા નામોમાં પણ અંતર છે. 'વૈહાયસ'ના સ્થાને 'વિપ્રનાસ' તથા 'અંતઃશલ્ય' અને 'આત્યન્તિક'ના સ્થાને ક્રમશઃ 'સશલ્ય' અને 'આદ્યન્ત' નામો ઉલ્લિખિત છે. સમવાયાંગમાં વશાર્ત્ત-મરણ અને છદ્મસ્થ-મરણ છે જ્યારે વિજયોદયામાં અવસન્ન-મરણ અને વ્યુત્સૃષ્ટ-મરણ. ભગવતીના ઉપર્યુક્ત પાંચથી માંડીને દસમાં સુધીના છ ભેદો વિજયોદયાના 'બાલ-મરણ'ભેદમાં સમાવિષ્ટ થઈ જાય છે.

ઉપરોક્ત સત્તર પ્રકારના મરણોની સંક્ષિપ્ત વ્યાખ્યા આ પ્રમાણે છે—

૧. **આવીચિ-મરણ**—આયુ-કર્મના દલિકોની વિચ્યુતિ અથવા પ્રતિક્ષણ આયુની વિચ્યુતિ, આવીચિ-મરણ કહેવાય છે.[4]

વીચિનો અર્થ છે—તરંગ. સમુદ્ર અને નદીમાં પ્રતિક્ષણ તરંગ કે મોજાં ઉછળે છે. તેવી જ રીતે આયુ-કર્મ પણ પ્રતિક્ષણ ઉદયમાં આવે છે. આયુનો અનુભવ કરવો તે જીવનનું લક્ષણ છે. પ્રત્યેક ક્ષણનું જીવન પ્રત્યેક ક્ષણે નષ્ટ થાય છે. આ પ્રત્યેક ક્ષણનું મરણ આવીચિ-મરણ કહેવાય છે.[5]

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવની અપેક્ષાએ આવીચિ-મરણ પાંચ પ્રકારનાં છે[6].

---

૧. समवाओ १७।९ सत्तरसविहे मरणे प०—आवीईमरणे, ओहिमरणे, आयंतियमरणे, वलायमरणे, वसट्टमरणे, अंतोसल्लमरणे, तब्भवमरणे, बालमरणे, पंडितमरणे, बालपंडितमरणे, छउमत्थमरणे, केवलिमरणे, भत्तपच्चक्खाणमरणे, इंगिणिमरणे, पाओवगमणमरणे।

૨. (क) मूलाराधना आश्वास १, गाथा २५ : मरणाणि सत्तरस देसिदाणि तित्थंकरेहिं जिणवयणे।
तत्थ विय पंच इह संगहेण मरणाणि वोच्छामि ॥

(ख) विजयोदया वृत्ति, पत्र ८७।

૩. उत्तराध्ययन निर्युक्ति, गाथा २१२, २१३ : आवीचि ओहि अंतिय वलायमरणं वसट्टमरणं च।
अंतोसल्लं तब्भव बालं तह पंडियं मीसं ॥
छउमत्थमरण केवलि वेहाणस गिद्धपिट्ठमरणं च।
मरणं भत्तपरिण्णा इंगिणी पाओवगमणं च ॥

૪. समवाओ १७।९ वृत्ति, पत्र ३४ : आयुर्दलिकविच्युतिलक्षणावस्था यस्मिस्तदावीचि अथवा वीचिः—विच्छेदस्तदभावादवीचि .... एवंभूतं मरणमावीचिमरणं—प्रतिक्षणमायुर्द्रव्यविचटनलक्षणम्।

૫. विजयोदया वृत्ति, पत्र ८६।

૬. उत्तराध्ययन निर्युक्ति, गा० २१५ : अणुसमयनिरन्तरमवीइसन्नियं, तं भणन्ति पंचविहं।
दव्वे खित्ते काले भवे य भावे य संसारे ॥

૨. **અવધિ-મરણ**—જીવ એક વાર નરક વગેરે જે ગતિમાં જન્મ-મરણ કરે છે, તે જ ગતિમાં બીજી વાર જ્યારે પણ જન્મ-મરણ કરે છે તો તેને અવધિ-મરણ કહેવામાં આવે છે.[1]

૩. **આત્યન્તિક-મરણ**—જીવ વર્તમાન આયુ-કર્મનાં પુદ્ગલોનો અનુભવ કરી મરણ પામે, પછી તે ભવમાં ઉત્પન્ન ન થાય તો તે મરણને આત્યન્તિક-મરણ કહેવામાં આવે છે.[2]

વર્તમાન મરણ—'આદિ' અને તેવું મરણ આગળ ન હોવાથી તેનો 'અંત'—એ રીતે આને 'આદ્યન્ત-મરણ' પણ કહેવાય છે.[3]

૪. **વલન્મરણ**—જે સંયમી જીવન-પથ પરથી ભ્રષ્ટ થઈને મૃત્યુ પામે છે, તેના મૃત્યુને વલન્મરણ કહેવામાં આવે છે.[4] ભૂખની વ્યાકુળતાથી આવેલા મરણને પણ વલન્મરણ કહેવામાં આવે છે.[5]

વિજયોદયામાં વલાય-મરણ કહ્યું છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે —વિનય, વૈયાવૃત્ય વગેરેનું પાલન ન કરનાર, નિત્ય નૈમિત્તિક કાર્યોમાં આળસુ, વ્રત, સમિતિ અને ગુપ્તિના પાલનમાં પોતાની શક્તિને ગોપાવનાર, ધર્મ-ચિંતન સમયે ઊંઘનાર, ધ્યાન અને નમસ્કાર વગેરેથી દૂર ભાગનાર વ્યક્તિના મરણને વલાય-મરણ કહેવામાં આવે છે.[6]

૫. **વશાર્ત્ત-મરણ**—દીપ-કલિકામાં તીડની માફક જે ઇન્દ્રિયોને વશ થઈ મૃત્યુ પામે છે, તેના મરણને 'વશાર્ત્ત-મરણ' કહેવાય છે.[7]

વિજયોદયામાં પણ આ નામ મળે છે. આ મરણ આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં પ્રવૃત્ત રહેનારાઓનું હોય છે. તેના ચાર ભેદ છે—ઇન્દ્રિય-વશાર્ત્ત, વેદના-વશાર્ત્ત, કષાય-વશાર્ત્ત અને નો-કષાય-વશાર્ત્ત.[8]

૬. **અન્તઃશલ્ય મરણ**—ભગવતીની વૃત્તિમાં આના બે ભેદ કરવામાં આવ્યા છે—(૧) દ્રવ્ય અને (૨) ભાવ. શરીરમાં શસ્ત્રની અણી વગેરે રહેવાથી જે મૃત્યુ થાય છે તે દ્રવ્ય-અન્તઃશલ્ય-મરણ કહેવાય છે. લજ્જા કે અભિમાન વગેરેના કારણે અતિચારોની આલોચના ન કરતાં દોષપૂર્ણ સ્થિતિમાં મરનારના મૃત્યુને ભાવ-અંતઃશલ્ય-મરણ કહેવામાં આવે છે.[9]

વિજયોદયામાં તેનું નામ સશલ્ય-મરણ છે. તેના પણ બે ભેદ છે—(૧) દ્રવ્ય-શલ્ય અને (૨) ભાવ-શલ્ય.[10] મિથ્યા-દર્શન, માયા અને નિદાન—આ ત્રણે શલ્યોની ઉત્પત્તિના હેતુભૂત કર્મને દ્રવ્ય શલ્ય કહેવાય છે. દ્રવ્ય શલ્યની દશામાં થનારું મરણ દ્રવ્ય શલ્ય-મરણ કહેવાય છે. આ મરણ પાંચ સ્થાવર અને અમનસ્ક ત્રસ જીવોને હોય છે. ઉક્ત ત્રણ શલ્યોનાં હેતુભૂત કર્મોના

---

૧. (ક) समवाओ १७ । ९ वृत्ति पत्र ३४ : मर्यादा तेन मरणमवधिमरणम्, यानि हि नारकादिभवनिबन्धनतयाऽऽयुःकर्मदलिकान्यनुभूय म्रियते यदि पुनस्तान्येवानुभूय मरिष्यति तदा तदवधिमरणमुच्यते । तद्द्रव्यापेक्षया पुनस्तद्ग्रहणावधिं यावज्जीवस्य मृतत्वादिति ।
(ખ) उत्तराध्ययन निर्युक्ति, गा० २१६ : एमेव ओहिमरणं जाणि मओ ताणि चेव मरइ पुणो ।
(ગ) विजयोदया वृत्ति, पत्र ८७ ।

૨. (ક) समवाओ १७ । ९ वृत्ति पत्र ३४ : यानि नारकाद्यायुष्कतया कर्मदलिकान्यनुभूय म्रियते मृतश्च न पुनस्तान्यनुभूय मरिष्यतीति एवं यन्मरणं तद्द्रव्यापेक्षया अत्यन्तभावित्वादात्यन्तिकमिति ।
(ખ) उत्तराध्ययन निर्युक्ति, गा० २१६ : एमेव आइयंतियमरणं नवि मरइ ताइ पुणो ।

૩. विजयोदया वृत्ति, पत्र ८७ ।

૪. (ક) समवाओ, १७ । ९ वृत्ति, पत्र ३४ : संयमयोगेभ्यो वलतां—भग्नव्रतपरिणतीनां व्रतिनां वलन्मरणम् ।
(ખ) उत्तराध्ययन निर्युक्ति, गा० २१७ : संयमजोगविसन्ना मरंति जे तं वलायमरणं तु ।

૫. भगवई, २ । ४९ वृत्ति, पृ. २११ : वलतो—बुभुक्षापरिगतत्वेन वलवलायमानस्य संयमाद्वा भ्रश्यतो ( यत् ) मरणं तद्वलन्मरणम् ।

૬. विजयोदया वृत्ति, पत्र ८९ ।

૭. समवाओ १७। ९ वृत्ति,पत्र ३४ :इन्द्रियविषयपारतन्त्र्येण ऋता—बाधिता वशार्त्ताः स्निग्धदीपकलिकावलोकनात् शलभवत् तथाऽन्तः ।

૮. विजयोदया वृत्ति, पत्र ८९, ९० ।

૯. भगवई २। ४९ वृत्ति, पत्र २११ : अन्तःशल्यस्य द्रव्यतोऽनुद्धततोमरादेः भावतः सातिचारस्य यद्मरणं तद् अन्तःशल्यमरणम् ।

૧૦. विजयोदया वृत्ति, पत्र ८८ ।

ઉદયથી જીવમાં જે માયા, નિદાન અને મિથ્યાત્વ પરિણામ હોય છે, તેને ભાવ શલ્ય કહેવાય છે. આ દશામાં થનાર મરણ ભાવ-શલ્ય-મરણ કહેવાય છે.

જ્યાં ભાવ-શલ્ય છે ત્યાં દ્રવ્ય-શલ્ય અવશ્ય હોય છે, કિન્તુ ભાવ-શલ્ય માત્ર સમનસ્ક જીવોમાં જ હોય છે, અમનસ્ક જીવોમાં સંકલ્પ કે ચિંતન હોતું નથી, એટલા માટે તેમને માત્ર દ્રવ્ય-શલ્ય જ હોય છે. તેથી કરીને અમનસ્ક જીવોના મરણને દ્રવ્ય-શલ્ય-મરણ અને સમનસ્ક જીવોના મરણને ભાવ-શલ્ય-મરણ કહેવામાં આવ્યું છે.[1]

ભવિષ્યમાં મને અમુક વસ્તુ મળે વગેરે-વગેરે માનસિક સંકલ્પોને નિદાન કહેવામાં આવે છે. નિદાન-શલ્ય-મરણ અસંયત સમ્યક્ દૃષ્ટિ અને શ્રાવકને હોય છે.

માર્ગ (જ્ઞાન, દર્શન, ચારિત્ર)ને દૂષિત કરવો, માર્ગનો નાશ કરવો, ઉન્માર્ગની પ્રરૂપણા કરવી, માર્ગમાં સ્થિત લોકોમાં બુદ્ધિભેદ કરવો—આ બધાંને એક શબ્દમાં મિથ્યા-દર્શન-શલ્ય કહેવામાં આવે છે.[2]

પાર્શ્વસ્થ, કુશીલ, સંસક્ત વગેરે મુનિધર્મથી ભ્રષ્ટ થઈને મરણસમય સુધીમાં કરેલાં દોષોની આલોચના કર્યા વિના જે મૃત્યુ પામે છે, તેને માયા-શલ્ય-મરણ કહેવાય છે. આ મરણ મુનિ, શ્રાવક અને અસંયત સમ્યક્-દૃષ્ટિને પ્રાપ્ત થાય છે.

૭. **તદ્ભવ-મરણ**—વર્તમાન ભવ(જન્મ)માં મૃત્યુ થાય છે તેને તદ્ભવ-મરણ કહેવામાં આવે છે.[3]

૮. **બાલ-મરણ**—મિથ્યાત્વી અને સમ્યક્-દૃષ્ટિનું મરણ બાલ-મરણ કહેવાય છે.[4] ભગવતીમાં બાલ-મરણના ૧૨ ભેદો મળે છે.[5] વિજયોદયામાં પાંચ ભેદ કરવામાં આવ્યા છે—(૧) અવ્યક્ત-બાલ, (૨) વ્યવહાર-બાલ, (૩) જ્ઞાન-બાલ, (૪) દર્શન-બાલ અને (૫) ચરિત્ર-બાલ.[6] તેમની વ્યાખ્યા સંક્ષેપમાં આ રીતે છે—

(૧) અવ્યક્ત-બાલ— નાનો બાળક. જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને જાણતો નથી તથા આ ચાર પુરુષાર્થોનું આચરણ કરવામાં પણ સમર્થ હોતો નથી.

(૨) વ્યવહાર-બાલ— લોક-વ્યવહાર, શાસ્ત્ર-જ્ઞાન વગેરેને જે જાણતો નથી.

(૩) જ્ઞાન-બાલ— જે જીવ વગેરે પદાર્થોને યથાર્થ રૂપે જાણતો નથી.

(૪) દર્શન-બાલ— જેની તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા હોતી નથી. દર્શન-બાલના બે ભેદ છે— ઇચ્છા-પ્રવૃત્ત અને અનિચ્છા-પ્રવૃત્ત. ઇચ્છા-પ્રવૃત્ત— અગ્નિથી, તાપથી, શસ્ત્રથી, વિષથી, પાણીથી, પર્વતથી પડીને, શ્વાસોચ્છ્વાસ રોકીને, અતિ ઠંડી કે ગરમી સહન કરીને, ભૂખ અને તરસથી, જીભ ખેંચી કાઢવાથી, પ્રકૃતિવિરુદ્ધ આહાર કરવાથી— આ સાધનો દ્વારા જે સ્વેચ્છાએ પ્રાણ-ત્યાગ કરે છે, તેના મરણને ઇચ્છા-પ્રવૃત્ત દર્શન-બાલ-મરણ કહેવાય છે. અનિચ્છા-પ્રવૃત્ત— યોગ્ય કાળમાં અથવા અકાળે મરવાની ઇચ્છા વિના જે મરણ થાય છે, તે અનિચ્છા-પ્રવૃત્ત દર્શન-બાલ-મરણ કહેવાય છે.

(૫) ચરિત્ર-બાલ—જે ચારિત્રથી હીન હોય છે. વિષયોમાં આસક્ત, દુર્ગતિમાં જનાર, અજ્ઞાનરૂપી અંધકારથી આચ્છાદિત, ઋદ્ધિમાં આસક્ત, રસોમાં આસક્ત અને સુખના અભિમાની જીવો ચરિત્ર-બાલ-મરણથી મરે છે.

---

૧. विजयोदया वृत्ति, पत्र ८९ ।

૨. એજન, पत्र ८८, ८९ ।

૩. (ક) समवाओ १७।९ वृत्ति, पत्र ३४ : यस्मिन् भवे—तिर्यग्मनुष्यभवलक्षणे वर्त्तते जन्तुस्तद्भवयोग्यमेवायुर्बद्ध्वा पुनः तत्क्षयेण म्रियमाणस्य यद्भवति तत्तद्भवमरणम् ।

(ખ) उत्तराध्ययन निर्युक्ति, गाथा २२१ : मोत्तुं अकम्मभूमगनरतिरिए सुरगणे अ नेरइए ।
सेसाणं जीवाणं तब्भवमरणं तु केसिंचि ॥

(ગ) विजयोदया वृत्ति, पत्र ८७ ।

૪. उत्तराध्ययन निर्युक्ति, गाथा २२२ : अविरयमरणं बालं मरणं...... ।

૫. भगवई २।४९ ।

૬. विजयोदया वृत्ति, पत्र ८७, ८८ ।

૯. **પંડિત-મરણ**—સંયતિનું મરણ પંડિત-મરણ કહેવાય છે. વિજયોદયામાં તેના ચાર ભેદ દર્શાવ્યા છે—

(૧) વ્યવહાર-પંડિત (૩) જ્ઞાન-પંડિત

(૨) સમ્યક્ત્વ-પંડિત (૪) ચારિત્ર-પંડિત[૧]

તેમની વ્યાખ્યા આ પ્રમાણે છે :

(૧) વ્યવહાર-પંડિત – જે લોક, વેદ અને સમયના વ્યવહારમાં નિપુણ, તેમના શાસ્ત્રોનો જ્ઞાતા અને શુશ્રૂષા વગેરે ગુણોથી યુક્ત હોય.

(૨) દર્શન-પંડિત—જે સમ્યક્ત્વથી યુક્ત હોય.

(૩) જ્ઞાન-પંડિત—જે જ્ઞાનથી યુક્ત હોય.

(૪) ચારિત્ર-પંડિત—જે ચારિત્રથી યુક્ત હોય.

૧૦. **બાલ-પંડિત-મરણ**—સંયતાસંયતનું મરણ બાલ-પંડિત-મરણ કહેવાય છે.[૨] સ્થૂલ હિંસા વગેરે પાંચ પાપોનો ત્યાગ તથા સમ્યક્-દર્શન યુક્ત હોવાથી તે પંડિત છે. સૂક્ષ્મ અસંયમથી નિવૃત્ત ન હોવાને કારણે તેનામાં બાલત્વ પણ છે.[૩]

૧૧. **છદ્મસ્થ-મરણ**—મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને મતિજ્ઞાની શ્રમણના મરણને છદ્મસ્થ-મરણ કહેવાય છે.[૪]

વિજયોદયામાં તેના સ્થાને 'ઓસણ્ણ-મરણ' નામ મળે છે.[૫] તેની વ્યાખ્યા આ પ્રમાણે છે—રત્નત્રયમાં વિહાર કરનારા મુનિઓના સંઘથી જે છૂટો પડી જાય તેને 'અવસન્ન' કહે છે. તેનાં મરણને અવસન્ન-મરણ કહેવાય છે. પાર્શ્વસ્થ, સ્વચ્છન્દ, કુશીલ, સંસક્ત અને અવસન્ન—આ પાંચે ભ્રષ્ટ મુનિઓ 'અવસન્ન' કહેવાય છે. તેઓ ઋદ્ધિમાં આસક્ત, દુઃખથી ભયભીત, કષાયોમાં પરિણત થઈ આહાર વગેરે સંજ્ઞાઓના વશવર્તી, પાપશાસ્ત્રોના અધ્યેતા, તેર ક્રિયાઓ (૩ ગુપ્તિ, ૫ સમિતિ અને ૫ મહાવ્રત)માં આળસુ, સંક્લિષ્ટ-પરિણામી, ભક્તપાન અને ઉપકરણોમાં આસક્ત, નિમિત્ત, તંત્ર-મંત્ર અને ઔષધ વડે આજીવિકા મેળવનાર, ગૃહસ્થોની વૈયાવૃત્ય કરનારા, ઉત્તરગુણોથી હીન, ગુપ્તિ અને સમિતિમાં અનુદ્યત, સંસારના દુઃખોથી ભય ન કરનારા, ક્ષમા વગેરે દસ ધર્મોમાં પ્રવૃત્ત ન થનાર તથા ચારિત્રમાં દોષવાળા હોય છે. તેવા અવસન્ન મુનિઓ મરીને હજારો ભવોમાં ભ્રમણ કરે છે અને દુઃખો ભોગવતાં-ભોગવતાં જીવન પૂરું કરે છે.

૧૨. **કેવલિ-મરણ**—કેવળજ્ઞાનીનું મરણ કેવલિ-મરણ કહેવાય છે.

૧૩. **વૈહાયસ-મરણ**—વૃક્ષની ડાળી પર લટકીને, પર્વત પરથી પડીને કે ઝંપાપાત કરીને જે મરણ પામવામાં આવે છે તે મરણ વૈહાયસ-મરણ કહેવાય છે.[૬] વિજયોદયામાં તેના સ્થાને 'વિપ્રણાસ-મરણ' કહેવાયું છે.[૭]

૧૪. **ગૃદ્ધપૃષ્ઠ-મરણ**—હાથી વગેરેના મૃત શરીરમાં પ્રવેશવાથી તે મૃત શરીરની સાથે-સાથે ગીધ વગેરે જીવિત શરીરને

---

૧. विजयोदया वृत्ति, पत्र ८८ ।

૨. उत्तराध्ययन निर्युक्ति, गाथा २२२ : जाणाहि बालपंडियमरणं पुण देसविरयाणं ॥

૩. विजयोदया वृत्ति, पत्र ८८ ।

૪. उत्तराध्ययन निर्युक्ति, गाथा २२३ : मणपज्जवोहिनाणी सुअमइनाणी मरंति जे समणा ।
छउमत्थमरणमेयं केवलिमरणं तु केवलिणो ॥

૫. विजयोदया वृत्ति, पत्र ८८ ।

૬. (ક) भगवई २।४९ वृत्ति, पत्र २२१ : वृक्षशाखाद्युद्बन्धनेन यत्तन्निरुक्तिवशाद्वैहानसम् ।
(ખ) उत्तराध्ययन निर्युक्ति, गाथा २२४ : गिद्धाइभक्खणं गिद्धपिट्ठ उब्बंधणाइ वेहासं ।
एए दुन्निवि मरणा कारणजाए अणुण्णाया ।

૭. विजयोदया वृत्ति, पत्र ९० ।

પણ ફોલી ખાય છે અને તે સ્થિતિમાં જે મરણ થાય છે તે ગૃદ્ધપૃષ્ઠ-મરણ કહેવાય છે.[૧]

**૧૫. ભક્ત-પ્રત્યાખ્યાન-મરણ**—યાવજ્જીવન ત્રિવિધ અથવા ચતુર્વિધ આહારના ત્યાગપૂર્વક જે મરણ થાય છે તેને ભક્ત-પ્રત્યાખ્યાન-મરણ કહેવામાં આવે છે.[૨]

**૧૬. ઈંગિની-મરણ**—નક્કી કરેલા સ્થાન ઉપર અનશનપૂર્વક મરણ પામવાને ઇંગિની-મરણ કહેવાય છે. જે મરણમાં પોતાના માનવા મુજબ પોતે જ પોતાની શુશ્રૂષા કરે, બીજા મુનિઓની સેવા ન લે તેને ઇંગિની-મરણ કહેવાય છે. આ મરણ ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરનારાઓનું જ હોય છે.[૩]

**૧૭. પ્રાયોપગમન, પાદપોપગમન, પાદોપગમન-મરણ**—પોતાની પરિચર્યા ન પોતે કરે કે ન બીજા પાસે કરાવે, તેવા મરણને પ્રાયોપગમન અથવા પ્રાયોગ્ય-મરણ કહે છે.[૪] વૃક્ષની નીચે સ્થિર અવસ્થામાં ચતુર્વિધ આહારના ત્યાગપૂર્વક જે મરણ થાય છે, તેને પાદપોપગમન-મરણ કહે છે.[૫] સંઘમાંથી નીકળી પોતાના પગ વડે યોગ્ય પ્રદેશમાં જઈ જે મરણ પામવામાં આવે છે તેને પાદોપગમન-મરણ કહેવાય છે. આ મરણને ચાહનારા મુનિઓ પોતાના શરીરની પરિચર્યા જાતે કરતા નથી કે ન તો બીજા પાસે કરાવે છે.[૬] ક્યાંક 'पाउग्गमण' (प्रायोग्य) પાઠ પણ મળે છે.[૭] ભવનો અંત કરવા યોગ્ય સંહનન અને સંસ્થાનને 'प्रायोग्य' કહેવાય છે. તેની પ્રાપ્તિને 'પ્રાયોગ્ય-ગમન' કહેલ છે. વિશિષ્ટ સંહનન અને વિશિષ્ટ સંસ્થાનવાળાના મરણને પ્રાયોગ્ય-ગમન-મરણ કહેવાય છે.[૮]

શ્વેતાંબર પરંપરામાં 'પાદપોપગમન' શબ્દ મળે છે અને દિગંબર પરંપરામાં 'પ્રાયોપગમન', 'પ્રાયોગ્ય' અને 'પાદોપગમન' પાઠ મળે છે.

ભગવતીમાં પાદપોપગમનના બે ભેદ પાડ્યા છે—નિર્હારિ અને અનિર્હારિ. નિર્હારિ—આનો અર્થ છે બહાર કાઢવું. ઉપાશ્રયમાં મરણ પામનારા સાધુના શરીરને ત્યાંથી બહાર લઈ જવાનું હોય છે, એટલા માટે તે મરણને નિર્હારિ કહે છે. અનિર્હારિ—અરણ્યમાં પોતાના શરીરનો ત્યાગ કરનારા સાધુના શરીરને બહાર લઈ જવું પડતું નથી, એટલા માટે તેને અનિર્હારિ-મરણ કહે છે.[૯]

ભગવતીમાં ઇંગિની-મરણને ભક્ત-પ્રત્યાખ્યાનનો એક પ્રકાર માની તેની સ્વતંત્ર વ્યાખ્યા કરવામાં આવી નથી.[૧૦] મૂલારાધનામાં ભક્ત-પ્રત્યાખ્યાન, ઇંગિની અને પ્રાયોપગમન—આ ત્રણેને પંડિત-મરણના ભેદ માનવામાં આવ્યા છે.[૧૧]

---

૧. (ક) भगवई २।४९, वृत्ति पत्र २११ : पक्षिविशेषैर्गृद्धैर्वा—मांसलुब्धैः श्रृगालादिभिः स्पृष्टस्य—विदारितस्य करिकरभरासभादिशरीरान्तर्गतत्वेन यन्मरणं तद्गृध्रस्पृष्टं वा गृद्धस्पृष्टं वा, गृध्रैर्वा भक्षितस्य—स्पृष्टस्य यत्तद्गृध्रस्पृष्टम्।
(ખ) उत्तराध्ययन निर्युक्ति, गाथा २२४।

૨. (ક) भगवई २।४९ वृत्ति, पत्र २११, २१२ :
(ખ) उत्तराध्ययन निर्युक्ति गाथा २२५, वृत्ति, पत्र २३५।

૩. भगवई २।४९ वृत्ति, पत्र २१२ : चतुर्विधाहारपरिहारनिष्पन्नमेव भवतीति।

૪. (ક) भगवई २।४९ वृत्ति, पत्र २१२।
(ખ) समवाओ १७।९ वृत्ति, पत्र ३५ : पादस्येवोपगमनम्—अवस्थानं यस्मिन् तत्पादपोपगमनं तदेव मरणम्।
(ગ) उत्तराध्ययन निर्युक्ति, गाथा २२५, वृत्ति, पत्र २३५।

૫. विजयोदया वृत्ति, पत्र ११३।

૬. गोम्मटसार (कर्मकाण्ड), गाथा ६१।

૭. विजयोदया वृत्ति, पत्र ११३।

૮. એજન.

૯. भगवई २।४९ वृत्ति, पत्र २१२ : निहरिण निर्वृत्तं यत्तन्निर्हारिमं, प्रतिश्रये यो म्रियते तस्यैतत्, तत्कडेवरस्य निर्हारणात्। अनिर्हानिमं तु योऽटव्यां म्रियते इति।

૧૦. भगवई २।४९ वृत्ति, पत्र २१२ : इङ्गितमरणमभिधीयते तद्भक्तप्रत्याख्यानस्यैव विशेषः।

૧૧. मूलाराधना, गाथा २९ : पायोपगमण मरणं भत्तपइण्णा च इंगिणी चेव।
तिविहं पंडियमरणं साहुस्स जहुत्तचारिस्स॥

ઉપર્યુક્ત સત્તર મરણો વિભિન્ન અપેક્ષાઓ વડે પ્રતિપાદિત છે. આવીચિ, અવધિ, આત્યંતિક અને તદ્‌ભવ-મરણ ભવની દૃષ્ટિથી; વલન્, વૈહાયસ, ગૃદ્ધપૃષ્ઠ, વશાર્ત્ત અને અંતઃશલ્ય-મરણ આત્મદોષ, કષાય વગેરેની દૃષ્ટિથી; બાલ અને પંડિત-મરણ ચારિત્રની દૃષ્ટિથી; છદ્મસ્થ અને કેવલિ-મરણ જ્ઞાનની દૃષ્ટિથી તથા ભક્ત-પ્રત્યાખ્યાન, ઈંગિની અને પ્રાયોપગમન-મરણ અનશનની દૃષ્ટિથી પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે.

ઉપર્યુક્ત સત્તર મરણોમાં આવીચિ-મરણ પ્રતિપળ થાય છે અને સિદ્ધોને છોડી બાકીના બધા પ્રાણીઓમાં હોય છે. બાકીના મરણો જીવ-વિશેષોનાં હોય છે.

એક સમયમાં કેટલા મરણ થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં છે.[1] એક સમયમાં બે મરણ, ત્રણ મરણ, ચાર મરણ અને પાંચ મરણ પણ થાય છે. બાલ, બાલ-પંડિત અને પંડિતની અપેક્ષાએ તે આ રીતે હોય છે—

**બાલની અપેક્ષાએ**

(૧) એક સમયમાં બે મરણ—અવધિ અને આત્યંતિકમાંથી એક અને બીજું બાલ-મરણ.

(૨) એક સમયમાં ત્રણ મરણ—જ્યાં ત્રણ હોય છે ત્યાં વધારામાં તદ્‌ભવ-મરણ ગણવાનું.

(૩) એક સમયમાં ચાર મરણ—જ્યાં ચાર હોય છે ત્યાં વધારામાં વશાર્ત્ત-મરણ ગણવાનું.

(૪) એક સમયમાં પાંચ મરણ—જ્યાં આત્મઘાત કરવામાં આવે છે ત્યાં વૈહાયસ અને ગૃદ્ધપૃષ્ઠ બેમાંથી કોઈ એક વધારાનું હોય છે. વલન્મરણ અને શલ્ય-મરણને બાલ-મરણની અંતર્ગત સ્વીકારવામાં આવ્યા છે.

**પંડિતની અપેક્ષાએ**

પંડિત-મરણની વિવક્ષા બે પ્રકારે કરાઈ છે—દૃઢ સંયમી પંડિત અને શિથિલ સંયમી પંડિત.

**(ક) દૃઢ-સંયમી પંડિત**

(૧) જ્યાં બે મરણ એક સમયમાં થાય છે ત્યાં અવધિ-મરણ અને આત્યંતિક-મરણમાંથી કોઈ એક થાય છે કેમકે બંને પરસ્પર વિરોધી છે. બીજું પંડિત-મરણ.

(૨) જ્યાં ત્રણ મરણ એક સાથે થાય છે ત્યાં છદ્મસ્થ-મરણ અને કેવલિ-મરણ બેમાંથી એક વધારાનું.

(૩) જ્યાં ચાર મરણની વિવક્ષા છે ત્યાં ભક્ત-પ્રત્યાખ્યાન, ઈંગિની અને પાદપોપગમનમાંથી એક વધારાનું.

(૪) જ્યાં પાંચ મરણની વિવક્ષા છે, ત્યાં વૈહાયસ અને ગૃદ્ધપૃષ્ઠમાંથી કોઈએક મરણ વધારાનું.

**(ખ) શિથિલ-સંયમી પંડિત**

(૧) જ્યાં બે મરણની એક સમયમાં વિવક્ષા છે, ત્યાં અવધિ અને આત્યંતિકમાંથી એક અને કોઈ કારણવશ વૈહાયસ અને ગૃદ્ધપૃષ્ઠમાંથી એક.

(૨) કથંચિત શલ્ય-મરણ હોવાથી ત્રણ પણ થઈ જાય છે.

(૩) જ્યાં વલન્મરણ હોય છે ત્યાં એક સાથે ચાર થઈ જાય છે.

(૪) છદ્મસ્થ-મરણની જ્યાં વિવક્ષા હોય છે, ત્યાં એક સાથે પાંચ મરણ થઈ જાય છે.

ભક્ત-પ્રત્યાખ્યાન, ઈંગિની અને પ્રાયોપગમન-મરણ વિશુદ્ધ સંયમવાળા પંડિતોને જ હોય છે. બંને પ્રકારના પંડિત-મરણની વિવક્ષામાં તદ્‌ભવ-મરણ લેવામાં આવ્યું નથી, કારણકે તેઓ દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે.

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा २२७-२२९ : दुन्नि व तिन्नि व चत्तारि पंच मरणाइ अवीइमरणंमि ।
कइ मरइ एगसमयंसि विभासावित्थरं जाणे ॥
सव्वे भवत्थजीवा मरंति आवीइअं सया मरणं ।
ओहिं च आइअंतिय दुन्निवि एयाइ भयणाए ॥
ओहिं च आइअंतिअ बालं तह पंडिअं च मीसं च ।
छउमं केवलिमरणं अन्नुन्नेणं विरुज्झंति ॥

**બાલ-પંડિતની અપેક્ષાએ**

(૧) જ્યાં બે મરણની એક સમયમાં વિવક્ષા છે, ત્યાં અવધિ અને આત્યંતિકમાંથી કોઈ એક તથા બાલ-પંડિત.

(૨) તદ્ભવ-મરણ સાથે થવાથી ત્રણ મરણ.

(૩) વશાર્ત્ત-મરણ સાથે હોવાથી ચાર મરણ.

(૪) કથંચિત આત્મઘાત કરનારાના વૈહાયસ અને ગૃદ્ધપૃષ્ઠમાંથી એક સાથે ગણતાં પાંચ.[1]

**૩. મરણના બે ભેદ**

ગોમ્મટસારમાં મરણના બે ભેદ કરવામાં આવ્યા છે–(૧) કદલીઘાત (અકાલ-મૃત્યુ) અને (૨) સંન્યાસ. વિષભક્ષણ, વિષધારી પ્રાણીઓના કરડવાથી, રક્તક્ષય, ધાતુક્ષય, ભયંકર વસ્તુદર્શન તથા તેનાથી ઉત્પન્ન ભય, વસ્ત્રઘાત, સંક્લેશક્રિયા, શ્વાસોચ્છ્વાસનો અવરોધ અને આહાર ન કરવાથી સમયમાં જે શરીર છૂટી જાય છે, તેને કદલીઘાત-મરણ કહે છે. કદલીઘાત સહિત અથવા કદલીઘાત વિના જે સંન્યાસરૂપ પરિણામોથી શરીરત્યાગ કરવામાં આવે છે તેને ત્યક્ત-શરીર કહે છે. ત્યક્ત-શરીરના ત્રણ ભેદ છે–(૧) ભક્ત-પ્રતિજ્ઞા, (૨) ઇંગિની અને (૩) પ્રાયોગ્ય. તેમની વ્યાખ્યા આ પ્રમાણે છે–

(૧) **ભક્ત-પ્રતિજ્ઞા**–ભોજનનો ત્યાગ કરીને જે સંન્યાસ-મરણ પ્રાપ્ત કરવામાં આવે છે, તેને 'ભક્ત-પ્રતિજ્ઞા-મરણ' કહેવાય છે. તેના ત્રણ ભેદ છે–જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. જઘન્યનું કાળમાન અંતર્મુહૂર્ત છે, ઉત્કૃષ્ટનું બાર વર્ષ અને બાકીનાનું મધ્યવર્તી.

(૨) **ઇંગિની**–પોતાના શરીરની પરિચર્યા સ્વયં કરે, બીજાઓની સેવા ન લે, આવા વિધિથી જે સંન્યાસધારણપૂર્વક મરણ થાય છે, તેને 'ઇંગિની-મરણ' કહેવાય છે.

(૩) **પ્રાયોગ્ય, પ્રાયોપગમન**–પોતાના શરીરની પરિચર્યા ન તો પોતે કરે કે ન બીજા પાસે કરાવે–એવા સંન્યાસપૂર્વકના મરણને પ્રાયોગ્ય અથવા પ્રાયોપગમન-મરણ કહ્યું છે.[2]

**૪. મરણના પાંચ ભેદ**

મૂલારાધનામાં બીજી રીતે પણ મરણના વિભાગો કરવામાં આવ્યા છે–

૧. પંડિત-પંડિત-મરણ

૨. પંડિત-મરણ

૩. બાલ-પંડિત-મરણ

૪. બાલ-મરણ

૫. બાલ-બાલ-મરણ[3]

પ્રસ્તુત અધ્યયનમાં મરણના બે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. આ અધ્યયનનાં પ્રતિપાદ્ય છે અકામ-મૃત્યુનો પરિહાર અને સકામ-મૃત્યુની સ્વીકૃતિ.

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा २२७-२२९ । बृहद्वृत्ति पत्र, २३७-३८ ।

२. गोम्मटसार (कर्मकाण्ड), गाथा ५७-६१ ।

૩. मूलाराधना, आश्वास १, गाथा २६ : पंडिदं पंडिदं मरणं पंडिदयं बालपंडिदं चेव ।
बालमरणं चउत्थं पंचमयं बालबालं च ॥

# पंचमं अज्झयणं : પાંચમું અધ્યયન
# अकाममरणिज्जं : અકામ-મરણીય

| મૂળ | संस्कृत છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. अण्णवंसि महोहंसि,<br>एगे तिण्णे दुरुत्तरं ।<br>एत्थ एगे महापन्ने,<br>इमं पट्ठमुदाहरे ॥ | अर्णवे महौघे<br>एकस्तीर्णो दुरुत्तरं<br>तत्रैको महाप्रज्ञः<br>इदं पृष्टमुदाहरेत् ॥ | ૧. આ મહાપ્રવાહવાળા દુસ્તર સંસાર-સમુદ્રને[1] કેટલાય તરી ગયા. તેમાં એક મહાપ્રજ્ઞે[2] (મહાવીરે) આ પ્રશ્નની[3] વ્યાકરણ કર્યું છે. |
| २. संतिमे य दुवे ठाणा,<br>अक्खाया मारणंतिया ।<br>अकाममरणं चेव,<br>सकाममरणं तहा । | स्त इमे च द्वे स्थाने<br>आख्याते मारणान्तिके ।<br>अकाममरणं चैव<br>सकाममरणं तथा ॥ | ૨. મૃત્યુનાં બે સ્થાનો કહેવાયાં છે—અકામ-મરણ અને સકામ-મરણ.[4] |
| ३. बालाणं अकामं तु,<br>मरणं असइं भवे ।<br>पंडियाणं सकामं तु,<br>उक्कोसेण सइं भवे ॥ | बालानामकामं तु<br>मरणमसकृद् भवेत् ।<br>पण्डितानां सकामं तु<br>उत्कर्षेण सकृद् भवेत् ॥ | ૩. બાલજીવોનું અકામ-મરણ વારંવાર થાય છે. પંડિતોનું સકામ-મરણ ઉત્કૃષ્ટપણે એકવાર થાય છે.[5] |
| ४. तत्थिमं पढमं ठाणं,<br>महावीरेण देसियं ।<br>कामगिद्धे जहा बाले,<br>भिसं कूराइं कुव्वई ॥ | तत्रेदं प्रथमं स्थानं<br>महावीरेण देशितम् ।<br>कामगृद्धो यथा बालो<br>भृशं क्रूराणि करोति ॥ | ૪. મહાવીરે તે બે સ્થાનોમાં પહેલું સ્થાન આ કહ્યું છે, જેવી રીતે કામાસક્ત બાલજીવ ઘણાં ક્રૂર કર્મો કરે છે.[6] |
| ५. जे गिद्धे कामभोगेसु,<br>एगे कूडाय गच्छई ।<br>न मे दिट्ठे परे लोए,<br>चक्खुदिट्ठा इमा रई ॥ | यो गृद्धः कामभोगेषु<br>एकः कूटाय गच्छति ।<br>न मया दृष्टः परो लोकः<br>चक्षुर्दृष्टेयं रतिः ॥ | ૫. જે કોઈ કામભોગોમાં[7] આસક્ત હોય છે તેની ગતિ મિથ્યાભાષણ[8] તરફ થઈ જાય છે. તે કહે છે—પરલોક તો મેં જોયો નથી, આ રતિ (આનંદ)[9] તો ચક્ષુદૃષ્ટ—આંખની સામે છે.[10] |
| ६. हत्थागया इमे कामा,<br>कालिया जे अणागया ।<br>को जाणइ परे लोए,<br>अत्थि वा नत्थि वा पुणो ?॥ | हस्तागता इमे कामाः<br>कालिका येऽनागताः ।<br>को जानाति परो लोकः<br>अस्ति वा नास्ति वा पुनः ?॥ | ૬. આ કામભોગો હાથમાં આવેલા છે. ભવિષ્યમાં થનારા સંદિગ્ધ છે.[11] કોણ જાણે છે કે પરલોક છે કે નહિ ? |

७. जणेण सद्धिं होक्खामि,
इइ बाले पगब्भई ।
कामभोगाणुराएणं,
केसं संपडिवज्जई ॥

जनेन सार्धं भविष्यामि
इति बालः प्रगल्भते ।
कामभोगानुरागेण
क्लेशं सम्प्रतिपद्यते ॥

૭. "હું લોક-સમૂહની સાથે રહીશ." (જે ગતિ તેમની થશે તે મારી થશે.)—એવું માનીને બાલ—અજ્ઞાની મનુષ્ય ધૃષ્ટ બની જાય છે. તે કામ-ભોગના અનુરાગને કારણે ક્લેશ[12] (સંક્લિષ્ટ પરિણામો) પ્રાપ્ત કરે છે.

८. तओ से दंडं समारभई,
तसेसु थावरेसु य ।
अट्ठाए य अणट्ठाए,
भूयग्गामं विहिंसई ॥

ततः स दण्डं समारभते
त्रसेषु स्थावरेषु च ।
अर्थाय चानर्थाय
भूतग्रामं विहिनस्ति ॥

૮. પછી તે ત્રસ અને સ્થાવર જીવો તરફ દંડ (હિંસા)નો પ્રયોગ કરે છે અને પ્રયોજનવશ કે વિના પ્રયોજને[13] પ્રાણી-સમૂહની[14] હિંસા કરે છે.

९. हिंसे बाले मुसावाई,
माइल्ले पिसुणे सढे ।
भुंजमाणे सुरं मंसं,
सेयमेयं ति मन्नई ॥

हिंस्रो बालो मृषावादी
मायी पिशुनः शठः ।
भुंजानः सुरां मांसं
श्रेय एतदिति मन्यते ॥

૯. હિંસા કરનાર, જૂઠું બોલનાર, છળ-કપટ કરનાર, ચુગલી-ચપાટી કરનાર, વેશ-પરિવર્તન કરી પોતાની જાતને બીજા રૂપે ઓળખાવનાર[15] અજ્ઞાની મનુષ્ય મદ્ય અને માંસનો ભોગ કરે છે અને 'આ શ્રેય છે'—એવું માને છે.

१०. कायसा वयसा मत्ते,
वित्ते गिद्धे य इत्थिसु ।
दुहओ मलं संचिणइ,
सिसुणागु व्व मट्टियं ॥

कायेन वचसा मत्तः
वित्ते गृद्धश्च स्त्रीषु ।
द्विधा मलं संचिनोति
शिशुनाग इव मृत्तिकाम् ॥

૧૦. તે શરીર અને વાણીથી મત્ત બને છે. ધન અને સ્ત્રીઓમાં આસક્ત બને છે. તે આચરણ અને ચિંતન—બંને દ્વારા તેવી રીતે કર્મ-મળનો સંચય કરે છે જેવી રીતે શિશુનાગ (અળસિયું) મોઢું અને શરીર બંને દ્વારા માટીનો.[16]

११. तओ पुट्ठो आयंकेणं,
गिलाणो परितप्पई ।
पभीओ परलोगस्स,
कम्माणुप्पेहि अप्पणो ॥

ततः स्पृष्टः आतंकेन
ग्लानः परितप्यते ।
प्रभीतः परलोकात्
कर्मानुप्रेक्षी आत्मनः ॥

૧૧. પછી તે આતંકથી[17] સ્પૃષ્ટ થતાં ગ્લાન બની પરિતાપ કરે છે. પોતાના કર્મોનું ચિંતન કરી પરલોકથી ભયભીત બને છે.[18]

१२. सुया मे नरए ठाणा,
असीलाणं च जा गई ।
बालाणं कूरकम्माणं,
पगाढा जत्थ वेयणा ॥

श्रुतानि मया नरके स्थानानि
अशीलानां च या गतिः ।
बालानां क्रूरकर्मणां
प्रगाढा यत्र वेदनाः ॥

૧૨. તે વિચારે છે—મેં તે નારકીય સ્થાનોના[19] વિષયમાં સાંભળ્યું છે, જે શીલરહિત તથા ક્રૂર કર્મ કરનારા અજ્ઞાની મનુષ્યોની અંતિમ ગતિ છે અને જ્યાં પ્રગાઢ વેદના છે.[20]

१३. तत्थोववाइयं ठाणं,
जहा मेयमणुस्सुयं ।
आहाकम्मेहिं गच्छंतो,
सो पच्छा परितप्पई ॥

तत्रौपपातिकं स्थानं,
यथा ममैतदनुश्रुतम् ।
यथाकर्मभिर्गच्छन्,
सः पश्चात् परितप्यते ॥

૧૩. તે નરકોમાં જેવું ઔપપાતિક[21] (ઉત્પન્ન થવાનું) સ્થાન છે તેવું મેં સાંભળ્યું છે. તે આયુષ્ય ક્ષીણ થતાં પોતાના કૃત કર્મો અનુસાર[22] ત્યાં જતાં-જતાં અનુતાપ કરે છે.

१४. जहा सागडिओ जाणं,
समं हिच्चा महापहं ।
विसमं मग्गमोइण्णो,
अक्खे भग्गंमि सोयई ॥

यथा शाकटिको जानन्,
समं हित्वा महापथम् ।
विषमं मार्गमवतीर्णः,
अक्षे भग्ने शोचति ॥

૧૪. જેવી રીતે કોઈ ગાડીવાળો સમતળ રાજમાર્ગને જાણતો હોવા છતાં તેને છોડીને વિષમ માર્ગે ચાલી નીકળે છે અને ગાડીની ધરી[23] તૂટી જતાં શોક કરે છે.

१५.एवं धम्मं विउक्कम्म,
अहम्मं पडिवज्जिया ।
बाले मच्चुमुहं पत्ते,
अक्खे भग्गे व सोयई ॥

एवं धर्मं व्युत्क्रम्य,
अधर्मं प्रतिपद्य ।
बालः मृत्युमुखं प्राप्तः,
अक्षे भग्ने इव शोचति ॥

૧૫. તેવી રીતે ધર્મનું ઉલ્લંઘન કરીને, અધર્મનો સ્વીકાર કરીને, મૃત્યુના મુખમાં પડેલો અજ્ઞાની ધરી તૂટેલા ગાડીવાળાની જેમ શોક કરે છે.

१६.तओ से मरणंतंमि,
बाले संतस्सई भया ।
अकाममरणं मरई,
धुत्ते व कलिना जिए ॥

ततः स मरणान्ते,
बालः संत्रस्यति भयात् ।
अकाममरणं म्रियते,
धूर्त्त इव कलिना जितः ॥

૧૬.પછી મરણાંત સમયે તે અજ્ઞાની મનુષ્ય પરલોકના ભયથી સંત્રસ્ત થાય છે અને એક જ દાવમાં[૨૪] હારી જનારા જુગારીની[૨૫] માફક શોક કરતો-કરતો અકામ-મરણથી મરે છે.

१७.एयं अकाममरणं,
बालाणं तु पवेइयं ।
एत्तो सकाममरणं,
पंडियाणं सुणेह मे ॥

एतदकाममरणं,
बालानां तु प्रवेदितम् ।
इतः सकाममरणं,
पण्डितानां श्रृणुत मम ॥

૧૭. આ અજ્ઞાનીઓનાં અકામ-મરણનું પ્રતિપાદન કરવામાં આવ્યું. હવે પંડિતોનું સકામ-મરણ મારી પાસેથી સાંભળો.[૨૬]

१८.मरणं पि सपुण्णाणं,
जहा मेयमणुस्सुयं ।
विप्पसण्णमणाघायं,
संजयाण वुसीमओ ॥

मरणमपि सपुण्यानां,
यथा ममैतदनुश्रुतम् ।
विप्रसन्नमनाघातं,
संयतानां वृषीमताम् ॥

૧૮. જેવું મેં સાંભળ્યું પણ છે—પુણ્યશાળી, સંયમી અને જિતેન્દ્રિય પુરુષોનું[૨૭] મરણ પ્રસન્ન[૨૮] અને આઘાતરહિત હોય છે.

१९.न इमं सव्वेसु भिक्खूसु,
न इमं सव्वेसुऽगारिसु ।
नाणासीला अगारत्था,
विसमसीला य भिक्खुणो ॥

नेदं सर्वेषु भिक्षुषु,
नेदं सर्वेषु अगारिषु ।
नानाशीला अगारस्थाः,
विषमशीलाश्च भिक्षवः ॥

૧૯. આ સકામ-મરણ ન બધા ભિક્ષુઓને પ્રાપ્ત થાય છે કે ન બધા ગૃહસ્થોને. કેમકે ગૃહસ્થ વિવિધ પ્રકારના શીલવાળા[૨૯] હોય છે અને ભિક્ષુઓ પણ વિષમશીલ[૩૦] હોય છે.

२०.संति एगेहिं भिक्खूहिं,
गारत्था संजमुत्तरा ।
गारत्थेहिं य सव्वेहिं,
साहवो संजमुत्तरा ॥

सन्त्येकेभ्यो भिक्षुभ्यः,
अगारस्थाः संयमोत्तराः ।
अगारस्थेभ्यश्च सर्वेभ्यः,
साधवः संयमोत्तराः ॥

૨૦. કેટલાક ભિક્ષુઓ કરતાં ગૃહસ્થોનો સંયમ મોટો હોય છે. પરંતુ સાધુઓનો સંયમ બધા ગૃહસ્થોથી મોટો હોય છે.[૩૧]

२१.चीराजिणं नगिणिणं,
जडी संघाडि मुंडिणं ।
एयाणि वि न तायंति,
दुस्सीलं परियागयं ॥

चीराजिनं नाग्न्यं,
जटी सङ्घाटिमुण्डित्वम् ।
एतान्यपि न त्रायन्ते,
दुःशीलं पर्यागतम् ।

૨૧. ચીવર, ચર્મ, નગ્નત્વ, જટાધારીપણું, સંઘાટી (ઉત્તરીય વસ્ત્ર) અને મસ્તક-મુંડન—આ બધાં દુઃશીલ સાધુની[૩૨] રક્ષા કરતાં નથી.[૩૩]

२२.पिंडोलए व दुस्सीले,
नरगाओ न मुच्चई ।
भिक्खाए वा गिहत्थे वा,
सुव्वए कम्मई दिवं ॥

पिण्डावलगो वा दुःशीलो,
नरकान्न मुच्यते ।
भिक्षादो वा गृहस्थो वा,
सुव्रतः क्रामति दिवम् ॥

૨૨. ભિક્ષાથી જીવન ચલાવનાર પણ જો દુઃશીલ હોય તો તે નરકથી બચતો નથી.[૩૪] ભિક્ષુ હોય કે ગૃહસ્થ, જો તે સુવ્રતી હોય તો સ્વર્ગમાં જાય છે.[૩૫]

२३. अगारि-सामाइयंगाइं
सड्ढी काएण फासए ।
पोसहं दुहओ पक्खं,
एगरायं न हावए ॥

अगारि-सामायिकाङ्गानि,
श्रद्धी कायेन स्पृशति ।
पौषधं द्वयोः पक्षयोः,
एकरात्रं न हापयति ॥

૨૩. શ્રદ્ધાળુ શ્રાવક ગૃહસ્થ-સામાયિકના અંગોનું આચરણ કરે. બંને પક્ષોમાં કરવામાં આવતાં પૌષધને એક દિવસ રાત માટે પણ છોડે નહિ.

२४. एवं सिक्खासमावन्ने,
गिहवासे वि सुव्वए ।
मुच्चई छविपव्वाओ,
गच्छे जक्ख-सलोगयं ॥

एवं शिक्षासमापन्नः,
गृहवासेऽपि सुव्रतः ।
मुच्यते छविपर्वणः,
गच्छेद् यक्ष-सलोकताम् ॥

૨૪. આ રીતે વ્રતોના આસેવનની શિક્ષાથી સમાપન્ન સુવ્રતી મનુષ્ય ગૃહસ્થવાસમાં રહેતો હોવા છતાં પણ ઔદારિક-શરીરથી મુક્ત થઈને યક્ષ-સલોકતાને પ્રાપ્ત કરે છે—દેવલોકમાં જાય છે.

२५. अह जे संवुडे भिक्खू,
दोण्हं अन्नयरे सिया ।
सव्वदुक्खप्पहीणे वा,
देवे वावि महड्ढिए ॥

अथ यः संवृतो भिक्षुः,
द्वयोरन्यतरः स्यात् ।
सर्वदुःखप्रहीणो वा,
देवो वाऽपि महर्द्धिकः ॥

૨૫. જે સંવૃત ભિક્ષુ હોય છે, તે બેમાંથી એક થાય છે—બધા દુઃખોમાંથી મુક્ત અથવા મહાન ઋદ્ધિવાળો દેવ.

२६. उत्तराइं विमोहाइं,
जुइमंताणुपुव्वसो ।
समाइण्णाइं जक्खेहिं,
आवासाइं जसंसिणो ॥

उत्तरा विमोहाः,
द्युतिमन्तोऽनुपूर्वशः ।
समाकीर्णा यक्षैः,
आवासा यशस्विनः ॥

૨૬. દેવતાઓના આવાસો ઉત્તરોત્તર ઉત્તમ મોહરહિત અને દ્યુતિમાન તથા દેવોથી આકીર્ણ હોય છે. તેમાં રહેનારા દેવો યશસ્વી—

२७. दीहाउया इड्ढिमंता,
समिद्धा कामरूविणो ।
अहुणोववन्नसंकासा,
भुज्जो अच्चिमालिप्पभा ॥

दीर्घायुषः ऋद्धिमन्तः,
समिद्धाः कामरूपिणः ।
अधुनोपपन्नसंकाशा,
भूयोऽर्चिमालिप्रभाः ॥

૨૭. દીર્ઘાયુ, ઋદ્ધિમાન, દીપ્તિમાન, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, તરત જ ઉત્પન્ન થયા હોય તેવી કાન્તિવાળા અને સૂર્યસમાન અતિ તેજસ્વી હોય છે.

२८. ताणि ठाणाणि गच्छंति,
सिक्खित्ता संजमं तवं ।
भिक्खाए वा गिहत्थे वा,
जे संति परिनिव्वुडा ॥

तानि स्थानानि गच्छन्ति,
शिक्षित्वा संयमं तपः ।
भिक्षादा वा गृहस्था वा,
ये सन्ति परिनिर्वृताः ॥

૨૮. જે ઉપશાંત હોય છે, તેઓ સંયમ અને તપનો અભ્યાસ કરી તે દેવનિવાસોમાં જાય છે, ભલે પછી તેઓ ભિક્ષુ હોય કે ગૃહસ્થ.

२९. तेसिं सोच्चा सपुज्जाणं
संजयाण वुसीमओ ।
न संतसंति मरणंते
सीलवंता बहुस्सुया ॥

तेषां श्रुत्वा सत्पूज्यानां,
संयतानां वृषीमताम् ।
न संत्रस्यन्ति मरणान्ते,
शीलवन्तो बहुश्रुताः ॥

૨૯. તે સત્-પૂજનીય, સંયમી અને જિતેન્દ્રિય ભિક્ષુઓનું પૂર્વોક્ત વિવરણ સાંભળીને શીલવાન અને બહુશ્રુત ભિક્ષુઓ મરણસમયે પણ સંત્રસ્ત થતાં નથી.

३०. तुलिया विसेसमादाय
दयाधम्मस्स खंतिए ।
विप्पसीएज्ज मेहावी
तहाभूएण अप्पणा ॥

तोलयित्वा विशेषमादाय,
दयाधर्मस्य क्षान्त्या ।
विप्रसीदेन्मेधावी,
तथाभूतेनात्मना ॥

૩૦. મેધાવી મુનિ પોતાની જાતનો તોલ કરીને, અકામ અને સકામ-મરણના ભેદને જાણીને અહિંસા ધર્મોચિત સહિષ્ણુતા અને તથાભૂત (ઉપશાંત મોહ) આત્મા વડે પ્રસન્ન રહે—મરણસમયે ઉદ્વિગ્ન ન બને.

| | | |
|---|---|---|
| ३१. तओ काले अभिप्पेए<br>सड्ढी तालिसमंतिए ।<br>विणएज्ज लोमहरिसं<br>भेयं देहस्स कंखए ॥ | ततः काले अभिप्रेते,<br>श्रद्धी तादृशान्तिके ।<br>विनयेल्लोमहर्षं,<br>भेदं देहस्य काङ्क्षेत् ॥ | ૩૧. જ્યારે મરણ અભિપ્રેત હોય[૫૦], તે સમયે જે શ્રદ્ધા વડે મુનિ-ધર્મ અથવા સંલેખનાને સ્વીકારી હોય, તેવી જ શ્રદ્ધા રાખનારા ભિક્ષુ ગુરુ સમીપ કષ્ટજનિત રોમાંચને[૫૧] દૂર કરે, શરીરભેદનની પ્રતિક્ષા કરે—તેની સારસંભાળ ન લે.[૫૨] |
| ३२. अह कालंमि संपत्ते<br>आघायाय समुस्सयं ।<br>सकाममरणं मरई<br>तिण्हमन्नयरं मुणी ॥ | अथ काले संप्राप्ते,<br>आघातयन् समुच्छ्रयम् ।<br>सकाममरणं म्रियते,<br>त्रयाणामन्यतरं मुनिः ॥ | ૩૨. તે મરણકાળ પ્રાપ્ત થતાં[૫૩] સંલેખના વડે શરીરનો ત્યાગ કરે છે[૫૪], ભક્ત-પરિજ્ઞા, ઇંગિની અથવા પ્રાયોપગમન—આ ત્રણમાંથી કોઈ એકને[૫૫] સ્વીકારીને સકામ-મરણ વડે મરે છે. |
| —त्ति बेमि । | —इति ब्रवीमि । | —એમ હું કહું છું. |

ટિપ્પણ

## અધ્યયન ૫ : અકામ-મરણીય

**૧. મહાપ્રવાહવાળા......સંસાર સમુદ્રમાંથી (अण्णवंसि महोहंसि)**

સંસ્કૃત કોશમાં પાણીનું એક નામ છે—'अर्णस्'.[1] આ 'स'કારાન્ત શબ્દ છે. વ્યાકરણ અનુસાર 'स'કાર નો લોપ કરી 'व'કારનો આદેશ કરવાથી 'अर्णव' શબ્દ નિષ્પન્ન થાય છે. તેનો અર્થ છે—સમુદ્ર. પ્રસ્તુત પ્રકરણમાં ભાવ અર્ણવનો પ્રસંગ છે. તેનો અર્થ થશે—સંસારરૂપી સમુદ્ર.

ઓઘનો અર્થ છે—પ્રવાહ. તેનો પ્રયોગ અનેક સંદર્ભોમાં થાય છે, જેમકે—જળનો પ્રવાહ, જન્મ-મરણનો પ્રવાહ, દર્શનો કે મતોનો પ્રવાહ વગેરે.

પ્રસ્તુત પ્રકરણમાં 'ઓઘ' શબ્દ જળપ્રવાહના અર્થમાં પ્રયુક્ત છે.

**૨. મહાપ્રજ્ઞ (महापन्ने)**

આનો અર્થ છે—મહાન પ્રજ્ઞાવાન. વૃત્તિકારે પ્રકરણવશ આનો અર્થ કેવળજ્ઞાની, તીર્થંકર કર્યો છે.[2]

**૩. પ્રશ્ન (पट्ठं)**

આનાં સંસ્કૃત રૂપ બે થઈ શકે છે—पृष्ट અને स्पष्ट. पृष्टनो અર્થ છે—પૂછવું કે પ્રશ્ન અને स्पष्टનો અર્થ છે—સ્પષ્ટ, અસંદિગ્ધ. તેના સ્થાને 'पण्हं' પાઠ પણ મળે છે. તેનો અર્થ છે—પ્રશ્ન, જિજ્ઞાસા.

ચૂર્ણિ અને વૃત્તિમાં 'पट्ठं'નો અર્થ સ્પષ્ટ, અસંદિગ્ધ આપ્યો છે.[3]

**૪. (अकाममरणं....सकाममरणं)**

**અકામ-મરણ**—જે વ્યક્તિ વિષયમાં આસક્ત હોવાના કારણે મરવાનું ઇચ્છતો નથી, પરંતુ આયુષ્ય પૂર્ણ થતાં તે મરે છે, તેનું મરણ વિવશતાની સ્થિતિમાં થાય છે. એટલા માટે તેને અકામ-મરણ કહેવામાં આવે છે.[4] તેને બાલ-મરણ (અવિરતિપૂર્વકનું મરણ) પણ કહી શકાય છે.

**સકામ-મરણ**—જે વ્યક્તિ વિષયો તરફ અનાસક્ત હોવાને કારણે મરણસમયે ભયભીત નથી થતો પરંતુ તેને જીવનની માફક ઉત્સવ-રૂપ માને છે, તે વ્યક્તિના મરણને સકામ-મરણ કહેવામાં આવે છે.[5] તેને પંડિત-મરણ (વિરતિપૂર્વકનું મરણ) પણ કહી શકાય છે.

---

૧. अभिधान चिन्तामणि कोश, ४।१३८।

૨. બૃહદ્‌વૃત્તિ, पत्र १४१ : महती—निरावरणतयाऽपरिमाणा प्रज्ञा—केवलज्ञानात्मिका संवित् अस्येति महाप्रज्ञः।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १३० : स्पष्टं नामासंदिग्धं। (ખ) बृहद्‌वृत्ति, पत्र २४१।

૪. बृहद्‌वृत्ति, पत्र २४२ : ते हि विषयाभिष्वङ्गतो मरणमनिच्छन्त एव म्रियन्ते।

૫. એજન, पत्र २४२ : सह कामेन—अभिलाषेण वर्तते इति सकामं सकाममिव सकामं मरणं प्रत्यसंत्रस्ततया, तथात्वं चोत्सवभूतत्वात् तादृशां मरणस्य, तथा च वाचकः—

'संचिततपोधनानां नित्यं व्रतनियमसंयमरतानाम्।
उत्सवभूतं मन्ये मरणमनपराधवृत्तीनाम्॥१॥"

૫. (શ્લોક ૩)

આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે પંડિત (ચારિત્રવાન) વ્યક્તિઓનું 'સકામ-મરણ' એક વાર જ થાય છે. આ કથન 'કેવલિ'ની અપેક્ષાએ જ છે. બીજા ચારિત્રવાન મુનિઓનું 'સકામ-મરણ' સાત-આઠ વાર થઈ શકે છે.[1]

આમાં આવેલા બાલ અને પંડિત શબ્દોનો વિશેષ અર્થ છે.

બાલ—જે વ્યક્તિને કોઈ વ્રત નથી હોતું તેને બાલ કહેવામાં આવે છે.

પંડિત—સર્વવ્રતી વ્યક્તિને પંડિત કહેવામાં આવે છે.

૬. (**कामगिद्धे.......कूराइं कुव्वई**)

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—આ પુરુષાર્થ-ચતુષ્ટયી બે યુગલોમાં વિભક્ત છે. એક યુગલ છે ધર્મ અને મોક્ષનું અને બીજું યુગલ છે અર્થ અને કામનું. પહેલા યુગલમાં ધર્મ સાધન છે અને મોક્ષ સાધ્ય તથા બીજા યુગલમાં અર્થ (ધન) સાધન છે અને કામ સાધ્ય. આના આધારે બે વિચારધારાઓ બની—લૌકિક અને આધ્યાત્મિક. લૌકિક ધારાએ અર્થ અને કામના આધારે જીવનની વ્યાખ્યા કરી અને આધ્યાત્મિક ધારાએ ધર્મ અને મોક્ષના આધારે જીવનની વ્યાખ્યા કરી. બંનેનો સમન્વય જ જીવનની સમગ્રતા છે.

બે વાદો પ્રચલિત છે—સુખવાદ અને દુઃખવાદ. સુખવાદનું મૂળ છે—કામ. વ્યક્તિ સુખથી પ્રેરિત થઈને નહિ, કામનાથી પ્રેરિત થઈને પ્રવૃત્તિ કરે છે. મહાવીર કહે છે—'कामकामी खलु अयं पुरिसे'—આ મનુષ્ય કામ (કામના)થી પ્રેરિત થઈને પ્રવૃત્તિ કરે છે. કામ જ મનુષ્યની પ્રેરણા છે. ફ્રોઈડે પણ કામને જ બધી પ્રવૃત્તિઓ અને વિકાસનું મૂળ માનેલ છે.

એ વાત સાચી છે કે મનુષ્ય કામનાઓથી પ્રેરિત થઈને કે કામનાઓની પૂર્તિ માટે હિંસા વગેરે કરે છે. જ્યારે તે કામનાઓમાં ગૃદ્ધ હોય છે, તેમની પૂર્તિની ઉત્કટ અભિલાષા તેનામાં જાગે છે, ત્યારે તે ક્રૂર બને છે, ક્રૂર કર્મ કરે છે. તેનામાં કરુણાનો સ્રોત સુકાઈ જાય છે.

કામનાઓની પૂર્તિનું એકમાત્ર સાધન છે અર્થ. મનુષ્ય વિવિધ ઉપાયો વડે અર્થનું ઉપાર્જન કરે છે. તે સાધન-શુદ્ધિના વિવેકને ભૂલી જાય છે.

ચાર પુરુષાર્થોમાં ધર્મ અને મોક્ષ સ્થવિર છે, મોટા છે—'स्थविरे धर्ममोक्षे' ? આનો અર્થ એવો નથી કે અર્થ અને કામ જીવનમાં જરૂરી નથી. તે બંને પણ જીવન માટે અનિવાર્ય છે. પરંતુ ભગવાન મહાવીરે અધ્યાત્મશાસ્ત્રના આધારે ધર્મ અને મોક્ષને અધિક મૂલ્યવાન ગણ્યા અને અર્થ તથા કામને હેય ગણાવ્યા.

વિશ્વવિજેતા સિકંદરની કામનાઓ આકાશને આંબી રહી હતી. તેમની પૂર્તિ માટે તેણે લોહીની નદીઓ વહાવી અને વિશ્વવિજેતા બનવાના સ્વપ્નની પૂર્તિ કરવામાં તે લાગ્યો રહ્યો. અંતે તેને નિરાશા જ મળી અને તેની બધી કામના મનમાં જ રહી ગઈ. એક કામનાની પૂર્તિ બીજી કામનાને જન્મ આપે છે અને આ શ્રૃંખલા કદી તૂટતી નથી, અનંત બની જાય છે. **'इच्छा हु आकाससमा अणंतिया'**—ભગવાનની આ વાણી અક્ષરશઃ સત્ય છે. કામનાઓનો પાર તે પામે છે જે અકામ બની જાય છે.

કામનાઓથી ગ્રસ્ત પ્રાણી અત્યન્ત ક્રૂર કર્મ કે વિચારો કરતો રહે છે. મગરમચ્છની ભ્રમરમાં એક પ્રકારનું અત્યન્ત સૂક્ષ્મ

૧. बृहद्वृत्ति, पत्र २४२ : तच्च 'उत्कर्षेण' उत्कर्षोपलक्षितं, केवलिसम्बन्धीत्यर्थः, अकेवलिनो हि संयमजीवितं दीर्घमिच्छेयुरपि, मुक्त्यवाप्तिः इतः—स्यादिति, केवलिनस्तु तदपि नेच्छन्ति, आस्तां भवजीवितमिति, तन्मरणस्योत्कर्षेण सकामता 'सकृद्' एकवारमेव भवेत्, जघन्येन तु शेषचारित्रिणः सप्ताष्ट वा वारान् भवेदित्याकूतमिति सूत्रार्थः ।

સમનસ્ક પ્રાણી ઉત્પન્ન થાય છે. તેને 'તંદુલમત્સ્ય' કહેવામાં આવે છે. મગરમચ્છ સમુદ્રમાં મોઢું ખુલ્લું રાખી પડ્યો રહે છે. તેના ખુલ્લાં મોંમા પાણીની સાથે હજારો નાનાં-મોટાં માછલાં પ્રવેશી જાય છે અને જલપ્રવાહ બહાર નીકળે એટલે બહાર નીકળી જાય છે. આ ક્રમ ચાલતો રહે છે. પેલું તંદુલમત્સ્ય મનોમન વિચારે છે—'અરે ! કેટલો મૂર્ખ છે આ મગરમચ્છ ! મોઢામાં પોતાની મેળે જ પ્રવેશનારા માછલાને કેમ ગળી જતો નથી ? જો હું તેની જગ્યાએ હોઉં તો બધાને ગળી જાઉં.' આ વિચાર તેના મનમાં નિરંતર ચાલતો રહે છે. તેની શક્તિ નથી હોતી કે તે પેલાં માછલાઓને ગળી જાય, પણ તે મનમાં જ આટલો ક્રૂર વિચાર કરી પ્રચૂર કર્મોનો સંચય કરી લે છે.

**૭. કામભોગોમાં (कामभोगेसु)**

કામ અને ભોગ—આ બે શબ્દો છે. ચૂર્ણિકારે આ બંને શબ્દોના બે-બે અર્થ કર્યા છે[૧]—

કામ— ૧. જેની કામના કરવામાં આવે છે.

૨. કામ-વાસના.

ભોગ— ૧. જેનો ઉપભોગ કરવામાં આવે છે.

૨. બધી ઇન્દ્રિયોના વિષય.

બૃહદ્‌વૃત્તિમાં આના ત્રણ અર્થ આ પ્રમાણે છે[૨]—

૧. જેની કામના કરવામાં આવે છે તે છે કામ અને જેનો ઉપભોગ કરવામાં આવે છે તે ભોગ.

૨. શબ્દ અને રૂપ છે કામ તથા સ્પર્શ, રસ અને ગંધ છે ભોગ.

૩. સ્ત્રીઓનો સંસર્ગ કે આસક્તિ છે કામ તથા શરીર-શૃંગારના સાધનો—ધૂપ, વિલેપન વગેરે છે ભોગ.

**૮. મિથ્યા ભાષણ (कूडाय)**

'कूट' શબ્દના અનેક અર્થો છે—માયા, જૂઠ, યથાર્થનો અપલાપ, છેતરપીંડી, ચાલાકી, અંત, સમૂહ, મૃગોને પકડવાનું યંત્ર વગેરે.

પ્રસ્તુત પ્રકરણની ચૂર્ણિમાં તેના ત્રણ અર્થો મળે છે[૩]—નરક, મૃગને પકડવા માટેનું યંત્ર અને ઇન્દ્રિય-વિષય.

વૃત્તિકારે પણ આના ત્રણ અર્થ આપ્યા છે. પ્રથમ બે અર્થ ચૂર્ણિની જેવા જ છે અને ત્રીજો અર્થ છે—મિથ્યાભાષણ વગેરે.[૪]

સૂત્રકૃતાંગ ૧।૪।૪૫ માં 'एगन्तकूडे' તથા 'कूडेन'—એ બે પદો પ્રયોજાયાં છે. 'एगन्तकूड'માં 'कूड'નો અર્થ છે—વિષમ. 'एगन्तकूड'નો અર્થ છે—એવું સ્થાન કે જ્યાં કોઈ પણ સમતળ ભૂમિ ન હોય.[૫]

'कूडेन' શબ્દમાં 'कूड'નો અર્થ છે—ગલયન્ત્રપાશ અથવા પાષાણ-સમૂહ.[૬]

સૂત્રકૃતાંગ ૧।૧૩।૮માં પણ 'कूडेण' શબ્દનો પ્રયોગ છે. ત્યાં તેનો અર્થ છે માયા. વૃત્તિમાં તેનો અર્થ 'મૃગપાશ' કરવામાં આવ્યો છે.[૭]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १३१ : काम्यन्त इति कामाः, भुज्जंत इति भोगाः, कामा इति विसयाः, भोगाः सेसिंदियविसया ।

૨. बृहद्वृत्ति, पत्र २४३ : काम्यन्त इति कामाः, भुज्यन्त इति भोगाः..... कामा दुविहा पण्णत्ता—सद्दा रूवा य, भोगा तिविहा पण्णत्ता, तं जहा—गंधा रसा फासा य त्ति.............. कामेषु—स्त्रीसंगेषु, भोगेषु—धूपनविलेपनादिषु ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १३१-१३२ ।

૪. बृहद्वृत्ति, पत्र २४३ ।

૫. सूत्रकृतांग चूर्णि, पृ. १३८ : एगंतकूडो णाम एकान्तविषमः ।

૬. सूत्रकृतांग वृत्ति, पत्र १३९ : कूटेन गलयन्त्रपाशादिना पाषाणसमूहलक्षणेन वा ।

૭. એજન, वृत्ति, पत्र २४१ : कूटवत्कूटं यथा कूटेन मृगादिर्बद्धः ।

પ્રસ્તુત પ્રકરણમાં 'કૂટ'નો અર્થ 'મિથ્યાવચન' અધિક સંગત લાગે છે.

### ૯. રતિ (આનંદ) (रई)

ચૂર્ણિમાં 'રતિ'નો અર્થ છે—ઇષ્ટ વિષયમાં પ્રીતિ ઉત્પન્ન કરનારી વૃત્તિ.[૧] વૃત્તિમાં તેનો અર્થ છે—કામવાસનાના સેવનથી ઉત્પન્ન ચિત્તનો આહ્લાદ.[૨]

### ૧૦. (न मे दिट्ठे परे लोए, चक्खुदिट्ठा इमा रई)

પરલોક તો મેં જોયો નથી, આ રતિ (આનંદ) તો ચક્ષુ-દૃષ્ટ છે—આંખોની સામે છે. આ બે પદોમાં અનાત્મવાદીઓના મતનો ઉલ્લેખ છે. તેઓ પ્રત્યક્ષને જ વાસ્તવિક માને છે તથા ભૂત અને અનાગતને અવાસ્તવિક. કામાસક્ત વ્યક્તિઓનું આ ચિંતન અસ્વાભાવિક નથી.

### ૧૧. (हत्थागया इमे कामा, कालिया जे अणागया)

ચૂર્ણિકારે લખ્યું છે—કોઈ મૂર્ખ પણ પોતાની ગાંઠે બાંધેલા ચોખા છોડીને ભવિષ્યમાં પેદા થનારા ચોખા માટે ઉદ્યમ નથી કરતો.[૩]

શાન્ત્યાચાર્યે લખ્યું છે—હાથમાં આવેલા દ્રવ્યોને કોઈપણ પગેથી કચડતું નથી.[૪]

જે આત્મા, પરલોક અને ધર્મનો મર્મ સમજે છે તે અનાગત ભોગોની પ્રાપ્તિ માટે હસ્તગત ભોગોને છોડતો નથી. એટલા માટે અનાત્મવાદીઓનું આ ચિંતન યથાર્થ નથી. તેની ચર્ચા નવમા અધ્યયનના શ્લોક ૫૧-૫૩માં પણ કરાઈ છે.

### ૧૨. ક્લેશ (સંક્લિષ્ટ પરિણામ) (केसं)

ક્લેશ શબ્દના અનેક અર્થો છે—પીડા, પરિતાપ, શારીરિક કે માનસિક વેદના, દુઃખ, ક્રોધ, પાપ વગેરે.

પ્રસ્તુત પ્રસંગમાં ક્લેશનો અર્થ છે—સંક્લિષ્ટ પરિણામ. જે વ્યક્તિ કામભોગોમાં અનુરક્ત હોય છે, તે શારીરિક અને માનસિક ઉત્તાપથી ઉત્તપ્ત રહે છે.

પતંજલિએ ક્લેશના પાંચ પ્રકાર બતાવ્યા છે—અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ.[૫]

ગીતામાં કહ્યું છે—જે વ્યક્તિ વિષયોનું ચિંતન નિરંતર કરતી રહે છે, તેનામાં તે વિષયો તરફ આસક્તિ પેદા થઈ જાય છે. આસક્તિથી કામ, કામથી ક્રોધ, ક્રોધથી સંમૂઢતા, સંમૂઢતાથી સ્મૃતિભ્રંશ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિ-નાશ અને બુદ્ધિ-નાશથી વ્યક્તિ પોતે નાશ પામે છે.[૬]

પ્રસ્તુત શ્લોકમાં પણ એ જ પ્રતિપાદ્ય છે કે કામભોગની આસક્તિથી ક્લેશ પેદા થાય છે. તે વ્યક્તિ આસક્તિના સંક્લિષ્ટ પરિણામોના આવર્તમાં ફસાઈને નાશ પામે છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १३२ : इष्टविषयप्रीतिप्रादुर्भावात्मिका रतिः ।

૨. (ક) बृहद्वृत्ति, पत्र २४३ : रम्यतेऽस्यामिति रतिः—स्पर्शनादिसम्भोगजनिता चित्तप्रह्लत्तिः ।
(ખ) सुखबोधा, पत्र १०२ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १३२ : न हि कश्चित् मुग्धोऽपि ओदनं बद्धेलनकं मुक्त्वा कालिकस्योदनस्यारंभं करोति ।

૪. बृहद्वृत्ति, पत्र २४३ ।

૫. पातंजलयोगदर्शन २।३ : अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पञ्च क्लेशाः ।

૬. गीता २।६२, ६३ ।
ध्यायतो विषयान् पुंसः, संगस्तेषूपजायते ।
संगात् संजायते कामः, कामात् क्रोधोऽभिजायते ।
क्रोधाद् भवति संमोहः, संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥

કામભોગથી થનારો ક્લેશ બહુ દીર્ઘકાલીન હોય છે. સુખબોધામાં આની પુષ્ટિ માટે એક શ્લોક ઉદ્ધૃત કરવામાં આવ્યો છે[1]—

**वरि विसु भुंजिउ मं विसय, एक्कसि विसिण मरंति ।**

**नर विसयामिसमोहिया, बहुसो नरइ पडंति ॥**

આનો આશય એવો છે કે વિષ પીવું સારું છે, વિષય નહિ. મનુષ્ય વિષથી એક જ વાર મરે છે, પરંતુ વિષયરૂપી માંસમાં મોહિત મનુષ્ય અનેકવાર મરે છે—નરકમાં જાય છે.

### ૧૩. પ્રયોજનવશ અથવા વિના પ્રયોજને જ (अट्ठाए य अणट्ठाए)

હિંસાના બે પ્રકાર છે—અર્થ-હિંસા અને અનર્થ-હિંસા. તેમને એક ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવ્યા છે—

એક ગોવાળ હતો. તે પ્રતિદિન બકરીઓ ચરાવવા જતો હતો. મધ્યાહ્ન સમયે બકરીઓને એક વડના ઝાડ નીચે બેસાડી પોતે સીધો સૂઈને વાંસની ગોફણથી બોરના ઠળિયા તાકીને વડના પાંદડાને કાણા પાડતો. તે રીતે તેણે લગભગ બધાં પાંદડાંને વીંધી નાખ્યાં. એક વાર એક રાજપુત્ર તે વડની છાયામાં આવી બેઠો. તેણે કાણાં પાડેલાં પાંદડાં જોઈ ગોવાળને પૂછ્યું—આ પાંદડાં કોણે વીંધ્યાં? ગોવાળે કહ્યું—મેં વીંધ્યાં. રાજપુત્રે કહ્યું—શા માટે? ગોવાળે કહ્યું—વિનોદ માટે. ત્યારે રાજપુત્રે તેને ધનનું પ્રલોભન આપતાં કહ્યું—હું કહું કે આની આંખો વીંધી નાખ, તો શું તું તેમની આંખો વીંધી શકીશ? ગોવાળે કહ્યું—હા, હું વીંધી શકું જો તે મારી નજીક હોય. રાજપુત્ર તેને પોતાના નગરમાં લઈ ગયો. રાજમાર્ગ પર આવેલા મહેલમાં તેને ઉતારો આપ્યો. તે રાજપુત્રનો ભાઈ રાજા હતો. તે તે જ માર્ગ પર થઈ અશ્વરથ ઉપર સવાર થઈ પસાર થતો હતો. રાજપુત્રે ગોવાળને કહ્યું—આની આંખો ફોડી નાખ. તે ગોવાળે પોતાની ગોફણથી તેની બંને આંખો ફોડી નાખી. હવે પેલો રાજપુત્ર રાજા બની ગયો. તેણે ગોવાળને કહ્યું—બોલ, તું શું ઇચ્છે છે? તેણે કહ્યું—આપ મને જ્યાં હું રહું છું તે ગામ આપો. રાજાએ તેને તે જ ગામ આપ્યું. તે સીમાડાના ગામમાં તેણે શેરડીની ખેતી કરી અને તુંબડીની વેલ વાવી. ગોળ થયો અને તુંબડા થયા. તેણે તુંબડાને ગોળમાં પકાવી ગુડ-તુંબક તૈયાર કર્યો. તે ખાતો અને ગાતો—

**अट्टमट्टं च सिक्खिज्जा, सिक्खियं ण णिरत्थयं ।**

**अट्टमट्टपसाएण, भुंजए गुडतुम्बयं ॥**[2]

અર્થાત્ ઉટપટાંગ જે કંઈ હોય તે શીખવું જોઈએ. શીખેલું કંઈ નકામુ જતું નથી. આવા ઉટપટાંગના પ્રસાદથી જ આ ગુડ-તુંબક મળે છે. ગોવાળ પાંદડાં વગર પ્રયોજને વીંધતો હતો અને તેણે આંખો પ્રયોજનપૂર્વક વીંધી.

આ ઉદાહરણ એક સ્થૂળ ભાવનાને સ્પર્શે છે. સાધારણ ઉદ્દેશ્યની પૂર્તિ માટે રાજાની આંખો ફોડી નાખવામાં આવી—આ વસ્તુતઃ અનર્થ હિંસા જ છે. અર્થ-હિંસા તેને કહી શકાય, જેમાં પ્રયોજનની અનિવાર્યતા હોય.

### ૧૪. પ્રાણી-સમૂહ (भूयग्गामं)

સામાન્યતઃ 'ભૂત'નો અર્થ છે—પ્રાણી અને 'ગ્રામ'નો અર્થ છે—સમૂહ. ભૂતગ્રામ અર્થાત્ પ્રાણીઓનો સમૂહ. સમવાયાંગમાં ચૌદ ભૂતગ્રામો—જીવસમૂહોનો ઉલ્લેખ છે.[3] ચૂર્ણિકારે પણ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત વગેરે ભેદથી ચૌદ પ્રકારના જીવોનો ઉલ્લેખ કર્યો છે.[4] વૃત્તિમાં તેનો અર્થ છે—પ્રાણીઓનો સમૂહ.[5]

---

૧. सुखबोधा, पत्र १०३ ।

૨. बृहद्वृत्ति, पत्र २४४, २४५ ।

૩. समवाओ, समवाय १४ । १ ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १३३ : भूतग्गामं चोद्दसविहं........ एवं चोद्दसविहंपि ।

૫. बृहद्वृत्ति, पत्र २४५ : भूयगामं ति भूताः प्राणिनस्तेषां ग्रामः—समूहः ।

**૧૫. વેશ પરિવર્તન કરીને પોતાની જાતને બીજા રૂપમાં પ્રકટ કરનાર (सढे)**

આનો સામાન્ય અર્થ છે—ધૂર્ત, મૂઢ, આળસુ. અહીં આનો અર્થ—વેશપરિવર્તન કરી પોતાને બીજા રૂપમાં પ્રકટ કરનાર એવો થાય છે.[1] ટીકાઓમાં 'मंडिक चोरवत्' એવો ઉલ્લેખ મળે છે. મંડિક ચોરની કથા આ જ આગમના ચોથા અધ્યયનના સાતમા શ્લોકની વ્યાખ્યામાં છે.

૧૬. (શ્લોક ૧૦)

પ્રસ્તુત શ્લોકમાં વ્યક્તિની અહંમન્યતા અને આસક્તિનું સુંદર ચિત્ર પ્રસ્તુત કરાયું છે. વ્યક્તિ મન, વચન અને કાયાથી મત્ત બને છે. શરીરથી મત્ત થઈ તે માનવા લાગે છે—હું કેટલો રૂપ-સંપન્ન અને શક્તિ-સંપન્ન છું. વાણીનો અહંકાર કરતાં તે વિચારે છે—હું કેટલો સુ-સ્વર છું ! મારી વાણીમાં કેટલો જાદુ છે ! માનસિક અહંકારને વશ થઈ તે વિચારે છે—અહો ! હું અપૂર્વ અવધારણા-શક્તિથી સંપન્ન છું. આ રીતે તે પોતાનું ગુણખ્યાપન કરે છે.

આસક્તિના બે મુખ્ય હેતુ છે—ધન અને સ્ત્રી. ધનની આસક્તિથી તે અદત્તનું આદાન કરે છે—અણહકનું મેળવે છે અને પરિગ્રહનો સંચય કરે છે.

સ્ત્રીની આસક્તિથી તે સ્ત્રીને સંસારનું સર્વસ્વ માનવા લાગે છે—

**सत्यं वच्मि हितं वच्मि, सारं वच्मि पुनः पुनः ।**
**अस्मिन्नसारे संसारे, सारं सारंगलोचनाः ॥**

અહંમન્યતા અને આસક્તિથી ગ્રસ્ત વ્યક્તિ અંદરના અશુદ્ધ ભાવો વડે તથા બહારની અસત્ પ્રવૃત્તિ વડે—બંને બાજુથી કર્મોનું બંધન કરે છે. આસ્થા અને આચરણ—બંને વડે તે કર્મોનો સંચય કરે છે. તે આ લોકમાં પણ ખતરનાક રોગોથી ઘેરાય છે અને મરણ પછી પણ દુર્ગતિમાં જાય છે.

સૂત્રકારે અહીં શિશુનાગનું દૃષ્ટાંત પ્રસ્તુત કર્યું છે. શિશુનાગ અથવા અળસિયું માટી ખાય છે. તેનું શરીર ભીનું હોય છે અને તે સતત માટીના ઢગલા વચ્ચે જ ઘૂમતું રહે છે, તેથી તેના શરીર પર માટી ચોંટી જાય છે. તે શીતયોનિક હોય છે. આથી કરી સૂર્યના તપ્ત કિરણો વડે તેની સ્નિગ્ધતા-ચીકાશ સુકાઈ જાય છે ત્યારે ગરમ માટીમાં તે તડપી-તડપીને મરી જાય છે. આ રીતે બંને બાજુથી એકઠી કરેલી માટી તેના વિનાશનું કારણ બની જાય છે.[2]

ચૂર્ણિકારે 'दुहओ'—બે પ્રકારે—ના અનેક વિકલ્પો આપ્યા છે—

જેમકે—જાતે કરતો કે બીજા પાસે કરાવતો, અંતઃકરણથી કે વાણીથી, રાગથી કે દ્વેષથી, પુણ્ય કે પાપનું આલોકનું બંધન કે પરલોક-બંધન— સંચય કરે છે.[3]

૧૭. આતંકથી (आयंकेण)

આતંકનો અર્થ છે—શીઘ્રઘાતી રોગ. શિરઃશૂળ, વિસૂચિકા વગેરે રોગોને આતંક માનવામાં આવે છે.[4] આજના સંદર્ભમાં હૃદયરોગને આ પ્રકારમાં મૂકી શકાય.

---

૧. बृहद्वृत्ति, पत्र २४५: 'शठः' तत्तन्नेपथ्यादिकरणतोऽन्यथा-भूतमात्मानमन्यथा दर्शयति ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १३४ ।

૩. એજન.

૪. बृहद्वृत्ति, पत्र २४६ : आतंकेन—आशुघातिना शूल-विसूचिकादिरोगेण ।

ચૂર્ણિમાં આતંક શબ્દની માત્ર નિરુક્તિ મળે છે—જે વિવિધ પ્રકારના દુઃખો વડે જીવનને તંકિત કરે છે—કષ્ટમય બનાવે છે, તે છે આતંક.[1]

૧૮. (पभीओ....अप्पणो)

જ્યારે વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં જર્જરિત બની જાય છે અથવા રોગગ્રસ્ત થઈ જાય છે, ત્યારે તેને મૃત્યુની સન્નિકટતાનું ભાન થાય છે. તે વિચારે છે, હવે અહીંથી બધું છોડી જવું પડશે. 'હવે આગળ શું થશે'—આવી આશંકાથી તે ભયભીત બની જાય છે. તે ભૂતકાળને યાદ કરે છે અને પોતાના બધા આચરણો પર દૃષ્ટિપાત કરે છે. તે વિચારે છે—મેં કંઈ પણ શુભ કર્યું નથી. માત્ર હિંસા, જૂઠ, અસત્ આચરણમાં જ સદા ઘેરાયેલો રહ્યો છું. મેં ધર્મ અને ધર્મગુરુઓની નિંદા કરી, અસત્ય આરોપો મૂક્યા અને ન જાણે કયા-કયા અનર્થ કર્યા નથી?' સઘળો ભૂતકાળ તેની આંખો સામે નાચવા લાગે છે. તે વિચારે છે, અરે, મેં આ બધા પાપમય આચરણો એવા વિચારથી પ્રેરિત થઈને કર્યા હતા કે જાણે હું સદા અજર-અમર રહીશ, ક્યારેય મરીશ નહિ. હું ભૂલી ગયો હતો કે જે જન્મે છે, તે એક દિવસ ચોક્કસ મરે છે. **'कम्मसच्चा हु पाणिणो'**—ભગવાનની આ વાણી હું ભૂલી ગયો હતો. કરેલાં કર્મોનાં ફળ જરૂર ભોગવવા પડે છે.

મૃત્યુના ભયની સાથે-સાથે તેને નરકનો ભય પણ સતાવે છે. નરક પ્રત્યક્ષ નથી, પણ તેના વિચારોમાં નરક પ્રત્યક્ષ થઈ આવે છે અને તે સંત્રસ્ત થઈ 'કર્માનુપ્રેક્ષી' બની જાય છે—પોતાના સમસ્ત આચરણોને જુએ છે.

વૃત્તિકારે અહીં એક સુંદર શ્લોક પ્રસ્તુત કર્યો છે[2]—

भवित्रीं भूतानां परिणतिमनालोच्य नियतां,<br>
पुरा यत् यत् किञ्चिद् विहितमशुभं यौवनमदात् ।<br>
पुनः प्रत्यासन्ने महति परलोकैकगमने,<br>
तदेवैकं पुंसां व्यथयति जराजीर्णवपुषाम् ॥

સુખબોધામાં એક પ્રાચીન ગાથા ઉદ્ધૃત છે[3]—

कीरंति जाइं जोव्वणमएण अवियारिऊण कज्जाइं ।<br>
वयपरिणामे सरियाइं ताइं हियए खुडुक्कंति ॥

૧૯. સ્થાનો (ठाणा)

વૃત્તિમાં આના ચાર અર્થ મળે છે[4]—

૧. નારકોનું ઉત્પત્તિસ્થાન—નારકો સાંકડા મોઢાવાળા ઘડા વગેરેમાં ઉત્પન્ન થાય છે.

૨. એક જ નારકમાં સીમંતક, અપ્રતિષ્ઠાન ભિન્ન-ભિન્ન સ્થાનો.

૩. કુંભી, વૈતરણી, અસિપત્રક વનસ્થાન વગેરે.

૪. ભિન્ન-ભિન્ન આયુષ્યવાળા નરક-સ્થાનો.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ. १३४ : तैस्तैर्दुःखप्रकारैरात्मानं तंकयतीत्यातंकः ।

२. बृहद्वृत्ति, पत्र ३४६ ।

३. सुखबोधा, पत्र १०४ ।

४. बृहद्वृत्ति, पत्र २४७ ।

**૨૦. જ્યાં પ્રગાઢ વેદના છે (पगाढा जत्थ वेयणा)**

પ્રગાઢના ત્રણ અર્થ છે—નિરંતર, તીવ્ર અને ઉત્કટ.[1] ચૂર્ણિમાં વેદનાના બે પ્રકારોનો નિર્દેશ છે—શીત વેદના અને ઉષ્ણ વેદના અથવા શારીરિક વેદના અને માનસિક વેદના.[2]

**૨૧. ઔપપાતિક (उववाइयं)**

જીવોની ઉત્પત્તિના ત્રણ પ્રકારો છે—ગર્ભ, સમ્મૂર્છન અને ઉપપાત. પશુ, પક્ષી, મનુષ્ય વગેરે ગર્ભજ હોય છે. દ્વીન્દ્રિય વગેરે જીવો સમ્મૂર્છનજ અને નારક તથા દેવ ઔપપાતિક હોય છે. ઔપપાતિક જીવો અંતર્મુહૂર્ત માત્રમાં પૂર્ણ શરીરવાળા બની જાય છે. આથી નરકમાં ઉત્પન્ન થતાં જ તે જીવો નરકની વેદનાથી પીડાવા લાગે છે.[3]

**૨૨. કૃત કર્મો અનુસાર (आहाकम्मेहिं)**

ચૂર્ણિકાર અને નેમિચન્દ્ર આનો અર્થ 'કર્મો અનુસાર' એવો આપે છે.[4] શાન્ત્યાચાર્યે આનો મૂળ અર્થ 'પોતાના કરેલાં કર્મો વડે' એવો કર્યો છે અને વિકલ્પે અર્થ કર્યો છે—'કર્મો અનુસાર'.[5]

**૨૩. ધુરી (अक्खे)**

'अक्ष' શબ્દના અનેક અર્થ છે—પૈડું, ચક્ર, ચોસર, પૈડાંની ધરી, ગાડાની ધૂંસરી વગેરે.

પ્રસ્તુત શ્લોકમાં 'અક્ષ'નો અર્થ ધરી છે. ધરીનો અર્થ છે—લાકડી કે લોઢાનો એ દંડો જેના આધારે પૈડું ફર્યા કરે છે. વૃત્તિમાં જે નિરુક્ત છે તે પણ આ જ અર્થનું દ્યોતક છે—'अश्नीते नवनीतादिकमित्यक्षो धूः'—જે સ્નિગ્ધ પદાર્થ—ઘી, તેલ વગેરેથી તરબોળ રહે છે, તે ધૂ—ધરી કહેવાય છે.[6]

**૨૪. એક જ દાવમાં (कलिना)**

ચૂર્ણિકાર 'કલિ' વિષયમાં મૌન છે.[7] શાન્ત્યાચાર્ય અને નેમિચન્દ્ર બંનેએ 'कलिना दायेन' એટલું કહીને છોડી દીધું છે.[8]

પરંતુ અન્ય પ્રાચીન ગ્રંથો અનુસાર જુગારમાં બે પ્રકારના દાવ રહેતા—કૃતદાવ અને કલિદાવ. 'કૃત' જીતનો દાવ છે અને 'કલિ' હારનો. બંને એકબીજાથી વિરુદ્ધ છે.

સૂત્રકૃતાંગ અનુસાર જુગાર ચાર અક્ષો (પાસા)થી રમવામાં આવતો. તેમનાં નામ છે—

૧. કલિ—એકક ૨. દ્વાપર—દ્વિક ૩. ત્રેતા—ત્રિક ૪. કૃત—ચતુષ્ક

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १३५ : पगाढा णाम णिरंतरा: तीव्रा: उक्कडा ।
(ખ) बृहद्वृत्ति, पत्र २४७ ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १३५ : वेद्यंत इति वेदना: शीता उष्णा च, अथवा शारीरमानसा: ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १३५ : उपपातात्संजातमौपपातिकं, न तत्र गर्भव्युत्क्रांतिरस्ति येन गर्भकालान्तरितं तन्नरकदु:खं स्यात्, ते हि उत्पन्नमात्रा एव नरकवेदनाभिरभिभूयन्ते ।

૪. (ક) એજન, पृ. १३५ : आधाकम्मेहिं यथाकर्मभि: ।
(ખ) सुखबोधा, पत्र १०५ :

૫. बृहद्वृत्ति, पत्र २४७ : 'आहाकम्मेहिं' ति आधानमाधा-करणम्, आत्मनेति गम्यते, तदुपलक्षितानि कर्माण्याधा-कर्माणि, तै: आधाकर्मभि:—स्वकृतकर्मभि:, यद्वाऽर्षत्वात् 'आहेति' आधाय कृत्वा, कर्माणीति गम्यते, ततस्तैरेव कर्मभि:,....यद्वा—'यथाकर्मभि:' गमिष्यमाणगत्यनुरूपै: तीव्रतीव्रतराद्यनुभावान्वितै: ।

૬. बृहद्वृत्ति, पत्र २४७ ।

૭. उत्तराध्ययन चूर्णि, पृ. १३६ ।

૮. (ક) बृहद्वृत्ति, पत्र २४८ ।
(ખ) सुखबोधा, पत्र १०५ ।

ચારે પાસા સીધાં કે ઊંધા એકસરખા પડે છે, તેને 'કૃત' કહેવામાં આવે છે. આ જીતનો દાવ છે. એક, બે અથવા ત્રણ પાસા ઊંધા પડે તો તેને ક્રમશઃ કલિ, દ્વાપર, ત્રેતા કહેવામાં આવે છે. તે બધા હારના દાવ છે. કુશળ જુગારી તેમને છોડી 'કૃતદાવ' જ નાખે છે.[1]

કાશિકામાં લખવામાં આવ્યું છે કે પંચિકા નામનો જુગાર અક્ષ અથવા પાંચ શલાકાઓ વડે રમવામાં આવતો. જ્યારે પાંચે પાસા સીધા અથવા ઊંધા એકસરખા પડે છે ત્યારે પાસા ફેંકનાર જીતી જાય છે, તેને 'કૃતદાવ' કહે છે. 'કલિદાવ' તેનાથી વિપરીત છે. જ્યારે કોઈ પાસો સીધો કે ઊંધો પડે છે ત્યારે તેને 'કલિદાવ' કહેવાય છે.

ભૂરિદત્ત જાતકમાં 'કલિ' અને 'કૃત' બંનેને એકબીજાથી વિપરીત માનવામાં આવ્યા છે.[2]

છાંદોગ્ય ઉપનિષદમાં પણ 'કૃત' જીતનો દાવ છે.[3] મહાભારત (સભાપર્વ ૫૨।૧૩)માં શકુનિને 'કૃતહસ્ત' કહેવામાં આવ્યો છે અર્થાત્ જે હંમેશા જીતનો દાવ જ નાખે છે.

પાણિનિના સમયમાં બંને પ્રકારના દાવ નાખવા માટે ભાષામાં જુદી-જુદી નામધાતુઓ વપરાતી હતી. તેનો સૂત્રકારે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે—**कृतं गृण्हाति—कृतयति, कलिं गृण्हाति—कलयति ।** (૩।૧।૨૧)[4]

વિધુર પંડિત જાતકમાં પણ 'कृतं गृण्हाति कलिं गृण्हाति' એવા પ્રયોગ મળે છે.[5]

જુગારના ખેલના નિયમો મુજબ જ્યારે કોઈ ખેલાડીનો 'કૃતદાવ' આવતો રહે, ત્યારે તે જ પાસા નાખતો જતો. પણ જેવો 'કલિદાવ' આવે, પાસા નાખવાનો વારો બીજા ખેલાડીનો થઈ જતો.

## ૨૫. જુગારી (धुत्ते)

ધૂર્ત શબ્દના અનેક અર્થ છે—વંચક, ઠગ, માયાવી, જુગારી વગેરે. સામાન્યપણે આ શબ્દ 'ઠગ'ના અર્થમાં વધારે પ્રયોજાય છે, પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં તે જુગારીના અર્થમાં વપરાયેલો છે.[6]

## ૨૬. (શ્લોક ૧૭)

પ્રસ્તુત અધ્યયનના પ્રથમ સત્તર શ્લોકોમાં અજ્ઞાની વ્યક્તિઓની વિચારધારા, જીવનશૈલી, મરણકાળની સ્થિતિ તથા પરલોકગમનની દિશાનું વર્ણન મળે છે. બાકીના આગળના શ્લોકોમાં સંયમી મુનિ અને વ્રતધારી શ્રાવકોની વિચારધારા, જીવનશૈલી, મારણાંતિક અવધારણા અને સુગતિગમનનું સુંદર વર્ણન છે.

## ૨૭. જિતેન્દ્રિય પુરુષોના (वुसीमओ)

અહીં બહુવચનની જગ્યાએ એકવચન છે. બૃહદ્વૃત્તિમાં તેનું સંસ્કૃત રૂપ છે—'वश्यवताम्'. આત્મા અને ઇન્દ્રયો જેને વશ્ય—અધીન હોય છે, તેને 'वश्यवान्' કહેવામાં આવે છે. 'वुसीम'ના બે વધુ અર્થ કરવામાં આવ્યા છે—(૧) સાધુગુણોથી

---

૧. सूयगडो, १।२।४५ :
कुजए अपराजिए जहा अक्खेहिं कुसलेहिं दीवयं ।
कडमेव गहाय णो कलिं णो तेयं णो चेव दापरं ॥

૨. जातक, संख्या ५४३ ।

૩. छान्दोग्य उपनिषद्, ४।१।४ : यथा कृतायविजितायाधरेयाः संयन्त्येवमेनं सर्वं तदभिसमेति ।

૪. पाणिनीकालीन भारतवर्ष, पृ. १६७ ।

૫. जातक, संख्या ५४५ ।

૬. (ક) बृहद्वृत्ति, पत्र २४८ : धूर्त इव—द्यूतकार इव ।
(ખ) अभिधान चिंतामणि ३।१४९ : कितवो द्यूतकृद्धूर्तोऽक्षधूर्तः ।

વસનાર અને (૨) સંવિગ્ન.[1]

સરપેન્ટિયરે લખ્યું છે કે તેનું સંસ્કૃત રૂપ 'वश्यवन्त' શંકાસ્પદ છે. હું તેના સ્થાને બીજો ઉચિત શબ્દ આપી શકતો નથી. પરંતુ તેના સ્થાને 'व्यवसायवन्तः' શબ્દની યોજના કેટલેક અંશે સંભવિત થઈ શકે છે.[2]

સરપેન્ટિયરની આ સંભાવના બહુ ઉપયોગી નથી. ખરેખર તો 'वुसीम' શબ્દ કાં તો દેશી છે અથવા જેનું સંસ્કૃત રૂપ કોઈ થતું જ નથી અને તે દેશી નથી તો પછી તેનું સંસ્કૃત રૂપ 'वृषीमत्' હોવું જોઈએ.

'वृषी'નો અર્થ છે—'મુનિનું કુશ વગેરેનું બનેલું આસન'.[3] સૂત્રકૃતાંગમાં શ્રમણનાં ઉપકરણોમાં 'वृषिक' (भिसिग)નો ઉલ્લેખ છે.[4] તેના સંબંધને લીધે મુનિને 'वृषीमान्' કહેવામાં આવે છે. વ્યાકરણની દૃષ્ટિએ 'वुसीम'નું સંસ્કૃત રૂપ 'वृषीमत्' થાય છે. તેનો પ્રવૃત્તિલભ્ય અર્થ છે—મુનિ, સંયમી અથવા જિતેન્દ્રિય.

નિશીથ ભાષ્યમાં આ જ અર્થમાં 'वुसिराती'[5] (સં. वृषिराजिन्) તથા 'वुसि'[6] (સં. वृषिन्) શબ્દો મળે છે. 'वुसि'નો અર્થ 'સંવિગ્ન' કરવામાં આવ્યો છે.[7]

સૂત્રકૃતાંગમાં 'वुसीमओ'નો અનેક વાર પ્રયોગ થયો છે. ચૂર્ણિકારે તેના અર્થ આ પ્રમાણે કર્યા છે—

वुसिमतां वसूनि ज्ञानादीनि (૧।૮।૧૯, ચૂર્ણિ, પૃ. ૨૧૩).

वुसिमानिति संयमवान् । (૧।૧૧।૧૫ ચૂર્ણિ, પૃ. ૨૪૫).

वुसिमांश्च भगवान्—साधु र्वा वुसीमान् (૧।૧૫।૪ ચૂર્ણિ, પૃ. ૨૯૯).

वुसियं वुसिमं वुत्तो (૨।૬।૧૪ ચૂર્ણિ, પૃ. ૪૨૩).

પહેલા અર્થ પરથી લાગે છે કે ચૂર્ણિકાર 'वसुमओ' પાઠની વ્યાખ્યા કરી રહ્યા છે. આયારો ૧।૧૭૪માં 'वसुम'—શબ્દ મુનિ માટે પ્રયુક્ત થયો છે. શીલાંકસૂરિએ તેનો અર્થ 'वसुमान्' સમ્યક્ત્વ વગેરે ધનના સ્વામી એવો કર્યો છે.[8] બીજા અર્થમાં 'वुसि' સંયમનો પર્યાયવાચી છે. ત્રીજામાં એ જ ભગવાન અથવા સાધુ માટે પ્રયોજાયો છે. ચોથો અર્થ સ્પષ્ટ નથી. શીલાંકસૂરિએ ત્યાં 'वुसिम'નો અર્થ સંયમવાન એવો કર્યો છે.[9] એમ લાગે છે કે 'वृषी' ઉપકરણને લીધે वृषीमान् (वुसीम) મુનિનું એક નામ બની ગયું.

બૌદ્ધ સાહિત્યમાં વશી કે વૃષીનો અર્થ છે—કૌશલ્ય. તેના પાંચ પ્રકાર છે—

૧. आवर्जन वशी—મનને ધ્યાનમાં લગાડવાનું કૌશલ્ય.

૨. समापज्जनवशी—ધ્યાનમાં પ્રવેશ મેળવવાનું કૌશલ્ય.

૩. अधिष्ठानवशी—ધ્યાનમાં અધિષ્ઠાન ટકાવી રાખવાનું કૌશલ્ય.

---

૧. (ક) बृहद्वृत्ति, पत्र २४९ : 'वुसीमतो' त्ति, आर्षत्त्वाद्वश्यवतां वश्य इत्यावत्तः, से चेह्रात्मा इन्द्रियाणि वा, वश्यानि विद्यन्ते येषां ते अमी वश्यवन्तः तेषाम्, अयमपरः सम्प्रदायार्थः—वसंति वा साहुगुणेहिं वुसीमन्तः, अहवा वुसीमा—संविग्गां तेसिं ति ।

(ખ) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १३७ : 'वुसीमतो' वशे येषामिन्द्रियाणि ते भवति वुसीमं, वसंति वा साधुगुणेहिं वुसीमंतः, अथवा वुसीमंतः ते संविग्गा, तेसिं वुसीमतां संविग्गाणं वा ।

२. उत्तराध्ययन सूत्र, पृ. २११, फूटनोट १८ ।

૩. अभिधान चिंतामणि, ३। ४८० ।

४. सूयगडो २।२।३० : दंडगं वा, छत्तगं वा, भण्डगं वा, मत्तगं वा, लट्ठिगं वा, भिसिगं वा...।

५. निशीथ भाष्य, गाथा ५४२० ।

૬. એજન, गाथा ५४२१ ।

૭. એજન, गाथा ५४२१ ।

૮. आयारो १।१७४, वृत्ति—भाव वसूनि सम्यक्त्वादीनि तानि यस्य यस्मिन् वा सन्ति स वसुमान् द्रव्यवानित्यर्थः ।

૯. सूयगडो २।६।१४, वृत्ति १४४ : वुसिमं ति संयमवान् ।

૪. व्युत्थानवशी—ધ્યાન સંપન્ન કરવાનું કૌશલ્ય.

૫. प्रत्यवेक्षणवशी—ધ્યાનની બધી વિધિઓ તથા તથ્યોની સમાલોચના કરવાનું કૌશલ્ય.

આ પાંચ પ્રકારના वशी (કૌશલ્ય) ધ્યાનમાં પ્રવેશ કરવાની કુશળતા, યોગ્યતા અને ગતિમાં તીવ્રતા ઉત્પન્ન કરે છે. તેમનાથી વ્યક્તિ ધ્યાન પર પૂરેપૂરું નિયંત્રણ મેળવી શકે છે.

**૨૮. પ્રસન્ન (विप्पसन्नं)**

આ મરણનું વિશેષણ છે. જે વ્યક્તિ મરણકાળે વિવિધ ભાવનાઓ વડે પોતાના આત્માને ભાવિત કરે છે, મૂર્છા વડે ઘેરાતો નથી, વ્યાકુળ બન્યા વિના પ્રસન્નતાથી મરણનું વરણ કરે છે, તેનું મરણ વિપ્રસન્ન-મરણ કહેવાય છે.

**૨૯. વિવિધ પ્રકારના શીલવાળા (नाणासीला)**

ગૃહસ્થો નાનાશીલ—વિવિધ શીલવાળા, વિભિન્ન રુચિવાળા અને વિભિન્ન અભિપ્રાયવાળા હોય છે.[1] તેની વ્યાખ્યા કરતાં નેમિચન્દ્ર લખે છે—'કોઈ કહે છે—ગૃહસ્થાશ્રમનું પાલન કરવું એ જ મહાવ્રત છે.' કોઈ કહે છે—'ગૃહસ્થાશ્રમથી ઉત્કૃષ્ટ કોઈ ધર્મ થયો નથી અને થશે નહિ, જે શૂરવીર હોય છે તેઓ તેનું પાલન કરે છે અને નામર્દ વ્યક્તિઓ પાખંડનો આશ્રય લે છે.' કોઈ કહે છે—'સાતસો શિક્ષાપ્રદ ગૃહસ્થોના વ્રતો છે' વગેરે વગેરે.[2]

**૩૦. વિષમ શીલવાળા (विसमसीला)**

સાધુ પણ વિષમ શીલવાળા—વિષમ આચારવાળા હોય છે. શાન્ત્યાચાર્યે લખ્યું છે—કોઈ પાંચ યમ અને પાંચ નિયમોને, કોઈ કંદ, મૂળ, ફળના આહારને અને કોઈ આત્મ-તત્ત્વના પરિજ્ઞાનને જ વ્રત માને છે.[3]

ચૂર્ણિકાર અનુસાર—કેટલાક કુપ્રવચન-ભિક્ષુ અભ્યુદયની જ કામના કરે છે, જેમ કે તાપસ અને પાંડુરક (શિવભક્ત-સંન્યાસી). જે મોક્ષ ઇચ્છે છે, તેઓ પણ તેનાં સાધનોને સમ્યક્ પ્રકારે જાણતા નથી. તેઓ હિંસા વડે મોક્ષ મળવામાં માને છે. લોકોત્તર ભિક્ષુ પણ બધા જ પ્રકારના નિદાન અને શલ્ય રહિત નથી હોતા, આશંસા રહિત તપ કરનારા નથી હોતા, એટલા માટે ભિક્ષુઓને વિષમ-શીલ કહ્યા છે.[4]

**૩૧. (શ્લોક ૨૦)**

ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે—અવ્રતી, દેશવ્રતી અને સર્વવ્રતી. આ શ્લોકમાં દર્શાવવામાં આવ્યું છે કે અવ્રતી અથવા નામધારી ભિક્ષુઓ કરતાં દેશવ્રતી ગૃહસ્થ સંયમમાં ચડિયાતા હોય છે અને તેમની અપેક્ષાએ સર્વવ્રતી ભિક્ષુઓ સંયમમાં

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १३७ : नानार्थांतरत्वेन शीलयंति तदिति शीलं—स्वभाव:, अगारे तिष्ठतीत्यागारत्था, ते हि नानाशीला नानारुचयो—नानाच्छंदा भवंति ।

૨. सुखबोधा, पत्र १०६ : तेषु हि गृहिणस्तावद् अत्यन्तनाना-शीला एव, यत: केचित् 'गृहाश्रमप्रतिपालनमेव महाव्रतमिति प्रतिपन्ना: ।
गृहाश्रमपरो धर्मो, न भूतो न भविष्यति ।
पालयन्ति नरा: शूरा:, क्लीबा: पाखण्डमाश्रिता: ॥ १ ॥
इति वचनात् । अन्ये तु 'सप्तशिक्षापदशतानि गृहिणां व्रतम्' इत्याद्यनेकधैव ब्रुवते ।

૩. बृहद्वृत्ति, पत्र २४१ : 'विषमम्' अतिदुर्लक्षतयाऽतिगहनं विसदृशं वा शीलमेषां विषमशीला: ......भिक्षवोऽप्यत्यन्तं विषमशीला एव, यतस्तेषु केषाञ्चित्पञ्चयमनियमात्मकं व्रतमिति दर्शनम्, अपरेषां तु कन्दमूलफलाशितैव इति,अन्येषामात्मतत्त्वपरिज्ञानमेवेति विसदृशशीलता ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १३७ : कुप्रवचनभिक्षवोऽपि केचिदभ्युदयावेव तथा तापसा: पांडुरागाश्च, येऽपि मोक्षायोत्थिता तेऽपि तमन्यथा पश्यन्ति....तथैव लोकोत्तर-भिक्षवोऽपि ण सव्वे अणिदाणकरा णिस्सल्ला वा, ण वा सव्वे आसंसापयोगनिरुपहततपसो भवंति इत्यतो विसम-सीला य भिक्षुणो ।

અગ્રણી હોય છે. આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવી છે[૧]—

એક શ્રાવકે સાધુને પૂછ્યું—'શ્રાવક અને સાધુઓમાં શું તફાવત છે ?' સાધુએ કહ્યું—'રાઈ અને મંદર પર્વત જેટલો.' ત્યારે ફરી તેણે આકુળ થઈને પૂછ્યું—'કુલિંગી (વેષધારી) અને શ્રાવકમાં શું તફાવત છે ?' સાધુએ કહ્યું—'એ જ, રાઈ અને મંદર પર્વત વચ્ચેના તફાવત જેટલો.' તેનું સમાધાન થઈ ગયું. કહ્યું પણ છે—

सुविहित आचार वाले मुनियों के श्रावक देश विरत होते हैं।

कुतीर्थिक उनकी सौवीं कला को भी प्राप्त नहीं होते।

પ્રસ્તુત શ્લોકના પ્રસંગમાં આચાર્ય નેમિચન્દ્રની વૃત્તિમાં એક સંદર્ભ મળે છે[૨]—

એક વાર એક શ્રાવકે સાધુને પૂછ્યું—'ભંતે ! શ્રાવકોમાં અને સાધુઓમાં શું તફાવત છે ?' 'વત્સ ! રાઈ અને મંદર પર્વત જેટલો તફાવત છે.' આ સાંભળી શ્રાવકનું મન આકુળ-વ્યાકુળ થઈ ગયું. તેણે ફરી પૂછ્યું—'ભંતે ! કુલિંગી સાધુઓમાં અને શ્રાવકોમાં શું તફાવત છે ?' સાધુએ કહ્યું—'બંનેમાં રાઈ અને મંદર પર્વત જેટલો તફાવત છે.' આ સાંભળી શ્રાવકનું મન આશ્વસ્ત થયું. એક પદ્ય છે—

**देसिक्कदेसविरया समणाणं सावगा सुविहियाणं।**

**तेसिं परपासंडा एक्कंपि कलं न ग्गहन्ति॥**

દેશવિરતિ શ્રાવક સુવિહિત સાધુઓની બરાબરી ન કરી શકે, તેમની સોળમી કળાના એક અંશની તુલનામાં પણ ન આવી શકે. આ રીતે પાખંડી સાધુ આવા શ્રાવકોની આંશિક તુલનામાં પણ ઊભા ન રહી શકે.

### ૩૨. સાધુની (परियागयं)

વૃત્તિકારે 'पर्यागत'નો અર્થ—પર્યાય-આગત—પ્રવ્રજિત કર્યો છે. 'पर्यागत'શબ્દ જ પ્રવ્રજિતના અર્થમાં વપરાયો છે.[૩] એટલા માટે 'पर्यायागत' શબ્દ માનીને તેમાંથી 'या'નો લોપ કરવાની પ્રક્રિયા અપેક્ષિત નથી.

વૃત્તિમાં આનો વૈકલ્પિક અર્થ—દુઃશીલના પર્યાયને પ્રાપ્ત એવો કર્યો છે.[૪]

'પર્યાગત'ના મૂળ અર્થની પરંપરા વિલુપ્ત થવાને કારણે આવા અર્થો કરવામાં આવ્યા છે.

### ૩૩. (શ્લોક ૨૧)

આ શ્લોકમાં વલ્કલ ધારણ કરનારા, ચર્મ ધારણ કરનારા, જટા રાખનારા, સંઘાટી રાખનારા અને મુંડ રહેનારા—એટલા વિચિત્ર લિંગધારી કુપ્રવચન-ભિક્ષુઓનો ઉલ્લેખ થયો છે. આ બધા શબ્દો તે સમયના વિભિન્ન ધાર્મિક સંપ્રદાયોના સૂચક છે. સરખાવો—

---

१. बृहद्वृत्ति, पत्र २५० : तथा च वृद्धसम्प्रदायः—एगो सावगो साहुं पुच्छति—सावगाणं साहूणं किमंतरं ? साहुणा भण्णति—सरिसवमंदरंतरं, ततो सो आउलीहूओ पुणो पुच्छति – कुलिंगीणं सावगाण य किमंतरं ?, तेण भण्णति – तदेव सरिसवमंदरंतरंति, ततो समासासित्तो, जतो भणीयं
"देसेक्कदेसविरया समणाणं सावगा सुविहियाणं।
जेसिं परपासंडा सतिमंपि कलं न अग्घंति॥"

२. सुखबोधा, पत्र १२७।

३. आप्टे संस्कृत इंग्लिश डिक्शनरी।

४. बृहद्वृत्ति, पत्र २५० : परियागयं ति पर्यायागतं—प्रव्रज्या-पर्यायप्राप्तम्, आर्षत्वाच्च याकारस्यैकस्य लोपः।...... दुःशीलमेव दुष्टशीलात्मकः पर्यायस्तमागतम् दुःशीलपर्यायागतम्।

(ક) न नग्गचरिया न जटा न पंका, नानासका थंडिलसायिका वा ।
रज्जो च जल्लं उक्कटिकप्पधानं, सोधेंति मच्चं अवितिण्णकंखं ॥
(धम्मपद १०।१३)

(ખ) तथा च वाचकः–
चर्मवल्कलचीराणि, कूर्चमुण्डशिखाजटाः ।
न व्यपोहन्ति पापानि, शोधकौ तु दयादमौ ॥
(सुखबोधा, पत्र १२७)

**चीर**–ચૂર્ણિમાં આનો અર્થ વલ્કલ[1] અને બૃહદ્‌વૃત્તિમાં ચીવર એવો કરવામાં આવ્યો છે.[2]

**नगिणिणं**–આનો અર્થ છે નગ્નતા. અહીં ચૂર્ણિકારે તે સમયે પ્રચલિત કેટલાક નગ્ન સંપ્રદાયોનો નામોલ્લેખ કર્યો છે. મૃગચારિક, ઉદ્દંડક (હાથમાં દંડો ઊંચો રાખી ચાલનારા તાપસોનો સંપ્રદાય) અને આજીવક સંપ્રદાયના સાધુઓ નગ્ન રહેતા હતા.[3]

**संघाडि**–સંઘાટી–કપડાના ટુકડા સાંધીને બનાવવામાં આવેલ સાધુઓનું એક ઉપકરણ.[4] આ શબ્દ વડે સૂત્રકાર સંભવતઃ બૌદ્ધ શ્રમણો પ્રતિ સંકેત કરે છે. મહાત્મા બુદ્ધે તેર ધુતાંગોનું વર્ણન કર્યું છે. તેમાં બીજું ધુતાંગ છે–ત્રૈચીવરિકાંગ. સંઘાટી, ઉત્તરાસંગ અને અન્તર-વાસક–બૌદ્ધ ભિક્ષુનાં આ ત્રણે વસ્ત્રો છે. જે ભિક્ષુ માત્ર આ ત્રણ જ ધારણ કરે છે તેને ત્રૈચીવરિક કહે છે અને તેમનું તે ધુતાંગવ્રત ત્રૈચીવરિકાંગ કહેવાય છે.[5]

**मुण्डिणं**–જે પોતાના સિદ્ધાંત અનુસાર ચોટલી રાખતા તેવા સંન્યાસીઓના આચારનો મુંડિત્વ શબ્દ વડે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[6]

### ૩૪. (पिंडोलए....ण मुच्चइ)

ભિક્ષાજીવી પણ જો દુઃશીલ હોય છે તો તેને પણ નરકની યાતના ભોગવવી પડે છે.

રાજગૃહ નગરના નાગરિકો પ્રસંગોપાત્ત મનોરંજન માટે પર્વતની તળેટીમાં એકઠા થતા. આ દિવસે એક ભિક્ષુ પણ ત્યાં ભિક્ષા માટે જતો. એક વાર તેને ભિક્ષા મળી નહિ. તે અત્યંત કોપાયમાન થઈ ગયો. તેના મનમાં બદલાની ભાવના બળવાન બની. તે વૈભાર પર્વત પર ચડ્યો. પર્વતની તળેટીમાં સેંકડો લોકો ગોષ્ઠિમાં મગ્ન હતા. તેણે એક વિશાળ શિલા નીચે ગબડાવી અને મનોમન વિચાર્યું, આ શિલા નીચે અનેક લોકો કચડાઈને મરે તો મજા આવી જાય. મને ભિક્ષા ન દેવાનું તેમને ફળ મળશે. તે આવા રૌદ્ર ધ્યાનમાં લીન થઈ ગયો. સંયોગવશ તે મોટી શિલા સાથે તેનો પગ પણ લપસ્યો અને તે પોતે જ તે શિલા નીચે દબાઈને લોચો થઈ ગયો. રૌદ્ર ધ્યાનમાં મરીને તે નરકમાં ઉત્પન્ન થયો.[7]

### ૩૫. (भिक्खाए....कम्मई दिवं)

વ્રતોના પરિપાલનનો મુખ્ય ઉદ્દેશ છે–નિર્જરા, મોક્ષની પ્રાપ્તિ, મોક્ષ પ્રતિ પ્રસ્થાન.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १३८ : चीरं–वल्कलम् ।
૨. बृहद्वृत्ति, पत्र २५० : चीराणि च–चीवराणि ।
૩. उत्तराध्ययन चूर्णि, पृ. १३८ : णियणं णाम नग्गा एव, यथा मृगचारिका उद्दण्डकाः आजीवकाश्च ।
૪. बृहद्वृत्ति, पत्र ५२० : संघाटी–वस्त्रसंहतिजनिता ।
૫. विशुद्धिमार्ग १।२, पृ. ६० ।
૬. (ક) बृहद्वृत्ति, पत्र २५० : 'मुंडिणं' ति यत्र शिखाऽपि स्वसमयतश्छिद्यते, ततः प्राग्वत् मुण्डित्वम् ।
(ખ) सुखबोधा, पत्र १०६ ।
૭. (ક) उत्तराध्ययन चूर्णि पृ. १३८ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २५१ ।

પ્રસ્તુત પ્રસંગમાં દેવલોકગમનની જે વાત કહેવામાં આવી છે, તે વ્રત-પાલનનું જઘન્ય પરિણામ છે. વ્રતોના પાલનની તરતમતા અનુસાર ફલ-પ્રાપ્તિ થાય છે. વ્રત-પાલનનું ઉત્કૃષ્ટ પરિણામ છે—મોક્ષ અને જઘન્ય પરિણામ છે—દેવલોકની પ્રાપ્તિ. પ્રાચીન શ્લોક છે[1]—

'अविराहियसामण्णस्स साहुणो, सावगस्स य जहण्णो ।
उववातो सोहम्मे भणितो तेलोक्कदंसीहि ॥'

—જે વ્યક્તિ પોતાના શ્રામણ્ય કે શ્રાવકત્વનું અવિરાધિત રૂપે પાલન કરે છે, તેની જઘન્ય પરિણતિ સૌધર્મ દેવલોક હોય છે. આ તીર્થંકરોનું વચન છે.

આ વૃત્તિકારનો મત છે.

ઠાણં સૂત્રમાં સ્વર્ગપ્રાપ્તિના ચાર કારણો બતાવવામાં આવ્યા છે[2]—(૧) સરાગ-સંયમ (૨) સંયમાસંયમ (૩) બાલ તપકર્મ અને (૪) અકામ-નિર્જરા.

વ્રત અને સંયમ—આ સ્વર્ગના સાક્ષાત્ કારણો નથી. સૂત્રનો આશય એવો છે કે વ્રતી અને સંયમીની સુગતિ થાય છે. તેનું સાક્ષાત્ કારણ પુણ્યબંધ છે. વ્રતની સાથે નિર્જરા થાય છે અને પુણ્યબંધ તેનું પ્રાસંગિક ફળ છે.

### ૩૬. ગૃહસ્થ-સામાયિકના અંગોનું (अगारि-सामाइयंगाइं)

સામાયિક શબ્દનો અર્થ છે—સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર. તેના બે પ્રકાર છે—અગારી (ગૃહસ્થ)નું સામાયિક અને અનગારનું સામાયિક. ચૂર્ણિકારે અગારિ-સામાયિકનાં બાર અંગ બતાવ્યાં છે.[3] તે શ્રાવકના બાર વ્રતો કહેવાય છે.

શાન્ત્યાચાર્યે અગારિ-સામાયિકના ત્રણ અંગોનો ઉલ્લેખ કર્યો છે—નિઃશંકભાવ, સ્વાધ્યાય અને અણુવ્રત.[4]

વિશેષાવશ્યક-ભાષ્યકારે સામાયિકનાં ચાર અંગો બતાવ્યાં છે—

(૧) સમ્યક્ દૃષ્ટિ સામાયિક (૩) દેશવ્રત (અણુવ્રત) સામાયિક

(૨) શ્રુતસામાયિક (૪) સર્વવ્રત (મહાવ્રત) સામાયિક[5]

આમાં પ્રથમ ત્રણ અગારિ સામાયિકનાં અંગો હોઈ શકે છે.

### ૩૭. પોષધને (पोसहं)

આને શ્વેતાંબર સાહિત્યમાં 'पोषध' અથવા 'प्रोषध' (ઉત્તરાધ્યયન ચૂર્ણિ, પૃ. ૧૩૯), દિગંબર સાહિત્યમાં 'प्रोषध' અને બૌદ્ધ સાહિત્યમાં 'उपोसथ' કહેવામાં આવે છે. આ શ્રાવકના બાર વ્રતોમાં અગિયારમું વ્રત છે. આમાં અસન, પાન, ખાદ્ય, સ્વાદ્યનું તથા મણિ, સુવર્ણ, માળા, ઉબટન, વિલેપન, શસ્ત્ર-પ્રયોગનું પ્રત્યાખ્યાન તથા બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે છે.[6] તેની આરાધના અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા—આ પર્વ-તિથિઓમાં કરવામાં આવે છે.[7] શંખ શ્રાવકના વર્ણન પરથી એમ જાણવા મળે છે કે અશન, પાન વગેરેનો ત્યાગ કર્યા વિના પણ પોષધ કરવામાં આવતો હતો.[8]

---

૧. बृहद्वृत्ति, पत्र २५१ ।

૨. ठाणं ४।६३१ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १३९ : अगारमस्यास्तीति अगारी, अगारसामाइयस्स वा अंगाणि आगारिसामाईयंगाणि, समय एव सामाइयं, अङ्गयतेऽनेनेति अंगं तस्स अंगाणि बारसविधो सावगधम्मो, तान्यगारसामाइयंगाणि, अगारिसामाइस्स वा अंगाणि ।

૪. बृहद्वृत्ति, पत्र २५१ : अगारिणो—गृहिणः सामायिकं—सम्यक्त्वश्रुतदेशविरतिरूपं तस्याङ्गानि—निःशंकताकालाध्ययनाणुव्रतादिरूपाणि अगारिसामायिकाङ्गानि ।

૫. विशेषावश्यकभाष्य, गाथा ११९६ : सम्मसुयदेससव्ववयाण, सामाइयाणमेक्कंपि ।

૬. भगवई, १२।६।

૭. ठाणं, ४।३६२। ૮. भगवई, १२।६।

વસુનંદિ શ્રાવકાચારમાં પ્રોષધના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે—ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. ઉત્તમ પ્રોષધમાં ચતુર્વિધ આહાર અને મધ્યમ પ્રોષધમાં પાણી સિવાયના ત્રિવિધ આહારનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. આયંબિલ (आचाम्ल) નિર્વિકૃતિ, એકસ્થાન અને એકભક્તને જઘન્ય પ્રોષધ કહેવામાં આવે છે. વિશેષ જાણકારી માટે જુઓ—વસુનંદિ શ્રાવકાચાર, શ્લોક ૨૮૦-૨૯૪.

સ્થાનાંગમાં 'पोषधोपवास' અને 'परिपूर्ण पोषध'—આવા બે શબ્દો મળે છે. પોષધ (પર્વદિન)માં જે ઉપવાસ કરવામાં આવે છે તેને પોષધોપવાસ કહેવામાં આવે છે.[1] પર્વતિથિઓમાં દિવસ-રાત સુધી આહાર, શરીર-સત્કાર વગેરેનો ત્યાગ તથા બ્રહ્મચર્યપૂર્વક જે ધર્મારાધના કરવામાં આવે છે તેને પરિપૂર્ણ-પોષધ કહેવામાં આવે છે.[2]

ઉપરોક્ત વર્ણનના આધારે પોષધની પરિભાષા આવી આપી શકાય—અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા વગેરે પર્વ-તિથિઓમાં ગૃહસ્થ ઉપવાસપૂર્વક ધાર્મિક આરાધના કરે છે, તે વ્રતને પોષધ કહેવામાં આવે છે.[3] બૌદ્ધ સાહિત્યમાં પણ ચતુર્દશી અને પૂર્ણિમાના દિવસે ઉપોસથ કરવાનું વર્ણન મળે છે.[4] શાન્ત્યાચાર્યે આસસેનનો એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે. તેમાં પણ અષ્ટમી અને પૂર્ણિમાના દિવસે પોષધ કરવાનું વિધાન છે.[5] 'पोसह' શબ્દનું મૂળ 'उपवसथ' હોવું જોઈએ. 'पोसह'નું સંસ્કૃત રૂપ પોષધ કરવામાં આવે છે અને તેની વ્યુત્પત્તિ કરવામાં આવે છે—પોષધ અર્થાત્ ધર્મની પુષ્ટિને ધારણ કરનાર. આ વ્યુત્પત્તિ તે ભાવનાને અભિવ્યક્ત નથી કરતી.

ચતુર્દશી વગેરે પર્વ-તિથિઓમાં ઉપવાસ કરવાનું વિધાન છે, એટલા માટે તે તિથિઓ પણ 'उपोस्थि' કહેવાય છે.[6] અને તે તિથિઓમાં કરવામાં આવનારી ઉપવાસ વગેરે ધર્મારાધનાને પણ ઉપોસથ કહેવામાં આવે છે.[7] 'उपोसथ'ના 'उ'કારનું અંતર્ધાન અને 'थ'નો 'ह' કરવાથી 'उपोसथ'નું 'पोसह' રૂપ પણ થઈ શકે છે.

બૌદ્ધ સંમત ઉપોસથ ત્રણ પ્રકારનો હોય છે—(૧) ગોપાલ-ઉપોસથ, (૨) નિર્ગ્રંથ-ઉપોસથ, (૩) આર્ય-ઉપોસથ.

**(૧) ગોપાલ-ઉપોસથ**

જેવી રીતે ગોવાળ માલિકોને ગાયો સોંપી એમ વિચારે છે કે આજ ગાયો અમુક-અમુક જગ્યાએ ચારો ચરી, કાલે અમુક-અમુક જગ્યાએ ચરશે તે જ રીતે ઉપોસથ-વ્રતી એવું વિચારે છે કે આજ મેં આ ખાધું, કાલે શું ખાઈશ વગેરે. તે લોભયુક્ત ચિત્ત સાથે દિવસ પસાર કરે છે, આ ગોપાલ-ઉપોસથ-વ્રત છે. તેનું ન ફળ મહાન હોય છે, ન મહાન પરિણામ હોય છે, ન તો મહાન પ્રકાશ હોય છે કે ન મહાન વિસ્તાર.[8]

**(૨) નિર્ગ્રંથ-ઉપોસથ**

નિર્ગ્રંથ પોતાના અનુયાયીઓને આવા પ્રકારનું વ્રત લેવડાવે છે—પૂર્વ, પશ્ચિમ, ઉત્તમ અને દક્ષિણ દિશામાં સો-સો યોજન સુધી જેટલાં પ્રાણી છે, તું તેમને હિંસાથી મુક્ત કર. આ રીતે કેટલાંક પ્રત્યે દયા વ્યક્ત કરે છે અને કેટલાંક પ્રત્યે નહિ. નિર્ગ્રંથ કહે છે—તું બધી વસ્તુઓનો ત્યાગ કરી આ પ્રકારનું વ્રત લે. ન હું ક્યાંય કોઈનો છું કે ન મારું ક્યાંય કોઈ છે—આવું વ્રત લેવું મિથ્યા છે, જૂઠું છે. તેઓ મૃષાવાદી છે. તે રાત્રિ વીત્યા પછી તેઓ પેલી ત્યક્ત વસ્તુઓને કોઈએ આપ્યા વિના જ ઉપયોગમાં લે છે. આ રીતે તેઓ ચોરી કરનાર હોય છે. આ વ્રતનું ન મહાન ફળ મળે છે, ન મહાન પરિણામ હોય છે, ન મહાન પ્રકાશ હોય છે કે ન મહાન વિસ્તાર.[9]

---

૧. ठाणं, ૪ । ३६२ ।
૨. એજન, ૪। ३६२, वृत्ति, पत्र २२५ : उद्दिष्टेत्यमावास्या परिपूर्णमिति अहोरात्रं यावत् आहारशरीरसत्कारत्यागब्रह्मचर्याव्यापारलक्षणभेदोपेतम् ।
૩. बृहद्वृत्ति, पत्र ३१५ : पोषं—धर्मपुष्टिं धत्त इति पोषधः—अष्टम्यादितिथिषु व्रतविशेषः ।
૪. विशुद्धिमार्ग, पृ. २७३ ।
૫. बृहद्वृत्ति, पत्र ३१५ : आह आससेनः—
'सर्वेष्वपि तपोयोगः प्रशस्तः कालपर्वसु ।
अष्टम्यां पंचदश्यां च, नियतं पोषधं वसेद् ॥
૬. मज्झिमनिकाय, पृ. ४५६ ।
૭. એજન, पृ. ३३८ ।
૮. अंगुत्तर निकाय, भा. १ पृ. २१२ ।
૯. એજન, पृ. २१२-१३ ।

(૩) આર્ય-ઉપોસથ

આર્ય-શ્રાવક તથાગતનું અનુસ્મરણ કરે છે. તેનું ચિત્ત મેલ-રહિત થઈ જાય છે. આર્ય-શ્રાવક ધર્મનું, સંઘનું, દેવતાઓનું અનુસ્મરણ કરે છે. તે હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય, મૃષાવાદનો ત્યાગ કરે છે, એકાહારી હોય છે.

पाणं न हाने न चादिन्नं आदिए । मुसा न भासे न च मज्जपो सिया ॥
अब्रह्मचर्य्या विरमेय्य मेथुना । रत्तिं न भुंजेय्य विकालभोजनं ।
मालं न धारेय्य न च गन्ध आचरे । मंचे छमायं वसथेय सन्थते ॥
एतं हि अट्ठंगिकमाहु पोसथं । बुद्धेण दुक्खंतगुणं पकासितं ॥[1]
चातुद्दसी पंचदसी याव पक्खस्स अट्ठमी । पाटिहारियपक्खं च अट्ठंगसुसमागतं ।
उपोसथं उपवसेय्य, यो पंस्स मादिसो नरो ॥[2]

આ પ્રકારોમાં નિર્ગ્રંથ-ઉપોસથ પર કેટલાક આક્ષેપ કરવામાં આવ્યા છે. પરંતુ ઉપોસથની સાધના અમુક કાળ માટે કરવામાં આવે છે અને તેનાં વ્રત પણ અમુક કાળ સુધી સ્વીકારવાનાં હોય છે—આ તથ્ય અનાગ્રહ-બુદ્ધિથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો આ આક્ષેપો આવશ્યક લાગે નહિ.

### ૩૮. ઔદારિક શરીર (छविपव्वाओ) :

'છવિ'નો અર્થ છે ચામડી અને 'પર્વ'નો અર્થ છે શરીરનાં સંધિ-સ્થળો—ઘૂંટણ, કોણી વગેરે. છવિપર્વનો તાત્પર્યાર્થ છે—'ઔદારિક'—ચર્મ, અસ્થિ વગેરેથી બનેલું શરીર.[3]

### ૩૯. યક્ષ-સલોકતા...ને પ્રાપ્ત થાય છે (जक्ख सलोगयं)

યક્ષ-સલોકતા—દેવ-તુલ્ય લોક અર્થાત્ દેવગતિ.[4] 'ઐતરેય આરણ્યક' અને 'બૃહદારણ્યક ઉપનિષદ'માં 'સલોકતા' પ્રયોગ મળે છે.

ઐતરેય આરણ્યક—स यः.... वेदाहं सायुज्यं सरूपतां सलोकतामश्नुते। (૩।૨।૧।૭, પૃ. ૨૪૨, ૨૪૩)

બૃહદારણ્યક—एतस्यै देवतायै सायुज्यं सलोकतां जयति। (૧।૫।૨૩, પૃ. ૩૮૮)

આચાર્ય સાયણ અને શંકરાચાર્યે 'સલોકતા'નો અર્થ 'સમાન લોક' અથવા 'એક સ્થાનમાં વસવું' એવો કર્યો છે.[5]

દીઘનિકાયના અનુવાદમાં પણ તેનો આ જ અર્થ છે.[6] દીઘનિકાય મૂળમાં 'સલોકતા'ના અર્થમાં 'સહવ્યતા'—પ્રયોગ મળે છે—चन्दिम-सुरियानां सहव्यताय मग्गं देसेतुं—अजयमेव उजु-मग्गो। (૧।૧૩, પૃ. ૨૭૩)

---

૧. अंगुत्तर निकाय, भा. १, पृ. २१३-२२१।

૨. એજન, पृ. १४७।

૩. सुखबोधा, पत्र १०७ :
छविश्च—त्वक् पर्व्वाणि च—जानुकूर्परादीनि छविपर्व तद्योगाद् औदारिकशरीरमपि छविपर्व ततः।

૪. सुखबोधा, पत्र १०७
यक्षाः—देवा, समानो लोकोऽस्येति सलोकस्तद्भाव सलोकता यक्षै सलोकता यक्षसलोकता ताम्।

૫. (ક) ऐतेरेयारण्यक, पृ. २४३ :
सलोकता समानलोकतां वा एकस्थानत्वम्।
(ખ) बृहदारण्यक उपनिषद्, पृ. ३९१ :
सलोकतां समानलोकतां वा एकस्थानत्वम्।

૬. दीघनिकाय, पृ. ८८।

### ૪૦. ઉત્તરોત્તર (.....अणुपुव्वसो)

સૌધર્મ દેવલોકમાં અનુત્તર-વિમાન પર્યંત દેવલોકોમાં નિવાસ કરનારા દેવોમાં મોહ વગેરે ક્રમશઃ ઓછા થતાં જાય છે. અનુત્તર-વિમાનવાસી દેવોનો મોહ અત્યન્ત ઉપશાંત હોય છે. તેઓ લગભગ વીતરાગના જેવી સ્થિતિમાં રહે છે. 'अणुपुव्वसो' શબ્દ વડે આ જ સૂચન કરવામાં આવ્યું છે.[1]

તત્ત્વાર્થ અનુસાર દેવલોકોમાં ઉત્તરોત્તર અભિમાન ઓછું હોય છે. તે દેવો સ્થાન, પરિવાર, શક્તિ, અવધિ, સંપત્, આયુષ્યની સ્થિતિ વગેરેનું અભિમાન કરતા નથી.[2]

### ૪૧. ઉત્તમ (उत्तराइं)

ચૂર્ણિકાર અને વૃત્તિકારે આનો અર્થ—સૌથી ઉપર રહેલ દેવલોક—અનુત્તર-વિમાન કર્યો છે.[3] પરંતુ સમગ્ર શ્લોકના સંદર્ભમાં આ અર્થ વિચારણીય છે. આનો અર્થ જો અનુત્તર-વિમાન કરવામાં આવે તો આગળના શ્લોકમાં પ્રયુક્ત 'कामरूविणो'ની સંગતિ બેસતી નથી. એટલા માટે તેમણે સ્પષ્ટીકરણ કરવું પડ્યું, નહિ તો તેની જરૂર ન પડત.[4]

પ્રસ્તુત શ્લોકમાં 'उत्तराइं' શબ્દ વડે બધા દેવલોકો વિવક્ષિત છે, માત્ર અનુત્તર-વિમાન જ નહિ.

### ૪૨. મોહ રહિત (विमोहाइं)

ચૂર્ણિકારે આના બે અર્થ કર્યા છે—અંધકાર-રહિત અને સ્ત્રીઓ-રહિત.[5] શાન્ત્યાચાર્ય અનુસાર તેઓ કામાત્મક મોહથી રહિત હોય છે. દ્રવ્ય-મોહ (અંધકાર) તથા ભાવ-મોહ (મિથ્યા-દર્શન)—આ બંને ત્યાં નથી હોતા, એટલા માટે તેમને વિમોહ કહેવામાં આવેલ છે.[6]

### ૪૩. દીપ્તિમાન (समिद्धा)

'समिद्ध' શબ્દના સંસ્કૃત રૂપ બે થઈ શકે છે—समिद्ध અને समृद्ध. समिद्धનો અર્થ છે—દીપ્તિમાન અને समृद्धનો અર્થ છે—વૈભવશાળી. શાન્ત્યાચાર્યે પહેલો અર્થ માન્ય રાખ્યો છે[7] અને ચૂર્ણિકાર તથા નેમિચન્દ્રે બીજો અર્થ માન્ય રાખ્યો છે.[8]

---

૧. बृहद्वृत्ति, पत्र २५२ : अणुपुव्वसो त्ति प्राग्वदनुपूर्वतः क्रमेण विमोहादिविशेषणविशिष्टाः, सौधर्म्मादिषु अनुत्तरविमानावसानेषु पूर्वपूर्वापेक्षया प्रकर्षवन्त्येव विमोहत्वादीनी ।

૨. तत्त्वार्थ ४।२२ भाष्य ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४० : उत्तराणि नाम सव्वोवरिमाणि जाणि, ताणि हि सव्वविमाणुत्तराणि ।
(ખ) बृहद्वृत्ति, पत्र २५२ ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४० : कामतः रूपाणि कुर्वन्तीति रूपाः कामरूपाः, स्याद्—अनुत्तरा न विकुर्वन्ति, ननु तेषां तदेवेष्टं रूपं येन सत्यां शक्तौ प्रयोजनाभावाच्च नान्यद् विकुर्वन्ति ।
(ખ) बृहद्वृत्ति, पत्र २५२ ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ. १४० : 'विमोहाइं' विमोहानीति निस्तमांसीत्यर्थ, तमो हि बाह्यमाभ्यन्तरं च, बाह्यं तावदन्येष्वपि देवलोकेषु तमो नास्ति, किं पुनरनुत्तरविमानेषु ? अभ्यंतरतममधिकृत्यापदिश्यते—सर्वे एवं हि सम्यग्दृष्टयः, अथवा मोहयंति पुरुषं मोहसंज्ञातः स्त्रियः, ताः तत्र न ।

૬. बृहद्वृत्ति, पत्र २५२ : विमोहा इवाल्पवेदादिमोहनीयोदयतया विमोहाः, अथवा मोहो द्विधा-द्रव्यतो भावतश्च, द्रव्यतोऽन्धकारो भावतश्च मिथ्यादर्शनादिः, स द्विविधोऽपि सततरत्नद्योतितत्वेन सम्यग्दर्शनस्यैव च तत्र सम्भवेन विगतो येषु ते विमोहाः ।

૭. बृहद्वृत्ति, पत्र २५२ : समिद्धा—अतिदीप्ताः ।

૮. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४० : समृद्धाः सर्वसंपदुपेताः ।
(ખ) सुखबोधा, पत्र १०८ ।

### ૪૪. તરત ઉત્પન્ન થયા હોય—એવી કાન્તિવાળા (अहुणोववन्नसंकासा)

ચૂર્ણિકારે આનો અર્થ—'અભિનવ ઉત્પન્નની માફક' કર્યો છે.[1] ટીકાકારોએ આનો અર્થ 'પ્રથમ ઉત્પન્ન દેવતાસમાન' કર્યો છે. આનું તાત્પર્ય એ છે કે તેમનામાં ઔદારિક શરીરગત અવસ્થાઓ હોતી નથી. તેઓ ન બાળક હોય છે કે ન વૃદ્ધ, સદા એકસમાન રહે છે. તેમના રૂપ-રંગ અને લાવણ્ય જેવાં ઉત્પત્તિ સમયે હોય છે તેવાં જ અંતકાળમાં પણ હોય છે.[2]

### ૪૫. જે ઉપશાંત હોય છે (जे संति परिनिव्वुडा)

આમાં 'सन्ति' ક્રિયાપદ છે. છતાં પણ વ્યાખ્યાકારોએ તેનો મૂળ અર્થ આવો કર્યો છે—જે મુનિ શાન્તિપરિનિર્વૃત હોય છે અર્થાત્ ક્ષાન્તિ કે ઉપશમ વડે શીતીભૂત, કષાયરહિત, કષાયરૂપી અગ્નિને બુઝાવનાર હોય છે.[3]

શાન્ત્યાચાર્યે વૈકલ્પિક રૂપે 'सन्ति'ને ક્રિયાપદ માનીને તેનો અર્થ—'विद्यन्ते' કર્યો છે.[4]

### ૪૬. (શ્લોક ૨૯)

બધા પ્રકારના ભયમાં મરણનો ભય અત્યન્ત કષ્ટપ્રદ હોય છે. ક્યારેક-ક્યારેક એવા પ્રસંગ પણ આવે છે કે વાસ્તવિક મૃત્યુથી મરનારા લોકો કરતાં પણ અધિક લોકો મૃત્યુના ભયથી મરી જાય છે.

મહામારી ઘોડા પર ચડી આવી રહી હતી. એક માણસ સામે મળ્યો. તેણે પૂછ્યું —'તું કોણ છે ?' પેલીએ કહ્યું—'હું મહામારી છું.' 'તું ક્યાં જઈ રહી છે ? કેમ જઈ રહી છે ?' મહામારી બોલી—'હું અમુક નગરના હજાર માણસોને મારવા માટે જઈ રહી છું.' કેટલાક દિવસ પછી તે તે જ રસ્તે પાછી ફરી. સંયોગવશ પેલો જ માણસ ફરી મળી ગયો. તેણે કહ્યું—'દેવી ! તું તો ગઈ'તી હજાર માણસને મારવા અને ત્યાં તો મર્યા છે પાંચ હજાર માણસ. તું જૂઠું કેમ બોલી ?' મહામારી બોલી—'ભાઈ ! હું જૂઠું બોલી ન હતી. મેં તો હજાર માણસોને જ માર્યા હતા. બાકીના ચાર હજાર આદમી મોતના ડરથી મરી ગયા. એમાં હું શું કરું ?'

આ જ અધ્યયનના સોળમા શ્લોકમાં 'तओ से मरणंतंमि, बाले संतस्सई भया'—એવો ઉલ્લેખ છે. તેનું તાત્પર્ય એ છે કે બાલ—અજ્ઞાન વ્યક્તિ પોતાના જીવનકાળમાં ધર્મ છોડીને અધર્મ વડે જીવન-યાપન કરે છે. તે મરણકાળે પરલોક-ગમન—નરક-ગમનના ભયથી સંત્રસ્ત બની જાય છે. તે વિચારે છે, મેં નરકને યોગ્ય કર્મો કર્યાં છે, અને મારે તે ભોગવવાનાં છે.

પ્રસ્તુત શ્લોકમાં 'न संतसन्ति मरणन्ते.....' એમાં બતાવ્યું છે કે શીલવંત અને સંયમી મુનિ મરણકાળે પણ સંત્રસ્ત થતો નથી. તે જાણે છે કે તેની સદ્‌ગતિ થશે. કેમકે તેણે ધર્મના પ્રશસ્ત માર્ગનું અનુસરણ કર્યું છે. તે સંલેખના કરીને, અનશનપૂર્વક મૃત્યુનું સ્વેચ્છાએ વરણ કરે છે.

આ શતાબ્દીના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને પોતાનો અંતકાળ નજીક જાણીને કહ્યું હતું—'મારે જેટલું જીવવું હતું તેટલું જીવી લીધું. હવે બળજબરીપૂર્વક હું જીવન લંબાવવા ઈચ્છતો નથી.'

આ ભાવના પણ 'न संतसंति मरणंते'ની જ દ્યોતક છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १४० : 'अहुणोववन्नसंकासा' अभिनवोपपन्नस्य देहस्य सर्वस्यैवाभ्यधिका द्युतिर्भवति अनुत्तरेष्वपि ।

૨. (ક) बृहद्वृत्ति, पत्र २५२ : अधुनोपपन्नसंकाशाः प्रथमोत्पन्नदेवतुल्याः, अनुत्तरेषु हि वर्णाद्युत्यादि यावदायुस्तुल्यमेव भवति ।
(ખ) सुखबोधा, पत्र १०८ ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४१ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २५३ ।
(ગ) सुखबोधा, पत्र १०८ ।

૪. बृहद्वृत्ति, पत्र २५३ ।

નેમિચન્દ્રે અહીં એક સુંદર પદ્ય ઉદ્ધૃત કર્યું છે[1]—

'सुगहियतवपव्वयणा, विसुद्धसम्मत्तणाणचरित्ता ।
मरणं उस्सवभूयं मण्णंति समाहियप्पणओ ॥'

અર્થાત્ જેમની પાસે તપરૂપી ભાતું છે, જેમનાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર વિશુદ્ધ છે, તેવા સમાહિત આત્માવાળા મુનિઓ મરણને ઉત્સવ માને છે.

### ૪૭. અહિંસા-ધર્મોચિત સહિષ્ણુતા (दयाधम्मस्स खंतिए)

દયાનો અર્થ છે—અહિંસા અને ક્ષાન્તિનો અર્થ છે—સહિષ્ણુતા. અહિંસા અને સહિષ્ણુતા વચ્ચે ગાઢ સંબંધ છે. કષ્ટ સહન કરવાની ક્ષમતાનો વિકાસ કર્યા વિના અહિંસાનો વિકાસ સંભવિત નથી. આ વિષયમાં સૂત્રકૃતાંગ આગમનો આ શ્લોક દ્રષ્ટવ્ય છે[2]—

'धुणिया कुलियं व लेववं, कसए देहमणसणादिहिं ।
अविहिंसामेव पव्वए, अणुधम्मो मुणिणा पवेइओ ॥

વૃત્તિકાર શાન્ત્યાચાર્યે 'दयाधम्मस्स....'નો અર્થ દશવિધ મુનિધર્મ એવો કર્યો છે.[3]

### ૪૮. તથાભૂત (ઉપશાન્ત) (तहाभूएण)

તથાભૂતનો અર્થ છે—આત્મભૂત, સ્વાભાવિક. તે જ આત્મા તથાભૂત હોય છે જે રાગ-દ્વેષ રહિત હોય છે. આવો ચૂર્ણિનો મત છે.[4]

શાન્ત્યાચાર્યે તથાભૂતનો અર્થ ઉપશાંત મોહ કર્યો છે.[5]

આનો વૈકલ્પિક અર્થ છે—મરણકાળ પહેલાં જે મુનિ અનાકુલ-ચિત્તવાળો હતો, તે મરણકાળે પણ તેવો જ રહે, તે તથાભૂત હોય છે.[6]

### ૪૯. પ્રસન્ન રહે ..... ઉદ્‌વિગ્ન ન બને (विप्पसीएज्ज)

આનું તાત્પર્ય એવું છે કે મુનિ પંડિતમરણ અને બાલમરણ—બંનેની પરીક્ષા કરીને પોતાના કષાયોનું અપનયન કરીને પ્રસન્ન રહે, સ્વસ્થ રહે. પોતાની તપસ્યાનો ગર્વ કરી તે પોતાના આત્માને કલુષિત ન કરે.

એક શિષ્ય તપસ્યામાં સંલગ્ન હતો. તેણે બાર વર્ષની સંલેખના કરી. એક દિવસ તે ગુરુ પાસે આવીને બોલ્યો—'હે ગુરુદેવ! હવે હું શું કરું?' ગુરુ તેની આંતરિકતાથી પરિચિત હતા. તેમણે કહ્યું—'વત્સ ! કૃશ કર.' તે સમજ્યો નહિ. વારંવાર પૂછવા છતાં ગુરુનો તે જ જવાબ હતો—'કૃશ કર, કૃશ કર.' એક જ જવાબ સાંભળીને શિષ્ય ઊકળી ઊઠ્યો અને તેણે પોતાની આંગળી તડાક કરતાં તોડી નાખી અને કહ્યું—'હવે વધુ શું કૃશ કરું ? શરીર તો હાડપિંજર માત્ર બની ગયું છે.' ગુરુ બોલ્યા—'જેના વડે પ્રેરિત થઈને તેં આંગળી તોડી નાખી, તે પ્રેરણાને કૃશ કર, ક્રોધને કૃશ કર, કષાયને કૃશ કર.' હવે તે સમજી ગયો.[7]

---

१. सुखबोधा, पत्र १०८ ।

२. सूयगडो १।२।१४ ।

३. बृहद्वृत्ति, पत्र २५३ : दयाप्रधानो धर्मो दयाधर्मो दशविध-यतिधर्मरूप, तस्य सम्बन्धिनी या क्षान्तिस्तया ।

४. उत्तराध्ययन चूर्णि पृ. १४१ : तथाभूतेन अप्पणा—तेन प्रकारेण भूतस्तथाभूतः, रागद्वेषवशगो ह्यात्मा अन्यथा भवति, मद्यपानां विश्व ( चित्तवत् ), तदभावे तु आत्मभूत एव ।

५. बृहद्वृत्ति, पत्र २५३ : तथाभूतेन—उपशान्तमोहोदयेन ।

६. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १४१ : अथवा यथैव पूर्वम-व्याकुल-मनास्तथा मरणकालेऽपि तथाभूत एव ।
(ખ) बृहद्वृत्ति, पत्र २५३ ।

७. बृहद्वृत्ति, पत्र २५३ ।

**૫૦. જ્યારે મરણ અભિપ્રેત હોય (तओ काले अभिप्पेए)**

પ્રશ્ન થાય છે કે શું ક્યારેય મરણ પણ અભિપ્રેત હોય છે ? માણસ મરવાનું ક્યારે અને કેમ ઇચ્છે છે ? આ પ્રશ્નનું સમાધાન એવું છે કે જ્યારે મુનિ એમ જુએ છે કે તેની મન, વચન અને કાયાની શક્તિ ક્ષીણ થઈ રહી છે, જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોની અભિવૃદ્ધિ થઈ રહી નથી, ત્યારે તેને મરણ અભિપ્રેત હોય છે.

આનો ધ્વનિ એવો છે કે મનુષ્ય જેવી રીતે જીવવા માટે સ્વતંત્ર છે, તેવી રીતે મરવા માટે પણ સ્વતંત્ર છે. મરણ પણ વાંછનીય છે. તેની શરત એ છે કે મરણ આવેશકૃત ન હોય. જ્યારે એમ સ્પષ્ટ પ્રતીત થવા લાગે કે યોગો ક્ષીણ થઈ રહ્યા છે, તે સમયે સમાધિપૂર્ણ મરણ વાંછનીય છે.

**૫૧. કષ્ટજનિત રોમાંચને (लोमहरिसं)**

ચૂર્ણિકારે રોમાંચિત થવાના ત્રણ કારણો માન્યાં છે—(૧) ભય (૨) અનુકૂળ ઉપસર્ગ અને (૩) હર્ષ.[1]

'रलयोरैक्यं'—આ ન્યાયથી लोमहरिस શબ્દનાં બે સંસ્કૃત રૂપો બને છે—लोमहर्ष અને रोमहर्ष.

**૫૨. (भेदं देहस्स कंखए)**

મુનિ શરીરના ભેદની પ્રતિક્ષા કરે. ચૂર્ણિકારનું માનવું છે કે ઔદારિક-શરીરના ભેદની નહિ, પરંતુ આઠ પ્રકારના કર્મરૂપી શરીરના ભેદની આકાંક્ષા કરે.[2]

વૃત્તિકારે માન્યું છે કે મુનિ મરણની આશંસા ન કરે, પરંતુ શરીરની સાર-સંભાળ ન રાખતાં મરણની પ્રતિક્ષા કરે. મુનિને માટે મરણની આશંસા વર્જનીય છે.[3]

**૫૩. મરણકાળ આવી પહોંચતાં (अह कालम्मि संपत्ते)**

મુનિ પોતાની સંયમ-યાત્રાનું નિર્વહન કરતાં-કરતાં જ્યારે એમ જુએ છે કે શરીર અને ઇન્દ્રિયોની હાનિ થઈ રહી છે, યોગો ક્ષીણ થઈ રહ્યા છે, સ્વાધ્યાય વગેરેમાં વિઘ્નો નડી રહ્યાં છે, ત્યારે તે શરીર-ત્યાગની તૈયારીમાં લાગી જાય. તે વિચારે, મારે જે કરવાનું હતું તે હું કરી ચૂક્યો છું. મારી જે જવાબદારી હતી તે મેં યોગ્ય રીતે નિભાવી છે—

'निप्फाइया य सीसा, सउणी जह अंडयं पयत्तेणं ।
बारससंवच्छरियं, अह संलेहं ततो करइ ॥

જેવી રીતે પંખીણી પોતાના ઇંડા પ્રયત્નપૂર્વક સેવીને તેમાંથી બચ્ચાં પેદા કરે છે, તેવી જ રીતે મેં પણ પોતાના ગણમાં શિષ્યો નિષ્પાદિત કરી પોતાની જવાબદારી નિભાવી છે. હવે મરણકાળ આવી લાગ્યો છે, આથી મારે બાર વર્ષની સંલેખનામાં લાગી જવું જોઈએ. આમ વિચારી તે તપોયોગમાં સંલગ્ન થઈ જાય છે.

**૫૪. શરીરનો ત્યાગ કરે છે (आघायाय समुस्सयं)**

શાન્ત્યાચાર્યે આનો અર્થ 'બાહ્ય અને આંતરિક શરીરનો નાશ કરતો' કર્યો છે.[4] આ અર્થના આધારે તેનું સંસ્કૃત રૂપ—

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १४२ : स तु भयाद् भवति, अनुलोमै र्वा उपसर्गैः हर्षाद् भवति ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १४२ : भिद्यते इति भेदः, अष्टविधकर्म्मशरीरभेदं कांक्षति, न तूदारिकस्य ।

૩. बृहद्‌वृत्ति, पत्र २५४ ।

૪. बृहद्‌वृत्ति, पत्र २५४ : 'आघायाय' त्ति आर्षत्वात आघातयन् संलेखनादिभिरुपक्रमणकारणैः समन्ताद् घातयन् विनाशयन्, कं?—समुच्छ्रयम् अन्तः कार्मणशरीरं बहिरौदारिकम् ।

'आघातयन् समुच्छ्रयम्' બને છે. આ ચરણનો વૈકલ્પિક અર્થ 'શરીરના વિનાશનો અવસર આવતાં' પણ કરવામાં આવ્યો છે. આ અર્થ કરવામાં વિભક્તિનો વ્યત્યય માનવો પડ્યો, આથી આમાં તેનું સંસ્કૃત રૂપ પણ બદલાઈ ગયું, જેમકે—'आघाताय समुच्छ्रयस्य'[1] આચારાંગ (૧।૪।૪) વૃત્તિમાં સમુચ્છ્રયનો અર્થ 'શરીર' કરવામાં આવ્યો છે. બૌદ્ધ સાહિત્યમાં સમુચ્છ્રયનો અર્થ 'દેહ' મળે છે.[2] આ શ્લોકમાં 'आघायाय' શબ્દ 'आघायाये'ના સ્થાને પ્રયુક્ત થયો છે—એવું સરપેન્ટિયરે લખ્યું છે અને તેમણે પિશેલનો નામોલ્લેખ કરી પોતાની વાતની પુષ્ટિ કરી છે.[3]

**૫૫. ત્રણેમાંથી કોઈ એકને (तिण्हमन्नयरं)**

ભક્ત-પરિજ્ઞા, ઇંગિની અને પાદોપગમન—આ અનશનના ત્રણ પ્રકાર છે. મુનિએ આ ત્રણમાંથી કોઈ એક વડે દેહત્યાગ કરવો જોઈએ. એટલા માટે તેના મરણના પણ આ ત્રણ પ્રકાર બને છે. ચતુર્વિધ આહાર તથા બાહ્ય અને આભ્યંતર ઉપધિનું જે યાવજ્જીવન માટે પ્રત્યાખ્યાન કરવામાં આવે છે તે અનશનને ભક્ત-પરિજ્ઞા કહેવામાં આવે છે. ઇંગિનીમાં અનશન કરનાર નિશ્ચિત સ્થાનમાં જ રહે છે, તેની બહાર જતો નથી. પાદોપગમનમાં અનશન કરનાર કાપેલા વૃક્ષની માફક સ્થિર રહે છે અને શરીરની સાર-સંભાળ લેતો નથી.[4]

---

१. बृहद्वृत्ति,पत्र २५४ : यद्वा—'समुस्सतं'त्ति सुव्वयत्यात्समुच्छ्रयस्याघाताय—विनाशाय काले सम्प्राप्त इति ।

२. महावस्तु, पृ. २६९ ।

३. उत्तराध्ययन, पृ. ३०१ ।

४. उत्तराध्ययन निर्युक्ति, गाथा २२५ ।

# छट्ठं अज्झयणं

## खुड्डागनियंठिज्जं

# છઠ્ઠું અધ્યયન

## ક્ષુલ્લક-નિર્ગ્રન્થીય

# આમુખ

આ અધ્યયનનું નામ 'खुड्डागनियंठिज्जं'—'क्षुल्लक निर्ग्रन्थीय' છે. દશવૈકાલિકના ત્રીજા અધ્યયનનું નામ 'खुड्डियायारकहा' —'क्षुल्लकाचारकथा' અને છઠ્ઠા અધ્યયનનું નામ 'महायारकहा'—'महाचारकथा' છે. તેમાં ક્રમશઃ મુનિના આચારનું સંક્ષિપ્ત અને વિસ્તૃત નિરૂપણ થયું છે. આ રીતે આ અધ્યયનમાં પણ નિર્ગ્રંથના બાહ્ય અને આભ્યંતર ગ્રંથ-ત્યાગ (પરિગ્રહ-ત્યાગ)નું સંક્ષિપ્ત નિરૂપણ છે.[1]

'निर्ग्रन्थ' શબ્દ જૈન-દર્શનનો ઘણો પ્રચલિત અને ઘણો પ્રાચીન શબ્દ છે. બૌદ્ધ સાહિત્યમાં સ્થાને-સ્થાને ભગવાન મહાવીરને 'निगण्ठ' (નિર્ગ્રંથ) કહેવાયા છે. તપાગચ્છ પટ્ટાવલી અનુસાર સુધર્મા સ્વામીથી આઠ આચાર્યો સુધી જૈન ધર્મ 'निर्ग्रन्थ-धर्म' નામે પ્રચલિત હતો.[2] અશોકના એક સ્તંભ-લેખમાં પણ 'निर्ग्रन्थ'નો દ્યોતક 'निघंठ' શબ્દ પ્રયુક્ત થયો છે.[3]

અવિદ્યા અને દુઃખ વચ્ચે ગાઢ સંબંધ છે. જ્યાં અવિદ્યા છે ત્યાં દુઃખ છે, જ્યાં દુઃખ છે ત્યાં અવિદ્યા છે. પતંજલિના શબ્દોમાં અવિદ્યાનો અર્થ છે—અનિત્યમાં નિત્યની અનુભૂતિ, અશુચિમાં શુચિની અનુભૂતિ, દુઃખમાં સુખની અનુભૂતિ અને અનાત્મામાં આત્માની અનુભૂતિ.[4]

સૂત્રની ભાષામાં વિદ્યાનો એક પક્ષ છે સત્ય અને બીજો પક્ષ છે મૈત્રી—'अप्पणा सच्चमेसेज्जा मेत्तिं भूएसु कप्पए' (શ્લોક ૨). જે કોરા વિદ્યાવાદી અથવા જ્ઞાનવાદી છે તેમની માન્યતા છે કે યથાર્થને જાણી લેવું પર્યાપ્ત છે, પ્રત્યાખ્યાનની કોઈ જરૂર નથી. ક્રિયાનું આચરણ તેમની દૃષ્ટિએ વ્યર્થ છે. પરંતુ ભગવાન મહાવીર તેને વાણીશૂરતા માનતા હતા, એટલા માટે તેમણે આચરણ-શૂન્ય ભાષાવાદ અને વિદ્યાનુશાસનને અત્રાણ બતાવ્યા (શ્લોક ૮-૧૦).

ગ્રન્થ (પરિગ્રહ)ને ત્રાણ માનવું તે પણ અવિદ્યા છે. એટલા માટે ભગવાન મહાવીરે કહ્યું—"પરિવાર ત્રાણ નથી", "ધન પણ ત્રાણ નથી" (શ્લોક ૩-૫). બીજું તો ઠીક, પોતાનો દેહ પણ ત્રાણ નથી. સાધુ દેહમુક્ત નથી હોતો છતાં પણ પ્રતિક્ષણ તેના મનમાં એ ચિંતન ચાલતું હોવું જોઈએ કે દેહ-ધારણનું પ્રયોજન પૂર્વ-કર્મોને ક્ષીણ કરવાનું છે. લક્ષ્ય જે છે તે ઘણું ઊંચું છે, એટલા માટે સાધકે નીચે ક્યાંય પણ આસક્ત ન થવું જોઈએ. તેની દૃષ્ટિ સદા ઊર્ધ્વગામી હોવી જોઈએ (શ્લોક ૧૩). આ રીતે આ અધ્યયનમાં અધ્યાત્મની મૌલિક વિચારણાઓ પ્રાપ્ત થાય છે.

આ અધ્યયનના અંતિમ શ્લોકનું એક પાઠાંતર છે. તે અનુસાર આ અધ્યયનના પ્રજ્ઞાપક ભગવાન પાર્શ્વનાથ છે.

મૂળ— **एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे ।**
**अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥**

પાઠાન્તર— **एवं से उदाहु अरिहा पासे पुरिसादाणीए ।**
**भगवं वेसालीए बुद्धे परिणिव्वुए ॥** **( बृहद्वृत्ति, पत्र २७० )**

જો કે ચૂર્ણિ અને ટીકાકારે આ પાઠાંતરનો અર્થ પણ મહાવીર-પરક કર્યો છે. 'पास'નો અર્થ 'पश्यतीति पाशः' અથવા 'पश्यः' કર્યો છે. પરંતુ આ સંગત જણાતું નથી. પુરુષાદાનીય—એ ભગવાન પાર્શ્વનાથનું સુપ્રસિદ્ધ વિશેષણ છે. એટલા માટે તે સંદર્ભમાં જોતાં 'पास'નો અર્થ પાર્શ્વ જ હોવો જોઈએ. જો કે 'वेसालीय' વિશેષણ ભગવાન મહાવીર સાથે વિશેષપણે જોડાયેલું

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा २४३ : सावज्जगंथमुक्का, अब्भिन्तरबाहिरेण गंथेण ।
एसा खलु निज्जुत्ती, खुड्डागनियंठसुत्तस्स ॥

२. तपागच्छपट्टावलि ( पं. कल्याणविजय संपादित ) भाग १, पृष्ठ २५३ : श्री सुधर्मास्वामिनोऽष्टौ सूरीन् यावत् निर्ग्रन्थाः ।

૩. દિલ્લી-ટોપરાનો સપ્તમ સ્તંભલેખ : निघंठेसु पि मे कटे ( , ) इमे वियापटा होहंति ।

४. पातंजल योगसूत्र २।५ : अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ।

છે છતાં પણ તેના જે અર્થો કરવામાં આવ્યા છે તે અર્થોની મર્યાદામાં તે ભગવાન પાર્શ્વનું પણ વિશેષણ બની શકે.[1] ભગવાન પાર્શ્વ ઇક્ષ્વાકુવંશી હતા. તેમના ગુણો વિશાળ હતા અને તેમનું પ્રવચન પણ વિશાળ હતું. એટલા માટે તેમના 'वैशालिक' હોવામાં કોઈ આપત્તિ આવતી નથી. આ પાઠાંતરના આધારે એમ અનુમાન કરી શકાય છે કે આ અધ્યયન મૂળ પાર્શ્વની પરંપરાનું રહ્યું હોય અને તેને ઉત્તરાધ્યયનની શ્રૃંખલામાં સંમિલિત કરતી વખતે તેને ભગવાન મહાવીરની ઉપદેશ-ધારાનું રૂપ આપવામાં આવ્યું હોય.

---

१. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १५६-१५७ : गुणा अस्य विशाला इति वैशालीयः, विशालं शासनं वा, विशाले वा इक्ष्वाकुवंशे भवा वैशालिया।
"वैशाली जननी यस्य, विशालं कुलमेव च ।
विशालं प्रवचनं वा, तेन वैशालिको जिनः ॥"

# छट्ठं अज्झयणं : છઠ્ઠું અધ્યયન
# खुड्डागनियंठिज्जं : क्षुल्लक-निर्ग्रन्थीय

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. जावंतऽविज्जापुरिसा<br>सव्वे ते दुक्खसंभवा ।<br>लुप्पंति बहुसो मूढा<br>संसारंमि अणंतए ॥ | यावन्तोऽविद्याः पुरुषाः<br>सर्वे ते दुःखसम्भवाः ।<br>लुप्यन्ते बहुशो मूढाः<br>संसारेऽनन्तके ॥ | ૧. જેટલા અવિદ્યાવાન[1] (મિથ્યાત્વથી અભિભૂત) પુરુષો છે, તે બધા દુઃખને ઉત્પન્ન કરનારા છે.[2] તેઓ દિગ્મૂઢની માફક મૂઢ બનેલા આ અનંત સંસારમાં વારંવાર લુપ્ત થાય છે.[3] |
| २. समिक्ख पंडिए तम्हा<br>पासजाईपहे बहू ।<br>अप्पणा सच्चमेसेज्जा<br>मेत्तिं भूएसु कप्पए ॥ | समीक्ष्य पण्डितस्तस्मात्<br>पाशजातिपथान् बहून् ।<br>आत्मना सत्यमेषयेत् ।<br>मैत्रीं भूतेषु कल्पयेत् ॥ | ૨. એટલા માટે પંડિત પુરુષ બહુ પાશો (બંધનો) અને જાતિપથો[4] (જન્મ-મરણના માર્ગો)ની સમીક્ષા કરી પોતે સત્યની શોધ કરે[5] અને બધા જીવો તરફ મૈત્રીનું આચરણ કરે.[6] |
| ३. माया पिया ण्हुसा भाया<br>भज्जा पुत्ता य ओरसा ।<br>नालं ते मम ताणाय<br>लुप्पंतस्स सकम्मुणा ॥ | माता पिता स्नुषा भ्राता<br>भार्या पुत्राश्चौरसाः ।<br>नालं ते मम त्राणाय<br>लुप्यमानस्य स्वकर्मणा ॥ | ૩. જ્યારે હું પોતે કરેલા કર્મો વડે છિન્ન-ભિન્ન થાઉં છું, ત્યારે માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની કે સગા પુત્રો—એ કોઈ મારી રક્ષા કરવા શક્તિમાન બનતા નથી. |
| ४. एयमट्ठं सपेहाए<br>पासे समियदंसणे ।<br>छिंद गेहिं सिणेहं च<br>न कंखे पुव्वसंथवं ॥ | एतमर्थं स्वप्रेक्षया<br>पश्येत् सम्यग्दर्शनः ।<br>छिन्द्याद् गृद्धिं स्नेहं च<br>न काङ्क्षेत् पूर्वसंस्तवम् ॥ | ૪. સમ્યક્ દર્શનવાળો પુરુષ[7] પોતાની પ્રેક્ષા વડે[8] આ વાત—કોઈ રક્ષણકર્તા નથી—જુએ[9] અને તેમના પ્રત્યે જે ગૃદ્ધિ અને સ્નેહ[10] છે તેનું છેદન કરે તથા પરિચયની અભિલાષા ન કરે. |
| ५. गवासं मणिकुंडलं<br>पसवो दासपोरुसं ।<br>सव्वमेयं चइत्ताणं<br>कामरूवी भविस्ससि ॥ | गवाश्वं मणिकुण्डलं<br>पशवो दासपौरुषम् ।<br>सर्वमेतत् त्यक्त्वा<br>कामरूपी भविष्यसि ॥ | ૫. ગાય, ઘોડો, મણિ, કુંડલ, પશુ, દાસ અને નોકરોનો સમૂહ[11]—આ બધાને છોડીને તું કામરૂપી (ઇચ્છાનુસાર રૂપ ધારણ કરવા માટે શક્તિમાન) બનીશ. |
| [थावरं जंगमं चेव<br>धणं धण्णं उवक्खरं ।<br>पच्चमाणस्स कम्मेहिं<br>नालं दुक्खाउ मोयणे ॥] | (स्थावरं जंगमं चैव<br>धनं धान्यमुपस्करम् ।<br>पच्यमानस्य कर्मभिः<br>नालं दुःखान्मोचने ॥) | (ચલ અને અચલ સંપત્તિ, ધન, ધાન્ય અને ઘરગૃહસ્થીના સાધનો—આ બધાં કર્મોથી દુઃખ પામનાર પ્રાણીને દુઃખમાંથી મુક્ત કરવા શક્તિમાન થતાં નથી.) |

६. **अज्झत्थं सव्वओ सव्वं**
**दिस्स पाणे पियायए ।**
**न हणे पाणिणो पाणे**
**भयवेराओ उवरए ॥**

अध्यात्मं सर्वतः सर्वं
दृष्ट्वा प्राणान् प्रियात्मकान् ।
न हन्यात् प्राणिनः प्राणान्
भयवैरादुपरतः ॥

૬. બધી દિશાઓમાંથી થનાર બધા પ્રકારનો અધ્યાત્મ–જીવનની આશંસા[12] જેવી રીતે મારામાં છે તેવી જ રીતે બીજામાં છે. બધાં પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય છે[13]—આ સત્ય જોઈને ભય અને વેરથી ઉપરત પુરુષ પ્રાણીઓના પ્રાણોનો ઘાત ન કરે.[14]

७. **आयाणं नरयं दिस्स**
**नायएज्ज तणामवि ।**
**दोगुंछी अप्पणो पाए**
**दिन्नं भुंजेज्ज भोयणं ॥**

आदानं नरकं दृष्ट्वा
नाददीत तृणमपि ।
जुगुप्सी आत्मनः पात्रे
दत्तं भुंजीत भोजनम् ॥

૭. "પરિગ્રહ નરક છે[15]"—એ જોઈને તે એક તણખલું પણ પોતાનું કરીને ન રાખે. અહિંસક કે કરુણાશીલ મુનિ[16] પોતાના પાત્રમાં ગૃહસ્થ દ્વારા અપાયેલું[17] ભોજન કરે.

८. **इहमेगे उ मन्नंति**
**अप्पच्चक्खाय पावगं ।**
**आयरियं विदित्ताणं**
**सव्वदुक्खा विमुच्चई ॥**

इहैके तु मन्यन्ते
अप्रत्याख्याय पापकम् ।
आर्यं विदित्वा
सर्व-दुःखाद् विमुच्यते ॥

૮. આ સંસારમાં કેટલાક લોકો એમ માને છે કે પાપોનો ત્યાગ કર્યા વિના જ તત્ત્વને[18] જાણવામાત્રથી બધા જીવો દુઃખોમાંથી મુક્ત બની જાય છે.

९. **भणंता अकरेंता य**
**बंधमोक्खपइण्णिणो ।**
**वायाविरियमेत्तेण**
**समासासेंति अप्पयं ॥**

भणन्तोऽकुर्वन्तश्च
बन्धमोक्षप्रतिज्ञावन्तः ।
वाग्वीर्यमात्रेण
समाश्वासयन्त्यात्मकम् ॥

૯. 'જ્ઞાનથી જ મોક્ષ મળે છે"—જે એવું કહે છે, પણ તે માટે કોઈ ક્રિયા કરતા નથી, તેઓ માત્ર બંધ અને મોક્ષના સિદ્ધાંતની સ્થાપના કરનારા છે. તેઓ માત્ર વાણીના વીર્ય (વાચાળતા)થી પોતે પોતાને આશ્વસ્ત કરે છે.

१०. **न चित्ता तायए भासा**
**कओ विज्जाणुसासणं ?**
**विसन्ना पावकम्मेहिं**
**बाला पंडियमाणिणो ॥**

न चित्रा त्रायते भाषा
कुतो विद्यानुशासनम् ?
विषण्णाः पापकर्मभिः
बालाः पण्डितमानिनः ॥

૧૦. વિવિધ[19] ભાષાઓ ત્રાણ (રક્ષક) નથી બનતી. વિદ્યાનું અનુશાસન[20] પણ ક્યાં ત્રાણ આપે છે? (જે તેમને ત્રાણ માને છે તે) પોતાની જાતને પંડિત માનનારા અજ્ઞાની મનુષ્યો પ્રાયઃ કર્મો વડે વિષાદ પામી રહ્યા છે.

११. **जे केई सरीरे सत्ता**
**वण्णे रूवे य सव्वसो ।**
**मणसा कायवक्केणं**
**सव्वे ते दुक्खसंभवा ॥**

ये केचित् शरीरे सक्ताः
वर्णे रूपे च सर्वशः ।
मनसा कायवाक्येन
सर्वे ते दुःखसंभवाः ॥

૧૧. જે કોઈ મન, વચન અને કાયા વડે શરીર, રંગ અને રૂપમાં બધી રીતે આસક્ત થાય છે, તેઓ બધા પોતાને માટે દુઃખ પેદા કરે છે.[21]

१२. **आवन्ना दीहमद्धाणं**
**संसारंमि अणंतए ।**
**तम्हा सव्वदिसं पस्स**
**अप्पमत्तो परिव्वए ॥**

आपन्ना दीर्घमध्वानं
संसारेऽनन्तके ।
तस्मात् सर्वदिशो दृष्ट्वा
अप्रमत्तः परिव्रजेत् ॥

૧૨. તેઓ આ અનંત સંસારમાં જન્મ-મરણના લાંબા માર્ગમાં[22] પડેલા છે. એટલા માટે બધી દિશાઓ[23] (દૃષ્ટિકોણો) જોઈને મુનિ અપ્રમત્ત બની વિચરે.

१३. **बहिया उड्ढमादाय**
**नावकंखे कयाइ वि ।**
**पुव्वकम्मखयट्ठाए**
**इमं देहं समुद्धरे ॥**

बहिरूर्ध्वमादाय
नावकाङ्क्षेत् कदाचिदपि ।
पूर्वकर्मक्षयार्थं
इमं देहं समुद्धरेत् ॥

૧૩. બાહ્ય—શરીરથી ભિન્ન ઊર્ધ્વ—આત્મા છે તેને સ્વીકારીને[24] કોઈ પણ જાતની આકાંક્ષા ન કરે[25]. પૂર્વકર્મોના ક્ષયને માટે જ આ શરીરને ધારણ કરે.[26]

**१४. विविच्च कम्मुणो हेउं
कालकंखी परिव्वए ।
मायं पिंडस्स पाणस्स
कडं लद्धूण भक्खए ॥**

विविच्य कर्मणो हेतुं
कालकांक्षी परिव्रजेत् ।
मात्रां पिण्डस्य पानस्य
कृतं लब्ध्वा भक्षयेत् ॥

૧૪. કર્મના હેતુઓનું[૨૭] વિવેચન (વિશ્લેષણ કે પૃથક્કરણ) કરીને મુનિ મૃત્યુની પ્રતીક્ષા[૨૮] કરતાં-કરતાં વિચરે. સંયમ-નિર્વાહ માટે આહાર અને પાણીની[૨૯] જેટલી માત્રા આવશ્યક હોય તેટલી ગૃહસ્થના ઘરેથી સહજપણે પ્રાપ્ત કરી આહાર કરે.

**१५. सन्निहिं च न कुव्वेज्जा
लेवमायाए संजए ।
पक्खी पत्तं समादाय
निरवेक्खो परिव्वए ॥**

सन्निधिं च न कुर्वीत
लेपमात्रया संयतः ।
पक्षी पात्रं समादाय
निरपेक्षः परिव्रजेत् ॥

૧૫. સંયમી મુનિ પાત્રગત લેપને છોડી બીજા કોઈ પણ પ્રકારના આહારનો સંગ્રહ ન કરે.[૩૦] પક્ષી પોતાની પાંખોને સાથે લઈને ઊડી જાય છે તેવી જ રીતે મુનિ પોતાના પાત્રોને સાથે લઈને, નિરપેક્ષપણે, પરિવ્રજન કરે.[૩૧]

**१६. एसणासमिओ लज्जू
गामे अणियओ चरे ।
अप्पमत्तो पमत्तेहिं
पिंडवायं गवेसए ॥**

एषणासमितो लज्जावान्
ग्रामेऽनियतश्चरेत् ।
अप्रमत्तः प्रमत्तेभ्यः
पिण्डपातं गवेषयत् ॥

૧૬. એષણા-સમિતિથી યુક્ત અને લજ્જાવાન મુનિ[૩૨] ગામોમાં અનિયત ચર્યા કરે. તે અપ્રમત્ત બની ગૃહસ્થો પાસેથી[૩૩] પિંડપાતની ગવેષણા કરે.[૩૪]

**१७. एवं से उदाहु अणुत्तरनाणी
अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे ।
अरहा नायपुत्ते
भगवं वेसालिए वियाहिए ॥**

एवं सो उदाहृतवान् अनुत्तरज्ञानी
अनुत्तरदर्शी अनुत्तरज्ञानदर्शनधरः ।
अर्हन् ज्ञातपुत्रः
भगवान् वैशालिको व्याख्याता ॥

૧૭. અનુત્તર-જ્ઞાની, અનુત્તર-દર્શી, અનુત્તર જ્ઞાનદર્શનધારી[૩૫], અર્હન્, જ્ઞાતપુત્ર[૩૬] વૈશાલિક[૩૭] અને વ્યાખ્યાતા ભગવાને એવું કહ્યું છે.

**—त्ति बेमि ।**

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

## ટિપ્પણ

# અધ્યયન ૬ : ક્ષુલ્લક-નિર્ગ્રન્થીય

### ૧. અવિદ્યાવાન (अविज्जा)

અવિદ્યા શબ્દના અનેક અર્થ છે—આધ્યાત્મિક અજ્ઞાન, ભ્રાંતિ કે માયા, અજ્ઞાન, મિથ્યાદર્શન, તત્ત્વજ્ઞાનનો અભાવ વગેરે.

પ્રસ્તુત પ્રકરણમાં ચૂર્ણિકારે તેના બે અર્થ આપ્યા છે—અજ્ઞાન અને મિથ્યાદર્શન.[1] શાન્ત્યાચાર્ય અનુસાર તેના બે અર્થ આ પ્રમાણે છે—તત્ત્વજ્ઞાનથી શૂન્ય, પર્યાપ્ત જ્ઞાનથી રહિત. જેનામાં તત્ત્વજ્ઞાનાત્મિકા વિદ્યા ન હોય તેને 'અવિદ્ય' કહેવામાં આવે છે. અવિદ્યનો અર્થ સર્વથા અજ્ઞાની નહિ, પરંતુ અતત્ત્વજ્ઞ છે. જીવ સર્વથા જ્ઞાનશૂન્ય હોતો જ નથી. જો એમ હોય તો પછી જીવ અને અજીવમાં કોઈ ભેદ જ ન રહે.[2]

અહીં 'અવિદ્યા'નો અર્થ મિથ્યાદર્શન હોવો જોઈએ. પતંજલિ અનુસાર અનિત્ય વગેરેમાં નિત્ય વગેરેની અનુભૂતિ 'અવિદ્યા' છે.[3]

### ૨. તે સર્વ દુઃખને ઉત્પન્ન કરનાર છે (सव्वे ते दुक्खसंभवा)

બધા અવિદ્યાવાન પુરુષો દુઃખ ઉત્પન્ન કરનારા છે. ચૂર્ણિકારે અહીં એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કર્યો છે[4]—

नातः परतरं मन्ये, जगतो दुःखकारणम् ।
यथाऽज्ञानमहारोगं, सर्वरोगप्रणायकम् ॥

શાન્ત્યાચાર્યે દુઃખનો અર્થ—પાપ કર્મ એવો કર્યો છે.[5]

અજ્ઞાનથી થનારા દુઃખોને સમજાવવા માટે વ્યાખ્યાકારોએ એક ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે—એક આળસુ માણસ ગરીબીથી હેરાન-પરેશાન થઈને ધન કમાવા માટે ઘરેથી નીકળી પડ્યો. તે બધા નગરો અને ગામોમાં ફરી વળ્યો. તેને ક્યાંય કંઈ ન મળ્યું. તેણે પાછું ઘર તરફ પ્રસ્થાન કર્યું. રસ્તામાં તે એક દેવમંદિરમાં ઊતર્યો. તે ગામ ચાંડાલોનું હતું. રાતમાં તેણે જોયું, એક ચાંડાલ મંદિરમાં આવ્યો છે. તેના હાથમાં એક વિચિત્ર ઘડો છે. તેણે ઘડો એક બાજુ મૂક્યો અને કહ્યું—'મારા માટે ઘર, પથારી અને સ્ત્રીની વ્યવસ્થા કરો.' જોતાં જોતાં ત્યાં બધું હાજર થઈ ગયું. તે ચાંડાલે સ્ત્રી સાથે ભોગ ભોગવ્યો. પ્રભાત થતાં થતાં વિદ્યા પાછી ખેંચી લીધી અને ફરી બધું પૂર્વવત્ થઈ ગયું.

તે આળસુનું મન લલચાયું. તેણે વિચાર્યું, વ્યર્થ પરિભ્રમણથી શું લાભ ? હું આ ચાંડાલની સેવા કરી ઘડો મેળવી લઉં તો બધું મળી જશે. તે પેલા ચાંડાલની સેવા કરવા લાગ્યો. કેટલાક દિવસો વીત્યા. એક દિવસ ચાંડાલે પૂછ્યું—'તું શું ઇચ્છે છે ?' તે બોલ્યો—'આપ જેવું જીવન જીવી રહ્યા છો, હું પણ તેવું જ જીવન જીવવા માગું છું.' ચાંડાલ બોલ્યો—'ઘડો લઈશ કે વિદ્યા ?'

---

૧. उत्तराध्ययन चूर्णि पृ. १४७, १४८ : विद्यत इति विद्या, नैषां विद्या अस्तीति अविद्या.....अविद्यादनं ( नरा ) मिथ्यादर्शनमित्यर्थः ।

૨. बृहद्वृत्ति, पत्र २६२ : वेदनं विद्या—तत्त्वज्ञानात्मिका, न विद्या अविद्या—मिथ्यात्वोपहतकुत्सितज्ञानात्मिका, तत्प्रधानाः पुरुषाः अविद्यापुरुषाः, अविद्यमाना वा विद्या येषां ते अविद्यापुरुषाः । इह च विद्या शब्देन प्रभूतश्रुतमुच्यते, न हि सर्वथा श्रुताभावः जीवस्य, अन्यथा अजीवत्वप्राप्तेः उक्तं हि—

सव्वजीवाणंपि य णं अक्खरस्सऽणंतभागो णिच्चुघाडितो ।
जदि सोवि आवरिज्जेज्ज तो णं जीवो अजीवत्तणं पावेज्जा ॥

૩. જુઓ—આ જ અધ્યયનનું આમુખ.

૪. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४८ ।

૫. बृहद्वृत्ति, पत्र २६२ : दुःखयतीति दुःखं—पापं कर्म्म ।

તેણે વિચાર્યું, 'વિદ્યા સાધવાનું કષ્ટ કોણ કરે ?' તેણે કહ્યું—'ઘડો આપો.' તેને ઘડો મળી ગયો. તે ઘરે પહોંચ્યો. ઘડાના પ્રભાવથી તેને બધી સામગ્રી મળી. એક દિવસ તે મદ્યપાન કરી, ઘડો ખભા પર મૂકી નાચવા લાગ્યો. બેધ્યાનપણું વધ્યું. ઘડો જમીન પર પડ્યો અને ફૂટી ગયો. સાથે-સાથે જ વિદ્યાના પ્રભાવથી થનારી બધી લીલા સમાપ્ત થઈ ગઈ. હવે તે વિચારવા લાગ્યો, જો હું તે ચાંડાલ પાસેથી ઘડો ન લેતાં વિદ્યા લેત તો કેટલું સારું થાત ! પણ હવે ..... તે ફરી દરિદ્રતાના દુઃખોથી ઘેરાઈ ગયો.[1]

### ૩. વારંવાર લુપ્ત થાય છે (लुप्पंति बहुसो मूढा)

ચૂર્ણિમાં 'लुप्पन्ति'નો અર્થ છે—શારીરિક અને માનસિક દુઃખો વડે પીડાવું.[2] વૃત્તિકારે આનો અર્થ દરિદ્રતા વગેરે દુઃખોથી પીડિત થવું એવો કર્યો છે.[3] અહીં મૂઢનો અર્થ છે—તત્ત્વ-અતત્ત્વના જ્ઞાનથી રહિત, હિત-અહિતના વિવેકમાં અસમર્થ.[4]

### ૪. પાશો (બંધનો) અને જાતિપથો (पासजाईपहे)

ચૂર્ણિમાં 'पास'નો અર્થ 'પશ્ય' અને 'जातिपथ'નો અર્થ 'ચોરાસી લાખ જીવયોનિ' કરવામાં આવ્યો છે.[5] વૃત્તિમાં 'पास'નો અર્થ 'સ્ત્રી વગેરેનો સંબંધ' છે. તે એકેન્દ્રિય વગેરે જાતિઓના માર્ગો છે, આથી તેમને જાતિપથ કહેવામાં આવ્યા છે. 'पाशजातिपथ' અર્થાત્ એકેન્દ્રિય વગેરે જાતિઓમાં લઈ જનાર સ્ત્રી વગેરેના સંબંધો.[6] અમે 'पास' અને 'जाइपह'ને અસમસ્ત પદ માનીને અનુવાદ કર્યો છે. આચાર્ય નેમિચન્દ્રે સ્ત્રી આદિના સંબંધ વિષયે એક સુંદર શ્લોક ઉદ્ધૃત કર્યો છે[7]—

**भार्याया निगडं दत्त्वा, न सन्तुष्टः प्रजापतिः ।**
**भूयोऽप्यपत्यदानेन, ददाति गलश्रृंङ्खलाम् ॥**

પ્રજાપતિએ મનુષ્યને ભાર્યારૂપી બેડી આપીને પણ સંતોષ ન રાખ્યો, તેણે તે જ મનુષ્યને અનેક સંતાનો આપી તેના ગળામાં પણ સાંકળ પહેરાવી દીધી.

### ૫. સ્વયં સત્યની શોધ કરે (अप्पणा सच्चमेसेज्जा)

આનું તાત્પર્ય એ છે કે વ્યક્તિ સ્વયં સત્યની શોધ કરે. જૈનદર્શન પુરુષાર્થવાદી દર્શન છે. તે માને છે કે પ્રત્યેક વ્યક્તિએ સત્યની શોધ કરવી જોઈએ. બીજા વડે શોધાયેલું સત્ય બીજાને માટે પ્રેરક બની શકે છે, નિમિત્ત-કારણ બની શકે છે, પરંતુ ઉપાદાન-કારણ બની શકતું નથી. વ્યક્તિ નિરંતર સત્યની શોધ કરે, અટકે નહિ. સત્યની શોધનું દ્વાર બંધ ન થાઓ.

વૈદિકો માને છે કે વેદ જ પ્રમાણ છે, પુરુષ પ્રમાણ બની શકે નહિ, કારણકે તે સત્યને સાક્ષાત્ જોઈ શકતો નથી—'तस्मादतीन्द्रियार्थानां साक्षाद् द्रष्टुरभावतः । नित्येभ्यो वेदवाक्येभ्यो, यथार्थत्वविनिश्चयः ।' જૈન પરંપરા માને છે કે—ગ્રંથ પ્રમાણ નથી હોતો, પ્રમાણ હોય છે પુરુષ. સર્વજ્ઞો હતા, છે અને થશે. સર્વજ્ઞતાની નાસ્તિ માની શકાય નહિ.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १४८ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २६२, २६३ ।

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४९ : सारीरमाणसेहिं दुक्खेहिं लुंपंति ।

૩. बृहद्वृत्ति, पत्र २६३ : लुप्यन्ते दारिद्र्यादिभिर्बाध्यन्ते ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४९ : मूढा—तत्त्वातत्त्व-अजाणगा ।
(ખ) बृहद्वृत्ति, पत्र २६२ : मूढा हिताहितविवेचनं प्रत्यसमर्थाः ।

૫. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४९ : पास त्ति पास, जायत इति जाती, जातीनां पंथा जातिपंथाः, अतस्ते जातिपंथा बहुं 'चुलसीतिं खलु लोए जोणीणं पमुहसयसहस्साइं ।'

૬. बृहद्वृत्ति, पत्र २६४ : पाशा—अत्यन्तपारवश्यहेतवः, कलत्रादिसम्बन्धास्त एव तीव्रमोहोदयादिहेतुतया जातीनाम्—एकेन्द्रियादिजातीनां पन्थानः—तत्प्रापकत्वान् मार्गाः पाशजातिपथाः तान् ।

૭. मुखबोधा वृत्ति, पत्र ११२ ।

સત્યની શોધના વિષયમાં વૈજ્ઞાનિક માન્યતા પણ આ જ છે. બીજા વૈજ્ઞાનિકોએ જે શોધ્યું છે, તેનાથી આગળ વધો અને સત્યના એક નવા પર્યાયને અભિવ્યક્તિ આપો. શોધ શોધ છે. તેમાં નિર્માણાત્મક તત્ત્વ પણ પ્રાપ્ત થઈ શકે છે અને વિધ્વંસાત્મક તત્ત્વો પણ મળી શકે છે. સત્યની શોધમાં પણ આ જ વાત લાગુ પડે છે. પણ જે વ્યક્તિ 'मित्ति मे सव्वभूएसु'–વિશ્વમૈત્રીનું સૂત્ર લઈને ચાલે છે તે શોધક ક્યાંય વિમૂઢ બનતો નથી. તે વિધ્વંસને પણ નિર્માણમાં બદલી નાખે છે.

ચૂર્ણિકાર અનુસાર ચાર હેતુઓ વડે કરવામાં આવતી સત્યની શોધનો કોઈ અર્થ નથી હોતો. તે ચાર હેતુઓ છે–(૧) કોઈ બીજાના વિકાસના આધારે સત્ય માની લેવું (૨) ભય વડે (૩) લોક-રંજન માટે અને (૪) બીજાના દબાણથી.[1]

એટલા માટે કહેવામાં આવ્યું છે–सर्वदा सर्वत्र आत्मना–સ્વયં પોતાની સ્વતંત્ર ભાવનાથી સત્યની શોધ કરવી.

सच्चं–ચૂર્ણિકારે સત્યનો અર્થ સંયમ કર્યો છે.[2] વૃત્તિકારે 'सत्'નો અર્થ જીવ અને તેના માટે જે કંઈ હિતકારી હોય છે તેને સત્ય કહ્યું છે. યથાર્થ જ્ઞાન અને સંયમ જીવને માટે હિતકારી હોય છે. એટલા માટે તે સત્ય કહેવાય છે.[3]

ચૂર્ણિકાર અને વૃત્તિકારે જે અર્થ કર્યો છે તે આચારપરક છે. સત્યનો સંબંધ માત્ર આચાર સાથે જ નથી, એટલા માટે વ્યાપક સંદર્ભમાં સત્યના ત્રણ અર્થ કરી શકાય છે–(૧) અસ્તિત્વ[4] (૨) સંયમ (૩) ઋજુતા.[5]

ચૂર્ણિકારે નામોલ્લેખપૂર્વક નાગાર્જુનીય વાચનાનું પાઠાંતર 'अत्तट्ठा सच्चमेसेज्जा' આપ્યું છે. શાન્ત્યાચાર્યે આ પાઠાંતર કોઈ વિશેષ નામના નિર્દેશ વિના જ આપ્યું છે.[6] તે બંનેનું માનવું છે કે આ પાઠાંતરમાં 'अत्तट्ठा' શબ્દ વિશેષ મહત્ત્વનો છે. સત્યની શોધનો મુખ્ય ઉદ્દેશ્ય છે 'સ્વ'. તે પરને માટે નથી હોતી.

આ શ્લોકનો સાર એ છે કે સત્યની શોધ પોતાને માટે પોતે જ કરો. સત્યની શોધ તે જ વ્યક્તિ કરી શકે છે જે બંધનોની સમીક્ષામાં પંડિત હોય, હિત-અહિતની વિવેક-ચેતનાનો માલિક હોય. સત્યને તે જ પામી શકે છે જે સ્વતંત્ર ચેતના વડે તેની શોધ કરે છે. સત્ય-શોધનું નવનીત છે–વિશ્વમૈત્રી, સર્વભૂતમૈત્રી.

૬. આચરણ કરે (**कप्पए**)

ચૂર્ણિકારે 'कल्प' શબ્દના છ અર્થોનો નિર્દેશ કર્યો છે[7]–

૧. सामर्थ्य–આઠમા માસે વૃત્તિ કે જીવિકા માટે સમર્થ થવું.

૨. वर्णन–વિસ્તારથી વર્ણન કરનારું સૂત્ર–કલ્પસૂત્ર.

૩. छेदन–ચાર અંગુલ માત્ર કેશ છોડીને આગળના કેશને 'कप्पति'–કાપવાં.

૪. करण–કરવું.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १४९ : मा भूत् कस्यचित् परप्रत्ययात् सत्यग्रहणं, तथा परो भयात् लोकरंजनार्थं पराभियोगाद् वा ।

૨. એજન, પૃ. १४९ : सच्चो संजमो.... ।

૩. बृहद्वृत्ति, पत्र २६४ : सद्भ्यो – जीवादिभ्यो हितः- सम्यग् रक्षण-प्ररूपणादिभिः सत्यः–संयमः सदागमो वा ।

૪. तत्त्वार्थ ५। ३० : उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ।

૫. ठाणं ४। १०२ : चउविहे सच्चे पण्णत्ते–काउज्जुयया, भासुज्जुयया भावुज्जुयया, अविसंवायणाजोगे ।

૬. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४९ : नागार्जुनीयामां 'अत्तट्ठा सच्चमेसेज्जा ।'
(ખ) बृहद्वृत्ति, पत्र २६४ ।

૭. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १४९, १५० :कल्पनाशब्दोप्यने- कार्थः, तद्यथा–
सामर्थ्ये वर्णनायां च, छेदणे करणे तथा ।
औपम्ये चाधिवासे च, कल्पशब्दं विदुर्बुधाः ॥
सामर्थ्ये अट्ठममासे वित्तीकप्पो भवति, वर्णने विस्तरतः सूत्रं कल्पं, छेदने चतुरंगुलवज्जे अग्गकेसे कप्पति, करणे
'न वृत्तिं चिन्तयेत् प्राज्ञः, धर्ममेवानुचिन्तयेत् ।
जन्मप्रभृतिभूतानां, वृत्तिरायुश्च कल्पितम् ॥
औपम्ये यथा चन्द्रादित्यकल्पाः साधवः, अधिवासे जहा सोहम्मकप्पवासी देवो ।

૫. औपम्य—ચંદ્ર અને સૂર્ય જેવા સાધુ.

૬. अधिवास—સૌધર્મકલ્પવાસી દેવ.

પ્રસ્તુત પ્રસંગમાં 'कल्प' શબ્દનો પ્રયોગ 'करण'–કરવાના અર્થમાં છે.[1]

### ૭. સમ્યગ્ દર્શનવાળો પુરુષ (समियदंसणे)

જેનું મિથ્યાદર્શન શમિત થઈ ગયું હોય તેને શમિતદર્શન અથવા જેને દર્શન સમિત—પ્રાપ્ત થયું હોય તેને સમિતદર્શન કહેવામાં આવે છે. આ બંનેનો અર્થ છે–સમ્યક્દૃષ્ટિ સંપન્ન વ્યક્તિ.[2]

ચૂર્ણિકારે વૈકલ્પિક રૂપે તેને સંબોધન પણ માન્યું છે.[3]

### ૮. પોતાની પ્રેક્ષાથી (सपेहाए)

ચૂર્ણિમાં આનો અર્થ 'સમ્યક્બુદ્ધિ વડે' છે.[4] શાન્ત્યાચાર્યે તેના બે અર્થ કર્યા છે—સમ્યક્-બુદ્ધિ વડે અથવા પોતાની બુદ્ધિ વડે.[5] નેમિચન્દ્રે માત્ર 'પોતાની બુદ્ધિ વડે' અર્થ કર્યો છે.[6] આ શબ્દ ૭।૧૯માં આવ્યો છે. ત્યાં તેનો અર્થ 'સમ્યક્ આલોચના કરીને' કરવામાં આવ્યો છે.[7] પોતાની બુદ્ધિ વડે—આ અર્થ વધુ યોગ્ય છે.

### ૯. જુઓ (पासे)

ચૂર્ણિમાં આનો અર્થ 'पाश'—બંધન આપ્યો છે.[8] વૃત્તિકારે આને ક્રિયાપદ માની આનો અર્થ—જુઓ, અવધારણ કરો—એવો કર્યો છે.[9] આ જ અર્થ પ્રાસંગિક લાગે છે.

### ૧૦. ગૃદ્ધિ અને સ્નેહ (गेहिं सिणेहं)

ગૃદ્ધિનો અર્થ છે—આસક્તિ. તે પશુ, ધન, ધાન્ય વગેરે પ્રત્યે હોય છે. સ્નેહ પરિવાર, મિત્ર વગેરે પ્રત્યે હોય છે.[10]

ગૃદ્ધિ કોઈ મનુષ્ય પ્રત્યે હોઈ શકતી નથી. અહીં ગૃદ્ધિ અને સ્નેહ—બંને શબ્દો પ્રયોજાયા છે. એટલા માટે તેમાં આ પ્રકારની ભેદરેખા દોરવામાં આવી છે.

### ૧૧. દાસ અને ચાકરોનો સમૂહ (दासपोरुसं)

આમાં બે શબ્દ છે—दास અને पोरुस. દાસનો અર્થ છે—જે ઘરની દાસી વડે ઉત્પન્ન થયા છે અથવા ખરીદેલા છે,તેઓ દાસ કહેવાય છે. 'पौरुष'નો અર્થ છે—પુરુષોનો સમૂહ અર્થાત્ ચાકરોનો સમૂહ.

શાન્ત્યાચાર્યે વૈકલ્પિક રૂપે 'दासपोरुस'ને સમસ્ત પદ માનીને તેનો અર્થ—દાસપુરુષોનો સમૂહ એવો કર્યો છે.[11]

વિસ્તાર માટે જુઓ—૩।૧૬નું ટિપ્પણ.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १५० : अत्र करण कल्पः शब्दः ।

૨. बृहद्वृत्ति, पत्र २६४ : शमितं दर्शनं प्रस्तावात् मिथ्यात्वात्मकं येन स तथोक्तः, यदि वा सम्यक् इतं—गतं जीवादिपदार्थेषु दर्शनं—दृष्टिरस्येति समितदर्शनः । कोऽर्थः ? सम्यग्दृष्टिः ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १५१ : ....आमन्त्रणे वा ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १५० : सम्यक्प्रेक्षया सपेहाए ।

૫. बृहद्वृत्ति, पत्र २६४ : 'सपेहाए' त्ति प्राकृतत्वात् संप्रेक्षया—सम्यग्बुद्ध्या स्वप्रेक्षया वा ।

૬. सुखबोधा, पत्र ११२ : स्वप्रेक्षया—स्वबुद्ध्या ।

૭. એજન, પત્ર १२१ : 'सपेहाए' त्ति सम्प्रेक्ष्य—सम्यगालोच्य ।

૮. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १५० : पाश्यतेऽनेनेति पाशः ।

૯. बृहद्वृत्ति, पत्र २६४ : पासे त्ति पश्येदवधारयेत् ।

૧૦. उत्तराध्ययन चूर्णि, पृ. १५१ : गृद्धिः द्रव्यगोमहिष्यजाविकाधनधान्यादिषु, स्नेहस्तु बान्धवेषु ।

૧૧. बृहद्वृत्ति, पत्र २६४ : यद् वा दासपोरुसं ति दासपुरुषाणां समूहो दासपौरुषं ।

**૧૨. જીવનની આશંસા (अज्झत्थं)**

અધ્યાત્મનો શાબ્દિક અર્થ છે—આત્મામાં થનારું. પ્રાણીમાં કેટલીક મૌલિક મનોવૃત્તિઓ કે સંજ્ઞાઓ હોય છે. તે બધામાં સમાન રૂપે મળે છે. જીવનની આશંસા કે ઇચ્છા એક મૌલિક મનોવૃત્તિ છે. અહીં 'અધ્યાત્મ' શબ્દ વડે તે જ વિવક્ષિત છે. તે વ્યાપક છે, એટલે તેને 'सव्वओ सव्वं' [सर्वतः सर्वं] કહેવામાં આવેલ છે.

'अज्झत्थ'ના સ્થાને 'अब्भत्थ' શબ્દનો પ્રયોગ પણ મળે છે. બંને સમાનાર્થી છે.

**૧૩. બધા પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય છે (पियायए)**

ચૂર્ણિ અને વૃત્તિઓમાં આની વ્યાખ્યા 'प्रियात्मक' અથવા 'प्रियदय'ના રૂપમાં કરવામાં આવી છે.[1] સરપેન્ટિયરે આ શબ્દની મીમાંસા કરતાં લખ્યું છે કે પાલી સાહિત્યમાં 'पियायति' ક્રિયાપદનો પ્રયોગ મળે છે, જેનો અર્થ છે ચાહવું, ઉપાસના કરવી, સત્કાર કરવો વગેરે અને સંભવ છે કે આ જ ક્રિયા જૈન-મહારાષ્ટ્રીમાં પણ આવી હોય. આથી આ ધાતુના 'पियायइ', 'पियाएइ' રૂપો પણ સહજગમ્ય બની જાય છે. આ રૂપ સ્વીકારીએ તો જ પ્રથમ બે ચરણોનો અર્થ સ્વાભાવિક સુગમ બની જાય છે.[2]

જો આપણે ટીકાકારોનું અનુસરણ કરીએ તો આપણે 'दिस्स' શબ્દ બંને બાજુ જોડવો પડે છે અને જો આપણે 'पियायए'ને ધાતુ માની લઈએ તો એવું કરવું પડતું નથી અને અર્થમાં પણ વિપર્યાસ થતો નથી. તે અનુસાર 'पाणे पियायए'નો અર્થ થશે— પ્રાણીઓ સાથે મૈત્રી કરો.

પરંતુ આચારાંગના—सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्खपडिकूला, अप्पियवहा, पियजीविणो, जीविउकामा, सव्वेसिं जीवियं पियं (૨।૬૩, ૬૪) સંદર્ભમાં આ શ્લોક વાંચીએ તો 'पियायए'નો અર્થ 'प्रियायुष्' (प्रियायुषः) સંભવિત લાગે છે અને અર્થસંગતિની દૃષ્ટિએ પણ તે જ ઉચિત છે. 'पियायए'—અહીં 'पियाउए' પાઠની પરાવૃત્તિ થઈ છે—એવું લાગે છે.

આચારાંગ વૃત્તિમાં 'सव्वे पाणा पियाउया'નું પાઠાંતર છે—'सव्वे पाणा पियायया'. શીલાંકસૂરિએ 'पियायया'નો અર્થ— જેમને પોતાનો આત્મા પ્રિય હોય તેવા પ્રાણી—કર્યો છે.[3] 'पियायया' પ્રથમા વિભક્તિનું બહુવચન છે અને 'पियायए' દ્વિતીયા વિભક્તિનું બહુવચન. આ રીતે ફરી ફરીને પાછા આપણે 'पियायय'ના પ્રિયાત્મક અર્થ ઉપર જ આવી પહોંચીએ છીએ.

**૧૪. (શ્લોક ૬)**

પ્રસ્તુત શ્લોકમાં હિંસાથી ઉપરત રહેવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેના મુખ્ય હેતુઓ છે—

૧. જેમ મને સુખ વહાલું છે, તેમ જ બધા પ્રાણીઓને સુખ વહાલું છે.

૨. જેમ મને પોતાનું જીવન વહાલું છે, તેમ જ બધા પ્રાણીઓને પોતપોતાનું જીવન વહાલું છે.

દશવૈકાલિક ૬।૧૦માં કહેવામાં આવ્યું છે—'सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं'—બધા પ્રાણીઓ જીવવા ઇચ્છે છે, મરવાનું કોઈ ઇચ્છતું નથી. એટલા માટે કોઈને બીજા કોઈ પણ પ્રાણીને મારવાનો અધિકાર નથી.

હિંસા કરવાના અનેક કારણો છે. તેમાં આ બે કારણો વધારાનાં છે—

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १५१ : 'पियायए' प्रिय आत्मा येषां ते प्रियात्मानः ।
(ખ) बृहद्वृत्ति, पत्र २६५ : 'पयादए' त्ति आत्मवत् सुखप्रियत्वेन प्रिया दया—रक्षणं येषां तान् प्रियदयान् प्रियआत्मा येषां तान् प्रियात्मकान् वा ।
(ગ) सुखबोधा, पत्र ११२ ।

૨. उत्तराध्ययन, पृ. ३०३ ।

૩. आयारो २।६३, वृत्ति पत्र, ११०, १११ : पाठान्तरं वा 'सव्वेपाणा पियायया', आयतः—आत्माऽनाद्यनन्तत्वात् स प्रियो येषां ते तथा सर्वेऽपि प्राणिनः प्रियात्मानः ।

૧. વ્યક્તિ ભયના કારણે હિંસા કરે છે.

૨. વ્યક્તિ વેરને વશ થઈ બદલાની ભાવનાથી હિંસામાં પ્રવૃત્ત થાય છે.

અહિંસાની આરાધના માટે હિંસાના બધા કારણોથી નિવૃત્ત થવું જરૂરી છે.

### ૧૫. પરિગ્રહ નરક છે (आयाणं नरयं)

આદાનનો અર્થ છે—પરિગ્રહ. તે નરકનું કારણ છે, એટલા માટે કારણમાં કાર્યનો ઉપચાર કરી પરિગ્રહને નરક કહી દીધું છે. તેનો બીજો અર્થ એમ કરી શકાય કે—અદત્તનું આદાન નરક છે.[1] આચારાંગમાં હિંસાને નરક કહેલ છે.[2]

### ૧૬. અહિંસક કે કરુણાશીલ મુનિ (दोगुंछी)

ચૂર્ણિકાર અનુસાર જુગુપ્સાનો અર્થ 'संयम' છે. જે અસંયમ પ્રત્યે જુગુપ્સા કરે છે, તે જુગુપ્સી છે.[3]

શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે તેનો અર્થ—આહાર કર્યા વિના ધર્મ કરવામાં અસમર્થ શરીર પ્રત્યે જુગુપ્સા કરનાર એવો કર્યો છે.[4]

પહેલા અર્થનો ધ્વનિ છે—અસંયમ પ્રત્યે જુગુપ્સા કરનાર અને બીજાનો ધ્વનિ છે—શરીરની અસમર્થતા પ્રત્યે જુગુપ્સા કરનાર. તાત્પર્યાર્થમાં 'दोगुंछी'નો અર્થ છે—અહિંસક, કરુણાશીલ. જે સંયમી હોય છે તેનામાં આ બંને ગુણો હોય છે.

### ૧૭. પોતાના પાત્રમાં ગૃહસ્થ દ્વારા પ્રદત્ત (अप्पणो पाए दिन्नं)

ચૂર્ણિકારે કહ્યું છે—સંયમી જીવનના નિર્વાહ માટે પાત્ર આવશ્યક છે. તે પરિગ્રહ નથી.[5] મુનિ પોતાના પાત્રમાં ભોજન કરે, ગૃહસ્થના પાત્રમાં ભોજન ન કરે. આના સમર્થનમાં શાન્ત્યાચાર્યે ''पच्छाकम्मं पुरेकम्मं'' (દશવૈકાલિક ૬।૫૨) શ્લોક ઉદ્ધૃત કર્યો છે. તેમણે આ ઉદ્ધરણ પૂર્વે 'शय्यम्भवाचार्य'નો ઉલ્લેખ કર્યો છે.[6]

'पाए दिन्नं'—સરખાવો—બૌદ્ધોનું છઠ્ઠું ધુતાંગ 'पात्र-पिंडिकांग' (विशुद्धि मार्ग ૧।૨, પૃ. ૬૦)

### ૧૮. તત્ત્વને (आयरियं)

ચૂર્ણિકારે આનું સંસ્કૃત રૂપ 'आचरितं' અને શાન્ત્યાચાર્યે 'आर्यम्' કર્યું છે. નેમિચન્દ્રે 'आयारियं' પાઠ માનીને તેનું સંસ્કૃત રૂપ 'आचारिकम्' કર્યું છે. 'आचरित'નો અર્થ આચાર,[7] 'आर्य'નો અર્થ તત્ત્વ[8] અને 'आचारिक'નો અર્થ પોતપોતાના આચારમાં થનારું અનુષ્ઠાન એવો છે.[9]

---

१. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १५२ ।
   (ખ) बृहद्वृत्ति, पत्र २६६ ।

२. आयारो १।२५ ।

३. उत्तराध्ययन चूर्णि, पृ. १५२ : दुगुंछा—संजमो, किं दुगुंछति? असंजमम् ।

४. (ક) बृहद्वृत्ति, पत्र २६६ : जुगप्सते आत्मानमाहारं विना धर्मधुराधरणाक्षममित्येवशीलो जुगुप्सी ।
   (ખ) सुखबोधा, पत्र ११२ ।

५. उत्तराध्ययन चूर्णि, पृ. १५२ : पाति जीवानात्मानं वा तेनेति पात्रं, आत्मीयपात्रग्रहणात् मा भूत्कश्चित्परपात्रे गृहीत्वा भक्षयति तेन पात्रग्रहणं, ण सो परिग्गह इति ।

६. बृहद्वृत्ति, पत्र २६६ : पात्रग्रहणं तु व्याख्याद्वयेऽपि मा भूत् निष्परिग्रहतया पात्रस्याप्यग्रहणमिति कस्यचिद् व्यामोह इति ख्यापनार्थं, तदपरिग्रहे हि तथाविधलब्ध्याद्यभावेन पाणिभोक्तृत्वाभावाद्गृहिभाजन एव भोजनं भवेत्, तत्र च बहुदोषसम्भवः, तथा च शय्यम्भवाचार्यः—
   पच्छाकम्मं पुरेकम्मं, सिया तत्थ ण कप्पइ ।
   एयमट्ठं ण भुंजंति, णिग्गंथा गिहिभायणे ॥

७. उत्तराध्ययन चूर्णि, पृ. १५२ : आचारे निविष्टमाचरितं, आचरणीयं वा ।

८. बृहद्वृत्ति, पत्र २६६ : 'आयरियं' ति सूत्रत्वात् आराद्यातं सर्वकुयुक्तिभ्य इत्यार्यं तत्त्वम् ।

९. सुखबोधा, पत्र ११३ : 'आचारिकं' निजनिजाऽचारभवमनुष्ठनमेव ।

ડૉ. હરમન જેકોબીએ પૂર્વવ્યાખ્યાઓને અમાન્ય કરેલ છે. તેઓ તેનો અર્થ 'आचार्य' કરે છે.[1]

'आयरिय'નાં સંસ્કૃત રૂપો 'आचरित' અને 'आचार्य' બંને થઈ શકે છે, એટલા માટે 'आचरित'ને અમાન્ય કરવાનું કોઈ કારણ લાગતું નથી. પરંતુ આ શ્લોકમાં એકાન્તિક જ્ઞાનવાદનું નિરસન છે. સાંખ્ય વગેરે તત્ત્વજ્ઞતા, ભેદજ્ઞાન કે વિવેકજ્ઞાન વડે મોક્ષ માને છે. તેમની સુપ્રસિદ્ધ ઉક્તિ છે—

पंचविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः ।
शिखी मुण्डी जटी वापि, मुच्यते नात्र संशयः ॥

'आर्य'નો અર્થ તત્ત્વ પણ છે એટલા માટે પ્રકરણની દૃષ્ટિએ શાન્ત્યાચાર્યની વ્યાખ્યા અનુપયુક્ત નથી. તેઓ 'आयरितं'નું સંસ્કૃત રૂપ 'आर्य' હોવામાં પોતે જ સંદિગ્ધ હતા, એટલા માટે તેમણે આ પ્રયોગને સૌત્રિક ગણાવ્યો. 'आयारियं'નું સંસ્કૃત રૂપ 'आकारितं' પણ થાય છે. 'आकारित' અર્થાત્ આહ્વાન-વચન. કેટલાક લોકો માત્ર આહ્વાન-વચનો—મંત્રોના જાપથી સર્વ દુઃખમુક્તિ માને છે, પ્રત્યાખ્યાન કે સંયમ કરવા આવશ્યક માનતા નથી. 'आयारियं' પાઠના આધારે આ વ્યાખ્યા પણ થઈ શકે છે.

## ૧૯. વિવિધ (चित्ता)

'चित्रा' ભાષાનું વિશેષણ છે. તે ધાતુ, ઉપસર્ગ, સંધિ, તદ્ધિત, કાળ, પ્રત્યય, પ્રકૃતિ, લોક, આગમ વગેરે ભેદો વડે વિભિન્ન શબ્દોવાળી[2], અથવા પ્રાકૃત, સંસ્કૃત વગેરે વિભિન્ન રૂપોવાળી હોય છે. એટલા માટે તેને વિચિત્ર કહેવામાં આવી છે.[3]

## ૨૦. વિદ્યાનું અનુશાસન (विज्जाणुसासणं)

આનો અર્થ છે—મંત્ર વગેરેનું શિક્ષણ.[4] ડૉ. હરમન જેકોબીએ આનો અર્થ—દાર્શનિક શિક્ષણ—કર્યો છે.[5]

## ૨૧. (શ્લોક ૧૧)

'મન, વચન અને કાયા વડે શરીરમાં આસક્ત હોય છે'ને સ્પષ્ટ કરતાં નેમિચન્દ્રે કહ્યું છે—'આપણે સુંદર અને હૃષ્ટ-પુષ્ટ શરીરવાળા કેવી રીતે બનીએ—મનમાં સતત આવો વિચાર કરવો, શરીર વડે સદા રસાયણ વગેરેનો ઉપયોગ કરી શરીરને બલિષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરવો અને વાણી વડે રસાયણ આદિ સંબંધિત પ્રશ્નો કરતાં રહેવા તે આસક્તિ છે.'[6] દેહાસક્તિ પદાર્થાસક્તિનું મૂળ કારણ છે. જે દેહાસક્તિથી બચે છે તે પદાર્થો પ્રત્યે અનાસક્ત રહી શકે છે.

## ૨૨. જન્મ-મરણના લાંબા માર્ગને (दीहमद्धाणं)

ચૂર્ણિકારે અહીં એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે[7]—

'प्रपन्ना दीर्घमध्वानमनादिकमनन्तकम् ।
स तु कर्मभिरापन्नः हिंसादेरुपचीयते ॥

---

१. Sacred Books of the East, Vol. XLV, Uttarādhyayana, P. 25.
२. उत्तराध्ययन चूर्णि, पृ. १५३ : चित्रानाम धातूपसर्गसंधितद्धितकालप्रत्ययप्रकृतिलोपागमविशुद्ध्या ।
३. बृहद्वृत्ति, पत्र २६७ : 'चित्रा' प्राकृतसंस्कृतादिरूपा आर्यविषयं ज्ञानमेव मुक्त्यंगमित्यादिका वा ।
४. એજન, पत्र २६७ : विदन्त्यनया तत्त्वमिति विद्या—विचित्रमंत्रात्मिका तस्या अनुशासनं—शिक्षणं विद्यानुशासनम् ।
५. Sacred Books of the East, Vol. XLV, Uttarādhyayana, P. 26.
६. सुखबोधा, पत्र ११३, ११४ ।
७. उत्तराध्ययन चूर्णि, पृ. १५४ ।

## ૨૩. બધી દિશાઓ (**सव्वदिसं**)

દિશા શબ્દના બે અર્થ કરી શકાય છે—(૧) દષ્ટિકોણ (૨) ઉત્પત્તિસ્થાન. ચૂર્ણિ અને વૃત્તિમાં દિશા શબ્દ વડે સમસ્ત ભાવ-દિશાઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે. ભાવ-દિશા અઢાર પ્રકારની છે. જેવી કે—પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, મૂલબીજ, સ્કંધબીજ, અગ્રબીજ,પર્વબીજ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, નારક, દેવ, સમ્મૂર્છનજ, કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અન્તર-દ્વીપજ.[1]

જ્ઞાનવાદ અને ક્રિયાવાદની દષ્ટિએ તપાસીએ તો 'દિશા'નો અર્થ દષ્ટિકોણ હોવો જોઈએ.માત્ર જ્ઞાનવાદી અપ્રમત્ત ન થઈ શકે. અપ્રમત્ત હોવા માટે જ્ઞાન અને ક્રિયા—બંનેનો સમન્વય જરૂરી છે.

પ્રસ્તુત પ્રસંગમાં 'દિશા'નો અર્થ દષ્ટિકોણ જ બંધબેસતો જણાય છે.

## ૨૪. બાહ્ય—શરીરથી ભિન્ન ઊર્ધ્વ—આત્મા છે, તેને સ્વીકારીને (**बहिया उड्डमादाय**)

बहिया—બાહ્ય. આ વિશેષણ ઇન્દ્રિય-જગતનું વાચક છે. उड्ढं—ઊર્ધ્વ. આ વિશેષણ આત્મ-જગતનું વાચક છે. જે વ્યક્તિ ઇન્દ્રિય-જગતમાં જીવે છે, તે વિષયોની આકાંક્ષા ન કરે એવું કદી સંભવે નહિ. કેમ કે આ જગતમાં વિષયોના આધારે જ જીવનનું ઊંચાપણું અને નીચાપણું માપવામાં આવે છે. પણ જે વ્યક્તિ ઇન્દ્રિય-જગતથી દૂર ખસીને ઊર્ધ્વ—મોક્ષને પોતાનું લક્ષ્ય બનાવીને ચાલે છે, તે વિષયોથી વિરક્ત હોય છે. તેમનાથી આકર્ષિત થતો નથી. તે વિષયો ભોગવે છે, પણ તેમનાથી બંધાતો નથી.

સંસારનો બધો વ્યવહાર પદાર્થાશ્રિત છે. જીવન પદાર્થોના આધારે રહેલું છે. આવી સ્થિતિમાં તેમને સર્વથા નકારવા તે કોઈનાય વશની વાત નથી. પરંતુ જે ઊર્ધ્વલક્ષી હોય છે, તે પદાર્થોને ઉપયોગમાં લેતો હોવા છતાં તેમની સાથે સંકળાતો નથી અને જે ઇન્દ્રિય-ચેતનાના સ્તર પર જીવે છે તે તેમનાથી બંધાઈ જાય છે.

સૂત્રકૃતાંગ સૂત્રનું આ વાક્ય 'माणसे खलु दुल्लहे' એ વાતનું સાક્ષી છે કે લક્ષ્યની ઊર્ધ્વતાને કારણે જ મનુષ્ય-જન્મની દુર્લભતા છે. એટલા માટે તેની રક્ષા ઇચ્છનીય છે.

લોકાયતો માને છે કે 'उर्ध्वं देहात् पुरुषो न विद्यते, देह एव आत्मा'—દેહથી ઊર્ધ્વ—અલગ કોઈ આત્મા નથી, દેહ જ આત્મા છે. આનું નિરસન કરતાં સૂત્રકારે કહ્યું છે—'बहिया उड्ढं'—શરીરથી પર પણ આત્મા છે. આ ચૂર્ણિની વ્યાખ્યા છે.[2] વૃત્તિ અનુસાર 'बहिया उड्ढं'નો અર્થ મોક્ષ છે. જે સંસારથી બહિર્ભૂત છે અને સૌથી ઊર્ધ્વવર્તી છે, તેને 'बहिः ऊर्ध्वं' કહેવાય છે.[3]

## ૨૫. કોઈ પ્રકારની આકાંક્ષા ન કરે (**नावकंखे कयाइ वि**)

વ્યક્તિ ઊર્ધ્વલક્ષી બનીને, મોક્ષને પોતાનું લક્ષ બનાવીને કોઈપણ સ્થિતિમાં, ક્યાંય પણ વિષયો પ્રતિ આસક્ત ન થાય. ઉપસર્ગ અને પરીષહો વડે પ્રતાડિત થવા છતાં પણ તે વિષયાભિમુખ ન બને.

અહીં એક પ્રશ્ન ઊઠે છે કે જો આ વાત યથાર્થ છે તો પછી શરીરને ધારણ કરવાનું પણ અયોગ્ય જ ગણાશે, કેમ કે તેના પ્રત્યે પણ આકાંક્ષા કે આસક્તિ હોય છે. શરીર પણ આત્માથી બાહ્ય છે.

આનો ઉત્તર આગળના બે ચરણોમાં આપવામાં આવ્યો છે.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १५४ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २६८ :
पुढविजलजलणवाया मूला खंधग्गपोरबीया य ।
बितिचउपणिंदितिरिया य नारया देवसंघाया ॥
सम्मुच्छिम कम्माकम्मभूमिगणरातहंतरद्दीवा ।
भावदिसा दिस्सइ जं संसारी णियगमेयाहिं ॥
२. उत्तराध्ययन चूर्णि, पृ. १५५ ।
३. बृहद्वृत्ति, पत्र २६८ ।

**૨૬. (पुव्वकम्मक्खयट्ठाए, इमं देहं समुद्धरे)**

પ્રસ્તુત બે ચરણોમાં શરીરના ધારણ અને પોષણ કરવાની અયુક્તતાનો સટીક ઉત્તર છે. શરીરને ધારણ કરવાનો અને તેને યોગ્ય આહાર વડે પુષ્ટ રાખવાનો એકમાત્ર ઉદ્દેશ્ય એ છે કે પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરી શકાય અને સંયમના પાલન દ્વારા નવા કર્મોને રોકી શકાય. શરીર-ધારણનો આ આધ્યાત્મિક અથવા પારમાર્થિક હેતુ છે.

**૨૭. કર્મના હેતુઓ (कम्मणो हेउं)**

ચૂર્ણિકારે અવિદ્યા અને રાગ-દ્વેષને કર્મ-બંધના હેતુઓ માન્યા છે.[1] વૃત્તિ અનુસાર કર્મ-બંધના ઉપાદાન હેતુઓ છે– મિથ્યાત્વ અને અવિરતિ.[2]

**૨૮. મૃત્યુની પ્રતીક્ષા (कालकंखी)**

ચૂર્ણિકારે આનો અર્થ–પંડિત-મરણના કાળની આકાંક્ષા કરનાર અર્થાત્ આજીવન સંયમની ઇચ્છા કરનાર–કર્યો છે.[3]

શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે આનો અર્થ ક્રિયોચિત કાળની આકાંક્ષા કરનાર એવો કર્યો છે.[4] 'कालकंखी परिव्वए'–આ બે શબ્દો આચારાંગ ૫।૩।૩૮માં જેમના તેમ આવ્યા છે.

**૨૯. આહાર અને પાણીની (पिंडस्स पाणस्स)**

આ શ્લોકમાં માત્ર બે શબ્દો–पिण्ड અને पान–આવ્યા છે. અન્યત્ર અનેક સ્થાનોમાં–असणं, पाणं, खाइमं, साइमं–આવા ચાર શબ્દો આવે છે. ચૂર્ણિકારે 'પિંડ' શબ્દને અસન, ખાદ્ય અને સ્વાદ્ય–આ ત્રણેનો સૂચક માન્યો છે.[5] મુનિ ખાદ્ય અને સ્વાદ્યનો ઘણાભાગે ઉપભોગ કરતા નથી, એવો વૃત્તિકારોનો મત છે.[6] અભયદેવસૂરિએ પણ સ્થાનાંગ-વૃત્તિમાં આવો જ મત દર્શાવ્યો છે.[7] ચૌદ-પ્રકારના દાન જે બતાવવામાં આવ્યા છે તેમાં ખાદ્ય અને સ્વાદ્ય પણ સમ્મિલિત છે.[8] આ બંને પ્રકારોના ઉલ્લેખો વડે એમ સમજી શકાય છે કે તેમનો એકાંતિક નિષેધ નથી.

**૩૦. (सन्निहिं च कुव्वेज्जा, लेवमायाए संजए)**

સન્નિધિનો અર્થ છે–અશન વગેરે સ્થાપિત કરીને રાખવાં, બીજા દિવસ માટે તેનો સંગ્રહ કરવો.[9]

નિશીથ ચૂર્ણિમાં થોડા સમયમાં જ વિકૃત થઈ જનાર પદાર્થો દૂધ, દહીં વગેરેના સંગ્રહને સંનિધિ અને લાંબા સમય સુધી ન બગડનાર પદાર્થો ઘી, તેલ વગેરેના સંગ્રહને સંચય કહેવામાં આવેલ છે.[10]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १५५ ।

૨. बृहद्वृत्ति, पत्र २६८ : कम्मणो–ज्ञानावरणादेः, हेतुं–उपादान कारणं मिथ्यात्वाविरत्यादि ।

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १५५ : कालनाम यावदायुषः तं पंडितमरणकालं काङ्क्षमाणः ।

૪. (ક) बृहद्वृत्ति, पत्र १६८, १६९ : कालं अनुष्ठानप्रस्तावं काङ्क्षत इत्येवंशीलः कालकांक्षी ।
(ખ) सुखबोधा, पत्र ११४ ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ. १५५ : पिण्डग्रहणात् त्रिविध आहारः ।

૬. (ક) बृहद्वृत्ति, पत्र २६९ : 'पिण्डस्य' ओदनादेरन्नस्य 'पानस्य च' आयामादेः खाद्यस्वाद्यानुपादानं च यतः प्रायस्तत्परिभोगासम्भवाद् ।
(ખ) सुखबोधा, पत्र ११५ ।

૭. ठाणं ९ । ३ : णो पाणभोयणस्स....,
वृत्ति, पत्र ४२२ : खाद्य-स्वाद्ययोरुत्सर्गतो यतीनाम-योग्यत्वात्पानभोजनयोर्ग्रहणमिति ।

૮. उपासकदसा २ : असणपाणखाइमसाइमेणं.....पडिला-भेमाणस्स विहरित्तए ।

૯. बृहद्वृत्ति, पत्र २६९ : सन्निधिः–प्रातरिदं भविष्यतीत्या-द्यभिसन्धितोऽतिरिक्ताशनादिस्थापनम् ।

૧૦. निशीथचूर्णि, उद्देशक ८, सूत्र १८ ।

લેપ માત્રનો અર્થ છે—જેટલી વસ્તુ વડે પાત્ર ઉપર લેપ લાગે તેટલી માત્રા. માત્રા શબ્દના અનેક અર્થો થાય છે—

**ईषदर्थे क्रियायोगे, मर्यादायां परिच्छदे ।**

**परिमाणे धने चेति, मात्रा शब्दः प्रकीर्तितः ॥**

અહીં 'માત્રા' શબ્દ પરિણામના અર્થમાં છે.[1] શાન્ત્યાચાર્યે તેને મર્યાદાના અર્થમાં પણ માન્યો છે. તેમના મતાનુસાર તેનો અર્થ થશે—મુનિ પોતાના કાષ્ઠ-પાત્ર ઉપર ઘટ્ટ તેલ કે રોગાન વગેરેનો લેપ લગાવે તે ઉપરાંત કોઈપણ પ્રકારની સંનિધિ ન રાખે.[2]

### ૩૧. (पक्खी पत्तं समादाय निरवेक्खो परिव्वए)

અહીં 'पत्त' શબ્દમાં શ્લેષ છે. તેના બે અર્થ થાય છે—પત્ર (પાંખ) અને ભિક્ષા-પાત્ર. ચૂર્ણિકારે આનો અર્થ કર્યો છે—જેવી રીતે પક્ષી પોતાની પાંખો સાથે લઈને ઊડે છે, એટલા માટે તેને પાછળની કોઈ અપેક્ષા—ચિંતા હોતી નથી, તેવી જ રીતે ભિક્ષુ પોતાના પાત્રો વગેરે ઉપકરણો જ્યાં જાય ત્યાં સાથે લઈ જાય, સંગ્રહ કરીને ક્યાંય રાખે નહિ, અર્થાત્ પાછળની ચિંતામાંથી મુક્ત બનીને—નિરપેક્ષ થઈને વિહાર કરે.[3]

વૃત્તિકારોએ આનો તાત્પર્યાર્થ એવો કર્યો છે કે સંયમોપકારી પાત્રો વગેરે ઉપકરણોની સંનિધિ કરવામાં દોષ નથી.[4]

શાન્ત્યાચાર્યે વૈકલ્પિક અર્થમાં 'पत्त'ને પાત્ર માની વ્યાખ્યા કરી છે. અમારો અનુવાદ તેના પર જ આધારિત છે.[5]

### ૩૨. લજ્જાવાન મુનિ (लज्जू)

ચૂર્ણિમાં આનો અર્થ લજ્જાવાન છે.[6] વૃત્તિકારે આને આર્ષપ્રયોગ માનીને આનો અર્થ યતિ—મુનિ એવો કર્યો છે. લજ્જાનો અર્થ છે—સંયમ. સંયમ પ્રતિ અનન્ય ઉપયોગવાળો હોવાને કારણે યતિ 'लज्जू' કહેવાય છે.[7] સુખબોધામાં આનો અર્થ 'સંયમી' છે.[8]

### ૩૩. અપ્રમત્ત રહીને ગૃહસ્થોથી (अप्पमत्तो पमत्तेहिं)

અહીં અપ્રમત્ત અને પ્રમત્ત—બંને શબ્દો સાપેક્ષ છે. અપ્રમત્તનો પ્રયોગ અપ્રમત્ત-સંયતી (સપ્તમ-ગુણસ્થાનવર્તી)ના અર્થમાં નથી, પરંતુ પ્રમાદ-રહિત જાગરુક સંયતીના અર્થમાં છે. પ્રમત્ત શબ્દનો પ્રયોગ ગૃહસ્થના અર્થમાં કરવામાં આવ્યો છે.[9]

### ૩૪. (શ્લોક ૧૬)

પ્રસ્તુત શ્લોકમાં મુનિની નિરપેક્ષતાનો નિર્દેશ છે. તેનાં કારણો આ છે—૧. એષણા સમિતિમાં ઉપયુક્ત હોવું. ૨. ગામ, નગર વગેરેમાં અનિયત ચર્યા કરવી. ૩. અપ્રમત્ત રહેવું.

---

૧. सुखबोधा, पत्र ११४ : 'लेपमात्रया' यावतापात्रमुपलिप्यते तावत्परिमाणमपि ।

૨. बृहद्वृत्ति, पत्र २६१ : लेपः—शकटाक्षादिनिष्पादितः पात्रगतः परिगृह्यते, तस्य मात्रा—मर्यादा, मात्राशब्दस्य मर्यादावाचित्वेनापि रूढत्वात्.....लेपमात्रतया, किमुक्तं भवति ?—लेपमेकं मर्यादीकृत्य न स्वल्पमप्यन्यत् सन्निदधीत ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १५६ : यथाऽसौ पक्षी तं पत्रभारं समादाय गच्छति एवमुपकरणं भिक्षुरादाय णिरवेक्खो परिव्वए ।

૪. (ક) बृहद्वृत्ति, पत्र २६१ : तथा च प्रतिदिनमसंयमपलिमन्थभीरुतया पात्राद्युपकरणसन्निधिकरणेऽपि न दोषः ।
(ખ) सुखबोधा, पत्र ११५ ।

૫. बृहद्वृत्ति, पत्र २६१ : पक्षीव निरपेक्षः, पात्रं पतद्ग्रहादिभाजनमर्थात्तन्निर्योगं च समादाय व्रजेद्—भिक्षार्थं पर्यटेद्, इदमुक्तं भवति—मधुकरवृत्या हि तस्य निर्वहणं, तत्किं तस्य सन्निधिना ?

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १५६ ।

૭. बृहद्वृत्ति, पत्र २६१ : लज्जा—संयमस्तदुपयोगानन्यतया यतिरपि तथोक्तः, आर्षत्वाच्चैवं निर्देशः ।

૮. सुखबोधा, पत्र ११५ ।

૯. बृहद्वृत्ति, पत्र २६१ : पमत्तेहिं त्ति प्रमत्तेभ्यो गृहस्थेभ्यः, ते हि विषयादि प्रमादसेवनात् प्रमत्ता उच्यन्ते ।

### ૩૫. અનુત્તર જ્ઞાનદર્શનધારી (अणुत्तरनाणदंसणधरे)

પ્રસ્તુત શ્લોકમાં આ પદ પૂર્વે 'अणुत्तरणाणी अणुत्तरदंसी'—એ બે વિશેષણો આવી ગયા છે. એટલા માટે આ પ્રશ્ન અસ્વાભાવિક નથી કે ફરી આ જ બે વિશેષણોની શું જરૂર છે ? શું આ પુનરુક્તિદોષ નથી ?

સમાધાનમાં વૃત્તિકારે કહ્યું છે કે અનુત્તરજ્ઞાન અને દર્શન લબ્ધિરૂપમાં એકસાથે રહે છે, પરંતુ તેમનો ઉપયોગ યુગપત્—એકસાથે હોતો નથી. જ્ઞાન અને દર્શનની ભિન્નકાળતા અનુત્તરજ્ઞાની અને અનુત્તરદર્શી—આ બે પદોના જુદા કથનથી સ્પષ્ટ છે. આમ ઉપયોગની દૃષ્ટિથી પ્રતિપાદિત થયેલ છે. લબ્ધિરૂપમાં આ બંનેની યુગપત્ અવસ્થિતિમાં ભિન્નકાળતા સ્વીકૃત નથી. આ જ વ્યામોહ દૂર કરવા માટે આ વિશેષણ 'अणुत्तरनाणदंसणधरे' પુનરુક્ત નથી, એક વિશેષ અવસ્થાનું સૂચક છે.[1]

### ૩૬. જ્ઞાતપુત્ર (नायपुत्ते)

ચૂર્ણિમાં 'नायपुत्त'નો અર્થ—જ્ઞાતકુળમાં પ્રસૂત સિદ્ધાર્થ ક્ષત્રિયનો પુત્ર—છે.[2] વૃત્તિઓમાં જ્ઞાતનો અર્થ ઉદાર ક્ષત્રિય, પ્રકરણવશ સિદ્ધાર્થ એવો કરવામાં આવ્યો છે. જ્ઞાતપુત્ર અર્થાત્ સિદ્ધાર્થપુત્ર.[3] આચારાંગમાં ભગવાનના પિતાને કાશ્યપગોત્રીય કહેવામાં આવ્યા છે.[4] ભગવાન ઇક્ષ્વાકુ વંશમાં જન્મ્યા હતા એમ પણ માનવામાં આવે છે.[5] ભગવાન ઋષભ ઇક્ષ્વાકુવંશીય અને કાશ્યપગોત્રીય હતા. એટલા માટે તેઓ આદિ-કાશ્યપ કહેવાય છે. ભગવાન મહાવીર પણ ઇક્ષ્વાકુવંશીય અને કાશ્યપગોત્રીય હતા. 'જ્ઞાત' કાશ્યપગોત્રીયોનો કોઈ પેટાભેદ હતો અથવા સિદ્ધાર્થનું જ કોઈ બીજું નામ હતું અથવા 'નાય'નો મૂળ અર્થ સમજવામાં ભ્રમ થયો છે. સંભવ છે કે તેનો અર્થ 'નાગ' હોય અને 'જ્ઞાત' સમજી લેવામાં આવ્યો હોય.

વજ્જી દેશના શાસક લિચ્છવીઓના નવ ગણ હતા. જ્ઞાત અથવા નાગ તેમાંનો જ એક ભેદ હતો. જુઓ—દશવૈકાલિક ૬।૨૦નું ટિપ્પણ.

### ૩૭. વૈશાલિક (वेसालिए)

ચૂર્ણિકારે વૈશાલિકના ઘણા અર્થ આપ્યા છે—જેના ગુણ વિશાળ હોય, જેમનું શાસન વિશાળ હોય, જે વિશાળ ઇક્ષ્વાકુ વંશમાં જન્મ્યા હોય, જેની માતા વૈશાલી હોય, જેનું કુળ વિશાળ હોય તેને વૈશાલિક કહેવાય છે.[6] આના સંસ્કૃત રૂપો वैशालीयः, वैशालियः, विशालिकः, विशालीयः અને वैशालिकः છે.

જૈનાગમોમાં સ્થાને-સ્થાને ભગવાન મહાવીરને 'वेसालिय' નામે સંબોધિત કરવામાં આવ્યા છે. આનું કારણ એ છે કે ભગવાનનું જન્મસ્થાન કુંડગ્રામ હતું. તે વૈશાલીની પાસે હતું. જન્મસ્થાનના વિષયમાં શ્વેતાંબરો અને દિગંબરો એકમત નથી. પરંતુ 'વેસાલિય' શબ્દ પર નજર પડતાં જ વૈશાલીની યાદ આવી જાય છે.

ભગવાનની માતા ત્રિશલા વૈશાલીના ગણરાજ્ય-અધિપતિ ચેટકની બહેન હતી. તે અનુસાર ચૂર્ણિકારનો આ અર્થ—વૈશાલી જેની માતા છે—વધારે સંગત લાગે છે.

---

૧. बृहद्वृत्ति, पत्र २७० ।

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १५६ : णातकुलप्पभू ( सू ) सिद्धत्थखत्तियपुत्ते ।

૩. (ક) बृहद्वृत्ति, पत्र २७० : ज्ञातः—उदारक्षत्रियः स चेह प्रस्तावात् सिद्धार्थः तस्य पुत्रो ज्ञातपुत्रः—वर्तमान-तीर्थाधिपतिर्महावीर इति यावत् ।

(ખ) सुखबोधा, पत्र ११५ ।

૪. आयारचूला १५ । १७ : समणस्स णं भगवओ महावीरस्स पिआ कासवगोत्तेणं ।

૫. अभिधान चिन्तामणि, १ । ३५ ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १५६, १५७ : 'वेसालीए' त्ति, गुणा अस्य विशाला इति वैशालीयः, विशालं शासनं वा वीशाले वा इक्ष्वाकुशें भवा वैशालिया,

"वैशाली जननी यस्य, विशालं कुलमेव च ।
विशालं प्रवचनं वा, तेन वैशालिको जिनः ॥"

# सत्तमं अज्झयणं

## उरब्भिज्जं

# સાતમું અધ્યયન

## ઉરભ્રીય

# આમુખ

આ અધ્યયનનું નામકરણ તેના પ્રારંભમાં પ્રતિપાદિત 'उरभ्र'ના દૃષ્ટાંતના આધારે થયેલું છે.

સમવાયાંગ (સમવાય ૩૬) તથા ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં[1] તેનું નામ 'उरब्भिज्जं' છે. પરંતુ અનુયોગદ્વાર (સૂત્ર ૩૨૨)માં તેનું નામ 'एलइज्ज' છે. મૂળ પાઠ (શ્લોક ૧)માં 'एलयं' શબ્દનો જ પ્રયોગ થયો છે, 'उरभ्र'નો નહિ. 'उरभ्र' અને 'एलक'– આ બંને પર્યાયવાચી શબ્દો છે, એટલા માટે આ બંને નામો પ્રચલિત રહ્યાં છે.

શ્રામણ્યનો આધાર અનાસક્તિ છે. જે વિષય-વાસનામાં આસક્ત હોય છે, તે ક્યારેય દુઃખોથી મુક્ત નથી થઈ શકતો. વિષયાનુગૃદ્ધિમાં રસાસક્તિનું પણ પ્રમુખ સ્થાન છે. જે રસનેન્દ્રિય પર વિજય મેળવી લે છે, તે બીજા બીજા વિષયોને પણ સહજપણે વશ કરી લે છે. આ કથન સૂત્રકારે દૃષ્ટાંત વડે સમજાવ્યું છે. પ્રથમ ચાર શ્લોકોમાં દૃષ્ટાંતના સંકેતો આપવામાં આવ્યા છે. ટીકાકારે 'सम्प्रदायादवसेयम्' એવો ઉલ્લેખ કરી તેનો વિસ્તાર કર્યો છે :

એક શેઠ હતો. તેની પાસે એક ગાય, ગાયનો વાછડો અને એક ઘેટું હતું. તે ઘેટાને ખૂબ ખવડાવતો-પીવડાવતો. તેને રોજ સ્નાન કરાવતો, શરીર પર હળદર વગેરેનો લેપ કરતો. શેઠના પુત્રો તેની સાથે વિવિધ પ્રકારની રમત કરતા. થોડા જ દિવસોમાં તે સ્થૂળ બની ગયું. વાછડો રોજ રોજ આ જોતો અને મનોમન એમ વિચારતો કે ઘેટાનું આટલું લાલન-પાલન કેમ થઈ રહ્યું છે? શેઠનો અમારા પર આટલો પ્રેમ કેમ નથી? ઘેટાને ખાવા માટે તે જવ આપે છે અને અમને સૂકું ઘાસ. આ તફાવત કેમ ? આ વિચારોના કારણે તેનું મન ઉદાસ બની ગયું. તેણે સ્તનપાન કરવાનું પણ છોડી દીધું. તેની માએ આનું કારણ પૂછ્યું. તેણે કહ્યું–'મા ! આ ઘેટાનું પુત્રની જેમ લાલન-પાલન થાય છે. તેને ચડિયાતું ભોજન આપવામાં આવે છે. તેને વિશેષ અલંકારોથી શણગારવામાં આવે છે. અને આ બાજુ એક હું એવો કમનસીબ કે મારી કોઈ પરવા પણ નથી કરતું. સૂકું ઘાસ ચરું છું અને તે પણ પેટ ભરીને નથી મળતું. સમયસર પાણી પણ નથી મળતું. કોઈ મારું લાલન-પાલન કરતું નથી. એમ શા માટે મા ?'

માએ કહ્યું–

**आउरचिन्नाइं एयाइं, जाइं चरइ नंदिओ ।**
**सुक्कत्तणेहिं लाढाहि, एयं दीहाउलक्खणं ॥** ( उत्त० नि० गा० २४९ )

"વત્સ ! તું નથી જાણતો. ઘેટું જે ખાઈ રહ્યું છે તે આતુરનું લક્ષણ છે. આતુર (મરણાસન્ન) પ્રાણીને પથ્ય કે અપથ્ય જે કંઈ તે ઇચ્છે છે તે આપવામાં આવે છે. સૂકું ઘાસ ખાઈને જીવવું તે દીર્ઘાયુનું લક્ષણ છે. આ ઘેટાનો મરણકાળ નજીકમાં જ છે."

કેટલાક દિવસો વીત્યા. શેઠના ઘરે મહેમાન આવ્યા. વાછડાના જોતજોતામાં જ તાજા-માજા ઘેટાના ગળા ઉપર છરી ચાલી અને તેનું માંસ પકાવીને મહેમાનોને પીરસવામાં આવ્યું. વાછડાનું હૃદય ભયથી કંપી ગયું. તેણે ખાવા-પીવાનું છોડી દીધું. માએ કારણ પૂછ્યું. વાછડાએ કહ્યું–'મા ! જે રીતે ઘેટાને મારી નાખવામાં આવ્યું શું હું પણ આવી રીતે માર્યો જઈશ ?' માએ કહ્યું–'વત્સ ! તારો ભય ખોટો છે. જે રસ-ગૃદ્ધ હોય છે, તેને તેનું ફળ પણ ભોગવવું પડે છે. તું સૂકું ઘાસ ચરે છે, એટલે તારે આવો કટુ વિપાક સહન કરવો નહિ પડે.'[2]

આ જ રીતે હિંસક, અજ્ઞ, મૃષાવાદી, માર્ગમાં લૂંટફાટ કરનાર, ચોર, માયાવી, ચોરીની કલ્પનામાં વ્યસ્ત, શઠ, સ્ત્રી અને વિષયોમાં ગૃદ્ધ, મહા આરંભ અને મહા પરિગ્રહવાળો, દારૂ અને માંસનો ઉપભોગ કરનાર, બીજાનું દમન કરનાર, કર-કર અવાજ કરતાં-કરતાં બકરાનું માંસ ખાનાર, ફાંદવાળો અને ઉપચિત લોહીવાળો માણસ એવી રીતે નરકના આયુષ્યની

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा २४६ :
उरभाउणामगोयं, वेयंतो भावओ उ ओरब्भो ।
तत्तो समुट्ठियमिणं, उरब्भिज्जंति अज्झयणं ॥

२. बृहद्वृत्ति, पत्र २७२-२७४ ।

આકાંક્ષા કરે છે જેવી રીતે ઘેટું મહેમાનની. (શ્લોક ૫-૭)

ભગવાન મહાવીરે કહ્યું—'થોડા માટે ઘણું ન ગુમાવો. જે એવું કરે છે તે પાછળથી પસ્તાય છે.' આ ભાવના સૂત્રકારે બે દૃષ્ટાંતો વડે સમજાવી છે :

(૧) એક દમક હતો. તેણે ભીખ માગી-માગીને એક હજાર કાર્ષાપણ એકઠાં કર્યાં. એક વાર તે તે નાણાં સાથે લઈ એક સાર્થવાહની સાથે પોતાના ઘર તરફ જવા નીકળ્યો. રસ્તામાં ભોજન માટે તેણે એક કાર્ષાપણમાંથી કાકિણીઓ લીધી અને રોજ-રોજ થોડી કાકિણીઓ ખર્ચી ભોજન લેતો રહ્યો. કેટલાક દિવસો વીત્યા. તેની પાસે એક કાકિણી બાકી બચી. તે એક જગ્યાએ તેને ભૂલી આવ્યો. કેટલેક દૂર જતાં તેને પેલી કાકિણી યાદ આવી. પોતાની પાસેની કાર્ષાપણોની થેલીને એક જગ્યાએ દાટી અને કાકિણી લેવા દોડ્યો. પરંતુ તે કાકિણી તો કોઈ બીજાને હાથ ચડી ગઈ હતી. તે લીધા વિના જ પાછો ફર્યો ત્યાં સુધીમાં કોઈ વ્યક્તિ પેલી કાર્ષાપણની થેલી લઈને ભાગી ગઈ હતી. તે લૂંટાઈ ગયો. જેમ-તેમ તે ઘરે પહોંચ્યો અને પશ્ચાત્તાપમાં ડૂબી ગયો.[1]

(૨) એક રાજા હતો. તે ખૂબ કેરી ખાતો હતો. તેને કેરીનું અજીર્ણ થયું. વૈદ્યો આવ્યા. ચિકિત્સા કરી. તે સ્વસ્થ થઈ ગયો. વૈદ્યોએ કહ્યું—'રાજન ! જો તમે ફરી કેરી ખાશો તો જીવતા નહિ રહો.' તેણે પોતાના રાજ્યના બધા આંબા ઊખેડી નાખાવ્યા. એક વાર પોતાના મંત્રી સાથે અશ્વક્રીડા માટે નીકળ્યો. ઘોડો ખૂબ દૂર નીકળી ગયો. તે થાકીને એક સ્થાન પર અટક્યો. ત્યાં ઘણા બધા આંબા હતા. મંત્રીએ મના કરવા છતાં પણ રાજા એક આંબા નીચે આરામ કરવા બેઠો. ત્યાં અનેક કેરીઓ પડી હતી. રાજાએ તે લીધી અને સૂંઘી અને તેને તે ખાવાની ઇચ્છા થઈ ગઈ. મંત્રીએ તેને વાર્યો પણ રાજા માન્યો નહિ. તેણે પેટ ભરીને કેરી ખાધી. તત્કાળ તે મૃત્યુ પામ્યો.[2]

આ જ રીતે જે મનુષ્ય માનવીય કામભોગોમાં આસક્ત બને છે, થોડાક સુખને માટે મનુષ્યજન્મ ગુમાવી દે છે તે શાશ્વત સુખો હારી જાય છે. દેવતાઓના કામભોગો સામે મનુષ્યના કામભોગો તુચ્છ અને અલ્પકાલીન છે. બંનેના કામભોગોમાં આકાશ-પાતાળનું અંતર છે. મનુષ્યના કામભોગો દાભની અણી પર ટકેલાં જળબિંદુ જેવા છે અને દેવતાઓના કામભોગો સમુદ્રના અપાર જળ જેવા છે (શ્લોક ૨૩). આથી માનવીય કામભોગોમાં આસક્ત ન થવું જોઈએ.

જે મનુષ્ય છે અને આગળના જન્મમાં પણ મનુષ્ય બને છે, તે મૂળ મૂડી બચાવી રાખે છે. જે મનુષ્ય-જન્મમાં અધ્યાત્મનું આચરણ કરી આત્માને પવિત્ર બનાવે છે તે મૂળ મૂડીને વધારે છે. જે વિષય-વાસનામાં ફસાઈ મનુષ્ય-જીવન હારી જાય છે—તિર્યંચ કે નરકવાસમાં જાય છે—તે મૂળને પણ ગુમાવી દે છે (શ્લોક ૧૫). આ આશય સૂત્રકારે નીચેના વ્યાવહારિક દૃષ્ટાંત વડે સમજાવ્યો છે :—

એક વાણિયો હતો. તેના ત્રણ પુત્રો હતા. તેણે ત્રણેને એક એક હજાર કાર્ષાપણ આપતાં કહ્યું—'આમાંથી તમે ત્રણે વ્યાપાર કરો અને અમુક સમય પછી પોતપોતાની મૂડી લઈ મારી પાસે આવો.' પિતાની આજ્ઞા મેળવી ત્રણે પુત્રો વ્યાપાર માટે નીકળી પડ્યા. તેઓ એક નગરમાં પહોંચ્યા અને ત્રણે અલગ-અલગ સ્થાને રહેવા લાગ્યા. એક પુત્રે વ્યાપાર શરૂ કર્યો. તે સાદાઈથી રહેતો અને ભોજન વગેરે માટે ઓછો ખર્ચ કરી ધન એકઠું કરતો. તેણે આવી રીતે ઘણું ધન એકઠું કર્યું. બીજા પુત્રે પણ વ્યાપાર શરૂ કર્યો. તેમાંથી જે લાભ થતો તે ભોજન, મકાન, વસ્ત્ર વગેરેમાં તે ખર્ચી નાખતો. આથી તે ધન એકત્રિત કરી શક્યો નહિ. ત્રીજા પુત્રે વ્યાપાર કર્યો નહિ. તેણે પોતાના શરીરપોષણ અને વ્યસનોમાં બધું ધન ગુમાવી દીધું.

ત્રણે પુત્રો સમય થતાં ઘરે પહોંચ્યા. પિતાએ બધો વૃત્તાંત પૂછ્યો. જેણે પોતાની મૂળ મૂડી ગુમાવી દીધી હતી તેને નોકરના સ્થાને નિયુક્ત કર્યો, જેણે મૂળ બચાવી રાખ્યું હતું તેને ઘરનું કામકાજ સોંપ્યું અને જેણે મૂળ મૂડી વધારી હતી તેને ઘરનો માલિક બનાવ્યો.[3]

---

૧. **बृहद्वृत्ति, पत्र २७६ ।**

૨. **એજન, पत्र २७७ ।**

૩. **એજન, पत्र २७८, २७९ ।**

મનુષ્ય-ભવ મૂળ મૂડી છે. દેવગતિ તેનો નફો છે અને નરકગતિ મૂળ મૂડીનો નાશ.

આ અધ્યયનમાં પાંચ દૃષ્ટાંતોનું નિરૂપણ થયું છે.[1] તેમાં પ્રતિપાદ્ય વિષયો ભિન્ન-ભિન્ન છે. પહેલું (ઉરભ્ર) દૃષ્ટાંત વિષયભોગોના કટુ વિપાકનું દર્શન છે (શ્લોક ૧થી લઈ ૧૦ સુધી). બીજા અને ત્રીજા (કાકિણી અને આમ્રફળ) દૃષ્ટાંતોનો વિષય દેવભોગોની સામે માનવીય ભોગોની તુચ્છતાનું દર્શન છે (શ્લોક ૧૧થી લઈ ૧૩ સુધી). ચોથા (વ્યવહાર) દૃષ્ટાંતનો વિષય આવક-ખર્ચ વિષયમાં કુશળતાનું દર્શન છે (શ્લોક ૧૪થી ૨૨ સુધી). પાંચમા (સાગર) દૃષ્ટાંતનો વિષય આવક-ખર્ચની તુલનાનું દર્શન છે (શ્લોક ૨૩થી ૨૪ સુધી).

આ રીતે આ અધ્યયનમાં દૃષ્ટાંત શૈલીથી ગહન તત્ત્વની ઘણી સરસ અભિવ્યક્તિ થઈ છે.

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा २४७ : ओरब्भे अ कागिणी, अंबए अ ववहार सागरे चेव ।
पंचेए दिट्ठंता, उरब्भिज्जंमि अज्झयणे ॥

# सत्तमं अज्झयणं : સાતમું અધ્યયન
# उरब्भिज्जं : ઉરભ્રીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. जहाएसं समुद्दिस्स<br>कोइ पोसेज्ज एलयं ।<br>ओयणं जवसं देज्जा<br>पोसेज्जा वि सयंगणे ॥ | यथावेशं समुद्दिश्य<br>कोऽपि पोषयेदेडकम् ।<br>ओदनं यवसं दद्यात्<br>पोषयेदपि स्वकाङ्गणे ॥ | ૧. જેવી રીતે મહેમાનને[1] માટે કોઈ ઘેટાનાં બચ્ચાને પોષે છે. તેને ચોખા, મગ, અડદ વગેરે[2] ખવડાવે છે અને પોતાના આંગણામાં[3] જ પાળે છે.[4] |
| २. तओ से पुट्ठे परिवूढे<br>जायमेए महोदरे ।<br>पीणिए विउले देहे<br>आएसं परिकंखए ॥ | ततः स पुष्टः परिवृढः<br>जातमेदाः महोदरः ।<br>प्रीणितो विपुले देहे<br>आवेशं परिकाङ्क्षति ॥ | ૨. આ રીતે તે પુષ્ટ, બળવાન, મેદસ્વી, મોટા પેટવાળું, તૃપ્ત અને વિશાળ દેહવાળું બનીને મહેમાનની આકાંક્ષા કરે છે.[5] |
| ३. जाव न एइ आएसे<br>ताव जीवइ से दुही ।<br>अह पत्तंमि आएसे<br>सीसं छेत्तूण भुज्जई ॥ | यावन्नैत्यावेशः<br>तावज्जीवति सो दुःखी ।<br>अथ प्राप्ते आवेशे<br>शीर्षं छित्त्वा भुज्यते ॥ | ૩. જ્યાં સુધી કોઈ મહેમાન આવતું નથી ત્યાં સુધી જ તે બિચારું[6] જીવે છે. મહેમાન આવતાં જ તેનું માથું કાપીને તેને ખાઈ જાય છે. |
| ४. जहा खलु से उरब्भे<br>आएसाए समीहिए ।<br>एवं बाले अहम्मिट्ठे<br>ईहई नरयाउयं ॥ | यथा खलु स उरभ्रः<br>आवेशाय समीहितः ।<br>एवं बालोऽधर्मिष्ठः<br>ईहते नरकायुषम् ॥ | ૪. જેવી રીતે મહેમાન માટે નક્કી કરી રાખેલું તે ઘેટાનું બચ્ચું ખરેખર તેની આકાંક્ષા કરે છે, તેવી રીતે અધર્મિષ્ઠ અજ્ઞાની જીવ ખરેખર નરકના આયુષ્યની ઇચ્છા કરે છે. |
| ५. हिंसे बाले मुसावाई<br>अद्धाणंमि विलोवए ।<br>अन्नदत्तहरे तेणे<br>माई कण्हुहरे सढे ॥ | हिंस्रो बालो मृषावादी<br>अध्वनि विलोपकः ।<br>अन्यदत्तहरः स्तेनः<br>मायी कुतोहरः शठः ॥ | ૫. હિંસક, અજ્ઞ, મૃષાવાદી, માર્ગમાં લૂંટફાટ કરનાર, બીજાની આપેલી વસ્તુનું વચમાંથી હરણ કરનાર[7], ચોર, માયાવી, ચોરવાની કલ્પનામાં વ્યસ્ત (કોઈનું ધન પડાવી લઉં—એવા અધ્યવસાયવાળો), શઠ—વક્ર આચરણવાળો, |
| ६. इत्थीविसयगिद्धे य<br>महारंभपरिग्गहे ।<br>भुंजमाणे सुरं मंसं<br>परिवूढे परंदमे ॥ | स्त्री-विषय-गृद्धश्च<br>महारम्भपरिग्रहः ।<br>भुञ्जानः सुरां मांसं<br>परिवृढः परन्दमः ॥ | ૬. સ્ત્રી અને વિષયોમાં ગૃદ્ધ, મહાઆરંભ[8] અને મહાપરિગ્રહવાળો, સુરા અને માંસનો ઉપભોગ કરનાર, બળવાન[9], બીજાઓનું દમન કરનાર,[10] |

७. अयकक्करभोई य
तुंदिल्ले चियलोहिए ।
आउयं नरए कंखे
जहाएसं व एलए ॥

अजकर्करभोजी च
तुन्दिल: चितलोहित: ।
आयुर्नरके काङ्क्षति
यथाऽऽवेशमिव एडक: ॥

૭. કર-કર શબ્દ કરતાં કરતાં[૧૧] બકરાનું માંસ ખાનાર, ફાંદવાળો અને ભરપૂર લોહીવાળો માણસ એવી રીતે નરકના આયુષ્યની આકાંક્ષા કરે છે[૧૨], જેવી રીતે ઘેટાનું બચ્ચું મહેમાનની.

८. आसणं सयणं जाणं
वित्तं कामे य भुंजिया ।
दुस्साहडं धणं हिच्चा
बहुं संचिणिया रयं ॥

आसनं शयनं यानं
वित्तं कामांश्च भुक्त्वा ।
दु:संहृतं धनं हित्वा
बहु संचित्य रज: ॥

૮. આસન, શય્યા, યાન, ધન અને કામભોગો ભોગવીને, દુઃખથી એકઠાં કરેલાં[૧૩] ધનને જુગાર વગેરે વડે ગુમાવીને[૧૪], ઘણાં કર્મો સંચિત કરીને—

९. तओ कम्मगुरू जंतू
पच्चुप्पन्नपरायणे ।
अय व्व आगयाएसे
मरणंतंमि सोयई ॥

तत: कर्मगुरुर्जन्तु:
प्रत्युत्पन्नपरायण: ।
अज इव आगते आवेशं
मरणान्ते शोचति ॥

૯. કર્મોથી ભારે બનેલો, માત્ર વર્તમાનને જ જોનાર જીવ[૧૫] મરણાંતકાળે એવી રીતે શોક કરે છે[૧૬], જેવી રીતે મહેમાન આવતાં ઘેટાનું બચ્ચું.[૧૭]

१०. तओ आउपरिक्खीणे
चुया देहा विहिंसगा ।
आसुरियं दिसं बाला
गच्छंति अवसा तमं ॥

तत आयुषि परिक्षीणे
च्युता: देहाद् विहिंसका: ।
आसुरीयां दिशं बाला:
गच्छन्ति अवशा: तम: ॥

૧૦. પછી આયુષ્ય ક્ષીણ થતાં તે વિવિધ પ્રકારની હિંસા કરનારા કર્મવશવર્તી અજ્ઞાની જીવો દેહમાંથી ચ્યુત થઈને અંધકારપૂર્ણ આસુરી દિશા (નરક) તરફ[૧૮] જાય છે.

११. जहा कागिणिए हेउं
सहस्सं हारए नरो ।
अपत्थं अंबगं भोच्चा
राया रज्जं तु हारए ॥

यथा काकिण्या हेतो:
सहस्रं हारयेन्नर: ।
अपथ्यमाम्रकं भुक्त्वा
राजा राज्यं तु हारयेत् ॥

૧૧. જેવી રીતે કોઈ માણસ કાકિણી માટે[૧૯] હજાર (કાર્ષાપણ)[૨૦] ગુમાવે છે, જેવી રીતે કોઈ રાજા અપથ્ય કેરી ખાઈને રાજ્યથી હાથ ધોઈ બેસે છે, તેવી જ રીતે જે માણસ માનવીય ભોગોમાં આસક્ત બને છે, તે દૈવી ભોગો હારી જાય છે.[૨૧]

१२. एवं माणुस्सगा कामा
देवकामाण अंतिए ।
सहस्सगुणिया भुज्जो
आउं कामा य दिव्विया ॥

एवं मानुष्यका: कामा:
देवकामानामन्तिके ।
सहस्र-गुणिता भूय:
आयु: कामाश्च दिव्यका: ॥

૧૨. દૈવી ભોગોની તુલનામાં મનુષ્યના કામભોગો એટલા જ નગણ્ય છે જેટલા હજાર કાર્ષાપણોની તુલનામાં એક કાકિણી કે રાજ્યની તુલનામાં એક કેરી. દિવ્ય આયુ અને દિવ્ય કામભોગો મનુષ્યના આયુષ્ય અને કામભોગો કરતાં હજાર ગણા અધિક છે.

१३. अणेगवासानउया
जा सा पन्नवओ ठिई ।
जाणि जीयंति दुम्मेहा
ऊणे वाससयाउए ॥

अनेकवर्ष-नयुतानि
या सा प्रज्ञावत: स्थिति: ।
यानि जीयन्ते दुर्मेधसा
ऊने वर्षशतायुषि ॥

૧૩. પ્રજ્ઞાવાન પુરુષની[૨૨] દેવલોકમાં અનેક-નયુત વર્ષ (અસંખ્યકાળ)ની[૨૩] સ્થિતિ હોય છે—આ જાણવા છતાં પણ મૂર્ખ મનુષ્ય સો વર્ષ જેટલાં અલ્પ જીવનને માટે[૨૪] પેલાં દીર્ઘકાલીન સુખો હારી જાય છે.

१४. जहा य तिन्नि वणिया
मूलं घेत्तूण निग्गया ।
एगोऽत्थ लहई लाहं
एगो मूलेण आगओ ॥

यथा च त्रयो वणिज:
मूलं गृहीत्वा निर्गता: ।
एकोऽत्र लभते लाभम्
एको मूलेनागत: ॥

૧૪. જેવી રીતે ત્રણ વણિકો મૂળ પૂંજી લઈને નીકળ્યા, તેમાંથી એક નફો કરે છે, એક મૂળ મૂડી લઈ પાછો ફરે છે,

१५.एगो मूलं पि हारित्ता
आगओ तत्थ वाणिओ ।
ववहारे उवमा एसा
एवं धम्मे वियाणह ॥

एको मूलमपि हारयित्वा,
आगतस्तत्र वाणिजः ।
व्यवहारे उपमैषा
एवं धर्मे विजानीत ॥

૧૫. અને એક મૂળ પણ ગુમાવીને પાછો આવે છે. આ વ્યાપારની ઉપમા છે. આવી જ રીતે ધર્મના વિષયમાં સમજવું જોઈએ.

१६.माणुसत्तं भवे मूलं
लाभो देवगई भवे ।
मूलच्छेएण जीवाणं
नरगतिरिक्खत्तणं धुवं ॥

मानुषत्वं भवेन्मूलं
लाभो देवगतिर्भवेत् ।
मूलच्छेदेन जीवानां
नरकतिर्यक्त्वं ध्रुवम् ॥

૧૬. મનુષ્યત્વ મૂળ મૂડી છે. દેવગતિ નફારૂપ છે. મૂળના નાશથી જીવ નિશ્ચિતપણે નરક અને તિર્યંચગતિમાં જાય છે.[૨૫]

१७.दुहओ गई बालस्स
आवई वहमूलिया ।
देवत्तं माणुसत्तं च
जं जिए लोलयासढे ॥

द्विधा गतिर्बालस्य
आपद् वधमूलिका ।
देवत्वं मानुषत्वं च
यज्जितो लोलता-शठः ॥

૧૭. અજ્ઞાની જીવની બે પ્રકારની ગતિ હોય છે—નરક અને તિર્યંચ. ત્યાં તેને વધહેતુક[૨૬] આપત્તિ આવી પડે છે. તે લોલુપ અને વંચક પુરુષ[૨૭] દેવત્વ અને મનુષ્યત્વ પહેલેથી જ હારી જાય છે.

१८.तओ जिए सइं होइ
दुविहं दोग्गइं गए ।
दुल्लहा तस्स उम्मज्जा
अद्धाए सुइरादवि ॥

ततो जितः सदा भवति
द्विविधां दुर्गतिं गतः ।
दुर्लभा तस्योन्मज्जा
अध्वनः सुचिरादपि ॥

૧૮. દ્વિવિધ દુર્ગતિમાં ગયેલો જીવ સદા હારી ગયેલો હોય છે. તેમાંથી તેનું બહાર નીકળવાનું દીર્ઘકાળ પછી પણ દુર્લભ છે.

१९.एवं जियं सपेहाए
तुलिया बालं च पंडियं ।
मूलियं ते पवेसंति
माणुसं जोणिमेंति जे ॥

एवं जितं सम्प्रेक्ष्य
तोलयित्वा बालं च पण्डितम् ।
मूलिकं ते प्रविशन्ति
मानुषीं योनिमायान्ति ये ॥

૧૯. આ રીતે હારેલાને જોઈને તથા બાલ અને પંડિતની તુલના કરીને જે મનુષ્ય-યોનિમાં આવે છે, તેઓ મૂળ મૂડી સાથે પ્રવેશ કરે છે.

२०.वेमायाहिं सिक्खाहिं
जे नरा गिहिसुव्वया ।
उवेंति माणुसं जोणिं
कम्मसच्चा हु पाणिणो ॥

विमात्राभिः शिक्षाभिः
ये नराः गृहिसुव्रताः ।
उपयन्ति मानुषीं योनिं
कर्मसत्याः खलु प्राणिनः ॥

૨૦. જે મનુષ્યો વિવિધ પરિમાણવાળા શિક્ષણના લીધે ઘરમાં રહેવા છતાં પણ સુવ્રતી હોય છે, તેઓ મનુષ્ય-યોનિમાં ઉત્પન્ન થાય છે. કેમકે પ્રાણી કર્મ-સત્ય હોય છે–પોતાના કરેલાનું ફળ અવશ્ય મેળવે છે.[૨૮]

२१.जेसिं तु विउला सिक्खा
मूलियं ते अइच्छिया ।
सीलवंता सवीसेसा
अहीणा जंति देवयं ॥

येषां तु विपुला शिक्षा
मूलिकां तेऽतिक्रम्य ।
शीलवन्तः सविशेषाः
अदीना यान्ति देवताम् ॥

૨૧. જેની પાસે વિપુલ શિક્ષણ[૨૯] છે તેવા શીલસંપન્ન અને ઉત્તરોત્તર ગુણોને પ્રાપ્ત કરનારા[૩૦] અદીન—પરાક્રમી[૩૧] પુરુષો મૂળ મૂડી (મનુષ્યત્વ)નું અતિક્રમણ કરીને દેવત્વ[૩૨] પ્રાપ્ત કરે છે.

२२.एवमद्दीणवं भिक्खुं
अगारिं च वियाणिया ।
कहण्णु जिच्चमेलिक्खं
जिच्चमाणे न संविदे ?॥

एवमदैन्यवन्तं भिक्षुं
अगारिणं च विज्ञाय ।
कथं नु जीयते ईदृक्षं
जीयमानो न संवित्ते ?॥

૨૨. આ રીતે પરાક્રમી ભિક્ષુ અને ગૃહસ્થને (અર્થાત્ તેમનાં પરાક્રમ-ફળને) જાણીને વિવેકી પુરુષ આવો લાભ કેમ ગુમાવશે ? તે કષાયો વડે પરાજિત થતો શું એમ નથી જાણતો કે 'હું પરાજિત થઈ રહ્યો છું ?' આમ જાણતો હોવા છતાં તેણે પરાજિત ન થવું જોઈએ.

२३. जहा कुसग्गे उदगं
समुद्देण समं मिणे ।
एवं माणुस्सगा कामा
देवकामाण अंतिए ॥

यथा कुशाग्रे उदकं
समुद्रेण समं मिनुयात् ।
एवं मानुष्यकाः कामाः
देवकामानामन्तिके ॥

૨૩. મનુષ્ય-સંબંધી કામભોગો દેવસંબંધી કામભોગોની સરખામણીમાં તેવા જ છે, જેમ કોઈ માણસ દર્ભની અણી પર રહેલા જળબિંદુની સમુદ્ર સાથે સરખામણી કરે.

२४. कुसग्गमेत्ता इमे कामा
सन्निरुद्धंमि आउए ।
कस्स हेउं पुराकाउं
जोगक्खेमं न संविदे ?॥

कुशाग्रमात्रा इमे कामाः
सन्निरुद्धे आयुषि ।
कं हेतुं पुरस्कृत्य
योगक्षेमं न संवित्ते ?

૨૪. આ અતિ-સંક્ષિપ્ત આયુષ્યમાં[૩૩] આ કામભોગો દર્ભની અણી પર રહેલા જળબિંદુ જેવડા છે. છતાં પણ ક્યો હેતુ સામે રાખીને મનુષ્ય યોગક્ષેમ[૩૪] સમજતો નથી ?[૩૫]

२५. इह कामाणियट्टस्स
अत्तट्ठे अवरज्झई ।
सोच्चा नेयाउयं मग्गं
जं भुज्जो परिभस्सई ॥

इह कामाऽनिवृत्तस्य
आत्मार्थोऽपराध्यति ।
श्रुत्वा नैर्यातृकं मार्गं
यद् भूयः परिभ्रश्यति ॥

૨૫. આ મનુષ્યભવમાં કામભોગોમાંથી નિવૃત્ત ન થનાર પુરુષનું[૩૬] આત્મ-પ્રયોજન નષ્ટ થઈ જાય છે. તે પાર પહોંચાડનાર માર્ગને[૩૭] સાંભળીને પણ વારંવાર ચૂકી જાય છે.

२६. इह कामणियट्टस्स
अत्तट्ठे नावरज्झई ।
पूइदेहनिरोहेणं
भवे देव त्ति मे सुयं ॥

इह कामनिवृत्तस्य
आत्मार्थो नापराध्यति ।
पूतिदेहनिरोधेन
भवेद् देव इति मया श्रुतम् ॥

૨૬. આ મનુષ્યભવમાં કામભોગોથી નિવૃત્ત થનાર પુરુષનું આત્મ-પ્રયોજન નષ્ટ થતું નથી. તે પૂતિ-દેહ (ઔદારિક-શરીર)નો[૩૮] નિરોધ કરીને દેવ બને છે– આવું મેં સાંભળ્યું છે.

२७. इड्ढी जुई जसो वण्णो
आउं सुहमणुत्तरं ।
भुज्जो जत्थ मणुस्सेसु
तत्थ से उववज्जई ॥

ऋद्धिर्द्युतिर्यशोवर्णः
आयुः सुखमनुत्तरम् ।
भूयो यत्र मनुष्येषु
तत्र स उपपद्यते ॥

૨૭. (દેવલોકમાંથી ચ્યવીને) તે જીવ વિપુલ ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ, આયુ અને અનુત્તર સુખવાળા મનુષ્ય-કુળોમાં ઉત્પન્ન થાય છે.[૩૯]

२८. बालस्स पस्स बालत्तं
अहम्मं पडिवज्जिया ।
चिच्चा धम्मं अहम्मिट्ठे
नरए उववज्जई ॥

बालस्य पश्य बालत्वम्
अधर्मं प्रतिपद्य ।
त्यक्त्वा धर्ममधर्मिष्ठः
नरके उपपद्यते ॥

૨૮. તું બાલ (અજ્ઞાની) જીવની મૂર્ખતા જો. તે અધર્મને ગ્રહણ કરીને, ધર્મને છોડીને, અધર્મિષ્ઠ બનીને નરકમાં ઉત્પન્ન થાય છે.

२९. धीरस्स पस्स धीरत्तं
सव्वधम्माणुवत्तिणो ।
चिच्चा अधम्मं धम्मिट्ठे
देवेसु उववज्जई ॥

धीरस्य पश्य धीरत्वं
सर्वधर्मानुवर्तिनः ।
त्यक्त्वाऽधर्मं धर्मिष्ठः
देवेषु उपपद्यते ॥

૨૯. બધા ધર્મોનું પાલન કરનારા ધીર-પુરુષની ધીરતા જો. તે અધર્મને છોડીને ધર્મિષ્ઠ બનીને દેવોમાં ઉત્પન્ન થાય છે.[૪૦]

३०. तुलियाण बालभावं
अबालं चेव पंडिए ।
चइऊण बालभावं
अबालं सेवए मुणि ॥
–त्ति बेमि ।

तोलयित्वा बालभावम्
अबालं चैव पण्डितः ।
त्यक्त्वा बालभावम्
अबालं सेवते मुनिः ॥
–इति ब्रवीमि ।

૩૦. પંડિત-મુનિ બાલ-ભાવ અને અબાલ-ભાવની તુલના કરીને, બાલ-ભાવને છોડીને, અબાલ-ભાવનું સેવન કરે છે.

–એમ હું કહું છું.

ટિપ્પણ

## અધ્યયન ૭ : ઉરભ્રીય

### ૧. મહેમાનને માટે (आएसं)

ચૂર્ણિ અનુસાર 'आएस' શબ્દનાં સંસ્કૃત રૂપો બે થાય છે—आदेश અને आवेश.[1] તેનો અર્થ છે—મહેમાન.[2]

### ૨. મગ, અડદ વગેરે (जवसं)

ચૂર્ણિકાર અને ટીકાકારોએ આનો અર્થ 'મગ, અડદ વગેરે ધાન્ય' એવો કર્યો છે.[3] શબ્દકોશમાં આનો અર્થ—તૃણ, ઘાસ, ઘઉં વગેરે ધાન્ય એવો કરવામાં આવ્યો છે.[4]

ડૉ. હરમન જેકોબીએ આ શબ્દ ઉપર ટિપ્પણી કરતાં લખ્યું છે કે ભારતવર્ષમાં ધાન્યના કણો દ્વારા પોષિત ઘેટાનું માંસ સારું ગણવામાં આવે છે.[5]

### ૩. પોતાના આંગણામાં (सयंगणे)

આનો અર્થ છે—પોતાના ઘરના આંગણામાં.[6] ચૂર્ણિકારે મૂળમાં તથા શાન્ત્યાચાર્યે વૈકલ્પિક રૂપમાં 'विसयंगणे' માનીને 'विसय'નો અર્થ 'ગૃહ' અને 'अंगण'નો અર્થ 'આંગણું' એવો કર્યો છે. વિષયાંગણ અર્થાત્ ગૃહાંગણ. આનો બીજો અર્થ—ઇન્દ્રિયોના વિષયોની ગણના કરતો-કરતો —ચિંતન કરતો-કરતો— કરવામાં આવ્યો છે.[7]

### ૪. (શ્લોક ૧)

ચૂર્ણિકાર અને ટીકાકારે અહીં એક કથા રજૂ કરી છે. કથાના પ્રસંગમાં નિર્યુક્તિની એક ગાથા છે—

**आउरचिन्नाइं एयाइं, जाइं चरइ नंदिओ ।**
**सुक्कत्तणेहिं लाढाहि, एयं दीहाउलक्खणं ॥**[8]

ગાયે પોતાના વાછડાને કહ્યું—'વત્સ ! આ નંદિક—ઘેટાનું બચ્ચું જે ખાઈ રહ્યું છે, તે આતુર (મરણાસન્ન)નું ચિહ્ન છે. રોગી અંતકાળે પથ્ય કે અપથ્ય જે કંઈ માગે છે તે બધું તેને આપવામાં આવે છે. વત્સ ! સૂકા ઘાસથી જીવન-નિર્વાહ કરવો તે દીર્ઘાયુષ્યનું લક્ષણ છે.'

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १५८ : आएसं जाणतित्ति आइसो, आवेसो वा, आविशति वा वेश्मनि, तत्र आविशति वा गत्वा इत्याएसा ।

૨. बृहद्वृत्ति, पत्र २७२ : आदिश्यते—आज्ञाप्यते विविधव्यापारेषु परिजनोऽस्मिन्नायात इत्यादेशः—अभ्यहितः प्राहुणकः ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ १५८ : जवसो मुग्गमासादि ।
(ખ) बृहद्वृत्ति, पत्र २७२ : 'यवसं' मुद्गमाषादि ।
(ગ) सुखबोधा, पत्र ११६ ।

૪. (ક) पाइयसद्दमहण्णवो, पृ. ४३९ ।
(ખ) अभिधान चिन्तामणि, ४।२६१ ।

૫. **Sacred Books of the East, Vol. XLV, Uttarādhyayana, p. 27, Foot-note 3. Mutton of gramfed sheep is greatly appreciated in India.**

૬. बृहद्वृत्ति, पत्र २७२ : 'स्वकाङ्गणे' स्वकीयगृहाङ्गणे ।

૭. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १५८ : जो जस्स विसाति स तस्स विसयो भवति, यथा राज्ञो विषयः, एवं यद्यस्य विषयो भवति, लोकेऽपि वक्तारो भवन्ति सर्वो ह्यात्मगृहे राजा, अंगं ति तस्मिन्निति अंगनं, गृहांगनमित्यर्थः, अथवा विषया रसादयः तान् गणयन्—प्रीणितोऽस्य मांसेन विषयान् भोक्ष्यामीति, अथवा विषयान् इति ।
(ખ) बृहद्वृत्ति, पत्र २७२ : यदि वा 'पोसेज्जा विसयंगणे' त्ति विशन्त्यस्मिन् विषयो—गृहं तस्यांगणं विषयांगणं तस्मिन्, अथवा विषयं—रसलक्षणं वचनव्यत्ययाद् विषयान्वा गणयन्—संप्रधारयन् धर्मनिरपेक्ष इति भावः ।

૮. उत्तराध्ययन निर्युक्ति गाथा २४९ ।

આની તુલના મુનિક જાતક (નં. ૩૦)ના શ્લોક સાથે કરી શકાય—

**मा मुनिकस्स पिहपि, आतुरन्नानि भुंजति ।**
**अप्पोसुक्को भुसं खाद, एतं दीघायुलक्खणं ॥**

### ૫. વિશાળ દેહવાળો થઈને મહેમાનની આકાંક્ષા કરે છે (विउले देहे आएसं परिकंखए)

ચૂર્ણિકારે વિશાળ દેહનો અર્થ—માંસથી પુષ્ટ શરીર કર્યો છે.[1] પ્રશ્ન ઊઠે છે કે મરવાનું કોઈ ઈચ્છતું નથી, તો પછી મહેમાનની આકાંક્ષા કરવી કેવી રીતે સંભવિત બને ?

ચૂર્ણિકારે સમાધાનની ભાષામાં કહ્યું છે—માંસથી અત્યધિક પુષ્ટ થઈ જવાને કારણે શરીર પોતે જ મેદથી ફાટી પડવા જેવી સ્થિતિમાં આવી જાય છે. આ તથ્યને રૂપકની ભાષામાં 'આકાંક્ષા કરે છે' એમ નિરૂપિત કરવામાં આવ્યું છે.[2]

### ૬. બિચારો (दुही)

સૂત્રકારે આવા પુષ્ટ ઘેટાનાં બચ્ચાંને દુઃખી બતાવ્યું છે. પ્રશ્ન થાય છે કે સમસ્ત સુખોપભોગ કરવા છતાં પણ તે દુઃખી કેમ છે ? ચૂર્ણિકાર અને નેમિચન્દ્ર આનું સમાધાન આ શબ્દોમાં આપે છે કે જેવી રીતે માર્યા જનાર મનુષ્ય કે પશુને શણગારવા તે તત્ત્વતઃ તેમને દુઃખી કરવા બરાબર જ છે. તેવી જ રીતે આ ઘેટાનાં બચ્ચાંને ખવડાવવામાં આવતાં ભાત વગેરે તત્ત્વતઃ દુઃખદાયક જ છે.[3]

શાન્ત્યાચાર્યે 'सेऽदुही'માંના 'अ'કારને લુપ્ત માનીને પ્રથમ વ્યાખ્યા 'अदुही' કરી છે.[4] પરંતુ અહીં 'दुही' શબ્દ 'अदुही'ની અપેક્ષાએ અધિક અર્થ આપે છે.

### ૭. (अन्नदत्तहरे)

अन्नदत्तहर—આ શબ્દના ચાર અર્થ કરવામાં આવ્યા છે[5]—

(૧) બીજાઓને આપેલી વસ્તુ વચ્ચેથી જ છીનવી લેનાર.

(૨) જે બીજો આપવા માગતો નથી, તેને બળાત્કારે છીનવી લેનાર.

(૩) ગામ, નગર વગેરેમાં ચોરી કરનાર.

(૪) ગાંઠ કાપી બીજાનું ધન ચોરનાર.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १५९ : विपुलदेहे नाम मांसोपचितः ।

૨. એજન, પૃ. १५९ : मांसोपचयादसौ स्वयमेव मेदसा स्फुटन्निव आएसं परिकंखए, कथं सो आगच्छेदिति ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १५९: कहं दुही जवसोदनेऽपि दीयमाने ?, उच्यते, वधस्य वध्यमाने इष्टाहारे वा वध्यालंकारेण वाऽलंक्रियमाणस्स किमिव सुखं ?, एवमसौ जवसोदगादिसुखेऽपि सति दुःखमानेव ।

(ખ) सुखबोधा, पत्र ११७ : 'दुहि' त्ति वध्यमण्डनमिवाऽस्यौदनदानादीनि तत्त्वतो दुःखमेव तदस्यास्तीति दुःखी ।

૪. बृहद्वृत्ति, पत्र २७३ : 'सेऽदुहि' त्ति अकारप्रश्लेषात् स इत्युरभ्रोऽदुःखी सुखी सन्, अथवा वध्यमण्डनमिवास्यौदनदानादिनीति तत्त्वतो दुःखितैवास्येति दुःखी ।

૫. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १६० ।

(ખ) बृहद्वृत्ति, पत्र २७४ ।

**૮. મહાઆરંભ (महारंभ)**

જે વ્યવસાયમાં ઘણા પ્રાણીઓની હત્યા કરવામાં આવે છે તેને મહાઆરંભ કહેવામાં આવે છે. મહાઆરંભ અર્થાત્ અપરિમિત હિંસા-વ્યાપાર.[૧]

**૯. બળવાન (परिवूढे)**

આનો શાબ્દિક અર્થ છે—જેનું શરીર માંસ અને શોણિત વડે પુષ્ટ બની ગયું છે. તાત્પર્યમાં આ શબ્દ બળવાન અને સમર્થનો સૂચક છે.[૨]

**૧૦. બીજાનું દમન કરનાર (परंदमे)**

જે બીજાને પોતાની ઇચ્છાનુસારના કાર્યોમાં નિયોજિત કરવામાં સમર્થ હોય, તે 'परंदम' હોય છે.

જે બીજાનું દમન કરવામાં સમર્થ હોય છે, તે 'परंदम' છે.[૩]

વિશેષ : પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં જૈન ધર્મનો આચારશાસ્ત્રીય દૃષ્ટિકોણ પ્રતિપાદિત છે.

**૧૧. કર-કર શબ્દ કરતાં-કરતાં (कक्कर)**

ચૂર્ણિકારે આનો અર્થ—મધુર અને દંતુર માંસ કર્યો છે.[૪]

વૃત્તિમાં આનો અર્થ છે—જે માંસ ખાતી વેળાએ ચણાની જેમ 'કર-કર' શબ્દ કરે છે, તેવું ચરબીવાળું, દંતુર અને અત્યન્ત પાકી ગયેલું માંસ.[૫]

**૧૨. નરકના આયુષ્યની આકાંક્ષા કરે છે (आउयं नरए कंखे)**

પ્રસ્તુત ત્રણ શ્લોકો (૫, ૬, ૭)માં કેટલીક પ્રવૃત્તિઓનો નામોલ્લેખ કરી તેમનાથી થનાર પરિણામ અર્થાત્ નરક-ગમનનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તે પ્રવૃત્તિઓ સંક્ષેપમાં આવી છે—

| | |
|---|---|
| (૧) હિંસા | (૫) મહાઆરંભ |
| (૨) મૃષાવાદ | (૬) મહાપરિગ્રહ |
| (૩) અદત્તાદાન | (૭) માંસ-મદિરાનું સેવન |
| (૪) વિષયાસક્તિ | (૮) શોષણ. |

સ્થાનાંગ (૪।૬૨૮)માં નરકયોગ્ય કર્માર્જનના ચાર હેતુઓ માન્યા છે—

| | |
|---|---|
| ૧. મહાઆરંભ | ૩. પંચેન્દ્રિય-વધ |
| ૨. મહાપરિગ્રહ | ૪. માંસ-ભક્ષણ |

---

૧. बृहद्वृत्ति, पत्र २७५ : महान्—अपरिमितः, आरम्भः—अनेकजन्तूपघातकृद् व्यापारः ।

૨. એજન, पत्र २७५ : परिवूढे त्ति परिवृढः—प्रभुरुपचितमांस-शोणिततया तत् क्रिया समर्थ इति यावत् ।

૩. એજન, पत्र २७५ : परान्—अन्यान् दमयति—यत् कृत्याभिमतकृत्येषु प्रवर्तयतीति परन्दमः ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १६० : कक्करं नाम महुरं दंतुरं मांसं ।

૫. बृहद्वृत्ति, पत्र २७५ ।

આ ચારે કારણોનો વિસ્તાર આ ત્રણ શ્લોકો (૫-૭)માં છે. નરક-ગમનના આ ચાર હેતુઓ જ નહિ, બીજા પણ અનેક હેતુઓ હોઈ શકે છે. અધ્યવસાયોની કિલષ્ટતા અને તેનાથી સંચાલિત કોઈ પણ પ્રવૃત્તિ નરકનું કારણ બની શકે છે.

વૃત્તિકાર અનુસાર પાંચમા અને છઠ્ઠા શ્લોકના બે ચરણોમાં આરંભ—હિંસાનું કથન કરવામાં આવ્યું છે તથા છઠ્ઠાના બાકીના બે ચરણોમાં અને સાતમા શ્લોકના પહેલા બે ચરણોમાં રસગૃદ્ધિનો નિર્દેશ છે. અવશિષ્ટ બે ચરણોમાં આરંભ અને રસગૃદ્ધિથી થનાર પરિણામ—દુર્ગતિગમનનો નિર્દેશ છે.[1]

### ૧૩. દુઃખથી એકત્રિત કરેલાં (दुस्साहडं)

ચૂર્ણિકારે 'दुस्साहडं'ના ત્રણ અર્થ કર્યા છે[2]—

૧. 'दुट्ठं साहडं—दुस्साहडं'—કષ્ટપૂર્વક ઉપાર્જિત, બીજાને રાજી કરી ઉપાર્જન કરવું.

૨. दुक्खेण वा साहडं—दुस्साहडं—શીત, વાત વગેરે અનેક કષ્ટોને સહન કરીને મેળવેલ.

૩. દુષ્ટ ઉપાયો વડે બીજાની સંપત્તિ લઈ લેવી.

શાન્ત્યાચાર્યે આનો મૂળ અર્થ આવો કર્યો છે—સ્વયં દુઃખ ભોગવીને તથા બીજાને પણ દુઃખી કરીને પ્રાપ્ત કરવું. આનો વૈકલ્પિક અર્થ છે—અત્યન્ત કષ્ટપૂર્વક સંચિત.[3]

આચાર્ય નેમિચન્દ્રે એક શ્લોક ઉદ્ધૃત કરી ધનના 'दुस्साहड'નું સમર્થન કર્યું છે[4]—

'अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे ।
नाशे दुःखं व्यये दुःखं, धिगर्थं दुःखभाजनम् ॥'

### ૧૪. જુગાર વગેરે દ્વારા ગુમાવીને (हिच्चा)

આનો સામાન્ય અર્થ છે—છોડીને. પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં આનો અર્થ છે—જુગાર વગેરે વ્યસનો વડે ગુમાવીને.[5] નેમિચન્દ્રે આ જ આશયનો એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે—

द्यूतेन मद्येन पणाङ्गनाभिः, तोयेन भूपेन हुताशनेन ।
मलिम्लुचेनांऽशहरेण नाशं, नीयेत वित्तं क्व धने स्थिरत्वम् ॥

### ૧૫. ફક્ત વર્તમાનને જ જોનાર જીવ (पच्चुप्पन्नपरायणे)

'પ્રત્યુત્પન્ન'નો અર્થ છે—વર્તમાન. જે માત્ર વર્તમાન માટે જ એકનિષ્ઠ છે, તે 'પ્રત્યુત્પન્ન-પરાયણ' હોય છે. માત્ર વર્તમાનને જોનાર નાસ્તિક હોય છે અને તે પરલોકથી સર્વથા નિરપેક્ષ બની માને છે—'एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचरः'—લોક આટલો જ છે, જેટલો નજરે પડે છે. પરલોક, સ્વર્ગ, નરક માત્ર કલ્પના છે.

### ૧૬. મરણાન્તકાળે....શોક કરે છે. (मरणंतम्मि सोयई)

નાસ્તિકપણે જીવન જીવનાર વ્યક્તિ પણ મૃત્યુ સમયે શોકનિમગ્ન બનીને વિચારે છે—'હાય ! હવે મારે અહીંથી જવું

---

૧. बृहद्वृत्ति, पत्र २७५ ।

२. उत्तराध्ययन चूर्णि, पृ. १६१ : साहडं णाम उपार्जितं, दुट्ठं साहडं दुस्साहडं, परेसिं परेसिं उवरोधं काऊणंति भणितं होति । दुक्खेण वा साहडं दुस्साहडं, सीतवातादि-किलेसेहिं उवचितंति, अथवा कताकतं देतव्वमदेतव्वं खेत्थखलावत्थं दुस्साहडं, दुस्सारवितंति भणितं होति ।

૩. बृहद्वृत्ति, पत्र २७५ ।

૪. सुखबोधा, पत्र ११७ ।

૫. सुखबोधा, पत्र ११७ : 'हित्वा' द्यूताद्यसद्व्ययेन त्यक्त्वा ।

પડશે. હું નથી જાણતો કે હું ક્યાં જઈશ ? મારી કઈ ગતિ થશે ? મેં મારું આખું જીવન મોહમાં મૂર્છિત બની આમ જ વેડફી નાખ્યું.'

વૃત્તિકારનો મત છે કે અત્યન્ત નાસ્તિક વ્યક્તિ પણ મૃત્યુ-સમયે મારણાન્તિક વેદના વડે અભિભૂત થઈ પોતાના જીવન પર આંસુ વહાવે છે.[1]

### ૧૭. ઘેટાનું બચ્ચું (अय)

શાન્ત્યાચાર્યે 'अज'નો અર્થ 'પશુ' તથા પ્રસ્તાવાનુસાર 'ઉરભ્ર' (ઘેટાનું બચ્ચું) કર્યો છે.[2] 'अज' શબ્દ અનેકાર્થક છે. તેના બકરું, ઘેટું, ઘેટી વગેરે અનેક અર્થો થાય છે. અહીં તેનો અર્થ–ઘેટી કે ઘેટું છે. તેના સ્થાને 'एडक' અને 'उरभ्र' એ બે શબ્દો વધુમાં અહીં પ્રયોજાયા છે. 'एडक'નો અર્થ–ઘેટું અને બકરું પણ થઈ શકે છે પરંતુ 'उरभ्र'નો અર્થ ઘેટી કે ઘેટું જ છે.

### ૧૮. આસુરીય દિશા (નરક)ની તરફ (आसुरियं दिसं)

જ્યાં સૂર્ય ન હોય તેને 'आसुरीय' (असूर्य) કહેવાય છે. આનો બીજો અર્થ 'आसुरीय' કરવામાં આવ્યો છે. રૌદ્ર કર્મ કરનાર 'અસુર' કહેવાય છે અને 'અસુર'ની જે દિશા હોય છે તેને 'આસુરીય' કહેવાય.[3] આનો તાત્પર્યાર્થ છે—નરક. ત્યાં સૂર્ય નથી હોતો તથા તે ક્રૂર કર્મ કરનારાઓની દિશા છે એટલા માટે તે આસુરીય છે. તાત્પર્ય એ છે કે તે અંધકારપૂર્ણ દિશા છે. પ્રથમ અર્થ અનુસાર 'असुरिय' પાઠ હોવો જોઈએ અને દ્વિતીય અર્થ અનુસાર 'आसुरीय' પાઠ હોવો જોઈએ.

### ૧૯. કાકિણીના (कागिणिए)

ચૂર્ણિ અનુસાર એક રૂપિયાના એંશીમા ભાગને તથા 'વિસોવગ'ના ચોથા ભાગને કાકિણી કહેવામાં આવતો હતો.[4] वि(वी)सोवग–विंशोपक–દેશી શબ્દ છે. આ એક પ્રકારનો સિક્કો હતો. તે રૂપિયાના વીસમા ભાગનો હતો.[5]

શાન્ત્યાચાર્યે લખ્યું છે—વીસ કોડીઓની એક 'કાકિણી' થાય છે.[6] મોનિયર-મોનિયર વિલિયમ્સ અનુસાર વીસ કોડીઓની અથવા 'પણ'ના ચોથા ભાગની એક 'કાકિણી' થાય છે. વીસ માસાનો એક 'પણ' થાય છે અને પાંચ માસાની એક 'કાકિણી'[7].

આ વિવરણથી એ સ્પષ્ટ જણાઈ આવે છે કે તે સમયે બીજા-બીજા સિક્કાઓની સાથે-સાથે કાકિણી, વીસોવગ, પણ, કોડી વગેરે પણ ચલણમાં હતા. જો આપણે રૂપિયાને મધ્યબિંદુ માની વિચારીએ તો—

| | | | | |
|---|---|---|---|---|
| ૮૦ કાકિણી | = | ૧ રૂપિયો | | |
| ૨૦ વીસોપગ | = | ૧ રૂપિયો | ૨૦ કોડી | |
| ૨૦ પણ | = | ૧ રૂપિયો | ¼ વીસોપગ | = ૧ કાકિણી |
| ૧૬૦૦ કોડી | = | ૧ રૂપિયો | ¼ પણ અથવા ૫ માસા | |

૧. (ક) बृहद्वृत्ति, पत्र २७५ । (ખ) सुखबोधा, पत्र ११८ ।

૨. बृहद्वृत्ति, पत्र २७५ : अजः– पशुः, स चेह प्रक्रमादुरभ्रः ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १६१ : नास्य सूरो विज्जति, आसुरियं वा नारका, जेसिं चक्खिदियअभावे सूरो ऊद्योतो णत्थि, जहा एगेंदियाणं दिसा भावदिसा खेत्तदिसावि घेप्पति, असतीत्यसुराः, असुराणामियं आसुरीयं अधोगतिरित्यर्थः ।

(ખ) बृहद्वृत्ति, पत्र २७६ : अविद्यमानसूर्याम्, उपलक्षणत्वाद्ग्रहनक्षत्रविरहितां च, दिश्यते नारकादित्वेनास्यां संसारीति दीक् ताम्, अर्थात् भावदिशम्, अथवा रौद्रकर्मकारी सर्वोऽप्यसुर उच्यते, ततश्चासुराणामियमासुरीया तामासुरीयां दिशम् ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १६१ : कागीणी णाम रूवगस्स असीतिमो भागो, वीसोवगस्स चतुभागो ।

૫. पाइयसद्दमहण्णव, पृ. १००७ ।

૬. बृहद्वृत्ति, पत्र २७२, 'काकिणिः'–विंशतिकपर्दकाः ।

૭. A Sanskrit English Dictionary, p. 267 : A small coin or a small sum of money equal to twenty Kapardas or Cowries or to a quarter of a Pana.

અનુયોગદ્વાર (સૂત્ર ૧૩૨)માં સોનું, ચાંદી, રત્નો વગેરે તોળવા માટેના કાટલામાં ગુંજા (ચણોઠી), કાકિણી વગેરેનો ઉલ્લેખ થયો છે. કાકિણીનું માપ સવા રતી ભાર માનવામાં આવ્યું છે. આ પણ ઉપર્યુક્ત તાલિકાના આધારે યોગ્ય લાગે છે. પાણિનીના વ્યાકરણમાં **'काकिणी'**નો પ્રયોગ થયો નથી. તે પરથી એમ અનુમાન કરી શકાય કે તે સમયે તે સિક્કાનું પ્રચલન થયું નહિ હોય. ચાણક્યે તાંબાની સૂચિમાં તેનું નામ આપ્યું છે (કૌટિલીય અર્થશાસ્ત્ર, ૨૧૧૯). બૌદ્ધ સાહિત્યમાં કાકિણી તથા કાર્ષાપણનો ઉલ્લેખ મળે છે. આઠ કાકિણીનો એક કાર્ષાપણ થતો.[1] ચાર કાકિણીના ત્રણ માસા થતા. કાત્યાયનના સૂત્ર ૫।૧।૩૩ ઉપરના બે વાર્તિકોમાં કાકિણી અને અર્ધકાકિણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યાં એક, દોઢ અને બે કાકિણીના મૂલ્યથી મળનારી વસ્તુ માટે काकणीक, अध्यर्धकाकणी અને द्विकाकणीक પ્રયોગ સિદ્ધ કરવામાં આવ્યા છે. જુઓ—૨૦।૪૨માં 'कहावणे'નું ટિપ્પણ.

## ૨૦. હજાર (કાર્ષાપણ) (सहस्सं)

'सहस्सं' શબ્દ દ્વારા હજાર કાર્ષાપણ ઉપલક્ષિત કરવામાં આવ્યા છે એવો ચૂર્ણિ અને વૃત્તિનો મત છે.[2] કાર્ષાપણ એક પ્રકારનો સિક્કો છે. તેનું માપ, જે ધાતુ તોળવામાં આવે છે તેના આધારે જુદું-જુદું હોય છે. જેમ કે જો સોનું હોય તો સોળ માસા, જો ચાંદી હોય તો સોળ પણ અથવા ૧૨૮૦ કોડી, જો તાંબુ હોય તો ૮૦ રક્તિકા (રતી) અથવા ૧૭૬ ગ્રેન વગેરે.[3] નારદે (જેનો સમય ઇ.સ. ૧૦૦ અને ૩૦૦ વચ્ચે આવે છે) એક સ્થાને કહ્યું છે કે ચાંદીનો કાર્ષાપણ દક્ષિણમાં ચલણમાં હતો અને પ્રાચ્ય દેશમાં તે વીસ પણ બરાબર હતો તથા પંચનદ પ્રદેશમાં વપરાતા કાર્ષાપણને તેઓ પ્રમાણભૂત માનતા ન હતા.[4] વિશેષ વિવરણ માટે જુઓ—૨૦।૪૨નું 'कहावणे' પરનું ટિપ્પણ.

## ૨૧. (શ્લોક ૧૧)

આ શ્લોકમાં બે કથાઓનો સંકેત છે—

૧. એક કાકિણી માટે હજાર કાર્ષાપણ હારવા.

તુલના—

**सीलव्वयाइं जो बहुफलाइं, हंतूण सुहमहिलसइ ।**

**धिइदुब्बलो तवस्सी, कोडीए कागिणिं किणइ ॥ ( उपदेशमाला, श्लोक १८८ )**

૨. કેરીમાં આસક્ત થઈને રાજાએ પોતાના જીવન અને રાજ્યને ખોવું.

બંને કથાઓ માટે જુઓ—આમુખ, પૃ. ૨૦૨.

## ૨૨. પ્રજ્ઞાવાન પુરુષની (पण्णवओ)

શાન્ત્યાચાર્ય અનુસાર તે જ વ્યક્તિ પ્રજ્ઞાવાન કહેવાય છે જે જ્ઞાન અને ક્રિયા—બંનેથી યુક્ત હોય, જે હેય અને ઉપાદેયની વિવેક-બુદ્ધિથી યુક્ત હોય. નિશ્ચયનય અનુસાર ક્રિયારહિત પ્રજ્ઞા અપ્રજ્ઞા જ હોય છે.[5]

નેમિચન્દ્ર અનુસાર પ્રકૃષ્ટ જ્ઞાન પ્રજ્ઞા છે. ક્રિયા-વિકલ્પ જ્ઞાન પ્રકૃષ્ટ હોતું જ નથી, કેમ કે તેમાં રાગ-દ્વેષ વગેરે ભળેલાં હોય છે. આથી તે અપ્રજ્ઞા જ છે.[6]

---

૧. (ક) संयुत्तनिकाय, ३।२।३ ।
(ખ) चुल्लसेट्ठि जातक ४, प्रथम खण्ड, पृ. २०३ ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २६२ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २७६ : 'सहस्त्रं' दशशतात्मकं, कार्षापणानामिति गम्यते ।

૩. Monier Monier-Williams, Sanskrit English Dictionary, p. 276.

૪. हिन्दू सभ्यता, पृ. १७४, १७५ ।

૫. बृहद्वृत्ति, पत्र २७८ ।

૬. सुखबोधा, पत्र ११९ ।

**૨૩. અનેક વર્ષ નયુત (અસંખ્યકાળ)ની (अणेगवासानउया)**

વર્ષોના અનેક 'નયુત'—અર્થાત્ પલ્યોપમ, સાગરોપમ. 'નયુત' એક સંખ્યાવાચી શબ્દ છે. તે પદાર્થની ગણતરીમાં પણ પ્રયુક્ત થાય છે અને આયુષ્યકાળની ગણતરીમાં પણ. અહીં આયુષ્યકાળની ગણતરી કરવામાં આવી છે. આથી તેની પાછળ વર્ષ શબ્દ જોડવો પડે. 'વર્ષ-નયુત' વર્ષોની સંખ્યા આપે છે. 'નયુત'માં જેટલા વર્ષ હોય છે તેનું પરિમાણ આ રીતે છે—

| | |
|---|---|
| ૮૪,૦૦,૦૦૦ વર્ષ | ૧ પૂર્વાંક |
| ૮૪,૦૦,૦૦૦ પૂર્વાંક | ૧ પૂર્વ |
| ૮૪,૦૦,૦૦૦ પૂર્વ | ૧ નયુતાંગ |
| ૮૪,૦૦,૦૦૦ નયુતાંગ | ૧ નયુત |

(૮૪ લાખ x ૮૪ લાખ x ૮૪ લાખ x ૮૪ લાખ )= એક નયુત. અર્થાત્ એક નયુતમાં આટલાં—૪૯,૭૮,૬૧,૩૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ વર્ષ થશે.

**૨૪. સો વર્ષ જેટલાં અલ્પ જીવન માટે (ऊणे वाससयाउए)**

આનો શાબ્દિક અર્થ છે—સો વર્ષ જેટલાં ઓછા આયુષ્ય માટે. ચૂર્ણિ અનુસાર ભગવાન મહાવીરે જ્યારે ધર્મનું પ્રતિપાદન કર્યું ત્યારે સામાન્યપણે મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું હતું. આ આયુષ્ય 'નયુત'ની અપેક્ષાએ ઘણું ઓછું છે.[1] વૃત્તિ અનુસાર ભગવાન મહાવીરના તીર્થમાં મનુષ્ય ઘણે ભાગે સો વર્ષ જેટલા ન્યૂન આયુષ્યવાળા હતા.[2]

પ્રસ્તુત શ્લોકમાં વિષય અને આયુષ્યની તુલના કરવામાં આવી છે. સ્વર્ગની સ્થિતિ દીર્ઘકાલીન હોય છે. તેની તુલનામાં મનુષ્ય-જીવનની સ્થિતિ અલ્પકાલીન બતાવવામાં આવી છે.

૨૫. (શ્લોક ૧૪-૧૬)

સૂત્રકારે બે શ્લોકો (૧૪-૧૫)માં એક વ્યાવહારિક ઉપમાનો ઉલ્લેખ કર્યો છે. સોળમા શ્લોકમાં તે કથાનું નિગમન રજૂ કર્યું છે. નેમિચન્દ્રે સરસ શબ્દોમાં તે કથાનો વિસ્તાર આ પ્રમાણે કર્યો છે—

એક ધનિક વાણિયાના ત્રણ પુત્રો હતા. તેણે પોતાના પુત્રોની બુદ્ધિ, વ્યવસાયિક કુશળતા, પુણ્યશાળીપણું અને પુરુષાર્થની પરીક્ષા લેવા વિચાર્યું. તેણે એક ઉપાય કર્યો. ત્રણે પુત્રોને એક-એક હજાર કાર્ષાપણ આપતા તેણે કહ્યું—'આ મૂડીમાંથી તમે ત્રણે ધંધો કરો અને અમુક સમય પછી મારી પાસે મૂડી લઈ પાછા આવો' તે ત્રણે મૂળ મૂડી લઈ પોતાના નગરથી નીકળી પડ્યા અને જુદા જુદા નગરોમાં વ્યાપાર કરવા માટે ગોઠવાયા. એકે વિચાર્યું—'પિતાજી અમારી પરીક્ષા કરવા ઈચ્છે છે. એટલા માટે તેમણે પરદેશ મોકલ્યો છે. હવે મારું કર્તવ્ય છે કે હું પ્રચુર ધન ઉપાર્જિત કરું અને પિતાજીને સંતોષ પહોંચાડું. જે મનુષ્ય પુરુષાર્થ નથી કરતો તે માત્ર 'હડફા' જેવો હોય છે, માત્ર ઘાસના પૂતળા જેવો હોય છે. એટલા માટે જાતે પુરુષાર્થ કરવો જરૂરી છે. મારા માટે અર્થોપાર્જનનો આ સુંદર અવસર છે. કહ્યું પણ છે કે—प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनं । तृतीये न तपस्तप्तं, चतुर्थे किं करिष्यति ?॥ જે વ્યક્તિએ પોતાની પહેલી વયમાં વિદ્યાનું અધ્યયન નથી કર્યું, બીજી વયમાં ધન કમાયો નથી અને ત્રીજીમાં તપશ્ચર્યા કરી નથી—સાધના કરી નથી, તે અંતિમ વયમાં શું કરવાનો હતો ?' આમ વિચારી તે ધનોપાર્જનમાં લાગ્યો. સાદગીમય જીવન જીવવાનું લક્ષ્ય બનાવ્યું અને જુગાર વગેરે વ્યસનોથી દૂર રહી નિષ્ઠાપૂર્વક વ્યાપાર કરવા લાગ્યો. વ્યાપાર ચાલ્યો અને તેને વિપુલ લાભ થયો.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १६३ : भगवता वरिससताउएसु मणुएसु धम्मो पणीतो इत्यतः ऊणे वाससयाउए ।

૨. बृहद्वृत्ति, पत्र २७८ : भगवतश्च वीरस्य तीर्थे प्रायो न्यून-वर्षशतायुष एव जन्तव इतीत्थमुपन्यासः ।

બીજા છોકરાએ વિચાર્યું—'અમારા ઘરમાં ધનની કમી નથી. પ્રચુર ધન છે અમારી પાસે. પરંતુ નવું કંઈક કમાયા વિના તે ધન પણ ક્યારેક ને ક્યારેક ખતમ થઈ જશે. એટલા માટે મારે મૂળ ધનની સુરક્ષા કરવી જોઈએ.' તે વ્યાપાર કરવા લાગ્યો. જે નફો થતો તે ભોજન વગેરેમાં ખર્ચી નાખતો, કંઈપણ બચાવતો નહિ.

ત્રીજા છોકરાએ વિચાર્યું—'વિચિત્ર છે કે અમારા ઘરમાં સાત પેઢી સુધી ખર્ચીએ તો પણ ખૂટે નહિ એટલું ધન છે. પરંતુ પિતાજી વૃદ્ધ છે. એમનામાં વિચારવાની શક્તિ નથી. ધન ખૂટી ના પડે એટલા માટે તેમણે અમને પરદેશ મોકલી દીધા. સાચું જ કહ્યું છે કે—

**पंचासा वोलीणा, छड्डाणा नूणं जंति पुरिसस्स ।**

**रूवाणा ववसायो, हिरि सत्तोदारया चेव ॥**

જ્યારે વ્યક્તિ પચાસ વર્ષની વયને પાર કરી જાય છે ત્યારે તેનામાં છ ખામીઓ આવે છે—(૧) રૂપ ઓછું થાય છે, (૨) આજ્ઞા દેવાની ક્ષમતા રહેતી નથી, (૩) વ્યવસાય કરવાની નિપુણતા ઓછી થાય છે, (૪) શરમહીનતા, (૫) શક્તિની ન્યૂનતા અને (૬) ઉદારતાની કમી.

હું શા માટે ધન કમાવાની ઉપાધિમાં પડું ?' આમ વિચારી તેણે વ્યાપાર ન કર્યો અને માત્ર જુગાર, મદ્ય, માંસ વગેરેના સેવનમાં લાગ્યો રહ્યો. થોડાક જ દિવસમાં તેની મૂળ મૂડી વપરાઈ ગઈ.

સમયની મુદત પૂરી થઈ. ત્રણે પોતાના નગરમાં પાછા ફર્યા. જે પુત્રે પોતાની મૂળ મૂડી પણ ગુમાવી હતી પિતાએ તેને પોતાના જ ઘરમાં નોકરની માફક રહેવા માટે ફરજ પાડી. જેણે મૂળ મૂડીની સુરક્ષા કરી હતી તેને ઘરનું કામકાજ સોંપ્યું અને જેણે મૂડી વધારી હતી તેને ઘરના સ્વામી તરીકે નિયુક્ત કર્યો.

આ જ કથાની બીજી પરંપરા આવી છે—

ત્રણે વેપાર કરવા લાગ્યા. જેણે પોતાની મૂળ મૂડી ખોઈ નાખી હતી તે આગળ વ્યાપાર કરવા માટે અશક્તિમાન બની ગયો. પછી તેણે નોકરી શરૂ કરી. બીજાએ મૂળ મૂડીની સુરક્ષા કરી અને ફરી વ્યાપાર કરવા લાગ્યો. ત્રીજાએ મૂળ મૂડી એટલી વધારી કે તે પોતાના પરિવાર સાથે આનંદથી રહેવા લાગ્યો.[1]

સોળમા શ્લોકનું નિગમન આ રીતે છે—

ત્રણ સંસારી જીવો મનુષ્ય-યોનિમાં જન્મ્યા. તેમાંથી એક વ્યક્તિ સંયમ, આર્જવ, માર્દવ વગેરે ગુણોથી સમન્વિત બની મધ્યમ આરંભ અને પરિગ્રહપૂર્વક જીવનયાપન કરવા લાગ્યો. તે મરીને ફરી મનુષ્ય-ભવમાં આવ્યો. આ મૂળની સુરક્ષા છે. બીજો સમ્યક્-દર્શન અને ચારિત્રિક ગુણોયુક્ત બની સરાગ-સંયમનું પાલન કરી દેવલોકમાં ગયો. તેણે મૂળ મૂડી વધારી. ત્રીજાએ પોતાનું જીવન હિંસા વગેરેમાં વ્યતીત કરી મરીને નરક યોનિ કે તિર્યંચ-યોનિમાં જન્મ લીધો. આ મૂળ મૂડીને હારી જવાની વાત છે.[2]

## ૨૬. વધ-હેતુક (**वहमूलिया**)

ચૂર્ણિ અનુસાર આનું સંસ્કૃત રૂપ 'व्यधमूलिका' અને વૃત્તિ અનુસાર 'वधमूलिका' છે. 'व्यध'નો અર્થ પ્રમારણ કે તાડન અને 'वध'નો અર્થ પ્રાણઘાત, વિનાશ કે તાડન કરવામાં આવ્યો છે.[3]

---

૧. सुखबोधा, पत्र ११९, १२० ।

૨. એજન, पत्र १२० ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १६४ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २८० ।
(ગ) सुखबोधा, पत्र १२० ।

**૨૭. લોલુપ અને વંચક પુરુષ (लोलयासढे)**

અહીં 'लोलया' શબ્દ વિચારણીય છે. તે પુરુષનું વિશેષણ હોય તો તેનું રૂપ 'लोलए' હોવું જોઈએ. 'लोलए सढे' નો અર્થ 'લોલુપતાથી શઠ' હોય તો ઉક્ત પાઠ બેસે છે. પરંતુ આ અર્થ માન્ય રહ્યો નથી. વૃત્તિકારે 'लोलया' પાઠની સંગતિ આ પ્રમાણે કરી છે—જે મનુષ્ય માંસ વગેરેમાં અત્યન્ત લોલુપ હોય છે, તે તેમાં જ તન્મય બની જાય છે. તે જ તન્મયતાને પ્રગટ કરવા માટે અહીં 'लोल' (લોલુપ)ને પણ 'लोलता' (લોલુપતા) કહેવામાં આવેલ છે.[1] 'या' કે 'आ'ને અલાક્ષણિક માનવામાં આવે તો 'लोलय'નું 'लोलक' બને છે—'लोलक' અર્થાત્ લોલુપ.

'शठ'નો અર્થ છે—આળસુ કે વિશ્વસ્ત વ્યક્તિઓને ઠગનાર.[2] માંસાહાર નરકગતિ અને વંચના તિર્યંચગતિમાં ઉત્પન્ન થવાના હેતુઓ છે.[3] એટલા માટે આ શ્લોકમાં 'लोलय' અને 'शठ'નો પ્રયોગ સાપેક્ષ છે.

**૨૮. (શ્લોક ૨૦)**

આ શ્લોકમાં વિમાત્ર શિક્ષા, ગૃહિસુવ્રત અને કર્મસત્ય આ ત્રણે શબ્દ વિશેષ અર્થવાળા છે.

ચૂર્ણિમાં શિક્ષાનો અર્થ શાસ્ત્ર-કળામાં કૌશલ્ય એવો છે.[4] શાન્ત્યાચાર્યે શિક્ષાનો અર્થ—પ્રકૃતિભદ્રતા વગેરે ગુણોનો અભ્યાસ એવો કર્યો છે.[5] પ્રસ્તુત પ્રકરણમાં આ અર્થ અધિક સંગત છે.

ચૂર્ણિમાં સુવ્રતનો અર્થ 'ब्रह्मचरणशील' છે.[6] શાન્ત્યાચાર્યે સુવ્રતનો અર્થ—સત્પુરુષોચિત, અવિષાદ વગેરે ગુણોથી યુક્ત—કર્યો છે.[7] અહીં વ્રતનો પ્રયોગ આગમોક્ત શ્રાવકના બાર વ્રતોના અર્થમાં નથી. તે વ્રતોને ધારણ કરનાર 'देवगति' (વૈમાનિક)માં જ ઉત્પન્ન થાય છે.[8] અહીં સુવ્રતીની ઉત્પત્તિ મનુષ્ય-યોનિમાં બતાવવામાં આવી છે. એટલા માટે અહીં વ્રતનો અર્થ—પ્રકૃતિભદ્રતા વગેરેનું અનુશીલન એવો હોવો જોઈએ. સ્થાનાંગમાં બતાવવામાં આવ્યું છે કે મનુષ્ય-ગતિનો બંધ ચાર કારણો વડે થાય છે—

૧. પ્રકૃતિ-ભદ્રતા, ૨. પ્રકૃતિ-વિનીતતા, ૩. સાનુક્રોશતા, ૪. અમત્સરતા.[9]

જીવ જેવો કર્મ-બંધ કરે છે, તેવી ગતિ તેને પ્રાપ્ત થાય છે. એટલા માટે તેને કર્મ-સત્ય કહેવામાં આવેલ છે.[10] જીવ જે કર્મો કરે છે તે તેને ભોગવવાં જ પડે છે, ભોગવ્યા વિના તેમનાથી તેનો છૂટકારો થતો નથી.[11] એટલા માટે જીવોને કર્મ-સત્ય કહેવામાં આવ્યા છે. જેમનાં કર્મો (માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓ) સત્ય (અવિસંવાદી) હોય છે, તેઓ કર્મ-સત્ય

---

૧. बृहद्वृत्ति, पत्र २८० : 'लोलायासढे' त्ति लोलया—पिशितादिलाम्पट्यं तद्योगाज्जन्तुरपि तन्मयत्वख्यापनार्थं लोलतेत्युक्तः ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १६४ : न धर्म्मचरणोद्यमवान् ।
(ખ) बृहद्वृत्ति, पत्र २८० : शाठ्ययोगाच्छठः—विश्वस्तजनवंचकः ।

૩. ठाणं, ४।६२८, ६२९ ।

૪. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १६५ : शिक्षानाम शास्त्रकलासु कौशल्यम् ।

૫. बृहद्वृत्ति, पत्र २८१ : 'शिक्षाभिः' प्रकृतिभद्रकत्वाद्यभ्यासरूपाभिः ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १६५ : ब्रह्मचरणशीला सुव्रताः ।

૭. बृहद्वृत्ति, पत्र २८१ : 'सुव्रताश्च' धृतसत्पुरुषव्रताः, ते हि प्रकृतिभद्रकत्वाद्यभ्यासानुभावत एव न विपद्यपि विषीदन्ति सदाचारं वा नावधीरयन्तीत्यादिगुणान्विताः ।

૮. એજન, पत्र २८१ : आगमविहितव्रतधारणं त्वमीषामसम्भवि, देवगतिहेतुतयैव तदभिधानात् ।

૯. ठाणं, ४।६३०, चउहिं ठाणेहिं जीवा मणुस्साउयत्ताए कम्मं पगरेंति, तंजहा—पगतिभद्दताए, पगतिविणीययाए, साणुक्कोसयाए, अमच्छरिताए ।

૧૦. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १६५ : कम्माणि सच्चाणि जेसिं ते कम्मसच्चा, तस्स जारिसाणि से तावं विधिं गतिं लभति, तं सुभमसुभं वा ।

૧૧. એજન, पृ. १६५ : अथवा कम्मसत्या हि, सच्चं कम्मं, कम्मं अवेदे नवेइत्ति, यदि हि कृतं कर्म्म न वेद्यते ततो न कर्म्मसत्याः स्युरिति ।

કહેવાય છે.[1] જેમનાં કર્મો નિશ્ચિત રૂપે ફળ આપનારા હોય છે, તેઓ કર્મ-સત્ય કહેવાય છે.[2] 'कम्मसच्चा हु पाणिणो' આ અર્થાન્તરન્યાસ છે.

### ૨૯. વિપુલ શિક્ષણ (विउला सिक्खा)

શિક્ષણ બે પ્રકારનું હોય છે—ગ્રહણ અર્થાત્ જાણવું અને આસેવન અર્થાત્ જાણેલા વિષયનો અભ્યાસ કરવો.[3] જ્ઞાન વિના આસેવન સમ્યક્ નથી થતું અને આસેવન વિના જ્ઞાન સફળ નથી થતું. એટલા માટે જ્ઞાન અને આસેવન બંને મળીને જ શિક્ષણને પૂર્ણ બનાવે છે. જે વ્યક્તિઓનું શિક્ષણ વિપુલ હોય છે—સમ્યક્-દર્શન-યુક્ત અણુવ્રતો કે મહાવ્રતોની આરાધના વડે સમ્પન્ન હોય છે[4]—તેઓ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

### ૩૦. શીલસંપન્ન....કરનાર (सीलवंता सवीसेसा)

શીલનો અર્થ છે—સદાચાર. જે ઉત્તરોત્તર ગુણોને પ્રાપ્ત કરે છે, જે લાભોન્મુખ હોય છે, તેઓ સવિશેષ કહેવાય છે.

### ૩૧. અદીન—પરાક્રમી (अद्दीणा)

ચૂર્ણિમાં 'અદીન'ના ત્રણ અર્થો મળે છે—(૧) કષ્ટ-સહિષ્ણુ, (૨) અસંયમનો પરિહાર કરનાર, (૩) સદા પ્રસન્ન રહેનાર.[5]

વૃત્તિમાં આનાં બે અર્થ મળે છે—(૧) જે એવી ચિંતાથી મુક્ત હોય છે કે મારે અહીંથી મરીને ક્યાં જવાનું છે, (૨) જે પરીષહો અને ઉપસર્ગો આવી પડતાં દીન નથી બનતો.[6]

### ૩૨. દેવત્વને (देवयं)

અહીં સોળમા શ્લોકના 'लाभो देवगई भवे'નું નિગમન છે. વૃત્તિકારે અહીં પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે અહીં દેવત્વના લાભની વાત શા માટે કરવામાં આવી ? વાસ્તવમાં મુક્તિલાભની વાત કરવી જોઈતી હતી. આનું સમાધાન આપતાં તેઓ કહે છે—આગમો ત્રૈકાલિક હોય છે, કોઈ સમય-વિશેષનાં હોતાં નથી. વર્તમાનકાળમાં વિશિષ્ટ સંહનનના અભાવમાં મુક્તિની પ્રાપ્તિ અસંભવિત છે, એટલા માટે અહીં 'દેવત્વ'ની વાત કહેવામાં આવી છે.[7] વૃત્તિની આ વ્યાખ્યાથી પ્રસંગાન્તર થઈ જાય છે.

### ૩૩. આ અતિ સંક્ષિપ્ત આયુષ્યમાં (सन्निरुद्धंमि आउए)

આ કાળમાં મનુષ્યનું સામાન્ય આયુષ્ય સો વર્ષનું માનવામાં આવે છે. આનાથી વધુ આયુષ્યવાળા મનુષ્યો ઘણા થોડા હોય

---

૧. बृहद्वृत्ति, पत्र २८१ : कर्म्मणा—मनोवाक्कायक्रियालक्षणेन सत्या—अविसंवादिन: कर्म्मसत्या: ।

૨. એજન, पत्र २८१ :सत्यानि—अवन्ध्यफलानि कर्म्माणि—ज्ञानावरणादीनि येषां ते सत्यकर्म्माण: ।

૩. सुखबोधा, पत्र १२२ : 'शिक्षा' ग्रहणाऽऽसेवनात्मिका ।

૪. बृहद्वृत्ति, पत्र २८२ : 'विपुला' नि:शंकितत्वादिसम्यक्त्वाचाराणुव्रतमहाव्रतादिविषयत्वेन विस्तीर्णा ।

૫. उत्तराध्ययन चूर्णि : पृ. १६५ : णो दीणो अद्दीणो इति अद्दीणो णाम जो परीसहोदए ण दीणो भवति, अथवा रोगिवत् अपत्थाहारं अकाम: असंजमं वज्जतीति अदीन:, जे पुण हृष्यन्ति इव ते अद्दीणा ।

૬. बृहद्वृत्ति, पत्र २८२ : अदीना: कथं वयममुत्र भविष्याम इति वैक्लव्यरहिता: परिषहोपसर्गादिसम्भवे वा न दैन्यभाज इत्यदीना: ।

૭. बृहद्वृत्ति, पत्र २८२ : ननु तत्त्वतो मुक्तिगतिरेव लाभ:, तत् किमिह तत्परिहारतो देवगतिरुक्तेति ? उच्यते, सूत्रस्य त्रिकालविषयत्वात्, मुक्तेश्चेदानीं विशिष्टसंहननाभावतोऽभावाद् देवगतेश्च 'छेवट्ठेण उ गम्मइ चत्तारि उ जाव आदिमा कप्पा' इति वचनाच्छेदपरिवर्तिसंहननिनामिदानींतनानामपि सम्भवादेवमुक्तमिति ।

છે. આ અતિ સંક્ષિપ્ત આયુષ્ય છે. આ તેનો એક અર્થ છે.

તેનો બીજો અર્થ છે—આયુષ્ય બે પ્રકારનું હોય છે—સોપક્રમ અને નિરુપક્રમ. સોપક્રમ આયુષ્યમાં અનેક અવરોધો આવે છે અને પ્રાણી અકાળે જ કાલ-કવલિત બની જાય છે. તે પોતાના આયુષ્ય-કર્મનાં પુદ્‌ગલોને શીઘ્ર (ટૂંકા ગાળામાં) ભોગવી લે છે.[1]

### ૩૪. યોગક્ષેમને (जोगक्खेमं)

યોગનો અર્થ છે—અપ્રાપ્તની પ્રાપ્તિ અને ક્ષેમનો અર્થ છે—પ્રાપ્તનું સંરક્ષણ. અહીં 'યોગક્ષેમ'નું તાત્પર્ય છે—અધ્યાત્મની તે અવસ્થાઓને પ્રાપ્ત કરવી જે આજ સુધી પ્રાપ્ત હતી નહિ અને જે પ્રાપ્ત છે તેનું સમ્યક્ સંરક્ષણ કરવું, પરિપાલન કરવું.[2]

પ્રસ્તુત શ્લોકમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે જ્યારે આયુષ્ય આટલું અલ્પ છે તો મનુષ્ય શા કારણે પોતાનું યોગક્ષેમ જાણતો નથી? અથવા જાણવા છતાં પણ તેની ઉપેક્ષા કરે છે?

યોગક્ષેમને ન જાણવાના બે કારણો આગળના શ્લોક (૨૫)માં નિર્દિષ્ટ છે—(૧) કામભોગોમાંથી નિવૃત્ત ન થવું અને (૨) પાર ઉતારનાર માર્ગને સાંભળી-જાણીને પણ તેની ઉપેક્ષા કરવી.

ગીતામાં પણ યોગક્ષેમ શબ્દ વપરાયો છે. ત્યાં તેનો અર્થ છે—અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તની રક્ષા.[3]

### ૩૫. (શ્લોક ૨૪)

પ્રસ્તુત શ્લોકના અંતમાં વૃત્તિકારોએ આ અધ્યયનમાં પ્રયુક્ત પાંચ દૃષ્ટાંતોનું નિર્ગમન પ્રસ્તુત કર્યું છે. તે આ રીતે છે[4]—

૧. ઉરભ્રનું દૃષ્ટાંત—ભોગોના ઉપભોગથી ભવિષ્યમાં થનારા દોષોનું નિદર્શક.

૨-૩. કાકિણી અને આમ્રફળનું દૃષ્ટાંત—ભવિષ્યમાં અપાય-બહુલ થવા છતાં પણ જે અતુચ્છ છે—પ્રચુર છે, તેને છોડી શકાય નહિ—તેનું નિદર્શક.

૪. વણિકનું દૃષ્ટાંત—તુચ્છ વસ્તુને પણ તે જ છોડી શકે છે જે લાભ અને અલાભને જાણવામાં કુશળ હોય, જે આય-વ્યયની તુલના કરવામાં કુશળ હોય—આ તથ્યનું નિદર્શક દૃષ્ટાંત.

૫. સમુદ્રનું દૃષ્ટાંત—આય-વ્યયની કેવી રીતે તુલના કરવી—તેનું નિદર્શક દૃષ્ટાંત. જેમ કે દિવ્ય કામભોગ સમુદ્રના પાણી જેવાં છે. તેનું ઉપાર્જન મહાન આય છે અને અનુપાર્જન મહાન વ્યય છે.

### ૩૬. કામભોગોમાંથી નિવૃત્ત ન થનાર પુરુષનું (कामाणियट्टस्स)

કામ-નિવૃત્તિ પ્રત્યેક મનુષ્ય માટે આવશ્યક છે. સોમદેવસૂરિએ ત્રિવર્ગના સંતુલન વિશે વિમર્શ કર્યો છે. તેમના મત અનુસાર જેનાથી બધી ઈન્દ્રિયો સાથે પ્રીતિ થાય છે, તેનું નામ છે 'કામ'[5]. તેમણે કામસેવન વિષયમાં કેટલાક વિકલ્પો રજૂ કર્યા છે—

૧. કામનું સેવન તેટલી હદ સુધી હોય, કે જેનાથી ધર્મ અને અર્થની સિદ્ધિમાં બાધા ન પહોંચે.

૨. ધર્મ, અર્થ અને કામનું સંતુલિત સેવન હોય.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १६८ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २८३ ।

૨. बृहद्वृत्ति, पत्र २८३ : अलब्धस्य लाभो–योगो, लब्धस्य च परिपालनं–क्षेमोऽनयोः समाहारो योगक्षेमं, कोऽर्थः ? अप्राप्तविशिष्टधर्मप्राप्तिं प्राप्तस्य च परिपालनम् ।

૩. गीता, ९ । २२ ।

૪. (ક) बृहद्वृत्ति, पत्र २८३, २८४ ।
(ખ) सुखबोधा, पत्र १२२ ।

૫. सोमदेव नीतिसूत्राणि, कामसमुद्देश, १ : आभिमानिक-रसानुविद्धा यतः सर्वेन्द्रियप्रीतिः स कामः ।

૩. કામનું અતિ સેવન શરીરને પીડા પહોંચાડે છે અને ધર્મ અને અર્થમાં વિઘ્ન કરે છે.

૪. જ્યાં ધર્મ, અર્થ અને કામ એક સાથે પ્રસંગ પડે ત્યાં પ્રાથમિકતા છે ધર્મની, પછી અર્થની અને કામનું સ્થાન છે સૌના અંતમાં.[1]

જે મનુષ્ય અર્થનું અતિસેવન કરે છે, તે કામ અને ધર્મનું અતિક્રમણ કરે છે. જે કામનું અતિસેવન કરે છે, તે ધર્મ અને અર્થનું અતિક્રમણ કરે છે. જે ધર્મનું અતિસેવન કરે છે તે અર્થ અને કામનું અતિક્રમણ કરે છે. જીવન માટે ધર્મ, અર્થ અને કામ–ત્રણે આવશ્યક છે, પરંતુ તેમનું સંતુલિત સેવન જ સુખદ અવસ્થા પેદા કરી શકે છે.

### ૩૭. પાર લઈ જનાર માર્ગને (**नेयाउयं मग्गं**)

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર–આ જ નૈર્યાત્રિક માર્ગ છે, મુક્તિ-માર્ગ છે. આ જ પાર લઈ જનાર માર્ગ છે.[2]

### ૩૮. પૂતિદેહ (ઔદારિક શરીર)નું (**पूइदेह**)

શરીર પાંચ પ્રકારનાં હોય છે–ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. ઔદારિક શરીર રક્ત, માંસ, હાડકાં વગેરેથી બનેલું હોય છે. આથી તેને 'પૂતિદેહ'–દુર્ગંધ પેદા કરનાર શરીર માનવામાં આવ્યું છે.

### ૩૯. (**इड्ढी जुई जसो वण्णो सुहं**)

ઋદ્ધિ–સુવર્ણ વગેરે.

દ્યુતિ–શરીરની કાન્તિ.

યશ–પરાક્રમથી થનારી પ્રસિદ્ધિ.

વર્ણ–ગાંભીર્ય વગેરે ગુણોથી થનારી પ્રશંસા અથવા ગૌરવ.

સુખ–ઈષ્ટ વિષયોની પ્રાપ્તિથી થનાર આહ્લાદ.[3]

### ૪૦. (શ્લોક ૨૮-૨૯)

આ શ્લોકોમાં વપરાયેલા કેટલાક શબ્દોના અર્થ–

૧. ધર્મ–અહિંસા, સંયમ અને તપરૂપી લક્ષણવાળો આચાર

૨. અધર્મ–વિષયાસક્તિ, પદાર્થાસક્તિ.

૩. બાલ–અજ્ઞાની.

---

१. सोमदेव नीतिसूत्राणि, कामसमुद्देश २, ३, ४, १३ :
   - धर्मार्थाविरोधेन कामं सेवेत ..... ।
   - समं वा त्रिवर्गं सेवेत ।
   - एको ह्यत्यासेवितो धर्मार्थकामानां आत्मानमितरौ च पीडयति ।
   - धर्मार्थकामानां युगपत् समवाये पूर्वः पूर्वो गरीयान् ।

२. उत्तराध्ययन चूर्णि, पृ. १६७ : नयणशीलो नैयायिकः, मग्गं ति दंसणचरित्तमइयं ।

3. सुखबोधा, पत्र १२३ : 'ऋद्धिः' कनकादिसमुदायः, 'द्युतिः' शरीरकान्तिः, 'यशः' पराक्रमकृता प्रसिद्धिः, 'वर्णः' गांभीर्यादिगुणैः श्लाघा गौरवत्वादि वा, ....'सुखं' यथेप्सित-विषयावाप्तौ आह्लादः ।

૪. ધીર—ધૃતિમાન. જેનામાં ધૃતિ—મનના નિયમનની શક્તિ હોય છે તે.

વૃત્તિમાં આના બે અર્થ મળે છે—(૧) બુદ્ધિમાન અને (૨) કષ્ટોમાં અક્ષુબ્ધ રહેનાર.[1]

કવિની પ્રસિદ્ધ ઉક્તિ છે—'विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः'[2]—વિકારના કારણો ઉપસ્થિત થવા છતાં પણ જે મનુષ્યોનું મન વિકારગ્રસ્ત નથી થતું તેઓ જ ધીર છે.

દશવૈકાલિક સૂત્રના ટીકાકાર આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે—દશવૈકાલિકના પ્રથમ અધ્યયનમાં ધર્મનું વર્ણન છે. તે ધૃતિ વિના ટકી શકતો નથી. આથી બીજા અધ્યયન 'सामण्णपुव्वयं'માં ધૃતિનું પ્રતિપાદન છે. શ્રામણ્ય અને તપનું મૂળ ધૃતિ છે—

**जस्स धिई तस्स तवो जस्स तवो तस्स सुग्गई सुलभा ।**
**जे अधिइमंतपुरिसा तवोऽपि खलु दुल्लहो तेसिं ॥**

જેનામાં ધૃતિ હોય છે, તેને તપ હોય છે. જેને તપ હોય છે, તેને સુગતિ સુલભ છે. જે અધૃતિમાન પુરુષો છે, તેમના માટે તપ પણ નિશ્ચિતપણે દુર્લભ જ છે.

મહાભારત અનુસાર સુખ અને દુઃખમાં વિચલિત ન થવું, સમાન રહેવું, ધૃતિ છે.[3] ધૃતિ બીજો સાથી છે.[4]

૫. સર્વધર્માનુવર્તી—વૃત્તિકારે સર્વધર્મનો અર્થ—શાંતિ વગેરે દશવિધ યતિધર્મ—કર્યો છે. તેનું અનુવર્તન કરનાર સર્વધર્માનુવર્તી હોય છે.[5]

---

૧. बृहद्वृत्ति, पत्र २८५ : धीः—बुद्धिस्तया राजत इति धीरः—धीमान् परीषहाद्यक्षोभ्यो वा धीरः ।

૨. कुमारसंभव, १।५९ ।

૩. महाभारत, शान्तिपर्व १६२।११ : धृतिर्नाम सुखे दुःखे यथा नाप्नोति विक्रियाम् ।

૪. એજન, वनपर्व, २९७।२९ : धृत्या द्वितीयवान् भवति ।

૫. बृहद्वृत्ति, पत्र २८५ : सर्वं धर्मं क्षान्त्यादिरूपमनुवर्तते तदनुकूलाचारतया स्वीकुरुत इत्येवंशीलो यस्तस्य सर्व-धर्मानुवर्तिनः ।

# अट्ठमं अज्झयणं

## काविलीयं

# આઠમું અધ્યયન

## કાપિલીય

# આમુખ

કપિલ બ્રાહ્મણ હતો. લોભની ભરતીએ તેના મનમાં વિરક્તિ લાવી દીધી. તેને સાચા સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું. તે મુનિ બની ગયો. સંયોગવશ એકવાર તેને ચોરોએ ઘેરી લીધો. ત્યારે કપિલ મુનિએ તેમને ઉપદેશ આપ્યો. તે ઉપદેશ સંગીતાત્મક હતો. તેનો જ અહીં સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રથમ મુનિ ગાતા, ચોરો પણ તેમની સાથે-સાથે જ ગાવા લાગતા. 'अधुवे असासयंमि, संसारंमि दुक्खपउराए।.....न गच्छेज्जा॥' આ પ્રથમ શ્લોક ધ્રુવપદ હતું. મુનિ કપિલ વડે આ અધ્યયન ગવાયું હતું, એટલા માટે તેને કાપિલીય કહેવામાં આવ્યું છે.[1] સૂત્રકૃતાંગ ચૂર્ણિમાં આ અધ્યયનને 'ગેય' માનવામાં આવ્યું છે.[2]

નામ બે પ્રકારના હોય છે—(૧) નિર્દેશ્ય (વિષય)ના આધારે પાડેલું અને (૨) નિર્દેશક (વક્તા)ના આધારે પાડેલું. આ અધ્યયનના નિર્દેશક કપિલ છે, એટલા માટે તેનું નામ કાપિલીય રાખવામાં આવ્યું છે.[3]

આનું મુખ્ય પ્રતિપાદ્ય છે—તે સત્યની શોધ કે જેના વડે દુર્ગતિનો અંત આવે. સત્ય-શોધમાં જે બાધાઓ છે તેના પર પણ ઘણો સુંદર પ્રકાશ અહીં પાડવામાં આવ્યો છે. લોભ કેવી રીતે વધે છે, તેનું સ્વયં અનુભૂત ચિત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

વ્યક્તિના મનમાં પહેલાં થોડો લોભ ઉત્પન્ન થાય છે. તે તેની પૂર્તિ કરે છે. મન ફરી લોભથી ભરાઈ જાય છે. તેની પૂર્તિનો પ્રયત્ન કરવામાં આવે છે. આ ક્રમ ચાલે છે પરંતુ પ્રત્યેક વેળાએ લોભનો ઉભરો તીવ્ર બનતો જાય છે. જેમ-જેમ લાભ વધે છે તેમ-તેમ લોભ પણ વધે છે. આનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે વ્યક્તિ નિર્લોભતાની પૂર્ણ સાધના કરી લે છે.

તે કાળે અને તે સમયે કૌશામ્બી નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેની સભામાં ચૌદ વિદ્યાઓનો પારગામી કાશ્યપ નામનો બ્રાહ્મણ હતો. તેની પત્નીનું નામ યશા હતું. તેમને કપિલ નામનો એક પુત્ર હતો. રાજા કાશ્યપથી પ્રભાવિત હતો. તે તેમનું બહુમાન કરતો હતો. અચાનક કાશ્યપનું અવસાન થયું. તે સમયે કપિલની વય ઘણી નાની હતી. રાજાએ કાશ્યપના સ્થાને બીજા બ્રાહ્મણને નિયુક્ત કરી દીધો. તે બ્રાહ્મણ જ્યારે ઘરેથી દરબારમાં જતો ત્યારે ઘોડેસવાર થઈ માથે છત્ર ધારણ કરતો. કાશ્યપની પત્ની યશા જ્યારે આ જોતી ત્યારે તે પતિની સ્મૃતિમાં વિહ્વળ બની રોવા લાગતી. કેટલોક કાળ વીત્યો. કપિલ પણ મોટો થઈ ગયો. એક દિવસ જ્યારે તેણે પોતાની માને રોતી જોઈ તો તેનું કારણ પૂછ્યું. યશાએ કહ્યું—'પુત્ર ! એક સમય હતો કે જ્યારે તારા પિતા આ જ રીતે છત્ર ધારણ કરીને દરબારમાં આવ-જા કર્યા કરતા હતા. તેઓ અનેક વિદ્યાઓના પારગામી હતા. રાજા તેમની વિદ્યાઓથી આકૃષ્ટ હતો. તેમના મૃત્યુ બાદ રાજાએ તેમનું સ્થાન બીજાને આપી દીધું.' ત્યારે કપિલે કહ્યું—'મા ! હું પણ વિદ્યા ભણીશ.'

યશાએ કહ્યું—'પુત્ર ! અહીં બધા બ્રાહ્મણો ઈર્ષાળુ છે. અહીં કોઈ પણ તને વિદ્યા નહિ આપે. જો તું વિદ્યા પ્રાપ્ત કરવા ઈચ્છતો હો તો શ્રાવસ્તી નગરી ચાલ્યો જા. ત્યાં તારા પિતાના પરમ મિત્ર ઇન્દ્રદત્ત નામના બ્રાહ્મણ છે. તે તને વિદ્યા ભણાવશે.'

કપિલે માનો આશીર્વાદ લઈને શ્રાવસ્તી નગરી તરફ પ્રયાણ કર્યું. પૂછતાં-પૂછતાં તે ઇન્દ્રદત્ત બ્રાહ્મણને ત્યાં જઈ ઊભો રહ્યો. પોતાની સમક્ષ કોઈ અપરિચિત યુવકને આવેલો જોઈને ઇન્દ્રદત્તે પૂછ્યું—'તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? અહીં આવવાનું શું પ્રયોજન છે ?'

કપિલે સઘળો વૃત્તાંત સંભળાવ્યો. ઇન્દ્રદત્ત કપિલના ઉત્તરથી ખૂબ પ્રભાવિત થયા અને તેના ભોજનની વ્યવસ્થા શાલિભદ્ર નામના એક ધનાઢ્ય વણિકને ઘરે કરીને અધ્યાપન શરૂ કર્યું. કપિલ ભોજન કરવા માટે પ્રતિદિન શેઠને ઘરે જતો અને ઇન્દ્રદત્ત

---

१. बृहद्वृत्ति, पत्र २८९ : ...... ताहे ताणवि पंचवि चोरसयाणि ताले कुट्टेंति, सोऽवि गायति धुवगं, "अधुवे असासयंमि दुक्खपउराए। किं णाम तं होज्ज कम्मयं ? जेणाहं दुग्गइं ण गच्छेज्जा ॥ १ ॥" एवं सव्वत्थ सिलोगन्तरे धुवगं गायति 'अधुवेत्यादि', तत्थ केइ पढमसिलोगे संबुद्धा, केइ बीए, एवं जाव पंचवि सया संबुद्धा पव्वतियत्ति। .... स हि भगवान् कपिलनामा .... ध्रुवकं सङ्गीतवान्।

२. सूत्रकृताङ्ग चूर्णि, पृ. ७ : गेयं णाम सरसंचारेण, जधा काविलिज्जे—"अधुवे असासयंमि संसारम्मि दुक्खपउराए। ....न गच्छेज्जा॥

3. आवश्यक निर्युक्ति, गाथा १४१, वृत्ति : निर्देशकवशाज्जिनवचनं कापिलीयम्।

પાસે અધ્યયન કરતો. તેને એક દાસીની પુત્રી ભોજન પીરસતી. તે હસમુખા સ્વભાવની હતી. કપિલ ક્યારેક-ક્યારેક તેની સાથે ગમ્મત કરી લેતો. દિવસો વીત્યા, તેમનો સંબંધ ગાઢ બની ગયો. એક વાર દાસીએ કપિલને કહ્યું–'તું મારું સર્વસ્વ છે. તારી પાસે કંઈ પણ નથી. જીવન-નિર્વાહ માટે મારે બીજાઓને ઘરે રહેવું પડે છે, નહીંતર તો હું તારી આજ્ઞામાં જ રહેત.'

આ રીતે કેટલાક દિવસો વીત્યા. દાસી-મહોત્સવનો દિવસ નજીક આવ્યો. દાસીનું મન ખૂબ ઉદાસ બની ગયું. રાતે તેને ઊંઘ ન આવી. કપિલે તેને કારણ પૂછ્યું. તેણે કહ્યું–'દાસી-મહોત્સવ આવી ગયો છે. મારી પાસે ફૂટી કોડી પણ નથી. હું કેવી રીતે મહોત્સવ ઊજવું ? મારી સખીઓ મારી નિર્ધનતા પર હસે છે અને મને તિરસ્કારની નજરે જુએ છે.' કપિલનું મન ખિન્ન થઈ ગયું. તેને પોતાના અપુરુષાતન પર ગુસ્સો આવ્યો. દાસીએ કહ્યું–'તું આવી રીતે ધીરજ ગુમાવ નહિ. સમસ્યાનું એક સમાધાન પણ છે. આ જ નગરમાં ધન નામનો એક શેઠ રહે છે. જે વ્યક્તિ પ્રાતઃકાળમાં સૌથી પહેલાં તેને વધામણી આપે છે તેને તે બે માસા સોનું આપે છે. તું ત્યાં જા. તેને વધામણી આપી બે માસા સોનું લઈ આવ. એનાથી હું પૂર્ણપણે ઉત્સવ ઉજવી શકીશ.'

કપિલે તે વાત માની લીધી. કોઈ માણસ પોતાની પહેલાં પહોંચી ન જાય એમ વિચારી તે તરત ઘરેથી ચાલી નીકળ્યો. રાત્રિનો સમય હતો. નગર-રક્ષકો આમ-તેમ ફરી રહ્યા હતા. તેમણે તેને ચોર સમજી પકડ્યો અને સવારમાં પ્રસેનજિત રાજા પાસે રજૂ કર્યો. રાજાએ તેને રાતે એકલા રખડવાનું કારણ પૂછ્યું. કપિલે સરળ સ્વભાવના કારણે સાહજિકપણે બધો વૃત્તાંત કહી દીધો. રાજા તેની સ્પષ્ટવાદિતા ઉપર ઘણો પ્રસન્ન થયો અને બોલ્યો–'બ્રાહ્મણ ! આજ હું તારા પર બહુ જ પ્રસન્ન છું. તું જે કંઈ માગીશ તે તને મળશે.' કપિલે કહ્યું–'રાજન્ ! મને વિચારવા માટે થોડો સમય આપો.' રાજાએ કહ્યું–'ભલે.'

કપિલ રાજાની આજ્ઞા લઈ અશોકવાટિકામાં ગયો. ત્યાં તેણે વિચાર્યું–'બે માસા સોનાથી શું વળશે ? કેમ હું સો સોનામહોરો ન માગું ?' ચિંતન આગળ વધ્યું. તેને સો સોનામહોરો પણ તુચ્છ લાગવા લાગી. હજાર, લાખ, કરોડ સુધી તેણે ચિંતન કર્યું પરંતુ મન ભરાયું નહિ. સંતોષ વિના શાંતિ ક્યાં ? તેનું મન ખળભળી ઊઠ્યું. તેને તત્ક્ષણ સમાધાન મળી ગયું. મન વૈરાગ્યથી ભરાઈ ગયું. ચિંતનનો પ્રવાહ બદલાયો. તેને જાતિ-સ્મૃતિ-જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. તે સ્વયં-બુદ્ધ બની ગયો. તે પોતાના કેશનું લુંચન કરી પ્રફુલ્લ વદને રાજા પાસે પાછો ફર્યો. રાજાએ પૂછ્યું–'શું વિચાર્યું ? જલ્દી કહે.' કપિલે કહ્યું–'રાજન્ ! સમય વીતી ચૂક્યો છે. મારે જે કંઈ મેળવવું હતું તે મેળવી લીધું છે. તમારી બધી વસ્તુઓ મને તૃપ્ત કરી શકી નથી. પરંતુ તેમની અનાકાંક્ષાએ મારો માર્ગ પ્રશસ્ત કર્યો છે. જ્યાં લાભ છે ત્યાં લોભ છે. જેમ-જેમ લાભ વધતો જાય છે તેમ તેમ લોભ પણ વધતો જાય છે. બે માસા સોનાની પ્રાપ્તિ માટે ઘરેથી નીકળ્યો હતો પરંતુ કરોડમાં પણ મારું મન ધરાયું નહિ. તૃષ્ણા અનંત છે. તેની પૂર્તિ વસ્તુઓની પ્રાપ્તિથી નથી થતી, તે થાય છે ત્યાગથી, અનાકાંક્ષાથી.'

રાજાએ કહ્યું–બ્રાહ્મણ ! મારું વચન પૂરું કરવાની મને તક આપ. હું કરોડ સોનામહોર પણ આપવા માટે તૈયાર છું.' કપિલે કહ્યું–'રાજન્ ! તૃષ્ણાનો અગ્નિ હવે શાંત થઈ ગયો છે. મારી અંદર કરોડથી પણ અધિક મૂલ્યવાન વસ્તુ પેદા થઈ ગઈ છે. હું હવે કરોડનું શું કરું ?' મુનિ કપિલ રાજા પાસેથી દૂર ચાલ્યા ગયા. સાધના ચાલતી રહી. તે મુનિ છ મહિના સુધી છદ્મસ્થ અવસ્થામાં રહ્યા.

રાજગૃહ અને કૌશામ્બીની વચ્ચે ૧૮ યોજનનું એક મહા અરણ્ય હતું. ત્યાં બલભદ્ર પ્રમુખ ઇક્કડદાસ જાતિના પાંચસો ચોર રહેતા હતા. કપિલ મુનિએ એક દિવસ જ્ઞાનબળથી જાણી લીધું કે તે બધા ચોર એક દિવસ પોતાની પાપકારી પ્રવૃત્તિને છોડીને સંબુદ્ધ બની જશે. તે બધાને પ્રતિબોધ દેવા માટે કપિલ મુનિ શ્રાવસ્તીથી નીકળી તે મહાઅટવીમાં આવ્યા. ચોરોના જાસૂસે તેમને જોઈ લીધા. તે તેમને પકડી પોતાના સેનાપતિ પાસે લઈ ગયો. સેનાપતિએ તેમને શ્રમણ સમજીને છોડી દેતાં કહ્યું–'શ્રમણ ! કંઈક સંગાન સંભળાવો.' શ્રમણ કપિલે હાવભાવપૂર્વક સંગાન શરૂ કર્યું. ''अधुवे असासयंमि, संसारंमि दुक्खपउराए....''–આ ધ્રુવપદ હતું. પ્રત્યેક શ્લોકની સાથે આ ગાવામાં આવતું. ત્યાં ઉપસ્થિત બધા ચોર 'अधुवे असासयंमि'નું સહ-સંગાન કરતાં-કરતાં તાળીઓ પાડવા લાગ્યા. તેમના વડે આ પદ્યનું પુનરુચ્ચારણ થઈ ગયું ત્યારે કપિલે આગળના શ્લોકો કહ્યા. કેટલાક ચોર પ્રથમ શ્લોક સાંભળતાં જ સંબુદ્ધ બની ગયા, કેટલાક બીજો સાંભળતાં, કેટલાક ત્રીજો, કેટલાક ચોથો વગેરે સાંભળીને. આ રીતે પાંચસો ચોર પ્રતિબુદ્ધ બની ગયા. મુનિ કપિલે તેમને દીક્ષા આપી અને તેઓ બધા મુનિ બની

ગયા.

પ્રસંગોપાત્ત આ અધ્યયનમાં ગ્રંથિત્યાગ, સંસારની અસારતા, કુતીર્થિકોની અજ્ઞતા, અહિંસા-વિવેક, સ્ત્રી-સંગમનો ત્યાગ વગેરે વગેરે વિષયો પણ પ્રતિપાદિત થયા છે.

આ અધ્યયન 'ધ્રુવક' છંદમાં પ્રતિબદ્ધ છે. જે છંદ સર્વપ્રથમ શ્લોકમાં તથા પ્રત્યેક શ્લોકના અંતમાં ગાવામાં આવે છે તેને 'ધ્રુવક' કહે છે. તે ત્રણ પ્રકારનો હોય છે—છ પદવાળો, ચાર પદવાળો અને બે પદવાળો—

**जं गिज्जइ पुव्वं चिय, पुणो-पुणो सव्वकव्वबंधेसु ।**
**धुवयंति तमिह तिविहं, छप्पायं चउपयं दुपयं ॥**

(बृहद्वृत्ति, पत्र २८९)

આ અધ્યયનમાં ચાર પદોવાળા ધ્રુવકનો પ્રયોગ થયો છે.

# अट्ठमं अज्झयणं : આઠમું અધ્યયન
# काविलीयं : કાપિલીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. अधुवे असासयंमि,<br>संसारंमि दुक्खपउराए ।<br>किं नाम होज्ज तं कम्मयं,<br>जेणाहं दोग्गइं न गच्छेज्जा ॥ | अध्रुवेऽशाश्वते<br>संसारे दुःखप्रचुरके ।<br>किं नाम भवेत् तद् कर्मकं<br>येनाहं दुर्गतिं न गच्छेयम् ॥ | ૧. અધ્રુવ, અશાશ્વત[1] અને દુઃખ-બહુલ સંસારમાં એવું તે કયું કર્મ—અનુષ્ઠાન છે, જેનાથી હું દુર્ગતિમાં ન જાઉં? |
| २. विजहित्तु पुव्वसंजोगं,<br>न सिणेहं कहिंचि कुव्वेज्जा ।<br>असिणेह सिणेहकरेहिं<br>दोसपओसेहिं मुच्चए भिक्खू ॥ | विहाय पूर्वसंयोगं<br>न स्नेहं क्वचित् कुर्वीत् ।<br>अस्नेहः स्नेहकरेषु<br>दोषप्रदोषैः मुच्यते भिक्षुः ॥ | ૨. પૂર્વ સંબંધોનો[2] ત્યાગ કરીને, કોઈની સાથે સ્નેહ ન કરો. સ્નેહ કરનારાઓ સાથે પણ સ્નેહ ન કરનાર ભિક્ષુ દોષો અને પ્રદોષોથી[3] મુક્ત થઈ જાય છે. |
| ३. तो नाणदंसणसमग्गो,<br>हियनिस्सेसाए सव्वजीवाणं ।<br>तेसिं विमोक्खणट्ठाए,<br>भासई मुनिवरो विगयमोहो ॥ | ततो ज्ञानदर्शनसमग्रः<br>हितनिःश्रेयसाय सर्वजीवानाम् ।<br>तेषां विमोक्षणार्थं<br>भाषते मुनिवरो विगतमोहः ॥ | ૩. કેવળ જ્ઞાન અને દર્શન વડે પરિપૂર્ણ તથા વિગતમોહ મુનિવરે બધા જીવોના હિત અને કલ્યાણ માટે[4] તથા તે પાંચસો ચોરોની મુક્તિ માટે[5] કહ્યું (ઉપદેશ આપ્યો). |
| ४. सव्वं गंथं कलहं च,<br>विप्पजहे तहाविहं भिक्खू ।<br>सव्वेसु कामजाएसु,<br>पासमाणो न लिप्पई ताई ॥ | सर्वं ग्रन्थं कलहं च<br>विप्रजह्यात् तथाविधं भिक्षुः ।<br>सर्वेषु कामजातेषु<br>पश्यन् न लिप्यते तादृक् ॥ | ૪. ભિક્ષુ કર્મબંધની હેતુભૂત બધી ગ્રંથિઓ અને કલહનો[6] ત્યાગ કરે. કામભોગોના બધા પ્રકારોમાં દોષ જોતો વીતરાગ-તુલ્ય મુનિ[7] તેમાં લિપ્ત ન બને. |
| ५. भोगामिसदोसविसण्णे,<br>हियनिस्सेयसबुद्धिवोच्चत्थे ।<br>बाले य मंदिए मूढे,<br>बज्झई मच्छिया व खेलंमि ॥ | भोगामिषदोषविषण्णः<br>व्यत्यस्तहितनिःश्रेयसबुद्धिः ।<br>बालश्च मन्दो मूढः<br>बध्यते मक्षिकेव क्ष्वेले ॥ | ૫. આત્માને દૂષિત કરનારા ભોગામિષ—(આસક્તિ-જનક ભોગો)માં[8] ડૂબેલ, હિત અને નિઃશ્રેયસ—મોક્ષમાં વિપરીત[9] બુદ્ધિવાળો, અજ્ઞાની, મંદ અને મૂઢ[10] જીવ તે રીતે (કર્મો વડે) બંધાઈ જાય છે જેવી રીતે ગળફામાં[11] માખી. |
| ६. दुपरिच्चया इमे कामा,<br>नो सुजहा अधीरपुरिसेहिं ।<br>अह संति सुव्वया साहू,<br>जे तरंति अतरं वणिया व ॥ | दुष्परित्यजा इमे कामाः<br>नो सुहानाः अधीरपुरुषैः ।<br>अथ सन्ति सुव्रताः साधवः<br>ये तरन्त्यतरं वणिज इव ॥ | ૬. આ કામભોગો દુસ્ત્યજ છે. અધીર પુરુષો દ્વારા[12] તે સુત્યજ નથી. જે સુવ્રતી સાધુઓ છે, તેઓ દુસ્તર કામભોગોને એવી રીતે તરી જાય છે કે જેમ વણિક (વ્યાપારી) સમુદ્રને[13]. |

७. समणा मु एगे वयमाणा,
पाणवहं मिया अयाणंता ।
मंदा निरयं गच्छंति,
बाला पावियाहिं दिट्ठीहिं ॥

श्रमणाः स्मः एके वदन्तः
प्राणवधं मृगा अजानन्तः ।
मन्दा निरयं गच्छन्ति
बालाः पापिकाभिर्दृष्टिभिः ॥

૭. કેટલાક પશુ જેવા અજ્ઞાની પુરુષો 'અમે શ્રમણ છીએ' એમ કહેતા હોવા છતાં પણ પ્રાણવધને જાણતા નથી. તે મંદ અને બાલ-પુરુષો પોતાની પાપમય દૃષ્ટિઓથી[14] નરકમાં જાય છે.

८. न हु पाणवहं अणुजाणे,
मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं ।
एवारिएहिं अक्खायं,
जेहिं इमो साहुधम्मो पण्णत्तो ॥

न खलु प्राणवधमनुजानन्
मुच्येत कदाचित् सर्वदुःखैः ।
एवमार्यैराख्यातं
यैरयं साधुधर्मः प्रज्ञप्तः ॥

૮. પ્રાણવધનું અનુમોદન કરનારો પુરુષ ક્યારેય પણ સર્વ દુઃખોમાંથી મુક્ત થઈ શકતો નથી. તે આર્યો–તીર્થંકરોએ[15] આમ કહ્યું છે, જેઓએ આ સાધુ-ધર્મ (મહાવ્રત)ની પ્રજ્ઞાપના કરી છે.

९. पाणे य नाइवाएज्जा,
से समिए त्ति वुच्चई ताई ।
तओ से पावयं कम्मं,
निज्जइ उदगं व थलाओ ॥

प्राणांश्च नातिपातयेत्
स समित इत्युच्यते तादृक् ।
ततः अथ पापकं कर्म
निर्याति उदकमिव स्थलात् ॥

૯. જે જીવોની હિંસા નથી કરતો તેવા મુનિને 'સમિત' (સમ્યક્ પ્રવૃત્ત)[16] કહેવામાં આવે છે. તેનાથી પાપ-કર્મો એવી રીતે દૂર થઈ જાય છે[17], જેવી રીતે ઉન્નત પ્રદેશથી પાણી.

१०. जगनिस्सिएहिं भूएहिं,
तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दंडं,
मणसा वयसा कायसा चेव ॥

जगन्निश्रितेषु भूतेषु
त्रसनामसु स्थावरेषु च ।
न तेषु आरभेत दण्डं
मनसा वचसा कायेन चैव ॥

૧૦. જગતના આશ્રિત જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે, તેમના પ્રતિ મન, વચન અને કાયા—કોઈ પણ પ્રકારે દંડ(હિંસા)નો પ્રયોગ ન કરવો[18].

११. सुद्धेसणाओ नच्चाणं,
तत्थ ठवेज्ज भिक्खू अप्पाणं ।
जायाए घासमेसेज्जा,
रसगिद्धे न सिया भिक्खाए ॥

शुद्धैषणाः ज्ञात्वा
तत्र स्थापयेद् भिक्षुरात्मानम्
यात्रायै ग्रासमेषयेद्
रसगृद्धो न स्याद् भिक्षादः ॥

૧૧. ભિક્ષુ શુદ્ધ એષણાઓ જાણીને તેમનામાં પોતાના આત્માને સ્થાપિત કરે. યાત્રા (સંયમ-નિર્વાહ) માટે ભોજનની એષણા કરે.[19] ભિક્ષા-જીવી રસોમાં ગૃદ્ધ ન બને.

१२. पंताणि चेव सेवेज्जा,
सीयपिंडं पुराणकुम्मासं ।
अदु वुक्कसं पुलागं वा,
जवणट्ठाए निसेवए मंथुं ॥

प्रान्त्यानि चैव सेवेत
शीतपिण्डं पुराणकुल्माषम् ।
अथ 'बुक्कसं' पुलाकं वा
यमनार्थं निषेवेत मन्थुम् ॥

૧૨. ભિક્ષુ ઇન્દ્રિય-સંયમ માટે પ્રાંત (નીરસ) અન્ન-પાન, શીત-પિંડ, જૂના અડદ, બુક્કસ (સારહીન), પુલાક (લૂખા) મંથુ (બોર કે સાથવાનું ચૂર્ણ)નું સેવન કરે.[20]

१३. जे लक्खणं च सुविणं च,
अंगविज्जं च जे पउंजंति ।
न हु ते समणा वुच्चंति,
एवं आयरिएहिं अक्खायं ॥

ये लक्षणं च स्वप्नं च
अङ्गविद्यां च ये प्रयुञ्जन्ति ।
न खलु ते श्रमणा उच्यन्ते
एवमाचार्यैराख्यातम् ॥

૧૩. જે લક્ષણશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર અને અંગવિદ્યાનો પ્રયોગ કરે છે, તેમને સાધુ ન કહેવાય—આમ આચાર્યોએ કહ્યું છે.[21]

१४. इह जीवियं अणियमेत्ता,
पब्भट्ठा समाहिजोएहिं ।
ते कामभोगरसगिद्धा,
उववज्जंति आसुरे काए ॥

इह जीवितं अनियम्य
प्रभ्रष्टाः समाधियोगेभ्यः ।
ते कामभोगरसगृद्धाः
उपपद्यन्ते आसुरे काये ॥

૧૪. જે આ જન્મમાં જીવનને અનિયંત્રિત રાખીને[22] સમાધિયોગથી[23] પરિભ્રષ્ટ થાય છે, તેવા કામભોગો અને રસોમાં આસક્ત[24] બનેલા પુરુષો અસુર-કાયમાં[25] ઉત્પન્ન થાય છે.

१५.तत्तो वि य उवट्टित्ता,
संसारं बहुं अणुपरियडंति ।
बहुकम्मलेवलित्ताणं,
बोही होइ सुदुल्लहा तेसिं ॥

ततोऽपि च उद्वृत्य
संसारं बहु अनुपर्यटन्ति ।
बहुकर्मलेपलिप्तानां
बोधिर्भवति सुदुर्लभा तेषाम् ॥

૧૫.ત્યાંથી નીકળીને પણ તેઓ સંસારમાં ખૂબ[26] પર્યટન કરે છે. તેઓ પ્રચુર કર્મોના લેપથી લેપાય છે. એટલા માટે તેમને બોધિની[27] પ્રાપ્તિ થવી અત્યન્ત દુર્લભ છે.

१६.कसिणं पि जो इमं लोयं,
पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणावि से न संतुस्से,
इइ दुप्पूरए इमे आया ॥

कृत्स्नमपि य इमं लोकं
प्रतिपूर्णं दद्यादेकस्मै ।
तेनापि स न सन्तुष्येत्
इति दुष्पूरकोऽयमात्मा ॥

૧૬.ધન-ધાન્યથી પરિપૂર્ણ આ સમગ્ર લોક પણ જો કોઈ તેને આપી દે—તેનાથી પણ તે સંતુષ્ટ થતો નથી—તૃપ્ત થતો નથી, આટલો દુષ્પૂર છે આ આત્મા.[28]

१७.जहा लाहो तहा लोहो,
लाहा लोहो पवड्ढई ।
दोमासकयं कज्जं,
कोडीए वि न निट्ठियं ॥

यथा लाभस्तथा लोभः
लाभाल्लोभः प्रवर्धते ।
द्विमाषकृतं कार्यं
कोट्याऽपि न निष्ठितम् ॥

૧૭.જેવી રીતે લાભ થાય છે તેવી જ રીતે લોભ થાય છે. લાભથી લોભ વધે છે.[29] બે માસા સોના વડે પૂરું થનારું કામ કરોડથી પણ પૂરું ન થયું.

१८.नो रक्खसीसु गिज्झेज्जा,
गंडवच्छासुऽणेगचित्तासु ।
जाओ पुरिसं पलोभित्ता,
खेल्लंति जहा व दासेहिं ॥

न राक्षसीषु गृध्येत्
गण्डवक्षस्स्वनेकचित्तासु ।
याः पुरुषं प्रलोभ्य
खेलन्ति यथेव दासैः ॥

૧૮.વક્ષસ્થળમાં ગ્રંથિ[30] (સ્તનરૂપી ગાંઠ)વાળી, અનેક ચિત્તવાળી[31] તથા રાક્ષસી જેવી ભયાવહ સ્ત્રીઓમાં[32] આસક્ત ન થાઓ, જે પુરુષને પ્રલોભનમાં નાખી તેને દાસની માફક નચાવે છે.[33]

१९.नारीसु नो पगिज्झेज्जा,
इत्थीविप्पजहे अणगारे ।
धम्मं च पेसलं नच्चा,
तत्थ ठवेज्ज भिक्खू अप्पाणं ॥

नारीषु नो प्रगृध्येत्
स्त्रीविप्रजहोऽनगारः ।
धर्मं च पेशलं ज्ञात्वा
तत्र स्थापयेद् भिक्षुरात्मानम् ॥

૧૯.સ્ત્રીઓને ત્યજનાર અણગાર તેમનામાં ગૃદ્ધ ન બને. ભિક્ષુ ધર્મને અતિ મનોજ્ઞ[34] જાણીને તેમાં પોતાના આત્માને સ્થાપિત કરે.[35]

२०.इइ एस धम्मे अक्खाए,
कविलेणं च विसुद्धपण्णेणं ।
तरिहिंति जे उ काहिंति,
तेहिं आराहिया दुवे लोगा ॥

इत्येष धर्म आख्यातः
कपिलेन च विशुद्धप्रज्ञेन ।
तरिष्यन्ति ये तु करिष्यन्ति
तैराराधितौ द्वौ लोकौ ॥

૨૦.આ રીતે વિશુદ્ધ પ્રજ્ઞાવાળા કપિલે આ ધર્મ કહ્યો. જે તેનું આચરણ કરશે તેઓ તરી જશે અને તેમણે બંને લોકની આરાધના કરી લીધી (તેમ સમજવું).[36]

—त्ति बेमि ।

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

टिप्पण

# અધ્યયન ૮ : કાપિલીય

## ૧. અધ્રુવ, અશાશ્વત (अधुवे असासयंमि)

આચારાંગ વૃત્તિમાં અધ્રુવના બે અર્થ મળે છે—अनित्य અને चल.[1] અનિત્ય તે હોય છે જેનો નાશ અવશ્યંભાવી છે. ચલ તે હોય છે જે ચલમાન—ગતિશીલ હોય છે.

શાન્ત્યાચાર્યે એક જ સ્થાન સાથે પ્રતિબદ્ધ વસ્તુને ધ્રુવ માની છે. સંસાર અધ્રુવ છે કેમ કે તેમાં પ્રાણીઓ ઉચ્ચ-અવચ વગેરે સ્થાનોમાં ભ્રમણ કરતાં રહે છે. તેઓ એક સ્થાન સાથે પ્રતિબદ્ધ હોતાં નથી.

શાશ્વતનો અર્થ છે—સદા રહેનાર. જે સદા રહેતું નથી તે અશાશ્વત છે. સંસારમાં કંઈપણ શાશ્વત નથી. રાજ્ય, ધન, ધાન્ય, પરિવાર વગેરે અશાશ્વત છે.[2] હારિલવાચકે કહ્યું છે[3]—

> **चलं राज्यैश्वर्यं धनकनकसारः परिजनो,**
> **नृपाद् वाल्लभ्यं च चलममरसौख्यं च विपुलम् ।**
> **चलं रूपाऽरोग्यं चलमिह चरं जीवितमिदं,**
> **जनो दृष्टो यो वै जनयति सुखं सोऽपि हि चलः ॥**

અધ્રુવ અને અશાશ્વત—આ બંને શબ્દો એકાર્થવાચી પણ છે. તેમાં પુનરુક્ત દોષ નથી. ચૂર્ણિકારે પુનરુક્ત ન હોવાના સામાન્યપણે પાંચ કારણ બતાવ્યા છે[4]—(૧) ભક્તિવાદ (૨) શબ્દ પર વિશેષ ભાર આપવા માટે (૩) કૃપામાં (૪) ઉપદેશમાં (૫) ભય પ્રદર્શિત કરવા માટે.

પ્રસ્તુત પ્રસંગમાં ચૂર્ણિકારે પુનરુક્ત ન હોવાના આ બે કારણો આપ્યા છે[5]—ઉપદેશ અને ભય-દર્શન તથા વૃત્તિકારે આ બે કારણો આપ્યા છે[6]—ઉપદેશમાં અને કોઈ શબ્દ પર વિશેષ ભાર આપતી વખતે.

## ૨. પૂર્વ સંબંધોનું (पुव्वसंजोगं)

સંસાર પહેલાં હોય છે અને મોક્ષ પછી. અસંયમ પહેલાં હોય છે અને સંયમ પછી. જ્ઞાતિજન પહેલાં હોય છે, તેમનો ત્યાગ પછીથી કરવામાં આવે છે—આ ભાવનાઓના આધારે ચૂર્ણિકારે પૂર્વ-સંયોગનો અર્થ—સંસારનો સંબંધ, અસંયમનો સંબંધ અને જ્ઞાતિનો સંબંધ કર્યો છે.[7] શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે પૂર્વ-સંયોગનો અર્થ—પૂર્વ-પરિચિતોનો સંયોગ અર્થાત્ માતા-પિતા વગેરે તથા ધન વગેરેનો સંબંધ એવો કર્યો છે.[8]

---

૧. आचारांगवृत्ति, पत्र २६६ ।
૨. बृहद्वृत्ति, पत्र २८९ ।
૩. એજન, पत्र २८९ ।
૪. उत्तराध्ययन चूर्णि, पृ. १७० ।
૫. એજન, पृ. १७० ।
૬. बृहद्वृत्ति, पत्र २८९ ।
૭. उत्तराध्ययन चूर्णि, पृ. १७१ : पुव्वो णाम संसारो, पच्छा मोक्खो, पुव्वेण संजोगो पुव्वस्स वा संजोगो पुव्वसंजोगो, अथवा पुव्वसंजोगो असंजमेण णातीहिं वा ।
૮. (क) बृहद्वृत्ति, पत्र २९० : पुरा परिचिता मातृपित्रादयः पूर्वशब्देनोच्यन्ते ततस्तैः, उपलक्षणत्वादन्यैश्च स्वजनधनादिभिः संयोगः—सम्बन्धः पूर्वसंयोगः ।
(ख) सुखबोधा, पत्र १२६ ।

### ૩. દોષો અને પ્રદોષોથી (दोसपओसेहिं)

અહીં બે શબ્દો છે—દોષ અને પ્રદોષ. દોષનો અર્થ છે—માનસિક સંતાપ વગેરે. પ્રદોષનો અર્થ છે—નરક-ગતિ વગેરે.[1]

### ૪. હિત અને કલ્યાણ માટે (हियनिस्सेयाए)

હિતનો અર્થ છે—નિરુપમ સુખના હેતુભૂત, આત્મા માટે સ્વાસ્થ્યકર. નિઃશ્રેયસ્ નો અર્થ છે—મોક્ષ અથવા કલ્યાણ. ચૂર્ણિમાં નિઃશ્રેયસનો અર્થ ઇહલોક, પરલોકમાં નિશ્ચિત શ્રેય અથવા અક્ષય શ્રેય કરવામાં આવ્યો છે.[2]

પ્રાકૃત વ્યાકરણ અનુસાર 'निस्सेस'નો અર્થ નિઃશેષ અથવા સમસ્ત, સંપૂર્ણ પણ હોઈ શકે છે. આ સંદર્ભમાં નિઃશેષહિતનો અર્થ—સંપૂર્ણ હિત છે.

### ૫. તે પાંચસો ચોરોની મુક્તિને માટે (तेसिं विमोक्खणट्ठाए)

કપિલે પૂર્વભવમાં આ બધા પાંચસો ચોરોની સાથે સંયમનું પાલન કર્યું હતું અને તે બધાએ એવો સંકેત કર્યો હતો કે સમય આવે ત્યારે અમને સંબોધિ આપજો. તેની પૂર્તિ માટે કપિલ મુનિ તેમને સંબુદ્ધ કરી રહ્યા છે—તેમની મુક્તિ માટે પ્રવચન કરી રહ્યા છે.[3]

### ૬. કલહનું (कलहं)

શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે આનો અર્થ 'क्रोध'[4] અને ચૂર્ણિકારે 'भण्डन' કર્યો છે.[5] 'भण्डन'નો અર્થ છે—વાક્-કલહ, ગાળો દેવી અને ક્રોધ કરવો.

ડૉ. હરમન જેકોબીએ તેનો અર્થ 'तिरस्कार'—ઘૃણા કર્યો છે.[6] મોનિયેર વિલિયમ્સે તેના મુખ્યત્વે ત્રણ અર્થ કર્યા છે—ઝઘડો, જૂઠ કે છેતરપીંડી, ગાળભેળ.[7]

કલહ ક્રોધપૂર્વક થાય છે. આથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'કલહ'ને ક્રોધ કહેવામાં આવેલ છે.

### ૭. વીતરાગ તુલ્ય મુનિ (ताई)

વ્યાખ્યાકારોએ આનાં બે સંસ્કૃત રૂપ આપ્યાં છે—तायी અને त्रायी.[8] જાર્લ સરપેન્ટિયર ટીકાકારો દ્વારા કરાયેલા આ અર્થને યોગ્ય માનતા નથી. તેમનો મત છે કે ताई ને तादि—तादृक સમાન ગણવું જોઈએ. તો તેનો અર્થ થશે—તેના જેવું, તેવું. તેઓ કહે છે કે કાળાંતરમાં આ શબ્દના અર્થનો ઉત્કર્ષ થયો અને તેનો અર્થ—તેના જેવું અર્થાત્ બુદ્ધ જેવું—આવો થયો. ત્યાર પછી આનો અર્થ—પવિત્ર સંત વ્યક્તિ વગેરે થયો. આ આશયનો આધાર પ્રસ્તુત કરતાં તેઓ એસ. વી. ચાઇલ્ડર્સ અને દીર્ઘનિકાય પૃ. ૮૮ પરની ફ્રૅંકની ટિપ્પણી જોવાનો અનુરોધ કરે છે.[9] સરપેન્ટિયરનો આ મત સંગત લાગે છે. અમે તેના જ આધારે આનું સંસ્કૃત રૂપ तादृक् આપ્યું છે. વિશુદ્ધિમાર્ગ પૃ. ૧૮૦માં तादिन શબ્દનો પ્રયોગ 'એક જેવા રહેનારા'ના અર્થમાં કરાયો છે—

---

૧. सुखबोधा, पत्र १२६ : दोषाः—इहैव मनस्तापादयः, प्रदोषाः—परत्र नरकगत्यादय ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १७१ : इह परत्र च नियतं निश्चितं वा श्रेयः निःश्रेयसं अखयं ।

૩. એજન, पृ. १७१ : तेसिं चोराणं, तेहिं सव्वेहिं पुव्वभवे सह कविलेण एगट्ठं संजमो कतो आसि, ततो तेहिं सिंगारो कतिल्लओ जम्हा अम्हे संबोधितव्वेति ।

૪. (ક) बृहद्वृत्ति, पत्र २९१ : कलहहेतुत्वात्कलहः—क्रोधस्तम् ।
(ખ) सुखबोधा, पत्र १२६ ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ. १७१ : कलाभ्यो हीयते येन स कलहः भण्डनमित्यर्थः ।

૬. Sacred Books of the East, Vol. XLV, Uttarādhyayana, p. 33.

૭. Sanskrit English Dictionary, p. 261.

૮. बृहद्वृत्ति, पत्र २९१ : तायते—त्रायते वा रक्षति दुर्गतेरात्मानम् एकेन्द्रियादिप्राणिनो वाऽवश्यमिति तायी—त्रायी वा ।

૯. उत्तराध्ययन, पृ. ३०७, ३०८ ।

यस्मा नत्थि रहो नाम, पापकम्मेसु तादिनो ।
रहाभावेन तेनेस, अरहं इति विस्सुतो ॥

### ૮. ભોગામિષ—આસક્તિ-જનક ભોગમાં (भोगामिस)

વર્તમાનમાં आमिष નો સીધો અર્થ 'માંસ' કરવામાં આવે છે. પ્રાચીનકાળમાં તેનો પ્રયોગ અનેક અર્થમાં થતો હતો. આ જ આગમના ચૌદમા અધ્યયનમાં તેનો છ વાર પ્રયોગ થયો છે.[1] અનેકાર્થ કોશમાં 'आमिष'ના—ફળ, સુંદર આકૃતિ, રૂપ, સંભોગ, લોભ અને લાંચ—એટલા અર્થ મળે છે.[2] ઉત્તરાધ્યયન ૧૪।૪૬માં આ શબ્દ માંસના અર્થમાં પ્રયુક્ત થયો છે.[3] પંચાસક પ્રકરણમાં આહાર કે ફળ વગેરેના અર્થમાં તે પ્રયુક્ત થયો છે.[4] આસક્તિના હેતુભૂત જે પદાર્થો હોય છે તે બધાના અર્થમાં આનો પ્રયોગ કરવામાં આવતો હતો. બૌદ્ધ સાહિત્યમાં ભોજન તથા વિષય-ભોગ—આ અર્થોમાં પણ 'आमिष' શબ્દ પ્રયુક્ત થયો છે.

''ભંતે ! આમિષનું (ભોજન વગેરેના વિષયમાં) શું કરવું જોઈએ ?''

''સારિપુત્ર ! આમિષ બધાને સરખું વહેંચવું જોઈએ.''[5]

''ભિક્ષુઓ ! આ બે દાન છે—આમિષ-દાન અને ધર્મ-દાન. આ બે દાનોમાં જે ધર્મ-દાન છે, તે શ્રેષ્ઠ છે.'' આ રીતે આમિષ-સંવિભાગ (અનુગ્રહ) અને આમિષ-યોગ (પૂજા)ના પ્રયોગ મળે છે.[6] ભોગ-સન્નિધિના અર્થમાં આમિષ-સન્નિધિનો પ્રયોગ કરવામાં આવ્યો છે.[7] અભિધાનપ્પદીપિકાના શ્લોક ૨૮૦માં 'આમિષ'ને માંસનો તથા શ્લોક ૧૧૦૪માં તેને અન્નાહારનો પર્યાયવાચી માનવામાં આવ્યો છે.

ભોગો અત્યન્ત આસક્તિના હેતુ છે, એટલા માટે અહીં તેમને 'આમિષ' કહેવામાં આવ્યા છે.

ચૂર્ણિકાર અનુસાર જે વસ્તુ સામાન્યપણે ઘણા લોકો વડે અભિલષણીય હોય છે, તેને 'આમિષ' કહેવામાં આવે છે. ભોગો ઘણા લોકો દ્વારા કામ્ય છે, એટલા માટે તેમને 'આમિષ' કહેવાયા છે. ભોગામિષ અર્થાત્ આસક્તિ-જનક ભોગ અથવા બહુજન-અભિલષણીય ભોગ.[8] જુઓ ૧૪।૪૧નું ટિપ્પણ.

શાન્ત્યાચાર્યે આ ભાવનાના સમર્થનમાં દશવૈકાલિકની પ્રથમ ચૂલિકાના બે શ્લોકો ઉદ્ધૃત કર્યા છે—

૧. जया य कुकुडंबस्स..... । २. पुत्तदारपरिकिण्णो....... । (चूलिका १ । ७,८)

### ૯. વિપરીત (वोच्चत्थे)

ચૂર્ણિમાં 'वोच्चत्थ'નો અર્થ વિપરીત અને બૃહદ્‌વૃત્તિમાં વિપર્યયવાન અથવા વિપર્યસ્ત કરવામાં આવેલ છે. બુદ્ધિનું વિશેષણ માન્યું છે ત્યાં વિપરીત અથવા વિપર્યસ્ત અને બાલનું વિશેષણ માન્યું છે ત્યાં વિપર્યયવાન્ કરવામાં આવેલ છે.[10] તેનું સંસ્કૃત રૂપ

---

૧. उत्तराध्ययन १४।४१, ४६, ४९ ।
२. अनेकार्थ कोष, पृ. १३३० : आमिषं—फले सुन्दराकार-रूपादौ सम्भोगे लोभलंचयो: ।
३. बृहद्‌वृत्ति, पत्र ४१० : सहामिषेण—पिशितरूपेण वर्तत इति सामिष: ।
४. पंचासक प्रकरण ९ । ३१ ।
५. बुद्धचर्या, पृ. १०२ ।
६. इतिवुत्तक, पृ. ८६ ।
७. बुद्धचर्या, पृ. ४३२ ।
८. बृहद्‌वृत्ति, पत्र २९१ : भोगा:—मनोज्ञा: शब्दादय: ते च ते आमिषं चात्यन्तगृद्धिहेतुतया भोगामिषम् ।
९. उत्तराध्ययन चूर्णि, पृ. १७२ : भुज्यंत इति भोगा:, यत् सामान्यं बहुभि: प्राथ्यंते तद् आमिषं, भोगा एव आमिषं भोगामिषम् ।
१०. (क) उत्तराध्ययन चूर्णि, पृ. १७२ : वुच्चित्थोत्ति जम्म हिते नि:श्रेयसे अहितानि:श्रेयससंज्ञा, विपरीतबुद्धिरित्यर्थ: ।
(ख) बृहद्‌वृत्ति, पत्र २९१ : तत्र तयोर्वा 'बुद्धि:' तत्प्राप्त्युपायविषया मति: तस्यां विपर्ययवान् सा वा विपर्यस्ता यस्य स हितनि:श्रेयसबुद्धिविपर्यस्त: विपर्यस्तहितनि:श्रेयसबुद्धिर्वा, विपर्यस्तशब्दस्य तु परनिपात: प्राग्वत् यद्वा विपर्यस्ता हिते नि:शेषा बुद्धिर्यस्य स तथा ।

વ્યત્યસ્ત હોવું જોઈએ. ડૉ. પિશેલે તેનું મૂળ उच्चस्थ માન્યું છે.[१] દેશીનામમાલામાં તેનો અર્થ 'विपरीत मैथुन-क्रिया' કરવામાં આવ્યો છે.[२] સંભવ છે કે તે કાળે આ શબ્દ આ જ અર્થમાં વપરાતો હોય અને બાદમાં આ અર્થના એકાંશને લઈને તેનો અર્થ 'विपरीत' રૂઢ બની ગયો હોય. આનું મૂળ ઉચ્ચસ્થની અપેક્ષાએ વ્યત્યસ્તમાં શોધવું અધિક યોગ્ય છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ રૂપ वोच्चत्थની વધુ નજીક છે.

**૧૦. મંદ અને મૂઢ (मंदिए मूढे)**

ચૂર્ણિમાં મંદનો અર્થ છે—સ્થૂળ બુદ્ધિવાળો.[३] ચૂર્ણિકારે મહારાષ્ટ્રમાં 'मंद'ના પ્રચલિત અર્થનો પણ ઉલ્લેખ કર્યો છે. ત્યાં उपचित—સ્થૂળ શરીરવાળાને પણ મંદ કહે છે અને अपचित—કૃશ શરીરવાળાને પણ 'मंद' કહે છે.[४]

મૂઢ શબ્દના બે અર્થ છે—કાર્ય અને અકાર્યના વિવેકથી રહિત અથવા શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આસક્ત.[५]

વૈકલ્પિક રૂપે બાલ, મંદ અને મૂઢ—આ ત્રણે શબ્દોને એકાર્થક પણ માન્યા છે.[६]

શાન્ત્યાચાર્ય અનુસાર મંદ તે છે જે ધર્મકાર્યમાં અનુદ્યત છે અને મૂઢ તે છે જે મોહથી આકુળ છે.[७]

**૧૧. શ્લેષ્મમાં (खेलंमि)**

ચૂર્ણિમાં 'खेल'નો અર્થ 'ચીકાશ' કરવામાં આવ્યો છે.[८] બૃહદ્‌વૃત્તિમાં 'खेल'નો અર્થ 'श्लेष्म' આપ્યો છે.[९] પરંતુ 'श्लेष्म' તેની સંસ્કૃત છાયા નથી.

જાર્લ સરપેન્ટિયરે તેનું સંસ્કૃત રૂપ 'क्ष्वेट'-'क्ष्वेद' આપ્યું છે.[१०] 'क्ष्वेड'નો પણ એક અર્થ ચીકાશ—શ્લેષ્મ થાય છે. રાજવાર્તિકમાં તેનું સંસ્કૃત રૂપ 'क्ष्वेल' મળે છે.[११] એ જ સર્વાધિક યોગ્ય છે.

**૧૨. અધીર પુરુષો દ્વારા (अधीर पुरिसेहिं)**

ધીરનો વિરોધી છે—અધીર. જુઓ—૭।૨૮, ૨૯નું ટિપ્પણ.

**૧૩. સમુદ્રને (अतरं)**

ચૂર્ણિમાં 'अतर'નો અર્થ સમુદ્ર છે.[१२] વૃત્તિમાં તેનો વ્યુત્પત્તિલભ્ય અર્થ છે—જેને તરવાનું અશક્ય છે.

તાત્પર્યાર્થમાં તેના ત્રણ અર્થ છે—(૧) વિષયગણ (૨) ભવ અથવા સંસાર અને (૩) સમુદ્ર.[१३]

વૃત્તિકારે એક સુંદર શ્લોક ઉદ્ધૃત કરી પ્રસ્તુત શ્લોકનું પ્રતિપાદ્ય સ્પષ્ટ કર્યું છે[१४]—

---

१. प्राकृत भाषाओं का व्याकरण, पृ. ४७१ : वोच्चत्थ (विपरीत रतिः देशी० ७, ५८) = उच्चस्थ जो उच्च से सम्बन्धित है।
२. देशीनाममाला, ७।५८।
३. उत्तराध्ययन चूर्णि, पृ. १७२ : जस्स थूला बुद्धि सो मंदबुद्धी भण्णइ।
४. उत्तराध्ययन चूर्णि, पृ. १७२ : उवचए थूलसरीरो मरहट्ठाणं मंदो भन्नति अवचए जो किससरीरो सोवि मंदो भण्णति।
५. એજન, पृ. १७२ : मूढो णाम कज्जाकज्जमयाणाणो, सोतिंदियविसदोदो (यवसट्टो) वा।
६. એજન, पृ. १७२ : अहवा बालमंदमूढा शक्रपुन्दरवदेकार्थमेव।
७. बृहद्‌वृत्ति, पत्र २११ : मंदिए त्ति सूत्रत्वान् मन्दो—धर्मकार्यकरणं प्रति अनुद्यतः, मूढो—मोहाकुलितमानसः।
८. उत्तराध्ययन चूर्णि, पृ. १७२ : खेलेण चिक्कणेण।
९. बृहद्‌वृत्ति, पत्र २११ : 'खेले' श्लेष्मणि।
१०. उत्तराध्ययन, पृ. ३०८।
११. तत्त्वार्थ राजवार्तिक, ३।३६, पृ. २०३ : क्ष्वेलो निष्ठीवनमौषधिर्येषां ते क्ष्वेलौषधिप्राप्ताः।
१२. उत्तराध्ययन चूर्णि, पृ. १७२ : अतरो णाम समुद्दो।
१३. बृहद्‌वृत्ति, पत्र २१२ : अतरं—तरीतुमशक्यं विषयगणं भवं वा....अतरं—नीरधिम्।
१४. એજન, पत्र २१२।

विषयगणः कापुरुषं करोति वशवर्तिनं न सत्पुरुषम् ।

बध्नाति मशकं एव हि लूतातन्तुर्न मातंगम् ।

ઇન્દ્રિયોના વિષય દુર્બળ વ્યક્તિને જ પોતાને વશ કરી શકે છે. સત્પુરુષ—સબળ વ્યક્તિઓ ઉપર તેમનો કોઈ પ્રભાવ પડતો નથી. કરોળિયાનું જાળું મચ્છરને બાંધી શકે છે, પણ હાથીને બાંધી શકતું નથી.

## ૧૪. પાપમયી દૃષ્ટિઓથી (पावियाहिं दिट्ठीहिं)

શાન્ત્યાચાર્યે આનાં બે સંસ્કૃત રૂપ આપ્યાં છે—प्रापिकाभिर्दृष्टिभिः અને पापिकाभिर्दृष्टिभिः પ્રથમનો અર્થ છે—'નરકને પ્રાપ્ત કરનારી દૃષ્ટિ'. બીજાનો અર્થ છે—'પાપમયી, પરસ્પર વિરોધ વગેરે દોષોથી દૂષિત દૃષ્ટિ' અથવા 'પાપ-હેતુક દૃષ્ટિ'[1]. વાસ્તવિક અર્થ આ જ છે. પાપિકાદૃષ્ટિના આશયને સ્પષ્ટ કરતા ઉદ્ધરણો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. જેમ કે—

"न हिंस्यात् सर्वभूतानि ।"

"श्वेतं छागमालभेत वायव्यां दिशि भूतिकामः ।"

"ब्रह्मणे ब्राह्मणमालभेत, इन्द्राय क्षत्रियं, मरुद्भ्यो वैश्यं, तपसे शूद्रम् ।"[2]

तथा च—

"यस्य बुद्धि र्न लिप्यते, हत्वा सर्वमिदं जगत् ।

आकाशमिव पंकेन, न स पापेन लिप्यते ॥"

અર્થાત્ એક બાજુ તેઓ કહે છે—'બધા જીવોની હિંસા ન કરવી જોઈએ.' બીજી બાજુ તેઓ કહે છે—'ઐશ્વર્ય ચાહનારા પુરુષે વાયવ્ય કોણમાં શ્વેત બકરાની, બ્રહ્મ માટે બ્રાહ્મણની, ઇન્દ્ર માટે ક્ષત્રિયની, મરુત માટે વૈશ્યની અને તપને માટે શૂદ્રની બલિ આપવી જોઈએ.' આ પરસ્પર વિરોધી દૃષ્ટિકોણ છે.

જેવી રીતે આકાશ પંકથી લિપ્ત થતું નથી, તેવી જ રીતે સમગ્ર સંસારની હત્યા કરીને પણ જેની બુદ્ધિ લિપ્ત નથી થતી, તે પાપથી લિપ્ત નથી થતો. આ પાપ-હેતુક દૃષ્ટિકોણ છે.

## ૧૫. તે આર્યો—તીર્થંકરોએ (आरिएहिं)

અહીં 'આર્ય' શબ્દ તીર્થંકર માટે પ્રયુક્ત થયો છે. 'જેમણે સાધુ-ધર્મનું પ્રજ્ઞાપન કર્યું.'—આ નિગમનાત્મક વાક્યાંશ વડે 'આર્ય' શબ્દનો પ્રયોગ તીર્થંકર માટે જ અભિપ્રેત છે.

## ૧૬. સમિત (સમ્યક્ પ્રવૃત્ત) (समिए)

ચૂર્ણિકારે આનો અર્થ—શમિત, શાંત—કર્યો છે.[3] વૃત્તિકારે પાંચ સમિતિઓથી યુક્તને 'સમિત' (જાગરૂકતાપૂર્વક પ્રવૃત્તિ કરનાર) દર્શાવેલ છે.[4]

---

૧. बृहद्‌वृत्ति, पत्र २९२ : 'पावियाहिं' ति प्रापयन्ति नरकमिति प्रापिकास्ताभिः, यद्वा—पापा एव पापिकास्ताभिः, परस्परविरोधादिदोषात् स्वरूपेणैव कुत्सिताभिः ।

૨. बृहद्‌वृत्ति, पत्र २९२, २९३ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १७३ : सम्यक् इतः शमितः, शान्त इत्यर्थः ।

૪. बृहद्‌वृत्ति, पत्र २९३ : समितः—समितिमान् इति ।

### ૧૭. દૂર થઈ જાય છે (निज्जाइ)

ચૂર્ણિમાં આનો અર્થ—अधो गच्छति—નીચે જાય છે એવો કર્યો છે.[1] વૃત્તિમાં આનો મૂળ અર્થ છે—નીકળી જવું. વૃત્તિકારે પાઠાંતરના રૂપમાં દેશી શબ્દ 'णिण्णाइ' પ્રસ્તુત કરી તેનો અર્થ—अधो गच्छति—નીચે જાય છે—કર્યો છે.[2]

### ૧૮. (શ્લોક ૧૦)

ચૂર્ણિકારે પ્રસ્તુત શ્લોકમાં પ્રયુક્ત 'हिंकार'ના વિષયની ચર્ચા કરી છે—હિંકારનો પ્રયોગ સન્નિધાન અને કારણ—આ બે અર્થોમાં થાય છે. કારણના અર્થમાં 'हिंकार'નો પ્રયોગ બહુવચનમાં જ થાય છે, જેમ કે—तेहिं कयं । સન્નિધાનના અર્થમાં 'हिंकार'નો પ્રયોગ એકવચનમાં જ થશે, જેમ કે—कहिं गतो आसि ? कहिं च ते सद्धा ?[3]

આ શ્લોકમાં પ્રાણાતિપાત વિરમણનો સ્પષ્ટ નિર્દેશ છે. મુનિ મનસા, વાચા, કર્મણા (મન-વચન-કાર્યથી) કોઈપણ પ્રાણી પ્રત્યે હિંસાનો પ્રયોગ ન કરે, ભલેને પોતાને કેટલીયે યાતના સહન કરવી કેમ ન પડે.

ઉજ્જયિની નગરીમાં એક શ્રાવક હતો. તેનો પુત્ર પૂરેપૂરો સંસ્કારી હતો. એકવાર ચોરો તેનું અપહરણ કરી માલવ પ્રદેશમાં લઈ ગયા અને ત્યાં તેને એક રસોઈયાના હાથમાં વેચી માર્યો. રસોઈયાએ તેને એક દિવસ કહ્યું—'બેટા ! તું જંગલમાં જા અને ત્યાંથી બાજોને મારીને લઈ આવ. હું તેમને ભોજન માટે પકાવીશ.' તે બોલ્યો—'હું એક શ્રાવકનો પુત્ર છું. હું અહિંસામાં માનું છું. હું આવું કામ કદી કરી શકું નહિ.' રસોઈયાએ કહ્યું—'હવે તને મેં ખરીદી લીધેલો છે. મારી આજ્ઞાનું પાલન કરવું જ પડશે.' છોકરાએ આજ્ઞા માનવાનો ઇન્કાર કર્યો ત્યારે રસોઈયો બોલ્યો—'મારી આજ્ઞા ન માનવાના ભયંકર પરિણામ ભોગવવા પડશે. હું તને હાથીના પગ નીચે કચડાવી દઈશ. હું તારા મસ્તક ઉપર ભીનું ચામડું બાંધીને મારી નાખીશ.' બાળકે કહ્યું—'ગમે તે થાય, હું પ્રાણવધનું આ કાર્ય ન કરી શકું.' ત્યારે રસોઈયાએ તેને હાથીના પગતળે કચડાવીને મારી નાખ્યો.

અહિંસાના ક્ષેત્રમાં સત્યાગ્રહની આ મહત્ત્વપૂર્ણ ઘટના છે.[4]

### ૧૯. યાત્રા (સંયમ-નિર્વાહ) માટે ભોજનની એષણા કરે (जायाए घासमेसेज्जा)

સંયમ-જીવનની યાત્રા માટે ભોજનની શોધ કરે—આ પ્રસંગમાં શાન્ત્યાચાર્ય અને નેમિચન્દ્રે એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે—

**जह सगडक्खोवंगो कीरइ भरवहणकारणा णवरं ।**
**तह गुणभरवहणत्थं आहारो बंभयारीणं ॥**

—જેમ ગાડીના પૈડાંની ધરીને ભારવહનની દૃષ્ટિએ તેલ ચોપડવામાં આવે છે, તેવી જ રીતે ગુણભારના વહનની દૃષ્ટિએ બ્રહ્મચારી આહાર કરે, શરીરને પોષણ આપે.[5]

પ્રસ્તુત શ્લોકમાં 'जायाए घासमेसेज्जा' વડે એષણાશુદ્ધિનો અને 'रसगिद्धे न सिया भिक्खाए' વડે પરિભોગૈષણાશુદ્ધિનો વિવેક દર્શાવવામાં આવ્યો છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १७३, १७४ : निज्जाइ नाम अधो गच्छति ।

૨. बृहद्वृत्ति, पत्र २९३ : निर्याति—निर्गच्छति, पठन्ति च—णिण्णाइ त्ति अत्र देशीपदत्वादधोगच्छति ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १७४ : हिंकारस्य सन्निधानत्वात् कारणत्वाच्च, तत्र कारणे बहुवचन एव उपयोगो हिंकरणस्य, तथा—तेहिं कयं, सन्निधाने तु एकवचन एव हिंकारोपयोगः, तं जहा—कहिं गतो आसि ? कहिं च ते सद्धा ?

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १७४ ।
(ખ) बृहद्वृत्ति, पत्र २९४ ।

૫. (ક) बृहद्वृत्ति, पत्र २९४ ।
(ખ) सुखबोधा, पत्र १२८ ।

આ જ સૂત્રમાં છ કારણોસર આહાર કરવાનો અને છ કારણોસર આહાર ન કરવાનો ઉલ્લેખ છે.[1]

૨૦. (શ્લોક ૧૨)

**पंताणि चेव सेवेज्जा**—આની વ્યાખ્યા બે પ્રકારે થાય છે—'प्रान्तानि च सेवेतैव' અને 'प्रान्तानि चैव सेवेत।' ગચ્છવાસી મુનિ માટે આવો વિધિ છે કે તે પ્રાન્ત-ભોજન મળે તો પણ તેને ખાઈ જ જાય, પરંતુ ફેંકી દે નહિ. ગચ્છનિર્ગત (જિનકલ્પી) મુનિ માટે આવો વિધિ છે કે તે પ્રાન્ત-ભોજન જ કરે. પ્રાન્તનો અર્થ છે—નીરસ ભોજન. શીતપિંડ (ઠંડો આહાર) વગેરે તેનાં ઉદાહરણ છે.[2]

**जवणट्ठाए**—શાન્ત્યાચાર્યે 'जवण'નો અર્થ—यापन—કર્યો છે. ગચ્છવાસીની અપેક્ષાએ 'जवणट्ठाए'નો અર્થ થશે—જો પ્રાન્ત-આહાર વડે જીવન-યાપન થતું હોય તો ખાય, વાયુ વધવાથી જીવન-યાપન ન થતું હોય તો ન ખાય. ગચ્છનિર્ગતની અપેક્ષાએ તેનો અર્થ થશે—જીવન-યાપન માટે પ્રાન્ત-આહાર કરે.[3]

'जवण'નું સંસ્કૃત રૂપ 'यमन' હોવું જોઈએ. પ્રાકૃતમાં 'म'કારનો 'व'કાર આદેશ પણ થાય છે, જેમ કે—શ્રમણના બે રૂપો—**समणो, सवणो ।** પ્રકરણની દૃષ્ટિએ यमन શબ્દ અધિક યોગ્ય લાગે છે. ઇન્દ્રિયોનું યમન અથવા સંયમ કરવા માટે પ્રાન્ત-ભોજનનું સેવન યોગ્ય છે. જીવન-યાપન માટે આ ભોજન યોગ્ય નથી.

**कुम्मासं**—શાન્ત્યાચાર્ય અને નેમિચન્દ્રે આનો અર્થ—'राजमाष'—મોટા અડદ કર્યો છે.[4] મોનિયર મોનિયર વિલિયમ્સે આનો અર્થ 'તરલ અને ખાટું પેય-ભોજન, જે ફળોના રસમાંથી અથવા બાફેલા ચોખામાંથી બનાવવામાં આવે છે' કર્યો છે.[5]

અભિધાનપ્પદીપિકામાં कुल्माष व्यंजनने 'સૂપ' કહેલ છે.[6] વિશુદ્ધિમાર્ગમાં આ જ અર્થને માન્ય રાખી '**कुल्माष**'નો અર્થ 'દાળ' કરવામાં આવ્યો છે.[7]

સિંહલસન્નય (વ્યાખ્યા)માં 'कुल्माष' શબ્દનો અર્થ 'कोमु' અર્થાત્ પીઠા જણાવેલ છે. 'कुल्माष'ના અનેક અર્થો છે—કળથી, મગ વગેરે દ્વિદળ, કાંજી. તે કાળે ઓદન, કુલ્માષ, સત્તૂ (સાથવો) વગેરે પ્રચલિત હતા.[8] 'कुल्माष' દરિદ્ર લોકોનું ભોજન હતું. તે અડદ વગેરે દ્વિદળમાં થોડું પાણી, ગોળ કે મીઠું અને ચીકાશ નાખીને બનાવવામાં આવતું. જુઓ—दसवेआलियं, ૫।૧।૯૮નું ટિપ્પણ.

**बुक्कसं**—ચૂર્ણિકારે આનાં બે અર્થ કર્યા છે—તીમન અથવા સુરા માટે પીસેલા લોટનો વધેલો ભાગ.[9]

શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે આનો અર્થ—મગ, અડદ વગેરેની કણકીમાંથી નીકળેલ અન્ન અથવા જેનો રસ કાઢી લેવામાં

---

१. उत्तराध्ययन, २६।३२, ३४ ।

२. बृहद्वृत्ति, पत्र २१४, २९५ : 'प्रान्तानि' नीरसानि, अन्नपानानीति गम्यते, च शब्दादन्तानि च, एवाऽवधारणे, स च भिन्नक्रमः सेविज्जा इत्यस्यान्तरं द्रष्टव्यः, ततश्च प्रान्तान्यन्तानि च सेवेतैव न त्वसाराणीति परिष्ठापयेद्, गच्छनिर्गतापेक्षया वा प्रान्तानि चैव सेवेत, तस्य तथाविधानामेव ग्रहणानुज्ञानात्, कानि पुनस्तानीत्याह—'सीयपिंडं' ति शीतलः पिण्डः—आहारः, शीतश्चासौ पिण्डश्च शीतपिण्डः ।

૩. એજન, पत्र २९५ : सूचितं—यदि शरीरयापना भवति तदैव निषेवेत, यदि त्वतिवातोद्रेकादिना तद्यापनैव न स्यात्ततो न निषेवेतापि, गच्छगतापेक्षमेतत्, तन्निर्गतश्च तान्येव यापनार्थमपि निषेवेत ।

४. (ક) એજન, पत्र २९५ : 'कुल्माषाः' राजमाषाः ।
(ખ) सुखबोधा, पत्र १२९ ।

५. A Sanskrit English Dictionary, p. 296. Sour gruel (prepared by the spontaneous fermentation of the juice of fruits or boiled rice.)

६. अभिधानप्पदीपिका, पृ. १०४८ : सूपो ( कुम्मास व्यंजने ) ।

७. विशुद्धिमार्ग, १।११, पृ. ३०५ ।

८. विनयपिटक, ४।१७६ ।

९. उत्तराध्ययन चूर्णि, पृ. १७५ : बुक्कसो णाम कुसणणिब्भाडणं च, अथवा सुरागलितसेसं बुक्कसो भवति ।

આવ્યો હોય તેવું અન્ન કર્યો છે.[1]

**पुलागं**—ચૂર્ણિકારે 'पुलाक'ના બે અર્થ કર્યા છે—

૧. વાલ, ચણા વગેરે સૂકુ અનાજ.

૨. જે સ્વભાવથી નષ્ટ થઈ ગયું હોય (જેનો બીજભાગ નષ્ટ થઈ ગયો હોય) તેવું અનાજ.[2]

શાન્ત્યાચાર્યે અસાર વાલ, ચણા વગેરેને 'पुलाक' કહેલ છે.[3]

મહાભારતમાં પણ 'पुलाक' શબ્દનો પ્રયોગ મળે છે. તેનો અર્થ કરવામાં આવ્યો છે—જમીનની અંદરની ગરમીથી સૂકાઈ જાય તેવા દાણા.[4]

**मंथु**—આનો અર્થ છે—બોરનું[5] ચૂર્ણ, સાથવાનું ચૂર્ણ.[6] તે અત્યન્ત લૂખું હોય છે, એટલા માટે તેને પ્રાન્ત-ભોજન કહ્યું છે.[7] જુઓ दसवेआलियं, ૫।૧।૯૮નું ટિપ્પણ.

૨૧. (શ્લોક ૧૩)

આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે જે મુનિઓ લક્ષણ-વિદ્યા, સ્વપ્ન-વિદ્યા અને અંગ-વિદ્યાનો પ્રયોગ કરે છે, તેઓ સાચા અર્થમાં મુનિ નથી.

નેમિચન્દ્રે આ ત્રણેના વિષયમાં પ્રાચીન શ્લોક અને પ્રાકૃત ગાથાઓ ઉદ્ધૃત કરી છે. તેમણે લક્ષણ-શાસ્ત્ર સંબંધી અઢાર શ્લોક, સ્વપ્ન-શાસ્ત્રની તેર ગાથાઓ અને અંગવિદ્યા સંબંધી સાત ગાથાઓ આપી છે. તેમની તુલના ડૉ. જે. વી. જેઝોલિયમ દ્વારા સંપાદિત જગદેવકૃત સ્વપ્ન-ચિંતામણિ સાથે કરી શકાય. જાર્લ સરપેન્ટિયરે તેની વિસ્તૃત જાણકારી આપી છે.[8] શાન્ત્યાચાર્યે આનું વિસ્તૃત વર્ણન કર્યું નથી, માત્ર એક-બે શ્લોક ઉદ્ધૃત કર્યા છે.

બૌદ્ધ-ગ્રંથોમાં અંગ-નિમિત્ત, ઉત્પાદ, સ્વપ્ન, લક્ષણ વગેરે વિદ્યાઓને 'तिर्यक्-विद्या' કહી છે. તેમનાથી આજીવિકા મેળવવાને મિથ્યા-આજીવિકા કહી છે. જે તેમનાથી દૂર રહે છે તે જ 'आजीव- परिशुद्धिशील' હોય છે.[9]

**लक्खणं**—શરીરનાં લક્ષણો, ચિહ્નો જોઈને શુભ-અશુભ ફળકથન કરનાર શાસ્ત્રને 'લક્ષણ-શાસ્ત્ર' અથવા 'સામુદ્રિક-શાસ્ત્ર' કહે છે.[10] કહ્યું પણ છે કે 'सर्वं सत्त्वे प्रतिष्ठितम्'—બધું (શુભાશુભ ફળ આપનાર લક્ષણ) જીવોમાં વિદ્યમાન છે. જેમ કે—

**अस्थिष्वर्थाः सुखं मांसे, त्वचि भोगाः स्त्रियोऽक्षिषु।**

**गतौ यानं स्वरे चाज्ञा, सर्वं सत्त्वे प्रतिष्ठितम् ॥**[11]

---

૧. (ક) बृहद्वृत्ति, पत्र २९५ : 'बुक्कसं' मुद्गमाषादि नखिकानिष्पन्नमन्नमतिनिपीडितरसं वा।
(ખ) सुखबोधा, पत्र १२९।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १७५ : पुलागं णाम निस्साए णिप्फाए चणगादि यद्वा विनष्टं स्वभावतः तत् पुलागमुद्दिश्यते।

૩. बृहद्वृत्ति, पत्र २९५ : 'पुलाकम्' असारं वल्लचनकादि।

૪. महाभारत, शांतिपर्व १८१।७ :
'पुलाका इव धान्येषु, पुत्तिका इव पक्षिषु।
तद्विधास्ते मनुष्याणां, येषां धर्मो न कारणम् ॥'

૫. सुखबोधा, पत्र १२९ : 'मंथु' बदरादि चूर्णम्।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १७५ : मथ्यते इति मंथुं सत्तु-चुन्नाति।

૭. बृहद्वृत्ति, पत्र २९५ : मन्थुं वा—बदरादि चूर्णम्, अतिरूक्षतया चास्य प्रान्तत्वम्।

૮. दि उत्तराध्ययन सूत्र ३०९-३१२।

૯. विशुद्धिमार्ग १।१, पृ. ३०, ३१।

૧૦. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १७५ : लक्ष्यतेऽनेनेति लक्षणं, सामुद्रवत्।
(ખ) बृहद्वृत्ति, पत्र २९५ : 'लक्षणं च' शुभाशुभ सूचकं पुरुषलक्षणादि, रूढितः तत्प्रतिपादकं शास्त्रमपि लक्षणम्।

૧૧. बृहद्वृत्ति, पत्र २९५।

અર્થાત્ અસ્થિમાં ધન, માંસમાં સુખ, ત્વચામાં ભોગ, આંખોમાં સ્ત્રીઓ, ગતિમાં વાહન અને સ્વરમાં આજ્ઞા—આ રીતે પુરુષમાં સઘળું પ્રતિષ્ઠિત છે.

આ શબ્દ આ જ સૂત્રના ૧૫।૭, ૨૦।૪૫માં પણ આવ્યો છે.

**सुविणं**—સ્વપ્ન શબ્દ અહીં 'સ્વપ્ન-શાસ્ત્ર'નો વાચક છે. સ્વપ્નના શુભાશુભ ફળની સૂચના આપનારા શાસ્ત્રને 'સ્વપ્ન- શાસ્ત્ર' કહેવામાં આવે છે.[1]

**अंगविज्जं**—શરીરના અવયવોની સ્ફુરણા પરથી શુભાશુભ બતાવનાર શાસ્ત્રને 'અંગવિદ્યા' કહેવામાં આવે છે.[2]

ચૂર્ણિકારે અંગવિદ્યાનો અર્થ 'આરોગ્ય-શાસ્ત્ર' કર્યો છે. પરંતુ પ્રકરણની દૃષ્ટિએ અંગવિચાર અર્થ અધિક સંગત લાગે છે.[3]

શાન્ત્યાચાર્યે 'अंगविज्जा'ના ત્રણ અર્થ કર્યા છે[4]—

૧. શરીરના અવયવોની સ્ફુરણા પરથી શુભ-અશુભ બતાવનાર શાસ્ત્ર.

૨. પ્રણવ, માયાબીજ વગેરે વર્ણ-વિન્યાસયુક્ત વિદ્યા.

૩. અંગ અર્થાત્ અંગવિદ્યામાં વર્ણિત ભૌમ, અંતરિક્ષ વગેરે, તેમનાં શુભ-અશુભ બતાવનારી વિદ્યા, વિદ્યાનુપ્રવાદમાં પ્રસિદ્ધ વિદ્યાઓ, જેમ કે—हलि ! हलि ! मातङ्गिनी स्वाहा ।

## ૨૨. અનિયંત્રિત રાખીને (अणियमेत्ता)

ચૂર્ણિકારે આનો અર્થ મન અને ઇન્દ્રિયોનું અનિયમન એવો કર્યો છે.[5]

'जीवियं अणियमेत्ता'—નું 'जीविकां अनियम्य' પણ થઈ શકે છે. તેનો અર્થ થશે—જીવિકાનું અનિયમન કરીને.

## ૨૩. સમાધિ-યોગથી (समाहिजोएहिं)

સમાધિનો અર્થ છે—એકાગ્રતા. તેના વડે આત્મા સાથે સંબંધ સ્થાપિત કરી શકાય છે, તેટલા માટે તે યોગ છે. દશવૈકાલિક આગમમાં સમાધિના ચાર પ્રકારો દર્શાવાયા છે[6]—૧. વિનય સમાધિ, ૨. શ્રુત સમાધિ, ૩. તપઃ સમાધિ અને ૪. આચાર સમાધિ.

વૃત્તિમાં સમાધિયોગના બે અર્થો મળે છે[7]—

૧. સમાધિનો અર્થ છે—ચિત્ત-સ્વાસ્થ્ય અને યોગનો અર્થ છે—મન, વચન અને કાયાની શુભ પ્રવૃત્તિ.

૨. સમાધિનો અર્થ છે—શુભ ચિત્તની એકાગ્રતા અને યોગનો અર્થ છે—પ્રત્યુપ્રેક્ષણ વગેરે પ્રવૃત્તિઓ.

---

१. बृहद्वृत्ति, पत्र २९५: 'स्वप्नं चे' त्यत्रापि रूढितः स्वप्नस्य शुभाशुभफलसूचकं शास्त्रमेव ।

२. એજન, पत्र २९५ : अंगविद्यां च शिरःप्रभृत्यंगस्फुरणतः शुभाशुभसूचिकाम् ।

३. उत्तराध्ययन चूर्णि, पृ. १७५ : अंगविद्या नाम आरोग्य-शास्त्रम् ।

४. बृहद्वृत्ति, पत्र २९५ : अंगविद्यां च शिरःप्रभृत्यंगस्फुरणतः शुभाशुभसूचिकां 'सिरफुरणे किर रज्जं' इत्यादिकां विद्यां प्रणवमायाबीजादिवर्णविन्यासात्मिका वा, यद् वा—अंगानि—अंगविद्याव्यावर्णितानि भौमान्तरीक्षादीनि विद्या 'हलि ! हलि मातंगिनी स्वाहा' इत्यादयो विद्यानुवादप्रसिद्धाः, ततश्च अंगानि च विद्याश्चांगविद्याः, प्रागवद् वचनव्यत्ययः ।

५. उत्तराध्ययन चूर्णि, पृ. १७७ : न नियमित्ता अनियमित्ता, इंदियनियमेणं, नो-इंदियनियमेणं ।

६. दसवेआलियं, ९।४।३।

७. बृहद्वृत्ति, पत्र २९६ : समाधियोगेहिं—समाधिः—चित्त-स्वास्थ्यं तत्प्रधाना योगाः—शुभमनोवाक्कायव्यापाराः समाधियोगाः । यद् वा समाधिश्च—शुभचित्तैकाग्रता योगाश्च—पृथगेव प्रत्युपेक्षणादयो व्यापाराः समाधियोगाः ।

### ૨૪. કામ, ભોગ અને રસોમાં આસક્ત (कामभोगरसगिद्धा)

વિષયાસક્ત મનુષ્યો દ્વારા કામ્ય ઈષ્ટ શબ્દ, રૂપ, ગંધ તથા સ્પર્શને કામ કહે છે. તેના બે પ્રકાર છે—દ્રવ્યકામ અને ભાવકામ. ભાવકામના બે પ્રકાર છે—ઈચ્છાકામ અને મદનકામ. અભિલાષારૂપ કામને ઈચ્છાકામ અને વેદોપયોગને મદનકામ કહે છે.[1]

ઈન્દ્રિયોના વિષયોના આસેવનને ભોગ કહે છે. ભોગ કામનો ઉત્તરવર્તી છે. પહેલાં કામના હોય છે, પછી ભોગ હોય છે. આગમોમાં રૂપ અને શબ્દને કામ તથા સ્પર્શ, રસ અને ગંધને ભોગ કહેલ છે.[2]

ચૂર્ણિમાં રસનો અર્થ છે[3]—તિક્ત, મધુર વગેરે રસ અને વૃત્તિમાં તેના બે અર્થો મળે છે[4]—અત્યન્ત આસક્તિ અથવા શૃંગાર વગેરે રસ.

વૃત્તિકારનું કથન છે કે રસ, ભોગની અંદર આવે છે, પરંતુ અતિગૃદ્ધિ દર્શાવવા માટે તેનું પૃથક્ ગ્રહણ કરવામાં આવ્યું છે.[5]

જુઓ—પાપનું ટિપ્પણ.

### ૨૫. અસુરકાયમાં (आसुरे काए)

ચૂર્ણિમાં આના બે અર્થ કરવામાં આવ્યા છે—અસુર દેવોના નિકાયમાં અથવા રૌદ્ર તિર્યક યોનિમાં.[6] બૃહદ્‌વૃત્તિમાં માત્ર પહેલો જ અર્થ છે.[7]

### ૨૬. બહુ (बहु)

ચૂર્ણિ અને વૃત્તિમાં આને સંસારનું વિશેષણ માન્યું છે. ચૂર્ણિકારે આનો અર્થ ચોરાસી લાખ ફેરાવાળો સંસાર એવો કર્યો છે. વૃત્તિકારે આ અર્થને વૈકલ્પિક માનીને મુખ્ય અર્થ વિપુલ અથવા વિસ્તીર્ણ કર્યો છે.[8] અમે તેને ક્રિયાવિશેષણ માન્યું છે.

### ૨૭. બોધિ (बोही)

બોધિનો અર્થ છે—સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રાત્મક જિન-ધર્મની પ્રાપ્તિ.[9]

સ્થાનાંગમાં તેના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે—જ્ઞાન-બોધિ, દર્શન-બોધિ અને ચારિત્ર-બોધિ.[10]

### ૨૮. દુષ્પૂર છે આ આત્મા (दुप्पूरए इमे आया)

એક ભિખારી ભીખ માગવા નીકળ્યો. તે ઘરે-ઘરે જઈને બોલતો—'મારું પાત્ર સોનામહોરોથી ભરી દો.' કોઈપણ વ્યક્તિની

---

૧. વિશેષ વિવરણ માટે જુઓ—दसवेआलियं, ૨।૧ નું ટિપ્પણ

૨. વિશેષ વિવરણ માટે જુઓ—दसवेआलियं, ૨।૩ નું 'ભોગ' શબ્દ પરનું ટિપ્પણ

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १७५ : रसास्तिक्तादयः ।

૪. बृहद्वृत्ति, पत्र २१६ : रसः—अत्यन्तासक्तिरूपः......यद् वा रसाः—पृथगेव शृङ्गारादयो वा ।

૫. એજન, पत्र २१६ : भोगान्तर्गतत्वेऽपि चैषां ( रसानां ) पृथगुपादानमतिगृद्धिविषयताख्यापनार्थम् ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १७५, १७६ : असुराणामयं आसुरः, ते हि ( बहिचा )रियसमणा असत्थभावणाभाविया असुरेसु वा उववज्जंति, अथवा असुरसदृशो भावः आसुरः, क्रूर इत्यर्थः, 'उववज्जंति आसुर काए 'त्ति रौद्रेषु तिर्यग्योनिकेषु उववज्जंति ।

૭. बृहद्वृत्ति, पत्र २१६ : 'आसुरे' असुरसम्बंधि-निकाये, असुर-निकाये इत्यर्थः ।

૮. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १७६ : बहुंति चउरासीति-योनिलक्षभेदः ।
(ખ) बृहद्वृत्ति, पत्र २१६ : बहुशब्दस्य 'बहुष्टपे धृतं श्रेयः' इत्यादिषु विपुलवाचिनोऽपि दर्शनाद् बहुं—विपुलं विस्तीर्णमिति यावत्, बहुप्रकारं वा चतुरशीती योनिलक्षतया ।

૯. बृहद्वृत्ति, पत्र २१६ : 'बोधिः' प्रेत्य जिनधर्म्मावाप्तिः ।

૧૦. ठाणं, ३।१७६ ।

એવી શક્તિ ન હતી કે તેના પાત્રને સોનામહોરોથી ભરી દે. આ વાત રાજા સુધી પહોંચી. રાજાએ તેને દરબારમાં બોલાવીને કહ્યું—'હું ભરી દઉં છું તારા પાત્રને સોનામહોરોથી.' રાજાએ ખજાનચીને આજ્ઞા આપી. ખજાનચી ભિખારીના પાત્રમાં સોનામહોરો નાખવા લાગ્યો. પણ આ શું? તે પાત્ર ભરાતું જ ન હતું. રાજાને આશ્ચર્ય થયું. તેણે ભિખારીને પૂછ્યું. ભિખારીએ કહ્યું—'મહારાજ! આ સામાન્ય પાત્ર નથી. આ મનુષ્યની ખોપરી છે. આ ક્યારેય ભરાતી નથી. આ દુષ્પૂરક છે.'

૨૯. (શ્લોક ૧૭)

પ્રસ્તુત શ્લોકમાં 'લાભથી લોભ વધે છે'ના પ્રસંગમાં કપિલની કથા તરફ સંકેત છે. સમગ્ર કથાનક માટે જુઓ—આમુખ, પૃ. ૨૨૫-૨૨૭.

વૃત્તિકારે પ્રસ્તુત શ્લોકમાં પ્રયુક્ત 'मास' (સં. माषः) શબ્દનું માપ આપ્યું છે. તે સમયે અઢી રતિભારનો એક માસો થતો.[1] આજે છ કે આઠ રતિભાર એક માસો માનવામાં આવે છે.

૩૦. ગ્રંથિ (गंड)

અહીં ગંડનો અર્થ—ग्रन्थि (ગાંઠ) કે ફોલ્લો થઈ શકે છે. સ્તન માંસની ગ્રંથિ[2] કે ફોલ્લા સમાન[3] હોય છે, એટલા માટે તેમને ગંડ કહેવામાં આવ્યા છે.

૩૧. અનેક ચિત્તવાળી (अणेगचित्तासु)

આચારાંગનું એક સૂક્ત છે[4]—अणेगचित्ते खलु अयं पुरिसे—પુરુષ અનેક ચિત્તવાળો હોય છે. પ્રસ્તુત શ્લોકમાં સ્ત્રી માટે 'अणेगचित्ता'નો પ્રયોગ થયો છે.

ચૂર્ણિકાર અને વૃત્તિકારે સ્ત્રીની અનેકચિત્તતા વિષયમાં કેટલાક શ્લોકો પ્રસ્તુત કર્યા છે—

**कुर्वन्ति तावत् प्रथमं प्रियाणी, यावन्न जानन्ति नरं प्रसक्तम् ।**
**ज्ञात्वा च तन्मन्मथपाशबद्धं, ग्रस्तामिषं मीनमिवोद्धरंति ।**

અથવા—

**अन्नं भणंति पुरतो, अन्नं पासेण वज्जमाणीओ ।**
**अन्नं च तासि हियए, न जं खमं तं करेंति महिलाओ ॥**

(उत्तराध्ययन चूर्णि, पृ. १७६)

**'अन्यस्यांके ललति विशदं चान्यमालिंग्य शेते,**
**अन्यं वाचा चपयति हसत्यन्यमन्यं च रौति ।**
**अन्यं वेष्टि स्पृशति कशति प्रोर्णुते चान्यमिष्टं,**
**नार्यो नृत्यत्तडित इव धिक् चञ्चलाश्चालिकाश्च॥'**

(बृहद्वृत्ति, पत्र २९७)

---

१. बृहद्वृत्ति, पत्र २९७ : द्वाभ्यां—द्विसंख्याभ्यां माषाभ्यां—पञ्चरत्तिकामानाभ्याम् ।

२. वैराग्य शतक, श्लोक २१ : स्तनौ मांस-ग्रन्थी कनककलशा-वित्युपमित्तौ ।

३. बृहद्वृत्ति, पत्र २९७ : गण्डं—गडु चोपचितपिशितपिण्ड-रूपतया गलत्पूतिरुधिरार्द्रतासम्भवाच्च तदुपमत्वाद् गण्डे कुचावुक्तौ ।

४.

हृद्यन्यद् वाक्यन्यत् कार्येष्यन्यत् पुरोऽथ पृष्ठेऽन्यत् ।
अन्यत् तव मम चान्यत्, स्त्रीणां सर्वं किमप्यन्यत् ॥

(सुखबोधा, पत्र १३२)

### ૩૨. રાક્ષસી જેવી ભયાવહ સ્ત્રીઓમાં (रक्खसीसु)

અહીં સ્ત્રીને રાક્ષસી કહેવામાં આવી છે. જે રીતે રાક્ષસી સમસ્ત રક્ત પી જાય છે અને જીવન હરી લે છે તેવી જ રીતે સ્ત્રીઓ પણ મનુષ્યના જ્ઞાન વગેરે ગુણો તથા જીવન અને ધનનો સર્વનાશ કરે છે.[1] રાક્ષસી શબ્દ લાક્ષણિક છે, અભિધાવાચક નથી. તે કામાશક્તિ કે વાસનાનો સૂચક છે. પુરુષ માટે સ્ત્રી વાસનાના ઉદ્દીપનનું નિમિત્ત બને છે, તે દૃષ્ટિએ તેને રાક્ષસી કહી છે. સ્ત્રી માટે પુરુષ વાસનાના ઉદ્દીપનનું નિમિત્ત બને છે, તે દૃષ્ટિથી તેને રાક્ષસ કહી શકાય.

આ જ તથ્યને પુષ્ટ કરનાર શ્લોક છે—

दर्शनात् हरते चित्तं, स्पर्शनात् हरते बलम् ।
मैथुनात् हरते वित्तं, नारी प्रत्यक्षराक्षसी ॥

### ૩૩. દાસની જેમ નચાવે છે (खेल्लंति जहा व दासेहिं)

કામવાસનાને વશવર્તી વ્યક્તિઓને સ્ત્રીઓ દાસની માફક આજ્ઞાપાલક બનાવે છે. તેઓ કહે છે—'આવો, જાવ, બેસો, આ ન કરો, તે ન કરો' વગેરે-વગેરે. આ રીતે તેઓ તેમને નચાવે છે.

સૂત્રકૃતાંગ (શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૪)માં આનું વિશદ વર્ણન મળે છે.

### ૩૪. અતિ મનોજ્ઞ (पेसलं)

ચૂર્ણિકારે 'प्रियं करोतीति पेशलः'—એવી વ્યુત્પત્તિ કરી આનો અર્થ પ્રિય કરનાર કર્યો છે.[2]

વૃત્તિકારે ઇહલોક અને પરલોક માટે હિતકારી હોવાને કારણે જે અતિ મનોજ્ઞ હોય છે, તેને પેશલ માનેલ છે.[3]

### ૩૫. (શ્લોક ૧૯)

મનોવૈજ્ઞાનિકો માને છે—જે માણસ કામવાસનાની પૂર્તિ કરતો નથી, તેનામાં ચિત્ત-વિક્ષેપ કે પાગલપણું આવી જાય છે. આ માન્યતામાં સાપેક્ષ સત્ય છે. આ સત્યની જે બીજી બાજુ છે તેનું પ્રતિપાદન પ્રસ્તુત શ્લોકમાં થયું છે. કામવાસના પ્રત્યે આકર્ષણ હોય અને તેની પૂર્તિ ન થાય તથા સુખ-પ્રાપ્તિનો કોઈ બીજો વિકલ્પ સામે ન હોય, તેવી અવસ્થામાં મનોવૈજ્ઞાનિક માન્યતા સાચી હોઈ શકે છે.

સૂત્રકારનો મત છે—જે કામવાસના પ્રત્યે વિરાગતા કે અનાકર્ષણ કરવા ઇચ્છે છે તે ધર્મ પ્રત્યે અનુરાગ કે આકર્ષણ ઉત્પન્ન કરે છે. જે વ્યક્તિ ધર્મ પ્રત્યે અનુરક્ત થઈ તેમાં પોતાના આત્માને જોડી દે છે તે કામવાસના પર વિજય મેળવે છે અને

---

૧. बृहद्वृत्ति, पत्र २९७ : राक्षस्य इव राक्षस्यः—स्त्रियः तासु, यथा ही राक्षस्यो रक्तसर्वस्वमापकर्षन्ति जीवितं च प्राणीनामपहरन्ति एवमेता अपि, तत्त्वतो ही ज्ञानादीन्येव जीवितं च अर्थश्च ( सर्वस्वं ) तानी च ताभिरपह्रीयन्त एव, तथा च हारिलः—
"वातोद्धूतो दहति हुतभुग्देहमेकं नराणां,
मत्तो नागः कुपितभुजगश्चैकदेहं तथैव ।
ज्ञानं शीलं विनयविभवौदार्यविज्ञानदेहान् ।
सर्वानर्थान् दहति वनिताऽऽमुष्मिकानैहिकांश्च ।"

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १७७ ।

૩. बृहद्वृत्ति, पत्र २९८ : पेशलम्—इह परत्र चैकान्तहितत्वेनातिमनोज्ञम् ।

વિક્ષિપ્તતાની સ્થિતિથી પણ બચી જાય છે. આ 'अनुरागात् विरागः' અથવા પ્રતિપક્ષ ભાવનાનો સિદ્ધાંત છે. આ જ રૂપાન્તરણની પ્રક્રિયાનું સૂત્ર છે. જે વસ્તુ કે પ્રવૃત્તિમાંથી અનુરાગ દૂર કરવો હોય, તેમાંથી અનુરાગને દૂર કરી બીજી વસ્તુ કે પ્રવૃત્તિ પર અનુરાગ સ્થાપી દો. તે નવી વસ્તુ કે પ્રવૃત્તિ પર અનુરાગ થવા લાગશે અને પૂર્વ અનુરાગ વૈરાગ્યમાં બદલાઈ જશે.

**૩૬. બંને લોકોને આરાધી લીધા (आराहिया दुवे लोए)**

આ વિષયમાં ત્રણ પક્ષ પ્રચલિત છે—

૧. માત્ર વર્તમાનને સુધારવો.

૨. માત્ર પરલોકને સુધારવો.

૩. ઇહલોક અને પરલોક—બંનેને સુધારવા.

પ્રસ્તુત આગમમાં ત્રીજો પક્ષ માન્ય કરવામાં આવ્યો છે. ધર્મનું આચરણ કરનારા બંને—ઇહલોક અને પરલોક—ને સુધારે છે. તેઓ વર્તમાન જીવનને પવિત્ર બનાવે છે અને પછીના જીવનને પણ પવિત્ર બનાવે છે.

# नवमं अज्झयणं

## नमिपव्वज्जा

# નવમું અધ્યયન

## નમિ-પ્રવ્રજ્યા

# આમુખ

મુનિ તે જ બને છે જેને બોધિ પ્રાપ્ત થયેલ છે. તે ત્રણ પ્રકારના હોય છે—સ્વયં-બુદ્ધ, પ્રત્યેક-બુદ્ધ અને બુદ્ધ-બોધિત (૧). જે સ્વયં બોધિ પ્રાપ્ત કરે છે, તેમને સ્વયં-બુદ્ધ કહેવામાં આવે છે, (૨) જે કોઈ એક ઘટના નિમિત્તે બોધિ પ્રાપ્ત કરે છે, તેમને પ્રત્યેક-બુદ્ધ કહેવામાં આવે છે અને (૩) જે બોધિ-પ્રાપ્ત વ્યક્તિઓના ઉપદેશથી બોધિ-લાભ કરે છે તેમને બુદ્ધ-બોધિત કહેવામાં આવે છે.[1]

આ સૂત્રમાં ત્રણે પ્રકારના મુનિઓનું વર્ણન છે—(૧)સ્વયં-બુદ્ધ કપિલનું આઠમા અધ્યયનમાં, (૨) પ્રત્યેક-બુદ્ધ નમિનું નવમા અધ્યયનમાં અને (૩) બુદ્ધ-બોધિત સંજયનું અઢારમા અધ્યયનમાં.

આ અધ્યયનનો સંબંધ પ્રત્યેક-બુદ્ધ મુનિ સાથે છે. કરકંડુ, દ્વિમુખ, નમિ અને નગ્ગતિ[2]—આ ચારેય સમકાલીન પ્રત્યેક-બુદ્ધ છે. આ ચારેય પ્રત્યેક-બુદ્ધોના જીવો પુષ્પોત્તર નામના દેવ-વિમાનમાંથી એકી સાથે ચ્યુત થયા હતા. ચારેએ એક સાથે પ્રવ્રજ્યા લીધી, એક જ સમયે પ્રત્યેક-બુદ્ધ બન્યા, એક જ સમયે કેવલજ્ઞાની બન્યા અને એક જ સમયે સિદ્ધ થયા.[3]

કરકંડુ કલિંગના રાજા હતા, દ્વિમુખ પંચાલના, નમિ વિદેહના અને નગ્ગતિ ગંધારના.

ઘરડો બળદ, ઈન્દ્રધ્વજ, એક કંકણની નીરવતા અને મંજરી-રહિત આમ્રવૃક્ષ—આ ચારેય ઘટનાઓ ક્રમશઃ ચારેયની બોધિ-પ્રાપ્તિની હેતુ બની.

એક વાર ચારેય પ્રત્યેક-બુદ્ધ વિહાર કરતા-કરતા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આવ્યા. ત્યાં વ્યંતર-દેવનું એક મંદિર હતું. તેના ચાર દ્વાર હતા. કરકંડુ પૂર્વ દિશાના દ્વારમાંથી પ્રવિષ્ટ થયા, દ્વિમુખ દક્ષિણ દ્વારમાંથી, નમિ પશ્ચિમ દ્વારમાંથી અને નગ્ગતિ ઉત્તરદ્વારમાંથી. વ્યંતર-દેવે એમ વિચાર્યું કે 'હું સાધુઓને પીઠ બતાવી કેવી રીતે બેસું ?' એટલે તેણે ચારે દિશામાં પોતાનું મોઢું બનાવી દીધું.

કરકંડુ ખુજલીથી પીડિત હતા. તેમણે એક કોમળ સળી લીધી અને કાન ખોતર્યો. ખોતર્યા પછી તેમણે સળી એક બાજુ છુપાવી દીધી. દ્વિમુખે આ જોયું. તેણે કહ્યું—'મુનિ ! પોતાનું રાજ્ય, રાષ્ટ્ર, પુર, અંતઃપુર વગેરે બધું છોડીને તમે આ (સળી)નો સંગ્રહ કેમ કરો છો ?' આ સાંભળતા જ કરકંડુ ઉત્તર આપે તે પહેલાં જ નમિએ કહ્યું—'મુનિ ! તમારા રાજ્યમાં તમારા અનેક કર્મચારીઓ—આજ્ઞા પાળનારા હતા. તેમનું કાર્ય હતું દંડ દેવાનું અને બીજાઓનો પરાભવ કરવાનું. આ કાર્યને છોડી આપ મુનિ બન્યા. આજ આપ બીજાઓના દોષ કેમ જોઈ રહ્યા છો ?' આ સાંભળી નગ્ગતિએ કહ્યું—'જે મોક્ષાર્થી છે, જે આત્મ-મુક્તિ માટે પ્રયત્ન કરી રહ્યા છે, જેમણે સઘળું છોડી દીધું છે, તેઓ બીજાની નિંદા કેમ કરે ?' ત્યારે કરકંડુએ કહ્યું—'મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત સાધુ અને બ્રહ્મચારી જો અહિતનું નિવારણ કરે છે, તો તે દોષ નથી. નમિ, દ્વિમુખ અને નગ્ગતિએ જે કંઈ કહ્યું છે, તે અહિત-નિવારણ માટે જ કહ્યું છે. આથી તે દોષ નથી.'[4]

---

૧. नंदी, सूत्र ३० ।

૨. (ક) सुखबोधा, पत्र १४४ : નગ્ગતિનું મૂળ નામ સિંહરથ હતું. તે કનકમાલા (વૈતાઢ્ય પર્વત પર તોરણપુર નગરના રાજા દૃઢશક્તિની પુત્રી)ને મળવા પર્વત પર આવ્યા કરતો હતો. મોટો ભાગ ત્યાં જ રહેવાને કારણે તેનું નામ 'નગ્ગતિ' પડ્યું.
(ખ) કુંભકાર જાતકમાં તેને તક્ષશિલાનો રાજા દર્શાવવામાં આવ્યો છે અને નામ નગ્ગજી (નગ્નજિત) આપ્યું છે.

૩. उत्तराध्ययन निर्युक्ति, गाथा २७० :
पुप्फुत्तराउ चवणं पव्वज्जा होइ एगसमएणं । पत्तेयबुद्धकेवलि सिद्धि गया एगसमएणं ॥

૪. उत्तराध्ययन निर्युक्ति, गाथा २७६-२७९ :
जया रज्जं च रट्ठं च, पुरं अंतेउरं तहा । सव्वमेअं परिच्चिज्ज, संचयं किं करेसिमं ?॥
जया ते पेइए रज्जे, कया किच्चकरा बहू । तेसिं किच्चं परिच्चिज्ज, अज्ज किच्चकरो भवं ॥
जया सव्वं परिच्चिज्ज, मुक्खाय घडसी भवं । परं गरहसी कीस ?, अत्तनीसेसकारए ॥
मुक्खमग्गं पवन्नेसु, साहूसु बंभयारिसु । अहिअत्थं निवारिंतो, न दोसं वत्तुमरिहसि ॥

ઋષિભાષિત પ્રકીર્ણકમાં ૪૫ પ્રત્યેક-બુદ્ધ મુનિઓનાં જીવન નિબદ્ધ છે. તેમાંના ૨૦ પ્રત્યેક-બુદ્ધ અરિષ્ટનેમિના તીર્થમાં, ૧૫ પાર્શ્વનાથના તીર્થમાં અને ૧૦ મહાવીરના તીર્થમાં થયા છે.[1]

(૧) અરિષ્ટનેમિના તીર્થમાં થઈ ગયેલ પ્રત્યેક-બુદ્ધ–

| | | |
|---|---|---|
| ૧.નારદ | ૮. કેતલીપુત્ર | ૧૫. મધુરાયણ |
| ૨. વજ્જિયપુત્ર | ૯. મહાકાશ્યપ | ૧૬. સોરિયાયણ |
| ૩. અસિત દવિલ | ૧૦. તેતલિપુત્ર | ૧૭. વિદુ |
| ૪. ભારદ્વાજ અંગિરસ | ૧૧. મંખલીપુત્ર | ૧૮. વર્ષપ કૃષ્ણ |
| ૫. પુષ્પશાલપુત્ર | ૧૨. યાજ્ઞવલ્ક્ય | ૧૯. આરિયાયણ |
| ૬. વલ્કલચીરિ | ૧૩. મૈત્રેય ભયાલી | ૨૦. ઉત્કલવાદી |
| ૭. કુર્માપુત્ર | ૧૪. બાહુક | |

(૨) પાર્શ્વનાથના તીર્થમાં થઈ ગયેલ પ્રત્યેક-બુદ્ધ–

| | | |
|---|---|---|
| ૧. ગાહાવતી-પુત્ર તરુણ | ૬. માતંગ | ૧૧. પાર્શ્વ |
| ૨. દગભાલ | ૭. વારત્તક | ૧૨. પિંગ |
| ૩. રામપુત્ર | ૮. આર્દ્રક | ૧૩. મહાશાલ-પુત્ર અરુણ |
| ૪. હરિગિરિ | ૯. વર્ધમાન | ૧૪. ઋષિગિરિ |
| ૫. અંબડ | ૧૦. વાયુ | ૧૫. ઉદ્દાલક |

(૩) મહાવીરના તીર્થમાં થઈ ગયેલ પ્રત્યેક-બુદ્ધ–

| | |
|---|---|
| ૧. વિત્ત તારાયણ | ૬. ઈન્દ્રનાગ |
| ૨. શ્રીગિરિ | ૭. સોમ |
| ૩. સાતિ-પુત્ર બુદ્ધ | ૮. યમ |
| ૪. સંજય | ૯. વરુણ |
| ૫. દ્વીપાયન | ૧૦. વૈશ્રમણ |

કરકંડુ.વગેરે ચાર પ્રત્યેક-બુદ્ધોનો ઉલ્લેખ આ સૂચિમાં નથી.

વિદેહ રાજ્યમાં બે નમિ થયા છે. બંને પોતપોતાના રાજ્યનો ત્યાગ કરી અણગાર બન્યા હતા. એક તીર્થંકર થયા, બીજા પ્રત્યેક-બુદ્ધ.[2] આ અધ્યયનમાં બીજા નમિ (પ્રત્યેક-બુદ્ધ)ની પ્રવ્રજ્યાનું વિવરણ છે, એટલા માટે આનું નામ 'નમિ-પ્રવ્રજ્યા' રાખવામાં આવ્યું છે.

માલવ દેશના સુદર્શનપુર નગરમાં મણિરથ રાજા રાજ્ય કરતા હતા. તેમનો નાનો ભાઈ યુગબાહુ હતો. મદનરેખા યુગબાહુની પત્ની હતી. મણિરથે કપટપૂર્વક યુગબાહુને મારી નાખ્યો. મદનરેખા તે સમયે ગર્ભવતી હતી. તેણે જંગલમાં એક પુત્રને જન્મ આપ્યો. તે બાળકને મિથિલા-નરેશ પદ્મરથ લઈ ગયો. બાળકનું નામ 'નમિ' રાખવામાં આવ્યું.

---

१. इसिभासिय, पढमा संगहिणी, गाथा १ : पत्तेयबुद्धमिसिणो, वीसं तित्थे अरिट्ठणेमिस्स ।
पासस्स य पण्णरस, दस वीरस्स विलीणमोहस्स ॥

२. उत्तराध्ययन निर्युक्ति, गाथा २६७ : दुन्निवि नमी विदेहा, रज्जाइं पयहिऊण पव्वइया ।
एगो नमितित्थयरो, एगो पत्तेयबुद्धो अ ॥

પદ્મરથ શ્રમણ થઈ ગયા પછી 'નમિ' મિથિલાનો રાજા બન્યો. એક વાર તે દાહજ્વરથી ઘેરાયો. છ મહિના સુધી ઘોર વેદના રહી. ઉપચારો કરવામાં આવ્યા. દાહજ્વર શાંત કરવા માટે રાણીઓ પોતે જ ચંદન ઘસતી. એક વાર બધી રાણીઓ ચંદન ઘસી રહી હતી. તેમના હાથમાં પહેરેલાં કંકણો રણકી રહ્યાં હતાં. તે અવાજથી નમિ ખિન્ન થઈ ગયા. તેમણે કંકણ ઉતારી નાખવા કહ્યું. બધી રાણીઓએ સૌભાગ્ય-ચિહ્ન સ્વરૂપ એક-એક કંકણ છોડીને બાકીના બધાં કંકણો ઊતારી નાખ્યાં.

કેટલીકવાર પછી રાજાએ પોતાના મંત્રીને પૂછ્યું–'કંકણનો અવાજ કેમ સંભળાતો નથી ?' મંત્રીએ કહ્યું– 'સ્વામી ! કંકણોના ઘર્ષણથી થતો અવાજ આપને ગમતો ન હતો. એટલા માટે બધી રાણીઓએ એક-એક કંકણ પહેરી રાખીને બાકીના બધા ઉતારી નાખ્યાં છે. એક કંકણથી ઘર્ષણ થતું નથી અને ઘર્ષણ વિના અવાજ આવે શી રીતે ?'

રાજા નમિ પ્રબુદ્ધ બની ગયો. તેણે વિચાર્યું કે 'સુખ એકલાપણામાં છે. જ્યાં દ્વન્દ્વ છે–બે છે–ત્યાં દુઃખ છે.' વિરક્ત-ભાવમાં તે આગળ વધ્યો. તેણે પ્રવ્રજિત થવાનો દૃઢ સંકલ્પ કર્યો.

અકસ્માત જ નમિને રાજ્ય છોડી પ્રવ્રજિત થતો જોઈ તેની પરીક્ષા લેવા માટે ઇન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરી આવે છે, પ્રણામ કરી નમિને લલચાવવા માટે અનેક પ્રયત્નો કરે છે અને કર્તવ્યનો ઉપદેશ આપે છે. રાજા નમિ બ્રાહ્મણને અધ્યાત્મની ગહન વાત બતાવે છે અને સંસારની અસારતાનો ઉપદેશ આપે છે.

ઇન્દ્રે કહ્યું–'રાજન ! હાથમાં રહેલ રમણીય ભોગોને છોડીને પરોક્ષ કામ-ભોગોની ઇચ્છા કરવી શું યોગ્ય કહી શકાય ?' (શ્લોક ૫૧). રાજાએ કહ્યું–'બ્રાહ્મણ ! કામ-ભોગો ત્યાજ્ય છે, તે બધા શલ્ય છે, વિષ-સમાન છે, આશીવિષ સર્પ સમાન છે. કામ-ભોગોની ઇચ્છા કરનાર તેમનું સેવન ન કરવા છતાં પણ દુર્ગતિ પ્રાપ્ત કરે છે (શ્લોક ૫૩).'

'આત્મ-વિજય જ પરમ વિજય છે'–આ તથ્ય સ્પષ્ટ અભિવ્યક્ત થયું છે. ઇન્દ્રે કહ્યું–'રાજન ! જે કોઈ રાજાઓ તમારી સામે ઝુકતા નથી, પહેલાં તેમને વશ કરો, પછી મુનિ બનજો (શ્લોક ૩૨).' નમિએ કહ્યું–'જે મનુષ્ય દુર્જેય સંગ્રામમાં દસ લાખ યોદ્ધાઓને જીતે છે, તેની અપેક્ષાએ જે વ્યક્તિ એક આત્માને જીતે છે, તે તેનો પરમ વિજય છે. આત્માની સાથે યુદ્ધ કરવું જ શ્રેયસ્કર છે. બીજાઓની સાથે યુદ્ધ કરવાથી શું લાભ ? આત્માને આત્મા વડે જીતીને મનુષ્ય સુખ પામે છે. પાંચ ઇન્દ્રિયો તથા ક્રોધ, માન, માયા, લોભ અને મન–આ બધાં દુર્જેય છે. એક આત્માને જીતી લેવાથી આ બધાંને જીતી શકાય છે (શ્લોક ૩૪-૩૬).'

'સંસારમાં ન્યાય-અન્યાયનો વિવેક નથી'–આની સ્પષ્ટ અભિવ્યક્તિ અહીં થઈ છે. ઇન્દ્રે કહ્યું–'રાજન ! હજી તું ચોર, લુટારા, ખિસાકાતરૂઓનો નિગ્રહ કરી નગરમાં શાંતિ સ્થાપિત કર, પછી મુનિ બનજે (શ્લોક ૨૮).' નમિએ કહ્યું–'બ્રાહ્મણ ! મનુષ્યો દ્વારા અનેક વખત મિથ્યા-દંડનો પ્રયોગ કરવામાં આવે છે. અપરાધ નહિ કરનારા પકડાઈ જાય છે અને અપરાધ કરનારા છૂટી જાય છે (શ્લોક ૩૦).'

આ રીતે આ અધ્યયનમાં જીવનના સમગ્ર દૃષ્ટિકોણને ઉપસ્થિત કરાયેલ છે. દાનથી સંયમ શ્રેષ્ઠ છે (શ્લોક ૪૦), અન્યાન્ય આશ્રમોમાં સંન્યાસ આશ્રમ શ્રેષ્ઠ છે (શ્લોક ૪૪), સંતોષ ત્યાગમાં છે, ભોગમાં નથી (શ્લોક ૪૮-૪૯) વગેરે વગેરે ભાવનાઓનો સુંદર નિર્દેશ છે. જ્યારે ઇન્દ્રે જોયું કે રાજા નમિ પોતાના સંકલ્પમાં અડગ છે, ત્યારે તેણે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું અને નમિની સ્તુતિ કરી ચાલ્યો ગયો.

પ્રસ્તુત અધ્યયનમાં બ્રાહ્મણવેશધારી ઇન્દ્ર રાજા નમિને રાજ્યધર્મના વિવિધ કર્તવ્યોની યાદ આપે છે અને મહર્ષિ નમિ તે બધા કર્તવ્યોના પ્રતિપક્ષમાં આત્મધર્મની વાત કરે છે. આ રીતે આ અધ્યયનમાં રાજ્યધર્મ અને આત્મધર્મના અનેક મુદ્દાઓ અભિવ્યક્ત થયા છે–

**રાજ્યધર્મ**

- પોતાની સંપત્તિ કે સ્વજનોની રક્ષા (શ્લોક ૧૨)
- દેશ-રક્ષા માટે કિલ્લા વગેરેનું નિર્માણ (શ્લોક ૧૮)
- પ્રાસાદ, વર્ધમાનગૃહો વગેરેનું નિર્માણ (શ્લોક ૨૪)
- અપરાધી વ્યક્તિઓનો નિગ્રહ (શ્લોક ૨૮)
- રાજાઓ પર વિજય (શ્લોક ૩૨)
- યજ્ઞ, બ્રહ્મભોજન વગેરે વડે યશોપાર્જન (શ્લોક ૩૯)
- કોશાગારનું સંવર્ધન (શ્લોક ૪૬)

**આત્મધર્મ**

- પ્રિય-અપ્રિય કંઈ પણ નહિ. હું એકલો છું—આ જ યથાર્થ બોધ (શ્લોક ૧૫-૧૬)
- સુરક્ષાનું સાધન – સંયમ. શારીરિક અને માનસિક દુઃખોમાંથી રક્ષા એ જ યથાર્થ રક્ષા (શ્લોક ૨૦-૨૨)
- શાશ્વત સ્થાન મોક્ષ પ્રત્યે જાગરુકતા (શ્લોક ૨૬-૨૭)
- પોતાની દુષ્પ્રવૃત્તિ પર અંકુશ (શ્લોક ૩૦)
- ઇન્દ્રિય-વિજય, આત્મ-વિજય (શ્લોક ૩૪-૩૬)
- સંયમ જ શ્રેયસ્કર (શ્લોક ૪૦)
- સંન્યાસની શ્રેષ્ઠતા (શ્લોક ૪૪)
- સંતોષનું સંવર્ધન. લોભને અલોભ વડે જીતવો (શ્લોક ૪૮-૪૯)

# नवमं अज्झयणं : નવમું અધ્યયન
# नमिपव्वज्जा : નમિ-પ્રવ્રજ્યા

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. चइऊण देवलोगाओ<br>उववन्नो माणुसंमि लोगंमि ।<br>उवसंतमोहणिज्जो<br>सरई पोराणियं जाइं ॥ | च्युत्वा देवलोकात्<br>उपपन्नो मानुषे लोके ।<br>उपशान्तमोहनीयः<br>स्मरति पौराणिकीं जातिम् ॥ | ૧. નમિરાજનો જીવ દેવલોકમાંથી ચ્યુત થઈ મનુષ્ય-લોકમાં ઉત્પન્ન થયો.[૧] તેમનો મોહ ઉપશાંત થયો હતો[૨] જેથી કરી તેમને પૂર્વ-જન્મની સ્મૃતિ થઈ.[૩] |
| २. जाइं सरित्तु भयवं<br>सहसंबुद्धो अणुत्तरे धम्मे ।<br>पुत्तं ठवेत्तु रज्जे<br>अभिणिक्खमई नमी राया ॥ | जातिं स्मृत्वा भगवान्<br>स्वसंबुद्धोऽनुत्तरे धर्मे ।<br>पुत्रं स्थापयित्वा राज्ये<br>अभिनिष्क्रामति नमिः राजा ॥ | ૨. ભગવાન[૪] નમિરાજ પૂર્વ-જન્મની સ્મૃતિ પામીને અનુત્તર ધર્મની આરાધના માટે સ્વયં-સંબુદ્ધ થયા[૫] અને રાજ્યનો ભાર પુત્રના ખભે નાખીને અભિનિષ્ક્રમણ કર્યું—પ્રવ્રજ્યા માટે નીકળી પડ્યા. |
| ३. से देवलोगसरिसे<br>अंतेउरवरगओ वरे भोए ।<br>भुंजित्तु नमी राया<br>बुद्धो भोगे परिच्चयई ॥ | स देवलोकसदृशान्<br>वरान्तःपुरगतो वरान् भोगान् ।<br>भुक्त्वा नमिः राजा<br>बुद्धो भोगान् परित्यजति ॥ | ૩. તે નમિરાજે ઉત્તમ અંતઃપુરમાં રહીને દેવલોકના ભોગો જેવા ઉત્તમ ભોગો ભોગવ્યા અને સંબુદ્ધ થયા પછી તે ભોગોને છોડી દીધા. |
| ४. मिहिलं सपुरजणवयं<br>बलमोरोहं च परियणं सव्वं ।<br>चिच्चा अभिनिक्खंतो<br>एगंतमहिट्ठिओ भयवं ॥ | मिथिलां सपुरजनपदां<br>बलमवरोधं च परिजनं सर्वम् ।<br>त्यक्त्वाऽभिनिष्क्रान्तः<br>एकान्तमधिष्ठितो भगवान् ॥ | ૪. ભગવાન નમિરાજે નગર અને જનપદ સહિત મિથિલા નગરી, સેના[૬], રાણીવાસ અને સઘળા પરિજનોને છોડીને અભિનિષ્ક્રમણ કર્યું તથા એકાંતવાસી કે એકત્વ-અધિષ્ઠિત[૭] બની ગયા. |
| ५. कोलाहलगभूयं<br>आसी मिहिलाए पव्वयंतंमि ।<br>तइया रायरिसिंमि<br>नमिंमि अभिणिक्खमंतंमि ॥ | कोलाहलकभूतम्<br>आसीन्मिथिलायां प्रव्रजति ।<br>तदा राजर्षौ<br>नमौ अभिनिष्क्रामति ॥ | ૫. જ્યારે રાજર્ષિ નમિ[૮] અભિનિષ્ક્રમણ કરી રહ્યાં હતા, પ્રવ્રજિત થઈ રહ્યાં હતા, તે સમયે મિથિલામાં બધી જગ્યાએ કોલાહલ જેવું થવા લાગ્યું.[૯] |
| ६. अब्भुट्ठियं रायरिसिं<br>पव्वज्जाठाणमुत्तमं ।<br>सक्को माहणरूवेण<br>इमं वयणमब्बवी ॥ | अभ्युत्थितं राजर्षिं<br>प्रव्रज्यास्थानमुत्तमम् ।<br>शक्रो ब्राह्मणरूपेण<br>इदं वचनमब्रवीत् ॥ | ૬. ઉત્તમ પ્રવ્રજ્યા-સ્થાન માટે ઉદ્યત થયેલા રાજર્ષિ પાસે દેવેન્દ્રે બ્રાહ્મણરૂપે[૧૦] આવીને આ પ્રમાણે કહ્યું— |

७. किण्णु भो ! अज्ज मिहिलाए
कोलाहलगसंकुला ।
सुव्वंति दारुणा सद्दा
पासाएसु गिहेसु य ? ॥

किन्नु भो ! अद्य मिथिलायां
कोलाहलकसंकुलाः ।
श्रूयन्ते दारुणाः शब्दाः
प्रासादेषु गृहेषु च ?॥

૭. હે રાજર્ષિ ! આજ મિથિલાના મહેલો અને ઘરોમાં[11] કોલાહલથી પરિપૂર્ણ દારુણ[12] શબ્દો કેમ સંભળાઈ રહ્યા છે ?

८. एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૮. આ અર્થ (વાત) સાંભળીને હેતુ અને કારણથી[13] પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

९. मिहिलाए चेइए वच्छे
सीयच्छाए मणोरमे ।
पत्तपुप्फफलोवेए
बहूणं बहुगुणे सया ॥

मिथिलायां चैत्यो वृक्षः
शीतच्छायो मनोरमः ।
पत्रपुष्पफलोपेतः
बहूनां बहुगुणः सदा ॥

૯. મિથિલામાં એક ચૈત્ય-વૃક્ષ[14] હતું, શીતળ છાયાવાળું, મનોરમ્ય, પત્ર, પુષ્પ અને ફળોથી લદાયેલું તથા ઘણા પક્ષીઓ માટે સદા ઉપકારી.[15]

१०.वाएण हीरमाणंमि
चेइयंमि मणोरमे ।
दुहिया असरणा अत्ता
एए कंदंति भो ! खगा ॥

वातेन ह्रियमाणे
चैत्ये मनोरमे ।
दुःखिता अशरणा आर्ताः
एते क्रन्दन्ति भोः ! खगाः ॥

૧૦.એક દિવસ પવન ફૂંકાયો અને તે મનોરમ્ય ચૈત્ય-વૃક્ષને ઊખાડીને ફેંકી દીધું. હે બ્રાહ્મણ ! તેના આશરે રહેનારા પેલા પક્ષીઓ દુઃખી, અશરણ અને પીડિત થઈને આક્રંદ કરી રહ્યા છે.[16]

११.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૧૧.આ અર્થ સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલ દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું—

१२.एस अग्गी य वाऊ य
एयं डज्झइ मंदिरं ।
भयवं ! अंतेउरं तेणं
कीस णं नावपेक्खसि ?॥

एषोऽग्निश्च वायुश्च
एतद् दह्यते मन्दिरम् ।
भगवन् ! अन्तःपुरं तेन
कस्मान्नावप्रेक्षसे ? ॥

૧૨. આ અગ્નિ છે અને આ વાયુ છે. આ આપનું મંદિર[17] (મહેલ) સળગી રહેલ છે. ભગવાન ! આપ પોતાના રાણીવાસની તરફ[18] કેમ જોતા નથી ?

१३.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइयो ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૧૩. આ અર્થ સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

१४.सुहं वसामो जीवामो
जेसिं मो नत्थि किंचण ।
मिहिलाए डज्झमाणीए
न मे डज्झइ किंचण ॥

सुखं वसामो जीवामः
येषां नः नास्ति किंचन ।
मिथिलायां दह्यमानायां
न मे दह्यते किंचन ॥

૧૪. જેમની પાસે કંઈ પણ નથી એવા અમે સુખપૂર્વક રહીએ છીએ અને સુખેથી જીવીએ છીએ. મિથિલા સળગી રહી છે તો તેમાં મારું કંઈ સળગતું નથી.[19]

१५. चत्तपुत्तकलत्तस्स
निव्वावारस्स भिक्खुणो ।
पियं न विज्जई किंचि
अप्पियं पि न विज्जए ॥

त्यक्तपुत्रकलत्रस्य
निर्व्यापारस्य भिक्षोः ।
प्रियं न विद्यते किंचित्
अप्रियमपि न विद्यते ॥

૧૫. પુત્ર અને સ્ત્રીઓથી મુક્ત તથા વ્યવસાયમાંથી નિવૃત્ત થયેલા[20] ભિક્ષુ માટે કોઈ વસ્તુ પ્રિય પણ નથી હોતી અને અપ્રિય પણ નથી હોતી.

१६. बहुं खु मुणिणो भद्दं
अणगारस्स भिक्खुणो ।
सव्वओ विप्पमुक्कस्स
एगंतमणुपस्सओ ॥

बहु खलु मुनेर्भद्रं
अनगारस्य भिक्षोः ।
सर्वतो विप्रमुक्तस्य
एकान्तमनुपश्यतः ॥

૧૬. બધા બંધનોથી મુક્ત, 'હું એકલો છું, મારું કોઈ નથી'— આ રીતે એકત્વદર્શી[21], ગૃહત્યાગી અને તપસ્વી ભિક્ષુને વિપુલ સુખ મળે છે.

१७. एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૧૭. આવી વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું—

१८. पागारं कारइत्ताणं
गोपुरट्टालगाणि च ।
उस्सूलगसयग्घीओ
तओ गच्छसि खत्तिया ! ॥

प्राकारं कारयित्वा
गोपुराट्टालकानि च ।
अवचूलक-शतघ्नीः
ततो गच्छ क्षत्रिय ! ॥

૧૮. હે ક્ષત્રિય ! હજી તું કિલ્લો[22], બુરજવાળા નગરદ્વાર[23], ખાઈ અને શતઘ્ની[24] (એક સાથે સો વ્યક્તિઓનો સંહાર કરનાર યંત્ર) બનાવ, પછી મુનિ બનજે.

१९. एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૧૯. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

२०. सद्धं नगरं किच्चा
तवसंवरमग्गलं ।
खंतिं निउणपागारं
तिगुत्तं दुप्पधंसयं ॥

श्रद्धां नगरं कृत्वा
तपःसंवरमर्गलाम् ।
क्षान्तिं निपुणप्राकारं
त्रिगुप्तं दुष्प्रधर्षकम् ॥

૨૦. શ્રદ્ધાને નગર, તપ અને સંયમને આગળો[25], ક્ષમા કે સહિષ્ણુતાને ત્રિગુપ્ત—બુરજ, ખાઈ અને શતઘ્ની રૂપી મન, વચન અને કાય ગુપ્તિથી સુરક્ષિત[26], દુર્જેય અને સુરક્ષા-નિપુણ કિલ્લો બનાવી,

२१. धणुं परक्कमं किच्चा
जीवं च इरियं सया ।
धिइं च केयणं किच्चा
सच्चेण पलिमंथए ॥

धनुः पराक्रमं कृत्वा
जीवां चेर्यां सदा ।
धृतिं च केतनं कृत्वा
सत्येन परिमथ्नीयात् ॥

૨૧. પરાક્રમને ધનુષ્ય, ઈર્યાપથને[27] તેની દોરી અને ધૃતિને તેની મૂઠ[28] બનાવી તેને સત્યથી બાંધે.

२२. तवनारायजुत्तेण
भेत्तूणं कम्मकंचुयं ।
मुणी विगयसंगामो
भवाओ परिमुच्चए ॥

तपोनाराचयुक्तेन
भित्वा कर्मकंचुकम् ।
मुनिर्विगतसङ्ग्रामः
भवात् परिमुच्यते ॥

૨૨. તપરૂપી લોહબાણયુક્ત ધનુષ્ય દ્વારા કર્મરૂપી કવચને ભેદી નાખે. એ રીતે સંગ્રામનો અંત કરી મુનિ સંસારથી મુક્ત થઈ જાય છે.

२३.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षि
देवेन्द्र इदमब्रवीत् ॥

૨૩. આ વાત સાંભળી હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–

२४.पासाए कारइत्ताणं
वद्धमाणगिहाणि य ।
बालग्गपोइयाओ य
तओ गच्छसि खत्तिया ! ॥

प्रासादान् कारयित्वा
वर्धमानगृहाणि च ।
'वालग्गपोइयाओ' च
ततो गच्छ क्षत्रिय ! ॥

૨૪. હે ક્ષત્રિય ! હજી તું પ્રાસાદ, વર્ધમાનગૃહ[29] અને ચંદ્રશાળા[30] બનાવ, પછી મુનિ બની જજે.

२५.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइयो ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૨૫. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–

२६.संसयं खलु सो कुणई
जो मग्गे कुणई घरं ।
जत्थेव गंतुमिच्छेज्जा
तत्थ कुव्वेज्ज सासयं ॥

संशयं खलु स कुरुते
यो मार्गे कुरुते गृहम् ।
यत्रैव गन्तुमिच्छेत्
तत्र कुर्वीत शाश्वतम् ॥

૨૬. તે શંકાશીલ જ બની રહે છે જે માર્ગમાં ઘર બનાવે છે (ન જાણે ક્યારે તેને છોડીને જવું પડે). પોતાનું ઘર ત્યાં જ બનાવવું જોઈએ જ્યાં જવાની ઇચ્છા હોય–જ્યાં ગયા પછી બીજે ક્યાંય જવું ન પડે.[31]

२७.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૨૭. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–

२८.आमोसे लोमहारे य
गंठिभेए य तक्करे ।
नगरस्स खेमं काऊणं
तओ गच्छसि खत्तिया ! ॥

आमोषान् लोमहारान्
ग्रन्थिभेदांश्च तस्करान् ।
नगरस्य क्षेमं कृत्वा
ततो गच्छ क्षत्रिय ! ॥

૨૮. હે ક્ષત્રિય ! હજી તું વાટમારુઓ, પ્રાણ હરણ કરનાર લૂંટારાઓ, ખીસાકાતરુઓ અને ચોરોનું નિયંત્રણ કરી નગરમાં શાંતિ સ્થાપિત કર, પછી મુનિ બનજે.[32]

२९.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૨૯. આ વાત સાંભળી હેતુ અને કારણથી પ્રેરિત નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–

३०.असइं तु मणुस्सेहिं
मिच्छा दंडो पजुंजई ।
अकारिणोऽत्थ बज्झंति
मुच्चई कारओ जणो ॥

असकृत्तु मनुष्यैः
मिथ्यादण्डः प्रयुज्यते ।
अकारिणोऽत्र बध्यन्ते
मुच्यते कारको जनः ॥

૩૦. મનુષ્યો દ્વારા અનેક વાર મિથ્યા-દંડનો પ્રયોગ કરવામાં આવે છે. અપરાધ નહિ કરનારા અહીં પકડાઈ જાય છે અને અપરાધ કરનારા છૂટી જાય છે.[33]

३१.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૩૧. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–

३२.जे केइ पत्थिवा तुब्भं
नानमंति नराहिवा ! ।
वसे ते ठावइत्ताणं
तओ गच्छसि खत्तिया ! ॥

ये केचित् पार्थिवास्तुभ्यं
नानमन्ति नराधिप ! ।
वशे तान् स्थापयित्वा
ततो गच्छ क्षत्रिय ! ॥

૩૨. હે નરાધિપ ક્ષત્રિય ! જે કોઈ રાજા તારી સામે નમતા ન હોય તેમને વશ કર, પછી મુનિ બનજે.

३३.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૩૩. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–

३४.जो सहस्सं सहस्साणं
संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं
एस से परमो जओ ॥

यः सहस्रं सहस्राणां
सङ्ग्रामे दुर्जये जयेत् ।
एकं जयेदात्मानं
एष तस्य परमो जयः ॥

૩૪. જે પુરુષ દુર્જેય સંગ્રામમાં દસ લાખ યોદ્ધાઓને જીતે છે, તેની અપેક્ષાએ તે એકલો પોતાની જાતને જીતે છે, એ તેનો પરમ વિજય છે.

३५.अप्पाणमेव जुज्झाहि
किं ते जुज्झेण बज्झओ ? ।
अप्पाणमेव अप्पाणं
जइत्ता सुहमेहए ॥

आत्मनैव युद्यस्व
किं ते युद्धेन बाह्यतः ।
आत्मनैव आत्मानं
जित्वा सुखमेधते ॥

૩૫. આત્માની સાથે જ યુદ્ધ કર, બાહ્ય યુદ્ધથી તને શું લાભ ? આત્માને આત્મા દ્વારા જ જીતીને મનુષ્ય સુખ પામે છે.[૩૪]

३६.पंचिंदियाणि कोहं
माणं मायं तहेव लोहं च ।
दुज्जयं चेव अप्पाणं
सव्वं अप्पे जिए जियं ॥

पंचेन्द्रियाणि क्रोधः
मानो माया तथैव लोभश्च ।
दुर्जयश्चैव आत्मा
सर्वमात्मनि जिते जितम् ॥

૩૬. પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા, લોભ અને મન– દુર્જેય છે. એક આત્માને જીતી લેવાથી આ બધાને જીતી લેવાય છે.

३७.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૩૭. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–

३८.जइत्ता विउले जन्ने
भोइत्ता समणमाहणे ।
दच्चा भोच्चा य जट्ठा य
तओ गच्छसि खत्तिया ! ॥

इष्ट्वा विपुलान् यज्ञान्
भोजयित्वा श्रमण-ब्राह्मणान् ।
दत्वा भुक्त्वा च इष्ट्वा च
ततो गच्छ क्षत्रिय ! ॥

૩૮. હે ક્ષત્રિય ! હજી તું પ્રચુર યજ્ઞો કરીને, શ્રમણ-બ્રાહ્મણોને ભોજન કરાવીને, દાન આપીને, ભોગો ભોગવીને અને યજ્ઞો કરીને પછી મુનિ બનજે.[૩૫]

३९.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૩૯. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–

४०.जो सहस्सं सहस्साणं
मासे मासे गवं दए ।
तस्सावि संजमो सेओ
अदिंतस्स वि किंचण ॥

यः सहस्रं सहस्राणां
मासे मासे गाः दद्यात् ।
तस्यापि संयमः श्रेयान्
अददतोऽपि किंचन ॥

૪૦. જે મનુષ્ય પ્રતિમાસ દસ લાખ ગાયોનું દાન આપે છે તેના માટે પણ સંયમ જ શ્રેયસ્કર છે, ભલે પછી તે કંઈ પણ ન આપે.[36]

४१.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૪૧. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલ દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–

४२.घोरासमं चइत्ताणं
अन्नं पत्थेसि आसमं ।
इहेव पोसहरओ
भवाहि मणुयाहिवा ! ॥

घोराश्रमं त्यक्त्वा
अन्यं प्रार्थयसे आश्रमम् ।
इहैव पौषधरतः
भव मनुजाधिप ! ॥

૪૨. હે મનુજાધિપ ! તું ઘોરાશ્રમ (ગૃહસ્થાશ્રમ) છોડીને બીજા આશ્રમ (સંન્યાસ)ની ઇચ્છા કરે છે, તે ઉચિત નથી. તું અહીં જ રહીને પૌષધમાં રત[37] થા–અણુવ્રત, તપ વગેરેનું પાલન કર.[38]

४३.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૪૩. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–

४४.मासे मासे तु जो बालो
कुसग्गेण तु भुंजए ।
न सो सुयक्खायधम्मस्स
कलं अग्घइ सोलसिं ॥

मासे मासे तु यो बालः
कुशाग्रेण तु भुङ्क्ते ।
न स स्वाख्यातधर्मणः
कलामर्हति षोडशीम् ॥

૪૪. કોઈ બાલ (ગૃહસ્થ) માસ-માસની તપસ્યા પછી દાભની અણી ઉપર રહે તેટલો જ આહાર[39] કરે તો પણ તે સુ-આખ્યાત ધર્મ[40]–ચારિત્ર-ધર્મની સોળમી કળાને પણ પ્રાપ્ત કરતો નથી.[41]

४५.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૪૫. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–

४६.हिरण्णं सुवण्णं मणिमुत्तं
कंसं दूसं च वाहणं ।
कोसं वड्ढावइत्ताणं
तओ गच्छसि खत्तिया ! ॥

हिरण्यं सुवर्णं मणिमुक्तां
कांस्यं दूष्यं च वाहनम् ।
कोशं वर्धयित्वा
ततो गच्छ क्षत्रिय ! ॥

૪૬. હે ક્ષત્રિય ! હજી તું ચાંદી, સોનું, મણિ, મોતી, કાંસાના વાસણો, વસ્ત્રો, વાહનો અને ભંડારની વૃદ્ધિ કર, પછી મુનિ બનજે.

४७.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૪૭. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

४८.सुवण्णरुप्पस्स उ पव्वया भवे
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहिं किंचि
इच्छा उ आगाससमा अणंतिया ॥

सुवर्णरूप्यस्य तु पर्वता भवेयुः
स्यात् खलु कैलाससमा असंख्यकाः ।
नरस्य लुब्धस्य न तैः किंचित्
इच्छा तु आकाशसमा अनन्तिका ॥

૪૮. કદાચ સોના અને ચાંદીના કૈલાસ જેવડા અસંખ્ય પર્વતો બની જાય, તો પણ લોભી પુરુષને તેનાથી કંઈ વળતું નથી, કેમ કે ઇચ્છા આકાશ જેવી અનંત છે.

४९.पुढवी साली जवा चेव
हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स
इइ विज्जा तवं चरे ॥

पृथिवी शालिर्यवाश्चैव
हिरण्यं पशुभिः सह ।
प्रतिपूर्णं नालमेकस्मै
इति विदित्वा तपश्चरेत् ॥

૪૯. પૃથ્વી, ચોખા, જવ, સોનું અને પશુઓ—આ બધી વસ્તુ એકની ઇચ્છાપૂર્તિ માટે પર્યાપ્ત નથી[૪૩], એમ જાણી તપનું આચરણ કરવું જોઈએ.

५०.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं
देविंदो इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिं राजर्षिं
देवेन्द्र इदमब्रवीत् ॥

૪૯. આ વાત સાંભળી હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું—

५१.अच्छेरगमब्भुदए
भोए चयसि पत्थिवा ! ।
असंते कामे पत्थेसि
संकप्पेण विहन्नसि ॥

आश्चर्यमभ्युदये
भोगांस्त्यजसि पार्थिव ! ।
असतः कामान् प्रार्थयसे
संकल्पेन विहन्यसे ॥

૫૧. હે પાર્થિવ ! આશ્ચર્ય છે કે તું આ અભ્યુદયકાળમાં સહજ પ્રાપ્ત ભોગોને ત્યાગી રહ્યો છે અને અપ્રાપ્ત કામ-ભોગોની ઇચ્છા કરે છે—આ રીતે તું પોતાના સંકલ્પથી જ હણાઈ રહ્યો છે.[૪૪]

५२.एयमट्ठं निसामित्ता
हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी
देविंदं इणमब्बवी ॥

एतमर्थं निशम्य
हेतुकारणचोदितः ।
ततो नमिः राजर्षिः
देवेन्द्रमिदमब्रवीत् ॥

૫૨. આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

५३.सल्लं कामा विसं कामा
कामा आसीविसोवमा ।
कामे पत्थेमाणा
अकामा जंति दोग्गइं ॥

शल्यं कामा विषं कामाः
कामा आशीविषोपमाः ।
कामान् प्रार्थयमाना
अकामा यान्ति दुर्गतिम् ॥

૫૩. કામ-ભોગો શલ્ય છે, વિષ છે અને આશીવિષ સર્પ સમાન છે. કામ-ભોગોની ઇચ્છા કરનારાઓ[૪૫], તેમનું સેવન ન કરવા છતાં પણ દુર્ગતિ પામે છે.[૪૬]

५४.अहे वयइ कोहेणं
माणेणं अहमा गई ।
माया गईपडिग्घाओ
लोभाओ दुहओ भयं ॥

अधो व्रजति क्रोधेन
मानेनाधमा गतिः ।
मायया गतिप्रतिघातः
लोभाद् द्विधा भयम् ॥

૫૪. મનુષ્ય ક્રોધથી અધોગતિમાં જાય છે. માનથી અધોગતિ થાય છે. માયાથી સુગતિનો વિનાશ થાય છે. લોભથી બંને પ્રકારનો—ઐહિક અને પારલૌકિક—ભય થાય છે.[૪૭]

**५५.अवउज्झिऊण माहणरूवं**
**विउव्विऊण इंदत्तं ।**
**वंदइ अभित्थुणंतो**
**इमाहिं महुराहिं वग्गूहिं ॥**

अपोह्य ब्राह्मण रूपं
विकृत्येन्द्रत्वम् ।
वन्दतेऽभिष्टुवन्
आभिर्मधुराभिर्वाग्भिः ॥

૫૫. દેવેન્દ્રે બ્રાહ્મણનું રૂપ છોડીને, ઇન્દ્રરૂપે પ્રગટ થઈને નમિ રાજર્ષિને વંદન કર્યાં અને આ મધુર શબ્દોમાં સ્તુતિ કરવા લાગ્યો—

**५६.अहो ! ते निज्जिओ कोहो**
**अहो! ते माणो पराजिओ ।**
**अहो ! ते निरक्किया माया**
**अहो ! ते लोभो वसीकओ ॥**

अहो ! त्वया निर्जितः क्रोधः
अहो ! त्वया मानः पराजितः ।
अहो ! त्वया निराकृता माया
अहो ! त्वया लोभो वशीकृतः ॥

૫૬. હે રાજર્ષિ ! આશ્ચર્ય છે કે તમે ક્રોધને જીત્યો છે ! આશ્ચર્ય છે કે તમે માનને પરાજિત કર્યું છે ! આશ્ચર્ય છે કે તમે માયાને દૂર કરી છે ! આશ્ચર્ય છે કે તમે લોભને વશ કર્યો છે !

**५७.अहो ! ते अज्जवं साहु**
**अहो ! ते साहु मद्दवं !**
**अहो ! ते उत्तमा खंती**
**अहो ! ते मुत्ति उत्तमा ॥**

अहो ! ते आर्जवं साधु
अहो ! ते साधु मार्दवम् ।
अहो ! ते उत्तमा क्षान्तिः
अहो ! ते मुक्तिरुत्तमा ॥

૫૭. અહો ! ઉત્તમ છે તમારી ઋજુતા. અહો ! ઉત્તમ છે તમારી મૃદુતા. અહો ! ઉત્તમ છે તમારી ક્ષમા કે સહિષ્ણુતા. અહો ! ઉત્તમ છે તમારી નિર્લોભતા.

**५८.इहं सि उत्तमो भंते !**
**पेच्चा होहिसि उत्तमो ।**
**लोगुत्तमुत्तमं ठाणं**
**सिद्धिं गच्छसि नीरओ ॥**

इहास्युत्तमो भदन्त !
प्रेत्य भविष्यस्युत्तमः ।
लोकोत्तमोत्तमं स्थानं
सिद्धिं गच्छसि नीरजाः ॥

૫૮. ભગવાન ! તમે આ લોકમાં પણ ઉત્તમ છો અને પરલોકમાં પણ ઉત્તમ ગણાશો. તમે કર્મ-રજથી મુક્ત થઈ લોકના સર્વોત્તમ સ્થાન (મોક્ષ)ને પ્રાપ્ત કરશો.

**५९.एवं अभित्थुणंतो**
**रायरिसिं उत्तमाए सद्धाए ।**
**पयाहिणं करेंतो**
**पुणो पुणो वंदई सक्को ॥**

एवमभिष्टुवन्
राजर्षिमुत्तमया श्रद्धया ।
प्रदक्षिणां कुर्वन्
पुनः पुनर्वन्दते शक्रः ॥

૫૯. આ રીતે ઇન્દ્રે ઉત્તમ શ્રદ્ધા પૂર્વક રાજર્ષિની સ્તુતિ કરી અને પ્રદક્ષિણા કરતાં-કરતાં વારંવાર વંદના કરી.

**६०.तो वंदिऊण पाए**
**चक्कंकुसलक्खणे मुणिवरस्स।**
**आगासेणुप्पइओ**
**ललियचवलकुंडलतिरीडी ॥**

ततो वन्दित्वा पादौ
चक्राङ्कुशलक्षणौ मुनिवरस्य ।
आकाशेनोत्पतितः
ललितचपलकुण्डलकिरीटी ॥

૬૦. તે પછી મુનિવર નમિના ચક્ર અને અંકુશના ચિહ્નવાળા ચરણોમાં વંદના કરી લલિત અને ચપળ કુંડળ તથા મુકુટને ધારણ કરનારો[૮૮] ઇન્દ્ર આકાશમાર્ગે ચાલ્યો ગયો.

**६१.नमी नमेइ अप्पाणं**
**सक्खं सक्केण चोइओ ।**
**चइऊण गेहं वइदेही**
**सामण्णे पज्जुवट्ठिओ ॥**

नमिर्नमयत्यात्मानं
साक्षाच्छक्रेण चोदितः ।
त्यक्त्वा गृहं वैदेही
श्रामण्ये पर्युपस्थितः ॥

૬૧. નમિ રાજર્ષિએ પોતાના આત્માને નમાવ્યો[૮૯]—સંયમ પ્રતિ સમર્પિત કર્યો. તેઓ સાક્ષાત દેવેન્દ્ર દ્વારા પ્રેરિત હોવા છતાં પણ ધર્મથી વિચલિત ન બન્યા અને ગૃહ તથા વૈદેહી[૯૦] (મિથિલા)નો ત્યાગ કરી શ્રામણ્યમાં ઉપસ્થિત થઈ ગયા.

**६२.एवं करेंति संबुद्धा**
**पंडिया पवियक्खणा ।**
**विणियट्टंति भोगेसु**
**जहा से नमी रायरिसि ॥**
**—त्ति बेमि ।**

एवं कुर्वन्ति संबुद्धाः
पण्डिताः प्रविचक्षणाः ।
विनिवर्तन्ते भोगेभ्यः
यथा स नमिः राजर्षिः ॥
—इति ब्रवीमि ।

૬૨. સંબુદ્ધ, પંડિત અને પ્રવિચક્ષણ પુરુષ આ જ રીતે કરે છે—તેઓ ભોગોથી નિવૃત્ત થાય છે. જેવી રીતે નમિ રાજર્ષિ થયા.

—આમ હું કહું છું.

ટિપ્પણ

# અધ્યયન ૯ : નમિ-પ્રવ્રજ્યા

## ૧. ઉત્પન્ન થયો (उववन्नो)

આગમોમાં આ શબ્દ બહુ વપરાયો છે. તેનો સામાન્ય અર્થ છે—ઉત્પત્તિ. દેવતા અને નૈરયિક ઉપરાંત મનુષ્ય (ઉત્તરાધ્યયન ૯।૧ ), સ્થાવરકાય (સૂત્રકૃતાંગ ૨।૭।૧૦) તથા ત્રસકાય (સૂત્રકૃતાંગ ૨।૭।૧૬)ની ઉત્પત્તિમાં પણ આ શબ્દ પ્રયોજાયો છે. ઉત્તરવર્તી સાહિત્યમાં આ શબ્દ દેવતા અને નારકની ઉત્પત્તિના અર્થમાં રૂઢ થઈ ગયો. તત્ત્વાર્થમાં 'नारकदेवानामुपपात:'—એવો પ્રયોગ મળે છે.[1] ઉપપાતનો અર્થ પણ ઉત્પત્તિ છે. પરંતુ ઉત્પત્તિ અને ઉપપાતની પ્રક્રિયા ભિન્ન છે. ગર્ભજ અને સમ્મૂર્ચ્છનજ પ્રક્રિયા ઉત્પત્તિની પ્રક્રિયા છે. ઉપપાતની પ્રક્રિયામાં ઉત્પન્ન થનાર જીવ અંતર્મુહૂર્તમાં યુવાન બની જાય છે.[2]

## ૨. તેનો મોહ ઉપશાન્ત હતો (उवसंतमोहणिज्जो)

અહીં ઉપશમનો અર્થ—અનુદયાવસ્થા છે. પ્રસ્તુત પ્રસંગમાં ચૂર્ણિકારે દર્શનમોહ અને ચારિત્રમોહ—બંનેની ઉપશાંત દશાનો ઉલ્લેખ કર્યો છે.[3] વૃત્તિમાં માત્ર દર્શનમોહનીયની ઉપશાંત દશાનો ઉલ્લેખ છે.[4]

જાતિસ્મરણ જ્ઞાન માટે ચારિત્ર મોહનીયનું ઉપશાંત થવું પણ આવશ્યક છે. શુભ પરિણામ અને લેશ્યાની વિશુદ્ધિની ક્ષણોમાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

## ૩. પૂર્વજન્મની સ્મૃતિ થઈ (सरई पोराणियं जाइं)

જાતિનો અર્થ ઉત્પત્તિ કે જન્મ છે. આત્મવાદ અનુસાર જન્મની પરંપરા અનાદિ છે. એટલા માટે તેને પુરાણ કહેલ છે. પુરાણ-જાતિ અર્થાત્ પૂર્વજન્મ. પૂર્વજન્મની સ્મૃતિને 'જાતિસ્મરણ જ્ઞાન' કહેવામાં આવે છે. આ મતિજ્ઞાનનો એક પ્રકાર છે.[5] તેના દ્વારા પૂર્વવર્તી સંખ્યેય જન્મોની સ્મૃતિ થાય છે.[6] તે બધા સમનસ્ક જન્મ હોય છે. પ્રચલિત ધારણા એવી છે કે જાતિસ્મરણ વડે ઉત્કૃષ્ટ રીતે પૂર્વના નવ જન્મો જાણી શકાય છે.

કોઈ હેતુથી સંસ્કારનું જાગરણ થાય છે અને અનુભૂત વિષયની સ્મૃતિ થઈ આવે છે. સંસ્કાર મસ્તિષ્કમાં સંચિત થાય છે, પ્રયત્ન કરવાથી તે જાગૃત બની જાય છે. આજકાલ મસ્તિષ્ક પર યાંત્રિક વ્યાયામ કરી શિશુ-જીવનની ઘટનાઓની સ્મૃતિ કરાવવામાં આવે છે. આ બધી વર્તમાન જીવનની સ્મૃતિની પ્રક્રિયા છે. પૂર્વ-જન્મના સંસ્કાર સૂક્ષ્મ-શરીર—કાર્મણ-શરીરમાં સંચિત રહે છે. મનની એકાગ્રતા તથા પૂર્વ-જન્મને જાણવાની તીવ્ર અભિલાષાથી અથવા કોઈ અનુભૂત ઘટનાની પુનરાવૃત્તિ જોઈને જાતિસ્મરણ થઈ જાય છે. જૈન-આગમોમાં તેના અનેક ઉલ્લેખો છે. વર્તમાનમાં પણ આને લગતી ઘટનાઓ સાંભળવામાં આવે છે.

પૂર્વ-જન્મની સ્મૃતિના ચાર કારણો નિર્દિષ્ટ છે[7]—

૧. મોહનીય કર્મનો ઉપશમ.

---

૧. तत्त्वार्थ वार्तिक, २ । ३५ ।

૨. એજન, ૨।૩૨, भाष्य ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १८० : उवसंतमोहणिज्जो दंसणमोहणिज्जं चरित्रमोहणिज्जं च उवसंतं जस्स सो भवति उवसंतमोहणिज्जो ।

૪. बृहद्वृत्ति, पत्र ३०६ : उपशान्तं—अनुदयं प्राप्तं मोहनीयं—दर्शनमोहनीयं यस्यासावुपशान्तमोहनीयः ।

૫. आयारो १।३, वृत्ति पत्र १८ : जातिस्मरणं त्वाभिनिबोधिकविशेषः ।

૬. એજન, ૧।૩, वृत्ति पत्र १९ :जातिस्मरणस्तु नियमतः संख्येयान् ।

૭. नायाधम्मकहाओ १।१९० ।

૨. અધ્યવસાયોની શુદ્ધિ અથવા લેશ્યાની શુદ્ધિ.

૩. ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા.

૪. જાતિસ્મરણ જ્ઞાનને આવૃત કરનારા કર્મોનો ક્ષયોપશમ.

પ્રસ્તુત શ્લોકમાં માત્ર એક જ કારણ—મોહનીય કર્મનો ઉપશમ નિર્દિષ્ટ છે.

જાતિસ્મરણ જ્ઞાનના બે પ્રકાર છે—સનિમિત્તક અને અનિમિત્તક. કેટલાક વ્યક્તિઓમાં જાતિસ્મરણ જ્ઞાનના આવારક કર્મોના ક્ષયોપશમથી તે જ્ઞાન સ્વતઃ ઉદ્ભૂત થઈ જાય છે. આ અનિમિત્તક છે. કેટલીક વ્યક્તિઓમાં તે બાહ્ય નિમિત્તથી ઉદ્ભૂત થાય છે. આ સનિમિત્તક છે.

ચૂર્ણિકાર અનુસાર પ્રસ્તુત પ્રસંગમાં નમિ જાણી જાય છે કે દેવભવથી પૂર્વના ભવમાં તેઓ મનુષ્ય હતા અને ત્યાં તેમણે સંયમની આરાધના કરી હતી. ત્યાંથી તેઓ પુષ્પોત્તર વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા હતા.[1]

'सरई' વર્તમાનકાળનું રૂપ છે. શાન્ત્યાચાર્યે 'स्म'ને 'शेष' માનેલ છે.[2] 'स्मरतिस्म' અર્થાત્ યાદ આવી—સ્મૃતિ થઈ. નેમિચન્દ્રે તે સમયની અપેક્ષાએ તેને વર્તમાનનું રૂપ માન્યું છે.[3]

## ૪. (भयवं)

**भयवं**—ભગવાન. 'भग' શબ્દના અનેક અર્થ છે—ધૈર્ય, સૌભાગ્ય, માહાત્મ્ય, યશ, સૂર્ય, શ્રુત, બુદ્ધિ, લક્ષ્મી, તપ, અર્થ, યોનિ, પુણ્ય, ઈશ, પ્રયત્ન અને તનુ. અહીં પ્રકરણવશ તેનો અર્થ બુદ્ધિ કે જ્ઞાન છે. ભગવાન અર્થાત્ બુદ્ધિમાન.[4] આચાર્ય નેમિચન્દ્રે ધૈર્ય વગેરે સમસ્ત ગુણોથી યુક્ત વ્યક્તિને ભગવાન માનેલ છે.[5]

## ૫. સ્વયં સંબુદ્ધ થયો (सहसंबुद्धो)

ચૂર્ણિકારે 'सहसंबुद्ध'ની વ્યુત્પત્તિ 'सहसा संबुद्धो'—એ રૂપે આપી તેનો અર્થ સ્વયંબુદ્ધ કર્યો છે.[6]

વૃત્તિકારે 'सह'નો મુખ્ય અર્થ સ્વયં અને સંબુદ્ધનો અર્થ—સમ્યગ્ તત્ત્વનો જ્ઞાતા—કર્યો છે. જે સ્વયં સંબુદ્ધ હોય છે, કોઈના દ્વારા નહિ, તે સહસંબુદ્ધ છે. તેમણે તેનો વૈકલ્પિક અર્થ—સહસા સંબુદ્ધ અર્થાત્ જાતિસ્મરણ પછી તરત જ સંબુદ્ધ થનાર—કર્યો છે.[7]

આગમ સાહિત્યમાં 'सह' શબ્દ 'स्व'ના અર્થમાં પ્રયુક્ત થાય છે.[8]

મુનિ ત્રણ પ્રકારના હોય છે—

૧. સ્વયં બુદ્ધ—કોઈ નિમિત્ત વિના બુદ્ધ થનાર.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ. १८० ।

२. बृहद्वृत्ति, पत्र ३०६ ।

३. सुखबोधा, पत्र १४५ ।

४. बृहद्वृत्ति, पत्र ३०६ : भगशब्दो यद्यपि धैर्यादिष्वनेकेषु अर्थेषु वर्तते, यदुक्तं—
धैर्यसौभाग्यमाहात्म्ययशोऽर्कश्रुतधीश्रियः ।
तपोऽर्थोपस्थपुण्येशप्रयत्नतनवो भगाः ॥
इति, तथापीह प्रस्तावाद् बुद्धिवचन एव गृह्यते, ततो भगो-बुद्धिर्यस्यास्तीति भगवान् ।

५. सुखबोधा, पत्र १४५ ।

६. उत्तराध्ययन चूर्णि, पृ. १८० : सहसा संबुद्धो सहसंबुद्धो, असंगत्तणो समणत्तणे स्वयं नान्येन बोधितः—स्वयंबुद्धः ।

७. बृहद्वृत्ति, पत्र ३०६ : सहेति—स्वयमात्मनैव सम्बुद्धः—सम्यगवगततत्त्वः सहसम्बुद्धो, नान्येन प्रतिबोधित इत्यर्थः, अथवा सहस त्ति आर्षत्वात् सहसा—जातिस्मृत्यनन्तरं झगित्येव बुद्धः ।

८. आयारो, १।३ : सहसम्मुइयाए.... ।

૨. પ્રત્યેક બુદ્ધ—નિમિત્તથી પ્રતિબુદ્ધ થનાર.

૩. બુદ્ધ બોધિત—પ્રતિબુદ્ધ વ્યક્તિ પાસેથી પ્રેરણા મેળવી બુદ્ધ થનાર.

નમિ સ્વયંબુદ્ધ નહિ, પ્રત્યેક બુદ્ધ હતા. કથાનક અનુસાર તેઓ બંગડીઓના અવાજનું નિમિત્ત મળતાં પ્રતિબુદ્ધ થયા હતા. અઢારમા અધ્યયન (શ્લોક ૪૫)ના ચાર પ્રત્યેક બુદ્ધોમાં 'નમિ'નો પણ ઉલ્લેખ છે. પરંતુ મૂળ પાઠના આધારે એમ ફલિત થાય છે કે નમિને પૂર્વજન્મની સ્મૃતિ થઈ અને તે પછી તેઓ સ્વયંસંબુદ્ધ બની ગયા.[1]

## ૬. સેના (बल......)

ચૂર્ણિકાર અનુસાર 'बल' શબ્દ ચતુરંગિણી સેનાનો દ્યોતક છે.[2] પ્રાચીનકાળમાં સેનાના ચાર અંગો આ પ્રમાણે હતા—૧. હસ્તિસેના, ૨. અશ્વસેના, ૩. રથસેના અને ૪. પદાતિસેના.

## ૭. એકાંતવાસી કે એકત્વ અધિષ્ઠિત (एगंतमहिट्ठिओ)

એકાંત શબ્દના ત્રણ અર્થો કરવામાં આવ્યા છે—મોક્ષ, વિજન સ્થાન અને એકત્વ ભાવના. જે મોક્ષના ઉપાયો—સમ્યક્ દર્શન વગેરે—ની સહાય લે છે, તે અહીં જ જીવનમુક્ત બની જાય છે. એટલા માટે તે એકાંતાધિષ્ઠિત કહેવાય છે. ઉદ્યાન વગેરે નિર્જન સ્થાનોમાં રહેનાર તથા 'હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી. હું તેને જોતો નથી કે જેનો હું હોઉં અને જે મારો હોય તે પણ મને દેખાતો નથી.'—આ પ્રમાણે એકલાપણાની ભાવના કરનાર પણ એકાંતાધિષ્ઠિત કહેવાય છે.[3] એકાંતવાસીમાં આ ત્રણે અર્થો ગર્ભિત છે. આ બધા અર્થોની સાથે-સાથે જ ચૂર્ણિકારે એકાંતનો અર્થ 'વૈરાગ્ય' પણ કર્યો છે.[4]

પ્રસ્તુત શ્લોકમાં 'एगंतमहिट्ठिओ' તથા સોળમા શ્લોકમાં 'एगंतमणुपस्सओ' પાઠ છે. અર્થના સંદર્ભમાં બંને સ્થાને 'एगत्त' પાઠ હોવો જોઈએ. 'एगत्त' અને 'एगंत'માં લખવામાં ખાસ તફાવત હોતો નથી. સંભવ છે કે 'एकत्त' પાઠ જ 'एगंत' બની ગયો હોય.

'एगंतमहिट्ठिओ'નો અર્થ એકાંતવાસીની અપેક્ષાએ એકત્વ-અધિષ્ઠિત વધુ સંગત લાગે છે. એ જ રીતે 'एगंतमणुपस्सओ'નો અર્થ એકાંતદર્શીની અપેક્ષાએ એકત્વદર્શી અધિક યોગ્ય જણાય છે. 'હું એકલો છું', 'મારું કોઈ નથી'—આ વાત એકત્વદર્શી જ કહી શકે.

જુઓ—શ્લોક ૧૬નું ટિપ્પણ.

## ૮. રાજર્ષિ નમિ (रायरिसिंमि)

નમિ મિથિલા જનપદના રાજા હતા. પ્રવ્રજ્યા માટે ઉદ્યત થતાં તેઓ ઋષિ બની ગયા. એટલા માટે તેમને 'રાજર્ષિ'ના રૂપમાં ઓળખાવવામાં આવે છે અથવા રાજાની અવસ્થામાં પણ તેઓ એક ઋષિની માફક જીવન વીતાવતા હતા, એટલા માટે પણ તેઓ 'રાજર્ષિ' કહેવાયા.

---

૧. જુઓ—આ જ અધ્યયનના પ્રથમ બે શ્લોક.

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १८१ : बलं—चतुरंगिणीसेनाम्।

૩. बृहद्वृत्ति, पत्र ३०७ : 'एगंत' त्ति एवः—अद्वितीयः कर्म्मणामन्तो यस्मिन्निति, मयूरव्यंसकादित्वात् समासः, तत एकान्तो—मोक्षस्तम् 'अधिष्ठितः' इव आश्रितवानिवाधिष्ठितः, तदुपायसम्यग्दर्शनाद्यासेवनादधिष्ठितः एव वा, इहैव जीवन्मुक्त्यावाप्तेः, यद्वैकान्तं— द्रव्यतो विजनमुद्यानादि भावतश्च सदा—
एकोऽहं न च मे कश्चिन्नाहमन्यस्य कस्यचित्।
न तं पश्यामि यस्याहं नासौ दृश्योऽस्ति यो मम॥
इति भावनात एक एवाहमित्यन्तोऽनिश्चय एकांतः, प्राग्वत् समासः, तमधिष्ठितः।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १८१ : एगंतमिहिट्ठिओ वैराग्येनेत्यर्थः।

રાજનીતિનો એક શ્લોક છે—

'**कामः क्रोधस्तथा लोभो, हर्षो मानो मदस्तथा ।**

**षड्वर्गमुत्सृजेदेनं, तस्मिंस्त्यक्ते सुखी नृपः ॥**

—જે વ્યક્તિ કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન અને મદ—અહંકાર—આ ષડ્‌વર્ગને છોડી દે છે, તે રાજર્ષિ કહેવાય છે. તે સુખી થાય છે.[1]

### ૯. કોલાહલ જેવું થવા લાગ્યું (कोलाहलगभूयं)

જ્યારે નમિ રાજર્ષિએ પ્રવ્રજ્યા માટે અભિનિષ્ક્રમણ કર્યું ત્યારે કેટલાક નગરજનો વિલાપ કરવા લાગ્યા, કેટલાક આક્રંદ કરવા લાગ્યા અને કેટલાક કંઈક બરાડવા લાગ્યા. તે બધા કલબલના અવાજથી આખુ નગર કોલાહલમય બની ગયું, કોલાહલથી આકુળ થઈ ગયું.

'भूत' શબ્દના આઠ અર્થો મળે છે—

| | |
|---|---|
| ૧. બનેલું | ૫. યથાર્થ |
| ૨. અતીત | ૬. વિદ્યમાન |
| ૩. પ્રાપ્ત | ૭. ઉપમા |
| ૪. સદૃશ | ૮. તદર્થભાવ |

વૃત્તિકારે પ્રસ્તુત પ્રકરણમાં ભૂત શબ્દના બે અર્થ આપ્યા છે—जात—ઉત્પન્ન અને सदृश.[2] અહીં પહેલો અર્થ જ પ્રસંગોચિત છે. આ અર્થમાં 'भूत' શબ્દનો પરનિપાત પ્રાકૃતના નિયમ અનુસાર થયો છે.

### ૧૦. બ્રાહ્મણ (माहण)

ઉત્તરાધ્યયનમાં 'माहण' શબ્દનો પ્રયોગ નીચેના સ્થળોએ થયો છે—

૧. ૯।૬, ૩૮, ૫૫.

૨. ૧૨।૧૧, ૧૩, ૧૪, ૩૦, ૩૮.

૩. ૧૪।૫, ૩૮, ૫૩.

૪. ૧૫।૯.

૫. ૧૮।૨૧.

૬. ૨૫।૧, ૪, ૧૮-૨૭, ૩૨, ૩૪, ૩૫.

શાન્ત્યાચાર્યે આ વિભિન્ન સ્થળોએ પ્રયુક્ત 'माहण' શબ્દનો અર્થ આ રીતે કર્યો છે—

૧. माहणरूयेण—ब्राह्मणवेषेण (બૃ. પ. ૩૦૭)

ब्राह्मणाश्च—द्विजाः (બૃ. પ. ૩૧૪)

---

૧. बृहद्वृत्ति, पत्र ३०७ : राजा चासौ राज्यावस्थामाश्रित्य ऋषिश्च तत्कालापेक्षया राजर्षिः, यदि वा राज्यावस्थायामपि ऋषिरिव ऋषिः—क्रोधादिषड्वर्गजयात्, तथा च राजनीतिः—काम......सुखी नृपः ॥

૨. बृहद्वृत्ति, पत्र ३०७ : भूत इति जातः.......यदि वा भूत शब्द उपमार्थः ।

| | |
|---|---|
| ब्राह्मणरूपम् | (બૃ. ૫. ૩૧૮) |
| २. माहणानां—ब्राह्मणानाम् | (બૃ. ૫. ૩૬૦) |
| ब्राह्मणाः द्विजाः | (બૃ. ૫. ૩૬૧) |
| ब्राह्मणानाम् | (બૃ. ૫. ૩૬૨) |
| ब्राह्मणो द्विजातिः | (બૃ. ૫. ૩૬૭) |
| माहना ब्राह्मणाः | (બૃ. ૫. ૩૭૦) |
| ૩. माहनस्य ब्राह्मणस्य | (બૃ. ૫. ૩૯૭) |
| ब्राह्मणेन | (બૃ. ૫. ૪૦૮) |
| ब्राह्मणः, ब्राह्मणी | (બૃ. ૫. ૪૧૨) |
| ૪. माहना ब्राह्मणाः | (બૃ. ૫. ૪૧૮) |
| ૫. 'माहण'त्ति मा वधीत्येवंरूपं<br>मनो वाक् क्रिया च यस्यासौ<br>माहनः, सर्वे धातवः पचादिषु<br>दृश्यन्त इति वचनात्पचादित्वादच् | (બૃ. ૫. ૪૪૨) |
| ૬. ब्राह्मणकुलसंभूतः | (બૃ. ૫. ૫૨૨) |
| ब्राह्मणसम्पदः | (બૃ. ૫. ૫૨૬) |
| ब्राह्मणः | (બૃ. ૫. ૫૨૬) |
| वयं ब्रूमो ब्राह्मणम् | (બૃ. ૫. ૫૨૬) |
| ब्राह्मणः माहणः | (બૃ. ૫. ૫૨૯) |
| ब्राह्मणत्वम् | (બૃ. ૫. ૫૨૯) |

ઉક્ત અધ્યયનના આધારે એવો નિષ્કર્ષ નીકળે છે કે શાન્ત્યાચાર્યે ૧૮।૨૧માં પ્રયુક્ત 'माहण' શબ્દની વ્યાખ્યા અહિંસકના રૂપમાં કરી છે અને બાકીના સ્થાનોમાં પ્રયુક્ત 'माहण'નો અર્થ તેમણે બ્રાહ્મણ જાતિ કે બ્રાહ્મણત્વ સંબંધિત એવો માન્યો છે. 'ब्राह्मण'નું પ્રાકૃત રૂપ 'बंभण' બને છે પરંતુ આ આગમમાં 'ब्राह्मण' માટે 'बंभण'નો પ્રયોગ ૨૫।૧૯, ૨૯, ૩૦, ૩૧માં થયો છે. તે સિવાય સર્વત્ર 'माहण'નો પ્રયોગ મળે છે. 'माहण' અને 'बंभण'ની પ્રકૃતિ એક નથી. 'माहण' અહિંસાનો અને 'बंभण' બ્રહ્મચર્ય (બ્રહ્મ-આરાધના)નો સૂચક છે. અહિંસા વિના બ્રહ્મની આરાધના નથી થઈ શકતી અને બ્રહ્મની આરાધના વિના કોઈ અહિંસક થઈ શકતો નથી. આ પ્રગાઢ સંબંધના કારણે બંને શબ્દો એકાર્થવાચી બની ગયા. આગમિક વ્યાકરણ અનુસાર 'ब्राह्मण'નું 'माहण' રૂપ બને એ પણ સંભવ છે. 'ब्राह्मण' માટે 'माहण' શબ્દના પ્રયોગની પ્રચુરતા જોતા આ સંભાવનાની ઉપેક્ષા કરી શકાય નહિ.

મલયગિરિએ 'माहण'નો અર્થ પરમ ગીતાર્થ શ્રાવક પણ કર્યો છે.[1] આ રીતે 'माहण' શબ્દ સાધુ, શ્રાવક અને બ્રાહ્મણ—એ ત્રણે માટે પ્રયોજાય છે. આગમની વ્યાખ્યાઓમાંથી આવો નિષ્કર્ષ મળે છે. પરંતુ તે ક્યાં સાધુ માટે, ક્યાં શ્રાવક માટે અને ક્યાં બ્રાહ્મણ માટે પ્રયોજાયો છે તેનો નિર્ણય કરવો ખૂબ વિવાદાસ્પદ બની રહેલ છે.

---

૧. रायपसेणइयं, वृत्ति पत्र ३०० : 'माहनः' परमगीतार्थः श्रावकः ।

## ૧૧. પ્રાસાદો અને ગૃહોમાં (पासाएसु गिहेसु)

ચૂર્ણિકારે પ્રાસાદનો વ્યુત્પત્તિકારક અર્થ આ રીતે કર્યો છે—જેને જોઈને જનતાના નયન અને મન આનંદિત થઈ જાય છે તે છે પ્રાસાદ.[1]

વૃત્તિ અનુસાર સાત મજલાવાળું કે તેનાથી અધિક મજલાવાળું મકાન 'પ્રાસાદ' કહેવાય છે અને સાધારણ મકાન 'ગૃહ'. પ્રાસાદનો બીજો અર્થ દેવકુળ—દેવમંદિર અને રાજ-ભવન પણ છે.[2]

## ૧૨. દારુણ (दारुण)

જે શબ્દો જનમાનસને વિદારે છે, મનને કંપાવે છે અથવા જે શબ્દો હૃદયમાં ઉદ્વેગ પેદા કરે છે તે શબ્દો દારુણ કહેવાય છે.[3]

## ૧૩. સાંભળીને, હેતુ અને કારણથી (निसामित्ता हेऊकारण....)

સંસ્કૃત ભાષામાં श्रुत्वा (सोच्चा) અને निशम्य (निसामित्ता) એ સામાન્યપણે પર્યાયવાચી મનાય છે. અર્થની અભિવ્યંજનાની દૃષ્ટિએ બંનેમાં અંતર છે. श्रुत्वाનો અર્થ છે—સાંભળીને અને निशम्यનો અર્થ છે—અવધારણ કરીને.[4]

સાધ્ય વિના જેનું ન હોવું નિશ્ચિત હોય તેને હેતુ કહેવાય છે. ઇન્દ્રે કહ્યું—'તમે જે અભિનિષ્ક્રમણ કરી રહ્યા છો તે અનુચિત છે (પક્ષ), કેમકે તમારા અભિનિષ્ક્રમણને લીધે સમગ્ર નગરમાં હૃદયવેધી કોલાહલ થઈ રહ્યો છે (હેતુ).[5]

અદૃષ્ટ પદાર્થ જે દૃષ્ટ વસ્તુ વડે ગૃહીત થાય છે, તેને હેતુ કહેવામાં આવે છે, જેમકે—અદૃષ્ટ અગ્નિ માટે દૃષ્ટ ધુમાડો હેતુ છે.

જેના વિના કાર્યની ઉત્પત્તિ ન થઈ શકે અને જે નિશ્ચિત રૂપે કાર્યનું પૂર્વવર્તી હોય તેને કારણ કહેવામાં આવે છે. 'જો તમે અભિનિષ્ક્રમણ ન કરત તો આટલો હૃદયવેધી કોલાહલ ન હોત. આ હૃદયવેધી કોલાહલનું કારણ તમારું અભિનિષ્ક્રમણ છે.'[6]

## ૧૪. ચૈત્ય-વૃક્ષ (चेइए वच्छे)

ચૂર્ણિ અને ટીકામાં ચૈત્યવૃક્ષનો અર્થ ઉદ્યાન અને તેના વૃક્ષો એવો કરવામાં આવ્યો છે.[7] પરંતુ વસ્તુતઃ 'चेइए वच्छे' નો અર્થ 'चैत्यवृक्ष' હોવો જોઈએ. 'चैत्य'ને વિયુક્ત માનીને તેનો અર્થ ઉદ્યાન કરવાનું કોઈ પ્રયોજન નથી.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १८१ : पसीदन्ति जणस्स नयन-मनांसि इति प्रासादः ।

૨. बृहद्वृत्ति, पत्र ३०८ : 'प्रासादेषु'—सप्तभूमादिषु, 'गृहेषु' सामान्यवेश्मसु, यद्वा 'प्रासादो देवतानरेन्द्राणा'-मितिवचनात् प्रासादेषु देवतानरेन्द्रसम्बन्धिष्वास्पदेषु 'गृहेषु' तदितरेषु ।

૩. (ક) बृहद्वृत्ति, पत्र ३०८ ।
(ખ) सुखबोधा, पत्र १४६ ।

૪. आचारांगवृत्ति, पत्र २४८ : श्रुत्वा—आकर्ण्य.....निशम्य अवधार्य ।

૫. सुखबोधा, पत्र १४६ : अनुचितमिदं भवतोऽभि-निष्क्रमणमिति प्रतिज्ञा, आक्रन्दादिदारुणशब्दहेतुत्वादिति हेतुः ।

૬. એજન, पत्र १४६ : आक्रन्दादिदारुणशब्दहेतुत्वं भवदभिनिष्क्रमणानुचितत्वं विनानुपन्नमित्येतावन्मात्रं कारणम् ।

૭. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १८१, १८२ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३०९ : चयनं चितिः—इह प्रस्तावात् पत्रपुष्पाद्युपचयः, तत्र साधुरित्यन्ततः प्रज्ञादेराकृतिगणत्वात् स्वार्थिकेऽणि चैत्यम्—उद्यानं तस्मिन्, 'वच्छे' त्ति सूत्रत्वाद्विशब्दलोपे वृक्षैः ।

પીપળો, વડ, પાકડ અને અશ્વત્થ—આ ચૈત્ય જાતિના વૃક્ષો છે.[1] મલ્લિનાથે રથ્યા-વૃક્ષોને ચૈત્ય-વૃક્ષો માન્યા છે.[2] શાન્ત્યાચાર્ય અનુસાર જે વૃક્ષના મૂળમાં ચબૂતરો બનાવવામાં આવ્યો હોય અને ઉપર ધ્વજા ફરકાવી હોય તે ચૈત્ય-વૃક્ષ કહેવાય છે.[3] ચૈત્ય શબ્દને ઉદ્યાનવાચી માનવાને લીધે વૃક્ષ શબ્દને ત્રીજી વિભક્તનું બહુવચન (वच्छेहि) અને તેનો (हि) લોપ માનવો પડ્યો.[4] પરંતુ 'चेइए'ને 'वच्छे'નું વિશેષણ માન્યું હોત તો તેમ કરવું જરૂરી ન બન્યું હોત અને વ્યાખ્યા પણ સ્વયંસહજ થઈ જાત. સ્થાનાંગમાં 'चेइयरुक्ख' શબ્દ મળે છે.[5] તેનાથી એમ પ્રમાણિત થાય છે કે 'चेइए वच्छे'નો અર્થ 'चैत्य-वृक्ष' જ હોવો જોઈએ.

'वच्छे'નાં સંસ્કૃત રૂપો થાય છે—'वत्स' અને 'वृक्ष'. અહીં તે 'वृक्ष'ના અર્થમાં પ્રયુક્ત છે. પ્રિય પુત્રનું એક સંબોધન છે 'वत्स'. વૃક્ષોનું પુત્રની માફક પાલન-પોષણ કરાય છે, તેટલા માટે તેમને પણ વત્સ કહી દેવાય છે.[6]

૧૫. (बहूणं बहुगुणे)

ચૂર્ણિકારે 'बहूणं' વડે દ્વિપદ, ચતુષ્પદ અને પક્ષીઓનું ગ્રહણ કર્યું છે.[7] વૃત્તિકારે તેને માત્ર પક્ષીઓનું જ વાચક માન્યું છે.[8]

'बहुगुणा'નો અર્થ છે—પ્રચુર ઉપકારી.[9] તે ચૈત્ય-વૃક્ષ શીતળ વાયુ, પત્ર, પુષ્પ વગેરે દ્વારા સહુ પર ઉપકાર કરતું હતું. એટલા માટે તે 'बहुगुण' હતું.

૧૬. (શ્લોક ૧૦)

પ્રસ્તુત શ્લોકમાં પક્ષીઓના ઉપચારથી સૂત્રકાર એમ બતાવવા ઈચ્છે છે કે નમિ રાજર્ષિના અભિનિષ્ક્રમણને લક્ષ કરીને મિથિલાના નગરજનો અને રાજર્ષિના સ્વજનો આક્રંદ કરી રહ્યાં છે, માનો કે ચૈત્ય-વૃક્ષના ધરાશાયી થઈ જવા પર પક્ષીગણો આક્રંદ કરી રહ્યાં હોય. પક્ષીઓ અને સ્વજનોમાં સામ્ય છે. જેમ પક્ષીઓ એક વૃક્ષ પર રાત વીતાવે છે, પછી સવારે પોતપોતાની દિશામાં ઊડી જાય છે, તેવી જ રીતે સ્વજનોનો એક નિશ્ચિત કાળમર્યાદા માટે સંયોગ હોય છે, પછી બધાં છૂટાં પડી જાય છે.[10]

વૃત્તિકારે ઉપસંહારમાં બતાવ્યું છે કે નગરજનો કે સ્વજનોનો આક્રંદ કરવાનો મૂળ હેતુ નમિ રાજર્ષિનું અભિનિષ્ક્રમણ નથી. આક્રંદનો મૂળ હેતુ છે પોતપોતાના સ્વાર્થનું પ્રયોજન. સ્વાર્થને નુકસાન પહોંચતું જોઈ બધાં આક્રંદ કરી રહ્યાં છે.[11]

૧૭. મંદિર (मंदिरं)

ચૂર્ણિકારે આનો અર્થ નગર[12] અને વૃત્તિકારે ઘર, પ્રાસાદ કર્યો છે.[13]

---

१. कालीदास का भारत, पृ. ५२ ।
२. मेघदूत, पूर्वार्द्ध, श्लोक २३ ।
३. बृहद्वृत्ति, पत्र ३०९ : चितिरिहेष्टकादिचयः, तत्र साधुः—योग्यश्चित्यः प्राग्वत्, स एव चैत्यस्तस्मिन्, किमुक्तं भवति? — अधोबद्धपीठिके उपरि चोच्छ्रितपताके .... वृक्ष इति शेषः ।
४. (क) उत्तराध्ययन चूर्णि, पृ. १८२ : एत्थ सिलोगभंगभया हिकारस्स लोवो कओ ।
(ख) बृहद्वृत्ति, पत्र ३०९ : 'वच्छे' त्ति सूत्रत्वाद्भिशब्द-लोपे वृक्षैः ।
५. ठाणं, ३।८५ : तिहिं ठाणेहिं देवाणं चेइयरुक्खा चलेज्जा ।
६. उत्तराध्ययन चूर्णि, पृ. १८२ : वच्छे त्ति रुक्खस्साभिधाणं, सुतं प्रियवायरणं वच्छा, पुत्ता इव रक्खिज्जंति वच्छा ।
७. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १८२ : बहूणं दुप्पयचउप्पद-पक्खीणं च ।
८. बृहद्वृत्ति, पत्र ३०९ : बहूनां प्रक्रमात् खगादीनाम् ।
९. એજન, पत्र ३०९ : बहवो गुणा यस्मात् तत् तथा तस्मिन् । कोर्थः ? फलादिभिः प्रचुरोपकारकारिणि ।
१०. એજન, पत्र ३०९ ।
११. એજન, पत्र ३०९ :
आत्मार्थं सीदमानं स्वजनपरिजनो रौति हाहारवार्तो,
भार्या चात्मोपभोगं गृहविभवसुखं स्वं च यस्याश्च कार्यम् ।
क्रन्दत्यन्योऽन्यमन्यस्त्विह हि बहुजनो लोकयात्रानिमित्तं,
यो वान्यस्तत्र किंचिन् मृगयति हि गुणं रोदितीष्टः स तस्मै ॥
१२. उत्तराध्ययन चूर्णि, पृ. १८२ : मंदिरं णाम नगरं ।
१३. बृहद्वृत्ति, पत्र ३१० : मंदिरं वेश्म ।

## ૧૮. રાણીવાસ તરફ (अंतेउरं तेणं)

વૃત્તિકારે આને એક પદ માની આનો અર્થ—અન્તઃપુરાભિમુખ કર્યો છે.[1]

## ૧૯. (શ્લોક ૧૪)

સાધનાની બે ભૂમિકાઓ છે—નિવૃત્તિ—એકત્વની સાધના અને લોક-સંગ્રહની ભૂમિકા. પ્રત્યેક-બુદ્ધમાં એકત્વની ભૂમિકા એટલી પ્રબળ બની જાય છે કે તે ભૂમિકામાં માત્ર આત્મા જ બાકી રહે છે. નિર્મમત્વની સાધનાનો આ ઉત્કર્ષ છે.

મિથિલા નગરી ભડ-ભડ સળગી રહી છે. નગરીનો રાજમહેલ તથા બીજા-બીજા ગૃહો પણ અગ્નિની લપેટમાં આવી ગયાં છે. તે સમયે નમિ વિચારે છે, 'જે સળગી રહ્યું છે તેમાં મારું કાંઈ નથી. કેમકે હું એકલો છું. મારે માટે પોતાનું કે પરાયું કાંઈ પણ નથી.' નમી રાજર્ષિનું આ ચિંતન નિર્મમત્વ કે એકત્વની ઉત્કૃષ્ટ સાધનાનું સૂચક છે.

મિથિલાનું દહન એક રૂપક છે. અધ્યાત્મની ભૂમિકામાં એકત્વનું મૂલ્ય દર્શાવવા માટે આ રૂપકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વ્યવહારની ભૂમિકા તેનાથી જુદી છે. ભૂમિકા-ભેદને હૃદયંગમ કરવાથી જ તેનું તાત્પર્ય સમજી શકાય છે.

આ ચિંતન બૌદ્ધ સાહિત્ય અને મહાભારતમાં પણ ઉપલબ્ધ છે.

બૌદ્ધ પરંપરાના મહાજનક જાતકમાં પ્રસ્તુત શ્લોકની જેવા ત્રણ શ્લોકો મળે છે[2]—

सुसुखं बत जीवाम येसं नो नत्थि किंचनं ।
मिथिलाय डह्यमानाय न मे किंचि अडयहथ ॥ १२५ ॥
सुसुखं बत जीवाम येसं नो नत्थि किंचनं ।
रट्ठे विलुप्पमानम्हि न मे किंचि अजीरथ ॥ १२७ ॥
सुसुखं बत जीवाम येसं नो नत्थि किंचनं ।
पीतिभक्खा भविस्साम देवा आभास्सरा यथा ॥ १२८ ॥

મહાભારતમાં માંડવ્ય મુનિ અને રાજા જનકનો સંવાદ આવ્યો છે. એક પ્રશ્નના ઉત્તરમાં મહારાજ જનક કહે છે[3]—

सुसुखं बत जीवामि, यस्य मे नास्ति किंचन ।
मिथिलायां प्रदीप्तायां, न मे दह्यति किंचन ॥

આ જ પ્રકારનો એક બીજો શ્લોક છે[4]—

अनन्तमिव मे वित्तं, यस्य मे नास्ति किंचन ।
मिथिलायां प्रदीप्तायां, न मे दह्यति किंचन ॥

## ૨૦. વ્યવસાયથી નિવૃત્ત (निव्वावारस्स)

વૃત્તિકારે અહીં કૃષિ, પશુપાલન વગેરેને વ્યવસાય માન્યા છે.[5]

---

૧. बृहद्वृत्ति, पत्र ३१० : अन्तेउरंतेणं ति अन्तःपुराभिमुखं ।
२. महाजनक जातक, संख्या ५३९ ।
૩. महाभारत, शांतिपर्व २७६ । ४ ।
૪. એજન, शांतिपर्व १७८ । २ ।
૫. बृहद्वृत्ति, पत्र ३१० : निर्व्यापारस्य—परिहृतकृषिपाशुपाल्यादिक्रियस्य ।
૬. उत्तराध्ययन चूर्णि, पृ. १८२ : एकत्वं नाहं कस्यचित्, अथवा एकान्तं निर्वाणं ।

સાધુ નિર્વ્યાપાર હોય છે. તે નિવૃત્તિ-પ્રધાન જીવન જીવે છે. તેને માટે પ્રિય કે અપ્રિય કંઈ પણ હોતું નથી. તે ભિક્ષાજીવી હોય છે. તેની બધી આવશ્યકતાઓ ભિક્ષા વડે પૂરી થઈ જાય છે, એટલા માટે તેણે વ્યવસાય કરવો પડતો નથી.

## ૨૧. એકત્વદર્શી (एगंतमणुपस्सओ)

ચૂર્ણિકારે 'એકાંત' શબ્દના બે અર્થ કર્યા છે—(૧) એકત્વદર્શી—હું એકલો છું, હું કોઈનો નથી. અને (૨) નિર્વાણદર્શી.[૧]

ચૂર્ણિ અને વૃત્તિની વ્યાખ્યાના આધારે એવું અનુમાન કરી શકાય કે ચૂર્ણિકાર અને વૃત્તિકારની સામે 'एगत्तमणुपस्सओ' પાઠ હતો.

જુઓ—શ્લોક ૪નું ટિપ્પણ.

## ૨૨. કિલ્લો (पागारं)

પ્રાચીનકાળમાં નગર કે ગઢની સુરક્ષા માટે માટી કે ઈંટોની એક મજબૂત દીવાલ બનાવવામાં આવતી હતી, તેને પ્રાકાર કે કિલ્લો કહેવામાં આવતો.[૨] તે ત્રણ પ્રકારના બનતા—પાંશુ પ્રાકાર (રેતીના કિલ્લા), ઈષ્ટિકા પ્રાકાર (ઈંટના કિલ્લા) અને પ્રસ્તર પ્રાકાર (પથ્થરના કિલ્લા). પ્રસ્તર પ્રાકારને પ્રશસ્ત માનવામાં આવતા.

## ૨૩. બુરજવાળા નગર-દ્વાર (गोपुरट्टालगाणि)

'ગોપુર'નો અર્થ 'નગર-દ્વાર' છે.[૩]

ટીકાકારે તેનો અર્થ 'પ્રતોલિ-દ્વાર'—નગરની વચ્ચેની સડક કે ગલીનું દ્વાર એવો કર્યો છે.[૪] 'અટ્ટાલક'નો અર્થ બુરજ છે.[૫] 'ગોપુર અટ્ટાલક'—બુરજવાળા નગર-દ્વારો સુરક્ષા અને ચોકી-પહેરા માટે બનાવવામાં આવતાં હતાં. વાલ્મીકિ રામાયણમાં 'ગોપુરટ્ટાલક' અને 'સાટ્ટ-ગોપુર' એવા પ્રયોગ મળે છે.[૬]

## ૨૪. ખાઈ અને શતઘ્ની (उस्सूलग सयग्घीओ)

'उस्सूलग'નો એક અર્થ છે—ખાઈ.[૭] ખાઈ શત્રુસેનાને પરાજિત કરવા માટે બનાવવામાં આવતી. તે ઘણી ઊંડી અને પહોળી રહેતી. તેમાં પાણી ભરી રાખવામાં આવતું કે જેથી કરીને શત્રુસેના તેને સરળતાથી પાર કરી શકે નહિ. 'उस्सूलग' નો બીજો અર્થ 'ઉપરથી ઢાંકેલો ખાડો' પણ કરવામાં આવ્યો છે.[૮] જાર્લ સરપેન્ટિયરના મત મુજબ 'उस्सूलग'નો અર્થ 'ખાઈ' બરાબર નથી.[૯] સર્વાર્થસિદ્ધિમાં 'उच्छूलग' શબ્દ છે.[૧૦] ચૂર્ણિ, બૃહદ્‌વૃત્તિ અને સુખબોધામાં 'उस्सूलग' છે. વીસમા શ્લોકના 'तिगुत्त' શબ્દની વ્યાખ્યામાં, બૃહદ્‌વૃત્તિમાં 'उच्चूलक' અને સુખબોધામાં 'उच्छूलक' પાઠ છે.[૧૧] તેનાથી જાણી શકાય છે કે 'उस्सूलग' અને 'उच्छूलग' એક શબ્દનાં જ બે રૂપો છે.

---

૧. बृहद्‌वृत्ति, पत्र ३१० : एकान्तम्—एकोऽहम् ।

૨. बृहद्‌वृत्ति, पत्र ३११ : प्रकर्षेण मर्यादया च कुर्वन्ति तमिति प्राकारस्तं—धूलीष्टकादिविरचितम् ।

૩. अभिधान चिन्तामणि, ४।४७ : पुद्वारि गोपुरम् ।

૪. बृहद्‌वृत्ति, पत्र ३११ : गोभिः पूर्यन्त इति गोपुराणि—प्रतोलीद्वाराणि ।

૫. એજન, पत्र ३११ : अट्टालकानि प्राकारस्कोष्ठकोपरिवर्तीनि आयोधनस्थानानि ।

૬. वाल्मीकि रामायण, ५।५८।१५८ ।

૭. बृहद्‌वृत्ति, पत्र ३११ : 'उस्सूलय'त्ति खातिका ।

૮. એજન, पत्र ३११ : परबलपातार्थमुपरिच्छादितगर्ता वा ।

૯. The Uttarādhyayana Sūtra, p. 314.

૧૦. सर्वार्थसिद्धि, पृ. २०७ : 'उच्छूलग'त्ति खातिका ।

૧૧. बृहद्‌वृत्ति, पत्र ३११; सुखबोधा, पत्र १४८ ।

જાર્લ સરપેન્ટિયરે તેનો અર્થ 'ધ્વજ' કર્યો છે.[1] જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં 'ओचूलग'(अवचूलक) શબ્દ આવ્યો છે. વૃત્તિકારે તેનો અર્થ 'अधोमुखांचल'—નીચે લટકતું વસ્ત્ર એવો કર્યો છે.[2] એટલા માટે 'उस्सूलग' કે 'उच्चूलक'નો અર્થ 'ધ્વજ' પણ કરી શકાય છે. પરંતુ 'तिगुत्त' શબ્દ જોતા તેનો અર્થ ખાઈ કે ખાડો હોવો જોઈએ. નગરની ગુપ્તિ—સુરક્ષા માટે પ્રાચીનકાળમાં ખાઈનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે.[3]

'सयग्घी'નો અર્થ છે—શતઘ્ની. આ એકી વેળાએ સો વ્યક્તિઓનો સંહાર કરનારું યંત્ર છે.[4] કૌટિલ્યે તેને 'ચલયંત્ર' માન્યું છે.[5] અર્થશાસ્ત્રની વ્યાખ્યા અનુસાર શતઘ્નીનો અર્થ છે—કિલ્લાની દીવાલ ઉપર રાખેલો એક વિશાળ સ્તંભ, જેના પર મોટી અને લાંબી ખીલીઓ લગાડેલી હોય.

આચાર્ય હેમચન્દ્રે 'सयग्घी'ને દેશી શબ્દ પણ માન્યો છે. તેનો પર્યાયવાચી શબ્દ 'घट्टी' છે.[6] શેષનામમાલામાં તેના બે પર્યાયવાચી નામો આપ્યા છે—चतुस्ताला અને लोहकंटकसंचिता.[7] તે અનુસાર આ ચાર વેંતની અને લોઢાના કાંટાથી ખચિત હોય છે. તેને એક સાથે સેંકડો પથ્થર ફેંકવાનું યંત્ર, આધુનિક તોપનું પૂર્વ રૂપ કહી શકાય.

પ્રાકાર, ગોપુર-અટ્ટાલક, ખાઈ અને શતઘ્ની—આ પ્રાચીન નગરો, દુર્ગો કે રાજધાનીઓના અભિન્ન અંગો હતાં.[8]

## ૨૫. અર્ગલા (अग्गलं)

ગોપુર (સિંહદ્વાર), કમાડ અને અર્ગલા (આગળો)—આ ત્રણે પરસ્પર સંબંધિત છે. સિંહદ્વારના બારણાં પર અંદરથી અર્ગલા (આગળો) દઈને તેને બંધ કરવામાં આવતાં. શાન્ત્યાચાર્યે ગોપુર શબ્દ વડે અર્ગલા[9]—કપાટનું સૂચન કર્યું છે. અર્ગલા શબ્દ ગોપુરનો સૂચક છે.

## ૨૬. ત્રિગુપ્ત (तिगुत्तं)

ત્રિગુપ્ત પ્રાકારનું વિશેષણ છે. તેમાં અઢારમા શ્લોકના अट्टालग, उस्सूलग અને सयग्घी—આ ત્રણે શબ્દોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમના દ્વારા જેવી રીતે પ્રાકાર સુરક્ષિત બને છે તેવી જ રીતે મન, વચન અને કાયાની ગુપ્તિઓથી ક્ષમા અથવા સહિષ્ણુતારૂપી પ્રાકાર સુરક્ષિત બને છે.[10]

## ૨૭. ઈર્યાપથ (इरियं)

ચૂર્ણિ અને વૃત્તિમાં ઈર્યાનો અર્થ ઈર્યાસમિતિ કરવામાં આવ્યો છે.[11] પરંતુ પરાક્રમ અને ધૃતિ—આ બંનેની સાથે ઈર્યાસમિતિની કોઈ સંગતિ થતી નથી. એટલા માટે અહીં ઈર્યાનો અર્થ ઈર્યાપથ—જીવનની સમગ્ર ચર્યા એવો હોવો જોઈએ. બૌદ્ધ સાહિત્યમાં ઇર્યાપથ આ જ અર્થમાં વપરાયેલ છે.

---

૧. The Uttarādhyayana Sūtra, p. 314.
૨. जम्बूद्वीप प्रज्ञप्ति, ३।६१।
३. कालीदास का भारत, पृ. २१८; रामायणकालीन संस्कृति, पृ. २१३।
४. बृहद्वृत्ति, पत्र ३११ : शतं घ्नन्तीति शतघ्न्यः, ताश्च यंत्रविशेषरूपाः।
५. कौटिल्य अर्थशास्त्र, अधिकरण २, अध्याय १८, सूत्र ७।
६. देशीनाममाला ८।५, पृ. ३१५।
७. शेषनाममाला, श्लोक १५०, पृ. ३६९ : शतघ्नी तु चतुस्ताला, लोगकण्टकसंचिता।
८. कौटिल्य अर्थशास्त्र, अधिकरण २, अध्याय ३, सूत्र ४।
९. सुखबोधा, पत्र ३११ : गोपुरग्रहणमग्गलाकपाटोपलक्षणम्।
१०. એજન, पत्र ३११ : तिसृभिः—अट्टालकोच्चुलकशतघ्नी-संस्थानीयाभिर्मनोगुप्त्यादिभिर्गुप्तिभिः गुप्तं त्रिगुप्तं, मयूरव्यंसकादित्वात् समासः।
११. (क) उत्तराध्ययन चूर्णि, पृ. १८३।
(ख) बृहद्वृत्ति, पत्र ३११।

૨૮. મૂઠ (केयणं)

ધનુષ્યના મધ્યભાગમાં જે લાકડાની મૂઠ હોય છે તેને 'केतन' કહેવામાં આવે છે.[1]

૨૯. વર્ધમાન ગૃહ (वद्धमाणगिहाणि)

'वद्धमाणगिहाणि'—ચૂર્ણિ અને ટીકામાં આનો સ્પષ્ટ અર્થ નથી મળતો. મોનિયર મોનિયર-વિલિયમ્સે આનો અર્થ 'તે ઘર કે જેમાં દક્ષિણ તરફ દ્વાર ન હોય' એવો કર્યો છે.[2] મત્સ્યપુરાણનો પણ એ જ મત છે.[3] વાસ્તુસારમાં ઘરના ચોસઠ પ્રકારો બતાવાયા છે, તેમાં ત્રીજો પ્રકાર વર્ધમાન છે.[4] જેની દક્ષિણ દિશામાં મુખવાળી ગૌશાળા હોય તેને વર્ધમાન કહેવામાં આવેલ છે.[5]

ડૉ. હરમન જેકોબીએ વરાહમિહિરની સંહિતા (૫૩।૩૬)ના આધારે માન્યું છે કે આ બધા ઘરોમાં સૌથી સુંદર હોય છે.[6] વર્ધમાનગૃહ ધનપ્રદ હોય છે.[7]

૩૦. ચંદ્રશાળા (बालग्गपोइयाओ)

આ દેશી શબ્દ છે. આનો અર્થ 'वलभी' છે. વલભીના અનેક અર્થો છે. અહીં તેનો અર્થ ચંદ્રશાળા કે જલાશયમાં બનાવેલો લઘુ પ્રાસાદ છે.[8]

૩૧. (શ્લોક ૨૬)

આ શ્લોકમાં રાજર્ષિએ કહ્યું—'આ ઘર એક પથિકની વિશ્રામશાળા છે. જ્યાં મારે જવું છે તે સ્થાન હજી દૂર છે. પણ મને દૃઢ વિશ્વાસ છે કે હું ત્યાં પહોંચી જઈશ અને ત્યાં પહોંચીને જ હું મારું ઘર બનાવીશ. જે વ્યક્તિને એવી શંકા હોય છે કે હું પોતાના ઇચ્છિત સ્થાન સુધી પહોંચી શકીશ કે નહિ, તે જ માર્ગમાં ઘર બનાવે છે.'

રાજર્ષિએ કહ્યું—'મારે મુક્તિ-સ્થાનમાં જવું છે. ત્યાં પહોંચવાના સાધનો સમ્યક્-દર્શન વગેરે મને મળી ચૂક્યાં છે. હું તેમની સહાયથી ગંતવ્ય-સ્થાન તરફ પ્રયાણ કરી ચૂક્યો છું. પછી હું અહીં શા માટે ઘર બનાવું?'[9]

**'सासय'**—શાન્ત્યાચાર્યે આનાં સંસ્કૃત રૂપો 'स्वाश्रय' અને 'शाश्वत' આપ્યાં છે. 'સ્વાશ્રય' અર્થાત્ પોતાનું ઘર અને 'શાશ્વત' અર્થાત્ નિત્ય. અહીં આ બંને અર્થ પ્રકરણાનુસારી છે.[10]

---

૧. बृहद्वृत्ति, पत्र ३११ : 'केतनं' शृङ्गमयधनुर्मध्ये काष्ठमय-मुष्टिकात्मकम् ।

૨. A Sanskrit English Dictionary, p. 926.

૩. मत्स्यपुराण, पृ. २५४ : दक्षिणद्वारहीनं तु वर्धमान-मुदाहृतम् ।

૪. वास्तुसार, ७५, पृ. ३६ ।

૫. એજન, ૮૨, પૃ. ૩૮ ।

૬. Sacred Books of the East, Vol. XLV, The Uttarādhyayana Sūtra, p. 38, Foot Note 1.

૭. वाल्मीकि रामायण, ५।८ । दक्षिणद्वाररहितं वर्धमानं मुष्टिधनप्रदम् ।

૮. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १८३ : वालग्गपोतिया णाम मूतियाओ, केचिदाहुः—जो आगासतलागस्स मज्झे खुड्डुलओ पासादो कज्जति ।

(ખ) बृहद्वृत्ति, पत्र ३१२ : 'वालग्गपोइयातो य' त्ति देशीपदं वलभीवाचकं, ततो वलभीश्च कारयित्वा, अन्ये त्वाकाशतडागमध्यस्थितं क्षुल्लकप्रासादमेव 'वालग्गपोइया य' त्ति देशीपदाभिधेयमाहुः ।

૯. सर्वार्थसिद्धि, पृ. २०८, २०९ ।

૧૦. बृहद्वृत्ति, पत्र ३१२ : स्वस्य—आत्मन आश्रयो—वेश्म स्वाश्रयस्तं, यद्वा शाश्वतं—नित्यं, प्रक्रमाद्गृहमेव ।

### ૩૨. (શ્લોક ૨૮)

આ શ્લોકમાં आमोष, लोमहार, ग्रन्थि-भेद અને तस्कर—આ ચાર શબ્દો વિવિધ પ્રકારે ધન ચોરનાર કે લૂંટનાર માણસોના વાચક છે. तस्करनो અર્થ ચોર છે. બાકીના ત્રણે શબ્દોના અર્થ ચૂર્ણિ અને ટીકામાં સરખા આપ્યા નથી. ચૂર્ણિ અનુસાર आमोषनो અર્થ 'पंथ-मोषक'—વાટમારુ, રસ્તામાં લૂંટનાર એવો છે.[1] लोमहारनो અર્થ 'पेल्लणमोषक' છે.[2] અહીં पेल्लणનું સંસ્કૃત રૂપ સંભવતઃ પીડન છે. પીડનમોષક અર્થાત્ પીડા પહોંચાડીને લૂંટનાર. સૂત્રકૃતાંગની ચૂર્ણિ અનુસાર लोमहारનો અર્થ છે—ગુપ્ત રહીને ચોરી કરનાર, ધાડ પાડનાર.[3] જે યુક્તિ-સુવર્ણ—યૌગિક કે નકલી સોનું બનાવીને તથા તેવા પ્રકારના બીજા કાર્યો વડે લોકોને ઠગે છે, તેને ग्रन्थि-भेदक કહેવાય છે.[4] ટીકામાં आमोषની માત્ર વ્યુત્પત્તિ આપવામાં આવી છે.[5] लोमहारનો અર્થ 'મારીને સર્વસ્વનું અપહરણ કરનાર'[6] તથા ग्रन्थि-भेदकનો અર્થ 'ખિસ્સાકાતરૂ' કરવામાં આવ્યો છે.[7]

પ્રસ્તુત શ્લોકમાં आमोष વગેરેને દ્વિતીયા વિભક્તિના બહુવચન માનીને જ્યાં વ્યાખ્યા કરાઈ છે, ત્યાં 'उत्साद्य'નો અધ્યાહાર કર્યો છે અને વૈકલ્પિક રૂપે સપ્તમીનું એકવચન માનીને પણ વ્યાખ્યા કરાઈ છે. आमोष વગેરેનું ઉત્સાદન કરી—નિગ્રહ કરીને અથવા आमोष વગેરે હોવાને કારણે નગર કે જે અશાંત છે, તેને શાંત બનાવીને તું મુનિ બનજે.

### ૩૩. (શ્લોક ૩૦)

આ શ્લોકમાં રાજર્ષિએ વસ્તુસ્થિતિનું મર્મોદ્‌ઘાટન કર્યું છે. તેમણે કહ્યું—'મનુષ્યમાં અજ્ઞાન અને અહંકાર વગેરે દોષો હોય છે. તેમને વશ થઈ તે નિરપરાધને પણ અપરાધીની માફક સજા કરે છે અને અજ્ઞાનવશ કે લાંચ લઈને અપરાધીને પણ છોડી દે છે. અજ્ઞાની, અહંકારી અને લાલચુ મનુષ્ય મિથ્યા-દંડનો પ્રયોગ કરે છે. તેનાથી નગરનું ક્ષેમ થઈ શકતું નથી.'

'मिच्छादंडो'—મિથ્યાનો અર્થ—'ખોટો' અને દંડનો અર્થ—'દેશનિકાલ કરવું કે શારીરિક યાતના આપવી' તેવો છે.[8]

### ૩૪ સુખ મેળવી શકે છે (सुहमेहए)

'एध' ધાતુ અકર્મક છે. તેનો અર્થ છે—'વૃદ્ધિ થવી'. ધાતુ અનેકાર્થક હોય છે, એ ન્યાયે આનો અર્થ 'પ્રાપ્ત કરવું' પણ થાય છે. 'सुहमेहए' અર્થાત્ સુખ પ્રાપ્ત કરે છે. આનો વૈકલ્પિક અર્થ છે—શુભને વધારે છે.[9]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १८३ : आमोक्खंतीत्यामोक्खा पंथमोषका इत्यर्थः ।

૨. એજન, पृ. १८३ : लोमहारा णाम पेल्लणमोसगा ।

૩. सूत्रकृतांग चूर्णि, पृ. ३७७ : जे अदीसंता चोराः हरन्ति ते लोमहारा वुच्चंति ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १८३ : ग्रन्थिं भिंदंति ग्रन्थिभेदका, जुत्तिसुवण्णगादीहिं ।

૫. बृहद्‌वृत्ति, पत्र ३१२ : आ—समन्तात् मुष्णन्ति—स्तैन्यं कुर्वन्तीत्यामोषाः ।

૬. એજન, पत्र ३१२ : लोमानि—रोमाणि हरन्ति—अपनयन्ति प्राणिनां ये ते लोमहाराः ।

૭. એજન, पत्र ३१२ : ग्रन्थि—द्रव्यसम्बन्धिनं भिंदन्ति—घुर्घुरकद्विकर्तिकादिना विदारयन्तीति ग्रन्थिभेदाः ।

૮. (ક) बृहद्‌वृत्ति, पत्र ३१३ : 'मिथ्या' व्यलीकः, किमुक्तं भवति ? —अनपराधित्वज्ञानाहंकारादिहेतुभिरपराधिष्विवादण्डनं दण्डः—देशत्यागशरीरनिग्रहादिः ।
(ખ) उत्तराध्ययन चूर्णि, पृ. १८४ : लंचापाशैः ( पक्षैः ) कारकमपि मुंचति ।

૯. बृहद्‌वृत्ति, पत्र ३१४ : सुखम्—ऐकान्तिकात्यन्तिकमुक्तिसुखात्मकम्, एधते—इत्यनेकार्थत्वाद् धातूनां प्राप्नोति, अथवा सुहमेहए त्ति शुभं—पुण्यमेधते—अन्तर्भावितण्यर्थत्वात् वृद्धिं नयति ।

૩૫. (શ્લોક ૩૮)

બ્રાહ્મણ-પરંપરામાં યજ્ઞ કરવો, બ્રાહ્મણોને ભોજન કરાવવું અને દાન આપવું—આ બધાનું સ્થાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે.[1] જૈન આગમોમાં આનો પૂર્વપક્ષ રૂપે કેટલાય સ્થાનોમાં ઉલ્લેખ થયો છે. જુઓ—ઉત્તરાધ્યયન ૧૪।૯; સૂત્રકૃતાંગ ૨।૬।૨૯.

૩૬. (શ્લોક ૪૦)

બ્રાહ્મણે રાજર્ષિની સામે યજ્ઞ, બ્રાહ્મણ-ભોજન, દાન અને ભોગ-સેવન—આ ચાર પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. રાજર્ષિએ તેમાંથી માત્ર એક દાનના પ્રશ્નનો જવાબ આપ્યો, બાકીના પ્રશ્નોના ઉત્તરો તેમાં જ ગર્ભિત છે.

શાન્ત્યાચાર્યે લખ્યું છે કે ગો-દાન સહુથી અધિક પ્રચલિત છે, એટલા માટે તેને પ્રધાનતા અપાઈ છે. આ યજ્ઞ વગેરેનું 'ઉપલક્ષણ છે.'[2] આ શ્લોકમાં સંયમને શ્રેય કહ્યો છે. યજ્ઞ વગેરે પ્રેય છે, સાવદ્ય છે. આ સ્વયં ફલિત બની જાય છે. ટીકાકારના શબ્દોમાં—'યજ્ઞ એટલા માટે સાવદ્ય છે કે તેમાં પશુ-વધ હોય છે, સ્થાવર જીવોની પણ હિંસા થાય છે.' સાધુઓને તેમને યોગ્ય અશન-પાન અને ધર્મોપકરણ આપવામાં આવે છે, તે ધર્મ-દાન છે. તે ઉપરાંત જે સુવર્ણ-દાન, ગો-દાન, ભૂમિ-દાન વગેરે છે તે બધા પ્રાણીઓના વિનાશના હેતુ છે એટલા માટે સાવદ્ય છે અને ભોગ તો સાવદ્ય છે જ.

પ્રતિવાદીએ કહ્યું—'યજ્ઞ, દાન વગેરે પ્રાણીઓને પ્રીતિકર છે, તેટલા માટે તે સાવદ્ય નથી.' આચાર્યે કહ્યું—આ હેતુ સાચો નથી. જે સાવદ્ય છે તે પ્રાણીઓને માટે પ્રીતિકર હોતું નથી, જેમકે હિંસા વગેરે. યજ્ઞ વગેરે સાવદ્ય છે, એટલા માટે તે પ્રીતિકર નથી.'[3]

૩૭. પોષધમાં રત (पोसहरओ)

જે અનુષ્ઠાન ધર્મની પુષ્ટિ કરે છે, તે પોષધ કહેવાય છે. તે પર્વ-તિથિઓ—અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા—માં તપસ્યાપૂર્વક કરવામાં આવતું અનુષ્ઠાન-વિશેષ છે. આસસેને કહ્યું છે—

सर्वेष्वपि तपोयोगः प्रशस्तः कालपर्वसु ।
अष्टम्यां पञ्चदश्यां च, नियतं पोषधं वसेत् ॥''[4]

---

१. (क) पद्मपुराण, १८।४३७ :
तपः कृते प्रशंसन्ति, त्रेतायां ज्ञान-कर्म च ।
द्वापरे यज्ञमेवाहुर्दानमेकं कलौ युगे ॥
(ख) मनुस्मृति, २।२८ :
स्वाध्यायेन व्रतैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ।
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥

૨. ઉપલક્ષણનો અર્થ છે—શબ્દની એવી શક્તિ જેનાથી નિર્દિષ્ટ વસ્તુ સિવાયની તે પ્રકારની બીજી વસ્તુઓનો પણ બોધ થાય.

૩. बृहद्वृत्ति, पत्र ३१५ : गोदानं चेह यागाद्युपलक्षणम्, अतिप्रभूतजनाचरितमित्युपात्तम्, एवं च संयमस्य प्रशस्यतरत्वमभिदधता यागादीनां सावद्यत्वमर्थादावेदितं, तथा च यज्ञप्रणेतृभिरुक्तम्—
षट् शतानि नियुज्यन्ते, पशूनां मध्यमेऽहनि ।
अश्वमेधस्य वचनान्न्यूनानि पशुभिस्त्रिभिः ॥
इयत्पशुवधे च कथमसावद्यता नाम ?, तथा दानान्यप्यशनादिविषयाणि धर्म्मोपकरणगोचराणि च धर्माय वर्ण्यन्ते, आह—
अशनादीनि दानानि, धर्म्मोपकरणानि च ।
साधुभ्यः साधुयोग्यानि, देयानि विधिना बुधैः ॥
शेषाणि तु सुवर्णगोभूम्यादीनि प्राण्युपमर्दहेतुतया सावद्यान्येव, भोगानां तु सावद्यत्वं सुप्रसिद्धं । तथा च प्राणिप्रीतिकरत्वादित्यसिद्धो हेतुः, प्रयोगश्च—यत्सावद्यं न तत् प्राणिप्रीतिकरं, यथा हिंसादि, सावद्यानि च यागादीनि ।

૪. बृहद्वृत्ति, पत्र ३१५ ।

વિશેષ વિવરણ માટે જુઓ—૫।૩૩, पोसहं दुहओपक्खं ।

૩૮. (શ્લોક ૪૨)

બ્રાહ્મણ પરંપરામાં સંન્યાસની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમનું અધિક મહત્ત્વ રહ્યું છે. મહાભારતમાં બતાવવામાં આવ્યું છે કે જે શીલ અને સદાચારથી વિનીત છે, જેણે પોતાની ઇન્દ્રિયોને વશ કરી રાખી છે, જે સરળતાપૂર્વક વર્તાવ કરે છે અને સમસ્ત પ્રાણીઓનો હિતૈષી છે, જેને અતિથિ પ્રિય છે, જે ક્ષમાશીલ છે, જેણે ધર્મપૂર્વક ધનનું ઉપાર્જન કર્યું છે—એવા ગૃહસ્થ માટે અન્ય આશ્રમોની શું જરૂર ? જેવી રીતે બધા જીવો માતાનો સહારો લઈ જીવન ધારણ કરે છે, તેવી રીતે બધા આશ્રમો ગૃહસ્થાશ્રમનો આશ્રય લઈને જ જીવનયાપન કરે છે.[1] મહર્ષિ મનુએ પણ ગૃહસ્થાશ્રમને 'જ્યેષ્ઠાશ્રમ' કહ્યો છે. તેની જ્યેષ્ઠતા એટલા માટે છે કે બાકીના ત્રણે આશ્રમોને તે જ ટકાવે છે.[2] આવી ગુરુતમ ઉત્તરદાયિત્વની માન્યતાને ધ્યાનમાં રાખીને સૂત્રકારે ગૃહસ્થજીવન માટે 'घोराश्रम' શબ્દનો પ્રયોગ કર્યો છે.[3] ચૂર્ણિકારે આ ભાવનાને અભિવ્યક્ત કરતાં લખ્યું છે કે પ્રવ્રજ્યાનું પાલન કરવું સરળ છે, પરંતુ ગૃહસ્થાશ્રમ ચલાવવો બહુ મુશ્કેલ છે, કેમ કે બાકીના બધા આશ્રમવાળાઓ તેની પર જ આધાર રાખે છે.[4]

ચૂર્ણિકારે જે 'तर्कयन्ति'નો પ્રયોગ કર્યો છે, તે સહજપણે જ 'तर्कयन्ति गृहाश्रमम्' એ મહાભારતના ચરણની યાદ અપાવે છે.[5] આગમકાર પણ ગૃહસ્થને શ્રમણ-જીવનનો આશ્રયદાતા માને છે.[6] છતાં પણ જૈન પરંપરામાં શ્રમણની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમનું સ્થાન ઘણું નીચું છે. 'હું ઘર છોડી ક્યારે શ્રમણ બનું ?'—આ ગૃહસ્થનો પહેલો મનોરથ છે.[7]

૩૯. કુશની અણી પર ટકે એટલો ઓછો આહાર (कुसग्गेण तु भुंजए)

આના બે અર્થ થાય છે—જેટલું કુશ (દાભ)ની અણી પર ટકે એટલું ખાય છે—આ એક અર્થ છે.[8] બીજો અર્થ છે—કુશની અણીથી જ ખાય છે, આંગળી વગેરેથી ઉપાડીને ખાતો નથી.[9] પહેલાનો આશય એક વાર ખાવા સાથે છે અને બીજાનો ઘણી વાર ખાવા સાથે. માત્રાની અલ્પતા બંનેમાં છે.

---

૧. महाभारत, अनुशासनपर्व, अध्याय १४१ :
शीलवृत्तविनीतस्य निगृहीतेन्द्रियस्य च ॥
आर्जवे वर्तमानस्य सर्वभूतहितैषिण: ।
प्रियातिथेश्च क्षान्तस्य धर्मार्जितधनस्य च ॥
गृहाश्रमपदस्थस्य किमन्यै: कृत्यमाश्रमै: ।
यथा मातरमाश्रित्य सर्वे जीवन्ति जन्तव: ॥
तथा गृहाश्रमं प्राप्य सर्वे जीवन्ति चाश्रमा: ॥

૨. मनुस्मृति, ३।७७, ७८ :
यथा वायुं समाश्रित्य, वर्तन्ते सर्वजन्तव: ।
तथा गृहस्थमाश्रित्य, वर्तन्ते सर्व आश्रमा: ॥
यस्मात्त्रयोऽप्याश्रमिणो, ज्ञानेनान्नेन चान्वहम् ।
गृहस्थेनैव धार्यन्ते, तस्माज्ज्येष्ठाश्रमो गृही ॥

૩. बृहद्वृत्ति, पत्र ३१५ : 'घोर:' अत्यन्तदुरनुचर:, स चासावाश्रमश्च आङिति-स्वपरप्रयोजनाभिव्याप्त्या श्राम्यन्ति–खेदमनुभवन्त्यस्मिन्निति‌कृत्वा घोराश्रमो–गार्हस्थ्यं, तस्यैवाल्पसत्त्वैर्दुष्करत्वात् यत आहु:–
गृहाश्रमसमो धर्मो, न भूतो न भविष्यति ।
पालयन्ति नरा: शूरा:, क्लीबा: पाखण्डमाश्रिता: ॥

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १८४ : आश्रयन्ति तमित्याश्रया:, का भावना ? सुखं हि प्रव्रज्या क्रियते, दु:खं गृहाश्रम इति, तं हि सर्वाश्रमास्तर्कयन्ति ।

૫. महाभारत, अनुशासनपर्व, अध्याय १४१ :
राजान: सर्वपाषण्डा: सर्वे रंगोपजीविन: ॥
व्यालग्रहाश्च डम्भाश्च चोरा राजभटास्तथा ।
सविद्या: सर्वशीलज्ञा: सर्वे वै विचिकित्सका: ॥
दूराध्वानं प्रपन्नाश्च क्षीणपथ्योदना नरा: ।
एते चान्ये च बहव: तर्कयन्ति गृहाश्रमम् ॥

૬. ठाणं ५ । १९२ : धम्मण्णं चरमाणस्स पंच णिस्साट्ठाणा पं० तं०—छक्काया, गणे, राया, गाहावती, सरीरं ।

૭. એજન, ३।४९७ : कया णं अहं मुंडे भवित्ता अगारातो अणगारितं पव्वइस्सामि ।

૮. बृहद्वृत्ति, पत्र ३१६ : 'कुशाग्रेणैव' तृणविशेषप्रान्तेन भुंक्ते, एतदुक्तं भवति–यावत् कुशाग्रे ऽवतिष्ठते तावदेवाभ्यवहरति नातोऽधिकम्, अथवा कुशाग्रेणेति जातावेकवचनं, तृतीया तु ओदनेनासौ भुंक्त इत्यादिवत् साधकतमत्वेनाभ्यवह्रियमाणत्वेऽपि विवक्षितत्वात् ।

૯. सुखबोधा, पत्र १५० : 'कुशाग्रेणैव' दर्भाग्रेणैव भुंक्ते न तु कराङ्गुल्यादिभि: ।

### ૪૦. સુ-આખ્યાત ધર્મ (सुयक्खायधम्मस्स)

સ્થાનાંગ (૩।૫૦૭) અનુસાર સુ-અધીત, સુ-ધ્યાત અને સુ-તપસ્યિત ધર્મ સ્વાખ્યાત કહેવાય છે. આ ત્રણેનું પૌર્વાપર્ય છે. જ્યારે ધર્મ સુ-અધિત હોય છે, ત્યારે તે સુ-ધ્યાત હોય છે. જ્યારે તે સુ-ધ્યાત હોય છે, ત્યારે તે સુ-તપસ્યિત હોય છે. આ ત્રણેની સંયુતિ જ સ્વાખ્યાત ધર્મ છે.

વૃત્તિકારનો મત આવો છે—ભગવાને સમસ્ત પાપપૂર્ણ પ્રવૃત્તિઓની વિરતિને 'ધર્મ' કહ્યો છે, એટલા માટે તેમનો ધર્મ સુ-આખ્યાત છે. તેની સમગ્રતાપૂર્વક આરાધના કરનાર સ્વાખ્યાત-ધર્મ મુનિ બને છે.[૧]

### ૪૧. (શ્લોક ૪૪)

બ્રાહ્મણે કહ્યું—'ધર્માર્થી પુરુષે 'ઘોર'નું અનુષ્ઠાન કરવું જોઈએ. સંન્યાસની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમ ઘોર છે, એટલા માટે તેને છોડી સંન્યાસમાં જવું ઉચિત નથી.[૨]

તેના ઉત્તરમાં રાજર્ષિએ કહ્યું—'ઘોર હોવા માત્રથી કોઈ વસ્તુ શ્રેષ્ઠ બની જતી નથી. બાલ અર્થાત્ ગૃહસ્થાશ્રમમાં રહેનાર ઘોર તપ કરીને પણ સર્વસાવદ્યની વિરતિ કરનારા મુનિની બરાબરી કરી શકે નહિ, તેના સોળમા ભાગને પણ સ્પર્શી શકે નહિ. ધર્માર્થી માટે ઘોર અનુષ્ઠેય નથી. તેને માટે અનુષ્ઠેય છે સ્વાખ્યાત-ધર્મ, ભલે પછી ઘોર હો કે અઘોર. ગૃહસ્થાશ્રમ ઘોર હોવા છતાં પણ સ્વાખ્યાત-ધર્મ નથી, એટલા માટે તેને હું જે છોડી રહ્યો છું, તે અનુચિત નથી.'[૩]

### ૪૨. ચાંદી, સોનું (हिरण्णं सुवण्णं)

'હિરણ્ય' શબ્દ ચાંદી અને સોનું—બંનેનો વાચક છે. ચૂર્ણિકારે હિરણ્યનો અર્થ 'ચાંદી' અને સુવર્ણનો અર્થ 'સોનું' કર્યો છે.[૪] શાન્ત્યાચાર્યે હિરણ્યનો અર્થ 'સોનું' કર્યો છે. તેમના મત અનુસાર 'સુવર્ણ' હિરણ્યનું વિશેષણ છે. સુવર્ણ અર્થાત્ શ્રેષ્ઠ વર્ણવાળું.[૫] વૈકલ્પિક રૂપે હિરણ્યનો અર્થ 'ઘડેલું સોનું' અને સુવર્ણનો અર્થ 'ઘડ્યા વિનાનું સોનું' છે.[૬] સુખબોધા અને સર્વાર્થસિદ્ધિમાં આ જ અભિમત છે.[૭]

### ૪૩. પર્યાપ્ત નથી (नालं)

अलं શબ્દના ત્રણ અર્થ છે—પર્યાપ્ત, વારણ અને ભૂષણ. પ્રસ્તુત પ્રસંગમાં ચૂર્ણિકારે अलंનો અર્થ—પર્યાપ્ત અને વૃત્તિકારે સમર્થ અર્થ કર્યો છે.[૮]

---

૧. बृहद्वृत्ति, पत्र ३१६ ।

૨. बृहद्वृत्ति, पत्र ३१५ : यद्यद् घोरं तत्तद् धर्मार्थिनाऽनुष्ठेयं, यथाऽनशनादि, तथा चायं गृहाश्रमः ।

૩. बृहद्वृत्ति, पत्र ३१६ : यदुक्तम्—'यद्यद् घोरं तत्तद्धर्मार्थिनाऽनुष्ठेयमनशनादिवदि' ति, अत्र घोरत्वादित्यनैकान्तिको हेतुः, घोरस्यापि स्वाख्यातधर्मस्यैव धर्मार्थिनाऽनुष्ठेयत्वाद्, अन्यस्य त्वात्मविघातादिवत्, अन्यथात्वात्, प्रयोगश्चात्र—यत स्वाख्यातधर्मरूपं न भवति घोरमपि न तद्धर्मार्थिनाऽनुष्ठेयं, यथाऽऽत्मवधादिः, तथा च गृहाश्रमः, तद्रूपत्वं चास्य सावद्यत्वाद्धिंसावदित्यलं प्रसंगेन ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १८५ : हिरण्यं—रजतं शोभनवर्णं सुवर्णम् ।

૫. बृहद्वृत्ति, पत्र ३१६ : 'हिरण्यं' स्वर्णं 'सुवर्णं' शोभनवर्णं विशिष्टवर्णिकमित्यर्थः ।

૬. એજન, पत्र ३१६ : यद्वा हिरण्यं—घटितस्वर्णमितरत्तु सुवर्णम् ।

૭. (ક) सुखबोधा, पत्र १५१ ।
(ખ) सर्वार्थसिद्धि, पत्र २११ ।

૮. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १८५ : अलं पर्याप्तिवारण-भूषणेषु, न अलं नालं पर्याप्तिक्षमानि स्युः ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३१७ अलं—समर्थम् ।

### ૪૪. (अब्भुदए....संकप्पेण विहन्नसि)

શાન્ત્યાચાર્યે 'अब्भुदए'નું સંસ્કૃત રૂપ 'अद्भुतकान्' કરી તેને ભોગોનું વિશેષણ માન્યું છે. તેનો અર્થ છે—આશ્ચર્યકારી ભોગોને. વિકલ્પે તેમણે તેનું સંસ્કૃત રૂપ 'अभ्युदये'—અભ્યુદયકાળમાં—માન્યું છે.[1] પ્રસ્તુત પ્રસંગમાં આ જ ઉપયુક્ત વ્યાખ્યા છે.

સંકલ્પનો અર્થ છે—ઉત્તરોત્તર ભોગપ્રાપ્તિની તીવ્ર અભિલાષા. તેનો ક્યાંય અંત આવતો નથી. જેમ-જેમ ભોગોની પ્રાપ્તિ થતી રહે છે, તેમ-તેમ અભિલાષા આગળ વધતી રહે છે. કહ્યું પણ છે—

'अमीषां स्थूलसूक्ष्माणामिन्द्रियार्थविधायिनाम् ।
शक्रादयोऽपि नो तृप्तिं, विषयाणामुपागताः ॥

આવા સંકલ્પ-વિકલ્પોને વશ થઈ મનુષ્ય નિરંતર દુઃખી થતો રહે છે.[2]

ચૂર્ણિકારે અહીં અસત્ સંકલ્પનું ગ્રહણ કર્યું છે.[3] સંકલ્પ-વિકલ્પની જટીલતાથી થનારી હાનિને સૂચિત કરનારી આ કથા છે—

શ્રેષ્ઠીપુત્ર જંબૂકુમાર પ્રવ્રજિત બનવા માટે ઉત્સુક છે. તે સમયે તેની નવોઢા પત્નીઓ તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે. સમુદ્રશ્રી નામની પત્નીએ જંબૂને કહ્યું—'પ્રિય ! તમે પણ પેલા ભોળા ખેડૂત જેવા છો જેણે શેરડીના લોભમાં પોતાના ખેતરમાં પેદા થયેલ મઠ અને બાજરાના પાકને ઊખાડી નાખ્યો હતો. પાણીના અભાવે શેરડી થઈ નહિ. આમ તે બંને પાકથી હાથ ધોઈ બેઠો. તેવી જ રીતે તમે પણ મુક્તિ-સુખના લોભમાં આ ઐહિક સુખ છોડી રહ્યા છો.

મરુપ્રદેશમાં 'સુવરી' નામે એક ગામ હતું. ત્યાં બગ નામનો એક ખેડૂત રહેતો હતો. એકવાર તે પોતાના ખેતરમાં મઠ, બાજરી વાવીને સાસરે ગયો. ત્યાં શેરડી બહુ થતી હતી. સાસરાપક્ષના માણસોએ જમાઈના સ્વાગત માટે શેરડીના રસના માલપુવા બનાવ્યા. તેને તે બહુ સ્વાદિષ્ટ લાગ્યા. ભોજન પછી તેણે પોતાના સસરાને શેરડી વાવવાની વિધિ પૂછી. તેમણે શેરડી વાવવાથી લઈ માલપુવા બનાવવા સુધીની બધી પ્રક્રિયા તેને સમજાવી. સાસરેથી પાછા ફરતી વખતે તે વાવવા માટે શેરડીના ટુકડા પણ લઈ આવ્યો. તે પોતાને ગામ પહોંચ્યો. મઠ-બાજરાનો પાક સારો આવ્યો હતો. તેણે મઠ-બાજરાને ઊખેડીને ફેંકી દીધા. ખેતર સાફ કરી તેમાં શેરડી વાવી દીધી. મરુપ્રદેશમાં પાણી ક્યાંથી ? વગર પાણીએ શેરડીનો પાક થાય નહિ. શેરડી વાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. તે ખેતરમાંથી તેને ન મઠ-બાજરાનો પાક મળ્યો કે ન તો શેરડી મળી. તે બંને ખોઈ બેઠો. તે ન અહીંનો રહ્યો ન ત્યાંનો—'नो हव्वाए नो पाराए'.

### ૪૫. કામભોગની ઇચ્છા કરનાર (कामे पत्थेमाणा)

નમિ રાજર્ષિએ કહ્યું—'ઇન્દ્ર ! કામ-ભોગની ઇચ્છા કરનાર તેનું સેવન ન કરવા છતાં પણ દુર્ગતિમાં જાય છે. તો ભલા અસત્ ભોગોની ઇચ્છાની જે તેં મારા પ્રત્યે સંભાવના કરી છે, તે સર્વથા અસંગત છે. કેમકે મુમુક્ષુ વ્યક્તિ કશાની આકાંક્ષા કરતો નથી. કહ્યું પણ છે કે—'मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः'—મુનિ મોક્ષ અને સંસાર પ્રતિ સર્વથા નિષ્પૃહ હોય છે. એટલા માટે હે ઇન્દ્ર 'તારું કથન સાર્થક નથી.'

---

૧. बृहद्वृत्ति, पत्र ३१७ : 'अब्भुदए' त्ति अद्भुतकान् आश्चर्यरूपान् ।...... अथवा 'अब्भुदए' त्ति अभ्युदये, ततश्च यदभ्युदये ऽपि भोगास्त्वं जहासि तदाश्चर्यं वर्तते ।

૨. એજન, पत्र ३१७ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १८५ ।

### ૪૬. (શ્લોક ૫૩)

પ્રસ્તુત શ્લોકમાં કામને શલ્ય, વિષ અને આશીવિષ સર્પ સમાન કહેવામાં આવેલ છે. કામની પીડા નિરંતર બની રહે છે, એટલા માટે તે શલ્ય (अन्तर्व्रण) છે. તેમાં મારકશક્તિ છે, એટલા માટે તે વિષ છે. આશીવિષ સર્પ તે હોય છે જેમની દાઢમાં ઝેર હોય છે. તે મણિધારી સર્પો હોય છે. તેમની દીપ્ત મણિથી વિભૂષિત ફેણ માણસોને સુંદર લાગે છે. લોક તે ફેણનો સ્પર્શ કરવાની ઇચ્છા રોકી શકતા નથી. જેવા તે તે સર્પોને સ્પર્શે છે, તત્કાળ તેમના દ્વારા ડસાતાં મૃત્યુ પામે છે. એ જ રીતે કામ પણ લોભામણા હોય છે અને પ્રાણીઓ પણ તેમનો સહજ શિકાર બની જાય છે.[1]

ગીતામાં કહ્યું છે—જે વ્યક્તિ ઇન્દ્રિય-વિષયોનું નિરંતર ચિંતન કરતી રહે છે, તેના મનમાં આસક્તિ પેદા થાય છે. આસક્તિથી કામવાસના વધે છે. તેનાથી ક્રોધ, ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિ-વિભ્રમ અને સ્મૃતિ-વિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિ નષ્ટ થવાથી તે વ્યક્તિનો પણ નાશ થાય છે.[2]

### ૪૭. (શ્લોક ૫૪)

પ્રસ્તુત શ્લોકમાં ક્રોધ, માન, માયા અને લોભના પરિણામોનું પ્રતિપાદન છે. જે વ્યક્તિ કામનાઓને વશ થાય છે, પ્રાપ્ત ભોગોમાં આસક્ત બને છે અને અપ્રાપ્ત ભોગોની સતત ઇચ્છા કર્યા કરે છે, તેનામાં આ ચારે કષાયો અવશ્ય હોય છે. ભોગોની ઇચ્છા સાથે તેમનું હોવું અનિવાર્ય છે. તે ચારે અધોગતિના હેતુ છે.

અહીં ક્રોધથી નરકગતિ, માનથી અધમગતિ, માયાથી સુગતિનો વિનાશ અર્થાત્ દુર્ગતિની પ્રાપ્તિ અને લોભથી ઐહિક તથા પારલૌકિક દુઃખની પ્રાપ્તિનો ઉલ્લેખ છે. અનુસંધાન માટે જુઓ—૨૯૪.

સ્થાનાંગ (૪ા૬૨૯)માં માયાને તિર્યંચ-યોનિનું કારણ માન્યું છે.

આયુર્વેદમાં હૃદયદૌર્બલ્ય, અરુચિ, અગ્નિમાંદ્ય વગેરેનું મૂળ કારણ લોભ મનાયું છે. તે વ્યવહારસંગત પણ છે કેમ કે લોભી વ્યક્તિ સદા ભયભીત રહે છે, સત્ય કહેવા તથા સ્વીકારવામાં તેનું હૃદય નિર્બળ બની જાય છે. નિરંતર અર્થોપાર્જનની વાત વિચારતા રહેવાથી તેનામાં અરુચિ અને અગ્નિમંદતાનું હોવું સ્વાભાવિક છે.

### ૪૮. મુકુટને ધારણ કરનાર (तिरीडी)

જેના ત્રણ શિખર હોય તેને 'मुकुट' અને જેના ચોરાશી શિખર હોય તેને 'किरीट' કહેવામાં આવે છે.[3] જેના મસ્તક ઉપર કિરીટ હોય તે 'किरीटी' કહેવાય છે.[4] સામાન્ય રીતે મુકુટ અને કિરીટ પર્યાયવાચી માનવામાં આવે છે.

### ૪૯. (नमी नमेइ अप्पाणं)

વૃત્તિકારે આના બે અર્થ કર્યા છે[5]—

૧. રાજર્ષિ નમિએ પોતાના ઉત્પ્રેરિત આત્માને સ્વતત્ત્વભાવનાથી પ્રગુણિત કર્યો, પરંતુ ઇન્દ્રની સ્તુતિ સાંભળીને ગર્વિત બન્યા નહિ.

૨. ઇન્દ્રની સ્તુતિ સાંભળી નમિએ પોતાની જાતને સંયમ તરફ અધિક સંલગ્ન કરી દીધી.

---

૧. बृहद्वृत्ति, पत्र ३१८।

૨. ગીતા, ૨।૬૨, ६३।

૩. सूत्रकृताङ्ग चूर्णि, पृ. ३६० : तिहिं सिहरएहिं मउडो चतुरसीहिं तिरीडं।

૪. बृहद्वृत्ति, पत्र ३१९ : किरीटी च—मुकुटवान्।

૫. बृहद्वृत्ति, पत्र ३१९-३२०।

આચાર્ય નેમિચન્દ્રે અહીં એક શ્લોક પ્રસ્તુત કર્યો છે[1]—

**'संतगुणकित्तणेण वि, पुरिसा लज्जंति जे महासत्ता ।**
**इयरे पुण अलियपसंसणे वि अंगे न मायंति ॥'**

૫૦. વૈદેહી (મિથિલા) (वइदेही)

નમિ વિદેહ જનપદના અધિપતિ હતા, એટલા માટે તેમને 'विदेही' કહ્યાં છે. वइदेहीનું બીજું સંસ્કૃત રૂપ 'वैदेही' છે. વિભક્તિનો વ્યત્યય માનવામાં આવે તો તેનો અર્થ 'वैदेहीं' (મિથિલાને) કરી શકાય છે.[2]

---

૧. सुखबोधा, पत्र १५३ ।

૨. बृहद्वृत्ति, पत्र ३२० : 'वइदेहीत्ति सूत्रत्वाद्विदेहा नाम जनपदः सोऽस्यास्तीति विदेही विदेहजनपदाधिपो, न त्वन्य एव कश्चिदिति भावः, यद्वा—विदेहेषु भवा वैदेही – मिथिलापुरी, सुब्व्यत्ययात्ताम ।

# दसमं अज्झयणं

## दुमपत्तयं

# દસમું અધ્યયન

## દ્રુમપત્રક

# આમુખ

આ અધ્યયનનું નામ આદ્ય-પદ (आदान-पद) 'दुमपत्तए'ના આધારે 'द्रुमपत्रक' રાખવામાં આવ્યું છે.[1]

કેટલાંક કારણોસર ગૌતમ ગણધરના મનમાં સંશય પેદા થયો. ભગવાન મહાવીરે તેનું નિરાકરણ કરવા માટે આ અધ્યયનનું પ્રતિપાદન કર્યું. નિર્યુક્તિકાર તથા બૃહદ્‌વૃત્તિકારે અહીં એક કથાનકનો ઉલ્લેખ કર્યો છે. સંક્ષેપમાં તે આ પ્રમાણે છે—

તે કાળે અને તે સમયે પૃષ્ઠચંપા નામની નગરી હતી. ત્યાં શાલ નામે રાજા હતો અને તેના યુવરાજનું નામ હતું મહાશાલ. તેને યશસ્વતી નામે બહેન હતી. તેના પતિનું નામ પિઠર હતું. તેને એક પુત્ર થયો. તેનું નામ ગાગલી રાખવામાં આવ્યું. એક વાર ભગવાન મહાવીર રાજગૃહથી વિહાર કરી પૃષ્ઠચંપા પધાર્યા, સુભૂમિભાગ ઉદ્યાનમાં ઉતર્યા. રાજા શાલ ભગવાનની વંદના માટે ગયો. ભગવાન પાસેથી ધર્મ સાંભળ્યો અને તે વિરક્ત બન્યો. તેણે ભગવાનને વિનંતી કરી—'ભંતે ! હું મહાશાલનો રાજ્યાભિષેક કરી દીક્ષિત થવા માટે હમણાં પાછો ફરું છું.' એમ કહી તે નગરમાં ગયો. મહાશાલને બધી વાત કરી. તેણે પણ દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી. તે બોલ્યો—'હું આપની સાથે જ પ્રવ્રજિત થઈશ.' રાજાએ પોતાના ભાણેજ ગાગલીને કાંપિલ્યપુરથી બોલાવ્યો અને તેને રાજ્યનો ભાર સોંપી દીધો. ગાગલી હવે રાજા બની ગયો. તેણે પોતાના માતા-પિતાને પણ ત્યાં જ તેડાવી લીધા. આ બાજુ શાલ અને મહાશાલ ભગવાન પાસે દીક્ષિત થઈ ગયા. યશસ્વતી પણ શ્રમણોપાસિકા બની ગઈ. તે બંને શ્રમણોએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું.

ભગવાન મહાવીર પૃષ્ઠચંપાથી વિહાર કરી રાજગૃહ ગયા. ત્યાંથી વિહાર કરી ચંપા પધાર્યા. શાલ અને મહાશાલ ભગવાન પાસે આવ્યા અને વિનંતી કરી—'જો આપની અનુજ્ઞા હોય તો અમે પૃષ્ઠચંપા જવા ઈચ્છીએ છીએ. સંભવ છે કે કોઈને પ્રતિબોધ મળે અને કોઈ સમ્યગ્દર્શી બને.' ભગવાને અનુજ્ઞા આપી અને ગૌતમની સાથે તેમને ત્યાં મોકલ્યા. તેઓ પૃષ્ઠચંપા ગયા. ત્યાંનો રાજા ગાગલી અને તેના માતા-પિતાને દીક્ષિત કરી તેઓ ફરી ભગવાન મહાવીર પાસે આવી રહ્યા હતા. માર્ગમાં ચાલતાં-ચાલતાં મુનિ શાલ અને મહાશાલના અધ્યવસાયો વધુ પવિત્ર થયા અને તેઓ કેવલી બની ગયા. ગાગલી અને તેના માતા-પિતા ત્રણેને પણ કેવળજ્ઞાન થયું. બધા ભગવાન પાસે પહોંચ્યા. ગૌતમે ભગવાનને વંદના કરી અને તે બધાંને પણ ભગવાનને વંદના કરવા માટે કહ્યું. ભગવાને ગૌતમને સંબોધીને કહ્યું—'ગૌતમ ! કેવળજ્ઞાનીઓની આશાતના ન કર.' ગૌતમે તેઓની ક્ષમા યાચી, પરંતુ તેમનું મન શંકાથી ભરાઈ ગયું. તેમણે વિચાર્યું—'હું સિદ્ધ થઈશ નહિ.'

એકવાર ગૌતમ અષ્ટાપદ પર્વત પર ગયા. ત્યાં પહેલાંથી જ ત્રણ તાપસો પોતપોતાના પાંચસો-પાંચસો શિષ્યોના પરિવાર સાથે તપ કરી રહ્યા હતા. તેમનાં નામ હતાં—કૌડિન્ય, દત્ત અને શૈવાલ.

દત્ત છઠ-છઠની તપસ્યા કરતો હતો. તે નીચે પડેલાં પીળા પાંદડાં ખાઈને રહેતો હતો. તે અષ્ટાપદની બીજી મેખલા સુધી જ ચડી શક્યો.

કૌડિન્ય ઉપવાસ-ઉપવાસની તપસ્યા કરતો અને પારણામાં મૂળ, કંદ વગેરે સચિત્ત આહાર લેતો હતો. તે અષ્ટાપદ પર ચડ્યો પરંતુ એક મેખલાથી આગળ જઈ ન શક્યો.

શૈવાલ અઠ્ઠમ-અઠ્ઠમની તપસ્યા કરતો હતો. તે સૂકી શેવાળ ખાતો હતો. તે અષ્ટાપદની ત્રીજી મેખલા સુધી જ ચડી શક્યો.

ગૌતમ આવ્યા. તાપસો તેમને જોઈ પરસ્પર બોલવા લાગ્યા—'આપણે મહાતપસ્વીઓ પણ ઉપર નથી જઈ શક્યા તો આ કેવી રીતે જશે ?' ગૌતમે જંઘાચરણ-લબ્ધિનો પ્રયોગ કર્યો અને કરોળિયાનાં જાળાનો આધાર લઈ પર્વત પર ચડી ગયા. તાપસોએ આશ્ચર્ય ભરેલી આંખો વડે આ જોયું અને તેઓ અવાક્ બની ગયા. તેમણે મનોમન એવો નિશ્ચય કરી લીધો કે જેવા મુનિ નીચે ઊતરશે કે તરત આપણે તેમનું શિષ્યપણું સ્વીકારી લઈશું. ગૌતમે રાત્રિવાસ પર્વત પર જ કર્યો. જ્યારે સવારે તેઓ

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा २८३ : दुमपत्तेणोवम्मं अहाठिईए उवक्कमेणं च ।
इत्थ कयं आइंमी तो तं दुमपत्तमज्झयणं ॥

નીચે ઊતર્યા, ત્યારે તાપસોએ તેમનો રસ્તો રોકતાં કહ્યું–'અમે આપના શિષ્ય છીએ અને આપ અમારા આચાર્ય.' ગૌતમે કહ્યું–'તમારા અને અમારા આચાર્ય ત્રૈલોક્યગુરુ ભગવાન મહાવીર છે.' તાપસોએ આશ્ચર્યપૂર્વક પૂછ્યું–'તો શું આપના પણ આચાર્ય છે ?' ગૌતમે ભગવાનનાં ગુણગાન કર્યાં અને બધા તાપસોને પ્રવ્રજિત કરી ભગવાનની દિશામાં ચાલી નીકળ્યા. માર્ગમાં ભિક્ષા વેળાએ ભોજન કરતાં-કરતાં શૈવાલ તથા તેના બધા શિષ્યોને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. દત્ત તથા તેના શિષ્યોને છત્ર વગેરે અતિશયો જોઈને કેવળજ્ઞાન થયું. કૌડિન્ય તથા તેના શિષ્યોને ભગવાન મહાવીરને જોતાં જ કેવળજ્ઞાન થઈ ગયું.[1] ગૌતમ આ બાબતથી અજાણ હતા. બધા ભગવાન પાસે આવ્યા. ગૌતમે વંદના કરી, સ્તુતિ કરી. તેઓ બધા તાપસ મુનિઓ કેવલી પરિષદમાં ચાલ્યા ગયા. ગૌતમે તેમને ભગવાનની વંદના કરવા માટે કહ્યું. ભગવાને કહ્યું–'ગૌતમ ! કેવળજ્ઞાનીઓની આશાતના ન કર.' ગૌતમે 'મિચ્છામિ દુક્કડં' કહી ક્ષમા માગી.

ગૌતમનું ધૈર્ય તૂટી ગયું. ભગવાને તેમનાં મનની વાત જાણી લીધી. તેમણે કહ્યું–'ગૌતમ ! દેવતાઓનું વચન-પ્રમાણ છે કે જિનવરનું ?'

ગૌતમે કહ્યું–'ભગવન્ ! જિનવરનું વચન-પ્રમાણ છે.'

ભગવાને કહ્યું–'ગૌતમ ! તું મારી અત્યન્ત નિકટ છે, ચિરસંસૃષ્ટ છે. તું અને હું–બંને જણા એક જ અવસ્થા પ્રાપ્ત કરીશું. બંનેમાં કંઈ પણ ભિન્નતા રહેશે નહિ.' ભગવાને ગૌતમને સંબોધિત કરી 'दुमपत्तए' (દ્રુમપત્રક) અધ્યયન કહ્યું.[2]

આ અધ્યયનના પ્રત્યેક શ્લોકના અંતમાં 'समयं गोयम ! मा पमायए' પદ છે. નિર્યુક્તિ (ગા. ૩૦૬)માં 'तण्णिस्साए भगवं सीसाणं देइ अनुसट्ठिं' એવું પદ છે. તેનું તાત્પર્ય એ છે કે ભગવાન મહાવીર ગૌતમને સંબોધિત કરી તેમની નિશ્રાથી બીજા બધા શિષ્યોને અનુશાસન–ઉપદેશ આપે છે.

દશવૈકાલિક નિર્યુક્તિ ગાથા ૭૮માં 'निश्रावचन'નું ઉદાહરણ આ જ અધ્યયન છે.[3] આની ચર્ચા આવશ્યક-નિર્યુક્તિમાં પણ મળે છે.

આ અધ્યયનમાં જીવનની અસ્થિરતા, મનુષ્યભવની દુર્લભતા, શરીર તથા ઈન્દ્રિય-બળની ઉત્તરોત્તર ક્ષીણતા, સ્નેહાપનયનની પ્રક્રિયા, વમેલા ભોગોને ફરીથી ન સ્વીકારવાનો ઉપદેશ વગેરે વગેરેનું સુંદર ચિત્રણ થયું છે.

---

૧. समवाओ ( प्रकीर्णक समवाय ३८ ) માં ભગવાન મહાવીરના કેવળજ્ઞાની શિષ્યોની સંખ્યા સાતસો છે. પ્રસ્તુત કથા અનુસાર પંદરસોની સંખ્યા માત્ર આ જ તાપસોની થઈ જાય છે. તે આગમ અનુસાર સંગત નથી.

૨. (ક) उत्तराध्ययन निर्युक्ति, गाथा २९१-३०६ ।

(ખ) बृहद्वृत्ति, पत्र ३२३-३३३ : तेणं कालेणं तेणं समएणं पिट्ठीचंपा णाम णयरी...ताधे सामी दुमपत्तयं णाम अज्झयणं पण्णवेइ ।

૩. दशवैकालिक निर्युक्ति गाथा ७८ : पुच्छाए कोणिओ खलु निस्सावयणंमि गोयमस्सामी ।
नाहियवाइं पुच्छे जीवत्थित्तं अणिच्छंतं ॥

# दसमं अज्झयणं : દસમું અધ્યયન
## दुमपत्तयं : દ્રુમપત્રક

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. दुमपत्तए पंडुयए जहा<br>निवडइ राइगणाण अच्चए ।<br>एवं मणुयाण जीवियं<br>समयं गोयम ! मा पमायए ॥ | द्रुमपत्रकं पाण्डुकं यथा<br>निपतति रात्रिगणानामत्यये ।<br>एवं मनुजानां जीवितं<br>समयं गौतम ! मा प्रमादीः ॥ | ૧. રાત્રીઓ વીતતાં વૃક્ષનું પાકેલું પાંદડું[1] જે રીતે ખરી પડે છે, તે જ રીતે મનુષ્યનું જીવન એક દિવસ સમાપ્ત થઈ જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર. |
| २. कुसग्गे जह ओसबिंदुए<br>थोवं चिट्ठइ लंबमाणए ।<br>एवं मणुयाण जीवियं ॥<br>समयं गोयम ! मा पमायए ॥ | कुशाग्रे यथा 'ओस' बिन्दुकः<br>स्तोकं तिष्ठति लम्बमानकः ।<br>एवं मनुजानां जीवितं<br>समयं गौतम ! मा प्रमादीः ॥ | ૨. ડાભ[2]ની અણી પર લટકતાં ઝાકળબિંદુની મુદત જેમ થોડી હોય છે તેવી જ રીતે મનુષ્ય-જીવનની ગતિ છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર. |
| ३. इइ इत्तरियम्मि आउए<br>जीवियए बहुपच्चवायए ।<br>विहुणाहि रयं पुरेकडं<br>समयं गोयम ! मा पमायए ॥ | इतीत्वरिके आयुषि<br>जीवितके बहुप्रत्यवायके ।<br>विधुनीहि रजः पुराकृतं<br>समयं गौतम ! मा प्रमादीः ॥ | ૩. આ આયુષ્ય ક્ષણભંગુર[3] છે, આ જીવન વિઘ્નોથી ભરેલું[4] છે. એટલા માટે હે ગૌતમ! તું પૂર્વસંચિત કર્મરજને ખંખેરી નાખ અને ક્ષણભર પણ પ્રમાદ ન કર. |
| ४. दुल्लहे खलु माणुसे भवे<br>चिरकालेण वि सव्वपाणिणं ।<br>गाढा य विवाग कम्मुणो<br>समयं गोयम ! मा पमायए ॥ | दुर्लभः खलु मानुषो भवः<br>चिरकालेनापि सर्वप्राणिनाम् ।<br>गाढाश्च विपाकाः कर्मणः<br>समयं गौतम ! मा प्रमादीः ॥ | ૪. બધાં પ્રાણીઓને ચિરકાળ સુધી મનુષ્ય-જન્મ મળવો દુર્લભ છે. કર્મના વિપાકો તીવ્ર હોય છે.[5] એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર. |
| ५. पुढविक्कायमइगओ<br>उक्कोसं जीवो उ संवसे ।<br>कालं संखाईयं<br>समयं गोयम ! मा पमायए ॥ | पृथिवीकायमतिगतः<br>उत्कर्षं जीवस्तु संवसेत् ।<br>कालं संख्यातीतं<br>समयं गौतम ! मा प्रमादीः ॥ | ૫. પૃથ્વીકાયમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક અસંખ્ય કાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર. |
| ६. आउक्कायमइगओ<br>उक्कोसं जीवो उ संवसे ।<br>कालं संखाईयं<br>समयं गोयम ! मा पमायए ॥ | अप्कायमतिगतः<br>उत्कर्षं जीवस्तु संवसेत् ।<br>कालं संख्यातीतं<br>समयं गौतम ! मा प्रमादीः ॥ | ૬. અપ્કાયમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક અસંખ્ય કાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર. |

**७. तेउक्कायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे**
**कालं संखाईयं**
**समयं गोयम ! मा पमायए ॥**

तेजस्कायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
कालं संख्यातीतं
समयं गौतम ! मा प्रमादीः ॥

૭. તેજસ્કાયમાં ઉત્પન્ન થયેલ જીવ અધિકમાં અધિક અસંખ્ય કાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**८. वायुक्कायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईयं**
**समयं गोयम ! मा पमायए ॥**

वायुकायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
कालं संख्यातीतं
समयं गौतम ! मा प्रमादीः ॥

૮. વાયુકાયમાં ઉત્પન્ન થયેલ જીવ અધિકમાં અધિક અસંખ્ય કાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**९. वणस्सइकायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**कालमणंतदुरंतं**
**समयं गोयम ! मा पमायए ॥**

वनस्पतिकायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
कालमनन्तं दुरन्तं
समयं गौतम ! मा प्रमादीः ॥

૯. વનસ્પતિકાયમાં ઉત્પન્ન થયેલ જીવ અધિકમાં અધિક દુરંત અનંત કાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**१०.बेइंदियकायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं**
**समयं गोयम ! मा पमायए ॥**

द्वीन्द्रियकायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
कालं संख्येयसंज्ञितं
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૦.દ્વીન્દ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક સંખ્યેય કાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**११.तेइंदियकायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं**
**समयं गोयम ! मा पमायए ॥**

त्रीन्द्रियकायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
कालं संख्येयसंज्ञितं
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૧.ત્રીન્દ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક સંખ્યેયકાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**१२.चउरिंदियकायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं**
**समयं गोयम ! मा पमायए ॥**

चतुरिन्द्रियकायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
कालं संख्येयसंज्ञितं
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૨. ચતુરિન્દ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક સંખ્યેયકાળ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**१३. पंचिंदियकायमइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**सत्तट्ठभवग्गहणे**
**समयं गोयम ! मा पमायए ॥**

पंचेन्द्रियकायमतिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
सप्ताष्टभवग्रहणानि
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૩. પંચેન્દ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક સાત-આઠ જન્મ-ગ્રહણ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**१४. देवे नेरइए य अइगओ**
**उक्कोसं जीवो उ संवसे ।**
**इक्किक्कभवग्गहणे**
**समयं गोयम ! मा पमायए ॥**

देवान्नैरयिकांश्चातिगतः
उत्कर्षं जीवस्तु संवसेत् ।
एकैकभवग्रहणं
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૪. દેવ અને નરકયોનિમાં ઉત્પન્ન થયેલો જીવ અધિકમાં અધિક એક-એક જન્મ-ગ્રહણ સુધી ત્યાં રહી જાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[૬]

१५.एवं भवसंसारे
संसरइ सुहासुहेहिं कम्मेहिं ।
जीवो पमायबहुलो
समयं गोयम ! मा पमायए ॥

एवं भवसंसारे
संसरति शुभाशुभैः कर्मभिः ।
जीवः प्रमादबहुलः
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૫. આ રીતે પ્રમાદ-બહુલ જીવ શુભ-અશુભ કર્મો વડે જન્મ-મૃત્યુમય સંસારમાં પરિભ્રમણ કરે છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[7]

१६.लद्धूण वि माणुसत्तणं
आरिअत्तं पुणरावि दुल्लहं ।
बहवे दसुया मिलेक्खुया
समयं गोयम ! मा पमायए ॥

लब्ध्वापि मानुषत्वं
आर्यत्वं पुनरपि दुर्लभम् ।
बहवो दस्यवो म्लेच्छाः
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૬. મનુષ્ય-જન્મ દુર્લભ છે, તે મળ્યા પછી પણ આર્યત્વ[8] મળવું વધુ દુર્લભ છે. ઘણાબધા લોકો મનુષ્ય થઈને પણ દસ્યુ (દાસ) અને મ્લેચ્છ[9] બને છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

१७.लद्धूण वि आरियत्तणं
अहीणपंचिंदियया हु दुल्लहा ।
विगलिंदियया हु दीसई
समयं गोयम ! मा पमायए ॥

लब्ध्वाप्यार्यत्वं
अहीनपंचेन्द्रियता खलु दुर्लभा ।
विकलेन्द्रियता खलु दृश्यते
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૭. આર્ય દેશમાં જન્મ મળવા છતાં પણ પાંચેય ઈન્દ્રિયો સાથે પૂર્ણ સ્વસ્થ હોવું દુર્લભ છે. ઘણાબધા લોકો ઈન્દ્રિયહીન[10] નજરે પડે છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

१८.अहीणपंचिंदियत्तं पि से लहे
उत्तमधम्मसुई हु दुल्लहा ।
कुतित्थिनिसेवए जणे
समयं गोयम ! मा पमायए ॥

अहीनपंचेन्द्रियत्वमपि स लभेत
उत्तमधर्मश्रुतिः खलु दुर्लभा ।
कुतीर्थिनिषेवको जनो
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૮. પાંચે ઈન્દ્રિયો અહીન અને સંપૂર્ણ હોવા છતાં પણ ઉત્તમ ધર્મ[11]નું શ્રવણ દુર્લભ છે. ઘણાબધા લોકો કુતીર્થિકો[12]ની સેવા કરનારા બને છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

१९.लद्धूण वि उत्तमं सुइं
सद्दहणा पुणरवि दुल्लहा ।
मिच्छत्तनिसेवए जणे
समयं गोयम ! मा पमायए ॥

लब्ध्वाप्युत्तमां श्रुतिं
श्रद्धानं पुनरपि दुर्लभम् ।
मिथ्यात्वनिषेवको जनो
समयं गौतम ! मा प्रमादीः ॥

૧૯. ઉત્તમ ધર્મનું શ્રવણ થવા છતાં પણ તેમાં શ્રદ્ધા હોવી વધુ દુર્લભ છે. ઘણાબધા લોકો મિથ્યાત્વનું સેવન કરનારા બને છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

२०.धम्मं पि हु सद्दहंतया
दुल्लहया काएण फासया ।
इह कामगुणेहि मुच्छिया
समयं गोयम ! मा पमायए ॥

धर्ममपि खलु श्रद्दधतः
दुर्लभकाः कायेन स्पर्शकाः ।
इह कामगुणेषु मूर्च्छिताः
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૦. ઉત્તમ ધર્મમાં શ્રદ્ધા થવા છતાં પણ તેનું આચરણ કરનારા દુર્લભ છે. આ લોકમાં ઘણાબધા લોકો કામગુણોમાં મૂર્છિત[13] હોય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

२१.परिजूरइ ते सरीरयं
केसा पंडुरया हवंति ते ।
से सोयबले य हायई
समयं गोयम ! मा पमायए ॥

परिजीर्यति ते शरीरकं
केशाः पाण्डुरका भवन्ति ते ।
तच्छ्रोत्रबलं च हीयते
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૧. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે[14], વાળ સફેદ થઈ રહ્યા છે અને કાનનું પહેલાંનું બળ ક્ષીણ થઈ રહ્યું છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

२२.परिजूरइ ते सरीरयं
केसा पंडुरया हवंति ते
से चक्खुबले य हायई
समयं गोयम ! मा पमायए ॥

परिजीर्यति ते शरीरकं
केशाः पाण्डुरका भवन्ति ते ।
तच्चक्षुर्बलं च हीयते
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૨. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે અને આંખોનું પહેલાંનું બળ ક્ષીણ થઈ રહ્યું છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**२३.परिजूरइ ते सरीरयं**
**केसा पंडुरया हवंति ते ।**
**से घाणबले य हायई**
**समयं गोयम ! मा पमायए ॥**

परिजीर्यति ते शरीरकं
केशाः पाण्डुरका भवन्ति ते ।
तद् घ्राणबलं च हीयते
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૩. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે અને નાકનું પૂર્વવર્તી બળ ક્ષીણ થઈ રહ્યું છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**२४.परिजूरइ ते सरीरयं**
**केसा पंडुरया हवंति ते ।**
**से जिब्भबले य हायई**
**समयं गोयम ! मा पमायए ॥**

परिजीर्यति ते शरीरकं
केशाः पाण्डुरका भवन्ति ते ।
तज्जिह्वाबलं च हीयते
समयं गौतम ! मा प्रमादीः ।.

૨૪. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે અને જીભનું પૂર્વવર્તી બળ ક્ષીણ થઈ રહ્યું છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**२५.परिजूरइ ते सरीरयं**
**केसा पंडुरया हवंति ते ।**
**से फासबले य हायई**
**समयं गोयम ! मा पमायए ॥**

परिजीर्यति ते शरीरकं
केशाः पाण्डुरका भवन्ति ते ।
तत् स्पर्शबलं च हीयते
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૫. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે અને સ્પર્શેન્દ્રિયનું પૂર્વવર્તી બળ ક્ષીણ થઈ રહ્યું છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[૧૧]

**२६.परिजूरइ ते सरीरयं**
**केसा पंडुरया हवंति ते ।**
**से सव्वबले य हायई**
**समयं गोयम ! मा पमायए ॥**

परिजीर्यति ते शरीरकं
केशाः पाण्डुरका भवन्ति ते ।
तत् सर्वबलं च हीयते
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૬. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે અને બધા પ્રકારનું પૂર્વવર્તી બળ[૧૨] ક્ષીણ થઈ રહ્યું છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**२७.अरई गंडं विसूइया**
**आयंका विविहा फुसंति ते ।**
**विवडइ विद्धंसइ ते सरीरयं**
**समयं गोयम ! मा पमायए ॥**

अरतिर्गण्डं विसूचिका
आतङ्का विविधाः स्पृशन्ति ते ।
विपतति विध्वस्यते ते शरीरकं
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૭. પિત્ત-રોગ[૧૩], ગડ-ગુમડ, કોગળિયું[૧૪] અને વિવિધ પ્રકારના શીઘ્રઘાતી રોગો શરીરમાં આવે છે અને તેનાથી આ શરીર શક્તિહીન અને નષ્ટ થાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**२८.वोछिंद सिणेहमप्पणो**
**कुमुयं सारइयं व पाणियं ।**
**से सव्वसिणेहवज्जिए**
**समयं गोयम ! मा पमायए ॥**

व्युच्छिन्धि स्नेहमात्मनः
कुमुदं शारदिकमिव पानीयम् ।
तत्सर्वस्नेहवर्जितः
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૮.જે રીતે શરદ ઋતુનું કુમુદ (પોયણું) પાણીથી લેપાતું નથી, તે જ રીતે તું પોતાના સ્નેહનો વિચ્છેદ કરી નિર્લિપ્ત બની જા. હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[૧૫]

**२९.चिच्चाण धणं च भारियं**
**पव्वइओ हि सि अणगारियं ।**
**मा वंतं पुणो वि आइए**
**समयं गोयम ! मा पमायए ॥**

त्यक्त्वा धनं च भार्यां
प्रव्रजितोह्यस्यनगारिताम् ।
मा वान्तं पुनरप्यापिब
समयं गौतम ! मा प्रमादीः ॥

૨૯.ગાય વગેરે ધન અને પત્નીનો ત્યાગ કરી તું અનગાર-વૃત્તિ માટે ઘરથી નીકળ્યો છે. વમન કરેલા કામભોગો ફરીથી પાછા ન પી. હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

**३०.अवउज्झिय मित्तबंधवं**
**विउलं चेव धणोहसंचयं ।**
**मा तं बिइयं गवेसए**
**समयं गोयम ! मा पमायए ॥**

अपोज्झ्य मित्रबान्धवं
विपुलं चैव धनौघसंचयम् ।
मा तद् द्वितीयं गवेषय
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૦. મિત્રો, બંધુઓ અને વિપુલ ધનરાશિને છોડીને તું ફરીથી તેમની શોધ ન કર. હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

३१.न हु जिणे अज्ज दिस्सई
बहुमए दिस्सई मग्गदेसिए ।
संपइ नेयाउए पहे
समयं गोयम ! मा पमायए ॥

न खलु जिनोऽद्य दृश्यते
बहुमतो दृश्यते मार्गदेशिकः ।
सम्प्रति नैर्यातृके पथि
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૧. 'આજ જિનો દેખાતા નથી, જે માર્ગદર્શકો છે તેઓ એકમત નથી.'—આગળની પેઢીઓને આ મુશ્કેલીનો અનુભવ થશે. પરંતુ હજુ મારી ઉપસ્થિતિમાં તને પાર લઈ જનાર પથ ઉપલબ્ધ છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[20]

३२.अवसोहिय कंटगापहं
ओइण्णो सि पहं महालयं ।
गच्छसि मग्गं विसोहिया
समयं गोयम ! मा पमायए ॥

अवशोध्य कंटकपथं
अवतीर्णोऽसि पथं महान्तं ।
गच्छसि मार्गं विशोध्य
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૨.કાંટાભરેલો માર્ગ છોડીને તું વિશાળ માર્ગ પર ચાલ્યો આવ્યો છે.[21] દ્રઢ નિશ્ચય સાથે[22] તે જ માર્ગ પર ચાલ. હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

३३.अबले जह भारवाहए
मा मग्गे विसमेऽवगाहिया ।
पच्छा पच्छाणुतावए
समयं गोयम ! मा पमायए ॥

अबलो यथा भारवाहकः
मा मार्गं विषममवगाह्य ।
पश्चात्पश्चादनुतापकः
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૩. નિર્બળ ભારવાહકની જેમ તું વિષમ માર્ગમાં ચાલ્યો ન જતો. વિષમ માર્ગમાં જનારાને પસ્તાવો થાય છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[23]

३४.तिण्णो हु सि अण्णवं महं
किं पुण चिट्ठसि तीरमागओ ।
अभितुर पारं गमित्तए
समयं गोयम ! मा पमायए ॥

तिर्णः खलु असि अर्णवं महान्तं
किं पुनस्तिष्ठसि तीरमागतः ।
अभित्वरस्व पारं गन्तुं
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૪. તું મહાન સમુદ્રને તરી ગયો, હવે કિનારા નજીક પહોંચીને કેમ ઊભો છે ?[24] તેની પાર જવા માટે જલદી કર. હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.[25]

३५. अकलेवरसेणिमुस्सिया
सिद्धिं गोयम ! लोयं गच्छसि ।
खेमं च सिवं अणुत्तरं
समयं गोयम ! मा पमायए ॥

अकलेवरश्रेणिमुच्छ्रित्य
सिद्धिं गौतम ! लोकं गच्छसि ।
क्षेमं च शिवमनुत्तरं
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૫. હે ગૌતમ ! તું ક્ષપક-શ્રેણિ પર[26] આરૂઢ થઈને તે સિદ્ધિલોકને પામીશ, જે ક્ષેમ, શિવ અને અનુત્તર છે. એટલા માટે હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

३६.बुद्धे परिनिव्वुडे चरे
गामगए नगरे व संजए ।
संतिमग्गं च बूहए
समयं गोयम ! मा पमायए ॥

बुद्धः परिनिर्वृतश्चरेः
ग्रामे गतो नगरे वा संयतः ।
शान्तिमार्गं च बृंहयेः
समयं गौतम ! मा प्रमादीः ॥

૩૬. તું ગામ કે નગરમાં સંયત, બુદ્ધ અને ઉપશાંત થઈને વિચરણ કર, શાંતિમાર્ગને[27] વધાર. હે ગૌતમ ! તું ક્ષણભર પણ પ્રમાદ ન કર.

३७. बुद्धस्स निसम्म भासियं
सुकहियमट्ठपओवसोहियं ।
रागं दोसं च छिंदिया
सिद्धिगइं गए गोयमे ॥

बुद्धस्य निशम्य भाषितं
सुकथितमर्थपदोपशोभितम् ।
रागं द्वेषं च छित्त्वा
सिद्धिगतिं गतो गौतमः ॥

૩૭. અર્થપદ (શિક્ષાપદ)[28] થી ઉપશોભિત અને સુકથિત ભગવાનની વાણીને સાંભળીને રાગ અને દ્વેષનો છેદ કરીને ગૌતમ સિદ્ધિગતિ પામ્યા.

त्ति बेमि ।

इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

## ટિપ્પણ

# અધ્યયન ૧૦ : દ્રુમપત્રક

### ૧. વૃક્ષનું પાકેલું પાંદડું (दुमपत्तए पंडुयए)

જીવનની નશ્વરતાને વૃક્ષનાં પાકેલાં પાંદડાંની ઉપમા વડે સમજાવવામાં આવી છે. નિર્યુક્તિકારે અહીં પાકેલાં પાંદડાં અને કૂંપળનો એક ઉદ્‌બોધક સંવાદ પ્રસ્તુત કર્યો છે. પાકેલાં પાંદડાંએ કુમળાં પત્રોને કહ્યું—'એક દિવસ અમે પણ એવાં જ હતાં કે જેવાં તમે છો, અને એક દિવસ તમે પણ તેવાં જ થઈ જશો જેવાં હાલ અમે છીએ.'[1]

અનુયોગદ્વારમાં આ કલ્પનાને વધુ સરસ રૂપ આપવામાં આવ્યું છે. પાકેલાં પાંદડાંને ખરતાં જોઈ કૂંપળો હસી ત્યારે પાંદડાંઓએ કહ્યું—'જરા થોભો. એક દિવસ તમારા પર પણ એ જ વીતશે જે આજ અમારા પર વીતી રહી છે.'[2]

સરખાવો—

> પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં,
> મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

જેવી રીતે ડીંટામાંથી તૂટતાં પીળા પાંદડાંએ કૂંપળોને મર્મની વાત કહી, તેવી જ રીતે જે પુરુષ યૌવનથી મત્ત બને છે તેમણે પણ આમ વિચારવું જોઈએ[3]—

> **परिभवसि किमिति लोकं, जरसा परिजर्जरीकृतशरीरम् ।**
> **अचिरात् त्वमपि भविष्यसि, यौवनगर्वं किमुद्वहसि ? ॥**

**'पंडुयए'**—આનો શાબ્દિક અર્થ—સફેદ-પીળો કે સફેદ છે. વૃક્ષનું પાંદડું પાકે એટલે આ રંગનું થઈ જાય છે. તેનાં બે કારણો છે—(૧) કાળનો પરિપાક (૨) કોઈ રોગવિશેષનું આક્રમણ. 'पंडुयए'નો ભાવાનુવાદ 'પાકેલું' કરવામાં આવ્યો છે.[4]

### ૨. કુશ (कुस)

આ દાભની જાતનું ઘાસ છે. તે દાભથી પાતળું હોય છે અને તેની અણી તીક્ષ્ણ હોય છે.[5]

### ૩. ક્ષણભંગુર (इत्तरियम्मि)

इत्वरिकનો અર્થ છે—અલ્પકાલીન. વર્તમાન સમયમાં સો વર્ષનું આયુષ્ય માનવામાં આવે છે. આ સામાન્ય નિયમ છે.[6] વિશેષ રૂપે તે વધુ પણ હોઈ શકે છે.

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३०८ :
जह तुब्भे तह अम्हे, तुब्भेवि अ होहिहा जहा अम्हे ।
अप्पाहेइ पडंतं, पंडुरपत्तं किसलयाणं ॥

२. अणुओगदाराइं, सूत्र ५६९ :
परिजरियपेरंतं, चलंतबेंटं पडंतनिच्छीरं ।
पत्तं वसणप्पत्तं, कालप्पत्तं भणइ गाहं ॥
जह तुब्भे तह अम्हे, तुम्हेऽवि अ होहिहा जहा अम्हे ।
अप्पाहेइ पडंतं, पंडुयपत्तं किसलयाणं ॥

३. सुखबोधा, पत्र १६० ।

४. बृहद्वृत्ति, पत्र ३३३ : 'पंडुयए त्ति' आर्षत्वात् पाण्डुरकं कालपरिणामतस्तथाविधरोगादेर्वा प्रामवलक्षभावम् ।

५. उत्तराध्ययन चूर्णि, पृ. १८८ : कुसो दब्भसरिसो...तत् कुशो हि तनुतरो भवति दर्भात् ।

६. उत्तराध्ययन चूर्णि, पृ. १८८ : इत्तरियं अल्पकालिकं वर्षशतमात्रं ।

### ૪. વિઘ્નોથી ભરેલું (पच्चवायए)

प्रत्यपायનો અર્થ છે—વિઘ્ન. જીવનને ઘટાડનારા અને તેનો ઉપઘાત કરનારા અનેક હેતુઓ છે. સ્થાનાંગસૂત્રમાં આયુષ્યભેદનાં સાત કારણો દર્શાવાયાં છે[1]—

૧. અધ્યવસાય—રાગ, સ્નેહ અને ભય વગેરેની તીવ્રતા.

૨. નિમિત્ત—શસ્ત્રપ્રયોગ વગેરે.

૩. આહાર—આહારની ન્યૂનાધિકતા.

૪. વેદના—આંખ વગેરેની તીવ્રતમ વેદના.

૫. પરાઘાત—ખાડા વગેરેમાં પડી જવું.

૬. સ્પર્શ—સર્પ વગેરેનો સ્પર્શ.

૭. આન-અપાન—શ્વાસોચ્છ્વાસનો નિરોધ.

### ૫. કર્મના વિપાકો તીવ્ર હોય છે (गाढा य विवाग कम्मुणो)

'ગાઢ'ના બે અર્થ છે—ચીકણું અને દૃઢ. 'विवाग कम्मुणो'—કર્મનો વિપાક—પદ અહીં વિશેષ અર્થનું સૂચક છે. આ વાક્યાંશ વડે મનુષ્યગતિની વિઘાતક પ્રવૃત્તિઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે. મનુષ્યગતિ પ્રાપ્ત થવી સુલભ નથી—આ આનું તાત્પર્ય છે.[2] જીવ બીજા-બીજા જીવનિકાયોમાં ચિરકાળ સુધી રહી શકે છે, પરંતુ મનુષ્યભવમાં તેની સ્થિતિ અલ્પ હોય છે, એટલા માટે તેની પ્રાપ્તિ દુર્લભ માનવામાં આવે છે.[3]

### ૬. (શ્લોક ૫-૧૪)

જીવ એક જન્મમાં જેટલા સમય સુધી જીવે છે, તેને 'ભવ-સ્થિતિ' કહેવામાં આવે છે અને મૃત્યુ પછી તે જ જીવનિકાયના શરીરમાં ઉત્પન્ન થવાને 'કાય-સ્થિતિ' કહેવામાં આવે છે.[4] દેવ તથા નારકીય જીવ મૃત્યુ પછી ફરી દેવ અને નારક બનતા નથી. તેમને 'ભવ-સ્થિતિ' જ હોય છે, 'કાય-સ્થિતિ' નથી હોતી.[5] તિર્યંચ અને મનુષ્ય મૃત્યુ પછી ફરી તિર્યંચ અને મનુષ્ય બની શકે છે, એટલા માટે તેમને 'કાય-સ્થિતિ' પણ હોય છે.[6] પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના જીવો લગાતાર અસંખ્ય અવસર્પિણી-ઉત્સર્પિણી પરિમિત કાળ સુધી પોતપોતાનાં સ્થાનોમાં જન્મ લેતાં રહે છે. વનસ્પતિકાયના જીવો અનંતકાળ સુધી વનસ્પતિકાયમાં જ રહી જાય છે.[7] બે, ત્રણ અને ચાર ઈન્દ્રિયવાળા જીવો હજારો-હજારો વર્ષ સુધી પોતપોતાના નિકાયોમાં જન્મ લઈ શકે છે. પાંચ ઈન્દ્રિયવાળા જીવો લગાતાર એકસરખા સાત-આઠ જન્મ લઈ શકે છે.

પાંચ ઈન્દ્રિયોવાળા તિર્યંચ જીવોની કાયસ્થિતિ જઘન્યપણે અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૃથક્ પૂર્વકોટિની છે.[8] 'પૃથક્' પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ છે—બેથી નવ સુધી. પૃથક્ પૂર્વકોટિ અર્થાત્ બેથી નવ પૂર્વકોટિ સુધી. ત્રણ

---

૧. ठाणं ७।७२ : सत्तविधे आउभेदे पण्णत्ते, तं जहा—
अज्झवसाणणिमित्ते, आहारे वेयणा पराघाते ।
फासे आणापाणू, सत्तविधे भिज्जए आउं ॥

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १८८, १८९ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३३५ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १८९ : सुदुर्लभं मानुष्यं यस्माद् अन्येषु जीवस्थानेषु चिरं जीवोऽवतिष्ठते, मनुष्यत्वे तु स्तोकं कालमित्यतो दुर्लभं ।

૪. स्थानांग, २।२५९ ।

૫. એજન, २।२६१ : दोण्हं भवट्ठिती..... ।

૬. એજન, २।२६० : दोण्हं कायट्ठिती..... ।

૭. बृहद्वृत्ति, पत्र ३३६ ।

૮. जीवाजीवाभिगम ९।२२५।

પલ્યોપમનું આયુષ્ય યુગલિક તિર્યંચોનું હોય છે. આ દૃષ્ટિએ પાંચ ઈન્દ્રિયવાળા તિર્યંચોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ એક કોટિ પૂર્વ હોવાથી સાત ભવોનું કાળમાન સાત કોટિપૂર્વ હોય છે. કોઈ તિર્યંચ પંચેન્દ્રિય જીવ સાત ભવ આ અવધિના કરે છે અને આઠમો ભવ તિર્યંચ યુગલિકનો કરે છે. બધું મળીને તેની સ્થિતિ ત્રણ પલ્ય અને સાત કોટિપૂર્વની થઈ જાય છે.

૭. (શ્લોક ૧૫)

જીવ જે સંસારમાં પરિભ્રમણ કરે છે, તેનો હેતુ બંધન છે. શુભ અને અશુભ બંને પ્રકારનાં કર્મ જીવની સાથે બંધાયેલાં રહે છે. આ બંધન તૂટે છે ત્યારે જીવ મુક્ત થઈ જાય છે.[1] આ શ્લોકમાં સંસારના હેતુનું વર્ણન છે. બંધનના આ બંને પ્રકારો અને તેનો નાશ થવાથી મુક્ત થવાનો સિદ્ધાંત ગીતામાં પણ મળે છે.[2]

**૮. આર્યત્વ (आरियत्तं)**

આર્ય નવ પ્રકારના બતાવવામાં આવ્યા છે[3]—

| | |
|---|---|
| ૧. ક્ષેત્ર આર્ય | ૬. ભાષા આર્ય |
| ૨. જાતિ આર્ય | ૭. જ્ઞાન આર્ય |
| ૩. કુલ આર્ય | ૮. દર્શન આર્ય |
| ૪. કર્મ આર્ય | ૯. ચારિત્ર આર્ય |
| ૫. શિલ્પ આર્ય | |

પ્રસ્તુત પ્રકરણમાં ક્ષેત્રની દૃષ્ટિએ આર્યત્વની વિવક્ષા છે. ચૂર્ણિકારનો મત પણ આ જ છે.[4] ક્ષેત્રાર્યની પરિભાષા સમયે-સમયે બદલાતી રહી છે. પ્રજ્ઞાપનામાં ક્ષેત્રાર્યનું એક વર્ગીકરણ મળે છે. તે અનુસાર મગધ, અંગ, બંગ વગેરે સાડા પચીસ દેશોને ક્ષેત્રાર્ય માનવામાં આવ્યા છે[5]—

| | | |
|---|---|---|
| ૧. મગધ | ૧૦. જાંગલ | ૧૯. ચેદિ |
| ૨. અંગ | ૧૧. સૌરાષ્ટ્ર | ૨૦. સિંધુ-સૌવીર |
| ૩. બંગ | ૧૨. વિદેહ | ૨૧. શૂરસેન |
| ૪. કલિંગ | ૧૩. વત્સ | ૨૨. ભંગિ |
| ૫. કાશી | ૧૪. શાંડિલ્ય | ૨૩. વટ્ટ |
| ૬. કૌશલ | ૧૫. મલય | ૨૪. કુણાલ |
| ૭. કુરુ | ૧૬. મત્સ્ય | ૨૫. લાઢ |
| ૮. કુશાવર્ત | ૧૭. વરણા | ૨૫½. અર્ધકૈકય |
| ૯. પાંચાલ | ૧૮. દશાર્ણ | |

---

૧. उत्तराध्ययन, २१।२४।

૨. (ક) गीता, २।५०:
बुद्धियुक्तो जहातीह, उभे सुकृतदुष्कृते।
तस्माद्योगाय युज्यस्व, योगः कर्मसु कौशलम्॥
(ખ) એજન, ९।२८:
शुभाशुभफलैरेव, मोक्ष्यसे कर्मबन्धनैः।
संन्यासयोगयुक्तात्मा, विमुक्तो मामुपैष्यसि॥

૩. प्रज्ञापना, १।९२।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. १९०।

૫. प्रज्ञापना १।९३।

### ૯. દસ્યુ અને મ્લેચ્છ (दसुया मिलेक्खुया)

દસ્યુનો અર્થ છે—દેશની સરહદ ઉપર રહેનાર ચોર.[1]

मिलेक्खुનો અર્થ 'મ્લેચ્છ' છે. સૂત્રકૃતાંગમાં 'मिलक्खु'[2] અને અભિધાનપ્પદીપિકામાં 'मिलक्ख' શબ્દ મળે છે.[3] અહીં 'એ'કાર અધિક છે. આ શબ્દ સંસ્કૃતના 'म्लेच्छ' શબ્દનું રૂપાંતર નથી, પરંતુ પ્રાકૃત ભાષાનો જ મૂળ શબ્દ છે.

જેની ભાષા અવ્યક્ત હોય છે, જેનું કહેલું આર્ય લોકો સમજી નથી શકતા, તેમને મ્લેચ્છ કહેવામાં આવે છે. વૃત્તિકારે શક, યવન, શબર વગેરે દેશોમાં જન્મેલા લોકોને મ્લેચ્છ કહ્યા છે. તેઓ આર્યોની વ્યવહારપદ્ધતિ—ધર્મ-અધર્મ, ગમ્ય-અગમ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય—થી જુદા પ્રકારનું જીવન જીવતા હતા, એટલા માટે આર્ય લોકો તેમને હેય દૃષ્ટિથી જોતા હતા.[4] આચાર્ય નેમિચન્દ્રે કેટલાક મ્લેચ્છ દેશોના નામ તથા મ્લેચ્છ લોકોના વ્યવહારની નોંધ લીધી છે.[5]

### ૧૦. ઈન્દ્રિયહીન (विगलिंदियया)

'विकलेन्द्रिय'—આ જીવોનું એક વર્ગીકરણ છે. તેમાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે. અહીં વિકલેન્દ્રિયનો પ્રયોગ આવા પારિભાષિક અર્થમાં નથી. આનો અર્થ છે—ઈન્દ્રિયોની વિકલતા, આંખ, કાન વગેરે ઈન્દ્રિયોનો અભાવ. આ અભાવ ધર્મની આરાધનામાં બાધક બને છે.

### ૧૧. ઉત્તમ ધર્મ (उत्तम धम्म.....)

ચૂર્ણિકારે સર્વજ્ઞ દ્વારા પ્રણિત ધર્મને ઉત્તમ ધર્મ માન્યો છે.[6] વૃત્તિકારે ઉત્તમનો અર્થ શ્રેષ્ઠ કર્યો છે.[7]

ઉમાસ્વાતિએ દસ યતિધર્મો સાથે ઉત્તમ શબ્દનો પ્રયોગ કર્યો છે.[8] ક્ષમાધર્મની પ્રકૃષ્ટ સાધનાનું નામ ઉત્તમ ક્ષમાધર્મ છે. એ જ રીતે માર્દવ વગેરે ધર્મોની પ્રકૃષ્ટ સાધના થાય છે ત્યારે તેમની સાથે ઉત્તમ શબ્દનો પ્રયોગ થાય છે.

### ૧૨. કુતીર્થિકો (कुतित्थि)

કુતીર્થિકનો અર્થ 'એકાંત દૃષ્ટિવાળો' અને 'અસત્ય મંતવ્ય ધરાવનાર દાર્શનિક' છે. તે જન-રૂચિને અનુકૂળ ઉપદેશ આપે છે. એટલા માટે તેની સેવા કરનારને ઉત્તમ ધર્મ સાંભળવાનો અવસર જ મળતો નથી.[9]

---

૧. बृहद्वृत्ति, पत्र ३३७ : दस्यवो—देशप्रत्यन्तवासिनश्चौराः।

૨. सूयगडो, १।१।४२ :
मिलक्खू अमिलक्खुस्स, जहा वुत्ताणुभासए।
ण हेउं से वियाणाइ, भासियं तऽणुभासए॥

૩. (ક) अभिधानप्पदीपिका, २।१८६ : मिलक्ख देसो, पच्चन्तो।
(ખ) એજન, २।५१७ : मिलक्ख जातियो (प्यथ)।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९०।
(ખ) बृहद्वृत्ति, पत्र ३३७ : 'मिलेक्खु य' त्ति म्लेच्छा—अव्यक्तवाचो, न यदुक्तमार्यैरवधार्यते, ते च शकयवन-शबरादिदेशोद्भवाः, येष्ववाप्यापि मनुजत्वं जन्तु-रुत्पद्यते, एते च सर्वेऽपि धर्माधर्मगम्यागम्यभक्ष्या-भक्ष्यादिसकलार्यव्यवहारबहिष्कृतास्तिर्यक्प्राया एव।

૫. सुखबोधा, पत्र १६२।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १९० : उत्तमा—अनन्यतुल्या सर्वज्ञोक्ता धर्मस्य....।

૭. बृहद्वृत्ति, पत्र ३३७ : उत्तमधर्मविषयत्वादुत्तमा।

૮. तत्वार्थसूत्र ९।६ : उत्तमः क्षमामार्दवार्जवशौचसत्य-संयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः।

૯. बृहद्वृत्ति, पत्र ३३७ : कुत्सितानि च तानि तीर्थानि कुतीर्थानि च—शाक्यौलूक्यादिप्ररूपितानि तानि विद्यन्ते येषामनुष्ठेयतया स्वीकृतत्वात्ते कुतीर्थिनस्तान्नितरां सेवते यः स कुतीर्थिनिषेवको जनो—लोकः कुतीर्थिनो हि यशः सत्काराद्येषिणो यदेव प्राणिप्रियं विषयादि तदेवोपदिशन्ति, तत्तीर्थकृतामप्ये-वंविधत्वात्, उक्तं हि—
सत्कारयशोलाभार्थिभिश्च मूढैरिहान्यतीर्थकरैः।
अवसादितं जगदिदं प्रियाण्यपथ्यान्युपदिशद्भिः॥
इति सुकरैव तेषां सेवा, तत्सेविनां च कुत उत्तमधर्मश्रुतिः?

## ૧૩. કામગુણોમાં મૂર્છિત (**कामगुणेहिं मुच्छिया**)

'कामगुण'નો અર્થ છે—ઇન્દ્રિયોના શબ્દ વગેરે વિષયો. 'ગુણ' શબ્દ આચારાંગમાં પણ વિષયના અર્થમાં પ્રયુક્ત છે. જેવી રીતે મનુષ્ય પિત્ત વગેરેના પ્રકોપથી થનારી મૂર્ચ્છા વડે મૂર્ચ્છિત થઈને લૌકિક અપાયો—દોષોનું ચિંતન કરી શકતો નથી, તેવી જ રીતે મનુષ્ય ઇન્દ્રિય-વિષયોમાં મૂર્ચ્છિત થઈને તેમનાં પરિણામોનું ચિંતન ન કરતો દુઃખી થાય છે.

આતુર વ્યક્તિ અપથ્ય વિષયો પ્રત્યે આકર્ષાય છે[1]—

**प्रायेण हि यदपथ्यं तदेव चातुरजनप्रियं भवति ।**

**विषयातुरस्य जगतस्तथानुकूलाः प्रिया विषयाः ॥**

## ૧૪. જીર્ણ થઈ રહ્યું છે (**परिजूरइ**)

આનું સંસ્કૃત રૂપ 'परिजीर्यति' થાય છે અને પ્રાકૃતમાં 'निद्'[2] અને 'खिद्'[3] ધાતુઓનો 'जूर' આદેશ થાય છે. એટલા માટે 'परिजूरइ'નો અનુવાદ 'જીર્ણ થઈ રહ્યું છે' ઉપરાંત 'પોતે પોતાને કોસી રહ્યો છે' અથવા 'ખિન્ન થઈ રહ્યો છે' પણ થઈ શકે છે.

## ૧૫. (શ્લોક ૨૦-૨૫)

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોમાં ઇન્દ્રિય-વિકાસનો ક્રમ આ પ્રમાણે છે—સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર.

પ્રસ્તુત પાંચ સૂત્રોમાં ઇન્દ્રિયોના હ્રાસનો ક્રમ બતાવવામાં આવ્યો છે. સૌથી પહેલાં શ્રોત્રેન્દ્રિયનો હ્રાસ થવાનું શરૂ થાય છે, પછી ક્રમશઃ ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયનો હ્રાસ થાય છે. 'कादम्बिनी'ના એક લેખમાં ઇન્દ્રિયોના હ્રાસનો પ્રારંભ આ રીતે દર્શાવવામાં આવ્યો છે—

'માનવ જીવનના આ કાળમાં તેની વિભિન્ન શક્તિઓ પણ ક્રમે ક્રમે ક્ષીણ થાય છે. સૌથી પહેલું લક્ષણ આંખમાં પ્રકટ થાય છે. આંખના દૃગ્-કાચની સ્થિતિસ્થાપકતા ઓછી થવાની દસમા વર્ષમાં જ શરૂ થઈ જાય છે અને સાઠ વર્ષની વય સુધી પહોંચતા-પહોંચતા તે સમાપ્ત થઈ જાય છે. આંખની શક્તિના ક્ષયનાં બીજાં લક્ષણો છે—દૃષ્ટિના પ્રસારમાં ખામી, કોઈ વસ્તુ સ્પષ્ટપણે ન દેખાવી અને ઓછા પ્રકાશમાં ન દેખાવું. આ લક્ષણો ચાલીસ વર્ષની વયથી શરૂ થઈ જાય છે. એ જ રીતે મનુષ્યની બીજી શક્તિઓ પણ ઓછી થાય છે. સ્વાદની તીવ્રતા પચાસ વર્ષની વયે ઘટવા લાગે છે અને ઘ્રાણશક્તિ સાઠ વર્ષની વયે. શ્રવણશક્તિનો ક્ષય તો વીસ વર્ષની વયમાં જ શરૂ થઈ જાય છે. માનવમસ્તિષ્કની ગ્રહણશક્તિ બાવીસ વર્ષની વયે સૌથી અધિક હોય છે અને તે પછી તે ઘટતી જાય છે પરંતુ અત્યન્ત અલ્પ ગતિથી. ચાલીસ વર્ષની વય પછી ઘટવાનો ક્રમ કંઈક વધી જાય છે અને એંશી વર્ષની વયે તે અલ્પતમ રહી જાય છે.'[4]

## ૧૬. બધા પ્રકારનું પૂર્વવર્તી બળ (**सव्वबले**)

ચૂર્ણિમાં 'सर्वबल'ના બે અર્થ મળે છે[5]—ઇન્દ્રિયોની શક્તિ અથવા શારીરિક, વાચિક અને માનસિક શક્તિ.

---

૧. बृहद्वृत्ति, पत्र ३३८ ।

२. बृहद्वृत्ति, पत्र ३३८ : यद् वा 'परिजूरइ' त्ति निन्देर्जूर इति प्राकृतलक्षणात् परिनिन्दतीवात्मानमिति गम्यते, यथा—धिग्मां कीदृशं जातमिति ।

३. हेमशब्दानुशासन, ८।४।१३२ : खिदेर्जूरविसूरौ ।

४. कादम्बिनी, सितम्बर, १९८५, 'जवानी के बिना यह देह शव है'—रतनलाल जोशी

५. उत्तराध्ययन चूर्णि, पृ. १९१ ।

શારીરિક શક્તિ—પ્રાણબળ, બેસવા-ચાલવાની શક્તિ.

વાચિક શક્તિ—સ્નિગ્ધ, ગંભીર અને સુસ્વરમાં બોલવાની શક્તિ.

માનસિક શક્તિ—ગ્રહણ અને ધારણ કરવામાં સક્ષમ મનોબળ.

શાન્ત્યાચાર્યે પણ 'सर्वबल'ના બે અર્થ આપ્યા છે[1]—

૧. હાથ, પગ વગેરે શારીરિક અવયવોની શક્તિ.

૨. મન, વચન અને કાયાની ધ્યાન, અધ્યયન, ચંક્રમણ વગેરે ચેષ્ટાઓ.

## ૧૭. પિત્ત-રોગ (अरई)

'अरति'ના અનેક અર્થ થાય છે. શાન્ત્યાચાર્યે આનો અર્થ 'વાયુ વગેરે વડે ઉત્પન્ન થનાર ચિત્તનો ઉદ્વેગ' કર્યો છે.[2] પરંતુ આ શ્લોકમાં શરીરને વળગનાર રોગોનો ઉલ્લેખ છે. આ દૃષ્ટિએ અનુવાદમાં તેનો અર્થ 'પિત્તરોગ' કર્યો છે. 'अरति'નો અર્થ પિત્તરોગ પણ છે.[3]

## ૧૮. વિષૂચિકા (કોલેરા) (विसूचिका)

આ તે રોગ છે જે શરીરમાં સોયની માફક ભોંકાવાની પીડા કરે છે. વૃત્તિકારે આને અજીર્ણ-વિશેષ માનેલ છે.[4] આજની ભાષામાં તેને કોલેરા કહી શકાય.

પ્રસ્તુત શ્લોકના પ્રસંગમાં આચાર્ય નેમિચન્દ્રે અન્ય અનેક રોગોનાં નામો ગણાવ્યાં છે[5]—શ્વાસ, ખાંસી, જ્વર, દાહ, કુક્ષિશૂળ, ભગંદર, હરસ, અજીર્ણ, દૃષ્ટિશૂળ, મુખશૂળ, અરુચિ, અક્ષિવેદના, ખુજલી, કર્ણબાધા, જલોદર, કોઢ વગેરે.

## ૧૯. (શ્લોક ૨૮)

આ શ્લોકમાં ભગવાને ગૌતમને સ્નેહ-મુક્ત થવાનો ઉપદેશ આપ્યો છે. ગૌતમ પદાર્થોમાં આસક્ત ન હતા. વિષયભોગોમાં પણ તેમનો અનુરાગ ન હતો. માત્ર ભગવાન પ્રત્યે તેમને સ્નેહ હતો. ભગવાન પોતે વીતરાગ હતા. તેઓ ઈચ્છતા ન હતા કે કોઈ પોતાના સ્નેહના બંધનમાં બંધાય. ભગવાનના આ ઉપદેશની પૃષ્ઠભૂમિમાં તે ઘટનાનો પણ સમાવેશ થાય છે, જેનો એક પ્રસંગે ભગવાને પોતે ઉલ્લેખ કર્યો હતો. ભગવાને કહ્યું હતું—'ગૌતમ ! તું મારો ચિરકાલીન સંબંધી રહ્યો છે.''[6]

પ્રસ્તુત શ્લોકનાં પ્રથમ બે ચરણો ધમ્મપદના માર્ગ-વર્ગ, શ્લોક ૧૩ સાથે સરખાવવા જેવાં છે—

**''उच्छिंद सिनेहमत्तनो कुमुदं सारदिकं व पाणिना ।''**

અર્થાત્—પોતાના પ્રત્યેની આસક્તિને એવી રીતે કાપી નાખ જેવી રીતે શરદ ઋતુમાં હાથ વડે કમળનું ફૂલ ચૂંટી લેવામાં આવે છે.

---

૧. बृहद्वृत्ति, पत्र २२८ ।

૨. એજન, पत्र ३३८ : 'अरतिः वातादिजनितश्चित्तोद्वेगः ।

૩. चरकसंहिता, ३० । ६८ :
कमलां वातरक्तं च, विसर्पं हृच्छिरोग्रहम ।
उन्मादारत्यपस्मारान्, वातपित्तात्मकान् जयेत् ॥

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९१ : सूचिरिव विध्यतीति विसूचिका ।
(ખ) बृहद्वृत्ति. पत्र २३८ : विध्यतीव शरीरं सूचिभिरिति विसूचिका—अजीर्णविशेषः ।

૫. सुखबोधा, पत्र १६३ :
सासे खासे जरे डाहे, कुच्छिसूले भगंदरे ।
अरिसा अजीरए दिट्ठीमुहसूले अरोयए ॥
अच्छिवेयण कंडू य, कन्नबाहा जलोयरे ।
कोढे एमाइणो रोगा, पीलयंति सरीरिणं ॥

૬. भगवती, १४।७ ।

શરદ ઋતુનું કમળ એટલું કોમળ હોય છે કે તે સરળતાપૂર્વક હાથ વડે જ ચૂંટી શકાય છે. આવો ધમ્મપદમાં આપેલી ઉપમાનો આશય છે. ઉત્તરાધ્યયનના ટીકાકારોએ આ ઉપમાનો આશય આવી રીતે વ્યક્ત કર્યો છે—'કુમુદ પહેલાં જળમગ્ન હોય છે અને પછી જળ ઉપર આવી જાય છે.'[1]

નિર્લેપતા માટે કમળની ઉપમાનો પ્રયોગ સહજપણે થાય છે. ઉત્તરાધ્યયન ૨૫।૨૬માં લખ્યું છે કે જેવી રીતે પદ્મ જળમાં ઉત્પન્ન થઈને પણ તેનાથી લિપ્ત થતું નથી, તેવી જ રીતે જે કામોથી અલિપ્ત રહે છે તે બ્રાહ્મણ છે. નિર્લેપતા માટે કુમુદ અને જળ બે જ શબ્દો પર્યાપ્ત છે. સ્નેહ શારદ-જળની જેમ મનોરમ્ય હોય છે, એ બતાવવા માટે शारद-पानीयनो પ્રયોગ કરવામાં આવ્યો છે.[2] ધમ્મપદમાં 'पाणिना'માં તૃતીયા વિભક્તિનું એકવચન છે અને તેનો અર્થ છે 'હાથ'. ઉત્તરાધ્યયનમાં 'पाणियं' દ્વિતીયાનું એકવચન છે અને તેનો અર્થ છે 'જળ'.

## ૨૦. (શ્લોક ૩૧)

ચૂર્ણિ અને ટીકામાં 'बहुमए'નો અર્થ 'માર્ગ'[3] અને 'मग्गदेसिए'નો અર્થ 'મોક્ષને પ્રાપ્ત કરાવનાર'[4] કરવામાં આવ્યો છે. તદનુસાર આ શ્લોકનો અનુવાદ આમ થશે—'આજ જિનો દેખાતા નથી છતાં પણ તેમના દ્વારા નિરૂપિત મોક્ષને પ્રાપ્ત કરાવનાર માર્ગ દેખાઈ રહ્યો છે.—આમ વિચારી ભવ્ય લોકો પ્રમાદથી બચશે. હજી મારી ઉપસ્થિતિમાં તને ન્યાયપૂર્ણ પથ મળેલો છે, એટલા માટે......' પરંતુ 'मग्गदेसिए'નો અર્થ 'માર્ગનો ઉપદેશ આપનાર' અને 'बहुमए'નો અર્થ 'વિભિન્ન વિચારસરણીવાળા' સાહજિકપણે જ સંગત લાગે છે, એટલા માટે અમે અનુવાદમાં આ શબ્દોનો આ જ અર્થ કર્યો છે.

## ૨૧. (શ્લોક ૩૨)

**कंटकापहं**—આનો અર્થ છે—કાંટાથી ભરેલો માર્ગ. કાંટા બે પ્રકારના હોય છે—(૧) દ્રવ્ય-કંટક—બાવળ વગેરેના કાંટા અને (૨) ભાવ-કંટક—મિથ્યા અથવા એકાંતદૃષ્ટિવાળા દાર્શનિકોનાં વચનો.[5]

**पहं महालयं**—અહીં પથનો અર્થ છે—સમ્યગ્દર્શન, સમ્યગ્ ચારિત્રમય મોક્ષમાર્ગ. મહાલયનો અર્થ છે—મહામાર્ગ.[6]

## ૨૨. દૃઢ નિશ્ચય સાથે (विसोहिया)

આનું સંસ્કૃત રૂપ છે—વિશોધ્ય. ચૂર્ણિકારે આનો અર્થ—અતિચારરહિત કરીને—કર્યો છે.[7] વૃત્તિમાં આનો અર્થ છે—નિશ્ચય કરીને.[8]

એક આચાર્ય પોતાના ત્રણ શિષ્યો સાથે એક નગરમાં પધાર્યા. તેઓ ત્રણેની પરીક્ષા કરવા ઈચ્છતા હતા. તેઓ તેમને ધ્યાનનું પ્રશિક્ષણ આપી રહ્યા હતા. ઘણા દિવસ પછી તેમણે વિચાર્યું કે પરીક્ષા તો કરું કે આમની ચેતના બદલાઈ કે નથી બદલાઈ? ત્રણેને બોલાવીને કહ્યું—'આજ અમુક રસ્તેથી તમારે પસાર થવાનું છે. સામે કાંટાળી વાડ અને કાંટા વેરાયેલા છે.' ગુરુએ કહ્યું—'આ જ રસ્તે જવાનું છે, રસ્તો બદલવાનો નથી.'

---

૧. बृहद्वृत्ति, पत्र ३३९ : 'पानीयं' जलं, यथा तत् प्रथमं जलमग्नमपि जलमपहाय वर्तते तथा त्वमपि चिरसंसृष्ट-चिरपरिचितत्वादिभिर्मद्विषयस्नेहवशगोऽपि तमपनय ।

૨. એજન, पत्र ३३९ : इह च जलमपहायैतावति सिद्धे यच्छारदशब्दोपादानं तच्छारदजलस्येव स्नेहस्याप्याति-मनोरमत्वख्यापनार्थम् ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९२ : बहुमतो णाम पंथो ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३३९ : 'बहुमए' त्ति पन्थाः ।

૪. सुखबोधा, पत्र १६४ : 'मग्गदेसिय' त्ति मार्ग्यमाणत्वाद् मार्गः—मोक्षस्तस्य 'देसिए' त्ति सूत्रत्वात् देशकः—प्रापको मार्गदेशकः ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ. १९२-१९३ ।

૬. એજન, पृ. १९३ : पथं सम्यग्दर्शनचारित्रमयं । महालयं ति आलीयन्ते तस्मिन्नित्यालयः महामार्ग इत्यर्थः ।

૭. એજન, पृ. १९३ : विशोधयितुं—अतिचार-विरहितं कृत्वेत्यर्थः ।

૮. बृहद्वृत्ति, पत्र ३४० : विशोध्य इति विनिश्चित्य ।

પહેલો શિષ્ય ઘણો વિનીત હતો. તેનામાં સમર્પણની ચેતના જાગી ઊઠી હતી. તે ગુરુના આદેશ પ્રમાણે તે જ માર્ગે ચાલ્યો. કાંટા વડે તેના પગ લોહીલુહાણ થઈ ગયા અને તે વેદનાથી કરાંજતો બેસી પડ્યો.

બીજા શિષ્યમાં સમર્પણની ચેતનાનું રૂપાંતરણ થયું ન હતું. તેણે ગુરુના આદેશને અવ્યવહારિક માન્યો. તે તે માર્ગ છોડી બીજા માર્ગે ચાલી નીકળ્યો. ત્રીજો શિષ્ય આવ્યો. જોયું, ઘણું મુશ્કેલ કામ છે કાંટા પર ચાલવાનું. તત્કાળ ગયો, સાવરણી લઈ આવ્યો અને રસ્તામાં વિખરાયેલા બધા કાંટા વાળી-ઝૂડી રસ્તો સાફ કરી દીધો. હવે તે નિશ્ચિતતાપૂર્વક તે જ માર્ગે આગળ વધ્યો અને ગંતવ્યસ્થાને પહોંચી ગયો. આ છે ચેતનાનું રૂપાંતરણ. ત્રણેની કસોટી થઈ ગઈ.

૨૩. (શ્લોક ૩૩)

જેવી રીતે કોઈ એક માણસ ધન કમાવા માટે વિદેશ ગયો. ત્યાંથી ઘણું બધું સોનું લાવી પાછો ઘરે આવી રહ્યો હતો. ખભા પર ઘણું વજન હતું. શરીરે તે સૂકલકડી હતો. માર્ગ સીધો-સરળ આવ્યો ત્યાં સુધી તે બરાબર ચાલતો રહ્યો અને જ્યારે કાંકરા-પથ્થરવાળો માર્ગ આવ્યો ત્યારે તે આદમી ગભરાઈ ગયો. તેણે ધનની ગાંસડી ત્યાં જ ત્યજી દીધી અને પોતાના ઘરે ચાલ્યો આવ્યો. હવે તે સઘળું ગુમાવી દેવાને કારણે નિર્ધન બની પસ્તાવો કરે છે. એ જ રીતે જે શ્રમણ પ્રમાદવશ વિષય-માર્ગમાં જઈને સંયમ-ધન ગુમાવી દે છે, તેને પસ્તાવો થાય છે.[1]

૨૪. (तिण्णो हु सि... ... तीरमागओ)

આ ભાવને સ્પષ્ટ કરનારી એક કથા છે—

રાજધાનીમાં નટમંડળી આવી હતી. ખૂબ જાણકાર, ખૂબ કુશળ. રાજસભામાં નાટકનું આયોજન થયું. નટીએ અપૂર્વ કુશળતા દર્શાવી. પ્રહર પર પ્રહરો વીતતા ગયા પણ જનતાની આંખો હજી પણ તરસી હતી. કૃપણ હતો રાજા અને કૃપણ હતી પ્રજા. નટ રાજાની દૃષ્ટિ તરફ જોઈ રહ્યો હતો, પણ રાજા જોઈ રહ્યો હતો નટીની અપૂર્વ કરામત. ન રાજા થાક્યો કે ન તો નટે નાટક અટકાવ્યું. આખરે નટીએ થાકીને ગાયું—

ઓ મારા નાયક ! તન-પિંજર થાકી ગયું છે. હવે તું કોઈ મધુર તાન છેડ, મધુર તાલ વગાડ.

નટે ગાયું—

ઘણી લાંબી રાત વીતી ચૂકી છે. વહાણું થવામાં છે. હવે થોડીક વાર માટે રંગમાં ભંગ ન પાડ.

નટની કારીગરી જોવા માટે એક મુનિ પણ આવ્યો હતો. તે ઊભો થયો. સવાલાખનો રત્નકામળો તેણે નટના હાથમાં પકડાવી દીધો. રાજકુમાર ઊભો થયો અને તેણે નટની ઝોળીમાં પોતાના કુંડળ નાખી દીધાં. રાજકુમારીએ પોતાનો હાર નટીને પહેરાવી દીધો.

રાજા અચંબામાં પડી ગયો. સભા અવાક્ બની ગઈ. પળ બે પળ વાતાવરણ મૌન બની ગયું. આટલી બક્ષિશ શા માટે ? રાજાએ મુનિને પૂછ્યું. મુનિ બોલ્યો—મેં તો એને રત્નકામળો જ આપ્યો છે, તેણે તો મને જીવન આપ્યું છે. તેના વચનમાંથી પ્રેરણા લઈ હું ફરી પાછો મુનિધર્મમાં સ્થિર બન્યો છું.

રાજાએ યુવરાજને પૂછ્યું—મને પૂછ્યા વિના કુંડળ આપી દીધાં, આટલું સાહસ કેવી રીતે કર્યું ? યુવરાજ બોલ્યો—હું તો તાકમાં હતો મહારાજ ! આપની હત્યા માટે. 'રંગમાં ભંગ ન પાડ'—આ વાક્યે મને ઊગારી લીધો. રાજાએ કન્યાને પૂછ્યું—

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९३ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३४० ।

રત્નહાર આટલો સસ્તો તો નથી જ. કન્યા બોલી—આપે મારી ચિંતા ક્યારે કરી ? હું મંત્રીપુત્ર સાથે ભાગી જવાની તૈયારીમાં હતી. નટના વાક્યે મને બચાવી લીધી. બે પળ માટે ફરી એક વાર સભામાં સન્નાટો છવાઈ ગયો.

૨૫. (શ્લોક ૩૪)

अर्णवનો શાબ્દિક અર્થ છે—સમુદ્ર. અહીં તેનો પ્રયોગ લાક્ષણિક અર્થમાં થયો છે. લાક્ષણિક અર્થના આધારે તેના બે અર્થ કરી શકાય છે—(૧) જન્મ-મરણ રૂપી સમુદ્ર અને (૨) ઉત્કૃષ્ટ સ્થિતિક કર્મમય સમુદ્ર.[૧]

ભગવાન મહાવીર ગૌતમને કહી રહ્યા છે—ગૌતમ ! તું બંને રીતે સમુદ્ર તરી ગયો છે. તેં ભવસંસારનો પાર પામી લીધો છે અને તેં ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં કર્મોનો પણ નાશ કરી નાખ્યો છે. હવે તો તારાં અલ્પ કર્મ બાકી રહ્યાં છે. હવે તું આ બાકી કર્મોનો ક્ષય કરવામાં ઉતાવળ કર. તું તીરે પહોંચી ચૂક્યો છે. એક ડગલું આગળ વધાર, બસ કૃતકૃત્ય થઈ જઈશ.

### ૨૬. ક્ષપક-શ્રેણી પર (अकलेवरसेणिं)

કલેવર અર્થાત્ શરીર. મુક્ત આત્માઓને કલેવર હોતું નથી એટલા માટે તેઓ અકલેવર કહેવાય છે. તેમની શ્રેણીની જેમ પવિત્ર ભાવનાઓની શ્રેણી હોય છે, તેને અકલેવરશ્રેણી કહે છે. તાત્પર્યની ભાષામાં તેનો અર્થ ક્ષપક-શ્રેણિ—કર્મોનો ક્ષય કરનારી ભાવ-શ્રેણી છે. કલેવર-શ્રેણીનો બીજો અર્થ 'સોપાન-પંક્તિ' થઈ શકે છે. મુક્તિ-સ્થાન સુધી પહોંચવા માટે વિશુદ્ધ ભાવ-શ્રેણીની સહાય લેવામાં આવે છે. સોપાન-પંક્તિ ત્યાં કામ આપતી નથી. એટલા માટે તેને 'અકલેવર-શ્રેણી' કહી છે.[૨] અકલેવરનો એક અર્થ વિદેહ અવસ્થા પણ છે. .

### ૨૭. શાંતિ-માર્ગને (संतिमग्गं)

શાંતિનો અર્થ છે—'નિર્વાણ, ઉપશમ અને અહિંસા'. શાંતિમાર્ગ અર્થાત્ મુક્તિમાર્ગ. આ દસવિધ યતિધર્મનો સૂચક છે.[૩]

'सन्तिमग्गं च बूहए'—આ પદની તુલના ધમ્મપદ ૨૦।૧૩ના ત્રીજા ચરણ સાથે કરી શકાય—'सन्तिमग्गमेव ब्रूहय'.

### ૨૮. અર્થપદ (શિક્ષાપદ)થી (अट्ठपओ)

ચૂર્ણિકારે અર્થ-પદનો કોઈ અર્થ નથી કર્યો. શાન્ત્યાચાર્યે તેનો એક શાબ્દિક જેવો અર્થ આપ્યો છે—અર્થ-પદ અર્થાત્ અર્થ-પ્રધાન પદ[૪]. ન્યાયશાસ્ત્રમાં મોક્ષશાસ્ત્રના ચતુર્વ્યૂહને અર્થ-પદ કહેવામાં આવેલ છે. અર્થ-પદનો અર્થ છે 'પુરુષાર્થનું સ્થાન'. ન્યાયની પરિભાષામાં ચાર અર્થ-પદો આ પ્રમાણે છે—

(૧) હેય—દુઃખ અને તેનો નિર્વર્તક (ઉત્પાદક) અર્થાત્ દુઃખ-હેતુ.

(૨) આત્યન્તિક-હાન—દુઃખ-નિવૃત્તિ રૂપ મોક્ષનું કારણ અર્થાત્ તત્ત્વજ્ઞાન.

(૩) તેનો ઉપાય (શાસ્ત્ર).

(૪) અધિગંતવ્ય—લભ્યમોક્ષ.[૫]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १९३ : द्रव्यार्णवः समुद्रः, भावार्णवस्तु संसार एव, उक्कोसट्ठितियाणि वा कम्माणि ।

૨. बृहद्वृत्ति, पत्र २४१ : कलेवरं—शरीरम् अविद्यमानं कडेवरमेषामकडेवराः—सिद्धास्तेषां श्रेणिरिव श्रेणिर्ययोत्तरोत्तरशुभपरिणामप्राप्तिरूपया ते सिद्धिपदमारोहन्ति ( तां ), क्षपकश्रेणिमित्यर्थः । यद्वा कडेवराणि—एकेन्द्रियशरीराणि तन्मयत्वेन तेषां श्रेणिः कडेवरश्रेणिः—वंशादिविरचिता प्रासादादिष्वारोहणहेतुः, तथा च या न सा अकडेवरश्रेणिः—अनन्तरोक्तरूपैव ताम् ।

૩. એજન, पत्र २४१ : शाम्यन्त्यस्यां सर्वदुरितानीति शांतिः—निर्वाणं तस्या मार्गः—पंथाः, यद्वा शांतिः—उपशमः सैव मुक्तिहेतुतया मार्गः शांतिमार्गो, दशविधधर्मोपलक्षणं शांतिग्रहणम् ।

૪. એજન, पत्र २४१ : अर्थप्रधानानि पदानि अर्थपदानि ।

૫. न्याय भाष्य, १।१।१ ।

# इक्कारसमं अज्झयणं

## बहुस्सुयपूया

# અગિયારમું અધ્યયન

## બહુશ્રુતપૂજા

# આમુખ

આ અધ્યયનમાં બહુશ્રુતની ભાવ-પૂજાનું નિરૂપણ છે, એટલા માટે તેનું નામ 'बहुस्सुयपूया'—'બહુશ્રુતપૂજા' રાખવામાં આવ્યું છે. અહીં બહુશ્રુતનો મુખ્ય અર્થ ચતુર્દશ-પૂર્વી છે. આ સમગ્ર પ્રતિપાદન તેમની સાથે સંકળાયેલું છે. ઉપલક્ષણથી બાકીના બધા બહુશ્રુત-મુનિઓની પૂજનીયતા પણ સમજી શકાય છે.[1]

નિશીથ-ભાષ્ય-ચૂર્ણિ અનુસાર બહુશ્રુત ત્રણ પ્રકારના હોય છે[2]—

૧. જઘન્ય બહુશ્રુત—જે નિશીથના જ્ઞાતા હોય.

૨. મધ્યમ બહુશ્રુત—જે નિશીથ અને ચૌદ પૂર્વોની વચ્ચેના જ્ઞાતા હોય.

૩. ઉત્કૃષ્ટ બહુશ્રુત—જે ચતુર્દશ-પૂર્વી હોય.

સૂત્રકારે બહુશ્રુતને અનેક ઉપમાઓ વડે ઉપમિત કર્યા છે. બધી ઉપમાઓ બહુશ્રુતની આંતરિક શક્તિ અને તેજસ્વિતાને પ્રગટ કરે છે—

૧. બહુશ્રુત કંબોજી અશ્વોની માફક શીલમાં શ્રેષ્ઠ હોય છે.

૨. બહુશ્રુત દૃઢ પરાક્રમી યોદ્ધાની માફક અજેય હોય છે.

૩. બહુશ્રુત સાઠ વર્ષના બળવાન હાથીની માફક અપરાજેય હોય છે.

૪. બહુશ્રુત યૂથાધિપતિ વૃષભની માફક પોતાના ગણના નાયક હોય છે.

૫. બહુશ્રુત દુષ્પરાજેય સિંહની માફક અન્યતીર્થિકોમાં શ્રેષ્ઠ હોય છે.

૬. બહુશ્રુત વાસુદેવની માફક અબાધિત પરાક્રમવાળા હોય છે.

૭. બહુશ્રુત ચતુર્દશ રત્નાધિપતિ ચક્રવર્તીની માફક ચતુર્દશ-પૂર્વધર હોય છે.

૮. બહુશ્રુત દેવાધિપતિ શક્રની માફક સંપદાના અધિપતિ હોય છે.

૯. બહુશ્રુત ઉગતા સૂર્યની માફક તપના તેજથી જ્વલંત હોય છે.

૧૦. બહુશ્રુત પૂર્ણિમાના ચંદ્રની માફક સકળ કળાઓથી પરિપૂર્ણ હોય છે.

૧૧. બહુશ્રુત ધાન્યના ભરેલા કોઠારોની માફક શ્રુતથી ભરેલ હોય છે.

૧૨. બહુશ્રુત જંબૂ વૃક્ષની જેમ શ્રેષ્ઠ હોય છે.

૧૩. બહુશ્રુત સીતા નદીની જેમ શ્રેષ્ઠ હોય છે.

૧૪. બહુશ્રુત મંદર પર્વતની જેમ શ્રેષ્ઠ હોય છે.

૧૫. બહુશ્રુત વિવિધ રત્નોથી ભરપૂર સ્વયંભૂરમણ સમુદ્રની જેમ અક્ષયજ્ઞાનથી પરિપૂર્ણ હોય છે.

બહુશ્રુતતાનું પ્રમુખ કારણ છે વિનય. જે વ્યક્તિ વિનીત હોય છે તેનું શ્રુત ફળવંતુ હોય છે. જે વિનીત નથી હોતા, તેનું શ્રુત ફળવંતુ નથી હોતું. સ્તબ્ધતા, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ—આ પાંચ શિક્ષણના વિઘ્નો છે.[3] તેમની તુલના યોગમાર્ગના

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३१७ : ते किर चउदसपुव्वी, सव्वक्खरसन्निवाइणो निउणा ।
जा तेसिं पूया खलु, सा भावे ताइ अहिगारो ॥

२. निशीथ पीठिका भाष्य चूर्णि, पृ. ४९५ : बहुस्सुयं जस्स सो बहुस्सुतो, सो तिविहो—जहण्णो, मज्झिमो, उक्कोसो । जहण्णो जेण पकप्पज्झयणं अधीतं, उक्कोसो चोद्दस्स पुव्वधरो, तम्मज्झे मज्झिमो ।

३. उत्तराध्ययन ११।३ : अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भइ ।
थम्भा कोहा पमाएणं, रोगेणाऽलस्सएण य ॥

નવ વિઘ્નો સાધે થઈ શકે છે.[4]

આઠ લક્ષણયુક્ત વ્યક્તિને શિક્ષણ પ્રાપ્ત થાય છે (શ્લોક ૪, ૫)—

| | |
|---|---|
| ૧. જે હાસ્ય નથી કરતો | ૫. જે દુઃશીલ નથી હોતો. |
| ૨. જે ઈન્દ્રિય અને મનનું દમન કરે છે. | ૬. જે રસોમાં અતિ ગૃદ્ધ નથી હોતો. |
| ૩. જે મર્મ પ્રકાશિત નથી કરતો. | ૭. જે ક્રોધ નથી કરતો. |
| ૪. જે ચરિત્રવાન હોય છે. | ૮. જે સત્યમાં રત રહે છે. |

સૂત્રકારે અવિનીતનાં ૧૪ લક્ષણ અને વિનીતનાં ૧૫ ગુણોનું પ્રતિપાદન કરીને અવિનીત અને વિનીતની સુંદર સમીક્ષા કરી છે (શ્લોક ૬-૧૩).

આ અધ્યયનમાં શ્રુત અધ્યયનનાં બે કારણ બતાવ્યાં છે (શ્લોક ૩૨)—

૧. સ્વની મુક્તિ માટે.

૨. પરની મુક્તિ માટે.

દશવૈકાલિકમાં શ્રુત-અધ્યયનનાં ચાર કારણો નિર્દિષ્ટ છે[5]—

૧. મને શ્રુત પ્રાપ્ત થશે, એટલા માટે અધ્યયન કરવું જોઈએ.

૨. હું એકાગ્રચિત્ત બનીશ, એટલા માટે અધ્યયન કરવું જોઈએ.

૩. હું આત્માને ધર્મમાં સ્થાપિત કરીશ, એટલા માટે અધ્યયન કરવું જોઈએ.

૪. હું ધર્મમાં સ્થિત થઈ બીજાને તેમાં સ્થાપિત કરીશ, એટલા માટે અધ્યયન કરવું જોઈએ.

---

૪. पातंजल योगदर्शन १।३० : व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ।

५. दशवैकालिक ९। ४ सूत्र ५ : सुयं मे भविस्सइ त्ति अज्झाइयव्वं भवइ । एगग्गचित्तो भविस्सामि त्ति अज्झाइयव्वं भवइ । अप्पाणं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ । ठिओ परं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ ।

# इक्कारसमं अज्झयणं : અગિયારમું અધ્યયન
## बहुस्सुयपूया : બહુશ્રુતપૂજા

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. संजोगा विप्पमुक्कस्स<br>अणगारस्स भिक्खुणो ।<br>आयारं पाउकरिस्सामि<br>आणुपुव्विं सुणेह मे ॥ | संयोगाद् विप्रमुक्तस्य<br>अनगारस्य भिक्षोः ।<br>आचारं प्रादुष्करिष्यामि<br>आनुपूर्व्या श्रृणुत मे ॥ | ૧. જે સંયોગથી મુક્ત છે, અનગાર છે, ભિક્ષુ છે, તેનો આચાર[1] હું ક્રમશઃ કહીશ. મને સાંભળો. |
| २. जे यावि होइ निव्विज्जे<br>थद्धे लुद्धे अणिग्गहे ।<br>अभिक्खणं उल्लवई<br>अविणीए अबहुस्सुए ॥ | यश्चापि भवति निर्विद्यः<br>स्तब्धो लुब्धोऽनिग्रहः ।<br>अभीक्ष्णमुल्लपति<br>अविनीतोऽबहुश्रुतः ॥ | ૨. જે વિદ્યાહીન છે, વિદ્યાવાન હોવા છતાં પણ જે અભિમાની છે, જે સરસ આહારમાં લુબ્ધ છે, જે અજિતેન્દ્રિય છે, જે વારંવાર અસંબદ્ધ બોલે છે, જે અવિનીત છે, તે અબહુશ્રુત કહેવાય છે.[2] |
| ३. अह पंचहिं ठाणेहिं<br>जेहिं सिक्खा न लब्भई ।<br>थंभा कोहा पमाएणं<br>रोगेणाऽलस्सएण य ॥ | अथ पञ्चभिः स्थानैः<br>यैः शिक्षा न लभ्यते ।<br>स्तम्भात् क्रोधात् प्रमादेन<br>रोगेणालस्येन च ॥ | ૩. માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ—આ પાંચ સ્થાનો (હેતુઓ)થી શિક્ષા (વિદ્યા) પ્રાપ્ત થતી નથી.[3] |
| ४. अह अट्ठहिं ठाणेहिं<br>सिक्खासीले त्ति वुच्चई ।<br>अहस्सिरे सया दंते<br>न य मम्ममुदाहरे ॥ | अथाष्टभिः स्थानैः<br>शिक्षाशील इत्युच्यते ।<br>अहसिता सदा दान्तः<br>न च मर्म उदाहरेत् ॥ | ૪. આઠ સ્થાનો (હેતુઓ) વડે વ્યક્તિને શિક્ષાશીલ કહેવામાં આવે છે. (૧) જે હાસ્ય ન કરે (૨) જે સદા ઇન્દ્રિય અને મનનું દમન કરે (૩) જે મર્મ-પ્રકાશન (રહસ્યોદ્‌ઘાટન) ન કરે[4]. |
| ५. नासीले न विसीले<br>न सिया अइलोलुए ।<br>अकोहणे सच्चरए<br>सिक्खासीले त्ति वुच्चई ॥ | नाशीलो न विशीलः<br>न स्यादतिलोलुपः ।<br>अक्रोधनः सत्यरतः<br>शिक्षाशील इत्युच्यते ॥ | ૫. (૪) જે ચારિત્રથી હીન ન હોય (૫) જેનું ચારિત્ર દોષો વડે કલુષિત ન હોય (૬) જે રસોમાં અતિ લોલુપ ન હોય (૭) જે ક્રોધ ન કરે અને (૮) જે સત્યમાં રત હોય—તેને શિક્ષાશીલ કહેવામાં આવે છે.[5] |
| ६. अह चउदसहिं ठाणेहिं<br>वट्टमाणे उ संजए ।<br>अविणीए वुच्चई सो उ<br>निव्वाणं च न गच्छइ ॥ | अथ चतुर्दशसु स्थानेषु<br>वर्तमानस्तु संयतः ।<br>अविनीत उच्यते स तु<br>निर्वाणं च न गच्छति ॥ | ૬. ચૌદ સ્થાનો (હેતુઓ)માં વર્તન કરનાર સંયમી અવિનીત કહેવાય છે. તે નિર્વાણ પ્રાપ્ત કરતો નથી. |

**७. अभिक्खणं कोही हवइ**
**पबंधं च पकुव्वई ।**
**मेत्तिज्जमाणो वमइ**
**सुयं लद्धूण मज्जई ॥**

अभीक्ष्णं क्रोधी भवति
प्रबन्धं च प्रकरोति ।
मित्रीय्यमाणो वमति
श्रुतं लब्ध्वा माद्यति ॥

૭. (૧) જે વારંવાર[6] ક્રોધ કરે છે (૨) જે ક્રોધને ટકાવી રાખે છે[7] (૩) જે મિત્રભાવ રાખનારાને પણ ઠોકર મારે છે[8] (૪) જે શ્રુત પ્રાપ્ત કરીને મદ કરે છે,

**८. अवि पावपरिक्खेवी**
**अवि मित्तेसु कुप्पई ।**
**सुप्पियस्सावि मित्तस्स**
**रहे भासइ पावगं ॥**

अपि पापपरिक्षेपी
अपि मित्रेभ्यः कुप्यति ।
सुप्रियस्यापि मित्रस्य
रहसि भाषते पापकम् ॥

૮. (૫) જે કોઈનું સ્ખલન થવા પર તેનો તિરસ્કાર કરે છે (૬) જે મિત્રો પર ગુસ્સે થાય છે (૭) જે અત્યન્ત પ્રિય મિત્રની પણ એકાંતમાં નિંદા કરે છે[9],

**९. पइण्णवाई दुहिले**
**थद्धे लुद्धे अणिग्गहे ।**
**असंविभागी अचियत्ते**
**अविणीए त्ति वुच्चई ॥**

प्रकीर्णवादी द्रोही
स्तब्धो लुब्धोऽनिग्रहः ।
असंविभागी 'अचियत्त'
अविनीत इत्युच्यते ॥

૯. (૮) જે અસંબદ્ધ પ્રલાપી છે[10] (૯) જે દ્રોહી છે (૧૦) જે અભિમાની છે (૧૧) જે સરસ આહાર વગેરેમાં લુબ્ધ છે (૧૨) જે અજિતેન્દ્રિય છે (૧૩) જે અસંવિભાગી છે અને (૧૪) જે અપ્રીતિકર છે[11] – તે અવિનીત કહેવાય છે.

**१०. अह पन्नरसहिं ठाणेहिं**
**सुविणीए त्ति वुच्चई ।**
**नीयावत्ती अचवले**
**अमाई अकुऊहले ॥**

अथ पंचदशभिः स्थानैः
सुविनीत इत्युच्यते ।
नीचवर्त्यचपलः
अमाय्यकुतूहलः ॥

૧૦. પંદર સ્થાનો (હેતુઓ) વડે સુવિનીત કહેવાય છે – (૧) જે નમ્ર વ્યવહાર રાખે છે[12] (૨) જે ચપળ નથી હોતો[13] (૩) જે માયાવી નથી હોતો[14] (૪) જે કુતૂહલ નથી કરતો[15],

**११. अप्पं चाऽहिक्खिवई**
**पबन्धं च न कुव्वई ॥**
**मेत्तिज्जमाणो भयई**
**सुयं लद्धं न मज्जई ॥**

अल्पं चाधिक्षिपति
प्रबन्धं च न करोति ।
मित्रीय्यमाणो भजति
श्रुतं लब्ध्वा न माद्यति ॥

૧૧. (૫) જે કોઈનો તિરસ્કાર નથી કરતો[16] (૬) જે ક્રોધને ટકાવી નથી રાખતો (૭) જે મિત્રભાવ રાખનાર પ્રત્યે કૃતજ્ઞ હોય છે (૮) જે શ્રુત પ્રાપ્ત કરીને મદ નથી કરતો,

**१२. न य पावपरिक्खेवी**
**न य मित्तेसु कुप्पई ।**
**अप्पियस्सावि मित्तस्स**
**रहे कल्लाण भासई ॥**

न च पाप-परिक्षेपी
न च मित्रेभ्यः कुप्यति ।
अप्रियस्यापि मित्रस्य
रहसि कल्याणं भाषते ॥

૧૨. (૯) જે સ્ખલના થવા છતાં પણ કોઈનો તિરસ્કાર નથી કરતો[17] (૧૦) જે મિત્રો પર ક્રોધ નથી કરતો (૧૧) જે અપ્રિય મિત્રની પણ એકાંતમાં પ્રશંસા કરે છે[18],

**१३. कलहडमरवज्जए**
**बुद्धे अभिजाइए ।**
**हिरिमं पडिसंलीणे**
**सुविणीए त्ति वुच्चई ॥**

कलह-'डमर'-वर्जकः
बुद्धोऽभिजातिगः ।
ह्रीमान् प्रतिसंलीनः
सुविनीत इत्युच्यते ॥

૧૩. (૧૨) જે કલહ અને કજિયાનો ત્યાગ કરે છે (૧૩) જે કુલીન હોય છે (૧૪) જે લજ્જાવાન હોય છે અને (૧૫) જે પ્રતિસંલીનતા કરનાર (ઈન્દ્રિય અને મનનું સંગોપન કરનાર) હોય છે – તે બુદ્ધિમાન મુનિ સુવિનીત કહેવાય છે[19].

**१४. वसे गुरुकुले निच्चं**
**जोगवं उवहाणवं ।**
**पियंकरे पियंवाई**
**से सिक्खं लद्धुमरिहई ॥**

वसेद् गुरुकुले नित्यं
योगवानुपधानवान् ।
प्रियङ्करः प्रियवादी
स शिक्षां लब्धुमर्हति ॥

૧૪. જે સદા ગુરુકુળમાં[20] વાસ કરે છે, જે એકાગ્ર હોય છે[21], જે ઉપધાન (શ્રુત-અધ્યયન સમયે તપ) કરે છે, જે પ્રિય વ્યવહાર કરે છે, જે પ્રિય બોલે છે – તે શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે.

१५. जहा संखम्मि पयं
निहियं दुहओ वि विरायइ ।
एवं बहुस्सुए भिक्खू
धम्मो कित्ती तहा सुयं ॥

यथा शङ्खे पयो
निहितं द्विधापि विराजते ।
एवं बहुश्रुते भिक्षौ
धर्मः कीर्तिस्तथा श्रुतम् ॥

૧૫. જે રીતે શંખમાં રાખેલું દૂધ બંને રીતે (પોતાના અને પોતાના આધારના ગુણો વડે) સુશોભિત થાય છે[22] તેવી જ રીતે બહુશ્રુત[23] ભિક્ષુમાં ધર્મ, કીર્તિ અને શ્રુત[24] બંને રીતે (પોતાના અને પોતાના આધારના ગુણો વડે) સુશોભિત થાય છે.

१६. जहा से कंबोयाणं
आइण्णे कंथए सिया ।
आसे जवेण पवरे
एवं हवइ बहुस्सुए ॥

यथा स काम्बोजानां
आकीर्णः कन्थकः स्यात् ।
अश्वो जवेन प्रवरः
एवं भवति बहुश्रुतः ॥

૧૬. જેવી રીતે કંબોજી ઘોડામાં કંથક ઘોડો શીલ વગેરે ગુણો વડે આકીર્ણ અને વેગમાં શ્રેષ્ઠ હોય છે, તેવી જ રીતે ભિક્ષુઓમાં બહુશ્રુત શ્રેષ્ઠ હોય છે[25].

१७. जहाइण्णसमारूढे
सूरे दढपरक्कमे ।
उभओ नंदिघोसेणं
एवं हवइ बहुस्सुए ॥

यथाऽऽकीर्णसमारूढः
शूरो दृढपराक्रमः ।
उभयतो नन्दिघोषेण
एवं भवति बहुश्रुतः ॥

૧૭. જે રીતે આકીર્ણ (જાતવાન) અશ્વ પર સવાર દઢ પરાક્રમવાળો યોદ્ધો બંને તરફ થનારા મંગળપાઠકોના ઘોષથી[26] અજેય હોય છે, તે જ રીતે બહુશ્રુત પોતાની આસપાસ થનારા સ્વાધ્યાય-ઘોષ વડે અજેય હોય છે.

१८. जहा करेणुपरिकिण्णे
कुंजरे सट्ठिहायणे ।
बलवंते अप्पडिहए
एवं हवइ बहुस्सुए ॥

यथा करेणुपरिकीर्णः
कुञ्जरः षष्टिहायनः ।
बलवानप्रतिहतः
एवं भवति बहुश्रुतः ॥

૧૮. જે રીતે હાથણીઓથી ઘેરાયેલ સાઠ વર્ષનો[27] બળવાન હાથી કોઈથી પરાજિત નથી થતો, તેવી જ રીતે બહુશ્રુત બીજાઓ વડે પરાજિત નથી થતો.

१९. जहा से तिक्खसिंगे
जायखंधे विरायई ।
वसहे जूहाहिवई
एवं हवइ बहुस्सुए ॥

यथा स तीक्ष्णशृंगः
जातस्कन्धो विराजते ।
वृषभो यूथाधिपतिः
एवं भवति बहुश्रुतः ॥

૧૯. જે રીતે તીક્ષ્ણ શીંગ અને અત્યંત પુષ્ટ સ્કંધવાળો[28] વૃષભ યૂથનો અધિપતિ બની શોભે છે, તે જ રીતે બહુશ્રુત આચાર્ય બનીને શોભે છે.

२०. जहा से तिक्खदाढे
उदग्गे दुप्पहंसए ।
सीहे मियाण पवरे
एवं हवइ बहुस्सुए ॥

यथा स तीक्ष्णदंष्ट्रः
उदग्रो दुष्प्रधर्षकः ।
सिंहो मृगाणां प्रवरः
एवं भवति बहुश्रुतः ॥

૨૦. જેવી રીતે તીક્ષ્ણ દાઢવાળો, પૂર્ણ યુવાન અને દુષ્પરાજેય સિંહ જંગલી પશુઓમાં શ્રેષ્ઠ હોય છે, તેવી જ રીતે બહુશ્રુત અન્ય તીર્થિકોમાં શ્રેષ્ઠ હોય છે[29].

२१. जहा से वासुदेवे
संखचक्कगयाधरे ।
अप्पडिहयबले जोहे
एवं हवइ बहुस्सुए ॥

यथा स वासुदेवः
शङ्खचक्रगदाधरः ।
अप्रतिहतबलो योधः
एवं भवति बहुश्रुतः ॥

૨૧. જેવી રીતે શંખ, ચક્ર અને ગદાને[30] ધારણ કરનાર વાસુદેવ અબાધિત બળવાળો યોદ્ધો હોય છે, તેવી જ રીતે બહુશ્રુત અબાધિત બળવાળો હોય છે.

२२. जहा से चाउरंते
चक्कवट्टी महिड्ढिए ।
चउदसरयणाहिवई
एवं हवइ बहुस्सुए ॥

यथा स चतुरंतः
चक्रवर्ती महर्द्धिकः ।
चतुर्दशरत्नाधिपतिः
एवं भवति बहुश्रुतः ॥

૨૨. જેવી રીતે મહાન ઋદ્ધિશાળી, ચતુરંત ચક્રવર્તી ચૌદ રત્નોનો અધિપતિ હોય છે, તેવી જ રીતે બહુશ્રુત ચતુર્દશ-પૂર્વધર હોય છે[31].

२३. जहा से सहस्सक्खे
वज्जपाणी पुरंदरे ।
सक्के देवाहिवई
एवं हवइ बहुस्सुए ॥

यथा स सहस्राक्षः
वज्रपाणिः पुरन्दरः ।
शक्रो देवाधिपतिः
एवं भवति बहुश्रुतः ॥

૨૩. જેવી રીતે સહસ્રાક્ષ, વજ્રપાણિ અને પુરંદર (પુરોનો નાશ કરનાર) શક્ર દેવોનો અધિપતિ હોય છે, તેવી જ રીતે બહુશ્રુત દૈવી સંપદાનો અધિપતિ હોય છે.

२४. जहा से तिमिरविद्धंसे
उत्तिट्ठंते दिवायरे ।
जलंते इव तेएण
एवं हवइ बहुस्सुए ॥

यथा स तिमिरविध्वंशः
उत्तिष्ठन् दिवाकरः ।
ज्वलन्निव तेजसा
एवं भवति बहुश्रुतः ॥

૨૪. જેવી રીતે અંધકારનો નાશ કરનાર ઊગતો સૂર્ય તેજથી ઝળહળતો પ્રતીત થાય છે, તેવી જ રીતે બહુશ્રુત તપના તેજથી જ્વલંત પ્રતીત થાય છે.

२५. जहा से उडुवई चंदे
नक्खत्तपरिवारिए
पडिपुण्णे पुण्णमासीए
एवं हवइ बहुस्सुए ॥

यथा स उडुपतिश्चन्द्रः
नक्षत्रपरिवारितः ।
प्रतिपूर्णः पौर्णमास्यां
एवं भवति बहुश्रुतः ॥

૨૫. જેવી રીતે નક્ષત્ર પરિવાર વડે ઘેરાયેલ ગ્રહપતિ ચંદ્ર પૂનમે પરિપૂર્ણ હોય છે, તેવી જ રીતે સાધુઓના પરિવાર વડે ઘેરાયેલ બહુશ્રુત સકળ કળાઓમાં પરિપૂર્ણ હોય છે.

२६. जहा से सामाइयाणं
कोट्ठागारे सुरक्खिए ।
नाणाधन्नपडिपुण्णे
एवं हवइ बहुस्सुए ॥

यथा स सामाजिकानां
कोष्ठागारः सुरक्षितः ।
नानाधान्यप्रतिपूर्णः
एवं भवति बहुश्रुतः ॥

૨૬. જેવી રીતે સામાજિકો (સમુદાય-વૃત્તિવાળાઓ) નો કોઠાર સુરક્ષિત અને અનેક પ્રકારના ધાન્યોથી પરિપૂર્ણ હોય છે, તેવી જ રીતે બહુશ્રુત વિવિધ પ્રકારના શ્રુત વડે પરિપૂર્ણ હોય છે.

२७. जहा सा दुमाण पवरा
जंबू नाम सुदंसणा ।
अणाढियस्स देवस्स
एवं हवइ बहुस्सुए ॥

यथा सा द्रुमाणां प्रवरा
जम्बूर्नाम्ना सुदर्शना ।
अनादृतस्य देवस्य
एवं भवति बहुश्रुतः ॥

૨૭. જેવી રીતે અનાદૃત દેવના આશ્રયરૂપ સુદર્શન નામનું જંબૂવૃક્ષ બધા વૃક્ષોમાં શ્રેષ્ઠ હોય છે, તેવી જ રીતે બહુશ્રુત બધા સાધુઓમાં શ્રેષ્ઠ હોય છે

२८. जहा सा नईण पवरा
सलिला सागरंगमा ।
सीया नीलवंतपवहा
एवं हवइ बहुस्सुए ॥

यथा सा नदीनां प्रवरा
सलिला सागरङ्गमा ।
शीता नीलवत्प्रवहा
एवं भवति बहुश्रुतः ॥

૨૮. જેવી રીતે નીલવાન પર્વતમાંથી નીકળીને સમુદ્રમાં જઈ મળનારી શીતા નદી બધી નદીઓમાં શ્રેષ્ઠ છે, તેવી જ રીતે બહુશ્રુત બધા સાધુઓમાં શ્રેષ્ઠ હોય છે.

२९. जहा से नगाण पवरे
सुमहं मंदरे गिरी ।
नाणोसहिपज्जलिए
एवं हवइ बहुस्सुए ॥

यथा स नगानां प्रवरः
सुमहान्मन्दरो गिरिः ।
नानौषधिप्रज्वलितः
एवं भवति बहुश्रुतः ॥

૨૯. જેવી રીતે અતિશય મહાન અને અનેક પ્રકારની ઔષધિઓથી દીપ્ત મંદર પર્વત બધા પર્વતોમાં શ્રેષ્ઠ છે, તેવી જ રીતે બહુશ્રુત બધા સાધુઓમાં શ્રેષ્ઠ હોય છે.

३०. जहा से सयंभूरमणे
उदही अक्खओदए ।
नाणारयणपडिपुण्णे
एवं हवइ बहुस्सुए ॥

यथा स स्वयम्भूरमणः
उदधिरक्षयोदकः ।
नानारत्नप्रतिपूर्णः
एवं भवति बहुश्रुतः ॥

૩૦. જેવી રીતે અક્ષય જળવાળો સ્વયંભૂરમણ સમુદ્ર અનેક પ્રકારના રત્નોથી ભરેલો હોય છે, તેવી જ રીતે બહુશ્રુત અક્ષયજ્ઞાન વડે પરિપૂર્ણ હોય છે.

३१. समुद्दगंभीरसमा दुरासया
अचक्किया केणइ दुप्पहंसया ।
सुयस्स पुण्णा विउलस्स ताइणो
खवित्तु कम्मं गइमुत्तमं गया ।

समुद्रगाम्भीर्यसमा दुराशयाः
अशक्याः केनापि दुष्प्रधर्षकाः ।
श्रुतेन पूर्णा विपुलेन तादृशः
क्षपयित्वा कर्म गतिमुत्तमां गताः ॥

૩૧. સમુદ્રસમાન ગંભીર, દુરાશય—જેના આશય સુધી પહોંચવું સરળ ન હોય, અશક્ય—જેના જ્ઞાનસિંધુને પાર કરવો શક્ય ન હોય, કોઈપણ પ્રતિવાદી વડે અપરાજેય અને વિપુલ શ્રુતથી પૂર્ણ એવા બહુશ્રુત મુનિ કર્મોનો ક્ષય કરી ઉત્તમ ગતિ (મોક્ષ)માં ગયા.

३२. तम्हा सुयमहिट्ठेज्जा
उत्तमट्ठगवेसए ।
जेणऽप्पाणं परं चेव
सिद्धिं संपाउणेज्जासि ॥

तस्मात् श्रुतमधितिष्ठेत्
उत्तमार्थगवेषकः ।
येनात्मानं परं चैव
सिद्धिं संप्रापयेत् ॥

૩૨. એટલા માટે ઉત્તમ અર્થ (મોક્ષ)ની ગવેષણા કરનાર મુનિ શ્રુતનો આશ્રય કરે, જેનાથી તે પોતાને તથા બીજાઓને સિદ્ધિની પ્રાપ્તિ કરાવી શકે.

—त्ति बेमि ।

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

टिप्पण

## અધ્યયન ૧૧ : બહુશ્રુતપૂજા

### ૧. આચાર (आयारं)

આચારનો અર્થ 'ઉચિત ક્રિયા' અથવા 'વિનય' છે.[1] ચૂર્ણિકાર અનુસાર પૂજા, વિનય અને આચાર એકાર્થક શબ્દો છે.[2] જૈન અને બૌદ્ધ સાહિત્યમાં વિનય શબ્દ પણ આચારના અર્થમાં બહુલતાથી પ્રયોજાયો છે.[3] પ્રસ્તુત અધ્યયનમાં બહુશ્રુતની પૂજા અને શિક્ષાની અર્હતા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.[4]

આચારના પાંચ પ્રકારો છે—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.[5] બહુશ્રુતતાનો સંબંધ જ્ઞાનાચાર અથવા શિક્ષા સાથે છે.

### ૨. (अवि, थद्धे, अणिग्गहे)

પ્રસ્તુત પ્રકરણ બહુશ્રુતની પૂજાનું છે. બહુશ્રુતની પૂજા તેમનાં સ્વરૂપને જાણવાથી થાય છે. બહુશ્રુતનો પ્રતિપક્ષ અબહુશ્રુત છે. બહુશ્રુતને જાણતાં પહેલાં અબહુશ્રુતને જાણવાનું આવશ્યક છે. એટલા માટે આ શ્લોકમાં અબહુશ્રુતનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.[6]

**अवि**—વિદ્યાવાન હોવા છતાં પણ. 'निर्विद्य' (વિદ્યાહીન) શબ્દ મૂળ પાઠમાં પ્રયોજાયો છે. પરંતુ વિદ્યાવાનનો ઉલ્લેખ 'अपि' શબ્દના આધારે કરવામાં આવ્યો છે.[7] જે સ્તબ્ધતા વગેરે દોષોથી યુક્ત છે તે વિદ્યાવાન હોવા છતાં પણ અબહુશ્રુત છે. તેનું કારણ એવું છે કે સ્તબ્ધતા વગેરે દોષોના કારણે બહુશ્રુતતાનું ફળ મળતું નથી.[8]

**थद्धे**—અભિમાની. જ્ઞાનથી અહંકારનો નાશ થાય છે પરંતુ જ્યારે જ્ઞાન પણ અહંકારની વૃદ્ધિનું સાધન બની જાય ત્યારે અહંકાર કેવી રીતે હટે ? જ્યારે ઔષધ પણ વિષનું કામ કરે તો ચિકિત્સા શાના વડે કરવી ?[9]

**अणिग्गहे**—અજિતેન્દ્રિય. ઈન્દ્રિયો પર નિયંત્રણ કરવા માટે વિદ્યા અંકુશ સમાન છે. તેના અભાવમાં વ્યક્તિ અનિગ્રહ બને છે.[10] જે ઈન્દ્રિયોનો નિગ્રહ ન કરી શકે તે અનિગ્રહ—અજિતેન્દ્રિય કહેવાય છે.[11]

---

૧. बृहद्वृत्ति, पत्र ३४४ : आचरणमाचार:—उचितक्रिया विनय इति यावत् ।

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ १८५ : पूय त्ति वा विणओ त्ति वा आयारो त्ति वा एगट्ठं ।

૩. જુઓ—૧।૧નું ટિપ્પણ

૪. बृहद्वृत्ति, पत्र ३४४ : स चेह बहुश्रुतपूजात्मक एव गृह्यते, तस्या एवात्राधिकृतत्वात् ।

૫. ठाणं ५।१४७ ।

૬. बृहद्वृत्ति, पत्र ३४४ : इह च बहुश्रुतपूजा प्रक्रान्ता, सा च बहुश्रुतस्वरूपपरिज्ञान एव कर्त्तुं शक्या, बहुश्रुतस्वरूपं च तद्विपर्ययपरिज्ञाने तद्विविक्तं सुखेनैव ज्ञायत इत्यबहुश्रुतस्वरूपमाह ।

૭. એજન, पत्र ३४४ : अपिशब्दसम्बन्धात् सविद्योऽपि ।

૮. એજન, पत्र ३४४ : सविद्यस्याप्यबहुश्रुतत्वं बाहुश्रुत्यफलाभावादिति भावनीयम् ।

૯. उत्तराध्ययन चूर्णि, पृ. १९५ :
ज्ञानं मदनिर्मथनं, माद्यति यस्तेन दुश्चिकित्स्य: स: ।
अगदो यस्य विषायति, तस्य चिकित्सा कुतोऽन्येन ॥

૧૦. उत्तराध्ययन चूर्णि, पृ. १९५ : अंकुशभूता विद्या तस्या अभावादनिग्रह: ।

૧૧. बृहद्वृत्ति, पत्र ३४४ : न विद्यते इन्द्रियनिग्रह:—इन्द्रियनियमनात्मकोऽस्येति अनिग्रह: ।

૩. (શ્લોક ૩)

પ્રસ્તુત શ્લોકના કેટલાક શબ્દોનું વિવરણ–

**ठाणेहिं**–સ્થાનો વડે. સ્થાન શબ્દના અનેક અર્થ થાય છે. અહીં તેનો અર્થ હેતુ[1] અથવા પ્રકાર[2] છે.

**सिक्खा**–શિક્ષા. શિક્ષાના બે પ્રકાર છે–ગ્રહણ અને આસેવન. જ્ઞાન પ્રાપ્ત કરવાને ગ્રહણ અને તે અનુસાર આચરણ કરવાને આસેવન કહેવામાં આવે છે.[3] અભિમાન વગેરે કારણોથી ગ્રહણ-શિક્ષા પણ પ્રાપ્ત નથી થતી, તો પછી આસેવન-શિક્ષા કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?[4]

**थंभा**–આનો અર્થ છે–'માન'. અભિમાની વ્યક્તિ વિનય નથી કરતો, એટલા માટે તેને કોઈ ભણાવતું નથી. આમ માન શિક્ષાપ્રાપ્તિમાં બાધક છે.[5]

**पमाएणं**–પ્રમાદના પાંચ પ્રકાર છે–

(૧)મદ્ય (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા અને (૫) વિકથા[6].

**रोगेण**–ચૂર્ણિકારે રોગ ઉત્પન્ન થવાનાં બે કારણો બતાવ્યાં છે[7]–

(૧) અતિ-આહાર અને (૨) અપથ્ય-આહાર.

**आलस्सएण**–आलस्यનો અર્થ છે–ઉત્સાહહીનતા[8].

૪. (सिक्खासीले, अहस्सिरे, मम्मं)

**सिक्खासीले**–શિક્ષામાં રુચિ રાખનાર અથવા શિક્ષાનો અભ્યાસ કરનાર 'शिक्षा-शील' કહેવાય છે.[9]

**अहस्सिरे**–જે હાસ્ય ન કરે. અકારણ અથવા કારણ ઉપસ્થિત થવા છતાં પણ જેનો સ્વભાવ હસવાનો ન હોય તેને 'अहसिता' કહેવામાં આવે છે.[10]

**मम्मं**–મર્મનો અર્થ છે–લજ્જાજનક, અપવાદજનક અથવા નિંદનીય આચરણ સંબંધી ગુપ્ત વાત[11].

૫. (नासीले न विसीले, अकोहणे, सच्चरए)

ચૂર્ણિકારે 'अशील'નો અર્થ–ગૃહસ્થની માફક આચરણ કરનાર અને 'विशील'નો અર્થ–જાદુ-દોરાધાગા વગેરે કરનાર

---

૧. बृहद्वृत्ति, पत्र ३४४-३४५ : 'यैः' इति वक्ष्यमाणैर्हेतुभिः ।
૨. उत्तराध्ययन चूर्णि, पृ. १९५ : ठाणेहिंति प्रकारा ।
૩. बृहद्वृत्ति, पत्र ३४५ : शिक्षणं शिक्षा–ग्रहणासेवनात्मिका ।
૪. उत्तराध्ययन चूर्णि, पृ. १९५ : गहणसिक्खावि णत्थि, कतो आसेवणसिक्खा ।
૫. એજન, पृ. १९५ : तत्थ ते णो कोइ पाढेति, इयरो थद्धत्तेण ण वंदति ।
૬. એજન, पृ. १९५ : पमादो पंचविधो, तं जहा–मज्जप० विसयप० कसायप० णिद्दाप० विगहापमादो ।
૭. એજન, पृ. १९५ : अत्याहारेण अपत्थाहारेण वा रोगो भवति ।
૮. बृहद्वृत्ति, पत्र ३४५ : 'आलस्येन' अनुत्साहात्मना ।
૯. એજન, पत्र ३४५ : शिक्षायां शीलः–स्वभावो यस्य शिक्षां वा शीलयति–अभ्यस्यतीति शिक्षाशीलः–द्विविधशिक्षाभ्यासकृद् ।
૧૦. એજન, पत्र ३४५ : अहसिता–न सहेतुकमहेतुकं वा हसन्नेवास्ते ।
૧૧. એજન, पत्र ३४५ : 'मर्म' परापभ्राजनाकारि कुत्सितं जात्यादि ।

એવો કર્યો છે.[1] વૃત્તિમાં અશીલનો અર્થ છે—ચારિત્ર-ધર્મથી સર્વથા હીન અને વિશીલનો અર્થ છે—અતિચારો વડે કલુષિત વ્રતવાળો.[2]

જે નિરપરાધ અથવા અપરાધી પર ક્રોધ ન કરે, તે 'अक्रोधन' કહેવાય છે.[3]

ચૂર્ણિ અનુસાર જે અસત્ય ન બોલે અથવા સંયમમાં રત હોય, તે 'सत्य-रत' કહેવાય છે.[4]

### ૬. વારંવાર (अभिक्खणं)

બૃહદ્વૃત્તિ અનુસાર આનાં સંસ્કૃત રૂપો બે બને છે—'अभीक्ष्णं' અને 'अभिक्षण'. 'अभीक्ष्णं'નો અર્થ વારંવાર અને 'अभिक्षणं'નો અર્થ નિરંતર થાય છે.[5]

### ૭. જે ક્રોધને ટકાવી રાખે છે (पबंधं)

પ્રબંધનો અર્થ છે—અવિચ્છેદ. વારંવાર ક્રોધ આવવો અને આવેલા ક્રોધને ટકાવી રાખવો એક વાત નથી. તેનો વૈકલ્પિક અર્થ છે—વિકથાઓમાં નિરંતર લાગ્યા રહેવું.[6]

### ૮. જે મિત્ર-ભાવ રાખનારને પણ ધુતુકારે છે (मेत्तिज्जमाणो वमइ)

આનો આશય એક વ્યાવહારિક ઉદાહરણ વડે સ્પષ્ટ કરવામાં આવ્યો છે. કોઈક સાધુ પાત્રો રંગવાનું નથી જાણતો. તેવી સ્થિતિમાં બીજો સાધુ તેના પાત્રો રંગવા તૈયાર છે, પરંતુ તે વિચારવા લાગે છે કે હું આની પાસે મારાં પાત્રો રંગાવીશ તો મારે પણ તેનું કામ કરવું પડશે. આવા પ્રત્યુપકારના ભયથી તે પેલા પાસે પાત્રો રંગાવતો નથી અને કહે છે કે મારે તારી પાસે પાત્રો રંગાવવા નથી. આ રીતે મિત્રભાવ રાખવાની ઈચ્છા કરનારનો તે તિરસ્કાર કરે છે.[7]

### ૯. બુરાઈ કરે છે (भासइ पावगं)

બુરાઈ કરે છે—આનું તાત્પર્ય એવું છે કે સામે મીઠું મીઠું બોલે છે અને પાછળ—'આ દોષનું સેવન કરે છે'—આ રીતે તેની નિંદા કરે છે.[8]

### ૧૦. જે અસંબદ્ધભાષી છે (पइण्णवाई)

બૃહદ્વૃત્તિ અનુસાર 'पइण्णवाई'નાં સંસ્કૃત રૂપો બે બને છે—'प्रकीर्णवादी' અને 'प्रतिज्ञावादी'.

---

१. उत्तराध्ययन चूर्णि, पृ. १९६ : अशीलो गृहस्थ इव.... विशीलो भूतिकम्मादीहिं।

२. बृहद्वृत्ति, पत्र ३४५ : अशीलः—अविद्यमानशीलः, सर्वथा विनष्टचारित्रधर्म इत्यर्थः, विशीलः—विरूपशीलः अतिचारकलुषितव्रत इति यावत्।

३. એજન, पत्र ३४५ : 'अक्रोधनः' अपराधिन्यनपराधिनि वा न कथंचित् क्रुध्यति।

४. उत्तराध्ययन चूर्णि, पृ. १९६ : सच्चरतो ण मुसावादी, संजमरतो वा।

५. बृहद्वृत्ति, पत्र ३४६ : अभीक्ष्णं पुनः पुनः, यद् वा—क्षणं क्षणमभि अभिक्षणम्—अनवरतम्।

६. એજન, पत्र ३४६ : प्रबन्धं च प्रकृतत्वात् कोपस्यैवा-विच्छेदात्मकम्....विकथादिषु वाऽविच्छेदेन प्रवर्तनं प्रबन्धः।

७. એજન, पत्र ३४६ : 'मेत्तिज्जमाणो' त्ति मित्रीय्यमाणोऽपि मित्रं ममायमस्त्वितीष्यमाणोऽपि अपिशब्दस्य लुप्तनिर्दिष्टत्वात् 'वमति' त्यजति, प्रस्तावान्मित्रयितारं मैत्रीं वा, किमुक्तं भवति ?—यदि कश्चिद्धार्मिकतया वक्ति—यथा त्वं न वेत्सीत्यहं तव पात्रं लेपयामि, ततोऽसौ प्रत्युपकारभीरुतया प्रतिवक्ति—ममालमेतेन।

८. એજન, पत्र ३४६ : 'भाषते' वक्ति पापमेव पापकं, किमुक्तं भवति ?—अग्रतः प्रियं वक्ति पृष्ठतस्तु प्रतिसेवकोऽयमित्यादिकमनाचारमेवाविष्करोति।

જે સંબંધરહિત બોલે છે અથવા પાત્ર કે અપાત્રની પરીક્ષા કર્યા વિના જ શ્રુતનું રહસ્ય પ્રગટ કરી દે છે, તે 'प्रकीर्णवादी' કહેવાય છે. 'આ આમ જ છે' એવી રીતે જે એકાંતિક આગ્રહપૂર્વક બોલે છે તે 'प्रतिज्ञावादी' કહેવાય છે.[1] ચૂર્ણિકારને પહેલું રૂપ માન્ય છે[2] અને સુખબોધાને બીજું.[3]

પ્રકરણની દૃષ્ટિએ પહેલો અર્થ જ અધિક સંગત છે. જાર્લ સરપેન્ટિયરે પહેલો અર્થ જ માન્ય કર્યો છે.[4]

**૧૧. જે અપ્રીતિકર છે (अचियत्ते)**

अचियत्त—આ દેશ્ય શબ્દ છે. ચૂર્ણિમાં આના બે અર્થ મળે છે—'अदर्शनीय' અને 'अप्रीतिकर'.[5] વૃત્તિ અનુસાર જેને જોવાથી કે બોલતો સાંભળવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય છે, તે વ્યક્તિ 'अचियत्त'—'अप्रीतिकर' કહેવાય છે.[6]

**૧૨. જે નમ્ર વ્યવહાર કરે છે (नीयावत्ती)**

બૃહદ્‌વૃત્તિ અનુસાર 'नीचवर्ती'ના બે અર્થ છે—

૧. નીચ અર્થાત્ નમ્ર વર્તન કરનાર.

૨. શૈયા વગેરેમાં ગુરુથી નીચે રહેનાર.[7]

આની વિશેષ જાણકારી માટે જુઓ—દશવૈકાલિક, ૯। ૨। ૧૭

**૧૩. જે ચપળ નથી હોતો (अचवले)**

ચપળ ચાર પ્રકારના હોય છે—

૧. ગતિ-ચપળ—જે દોડતો-દોડતો ચાલે છે.

૨. સ્થાન-ચપળ—જે બેઠો-બેઠો હાથ-પગ વગેરે હલાવતો રહે છે, જે સ્થિરતાથી એક આસન ઉપર બેસતો નથી.

૩. ભાષા-ચપળ—તેના ચાર પ્રકાર છે—

(ક) અસત્-પ્રલાપી—અસત્ (અવિદ્યમાન) કથન કરનાર.

(ખ) અસભ્ય-પ્રલાપી—કડવું કે કઠોર બોલનાર.

(ગ) અસમીક્ષ્ય-પ્રલાપી—વિચાર્યા વિના બોલનાર.

(ઘ) અદેશકાલ-પ્રલાપી—કાર્યસંપન્ન થઈ ગયા પછી—તે-તે પ્રદેશમાં કે તે સમયમાં આ કાર્ય કરવામાં આવત તો સારું થાત—આવી રીતનું બોલનારો.

---

૧. बृहद्वृत्ति, पत्र ३४६ : प्रकीर्णम्—इतस्ततो विक्षिप्तम्, असम्बद्धमित्यर्थः, वदति—जल्पतीत्येवंशीलः प्रकीर्णवादी, वस्तुतत्त्वविचारेऽपि यत्किंचनवादीत्यर्थः, अथवा—यः पात्रमिदमपात्रमिदमिति वाऽपरीक्ष्यैव कथंचिदधिगतं श्रुतरहस्यं वदतीत्येवंशीलः प्रकीर्णवादी इति, प्रतिज्ञया वा—इदमित्थमेव इत्येकान्ताभ्युपगमरूपया वदनशीलः प्रतिज्ञावादी ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. ११६ : अपरिक्खिउं जस्स व तस्स व कहेति ।

૩. सुखबोधा, पत्र १६८ : प्रतिज्ञया—इत्थमेवेदमित्येकान्ताभ्युपगमरूपया वदनशीलः प्रतिज्ञावादी ।

૪. The Uttarādhyayana Sūtra, p. 320.

૫. उत्तराध्ययन चूर्णि, पृ. ११६ : अचियत्तोऽदरिसणो वा अथवा....अप्रिय इत्यर्थः ।

૬. बृहद्वृत्ति, पत्र ३४६ : अचियत्ते ति अप्रीतिकरः—दृश्यमानः सम्भाष्यमाणो वा सर्वस्याप्रीतिमेवोत्पादयति ।

૭. એજન, पत्र ३४६ : नीचम् – अनुद्धतं यथा भवत्येवं नीचेषु वा शय्यादिषु वर्तत इत्येवंशीलो नीचवर्ती—गुरुषु न्यग्वृत्तिमान् ।

૪. ભાવ-ચપળ—પ્રારંભ કરેલાં સૂત્ર અને અર્થને વચમાં છોડી બીજા સૂત્ર અને અર્થનું અધ્યયન શરૂ કરનાર.[1]

### ૧૪. જે માયાવી નથી હોતો (अमाई)

ચૂર્ણિકારે માયાપૂર્ણ વ્યવહારને સમજાવવા માટે એક ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે—કોઈ એક સાધુને ભિક્ષામાં સરસ ભોજન મળ્યું. તેણે વિચાર્યું—ગુરુ આ ભોજન જોશે તો પોતે જ લઈ લેશે. આ ભયથી તેણે સરસ ભોજનને લૂખા-સૂકા ભોજનથી ઢાંકી દીધું—આ માયાપૂર્ણ વ્યવહાર છે. જે આવા વ્યવહારોનું આસેવન નથી કરતો, તે અમાયી હોય છે.[2] વિશેષ વિવરણ માટે જુઓ—દશવૈકાલિક ૫ । ૨ । ૩૧.

### ૧૫. જે કુતૂહલ નથી કરતો (अकुऊहले)

ઈન્દ્રિયોના વિષયો અને ચમત્કારિક વિદ્યાઓ પાપ-સ્થાન હોય છે, એ જાણીને જે તેમના પ્રત્યે ઉદાસીન રહે છે તેને અકુતૂહલ કહેવામાં આવે છે.[3] એવી વ્યક્તિ નાટક, ઈન્દ્રજાળ વગેરે જોવા માટે ક્યારેય ઉત્સુક હોતી નથી.[4]

### ૧૬. જે કોઈનો તિરસ્કાર નથી કરતો (अप्पं चाऽहिक्खिवई)

'અલ્પ' શબ્દના બે અર્થ થાય છે—થોડું અને અભાવ.

પહેલા અર્થ અનુસાર આ ચરણનો અનુવાદ થશે—થોડો તિરસ્કાર કરે છે. તેનો ભાવ એવો છે કે આમ તો તે કોઈનો તિરસ્કાર નથી કરતો પરંતુ અયોગ્યને ધર્મમાં પ્રેરિત કરવાની દૃષ્ટિએ તેનો થોડો તિરસ્કાર કરે છે.[5]

ચૂર્ણિ અનુસાર અહીં 'અલ્પ' શબ્દ અભાવવાચી છે.[6]

### ૧૭. જે સ્ખલના થવા છતાં કોઈનો તિરસ્કાર નથી કરતો (न य पावपरिक्खेवी)

પ્રસ્તુત શ્લોકમાં 'पाप' શબ્દનો પ્રયોગ પાપી અથવા દોષપૂર્ણ વ્યક્તિના અર્થમાં કરવામાં આવ્યો છે.[7] અવિનીત વ્યક્તિ દોષીનો તિરસ્કાર કરે છે. વિનીત વ્યક્તિ દોષનો તિરસ્કાર કરે છે, દોષીનો નહિ. આ બંને દૃષ્ટિકોણમાં ઘણું મોટું અંતર છે.

ગોશાલકે આર્દ્રકુમારને કહ્યું—'તું આમ કહી બધા પ્રાવાદુકોની નિંદા કરી રહ્યો છે. તે પ્રાવાદુકો પોતપોતાનાં દર્શનનું નિરૂપણ કરતાં પોતપોતાની દૃષ્ટિને પ્રગટ કરે છે.'

ત્યારે આર્દ્રકુમારે કહ્યું—'गरहामो दिट्ठिं ण गरहामो किंचि'—અમે દૃષ્ટિની નિંદા કરીએ છીએ, કોઈ પ્રાવાદુકની નિંદા કરતા

---

૧. बृहद्वृत्ति, पत्र ३४६ ३४७ : 'अचपलः' नाऽऽरब्धकार्यं प्रत्यस्थिरः, अथवाऽचपलो—गतिस्थानभाषाभावभेदतश्चतुर्धा, तत्र—गतिचपलः—द्रुतचारी, स्थानचपलः—तिष्ठन्नपि चलन्नेवास्ते हस्तादिभिः, भाषाचपलः—असदसभ्यासमीक्ष्यादेशकालप्रलापित्वभेदाच्चतुर्द्धा, तत्र असद्—अविद्यमानमसभ्यं—खरपरुषादि, असमीक्ष्य—अनालोच्य प्रलपन्तीत्येवंशीला असदसभ्यासमीक्ष्य-प्रलापिनस्त्रयः, अदेशकालप्रलापी चतुर्थः अतीते कार्ये यो वक्ति—यदिदं तत्र देशे काले वाऽकरिष्यत् ततः सुन्दरमभविष्यद् भावचपलः सूत्रेऽर्थे वाऽसमाप्त एव योऽन्यद् गृह्णाति ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. १९७ : 'अमाई' त्ति जो मायं न सेवति, सा य माया एरिसप्पगारा, जहा कोइ मणुन्नं भोयणं लद्धूण पंतेण छातेति 'मा मेयं दाइयं संतं दट्ठूणं सयमादिए ।'

૩. એજન, पृ. १९७ : अकुतूहली विसएसु विज्जासु पावठाण त्ति ण वट्ठति त्ति ।

૪. बृहद्वृत्ति, पत्र ३४७ : 'अकुतूहलः' न कुहुकेन्द्रजालाद्यवलोकनपरः ।

૫. बृहद्वृत्ति, पत्र ३४७ : 'अल्पं च' इति स्तोकमेव 'अधिक्षिपति' तिरस्कुरुते, किमुक्तं भवति ?—नाधिक्षिपत्येव तावदसौ कंचन, अधिक्षिपन् वा कंचन कङ्कटुकरूपं धर्मं प्रति प्रेरयन्नल्पमेवाधिक्षिपति ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १९७ : अल्पशब्दो हि स्तोके अभावे वा, अत्र अभावे द्रष्टव्यः, ण किंचि अधिक्खिवति, नाभिक्रमतीत्यर्थः ।

૭. बृहद्वृत्ति, पत्र ३४६ ।

નથી.[1]

## ૧૮. પ્રશંસા કરે છે (कल्लाणं भासई)

કેટલીક વ્યક્તિઓ કૃતઘ્ન હોય છે. તેઓ એક દોષને સામે રાખી સો ગુણોને ભૂલી જાય છે. કેટલીક વ્યક્તિઓ કૃતજ્ઞ હોય છે. તેઓ એક ગુણને સામે રાખી સો દોષોને ભૂલી જાય છે. અહીં બતાવવામાં આવ્યું છે કે કૃતજ્ઞ વ્યક્તિ અપકાર કરનાર મિત્રના પહેલાં કરેલા કોઈ એક ઉપકારનું સ્મરણ કરીને તેની પાછળ પણ તેના દોષનું ગાણું નથી ગાતો પરંતુ ગુણગાન કરે છે, પ્રશંસા કરે છે.[2]

## ૧૯. (कलहडमर, बुद्धे अभिजाइए, हिरिमं पडिसंलीणे)

**कलहडमर**—'કલહ'નો અર્થ છે—વાચિક વિગ્રહ—વાણીનો ઝઘડો અને 'ડમર'નો અર્થ છે—મારામારી કરવી. બંને એકાર્થક પણ માનવામાં આવ્યા છે.[3]

**बुद्धे**—બુદ્ધ અર્થાત્ બુદ્ધિમાન—તત્ત્વને જાણનાર. ચૌદ સ્થાનોમાં બુદ્ધની સ્વતંત્ર ગણના કરાતી નથી. તેનો સંબંધ સુવિનીતના પ્રત્યેક સ્થાન સાથે છે.[4]

**अभिजाइए**—'अभजाति'નો અર્થ છે—કુલીનતા. જે કુલીનતા ધારણ કરે છે અર્થાત્ લીધેલી જવાબદારી નીભાવે છે, તે 'अभिजातिग' (કુલીન) કહેવાય છે.[5]

**हिरिमं**—આનો અર્થ છે—લજ્જાવાન. લજ્જા એક પ્રકારનો માનસિક સંકોચ છે. તે ક્યારેક ક્યારેક મનુષ્યને ઉગારી લે છે. લજ્જાહીન મનુષ્ય મનની વિકૃતિ થતાં અનુચિત કાર્ય કરી નાખે છે, પરંતુ લજ્જાવાન પુરુષ તે સ્થિતિમાં પણ અનુચિત આચરણ નથી કરતો.[6] એટલા માટે લજ્જા વ્યક્તિનો ઘણો મોટો ગુણ છે. જે અનુચિત કાર્ય કરવામાં લજ્જા અનુભવે છે તે હ્રીમાન અર્થાત્ લજ્જાવાન કહેવાય છે.

**पडिसंलीणे**—આનો અર્થ છે—'प्रतिसंलीन'. કેટલાક લોકો દિવસભર આમતેમ ફર્યા કરે છે. કાર્યમાં સંલગ્ન વ્યક્તિએ આમ ન કરવું જોઈએ. તેણે પોતાના સ્થાને સ્થિરતાપૂર્વક બેસી રહેવું જોઈએ. ઈન્દ્રિયો અને મનને પણ કરવાલાયક કાર્યમાં જોડી રાખવાં જોઈએ. પ્રયોજનવશ ક્યાંક જવું પણ પડે છે, પરંતુ પ્રયોજન વિના ઈન્દ્રિયો, મન અને હાથપગની ચંચળતાને લીધે આમતેમ ફરવું ન જોઈએ. પ્રતિસંલીન શબ્દ દ્વારા આ જ આચરણની શીખામણ આપવામાં આવી છે.[7]

## ૨૦. ગુરુકુળમાં (गुरुकुले)

'गुरुकुल'નો અર્થ—ગચ્છ કે ગણ છે. અહીં કહેવામાં આવ્યું છે કે મુનિ 'ગુરુકુળ'માં રહે અર્થાત્ ગુરુની આજ્ઞામાં રહે.

---

૧. सूयगडो, २।६।११, १२ ।

२. बृहद्वृत्ति, पत्र ३४७ : कल्याणं भाषते, इदमुक्तं भवति—मित्रमिति यः प्रतिपन्नः स यद्यप्यपकृतिशतानि विधत्ते तथाऽप्येकमपि सुकृतमनुस्मरन् न रहस्यपि तद्दोषमुदीरयति, तथा चाह—
एकसुकृतेन दुष्कृतशतानि ये नाशयन्ति ते धन्याः ।
न त्वेकदोषजनितो येषां कोपः स च कृतघ्नः ॥

३. उत्तराध्ययन चूर्णि, पृ. १९७ : कलह एव डमरं कलहडमरं कलहेति वा भंडणेति वा डमरेति वा एगट्ठो, अहवा कलहो वाचिको डमरो हत्थारंभो ।

४. बृहद्वृत्ति, पत्र ३४७ : 'बुद्धो' बुद्धिमान्, एतच्च सर्वत्रानुगम्यत एवेति न प्रकृतसङ्ख्याविरोधः ।

५. (क) उत्तराध्ययन चूर्णि, पृ. १९७ : अभिजाणते, विणीतो कुलीणो य ।
(ख) बृहद्वृत्ति, पत्र ३४७ : अभिजातिः—कुलीनता तां गच्छति—उत्क्षिप्तभारनिर्वाहणादिनेत्यभिजातिगः ।

६. (क) उत्तराध्ययन चूर्णि, पृ. १९७ : ह्री लज्जायां, लज्जति अचोक्खमायरंतो ।
(ख) बृहद्वृत्ति, पत्र ३४७ : ह्रीः—लज्जा सा विद्यतेऽस्य ह्रीमान् ।

७. (क) उत्तराध्ययन चूर्णि, पृ. १९७, १९८ : पडिसंलीणो आचार्यसकासे इंदियणोइंदिएहिं ।
(ख) बृहद्वृत्ति, पत्र ३४७ : 'प्रतिसंलीनः'—गुरुसकाशेऽन्यत्र वा कार्यं विना न यतस्ततश्चेष्टते ।

સ્વચ્છંદવિહારી બની એકલો ન વિચરે.[1] ગુરુકુળમાં રહેવાથી તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, દર્શન અને ચારિત્રમાં સ્થિરતા આવે છે. તેઓ ધન્ય છે કે જેઓ જીવનપર્યન્ત 'ગુરુકુળ-વાસ' છોડતા નથી.[2]

### ૨૧. જે એકાગ્ર હોય છે (**जोगवं**)

योग શબ્દ બે ધાતુઓમાંથી નિષ્પન્ન થાય છે. એકનો અર્થ છે જોડવું અને બીજીનો અર્થ છે સમાધિ. ચૂર્ણિકારે 'યોગ'ના ત્રણ અર્થ કર્યા છે[3]—

(૧) મન, વાણી અને કાયાની પ્રવૃત્તિ

(૨) સંયમ યોગ

(૩) ભણવાનો ઉદ્યમ.

શાન્ત્યાચાર્યે યોગના બે અર્થ કર્યા છે[4]—ધાર્મિક પ્રયત્ન તથા સમાધિ.

ગીતામાં એક સ્થળે કર્મ-કૌશલને યોગ કહેલ છે[5], તો બીજા સ્થળે સમત્વને યોગ કહેલ છે.[6] આ રીતે યોગની સત્-કર્મવિષયક અને સમાધિ-વિષયક એમ બંને પ્રકારની વ્યાખ્યાઓ મળે છે. ધાર્મિક-પ્રયત્ન અને સમાધિ બંને મોક્ષના હેતુ છે, એટલા માટે બંનેમાં સર્વથા ભેદ નથી. એટલા માટે હરિભદ્રસૂરિએ મોક્ષનો યોગ કરાવનાર સમૂળગા ધર્મ-વ્યાપારને યોગ કહ્યો છે.[7] દશવૈકાલિક ૮।૪૨માં કહેવામાં આવ્યું છે—મુનિએ યોગ કરવો જોઈએ. ત્યાં યોગનો મુખ્ય અર્થ શ્રમણ-ધર્મની આરાધના છે.

અનગારધર્મામૃતમાં કાયક્લેશ તપના છ પ્રકારોનો નિર્દેશ છે—અયન (સૂર્ય વગેરેની ગતિ), શયન, આસન, સ્થાન, અવગ્રહ અને યોગ.

ગ્રીષ્મઋતુમાં પર્વતના શિખર પર સૂર્યસંમુખ ઊભા રહેવું તે આતાપના-યોગ છે. વર્ષાઋતુમાં વૃક્ષ નીચે બેસવું તે વૃક્ષમૂળ-યોગ છે. શિયાળામાં ચાર રસ્તા પર અથવા નદીના કિનારે ધ્યાનમાં સ્થિત થવું તે શીતયોગ છે. આ રીતે યોગના અનેક ભેદો બને છે.[8]

### ૨૨. બંને તરફ (પોતાના અને પોતાના આધારના ગુણો) થી સુશોભિત થાય છે (**दुहओ वि विरायइ**)

શંખ પણ સ્વચ્છ હોય છે અને દૂધ પણ સ્વચ્છ હોય છે. જ્યારે શંખના પાત્રમાં દૂધ રાખવામાં આવે છે ત્યારે દૂધ પાત્રની

---

१. बृहद्वृत्ति, पत्र ३४७ : गुरूणाम्—आचार्यादीनां कुलम्—अन्वयो गच्छ इत्यर्थः गुरुकुलं तत्र, तदाज्ञोपलक्षणं च कुल-ग्रहणं.....किमुक्तं भवति ?.....गुर्वाज्ञायामेव तिष्ठेत् ।

२. उत्तराध्ययन चूर्णि, पृ. १९८ : आयरियसमीवे अच्छति....आह हि—
णाणस्स होइ भागी थिरयरगो दंसणे चरित्ते य ।
धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचंति ॥

3. એજન, पृ. १९८ : जोगो मणजोगादि संजमजोगो वा, उज्जोगं पठितव्वते करेइ ।

४. बृहद्वृत्ति, पत्र ३४७ : योजनं योगो—व्यापारः, स चेह प्रक्रमाद्धर्मगत एव तद्वान्, अतिशायने मतुप्, यद्वा योगः—समाधिः सोऽस्यास्तीति योगवान् ।

५. गीता, २।५० : योगः कर्मसु कौशलम् ।

६. એજન, २।४८ : समत्वं योग उच्यते ।

७. योगविंशिका-१ : मोक्खेण जोयणाओ जोगो सव्वोवि धम्मवावारो ।

८. अनगारधर्मामृत ७।३२।६८३ :
ऊर्ध्वार्काद्ययनैः शवादिशयनैर्वीरासनाद्यासनैः,
स्थानैरेकपदाग्रगामिभिः अनिष्ठीवाग्रमावग्रहैः ।
योगैश्चातपनादिभिः प्रशमिना संतापनं यत् तनोः,
कायक्लेशमिदं तपोऽर्त्युपमितौ सद्ध्यानसिद्ध्यै भजेत् ॥

સ્વચ્છતાને કારણે વધુ સ્વચ્છ થઈ જાય છે. તે ન તો ઝરે છે કે ન ખાટું થાય છે.[1]

**૨૩. બહુશ્રુત (बहुस्सुए)**

બહુશ્રુત શબ્દ જૈન આગમોમાં ઘણો પ્રચલિત છે. શ્રુતનો અર્થ છે—જ્ઞાન. જેનું શ્રુત વ્યાપક અને વિશાળ હોય છે તેને બહુશ્રુત કહેવામાં આવે છે. વ્યાખ્યા-સાહિત્યમાં આની નિશ્ચિત પરિભાષાઓ મળે છે.[2] બૃહત્કલ્પભાષ્ય અનુસાર બહુશ્રુત ત્રણ પ્રકારના હોય છે[3]—

૧. જઘન્ય બહુશ્રુત—નિશીથનો જ્ઞાતા.

૨. મધ્યમ બહુશ્રુત—કલ્પ અને વ્યવહારનો જ્ઞાતા.

૩. ઉત્કૃષ્ટ બહુશ્રુત—નવમા અને દસમા પૂર્વનો જ્ઞાતા.

નિશીથ ચૂર્ણિનો મત આનાથી કંઈક જુદો છે. તેના મત અનુસાર ઉત્કૃષ્ટ બહુશ્રુત તે હોય છે જે ચતુર્દશ પૂર્વધર હોય.[4] ધવલામાં બાર અંગોના ધારકને બહુશ્રુત કહેવામાં આવેલ છે.[5]

પ્રસ્તુત અધ્યયનમાં બહુશ્રુતના વ્યક્તિત્વનો સર્વાંગી પરિચય પ્રાપ્ત થાય છે. તે કેવળ જ્ઞાની જ નથી હોતો, વ્યક્તિત્વની અનેક વિશેષતાઓથી સંપન્ન હોય છે. અહીં તેની સોળ વિશેષતાઓ બતાવવામાં આવી છે. તેમનો નિર્દેશ કાવ્યમય ભાષામાં છે. પ્રશ્નવ્યાકરણમાં નિરૂપિત મુનિની વિશેષતાઓ સાથે આનું તુલનાત્મક અધ્યયન ઘણું જ્ઞાનવર્ધક બની શકે તેમ છે.

૧. **નિર્મળતા**—શંખમાં રહેલા દૂધની ઉપમા બહુશ્રુતની નિર્મળ આત્માની ઘોતક છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિને શંખની માફક નિરંજન—રાગ-દ્વેષ અને મોહથી મુક્ત બતાવવામાં આવેલ છે.[6]

૨. **જાગરૂકતા**—જેવી રીતે આકીર્ણ કે ભદ્ર અશ્વ ચાબુક જોતાં જ વેગવંત બની જાય છે, તેવી જ રીતે બહુશ્રુત નિરંતર જાગરૂક રહે છે. આ તાત્પર્યાર્થ ઉત્તરાધ્યયન ૧૧૨માં શોધી શકાય છે. ધમ્મપદમાં પણ આ અર્થના ઘોતક બે શ્લોકો મળે છે.[7]

૩. **શૌર્ય**—બહુશ્રુત પરિસ્થિતિઓ સામે હાર માનતો નથી. તે યોદ્ધાની માફક પરાક્રમી હોય છે.

૪. **અપ્રતિહત**—બહુશ્રુત હાથીની માફક અપ્રતિહત હોય છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિનું એક વિશેષણ છે—હાથીની માફક શૌંડીર—સમર્થ કે બળવાન[8].

૫. **ભાર-નિર્વાહક**—બહુશ્રુત પોતાના ઉત્તરદાયિત્વનું વૃષભની જેમ સારી પેઠે નિર્વહણ કરે છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિની તુલના પ્રાણવંત વૃષભ સાથે કરવામાં આવી છે.[9]

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९८ : 'संखंमि' संखभायणे पयं – खीरं णिसितं ठवियं न्यस्तमित्यर्थः, उभयतो दुहतो, संखो खीरं च, अहवा तओ खीरं व, खीरं संखे ण परिस्सयति ण य अंबिलं भवति ।

(ખ) बृहद्वृत्ति, पत्र ३४८ : 'दुहओवि' त्ति द्वाभ्यां प्रकाराभ्यां द्विधा, न शुद्धतादिना स्वसम्बन्धिगुणलक्षणेनैकनैव प्रकारेण, किन्तु स्वसम्बन्ध्याश्रयसम्बन्धिगुणद्वय-लक्षणेन प्रकारद्वयेनापीत्यपिशब्दार्थः, 'विराजते' शोभते, तत्र हि न तत् कलुषीभवति, न चाम्लतां भजते, नापि च परिस्रवति ।

૨. જુઓ—આમુખ પૃષ્ઠ ૩૦૩.

૩. बृहत्कल्पभाष्य, गाथा ४०२ :

तिविहो बहुस्सुओ खलु, जहण्णाओ मज्झिमो उ उक्कोसो ।
आयारपकप्पे कप्प नवम - दसमे य उक्कोसो ॥

૪. જુઓ—આમુખ પૃષ્ઠ ૩૦૩.

૫. धवला ८।३।४१ बारसंगपारया बहुसुदा णाम ।

૬. प्रश्नव्याकरण १०।११ : संखे विव निरंगणे विगय-राग-दोस-मोहे ।

૭. धम्मपद १०।१५, १६ :

हरीनिसेधो पुरिसो कोचि लोकस्मिं विज्जति ।
यो निन्दं अप्पबोधति अस्सो भद्रो कसामिव ॥
अस्सो यथा भद्रो कसानिविट्ठो, आतापिनो संवेगिनो भवाथ ।
सद्धाय सीलेन च वीरियेन च समाधिना धम्मविनिच्छयेन च ॥

૮. प्रश्नव्याकरण, १०।११ : सौंडीरे कुंजरे व्व ।

૯. એજન, १०।११ : वसभे व्व जायथामे ।

૬. **દુષ્પ્રધર્ષ**—બહુશ્રુત સિંહની માફક દુષ્પ્રધર્ષ—અનાક્રમણીય હોય છે. અન્ય દર્શનવાળો તેના પર વૈચારિક આક્રમણ નથી કરી શકતો. પ્રશ્નવ્યાકરણમાં મુનિ માટે પણ આ જ ઉપમાનો પ્રયોગ કરવામાં આવ્યો છે.[1]

૭. **અપરાજેય**—બહુશ્રુત વાસુદેવની માફક અપરાજેય હોય છે.

૮. **લબ્ધિસંપન્ન**—જેવી રીતે ચક્રવર્તી ઋદ્ધિસંપન્ન હોય છે, તેવી જ રીતે બહુશ્રુત પણ યોગજનિત વિભૂતિઓથી સંપન્ન હોય છે.

૯. **આધિપત્ય કે સ્વામિત્વ**—જેવી રીતે ઈન્દ્ર દેવોનો અધિપતિ હોય છે, તેવી જ રીતે બહુશ્રુત પણ દિવ્ય શક્તિઓનો અધિપતિ હોય છે.

૧૦. **તેજસ્વી**—બહુશ્રુત સૂર્યની માફક તેજથી દીપ્ત હોય છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિનું એક વિશેષણ છે—સૂર્યની માફક તેજસ્વી[2].

૧૧. **કળાઓથી પરિપૂર્ણ અને સૌમ્યદર્શન**—બહુશ્રુત પૂર્ણિમાના ચંદ્રની માફક સમસ્ત કળાઓથી પરિપૂર્ણ હોય છે. તેનું દર્શન સૌમ્યભાવયુક્ત હોય છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિનું એક વિશેષણ છે—ચંદ્રમાની માફક સૌમ્ય[3].

૧૨. **શ્રુતસંપન્ન**—બહુશ્રુત કોઠારની માફક શ્રુતથી ભરપૂર હોય છે.

૧૩. **આદર્શ**—બહુશ્રુત જંબૂ વૃક્ષની માફક શ્રેષ્ઠ હોય છે, આદર્શ હોય છે. તેનું જ્ઞાન સંજીવનીનું કામ કરે છે, જેવી રીતે જંબૂ વૃક્ષનું ફળ.

૧૪. **જ્ઞાનની નિર્મળતા**—બહુશ્રુત નિર્મળ જળવાળી શીતા નદીની માફક નિર્મળ જ્ઞાનથી યુક્ત હોય છે.

૧૫. **અડગ અને દીપ્તિમાન**—જેવી રીતે મંદર પર્વત અડગ અને વિવિધ પ્રકારની વનસ્પતિઓથી દીપ્ત હોય છે, તેવી જ રીતે બહુશ્રુત જ્ઞાન વડે અત્યંત સ્થિર અને જ્ઞાનના પ્રકાશથી દીપ્ત હોય છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિનું એક વિશેષણ છે—ગિરિશ્રેષ્ઠ મંદર પર્વતની માફક અચળ.[4]

૧૬. **અક્ષયકોષ**—બહુશ્રુત સમુદ્રની માફક અક્ષયજ્ઞાન અને અતિશયો વડે સંપન્ન હોય છે. પ્રશ્નવ્યાકરણમાં મુનિનું એક વિશેષણ છે—અક્ષુબ્ધ સાગરની માફક શાંત[5].

### ૨૪. ધર્મ, કીર્તિ અને શ્રુત (धम्मो कित्ती तहा सुयं)

ચૂર્ણિકારે આ ચરણનો અર્થ બે રીતે કર્યો છે—યોગ્ય વ્યક્તિને જ્ઞાન આપનાર બહુશ્રુતને ધર્મ થાય છે, કીર્તિ મળે છે અને તેનું જ્ઞાન અબાધિત રહે છે. બીજી રીતે આનો અર્થ છે—બહુશ્રુત ભિક્ષુમાં ધર્મ, કીર્તિ અને શ્રુત અબાધિત રહે છે.[6]

### ૨૫. (कंबोयाणं, आइण्णे कंथए)

**कंबोयाणं**—કંબોજ (પ્રાચીન જનપદ, જે હાલ અફઘાનિસ્તાનનો ભાગ છે)માં પેદા થયેલ અશ્વ 'કાંબોજ' કહેવાય છે.[7]

---

૧. प्रश्नव्याकरण, १०।११ : सीहे वा...होति दुप्पधरिसे ।

૨. એજન, सूरो व्व दित्ततेए ।

૩. એજન, चंदो इव सोमभावयाए ।

૪. એજન, अचले जह मंदरे गिरिवरे ।

૫. એજન, अक्खोभे सागरो व्व थिमिए ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. १९८ : भायणे देंतस्स धम्मो भवति कित्ती वा, सो तहा सुत्तं अबाधितं भवति, अपत्ते देंतस्स असुतमेव भवति, अथवा इहलोगे परलोगे जसो भवति पत्तदाई ( त्ति ), अहवा एवंगुणजातीए भिक्खू बहुस्सुते भवति, धम्मो कित्ती जसो भवति, सुयं व से भवति ।

૭. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९८ : कंबोजेसु भवा कंबोजा:, अश्वा इति वाक्यशेषः ।

(ખ) बृहद्वृत्ति, पत्र ३४८ : 'काम्बोजानां' काम्बोजदेशोद्भवानां प्रक्रमादश्वानाम् ।

**आइण्णे**—'આકીર્ણ' અર્થાત્ શીલ, રૂપ, બળ વગેરે ગુણોથી વ્યાપ્ત.[1]

**कंथए**—ખળભળાટ કે શસ્ત્રપ્રહારથી ન ચોંકનાર શ્રેષ્ઠ જાતિનો ઘોડો 'કંથક' કહેવાય છે[2].

### ૨૬. મંગળપાઠકોના ઘોષથી (नंदिघोसेणं)

ચૂર્ણિમાં આનો અર્થ છે—મંગળપાઠકોનો જય જય ધ્વનિ.[3] વૃત્તિકારે આને વૈકલ્પિક અર્થ માનીને તેનો મૂળ અર્થ બાર પ્રકારના વાદ્યોનો ધ્વનિ એવો કર્યો છે.[4] કોશમાં જય જય ધ્વનિને નાન્દી કહેવામાં આવેલ છે. આ જ અર્થ પ્રસંગોપાત્ત છે.

### ૨૭. સાઠ વર્ષના (सट्ठिहायणे)

સાઠ વર્ષના આયુષ્ય સુધી હાથીનું બળ પ્રતિવર્ષ વધતું રહે છે અને તે પછી ઓછું થવાનું શરૂ થાય છે. એટલા માટે અહીં હાથીની પૂર્ણ બલવત્તા બતાવવા માટે સાઠ વર્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[5]

### ૨૮. અત્યન્ત પુષ્ટ સ્કંધવાળો (जायखंधे)

'जाय'નો અર્થ છે—પુષ્ટ. જેના ખભા પુષ્ટ હોય છે તેને 'जात-स्कन्ध' કહેવામાં આવે છે. જેના ખભા પુષ્ટ હોય છે તેના બીજાં અંગોપાંગ પણ પુષ્ટ જ હોય છે.[6]

### ૨૯. (શ્લોક ૨૦)

**उदग्गे**—'उदग्र'ના અનેક અર્થો છે—પ્રધાન, શોભન, ઉત્કટ, પૂર્ણ યુવા વગેરે. અહીં 'उदग्र'નો અર્થ વયપ્રાપ્ત પૂર્ણ યુવાન એવો છે.[7]

**मियाण**—અહીં 'मृग'નો અર્થ જંગલી પશુ છે.[8] જુઓ—ઉત્તરાધ્યયન, ૧।૫ નું ટિપ્પણ.

### ૩૦. શંખ, ચક્ર અને ગદા (संखचक्कगया)

વાસુદેવના શંખનું નામ પાંચજન્ય, ચક્રનું નામ સુદર્શન અને ગદાનું નામ કૌમોદકી છે.[9]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. १९९ : आकीर्णो गुणेहिं सीलरूपबलादीहि य।

૨. बृहद्वृत्ति, पत्र ३४७ : 'कन्थकः' प्रधानोऽश्वो, यः किल दृषच्छकलभृतकुतुपनिपतनध्वने र्न सन्त्रस्यति।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. १९९।

૪. बृहद्वृत्ति, पत्र ३४९ : नन्दीघोषेण—द्वादशतूर्यनिनादात्मकेन, यद् वा आशीर्वचनानि नान्दी जीयास्त्वमित्यादीनि।

૫. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९९ : हायणं वरिसं, सट्ठिवरिसे परं बलहीणो, अपत्तबलो परेण परिहाति।
(ખ) बृहद्वृत्ति, पत्र ३४९ : षष्टिहायनः—षष्टिवर्षप्रमाणः, तस्य हि एतावत्कालं यावत् प्रतिवर्षं बलोपचयः ततस्तदपचय इत्येवमुक्तम्।

૬. बृहद्वृत्ति, पत्र ३४९ : जातः—अत्यन्तोपचितीभूतः स्कन्धः प्रतीत एवास्येति जातस्कन्धः, समस्ताङ्गोपाङ्गोपचितत्वोपलक्षणं चैतत्, तदुपचये हि शेषाङ्गान्युपचितान्येवास्य भवन्ति।

૭. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. १९९ : उदग्गं पधानं शोभनमित्यर्थः, उदग्रं वयसि वर्त्तमानम्।
(ખ) बृहद्वृत्ति, पत्र ३४९ : 'उदग्रः' उत्कट उदग्रवयःस्थितत्वेन वा उदग्रः।

૮. बृहद्वृत्ति, पत्र ३४९ : 'मृगाणाम्' आरण्यप्राणिनाम्।

૯. એજન, પત્ર ૩૫૦ : शङ्खश्च—पाञ्चजन्यः, चक्रं च—सुदर्शनं, गदा च—कौमोदकी।

લોઢાના દંડને ગદા કહેવામાં આવે છે. અર્થશાસ્ત્ર અનુસાર તે ચલયંત્ર હોય છે.[1]

### ૩૧. (चाउरन्ते, चक्कवट्टी, चउदसरयण)

**चाउरन्ते**—જેના રાજ્યમાં એક દિશાને છેડે હિમવંત પર્વત અને ત્રણ દિશાંતોમાં સમુદ્ર હોય તે 'ચાતુરન્ત' કહેવાય છે. તેનો બીજો અર્થ છે—હાથી, અશ્વ, રથ અને મનુષ્ય—આ ચારે વડે શત્રુનો અંત કરનાર—નાશ કરનાર.[2]

**चक्कवट्टी**—છ ખંડવાળા ભારતવર્ષનો અધિપતિ 'ચક્રવર્તી' કહેવાય છે.[3]

**चउदसरयण**—ચક્રવર્તીનાં ચૌદ રત્નો આ પ્રમાણે છે—

(૧) સેનાપતિ (૨) ગાથાપતિ (૩) પુરોહિત (૪) ગજ (૫) અશ્વ (૬) સુથાર (૭) સ્ત્રી (૮) ચક્ર (૯) છત્ર (૧૦) ચર્મ (૧૧) મણિ (૧૨) કાકિણી (૧૩) ખડ્ગ અને (૧૪) દંડ.[4]

### ૩૨. સહસ્રચક્ષુ (सहस्सक्खे)

આનો પરંપરાગત અર્થ એવો છે કે ઈન્દ્રને પાંચસો મંત્રીઓ હોય છે. રાજા મંત્રીની આંખથી જુએ છે, પોતાની નીતિ નિશ્ચિત કરે છે, એટલા માટે ઈન્દ્રને 'સહસ્રાક્ષ' કહેવામાં આવ્યો છે. જે હજાર આંખે જુએ છે, ઈન્દ્ર પોતાની બે આંખો વડે તેનાથી અધિક જોઈ લે છે, એટલા માટે તે 'સહસ્રાક્ષ' કહેવાય છે.[5]

### ૩૩. પુરોનું વિદારણ કરનાર (पुरंदरे)

ચૂર્ણિમાં પુરંદરની વ્યાખ્યા નથી. શાન્ત્યાચાર્યે તેનો લોક-સંમત અર્થ કર્યો છે—ઈન્દ્રે પુરોનું વિદારણ કર્યું હતું, એટલા માટે તે 'પુરંદર' નામથી પ્રસિદ્ધ થયો.[6] પુરં-દર—પુરોનો નાશ કરનાર. ઋગ્વેદમાં દસ્યુઓ કે દાસોના પુરોનો નાશ કરવાને કારણે ઈન્દ્રને 'પુરંદર' કહેવામાં આવ્યો છે.[7]

### ૩૪. ઊગતો (उत्तिट्ठंते)

ચૂર્ણિકારે મધ્યાહ્ન સુધીના સૂર્યને ઊગતો સૂર્ય માન્યો છે. તે સમય સુધી સૂર્યનું તેજ વધે છે. મધ્યાહ્ન પછી તે ઘટવા લાગે છે. આનો બીજો અર્થ 'ઊગતો' કરવામાં આવ્યો છે. ઊગતો સૂર્ય સૌમ્ય હોય છે.[8]

બૃહદ્વૃત્તિ અનુસાર ઊગતો સૂર્ય તીવ્ર નથી હોતો, પછીથી તે તીવ્ર બની જાય છે. એટલા માટે 'उत्तिष्ठन्' શબ્દ વડે બાલસૂર્ય

---

૧. कौटिल्य अर्थशास्त्र, २।१८।३६, पृ. ११० ।

૨. बृहद्वृत्ति, पत्र ३५० : चतसृष्वपि दिग्वन्तः—पर्यन्त एकत्र हिमवानन्यत्र च दिक्त्रये समुद्रः स्वसम्बन्धितयाऽस्येति चतुरन्तः, चतुर्भिर्वा—हयगजरथनरात्मकैरन्तः—शत्रु-विनाशात्मको यस्य स तथा ।

૩. એજન, पत्र ३५० : 'चक्रवर्ती' षट्खण्डभरताधिपः ।

૪. એજન, पत्र ३५० : चतुर्दश च तानि रत्नानि च चतुर्दश-रत्नानि, तानि चामूनि—
सेणावइ गाहावइ पुरोहिय गय तुरग वड्ढइ इत्थी ।
चक्कं छत्तं चम्मं मणि कागिणी खग्ग दंडो य ॥

૫. उत्तराध्ययन चूर्णि, पृ. १९९ : सहस्सक्खेत्ति पंच मंतिसयाइं देवाणं तस्स, तेसिं सहस्सो अक्खीणं, तेसिं णीतिए दिट्ठमिति, अहवा जं सहस्सेण अक्खाणं दीसति तं सो दोहिं अक्खीहिं अब्भहियतरायं पेच्छति ।

૬. बृहद्वृत्ति, पत्र ३५० : लोकोक्त्या च पूरदारणात् पुरन्दरः ।

૭. ऋग्वेद, १।१०२।७; १।१०९।८; २।२०।७; ३।५४।१५; ५।३०।१२; ६।१६।१४ ।

૮. उत्तराध्ययन चूर्णि, पृ. २०० : जाव मज्झण्णो ताव उट्ठेति, ताव से तेयलेसा वद्धति, पच्छा परिहाति, अहवा उत्तिट्ठंतो सोमो भवति हेमंतियबालसूरिओ ।

જ અભિપ્રેત છે.[1]

## ૩૫. નક્ષત્ર (नक्खत्त)

નક્ષત્રો સત્યાવીસ છે. તેમનાં નામો આ પ્રમાણે છે—

(૧) અશ્વિની (૨) ભરણી (૩) કૃતિકા (૪) રોહિણી (૫) મૃગશિર (૬) આર્દ્રા (૭) પુનર્વસૂ (૮) પુષ્ય (૯) આશ્લેષા (૧૦) મઘા (૧૧) પૂર્વાફાલ્ગુની (૧૨) ઉત્તરાફાલ્ગુની (૧૩) હસ્ત (૧૪) ચિત્રા (૧૫) સ્વાતિ (૧૬) વિશાખા (૧૭) અનુરાધા (૧૮) જયેષ્ઠા (૧૯) મૂળ (૨૦) પૂર્વાષાઢા (૨૧) ઉત્તરાષાઢા (૨૨) શ્રવણ (૨૩) ધનિષ્ઠા (૨૪) શતભિષક (૨૫) પૂર્વભાદ્રપદા (૨૬) ઉત્તરભાદ્રપદા અને (૨૭) રેવતી.

## ૩૬. સામાજિકો (સમુદાયવૃત્તિવાળાઓ)નો કોઠાર (सामाइयाणं कोट्ठागारे)

આજકાલ જેવી રીતે સામુદાયિક અન્નભંડાર હોય છે, તેવી જ રીતે પ્રાચીન કાળમાં પણ સામુદાયિક અન્નભંડારો હતા.[2] તેમાં વિવિધ પ્રકારના અનાજ રાખવામાં આવતા.[3] ચોર, અગ્નિ, ઉંદર વગેરેથી બચાવવા માટે તેમની પૂરેપૂરી સુરક્ષા કરવામાં આવતી.[4] તે અન્નભંડારોને 'કોષ્ઠાગાર' અથવા 'કોષ્ઠાકાર' કહેવામાં આવતા.[5]

## ૩૭. (શ્લોક ૨૭)

પ્રસ્તુત શ્લોકમાં જંબૂ વૃક્ષની ઉપમા વડે બહુશ્રુતને ઉપમિત કરવામાં આવેલ છે. જંબૂ વૃક્ષ જંબૂદ્વીપમાં અવસ્થિત છે. આ દ્વીપનો અધિપતિ છે અનાદૃત નામનો વ્યંતર દેવ. જંબૂ વૃક્ષ આ જ દેવનું નિવાસસ્થાન છે. આ વૃક્ષનું બીજું નામ છે—સુદર્શન. તે વસ્તુતઃ પૃથ્વીકાયિક હોય છે. તે દ્રુમનું અનુકરણ કરતું હોવાથી દ્રુમ કહેવાય છે.

વિશેષ વિવરણ માટે જુઓ—જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ૪।૧૪૬-૧૬૦.

## ૩૮. (सलिला, सीया नीलवंतपवहा)

**सलिला**—અહીં સલિલાનો પ્રયોગ નદીના અર્થમાં કરવામાં આવ્યો છે.[6]

**सीया नीलवंतपवहा**—નીલવાન મેરુપર્વતની ઉત્તરમાં અવસ્થિત વર્ષધર પર્વત છે. સીતા નદી આ પર્વતમાંથી નીકળે છે.[7] આ સૌથી મોટી નદી છે અને અનેક જળાશયોથી વ્યાપ્ત છે.[8]

---

૧. बृहद्वृत्ति, पत्र ३५१ : 'उत्तिष्ठन्' उद्गच्छन 'दिवाकरः' सूर्यः, स हि ऊर्ध्वं नभोभागमाक्रामन्नतितेजस्वितां भजते अवतरंस्तु न तथेत्येवं विशिष्यते, यद्वा उत्थानं—प्रथममुद्गमनं तत्र चायं न तीव्र इति तीव्रत्वाभावख्यापकमेतत्, अन्यदा हि तीव्रोऽयमिति न सम्यग् दृष्टान्तः स्यात् ।

૨. એજન, पत्र ३५१ : समाजः—समूहस्तं समवयन्ति सामाजिकाः—समूहवृत्तयो लोकास्तेषां,.....कोट्ठागारे ।

૩. એજન पत्र ३५१ : नाना—अनेकप्रकाराणि धान्यानि—शालिमुद्गादीनि तैः प्रतिपूर्णो—भृतः नानाधान्यप्रतिपूर्णः ।

૪. એજન, पत्र ३५१ : सुष्ठु—प्राहारिकपुरुषादिव्यापारणद्वारेण रक्षितः—पालितो दस्युमूषिकादिभ्यः सुरक्षितः ।

૫. बृहद्वृत्ति, पत्र ३५१ : कोष्ठा—धान्यपल्यास्तेषामगारं-तदाधारभूतं गृहम्, उपलक्षणत्वादन्यदपि प्रभूतधान्यस्थानं, यत्र प्रदीपनकादिभयात् धान्यकोष्ठाः क्रियते तत् कोष्ठागारमुच्यते, यदि वा कोष्ठान् आ—समन्तात् कुर्वते तस्मिन्निति कोष्ठाकारः ।

૬. એજન, पत्र ३५२ : सलिलं—जलमस्यामस्तीति, आर्शआदेस-कृतिगणत्वादचि सलिला—नदी ।

૭. એજન, 'शीता' शीतानाम्नी, नीलवान्—मेरोरुत्तरस्यां दिशि वर्षधरपर्वतस्ततः...प्रवहति....नीलवत्-प्रवहा वा ।

૮. उत्तराध्ययन चूर्णि, पृ. २०० : सीता सव्वणदीण महल्ला बहूहिं च जलासतेहिं च आइण्णा ।

વર્તમાન ભૂગોળ-શાસ્ત્રીઓ અનુસાર—ચીની તુર્કસ્તાનની ચારે બાજુ રહેલા પર્વતોમાંથી ઘણી નદીઓ નીકળે છે, જે 'તકલામકાન' રણની તરફ જાય છે અને અંતમાં આ જ રણના રસ્તામાં સુકાઈ જાય છે. કાશગર નદી અને યારકંદ નદી ક્રમશઃ 'તિયેન-શાન' અને પામીરમાંથી નીકળે છે. બંને નદીઓ મળીને તારિમ નદી બને છે, જે 'લોબનોર' સુધી જાય છે. ભારતીય સાહિત્યમાં આ જ નદી 'સીતા'ના નામે જાણીતી છે.[1]

પૌરાણિક વિદ્વાનો નીલ પર્વતની ઓળખાણ આજના કારાકોરમ વડે આપે છે. પુરાણોના હેમકૂટ, નિષધ, નીલ, શ્વેત તથા શ્રૃંગી પર્વત અનુક્રમે આજના હિન્દુકુશ, સુલેમાન, કારાકોરમ, કુવેનલુન તથા થિયેનથાન છે.[2]

## ૩૯. મંદર પર્વત (मंदरे गिरी)

મંદર પર્વત સહુથી ઊંચો પર્વત છે અને ત્યાંથી દિશાઓનો પ્રારંભ થાય છે.[3] તેને વિવિધ પ્રકારની ઔષધીઓ અને વનસ્પતિઓ વડે પ્રજવલિત કહેવામાં આવ્યો છે. ત્યાં વિશિષ્ટ ઔષધીઓ પેદા થાય છે. તેમાંથી કેટલીક પ્રકાશ કરનારી હોય છે. તેમના યોગથી મંદર પર્વત પણ પ્રકાશિત થાય છે.[4] સૂત્રકૃતાંગની વૃત્તિમાં પણ મેરુપર્વતને ઔષધિ-સંપન્ન કહેવામાં આવ્યો છે.[5]

કાશ્મીરની ઉત્તરમાં એક જ સ્થાન કે કેન્દ્રમાંથી પર્વતોની છ શ્રેણીઓ નીકળે છે. તેમનાં નામ છે—હિમાલય, કારાકોરમ, કુવેનલુમ, હિયેનશાન, હિન્દુકુશ અને સુલેમાન. આમાં જે કેન્દ્રબિંદુ છે, તેને પુરાણોના રચયિતાઓ મેરુ પર્વત કહે છે. આ પર્વત ભૂ-પદ્મની કર્ણિકા જેવો છે.[6]

## ૪૦. (समुद्दगंभीरसमा)

વ્યાકરણની દૃષ્ટિએ અહીં 'समुद्दसमगम्भीरा' હોવું જોઈતું હતું, પરંતુ છંદરચનાની દૃષ્ટિએ 'गम्भीर'નો પૂર્વ નિપાત થયો છે. બૃહદ્‌વૃત્તિ અનુસાર 'गाम्भीर्य'ના સ્થાને 'गम्भीर'નો આર્ષ-પ્રયોગ થયો છે.[7]

## ૪૧. દુરાશય (दुरासया)

'दुरासय' શબ્દના સંસ્કૃત રૂપો ત્રણ થાય છે—

૧.दुराश्रय—જેનો આશ્રય દુઃખપૂર્વક થાય છે.

૨.दुरासद—જેને પ્રાપ્ત કરવાનું કઠણ હોય છે.

૩.दुराशय—દુષ્ટ આશયવાળું.

આગમોમાં આ ત્રણે અર્થોમાં આ શબ્દ વપરાયેલો મળે છે.[8]

---

૧. India and Central Asia (by P.C.Bagchi)p. 43.

૨. वैदिक संस्कृति का विकास, पृ. १६४।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २०० : जहा मन्दरो थिरो उस्सिओ दिसाओ य अत्थ पवत्तंति।

૪. बृहद्वृत्ति, पत्र ३५२ : 'नानौषधिभिः' अनेकविधविशिष्ट-माहात्म्यवनस्पतिविशेषरूपाभिः प्रकर्षेण ज्वलितो—दीप्तः नानौषधिप्रज्वलितः, ता ह्यतिशायिन्यः प्रज्वलन्त्य एवासत इति तद्योगादसावपि प्रज्वलित इत्युक्तः, यद्वा—प्रज्वलिता नानौषधयोऽस्मिन्निति प्रज्वलितनानौषधिः, प्रज्वलित-शब्दस्य तु परनिपातः प्राग्वत्।

૫. सूत्रकृतांग, १।६।१२, वृत्ति पत्र १४७ : 'गिरिवरे से जलिएव भोमे' असौ मणिभिरौषधिभिश्च देदीप्यमानतया "भौम इव" भूदेश इव ज्वलित इति।

૬. वैदिक संस्कृति का विकास, पृ. १६४।

૭. बृहद्वृत्ति, पत्र ३५३।

૮. (ક) दशवैकालिक २।६ : पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं। (दुराश्रय)
(ખ) उत्तराध्ययन १।१३ : पसायए ते हु दुरासयं पि। (दुरासद)
(ગ) प्रस्तुत श्लोक—दुराशय।

પ્રસ્તુત પ્રસંગમાં 'दुराशय'નો વ્યુત્પત્તિલભ્ય અર્થ આ રીતનો છે—જેના આશયને ગંભીરતાને કારણે મુશ્કેલીથી જાણી શકાય છે. વૃત્તિકારે તેનાં સંસ્કૃત રૂપ બે આપ્યાં છે—'दुराश्रय' અને 'दुरासद'. અભિભૂત કરવાની બુદ્ધિથી જેની પાસે પહોંચવું મુશ્કેલ હોય છે તેને 'दुराश्रय' અથવા 'दुरासद' કહેવામાં આવે છે.[1] ચૂર્ણિમાં માત્ર 'दुराश्रय'ની વ્યાખ્યા કરવામાં આવી છે.[2]

**૪૨. વિપુલ શ્રુતથી પૂર્ણ (सुयस्स पुण्णा विउलस्स)**

આના ત્રણ અર્થ છે[3]—

૧. ચૌદ પૂર્વોથી પરિપૂર્ણ.

૨. વિમલ અને નિઃશંક વાચનાથી યુક્ત અથવા પ્રચુર અર્થના જ્ઞાતા.

૩. અંગ, અંગબાહ્ય વગેરે વિસ્તૃત શ્રુતના જ્ઞાતા.

**૪૩. ઉત્તમ-અર્થ (મોક્ષ) (उत्तमट्ठ)**

સાધનાનું લક્ષ્ય છે—બંધનમુક્તિ અથવા મોક્ષની પ્રાપ્તિ. પુરુષાર્થ-ચતુષ્ટયીમાં મોક્ષને ઉત્તમ કહેવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રસંગમાં 'ઉત્તમાર્થ'નો અર્થ છે—મોક્ષ.

**૪૪. શ્રુતનો આશ્રય કરે (सुयमहिट्ठेज्जा)**

વૃત્તિકારે શ્રુતના આશ્રય અથવા અધિષ્ઠાનના અનેક સાધનો બતાવ્યાં છે—અધ્યયન, શ્રવણ, ચિંતન વગેરે.[4]

---

૧. बृहद्वृत्ति, पत्र ३५३ ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २०१ ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २०१ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३५३ ।

૪. बृहद्वृत्ति, पत्र ३५३ : अध्ययनश्रवणचिन्तनादिना आश्रयेत् ।

# बारसमं अज्झयणं

हरिएसिज्जं

# બારમું અધ્યયન

હરિકેશીય

# આમુખ

આ અધ્યયન મુનિ હરિકેશબલ સંબંધી છે, એટલા માટે તેનું નામ 'हरिएसिज्जं'–'हरिकेशीय' છે.

મથુરા નગરીના રાજા શંખ વિરક્ત થઈ મુનિ બની ગયા. ગામોગામ ઘૂમતા એક વખત તેઓ હસ્તિનાગપુર (હસ્તિનાપુર) આવ્યા અને ભિક્ષા માટે નગર તરફ ચાલ્યા. ગામમાં પ્રવેશવાના બે માર્ગ હતા. મુનિએ એક બ્રાહ્મણને માર્ગ પૂછ્યો. એક માર્ગનું નામ 'હુતાશન' હતું અને તે તદ્દન નજીક હતો. તે અગ્નિની જેમ પ્રજ્વલિત રહેતો હતો. બ્રાહ્મણે કુતૂહલવશ તે ગરમ માર્ગની તરફ ઈશારો કર્યો. મુનિ નિશ્છલ ભાવથી તે માર્ગે ચાલી નીકળ્યા. તેઓ લબ્ધિસંપન્ન હતા. આથી તેમના પાદ-સ્પર્શથી માર્ગ ઠંડો બની ગયો. મુનિને અવિચલભાવે આગળ વધતા જોઈ બ્રાહ્મણ પણ તે જ માર્ગે ચાલી નીકળ્યો. માર્ગને બરફ જેવો ઠંડો જોઈ તેણે વિચાર્યું–'આ મુનિનો જ પ્રભાવ છે.' તેને પોતાના અનુચિત કૃત્ય ઉપર પશ્ચાત્તાપ થયો. તે દોડતો-દોડતો મુનિ પાસે આવ્યો અને તેમની સામે પોતાનું પાપ પ્રગટ કરી ક્ષમાયાચના કરી. મુનિએ ધર્મનો ઉપદેશ આપ્યો. બ્રાહ્મણના મનમાં વિરક્તિનો ભાવ ઉત્પન્ન થયો. તે મુનિ પાસે પ્રવ્રજિત થયો. તેનું નામ સોમદેવ હતું. તેનામાં જાતિનું અભિમાન હતું. 'હું બ્રાહ્મણ છું, ઉત્તમ જાતિનો છું'–આવો મદ તેનામાં સદા રહ્યો. કાળક્રમે મરીને તે દેવ બન્યો. દેવ-આયુષ્ય પૂરું કરી જાતિ-મદના પરિપાકરૂપે તે ગંગા નદીના તટ પર હરિકેશના અધિપ 'બલકોષ્ઠ' નામે ચાંડાળની પત્ની ગૌરીના ગર્ભમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. તેનું નામ બલ રાખવામાં આવ્યું. આ જ બાળક હરિકેશબલ નામે પ્રસિદ્ધ થયો.

એક દિવસ તે પોતાના સાથીઓ સાથે રમી રહ્યો હતો. રમતાં-રમતાં તે લડવા લાગ્યો. લોકોએ જ્યારે આ જોયું તો તેને દૂર ધકેલી દીધો. બીજા બાળકો પહેલાંની માફક રમવાં લાગ્યાં પરંતુ તે માત્ર દર્શક જ રહ્યો. એટલામાં જ એક ભયંકર સર્પ નીકળ્યો. લોકોએ તેને પથ્થરથી મારી નાખ્યો. થોડીક જ ક્ષણો પછી એક અળસિયું નીકળ્યું. લોકોએ તેને જવા દીધું. દૂર બેઠેલા બાળક હરિકેશે આ બધું જોયું. તેણે વિચાર્યું–'પ્રાણી પોતાના દોષોથી જ દુઃખ પામે છે. જો હું સાપની સમાન ઝેરીલો હોઉં તો એ સ્વાભાવિક જ છે કે લોકો મને મારશે અને જો હું અળસિયાની જેમ બિનઝેરી હોઉં તો કોઈ બીજો મને શા માટે સતાવશે ?' ચિંતન આગળ વધ્યું. જાતિસ્મરણ-જ્ઞાન પેદા થયું. જાતિ-મદના વિપાકનું ચિત્ર સામે આવ્યું. નિર્વેદ પ્રાપ્ત થતાં તેમણે દીક્ષા ગ્રહણ કરી લીધી. મુનિ હરિકેશબલ શ્રામણ્યનું વિશુદ્ધ રૂપે પાલન કરતાં-કરતાં તપસ્યામાં લીન રહેવા લાગ્યા. તપના પ્રભાવથી અનેક યક્ષો તેમની સેવા કરવા લાગ્યા. મુનિ યક્ષ-મંદિરમાં કાયોત્સર્ગ, ધ્યાન વગેરે કરતા. એક વાર તેઓ ધ્યાનમાં લીન થઈને ઊભા હતા. તે સમયે વારાણસીના રાજા કૌશિકની પુત્રી ભદ્રા યક્ષની પૂજા કરવા ત્યાં આવી. પૂજા કરી તે પ્રદક્ષિણા કરવા લાગી. તેની દૃષ્ટિ ધ્યાનલીન મુનિ ઉપર જઈને અટકી. તેમનાં મેલાં કપડાં જોઈ તેને ઘૃણા થઈ આવી. આવેશમાં આવી તે મુનિ પર થૂંકી. યક્ષે આ જોયું. તેણે વિચાર્યું–'આ કુમારીએ મુનિની આશાતના કરી છે. તેનું ફળ તેને મળવું જ જોઈએ.' યક્ષ કુમારીના શરીરમાં પ્રવેશી ગયો. કુમારી પાગલ થઈ ગઈ. તે અનર્ગળ વાતો બોલવા લાગી. દાસીઓ તેને રાજમહેલમાં લઈ ગઈ. ઉપચાર કરવામાં આવ્યા, પરંતુ બધું નકામું. યક્ષે કહ્યું–'આ કુમારીએ એક તપસ્વી મુનિનો તિરસ્કાર કર્યો છે. જો આ તે તપસ્વી સાથે પાણીગ્રહણ કરવાનું સ્વીકારી લે તો હું તેના શરીરમાંથી બહાર નીકળીશ, નહિ તો નહિ.' રાજાએ વાત સ્વીકારી લીધી.

રાજા પોતાની કન્યા સાથે યક્ષ-મંદિરમાં આવ્યો અને મુનિને નમસ્કાર કરી પોતાની કન્યાને સ્વીકાર કરવાની વિનંતી કરી. મુનિએ ધ્યાન પાર્યું અને કહ્યું–'રાજન ! હું મુમુક્ષુ છું. સ્ત્રી મોક્ષમાર્ગમાં બાધક છે, એટલા માટે હું તેનો સ્પર્શ પણ ન કરી શકું.' આટલું કહી મુનિ ફરી ધ્યાનલીન બની ગયા.

કન્યાને મુનિના ચરણોમાં છોડી રાજા પોતાના સ્થાને પાછો ફર્યો. યક્ષે મુનિનું રૂપ ધારણ કર્યું અને રાજકન્યાનું પાણિગ્રહણ કર્યું. રાતભર કન્યા ત્યાં જ રહી. પ્રભાતે યક્ષ દૂર થયો. મુનિએ સાચેસાચી વાત કન્યાને કહી. તે દોડતી-દોડતી રાજા પાસે ગઈ અને યક્ષે પોતાને ઠગી છે તે વાત કરી. રાજા પાસે બેઠેલા રુદ્રદેવ પુરોહિતે કહ્યું–'રાજન ! આ ઋષિપત્ની છે. મુનિએ તેનો ત્યાગ કર્યો છે. આથી તેને કોઈ બ્રાહ્મણને આપી દેવી જોઈએ.' રાજાએ તે જ પુરોહિતને કન્યા સોંપી દીધી. તે તેની સાથે

આનંદપૂર્વક રહેવા લાગ્યો. કેટલોક કાળ વીત્યો. પુરોહિતે યજ્ઞ કર્યો. દૂર-દૂરથી વિદ્વાન બ્રાહ્મણો બોલાવવામાં આવ્યા. તે સૌના આતિથ્ય માટે પ્રચુર ભોજનસામગ્રી એકઠી કરવામાં આવી.

તે સમયે મુનિ હરિકેશબલ એક-એક માસની તપશ્ચર્યા કરી રહ્યાં હતા. પારણાંના દિવસે ભિક્ષા માટે ઘરે-ઘરે ફરતા તેઓ પેલા યજ્ઞમંડપમાં જઈ પહોંચ્યા.

તે પછી મુનિ અને ત્યાંના વરિષ્ઠ બ્રાહ્મણો વચ્ચે જે વાર્તાલાપ ચાલ્યો તેનું સંકલન સૂત્રકારે કર્યું છે. વાર્તાનાં માધ્યમથી બ્રાહ્મણ-ધર્મ અને નિર્ગ્રંથ-પ્રવચનનો સાર પ્રતિપાદિત થયો છે. સૌ પ્રથમ બ્રાહ્મણકુમારો મુનિની અવહેલના કરે છે પરંતુ અંતમાં તેઓ તેમની પાસેથી માર્ગદર્શન મેળવે છે.

આ અધ્યયનમાં નિમ્ન વિષયો પર ચર્ચા થઈ છે—

૧. દાનનો અધિકારી —શ્લોક ૧૨થી ૧૮.

૨. જાતિવાદ — શ્લોક ૩૬

૩. યજ્ઞ— શ્લોક ૩૮થી ૪૪.

૪. જલસ્નાન— શ્લોક ૩૮, ૪૫, ૪૬, ૪૭.

બૌદ્ધ-સાહિત્યમાં માતંગ-જાતક (૪૯૭)માં આ કથા પ્રકારાંતરે મળે છે.

# बारसमं अज्झयणं : બારમું અધ્યયન
# हरिएसिज्जं : હરિકેશીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. सोवागकुलसंभूओ<br>गुणुत्तरधरो मुणी ।<br>हरिएसबलो नाम<br>आसि भिक्खू जिइंदिओ ॥ | श्वपाककुलसंभूत:<br>उत्तरगुणधरो मुनि: ।<br>हरिकेशबलो नाम<br>आसीद् भिक्षुर्जितेन्द्रिय: ॥ | ૧. ચાંડાળ કુળમાં[1] ઉત્પન્ન, જ્ઞાન વગેરે ઉત્તમ ગુણોને ધારણ કરનાર, ધર્મ-અધર્મનું મનન કરનાર[2] હરિકેશબલ[3] નામે જિતેન્દ્રિય ભિક્ષુ હતો. |
| २. इरिएसणभासाए<br>उच्चारसमिईसु य ।<br>जओ आयाणनिक्खेवे<br>संजओ सुसमाहिओ ॥ | ईर्येषणाभाषायां<br>उच्चारसमितौ च ।<br>यत आदाननिक्षेपे<br>संयत: सुसमाहित: ॥ | ૨. તે ઈર્યા, એષણા, ભાષા, ઉચ્ચાર, આદાન-નિક્ષેપ— આ સમિતિઓમાં સાવધાન હતો, સંયમી અને સમાધિસ્થ હતો. |
| ३. मणगुत्तो वयगुत्तो<br>कायगुत्तो जिइंदिओ ।<br>भिक्खट्ठा बंभइज्जम्मि<br>जन्नवाडं उवट्ठिओ ॥ | मनोगुप्तो वचोगुप्त:<br>कायगुप्तो जितेन्द्रिय: ।<br>भिक्षार्थं ब्रह्मेज्ये<br>यज्ञवाटे उपस्थित: ॥ | ૩. તે મન, વચન અને કાયા વડે ગુપ્ત અને જિતેન્દ્રિય હતો. તે ભિક્ષા લેવા માટે યજ્ઞ-મંડપમાં ગયો, જ્યાં બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા હતા. |
| ४. तं पासिऊणमेज्जंतं<br>तवेण परिसोसियं ।<br>पंतोवहिउवगरणं<br>उवहसंति अणारिया ॥ | तं दृष्ट्वा आयन्तं<br>तपसा परिशोषितम् ।<br>प्रान्त्योपध्युपकरणं<br>उपहसन्त्यनार्या: ॥ | ૪. તે તપથી કૃશ બની ગયો હતો. તેનાં ઉપધિ અને ઉપકરણ પ્રાંત (જીર્ણ અને મલિન) હતાં.[4] તેને આવતો જોઈને, તે અનાર્યો[5] (બ્રાહ્મણો) હસ્યા. |
| ५. जाईमयपडिथद्धा<br>हिंसगा अजिइंदिया ।<br>अबंभचारिणो बाला<br>इमं वयणमब्बवी ॥ | जातिमदप्रतिस्तब्धा:<br>हिंसका अजितेन्द्रिया: ।<br>अब्रह्मचारिणो बाला:<br>इदं वचनमब्रुवन् ॥ | ૫. જાતિ-મદથી મત્ત, હિંસક, અજિતેન્દ્રિય, અબ્રહ્મચારી અને અજ્ઞાની બ્રાહ્મણો પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા— |
| ६. कयरे आगच्छइ दित्तरूवे<br>काले विगराले फोक्कनासे ।<br>ओमचेलए पंसुपिसायभूए<br>संकरदूसं परिहरिय कंठे ? ॥ | कतर आगच्छति दृप्तरूप:<br>कालो विकराल: 'फोक्क'नास: ।<br>अवमचेलक: पांशुपिशाचभूत:<br>संकरदूष्यं परिधाय कण्ठे ? ॥ | ૬. બીભત્સ રૂપવાળો[6], કાળો, વિકરાળ, મોટા નાકવાળો[7], અર્ધનગ્ન[8], પાંશુ-પિશાચ (ચુડેલ) જેવો[9], ગળામાં સંકર-દૂષ્ય (ઉકરડામાંથી ઉપાડેલું ચીંથરું) વીંટાળેલો[10] આ કોણ આવી રહ્યો છે ? |

७. कयरे तुमं इय अदंसणिज्जे
काए व आसा इहमागओ सि ।
ओमचेलगा पंसुपिसायभूया
गच्छक्खलाहिंकिमिहंठिओसि ? ॥

कतरस्त्वमित्यदर्शनीयः
कया वाऽऽशयेहागतोऽसि ? ।
अवमचेलकः पांशुपिशाचभूतः
गच्छ 'खलाहि' किमिह स्थितोसि ? ॥

૭. ઓ અદર્શનીય મૂર્તિ ! તું કોણ છે ? કઈ આશાએ અહીં આવ્યો છે ? અર્ધનગ્ન તું પાંશુ-પિશાચ (ચુડેલ) જેવો દેખાઈ રહ્યો છે. જા, આંખોથી આઘો ખસ[૧૧]. અહીં કેમ ઊભો છે ?

८. जक्खो तहिं तिंदुयरुक्खवासी
अणुकंपओ तस्स महामुणिस्स ।
पच्छायइत्ता नियगं सरीरं
इमाइं वयणाइमुदाहरित्था ॥

यक्षस्तस्मिन् तिन्दुकवृक्षवासी
अनुकम्पकस्तस्य महामुनेः ।
प्रच्छाद्य निजकं शरीरं
इमानि वचनानि उदाहार्षीत् ।

૮. તે સમયે મહામુનિ હરિકેશબલની અનુકંપા કરનાર[૧૨] તિન્દુક (અબનૂસ) વૃક્ષનો વાસી[૧૩] યક્ષ પોતાનાં શરીરનું સંગોપન કરી મુનિનાં શરીરમાં પ્રવેશી આ પ્રમાણે બોલ્યો—

९. समणो अहं संजओ बंभयारी
विरओ धणपयणपरिग्गहाओ ।
परप्पवित्तस्स उ भिक्खकाले
अन्नस्स अट्ठा इहमागओ मि ॥

श्रमणोऽहं संयतो ब्रह्मचारी
विरतो धनपचनपरिग्रहात् ।
परप्रवृत्तस्य तु भिक्षाकाले
अन्नस्यार्थं इहाऽऽगतोस्मि ॥

૯. 'હું શ્રમણ છું, સંયમી છું, બ્રહ્મચારી છું[૧૪], ધન કે પચન-પાચન અને પરિગ્રહથી[૧૫] વિરત છું. આ ભિક્ષાનો સમય છે. હું સહજપણે મળે તેવું ભોજન મેળવવા માટે અહીં આવ્યો છું.'

१०. वियरिज्जइ खज्जइ भुज्जई य
अन्नं पभूयं भवयाणमेयं ।
जाणाहि मे जायणजीविणु त्ति
सेसावसेसं लभऊ तवस्सी ॥

वितीर्यते खाद्यते भुज्यते च
अन्नं प्रभूतं भवतामेतत् ।
जानीत मां याचना-जीविनमिति
शेषावशेषं लभतां तपस्वी ॥

૧૦. 'આપને ત્યાં આ ઘણું-બધું ભોજન અપાઈ રહ્યું છે, ખવાઈ રહ્યું છે અને ભોગવાઈ રહ્યું છે.[૧૬] હું ભિક્ષાજીવી છું[૧૭], તેની આપને જાણ હશે. થોડુંક બચેલું ભોજન[૧૮] આ તપસ્વીને મળી જાય તો સારું.'

११. उवक्खडं भोयण माहणाणं
अत्तट्ठियं सिद्धिमिहेगपक्खं ।
न ऊ वयं एरिसमन्नपाणं
दाहामु तुज्झं किमिहं ठिओसि ? ॥

उपस्कृतं भोजनं ब्राह्मणानां
आत्मार्थिकं सिद्धमिहैकपक्षम् ।
न तु वयमीदृशमन्नपानं
दास्यामः तुभ्यं किमिह स्थितोऽसि ? ॥

૧૧. (સોમદેવ—)અહીં જે ભોજન બન્યું છે તે માત્ર બ્રાહ્મણો માટે જ બન્યું છે. તે એકપાક્ષિક[૧૯] છે—અબ્રાહ્મણને અદેય છે. એવું અન્નપાન[૨૦] અમે તને નહિ આપીએ. તો પછી અહીં કેમ ઊભો છે ?

१२. थलेसु बीयाइ ववंति कासगा
तहेव निन्नेसु य आससाए ।
एयाए सद्धाए दलाह मज्झं
आराहए पुण्णमिणं खु खेत्तं ॥

स्थलेषु बीजानि वपन्ति कर्षकाः
तथैव निम्नेषु चाऽऽशंसया ।
एतया श्रद्धया दद्ध्वं मह्यं
आराधयत पुण्यमिदं खलु क्षेत्रम् ॥

૧૨. (યક્ષ—)સારી ઊપજની આશાથી[૨૧] ખેડૂત જેમ સ્થળ (ઊંચી ભૂમિ)માં બીજ વાવે છે તેવી જ રીતે નીચી ભૂમિમાં વાવે છે. એ જ શ્રદ્ધાથી (પોતાની જાતને નિમ્ન ભૂમિ અને મને સ્થળસમાન માનીને પણ તમે) મને દાન આપો, પુણ્યની આરાધના કરો. આ ક્ષેત્ર છે, બીજ ખાલી નહિ જાય.

१३. खेत्ताणि अम्हं विइयाणि लोए
जहिं पकिण्णा विरुहंति पुण्णा ।
जे माहणा जाइविज्जोववेया
ताइं तु खेत्ताइं सुपेसलाइं ॥

क्षेत्राण्यस्माकं विदितानि लोके
येषु प्रकीर्णानि विरोहन्ति पूर्णानि ।
ये ब्राह्मणा जातिविद्योपेताः
तानि तु क्षेत्राणि सुपेशलानि ॥

૧૩. (સોમદેવ—) જ્યાં વાવેલાં બધાં બીજ પૂરેપૂરાં ઊગી નીકળે છે, તે ક્ષેત્રો આ લોકમાં અમને જાણીતાં છે. જે બ્રાહ્મણો જાતિ અને વિદ્યાથી યુક્ત છે[૨૨] તેઓ જ પુણ્યક્ષેત્રો છે.[૨૩]

१४. कोहो य माणो य वहो य जेसिं
मोसं अदत्तं च परिग्गहं च ।
ते माहणा जाइविज्जाविहूणा
ताइं तु खेत्ताइं सुपावयाइं ॥

क्रोधश्च मानश्च वधश्च येषां
मृषा अदत्तं च परिग्रहश्च ।
ते ब्राह्मणा जातिविद्याविहीनाः
तानि तु क्षेत्राणि सुपापकानि ॥

૧૪. (યક્ષ—) જેમનામાં ક્રોધ છે, માન છે, હિંસા છે, અસત્ય છે, ચોરી છે અને પરિગ્રહ છે—તેવા બ્રાહ્મણો જાતિ-વિહીન, વિદ્યાવિહીન અને પાપ-ક્ષેત્રો છે.

**१५. तुब्भेत्थ भो ! भारधरा गिराणं**
**अट्ठं न जाणाह अहिज्ज वेए ।**
**उच्चावयाइं मुणिणो चरंति**
**ताइं तु खेत्ताइं सुपेसलाइं ॥**

यूयमत्र भो ! भारधरा गिरां
अर्थं न जानीथाधीत्य वेदान् ।
उच्चावचानि मुनयश्चरन्ति
तानि तु क्षेत्राणि सुपेशलानि ॥

૧૫. હે બ્રાહ્મણો ! આ સંસારમાં તમે માત્ર વાણીનો ભાર વહી રહ્યા છો. વેદો ભણીને પણ તેમનો અર્થ જાણતા નથી. જે મુનિ ઉચ્ચ અને નીચ ઘરોમાં ભિક્ષા માટે જાય છે તેઓ જ પુણ્યક્ષેત્રો છે.

**१६. अज्झावयाणं पडिकूलभासी**
**पभाससे किं तु सगासि अम्ह ।**
**अवि एयं विणस्सउ अन्नपाणं**
**न य णं दाहामु तुमं नियंठा ! ॥**

अध्यापकानां प्रतिकूलभाषी
प्रभाषसे किं तु सकाशेऽस्माकम् ।
अप्येतद् विनश्यतु अन्नपानं
न च दास्यामः तुभ्यं निर्ग्रन्थ ! ॥

૧૬. (સોમદેવ—) અરે ઓ અધ્યાપકોને પ્રતિકૂળ બોલનારા સાધુ ! અમારી સામે તું શું વધારી-વધારીને બોલી રહ્યો છે ? હે નિર્ગ્રંથ ! આ અન્નપાન ભલેને સડીને નાશ પામે, પણ તને નહિ આપીએ.

**१७. समिईहि मज्झं सुसमाहियस्स**
**गुत्तीहि गुत्तस्स जिइंदियस्स ।**
**जइ मे न दाहित्थ अहेसणिज्जं**
**किमज्ज जण्णाण लहित्थ लाहं? ॥**

समितिभिर्मह्यं सुसमाहिताय
गुप्तिभिर्गुप्ताय जितेन्द्रियाय ।
यदि मह्यं न दास्यथाऽथैषणीयं
किमद्य यज्ञानां लप्स्यध्वे लाभम् ? ॥

૧૭. (યક્ષ—) હું સમિતિઓ વડે સમાહિત, ગુપ્તિઓ વડે ગુપ્ત અને જિતેન્દ્રિય છું. આ એષણીય (વિશુદ્ધ) આહાર જો તમે મને નહિ આપો, તો આ યજ્ઞો વડે આજ તમને કયો લાભ થશે ?

**१८. के एत्थ खत्ता उवजोइया वा**
**अज्झावया वा सह खंडिएहिं ।**
**एयं दंडेण फलेण हंता**
**कंठम्मि घेत्तूण खलेज्ज जो णं ? ॥**

केऽत्र क्षत्रा उपज्योतिषा वा
अध्यापका वा सह खण्डिकैः ।
एनं दण्डेन फलेन हत्वा
कण्ठे गृहीत्वा अपसारयेयुः ? ॥

૧૮. (સોમદેવ—) અહીં કોઈ ક્ષત્રિય, રસોઈયો, અધ્યાપક કે છાત્ર છે કે જે દંડા મારી, લાત મારી, બોચી પકડીને આ નિર્ગ્રંથને અહીંથી બહાર કાઢી મૂકે ?

**१९. अज्झावयाण वयणं सुणेत्ता**
**उद्धाइया तत्थ बहू कुमारा ।**
**दंडेहि वित्तेहि कसेहि चेव**
**समागया तं इसिं तालयंति ॥**

अध्यापकानां वचनं श्रुत्वा
उद्धावितास्तत्र बहवः कुमाराः ।
दण्डैर्वेत्रैः कशैश्चैव
समागतास्तमृषिं ताडयन्ति ॥

૧૯. અધ્યાપકોનું વચન સાંભળીને ઘણા-બધા કુમારો ત્યાં દોડી ગયા. ત્યાં પહોંચી દંડા, સોટીઓ અને ચાબુકોથી તે ઋષિને મારવા લાગ્યા.

**२०. रन्नो तहिं कोसलियस्स धूया**
**भद्द त्ति नामेण अणिंदियंगी ।**
**तं पासिया संजयं हम्ममाणं**
**कुद्धे कुमारे परिनिव्ववेइ ॥**

राज्ञस्तत्र कौशलिकस्य दुहिता
भद्रेति नाम्ना अनिन्दिताङ्गी ।
तं दृष्ट्वा संयतं हन्यमानं
क्रुद्धान् कुमारान् परिनिर्वापयति ॥

૨૦. રાજા કૌશલિકની સુંદર પુત્રી ભદ્રા યજ્ઞમંડપમાં મુનિને મરાતાં જોઈને ક્રોધે ભરાયેલા કુમારોને શાંત કરવા લાગી.

**२१. देवाभिओगेण निओइएणं**
**दिन्ना मु रन्ना मणसा न झाया ।**
**नरिंददेविंदऽभिवंदिएणं**
**जेणम्हि वंता इसिणा स एसो ॥**

देवाभियोगेन नियोजितेन
दत्ताऽस्मि राज्ञा मनसा न ध्याता ।
नरेन्द्रदेवेन्द्राभिवन्दितेन
येनास्मि वान्ता ऋषिणा स एषः ॥

૨૧. (ભદ્રા—) રાજાઓ અને ઈન્દ્રો વડે પૂજિત આ તે ઋષિ છે જેમણે મારો ત્યાગ કર્યો છે. દેવતાના અભિયોગથી પ્રેરિત થઈને રાજા વડે જેને મારું પ્રદાન કરાયું હતું, પરંતુ જેણે મનથી ય મને ચાહી ન હતી.

**२२. एसो हु सो उग्गतवो महप्पा**
**जिइंदिओ संजओ बंभयारी ।**
**जो मे तया नेच्छइ दिज्जमाणिं**
**पिउणा सयं कोसलिएण रन्ना ॥**

एष खलु स उग्रतपा महात्मा
जितेन्द्रियः संयतो ब्रह्मचारी ।
यो मां तदा नेच्छति दीयमानां
पित्रा स्वयं कौशलिकेन राज्ञा ॥

૨૨. આ તે જ ઉગ્ર તપસ્વી, મહાત્મા, જિતેન્દ્રિય, સંયમી અને બ્રહ્મચારી છે, જેણે મને સ્વયં મારા પિતા રાજા કૌશલિક દ્વારા આપવામાં આવી હોવા છતાં પણ ઈચ્છી નહિ.

२३.महाजसो एस महाणुभागो
घोरव्वओ घोरपरक्कमो य ।
मा एयं हीलह अहीलणिज्जं
मा सव्वे तेएण भे निद्दहेज्जा ॥

महायशा एष महानुभागः
घोरव्रतो घोरपराक्रमश्च ।
मैनं हीलयताहीलनीयं
मा सर्वान् तेजसा भवतो
निर्धाक्षीत् ॥

૨૩.આ મહાન યશસ્વી છે. મહાન અનુભાગ (અચિંત્ય શક્તિ) વડે સંપન્ન છે. ઘોરવ્રતી છે. ઘોર પરાક્રમી છે.[30] તે અવહેલનીય નથી. તેની અવહેલના ન કરો. નહિ તો કદાચ તે પોતાના તેજથી તમને બધાને ભસ્મસાત્ પણ કરી નાખે.

२४.एयाइं तीसे वयणाइं सोच्चा
पत्तीइ भद्दाइ सुहासियाइं ।
इसिस्स वेयावडियट्ठयाए
जक्खा कुमारे विणिवाडयंति ॥

एतानि तस्या वचनानि श्रुत्वा
पत्न्या भद्रायाः सुभाषितानि ।
ऋषेर्वैयापृत्यार्थं
यक्षाः कुमारान् विनिपातयन्ति ॥

૨૪.સૌમ્ય પુરોહિતની પત્ની ભદ્રાના સુંદર વચનો સાંભળી યક્ષોએ ઋષિની વૈયાવૃત્ય[31] (પરિચર્યા) કરવા માટે કુમારોને જમીન પર પાડી નાખ્યા.

२५.ते घोररूवा ठिय अंतलिक्खे
असुरा तहिं तं जणं तालयंति ।
ते भिन्नदेहे रुहिरं वमंते
पासित्तु भद्दा इणमाहु भुज्जो ॥

ते घोररूपाः स्थिता अन्तरिक्षे
असुरास्तत्र तं जनं ताडयन्ति ।
तान् भिन्नदेहान् रुधिरं वमतः
दृष्ट्वा भद्रेदमाह भूयः ॥

૨૫.ઘોર રૂપ અને રૌદ્ર ભાવવાળા યક્ષો આકાશમાં રહી તે છાત્રોને મારવા લાગ્યા. તેમના શરીરોને ક્ષતવિક્ષત અને તેમને રુધિરનું વમન કરતાં જોઈ ભદ્રા ફરી કહેવા લાગી–

२६.गिरिं नहेहिं खणह
अयं दंतेहिं खायह ।
जायतेयं पाएहिं हणह
जे भिक्खुं अवमन्नह ॥

गिरिं नखैः खनथ
अयो दन्तैः खादथ ।
जाततेजसं पादैर्हणथ
ये भिक्षुमवमन्यध्वे ॥

૨૬.''તમે આ ભિક્ષુનું અપમાન કરી રહ્યા છો તે તમે નખ વડે પર્વત ખોદી રહ્યા હો, દાંત વડે લોઢું ચાવી રહ્યા હો અને પગ વડે અગ્નિને લાત મારી રહ્યા હો તેનાં સમાન છે.

२७.आसीविसो उग्गतवो महेसी
घोरव्वओ घोरपरक्कमो य ।
अगणिं व पक्खंद पयंगसेणा
जे भिक्खुयं भत्तकाले वहेह ॥

आशीविष उग्रतपा महर्षिः
घोरव्रतो घोरपराक्रमश्च ।
अग्निमिव प्रस्कन्दथ पतङ्गसेना
ये भिक्षुकं भक्तकाले विध्यथ ॥

૨૭.આ મહર્ષિ આશીવિષ લબ્ધિ વડે સંપન્ન છે,[32] ઉગ્ર તપસ્વી છે,[33] ઘોર વ્રતી અને ઘોર પરાક્રમી છે. ભિક્ષા સમયે તમે આ ભિક્ષુને વ્યથા પહોંચાડી પતંગિયાના સમૂહની માફક અગ્નિમાં ઝંપાપાત કરી રહ્યા છો.

२८.सीसेण एयं सरणं उवेह
समागया सव्वजणेण तुब्भे ।
जइ इच्छह जीवियं वा धणं वा
लोगं पि एसो कुविओ डहेज्जा ॥

शीर्षेणैनं शरणमुपेत
समागताः सर्वजनेन यूयम् ।
यदीच्छथ जीवितं वा धनं वा
लोकमप्येष कुपितो दहेत् ॥

૨૮.જો તમે જીવન અને ધન ઈચ્છતા હો તો બધા મળીને, મસ્તક નમાવીને આ મુનિના શરણમાં આવો. કોપાયમાન થાય તો આ સમગ્ર સંસારને ભસ્મ કરી શકે તેમ છે.''[34]

२९.अवहेडियपिट्ठसउत्तमंगे
पसारियाबाहु अकम्मचेट्ठे ।
निब्भेरियच्छे रुहिरं वमंते
उड्ढंमुहे निग्गयजीहनेत्ते ॥

अवहेठित-पृष्ठ-सदुत्तमाङ्गान्
प्रसारितबाहुकर्मचेष्टान्
प्रसारिताक्षान् रुधिरं वमतः
ऊर्ध्वमुखान् निर्गतजिह्वानेत्रान् ॥

૨૯.તે છાત્રોનાં મસ્તક પીઠ તરફ નમી ગયાં, તેમના હાથ ઢીલા પડી ગયા, તેઓ નિષ્ક્રિય[35] બની ગયા, તેમની આંખો ફાટી ને ફાટી રહી ગઈ.[36] તેમનાં મોઢાંમાંથી લોહી નીકળવા લાગ્યું. તેમનાં મોં ઊંચા થઈ ગયાં. તેમની જીભ અને આંખો બહાર નીકળી આવ્યાં.

३०.ते पासिआ खंडिय कट्ठभूए
विमणो विसण्णो अह माहणो सो ।
इसिं पसाएइ सभारियाओ
हीलं च निंदं च खमाह भंते ! ॥

तान् दृष्ट्वा खण्डिकान् काष्ठभूतान्
विमना विषण्णोऽथ ब्राह्मणः सः ।
ऋषिं प्रसादयति सभार्याकः
हीलां च निन्दां च क्षमस्व भदन्त ! ॥

૩૦.તે છાત્રોને કાષ્ઠની માફક ચેષ્ટાહીન જોઈને તે સોમદેવ બ્રાહ્મણ ઉદાસ અને ગભરાયેલો પોતાની પત્નીસહિત મુનિ પાસે આવી તેમને પ્રસન્ન કરવા લાગ્યો–'ભંતે ! અમે આપનું જે અપમાન અને નિંદા કરી તે માટે ક્ષમા

३१.बालेहि मूढेहि अयाणएहिं
जं हीलिया तस्स खमाह भंते ! ।
महप्पसाया इसिणो हवंति
न हु मुणी कोवपरा हवंति ॥

बालैर्मूढैरज्ञकैः
यद् हीलितास्तत्क्षमस्व भदन्त ! ।
महाप्रसादा ऋषयो भवन्ति
न खलु मुनयः कोपपरा भवन्ति ॥

૩૧.ભંતે ! મૂઢ બાળકોએ અજ્ઞાનવશ આપનું જે અપમાન કર્યું, તેમને આપ ક્ષમા કરો. ઋષિઓ મહા કૃપાળુ હોય છે.મુનિઓ કોપ કરતા નથી.'

३२.पुव्विं च इण्हिं च अणागयं च
मणप्पदोसो न मे अत्थि कोइ ।
जक्खा हु वेयावडियं करेंति
तम्हा हु एए निहया कुमारा ॥

पूर्वं चेदानीं चानागतं च
मनःप्रदोषो न मेऽस्ति कोऽपि ।
यक्षाः खलु वैयापृत्यं कुर्वन्ति
तस्मात् खलु एते निहताः कुमाराः ॥

૩૨.(મુનિ—)'મારા મનમાં કોઈ પ્રદ્વેષ પહેલાં પણ ન હતો, અત્યારે પણ નથી અને આગળ પણ નહિ હોય. પરંતુ યક્ષો મારી વૈયાપૃત્ય (ચાકરી) કરી રહ્યા છે. એટલા માટે આ કુમારોને માર પડ્યો.'

३३. अत्थं च धम्मं च वियाणमाणा
तुब्भे न वि कुप्पह भूइपन्ना ।
तुब्भं तु पाए सरणं उवेमो
समागया सव्वजणेण अम्हे ॥

अर्थं च धर्मं च विजानन्तः
यूयं नापि कुप्यथ भूतिप्रज्ञाः ।
युष्माकं तु पादौ शरणमुपेमः
समागताः सर्वजनेन वयम् ॥

૩૩.(સોમદેવ—) 'અર્થ[૩૩] અને ધર્મને જાણનાર ભૂતિપ્રજ્ઞ[૩૪] (મંગલ-પ્રજ્ઞા યુક્ત) આપ કોપ નથી કરતા. એટલા માટે અમે બધા મળીને આપના ચરણોમાં શરણ લઈ રહ્યા છીએ.

३४. अच्चेमु ते महाभाग !
न ते किंचि न अच्चिमो ।
भुंजाहि सालिमं कूरं
नाणावंजणसंजुयं ॥

अर्चयामस्ते महाभाग !
न ते किंचिन्नार्चयामः ।
भुङ्क्ष्व शालिमत् कूरं
नानाव्यञ्जनसंयुतम् ॥

૩૪.મહાભાગ ! અમે આપની અર્ચના કરીએ છીએ. આપનું કંઈ પણ એવું નથી કે જેની અમે અર્ચના ન કરીએ. આપ વિવિધ વ્યંજનોથી યુક્ત શાલિ-ચોખામાંથી બનેલ ભોજન લઈને આરોગો.

३५. इमं च मे अत्थि पभूयमन्नं
तं भुंजसु अम्ह अणुग्गहट्ठा ।
बाढं ति पडिच्छइ भत्तपाणं
मासस्स ऊ पारणए महप्पा ॥

इदं च मेऽस्ति प्रभूतमन्नं
तद् भुङ्क्ष्वास्माकमनुग्रहार्थम् ।
बाढमिति प्रतीच्छति भक्तपानं
मासस्य तु पारणके महात्मा ॥

૩૫.મારે ત્યાં પુષ્કળ ભોજન[૩૫] તૈયાર છે. અમને અનુગૃહીત કરવા માટે આપ કંઈક ખાઓ.' મહાત્મા હરિકેશબલે 'હા' કહી અને એક માસની તપસ્યાનું પારણું કરવા માટે ભોજન-પાન ગ્રહણ કર્યું.

३६.तहियं गंधोदयपुप्फवासं
दिव्वा तहिं वसुहारा य वुट्ठा ।
पहयाओ दुंदुहीओ सुरेहिं
आगासे अहो दाणं च घुट्ठं ॥

तस्मिन् गन्धोदकपुष्पवर्षः
दिव्या तस्मिन् वसुधारा च वृष्टा ।
प्रहता दुन्दुभयः सुरैः
आकाशेऽहोदानं च घुष्टम् ॥

૩૬.દેવોએ ત્યાં સુગંધિત જળ, પુષ્પ અને દિવ્ય ધનની વર્ષા કરી. આકાશમાં દુંદુભિ વગાડી અને 'અહોદાન' (આશ્ચર્યકારી દાન)—એવી ઘોષણા કરી.

३७. सक्खं खु दीसइ तवोविसेसो
न दीसइ जाइविसेस कोई ।
सोवागपुत्ते हरिएससाहू
जस्सेरिसा इड्ढि महाणुभागा ॥

साक्षात् खलु दृश्यते तपोविशेषः
न दृश्यते जातिविशेषः कोऽपि ।
श्वपाकपुत्रं हरिकेशसाधुं
यस्येदृशी ऋद्धिर्महानुभागा ॥

૩૭.આ પ્રત્યક્ષ તપનો મહિમા જણાઈ રહ્યો છે, જાતિનો કોઈ મહિમા નથી.[૩૬] જેમની ઋદ્ધિ આવી મહાન (અચિંત્ય શક્તિસંપન્ન) છે તે હરિકેશમુનિ ચાંડાળના પુત્ર છે.

३८. किं माहणा ! जोइसमारभंता
उदएण सोहिं बहिया विमग्गहा ? ।
जं मग्गहा बाहिरियं विसोहिं
न तं सुदिट्ठं कुसला वयंति ॥

किं ब्राह्मणा ! ज्योतिः समारभमाणा !
उदकेन शुद्धिं बाह्यां विमार्गयथ ।
यद् मार्गयथ बाह्यां विशुद्धिं
न तत् सुदृष्टं कुशला वदन्ति ॥

૩૮.(મુનિ—) 'બ્રાહ્મણો ! અગ્નિનો સમારંભ (યજ્ઞ) કરતી વેળાએ તમે બાહ્ય (પાણીથી) શુદ્ધિની માંગણી[૩૭] શું[૩૮] કરી રહ્યા છો ? જે બાહ્ય શુદ્ધિની તમે માંગણી કરી રહ્યા છો તેને કુશળ લોકો[૩૯] સુદષ્ટ (સમ્યગ્દર્શન) નથી કહેતાં.'[૪૦]

३९. कुसं च जूवं तणकट्ठमग्गिं
सायं च पायं उदगं फुसंता ।
पाणाइ भूयाइ विहेडयंता
भुज्जो वि मंदा ! पगरेह पावं ॥

कुशं च यूपं तृणकाष्ठमग्निं
सायं च प्रातरुदकं स्पृशन्तः ।
प्राणान् भूतान् विहेठयन्तः
भूयोऽपि मन्दाः प्रकुरुथ पापम् ॥

૩૯. 'દર્ભ, યૂપ (યજ્ઞ-સ્તંભ), તૃણ, કાષ્ઠ અને અગ્નિનો ઉપયોગ કરતાં-કરતાં, સંધ્યા અને પ્રાતઃકાળે જળનો સ્પર્શ કરતાં-કરતાં, પ્રાણો અને ભૂતોની હિંસા કરતાં-કરતાં, મંદ બુદ્ધિવાળા તમે વારંવાર પાપ કરો છો.'

४०. कहं चरे ? भिक्खु ! वयं जयामो ?
पावाइ कम्माइ पणोल्लयामो ? ।
अक्खाहि णे संजय ! जक्खपूइया !
कहं सुजट्ठं कुसला वयंति ? ॥

कथं चरामो ? भिक्षो ! वयं यजामः ?
पापानि कर्माणि प्रणुदामः ? ।
आख्याहि नः संयत ! यक्षपूजित !
कथं स्विष्टं कुशला वदन्ति ? ॥

૪૦. (સોમદેવ–) 'હે ભિક્ષુ ! અમે કેવું આચરણ કરીએ ? યજ્ઞ કેવી રીતે કરીએ કે જેનાથી પાપકર્મોનો નાશ કરી શકીએ ? યક્ષ-પૂજિત સંયત ! આપ અમને બતાવો– કુશળ પુરુષોએ સુઈષ્ટ (શ્રેષ્ઠ યજ્ઞ)નું વિધાન કેવી રીતે કર્યું છે ?'

४१. छज्जीवकाए असमारभंता
मोसं अदत्तं च असेवमाणा ।
परिग्गहं इत्थिओ माणमायं
एयं परिन्नाय चरंति दंता ॥

षड्जीवकायानसमारभमाणाः
मृषा अदत्तं चासेवमानाः ।
परिग्रहं स्त्रियो मानं मायां
एतत् परिज्ञाय चरन्ति दान्ताः ॥

૪૧. (મુનિ–) 'મન અને ઈન્દ્રિયોનું દમન કરનારા છ જીવનિકાયની હિંસા નથી કરતા; અસત્ય અને ચૌર્યનું સેવન નથી કરતા, પરિગ્રહ, સ્ત્રી, માન અને માયાનો પરિત્યાગ કરી વિચરણ કરે છે.'

४२. सुसंवुडो पंचहिं संवरेहिं
इह जीवियं अणवकंखमाणो ।
वोसट्ठकाओ सुइचत्तदेहो
महाजयं जयई जन्नसिट्ठं ॥

सुसंवृतः पञ्चभिः संवरैः
इह जीवितमनवकांक्षमाणः ।
व्युत्सृष्टकायः शुचित्यक्तदेहः
महायजं यजते यज्ञश्रेष्ठम् ॥

૪૨. 'જે પાંચ સંવરો વડે સુસંવૃત્ત હોય છે, જે અસંયમી જીવનની ઈચ્છા નથી કરતો, જે કાયાનો વ્યુત્સર્ગ કરે છે, જે શુચિ છે અને જે દેહનો ત્યાગ કરે છે[૪૫], તે યજ્ઞોમાં શ્રેષ્ઠ મહાયજ્ઞ[૪૬] કરે છે.'

४३. के ते जोई ? के व ते जोइठाणे ?
का ते सुया ? किं व ते कारिसंगं ? ।
एहा य ते कयरा ? संति ? भिक्खू !
कयरेण होमेण हुणासि जोइं ?

किं ते ज्योतिः ? किं वा ते ज्योतिःस्थानं ?
कास्ते स्रुचः ? किं वा ते करीषाङ्गम् ? ।
एधाश्च ते कतराः ? शांतिः ? भिक्षो !
कतरेण होमेन जुहोषि ज्योतिः ? ॥

૪૩. (સોમદેવ–) 'ભિક્ષુ ! તમારી જ્યોતિ–અગ્નિ કઈ છે ? તમારું જ્યોતિ-સ્થાન (અગ્નિ-સ્થાન) કયું છે ? તમારી ઘી હોમવાની કડછીઓ[૪૭] કઈ છે ? તમારા અગ્નિને સળગાવવાનાં સળેકડાં ક્યાં છે ? તમારાં ઈંધણ અને શાંતિપાઠ ક્યાં છે ? તમે ક્યાં હોમમાંથી જ્યોતિને હુત (પ્રીણિત) કરો છો ?'

४४. तवो जोइ जीवो जोइठाणं
जोगा सुया सरीरं कारिसंगं ।
कम्म एहा संजमजोग संती
होमं हुणामी इसिणं पसत्थं ॥

तपोज्योतिर्जीवो ज्योतिःस्थानं
योगाः स्रुवः शरीरं करीषाङ्गम् ।
कर्मैधाः संयमयोगाः शांतिः
होमं जुहोमि ऋषीणां प्रशस्तम् ॥

૪૪. (મુનિ–) 'તપ જ્યોતિ છે. જીવ જ્યોતિ-સ્થાન છે. યોગ (મન, વચન અને કાયાની સત્પ્રવૃત્તિ) ઘી નાખવાની કડછીઓ છે. શરીર અગ્નિ સળગાવવા માટેનાં સળેકડાં છે. કર્મ ઈંધણ છે. સંયમની પ્રવૃત્તિ શાંતિપાઠ છે. આ રીતે હું ઋષિ-પ્રશસ્ત (અહિંસક) હોમ કરું છું.'

४५. के ते हरए ? के य ते संतितित्थे ?
कहिंसि ण्हाओ व रयं जहासि ? ।
आइक्ख णे संजय ! जक्खपूइया !
इच्छामो नाउं भवओ सगासे ॥

कस्ते ह्रदः ? किंच ते शांतितीर्थं ?
कस्मिन् स्नातो वा रजो जहासि ?
आचक्ष्व नः संयत ! यक्षपूजित !
इच्छामो ज्ञातुं भवतः सकाशे ॥

૪૫. (સોમદેવ–) 'આપનો હ્રદ (ધરો) કયો છે ? આપનું શાંતિતીર્થ[૪૮] કયું છે ? આપ ક્યાં નાહીને કર્મરજ ધુવો છો ? હે યક્ષપૂજિત સંયત ! અમે આપની પાસેથી જાણવા માગીએ છીએ, આપ બતાવો.'

**४६. धम्मे हरए बंभे संतितित्थे**
**अणाविले अत्तपसन्नलेसे ।**
**जहिंसि ण्हाओ विमलो विसुद्धो**
**सुसीइभूओ पजहामि दोसं ॥**

धर्मो ह्रदः ब्रह्म शांतितीर्थं
अनाविल आत्मप्रसन्नलेश्यः ।
यस्मिन् स्नातो विमलो विशुद्धः
सुशीतीभूतः प्रजहामि दोषम् ॥

૪૬.(મુનિ–) 'અકલુષિત અને આત્માનો પ્રસન્ન-લેશ્યાવાળો[૪૯] ધર્મ મારો હ્રદ (ધરો) છે. બ્રહ્મચર્ય મારું શાંતિતીર્થ છે, જ્યાં નાહીને હું વિમળ, વિશુદ્ધ અને સુશીતળ બની કર્મરજ[૫૦]નો ત્યાગ કરું છું.[૫૧]

**४७. एयं सिणाणं कुसलेहि दिट्ठं**
**महासिणाणं इसिणं पसत्थं ।**
**जहिंसि ण्हाया विमला विसुद्धा**
**महारिसी उत्तम ठाण पत्ता ॥**

एतत्स्नानं कुशलैर्दृष्टं
महास्नानमृषीणां प्रशस्तम् ।
यस्मिन् स्नाता विमला विशुद्धाः
महर्षय उत्तमं स्थानं प्राप्ताः ॥

૪૭.આ સ્નાન કુશળ પુરુષો દ્વારા નિર્દેશાયેલું છે. આ મહાસ્નાન[૫૨] છે. આથી ઋષિઓ માટે આ જ પ્રશસ્ત છે. આ ધર્મ-નદમાં નાહેલા મહર્ષિઓ વિમળ અને વિશુદ્ધ બની ઉત્તમ સ્થાન (મુક્તિ)ને પ્રાપ્ત થયા.'

**—त्ति बेमि ।**

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

## ટિપ્પણ

# અધ્યયન ૧૨ : હરિકેશીય

### ૧. ચાંડાળ કુળ (सोवागकुल)

બૃહદ્‌વૃત્તિ અનુસાર 'श्वपाक'નો અર્થ ચાંડાળ છે.[1] ચૂર્ણિકાર અનુસાર જે કુળમાં કૂતરાનું માંસ પકાવવામાં આવે છે, તે 'श्वपाक-कुल' કહેવાય છે.[2] શ્વપાક-કુળની તુલના વાલ્મીકિ રામાયણમાં વર્ણિત મુષ્ટિક લોકો સાથે કરવામાં આવે છે. તેઓ શ્વાનમાંસભક્ષી, શબના વસ્ત્રોનો ઉપયોગ કરનારા, ભયંકર-દર્શન—વિકૃત આકૃતિવાળા અને દુરાચારી હતા.[3]

### ૨. (मुणी)

ચૂર્ણિકાર અનુસાર ધર્મ-અધર્મનું મનન કરનાર મુનિ હોય છે.[4] બૃહદ્‌વૃત્તિકારે સર્વવિરતિની પ્રતિજ્ઞા લેનારને મુનિ કહેલ છે.[5]

### ૩. હરિકેશબલ (हरिएसबलो)

મુનિનું નામ 'બલ' હતું અને 'હરિકેશ' તેમનું ગોત્ર હતું. નામની પહેલાં ગોત્રનો પ્રયોગ થતો, તેથી કરી તેઓ 'હરિકેશબલ' નામે પ્રસિદ્ધ હતા.[6]

### ૪. (पंतोवहिउवगरणं)

આમાં ત્રણ શબ્દો છે—પ્રાન્ત્ય, ઉપધિ અને ઉપકરણ. પ્રાન્ત્યનો અર્થ છે—જીર્ણ અને મલિન. જે વસ્તુ નિમ્ન કક્ષાની હોય છે, તેને પ્રાન્ત્ય અથવા પ્રાન્ત કહેવામાં આવે છે. અહીં તે ઉપધિ અને ઉપકરણ સંબંધે વપરાયેલ છે.[7] ઉપધિનો અર્થ છે—સાધુએ રાખવાયોગ્ય વસ્ત્રો વગેરે. તે ધાર્મિક શરીરનો ઉપકાર કરે છે, એટલા માટે તેમને ઉપકરણ કહેવામાં આવે છે.[8]

### ૫. અનાર્ય (अणारिया)

અનાર્ય શબ્દ મૂળ તો જાતિવાચક હતો. પરંતુ અર્થ-પરિવર્તન થતાં-થતાં તે આચરણવાચી બની ગયો. ઉત્તમ આચરણ કરનાર આર્ય અને અધમ આચરણ કરનાર અનાર્ય તરીકે ઓળખાવા લાગ્યા. બ્રાહ્મણોને અહીં આચરણની દૃષ્ટિએ અનાર્ય કહ્યા છે.[9]

### ૬. બીભત્સ રૂપવાળો (दित्तरूवे)

'दित्तरूवे'—આનાં સંસ્કૃત રૂપ બે થાય છે—'दीप्तरूप' અને 'दृप्तरूप'. 'दीप्त'ના અનેક અર્થ છે—ભાસ્વર, તેજસ્વી, કાંતિયુક્ત

---

૧. बृहद्‌वृत्ति, पत्र ३५७ : श्वपाकाः—चाण्डालाः ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २०३ : शयति श्वसिति वा श्वा श्वेन पचतीति श्वपाकः ।

૩. वाल्मीकि रामायण, १।५९।१९, २० ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. २०३ : मनुते मन्यते वा धर्म्माऽधर्म्मानिति मुनिः ।

૫. बृहद्‌वृत्ति, पत्र ३५७ : मुणति—प्रतिजानीते सर्व्वविरतिमिति मुणिः ।

૬. એજન, पत्र ३५७ : हरिकेशः सर्वत्र हरिकेशतयैव प्रतीतो बलो नाम—बलाभिधानः ।

૭. એજન, पत्र ३५८ : प्रान्तं—जीर्णमलिनत्वादिभिरसारम् ।

૮. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २०४ : उपदधाति तीर्थं उपधिः, उपकरोतीत्युपकरणम् ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र ३५८ : उपधिः—वर्षाकल्पादिः स एव उपकरणं—धर्मशरीरोपष्टम्भहेतुरस्येति ।

૯. बृहद्‌वृत्ति, पत्र ३५८ ।

વગેરે. 'दृप्त'ના અર્થ છે—ગર્વયુક્ત, બીભત્સ, ડરામણું વગેરે. પ્રસ્તુત પ્રસંગમાં આ શબ્દ 'दृप्तरूप' 'બીભત્સ રૂપવાળું'ના અર્થમાં પ્રયોજાયેલ છે.

ચૂર્ણિકારે 'दीप्तरूप'ના બે અર્થ કર્યા છે—'अदीप्तरूप' અથવા પિશાચની માફક વિકૃત 'दीप्तरूप'.[1] વૃત્તિકારે 'दीप्त' શબ્દને બીભત્સતાવાચક માન્યો છે. જે રીતે અત્યંત બળતરા કરનાર ફોલ્લીઓ માટે 'શીતળ' (શીતળાનો રોગ) શબ્દનો વ્યવહાર થાય છે, તે જ રીતે વિકૃત દુર્દર્શ રૂપવાળા માટે 'दीप्तरूप'નો પ્રયોગ થયો છે.[2]

**૭. મોટા નાકવાળો (फोक्कनासे)**

'फोक्क' દેશ્ય શબ્દ છે. તેનો અર્થ છે—આગળથી મોટું અને ફૂલેલું.[3] હરિકેશબલનું નાક આવું જ હતું.

**૮. અર્ધનગ્ન (ओमचेलए)**

'ओमचेल'નો અર્થ 'अचेल'(વસ્ત્રહીન) પણ થઈ શકે છે, પરંતુ અહીં તેનો અર્થ—અલ્પ કે જીર્ણ વસ્ત્રવાળો છે.[4]

**૯. પાંશુ-પિશાચ (ચુડેલ) જેવો (पंसुपिसायभूए)**

લૌકિક માન્યતા અનુસાર પિશાચનાં દાઢી, નખ અને રૂંવાડાં લાંબા હોય છે અને તે ધૂળથી ખરડાયેલા હોય છે. મુનિ પણ શરીરની સારસંભાળ ન રાખવાથી અને ધૂળથી ખરડાયેલા હોવાને કારણે પિશાચ જેવા લાગતા હતા.[5] પાંશુ-પિશાચનો અર્થ ચુડેલ પણ છે.

**૧૦. (संकरदूसं परिहरिय)**

આનો અર્થ છે—ગળામાં 'संकर-दूष्य' (ઉકરડામાંથી ઉપાડેલ ચીંથરું) લપેટેલ. 'संकर'નો અર્થ છે—ઘાસ, ધૂળ, રાખ, છાણ વગેરે કૂડા-કચરાનો ઢગલો, ઉકરડો. તેમાં તે જ વસ્ત્રો ફેંકી દેવામાં આવે છે જે અત્યંત નિકૃષ્ટ અને અનુપયોગી હોય. મુનિનાં વસ્ત્રો પણ એવાં જ હતાં અથવા તેઓ ફેંકી દેવા જેવાં વસ્ત્રોને પણ ગ્રહણ કરતા હતા, એટલા માટે તેમના દૂષ્ય (વસ્ત્ર)ને 'संकर-दुष्य' કહેવામાં આવ્યાં છે.[6]

મુનિ અભિગ્રહધારી હતા. જે અભિગ્રહધારી હોય છે તેઓ જ્યાં જાય છે ત્યાં પોતાનાં વસ્ત્રોને સાથે જ રાખે છે, ક્યાંય પણ છોડીને નથી જતા. એટલા માટે તેમનાં વસ્ત્રો પણ તેમની સાથે જ હતાં.[7]

વસ્ત્રો મુનિના ખભા પર રાખેલાં હતાં. ખભો કંઠનો નજીકનો અવયવ છે. એટલા માટે તેને કંઠ જ માનીને અહીં કંઠ શબ્દનો પ્રયોગ થયો છે.[8]

'परिहर'—આ પહેરવાના અર્થમાં વપરાતો આગમિક ધાતુ છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २०४ : दित्तरूवे त्ति, दीप्तरूपं प्रकारवचनं, अदीप्तरूप इत्यर्थः, अथवा विकृतेन दीप्तरूपो भवति पिशाचवत् ।

२. बृहद्वृत्ति, पत्र ३५८ : दीप्तवचनं त्वतिबीभत्सोपलक्षकम् । अत्यन्तदाहिषु स्फोटकेषु शीतलकव्यपदेशवत्, विकृततया वा दुर्दर्शमिति दीप्तमिव दीप्तमुच्यते ।

३. बृहद्वृत्ति, पत्र ३५८ : फोक्क त्ति देशीपदं, ततश्च फोक्का—अग्रे स्थूलोन्नता ।

४. उत्तराध्ययन चूर्णि, पृ. २०४ : ओमं नाम स्तोकं, अचेलओ वि ओमचेलओ भवति, अयं ओमचेलगो असर्वांगप्रावृतः जीर्णवासो वा ।

५. बृहद्वृत्ति, पत्र ३५९ : पांशुना—रजसा पिशाचवद् भूतो—जातः पांशुपिशाचभूतः, गमकत्वात्समासः, पिशाचो हि लौकिकानां दीर्घश्मश्रुनखरोमा पुनश्च पांशुभिः समविध्वस्त इष्टः, ततः सोऽपि निष्परिकर्मतया रजोदिग्धदेहतया चैवमुच्यते ।

६. એજન, पत्र ३५९ : 'संकरे' ति सङ्करः, स चेह प्रस्तावात्तृण-भस्मगोमयाङ्गारादिमीलक उवकुरुडिकेति यावत्, तत्र दुष्यं—वस्त्रं संकरदुष्यं, तत्र हि यदत्यन्तनिकृष्टं निरुपयोगि तल्लोकैरुत्सृज्यते, ततस्तत्प्रायमन्यदपि तथोक्तं, यद्वा उज्झितधर्म्मकमेवासौ गृह्णातीत्येवमभिधानम् ।

७. उत्तराध्ययन चूर्णि, पृ. २०४ : स भगवान् अनिक्षिप्तोपकरणत्वात् यत्र यत्र गच्छति तत्र तत्र तं पंतोवकरणं कंठे ओलंबेत्तुं गच्छइ ।

८. बृहद्वृत्ति, पत्र ३५९ : अत्र कण्ठैकपार्श्वः कण्ठशब्दः ।

**૧૧. (खलाहि)**

આ દેશ્ય શબ્દ છે. ચૂર્ણિકારે તેના બે અર્થ કર્યા છે[1]—

૧. 'ચાલ્યો જા'—એવું તિરસ્કારયુક્ત ગમનનું નિર્દેશવચન.

૨. આ સ્થાનેથી હટી જા.

વૃત્તિકારે માત્ર બીજો અર્થ જ સ્વીકાર્યો છે.[2] તેનું તાત્પર્ય છે—અમારી આંખો સામેથી દૂર થા.

**૧૨. અનુકંપા કરનાર (अणुकंपओ)**

અનુકંપાનો અર્થ છે—અનુરૂપ અથવા અનુકૂળ ક્રિયાની પ્રવૃત્તિ. યક્ષ મુનિ પ્રત્યે આકૃષ્ટ હતો, તેમને અનુકૂળ વર્તન કરતો હતો, એટલા માટે તેને 'અનુકંપક' કહેવામાં આવ્યો છે.[3]

**૧૩. તિંદુક (અબનૂસ) વૃક્ષનો વાસી (तिंदुयरुक्खवासी)**

બ્રાહ્મણોએ મુનિનો તિરસ્કાર કર્યો પરંતુ તેઓ કંઈ પણ બોલ્યા નહિ, શાંત રહ્યા. તે સમયે મુનિના તપથી આકર્ષાઈને તેમનું અનુગમન કરનાર, અબનૂસ વૃક્ષ પર રહેનાર યક્ષે જે ચેષ્ટાઓ કરી તે આ શ્લોકમાં બતાવવામાં આવી છે.[4] મુનિ જ્યાં-જ્યાં જતા ત્યાં-ત્યાં તે યક્ષ અદૃશ્યરૂપે સદા તેમની સાથે રહેતો.[5]

ચૂર્ણિકાર અનુસાર અબનૂસનું એક વન હતું. તેની વચમાં એક મોટું અબનૂસનું વૃક્ષ હતું. તેના પર તે યક્ષ નિવાસ કરતો હતો. તેની નીચે ચૈત્ય હતું. મુનિ તેમાં ધ્યાન કરતા હતા.[6]

**૧૪. (समणो संजओ बंभयारी)**

હું શ્રમણ છું, સંયમી છું, બ્રહ્મચારી છું. શ્રમણ તે જ હોય છે જે સંયત હોય છે. સંયત તે જ હોય છે જે બ્રહ્મચારી હોય છે.[7] આ રીતે આમાં હેતુ-હેતુમદ્ભાવ સંબંધ છે.

**૧૫. ધન કે પચન-પાચન અને પરિગ્રહથી (धणपयणपरिग्गहाओ)**

ગાય વગેરે ચોપગાં પ્રાણીઓને ધન કહેવામાં આવે છે.[8] રાજસ્થાનમાં અત્યારે પણ આ શબ્દ આ અર્થમાં પ્રચલિત છે. ચૂર્ણિકારે પરિગ્રહનો અર્થ સુવર્ણ વગેરે કર્યો છે.[9] શાન્ત્યાચાર્ય અનુસાર આનો અર્થ દ્રવ્ય વગેરેમાં થનારી મૂર્ચ્છા—મમત્વ છે.[10]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २०४ : "खलाहि—स्खल इति परिभवगमननिर्देशः, तद् यथा—खलयस्सा उच्छज्जा अथवा अवसर अस्मात् स्थानात्।

૨. बृहद्वृत्ति, पत्र ३५९ : खलाहि त्ति देशीपदमपसरेत्यर्थे वर्त्तते, ततोऽयमर्थः—अस्मद् दृष्टिपथादपसर।

૩. (ક) बृहद्वृत्ति, पत्र ३५९ : 'अणुकंपउ' त्ति अनुशब्दोऽनुरूपार्थे ततश्चानुरूपं कम्पते—चेष्टत इत्यनुकम्पकः—अनुरूपक्रियाप्रवृत्तिः।
(ખ) सुखबोधा, पत्र १७६ : 'अनुकम्पकः'—अनुकूलक्रियाप्रवृत्तिः।

૪. बृहद्वृत्ति पत्र ३५९ : एवमधिक्षिप्तेऽपि तस्मिन मुनौ प्रशमपरतया किञ्चिदप्यजल्पति तत्सान्निध्यकारी गण्डीतिन्दुकयक्षो यदचेष्टत तदाह।

૫. उत्तराध्ययन चूर्णि, पृ.२०४ : स च भगवान् यत्र यत्र गच्छति तत्र तत्रांतर्हितो भूत्वा स यक्षः तेन्दुकवृक्षवासी तमनुगच्छति।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. २०४-२०५ : तस्स तिंदुगठाणस्स मज्झे महंतो तिंदुगरुक्खो, तहिं सो भवति वसति, तस्सेव हिट्ठा चेइयं, जत्थ सो साहू ठितो, सव्वतेण उट्ठितो।

૭. उत्तराध्ययन चूर्णि, पृ. २०५ : कः श्रमणः ?, यः संयतः। कः संयतः ?, यो ब्रह्मचारी।

૮. बृहद्वृत्ति, पत्र ३६० : धनं चतुष्पदादि।

૯. उत्तराध्ययन चूर्णि, पृ. २०५ : परिग्रहो—हिरण्णादि।

૧૦. बृहद्वृत्ति, पत्र ३६० : परिग्रहो द्रव्यादिषु मूर्च्छा।

**૧૬. ખવાઈ રહ્યું છે અને ભોગવાઈ રહ્યું છે (खज्जइ भुज्जई)**

અહીં 'खाद्' અને 'भुज्' બે ધાતુઓનો પ્રયોગ થયો છે. સામાન્યપણે આ બંનેનો પ્રયોગ 'ખાવું'ના અર્થમાં થાય છે, પરંતુ તેમાં અર્થભેદ પણ છે. ચૂર્ણિ અનુસાર ખાદ્ય ખવાય છે અને ભોજ્ય ભોગવાય છે.[1]

બૃહદ્વૃત્તિ અનુસાર 'ખાજા' વગેરે તળેલા પદાર્થો ખાદ્ય છે અને દાળ-ભાત વગેરે પદાર્થો ભોજ્ય કહેવાય છે.[2]

**૧૭. ભિક્ષા-જીવી છું (जायणजीविणु)**

આનું સંસ્કૃત રૂપ 'याचनजीवनम्' અથવા 'याचनजीविनम्' બને છે. જ્યાં 'याचनजीवनम्' માનવામાં આવે ત્યાં પ્રાકૃતમાં જે 'इ'કાર છે, તે અલાક્ષણિક માનવો. તેનો અર્થ છે—યાચના વડે જીવન ચલાવનાર. તેનું વૈકલ્પિક રૂપ 'याचनजीविनम्' છે. તેના પ્રાકૃત રૂપમાં દ્વિતીયા વિભક્તિના અર્થમાં ષષ્ઠી વિભક્તિ છે. 'याचन-जीवी' અર્થાત્ યાચના વડે જીવનયાપન કરવાના સ્વભાવવાળો. 'जायणजीविण'નું પાઠાંતર છે 'जायण-जीवण'. તેમાં પ્રથમા વિભક્તિ છે.[3]

**૧૮. કંઈક વધેલું ભોજન (सेसावसेसं)**

ચૂર્ણિ અનુસાર આનો અર્થ છે—ખાઈ લીધા પછી બચેલું ભોજન.[4] વૃત્તિમાં આનો અર્થ છે—ઉપયોગમાં લઈ લીધા પછી બાકી બચેલું અર્થાત્ અંત-પ્રાંત (છાંડેલું) ભોજન. અંત-પ્રાંતનો એક અર્થ હલકું ભોજન પણ થાય છે.[5]

**૧૯. એક-પાક્ષિક (एगपक्खं)**

યજ્ઞનું ભોજન માત્ર બ્રાહ્મણોને આપી શકાય છે. તે બ્રાહ્મણેતર જાતિઓને આપી શકાતું નથી, શૂદ્રોને તો આપી શકાય જ નહિ. આ માન્યતાના આધારે તેને 'એક-પાક્ષિક' કહેવામાં આવેલ છે.[6]

ચૂર્ણિકારે અહીં એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કરી શૂદ્રો પ્રત્યે કરવામાં આવતા વ્યવહારનો નિર્દેશ કર્યો છે[7]—

'न शूद्राय बलिं दद्यात्, नोच्छिष्टं न हविःकृतम् ।
न चास्योपदिशेद् धर्मं, न चास्य व्रतमादिशेत् ॥'

શૂદ્ર વ્યક્તિને ન બલિનું ભોજન આપવામાં આવે, ન ઉચ્છિષ્ટ ભોજન અને ન તો આહુતિકૃત ભોજન પણ અપાય. તેને ધર્મનો ઉપદેશ પણ ન આપવો જોઈએ અને વ્રત પણ નહિ આપવું જોઈએ.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २०५ :
खाइमं खज्जति वा भोज्जं भुंजति ।

२. बृहद्वृत्ति, पत्र ३६० :
खाद्यते खण्डखाद्यादि, भुज्यते च भक्तसूपादि ।

३. बृहद्वृत्ति, पत्र ३६० : 'जायणजीविणो' त्ति याचनेन जीवनं—प्राणधारणमस्येति याचनजीवनं, आर्षत्वादिकारः, पठ्यते च—'जायणजीवणो' त्ति, इतिशब्दः स्वरूपपरामर्शकः, तत एवं स्वरूपं, यतश्चैवमतो मह्यमपि ददध्वमिति भावः, कदाचिदुत्कृष्टमेवासौ याचत इति तेषामाशयः स्यादत आह, अथवा जानीत मां याचनजीविनं—याचनेन जीवनशीलं, द्वितीयार्थे षष्ठी, पाठान्तरे तु प्रथमा ।

४. उत्तराध्ययन चूर्णि, पृ. २०५ : सेसावसेसं—यदत्र भुक्तशेषं ।

५. बृहद्वृत्ति, पत्र ३६० : शेषावशेषम्—उद्धरितस्याप्युद्धरितम्, अन्तप्रांतमित्यर्थः ।

६. (क) उत्तराध्ययन चूर्णि, पृ. २०५ : एगपक्खं नाम नाब्राह्मणेभ्यो दीयते ।
(ख) बृहद्वृत्ति, पत्र ३६० : एकः पक्षो—ब्राह्मणलक्षणो यस्य तदेकपक्षं, किमुक्तं भवति ?—यदस्मिन्नुपस्क्रियते न तद् ब्राह्मणव्यतिरिक्तायान्यस्मै दीयते विशेषतस्तु शूद्राय ।

७. उत्तराध्ययन चूर्णि, पृ. २०५ ।

## ૨૦. પાન (पाणं)

આ શબ્દ સામાન્ય પાણીના અર્થમાં વપરાયો નથી. તેનો અર્થ છે—દ્રાક્ષાપાન વગેરે પાનક (પીણું). સોળમા શ્લોકમાં પ્રયુક્ત 'पान'નો અર્થ છે—કાંજી વગેરે.

જુઓ—દશવૈકાલિક ૫।૧।૪૭ નું ટિપ્પણ.

## ૨૧. આશાથી (आससाए)

જો અધિક વરસાદ થશે તો ઊંચી ભૂમિમાં સારી ઉપજ થશે અને ઓછો વરસાદ થશે તો નીચી ભૂમિમાં સારી ઉપજ થશે—આવી આશાથી ખેડૂત ઊંચી અને નીચી ભૂમિમાં બીજ વાવે છે.[1]

## ૨૨. જાતિ અને વિદ્યાથી યુક્ત (जाइविज्जोववेया)

ચૂર્ણિકારે 'विज्जा'નો અર્થ વેદ કર્યો છે. તેનો મત છે કે અહીં છંદરચનાની દૃષ્ટિએ વેદના સ્થાને 'विज्जा'નો પ્રયોગ કરવામાં આવ્યો છે.[2]

## ૨૩. પુણ્ય-ક્ષેત્ર છે (सुपेसलाइं)

સુપેશલનો અર્થ શ્રેષ્ઠ અથવા પ્રીતિકર કરવામાં આવ્યો છે.[3] પરંતુ આ 'सुपावयाइं' (શ્લોક ૧૪)નું પ્રતિપક્ષી છે, એટલા માટે અમે તેનો અનુવાદ 'પુણ્ય' કર્યો છે.

યજ્ઞવાટના બ્રાહ્મણોએ મુનિ હરિકેશને કહ્યું—બ્રાહ્મણ જ શ્રેષ્ઠ ક્ષેત્ર છે. તું શૂદ્ર જાતિનો છે, એટલા માટે વેદ વગેરે ચૌદ વિદ્યાઓથી બહિષ્કૃત છે. તું દાનપાત્ર બની શકે નહિ. કહ્યું છે કે[4]—

'सममब्राह्मणे दानं, द्विगुणं ब्रह्मबन्धुषु ।
सहस्त्रगुणमाचार्ये, अनन्तं वेदपारगे ।।'

—અબ્રાહ્મણને આપવામાં આવેલ દાન સમફળવાળું, બ્રાહ્મણને આપવામાં આવેલું દાન બેગણા ફળવાળું, આચાર્યને આપવામાં આવેલું દાન હજારગણા ફળવાળું અને વેદના પારગામી વિદ્વાનને આપવામાં આવેલું દાન અનંતગણા ફળવાળું હોય છે.

બૃહદ્‌વૃત્તિમાં આ જ શ્લોક થોડાક પાઠભેદ સાથે મળે છે.[5]

## ૨૪. ઉચ્ચ અને નીચ ઘરોમાં (उच्चावयाइं)

'उच्चावयाइं'નાં સંસ્કૃત રૂપો બે બની શકે છે—'उच्चावचानि' અને 'उच्चव्रतानि'. 'उच्चावच'નો અર્થ—ઊંચ-નીચ ઘર

---

૧. बृहद्‌वृत्ति, पत्र ३६१ : 'आससाए' त्ति आशंसया—यद्यत्यन्तप्रवर्षणं भावि तदा स्थलेषु फलावाप्तिरथान्यथा तदा निम्नेष्वित्येवमभिलाषात्मिकया ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २०६ : जननं जायते वा जातिः, वेद्यतेऽनेनेति वेदः, वेदउपवेत्ता, बन्धानुलोम्यात् विज्जोववेया ।

૩. (क) उत्तराध्ययन चूर्णि, पृ. २०६ : सुपेसलाणि....शोभनं प्रीतिकरं वा ।
(ख) बृहद्‌वृत्ति, पत्र ३६० ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. २०६ ।

૫. बृहद्‌वृत्ति, पत्र ३६१ :
सममश्रोत्रिये दानं, द्विगुणं ब्राह्मणबुवे ।
सहस्त्रगुणमाचार्ये अनन्तं वेदपारगे ॥

અથવા વિવિધ પ્રકારનાં તપ. ઉચ્ચ વ્રત અર્થાત્ બીજા વ્રતોની અપેક્ષાએ મહાન વ્રત—મહાવ્રત.[1] મુનિ ઊંચ-નીચ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરે છે અથવા વિવિધ પ્રકારના તપો અને મહાવ્રતોનું પાલન કરે છે.

## ૨૫. આજ (अज्ज)

આનાં સંસ્કૃત રૂપ બે બને છે અને અર્થ પણ બે થાય છે[2]—

अज्ज—अद्य—આજ.

अज्ज—आर्य—આર્ય પુરુષ.

## ૨૬. ક્ષત્રિય (खत्ता)

खत्ता શબ્દનાં સંસ્કૃત રૂપ બે થઈ શકે છે—'क्षत्राः' અને 'क्षत्ताः'. આ બંનેના બે અર્થ થાય છે. 'क्षत्र'નો અર્થ છે—ક્ષત્રિય અને 'क्षत्ता'નો અર્થ છે—વર્ણસંકર.[3]

## ૨૭. (उवजोइया)

उपज्योतिष्कનો અર્થ છે—અગ્નિની પાસે રહેનાર રસોઈયો અથવા યજ્ઞ કરનાર.[4]

## ૨૮. છાત્ર (खंडिएहिं)

આ દેશી શબ્દ છે. આના ત્રણ અર્થો છે—છાત્ર, સ્તુતિપાઠક અને અનિષેધ્ય. અહીં પ્રથમ બે અર્થો પ્રાસંગિક છે. ચૂર્ણિમાં 'चट्टा—छात्रा' એવો વાક્યાંશ મળે છે.[5] વૃત્તિમાં 'ખંડિક'નો અર્થ છાત્ર કરવામાં આવ્યો છે.[6]

## ૨૯. (दंडेण फलेण)

બૃહદ્‌વૃત્તિમાં 'दण्ड'નો મુખ્ય અર્થ 'વાંસની લાકડી વગેરે જેવી મારવાની વસ્તુ' અને વિકલ્પે તેનો અર્થ 'કોણીનો પ્રહાર' કરવામાં આવ્યો છે.[7] ચૂર્ણિમાં તેનો અર્થ 'કોણીનો પ્રહાર' કરવામાં આવ્યો છે.[8]

ચૂર્ણિમાં 'फल'નો અર્થ 'એડીનો પ્રહાર' કરવામાં આવ્યો છે.[9] બૃહદ્‌વૃત્તિમાં 'फल'નો મૂળ અર્થ 'બીલાં વગેરે ફળ' કરવામાં આવ્યો છે અને તેનો વૈકલ્પિક અર્થ—મુઠ્ઠીનો પ્રહાર—માન્યો છે.[10] સમવાયાંગની વૃત્તિમાં આનો અર્થ—યોગભાવિત

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २०६ : उच्चावचं नाम नानाप्रकारं, नानाविधानि तपांसि, अहवा उच्चावययानि शोभनशीलानि ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३६२-३६३ : उच्चावयाइं त्ति उच्चावयानि — उत्तमाधमानि मुनयश्चरन्ति — भिक्षानिमित्तं पर्यटन्ति गृहाणि, ....यदिवोच्चावचानि—विकृष्टाविकृष्टतया नानाविधानि, तपांसीति गम्यते, उच्चव्रतानि वा शेषव्रतापेक्षया महाव्रतानि ।

૨. बृहद्वृत्ति, पत्र ३६३ : अज्ज त्ति अद्य ये यज्ञास्तेषामिदानीमारब्धयज्ञानां, यद् वा 'अज्ज' त्ति हे आर्या ! ।

૩. बृहद्वृत्ति, पत्र ३६३ : 'क्षत्राः' क्षत्रियजातयो वर्णसंकरोत्पन्ना वा ।

૪. बृहद्वृत्ति, पत्र ३६३-३६४ : 'उवजोइय' त्ति ज्योतिषः समीपे ये त उपज्योतिषस्त एवोपज्योतिष्काः—अग्निसमीपवर्त्तिनो महानसिका ऋत्विजो वा ।

૫. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २०७ ।

૬. बृहद्वृत्ति, पत्र ३६४ ।

૭. એજન, पत्र ३६४ : 'दण्डेन' वंशयष्ट्यादिना....यद्वा 'दण्डेने' ति कूर्प्पराभिघातेन ।

૮. उत्तराध्ययन चूर्णि, पत्र २०७ : दण्ड्यतेऽनेनेति दण्डः कोप्पराभिघातः ।

૯. उत्तराध्ययन चूर्णि, पृ. २०७ : फलं तु पार्ष्णीघातः ।

૧૦. बृहद्वृत्ति, पत्र ३६४ : 'फलेन' बिल्वादिना...यद् वा मुष्टिप्रहारेण वृद्धाः ।

માતુલિંગ વગેરે ફળ—મળે છે.[1] હિંદી કોશમાં ફલનો અર્થ—તલવાર વગેરેની ધાર પણ મળે છે. બૃહદ્‌વૃત્તિકારનો અર્થ અપ્રાસંગિક નથી.

### ૩૦. (महाजसो महाणुभागो घोरव्वओ घोरपरक्कमो)

પ્રસ્તુત શ્લોકનાં પ્રથમ બે ચરણોમાં આ ચાર વિશેષ શબ્દો વપરાયા છે. તેમનો અર્થ-બોધ આ પ્રમાણે છે—

**महाजसो**—જેનો યશ ત્રિભુવનમાં વિખ્યાત છે, તે 'મહાયશ' કહેવાય છે.[2]

**महाणुभागो**—ભાગનો અર્થ છે 'અચિંત્ય શક્તિ'. જેને મહાન અચિંત્ય શક્તિ પ્રાપ્ત હોય તેને 'મહાભાગ' (મહાપ્રભાવશાળી) કહેવામાં આવે છે.[3] ચૂર્ણિકાર અનુસાર આ પાઠ 'महाणुभावो' છે અને તેનો અર્થ છે—અનુગ્રહ અને નિગ્રહ કરવા માટે સમર્થ.[4]

**घोरव्वओ**—જેણે અત્યંત દુર્ધર મહાવ્રતો ધારણ કરેલ છે, તેને 'ઘોરવ્રત' કહેવામાં આવે છે.[5]

**घोरपरक्कमो**—જેનામાં કષાય વગેરેને જીતવા માટેનું પ્રચુર સામર્થ્ય હોય તેને 'ઘોર-પરાક્રમ' કહેવામાં આવે છે.[6] જુઓ—૧૪।૫૦નું 'घोरपरक्कमा'નું ટિપ્પણ.

### ૩૧. વૈયાપૃત્ય (પરિચર્યા) (वेयावडिय)

જેમાં કર્મનું વિદારણ થાય છે તેને 'वेदावडित' કહેવામાં આવે છે, આ ચૂર્ણિએ આપેલી વ્યુત્પત્તિ છે.[7]

શાન્ત્યાચાર્યે તેનું સંસ્કૃત રૂપ 'वैयावृत्त्य' કર્યું છે. અહીં અને ૩૨મા શ્લોકમાં 'वैयावृत्त्य'નો પ્રયોગ પ્રત્યનીક-નિવારણ (વિરોધીથી રક્ષણ)ના અર્થમાં થયો છે.[8] 'वैयापृत्त्य' અને 'वैयावृत्त्य'ની વિશેષ જાણકારી માટે જુઓ—દશવૈકાલિક ૩।૬નું ટિપ્પણ.

### ૩૨. આશીવિષ-લબ્ધિથી સંપન્ન છે (आसीविसो)

આશીવિષ-લબ્ધિ એક યોગ-જન્ય વિભૂતિ છે. તેના દ્વારા વ્યક્તિ અનુગ્રહ અને નિગ્રહ કરવા માટે સમર્થ બની જાય છે. તેનો બીજો અર્થ છે—આ મુનિ આશીવિષ સર્પ જેવા છે. જે સર્પની અવહેલના કરે છે તે મૃત્યુ પ્રાપ્ત કરે છે, તે જ રીતે મુનિની અવહેલના કરનારને પણ મરવું પડે છે.[9]

---

१. समवायांग ३०, वृत्ति पृ. ५० : फलेन—योगभावितेन मातुलिङ्गादिना ।

२. विशेषावश्यक भाष्य, १०६४ : तिहुयणविक्खायजसो महाजसो ।

३. (ક) विशेषावश्यक भाष्य, १०६३ : भागो चिंतासत्ती, स महाभागो महप्पभावो ति ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३६५ : महानुभागः—अतिशयाचिन्त्यशक्तिः ।

४. उत्तराध्ययन चूर्णि, पृ. २०८ : अणुभाव णाम शापानुग्रहसामर्थ्यम् ।

५. बृहद्वृत्ति, पत्र ३६५ : 'घोरव्रतो' धृतात्यन्तदुर्द्धरमहाव्रतः ।

६. એજન, पत्र ३६५ : 'घोरपराक्रमश्च' कषायादिजयं प्रति रौद्रसामर्थ्यः ।

७. उत्तराध्ययन चूर्णि, पृ. २०८ : विदारयति वेदारयति वा कर्म्म वेदावडिता ।

८. (ક) बृहद्वृत्ति, पत्र ३६५ : 'वेयावडियट्ठयाए' त्ति सूत्रत्वाद्वैयावृत्त्यार्थमेतत् प्रत्यनीकनिवारणलक्षणे प्रयोजने व्यावृत्ता भवाम इत्येवमर्थम् ।
(ખ) એજન, पत्र ३६८ : वैयावृत्त्यं—प्रत्यनीकप्रतिघातरूपम् ।

९. बृहद्वृत्ति, पत्र ३६६ : आस्यो—दंष्ट्रास्तासु विषमस्येत्यासीविषः—आसीविषलब्धिमान्, शापानुग्रहसमर्थ इत्यर्थः, यद्वा आसीविष इव आसीविषः, यथाहि तमत्यन्तमवजानानो मृत्युमेवाप्नोति, एवमेनमपि मुनिमवमन्यमानानामवश्यं भावि मरणमित्याशयः ।

તત્ત્વાર્થવાર્તિક અનુસાર 'आस्याविष' અને 'आस्यविष' એ બંને જુદી-જુદી લબ્ધિઓ છે. ઉગ્ર વિષથી મિશ્રિત આહાર જેના મોંમા જઈને નિર્વિષ બની જાય છે અથવા જેમના મોઢામાંથી નીકળેલાં વચનો સાંભળવામાત્રથી મહાવિષ વ્યાપ્ત વ્યક્તિ નિર્વિષ બની જાય છે, તેઓ 'आस्याविष' છે.[1] જે પ્રકૃષ્ટ તપસ્વી યતિના 'મરી જાવ' એવા શાપથી વ્યક્તિ તરત મરી જાય છે, તેઓ 'आस्यविष' છે.[2]

आशीનો એક અર્થ ઈચ્છા પણ થઈ શકે છે. જેની ઈચ્છા વિષ બની જાય છે તેને આશીવિષ કહેવામાં આવે છે. એવું જોવામાં આવ્યું છે કે કોઈ-કોઈ મનુષ્યની ઈચ્છા (ફિટકાર)થી મકાન પડી જાય છે.

### ૩૩. ઉગ્ર તપસ્વી છે (उग्गतवो)

જે એક, બે, ત્રણ, ચાર, પાંચ પખવાડિયા અથવા માસ વગેરેના ઉપવાસ-યોગમાંથી કોઈ એક ઉપવાસ-યોગનો આરંભ કરી જીવનપર્યંત તેનો નિર્વાહ કરે છે, તેને 'ઉગ્ર તપસ્વી' કહેવામાં આવે છે.[3]

### ૩૪. (लोगं पि एसो....)

મુનિ કુપિત થાય તો સમગ્ર વિશ્વને ભસ્મ કરી શકે છે. વાચકનું મંતવ્ય છે—'कल्पान्तोग्रानलवत् प्रज्वलनं तेजसैकतस्तेषाम्'—જેવી રીતે પ્રલયકાળનો ઉગ્ર અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેવી જ રીતે આ તપસ્વી મુનિઓ પોતાની તૈજસ શક્તિથી યુક્ત હોય છે.

એક લૌકિક ઉક્તિ પણ પ્રચલિત છે—

'न तद् दूरं यदश्वेषु, यच्चाग्नौ यच्च मारुते ।
विषे च रुधिरप्राप्ते, साधौ च कृतनिश्चये ॥'

—અશ્વ, અગ્નિ અને પવન માટે કંઈ પણ દૂર નથી હોતું. જે વિષ લોહીમાં ભળી જાય છે, તેના માટે મારવું સરળ બની જાય છે. તેવી જ રીતે સંકલ્પવાન મુનિ માટે કંઈ પણ અલભ્ય નથી હોતું.[4]

### ૩૫. નિષ્ક્રિય (अकम्मचेट्ठे)

બૃહદ્‌વૃત્તિમાં આના બે અર્થ મળે છે—

(૧) જેમના કાર્યની હેતુભૂત ચેષ્ટાઓ અટકી ગઈ હોય.

(૨) જેમની યજ્ઞના અગ્નિમાં ઈંધણ વગેરે નાખવાની પ્રવૃત્તિ બંધ થઈ ગઈ હોય.[5]

---

૧. तत्त्वार्थ राजवार्तिक, पृ. २०३ : उग्रविषसंपृक्तोऽप्याहारो येषामास्यगतो निर्विषीभवति यदीयास्यनिर्गतवचः श्रवणाद्वा महाविषपरीता अपि निर्विषीभवन्ति ते आस्याविषाः ।

૨. એજન, પૃ. २०३-४ : प्रकृष्टतपोबला यतयो यं ब्रुवते म्रियस्वेति स तत्क्षण एव महाविषपरीतो म्रियते, ते आस्यविषाः ।

૩. એજન, પૃ. २०३ : तपोऽतिशयर्द्धिः सप्तविद्या-उग्र-दीप्त-तप्त-महा-घोर-तपो-वीरपराक्रम-घोरब्रह्मचर्यभेदात् : चतुर्थ-षष्ठाष्टमदशमद्वादशपक्षमासाद्यनशनयोगेष्वन्यतमयोगमारभ्य आमरणादनिवर्तका उग्रतपसः ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २०९ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३६७ ।

૫. बृहद्वृत्ति, पत्र ३६७ : अकर्मचेष्टाश्च—अविद्यमानकर्म्म-हेतुव्यापारतया प्रसारितबाह्यकर्म्मचेष्टास्तान्, यद्वा क्रियन्त इति कर्म्माणि—अग्नौ समित्प्रक्षेपणादीनि तद्विषया चेष्टा कर्मचेष्टेह गृह्यते ।

### ૩૬. (निब्भेरिय....)

निब्भेरिय—આ દેશી શબ્દ છે. ચૂર્ણિકારે આનો અર્થ 'निर्गत'—'બહાર નીકળેલું'[1] અને વૃત્તિકારે 'પ્રસારિત' એવો કર્યો છે.[2]

### ૩૭. અર્થ (अत्थं)

'અર્થ' શબ્દના અનેક અર્થો છે—પ્રયોજન, અધ્યાત્મશાસ્ત્રનું પ્રતિપાદ્ય અથવા અભિધેય વસ્તુ, સત્ય, ધન વગેરે. વૃત્તિમાં બે અર્થો મળે છે—વસ્તુ અને અભિધેય.

અર્થ જ્ઞેય હોય છે, એટલા માટે તેનો એક અર્થ—બધી વસ્તુઓ થઈ શકે છે. પરંતુ અહીં પ્રકરણવશ શુભ-અશુભ કર્મો કે રાગ-દ્વેષના ફળને 'અર્થ' કહેવામાં આવેલ છે. અથવા શાસ્ત્રોનું પ્રતિપાદ્ય—આ અર્થમાં પણ તે પ્રયુક્ત થઈ શકે છે.[3] અહીં 'અર્થ' શબ્દ 'સત્ય'ના અર્થમાં પ્રયુક્ત છે.

### ૩૮. ભૂતિપ્રજ્ઞ (भूइपन्ना)

ભૂતિના ત્રણ અર્થ કરવામાં આવ્યા છે—મંગળ, વૃદ્ધિ અને રક્ષા. પ્રજ્ઞાનો અર્થ છે તે બુદ્ધિ જેના વડે પહેલાંથી જ જાણી લેવાય છે. જેની બુદ્ધિ સર્વોત્તમ મંગળ, સર્વશ્રેષ્ઠ વૃદ્ધિ અથવા સર્વભૂત-હિત માટે પ્રવૃત્ત હોય, તે 'भूतिप्रज्ञ' કહેવાય છે.[4]

### ૩૯. પ્રચુર ભોજન (पभूयमन्नं)

અહીં પ્રચુર અન્ન વડે યજ્ઞમાં બનેલા પૂડલા, ખાજા વગેરે બધા ખાદ્ય પદાર્થો લેવાનો મુનિને અનુરોધ કરવામાં આવ્યો છે. ચોખાના બનેલા ભોજનને સૌમાં મુખ્ય માનવામાં આવતું હતું. એટલા માટે પાછળના શ્લોકમાં તેને માટે જુદો જ અનુરોધ કરવામાં આવ્યો છે.[5]

### ૪૦. જાતિનો કોઈ મહિમા નથી (न दीसई जाइविसेस कोई)

જૈન-દર્શન અનુસાર જાતિવાદ અતાત્ત્વિક છે. ભગવાન મહાવીરે કહ્યું—એક જીવ અનેક વાર ઉચ્ચ ગોત્રમાં ઉત્પન્ન થયો અને અનેક વાર નીચ ગોત્રમાં જન્મ્યો, એટલા માટે ન કોઈ નાનો છે અને ન કોઈ મોટો.[6] મનુષ્ય પોતાનાં કર્મો વડે બ્રાહ્મણ બને છે, કર્મો વડે ક્ષત્રિય, કર્મોથી વૈશ્ય થાય છે અને કર્મોથી જ શૂદ્ર.[7] મનુષ્યની સુરક્ષા તેનાં જ્ઞાન અને આચાર વડે થાય છે, જાતિ અને કુળ વડે નહિ.[8] ભગવાન મહાવીરે એવું ક્યારેય સ્વીકાર્યું નથી કે બ્રાહ્મણ જાતિમાં ઉત્પન્ન વ્યક્તિ ભલેને ગમે તેટલી

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २०९ : णिब्भरितं—निर्गतमित्यर्थः ।

૨. बृहद्वृत्ति, पत्र ३६७ : निब्भेरिय त्ति प्रसारित्त..... ।

૩. बृहद्वृत्ति, पत्र ३६८ : अर्यत इत्यर्थो—ज्ञेयत्त्वात्सव्वमेव वस्तु, इह तु प्रक्रमाच्छुभाशुभकर्म्मविभागो रागद्वेषविपाको वा परिगृह्यते, यद्वा अर्थः—अभिधेयः स चार्थाच्छास्त्राणामेव तम् ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २१० : भूति मंगलं वृद्धिः रक्षा, प्रागर (गेव) ज्ञायते अनयेति प्रज्ञा, तत्र मंगले सर्वमंगलोत्तमाऽस्य प्रज्ञा, अनन्तज्ञानवानित्यर्थः, रक्षायां तु रक्षाभूताऽस्य प्रज्ञा सर्वलोकस्य सर्वसत्त्वानां वा ।

(ખ) बृहद्वृत्ति, पत्र ३६८ : भूतिर्मंगलं वृद्धि रक्षा चेति वृद्धाः, प्रज्ञायतेऽनया वस्तुतत्त्वमिति प्रज्ञा, ततश्च : भूतिः — मंगलं सर्वमंगलोत्तमत्वेन वृद्धिर्वा वृद्धि विशिष्टत्वेन रक्षा वा प्राणिरक्षकत्वेन प्रज्ञा—बुद्धिरस्येति भूतिप्रज्ञः ।

૫. बृहद्वृत्ति, पत्र ३६९ : 'प्रभूतं' प्रचुरमन्नं—मण्डक-खण्डखाद्यादि समस्तमपि भोजनं, यत्प्राक् पृथगोदनग्रहणं तत्तस्य सर्वान्नप्रधानत्वख्यापनार्थम् ।

૬. आयारो २।४९ : से असइं उच्चागोए । असइं णीआगोए : णो हीणे, णो अइरित्ते..... ।

૭. उत्तराध्ययन, २५।३१ ।

૮. सूत्रकृतांग, १।१३।११ : न तस्स जाई व कुलं व ताणं, नन्नत्थ विज्जाचरणं सुचिण्णं ।

દુષ્પ્રવૃત્તિ કરે તો પણ શ્રેષ્ઠ છે અને શૂદ્ર જાતિમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિ ભલેને ગમે તેટલી તપશ્ચર્યા કરે નીચ છે. વસ્તુતઃ વ્યક્તિની ઉચ્ચતા અને નીચતાની કસોટી તપ, સંયમ અને પવિત્રતા છે, જાતિ નહિ. જે જેટલો આચારવાન છે, તે તેટલો જ ઉચ્ચ છે અને જે જેટલો આચાર-ભ્રષ્ટ છે, તે તેટલો જ નીચ છે. પછી ભલેને તે જાતિએ બ્રાહ્મણ હોય કે શૂદ્ર. શૂદ્ર જાતિમાં ઉત્પન્ન થવાથી તે જ્ઞાનનો અધિકારી નથી તે પણ માન્ય નથી. બ્રાહ્મણ પરંપરા અનુસાર બ્રાહ્મણો માટે શૂદ્રને વેદોનું જ્ઞાન આપવાની મનાઈ હતી. લંકામાં વિલાપ કરતી સીતા કહે છે—'હું અનાર્ય રાવણને પોતાનો પ્રેમ એમ જ આપી શકતી નથી જેવી રીતે બ્રાહ્મણ શૂદ્રને મંત્રજ્ઞાન આપી શકતો નથી.'[1] જૈન સંઘમાં દીક્ષિત થઈને જે રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોને સાધના કરવાનો અધિકાર હતો, તેવી જ રીતે શૂદ્રોને પણ હતો. હરિકેશબલ મુનિ તેનું એક જ્વલંત ઉદાહરણ છે.

**૪૧. બહારથી (પાણીથી) શુદ્ધિ કરી (सोहिं बहिया)**

'सोहिं'નો અર્થ છે—શુદ્ધિ—નિર્મળતા.[2] શોધિ બે પ્રકારની હોય છે—દ્રવ્ય-શોધિ અને ભાવ-શોધિ.

મલિન વસ્ત્રોને પાણીથી ધોવાં તે દ્રવ્ય-શોધિ છે અને તપ, સંયમ વગેરે વડે આઠ પ્રકારના કર્મ-મળોનું પ્રક્ષાલન કરવું તે ભાવ-શોધિ છે. દ્રવ્ય-શોધિ બાહ્ય-શોધિ હોય છે.[3] તેનું કોઈ ધાર્મિક મૂલ્ય નથી. વાચકપ્રવરે લખ્યું છે[4]—

**'शौचमाध्यात्मिकं त्यक्त्वा, भावशुद्ध्यात्मकं शुभं ।**

**जलादिशौचं यथेष्टं, मूढविस्मापकं हि तत् ॥'**

**૪૨. (किं)**

આનો પ્રયોગ બે અર્થમાં થાય છે—ક્ષેપ અને પૃચ્છા. અહીં તે ક્ષેપ—નિંદા કે તિરસ્કારના અર્થમાં પ્રયુક્ત છે.[5]

**૪૩. કુશળ લોક (कुसला)**

**'कुशं लुनातीति कुशलः'**—જે કુશ—ઘાસ કાપે છે તે કુશળ કહેવાય છે. આવો આ શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ છે.

ચૂર્ણિમાં 'કુશલ'નો અર્થ—કર્મ-બંધનને કાપનાર એવો કરવામાં આવ્યો છે.[6] વૃત્તિ અનુસાર કુશળ તે છે જે તત્ત્વ-વિચારણામાં નિપુણ છે.[7]

**૪૪. (શ્લોક ૩૮)**

પ્રસ્તુત શ્લોકનું ચોથું પદ છે—'न तं सुदिट्ठं कुसला वयंति' તથા ચાલીસમા શ્લોકનું ચોથું પદ છે—'न तं सुजट्ठं कुसला वयंति'. 'सुजट्ठं'નું સંસ્કૃત રૂપ છે—'सु-इष्टं' (स्विष्टं) અને અર્થ છે—શ્રેષ્ઠ યજ્ઞ. પ્રસ્તુત શ્લોકના ચોથા પાદનો પણ આ જ અર્થ અભિપ્રેત છે. એટલા માટે 'सुदिट्ठं'ના સ્થાને 'सुजट्ठं' અથવા 'सुइट्ठं' પાઠની સંભાવના કરી શકાય છે. ચૂર્ણિ અને વૃત્તિમાં 'सुदिट्ठं' પાઠની જ વ્યાખ્યા કરાઈ છે.

---

૧. वाल्मीकीय रामायण, ५।२८।५ : भावं न चास्याहमनुप्रदातुमलं द्विजो मंत्रमिवाद्विजाय ।

૨. बृहद्वृत्ति, पत्र ३७० : 'सोहिं' ति शुद्धिं निर्म्मलताम् ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २११ : दुविधा सोधी—दव्वसोधी भावसोधी य, दव्वसोधी मलिनं वस्त्रादि पानीयेन शुद्ध्यते, भावसोधी तवसंजमादीहिं अट्ठविहकम्ममललित्तो जीवो सोधिज्जति, अदव्वसोधी भावसोधी बाहिरियं, जं तं जलेण बाहिरसोधी ।

૪. बृहद्वृत्ति, पत्र ३७० ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ.२१० : किंसद्दो खेवे पुच्छाए य वट्टति, खेवो निंदा, एत्थ निंदाए ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. २११ : अट्ठप्पगारं कम्मं....लूनंतीति कुसला ।

૭. बृहद्वृत्ति, पत्र ३७० : कुशलाः—तत्त्वविचारं प्रति निपुणाः ।

### ૪૫. (सुसंवुडो पंचहिं संवरेहिं, वोसट्ठकाओ सुइचत्तदेहो)

**सुसंवुडो**—જેનાં પ્રાણાતિપાત વગેરે આશ્રવદ્વારો અટકી ગયા છે, તેને 'સુસંવૃત' કહેવામાં આવે છે.[1]

**पंचहिं संवरेहिं**—સંવરના પાંચ પ્રકાર આ પ્રમાણે છે—

(૧) પ્રાણાતિપાત-વિરતિ.

(૨) મૃષાવાદ-વિરતિ.

(૩) અદત્તાદાન-વિરતિ.

(૪) મૈથુન-વિરતિ.

(૫) પરિગ્રહ-વિરતિ.

**वोसट्ठकाओ**—જેણે વિવિધ અથવા વિશિષ્ટ પ્રકારે કાયાનો ઉત્સર્ગ કર્યો હોય, તેને 'व्युत्सृष्ट-काय' કહેવામાં આવે છે.[2]

**सुइचत्तदेहो**—જે ગૃહીત વ્રતોમાં દોષ ન આવવા દે—અકલુષિત-વ્રત હોય, તેને 'शुचि' કહેવામાં આવે છે.[3]

જેણે દેહનાં પ્રતિકર્મ (શણગારવાની ક્રિયા)નો ત્યાગ કર્યો હોય, દેહની સારસંભાળ ત્યજી દીધી હોય, તેને 'त्यक्त-देह' કહેવામાં આવે છે.[4]

વિશેષ જાણકારી માટે જુઓ—દશવૈકાલિક ૧૦।૧૩નું ટિપ્પણ.

### ૪૬. મહાયજ્ઞ (महाजयं)

ચૂર્ણિ અને વૃત્તિમાં 'महाजय'નો અર્થ મહાન જય મળે છે. પરંતુ 'जण्णसेट्ठं' વિશેષણ-પદ છે. એટલા માટે 'महाजय'નું સંસ્કૃત રૂપ 'महायज' થવું જોઈએ. યજ્ઞોમાં મહાયજ્ઞ જ શ્રેષ્ઠ માનવામાં આવે છે. 'य'કારનો 'ज'કાર અને 'ज'કારનો લોપ તથા તેનો 'य'કારાદેશ કરવાથી 'महायज' રૂપ બની જાય છે.

### ૪૭. ઘી નાખવાની કડછીઓ (सुया)

આનું સંસ્કૃત રૂપ 'स्रुव' અને અર્થ છે—યજ્ઞમાં આહૂતિ આપતી વેળાએ અગ્નિમાં ઘી નાખવા માટેનું પાત્ર-વિશેષ.

'स्रुव' (કડછી) ખદિરના (કાથાના) લાકડામાંથી બનાવવામાં આવતી. તેના બે પ્રકાર હતા[5]—

૧. અધરા સ્રુવ—તેને ઉપભૃત કહેવામાં આવતી. તે શત્રુપક્ષીય અને નીચે રાખવામાં આવતી.

૨. ઉત્તરા સ્રુવ—તેને જુહૂ કહેવામાં આવતી. તે યજમાનપક્ષીય અને ઉપભૃતથી ઉપર રાખવામાં આવતી.[6]

વિશેષ વિવરણ માટે જુઓ—અભિધાન-ચિંતામણિ કોશ ૩। ૪૯૨નો વિમર્શ.

---

૧. बृहद्वृत्ति, पत्र ३७१ : सुष्ठु संवृतः—स्थगितसमस्ताश्रवद्वारः सुसंवृतः ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २११ : 'वोसट्ठकाए' विविध-मुत्सृष्टो विशिष्टो विशेषेण वा उत्सृष्टः कायः—शरीरम् ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३७१ : व्युत्सृष्टो—विविधैरुपायैर्विशेषेण वा परीषहोपसर्गसहिष्णुतालक्षणेनोत्सृष्टः—त्यक्तः कायः—शरीरमनेनेति व्युत्सृष्टकायः ।

૩. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २११ : शुचिः अनाश्रवः अखण्डचरित्र इत्यर्थः ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३७१ : शुचिः—अकलुषव्रतः ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २११ : त्यक्तदेह इव त्यक्तदेहो नाम निष्प्रतिकर्म्मशरीरः ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३७१ : त्यक्तदेहश्च—अत्यन्तनिष्प्रतिकर्म्मतया ।

૫. का. श्रौ. सू १।३।४० : खादिरः स्रुवः ।

૬. शतपथब्राह्मण १।४।४।१८, १९ ।

### ૪૮. શાંતિતીર્થ (**संतितित्थे**)

ચૂર્ણિકાર અને બૃહદ્‌વૃત્તિકારે 'संति'નો અર્થ—શાંતિ અથવા 'सन्ति' (अस् ધાતુનું બહુવચન) કર્યો છે. તેનો અર્થ શાંતિ માનીએ તો 'तीर्थ'માં એકવચન છે. 'सन्ति' ક્રિયા માનીએ તો બહુવચન છે.[1] બૃહદ્‌વૃત્તિ અનુસાર તીર્થનો અર્થ 'પુણ્યક્ષેત્ર' અથવા 'સંસારસમુદ્રને તરવાના ઉપાયરૂપ ઘાટ' છે. ચૂર્ણિ અનુસાર તીર્થના બે ભેદ છે—દ્રવ્ય-તીર્થ અને ભાવ-તીર્થ. પ્રભાસ વગેરે દ્રવ્ય-તીર્થ કહેવાય છે અને બ્રહ્મચર્ય ભાવ-તીર્થ અથવા શાંતિ-તીર્થ કહેવાય છે.[2]

આગળના શ્લોક (૪૬)માં સૂત્રકારે સ્વયં બ્રહ્મચર્યને શાંતિ-તીર્થ માન્યું છે. શાન્ત્યાચાર્યે આ પ્રસંગે તેનો અર્થ આવી રીતે કર્યો છે—'मतु' પ્રત્યયનો લોપ તથા બ્રહ્મચર્ય અને બ્રહ્મચારીનો અભેદ માની લેવાથી આ પ્રમાણે થાય છે, કે બ્રહ્મચારી તીર્થ છે. આ અર્થમાં 'बंभे'માં વચન-વ્યત્યય માનવો પડશે.[3]

### ૪૯. આત્માની પ્રસન્ન લેશ્યાવાળો (**अत्तपसन्नलेसे**)

ચૂર્ણિમાં પીત આદિ લેશ્યાઓને પ્રસન્ન માનવામાં આવેલ છે. લેશ્યા બે પ્રકારની હોય છે—શરીર-લેશ્યા (આભામંડળ) અને આત્મ-લેશ્યા (ભાવ-ધારા). 'अत्तपसन्नलेसे'—આ પદ વડે આત્મ-લેશ્યાનું ગ્રહણ કરવામાં આવ્યું છે. શરીરની લેશ્યાઓ અશુદ્ધ હોવા છતાં પણ આત્માની લેશ્યાઓ શુદ્ધ હોઈ શકે છે. શરીરની લેશ્યાઓ શુદ્ધ થવા છતાં આત્માની લેશ્યા શુદ્ધ અને અશુદ્ધ—બંને પ્રકારની હોઈ શકે છે.

'अत्त' શબ્દ પાંચ અર્થમાં પ્રયોજાય છે—આત્મા, ઈષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ. ચૂર્ણિમાં 'अत्त'નો મુખ્ય અર્થ આત્મા અને વૈકલ્પિક અર્થ ઈષ્ટ કરવામાં આવ્યો છે. પીત વગેરે લેશ્યાઓ ઈષ્ટ હોય છે, તે શુદ્ધ લેશ્યાઓ છે. અશુદ્ધ લેશ્યાઓ (કૃષ્ણ વગેરે) ઈષ્ટ નથી હોતી.[4]

વૃત્તિકારે 'पसन्न'નો અર્થ—વિશુદ્ધ અને 'अत्त'નો અર્થ—આત્મા કર્યો છે. તેમણે 'अत्त'નું સંસ્કૃત રૂપ 'आप्त' માનીને તેના બે અર્થ વધુ આપ્યા છે—હિતકર અને પ્રાપ્ત.[5]

'अत्तपसन्नलेसे'નું સંસ્કૃત રૂપ 'आत्मप्रसन्नलेश्यः' અથવા 'आप्तप्रसन्नलेश्यः' થાય છે. લેશ્યા પ્રસન્ન (ધર્મ) અને અપ્રસન્ન (અધર્મ)—એમ બે પ્રકારની હોય છે. આત્માની પ્રસન્ન—સર્વથા અકલુષિત લેશ્યા જ્યાં હોય છે, તેને પ્રસન્ન-લેશ્ય કહેવામાં આવેલ છે. આપ્ત-પુરુષ દ્વારા પ્રસન્ન-લેશ્યાનું નિરૂપણ થાય અથવા જ્યાં પ્રસન્ન-લેશ્યા પ્રાપ્ત થાય, તે ધર્મ અથવા શાંતિ-તીર્થને 'આત્મ-પ્રસન્ન-લેશ્ય' કહેવામાં આવેલ છે.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २१२ : 'संतितित्थे' ति शमनं शांतिः, शांतिरेव तीर्थः, अथवा सन्तीति विद्यन्ते, कतराणि संति तित्थाणि ?

(ખ) बृहद्वृत्ति, पत्र ३७३ : संतितित्थे त्ति किं च ते—तव शान्त्यै पापोपशमननिमित्तं तीर्थं—पुण्यक्षेत्रं शान्तितीर्थम्, अथवा कानि च किं रूपाणी ते—तव सन्ति विद्यन्ते तीर्थानि संसारोदधितरणोपायभूतानि ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २१२ : तित्थं दुविहं—दव्वतित्थं भावतित्थं च, प्रभासादीनि द्रव्यतीर्थानि, जीवानामुपरोधकारीनीतिकृत्वा न शान्तितीर्थानि भवंति, यस्तु आत्मनः परेषां च शान्तये तद् भावतीर्थं भवति, ब्रह्म एव शान्तितीर्थम् ।

૩. बृहद्वृत्ति, पत्र ३७३ : ब्रह्मेति—ब्रह्मचर्यं शान्तितीर्थं,....अथवा ब्रह्मेति ब्रह्मचर्यवंतो मतुब्लोपाद् अभेदोपचाराद् वा साधव उच्यन्ते, सुब्व्यत्याच्चैकवचनं, संति—विद्यन्ते तीर्थानि ममेति गम्यते ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. २१२ : शरीरलेश्यासु हि अशुद्धास्वपि आत्मलेश्या शुद्धा भवंति, शुद्धा अपि शरीरलेश्या भजनीया, अथवा अत्त इति इष्टाः, ताश्च पीताद्याः, ताश्च शुद्धाः, अनिष्टास्तु अणत्ताओ, उक्तं हि—अत्ता इट्ठा कंता पिया मणुण्णा,..... ।

૫. बृहद्वृत्ति, पत्र ३७३ ।

**૫૦. કર્મ-રજ (दोसं)**

ચૂર્ણિકારે આનો અર્થ 'પાપ'[1] અને વૃત્તિકારે 'કર્મ' કર્યો છે.[2] કર્મ વિશુદ્ધ આત્માને પણ દૂષિત કરી દે છે, એટલા માટે તે દોષ છે.

**૫૧. (શ્લોક ૪૬)**

મહાત્મા બુદ્ધે પણ જળસ્નાનને ધાર્મિક મહત્ત્વ નથી આપ્યું. તેમણે પણ ધાર્મિક મહત્ત્વ આત્મિક-શુદ્ધિને જ આપ્યું છે.

આ વિષયમાં મજ્ઝિમનિકાયનો નીચેનો પ્રસંગ સુંદર પ્રકાશ પાડે છે[3]—

તે સમયે સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણ ભગવાન પાસે થોડે દૂર બેઠો હતો. ત્યારે સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણે ભગવાનને આમ કહ્યું—

ગૌતમ ! શું આપ સ્નાન માટે બાહુકા નદીએ આવશો ?

બ્રાહ્મણ ! બાહુકા નદીએ શું લેવાનું છે ? બાહુકા નદી શું કરશે ?

હે ગૌતમ ! બાહુકા નદી લોકમાન્ય (લોક-સંમત) છે, બાહુકા નદી બહુ લોકો દ્વારા પવિત્ર (પુણ્ય આપનારી) મનાય છે. ઘણા બધા લોકો બાહુકા નદીમાં (પોતાનાં) કરેલાં પાપ વહાવી દે છે.

ત્યારે ભગવાને સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણને ગાથાઓમાં કહ્યું—

બાહુકા, અવિકક્ક, ગયા અને સુંદરિકામાં,
સરસ્વતી અને પ્રયાગ તથા બાહુમતી નદીમાં;
કાળા કર્મોવાળો મૂઢ ભલે નિત્ય ન્હાય, (પરંતુ) શુદ્ધ નહિ થાય,
શું કરશે સુંદરિકા, શું પ્રયાગ, અને શું બાહુલિકા નદી ?
(તે) પાપકર્મી = કૃત કિલ્વિષ દુષ્ટ નરને શુદ્ધ નથી કરી શકતાં.
શુદ્ધ (નર) માટે સદાય ફલ્ગુ છે, શુદ્ધને માટે સદાય ઉપોસથ છે,
શુદ્ધ અને શુચિકર્માનાં વ્રતો સદાય પૂરા થતાં રહે છે.
બ્રાહ્મણ ! એટલું જ નહિ, બધા પ્રાણીઓનું ક્ષેમ કર.
જો તું જૂઠું નથી બોલતો, જો પ્રાણ હણતો નથી,
જો વગર આપેલું લેતો નથી, (અને) શ્રદ્ધાવાન મત્સર-રહિત છે,
(તો) ગયા જઈને શું કરીશ ? ક્ષુદ્ર જળાશય (= ઉપાદાન) પણ તારા માટે ગયા છે.

**૫૨. મહાસ્નાન છે (महासिणाणं)**

આનો શાબ્દિક અર્થ છે—મહાસ્નાન અર્થાત્ શ્રેષ્ઠ સ્નાન. ચૂર્ણિકારે આનો લાક્ષણિક અર્થ—સમસ્ત કર્મોનો ક્ષય કર્યો છે.[4]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २१२ : दोसमिति पापं ।
૨. बृहद्वृत्ति, पत्र ३७३ : दोषं-कर्म ।
૩. मज्झिमनिकाय, १।१।७, पृ. २६ ।
૪. उत्तराध्ययन चूर्णि, पृ. २१२ : महासिणाणं णाम सव्व-कम्मक्खओ ।

# तेरसमं अज्झयणं

## चित्तसंभूइज्जं

# તેરમું અધ્યયન

## ચિત્ર-સંભૂતીય

# આમુખ

આ અધ્યયનમાં ચિત્ર અને સંભૂતના પારસ્પરિક સંબંધ અને વિસંબંધનું નિરૂપણ છે, એટલા માટે આનું નામ 'चित्तसंभूइज्जं' 'चित्र-संभूतीय' છે.[1]

તે કાળે અને તે સમયે સાકેત નગરમાં ચંદ્રાવતંસક રાજાનો પુત્ર મુનિચંદ્ર રાજ્ય કરતો હતો. રાજ્યનો ઉપભોગ કરતાં-કરતાં તેનું મન કામ-ભોગોથી વિરક્ત બની ગયું. તેણે મુનિ સાગરચંદ્ર પાસે દીક્ષા ગ્રહણ કરી. તે પોતાના ગુરુની સાથે-સાથે દેશાંતર જઈ રહ્યો હતો. એક વાર તે ભિક્ષા લેવા માટે ગામમાં ગયો, પણ સાર્થથી છૂટો પડી ગયો અને એક ભયાનક અટવીમાં જઈ ચડ્યો. તે ભૂખ અને તરસથી વ્યાકુળ થઈ રહ્યો હતો. ત્યાં ચાર ગોપાલપુત્રો ગાયો ચરાવી રહ્યા હતા. તેમણે મુનિની અવસ્થા જોઈ. તેમનાં મન કરુણાથી ભરાઈ ગયાં. તેમણે મુનિની પરિચર્યા કરી. મુનિ સ્વસ્થ બન્યા. ચારેય ગોપાલપુત્રોને તેમણે ધર્મનો ઉપદેશ આપ્યો. ચારેય બાળકો પ્રતિબુદ્ધ થયા અને મુનિ પાસે દીક્ષિત થયા. તેઓ બધા આનંદપૂર્વક દીક્ષા-પર્યાયનું પાલન કરવા લાગ્યા. પરંતુ તેમાંથી બે મુનિઓના મનમાં મેલા કપડાના વિષયમાં જુગુપ્સા રહેવા લાગી. ચારેય મરીને દેવગતિમાં ગયા. જુગુપ્સા કરનારા બંને દેવલોકમાંથી ચ્યુત થઈને દશપુર નગરમાં શાંડિલ્ય બ્રાહ્મણની દાસી યશોમતીની કૂખે યુગલ રૂપે જન્મ્યા. તેઓ યુવાન બન્યા.

એકવાર તેઓ જંગલમાં પોતાના ખેતરની રક્ષા માટે ગયા. રાત પડી ગઈ. તેઓ એક વડના ઝાડ નીચે સૂઈ ગયા. અચાનક જ વૃક્ષની બખોલમાંથી એક સાપ નીકળ્યો અને એકને ડંખ મારી ચાલ્યો ગયો. બીજો જાગ્યો. તેને આ વાતની ખબર પડી. તત્કાળ તે સાપની શોધમાં નીકળી પડ્યો. તે જ સર્પ તેને પણ ડસ્યો. બંને મરીને કાલિંજર પર્વત ઉપર એક મૃગલીના પેટે યુગલ રૂપે જન્મ્યા. એકવાર બંને મૃગો આજુબાજુમાં ચરી રહ્યા હતા. એક શિકારીએ એક જ બાણ વડે બંનેને મારી નાખ્યા. ત્યાંથી મરીને તેઓ ગંગા નદીના તીરે એક રાજહંસીના ગર્ભમાં આવ્યા. યુગલ રૂપમાં જન્મ્યા. તેઓ યુવાન બન્યા. તેઓ બંને સાથે-સાથે ઘૂમી રહ્યા હતા. એકવાર એક માછીમારે તેમને પકડ્યા અને ગરદન મરડી મારી નાખ્યા.

તે સમયે વારાણસી નગરીમાં ચાંડાળોનો એક અધિપતિ રહેતો હતો. તેનું નામ હતું ભૂતદત્ત. તે ખૂબ સમૃદ્ધ હતો. પેલા બંને હંસો મરીને તેના પુત્ર રૂપે જન્મ્યા. તેમના નામ ચિત્ર અને સંભૂત પાડવામાં આવ્યા. બંને ભાઈઓમાં અપાર સ્નેહ હતો.

તે સમયે વારાણસી નગરીમાં શંખરાજા રાજ્ય કરતો હતો. નમુચિ તેનો મંત્રી હતો. એકવાર તેના કોઈ અપરાધના કારણે રાજા તેના પર કોપાયમાન થયો અને તેના વધની આજ્ઞા કરી. ચાંડાળ ભૂતદત્તને આ કામ સોંપવામાં આવ્યું. તેણે નમુચિને પોતાના ઘરમાં સંતાડી દીધો અને કહ્યું—'મંત્રી ! જો આપ મારા ઘરના ભોંયરામાં રહીને મારા બંને પુત્રોને ભણાવવાનું સ્વીકારશો તો હું આપનો વધ નહિ કરું.' જીવનની આશાથી મંત્રીએ વાત માની લીધી. હવે તે ચાંડાળના પુત્રો—ચિત્ર અને સંભૂત—ને ભણાવવા લાગ્યો. ચાંડાળપત્ની નમુચિની સેવાચાકરી કરતી હતી. કેટલોક સમય વીત્યો. નમુચિ ચાંડાળ-સ્ત્રીમાં આસક્ત બન્યો. ભૂતદત્તે આ વાત જાણી લીધી. તેણે નમુચિને મારવાનો વિચાર કર્યો. ચિત્ર અને સંભૂત બંને પોતાના પિતાનો વિચાર જાણી ગયા. ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતાથી પ્રેરિત થઈને તેમણે નમુચિને ક્યાંક ભાગી જવાની સલાહ આપી. નમુચિ ત્યાંથી ભાગતો-ભાગતો હસ્તિનાપુરમાં આવ્યો અને ચક્રવર્તી સનતકુમારનો મંત્રી બની ગયો.

ચિત્ર અને સંભૂત મોટા થયા. તેમનું રૂપ અને લાવણ્ય આકર્ષક હતું. તેઓ નૃત્ય અને સંગીતમાં પ્રવીણ બન્યા. વારાણસીના લોકો તેમની કળા પર મુગ્ધ હતા.

એક વાર મદન-મહોત્સવ આવ્યો. અનેક ગાયકટોળીઓ મધુર રાગ આલાપી રહી હતી અને તરુણ-તરુણીઓના અનેક ગણો નૃત્ય કરી રહ્યા હતા. તે સમયે ચિત્ર-સંભૂતની નૃત્યમંડળી પણ ત્યાં આવી પહોંચી. તેમનું ગાન અને નૃત્ય સહુથી અધિક

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३३२ : चित्तसंभूआउं वेअंतों, भावओ अ नायव्वो ।
तत्तो समुट्ठिअमिणं, अज्झयणं चित्तसंभूयं ॥

મનોરમ્ય હતું. તેમને સાંભળીને અને જોઈને બધા લોકો તેમની મંડળી તરફ ખેંચાઈ આવ્યા. યુવતીઓ મંત્રમુગ્ધ જેવી બની ગઈ. બધા તન્મય બની ગયા હતા. બ્રાહ્મણોએ આ જોયું. મનમાં ઈર્ષ્યા પેદા થઈ. જાતિવાદની આડ લઈ તેઓ રાજા પાસે ગયા અને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાએ બંને માતંગપુત્રોને નગરની બહાર નિષ્કાસિત કર્યા. તેઓ બંને બીજે ચાલ્યા ગયા.

કેટલોક સમય વીત્યો. એક વખત કૌમુદી-મહોત્સવના અવસરે બંને માતંગ-પુત્રો ફરી નગરમાં આવ્યા. તેઓ મોં પર કપડું ઢાંકી મહોત્સવનો આનંદ માણી રહ્યા હતા. ચાલતાં-ચાલતાં તેમના મોઢામાંથી સંગીતના સૂરો નીકળી પડ્યા. લોકો સ્તબ્ધ બની ગયા. તેઓ તે બંનેની પાસે આવ્યા. આવરણ ખસેડતાં જ તેઓ તેમને ઓળખી ગયા. તેમનું લોહી ઈર્ષ્યાથી ઊકળી ગયું. 'આ તો ચાંડાલપુત્રો છે'—એવું કહી તેમને લાતો અને લપડાકો મારી નગરમાંથી બહાર કાઢી મૂક્યા. તેઓ બહાર એક ઉદ્યાનમાં આવી રહ્યા. તેમણે વિચાર્યું—'ધિક્કાર છે અમારા રૂપ, યૌવન, સૌભાગ્ય અને કળા-કૌશલ્યને ! આજ અમે ચાંડાળ હોવાને કારણે પ્રત્યેક વર્ગ દ્વારા તિરસ્કૃત બની રહ્યા છીએ. અમારો સમગ્ર ગુણ-સમૂહ દૂષિત થઈ રહ્યો છે. આવું જીવન જીવવાથી શો લાભ ?' તેમનું મન જીવનથી ભરાઈ ગયું. તેઓ આત્મહત્યાનો દઢ સંકલ્પ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. એક પહાડ ઉપર આ જ વિચારથી ચડ્યા. ઉપર ચડ્યા તો તેમણે ધ્યાનમાં લીન એક શ્રમણને જોયા. તેઓ તે મુનિ પાસે આવ્યા અને બેસી ગયા. ધ્યાન પૂરું થતાં મુનિએ તેમનાં નામ-ઠામ પૂછ્યાં. બંનેએ પોતાનો પૂર્વવૃત્તાંત કહી સંભળાવ્યો. મુનિએ કહ્યું—'તમે અનેક કળા-શાસ્ત્રોના પારગામી છો. આત્મહત્યા કરવી તે નીચ વ્યક્તિઓનું કામ છે. તમારી જેવા વિમળ બુદ્ધિવાળા વ્યક્તિઓ માટે તે ઉચિત નથી. તમે તેનો વિચાર છોડો અને જિન-ધર્મનાં શરણમાં આવો. તેનાથી તમારાં શારીરિક અને માનસિક—બધાં દુઃખો ફીટી જશે.' તેમણે મુનિના વચનો શિરોધાર્ય કર્યાં અને હાથ જોડી બોલ્યા—'ભગવાન ! આપ અમને દીક્ષિત કરો.' મુનિએ તેમને યોગ્ય સમજી દીક્ષા આપી.

ગુરુચરણોની ઉપાસના કરતાં-કરતાં તેઓ અધ્યયન કરવા લાગ્યા. કેટલાક સમય બાદ તેઓ ગીતાર્થ બન્યા. વિચિત્ર તપસ્યાઓથી આત્માને ભાવિત કરતાં-કરતાં તેઓ ગ્રામાનુગ્રામ વિહાર કરવા લાગ્યા. એક વાર તેઓ હસ્તિનાપુર આવ્યા. નગરની બહાર એક ઉદ્યાનમાં ઉતર્યા. એક દિવસ માસક્ષમણનું પારણું કરવા માટે મુનિ સંભૂત નગરમાં ગયા. ભિક્ષા માટે તેઓ ઘરે-ઘરે ઘૂમી રહ્યા હતા. મંત્રી નમુચિએ તેમને જોઈને ઓળખી લીધા. તેમની બધી યાદો તાજી થઈ આવી. તેમણે વિચાર્યું—'આ મુનિ મારો બધો ઈતિહાસ જાણે છે. અહીંના લોકો સમક્ષ જો એ કંઈ બોલી કાઢશે તો મારી મહત્તા નાશ પામશે.' આમ વિચારી તેણે લાઠી અને મુક્કા મારીને મુનિને નગરની બહાર કાઢવાનું ઈચ્છ્યું. ઘણા લોકો મુનિને મારવા લાગ્યા. મુનિ શાંત રહ્યા. પરંતુ લોકો જ્યારે અત્યંત ઉગ્ર બની ગયા ત્યારે મુનિનું ચિત્ત અશાંત બની ગયું. તેમના મોંમાથી ધુમાડો નીકળ્યો અને આખું નગર અંધકારમય બની ગયું. લોકો ગભરાયા. હવે તેઓ મુનિને શાંત પાડવા લાગ્યા.

ચક્રવર્તી સનતકુમાર પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે મુનિને પ્રાર્થના કરી—'ભંતે ! અમારાથી જો કોઈ ભૂલ થઈ ગઈ હોય તો આપ ક્ષમા કરો. હવે પછી અમે એવો અપરાધ નહિ કરીએ. આપ મહાન છો. નગર-નિવાસીઓને જીવનદાન આપો.' આટલાથી મુનિનો ક્રોધ શાંત ન થયો. ઉદ્યાનમાં બેઠેલા મુનિ ચિત્રને આ સમાચાર જાણવા મળ્યા અને તેમણે આકાશ ધુમાડાથી ભરાઈ ગયેલું જોયું. તેઓ તત્કાળ ત્યાં આવ્યા અને મુનિ સંભૂતને કહ્યું—'હે મુનિ ! ક્રોધાગ્નિને શાંત કરો, શાંત કરો. મહર્ષિઓ ઉપશમ-પ્રધાન હોય છે. તેઓ અપરાધી પર પણ ક્રોધ નથી કરતા. આપ પોતાની શક્તિનું સંવરણ કરો.' મુનિ સંભૂતનું મન શાંત થયું. તેમણે તેજોલેશ્યાનું સંવરણ કર્યું. અંધકાર હટી ગયો. લોકો પ્રસન્ન થયા. બંને મુનિ ઉદ્યાનમાં પાછા ફર્યા. તેમણે વિચાર્યું—'આપણે કાય-સંલેખના કરી ચૂક્યા છીએ, એટલા માટે હવે અનશન કરવું જોઈએ.' બંનેએ અત્યંત ધૈર્યપૂર્વક અનશન ગ્રહણ કર્યું.

ચક્રવર્તી સનતકુમારે જ્યારે એવું જાણ્યું કે મંત્રી નમુચિના કારણે જ બધા લોકોને ત્રાસ સહન કરવો પડ્યો છે ત્યારે તેમણે મંત્રીને પકડવાનો આદેશ આપ્યો. મંત્રીને દોરડાંથી બાંધી મુનિઓની પાસે લાવવામાં આવ્યા. મુનિઓએ રાજાને સમજાવ્યો અને રાજાએ મંત્રીને છોડી દીધો. ચક્રવર્તી બંને મુનિઓના પગમાં પડી ગયો. રાણી સુનંદા પણ સાથે હતી. તેણે પણ વંદના કરી. અકસ્માત જ તેના કેશ મુનિ સંભૂતના પગને અડી ગયા. મુનિ સંભૂતને અપૂર્વ આનંદનો અનુભવ થયો. તેણે નિદાન

કરવાનો વિચાર કર્યો. મુનિ ચિત્રે જ્ઞાનશક્તિથી આ જાણી લીધું અને નિદાન ન કરવાની શીખામણ આપી, પણ બધું વ્યર્થ. મુનિ સંભૂતે નિદાન કર્યું—'જો મારી તપસ્યાનું ફળ હોય તો હું ચક્રવર્તી બનું.'

બંને મુનિઓનું અનશન ચાલુ હતું. તેઓ મરીને સૌધર્મ-દેવલોકમાં દેવો બન્યા. ત્યાંનું આયુષ્ય પૂરું કરી ચિત્રનો જીવ પુરિમતાલ નગરમાં એક ઈભ્ય શેઠનો પુત્ર બન્યો અને સંભૂતનો જીવ કાંપિલ્યપુરમાં બ્રહ્મરાજાની રાણી ચુલનીના ગર્ભમાં આવ્યો. રાણીએ ચૌદ મહાસ્વપ્નો જોયાં. બાળકનો જન્મ થયો. તેનું નામ બ્રહ્મદત્ત રાખવામાં આવ્યું.

રાજા બ્રહ્મના ચાર મિત્રો હતા—(૧) કાશી દેશનો અધિપતિ કટક (૨) ગજપુરનો રાજા કણેરદત્ત (૩) કૌશલ દેશનો રાજા દીર્ઘ અને (૪) ચંપાનો અધિપતિ પુષ્પચૂલ. રાજા બ્રહ્મનો તેઓની સાથે અગાધ પ્રેમ હતો. તેઓ બધા એક-એક વર્ષ એકબીજાના રાજ્યમાં રહેતા. એકવાર તેઓ બધા રાજા બ્રહ્મના રાજ્યમાં સંગાથે રહેતા હતા, તે દિવસોની વાત છે. એક દિવસ રાજા બ્રહ્મને અસહ્ય શિરોવેદના ઉત્પન્ન થઈ. સ્થિતિ ચિંતાજનક બની ગઈ. રાજા બ્રહ્મે પોતાના પુત્ર બ્રહ્મદત્તને ચારેય મિત્રોને સોંપતાં કહ્યું—'આનું રાજ્ય તમારે ચલાવવાનું છે.' મિત્રોએ તે વાતનો સ્વીકાર કર્યો.

કેટલાક સમય પછી રાજા બ્રહ્મનું મૃત્યુ થયું. મિત્રોએ તેનું અંત્યેષ્ટિ-કર્મ કર્યું. તે સમયે કુમાર બ્રહ્મદત્ત બાલ્યાવસ્થામાં હતો. ચારેય મિત્રોએ વિચારવિમર્શ કરી કૌશલ દેશના રાજા દીર્ઘને રાજ્યનો બધો ભાર સોંપ્યો અને પછી બધા પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા. રાજા દીર્ઘ રાજ્યની વ્યવસ્થા કરવા લાગ્યો. સર્વત્ર તેનો પ્રવેશ થવા લાગ્યો. રાણી ચુલની સાથે તેનું પ્રેમ-બંધન ગાઢ થતું ગયું. બંને નિ:સંકોચ વિષયવાસનાનું સેવન કરવા લાગ્યાં.

રાણીના આ દુરાચરણને જાણીને રાજા બ્રહ્મનો વિશ્વાસુ મંત્રી ધનુ ચિંતાગ્રસ્ત બન્યો. તેણે વિચાર્યું—'જે વ્યક્તિ અધમ આચરણમાં ફસાયેલો છે તે કુમાર બ્રહ્મદત્તનું શું હિત સાધવાનો હતો ભલા ?'

તેણે રાણી ચુલની અને રાજા દીર્ઘના અવૈધ સંબંધની વાત પોતાના પુત્ર વરધનુ દ્વારા કુમારના કાને પહોંચાડી. કુમારને આ વાત ખૂબ ખરાબ લાગી. તેણે એક ઉપાય વિચાર્યો. એક કાગડા અને એક કોકિલને પિંજરામાં બંધ કરી તે અંત:પુરમાં લઈ ગયો અને રાણી ચુલનીને સંભળાવતાં કહ્યું—'જે કોઈ પણ અનુચિત સંબંધ રાખશે, તેને હું આ રીતે પાંજરામાં પૂરી દઈશ.' રાજા દીર્ઘે આ વાત સાંભળી. તેણે ચુલનીને કહ્યું—'કુમાર આપણો સંબંધ જાણી ગયો છે. મને કાગડો અને તને કોયલ માની તેણે સંકેત કર્યો છે. હવે આપણે સાવધાન થઈ જવું જોઈએ.' ચુલનીએ કહ્યું—'તે હજી બાળક છે. જે કંઈ મનમાં આવે છે તેવું બોલી દે છે.' રાજા દીર્ઘે કહ્યું—'નહિ, એવું નથી. તે આપણા પ્રેમમાં વિઘ્ન નાખશે. તેને માર્યા વિના આપણો સંબંધ નભી શકે નહિ.' ચુલનીએ કહ્યું—'જે આપ કહો છો તે ઠીક છે, પરંતુ તેને મારવો કેવી રીતે ? લોકનિંદાથી પણ આપણે ડરવું જોઈએ.' રાજા દીર્ઘે કહ્યું—'લોકાપવાદથી બચવા માટે આપણે પહેલાં તેનો વિવાહ કરી દઈએ, પછી ગમે તેમ કરી તેને મારી નાખીશું.' રાણીએ તેની વાત માની લીધી.

એક શુભ મુહૂર્તે કુમારનો વિવાહ સંપન્ન થયો. તેના શયન માટે રાજા દીર્ઘે એક હજાર થાંભલાવાળું એક લાક્ષાગૃહ બનાવડાવ્યું.

આ બાજુ મંત્રી ધનુએ રાજા દીર્ઘને વિનંતી કરી—'સ્વામી ! મારો પુત્ર વરધનુ મંત્રીપદનો કાર્યભાર સંભાળવા માટે લાયક બની ગયો છે. હું હવે કાર્યમાંથી નિવૃત્ત થવા ઈચ્છું છું.' રાજાએ તેની વિનંતી સ્વીકારી લીધી અને કપટપૂર્વક કહ્યું—'તું હવે ક્યાં જઈશ અને શું કરીશ ? અહીં જ રહે અને દાન વગેરે ધર્મોનું પાલન કર.' મંત્રીએ રાજાની વાત માની લીધી. તેણે નગર બહાર ગંગા નદીના તટ પર એક વિશાળ પરબ બનાવી. ત્યાં તે મુસાફરો અને સાધુઓ માટે પ્રચુર અન્ન-પાનનું દાન દેવા લાગ્યો. દાન અને સન્માન વડે વશીભૂત થયેલા મુસાફરો અને સાધુઓ દ્વારા તેણે લાક્ષાગૃહથી પરબ સુધીની એક સુરંગ ખોદાવી. રાજા-રાણીને આ વાતની ખબર પડી નહિ.

રાણી ચુલનીએ કુમાર બ્રહ્મદત્તને પોતાની નવવધૂ સાથે તે લાક્ષાગૃહમાં મોકલ્યો. બંને ત્યાં ગયાં. રાણીએ બાકી બધા જ્ઞાતિજનોને પોતપોતાને ઘરે રવાના કરી દીધા. મંત્રીનો પુત્ર વરધનુ ત્યાં જ રહ્યો. રાત્રિના બે પ્રહર વીત્યા. કુમાર બ્રહ્મદત્ત ગાઢ નિદ્રામાં લીન હતો. વરધનુ જાગી રહ્યો હતો. અચાનક લાક્ષાગૃહ એક જ ક્ષણમાં સળગી ઊઠ્યું. હાહાકાર મચી ગયો.

કુમાર જાગ્યો અને દિગ્મૂઢ બની વરધનુ પાસે આવી બોલ્યો–'આ શું થયું ? હવે શું કરીશું ?' વરધનુએ કહ્યું–'જેની સાથે આપનું પાણિગ્રહણ થયું છે, તે રાજકન્યા નથી. તેને બચાવવા રોકાવું ઉચિત નથી. ચાલો આપણે ભાગીએ.' તેણે કુમાર બ્રહ્મદત્તને એક સાંકેતિક સ્થાન પર લાત મારવા કહ્યું. કુમારે લાત મારી. સુરંગનું દ્વાર ઊઘડી ગયું. તેઓ તેમાં ઘૂસ્યા. મંત્રીએ પહેલેથી જ પોતાના બે વિશ્વાસુ માણસોને સુરંગના દ્વાર પર નિયુક્ત કરી રાખ્યા હતા. તેઓ ઘોડા પર ચડીને ઊભા હતા. જેવા કુમાર બ્રહ્મદત્ત અને વરધનુ સુરંગમાંથી બહાર નીકળ્યા તેવા જ તેમને ઘોડા પર ચડાવી દીધા. તેઓ બંને ત્યાંથી ચાલ્યા. પચાસ યોજન દૂર જઈ અટક્યા. લાંબી યાત્રાને કારણે ઘોડા થાકીને પડી ગયા. હવે બંને ત્યાંથી પગે ચાલતા આગળ વધ્યા. તેઓ ચાલતાં-ચાલતાં વારાણસી પહોંચ્યા.

રાજા કટકે જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તે અત્યંત પ્રસન્ન થયો અને પૂરેપૂરા સન્માન સાથે તેણે કુમાર બ્રહ્મદત્તને નગરમાં પ્રવેશ કરાવ્યો. પોતાની પુત્રી કટકાવતી સાથે તેનો વિવાહ કર્યો. રાજા કટકે દૂત મોકલી સેના સહિત પુષ્પચૂલને બોલાવી લીધો. મંત્રી ધનુ અને રાજા કણેરદત્ત પણ ત્યાં આવી પહોંચ્યા. બીજા પણ અનેક રાજાઓ આવી મળ્યા. તે બધાએ વરધનુને સેનાપતિપદે નિયુક્ત કરી કાંપિલ્યપુર પર ચડાઈ કરી. ઘમસાણ યુદ્ધ થયું. રાજા દીર્ઘ માર્યો ગયો. 'ચક્રવર્તીનો વિજય થયો'–આવો ઘોષ ચારે બાજુ પ્રસરી ગયો. દેવોએ આકાશમાંથી ફૂલો વરસાવ્યાં. 'બારમો ચક્રવર્તી ઉત્પન્ન થયો છે'–આવો નાદ થઈ રહ્યો. સામંતોએ કુમાર બ્રહ્મદત્તનો ચક્રવર્તીપદે અભિષેક કર્યો.

રાજ્યનું પરિપાલન કરતાં-કરતાં બ્રહ્મદત્ત સુખપૂર્વક રહેવા લાગ્યો. એકવાર એક નટ આવ્યો. તેણે રાજાને પ્રાર્થના કરી–'હું આજે મધુકરી ગીત નામે નાટ્યવિધિનું પ્રદર્શન કરવા માગું છું.' ચક્રવર્તીએ સ્વીકૃતિ આપી. અપરાહ્નકાળે નાટક થવા લાગ્યું. તે વેળાએ એક દાસીએ ફૂલ-માળાઓ લાવી રાજાની સામે રાખી. રાજાએ ફૂલ-માળાઓ જોઈ અને મધુકરી ગીત સાંભળ્યું. ત્યારે ચક્રવર્તીના મનમાં એક વિચાર ઉત્પન્ન થયો–'આવું નાટક તેણે પહેલાં પણ ક્યાંક જોયું છે.' તે આવા ચિંતનમાં લીન થયો અને તેને પૂર્વ-જન્મની સ્મૃતિ થઈ આવી. તેણે જાણી લીધું કે આવું નાટક પોતે સૌધર્મ દેવલોકના પદ્મગુલ નામના વિમાનમાં જોયું હતું.

તેની સ્મૃતિમાત્રથી તે મૂર્ચ્છિત થઈ જમીન પર ઢળી પડ્યો. પાસે બેઠેલા સામંતો ઊભા થઈ ગયા, ચંદનનો લેપ કર્યો. રાજાની ચેતના પાછી ફરી. સમ્રાટ આશ્વસ્ત થયો. પૂર્વજન્મના ભાઈની યાદ તેને સતાવવા લાગી. તેની શોધખોળ કરવા માટે તેણે એક રસ્તો શોધી કાઢ્યો. રહસ્ય છુપાવતાં સમ્રાટે મહામાત્ય વરધનુને કહ્યું–**'आस्व दासौ मृगौ हंसो, मातंगावमरौ तथा'**–આ શ્લોકાર્ધનો બધી જગ્યાએ પ્રચાર કરો અને એવી ઘોષણા કરો કે આ શ્લોકની પૂર્તિ કરનારને સમ્રાટ પોતાનું અડધું રાજ્ય આપી દેશે. પ્રતિદિન આવી ઘોષણા થવા લાગી. આ અર્ધશ્લોક દૂર-દૂર સુધી પ્રસરી ગયો અને વ્યક્તિ-વ્યક્તિને કંઠસ્થ થઈ ગયો.

આ બાજુ ચિત્રનો જીવ દેવલોકમાંથી ચ્યુત થઈને પુરીમતાલ નગરમાં એક ઈભ્ય શેઠને ત્યાં જન્મ્યો. યુવાન થયો. એક દિવસ પૂર્વજન્મની સ્મૃતિ થઈ અને તે મુનિ બની ગયો. એકવાર ગ્રામાનુગ્રામ વિહાર કરતાં-કરતાં તે કાંપિલ્યપુરમાં જ આવી પહોંચ્યો અને મનોરમ નામના ઉદ્યાનમાં ઊતર્યો. એક દિવસ તે કાયોત્સર્ગ કરી રહ્યો હતો. તે જ સમયે ત્યાં રહેંટ ચલાવનાર એક માણસ બોલી ઊઠ્યો–

**"आस्व दासौ मृगौ हंसौ, मातंगावमरौ तथा ।"**

મુનિએ આ સાંભળ્યું અને તેની પાછળના બે ચરણ પૂરાં કરતાં કહ્યું–

**"एषा नौ षष्ठिका जातिः, अन्योन्याभ्यां वियुक्तयोः ॥"**

રહેંટ ચલાવનાર તે વ્યક્તિએ તે બંને ચરણો એક પત્રમાં લખ્યા અને અડધું રાજ્ય મેળવવાની હોંશમાં તે દોડતો-દોડતો રાજદરબારમાં પહોંચી ગયો. સમ્રાટની પરવાનગી મેળવી તે રાજ્યસભામાં ગયો અને એકી શ્વાસે આખો શ્લોક સમ્રાટને સંભળાવી દીધો. તે સાંભળતાં જ સમ્રાટ સ્નેહવશ મૂર્ચ્છિત બની ગયો. આખી સભા ક્ષુબ્ધ બની ગઈ. સભાસદો કોપાયમાન થયા અને તેને મારવા લાગ્યા. તેમણે કહ્યું–'તેં સમ્રાટને બેભાન કરી દીધા. કેવી આ તારી શ્લોકપૂર્તિ ?' માર પડ્યો એટલે તે

બોલ્યો—'મને મારો નહિ. શ્લોકની પૂર્તિ મેં નથી કરી.' 'તો કોણે કરી છે ?'—સભાસદોએ પૂછ્યું. તે બોલ્યો—'મારા રહેંટની પાસે ઊભેલા એક મુનિએ આ પૂર્તિ કરી છે.' અનુકૂળ ઉપચાર થતાં જ સમ્રાટ સચેતન થયો. બધી વાતની જાણકારી મેળવી તે મુનિના દર્શન માટે સપરિવાર ચાલી નીકળ્યો. જંગલમાં ગયો. મુનિને જોયા. વંદના કરી વિનયપૂર્વક તેમની પાસે બેસી ગયો. છૂટા પડેલા યોગો ફરી જોડાઈ ગયા. હવે તે બંને ભાઈઓ સુખ-દુઃખનાં ફળવિપાકની ચર્ચા કરવા લાગ્યા. આ જ ચર્ચા આ અધ્યયનમાં પ્રતિપાદિત છે.[૧] બૌદ્ધ ગ્રંથોમાં પણ આ કથાનો પ્રકારાંતરે ઉલ્લેખ મળે છે.[૨]

---

૧. કથાવિસ્તાર માટે જુઓ—સુખબોધા, પત્ર ૧૮૫-૧૯૭.
૨. ચિત્ર-સંભૂત જાતક સંખ્યા ૪૯૮.

# तेरसमं अज्झयणं : તેરમું અધ્યયન
# चित्तसंभूइज्जं : ચિત્ર-સંભૂતીય

| મૂળ | संस्कृत छाया | ગુજરાતી અનુવાદ |
| --- | --- | --- |
| १. जाईपराजिओ खलु<br>कासि नियाणं तु हत्थिणपुरम्मि।<br>चुलणीए बंभदत्तो<br>उववन्नो पउमगुम्माओ ॥ | जातिपराजितः खलु<br>अकार्षीत् निदानं तु हस्तिनापुरे।<br>चुलन्यां ब्रह्मदत्तः<br>उपपन्नः पद्मगुल्मात् ॥ | ૧. જાતિથી પરાજિત થયેલા સંભૂતે હસ્તિનાપુરમાં[1] નિદાન[2] કર્યું (ચક્રવર્તી બનું એવો સંકલ્પ કર્યો). તે સૌધર્મ દેવલોકના પદ્મગુલ્મ નામે વિમાનમાં દેવ બન્યો. ત્યાંથી ચ્યવીને ચુલનીની કૂખે બ્રહ્મદત્ત ચક્રવર્તી રૂપે ઉત્પન્ન થયો. |
| २. कंपिल्ले संभूओ<br>चित्तो पुण जाओ पुरिमतालम्मि।<br>सेट्ठिकुलम्मि विसाले<br>धम्मं सोऊण पव्वइओ ॥ | काम्पिल्ये सम्भूतः<br>चित्रः पुनर्जातः पुरिमताले।<br>श्रेष्ठिकुले विशाले<br>धर्मं श्रुत्वा प्रव्रजितः ॥ | ૨. સંભૂત કાંપિલ્ય નગરમાં[3] ઉત્પન્ન થયો. ચિત્ર પુરિમતાલમાં[3] એક વિશાળ શ્રેષ્ઠીકુળમાં ઉત્પન્ન થયો. તે ધર્મ સાંભળી પ્રવ્રજિત બની ગયો. |
| ३. कंपिल्लम्मि य नयरे<br>समागया दो वि चित्तसंभूया।<br>सुहदुक्खफलविवागं<br>कहेंति ते एक्कमेक्कस्स ॥ | काम्पिल्ये च नगरे<br>समागतौ द्वावपि चित्रसम्भूतौ।<br>सुखदुःखफलविपाकं<br>कथयतस्तावेकैकस्य ॥ | ૩. કાંપિલ્ય નગરમાં ચિત્ર અને સંભૂત બંને મળ્યા. બંનેએ પરસ્પર એકબીજાના સુખદુઃખના વિપાકની વાત કરી. |
| ४. चक्कवट्टी महिड्ढीओ<br>बंभदत्तो महायसो।<br>भायरं बहुमाणेणं<br>इमं वयणमब्बवी ॥ | चक्रवर्ती महर्द्धिकः<br>ब्रह्मदत्तो महायशाः।<br>भ्रातरं बहुमानेन<br>इदं वचनमब्रवीत् ॥ | ૪. મહાન ઋદ્ધિસંપન્ન અને મહાન યશસ્વી ચક્રવર્તી બ્રહ્મદત્તે બહુમાનપૂર્વક પોતાના ભાઈને આ પ્રમાણે કહ્યું— |
| ५. आसिमो भायरो दो वि<br>अन्नमन्नवसाणुगा।<br>अन्नमन्नमणूरत्ता<br>अन्नमन्नहिएसिणो ॥ | आस्व भ्रातरौ द्वावपि<br>अन्योऽन्यवशानुगौ।<br>अन्योऽन्यमनुरक्तौ<br>अन्योऽन्यहितैषिणौ ॥ | ૫. 'આપણે બંને ભાઈ હતા—એકબીજાને વશવર્તી, પરસ્પર અનુરક્ત અને અન્યોન્યના હિતૈષુ. |
| ६. दासा दसण्णे आसी<br>मिया कालिंजरे नगे।<br>हंसा मयंगतीरे<br>सोवागा कासिभूमीए ॥ | दासौ दशार्णेषु आस्व<br>मृगौ कालिंजरे नगे।<br>हंसौ मृतगङ्गातीरे<br>श्वपाकौ काशीभूम्याम् ॥ | ૬. આપણે બંને દશાર્ણ દેશમાં દાસ, કાલિંજર પર્વત પર હરણ, મૃતગંગાના કિનારે હંસ અને કાશી દેશમાં ચાંડાળ હતા.[4] |

७. देवा य देवलोगम्मि
आसि अम्हे महिड्ढिया ।
इमा नो छट्ठिया जाई
अन्नमन्नेण जा विणा ॥

देवौ च देवलोके
आस्वाऽऽवां महर्द्धिकौ ।
इयं नौ षष्ठिका जातिः
अन्योऽन्येन या विना ॥

૭. આપણે બંને સૌધર્મ દેવલોકમાં મહાન ઋદ્ધિવાળા દેવો હતા. જેમાં આપણે એકબીજાથી છૂટા પડી ગયા હતા તેવો આ આપણો છઠ્ઠો જન્મ છે.'

८. कम्मा नियाणप्पगडा
तुमे राय ! विचिंतिया ।
तेसिं फलविवागेण
विप्पओगमुवागया ॥

कर्माणि निदानप्रकृतानि
त्वया राजन् ! विचिन्तितानि ।
तेषां फलविपाकेन
विप्रयोगमुपागतौ ॥

૮. (મુનિ–) 'હે રાજા ! તેં નિદાનકૃત કર્મોનું ચિંતન કર્યું. તેના ફળવિપાકને કારણે આપણે છૂટા પડી ગયા.'

९. सच्चसोयप्पगडा
कम्मा मए पुरा कडा ।
ते अज्ज परिभुंजामो
किं नु चित्ते वि से तहा ?॥

सत्यशौचप्रकृतानि
कर्माणि मया पुराकृतानि ।
तान्यद्य परिभुंजे
किन्नु चित्रोऽपि तानि तथा ? ॥

૯. (ચક્રવર્તી–) 'ચિત્ર ! મેં પૂર્વજન્મમાં સત્ય અને શૌચમય[૫] શુભ અનુષ્ઠાન કર્યાં હતાં. આજ હું તેનું ફળ ભોગવી રહ્યો છું. શું તું પણ એવું જ ભોગવી રહ્યો છે ?'

१०. सव्वं सुचिण्णं सफलं नराणं
कडाण कम्माण न मोक्ख अत्थि ।
अत्थेहि कामेहि य उत्तमेहिं
आया मम पुण्णफलोववेए ॥

सर्वं सुचीर्णं सफलं नराणां
कृतेभ्यः कर्मभ्यो न मोक्षोऽस्ति ।
अर्थैः कामैश्चोत्तमैः
आत्मा मम पुण्यफलोपेतः ॥

૧૦. (મુનિ–) 'મનુષ્યોનું બધું સુચીર્ણ સફળ હોય છે. કરેલાં કર્મોનું ફળ ભોગવ્યા વિના મોક્ષ (કર્મોથી છૂટકારો) નથી થતો.' મારો આત્મા ઉત્તમ અર્થ અને કામો વડે પુણ્યફળથી યુક્ત છે.'

११. जाणासि संभूय ! महाणुभागं
महिड्ढियं पुण्णफलोववेयं ।
चित्तं पि जाणाहि तहेव रायं !
इड्ढी जुई तस्स वि य प्पभूया ॥

जानासि सम्भूत ! महानुभागं
महर्द्धिकं पुण्यफलोपेतम् ।
चित्रमपि जानीहि तथैव राजन् !
ऋद्धिर्द्युतिस्तस्यापि च प्रभूता ॥

૧૧. 'સંભૂત ! જે રીતે તું પોતાને મહાનુભાગ (અચિંત્ય શક્તિ) સંપન્ન, મહાન ઋદ્ધિમાન અને પુણ્યફળથી યુક્ત માને છે, તેવી જ રીતે ચિત્રને પણ સમજ. રાજન ! તેને પણ પ્રચુર ઋદ્ધિ અને દ્યુતિ હતી.

१२. महत्थरूवा वयणप्पभूया
गाहाणुगीया नरसंघमज्झे ।
जं भिक्खुणो सीलगुणोववेया
इहऽज्जयंते समणो म्हि जाओ ॥

महार्थरूपा वचनाऽल्पभूता
गाथाऽनुगीता नरसंघमध्ये ।
यां भिक्षवः शीलगुणोपेताः
इहार्जयन्ति श्रमणोऽस्मि जातः ॥

૧૨. સ્થવિરોએ જનસમુદાય વચ્ચે અલ્પ અક્ષર અને મહાન અર્થવાળી જે ગાથા ગાઈ, જેને શીલ અને શ્રુતથી સંપન્ન ભિક્ષુઓ બહુ પ્રયત્નપૂર્વક અર્જિત કરે છે, તે સાંભળીને હું શ્રમણ બની ગયો.'[૭]

१३. उच्चोयए महु कक्के य बंभे
पवेइया आवसहा य रम्मा ।
इमं गिहं चित्त ! धणप्पभूयं
पसाहि पंचालगुणोववेयं ॥

उच्चोदयो मधुः कर्कश्च ब्रह्मा
प्रवेदिता आवसथाश्च रम्याः ।
इदं गृहं चित्र ! प्रभूतधनं
प्रशाधि पञ्चालगुणोपेतम् ॥

૧૩. (ચક્રવર્તી–) 'ઉચ્ચોદય, મધુ, કર્ક, મધ્ય અને બ્રહ્મા– આ મુખ્ય પ્રાસાદો[૮] તથા બીજા અનેક રમ્ય પ્રાસાદો છે. ચિત્ર ! પંચાલ દેશની વિશિષ્ટ વસ્તુઓથી યુક્ત અને પ્રચુર ધનથી પૂર્ણ[૯] આ ઘર છે. તેનો તું ઉપભોગ કર.

१४. नट्टेहि गीएहि य वाइएहिं
नारीजणाइं परिवारयंतो ।
भुंजाहि भोगाइं इमाइं भिक्खू !
मम रोयई पव्वज्जा हु दुक्खं ॥

नाट्यैर्गीतैश्च वादित्रैः
नारीजनान् परिवारयन् ।
भुङ्क्ष्व भोगानिमान् भिक्षो !
मह्यं रोचते प्रव्रज्या खलु दुःखम् ॥

૧૪. હે ભિક્ષુ ! તું નાટ્ય,[૧૦] ગીત અને વાદ્યોની સાથે નારીજનોથી ઘેરાયેલો એવો આ ભોગો ભોગવ. એ મને ગમે છે. પ્રવ્રજ્યા ખરેખર કષ્ટકારી છે.'

१५. तं पुव्वनेहेण कयाणुरागं
नराहिवं कामगुणेसु गिद्धं ।
धम्मस्सिओ तस्स हियाणुपेही
चित्तो इमं वयणमुदाहरित्था ॥

तं पूर्वस्नेहेन कृतानुरागं
नराधिपं कामगुणेषु गृद्धम् ।
धर्माश्रितस्तस्य हितानुप्रेक्षी
चित्र इदं वचनमुदाहार्षीत् ॥

૧૫. ધર્મમાં સ્થિત અને તેનું (રાજાનું) હિત ચાહનાર ચિત્ર મુનિએ પૂર્વભવના સ્નેહને વશ થઈ પોતાના પ્રતિ અનુરાગ રાખનાર કામગુણોમાં આસક્ત રાજાને આવું વચન કહ્યું—

१६. सव्वं विलवियं गीयं
सव्वं नट्टं विडंबियं ।
सव्वे आभरणा भारा
सव्वे कामा दुहावहा ॥

सर्वं विलपितं गीतं
सर्वं नाट्यं विडम्बितम् ।
सर्वाण्याभरणानि भाराः
सर्वे कामा दुःखावहाः ॥

૧૬. 'બધાં ગીતો વિલાપ છે, બધાં નાટ્યો વિડંબના છે, બધાં આભરણો ભાર છે અને બધાં કામ-ભોગો દુઃખાવહ છે.'[11]

१७. बालाभिरामेसु दुहावहेसु
न तं सुहं कामगुणेसु रायं ! ।
विरत्तकामाण तवोधणाणं
जं भिक्खुणं सीलगुणे रयाणं ॥

बालाभिरामेषु दुःखावहेषु
न तत्सुखं कामगुणेषु राजन् ! ।
विरक्तकामानां तपोधनानां
यद् भिक्षूणां शीलगुणे रतानाम् ॥

૧૭. 'હે રાજન ! અજ્ઞાનીઓ માટે રમણીય અને દુઃખકર કામગુણોમાં તે સુખ નથી જે સુખ કામથી વિરક્ત, શીલ અને ગુણમાં રત તપોધન ભિક્ષુને મળે છે.

१८. नरिंद ! जाई अहमा नराणं
सोवागजाई दुहओ गयाणं ।
जहिं वयं सव्वजणस्स वेस्सा
वसीय सोवागनिवेसणेसु ॥

नरेन्द्र ! जातिरधमा नराणां
श्वपाकजातिर्द्वयोः गतयोः ।
यस्यामावां सर्वजनस्य द्वेष्यौ
अवसाव श्वपाकनिवेशनेषु ॥

૧૮. હે નરેન્દ્ર ! મનુષ્યોમાં ચાંડાળ જાતિ અધમ છે. તેમાં આપણે બંને જન્મી ચૂક્યા છીએ. ત્યાં આપણે ચાંડાળોની વસ્તીમાં રહેતા હતા અને બધા લોકો આપણા તરફ દ્વેષ કરતા હતા.

१९. तीसे य जाईइ उ पावियाए
वुच्छामु सोवागनिवेसणेसु ।
सव्वस्स लोगस्स दुगंछणिज्जा
इहं तु कम्माइं पुरेकडाइं ॥

तस्यां च जातौ तु पापिकायाम्
उषितौ श्वपाकनिवेशनेषु ।
सर्वस्य लोकस्य जुगुप्सनीयौ
इह तु कर्माणि पुराकृतानि ॥

૧૯. બંનેએ કુત્સિત ચાંડાળ જાતિમાં જન્મ લીધો અને ચાંડાળોની વસ્તીમાં નિવાસ કર્યો.[12] બધા લોકો આપણી ઘૃણા કરતા હતા. આ જન્મમાં જે ઉચ્ચતા પ્રાપ્ત થઈ છે તે પૂર્વકૃત શુભકર્મોનું ફળ છે.

२०. सो दाणिसिं राय ! महाणुभागो
महिड्ढिओ पुण्णफलोववेओ ।
चइत्तु भोगाइं असासयाइं
आयाणहेउं अभिणिक्खमाहि ॥

स इदानीं राजन् ! महानुभागः
महर्द्धिकः पुण्यफलोपेतः ।
त्यक्त्वा भोगानशाश्वतान्
आदानहेतोरभिनिष्काम ॥

૨૦. હે રાજન ! વર્તમાનમાં[13] એ જ કારણે એવો તું મહાન અનુભાગ (અચિંત્ય શક્તિ) સંપન્ન, ઋદ્ધિમાન અને પુણ્યફળયુક્ત રાજા બન્યો છે. એટલા માટે તું અશાશ્વત ભોગોને છોડીને આદાન—ચારિત્રધર્મની[14] આરાધના માટે અભિનિષ્ક્રમણ કર.

२१. इह जीविए राय ! असासयम्मि
धणियं तु पुण्णाइं अकुव्वमाणो ।
से सोयई मच्चुमुहोवणीए
धम्मं अकाऊण परंसि लोए ॥

इह जीविते राजन् ! अशाश्वते
'धणियं' तु पुण्यान्यकुर्वाणः ।
स शोचति मृत्युमुखोपनीतः
धर्ममकृत्वा परस्मिंल्लोके ॥

૨૧. હે રાજન ! જે આ અશાશ્વત જીવનમાં પ્રચુર[15] શુભ અનુષ્ઠાન[16] નથી કરતો, તે મૃત્યુના મુખમાં જઈ પડતા પશ્ચાત્તાપ કરે છે અને ધર્મની આરાધના ન થવાને કારણે પરલોકમાં પણ પશ્ચાત્તાપ કરે છે.

२२. जहेह सीहो व मियं गहाय
मच्चू नरं नेइ हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया
कालम्मि तम्मिसहरा भवंति ॥

यथेह सिंहो वा मृगं गृहीत्वा
मृत्युर्नरं नयति खलु अन्तकाले ।
न तस्य माता वा पिता वा भ्राता
काले तस्यांशधरा भवन्ति ॥

૨૨. જે રીતે સિંહ હરણને પકડીને લઈ જાય છે, તે જ રીતે અંતકાળમાં મૃત્યુ મનુષ્યને લઈ જાય છે. કાળ આવે છે ત્યારે તેના માતા-પિતા કે ભાઈ અંશધર[17] નથી હોતા—પોતાના જીવનનો ભાગ આપી બચાવી શકતા નથી.

२३. न तस्स दुक्खं विभयंति नाइओ
न मित्तवग्गा न सुया न बंधवा ।
एक्को सयं पच्चणुहोइ दुक्खं
कत्तारमेवं अणुजाइ कम्मं ॥

न तस्य दुःखं विभजन्ति ज्ञातयः
न मित्रवर्गा न सुता न बान्धवाः ।
एकः स्वयं प्रत्यनुभवति दुःखं
कर्तारमेवानुयाति कर्म ॥

૨૩. જ્ઞાતિજન, મિત્રવર્ગ, પુત્ર અને સગા-વહાલાં[18] તેનું દુઃખ વહેંચી શકતા નથી. તે પોતે જ એકલો દુઃખનો અનુભવ કરે છે, કેમકે કર્મ કર્તાનું અનુગમન કરે છે.[19]

२४. चेच्चा दुपयं च चउप्पयं च
खेत्तं गिहं धणधन्नं च सव्वं ।
कम्मप्पबीओ अवसो पयाइ
परं भवं सुंदरं पावगं वा ॥

त्यक्त्वा द्विपदं च चतुष्पदं च
क्षेत्रं गृहं धन-धान्यं च सर्वम् ।
कर्मात्मद्वितीयोऽवशः प्रयाति
परं भवं सुन्दरं पापकं वा ॥

૨૪. આ પરાધીન આત્મા દ્વિપદ, ચતુષ્પદ, ખેતી, ઘર, ધાન્ય, વસ્ત્ર વગેરે બધું છોડીને માત્ર પોતાના કરેલાં કર્મોને સાથે લઈને સુખદ કે દુઃખદ પરભવમાં જાય છે.

२५. तं इक्कगं तुच्छसरीरगं से
चिईगयं डहिय उ पावगेणं ।
भज्जा य पुत्ता वि य नायओ य
दायारमन्नं अणुसंकमंति ॥

तदेककं तुच्छशरीरकं तस्य
चितिगतं दग्ध्वा तु पावकेन ।
भार्या च पुत्रोऽपि च ज्ञातयश्च
दातारमन्यमनुसङ्क्रामन्ति ।

૨૫. તે એકલા અને અસાર શરીરને અગ્નિ વડે ચિતામાં સળગાવીને સ્ત્રી, પુત્ર અને જ્ઞાતિજનો કોઈ બીજા દાતા (આજીવિકા આપનાર)ની પાછળ ચાલ્યા જાય છે.[20]

२६. उवणिज्जई जीवियमप्पमायं
वण्णं जरा हरइ नरस्स रायं !।
पंचालराया ! वयणं सुणाहि
मा कासि कम्माइं महालयाइं ॥

उपनीयते जीवितमप्रमादं
वर्णं जरा हरति नरस्य राजन् ! ।
पञ्चालराज ! वचनं श्रृणु
मा कार्षीः कर्माणि महान्ति ॥

૨૬. હે રાજન ! કર્મ ભૂલ કર્યા વિના (નિરંતર) જીવનને મૃત્યુની સમીપ લઈ જઈ રહ્યાં છે. વૃદ્ધાવસ્થા મનુષ્યના વર્ણ (સુસ્નિગ્ધ કાંતિ)નું હરણ કરી રહી છે. પંચાલરાજ ! મારું વચન સાંભળ. પ્રચુર કર્મ[21] ન કર.'

२७. अहं पि जाणामि जहेह साहू !
जं मे तुमं साहसि वक्कमेयं ।
भोगा इमे संगकरा हवंति
जे दुज्जया अज्जो ! अम्हारिसेहिं ॥

अहमपि जानामि यथेह साधो !
यन्मम त्वं साधयसि वाक्यमेतत् ।
भोगा इमे सङ्गकरा भवंति
ये दुर्जया आर्य ! अस्मादृशैः ॥

૨૭. (ચક્રવર્તી—) 'હે સાધુ ! તું મને આ જે વચન કહી રહ્યો છે તેવી જ રીતે હું પણ જાણું છું કે આ ભોગો આસક્તિજનક હોય છે. પરંતુ હે આર્ય ! અમારા જેવી વ્યક્તિઓ માટે તે દુર્જય છે.

२८. हत्थिणपुरम्मि चित्ता !
दट्ठूणं नरवइं महिड्ढियं ।
कामभोगेसु गिद्धेणं
नियाणमसुहं कडं ॥

हस्तिनापुरे चित्र !
दृष्ट्वा नरपतिं महर्द्धिकम् ।
कामभोगेषु गृद्धेन
निदानमशुभं कृतम् ॥

૨૮. ચિત્રમુનિ ! હસ્તિનાપુરમાં મહાન ઋદ્ધિવાળા ચક્રવર્તી (સનતકુમાર)ને જોઈને ભોગોમાં આસક્ત થઈ મેં અશુભ નિદાન (ભોગસંકલ્પ) કરી નાંખ્યું.

२९. तस्स मे अपडिकंतस्स
इमं एयारिसं फलं ।
जाणमाणो वि जं धम्मं
कामभोगेसु मुच्छिओ ॥

तस्य मेऽप्रतिक्रांतस्य
इदमेतादृशं फलम् ।
जानन्नपि यद् धर्मं
कामभोगेषु मूर्च्छितः ॥

૨૯. તેનું મેં પ્રતિક્રમણ (પ્રાયશ્ચિત્ત) ન કર્યું. તેનું જ આ એવું ફળ છે કે હું ધર્મને જાણતો હોવા છતાં પણ કામભોગોમાં મૂર્ચ્છિત બની રહ્યો છું.

३०. नागो जहा पंकजलावसन्नो
दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
एवं वयं कामगुणेसु गिद्धा
न भिक्खुणो मग्गमणुव्वयामो ॥

नागो यथा पङ्कजलावसन्नः
दृष्ट्वा स्थलं नाभिसमेति तीरम् ।
एवं वयं कामगुणेषु गृद्धाः
न भिक्षोर्मार्गमनुव्रजामः ॥

૩૦. જેવી રીતે પંકજલ (કાદવ)માં ફસાયેલો હાથી સ્થળને જોવા છતાં પણ કિનારે પહોંચી શકતો નથી, તેવી જ રીતે કામગુણોમાં આસક્ત બનેલા અમે શ્રમણધર્મને જાણતા હોવા છતાં પણ તેનું અનુસરણ કરી શકતા નથી.'

३१. अच्चेइ कालो तूरंति राइओ
न यावि भोगा पुरिसाण निच्चा ।
उविच्च भोगा पुरिसं चयंति
दुमं जहा खीणफलं व पक्खी ॥

अत्येति कालस्त्वरन्ते रात्रयः
न चापि भोगाः पुरुषाणां नित्याः ।
उपेत्य भोगाः पुरुषं त्यजन्ति
द्रुमं यथा क्षीणफलमिव पक्षी ॥

૩૧. (મુનિ—) 'જીવન વીતી રહ્યું છે. રાત્રિઓ ભાગી જઈ રહી છે. મનુષ્યોના ભોગો પણ નિત્ય નથી. તે મનુષ્યોને પામીને તેમને છોડી દે છે, જેવી રીતે ક્ષીણ ફળવાળા વૃક્ષને પક્ષી.

३२. जइ ता सि भोगे चइउं असत्तो
अज्जाइं कम्माइं करेहि रायं ! ।
धम्मे ठिओ सव्वपयाणुकंपी
तो होहिसि देवो इओ विउव्वी ॥

यदि तावदसि भोगान् त्यक्तुमशक्तः
आर्याणि कर्माणि कुरु राजन् ! ।
धर्मे स्थितः सर्वप्रजानुकम्पी
तस्माद् भविष्यसि देव इतो वैक्रियी ॥

૩૨. હે રાજન ! જો તું ભોગોનો ત્યાગ કરવા માટે અસમર્થ છે તો આર્યકર્મ કર. ધર્મમાં સ્થિત થઈને બધા જીવો પર અનુકંપા કરનારો બન, જેથી કરીને તું જન્માંતરમાં વૈક્રિય-શરીરવાળો દેવ બનીશ.

३३. न तुज्झ भोगे चइऊण बुद्धी
गिद्धो सि आरंभपरिग्गहेसु ।
मोहं कओ एत्तिउ विप्पलावो
गच्छामि रायं ! आमंतिओ सि ॥

न तव भोगान् त्यक्तुं बुद्धिः
गृद्धोसि आरम्भपरिग्रहेषु ।
मोघं कृत एतावान् विप्रलापः
गच्छामि राजन् ! आमन्त्रितोऽसि ॥

૩૩. તારામાં ભોગોને ત્યજવાની બુદ્ધિ નથી. તું આરંભ અને પરિગ્રહમાં આસક્ત છે. મેં વ્યર્થ જ આટલો પ્રલાપ કર્યો, તને આમંત્રિત (સંબોધિત) કર્યો. રાજન ! હવે હું જઈ રહ્યો છું.'

३४. पंचालराया वि य बंभदत्तो
साहुस्स तस्स वयणं अकाउं ।
अणुत्तरे भुंजिय कामभोगे
अणुत्तरे सो नरए पविट्ठो ॥

पञ्चालराजोपि च ब्रह्मदत्तः
साधोस्तस्य वचनमकृत्वा ।
अनुत्तरान् भुक्त्वा कामभोगान्
अनुत्तरे स नरके प्रविष्टः ॥

૩૪. પંચાલ જનપદના રાજા બ્રહ્મદત્તે મુનિના વચનનું પાલન ન કર્યું. તે અનુત્તર કામભોગો ભોગવીને અનુત્તર (અપ્રતિષ્ઠાન) નરકમાં ગયો.

३५. चित्तो वि कामेहि विरत्तकामो
उदग्गचारित्ततवो महेसी ।
अणुत्तरं संजमं पालइत्ता
अणुत्तरं सिद्धिगइं गओ ॥

चित्रोपि कामेभ्यो विरक्तकामः
उदग्रचारित्रतपा महर्षिः ।
अनुत्तरं संयमं पालयित्वा
अनुत्तरां सिद्धिगतिं गतः ॥

૩૫. કામનાથી વિરક્ત અને ઉદાત્ત ચારિત્ર-તપવાળા મહર્ષિ ચિત્ર અનુત્તર સંયમનું પાલન કરી અનુત્તર સિદ્ધિગતિને પ્રાપ્ત થયા.

—त्ति बेमि ।

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

टिप्पण
# અધ્યયન ૧૩ : ચિત્ર-સંભૂતીય

### ૧. હસ્તિનાપુરમાં (हत्थिणपुरम्मि)

વર્તમાનકાળમાં આની ઓળખ હસ્તિનાપુર ગામ વડે આપવામાં આવે છે. તે મેરઠ જિલ્લાના મવાના તાલુકામાં મેરઠથી બાવીસ માઈલ ઉત્તર-પૂર્વમાં આવેલ છે.

વિશેષ વિવરણ માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ભાગ ૨, પરિશિષ્ટ....

### ૨. નિદાન (नियाणं)

નિદાનનો અર્થ છે—પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિ માટે કરવામાં આવનાર સંકલ્પ. આ આર્તધ્યાનના ચાર પ્રકારોમાં ચોથા પ્રકારમાં આવે છે. દશાશ્રુતસ્કંધ, દશા ૧૦માં આનું વિસ્તૃત વર્ણન મળે છે.

પ્રસ્તુત પ્રસંગમાં મુનિ સંભૂત દ્વારા કરવામાં આવેલ નિદાનનો ઉલ્લેખ છે. નમૂચી વડે પરાજિત થઈને મુનિ સંભૂતે તેજોલેશ્યાનો પ્રયોગ કર્યો. સમગ્ર નગર અંધકારમય બની ગયું. નગરજનો ભયભીત બની ગયા. ચક્રવર્તી સનત્‌કુમાર અને નગરજનો મુનિ પાસે આવ્યા. અનુનય-વિનય કરી તેજોલેશ્યાના સંહરણની પ્રાર્થના કરી. ચક્રવર્તીની પત્ની સુનંદા મુનિના ચરણોમાં પડી ગઈ. તેના કેશના સુખદ અને કોમળ સ્પર્શથી મુનિ વિચલિત બની ગયા. તેમણે નિદાન કર્યું—જો મારી તપસ્યાનું ફળ હોય તો હું પછીના જન્મમાં ચક્રવર્તી બનું.

આખી કથા માટે જુઓ—આમુખ.

### ૩. કાંપિલ્ય નગરમાં (कंपिल्ले)

ઉત્તર પ્રદેશના ફરૂખાબાદ જિલ્લામાં ફતેહગઢથી અઠ્યાવીસ માઈલ ઉત્તર-પૂર્વમાં ગંગા નદી પાસે કાંપિલ ગામ છે. કાંપિલ્યની ઓળખ આ જ ગામ સાથે કરવામાં આવે છે.

વિશેષ વિવરણ માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ભાગ ૨, પરિશિષ્ટ....

### પુરિમતાલમાં (पुरिमतालम्मि)

માનભૂમની પાસે 'પુરુલિયા' નામે ગામ છે. આ અયોધ્યાનું શાખા-નગર છે. માનવામાં આવે છે કે આ જ પુરિમતાલ છે.

વિશેષ વિવરણ માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ભાગ ૨, પરિશિષ્ટ......

### ૪. (શ્લોક ૬)

**दसण्णे**—દશાર્ણ દેશ. બુંદેલખંડ અને કેન નદીના પ્રદેશને દશાર્ણ માનવામાં આવે છે. આ નામના બે દેશો મળે છે—પૂર્વ દશાર્ણ અને પશ્ચિમ દશાર્ણ. પૂર્વ દશાર્ણ મધ્યપ્રદેશના છત્તીસગઢ જિલ્લામાં આવેલું માનવામાં આવે છે. પશ્ચિમ દશાર્ણમાં ભોપાળ રાજ્ય અને પૂર્વી માળવાનો સમાવેશ થાય છે.

**कालिंजरे नगे**—કાલિંજર પર્વત. આ બાંદાથી પૂર્વમાં સ્થિત એક પહાડ છે. આને તીર્થસ્થાન પણ માનવામાં આવે છે.

**मयंगतीरे**—મૃતગંગાના કિનારે. ચૂર્ણિ અને સર્વાર્થસિદ્ધિ અનુસાર ગંગા પ્રતિ વર્ષ નવા-નવા માર્ગે જઈ સમુદ્રને મળે છે. જે માર્ગ લાંબા સમયથી ત્યજાયેલો હોય—વહેતાં-વહેતાં ગંગાએ જે માર્ગ છોડી દીધો હોય—તેને મૃતગંગા કહેવામાં આવે છે.[1]

**कासिभूमिए**—કાશી દેશમાં. કાશી જનપદ પૂર્વમાં મગધ, પશ્ચિમમાં વત્સ, ઉત્તરમાં કોશલ અને દક્ષિણમાં સોણ નદી સુધી વિસ્તૃત હતું. તેની રાજધાની હતી વારાણસી. આજ બનારસને જ કાશી કહેવામાં આવે છે.

વિશેષ વિવરણ માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ભાગ ૨, પરિશિષ્ટ....

### ૫. સત્ય અને શૌચમય (सच्चसोय....)

ચૂર્ણિકારે સત્યના બે અર્થ કર્યા છે—સહુ માટે હિતકર અને સંયમ. શૌચ શબ્દના ત્રણ અર્થ મળે છે—વિશુદ્ધિ, માયારહિત અનુષ્ઠાન અર્થાત્ વ્રતોનો સ્વીકાર અને તપ.[2]

વૃત્તિમાં સત્યનો અર્થ છે—મૃષા ભાષાનો ત્યાગ અને શૌચનો અર્થ છે—માયારહિત અનુષ્ઠાન.[3]

### ૬. (શ્લોક ૧૦)

પ્રસ્તુત શ્લોકનું વાક્ય છે—**कडाण कम्माण न मोक्ख अत्थि**—કરેલાં કર્મોનું ફળ ભોગવ્યા વિના છૂટકારો નથી થતો. પ્રશ્ન થાય છે—શું બધાં કર્મોનું ફળ ભોગવવું પડે છે? ચૂર્ણિકારનો મત છે કે જે કર્મો નિધત્તિ અને નિકાચિત રૂપમાં બદ્ધ છે, તેમને ભોગવવાં જ પડે છે.[4] બાકીનાં કર્મોને બદલી શકાય છે—તેમના રસને મંદ અને સ્થિતિને ઓછી કરી શકાય છે.

પરંતુ કર્મ-સિદ્ધાંત અનુસાર ચૂર્ણિનું આ મંતવ્ય વિચારણીય છે. નિધત્તિમાં ઉદ્વર્તના અને અપવર્તના—બંને હોય છે. નિકાચિતમાં કોઈ પરિવર્તન થતું નથી.

### ૭. (શ્લોક ૧૨)

**वयणप्पभूया**—આનાં સંસ્કૃત રૂપો 'वचनाऽप्रभूता' અથવા 'वचनाल्पभूता'—બંને થઈ શકે છે. બંનેનો અર્થ છે—અલ્પ અક્ષરવાળી.[5]

**सीलगुणोववेया**—આનો અર્થ છે—શીલ અને શ્રુત વડે સંપન્ન. શીલ અને ગુણ—આ બે શબ્દોનો અર્થ 'अपृथक्' અને 'पृथक्'—બંને રૂપો વડે કરી શકાય છે. વૃત્તિકારે 'શીલ'નો અર્થ 'ચારિત્ર' કરી તેને જ ગુણ માનેલ છે—ચારિત્ર રૂપી ગુણ. વિકલ્પે તેમણે 'ગુણ'નો અર્થ 'શ્રુત' કર્યો છે.[6]

વિશેષાવશ્યક ભાષ્યમાં 'ચરણગુણ' શબ્દ પ્રયોજાયો છે. વૃત્તિકાર મલધારી હેમચન્દ્રે આ બંને શબ્દોની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે[7]—

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २१५ : मतगंगा—हेट्ठाभूमीए गंगा, अण्णमण्णेहिं मग्गेहिं जेण पुव्वं वोढूणं पच्छा ण वहति सा मतगंगा भण्णति ।

(ખ) सर्वार्थसिद्धि, पृ. २६१ :

गंगा विशति पाथोधिं, वर्षे वर्षे पराध्वना ।
वाहस्तत्रचिरात् त्यक्तो, मृतगंगेति कथ्यते ॥

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २१५ ।

૩. बृहद्वृत्ति, पत्र ३८४ ।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. २१५ : बद्धपुव्वा णिधत्तणिकाइयाणं ण मोक्खो अत्थि ।

૫. बृहद्वृत्ति, पत्र ३८५ ।

૬. बृहद्वृत्ति, पत्र ३८५ : शीलं चारित्रं, तदेव गुणः, यद् वा गुणः पृथगेव ज्ञानम् । ततः शीलगुणेन शीलगुणाभ्यां वा चारित्रज्ञानाभ्याम् ।

૭. विशेषावश्यक भाष्य, गाथा १, शिष्यहिता व्याख्या, पृ. २ ।

ચરણ—મહાવ્રત, શ્રમણધર્મ વગેરે મૂળ ગુણ અથવા સર્વચારિત્ર કે દેશચારિત્ર.

ગુણ—ઉત્તરગુણ અથવા દર્શન અને જ્ઞાન.

**अज्जयंते**—આ ક્રિયાપદ છે. બૃહદ્‌વૃત્તિકારે 'अज्जयंते' (अर्जयन्ति) અથવા 'जयंते' (यतन्ते)—આ બંનેની વ્યાખ્યા કરી છે. 'अर्जयन्ति' અર્થાત્ પઠન, શ્રવણ અને અનુષ્ઠાન દ્વારા પ્રાપ્ત કરે છે. 'यतन्ते'ને ક્રિયાપદ માનવાથી ત્રીજા ચરણનો અનુવાદ થશે—જેને સાંભળીને ચારિત્રગુણયુક્ત ભિક્ષુ જિન-પ્રવચનમાં યત્ન કરે છે.[1]

## ૮. પ્રાસાદ (आवसहा)

પ્રસ્તુત શ્લોકમાં મૂળમાં ચાર પ્રકારના પ્રાસાદો(મહેલો)નો ઉલ્લેખ છે—ઉચ્ચોદય, મધુ, કર્ક અને બ્રહ્મા. શ્લોકના પ્રથમ ચરણમાં પ્રયુક્ત 'च' દ્વારા 'મધ્ય' નામના પ્રાસાદનું ગ્રહણ અભિપ્રેત છે. ચૂર્ણિ અને વૃત્તિમાં આ પાંચેય પ્રાસાદોનો નામોલ્લેખ છે, પણ તેમનાં સ્વરૂપની સમજૂતી નથી. આ પાંચેય ભવનો ઉપરાંત બીજાં ભવનો ચક્રવર્તીઓ જ્યાં ઈચ્છે તે જ સ્થાનમાં વર્ધકિ રત્ન દ્વારા તૈયાર થઈ જાય છે.[2]

હરમન જેકોબીએ 'उच्चोदए' શબ્દને તોડીને 'ઉચ્ચ' અને 'ઉદય' નામના પ્રાસાદો માનીને પાંચની સંખ્યા પૂરી કરી છે. તેમણે 'મધ્ય' નામે પ્રાસાદ માન્યો નથી.[3]

## ૯. ચિત્ર ! ....પ્રચુર ધનથી પૂર્ણ (चित्त ! धणप्पभूयं)

વૃત્તિકારે 'चित्तधणप्पभूयं' એવું પદ માનીને તેનું સંસ્કૃત રૂપ 'प्रभूतचित्रधनं' આપ્યું છે. તેમણે 'चित्र'ના બે અર્થ કર્યા છે—આશ્ચર્યકારક અને અનેક પ્રકારનું.[4]

વાસ્તવિક રીતે અહીં 'चित्त' (સં.चित्र) શબ્દ સંબોધન છે અને 'धणप्पभूयं' ગૃહનું વિશેષણ છે.

જેકોબીએ પણ આમ જ માનીને પોતાના મતના સમર્થનમાં લ્યૂમેનનું સાક્ષ્ય આપ્યું છે.[5]

## ૧૦. નાટ્ય (नट्टेहि)

શાન્ત્યાચાર્યે 'नट्ट'ની વ્યાખ્યા 'નાટ્ય' અને 'નૃત્ય' આ બંને રૂપોમાં કરી છે. જેમાં બત્રીસ પાત્રો હોય તે 'નાટ્ય' અને જેમાં અંગહાર (અંગવિક્ષેપ)ની પ્રધાનતા હોય તે 'નૃત્ય' કહેવાય છે.[6]

ભારતીય નૃત્યના ત્રણ વિભાગો છે—નાટ્ય, નૃત્ય અને નૃત્ત.

**નાટ્ય**—કોઈ એક રસમૂલક અવસ્થાના અનુકરણને નાટ્ય કહે છે. નાટ્યના આઠ રસ હોય છે—શ્રૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત. નવમો શાંત રસ નાટ્યમાં નગણ્ય છે. રસનો આધાર છે ભાવ. ભાવનાં ઉદ્દીપ્ત થવાં પર રસની સૃષ્ટિ સર્જાય છે.

---

૧. बृहद्‌वृत्ति, पत्र ३८५ : अज्जयंते त्ति अर्जयन्ति पठनश्रवण-तदर्थानुष्ठानादिभिरावर्जयन्ति । यद्वा 'जं भिक्खुणो' इत्यत्र श्रुत्वेति शेषः, ततो यां श्रुत्वा 'जयंत' त्ति इह—अस्मिन् जिनप्रवचने 'यतन्ते' यत्नवन्तो भवन्ति ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २१६ ।

૩. जैन सूत्राज, पृ. ५८ ।

૪. बृहद्‌वृत्ति, पत्र ३८६ : चित्तधणप्पभूयं ति तत्र प्रभूतं—बहु चित्रम्—आश्चर्यमनेकप्रकारं वा धनमस्मिन्निति प्रभूतचित्र-धनं, सूत्रे तु प्रभूतशब्दस्य परनिपातः ।

૫. जैन सूत्राज, पृ. ५८, फुटनोट नं. १ ।

૬. बृहद्‌वृत्ति, पत्र ३८६ : 'णट्टेहिं' ति द्वात्रिंशत्पात्रोपलक्षितै-र्नाट्यैर्नृत्यैर्वा—विविधाङ्गहारादिस्वरूपैः ।

નાટ્યની અવસ્થાનુકૃતિ ચાર પ્રકારનાં સાધનો વડે થાય છે—

(૧) આંગિક—હાથ-પગનું સંચાલન. આની અંતર્ગત મુદ્રાઓ આવે.

(૨) વાચિક—સ્વર, વાણી તથા ભાવનું અનુકરણ.

(૩) આહાર્ય—વેશભૂષાનું અનુકરણ.

(૪) સાત્ત્વિક—સાત્ત્વિક ભાવોનું અનુકરણ.

સાત્ત્વિક ભાવો આઠ છે—

(૧) સ્તંભ—અંગ-સંચાલન શક્તિનો લોપ થવો.

(૨) પ્રલય—સંજ્ઞાનો લોપ થવો.

(૩) રોમાંચ—રુંવાડાં ઊભા થવાં.

(૪) સ્વેદ—પરસેવો વળી જવો.

(૫) વૈવર્ણ્ય—રંગ બદલાઈ જવો.

(૬) વેપથુ—કંપારી છૂટવી.

(૭) અશ્રુ—આંસુ વહાવવાં.

(૮) વૈશ્વર્ય—સ્વર વિકૃત થવો.

**નૃત્ય**—ભાવ-મૂલક અવસ્થાનુકૃતિને 'નૃત્ય' કહે છે. ભાવ મનના વિકારને કહે છે. ભાવ બે પ્રકારના હોય છે—સ્થાયી ભાવ અને સંચારી ભાવ. સ્થાયી ભાવ હૃદય પર લાંબા સમય સુધી અંકિત રહે છે. સંચારી ભાવ તરંગોની માફક થોડા સમય સુધી જ ટકે છે. તેમની સંખ્યા તેત્રીસ કહેવામાં આવી છે.

**નૃત્ત**—લય તથા તાલ-મૂલક અવસ્થાનુકૃતિને 'નૃત્ત' કહે છે. નૃત્ય અને નૃત્ત મૂક હોય છે. એમનામાં વાચિક સાધનનો પ્રયોગ હોતો નથી. મૂક નૃત્યની ભાષા અનુભાવ (સાત્ત્વિક-ભાવ) અને મુદ્રાઓ છે. નૃત્ય દ્વારા ભાવ-પ્રદર્શન થાય છે અને નૃત્ત દ્વારા લય અને તાલ-પ્રદર્શન થાય છે.

૧૧. (શ્લોક ૧૬)

પ્રસ્તુત શ્લોકમાં જે ચાર વાતોનું કથન કરવામાં આવ્યું છે તે સાપેક્ષ વકતવ્ય છે. આ વિરાગ અથવા પરમાર્થની ભૂમિકાનો દૃષ્ટિકોણ છે.

(૧) **सव्वं विलवियं गीयं**—

'विलवियं'નો અર્થ છે—વિલાપ. વૃત્તિકારે વિલાપના બે હેતુઓ માન્યા છે—નિરર્થકતા અને રુદનમૂલકતા. ગીત વિલાપ એટલા માટે છે કે તે મત્ત બાળકોની માફક નિરર્થક હોય છે. તે વિલાપ એટલા માટે છે કે તે વિધવા અથવા પરદેશ ગયેલા પતિની પત્નીના રુદનમાંથી પેદા થાય છે, એટલા માટે તે રુદનધર્મા છે.

નોકર પોતાના કોપાયમાન સ્વામીને પ્રસન્ન કરવા માટે જે-જે વચન બોલે છે, પોતાની જાતને દાસની માફક હાજર કરીને, પ્રણામ કરીને જે કંઈ યાચના કરે છે, તે બધો વિલાપ જ છે. પ્રોષિતભર્તૃકા સ્ત્રી અને નોકર જે ક્રિયાઓ કરે છે, તે બધી ગીત કહેવાય છે. શું તે વિલાપ નથી ? રોગથી અભિભૂત અથવા ઇષ્ટના વિયોગથી દુ:ખી વ્યક્તિ શું વિલાપ નથી કરતી ? એ જ રીતે જે ગીત વગેરે ગાય છે, તેઓ રાગની વેદનાથી અભિભૂત થઈને ગાય છે. આ પણ વિલાપ જ છે.[1]

(૨) **सव्वं नट्टं विडंबियं**—

ચૂર્ણિકારે વિડંબનાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે—જે સ્ત્રી કે પુરુષ યક્ષાવિષ્ટ છે, શત્રુ પક્ષ દ્વારા અવરુદ્ધ છે અથવા મદ્ય પીને ઉન્મત્ત બની ગયેલ છે, તે શરીર અને વાણી વડે જે ચેષ્ટાઓ કરે છે તે બધી વિડંબના છે. એ જ રીતે જે સ્ત્રી કે પુરુષ પોતાના

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २१६, २१७।

સ્વામીના સંતોષ માટે અથવા કોઈ ધનવાન વડે નિયુક્ત કરવામાં આવે ત્યારે શાસ્ત્રીય વિધિ અનુસાર નાટ્યની સહાય લઈ હાથ, પગ, આંખ, હોઠ વગેરેનું સંચાલન કરે છે—વિવિધ પ્રકારની મુદ્રાઓનો હાવ-ભાવ કરતાં-કરતાં નાચે છે, તે બધી વિડંબના જ છે.[1]

(૩) **सव्वे आभरणा भारा**—

જે માણસ કોઈની આજ્ઞાને વશ થઈ મુકુટ વગેરે આભરણો ધારણ કરે છે, તે ભારનો અનુભવ કરીને પીડિત થાય છે. જે બીજાઓને વિસ્મિત કરવા માટે તે જ આભરણોને પોતે ધારણ કરે છે ત્યારે કાર્યના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ભાર અનુભવતો નથી. પણ વાસ્તવમાં આભરણો ભારભૂત જ હોય છે.[2]

એક શ્રેષ્ઠિપુત્રની પુત્રવધૂ બહુ પ્રેમાળ અને સુકોમળ અંગોવાળી હતી. એક વાર સાસુએ તેને કહ્યું—'વહુ ! ચોકમાં જે પથ્થરની લોઢી પડી છે, તે લઈ આવ.' તે બોલી—'બા ! તે બહુ વજનદાર છે, હું તેને ઉપાડી શકતી નથી.' પતિએ વિચાર્યું—'આને શારીરિક શ્રમ ગમતો નથી.' તેણે એક ઉપાય વિચાર્યો. તેણે તે પથ્થર ઉપર સોનાનો ઢોળ ચડાવ્યો અને તેને ગળાના આભૂષણનું રૂપ આપી દીધું. તે લઈને તે પત્ની પાસે આવી બોલ્યો—'હું સોનાનું એક આભૂષણ લાવ્યો છું. તે વજનદાર જરૂર છે, પણ છે સુંદર અને મૂલ્યવાન.' પત્ની બોલી—'કોઈ ચિંતા નહિ. હું તે ગળામાં પહેરી લઈશ.' તેણે તેને ગળામાં પહેરી લીધો. તે ભારે વજનદાર હતો. ગળાને માટે પણ આરામદાયક ન હતો. પણ હતો સુવર્ણના આભૂષણરૂપ. કેટલાક દિવસો વીત્યા. એક દિવસ પતિએ હસીને કહ્યું—'પ્રિયે ! તેં તે દિવસે કહ્યું હતું કે પથ્થરની લોઢી ભારે છે, એટલા માટે હું ઉપાડી શકતી નથી. પરંતુ તું વીસ દિવસથી તે જ લોઢીને ગળામાં લટકાવીને ઘૂમી રહી છે. શું ભાર ન લાગ્યો ?' આટલું સાંભળતાં જ તે શરમિંદી થઈ પોતે કાઢેલા બહાના માટે પશ્ચાત્તાપ કરવા લાગી.

### ૧૨. બંનેએ .... નિવાસ કર્યો (वुच्छामु)

વૃત્તિમાં 'वुच्छा' અને 'मु'ને અલગ-અલગ માનીને 'वुच्छा'નો અર્થ નિવાસ કરવામાં આવ્યો છે અને 'मु'નો અર્થ—આપણે બંનેએ—કરવામાં આવ્યો છે.[3]

### ૧૩. વર્તમાનમાં (दाणिसिं)

બૃહદ્વૃત્તિકારે 'सिं'ને પદ-પૂર્તિ માટે માન્યું છે અને વૈકલ્પિક રૂપે 'दाणिसिं'ને દેશી ભાષાનો શબ્દ માની તેનો અર્થ 'इदानीं'—વર્તમાનમાં—એવો કર્યો છે.[4]

### ૧૪. આદાન-ચારિત્ર ધર્મની (आयाण)

'आयाण'નાં સંસ્કૃત રૂપો બે બને છે—'आदान' અને 'आयान'. આગમોમાં આ શબ્દ અનેક અર્થોમાં પ્રયોજાયો છે—

૧. ઇન્દ્રિય.[5] ૨. જ્ઞાન વગેરે.[6]

૩. માર્ગ.[7] ૪. આદિ—પ્રથમ.[8]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २१७।

૨. એજન, પૃ. ૨૧૭।

૩. बृहद्वृत्ति, पत्र ३८७ : वुच्छे ति उषितौ, 'मु' इत्यावां ।

૪. बृहद्वृत्ति, पत्र ३८७ : इदानीम् काले 'सिं' त्ति पूरणे यद् वा 'दाणिसिं' ति देशीयभाषयेदानीम् ।

૫. (ક) सूयगडो १।१२।२२ : आयाणगुत्ते वलयाविमुक्के ।
(ખ) आयारो ६।३५ : ...आयाणप्पभिइं सुपणिहिए चरे ।

૬. सूयगडो १।१४।१७ : आदाणमट्ठी वोदाणमोणं ।

૭. એજન, १।१।५३ : संति मे तओ आयाणा, जेहिं केरइ पावं ।

૮. अणुओगदाराइं, सूत्र ३११ : से किं तं दसं नामे ?.....—आयाणपएणं ।

૫. વ્રતોનો સ્વીકાર.[1] ૬. સંયમ.[2] ૭. કર્મ.[3] ૮. ચારિત્ર.[4]
૯. ઉપાદાન.[5] ૧૦. પરિગ્રહ.[6] ૧૧. જ્ઞાન, દર્શન અને ચારિત્ર.[7]

### ૧૫. પ્રચુર (धणियं)

આ દેશીપદ 'પ્રચુર'ના અર્થમાં પ્રયુક્ત છે.

### ૧૬. શુભ અનુષ્ઠાન (पुण्णाइं)

અહીં 'પુણ્ય' પદ ધર્મના અર્થમાં પ્રયુક્ત છે. ચોથા ચરણમાં 'ધર્મ' શબ્દનો પ્રયોગ પણ છે. 'पुव्वाइं अकुव्वमाणो' અને 'धम्मं अकाऊण'—આ બંનેમાં સંબદ્ધતા છે. પુણ્ય નવ પદાર્થોમાંનો એક પદાર્થ છે. તેનો અર્થ છે—શુભ કર્મ પુદ્‌ગલનો ઉદય. અહીં આ અર્થ પ્રાસંગિક નથી.

### ૧૭. અંશધર (अंसहर)

આનાં સંસ્કૃત રૂપો બે બને છે—'अंशधर' અને 'अंशहर'. 'अंशधर'નો અર્થ છે—પોતાના જીવનનો અંશ આપી મરતાને બચાવનાર. 'अंशहर'નો અર્થ છે—દુ:ખમાં ભાગ પડાવનાર.[8]

### ૧૮. જ્ઞાતિ....બાંધવ (नाइओ....बंधवा)

જ્ઞાતિ અને બંધુ—આ બંને શબ્દોનો અર્થ ભિન્ન છે. જે દૂરવર્તી સ્વજન છે, તે જ્ઞાતિ કહેવાય છે. જે નિકટવર્તી સગાં-સંબંધી છે તેઓ બંધુ કહેવાય છે.[9]

### ૧૯. (एक्को....अणुजाइ कम्मं)

કર્મવાદનો સિદ્ધાંત છે—પ્રાણી એકલો જ પોતાનાં દુ:ખ અને સુખનો અનુભવ કરે છે. કોઈ પણ તેમાં ભાગ પડાવતું નથી. જેવી રીતે—वत्सो विन्दति मातरं—વાછડો ગાયની પાછળ-પાછળ ચાલે છે, તેવી જ રીતે કર્મ કર્તાનું અનુગમન કરે છે. કર્મનો સિદ્ધાંત નિતાંત વ્યક્તિવાદી છે. કર્મ કરવા અને ભોગવવામાં વ્યક્તિ માત્ર વ્યક્તિ રહે છે. આ ક્ષેત્રમાં તે ક્યારેય સામુદાયિક બનતો નથી.

### ૨૦. બીજા દાતાની પાછળ ચાલ્યા જાય છે (दायारमन्नं अणुसंकमंति)

---

१. सूयगडो २।७।२२ : समणोवासगस्स आयाणसो आमरणं-ताए।
२. सूत्रकृतांगवृत्ति, पत्र २३५ : तथा मोक्षार्थिनाऽदीयते—गृह्यते इत्यादानं—संयमः ।
३. એજન, वृत्ति पत्र २३५ : यदि वा मिथ्यात्वादिनादीयते इत्यादानं—अष्टप्रकारं कर्म ।
४. उत्तरज्झयणाणि १३।२० : आयाणहेउं अभिणिक्खमाहि। चूर्णि पृ. २१८ : आदाणं णाम चारित्तं ।
५. आयारो ३।७३ : आयाणं ( णिसिद्धा ? ) सगडब्भि ।
६. એજન, ६।५९ : एवं खु मुणी आयाणं....। वृत्ति पत्र २२१: आदानं—वस्त्रं कर्म वा ।
७. आचारांग चूर्णि, पत्र २१७ : आयाणं नाणादि तियं ।
८. (क) उत्तराध्ययन चूर्णि, पृ. २१८ : अंशो नाम दुःखभागः, तमस्य न हरन्ति, अहवा स्वजीवितांशेन ण तं मरंतं धारयंति ।
(ख) बृहद्वृत्ति, पत्र ३८८-३८९ : अंशं—प्रक्रमाज्जीवितव्यभागं धारयंति—मृत्युना नीयमानं रक्षन्तीत्यंशधराः .... अथवा अंशो – दुःखभागस्तं हरन्ति – अपनयन्ति ये ते अंशहरा भवन्तीति ।
९. बृहद्वृत्ति, पत्र ३८९ : ज्ञातयः—दूरवर्तिनः स्वजनाः ।..... बान्धवाः—निकटवर्तिनः स्वजनाः ।

આ પદ્યાંશ પ્રાચીન કૌટુંબિક પરંપરાનો દ્યોતક છે. તે સમયે ઘરનો મોવડી મરી જતાં, બીજાને મોવડી બનાવી લેવામાં આવતો હતો. ઘરનું સ્વામિત્વ તેનું જ થઈ જતું હતું.

વ્યક્તિ જ્યારે મરી જાય છે ત્યારે જ્ઞાતિજનો તેને વહેલામાં વહેલી તકે સ્મશાનઘાટે લઈ જવા ઈચ્છે છે. તેઓ તેના શબને સ્મશાનમાં લઈ જઈ લોકલાજથી તેને સળગાવી રાખ કરી નાખે છે. પછી તેઓ કેટલાંક લૌકિક કૃત્યો કરે છે, રડે છે, વિલાપ કરે છે, પછી તેને ભૂલી જઈ પોતાના સ્વાર્થ-સંપાદન માટે આજીવિકા આપનાર બીજા દાતાનો આશ્રય લઈ લે છે. પછી તેઓ ક્યારેય પેલાનું અનુગમન તો દૂર રહ્યું, તેની વાત પણ કરતા નથી.

## ૨૧. પ્રચુર કર્મ (कम्माइं महालयाइं)

ચૂર્ણિકાર અનુસાર તેનો અર્થ છે—અનંત અને દીર્ઘ સ્થિતિવાળા કર્મો. તેમને ક્ષીણ કરવાનું કષ્ટસાધ્ય હોય છે, એટલા માટે તેમને દીર્ઘકાળ સુધી ભોગવવાં પડે છે.[1]

વૃત્તિમાં આનો મુખ્ય અર્થ પ્રચુર કે અનંત છે અને વૈકલ્પિક અર્થ છે—અત્યંત ચીકણાં કર્મો, એવાં કર્મો કે જેમનો અનુભાગ—ભોગવટો બહુ સઘન હોય.[2]

## ૨૨. (व)

'इव' અર્થમાં ચાર અવ્યય પ્રયુક્ત થાય છે—'पिव', 'मिव', 'विव' અને 'व'. અહીં 'व' 'इव'ના અર્થમાં પ્રયોજાયેલ છે.

## ૨૩. આરંભ અને પરિગ્રહમાં (आरंभ परिग्गहेसु)

આરંભ અને પરિગ્રહ—આ એક યુગલ છે. આરંભનો અર્થ છે—હિંસા અને પરિગ્રહનો અર્થ છે—પદાર્થનો સંગ્રહ. બંને અન્યોન્યાશ્રિત છે. પરિગ્રહ હિંસામૂલક હોય છે. હિંસા માટે પરિગ્રહ નથી થતો, પરિગ્રહ માટે હિંસા થાય છે. એટલા માટે હિંસા અને પરિગ્રહ સાથે-સાથે ચાલે છે—હિંસા + પરિગ્રહ, હિંસા + પરિગ્રહ.

સ્થાનાંગ સૂત્રમાં જીવને અનેક વસ્તુઓની અનુપલબ્ધિમાં આરંભ અને પરિગ્રહને મુખ્ય હેતુ માન્યો છે—आरंभे चेव परिग्गहे चेव ।[3]

## ૨૪. (શ્લોક ૩૪-૩૫)

'अणुत्तर'—અનુત્તર શબ્દ બે શ્લોકોમાં ચાર વાર પ્રયોજાયો છે. ચોત્રીસમા શ્લોકમાં તે કામ-ભોગ અને નરકનું વિશેષણ છે. પાંત્રીસમામાં તે સંયમ અને સિદ્ધિ-ગતિનું વિશેષણ છે. અનુત્તરનો અર્થ છે—પ્રકૃષ્ટ. બ્રહ્મદત્તના કામ-ભોગો પ્રકૃષ્ટ હતા, એટલા માટે તે મરીને પ્રકૃષ્ટ (સર્વોત્કૃષ્ટ) નરકમાં ઉત્પન્ન થયો. સ્થાનાંગમાં બતાવવામાં આવ્યું છે કે બ્રહ્મદત્ત ચક્રવર્તી મરીને સાતમી પૃથ્વી અપ્રતિષ્ઠાન નામે નરકમાં ગયો.[4]

ચિત્રનો સંયમ પ્રકૃષ્ટ હતો, એટલા માટે તે પ્રકૃષ્ટ (સર્વોત્કૃષ્ટ) સુખમય સિદ્ધિ-ગતિમાં ગયો.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २१९ : कम्माइं महालयाइं.... अनन्तानीत्यर्थ:, दुर्मोचकत्वाच्च चिरस्थितिकानि ।

૨. बृहद्वृत्ति, पत्र ३९० : महालयाणि त्ति अतिशयमहान्ति, महान् वा लय:—कर्माश्लेषो येषु तानि ।

૩. ठाणं २।४१-६२ ।

૪. ठाणं २।४४८ : दो चक्कवट्टी अपरिचत्तकामभोगा कालमासे कालं किच्चा अहेसत्तमाए पुढवीए अपइट्ठाणे णरए नेरइत्ताए उववन्ना तं जहा—सुभूमे चेव बंभदत्ते चेव ।

# चउदसमं अज्झयणं

उसुयारिज्जं

# ચૌદમું અધ્યયન

ઇષુકારીય

# આમુખ

આ અધ્યયનનાં છ પાત્રો છે—(૧) મહારાજ ઈષુકાર (૨) રાણી કમલાવતી (૩) પુરોહિત ભૃગુ (૪) પુરોહિતની પત્ની યશા અને (૫-૬) પુરોહિતના બે પુત્રો.

આમાં ભૃગુ પુરોહિતનું કુટુંબ જ આ અધ્યયનનું પ્રધાન પાત્ર છે. પરંતુ રાજાની લૌકિક પ્રધાનતાને કારણે આ અધ્યયનનું નામ 'ઈષુકારીય' રાખવામાં આવ્યું છે.[1]

આ અધ્યયનનો પ્રતિપાદ્ય વિષય છે—'અન્યત્વ ભાવના'નો ઉપદેશ. આગમ-કાળમાં ઘણાં ધર્મમતોની એવી માન્યતા હતી કે પુત્ર વિના ગતિ થતી નથી, સ્વર્ગ મળતું નથી. જે વ્યક્તિ ગૃહસ્થ-ધર્મનું પાલન કરે છે તે સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે. જેને કોઈ સંતાન નથી તેનો કોઈ લોક નથી. પુત્રથી જ પરભવ થાય છે—સુધરે છે. આનાં જ ફળરૂપે—

૧. 'अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च ।
गृहिधर्ममनुष्ठाय, तेन स्वर्गं गमिष्यति ॥'

૨. 'अनपत्यस्य लोका न सन्ति ।'

૩. 'पुत्रेण जायते लोकः, इत्येषा वैदिकी श्रुतिः ।
अथ पुत्रस्य पुत्रेण, स्वर्गलोके महीयते ॥'

વગેરે-વગેરે સૂક્તો પ્રચલિત થઈ રહ્યાં હતાં અને લોકોનો મોટો ભાગ તેમાં વિશ્વાસ રાખવા લાગ્યો હતો. પુત્ર-પ્રાપ્તિ માટે બધાં જ સંભાવિત પ્રયત્નો કરવામાં આવતા હતા. પુત્રોત્પત્તિને જીવનની મહાન સફળતા માનવામાં આવતી હતી. આ વિચારધારાએ દાંપત્ય-જીવનનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરી દીધો હતો, પરંતુ અધ્યાત્મ પ્રતિ ઉદાસીન ભાવ પ્રતિદિવસ વધતો જતો હતો. તે સમયે એવી માન્યતા પ્રચલિત હતી કે જો પુત્ર વડે જ સ્વર્ગની પ્રાપ્તિ થતી હોય તો દાન વગેરે ધર્મો નકામા છે.

ભગવાન મહાવીર સ્વર્ગ અને નરકની પ્રાપ્તિમાં વ્યક્તિ-વ્યક્તિની પ્રવૃત્તિને મહત્ત્વ આપતા હતા. તેમણે કહ્યું—'પુણ્ય-પાપ વ્યક્તિ-વ્યક્તિના પોતાનાં હોય છે. માતા-પિતા, ભાઈ-બંધુ, પુત્ર-સ્ત્રી વગેરે કોઈપણ પ્રાણી રક્ષણકર્તા નથી હોતું. બધાને સ્વતંત્ર રૂપે પોતપોતાના કર્મોનો ફળ-વિપાક ભોગવવો પડે છે.' આ અધ્યયનમાં આ ભાવનાનું સ્પષ્ટ ચિત્રાંકન છે.

નિર્યુક્તિકારે અગિયાર ગાથાઓમાં કથાવસ્તુ પ્રસ્તુત કરેલ છે. તેમાં બધા પાત્રોનાં પૂર્વ-ભવ, વર્તમાન-ભવમાં તેમની ઉત્પત્તિ તથા નિર્વાણનું સંક્ષિપ્ત ચિત્રાંકન છે.[2]

પૂર્વ અધ્યયનમાં વર્ણિત ચિત્ર અને સંભૂત પૂર્વજન્મમાં બે ગોવાળ મિત્રો હતા. તેમને સાધુની કૃપાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. તેઓ ત્યાંથી મરી દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યુત થઈ તેમણે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના એક ઇભ્ય-કુળમાં જન્મ લીધો. તેઓ મોટા થયા. ચાર ઇભ્ય-પુત્રો તેમના મિત્રો બન્યા. તે બધાએ યુવાનીમાં કામ-ભોગોનો ઉપભોગ કર્યો, પછી સ્થવિરો પાસે ધર્મ સાંભળી પ્રવ્રજિત થયા. લાંબા સમય સુધી સંયમનું પાલન કર્યું. અંતમાં અનશન કરી સૌધર્મ દેવલોકના પદ્મગુલ્મ નામના વિમાનમાં ચાર પલ્યની આયુ-સ્થિતિવાળા દેવો બન્યા. બંને ગોવાળ-પુત્રોને છોડી બાકીના ચારે મિત્રો ત્યાંથી ચ્યુત થયા. તેમાંનો એક કુરુ-જનપદના ઈષુકાર નામે નગરમાં ઈષુકાર નામનો રાજા થયો અને બીજો તે જ રાજાની રાણી કમલાવતી. ત્રીજો ભૃગુ નામે પુરોહિત બન્યો અને ચોથો ભૃગુ પુરોહિતની પત્ની યશા. ઘણો કાળ વીત્યો. ભૃગુ પુરોહિતને કોઈ પુત્ર ન થયો. પતિ-પત્ની ચિંતિત રહેવા લાગ્યાં.

એક વાર તે બંને ગોવાળ-પુત્રોએ, જે ત્યારે દેવ-ભવમાં હતા, અવધિજ્ઞાનથી જાણ્યું કે તેઓ ભૃગુ પુરોહિતના પુત્ર થશે.

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३६२ : तत्तो समुट्ठियमिणं उसुआरिज्जं ति अज्झयणं ॥
उसुआरनामगोए वेयंतो भावओ अ उसुआरो ।

૨. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३६३-३७३ ।

તેઓ ત્યાંથી ચાલ્યા. શ્રમણનું રૂપ બનાવી ભૃગુ પુરોહિતની પાસે આવ્યા. ભૃગુ અને યશાએ બંનેની વંદના કરી. મુનિઓએ ધર્મનો ઉપદેશ આપ્યો. ભૃગુ-દંપતિએ શ્રાવકના વ્રતો સ્વીકાર્યા. પુરોહિતે પૂછ્યું—'ભગવંત ! અમારે કોઈ પુત્ર થશે કે નહિ ?' શ્રમણ-યુગલે કહ્યું—'તમારે બે પુત્રો થશે, પરંતુ તેઓ બાલ્યાવસ્થામાં જ દીક્ષિત થઈ જશે. તેમની પ્રવ્રજ્યામાં તમે કોઈ બાધા ઉપસ્થિત કરશો નહિ. તેઓ દીક્ષિત થઈને ધર્મ-શાસનની પ્રભાવના કરશે.' આમ કહી બંને શ્રમણો ત્યાંથી ચાલ્યા ગયા. પુરોહિત પતિ-પત્નીને પ્રસન્નતા થઈ. કાળાંતરે તે બંને દેવો પુરોહિતની પત્નીના ગર્ભમાં આવ્યા. દીક્ષાના ભયથી પુરોહિત નગર છોડી વ્રજગામમાં જઈ વસ્યો. ત્યાં પુરોહિતની પત્ની યશાએ બે પુત્રોને જન્મ આપ્યો. તે થોડા મોટા થયા. માતા-પિતાએ વિચાર્યું કે ક્યાંક તેઓ દીક્ષિત ન થઈ જાય, આથી એક વાર તેમણે બંનેને કહ્યું—'પુત્રો ! આ શ્રમણો સુંદર-સુંદર બાળકોને ઉપાડી જાય છે અને મારીને તેમનું માંસ ખાઈ જાય છે. એટલા માટે તેમની પાસે તમે બંને ક્યારેય ન જશો.'

એક વાર બંને બાળકો રમતાં-રમતાં ગામથી ખૂબ દૂર જઈ ચડ્યા. તેમણે જોયું કે કેટલાક સાધુઓ તે જ રસ્તે આવી રહ્યા હતા. ભયભીત બની તેઓ એક વૃક્ષ પર ચડી ગયા. સંયોગવશ સાધુઓ પણ તે જ વૃક્ષની સઘન છાયામાં આવીને બેઠા. બાળકોનો ભય વધી ગયો. માતા-પિતાની શીખામણ સ્મૃતિ-પટ પર નાચવા લાગી. સાધુઓએ થોડી વાર આરામ કર્યો. ઝોળીમાંથી પાત્રો કાઢ્યાં અને બધા એક મંડળી બનાવી ભોજન કરવા લાગ્યા. બાળકોએ જોયું કે મુનિના પાત્રોમાં માંસ જેવી કોઈ વસ્તુ હતી જ નહિ. સાધુઓને સામાન્ય ભોજન કરતાં જોઈ બાળકોનો ભય દૂર થયો. બાળકોએ વિચાર્યું—'અહો ! આપણે આવા સાધુઓ બીજે પણ ક્યાંક જોયા છે.' ચિંતન આગળ ચાલ્યું. તેમને જાતિ-સ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેઓ નીચે ઊતર્યા, મુનિઓની વંદના કરી અને સીધા પોતાના માતા-પિતા પાસે આવ્યા.

તેમણે માતા-પિતાને કહ્યું—'અમે જોઈ લીધું છે કે મનુષ્ય-જીવન અનિત્ય છે, વિઘ્ન-બહુલ છે અને આયુષ્ય થોડું છે. એટલા માટે અમને ઘરમાં કોઈ આનંદ નથી. અમે મુનિ-ચર્યા સ્વીકાર કરવા માટે આપની અનુમતિ ઈચ્છીએ છીએ.' (શ્લોક ૭)

પિતાએ કહ્યું—'પુત્રો ! વેદોને જાણનારાઓ આ પ્રમાણે કહે છે કે જેમને પુત્ર નથી હોતો તેમની ગતિ નથી થતી. માટે વેદોનું અધ્યયન કરો. બ્રાહ્મણોને ભોજન કરાવો. સ્ત્રીઓ સાથે ભોગ કરો. પુત્રોત્પત્તિ કરો. પુત્રોનો વિવાહ કરી, તેમને ઘર સોંપી પછી અરણ્યનિવાસી પ્રશસ્ત મુનિ બની જજો.' (શ્લોક ૮, ૯)

પુત્રોએ કહ્યું—'વેદો ભણવાથી પણ રક્ષણરૂપ થતા નથી. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી તેઓ નરકમાં લઈ જાય છે. ઔરસ પુત્રો પણ રક્ષણકર્તા બનતા નથી. કામ-ભોગો ક્ષણિક સુખ આપનાર અને ચિરકાળ દુઃખ આપનાર છે, ઘણું દુઃખ અને થોડું સુખ આપનાર છે, સંસાર-મુક્તિના વિરોધી અને અનર્થોની ખાણ છે. કાળ સદા તૈયાર ઊભો છે. આવી સ્થિતિમાં પ્રમાદ કેવી રીતે કરાય ?' (શ્લોક ૧૨, ૧૩, ૧૫)

પિતાએ કહ્યું—'પુત્રો ! જેમના માટે સામાન્યપણે લોકો તપ કર્યા કરે છે તે સઘળું કંઈ—પ્રચુર ધન, સ્ત્રીઓ, સ્વજનો અને ઈન્દ્રિયોના વિષયો તમને અહીં જ પ્રાપ્ત છે. પછી તમે શા માટે શ્રમણ થવા ઈચ્છો છો ?' (શ્લોક ૧૬)

પુત્રોએ કહ્યું—'જ્યાં ધર્મની ધુરા વહન કરવાનો અધિકાર છે ત્યાં ધન, સ્વજન અને ઈન્દ્રિયોના વિષયોનું શું પ્રયોજન ? અમે બધા પ્રતિબંધોથી મુક્ત થઈ ભિક્ષા વડે નિર્વાહ કરનારા શ્રમણ થઈશું.' (શ્લોક ૧૭)

નાસ્તિક માન્યતાનો એવો ઘોષ હતો કે શરીરથી જુદું કોઈ ચૈતન્ય નથી. પાંચ ભૂતોના સમવાયથી તેની ઉત્પત્તિ થાય છે અને જ્યારે તે ભૂતો અલગ થઈ જાય છે ત્યારે ચૈતન્ય પણ નષ્ટ થઈ જાય છે. 'અરણીમાં અગ્નિ, દૂધમાં ઘી અને તલમાં તેલ અવિદ્યમાન હોવા છતાં પણ ઉચિત પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થઈ જાય છે. તે જ રીતે ભૂતો વડે ચૈતન્યની ઉત્પત્તિ માનવી જોઈએ.' (શ્લોક ૧૮)

આસ્તિક માન્યતા સ્પષ્ટ કરતાં પુત્રોએ કહ્યું—'આત્મા અમૂર્ત છે એટલા માટે તે ઈન્દ્રિયો દ્વારા ગમ્ય નથી. તે અમૂર્ત છે એટલા માટે નિત્ય છે. આત્માના આંતરિક દોષો જ તેના બંધનનાં કારણ છે અને બંધન જ સંસારનું કારણ છે. (શ્લોક ૧૯)

પિતા-પુત્રનો આ વાર્તાલાપ આગળ ચાલે છે. પિતા બ્રાહ્મણ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરી દલીલો કરે છે અને બંને પુત્રો

શ્રમણ સંસ્કૃતિના આધાર પર ચર્ચા કરે છે. અંતમાં પુરોહિતને સંસારની અસારતા અને ક્ષણભંગુરતા પર વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તેનું મન સંવેગથી ભરાઈ જાય છે. તે પોતાની પત્નીને સમજાવે છે. પૂર્ણ વિચાર-વિમર્શ કરી ચારેય (માતા-પિતા તથા બંને પુત્રો) પ્રવ્રજિત થઈ જાય છે.

અહીં એક સામાજિક રહસ્યનું ઉદ્ઘાટન થયું છે. તે સમયે રાજ્યનો એવો નિયમ હતો કે જેનો કોઈ ઉત્તરાધિકારી નથી હોતો તેની સંપત્તિ રાજાની માનવામાં આવતી. ભૃગુ પુરોહિતનો સમગ્ર પરિવાર દીક્ષિત થઈ ગયો. રાજાએ આ વાત સાંભળી. તેણે તેની બધી સંપત્તિ પર અધિકાર કરવા ઈચ્છ્યું. રાણી કમલાવતીને આની ખબર પડી અને તેણે રાજાને કહ્યું—'રાજન ! વમન કરેલું ખાનાર પુરુષની પ્રસંશા થતી નથી. આપ બ્રાહ્મણ દ્વારા ત્યજાયેલાં ધનને લેવા ઈચ્છો છો, આ તો વમન કરેલું પીધા જેવું છે.' (શ્લોક ૩૭, ૩૮)

રાણીએ ભોગોની અસારતા પર પૂરેપૂરો પ્રકાશ પાડ્યો. રાજાના મનમાં વૈરાગ્ય જાગી ઊઠ્યો. રાજા-રાણી બંને પ્રવ્રજિત થઈ ગયા. આ રીતે આ અધ્યયન બ્રાહ્મણ-પરંપરા તથા શ્રમણ પરંપરાની મૌલિક માન્યતાઓની ચર્ચા પ્રસ્તુત કરે છે. નિર્યુક્તિકારે રાજાને માટે 'સીમંધર' નામનો પણ પ્રયોગ કર્યો છે.[1] વૃત્તિકારે 'ઈષુકાર' રાજ્યકાલીન નામ અને 'સીમંધર' રાજાનું મૌલિક નામ હોવાની કલ્પના કરી છે.[2]

બૌદ્ધ-સાહિત્યના હસ્તિપાલ જાતક (૫૦૯)માં થોડાં પરિવર્તન સાથે આ કથાનું નિરૂપણ થયું છે.

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३७३ : सीमंधरो य राया...... ।

૨. बृहद्वृत्ति, पत्र ३९४ : अत्र चेषुकारमिति राज्यकालनाम्ना सीमन्धरश्चेति मौलिकनाम्नेति सम्भावयामः ।

# चउदसमं अज्झयणं : ચૌદમું અધ્યયન
# उसुयारिज्जं : ઈષુકારીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
| --- | --- | --- |
| १. देवा भवित्ताण पुरे भवम्मी<br>केई चुया एगविमाणवासी ।<br>पुरे पुराणे उसुयारनामे<br>खाए समिद्धे सुरलोगरम्मे ॥ | देवा भूत्वा पुरा भवे<br>केचिच्च्युता एकविमानवासिनः ।<br>पुरे पुराणे इषुकारनाम्नि<br>ख्याते समृद्धे सुरलोकरम्ये ॥ | ૧. પૂર્વ જન્મમાં, દેવો બનીને એક જ વિમાનમાં રહેનારા[1] કેટલાક જીવો દેવલોકમાંથી ચ્યુત થયા. તે સમયે ઈષુકાર નામનું એક નગર હતું—પ્રાચીન, પ્રસિદ્ધ, સમૃદ્ધિશાળી અને દેવલોક સમાન. |
| २. सकम्मसेसेण पुराकएण<br>कुलेसु दग्गेसु य ते पसूया ।<br>निव्विणसंसारभया जहाय<br>जिणिंदमग्गं सरणं पवन्ना ॥ | स्वकर्मशेषेण पुराकृतेन<br>कुलेषूदग्रेषु च ते प्रसूताः ।<br>निर्विण्णाः संसारभयाद् हित्वा<br>जिनेन्द्रमार्गं शरणं प्रपन्नाः ॥ | ૨. તે જીવોનાં પોતાનાં પૂર્વકૃત પુણ્યકર્મો બાકી હતાં.[2] તે કારણે તેઓ ઈષુકાર નગરનાં ઉત્તમ કુળોમાં ઉત્પન્ન થયા. સંસારના ભયથી ખિન્ન થઈને તેમણે ભોગો છોડી દીધા અને જિનેન્દ્ર-માર્ગનાં શરણમાં ગયા. |
| ३. पुमत्तमागम्म कुमार दो वी<br>पुरोहिओ तस्स जसा य पत्ती ।<br>विसालकित्ती य तहोसुयारो<br>रायत्थ देवी कमलावई य ॥ | पुंस्त्वमाऽऽगम्य कुमारौ द्वावपि<br>पुरोहितः तस्य यशा च पत्नी ।<br>विशालकीर्तिश्च तथेषुकारः<br>राजात्र देवी कमलावती च ॥ | ૩. બંને પુરોહિત કુમારો, પુરોહિત, તેની પત્ની યશા, વિશાળ કીર્તિવાળો ઈષુકાર રાજા અને તેની રાણી કમલાવતી—આ છએ વ્યક્તિઓ મનુષ્ય-જીવન પ્રાપ્ત કરી જિનેન્દ્ર-માર્ગનાં શરણમાં ગયા. |
| ४. जाईजरामच्चुभयाभिभूया<br>बहिंविहाराभिनिविट्ठचित्ता ।<br>संसारचक्कस्स विमोक्खणट्ठा<br>दट्ठूण ते कामगुणे विरत्ता ॥ | जातिजरामृत्युभयाभिभूतौ<br>बहिर्विहाराभिनिविष्टचित्तौ ।<br>संसारचक्रस्य विमोक्षणार्थं<br>दृष्ट्वा तौ कामगुणेभ्यो विरक्तौ ॥ | ૪-૫. બ્રાહ્મણને યોગ્ય યજ્ઞ વગેરે કરનારા પુરોહિતના બંને પ્રિય પુત્રોએ એક વાર નિર્ગ્રંથને જોયો. તેમને પૂર્વ-જન્મની સ્મૃતિ થઈ આવી અને સારી રીતે આચરેલાં તપ અને સંયમની સ્મૃતિ જાગી ઊઠી. તેઓ જન્મ, જરા અને મૃત્યુ[3]ના ભયથી ભયભીત થયા. તેમનાં મન મોક્ષ તરફ ખેંચાયાં. સંસારચક્ર[4]માંથી મુક્તિ મેળવવા માટે તેઓ કામ-ગુણોથી વિરક્ત થઈ ગયા.[5] |
| ५. पियपुत्तगा दोन्नि वि माहणस्स<br>सकम्मसीलस्स पुरोहियस्स ।<br>सरित्तु पोराणिय तत्थ जाइं<br>तहा सुचिण्णं तवसंजमं च ॥ | प्रियपुत्रकौ द्वावपि ब्राह्मणस्य<br>स्वकर्मशीलस्य पुरोहितस्य ।<br>स्मृत्वा पौराणिकीं तत्र जातिं<br>तथा सुचीर्णं तपःसंयमं च ॥ | |
| ६. ते कामभोगेसु असज्जमाणा<br>माणुस्सएसुं जे यावि दिव्वा ।<br>मोक्खाभिकंखी अभिजायसड्ढा<br>तायं उवागम्म इमं उदाहु ॥ | तौ कामभोगेष्वसजन्तौ<br>मानुष्यकेषु ये चापि दिव्याः ।<br>मोक्षाभिकाङ्क्षिणावभिजातश्रद्धौ<br>तातमुपागम्येदमुदाहरताम् ॥ | ૬. તેઓની મનુષ્ય અને દેવસંબંધી કામ-ભોગોની આસક્તિ ચાલી ગઈ. મોક્ષની અભિલાષા અને ધર્મની શ્રદ્ધા વડે પ્રેરિત થઈ તેઓ પિતા પાસે આવ્યા અને આ પ્રમાણે કહેવા લાગ્યા— |

७. असासयं दट्ठु इमं विहारं
बहुअंतरायं न य दीहमाउं ।
तम्हा गिहंसि न रइं लहामो
आमंतयामो चरिस्सामु मोणं ॥

अशाश्वतं दृष्ट्वेमं विहारं
बह्वन्तरायं न च दीर्घमायुः ।
तस्माद् गृहे न रतिं लभावहे
आमंत्रयावहे चरिष्यावो मौनम् ॥

૭. 'અમે જોયું છે કે આ મનુષ્ય-જીવન[૭] અનિત્ય છે, તેમાં પણ વિઘ્નો ઘણાં છે અને આયુષ્ય થોડું છે. એટલા માટે ઘરમાં અમને કોઈ આનંદ નથી. અમે મુનિચર્યા[૮] સ્વીકારી લેવા માટે આપની અનુમતિ ઈચ્છીએ છીએ.'

८. अह तायगो तत्थ मुणीण तेसिं
तवस्स वाघायकरं वयासी ।
इमं वयं वेयविओ वयंति
जहा न होई असुयाण लोगो ॥

अथ तातकस्तत्र मुन्योस्तयोः
तपसो व्याघातकरमवादीत् ।
इमां वाचं वेदविदो वदन्ति
यथा न भवत्यसुतानां लोकः ॥

૮. તેમના પિતાએ તે કુમાર મુનિઓ[૯]ની તપસ્યામાં વિઘ્ન પેદા કરનારી વાતો કહી—'પુત્રો ! વેદોના જાણકારો એમ કહે છે કે જેમને પુત્ર નથી હોતો તેમની ગતિ થતી નથી.

९. अहिज्ज वेए परिविस्स विप्पे
पुत्ते पडिट्ठप्प गिहंसि जाया ! ।
भोच्चाण भोए सह इत्थियाहिं
आरण्णगा होह मुणी पसत्था ॥

अधीत्य वेदान् परिवेष्य विप्रान्
पुत्रान् प्रतिष्ठाप्य गृहे जातौ ! ।
भुक्त्वा भोगान् सह स्त्रीभिः
आरण्यकौ भवतं मुनी प्रशस्तौ ॥

૯. પુત્રો ! એટલા માટે વેદો ભણો. બ્રાહ્મણોને ભોજન કરાવો. સ્ત્રીઓની સાથે ભોગો ભોગવો. પુત્રો પેદા કરો. તેમના વિવાહ કરી, ઘરનો ભાર સોંપી પછી અરણ્યવાસી પ્રશસ્ત મુનિ બનજો.'[૧૦]

१०. सोयग्गिणा आयगुणिंधणेणं
मोहाणिला पज्जलणाहिएणं ।
संतत्तभावं परितप्पमाणं
लोलुप्पमाणं बहुहा बहुं च ॥

शोकाग्निना आत्मगुणेन्धनेन
मोहानिलात् प्रज्वलनाधिकेन ।
संतप्तभावं परितप्यमानं
लोलुप्यमानं बहुधा बहुं च ॥

११. पुरोहियं तं कमसोऽणुणंतं
निमंतयंतं च सुए धणेणं ।
जहक्कमं कामगुणेहिं चेव
कुमारगा ते पसमिक्ख वक्कं ॥

पुरोहितं तं क्रमशोऽनुनयन्तं
न्मिंत्रयन्तं च सुतौ धनेन ।
यथाक्रमं कामगुणैश्चैव
कुमारकौ तौ प्रसमीक्ष्य वाक्यम् ॥

૧૦-૧૧. બંને કુમારોએ ખૂબ વિચાર કરીને તે પુરોહિતને—જેનું મન અને શરીર, આત્મગુણરૂપી ઈંધણ અને મોહરૂપી પવનથી અત્યંત પ્રજ્વલિત શોકાગ્નિ વડે સંતપ્ત અને પરિતપ્ત થઈ રહ્યું હતું,[૧૧] જેનું હૃદય વિયોગની આશંકાથી અતિશય[૧૨] છિન્ન થઈ રહ્યું હતું, જે એક-એક કરીને પોતાના અભિપ્રાયો પુત્રોને સમજાવી રહ્યો હતો અને તેમને ધન અને ક્રમથી આવી મળેલાં કામ-ભોગોનું નિમંત્રણ આપી રહ્યો હતો—આ વચનો કહ્યાં—

१२. वेया अहीया न भवंति ताणं
भुत्ता दिया निंति तमं तमेणं ।
जाया य पुत्ता न हवंति ताणं
को णाम ते अणुमन्नेज्ज एयं ॥

वेदा अधीता न भवन्ति त्राणं
भोजिता द्विजा नयन्ति तमस्तमसि ।
जाताश्च पुत्रा न भवन्ति त्राणं
को नाम तवानुमन्येतैतत् ॥

૧૨. 'વેદો ભણવા છતાં પણ તે રક્ષક બનતા નથી. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી તેઓ અંધકારમય[૧૩] નરકમાં લઈ જાય છે. ઔરસ-પુત્રો પણ રક્ષક બનતા નથી.[૧૪] એટલા માટે આપે કહ્યું તેનું અનુમોદન કોણ કરી શકે ?

१३. खणमेत्तसोक्खा बहुकालदुक्खा
पगामदुक्खा अणिगामसोक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया
खाणी अणत्थाण उ कामभोगा ॥

क्षणमात्रसौख्या बहुकालदुःखाः
प्रकामदुःखा अनिकामसौख्याः ।
संसारमोक्षस्य विपक्षभूताः
खानिरनर्थानां तु कामभोगाः ॥

૧૩. આ કામ-ભોગો ક્ષણિક સુખ અને ચિરકાળ દુઃખ આપનારા છે, ઘણું દુઃખ અને થોડું સુખ આપનારા છે, સંસાર-મુક્તિના વિરોધી છે અને અનર્થોની ખાણ છે.

१४. परिव्वयंते अणियत्तकामे
अहो य राओ परितप्पमाणे ।
अन्नप्पमत्ते धणमेसमाणे
पप्पोति मच्चुं पुरिसे जरं च ॥

परिव्रजन्ननिवृत्तकामः
अह्नि च रात्रौ परितप्यमानः ।
अन्यप्रमत्तो धनमेषयन्
प्राप्नोति मृत्युं पुरुषो जरां च ॥

૧૪. જેને કામનાઓમાંથી મુક્તિ નથી મળી તે પુરુષ અતૃપ્તિના અગ્નિથી સંતપ્ત થઈ દિવસ-રાત પરિભ્રમણ કરે છે. બીજાઓને માટે પ્રમત્ત થઈને[૧૫] ધનની શોધમાં લાગેલો તે જરા અને મૃત્યુને મેળવે છે.

१५. इमं च मे अत्थि इमं च नत्थि
इमं च मे किच्च इमं अकिच्चं।
तं एवमेवं लालप्पमाणं
हरा हरंति त्ति कहं पमाए ? ॥

इदं च मेऽस्ति इदं च नास्ति
इदं च मे कृत्यमिदमकृत्यम्।
तमेवमेवं लालप्यमानं
हरा हरन्तीति कथं प्रमादः ?॥

૧૫. આ મારી પાસે છે અને આ નથી, આ મારે કરવું છે અને આ કરવું નથી—આ રીતે નિરર્થક બકવાસ કરતા પુરુષને ઉપાડી લેનાર કાળ[12] ઉપાડી લે છે. આવી સ્થિતિમાં પ્રમાદ કેવી રીતે કરાય ?'

१६. धणं पभूयं सह इत्थियाहिं
सयणा तहा कामगुणा पगामा।
तवं कए तप्पइ जस्स लोगो
तं सव्व साहीणमिहेव तुब्भं ॥

धनं प्रभूतं सह स्त्रीभिः
स्वजनास्तथा कामगुणाः प्रकामाः।
तपः कृते तप्यति यस्य लोकः
तत् सर्वं स्वाधीनमिहैव युवयोः ॥

૧૬. 'જેના માટે લોકો તપ કર્યા કરે છે તે સર્વ કંઈ—પ્રચુર ધન, સ્ત્રીઓ, સ્વજનો અને ઈન્દ્રિયોના વિષયો તમને અહીં જ મળેલા છે પછી શા માટે તમે શ્રમણ થવા ઈચ્છો છો ?'—પિતાએ કહ્યું.

१७. धणेण किं धम्मधुराहिगारे
सयणेण वा कामगुणेहि चेव।
समणा भविस्सामु गुणोहधारी
बहिंविहारा अभिगम्म भिक्खं ॥

धनेन किं धर्मधुराधिकारे
स्वजनेन वा कामगुणैश्चैव।
श्रमणौ भविष्यावो गुणौघधारिणौ
बहिर्विहारावभिगम्य भिक्षाम् ॥

૧૭. પુત્રો બોલ્યા—'પિતાજી ! જ્યાં ધર્મની ધુરાને વહન કરવાનો અધિકાર છે ત્યાં ધન, સ્વજન અને ઈન્દ્રિય-વિષયોનું શું પ્રયોજન છે ? કંઈ પણ નહિ. અમે ગુણસમૂહથી સંપન્ન શ્રમણ બનીશું, પ્રતિબંધ-મુક્ત બનીને ગામો અને નગરોમાં વિહાર કરનારા તથા ભિક્ષા લઈને જીવન ચલાવનારા.'[13]

१८. जहा य अग्गी अरणीउसंतो
खीरे घयं तेल्ल महातिलेसु।
एमेव जाया ! सरीरंसि सत्ता
संमुच्छई नासइ नावचिट्ठे ॥

यथा चाग्निररणितोऽसन्
क्षीरे घृतं तैलं महातिलेषु।
एवमेव जातौ ! शरीरे सत्त्वाः
संमूर्च्छन्ति नश्यन्ति नावतिष्ठन्ते ॥

૧૮. 'પુત્રો ! જે રીતે અરણીમાં અવિદ્યમાન અગ્નિ પેદા થાય છે, દૂધમાં ઘી અને તલમાં તેલ પેદા થાય છે, તેવી જ રીતે શરીરમાં જીવો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. શરીરનો નાશ થઈ જતાં તેમનું અસ્તિત્વ રહેતું નથી.'—પિતાએ કહ્યું.[14]

१९. नो इंदियग्गेज्झ अमुत्तभावा
अमुत्तभावा वि य होइ निच्चो।
अज्झत्थहेउं निययस्स बंधो
संसारहेउं च वयंति बंधं ॥

नो इन्द्रियग्राह्योऽमूर्तभावात्
अमूर्तभावादपि च भवति नित्यः।
अध्यात्महेतुर्नियतोऽस्य बन्धः
संसारहेतुं च वदन्ति बन्धम् ॥

૧૯. કુમારો બોલ્યા—'પિતાજી ! આત્મા અમૂર્ત છે એટલા માટે તેને ઈન્દ્રિયો વડે જાણી શકાય નહિ. તે અમૂર્ત છે એટલા માટે નિત્ય છે. એ નિશ્ચિત છે કે આત્માના આંતરિક દોષો જ તેના બંધનના હેતુ છે અને બંધન જ સંસારનો હેતુ છે.'—આમ કહ્યું છે.[15]

२०. जहा वयं धम्ममजाणमाणा
पावं पुरा कम्ममकासि मोहा।
ओरुज्झमाणा परिरक्खियंता
तं नेव भुज्जो वि समायरामो ॥

यथाऽवां धर्ममजानानौ
पापं पुरा कर्माकार्ष्व मोहात्।
अवरुध्यमानौ परिरक्ष्यमाणौ
तन्नैव भूयोऽपि समाचरावः ॥

૨૦. 'અમે ધર્મને જાણતા ન હતા ત્યાં સુધી ઘરમાં રહ્યા, અમારું લાલન-પાલન થતું રહ્યું અને મોહવશ અમે પાપ-કર્મોનું આચરણ કર્યું. પરંતુ હવે પછી પાપ-કર્મોનું આચરણ કરીશું નહિ.'

२१. अब्भाहयंमि लोगंमि
सव्वओ परिवारिए।
अमोहाहिं पडंतीहिं
गिहंसि न रइं लभे ॥

अभ्याहते लोके
सर्वतः परिवारिते।
अमोघाभिः पतन्तीभिः
गृहे न रतिं लभावहे ॥

૨૧. 'આ લોક પીડિત થઈ રહ્યો છે, ચારે તરફથી ઘેરાઈ ગયેલો છે, અમોઘા[16] આવી રહી છે. આવી સ્થિતિમાં અમને સુખ મળતું નથી.'

२२. केण अब्भाहओ लोगो ?
केण वा परिवारिओ ?।
का वा अमोहा वुत्ता ?
जाया ! चिंतावरो हुमि ॥

केनाभ्याहतो लोकः ?
केन वा परिवारितः ?।
का वाऽमोघा उक्ताः ?
जातौ ! चिन्तापरो भवामि ॥

૨૨. 'પુત્રો ! આ લોક કોનાથી પીડિત છે? કોનાથી ઘેરાયેલો છે? અમોઘા કોને કહેવામાં આવે છે? હું જાણવા માટે ચિંતાતુર છું.'—પિતાએ કહ્યું.

२३. मच्चुणाऽब्भाहओ लोगो
जराए परिवारिओ ।
अमोहा रयणी वुत्ता
एवं ताय ! वियाणह ॥

मृत्युनाऽभ्याहतो लोकः
जरया परिवारितः ।
अमोघा रात्रय उक्ताः
एवं तात ! विजानीहि ॥

૨૩. કુમારો બોલ્યા—'પિતાજી ! આપ જાણી લો કે આ લોક મૃત્યુથી પીડિત છે, જરાથી ઘેરાયેલ છે અને રાત્રિને અમોઘા કહેવામાં આવે છે.

२४. जा जा वच्चइ रयणी
न सा पडिनियत्तई ।
अहम्मं कुणमाणस्स
अफला जंति राइओ ॥

या या व्रजति रजनी
न सा प्रतिनिवर्तते ।
अधर्मं कुर्वाणस्य
अफला यान्ति रात्रयः ॥

૨૪. જે જે રાત વીતી જાય છે તે પાછી ફરતી નથી. અધર્મ કરનારાઓની રાત્રીઓ નિષ્ફળ ચાલી જાય છે.

२५. जा जा वच्चइ रयणी
न सा पडिनियत्तई ।
धम्मं च कुणमाणस्स
सफला जंति राइओ ॥

या या व्रजति रजनी
न सा प्रतिनिवर्तते ।
धर्मं च कुर्वाणस्य
सफला यान्ति रात्रयः ॥

૨૫. જે જે રાત વીતી જાય છે તે પાછી ફરતી નથી. ધર્મ કરનારાઓની રાત્રીઓ સફળ થાય છે.'

२६. एगओ संवसित्ताणं
दुहओ सम्मत्तसंजुया ।
पच्छा जाया ! गमिस्सामो
भिक्खमाणा कुले कुले ॥

एकतः समुष्य
द्वितः सम्यक्त्वसंयुताः ।
पश्चाज्जातौ ! गमिष्यामः
भिक्षमाणाः कुले कुले ॥

૨૬. 'પુત્રો ! પહેલાં આપણે બધા એક સાથે રહીને સમ્યક્ત્વ અને વ્રતોનું પાલન કરીએ અને પછી તમારું યૌવન વીતી ગયા બાદ ઘરે-ઘરે ભિક્ષા લેતાં વિહાર કરીશું.'—પિતાએ કહ્યું.[21]

२७. जस्सत्थि मच्चुणा सक्खं
जस्स वत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि
सो हु कंखे सुए सिया ॥

यस्यास्ति मृत्युना सख्यं
यस्य वास्ति पलायनम् ।
यो जानीते न मरिष्यामि
स खलु काङ्क्षति श्वः स्यात् ॥

૨૭. પુત્રો બોલ્યા—'પિતાજી ! કાલની ઈચ્છા તે જ કરી શકે જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મોતના મોઢામાંથી બચીને પલાયન કરી શકે અને જે જાણતો હોય કે હું મરીશ નહિ.

२८. अज्जेव धम्मं पडिवज्जयामो
जहिं पवन्ना न पुणब्भवामो ।
अणागयं नेव य अत्थि किंचि
सद्धाखमं णे विणइत्तु रागं ॥

अद्यैव धर्मं प्रतिपद्यावहे
यत्र प्रपन्ना न पुनर्भविष्यावः ।
अनागतं नैव चास्ति किंचित्
श्रद्धाक्षमं नो विनीय रागम् ॥

૨૮. અમે આજે જ તે મુનિ-ધર્મનો સ્વીકાર કરી રહ્યા છીએ, જ્યાં પહોંચીને પછી જન્મ લેવો ન પડે. ભોગ અમારા માટે અપ્રાપ્ત નથી—અમે તેમને અનેકવાર પ્રાપ્ત કરી ચૂક્યા છીએ.[22] રાગ-ભાવ દૂર કરી શ્રદ્ધાપૂર્વક શ્રેયની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો અમારા માટે યોગ્ય છે.'

२९. पहीणपुत्तस्स हु नत्थि वासो
वासिट्ठि ! भिक्खायरियाइ कालो ।
साहाहि रुक्खो लहए समाहिं
छिन्नाहि साहाहि तमेव खाणुं ॥

प्रहीणपुत्रस्य खलु नास्ति वासः
वासिष्ठि ! भिक्षाचर्यायाः कालः ।
शाखाभिर्वृक्षो लभते समाधिं
छिन्नाभिः शाखाभिस्तमेव स्थाणुम् ॥

૨૯. 'પુત્રોના ચાલ્યા ગયા પછી હું ઘરમાં રહી શકું નહિ. હે વાશિષ્ઠિ[23] ! હવે મારો ભિક્ષાચર્યાનો કાળ આવી લાગ્યો છે. વૃક્ષ શાખાઓ વડે સમાધિ મેળવે છે. તેમનાં કપાઈ જતાં લોક તેને ઠૂંઠું કહે છે.'

**३०. पंखाविहूणो व्व जहेह पक्खी**
**भिच्चाविहूणो व्व रणे नरिंदो ।**
**विवन्नसारो वणिओ व्व पोए**
**पहीणपुत्तो मि तहा अहं पि ॥**

पक्षविहीन इव यथेह पक्षी
भृत्यविहीन इव रणे नरेन्द्रः ।
विपन्नसारो वणिगिव पोते
प्रहीणपुत्रोऽस्मि तथाऽहमपि ॥

૩૦. 'વિના પાંખનું પક્ષી, રણભૂમિમાં સેના વિનાનો રાજા અને જહાજમાં ધન વિનાનો વેપારી જેવી રીતે અસહાય હોય છે, પુત્રોનાં ચાલ્યાં જવા પર હું પણ તેવો જ બની જાઉં.'

**३१. सुसंभिया कामगुणा इमे ते**
**संपिंडिया अग्गरसापभूया ।**
**भुंजामु ता कामगुणे पगामं**
**पच्छा गमिस्सामु पहाणमग्गं ॥**

सुसंभृताः कामगुणा इमे ते
सम्पिण्डिता अग्र्यरसप्रभूताः ।
भुंजीवहि तावत् कामगुणान् प्रकामं
पश्चात् गमिष्यावः प्रधानमार्गम् ॥

૩૧. વાશિષ્ઠીએ કહ્યું—'આ સુસંસ્કૃત[24] અને પ્રચુર શૃંગાર રસ[25]થી પરિપૂર્ણ ઈન્દ્રિય-વિષયો, જે તને મળ્યાં છે, તેમને આપણે હજી ખૂબ ભોગવીએ. તે પછી આપણે મોક્ષ-માર્ગ[26]નો સ્વીકાર કરીશું.'

**३२. भुत्ता रसा भोइ ! जहाइ णे वओ**
**न जीवियट्ठा पजहामि भोए ।**
**लाभं अलाभं च सुहं च दुक्खं**
**संचिक्खमाणो चरिस्सामि मोणं ॥**

भुक्ता रसा भवति ! जहाति नो वयः
न जीवितार्थं प्रजहामि भोगान् ।
लाभमलाभं च सुखं च दुःखं
संतिष्ठमानश्चरिष्यामि मौनम् ॥

૩૨. પુરોહિતે કહ્યું—'હે ભવતિ ![27] આપણે રસો ભોગવી ચૂક્યા છીએ, વય આપણી વીતી રહી છે. હું અસંયમી જીવન માટે ભોગો છોડી નથી રહ્યો. લાભ-અલાભ અને સુખ-દુઃખને સમદૃષ્ટિથી જોતો હું મુનિ-ધર્મનું આચરણ કરીશ.'

**३३. मा हू तुमं सोयरियाण संभरे**
**जुण्णो व हंसो पडिसोत्तगामी ।**
**भुंजाहि भोगाइ मए समाणं**
**दुक्खं खु भिक्खायरियाविहारो ॥**

मा खलु त्वं सोदर्याणां स्मार्षीः
जीर्ण इव हंसः प्रतिस्रोतगामी ।
भुंक्ष्व भोगान् मया समं
दुःखं खलु भिक्षाचर्याविहारः ॥

૩૩. વાશિષ્ઠીએ કહ્યું—'પ્રતિસ્રોતમાં વહી જનારા ઘરડા હંસની જેમ તારે પછીથી પોતાના બંધુઓને યાદ કરવા ન પડે, એટલા માટે મારી સાથે ભોગોનું સેવન કર. આ ભિક્ષા-ચર્યા અને ગામોગામ વિહાર સાચે જ દુઃખદાયી છે.'

**३४. जहा य भोई ! तणुयं भुयंगो**
**निम्मोयणिं हिच्च पलेइ मुत्तो ।**
**एमेए जाया पयहंति भोए**
**ते हं कहं नाणुगमिस्समेक्को ? ॥**

यथा च भवति ! तनुजां भुजंगः
निर्मोचनीं हित्वा पर्येति मुक्तः ।
एवमेतौ जातौ प्रजहीतौ भोगान्
तौ अहं कथं नानुगमिष्याम्येकः ? ॥

૩૪. 'હે ભવતિ ! જેવી રીતે સાપ પોતાની કાંચળી ઉતારીને મુક્તપણે ચાલે છે તેવી જ રીતે પુત્રો ભોગોને છોડી ચાલી જઈ રહ્યા છે. પાછળ હું એકલો શા માટે રહું ? તેમનું અનુગમન કેમ ન કરું ?'

**३५. छिंदित्तु जालं अबलं व रोहिया**
**मच्छा जहा कामगुणे पहाय ।**
**धोरेयसीला तवसा उदारा**
**धीरा हु भिक्खायरियं चरंति ॥**

छित्त्वा जालमबलमिव रोहिताः
मत्स्या यथा कामगुणान् प्रहाय ।
धौरेयशीलास्तपसा उदाराः
धीराः खलु भिक्षाचर्यां चरन्ति ॥

૩૫. 'જેવી રીતે રોહિત મત્સ્ય જર્જરિત જાળને કાપીને બહાર નીકળી જાય છે તેવી જ રીતે ઉપાડેલા ભારને વહન કરનારા પ્રધાન તપસ્વી અને ધીર પુરુષો કામ-ભોગોને છોડીને ભિક્ષા-ચર્યાનો સ્વીકાર કરે છે.'

**३६. नहेव कुंचा समइक्कमंता**
**तयाणि जालाणि दलित्त हंसा ।**
**पलेंति पुत्ता य पई य मज्झं**
**ते हं कहं नाणुगमिस्समेक्का ? ॥**

नभसीव क्रौंचाः समतिक्रामन्तः
ततानि जालानि दलित्वा हंसाः ।
परियान्ति पुत्रौ च पतिश्च मम
तानहं कथं नानुगमिष्याम्येका ? ॥

૩૬. વાશિષ્ઠીએ કહ્યું—'જેવી રીતે ક્રૌંચ પક્ષીઓ અને હંસો શિકારીઓ દ્વારા બિછાવેલ જાળને કાપીને આકાશમાં ઊડી જાય છે તેવી જ રીતે મારા પુત્રો અને પતિ જઈ રહ્યા છે. પાછળ હું એકલી શા માટે રહું ? તેમનું અનુગમન કેમ ન કરું ?'

| | | |
|---|---|---|
| ३७. पुरोहियं तं ससुयं सदारं<br>सोच्चाऽभिनिक्खम्म पहाय भोए।<br>कुडुंबसारं विउलुत्तमं तं<br>रायं अभिक्खं समुवाय देवी ॥ | पुरोहितं तं ससुतं सदारं<br>श्रुत्वाऽभिनिष्क्रम्य प्रहाय भोगान्।<br>कुटुम्बसारं विपुलोत्तमं तद्<br>राजानमभीक्ष्णं समुवाच देवी ॥ | ૩૭. પુરોહિત પોતાના પુત્રો અને પત્ની સાથે, ભોગો છોડીને પ્રવ્રજિત થઈ ચૂક્યો છે. એ સાંભળી રાજાએ તેના પ્રચુર અને મુખ્ય ધન-ધાન્ય વગેરે લેવા ઈચ્છ્યું ત્યારે મહારાણી કમલાવતીએ વારંવાર[૨૯] કહ્યું— |
| ३८. वंतासी पुरिसो रायं !<br>न सो होइ पसंसिओ ।<br>माहणेण परिच्चत्तं<br>धणं आदाउमिच्छसि ॥ | वान्ताशी पुरुषो राजन् !<br>न स भवति प्रशंसनीयः ।<br>ब्राह्मणेन परित्यक्तं<br>धनमादातुमिच्छसि ॥ | ૩૮. 'રાજન ! વમેલું ખાનાર પુરુષની પ્રશંસા નથી થતી. તમે બ્રાહ્મણે ત્યજેલું ધન લેવા ઈચ્છો છો—આ શું છે ?' |
| ३९. सव्वं जगं जइ तुहं<br>सव्वं वावि धणं भवे ।<br>सव्वं पि ते अपज्जत्तं<br>नेव ताणाय तं तव ॥ | सर्वं जगद् यदि तव<br>सर्वं वापि धनं भवेत्।<br>सर्वमपि ते अपर्याप्तं<br>नैव त्राणाय तत्तव ॥ | ૩૯. 'જો સમૂળગું જગત તમને મળી જાય અથવા તો સમૂળગું ધન તમારું થઈ જાય તો પણ તે તમારી ઈચ્છાપૂર્તિ માટે પર્યાપ્ત નહિ થાય અને તે તમારું રક્ષણ પણ નહિ કરી શકે.'[૩૦] |
| ४०. मरिहिसि रायं ! जया तया वा<br>मणोरमे कामगुणे पहाय ।<br>एक्को हु धम्मो नरदेव ! ताणं<br>न विज्जई अन्नमिहेह किंचि ॥ | मरिष्यसि राजन् ! यदा तदा वा<br>मनोरमान् कामगुणान् प्रहाय ।<br>एकः खलु धर्मो नरदेव ! त्राणं<br>न विद्यतेऽन्यमिहेह किंचित् ॥ | ૪૦. 'રાજન ! આ મનોરમ્ય કામ-ભોગોને છોડીને જ્યારે-ત્યારે મરવું પડશે.[૩૧] હે નરદેવ ! એક ધર્મ જ રક્ષણકર્તા છે.[૩૨] તેની સિવાય બીજી કોઈ વસ્તુ રક્ષણ કરી શકે નહિ.'[૩૩] |
| ४१. नाहं रमे पक्खिणि पंजरे वा<br>संताणछिन्ना चरिस्सामि मोणं।<br>अकिंचणा उज्जुकडा निरामिसा<br>परिग्गहारंभनियत्तदोसा । | नाहं रमे पक्षिणी पंजर इव<br>छिन्नसन्ताना चरिष्यामि मौनम् ।<br>अकिंचना ऋजुकृता निरामिषा<br>परिग्रहारम्भदोषनिवृत्ता ॥ | ૪૧. 'જેવી રીતે પંખીણી પિંજરામાં[૩૪] આનંદ નથી પામતી તેવી જ રીતે મને આ બંધનમાં આનંદ મળતો નથી. હું સ્નેહની જાળને તોડીને અકિંચન, સરળ કાર્ય કરનારી,[૩૫] વિષય-વાસનાથી દૂર[૩૬] અને પરિગ્રહ તથા હિંસાના દોષોથી મુક્ત[૩૭] બની મુનિ-ધર્મનું આચરણ કરીશ.' |
| ४२. दवग्गिणा जहा रण्णे<br>डज्झमाणेसु जंतुसु ।<br>अन्ने सत्ता पमोयंति<br>रागद्दोसवसं गया ॥ | दवाग्निना यथारण्ये<br>दह्यमानेषु जन्तुषु ।<br>अन्ये सत्त्वाः प्रमोदन्ते<br>रागद्वेषवशं गताः ॥ | ૪૨. 'જેવી રીતે જંગલમાં દવ લાગ્યો હોય અને જીવ-જંતુઓ સળગી રહ્યાં હોય તેમને જોઈને રાગ-દ્વેષને વશ થયેલા બીજા જીવો આનંદિત થાય છે.[૩૮] |
| ४३. एवमेव वयं मूढा<br>कामभोगेसु मुच्छिया ।<br>डज्झमाणं न बुज्झामो<br>रागद्दोसग्गिणा जगं ॥ | एवमेव वयं मूढाः<br>कामभोगेषु मूर्च्छिताः ।<br>दह्यमानं न बुध्यामहे<br>रागद्वेषाग्निना जगत् ॥ | ૪૩. તેવી જ રીતે કામ-ભોગોમાં મૂર્છિત થઈને આપણે મૂઢ લોકો એ નથી સમજી શકતા કે આ આખો સંસાર રાગ-દ્વેષના અગ્નિથી સળગી રહ્યો છે. |
| ४४. भोगे भोच्चा वमित्ता य<br>लहुभूयविहारिणो ।<br>आमोयमाणा गच्छंति<br>दिया कामकमा इव ॥ | भोगान् भुक्त्वा वान्त्वा च<br>लघुभूतविहारिणः ।<br>आमोदमाना गच्छन्ति<br>द्विजाः कामक्रमा इव ॥ | ૪૪. વિવેકી પુરુષો ભોગો ભોગવીને પછી તેમને છોડી વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરે છે[૩૯] અને તેઓ સ્વેચ્છાથી વિચરણ કરનારા[૪૦] પક્ષીઓની માફક પ્રસન્નતાપૂર્વક સ્વતંત્ર વિહાર કરે છે. |

| | | |
|---|---|---|
| ४५. इमे य बद्धा फंदंति<br>मम हत्थऽज्जमागया ।<br>वयं च सत्ता कामेसु<br>भविस्सामो जहा इमे ॥ | इमे च बद्धाः स्पन्दन्ते<br>मम हस्तमार्य ! आगताः ।<br>वयं च सक्ताः कामेषु<br>भविष्यामो यथेमे ॥ | ૪૫. હે આર્ય ! જે કામ-ભોગો પોતાના હાથમાં આવેલા છે અને જેને અમે નિયંત્રણમાં રાખ્યા છે, તે કૂદી રહ્યાં છે. આપણે કામનાઓમાં આસક્ત બન્યા છીએ પરંતુ હવે આપણે પણ તેવા જ બનીશું જેવા પત્ની અને પુત્રો સાથે આ ભૃગુ બન્યા છે. |
| ४६. सामिसं कुललं दिस्स<br>बज्झमाणं निरामिसं ।<br>आमिसं सव्वमुज्झित्ता<br>विहरिस्सामि निरामिसा ॥ | सामिषं कुललं दृष्ट्वा<br>बाध्यमानं निरामिषम् ।<br>आमिषं सर्वमुज्झित्वा<br>विहरिष्यामि निरामिषा ॥ | ૪૬. જે ગીધની પાસે માંસ હોય છે તેના પર બીજાં પક્ષીઓ ઝાપટ મારે છે અને જેની પાસે માંસ નથી હોતું તેના પર ઝાપટ મારતાં નથી—આ જોઈને હું આમિષ (ધન, ધાન્ય વગેરે) છોડી દઈને નિરામિષ બની વિચરીશ. |
| ४७. गिद्धोवमे उ नच्चाणं<br>कामे संसारवड्ढणे ।<br>उरगो सुवण्णपासे व<br>संकमाणो तणुं चरे ॥ | गृध्रोपमांस्तु ज्ञात्वा<br>कामान् संसारवर्धनान् ।<br>उरगः सुपर्णपार्श्वे इव<br>शङ्कमानस्तनु चरेत् ॥ | ૪૭. 'ગીધની ઉપમા વડે કામ-ભોગોને સંસારવર્ધક જાણી મનુષ્યે તેમનાથી એવી રીતે શંકિત થઈ ચાલવું જોઈએ, જેવી રીતે ગરુડની સામે સાપ શંકિત થઈને ચાલે છે.' |
| ४८. नागो व्व बंधणं छित्ता<br>अप्पणो वसहिं वए ।<br>एयं पत्थं महारायं !<br>उसुयारि त्ति मे सुयं ॥ | नाग इव बन्धनं छित्त्वा<br>आत्मनो वसतिं व्रजेत् ।<br>एतत् पथ्यं महाराज !<br>इषुकार ! इति मया श्रुतम् ॥ | ૪૮. 'જેવી રીતે બંધન તોડીને હાથી પોતાના સ્થાન (વિંધ્યાટવી)માં ચાલ્યો જાય છે, તેવી જ રીતે આપણે પોતાના સ્થાન (મોક્ષ)માં ચાલ્યા જવું જોઈએ. હે મહારાજ ઈષુકાર ! આ પથ્ય છે,[1] આ મેં જ્ઞાનીઓ પાસે સાંભળ્યું છે.' |
| ४९. चइत्ता विउलं रज्जं<br>कामभोगे य दुच्चए ।<br>निव्विसया निरामिसा<br>निन्नेहा निप्परिग्गहा ॥ | त्यक्त्वा विपुलं राज्यं<br>कामभोगांश्च दुस्त्यजान् ।<br>निर्विषयौ निरामिषौ<br>निःस्नेहौ निष्परिग्रहो ॥ | ૪૯. રાજા અને રાણી વિપુલ રાજ્ય અને ત્યજવા મુશ્કેલ એવા કામ-ભોગોને છોડી નિર્વિષય,[2] નિરામિષ, નિઃસ્નેહ અને નિષ્પરિગ્રહ બની ગયા. |
| ५०. सम्मं धम्मं वियाणित्ता<br>चेच्चा कामगुणे वरे ।<br>तवं पगिज्झऽहक्खायं<br>घोरं घोरपरक्कमा ॥ | सम्यग् धर्मं विज्ञाय<br>त्यक्त्वा कामगुणान् वरान् ।<br>तपः प्रगृह्य यथाख्यातं<br>घोरं घोरपराक्रमौ ॥ | ૫૦. ધર્મને સમ્યગ્ પ્રકારે જાણી, આકર્ષક ભોગ-વિલાસોને છોડી, તેઓ તીર્થંકર દ્વારા ઉપદિષ્ટ ઘોર તપશ્ચર્યાનો સ્વીકાર કરી સંયમમાં ઘોર પરાક્રમ કરવા લાગ્યા.[3] |
| ५१. एवं ते कमसो बुद्धा<br>सव्वे धम्मपरायणा ।<br>जम्ममच्चुभउव्विग्गा<br>दुक्खस्संतगवेसिणो ॥ | एवं ते क्रमशो बुद्धाः<br>सर्वे धर्मपरायणाः ।<br>जन्ममृत्युभयोद्विग्नाः<br>दुःखस्यान्तगवेषिणः ॥ | ૫૧. આ રીતે બધા ક્રમે બુદ્ધ થઈને, ધર્મપરાયણ બની, જન્મ અને મૃત્યુના ભયથી ઉદ્વિગ્ન બનેલા તેઓ દુઃખના અંતની શોધમાં લાગ્યા. |
| ५२. सासणे विगयमोहाणं<br>पुव्विं भावणभाविया ।<br>अचिरेणेव कालेण<br>दुक्खस्संतमुवागया ॥ | शासने विगतमोहानां<br>पूर्वं भावनाभाविताः ।<br>अचिरेणैव कालेन<br>दुःखस्यान्तमुपागताः ॥ | ૫૨-૫૩. જેમના આત્મા પૂર્વ-જન્મમાં કુશળ ભાવનાથી ભાવિત હતા તે બધા—રાજા, રાણી, બ્રાહ્મણ પુરોહિત, બ્રાહ્મણી અને બંને પુરોહિત કુમારો અર્હત્‌ના શાસનમાં આવી દુઃખનો અંત કરી ગયા—મુક્ત બની ગયા.[4] |

| | | |
|---|---|---|
| ५३. राया सह देवीए<br>माहणो य पुरोहिओ ।<br>माहणी दारगा चेव<br>सव्वे ते परिनिव्वुडा ॥<br>—त्ति बेमि | राजा सह देव्या<br>ब्राह्मणश्च पुरोहितः ।<br>ब्राह्मणी दारकौ चैव<br>सर्वे ते परिनिर्वृताः ॥<br>—इति ब्रवीमि | <br><br><br><br>—એમ હું કહું છું. |

## ટિપ્પણ

# અધ્યયન ૧૪ : ઈષુકારીય

### ૧. (एगविमाणवासी)

તેઓ સૌધર્મ દેવલોકના પદ્મગુલ્મ નામે એક જ વિમાનમાં રહેતા હતા, એટલા માટે તેમને 'એક વિમાનવાસી' કહેવામાં આવ્યા છે.[1]

### ૨. પોતાનાં...પુણ્ય કર્મ બાકી હતાં (सकम्मसेसेण)

પુનર્જન્મનાં અનેક કારણોમાં આ પણ એક મુખ્ય કારણ છે. પોતાના કરેલાં કર્મો જ્યાં સુધી બાકી રહે છે ત્યાં સુધી જીવને જન્મ લેવો જ પડે છે. આ છએ વ્યક્તિઓનાં પુણ્ય-કર્મ બાકી હતાં, એટલા માટે તેમનો જન્મ ઉત્તમ કુળમાં થયો.

### ૩. જન્મ, જરા અને મૃત્યુ (जाईजरामच्चु.....)

જન્મ, જરા અને મૃત્યુ—આ ત્રણને ભય માનવામાં આવે છે. ગીતામાં જન્મ, જરા, મૃત્યુ અને દુ:ખ—આ ચારેયનો એકી સાથે ઉલ્લેખ મળે છે.[2] આ બધા ભયનાં કારણ પણ છે અને વૈરાગ્યના હેતુ પણ બને છે. રોગ પણ વૈરાગ્યનું કારણ છે. મહાત્મા બુદ્ધને વૃદ્ધ, રોગી અને મૃત વ્યક્તિને જોઈને વૈરાગ્ય થયો હતો.

### ૪. સંસારચક્ર (संसारचक्कस्स)

ચૂર્ણિકારે સંસાર-ચક્રના છ આરા—વિભાગ માન્યા છે—જન્મ, જરા, સુખ, દુ:ખ, જીવન અને મરણ.[3] આ બધાથી આત્યન્તિક છૂટકારો મેળવવો તે જ મોક્ષ છે. તેનું સાધન છે—વિરતિ.

### ૫. (बर्हिविहार, कामगुणे विरत्ता)

**बर्हिविहार—**बर्हिविहार અર્થાત્ મોક્ષ. મોક્ષ સંસારની બહાર છે—તેનાથી ભિન્ન છે, એટલા માટે તેને 'बहिर्-विहार' કહેવામાં આવેલ છે.[4]

**कामगुणे विरत्ता—**શબ્દ વગેરે ઈન્દ્રિયોના વિષયો કામનાઓને ઉત્તેજિત કરે છે, એટલા માટે તે 'काम-गुण' કહેવાય છે.

બીજા શ્લોકમાં બતાવવામાં આવ્યું છે કે તે છએ વ્યક્તિઓ જિનેન્દ્ર-માર્ગનાં શરણમાં ગયા. અહીં 'कामगुणे-विरत्ता'ની વ્યાખ્યામાં બતાવવામાં આવ્યું છે કે કામ-ગુણોની વિરક્તિનો અર્થ જ જિનેન્દ્ર-માર્ગનાં શરણમાં જવું છે.[5]

---

૧. बृहद्वृत्ति, पत्र ३९६ : एकस्मिन् पद्मगुल्मनाम्नि विमाने वसन्तीत्येवंशीला एकविमानवासिनः ।

૨. गीता, १४।२० :
गुणानेतानतीत्य त्रीन् देही समुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २२२ : संसारचक्कं छव्विहं, तं जहा—जाती जरा सुहं दुक्खं जीवितं मरणं ।

૪. बृहद्वृत्ति, पत्र ३९७ : बहिः संसारद्विहारः—स्थानं बर्हिविहारः, स चार्थान्मोक्षः ।

૫. એજન, पत्र ३९७ : अत्र कामगुणविरक्तिरेव जिनेन्द्रमार्गप्रतिपत्तिः ।

### ૬. મનુષ્ય જીવન (विहारं)

વિહાર શબ્દના અનેક અર્થો છે—મનોરંજન, ફરવું, હાથ-પગ વગેરેનું સંચાલન વગેરે. અહીં વિહારનો અર્થ છે—જીવનની સમગ્રતા અથવા સંપૂર્ણ જીવન-યાપન.

ચૂર્ણિમાં આનો અર્થ ભોગ અને વૃત્તિમાં મનુષ્ય-ભવમાં અવસ્થિતિ કરવામાં આવ્યો છે.[1]

### ૭. મુનિ-ચર્યા (मोणं)

આનો અર્થ છે—મુનિ-ચર્યા, સંયમ. મૌન શબ્દની વ્યુત્પત્તિ છે—**मुनेर्भावः मौनम्**. મુનિનો ભાવ અર્થાત્ જ્ઞાન કે જ્ઞાન-યુક્ત આચરણ.

### ૮. (मुणीण)

ટીકાકારો અનુસાર આ કુમારોનું વિશેષણ છે. અહીં ભાવિ મુનિને 'મુનિ' કહેવામાં આવેલ છે.[2] પરંતુ જે મુનિઓને જોઈને કુમારોને પ્રવ્રજિત થવાની પ્રેરણા મળી, તેમના તપો-માર્ગનો વ્યાઘાત કરવાનું પુરોહિત માટે ઈષ્ટ હતું, એટલા માટે મુનિ શબ્દ વડે તે મુનિઓનું પણ ગ્રહણ કરી શકાય છે.

### ૯. અરણ્યવાસી (आरण्णगा)

ઐતરેય, કૌશીતકી અને તૈતરીય—આ શાસ્ત્રો 'આરણ્યક' કહેવાય છે. તેમાં વર્ણિત વિષયોનાં અધ્યયન માટે અરણ્યનો એકાંતવાસ આવશ્યક હતો, એટલા માટે તેમને આરણ્યક કહેવામાં આવ્યાં. અરણ્યમાં રહીને સાધના કરનારા મુનિઓ પણ આરણ્યક કહેવાતા હતા.

### ૧૦. (શ્લોક ૮-૯)

બ્રાહ્મણ[3] અને સ્મૃતિશાસ્ત્ર[4] નો એવો મત રહ્યો છે કે જે દ્વિજ વેદાધ્યયન કર્યા વિના, પુત્રોત્પત્તિ કર્યા વિના અને યજ્ઞ કર્યા વિના મોક્ષની ઈચ્છા કરે છે, તે નરકમાં જાય છે. એટલા માટે તે વિધિવત્ વેદોનું અધ્યયન કરી, પુત્રો ઉત્પન્ન કરી અને યજ્ઞ કરી મોક્ષમાં મન પરોવે—સંન્યાસી બને. પુરોહિતે આ જ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

બૌધાયન ધર્મસૂત્ર અનુસાર બ્રાહ્મણ જન્મથી જ ત્રણ ઋણો—પિતૃ-ઋણ, ઋષિ-ઋણ અને દેવ-ઋણ—ને સાથે લઈ જન્મે છે. આ ઋણો ચૂકવવા માટે યજ્ઞ, યાગ વગેરે પૂર્વક ગૃહસ્થાશ્રમનો આશ્રય કરનાર મનુષ્ય બ્રહ્મ-લોકમાં પહોંચે છે અને બ્રહ્મચર્ય કે સંન્યાસની પ્રશંસા કરનારા લોકો ધૂળમાં મળી જાય છે.[5]

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २२३ : विहरणं—विहारः, भोगाः इत्यर्थः ।
(ખ) बृहद्वृत्ति, पत्र ३९८ : विहरणं विहारं, मनुष्यत्वेनावस्थानमित्यर्थः ।

૨. बृहद्वृत्ति, पत्र ३९८ : 'मुन्योः' भावतः प्रतिपन्नमुनिभावयोः ।

૩. ऐतरेय ब्राह्मण, ७।३ : नापुत्रस्य लोकोऽस्ति ।

૪. मनुस्मृति, ६ । ३६, ३७ :
अधीत्य विधिवद्वेदान्पुत्रांश्चोत्पाद्य धर्मतः ।
इष्ट्वा च शक्तितो यज्ञैर्मनो मोक्षे निवेशयेत् ॥
अनधीत्य द्विजो वेदाननुत्पाद्य तथा सुतान् ।
अनिष्ट्वा चैव यज्ञैश्च मोक्षमिच्छन्व्रजत्यधः ॥

૫. बौधयन धर्मसूत्र, २।६।११।३३-३४ ।

સ્મૃતિકારો અનુસાર પિતૃ-ઋણ સંતાનોત્પત્તિ દ્વારા, ઋષિ-ઋણ સ્વાધ્યાય દ્વારા અને દેવ-ઋણ યજ્ઞયાગાદિ દ્વારા ચૂકવી શકાય છે.

મહાભારત (શાંતિપર્વ, મોક્ષધર્મ, અધ્યાય ૨૭૭)માં એક બ્રાહ્મણ અને તેના મેધાવી નામે પુત્રનો સંવાદ છે. પિતા મોક્ષ-ધર્મમાં અકુશળ અને પુત્ર મોક્ષ-ધર્મમાં વિચક્ષણ હતો. તેણે પિતાને પૂછ્યું—'તાત ! મનુષ્યોનું આયુષ્ય તીવ્ર ગતિએ વીતી જઈ રહ્યું છે. આ વાતને સારી રીતે જાણનાર ધીર પુરુષ કયા ધર્મનું અનુષ્ઠાન કરે ? પિતાજી ! આ બધું ક્રમથી અને યથાર્થ રૂપે મને આપ બતાવો જેથી કરી હું પણ તે ધર્મનું આચરણ કરી શકું.'

પિતાએ કહ્યું—'બેટા ! બ્રાહ્મણે પહેલાં બ્રહ્મચર્યાશ્રમમાં રહીને વેદોનું અધ્યયન કરવું જોઈએ, પછી પિતૃઓનો ઉદ્ધાર કરવા માટે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી પુત્રોત્પાદનની ઈચ્છા કરવી જોઈએ. ત્યાં વિધિપૂર્વક અગ્નિઓની સ્થાપના કરીને તેમાં વિધિવત્ અગ્નિહોત્ર કરવો જોઈએ. આ રીતે યજ્ઞ-કર્મનું સંપાદન કરીને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશી મુનિ-વૃત્તિથી રહેવાની ઈચ્છા કરવી જોઈએ.'

સ્મૃતિ ગ્રંથોમાં બ્રાહ્મણોને ભોજન કરાવવાનું વિધાન વારંવાર મળે છે.[1]

**૧૧. સંતપ્ત અને પરિતપ્ત થઈ રહ્યો હતો (संतत्तभावं परितप्पमाणं)**

સંતપ્તભાવ અને પરિતપ્યમાન—આ બે વચ્ચે કાર્ય-કારણનો સંબંધ છે. જેનો ભાવ (અંતઃકરણ) સંતપ્ત રહે છે, તે પરિતપ્યમાન બની જાય છે. આ શોકનો આવેશ શરીરમાં દાહ ઉત્પન્ન કરવાનું કારણ બને છે.[2] વ્યક્તિ દાહ વડે ચારે બાજુથી પરિતપ્ત બને છે.

**૧૨. અતિશય (बहुहा बहुं च)**

ચૂર્ણિમાં બહુધાનો અર્થ—ફરી ફરી અને બહુનો અર્થ—બહુ પ્રકારે—છે.[3] વૃત્તિમાં બહુધાનો અર્થ—અનેક પ્રકારનું અને બહુનો અર્થ—પ્રચુર છે.[4]

**૧૩. અંધકારમય નરક (तमं तमेणं)**

વૃત્તિકારે 'તમ'નો અર્થ નરક અને 'તમેણ'નો અર્થ અજ્ઞાન વડે કર્યો છે. 'તમંતમેણ'ને એક શબ્દ તથા સપ્તમીના સ્થાને તૃતીયા વિભક્તિ માનવામાં આવે તો તેનો વૈકલ્પિક અર્થ થશે—અંધકાર કરતાં પણ જે અતિ સઘન અંધકારમય છે તેવાં રૌરવ વગેરે નરકો.[5]

**૧૪. (जाया य पुत्ता....)**

મનુસ્મૃતિ વગેરેમાં 'अपुत्रस्य गति र्नास्ति', 'अनपत्यस्य लोका न सन्ति', 'पुत्रेण जायते लोकः'—ઈત્યાદિ સૂક્તિઓ મળે છે. ભગવાન મહાવીરે કહ્યું છે—માતા, પિતા, પુત્ર, ભાર્યા વગેરે કોઈ ત્રાણ—રક્ષણકર્તા થઈ શકતા નથી. સ્વર્ગ કે નરકની પ્રાપ્તિમાં વ્યક્તિનો પોતાનો પુરુષાર્થ જ કામ આવે છે. પુત્રોત્પત્તિથી જ જો સ્વર્ગની પ્રાપ્તિ થતી હોય તો ભલા કોણ ધર્મનું આચરણ કરશે ?

---

૧. मनुस्मृति, ३ । १३१, १८६, १८७ ।

૨. बृहद्‌वृत्ति, पत्र ३९९ : समिति—समन्तात् तप्त इव तप्तः अनिर्वृतत्वेन भावः—अन्तःकरणमस्येति संतप्तभावः तम्, अत एव च परितप्यमानं—समन्ताद् दह्यमानम्, अर्थात् शरीरे दाहस्यापि शोकावेशत उत्पत्तेः ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २२३ ।

૪. बृहद्‌वृत्ति, पत्र ४०० ।

૫. बृहद्‌वृत्ति, पत्र ४०० : तमोरूपत्वात् तमो—नरकस्तत्तमसा—अज्ञानेन यद् वा तमसोऽपि यत्तमस्तस्मिन् अतिरौद्रे रौरवादिनरके ।

### ૧૫. બીજાને માટે પ્રમત્ત થઈને (अन्नप्पमत्ते)

'अन्न'ના સંસ્કૃત રૂપો બે થાય છે—अन्य અને अन्न. अन्य-प्रमत्त અર્થાત્ મિત્ર-સ્વજન વગેરે માટે પ્રમાદમાં ફસાયેલો. अन्न-प्रमत्त અર્થાત્ ભોજન કે આજીવિકા માટે પ્રમાદમાં ફસાયેલો.[1]

### ૧૬. ઉપાડી લેનાર કાળ (हरा)

અહીં 'हर' શબ્દનો પ્રયોગ કાળના અર્થમાં કરવામાં આવ્યો છે. રોગ પણ આયુષ્યનું હરણ કરે છે, એટલા માટે તેને પણ 'હર' કહેવામાં આવે છે. એક પ્રાચીન ગાથા છે[2]—

**किं तेसिं ण बीभेया, आसकिसोरीहिं सिग्घलग्गाणं।**
**आयुबल मोडयाणं दिवसाणं आवडंताणं ?**

### ૧૭. (શ્લોક ૧૭)

'ધન માટે ધર્મ ન કરવો જોઈએ અને ધન વડે ધર્મ નથી થતો'—આવી જૈન દૃષ્ટિથી પરિચિત કુમારોએ જે કહ્યું તે ધર્મના ઉદ્દેશ્યની સાથે સર્વથા સંગત છે. પ્રસ્તુત શ્લોકનું પ્રતિપાદ્ય એ છે કે ધર્મના ક્ષેત્રમાં આત્માના પવિત્ર આચરણોનું જ મહત્ત્વ છે; ધન, સ્વજન અને કામ-ગુણોનું કોઈ મહત્ત્વ નથી. શાન્ત્યાચાર્યે આ વિચારના સમર્થનમાં 'वेदेप्युक्तं' લખીને એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે—'ન સંતાન વડે, ન ધન વડે પરંતુ માત્ર એકલા ત્યાગ વડે જ લોકોએ અમૃતત્વ પ્રાપ્ત કર્યું છે'—'न प्रजया न धनेन त्यागैनैकेनामृतत्वमानशुः।'[3]

**गुणोह**—ચૂર્ણિમાં 'ગુણૌઘ' વડે અઢાર હજાર શીલાંગ[4] અને ટીકામાં સમ્યક્-દર્શન વગેરે ગુણ-સમૂહનું ગ્રહણ કરવામાં આવ્યું છે.[5]

**बहिंविहारा**—આનો દ્રવ્ય અને ભાવ—બંને દૃષ્ટિએ અર્થ કરવામાં આવ્યો છે. દ્રવ્ય-દૃષ્ટિએ બહિર્વિહારનો અર્થ છે 'નગર વગેરેની બહાર રહેનાર' અને ભાવદૃષ્ટિએ તેનો અર્થ છે 'પ્રતિબંધરહિત વિહાર કરનાર'.[6] ત્રીજા શ્લોકમાં આ શબ્દ 'મોક્ષ'ના અર્થમાં પ્રયોજાયેલ છે.

### ૧૮. (શ્લોક ૧૮)

ધર્માચરણનું મૂળ આત્મા છે. પુરોહિતે વિચાર્યું કે જો મારા પુત્રો આત્માના વિષયમાં શંકાશીલ બની જાય તો તેમનામાં રહેલી મુનિ બનવાની પ્રેરણા આપમેળે જ સમાપ્ત થઈ જશે. તેણે આ ભાવનાથી આત્માના નાસ્તિત્વનો દૃષ્ટિકોણ રજૂ કરતાં જે કહ્યું તે જ આ શ્લોકમાં છે.[7]

---

૧. बृहद्वृत्ति, पत्र ४००, ४०१ : अन्ये—सुहृत्स्वजनादयः, अथवा अन्नं—भोजनं तदर्थं प्रमत्तः—तत्कृत्यासक्तचेता अन्यप्रमत्तः अन्नप्रमत्तो वा।
૨. उत्तराध्ययन चूर्णि, पृ. २२५।
૩. बृहद्वृत्ति, पत्र ४०१।
૪. उत्तराध्ययन चूर्णि, पृ. २२५ : गुणोहो—अट्ठारस सीलंगसहस्साणि।
૫. बृहद्वृत्ति, पत्र ४०१ : गुणौघं—सम्यग्दर्शनादिगुण-समूहम्।
૬. એજન, पत्र ४०१ : बहिः—ग्रामनगरादिभ्यो बहिर्वर्त्तित्वाद् द्रव्यतो भावतश्च क्वचिदप्रतिबद्धत्वाद् विहारः—विहरणं ययोस्तौ बहिर्विहारौ अप्रतिबद्धविहाराविति यावत्।
૭. એજન, पत्र ४०१ : आत्मास्तित्वमूलत्वात्सकल-धर्मानुष्ठानस्य तन्निराकरणायाह पुरोहितः।

**असंतो**—તત્ત્વની ઉત્પત્તિના વિષયમાં બે મુખ્ય વિચારધારાઓ છે—સદ્‌વાદ અને અસદ્‌વાદ. અસદ્‌વાદીઓના મતે આત્મા ઉત્પત્તિ પહેલાં અસત્ હોય છે. કારણ-સામગ્રી મળતાં તે ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે, અવસ્થિત નથી રહેતો—જન્મજન્માંતરને પ્રાપ્ત થતો નથી.[1]

## ૧૯. (શ્લોક ૧૯)

આસ્તિકોના મતે સર્વથા અસત્‌ની ઉત્પત્તિ થતી જ નથી. ઉત્પન્ન તે જ થાય છે, જે પહેલાં પણ હોય અને પછી પણ હોય. જે પહેલાં પણ નથી હોતું, પછી પણ નથી હોતું, તે વચ્ચે પણ નથી હોતું.[2] આત્મા જન્મ પૂર્વે પણ હોય છે અને મૃત્યુની પછી પણ હોય છે, એટલા માટે વર્તમાન શરીરમાં તેની ઉત્પત્તિને અસત્‌ની ઉત્પત્તિ કહી શકાય નહિ.

નાસ્તિક લોકો આત્માને એટલા માટે અસત્ માને છે કે જન્મ પહેલાં તેનું કોઈ અસ્તિત્વ નથી હોતું અને તેને અનવસ્થિત એટલા માટે માને છે કે મૃત્યુ પછી તેનું અસ્તિત્વ નથી રહેતું. આનું કારણ એમ છે કે આત્મા ન તો શરીરમાં પ્રવેશ કરતી વેળાએ દેખાય છે કે ન તેનાથી છૂટા પડતી વેળાએ. પિતાના આ પ્રતિપાદનનો પ્રતિવાદ કુમારોએ આવા શબ્દોમાં કર્યો—'આત્મા દેખાતો નથી એટલા માત્રથી જ તેનું નાસ્તિત્વ માની શકાય નહિ. ઈન્દ્રિયો વડે મૂર્ત દ્રવ્યને જ જાણી શકાય છે. આત્મા અમૂર્ત છે એટલા માટે તે ઈંદ્રિયો વડે ગ્રાહ્ય નથી, પરંતુ મન વડે ગ્રાહ્ય છે. પ્રસ્તુત શ્લોકમાં—આત્મા છે, તે નિત્ય છે, તેને કર્મનો બંધ થાય છે અને બંધના કારણે તે વારંવાર જન્મ અને મૃત્યુનું વરણ કરે છે—આસ્તિકતાના આધારભૂત આ ચાર તથ્યોનું નિરૂપણ છે.

**नो इंदिय**—ચૂર્ણિમાં 'नो-इंदिय'ને એક શબ્દ માનવામાં આવ્યો છે. એટલા માટે તેનો અર્થ 'મન' થાય છે[3] અને ટીકામાં 'नो' અને 'इन्द्रिय'ને જુદા જુદા માન્યા છે.[4]

**अज्झत्थ**—અધ્યાત્મનો અર્થ છે 'આત્મામાં થનાર'. મિથ્યાત્વ વગેરે આત્માના આંતરિક દોષો છે, એટલા માટે તેમને 'અધ્યાત્મ' કહેવામાં આવે છે.[5] સૂત્રકૃતાંગમાં ક્રોધ વગેરેને 'અધ્યાત્મ-દોષ' કહેલ છે.[6]

## ૨૦. અમોઘા (अमोहाहिं)

અમોઘનો શાબ્દિક અર્થ અવ્યર્થ—અચૂક છે. પરંતુ અહીં 'અમોઘા'નો પ્રયોગ રાત્રિના અર્થમાં કરવામાં આવ્યો છે. મહાભારતમાં તેનો અર્થ દિવસ-રાત કરાયેલ છે.[7] ચૂર્ણિકારે એક પ્રશ્ન ઊભો કર્યો છે—અમોઘાનો અર્થ રાત્રિ જ શા માટે? શું કોઈ દિવસમાં મરતું નથી? તેના સમાધાનમાં તેમણે બતાવ્યું છે—એ લોકપ્રસિદ્ધ વાત છે કે મૃત્યુને રાત કહેવામાં આવે છે, જેવી

---

૧. बृहद्‌वृत्ति, पत्र ४०१-४०२ : 'सत्त्वाः' प्राणिनः 'समुच्छंति' त्ति समूर्छन्ति, पूर्वमसन्त एव शरीराकारपरिणतभूतसमुदायत उत्पद्यन्ते, तथा चाहुः—"पृथिव्यापस्तेजोवायुरिति तत्त्वानि, एतेभ्यश्चैतन्यं, मद्यांगेभ्यो मदशक्तिवत्", तथा 'नासइ' त्ति नश्यन्ति—अभ्रपटलवत्प्रलयमुपयान्ति 'णावचिट्ठे' त्ति न पुनः अवतिष्ठन्ते—शरीरनाशे सति न क्षणमप्यवस्थितिभाजो भवन्ति ।

૨. (ક) आयारो, ४ । ४६ : जस्स नत्थि पुरा पच्छा मज्झे तस्स कओ सिया ।

(ખ) माध्यमककारिका, ११ । २ :
नैवाग्रं नावरं यस्य, तस्य मध्यं कुतो भवेत् ।

(ગ) माण्डूक्यकारिका, २ । ६ :
आदावन्ते च यन्नास्ति वर्तमाने पि तत् तथा ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २२६ : नोइन्द्रियं मनः ।

૪. बृहद्‌वृत्ति, पत्र ४०२ : 'नो' इति प्रतिषेधे इन्द्रियैः—श्रोत्रादिभिर्ग्राह्यः—संवेद्य इन्द्रियग्राह्यः ।

૫. એજન, पत्र ४०२ : अध्यात्मशब्देन आत्मस्था मिथ्यात्वादय इहोच्यन्ते ।

૬. सूयगडो, १ । ६ । २५ :
कोहं च माणं च तहेव मायं, लोभं चउत्थं अज्झत्थदोसा ।

૭. महाभारत, शान्तिपर्व, २७७ । ९ ।

રીતે દિવસની સમાપ્તિ રાતમાં થાય છે તેવી જ રીતે જીવનની સમાપ્તિ મૃત્યુમાં થાય છે.[1] કાળ-પ્રવાહના અર્થમાં ઉત્તરાધ્યયનમાં રાત્રિ શબ્દનો પ્રયોગ અનેક સ્થળે મળે છે.[2] જ્યાં રાત હોય છે, ત્યાં દિવસ અવશ્ય હોય છે, એટલા માટે શાન્ત્યાચાર્યે અમોઘાનો દિવસ અર્થ પણ કર્યો છે.[3]

### ૨૧. (पच्छा, गमिस्सामो)

**पच्छा**—પશ્ચાત્ શબ્દ વડે પુરોહિતે આશ્રમ વ્યવસ્થા તરફ પુત્રોનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો છે.[4] તેની વ્યાખ્યાના શબ્દો સહસા કાલિદાસના આ શ્લોકની યાદ અપાવે છે—

**शैशवेऽभ्यस्तविद्यानां, यौवने विषयैषिणाम् ।**
**वार्धक्ये मुनिवृत्तीनां, योगेनान्ते तनुत्यजाम् ॥**

(रघुवंश १।८)

પિતાના કહેવાનો અભિપ્રાય એવો હતો કે આપણે વૃદ્ધાવસ્થામાં મુનિ બનીશું.

**गमिस्सामो**—આ અનિયત-વાસનો સંકેત છે. ચૂર્ણિકારે અહીં ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાત રહેવાનો ઉલ્લેખ કર્યો છે.[5]

### ૨૨. ભોગો અમારા માટે અપ્રાપ્ત નથી—અમે તેમને અનેક વાર પ્રાપ્ત કરી ચૂક્યા છીએ (अणागयं नेव य अत्थि किंचि)

આત્માને પુનર્ભવિ (ફરી ફરી જન્મ લેનાર) માનનાર માટે આ એક ઘણું મોટું તથ્ય છે. લોકો કહે છે—આ દીક્ષિત થઈ રહ્યો છે, એણે સંસારમાં આવી શું જોયું છે, શું મેળવ્યું છે ? તેણે હજી ઘરમાં જ રહેવું જોઈએ. આ વાતનો જવાબ કુમારોએ આત્મવાદના આધારે આપ્યો છે. તેમણે કહ્યું—અનાદિ-કાળથી સંસારમાં પરિભ્રમણ કરનાર આત્મા માટે અપ્રાપ્ત કંઈ પણ નથી, તેને સઘળું મળી ચૂક્યું છે. પદાર્થની પ્રાપ્તિ માટે તેણે ઘરમાં રહેવું જરૂરી નથી.[6]

જ્યાં મૃત્યુ ન પહોંચી શકે તેવું કોઈ સ્થાન નથી—આ તેનો બીજો અર્થ છે.[7]

### ૨૩. હે વાશિષ્ઠિ ! (वासिट्ठि !)

ગોત્ર વડે સંબોધિત કરવાનું ગૌરવ સૂચક માનવામાં આવતું હતું, એટલા માટે પુરોહિતે પોતાની પત્નીને 'વાશિષ્ઠિ' કહીને સંબોધન કર્યું.[8] જુઓ—દશવૈકાલિક, ૭। ૧૭નું ટિપ્પણ.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २२७ : अमोहा रयणी, किं दिवसतो ण मरति ?, उच्यते—लोकसिद्धं यन्मरतीति (रतिं) वाहरंती य, अहवा सो न दिवसे विणा (रत्तीए) तेण रत्ती भण्णति, अपच्छिमत्वाद्वा णियमा रत्ती ।

૨. उत्तरज्झयणाणि, १०।१; १४।२३-२५ ।

૩. बृहद्वृत्ति, पत्र ४०३ : अमोघा 'रयणि'त्ति रजन्य उक्ताः, दिवसाविनाभावित्वात्तासां दिवसाश्च ।

૪. એજન, पत्र ४०४ : 'पश्चाद्' यौवनावस्थोत्तरकालं, कोऽर्थः ?—पश्चिमे वयसि ।

૫. उत्तराध्ययन चूर्णि, पृ. २३७ : गमिस्सामो, अणियत्तवासी गामे एगरातीओ णगरे पंचरातीयो ।

૬. बृहद्वृत्ति, पत्र ४०४ : 'अनागतम्' अप्राप्तं नैव चास्ति किंचिदिति मनोरममपि विषयसौख्यादि अनादौ संसारे सर्वस्य प्राप्तपूर्वत्वात्ततो न तदर्थमपि गृहावस्थानं युक्तमिति भावः ।

૭. बृहद्वृत्ति, पत्र ४०४ : यद्वाऽनागतं यत्र मृत्योरागतिर्नास्ति तन्न किंचित्स्थानमस्ति ।

૮. એજન, पत्र ४०५ : वाशिष्ठि ! —वशिष्ठगोत्रोद्भवे, गौरवख्यापनार्थं गोत्राभिधानम् ।

### ૨૪. સુસંસ્કૃત (सुसंभिया)

જેઓ ઈન્દ્રિયોના વિષયોને સંપાદિત કરનાર સમગ્ર સામગ્રીથી યુક્ત હોય છે, સુસંસ્કૃત હોય છે, તેઓ સુસંભૃત કહેવાય છે. આ શબ્દ 'કામ-ગુણ'નું વિશેષણ છે.

### ૨૫. શ્રૃંગાર રસ (अग्गरसा....)

નવ રસોમાં શૃંગાર પ્રથમ રસ છે, એટલા માટે તેને અગ્રણી રસ કહી શકાય. વૃત્તિમાં આ વૈકલ્પિક અર્થના રૂપમાં પ્રસ્તુત છે.

ચૂર્ણિમાં આનો અર્થ 'સુખ' અને વૃત્તિમાં 'મધુર વગેરે પ્રધાન રસ' કરવામાં આવેલ છે.[1]

### ૨૬. મોક્ષ-માર્ગ (पहाणमग्गं)

પ્રધાનનો અર્થ છે—મોક્ષ. ચૂર્ણિકારે આ પદના ત્રણ અર્થ કર્યા છે–(૧) જ્ઞાન, દર્શન અને ચારિત્ર (૨) દસવિધ શ્રમણ ધર્મ (૩) તીર્થંકરોનો માર્ગ.[2] વૃત્તિ અનુસાર આનો અર્થ છે—મહાપુરુષો દ્વારા આસેવિત પ્રવ્રજ્યા રૂપી મુક્તિમાર્ગ.[3]

'गमिस्सामुपहाणमग्गं'—માં સંધિ-વિચ્છેદ કરવાથી 'उपहाणमग्गं' પાઠ બને છે. તેનું સંસ્કૃત રૂપ થશે—'उपधानमार्ग' અને અર્થ થશે—તપસ્યાનો માર્ગ.

### ૨૭. હે ભવતિ ! (भोइ !)

મહારાષ્ટ્રમાં આ શબ્દ પૂજ્યના અર્થમાં પ્રચલિત છે. ચૂર્ણિ અને વૃત્તિમાં તેને આમંત્રણ-વચન માનીને 'भवति !' રૂપમાં પ્રસ્તુત કરાયેલ છે.[4]

### ૨૮. ધન, ધાન્ય વગેરે (कुडुंबसारं)

કુટુંબ માટે તે જ સારભૂત પદાર્થો ગણાય છે જેનાથી કુટુંબનું ભરણ-પોષણ થાય છે. હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય વગેરેને કુટુંબસાર માનવામાં આવે છે. આ લાક્ષણિક અર્થની અભિવ્યંજના છે.

### ૨૯. વારંવાર (अभिक्खं)

ચૂર્ણિ અને વૃત્તિમાં આનો અર્થ 'अभीक्ष्णं'—'વારંવાર' કરવામાં આવ્યો છે.[5] 'कुडुम्बसारं विउलुत्तमं तं'—આ વાક્યમાં કોઈ ક્રિયાપદ નથી. એટલા માટે વૃત્તિકારે 'गेण्हंतं' પદ અધ્યાહાર ગણ્યું છે.[6] જો 'अभिक्खं' પદનું 'अभिकांक्षत्' રૂપ માનવામાં આવે તો અધ્યાહારની જરૂર રહેતી નથી. વર્ણલોપ વડે આ સિદ્ધ થઈ શકે છે.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २२९ : अग्गरसानां—सुखानां ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४०७ ।

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २२९ : पहाणमग्गो णाम ज्ञानदंसणचरित्ताणि, दसविधो वा समणधम्मो, पहाणं वा मग्गं पहाणमग्गं, तीर्थंकराणामित्यर्थः ।

૩. बृहद्वृत्ति, पत्र ४०६ : प्रधानमार्गं महापुरुषसेवितं प्रव्रज्यारूपं मुक्तिपथमिति ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २२९ : हे भवति ! ..... ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४०६ : हे भवति ! आमन्त्रणवचनमेतत् ।

૫. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३० ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४०८ ।

૬. बृहद्वृत्ति, पत्र ४०८ : तदिति यत् पुरोहितेन त्यक्तं गृह्णन्तमिति शेषः ।

**૩૦. તે તને ત્રાણ પણ નહીં આપી શકે (नेव ताणाय तं तव)**

રાણી કમલાવતીએ રાજાને કહ્યું—ધન-ધાન્ય કે પરિવાર પરલોકમાં ત્રાણ આપી શકતાં નથી. ચૂર્ણિકારે અહીં એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે[1]—

अत्थेण णंदराया ण ताइओ गोहणेण कुइअन्नो ।
धन्नेण तिलयसेट्ठी पुत्तेहिं न ताइओ सगरो ॥

**૩૧. મરવું પડશે (मरिहिसि....)**

'जातस्य हि ध्रुवो मृत्युः'—આ અટળ સિદ્ધાંત છે. જે જન્મે છે, તે ચોક્કસ મરે છે, ભલેને પછી તે કોઈ રાજા હોય કે રંક, સ્ત્રી હોય કે પુરુષ. કહ્યું પણ છે—

१. 'ध्रुवं उड्ढं तणं कड्ढं, ध्रुवभिन्नं मट्टियामयं भाणं ।
जातस्य ध्रुवं मरणं, तूरह हितमप्पणो काउं ॥'[2]

२. 'कश्चित् तावत् त्वया दृष्टः श्रुतो वा शंकितोऽपि वा ।
क्षितौ वा यदि वा स्वर्गे, यो जातो न मरिष्यति ॥'[3]

**૩૨. એક ધર્મ જ ત્રાણ છે (एक्को हु....)**

'मरणसमं नत्थि भयं'—મરણ જેવો બીજો કોઈ ભય નથી. ધર્મ આ ભયની સામે રક્ષણ આપી શકે છે.

મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને ડૉક્ટરે કહ્યું—'એક ઓપરેશન વધુ કરવું પડશે.' આઈન્સ્ટાઈને કહ્યું—'હું પરાણે જીવવા ઈચ્છતો નથી. મારે જેટલો સમય જીવવું હતું, જીવી લીધું. જે કામ કરવું હતું, કરી લીધું. હવે મારા મનમાં જીવવાની કોઈ આકાંક્ષા નથી.'

**૩૩. (इहेह)**

આમાં 'इह' શબ્દનો બે વાર પ્રયોગ થયો છે—'इह' + 'इह' = 'इहेह'. આ રીતે બે વાર થયેલો પ્રયોગ સંભ્રમનો સૂચક છે.[4]

**૩૪. પિંજરામાં (पंजरे....)**

સરખાવો—

उद्घाटिते नवद्वारे पञ्जरे विहगोऽनिलः ।
यत्तिष्ठति तदाश्चर्यं, प्रयाणे विस्मयः कुतः ॥

**૩૫. સરળ ક્રિયાવાળી (उज्जुकडा)**

ચૂર્ણિમાં આનો અર્થ—'અમાયી' અને વૃત્તિમાં 'માયારહિત અનુષ્ઠાન' આપવામાં આવેલ છે.[5] આ જ શબ્દ ૧૫।૧માં પણ

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २३० ।
૨. એજન, पृ. २३० ।
૩. बृहद्वृत्ति, पत्र ४०८ ।
૪. એજન, पत्र ४०९, इहेहे ति वीप्साभिधानं सम्भ्रमख्यापनार्थम् ।
૫. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३० : उज्जुकडा—अमायी ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४०९ : ऋजु—मायाविरहितं, कृतं अनुष्ठितमस्या इति ऋजुकृता ।

વપરાયો છે. ત્યાં ચૂર્ણિ અનુસાર તેનો અર્થ છે—જે વ્યક્તિ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વડે પોતાના ભાવોને ઋજુ બનાવી દે છે તે ઋજુકૃત કહેવાય છે. વૃત્તિકારે ઋજુના બે અર્થ કર્યા છે—સંયમ અથવા માયારહિત અનુષ્ઠાન.[1]

૩૬. વિષય-વાસનાથી દૂર (**निरामिसा**)

આ શ્લોકમાં 'निर'ની સાથે અને ૪૬મા શ્લોકમાં 'स' અને 'निर'ની સાથે તથા સ્વતંત્ર રૂપે અને ૪૯મા શ્લોકમાં 'निर' ની સાથે—એ રીતે 'आमिष' શબ્દનો છ વાર પ્રયોગ થયો છે. ૪૬મા શ્લોકના પ્રથમ બે ચરણોમાં તે માંસના અર્થમાં[2] તથા બાકીના સ્થાનોમાં આસક્તિના હેતુભૂત કામ-ભોગ કે ધનના અર્થમાં[3] પ્રયોજાયેલ છે.

બૌદ્ધ સાહિત્યમાં પણ ધન કે ભોગના અર્થમાં 'आमिष' શબ્દનો પ્રયોગ થયો છે.[4] જુઓ—उत्तरज्झयणाणि, ૮। ૫નું ટિપ્પણ.

૩૭. (**परिग्गहारंभनियत्तदोसा**)

જે આરંભ અને પરિગ્રહના દોષથી નિવૃત્ત થઈ ગઈ હોય તે સ્ત્રીનું વિશેષણ 'परिग्रहारम्भदोषनिवृत्ता' થાય છે. શાન્ત્યાચાર્યે વૈકલ્પિક રૂપે 'परिग्रहारम्भनिवृत्ता' અને 'अदोषा' એ બે વિશેષણો પણ માન્યાં છે.[5]

૩૮. રાગ-દ્વેષ...... (रागद्दोस.....)

'દાવાગ્નિ સળગી ઊઠ્યો છે. અરણ્યમાં જીવ-જંતુઓ સળગી રહ્યાં છે. તેમને જોઈને રાગ-દ્વેષને વશ થઈ બીજા જીવો આનંદિત થઈ રહ્યા છે.' પ્રસ્તુત પ્રસંગમાં દ્વેષ શબ્દની સાર્થકતા હોઈ શકે છે, પણ રાગ શબ્દની જરૂર ક્યાં છે ? આવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. રાગનો અર્થ જો મનોરંજન કરવામાં આવે તો પ્રસંગની સંગતિ થઈ શકે છે. અથવા પોતાના પ્રત્યે રાગ અને બીજા પ્રત્યે દ્વેષ એવો અર્થ હોય તો બંનેની સાર્થકતા ગણી શકાય.

હકીકત એ છે કે કોઈનીય તરફ દ્વેષ હોવાનો અર્થ છે—કોઈકના પ્રત્યે રાગ છે. રાગ મૌલિક પ્રવૃત્તિ છે, દ્વેષ તેનો એક તણખો છે. એટલા માટે જ્યાં દ્વેષ છે ત્યાં રાગનું હોવું કુદરતી છે.

૩૯. વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરે છે (**लहुभूयविहारिणो**)

વાયુની માફક વિહાર કરનાર અથવા સંયમપૂર્વક વિહાર કરનાર 'લઘુભૂત વિહારી' કહેવાય છે.[6] સરખાવો—दसवेआलियं, ૩।૧૦.

૪૦. સ્વેચ્છાથી નિવારણ કરનાર (**कामकमा**)

જે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી આમ-તેમ ઘૂમે છે તેઓ 'कामक्रम' કહેવાય છે. મુક્ત પક્ષીઓ પોતાની ઈચ્છા અનુસાર બધી દિશાઓમાં ઊડવા માટે સ્વતંત્ર હોય છે. તેઓ અપ્રતિબદ્ધ હોય છે.

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३४ : ज्ञानदर्शनचारित्रतपोभिः उज्जुकडे—ऋजुभावं कृत्वा ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४१४ ।

૨. बृहद्वृत्ति, पत्र ४१० : सहामिषेण—पिशितरूपेण वर्तत इति सामिषः ।

૩. (ક) એજન, पत्र ४०९ : निष्क्रान्ता आमिषाद्—गृद्धिहेतोरभिलषितविषयादेः ।
(ખ) એજન, पत्र ४१० : 'आमिषम्' अभिष्वंगहेतु धन-धान्यादि ।

૪. मज्झिमनिकाय, २।२।१०, पृ. २७८ ।

૫. बृहद्वृत्ति, पत्र ४०९ : निवृत्ता—उपरता परिग्रहारम्भदोषनिवृत्ता, यद्वा परिग्रहारम्भनिवृत्ता अतएव चादोषाः—विकृतिविरहिता ।

૬. એજન, पत्र ४१० : लघुः—वायुस्तद्वद्भूतं—भवनमेषां लघुभूताः, कोऽर्थः ? वायूपमाः तथाविधाः सन्तो विहरन्तीत्येवंशीलाः लघुभूतविहारिणः—अप्रतिबद्धविहारिण इत्यर्थः, यद्वा लघुभूतः — संयमस्तेन विहर्त्तुं शीलं येषां ते तथाविधाः ।

### ૪૧. પથ્ય છે (पत्थं)

આના સંસ્કૃત પર્યાયો ચાર થાય છે—'पथ्य', 'प्रार्थ्य', 'पार्थ' અને 'प्रस्थ'. પ્રસ્તુત પ્રસંગમાં પથ્ય અને પ્રાર્થ્ય—આ બંને ઉચિત લાગે છે.

### ૪૨. નિર્વિષય (निव्विसय)

विषय શબ્દના બે અર્થ થાય છે—શબ્દ વગેરે વિષયો અને દેશ. વૃત્તિકારે નિર્વિષયનો મૂળ અર્થ શબ્દ વગેરે ઈન્દ્રિય-વિષયોનો ત્યાગ અને વૈકલ્પિક અર્થ દેશ-ત્યાગ કર્યો છે.[1] ચૂર્ણિમાં પહેલો અર્થ જ માન્ય છે.[2] પ્રસ્તુત પ્રસંગમાં વિપુલ રાજ્યને છોડવાને કારણે નિર્વિષયનો અર્થ—દેશરહિત જ થવો જોઈએ.

### ૪૩. ઘોર પરાક્રમ કરવા લાગ્યા (घोरपरक्कमा)

તપના અતિશયની ઋદ્ધિ સાત પ્રકારની દર્શાવવામાં આવી છે. તેનો છઠ્ઠો પ્રકાર 'ઘોર પરાક્રમ' છે. જ્વર, સંનિપાત વગેરે મહાભયંકર રોગો હોવા છતાં પણ જે અનશન, કાયક્લેશ વગેરેમાં મંદ નથી હોતા અને ભયાનક સ્મશાન, પહાડની ગુફા વગેરેમાં રહેવાના અભ્યાસી છે તેઓ 'ઘોરતપ' છે. તેઓ જ્યારે તપ અને યોગને ઉત્તરોત્તર વધારતા જાય છે ત્યારે 'ઘોર પરાક્રમ' કહેવાય છે. આ વ્યાખ્યા તત્ત્વાર્થ-રાજવાર્તિકમાં મળે છે.[3] પચાસમા શ્લોકના અંતિમ બે ચરણો મુજબ આ વ્યાખ્યા ઉપયુક્ત જણાય છે. 'तवं पगिज्झऽहक्खायं घोरं घोरपरक्कमा' આમાં ઘોરતાની ભાવના રહેલી છે અને 'घोरपरक्कमा' તેનું જ અગ્રિમ રૂપ છે. ચૂર્ણિ અને ટીકામાં આનો માત્ર શાબ્દિક અર્થ મળે છે.

### ૪૪. (सासणे विगयमोहाणं, पुव्विं भावणभाविया)

આ ૬ જીવોએ પૂર્વમાં જૈન શાસનમાં દીક્ષિત થઈને અનિત્ય, અશરણ વગેરે ભાવનાઓ વડે પોતાના આત્માને ભાવિત કર્યો હતો. આ ચરણોમાં તે જ તથ્યની સૂચના આપવામાં આવી છે.[4]

---

૧. बृहद्वृत्ति, पत्र ४११ ।
૨. उत्तराध्ययन चूर्णि, पृ. २३१ ।
૩. तत्त्वार्थ राजवार्तिक, ३।३६, पृ. २०३ ।
૪. बृहद्वृत्ति, पत्र ४१२ ।

# पनरसमं अज्झयणं

## सभिक्खुयं

# પંદરમું અધ્યયન

## સભિક્ષુક

# આમુખ

આ અધ્યયનમાં ભિક્ષુનાં લક્ષણોનું નિરૂપણ છે, એટલા માટે તેનું નામ 'सभिक्खुयं'—'सभिक्षुक' રાખવામાં આવ્યું છે.

ભિક્ષુ એકલો હોય છે. તેને ન કોઈ મિત્ર હોય છે કે ન કોઈ શત્રુ. તે બધા જ સંબંધોથી વિપ્રમુક્ત હોય છે. તે સાધના કરે છે. તે અધ્યાત્મની કળાને ક્યારેય જીવિકા-ઉપાર્જન માટે પ્રયોજતો નથી. તે સદા જિતેન્દ્રિય રહે છે. (શ્લોક ૧૬)

જીવન ભયાકુળ છે. તેનાં પ્રત્યેક ચરણમાં ભય જ ભય છે. ભિક્ષુ અભયની સાધના કરે છે. પહેલાં પહેલાં તે ભયને જીતવા માટે ઉપાશ્રયમાં જ મધ્યરાત્રીએ ઊઠીને એકલો જ કાયોત્સર્ગ કરે છે. બીજી વાર ઉપાશ્રયની બહાર, ત્રીજી વાર દૂર ચૌટામાં, ચોથી વાર શૂન્ય-ગૃહમાં અને અંતમાં સ્મશાનમાં એકલો જઈ કાયોત્સર્ગ કરે છે. તે ભયમુક્ત થઈ જાય છે. અભય અહિંસાનો પરિપાક છે. (શ્લોક ૧૪)

મુનિને પ્રત્યેક વસ્તુ યાચિત જ મળે છે. અયાચિત કંઈ પણ મળતું નથી. જે ઈચ્છિત વસ્તુ મળવાથી પ્રસન્ન અને ન મળવાથી અપ્રસન્ન નથી થતો તે ભિક્ષુ છે. ભિક્ષુ માટે બધાં જ દ્વાર ખુલ્લાં છે. કોઈ દાતા આપે છે અને કોઈ નથી પણ આપતું. આ બંને પરિસ્થિતિમાં જે સમ રહે છે તે ભિક્ષુ છે. (શ્લોક ૧૧, ૧૨)

મુનિ સરસ આહાર મળવાથી તેની પ્રશંસા અને નિરસ આહાર મળવાથી તેની નિંદા ન કરે. ઊંચા કુળોમાં ભિક્ષા લેવાની સાથે-સાથે હલકાં કુળોમાંથી પણ ભિક્ષા લે. ભિક્ષામાં જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી જ સંતોષ માનનારો ભિક્ષુ હોય છે. (શ્લોક ૧૩)

મુનિ પોતાની આવશ્યકતા-પૂર્તિ માટે હીન-ભાવથી કોઈનીય પાસે હાથ ફેલાવતો નથી. તે યાચનામાં પણ પોતાના આત્મ-ગૌરવને ખોતો નથી. મોટા માણસોની ન તે ચાંપલૂસી કરે છે કે ન નાના માણસોનો તિરસ્કાર, ન તે ધનવાનોની પ્રશંસા કરે છે કે ન નિર્ધનોની નિંદા. સહુ પ્રત્યે તેનું વર્તન સમાન હોય છે. (શ્લોક ૯)

દશવૈકાલિકનું દસમું અધ્યયન 'सभिक्खु' છે. તેમાં ૨૧ શ્લોક છે. આ અધ્યયનમાં ૧૬ શ્લોક છે. ઉદ્દેશ્ય-સામ્ય હોવા છતાં પણ બંનેના વર્ણનમાં તફાવત છે. ક્યાંક-ક્યાંક શ્લોકોના પદોમાં શબ્દ-સામ્ય છે. આ અધ્યયનમાં પ્રયુક્ત ભિક્ષુનાં કેટલાંક વિશેષણો નવાં છે. આનાં સમગ્ર અધ્યયનથી ભિક્ષુની જીવન-યાપન વિધિનું અથથી ઈતિ સુધી સમ્યક્ પરિજ્ઞાન થઈ જાય છે.

આ અધ્યયનમાં અનેક દાર્શનિક તથા સામાજિક તથ્યોનું સંકલન થયું છે. આગમકાળમાં કેટલાક શ્રમણો અને બ્રાહ્મણો, મંત્ર, ચિકિત્સા વગેરેનો પ્રયોગ કરતા હતા. ભગવાન મહાવીરે જૈન મુનિ માટે આવું કરવાનો નિષેધ કર્યો છે.

વમન, વિરેચન અને ધૂમનેત્ર—આ ચિકિત્સા-પ્રણાલીના અંગો છે. આયુર્વેદમાં પ્રચલિત 'પંચકર્મ'ની પ્રક્રિયામાં પ્રથમ બેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે અને આજ પણ આ પ્રક્રિયા દ્વારા ચિકિત્સા કરવામાં આવે છે. ધૂમનેત્રનો પ્રયોગ મસ્તિષ્ક સંબંધી રોગોનું નિવારણ કરવા માટે થતો હતો. આનો ઉલ્લેખ દશવૈકાલિક ૩/૯ અને સૂત્રકૃતાંગ ૨/૪/૬૭માં પણ થયો છે.

સાતમા શ્લોકમાં અનેક વિદ્યાઓનો ઉલ્લેખ થયો છે. આજીવક વગેરે શ્રમણો આ વિદ્યાઓનો પ્રયોગ કરી પોતાની આજીવિકા મેળવતા હતા. એનાથી લોકોમાં આકર્ષણ અને વિકર્ષણ—બંને થતાં હતાં. સાધનાનો ભંગ થતો હતો. ભગવાને આ વિદ્યા-પ્રયોગો વડે આજીવિકા મેળવવાનો નિષેધ કર્યો છે.

નિર્યુક્તિકારે ભિક્ષુના લક્ષણો આ પ્રમાણે બતાવ્યાં છે[1]—

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३७८-३७९ : रागद्दोसा दंडा जोगा तह गारवा य सल्ला य ।
विगहाओ सण्णाओ खुहं कसाया पमाया य ॥
एयाइं तु खुहाइं जे खलु भिंदंति सुव्वया रिसओ ।
ते भिन्नकम्मगंठी उविंति अयरामरं ठाणं ॥

ભિક્ષુ તે છે જે રાગ-દ્વેષને જીતી લે છે.

ભિક્ષુ તે છે જે મન, વચન અને કાયા—આ ત્રણે દંડોમાં સાવધાન રહે છે.

ભિક્ષુ તે છે જે ન સાવદ્ય કાર્ય કરે છે, ન બીજાઓ પાસે કરાવે છે કે ન તેનું અનુમોદન કરે છે.

ભિક્ષુ તે છે જે ઋદ્ધિ, રસ અને સાતાનું ગૌરવ નથી કરતો.

ભિક્ષુ તે છે જે માયાવી નથી હોતો, જે નિદાન નથી કરતો અને જે સમ્યગ્દર્શી હોય છે.

ભિક્ષુ તે છે જે વિકથાઓથી દૂર રહે છે.

ભિક્ષુ તે છે જે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ—આ ચાર સંજ્ઞાઓને જીતી લે છે.

ભિક્ષુ તે છે જે કષાયો પર વિજય મેળવે છે.

ભિક્ષુ તે છે જે પ્રમાદથી દૂર રહે છે.

ભિક્ષુ તે છે જે કર્મ-બંધનને તોડવા માટે સદા પ્રયત્નશીલ રહે છે.

જે આવો હોય છે તે સમસ્ત ગ્રંથિઓનું છેદન કરી અજરામર પદ પામી જાય છે.

# पनरसमं अज्झयणं : પંદરમું અધ્યયન
# सभिक्खुयं : સભિક્ષુક

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. मोणं चरिस्सामि समिच्च धम्मं<br>सहिए उज्जुकडे नियाणछिन्ने ।<br>संथवं जहिज्ज अकामकामे<br>अन्नायएसी परिव्वए जे स भिक्खू ॥ | मौनं चरिष्यामि समेत्य धर्मं<br>सहित ऋजुकृतः छिन्ननिदानः ।<br>संस्तवं जह्यादकामकामः<br>अज्ञातैषी परिव्रजेत् स भिक्षुः ॥ | ૧. 'ધર્મનો સ્વીકાર કરી મુનિવ્રતનું[1] આચરણ કરીશ'—જે એવો સંકલ્પ કરે છે, જે સહિષ્ણુ છે[2], જેનું અનુષ્ઠાન ઋજુ છે[3], જે વાસનાના સંકલ્પનું છેદન કરે છે[4], જે પરિચયનો[5] ત્યાગ કરે છે, જે કામ-ભોગોની અભિલાષા છોડી ચૂક્યો છે[6], જે તપ આદિની જાહેરાત વિના ભિક્ષાની શોધ કરે છે[7], જે અપ્રતિબદ્ધ વિહાર કરે છે—તે ભિક્ષુ છે. |
| २. राओवरयं चरेज्ज लाढे<br>विरए वेयवियाऽऽयरक्खिए ।<br>पन्ने अभिभूय सव्वदंसी<br>जे कम्हिंचि न मुच्छिए स भिक्खू ॥ | रागोपरतं चरेद् लाढः<br>विरतो वेदविदात्मरक्षिकः ।<br>प्रज्ञोऽभिभूय सर्वदर्शी<br>यः कस्मिन्नपि न मूर्च्छितः स भिक्षुः ॥ | ૨. જે રાગથી ઉપરત થઈને વિહાર કરે છે[8], જે નિર્દોષ આહાર વડે જીવન-યાપન કરે છે, જે વિરત, આગમનો જાણકાર અને આત્મરક્ષક છે[9], જે પ્રજ્ઞ છે[10], જે પરીષહોને જીતનારો અને બધા જીવોને આત્મતુલ્ય સમજનારો છે[11], જે કોઈપણ વસ્તુમાં મૂર્છિત નથી થતો—તે ભિક્ષુ છે. |
| ३. अक्कोसवहं विइत्तु धीरे<br>मुणी चरे लाढे निच्चमायगुत्ते ।<br>अव्वग्गमणे असंपहिट्ठे<br>जे कसिणं अहियासए स भिक्खू ॥ | आक्रोशवधं विदित्वा धीरः<br>मुनिश्चरेद् लाढः नित्यमात्मगुप्तः ।<br>अव्यग्रमना असंप्रहृष्टः<br>यः कृत्स्नमध्यास्ते स भिक्षुः ॥ | ૩. જે ધીર મુનિ કઠોર વચન અને તાડનાને પોતાના કર્મોનું ફળ જાણીને શાંત ભાવે વિચરણ કરે છે, જે પ્રશસ્ત છે, જે સદા આત્માનું સંવરણ કરીને રહે છે[12], જેનું મન આકુળતા અને હર્ષથી રહિત હોય છે[13], જે બધું જ સહન કરે છે—તે ભિક્ષુ છે. |
| ४. पंतं सयणासणं भइत्ता<br>सीउण्हं विविहं च दंसमसगं ।<br>अव्वग्गमणे असंपहिट्ठे<br>जे कसिणं अहियासए स भिक्खू ॥ | प्रान्त्यं शयनासनं भुक्त्वा<br>शीतोष्णं विविधं च दंशमशकम् ।<br>अव्यग्रमना असंप्रहृष्टः<br>यः कृत्स्नमध्यास्ते स भिक्षुः ॥ | ૪. તુચ્છ[14] શયન અને આસનનું સેવન કરીને તથા ઠંડી, ગરમી, ડાંસ અને મચ્છરનો ત્રાસ સહન કરીને પણ જેનું મન આકુળતા અને હર્ષથી રહિત હોય છે, જે બધું જ સહન કરે છે—તે ભિક્ષુ છે. |
| ५. नो सक्कियमिच्छई न पूयं<br>नो वि य वंदणगं कुओ पसंसं ? ।<br>से संजए सुव्वए तवस्सी<br>सहिए आयगवेसए स भिक्खू ॥ | नो सत्कृतमिच्छति न पूजां<br>नो अपि च वंदनकं कुतः प्रशंसाम् ?<br>स संयतः सुव्रततपस्वी<br>सहित आत्मगवेषकः स भिक्षुः ॥ | ૫. જે સત્કાર, પૂજા અને વંદનાની ઈચ્છા નથી કરતો તે પ્રશંસાની ઈચ્છા કેવી રીતે કરશે ? જે સંયત, સુવ્રત, તપસ્વી, બીજા ભિક્ષુઓની સાથે રહેનારો અને આત્મ-ગવેષક છે[15]—તે ભિક્ષુ છે. |

६. जेण पुण जहाइ जीवियं
मोहं वा कसिणं नियच्छई ।
नरनारिं पजहे सया तवस्सी
न य कोऊहलं उवेइ स भिक्खू ॥

येन पुनर्जहाति जीवितं
मोहं वा कृत्स्नं नियच्छति ।
नरनारीं प्रजह्यात् सदा तपस्वी
न च कौतूहलमुपैति स भिक्षुः ॥

૬. જેના સંયોગમાત્રથી સંયમ-જીવન છૂટી જાય અને સમગ્ર મોહથી બંધાઈ જવાય તેવાં સ્ત્રી કે પુરુષની સંગતિનો જે ત્યાગ કરે છે, જે સદા તપસ્વી છે, જે કુતૂહલ નથી બતાવતો—તે ભિક્ષુ છે.

७. छिन्नं सरं भोमं अंतलिक्खं
सुमिणं लक्खणदंडवत्थुविज्जं ।
अंगवियारं सरस्स विजयं
जो विज्जाहिं न जीवइ स भिक्खू ॥

छिन्नं स्वरं भौममन्तरिक्षं
स्वप्नं लक्षणदण्डवास्तुविद्यां ।
अंगविकारः स्वरस्य विचयः
यो विद्याभिर्न जीवति स भिक्षुः ॥

૭. જે છિન્ન (છિદ્ર-વિદ્યા), સ્વર (સપ્ત-સ્વર વિદ્યા), ભૌમ, અંતરિક્ષ, સ્વપ્ન, લક્ષણ, દંડ, વાસ્તુવિદ્યા, અંગવિકાર અને સ્વરવિજ્ઞાન (પશુ-પક્ષી સ્વર-વિદ્યા)—આ વિદ્યાઓ વડે આજીવિકા મેળવતો નથી તે ભિક્ષુ છે.[૧૨]

८. मंतं मूलं विविहं वेज्जचिंतं
वमणविरेयणधूमणेत्तसिणाणं ।
आउरे सरणं तिगिच्छियं च
तं परिन्नाय परिव्वए स भिक्खू ॥

मन्त्रं मूलं विविधां वैद्यचिन्तां
वमन-विरेचन-धूमनेत्र-स्नानम् ।
आतुरे शरणं चिकित्सितं च
तत् परिज्ञाय परिव्रजेत् स भिक्षुः ॥

૮. મંત્ર[૧૩], મૂળ, વિવિધ પ્રકારની આયુર્વેદ સંબંધી વિચારણા, વમન, વિરેચન, ધૂમ્રપાનની નળી[૧૪], સ્નાન[૧૫], આતુર થતાં સ્વજનનું શરણ, ચિકિત્સા—આ બધાનો પરિત્યાગ કરી જે પરિવ્રજન કરે છે—તે ભિક્ષુ છે.

९. खत्तियगणउग्गरायपुत्ता
माहणभोइय विविहा य सिप्पिणो ।
नो तेसिं वयइ सिलोगपूयं
तं परिन्नाय परिव्वए स भिक्खू ॥

क्षत्रियगणोग्रराजपुत्राः
ब्राह्मणभोगिका विविधाश्च शिल्पिनः ।
नो तेषां वदति श्लोकपूजे
तत्परिज्ञाय परिव्रजेत् स भिक्षुः ॥

૯. ક્ષત્રિય, ગણ, ઉગ્ર, રાજપુત્ર, બ્રાહ્મણ, ભોગિક[૧૬] (સામંત) તથા વિવિધ પ્રકારના જે શિલ્પીઓ હોય છે, તેમની પ્રશંસા અને પૂજા નથી કરતો પરંતુ તેમને દોષપૂર્ણ જાણીને તેમનો પરિત્યાગ કરી જે પરિવ્રજન કરે છે—તે ભિક્ષુ છે.

१०. गिहिणो जे पव्वइएण दिट्ठा
अप्पव्वइएण व संथुया हविज्जा ।
तेसिं इहलोइयफलट्ठा
जो संथवं न करेइ स भिक्खू ॥

गृहिणो ये प्रव्रजितेन दृष्टाः
अप्रव्रजितेन च संस्तुता भवेयुः ।
तेषामिहलौकिकफलार्थं
यः संस्तवं न करोति स भिक्षुः ॥

૧૦. દીક્ષા લીધા પછી જેને જોયેલ હોય કે જે પહેલાંથી પરિચિત હોય તેમની સાથે ઈહલૌકિક ફળ (વસ્ત્ર-પાત્ર વગેરે)ની પ્રાપ્તિ માટે જે પરિચય નથી કરતો—તે ભિક્ષુ છે.

११. सयणासणपाणभोयणं
विविहं खाइमसाइमं परेसिं ।
अदए पडिसेहिए नियंठे
जे तत्थ न पउस्सई स भिक्खू ॥

शयनासनपानभोजनं
विविधं खाद्यस्वाद्यं परेभ्यः ।
अददद्भ्यः प्रतिषिद्धो निर्ग्रन्थः
यस्तत्र न प्रदुष्यति स भिक्षुः ॥

૧૧. શયન, આસન, પાન, ભોજન અને વિવિધ પ્રકારના ખાદ્ય-સ્વાદ્ય ગૃહસ્થ ન આપે તથા કારણવશાત્ માંગવા છતાં પણ ઈન્કાર કરવામાં આવે, તે સ્થિતિમાં જે પ્રદ્વેષ ન કરે—તે ભિક્ષુ છે.

१२. जं किंचि आहारपाणं विविहं
खाइमसाइमं परेसिं लद्धुं ।
जो तं तिविहेण नाणुकंपे
मणवयकायसुसंवुडे स भिक्खू ॥

यत्किंचिदाहारपानं
खाद्यस्वाद्यं परेभ्यो लब्ध्वा ।
यस्तेन त्रिविधेन नानुकम्पते
सुसंवृतमनोवाक्कायः स भिक्षुः ॥

૧૨. ગૃહસ્થોના ઘરેથી જે કંઈ આહાર-પાન અને વિવિધ પ્રકારના ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો પ્રાપ્ત કરી જે ગૃહસ્થની મન, વચન અને કાયા વડે અનુકંપા ન કરે—તેમને આશીર્વાદ ન આપે, જે મન, વચન અને કાયા વડે સુસમૃદ્ધ હોય છે—તે ભિક્ષુ છે.

**१३.आयामगं चेव जवोदणं च**
**सीयं च सोवीरजवोदगं च ।**
**नो हीलए पिंडं नीरसं तु**
**पंतकुलाइं परिव्वए स भिक्खू ॥**

आयामकं चैव यवौदनं च
शीतं सौवीरं यवोदकं च ।
न हीलयेत् पिण्डं नीरसं तु
प्रान्त्यकुलानि परिव्रजेत् स भिक्षुः ॥

૧૩. ઓસામણ, જવ-ચોખાની વાનગી, ઠંડો વાસી આહાર, કાંજીનું પાણી[૨૧], જવનું પાણી જેવી નીરસ ભિક્ષાની જે નિંદા નથી કરતો, જે સામાન્ય ઘરોમાં ભિક્ષા માટે જાય છે—તે ભિક્ષુ છે.

**१४.सद्दा विविहा भवंति लोए**
**दिव्वा माणुस्सगा तहा तिरिच्छा ।**
**भीमा भयभेरवा उराला**
**जो सोच्चा न वहिज्जई स भिक्खू ॥**

शब्दा विविधा भवन्ति लोके
दिव्या मानुष्यकास्तैरश्चाः ।
भीमा भयभैरवा उदाराः
यः श्रुत्वा न व्यथते स भिक्षुः ॥

૧૪. લોકમાં દેવતા, મનુષ્ય અને તિર્યંચોના અનેક પ્રકારના રૌદ્ર, અતિ ભયંકર[૨૨] અને ઊંચા સ્વરે[૨૩] જે અવાજો થાય છે તેમને સાંભળીને જે વ્યથિત નથી થતો—તે ભિક્ષુ છે.

**१५.वादं विविहं समिच्च लोए**
**सहिए खेयाणुगए य कोवियप्पा ।**
**पन्ने अभिभूय सव्वदंसी**
**उवसंते अविहेडए स भिक्खू ॥**

वादं विविधं समेत्य लोके
सहितः खेदानुगतश्च कोविदात्मा ।
प्रज्ञोऽभिभूय सर्वदर्शी
उपशान्तोऽविहेठकः स भिक्षु ॥

૧૫. જે લોકમાં વિવિધ પ્રકારના વાદોને જાણે છે, જે સહિષ્ણુ છે, જે સંયમી છે[૨૪], જેને આગમનો પરમ અર્થ પ્રાપ્ત થયો છે[૨૫], જે પ્રજ્ઞ છે, જે પરીષહોને જીતનારો અને જે સહુ જીવોને આત્મ-તુલ્ય સમજનારો છે, જે ઉપશાંત અને કોઈનું પણ અપમાન ન કરનાર[૨૬] હોય છે—તે ભિક્ષુ છે.

**१६.असिप्पजीवी अगिहे अमित्ते**
**जिइंदिए सव्वओ विप्पमुक्के ।**
**अणुक्कसाई लहुअप्पभक्खी**
**चेच्चा गिहं एगचरे स भिक्खू ॥**

अशिल्पजीव्यगृहोऽमित्रः
जितेन्द्रियः सर्वतो विप्रमुक्तः ।
अणुकषायी लघ्वल्पभक्षी
त्यक्त्वा गृहमेकचरः स भिक्षुः ॥

૧૬. જે શિલ્પજીવી નથી હોતો, જેને ઘર નથી હોતું, જેને મિત્રો નથી હોતા[૨૭], જે જિતેન્દ્રિય અને બધા પ્રકારના પરિગ્રહથી મુક્ત હોય છે, જેનો કષાય મંદ હોય છે[૨૮], જે હળવું અને ઓછું ભોજન કરે છે, જે ઘર છોડી એકલો (રાગ-દ્વેષ રહિત બની) વિચરે છે—તે ભિક્ષુ છે.

**—त्ति बेमि ।**

—इति ब्रवीमि ।

—એમ હું કહું છું.

ટિપ્પણ

## અધ્યયન ૧૫ : સભિક્ષુક

### ૧. મુનિ-વ્રતનું (मोणं)

જે ત્રિકાલાવસ્થિત જગતને જાણે છે, તેને મુનિ કહેવામાં આવે છે. મુનિના ભાવ અથવા કર્મને મૌન કહેવામાં આવે છે. મૌનનો વધુ પ્રચલિત અર્થ છે—વચન-ગુપ્તિ. પરંતુ અહીં તેનો અર્થ—સમગ્ર મુનિ-ધર્મ છે.[1]

### ૨. જે સહિષ્ણુ છે (सहिए)

અહીં 'सहिए' શબ્દનો અર્થ છે સહિષ્ણુ. 'षह्' ધાતુ મર્ષણ અર્થાત ક્ષમાના અર્થમાં વપરાય છે. આ ધાતુનું પ્રાકૃતમાં 'क्त' પ્રત્યયાંત રૂપ 'सहिय' બને છે. સંસ્કૃતમાં 'इट्' થવા પર 'सहित' અને 'इट्' ન થવા પર 'सोढ' બને છે. સેતુબંધ (૧૫૫)માં 'सहिय' શબ્દનો પ્રયોગ આ જ અર્થમાં થયો છે.

ચૂર્ણિકારે આનો અર્થ—જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી યુક્ત એવો કર્યો છે.[2] બૃહદ્‌વૃત્તિકારે આના બે અર્થ કર્યા છે—સમ્યગ્દર્શન વગેરેથી યુક્ત અથવા બીજા સાધુઓની સાથે. તેમણે આનું બીજું સંસ્કૃત રૂપ 'स्वहित' આપીને તેનો અર્થ—પોતાને માટે હિતકર એવો કર્યો છે.[3]

આચાર્ય નેમિચન્દ્રે 'सहिए'નો અર્થ—અન્ય સાધુઓ સમેત—કર્યો છે. તેઓ અહીં એકલ-વિહારનો પ્રતિષેધ બતાવે છે. સાધુઓએ એકાકી વિહાર ન કરવો જોઈએ—આ તથ્યની પુષ્ટિ માટે તેઓ એક ગાથા પ્રસ્તુત કરે છે—

**'एगागियस्स दोसा, इत्थी साणे तहेव पडिणीए ।**

**भिक्खविसोहि महव्वय, तम्हा सेविज्ज दोगमणं ॥**

અર્થાત એકાકી રહેવાથી—

૧. સ્ત્રી-પ્રસંગની સંભાવના રહે છે.

૨. કૂતરાં વગેરેનો ભય રહે છે.

૩. શત્રુનો ભય રહે છે.

૪. ભિક્ષાની વિશુદ્ધિ રહેતી નથી.

૫. મહાવ્રતોના પાલનમાં જાગરૂકતા રહેતી નથી.

આથી કરીને એકાકી ન રહેતાં સાથે મળી રહેવું જોઈએ.[4]

આ જ અધ્યયનના પાંચમા શ્લોકના ચોથા ચરણમાં 'सहित' શબ્દ પ્રયોજાયો છે. ત્યાં ચૂર્ણિકારે તેનો અર્થ—જ્ઞાન વગેરે સહિત એવો કર્યો છે અને શાન્ત્યાચાર્યે તેના બે અર્થ કર્યા છે—

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३४ : मन्यते त्रिकालावस्थितं जगदिति मुनिः, मुनिभावो मौनम् ।
(ખ) बृहद्‌वृत्ति, पत्र ४१४ : मुनेः कर्म मौनं तच्च सम्यक्-चारित्रम् ।
(ગ) सुखबोधा, पत्र २१४ : मौनं श्रामण्यम् ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २३४ : ज्ञानदर्शनचारित्रतपोभिः ।

૩. बृहद्‌वृत्ति, पत्र ४१४ : सहितः—सम्यग्दर्शनादिभिरन्यसाधुभिर्वेति गम्यते ।...... स्वस्मै हितः स्वहितो वा सदनुष्ठानकरणतः ।

૪. सुखबोधा, पत्र २१४ ।

(૧) સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાથી યુક્ત (૨) ભવિષ્ય માટે કલ્યાણકારી અનુષ્ઠાનથી યુક્ત.[1]

પંદરમા શ્લોકમાં પણ આનો પ્રયોગ થયો છે.

પરંતુ આ વ્યાખ્યાઓમાં જ્ઞાન વગેરેનો અધ્યાહાર કરવાથી જ 'सहित'નો અર્થ પૂરો બેસે છે. સહિષ્ણુ–આ અર્થમાં કોઈ બીજા પદના અધ્યાહારની અપેક્ષા રહેતી નથી.

### ૩. જેનું અનુષ્ઠાન ઋજુ છે (उज्जुकड)

આનો અર્થ છે–સંયમપ્રધાન અથવા માયારહિત અનુષ્ઠાન. ચૂર્ણિ અનુસાર જે વ્યક્તિ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વડે પોતાના ભાવોને ઋજુ–સરળ બનાવી લે છે, તે ઋજુકૃત કહેવાય છે.[2] વૃત્તિકારે ઋજુનો અર્થ સંયમ તથા માયારહિત કર્યો છે.[3]

જુઓ–૧૪।૪નું ટિપ્પણ.

### ૪. જે વાસનાના સંકલ્પનું છેદન કરે છે (नियाणछिन्ने)

નિદાનનો અર્થ છે–કોઈ વ્રતાનુષ્ઠાનની ફળપ્રાપ્તિ માટે મોહાવિષ્ટ સંકલ્પ, જેમ કે–'મારા સાધુપણાનું જો કોઈ ફળ હોય તો હું દેવ બનું, ધનવાન બનું વગેરે વગેરે'. સાધક માટે આવું કરવાનો નિષેધ છે.

શાન્ત્યાચાર્યે નિદાનના બે અર્થ કર્યા છે–વિષયોની આસક્તિ તથા પ્રાણાતિપાત આદિ કર્મબંધનનું કારણ.[4] તેમણે સંયુક્ત પદ 'नियाणछिन्न'નો અર્થ 'અપ્રમત્ત સંયત' કર્યો છે.[5]

### ૫. પરિચયનું (संथवं)

આના બે અર્થ છે–સ્તુતિ અને પરિચય. ચૂર્ણિકાર અને ટીકાકારોને અહીં 'પરિચય' અર્થ જ અભીષ્ટ છે.

ચૂર્ણિકાર અનુસાર સંસ્તવ બે પ્રકારનો હોય છે–સંવાસ-સંસ્તવ અને વચન-સંસ્તવ. અસાધુ વ્યક્તિઓની સાથે રહેવું તે 'સંવાસ-સંસ્તવ' છે અને અસાધુ વ્યક્તિઓની સાથે આલાપ-સંલાપ કરવો તે 'વચન-સંસ્તવ' છે.[6]

વૃત્તિકારે સંસ્તવના પ્રકારાંતરે બે ભેદ કર્યા છે–પૂર્વ-સંસ્તવ અને પશ્ચાત્-સંસ્તવ.

પિતૃ-પક્ષનો સંબંધ 'પૂર્વ-સંસ્તવ' અને સસુર-પક્ષ, મિત્ર વગેરેનો સંબંધ 'પશ્ચાત્-સંસ્તવ' કહેવાય છે.[7]

### ૬. જે કામ-ભોગોની અભિલાષા છોડી ચૂક્યો છે (अकामकामे)

ચૂર્ણિકારે આનો અર્થ 'મોક્ષની કામના કરનાર' કર્યો છે.[8] શાન્ત્યાચાર્ય અનુસાર કામ બે પ્રકારનો હોય છે–ઈચ્છાકામ અને મદનકામ. જે આ બંનેની કામના નથી કરતો, તે 'અકામકામ' છે.[9] વિકલ્પમાં તેમણે ચૂર્ણિકારનું અનુસરણ કર્યું છે.[10]

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३६ : ज्ञानादिसहितः ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४१६ : सहितः सम्यग्ज्ञानक्रियाभ्यां, यद् वा सह हितेन–आयतिपथ्येन अर्थादनुष्ठानेन वर्त्तत इति सहितः ।

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २३४ ।

૩. बृहद्वृत्ति, पत्र ४१४ ।

૪. बृहद्वृत्ति, पत्र ४१४ : निदानं–विषयाभिष्वंगात्मकं, यदि वा.... निदानं–प्राणातिपातादिकर्मबन्धकारणम् ।

૫. એજન, पत्र ४१४ : छिन्ननिदानो वा अप्रमत्तसंयत इत्यर्थः ।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. २३४-२३५ : संस्तवो द्विविधः– संवाससंस्तवः वचनसंस्तवश्च, अशोभनैः सह संवासः, वचनसंस्तवश्च तेषामेव ।

૭. बृहद्वृत्ति, पत्र ४१४ : पूर्वसंस्तुतैर्मात्रादिभिः पश्चात्संस्तुतैश्च श्वश्रवादिभिः ।

૮. उत्तराध्ययन चूर्णि, पृ. २३५ : अकामः–अपगतकामः, कामो द्विविधः–इच्छकामो मदनकामश्च, अपगतकामस्य या इच्छा तां कामयति, सा च कामेच्छा मोक्षं कामयतीति, प्रार्थयतीत्यर्थः ।

૯. बृहद्वृत्ति, पत्र ४१४ : कामान्–इच्छाकाममदनकामभेदान् कामयते – प्रार्थयते यः स कामकामो, न तथा अकामकामः ।

૧૦. એજન, पत्र ४१४ : यद्वाऽकामो–मोक्षस्तत्र सकलाभिलाष-निवृत्तेस्तं कामयते यः स तथा ।

**૭. જે તપ વગેરેની જાહેરાત.....ખોજ કરે છે (अन्नायएसी)**

દશવૈકાલિક ૧૦।૧૬માં 'अन्नायउंछं' શબ્દ પ્રયુક્ત છે. ત્યાં 'अन्नाय'—'अज्ञात'નો અર્થ છે—અજ્ઞાત કુળ. પ્રસ્તુત પ્રકરણમાં 'अज्ञात'નો અર્થ છે—તપ વગેરેનું જ્ઞાન કરાવ્યા વિના.[1] 'अज्ञातैषी'નો અર્થ થાય છે—તપ વગેરેની જાહેરાત કર્યા વિના ભિક્ષાની શોધ કરનાર. ચૂર્ણિકારે આનો અર્થ—કોઈની નિશ્રા—આશ્રય લીધા વિના ભિક્ષા શોધનાર એવો કર્યો છે.[2]

**૮. જે રાગથી ઉપરત થઈને વિહાર કરે છે (राओवरयं चरेज्ज)**

'राओवरयं'નાં સંસ્કૃત રૂપો બે થઈ શકે છે—'रागोपरतम्' અને 'रात्रि-उपरतम्'. પ્રથમ રૂપ અનુસાર શાન્ત્યાચાર્યે આ વાક્યનો અર્થ 'રાગ (મૈથુન)થી નિવૃત્ત થઈ વિહરણ કરે' અને બીજા રૂપ અનુસાર 'રાત્રિભોજનથી નિવૃત્ત થઈ વિહરણ કરે' કર્યો છે.[3]

ચૂર્ણિકારે 'રાત્રિ-ઉપરત' અનુસાર આનો અર્થ 'રાતે ભોજન ન કરે, રાતે ગમન આદિ ક્રિયાઓ ન કરે' કર્યો છે.[4]

નેમિચન્દ્રે શાન્ત્યાચાર્યના પ્રથમ અર્થનું અનુસરણ કર્યું છે.[5] તે અધિક પ્રાસંગિક છે.

**૯. આગમ જાણનાર અને આત્મ-રક્ષક છે (वेयवियाऽऽयरक्खिए)**

શાન્ત્યાચાર્યે મુખ્યપણે આ બે શબ્દોને એક માની તેનો અર્થ 'સિદ્ધાંતોને જાણીને તેમના દ્વારા આત્માનું રક્ષણ કરનાર' કર્યો છે. અને ગૌણપણે આ બંને શબ્દોને જુદા-જુદા માની 'वेयविय'નો અર્થ 'જ્ઞાનવાન' અને 'आरक्खिए'નો અર્થ 'સમ્યગ્દર્શન વગેરેના લાભની રક્ષા કરનાર' કર્યો છે.[6]

**૧૦. જે પ્રજ્ઞ છે (पन्ने)**

ચૂર્ણિકારે પ્રાજ્ઞ (પ્રજ્ઞ)નો અર્થ—આય અને ઉપાયની વિધિને જાણનાર કર્યો છે. પ્રાજ્ઞ તે હોય છે જે આય—સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રના લાભ તથા ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરેની વિધિઓનો જાણનાર હોય.[7] વૃત્તિમાં આનો અર્થ—'હેય અને ઉપાદેયને જાણનાર' કર્યો છે.[8]

**૧૧. જે પરીષહોને....આત્મ-તુલ્ય સમજનાર છે (अभिभूय सव्वदंसी)**

ચૂર્ણિમાં 'अभिभूय'નો અર્થ—તિરસ્કાર કરીને તથા 'सर्वदर्शी'નો અર્થ—સહુને આત્મ-તુલ્ય સમજનાર—કર્યો છે.[9] વૃત્તિમાં 'अभिभूय'ના બે અર્થો મળે છે—પરીષહો તથા ઉપસર્ગોને પરાજિત કરીને તથા રાગ-દ્વેષનો અભિભવ કરીને. વૃત્તિકારે 'सव्वदंसी'નાં બે સંસ્કૃત રૂપ આપી બે જુદા-જુદા અર્થ કર્યા છે—

૧. सर्वदर्शी—પ્રાણીમાત્રને આત્મવત્ જોનાર અથવા સર્વ વસ્તુજાતને સમદૃષ્ટિથી જોનાર.

---

૧. बृहद्वृत्ति, पत्र ४१४।

२. उत्तराध्ययन चूर्णि, पृ. २३५।

३. बृहद्वृत्ति, पत्र ४१४ : रागः—अभिष्वंगः उपरतो—निवृत्तो यस्मिंस्तद्रागोपरतं यथा भवत्येवं 'चरेद्' विहरेत्, क्तान्तस्य परनिपातः प्राग्वत्, अनेन मैथुननिवृत्तिरुक्ता, रागाविनाभावित्वान्मैथुनस्य, यद्वाऽऽवृत्तिन्यायेन 'रातोवरयं' ति रात्र्युपरतं चरेत्, भक्षयेदित्यनेनैव रात्रिभोजननिवृत्तिरप्युक्ता।

४. उत्तराध्ययन चूर्णि, पृ. २३५ : रात्रादुपरतं चरेत्, किमुक्तं भवति ?, रात्रौ न भुंक्ते, रात्रौ गतादिक्रियां न कुर्यात्।

५. सुखबोधा, पत्र २१५।

६. बृहद्वृत्ति, पत्र ४१४ : वेद्यतेऽनेन तत्त्वमिति वेदः—सिद्धान्तस्तस्य वेदनं वित् तया आत्मा रक्षितो—दुर्गतिपतनात्त्रातोऽनेनेति वेदविदात्मरक्षितः, यद्वा वेदं वेत्तीति वेदवित् तथा रक्षिता आयाः—सम्यग्दर्शनादिलाभा येनेति रक्षितायः।

७. उत्तराध्ययन चूर्णि, पृ. २३५ : प्राज्ञो—विदुः, संपन्नो आयोपायविधिज्ञो भवेत्, उत्सर्गापवादद्रव्याद्यापदादिको य उपायः।

८. बृहद्वृत्ति, पत्र ४१४ : प्राज्ञः—हेयोपादेयबुद्धिमान्।

९. उत्तराध्ययन चूर्णि, पृ. २३५ : अभिभूय—तिरस्कृत्य, सव्वदंसी—आत्मवत् सर्वदर्शी भवेत्।

૨. સર્વદંશી—બધું ખાઈ જનાર, લેપમાત્ર પણ ન છોડનાર.[1]

આચારાંગમાં 'वीरेहिं एयं अभिभूय दिट्ठं' એવો પાઠ છે.[2] અહીં 'अभिभूय' શબ્દ વિશેષ અર્થનો દ્યોતક છે. તેનો અર્થ છે—જ્ઞાન અને દર્શનના આવરણને દૂર કરીને. આ બંને આવરણોથી મુક્ત થાય છે તે જ સર્વદર્શી બની શકે છે. આ પ્રત્યક્ષ જ્ઞાનની ઉપલબ્ધિનું સોપાન છે.

**૧૨. જે આત્માનું સંવરણ કરીને રહે છે (आयगुत्ते)**

શાન્ત્યાચાર્યે આનો મુખ્ય અર્થ 'શારીરિક અવયવોને નિયંત્રિત રાખનાર' કર્યો છે અને ગૌણ અર્થ 'આત્મ-રક્ષક' કર્યો છે. તેમણે એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કરીને આત્માનો અર્થ 'શરીર' આપ્યો છે.[3] નેમિચન્દ્રે 'આત્મ-રક્ષક' અર્થ માન્ય કર્યો છે.[4]

**૧૩. જેનું મન આકુળતા....થી રહિત હોય છે (अवग्गमणे)**

મનની બે અવસ્થાઓ છે—વ્યગ્ર અને એકાગ્ર. વ્યગ્રનો અર્થ છે—ચંચળ. અવ્યગ્ર શબ્દ એકાગ્રના અર્થમાં પ્રયુક્ત છે.

**૧૪. તુચ્છ (पंतं)**

આ દેશી શબ્દ છે. પ્રસ્તુત પ્રસંગમાં આ 'सयणासणं'નું વિશેષણ છે. આનો અર્થ છે—તુચ્છ, સામાન્ય. બંગાળી ભાષામાં આનો અર્થ છે—વાસી ચોખા.

**૧૫. આત્મ-ગવેષક છે (आयगवेसए)**

શાન્ત્યાચાર્યે 'आय' શબ્દના ત્રણ સંસ્કૃત રૂપોની કલ્પના કરીને આ શબ્દસમૂહના ત્રણ અર્થ કર્યા છે[5]—

૧. आत्म-गवेषक—આત્માના શુદ્ધ સ્વરૂપની ગવેષણા—શોધ કરનાર.

૨. आय-गवेषक—સમ્યગ્દર્શન વગેરેના આય (લાભ)ની ગવેષણા કરનાર.

૩. आयत-गवेषक—મોક્ષની ગવેષણા કરનાર.

**૧૬. (શ્લોક ૭)**

આ શ્લોકમાં દસ વિદ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં દંડ-વિદ્યા, વાસ્તુ-વિદ્યા અને સ્વરને છોડીને બાકીની સાત વિદ્યાઓ નિમિત્તનાં અંગો છે. અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન, સ્વપ્ન, છિન્ન, ભૌમ અને અંતરિક્ષ—આ અષ્ટાંગ નિમિત્ત છે.[6]

---

૧. बृहद्वृत्ति, पत्र ४१४-४१५ : अभिभूय पराजित्य परीषहोपसर्गादिति गम्यते, सर्वं समस्तं गम्यमानत्वात् प्राणिगणं पश्यति—आत्मवत् प्रेक्षत इत्येवंशील:, अथवाऽभिभूय रागद्वेषौ सर्वं वस्तु समतया पश्यती-त्येवंशील: सर्वदर्शी, यदि वा सर्वं दशति—भक्षयती-त्येवंशील: सर्वदंशी ।

૨. आयारो १ । ६८ ।

૩. बृहद्वृत्ति, पत्र ४१५ : 'आत्मा' शरीरम्, आत्मशब्दस्य शरीरवचनस्यापि दर्शनात्, उक्तं हि—

धर्मधृत्यग्निधीन्द्वर्कत्वक्तत्त्वस्वार्थदेहिषु ।
शीलानिलमनोयत्नैकवीर्येष्वात्मन: स्मृति: ॥

इति, तेन गुप्त आत्मगुप्तो—न यतस्तत: करणचरणादि-विक्षेपकृत्, यद्वा गुप्तो—रक्षितोऽसंयमस्थानेभ्य आत्मा येन स तथा ।

૪. सुखबोधा, पत्र २१५ : 'आयगुत्ते' त्ति गुप्त:—रक्षितो-ऽसंयमस्थानेभ्य आत्मा येन स: ।

૫. बृहद्वृत्ति, पत्र ४१६ ।

૬. (ક) अंगविज्जा, १ । २ :

अंगं सरो लक्खणं च वंजणं सुविणो तहा ।
छिण्ण भोम्मंऽतलिक्खाए, एमेए अट्ठ आहिया ॥

(ખ) मूलाचार, पिण्डशुद्धि अधिकार, ३० ।

(ગ) तत्त्वार्थ राजवार्तिक, ३ । ३६ ।

પ્રસ્તુત શ્લોકમાં વ્યંજનનો ઉલ્લેખ નથી.

વસ્ત્ર, શસ્ત્ર, કાઠ, આસન, શયન વગેરેમાં ઉંદર, શસ્ત્ર, કાંટા વગેરેથી થયેલા છેદ વડે શુભાશુભનું જ્ઞાન કરવું તે છિન્ન-નિમિત્ત છે.

સ્વરોને સાંભળી શુભાશુભનું જ્ઞાન કરવું તે સ્વર-નિમિત્ત છે.

સ્વરના ત્રણ અર્થ કરી શકાય છે—(૧) સપ્તસ્વર-વિદ્યા (૨) સ્વરોદયના આધારે શુભાશુભ ફળનો નિર્દેશ કરવો અને (૩) અક્ષરાત્મક શબ્દ અથવા પશુ-પક્ષીઓના અનક્ષરાત્મક શબ્દોના આધારે શુભાશુભનો નિર્દેશ કરવો. તત્ત્વાર્થ-રાજવાર્તિકમાં સ્વરનો આ અર્થ મળે છે.[૧]

ભૂકંપ વગેરે દ્વારા અથવા દુષ્કાળમાં થનારા પુષ્પ-ફળ, સ્થિર વસ્તુઓનાં હલન-ચલન અને પ્રતિમાઓનાં બોલવાથી ભૂમિની સ્નિગ્ધ-રુક્ષ વગેરે અવસ્થાઓ વડે શુભાશુભનું જ્ઞાન કરવું અથવા ભૂમિગત ધન આદિ દ્રવ્યોનું જ્ઞાન કરવું તે ભૌમ-નિમિત્ત છે.

આકાશમાં દેખા દેતાં ગંધર્વનગર, દિગ્દાહ, ધૂળની વૃષ્ટિ વગેરે દ્વારા અથવા ગ્રહોનાં યુદ્ધ તથા ઉદય-અસ્ત દ્વારા શુભાશુભનું જ્ઞાન કરવું તે અંતરિક્ષ-નિમિત્ત છે.

સ્વપ્ન દ્વારા શુભાશુભનું જ્ઞાન કરવું તે સ્વપ્ન-નિમિત્ત છે.

શરીરનાં લક્ષણો દ્વારા શુભાશુભનું જ્ઞાન કરવું તે લક્ષણ-નિમિત્ત છે.

શિરઃ-સ્ફુરણ વગેરે દ્વારા શુભાશુભનું જ્ઞાન કરવું તે અંગવિકાર-નિમિત્ત છે.

યષ્ટિનાં વિવિધ રૂપો દ્વારા શુભાશુભનું જ્ઞાન કરવું તે યષ્ટિ-વિદ્યા છે.

પ્રાસાદ વગેરે આવાસોનાં શુભાશુભ લક્ષણોનું જ્ઞાન કરવું તે વાસ્તુ-વિદ્યા છે.

ષડ્જ, ઋષભ વગેરે સાત સ્વરો વડે શુભાશુભ નિરૂપણનો અભ્યાસ કરવો તે સ્વર-વિચય છે.

ચૂર્ણિમાં જે વ્યાખ્યા 'સ્વર'ની છે, તે બૃહદ્‌વૃત્તિમાં 'સ્વર-વિચય'ની છે અને જે 'સ્વર-વિચય'ની છે તે 'સ્વર'ની છે.[૨] નિમિત્ત કે વિદ્યા દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરવી તે ''ઉત્પાદના' નામક એક દોષ છે, એટલા માટે કહેવામાં આવ્યું છે કે જે વિદ્યાઓ દ્વારા જીવન-નિર્વાહ નથી કરતો તે ભિક્ષુ છે.

## ૧૭. મંત્ર (मंतं)

જે દેવાધિષ્ઠિત હોય છે, જેમના આદિમાં 'ओं' અને અંતમાં 'स्वाहा' હોય છે, જે 'ह्रीं' વગેરે વર્ણ-વિન્યાસાત્મક હોય છે, તેને 'મંત્ર' કહેવામાં આવે છે.[૩]

---

૧. तत्त्वार्थराजवार्तिक ३। ३६ : अक्षरानक्षरशुभाशुभशब्द-श्रवणेनेष्टानिष्टफलाविर्भावनं महानिमित्तं स्वरम् ।

૨. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३६ : पुरुषः दुंदुभिस्वरो काकस्वरो वा एवमादिस्वरव्याकरणम् ।

(ખ) એજન, पृ. २३६ : ऋषभगान्धारादीनां स्वराणां विजयः अभ्यासः ।

(ગ) बृहद्वृत्ति, पत्र ४१६ : 'सरं' ति स्वरस्वरूपाभिधानं,

''सज्जं रवइ मयूरो, कुक्कुडो रिसभं सरं ।
हंसो रवति गंधारं, मज्झिमं तु गवेलए ॥''

इत्यादि, तथा—

''सज्जेण लहइ वित्तिं, कयं च न विणस्सई ।
गावो पुत्ता य मित्ता य, नारीणं होइ वल्लहो ॥
रिसहेण उ ईसरियं, सेणावच्चं धणाणि य ।''

(ઘ) એજન, पत्र ४१७ : स्वरः — पोदकीशिवादिरुत-रूपस्तस्य विषयः—तत्सम्बन्धी शुभाशुभनिरूपणाभ्यासः, यथा—

गतिस्तारा स्वरो वामः, पोदक्याः शुभदः स्मृतः ।
विपरीतः प्रवेशे तु, स एवाभीष्टदायकः ॥

૩. बृहद्वृत्ति, पत्र ४१७ : 'मन्त्रम्' ॐकारादिस्वाहापर्यन्तो ह्रींकारादिवर्णविन्यासात्मकस्तम् ।

**૧૮. ધૂમ્રપાનની નળી (धूमणेत्त)**

ચૂર્ણિકારે 'धूमनेत्र'ને સંયુક્ત શબ્દ માન્યો છે.[૧]

ટીકાકારોએ બંને શબ્દોને જુદા-જુદા માની અર્થ કર્યો છે. તેમના અનુસાર 'धूम'નો અર્થ છે મનઃશિલ વગેરે ધૂપ વડે શરીરને ધૂપ દેવો અને 'नेत्त'નો અર્થ છે—નેત્ર-સંસ્કારક અંજન વગેરે વડે આંખો આંજવી.[૨] પરંતુ આ અર્થ સંગત જણાતો નથી. અહીં મૂળ શબ્દ છે—'धूमणेत्त'. તેનો અર્થ છે—ધુમાડાની નળી વડે ધુમાડો લેવો. વિસ્તાર માટે જુઓ—दसवेआलियं, ૩।૯માં 'धूवणेति'નું ટિપ્પણ.

**૧૯. સ્નાન (सिणाणं)**

આનો અર્થ—પુત્ર-પ્રાપ્તિ માટે મંત્ર-ઔષધિ વગેરે વડે સંસ્કારિત જળથી સ્નાન કરવું એવો કરવામાં આવ્યો છે.[૩]

**૨૦. (खत्तियगणउग्ग....भोइय)**

**खत्तिय**—શાન્ત્યાચાર્યે ક્ષત્રિયોને 'હૈહય' વગેરે વંશોમાં ઉત્પન્ન થયેલા માન્યા છે.[૪] પુરાણો અનુસાર હૈહય 'ઐલ વંશ' અથવા 'ચંદ્ર વંશ'ની એક શાખા છે.[૫] ભગવાન ઋષભે મનુષ્યોના ચાર વર્ગો સ્થાપ્યા હતા—

૧. ઉગ્ર—આરક્ષક
૨. ભોગ—ગુરુસ્થાનીય
૩. રાજન્ય—સમવયસ્ક અથવા મિત્રસ્થાનીય
૪. ક્ષત્રિય—બાકીની બધી પ્રજા.[૬]

આ વ્યવસ્થાના આધારે લાગે છે કે કેટલાક લોકોને છોડી બાકીના અધિકાંશ લોકો ક્ષત્રિયો જ હતા. એટલા માટે શ્રમણ-પરંપરામાં ક્ષત્રિયોનું મહત્ત્વ રહ્યું.

**गण**—ભગવાન મહાવીરના સમયમાં અનેક શક્તિશાળી ગણતંત્રો હતા. વજ્જી-ગણતંત્રમાં નવ લિચ્છવી અને નવ મલ્લકી—એવાં કાશી-કોશલના ૧૮ ગણરાજ્યો સમ્મિલિત હતાં. શાન્ત્યાચાર્યે 'मल्ल' શબ્દ દ્વારા આ જ ગણરાજ્યની તરફ સંકેત કર્યો છે.[૭]

**उग्ग**—આરક્ષક.[૮]

**भोइय**—ભૌગિકનો અર્થ 'સામંત' છે. શાન્ત્યાચાર્યે આનો અર્થ 'રાજમાન્ય પ્રધાનપુરુષ' કર્યો છે.[૯] નેમિચન્દ્ર અનુસાર આનો અર્થ છે—વિશિષ્ટ વેશભૂષાનો ભોગ કરનારા અમાત્ય વગેરે.[૧૦]

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २३७ : वमनविरेचनधूमनेत्र-स्नात्रादिकान्।

૨. (ક) बृहद्वृत्ति, पत्र ४१७ : धूमं — मनःशिलादिसम्बन्धि नेत्तंति—नेत्रशब्देन नेत्रसंस्कारकमिह समीरांजनादि परिगृह्यते।
(ખ) सुखबोधा, पत्र २१७।

૩. बृहद्वृत्ति, पत्र ४१७ : स्नानम्—अपत्यार्थं मन्त्रौषधि-संस्कृतजलाभिषेचनम्।

૪. એજન, पत्र ४१८ : क्षत्रियाः—हैहेयाद्यन्वयजाः।

૫. (ક) Ancient Indian Historical Tradition, pp. 85-87.
(ખ) भारतीय इतिहास की रूपरेखा, जिल्द १, पृ. १२७-१२९।

૬. आवश्यक निर्युक्ति, १९८ :
उग्गा भोगा रायण खत्तिया संग हो भवे चउहा।
आरक्खगुरुवयंसा सेसा जे खत्तिया ते उ।

૭. बृहद्वृत्ति, पत्र ४१८ : गणाः मल्लादिसमूहाः।

૮. એજન, पत्र ४१८ : उग्राः—आरक्षकादयः।

૯. बृहद्वृत्ति, पत्र ४१८ : भोगिकाः—नृपतिमान्याः प्रधान-पुरुषाः।

૧૦. सुखबोधा, पत्र २१७ : 'भोगिकाः' विशिष्टनेपथ्यादिभोग-वन्तोऽमात्यादयः।

**૨૧. કાંજીનું પાણી (सोवीर)**

આનો અર્થ છે—કાંજી. ગુજરાતમાં ચોખાના ઓસામણને કાંજી અને તામિલ ભાષામાં તેને ગંજી કહે છે.

જુઓ—ઠાણં ૩।૩૭૮નું ટિપ્પણ.

**૨૨. અતિ ભયંકર (भयभेरवा)**

ચૂર્ણિકારે આનો અર્થ—'નિરંતર ત્રાસ પેદા કરનાર' કર્યો છે અને શાન્ત્યાચાર્યે 'અત્યંત ભય ઉત્પન્ન કરનાર' કર્યો છે.[1]

અધ્યયન ૨૧ (શ્લોક ૧૬)માં પણ 'भयभैरवा'નો અર્થ ભીષણ-ભીષણતમ છે.[2] દશવૈકાલિકની વૃત્તિમાં હરિભદ્રસૂરિએ તેનો આ જ અર્થ કર્યો છે.[3]

મજ્ઝિમ-નિકાયમાં એક 'ભયભૈરવ' નામે સુત્તંત છે.[4] જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિની વૃત્તિમાં આકસ્મિક ભયને 'ભય' અને સિંહ વગેરે વડે ઉત્પન્ન થનારા ભયને 'ભૈરવ' કહેલ છે.[5]

**૨૩. ઊંચા સ્વરમાં (उराला)**

આ દેશી શબ્દ છે. તેનો અર્થ છે—સુંદર, પ્રધાન, ભયંકર, વિશાળ વગેરે.[6] ચૂર્ણિ અને વૃત્તિમાં આનો અર્થ—મહાન (શબ્દ) કરવામાં આવ્યો છે.[7]

**૨૪. જે સંયમી છે (खेयाणुगए)**

ચૂર્ણિકારે 'ખેદ'નો અર્થ 'વિનય, વૈયાવૃત્ય અને સ્વાધ્યાય વગેરે પ્રવૃત્તિઓમાં થનારું કષ્ટ' કર્યો છે.[8]

શાન્ત્યાચાર્ય અનુસાર તેનો અર્થ 'સંયમ' છે. 'ખેદાનુગત' અર્થાત્ જે સંયમી છે.[9]

**૨૫. જેને આગમનો પરમ અર્થ પ્રાપ્ત થયો છે (कोवियप्पा)**

ચૂર્ણિકાર અનુસાર 'કોવિદાત્મા' તે છે કે જેણે બધાં જ્ઞાતવ્ય તથ્યોનું પારાયણ કે અભ્યાસ કરી લીધો છે.[10]

વૃત્તિકાર અનુસાર તેનો અર્થ છે—તે વ્યક્તિ કે જેણે શાસ્ત્રનો પરમ અર્થ પામી લીધો છે.[11]

**૨૬. કોઈને પણ અપમાનિત ન કરનાર (अविहेडए)**

ચૂર્ણિકાર અનુસાર જે વચન અને કાયા વડે બીજાની નિંદા નથી કરતો તે 'अविहेटक' છે.[12]

---

૧. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३७ : भयभैरवाः सुतरां उत्त्रासजनकाः ।
 (ખ) बृहद्वृत्ति, पत्र ४१९ : भयेन भैरवाः—अत्यन्तसाध्वसोत्पादका भयभैरवाः ।

૨. એજન, पत्र ४८६ : 'भयभैरवा' भयोत्पादकत्वेन भीषणाः ।

૩. दशवैकालिक, हारिभद्रीय वृत्ति, पत्र २६७ : 'भैरवभया' अत्यन्तरौद्रभयजनकाः ।

૪. मज्झिम निकाय, १।१।४, पृ. १३ ।

૫. जम्बूद्वीप प्रज्ञप्ति, वृत्ति, पत्र १४३ : 'भयं' आकस्मिकं, 'भैरवं' सिंहादिसमुत्थम् ।

૬. देशीशब्दकोश ।

૭. (ક) उत्तराध्ययन चूर्णि, पृ. २३७ : ओराला—महंता ।
 (ખ) बृहद्वृत्ति पत्र, ४१९ : उदाराः महान्तो ।

૮. उत्तराध्ययन चूर्णि, पृ. २३८ : खेदेन अनुगतो, खेदो विनयवैयावृत्त्यस्वाध्यायादिषु ।

૯. बृहद्वृत्ति, पत्र ४१९ : खेदयत्यनेन कर्मेति खेदः—संयमस्तेनानुगतो—युक्तः खेदानुगतः ।

૧૦. उत्तराध्ययन चूर्णि, पृ. २३८ : कोवियप्पा कोविदात्मा ज्ञातव्येषु सर्वेषु परिच्छेिछत इत्यर्थः ।

૧૧. बृहद्वृत्ति, पत्र ४१९, ४२० : कोविदः—लब्ध-शास्त्रपरमार्थ, आत्मायस्येति कोविदात्मा ।

૧૨. उत्तराध्ययन चूर्णि, पृ. २३८ : विहेडनं प्रपंचनं, वाचा कायेन च परापवाद इत्यर्थः, अनपवादी ।

શાન્ત્યાચાર્યે 'अविहेटक'નો અર્થ 'अबाधक' કર્યો છે.[1] જુઓ–દસવેઆલિયં ૧૦।૧૦નું ટિપ્પણ.

**૨૭. જેના મિત્ર નથી (अमित्त)**

અહીં મિત્ર શબ્દનો પ્રયોગ આસક્તિના હેતુરૂપ વયસ્કના અર્થમાં થયો છે.[2] મુનિએ સહુ સાથે મૈત્રી રાખવી જોઈએ પરંતુ રાગવૃત્તિ રાખનારાને મિત્ર ન બનાવવો જોઈએ, એ જ આનું હાર્દ છે.

**૨૮. જેનો કષાય મંદ હોય છે (अणुक्कसाई)**

આનાં સંસ્કૃત રૂપ બે બને છે–'अणुकषायी' અને 'अनुत्कषायी'.

ચૂર્ણિમાં આનો અર્થ છે–અલ્પકષાયી.[3] વૃત્તિકારે મુખ્યપણે સંજ્વલન કષાયયુક્ત વ્યક્તિને અણુકષાયી માનેલ છે. તેનો વૈકલ્પિક અર્થ છે–જે ઉત્કષાયી–પ્રબલકષાયી ન હોય તે અણુકષાયી હોય છે.[4]

---

૧. बृहद्वृत्ति, पत्र ४२०:'अविहेठकः' न कस्यचिद्विबाधकः ।

૨. बृहद्वृत्ति, पत्र ४२० : अविद्यमानानि मित्राणि अभिष्वंग-हेतवो वयस्या यस्यासावमित्रः ।

3. उत्तराध्ययन चूर्णि, पृ. २३८ : अणु–स्तोकं अल्पं अल्प-कषायी ।

૪. बृहद्वृत्ति, पत्र ४२० : अणवः–स्वल्पाः सञ्ज्वलननामान इति यावत् कषायाः–क्रोधादयो यस्येति सर्वधनादित्वा-दिनि प्रत्ययेऽणुकषायी प्राकृतत्वात् सूत्रे ककारस्य द्वित्वं, यद् वा उत्कषायी–प्रबलकषायी न तथाऽनुत्कषायी ।

# सोलसमं अज्झयणं

## बंभचेरसमाहिठाणं

# સોળમું અધ્યયન

## બ્રહ્મચર્ય-સમાધિ-સ્થાન

# આમુખ

આમાં બ્રહ્મચર્ય-સમાધિનું નિરૂપણ હોવાને કારણે આ અધ્યયનનું નામ 'बंभचेरसमाहिठाणं'—'ब्रह्मचर्य-समाधि-स्थान' છે. આમાં બ્રહ્મચર્ય-સમાધિના દસ સ્થાનોનું વર્ણન છે. સ્થાનાંગ અને સમવાયાંગમાં પણ બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓનું વર્ણન મળે છે. તુલનાત્મક કોષ્ટક આ પ્રમાણે છે—

| **સ્થાનાંગ તથા સમવાયાંગમાં વર્ણિત નવ ગુપ્તિઓ**[1] | **ઉત્તરાધ્યયનનાં દસ સ્થાન** |
|---|---|
| ૧. નિર્ગ્રંથ સ્ત્રી, પશુ અને નપુંસક વડે સેવાયેલ શયન અને આસનનું સેવન ન કરે. | ૧. નિર્ગ્રંથ સ્ત્રી, પશુ અને નપુંસક વડે સેવાયેલ શયન અને આસનનો ઉપયોગ ન કરે. |
| ૨. માત્ર સ્ત્રીઓની વચ્ચે વાર્તાલાપ ન કરે અર્થાત્ સ્ત્રી-કથા ન કરે. | ૨. સ્ત્રીઓ વચ્ચે કથા ન કહે. |
| ૩. સ્ત્રીઓ સાથે એક આસન પર ન બેસે.[2] | ૩. સ્ત્રીઓ સાથે એક આસન પર ન બેસે. |
| ૪. સ્ત્રીઓની મનોહર અને મનોરમ્ય ઈન્દ્રિયોને ન જુએ કે ન અવધાનપૂર્વક તેમનું ચિંતન કરે. | ૪. સ્ત્રીઓની મનોહર અને મનોરમ્ય ઈન્દ્રિયોને દૃષ્ટિ ચોંટાડીને ન જુએ. |
| ૫. પ્રણીત રસભોજી ન બને. | ૫. સ્ત્રીઓનાં કૂજન, રોદન, ગીત, હાસ્ય, વિલાપ વગેરેના શબ્દો ન સાંભળે. |
| ૬. માત્રાથી અધિક ન ખાય ન પીવે. | ૬. પૂર્વ-ક્રીડાઓનું અનુસ્મરણ ન કરે. |
| ૭. પૂર્વ-ક્રીડાઓનું સ્મરણ ન કરે. | ૭. પ્રણીત આહાર ન કરે. |
| ૮. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા શ્લોક—કીર્તિમાં આસક્ત ન બને. | ૮. માત્રાથી અધિક ન ખાય, ન પીવે. |
| ૯. સાતા અને સુખમાં પ્રતિબદ્ધ ન બને. | ૯. શરીર-શણગાર ન કરે. |
| | ૧૦. શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શમાં આસક્ત ન બને. |

ઉત્તરાધ્યયનમાં જે દસમું સ્થાન છે, તે સ્થાનાંગ અને સમવાયાંગમાં આઠમું સ્થાન છે. અન્ય સ્થાનોનું વર્ણન મોટા ભાગે સમાન છે. માત્ર પાંચમું સ્થાન સ્થાનાંગ અને સમવાયાંગમાં નથી.

પ્રસ્તુત અધ્યયનમાં ચક્ષુ-ગૃદ્ધિની માફક પાંચમા સ્થાનમાં શબ્દ-ગૃદ્ધિનું પણ વર્જન કરવામાં આવ્યું છે અને દસમા સ્થાનમાં પાંચેય ઈન્દ્રિયોની આસક્તિનું એકસાથે વર્જન કરવામાં આવ્યું છે.

અહીં દસ સમાધિ-સ્થાનોનું વર્ણન ખૂબ જ મનોવૈજ્ઞાનિક રીતે થયું છે. શયન, આસન, કામ-કથા, સ્ત્રી-પુરુષનું એક

---

૧. (ક) ठाणं, ९। ३ : **नव बंभचेरगुत्तीओ पं० तं० १. विवित्ताइं सयणासणाइं सेवित्ता भवति—णो इत्थिसंसत्ताइं णो पसुसंसत्ताइं नो पंडगसंसत्ताइं । २. णो इत्थिणं कहं कहेत्ता भवति । ३. णो इत्थिठाणाइं सेवित्ता भवति । ४. णो इत्थीणमिंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता निज्झाइत्ता भवति । ५. णो पणीतरसभोई ( भवति ? ) । ६. णो पाणभोयणस्स अतिमाहारए सया भवति । ७. णो पुव्वरतं पुव्वकीलियं सरेत्ता भवति । ८. णो सद्दाणुवाती णो रूवाणुवाती णो सिलोगाणुवाती ( भवति ? ) ९. णो सातसोक्खपडिबद्धे यावि भवति ।**

(ખ) **समवाओ, समवाय ९ : नव बंभचेरगुत्तीओ पं० तं०—१. नो इत्थीपसुपंडगसंसत्ताणि सेवित्ता भवइ । २. नो इत्थीणं कहं कहित्ता भवइ । ३. नो इत्थीणं ठाणाइं सेवित्ता भवइ । ४. नो इत्थीणं इंदियाणि मणोहराइं मणोरमाइं आलोइत्ता निज्झाइत्ता भवइ । ५. नो पणीयरसभोई भवई । ६. नो पाणभोयणस्स अतिमायं आहारइत्ता भवइ । ७. नो इत्थीणं पुव्वरयाइं पुव्वकीलिआइं सुमरइत्ता भवइ । ८. नो सद्दाणुवाई नो रूवाणुवाई नो गंधाणुवाई नो रसाणुवाई नो फासाणुवाई नो सिलोगाणुवाई । नो सायासोक्खपडिबद्धे यावि भवइ ।**

૨. સમવાયાંગમાં આનાં સ્થાને—નિર્ગ્રંથ સ્ત્રી-સમુદાયની ઉપાસના ન કરે—એવો પાઠ છે. જુઓ—પા.ટિ.૧ (ખ).

આસન ઉપર બેસવું, ચક્ષુ-ગૃદ્ધિ, શબ્દ-ગૃદ્ધિ, પૂર્વ-ક્રીડાનું સ્મરણ, સરસ આહાર, અતિ માત્રામાં આહાર, વિભૂષણ, ઈન્દ્રિય-વિષયોની આસક્તિ—આ બધાં બ્રહ્મચર્યની સાધનામાં વિઘ્નો છે. એટલા માટે તેમના નિવારણને 'બ્રહ્મચર્ય-સમાધિ-સ્થાન' અથવા 'બ્રહ્મચર્ય-ગુપ્તિ' કહેવામાં આવેલ છે.

બ્રહ્મચર્યનો અર્થ બસ્તિ-નિગ્રહ છે. તે પાંચ ઈન્દ્રિયો તથા મનના સંયમ વિના પ્રાપ્ત થતો નથી. એટલા માટે તેનો અર્થ 'સર્વેન્દ્રિય-સંયમ' છે. આ સમાધિ-સ્થાનો ઈન્દ્રિય-સંયમનાં જ સ્થાનો છે :

સ્પર્શન-ઈન્દ્રિય-સંયમ માટે સહ-શયનાસન અને એક આસન ઉપર બેસવું વર્જિત છે.

રસન-ઈન્દ્રિય-સંયમ માટે સરસ અને અતિ માત્રામાં આહાર કરવાનું વર્જિત છે.

ઘ્રાણ-ઈન્દ્રિય-સંયમ માટે કોઈ અલગ વિભાગ નિર્દિષ્ટ નથી.

ચક્ષુ-ઈન્દ્રિય-સંયમ માટે સ્ત્રી-દેહ તથા તેના હાવ-ભાવોનું નિરીક્ષણ વર્જિત છે.

શ્રોત્ર-ઈન્દ્રિય-સંયમ માટે હાસ્ય-વિલાસપૂર્ણ શબ્દોનું સાંભળવું વર્જિત છે.

માનસિક-સંયમ માટે કામ-કથા, પૂર્વ-ક્રીડાનું સ્મરણ અને શરીર-શણગાર વર્જિત છે.

દસમું સ્થાન ઈન્દ્રિય-સંયમનું સંકલિત રૂપ છે.

મૂલાચારમાં શીલ-વિરાધના (અબ્રહ્મચર્ય)નાં દસ કારણો બતાવવામાં આવ્યા છે[1]—

૧. સ્ત્રી-સંસર્ગ—સ્ત્રીઓ સાથે સંસર્ગ કરવો.

૨. પ્રણીત-રસ-ભોજન—અત્યંત ગૃદ્ધિપૂર્વક પાંચે ઈન્દ્રિયોના વિકારને વધારનાર આહાર લેવો.

૩. ગંધમાલ્ય-સંસ્પર્શ—સુગંધિત દ્રવ્યો તથા પુષ્પો વડે શરીરને શણગારવું.

૪. શયનાસન—શયન અને આસનમાં ગૃદ્ધિ રાખવી.

૫. ભૂષણ—શરીર શણગારવું.

૬. ગીત-વાદ્ય—નાટ્ય, ગીત વગેરેની અભિલાષા કરવી.

૭. અર્થ-સંપ્રયોજન—સોનું વગેરેનો વ્યવહાર કરવો.

૮. કુશીલ-સંસર્ગ—કુશીલ વ્યક્તિઓનો સંસર્ગ કરવો.

૯. રાજ-સેવા—વિષયોની પૂર્તિ માટે રાજાની પ્રશંસા અને ચાકરી કરવી.

૧૦. રાત્રિ-સંચરણ—વિના પ્રયોજન રાતમાં આમ-તેમ ફરવું.

દિગંબર વિદ્વાન પંડિત આશાધરજીએ બ્રહ્મચર્યના દસ નિયમોને નીચેના સ્વરૂપમાં મૂક્યા છે[2]—

૧. मा रूपादिरसं पिपास सुदृशाम्—બ્રહ્મચારી રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દના રસોનું પાન કરવાની ઈચ્છા ન કરે.

૨. मा वस्तिमोक्षं कृथा—તે એવું કાર્ય ન કરે જેનાથી લિંગ-વિકાર થાય.

૩. वृष्यं मा भज—તે કામોદીપક આહાર ન કરે.

---

૧. मूलाचार ११।१३, १४ : इत्थीसंसग्गी पणीदरसभोयणं गंधमल्लसंठप्पं ।
सयणासणभूसणयं, छट्ठं पुण गीयवाइयं चेव ॥
अत्थस्स संपओगो, कुसीलसंसग्गि रायसेवा य ।
रत्ति वि य संचरणं, दस सील-विराहणा भणिया ॥

૨. अनगारधर्मामृत ४।६१ : मा रूपादिरसं पिपास सुदृशां मा वस्तिमोक्षं कृथा,
वृष्यं स्त्रीशयनादिकं च भज मा मा दा वरांगे दृशम् ।
मा स्त्रीं सत्कुरु मा च संस्कुरु रतं वृत्तं स्मरस्मार्य मा,
वर्त्स्यन्मेच्छ जुषस्व मेष्टविषयनान् द्विःपञ्चधा ब्रह्मणे ॥

૪. स्त्रीशयनादिकं च मा भज—સ્ત્રી તથા શયન, આસન વગેરેનો પ્રયોગ ન કરે.

૫. वराङ्गे दृशं मा दा—સ્ત્રીઓનાં અંગો ન જુએ.

૬. स्त्रीं मा सत्कुरु—સ્ત્રીઓનો સત્કાર ન કરે.

૭. मा च संस्कुरु—શરીર-સંસ્કાર ન કરે.

૮. रतं वृत्तं मा स्मर—પૂર્વ-સેવિતનું સ્મરણ ન કરે.

૯. वत्स्र्यन् मा इच्छ—ભવિષ્યમાં ક્રીડા કરવાનું ન વિચારે.

૧૦. इष्टविषयान् मा जुषस्व—ઈષ્ટ રૂપ વગેરે વિષયોનું સેવન ન કરે.

આમાં ક્રમાંક ૧, ૩, ૪, ૫ અને ૭ તો તે જ છે જે શ્વેતાંબર આગમોમાં છે, બાકીનાં જુદાં છે.

વેદ અથવા ઉપનિષદોમાં બ્રહ્મચર્યની રક્ષા માટે શ્રૃંખલાબદ્ધ નિયમોનો ઉલ્લેખ મળતો નથી. સ્મૃતિમાં કહેવામાં આવ્યું છે—સ્મરણ, ક્રીડા, દૃષ્ટિપાત, ગુહ્ય ભાષણ, સંકલ્પ, અધ્યવસાય અને ક્રિયા—એ રીતે મૈથુન આઠ પ્રકારનાં છે. આ બધાથી દૂર થઈ બ્રહ્મચર્યની રક્ષા કરવી જોઈએ.[1]

બૌદ્ધ-સાહિત્યમાં પણ બ્રહ્મચર્ય-ગુપ્તિઓ જેવો કોઈ વ્યવસ્થિત ક્રમ મળતો નથી, પરંતુ પ્રકીર્ણ રૂપે કેટલાક નિયમો મળે છે. ત્યાં રૂપ પ્રત્યેના આસક્તિભાવને દૂર કરવા માટે અશુચિ-ભાવનાના ચિંતનનો મંત્ર માન્ય રહ્યો છે. તે 'કાયગતા-સ્મૃતિ' નામે પ્રસિદ્ધ છે.[2]

બુદ્ધ મૃત્યુ-શય્યા પર હતા ત્યારે શિષ્યોએ પૂછ્યું—'ભંતે ! સ્ત્રીઓ સાથે અમે કેવો વ્યવહાર કરીએ ?'

'અદર્શન, આનંદ !'

'દર્શન થઈ જાય ત્યારે હે ભગવાન ! કેવો વર્તાવ કરીએ ?'

'આલાપ ન કરવો, આનંદ !'

'વાતો કરનારે શું કરવું જોઈએ ?'

'સ્મૃતિને સંભાળીને ચાલવું જોઈએ.'[3]

ઉક્ત અનેક પરંપરાઓના સંદર્ભમાં દસ સમાધિ-સ્થાનોનું અધ્યયન ઘણું મહત્ત્વપૂર્ણ છે.

---

૧. दक्षस्मृति ७।३१-३३ : ब्रह्मचर्यं सदा रक्षेदष्टधा मैथुनं पृथक् ।
स्मरणं कीर्त्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् ॥
सङ्कल्पोऽध्यवसायश्च क्रियानिष्पत्तिरेव च ।
एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः ॥
न ध्यातव्यं न वक्तव्यं न कर्त्तव्यं कदाचन ।
एतैः सर्वैः सुसम्पन्नो यतिर्भवति नेतरः ॥

२. सुत्तनिपात १।११, विसुद्धिमग्ग ( प्रथम भाग ) परिच्छेद ८, पृ. २१८-२६० ।

३. दीघनिकाय ( महापरिनिब्बाण सुत्त ) २।३ ।

# सोलसमं अज्झयणं : સોળમું અધ્યયન
# बंभचेरसमाहिठाणं : બ્રહ્મચર્ય-સમાધિ-સ્થાન

**મૂળ** | **સંસ્કૃત છાયા** | **ગુજરાતી અનુવાદ**

१. सुयं मे आउसं ! तेणं भगवया एव-मक्खायं—इहं खलु थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिठाणा पण्णत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरेज्जा ।

श्रुतं मया आयुष्मन् ! तेन भगवतैवमाख्यातम्—इह खलु स्थविरैर्भगवद्भिर्दश ब्रह्मचर्य-समाधिस्थानानि प्रज्ञप्तानि, यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधिबहुलः गुप्तः गुप्तेन्द्रियः. गुप्तब्रह्मचारी सदाऽप्रमत्तो विहरेत् ।

૧. આયુષ્માન ![1] મેં સાંભળ્યું છે, ભગવાને (પ્રજ્ઞાપક આચાર્યે) આવું કહ્યું છે—નિર્ગ્રંથ-પ્રવચનમાં જે સ્થવિર (ગણધર)[2] ભગવાનો થયા છે તેમણે બ્રહ્મચર્ય-સમાધિનાં દસ સ્થાનો[3] બતાવ્યાં છે, જેમને સાંભળીને, જેમના અર્થનો નિશ્ચય કરીને, ભિક્ષુ સંયમ, સંવર અને સમાધિનો[4] ફરી-ફરી અભ્યાસ કરે; મન, વાણી અને શરીરનું ગોપન કરે, ઈન્દ્રિયોને તેમના વિષયોથી બચાવે, બ્રહ્મચર્યની નવ સુરક્ષાઓ (વાડો) વડે સુરક્ષિત રાખે અને સદા અપ્રમત્ત થઈ વિહાર કરે.

२. कयरे खलु ते थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिठाणा पण्णत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरेज्जा ?

कतराणि खलु तानि स्थविरैर्भगवद्भिर्दश ब्रह्मचर्य-समाधिस्थानानि प्रज्ञप्तानि, यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधि-बहुलः गुप्तः, गुप्तेन्द्रियः गुप्तब्रह्मचारी सदाऽप्रमत्तो विहरेत् ?

૨. સ્થવિર ભગવંતોએ તે કયા બ્રહ્મચર્ય-સમાધિનાં દસ સ્થાનો બતાવ્યાં છે, કે જેમને સાંભળીને, જેમના અર્થનો નિશ્ચય કરીને ભિક્ષુ સંયમ, સંવર અને સમાધિનો ફરી-ફરી અભ્યાસ કરે; મન, વાણી અને શરીરનું ગોપન કરે, ઈન્દ્રિયોને તેમના વિષયોથી બચાવે, બ્રહ્મચર્યની નવ સુરક્ષાઓ વડે સુરક્ષિત રાખે અને સદા અપ્રમત્ત બની વિહાર કરે ?

३. इमे खलु ते थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिठाणा पण्णत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरेज्जा, तं जहा—विवित्ताइं सयणासणाइं सेविज्जा, से निग्गंथे । नो इत्थीपसुपंडग-संसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ, से निग्गंथे ।

तं कहमिति चे ?

आयरियाह—निग्गंथस्स

इमानि खलु स्थविरैर्भगव-द्भिर्दश ब्रह्मचर्यसमाधिस्थानानि प्रज्ञप्तानि, यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधिबहुलः गुप्तः गुप्तेन्द्रियः गुप्तब्रह्मचारी सदाऽप्रमत्तो विहरेत् । तद्यथा—

विविक्तानि शयनासनानि सेवेत, स निर्ग्रन्थः । नो स्त्रीपशु-पण्डकसंसक्तानि शयनासनानि सेविता भवति, स निर्ग्रन्थः ।

तत् कथमिति चेत् ?

आचार्य आह—निर्ग्रन्थस्य

૩. સ્થવિર ભગવંતોએ બ્રહ્મચર્ય-સમાધિનાં દસ સ્થાનો તે બતાવ્યાં છે, જેમને સાંભળીને, જેમના અર્થનો નિશ્ચય કરીને, ભિક્ષુ સંયમ, સંવર અને સમાધિનો ફરી-ફરી અભ્યાસ કરે; મન, વાણી અને શરીરનું ગોપન કરે, ઈન્દ્રિયોને તેમના વિષયોથી બચાવે, બ્રહ્મચર્યને નવ સુરક્ષાઓ વડે સુરક્ષિત રાખે અને સદા અપ્રમત્ત બની વિહાર કરે. તે આ પ્રમાણે છે—

જે એકાંત શયન અને આસનનું સેવન કરે છે તે નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ સ્ત્રી, પશુ અને નપુંસક વડે સેવિત શયન અને આસનનું સેવન નથી કરતો.[5]

એમ કેમ ?

એવું પૂછવાથી આચાર્ય કહે છે—સ્ત્રી, પશુ અને નપુંસક વડે સેવિત શયન અને આસનનું સેવન કરનાર

खलु इत्थीपसुपंडगसंसत्ताइं सयणा-सणाइं सेवमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा तम्हा नो इत्थिपसुपंडगसंसत्ताइं सयणा-सणाइं सेवित्ता हवइ, से निग्गंथे ।

खलु स्त्रीपशुपण्डकसंसक्तानि शयनासनानि सेवमानस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शंका वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत , भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात् , दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् भ्रश्येत् । तस्मान्नो स्त्रीपशुपण्डक-संसक्तानि शयनासनानि सेविता भवति, स निर्ग्रन्थः ।

બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ અને આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે, એટલા માટે જે સ્ત્રી, પશુ અને નપુંસક વડે સેવિત શયન અને આસનનું સેવન નથી કરતો તે નિર્ગ્રંથ છે.

૪. नो इत्थीणं कहं कहित्ता हवइ, से निग्गंथे ।

तं कहमिति चे ?

आयरियाह—निग्गंथस्स खलु इत्थीणं कहं कहेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलि-पण्णत्ताओ वा धम्माओ भंसेज्जा। तम्हा नो इत्थीणं कहं कहेज्जा ।

नो स्त्रीणां कथां कथयिता भवति, स निर्ग्रन्थः ।

तत्कथमिति चेत् ?

आचार्य आह—निर्ग्रन्थस्य खलु स्त्रीणां कथां कथयतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शंका वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात् , दीर्घ-कालिको वा रोगातङ्को भवेत् , केवलि-प्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत् । तस्मान्नो स्त्रीणां कथां कथयेत् ।

૪. જે માત્ર સ્ત્રીઓની વચ્ચે કથા નથી કરતો તે નિર્ગ્રંથ છે.'

એમ કેમ ?

આવું પૂછવાથી આચાર્ય કહે છે—માત્ર સ્ત્રીઓ વચ્ચે વાતચીત કરનાર બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ કે આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે, એટલા માટે માત્ર સ્ત્રીઓ વચ્ચે કથા ન કરવી.

૫. नो इत्थीहिं सद्धिं सन्निसेज्जागए विहरित्ता हवइ, से निग्गंथे ।

तं कहमिति चे ?

आयरियाह—निग्गंथस्स खलु इत्थीहिं सद्धिं सन्निसेज्जागयस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा,

नो स्त्रीभिः सार्धं सन्निषद्यागतो विहर्ता भवति, स निर्ग्रन्थः ।

तत्कथमिति चेत् ?

आचार्य आह—निर्ग्रन्थस्य खलु स्त्रीभिः सार्धं सन्निषद्यागतस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलीप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत्।

૫. જે સ્ત્રીઓ સાથે પીઠ (બાજોઠ) વગેરે એક આસન પર નથી બેસતો, તે નિર્ગ્રંથ છે.

એમ કેમ ?

એવું પૂછવાથી આચાર્ય કહે છે—સ્ત્રીઓ સાથે એક આસન પર બેસનારા બ્રહ્મચારી-નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ અથવા આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ બની જાય છે, એટલા માટે સ્ત્રીઓ સાથે એક આસન પર ન બેસે.

दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्ण-त्ताओ वा धम्माओ भंसेज्जा। तम्हा खलु नो निग्गंथे इत्थीहिं सद्धिं सन्निसेज्जागए विहरेज्जा।

तस्मात् खलु नो निर्ग्रन्थः स्त्रीभिः सार्धं सन्निषद्यागतो विहरेत्।

६. नो इत्थीणं इंदियाइं मणोहराइं, मणोरमाइं आलोइत्ता निज्झाइत्ता हवइ, से निग्गंथे।
तं कहमिति चे?
आयरियाह—निग्गंथस्स खलु इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोएमाणस्स निज्झा-यमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्ण-त्ताओ वा धम्माओ भंसेज्जा। तम्हा खलु निग्गंथे नो इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोएज्जा, निज्झाएज्जा।

नो स्त्रीणामिन्द्रियाणि मनोहराणि मनोरमाण्यालोकयिता निर्ध्याता भवति, स निर्ग्रन्थः।
तत्कथमिति चेत्?
आचार्य आह—निर्ग्रन्थस्य खलु स्त्रीणामिन्द्रियाणि मनोहराणि मनोरमा-ण्यवलोकमानस्य निर्ध्यायतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलीप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत्। तस्मात् खलु निर्ग्रन्थः नो स्त्रीणा-मिन्द्रियाणि मनोहराणि मनोरमाण्या-लोकयेन्निर्ध्यायेत्।

૬. જે સ્ત્રીઓની મનોહર અને મનોરમ્ય ઈન્દ્રિયોને દૃષ્ટિ ખૂંચાડીને જોતો નથી, તેમના વિષયમાં ચિંતન કરતો નથી, તે નિર્ગ્રંથ છે.
એમ કેમ?
આવું પૂછવાથી આચાર્ય કહે છે—સ્ત્રીઓની મનોહર અને મનોરમ્ય ઈન્દ્રિયોને દૃષ્ટિ ખૂંચાડી જોનાર અને તેમના વિષયમાં ચિંતન કરનાર[1] બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ કે આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે, એટલા માટે સ્ત્રીઓની મનોહર અને મનોરમ્ય ઈન્દ્રિયોને દૃષ્ટિ ખૂંચાડી ન જુએ તથા તેમના વિષયમાં ચિંતન ન કરે.

७. नो इत्थीणं कुड्डंतरंसि वा, दूसंतरंसि वा, भित्तंतरंसि वा, कुइयसद्दं वा रुइयसद्दं वा, गीयसद्दं वा, हसियसद्दं वा, थणियसद्दं वा, कंदियसद्दं वा, विलवियसद्दं वा, सुणेत्ता हवइ, से निग्गंथे।
तं कहमिति चे?
आयरियाह—निग्गंथस्स खलु इत्थीणं 'कुड्डंतरंसि वा, दूसंतरंसि वा, भित्तंतरंसि वा कुइयसद्दं वा, रुइयसद्दं वा, गीयसद्दं वा, हसियसद्दं वा,

नो स्त्रीणां कुड्यान्तरे वा, दूष्यान्तरे वा, भित्त्यन्तरे वा, कूजितशब्दं वा, रुदितशब्दं वा, गीतशब्दं वा, हसितशब्दं वा, स्तनितशब्दं वा, क्रन्दितशब्दं वा, विलपितशब्दं वा, श्रोता भवति, स निर्ग्रन्थः।
तत्कथमिति चेत्?
आचार्य आह—निर्ग्रन्थस्य खलु स्त्रीणां कुड्यान्तरे वा, दूष्यान्तरे वा, भित्त्यन्तरे वा कूजितशब्दं वा, रुदित-शब्दं वा, गीतशब्दं वा, हसितशब्दं वा,

૭. જે માટીની દીવાલના આંતરે, પડદા પાછળથી, પાકી દીવાલના આંતરે સ્ત્રીઓનાં કૂજન, રુદન, ગીત, હાસ્ય, ગર્જન, આક્રંદ કે વિલાપના શબ્દો સાંભળતો નથી, તે નિર્ગ્રંથ છે.
એમ કેમ?
એવું પૂછવાથી આચાર્ય કહે છે—માટીની દીવાલના આંતરે, પડદા પાછળથી, પાકી દીવાલના આંતરે સ્ત્રીઓનાં કૂજન, રુદન, ગીત, હાસ્ય, ગર્જન, આક્રંદ કે વિલાપના શબ્દો સાંભળનાર બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ અને આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ

**थणियसद्दं वा, कंदियसद्दं वा, विलवियसद्दं वा, सुणेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्प-ज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा। तम्हा खलु निग्गंथे नो इत्थीणं कुड्डंतरंसि वा, दूसंतरंसि वा, भित्तंतरंसि वा, कुइयसद्दं वा, रुइयसद्दं वा, गीयसद्दं वा, हसियसद्दं वा, थणियसद्दं वा, कंदियसद्दं वा, विलवियसद्दं वा सुणेमाणे विहरेज्जा।**

स्तनितशब्दं वा, क्रन्दितशब्दं वा, विलपितशब्दं वा श्रृण्वतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्यते। तस्मात् खलु निर्ग्रन्थः नो स्त्रीणां कुड्यान्तरे वा, दूष्यान्तरे वा, भित्त्यन्तरे वा कूजितशब्दं वा, रुदितशब्दं वा, गीतशब्दं वा हसितशब्दं वा, स्तनितशब्दं वा, क्रन्दितशब्दं वा, विलपितशब्दं वा श्रृण्वन् विहरेत्।

જાય છે, એટલા માટે માટીની દીવાલના આંતરે, પડદાની પાછળથી, પાકી દીવાલના[૮] આંતરે સ્ત્રીઓનાં કૂજન, રુદન, ગીત, હાસ્ય, ગર્જન, આક્રંદ કે વિલાપના શબ્દો ન સાંભળે.

**८. नो निग्गंथे पुव्वरयं पुव्वकीलियं अणुसरित्ता हवइ, से निग्गंथे।**

**तं कहमिति चे ?**

**आयरियाह—निग्गंथस्स खलु पुव्वरयं पुव्वकीलियं अणुसरमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा। तम्हा खलु नो निग्गंथे पुव्वरयं पुव्व-कीलियं अणुसरेज्जा।**

नो निर्ग्रन्थः पूर्वरतं पूर्वक्रीडित-मनुस्मर्ता भवेत्, स निर्ग्रन्थः।

तत्कथमिति चेत् ?

आचार्य आह—निर्ग्रन्थस्य खलु पूर्वरतं पूर्वक्रीडितमनुस्मरतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत्। तस्मात् खलु नो निर्ग्रन्थः स्त्रीणां पूर्वरतं पूर्वक्रीडितमनुस्मरेत्।

૮. જે ગૃહસ્થાવાસમાં કરેલી રતિ અને ક્રીડાનું અનુસ્મરણ નથી કરતો તે નિર્ગ્રંથ છે.

એમ કેમ ?

એમ પૂછવાથી આચાર્ય કહે છે—ગૃહસ્થાવાસમાં કરેલી રતિ અને ક્રીડાનું અનુસ્મરણ કરનાર બ્રહ્મચારી-નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ કે આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે, એટલા માટે ગૃહસ્થાવાસમાં કરેલ રતિ અને ક્રીડાનું અનુસ્મરણ ન કરે.

**९. नो पणीयं आहारं आहारित्ता हवइ, से निग्गंथे।**

**तं कहमिति चे ?**

**आयरियाह—निग्गंथस्स**

नो प्रणीतमाहारमाहर्त्ता भवति, स निर्ग्रन्थः।

तत्कथमिति चेत् ?

आचार्य आह—निर्ग्रन्थस्य

૯. જે પ્રણીત[૯] આહાર નથી કરતો, તે નિર્ગ્રંથ છે.

એમ કેમ ?

એવું પૂછવાથી આચાર્ય કહે છે—પ્રણીત પાન-ભોજન કરનાર બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા,

**खलु पणीयं पाणभोयणं आहारेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा । तम्हा खलु नो निग्गंथे पणीयं आहारं आहारेज्जा ।**

खलु प्रणीतमाहारमाहरतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिको वा रोगातंको भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत् । तस्मात् खलु नो निर्ग्रन्थः प्रणीतमाहारमाहरेत् ।

કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ અને આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે, એટલા માટે પ્રણીત આહાર ન કરે.

**१०. नो अइमायाए पाणभोयणं आहारेत्ता हवइ, से निग्गंथे ।**

**तं कहमिति चे ?**

**आयरियाह—निग्गंथस्स खलु अइमायाए पाणभोयणं आहारेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा । तम्हा खलु नो निग्गंथे अइमायाए पाणभोयणं भुंजिज्जा ।**

नो अतिमात्रया पानभोजनमाहर्ता भवति, स निर्ग्रन्थः ।

तत्कथमिति चेत् ?

आचार्य आह—निर्ग्रन्थस्य खल्वतिमात्रया पानभोजनमाहरतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात् दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत् । तस्मात् खलु नो निर्ग्रन्थोऽतिमात्रया पानभोजनं भुंजीत ।

૧૦. જે માત્રાથી અધિક ખાતો-પીતો નથી, તે નિર્ગ્રંથ છે.

એમ કેમ ?

એવું પૂછવાથી આચાર્ય કહે છે—માત્રાથી અધિક ખાનાર-પીનાર બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા પેદા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ કે આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે, એટલા માટે માત્રાથી અધિક ન ખાય, ન પીવે.

**११. नो विभूसाणुवाई हवइ, से निग्गंथे ।**

**तं कहमिति चे ?**

**आयरियाह—विभूसावत्तिए विभूसियसरीरे इत्थिजणस्स अभिलसणिज्जे हवइ । तओ णं तस्स इत्थिजणेणं अभिलसिज्जमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा**

नो विभूषानुपाती भवति, स निर्ग्रन्थः ।

तत्कथमिति चेत् ?

आचार्य आह—विभूषावर्तिको विभूषितशरीरः स्त्रीजनस्याभिलषणीयो भवति । ततस्तस्य स्त्रीजनेनाभिलष्यमाणस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्,

૧૧. જે વિભૂષા નથી કરતો—શરીર-શણગાર નથી કરતો, તે નિર્ગ્રંથ છે.

એમ કેમ ?

એવું પૂછવાથી આચાર્ય કહે છે—જેનો સ્વભાવ વિભૂષા કરવાનો છે, જે શરીરને શણગારી રાખે છે, તેને સ્ત્રીઓ ચાહવા લાગે છે. પછી સ્ત્રીઓ દ્વારા ચાહવામાં આવતા બ્રહ્મચારીને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ કે આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ બની જાય છે, એટલા માટે

| | | |
|---|---|---|
| लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा । तम्हा खलु नो निग्गंथे विभूसाणुवाई सिया । | दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत् । तस्मात् खलु नो निर्ग्रन्थो विभूषानुपाती स्यात् । | વિભૂષા ન કરે. |
| १२. नो सद्दरूवरसगंधफासाणुवाई हवइ, से निग्गंथे ।<br>तं कहमिति चे ?<br>आयरियाह—निग्गंथस्स खलु सद्दरूवरसगंधफासाणुवाइस्स बंभयारिस्स बंभचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा । तम्हा खलु नो निग्गंथे सद्दरूवरसगंधफासाणुवाई हविज्जा । दसमे बंभचेरसमाहिठाणे हवइ । | नो शब्दरूपरसगन्धस्पर्शानुपाती भवति, स निर्ग्रन्थः ।<br>तत्कथमिति चेत् ?<br>आचार्य आह—निर्ग्रन्थस्य खलु शब्दरूपरसगन्धस्पर्शानुपातिनो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिको वा रोगातङ्को भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रश्येत् । तस्मात् खलु नो निर्ग्रन्थः शब्दरूपरस-गन्धस्पर्शानुपाती भवेत् । दशमं ब्रह्मचर्यसमाधिस्थानं भवति । | ૧૨. જે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત નથી હોતો, તે નિર્ગ્રંથ છે.<br>એમ કેમ ?<br>એવું પૂછવાથી આચાર્ય કહે છે—શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત થનાર બ્રહ્મચારીને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે અથવા ઉન્માદ પેદા થાય છે અથવા દીર્ઘકાલીન રોગ કે આતંક થાય છે અથવા તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ બની જાય છે, એટલા માટે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત ન બને. બ્રહ્મચર્યની સમાધિનું આ દસમું સ્થાન છે. |
| भवंति इत्थ सिलोगा, तं जहा— | भवन्ति अत्र श्लोकाः, तद् यथा— | અહીં શ્લોકો છે, જેમ કે— |
| १. जं विवित्तमणाइण्णं<br>रहियं थीजणेण य ।<br>बंभचेरस्स रक्खट्ठा<br>आलयं तु निसेवए ॥ | यो विविक्तोनाकीर्णः<br>रहितं स्त्रीजनेन च ।<br>ब्रह्मचर्यस्य रक्षार्थम्<br>आलयं तु निषेवते ॥ | ૧. બ્રહ્મચર્યની રક્ષા માટે મુનિ તેવા આલયમાં રહે કે જે એકાંત, અનાકીર્ણ અને સ્ત્રીઓથી રહિત હોય. |
| २. मणपल्हायजणणिं<br>कामरागविवड्ढणिं ।<br>बंभचेररओ भिक्खू<br>थीकहं तु विवज्जए ॥ | मनःप्रह्लादजननीं<br>कामरागविवर्धनीम् ।<br>ब्रह्मचर्यरतो भिक्षुः<br>स्त्रीकथां तु विवर्जयेत् ॥ | ૨. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ મનને આહ્લાદ આપનારી તથા કામ-રાગ વધારનારી સ્ત્રી-કથાનો ત્યાગ કરે. |
| ३. समं च संथवं थीहिं<br>संकहं च अभिक्खणं ।<br>बंभचेररओ भिक्खू<br>निच्चसो परिवज्जए ॥ | समं च संस्तवं स्त्रीभिः<br>संकथां चाभीक्ष्णम् ।<br>ब्रह्मचर्यरतो भिक्षुः<br>नित्यशः परिवर्जयेत् ॥ | ૩. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ સ્ત્રીઓ સાથે પરિચય અને વારંવાર વાર્તાલાપનો સદા ત્યાગ કરે. |

४. अंगपच्चंगसंठाणं
चारुल्लवियपेहियं ।
बंभचेररओ थीणं
चक्खुगिज्झं विवज्जए ॥

अंगप्रत्यंगसंस्थानं
चारूल्लपितप्रेक्षितम् ।
ब्रह्मचर्यरतः स्त्रीणां
चक्षुर्ग्राह्यं विवर्जयेत् ॥

૪. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ સ્ત્રીઓનાં ચક્ષુ-ગ્રાહ્ય અંગ-પ્રત્યંગ, આકાર, બોલવાની મનોહર છટા અને ચિંતવન ન જુએ—જોવાનો પ્રયત્ન ન કરે.

५. कुइयं रुइयं गीयं
हसियं थणियकंदियं ।
बंभचेररओ थीणं
सोयगिज्झं विवज्जए ॥

कूजितं रुदितं गीतं
हसितं स्तनितक्रन्दितम् ।
ब्रह्मचर्यरतः स्त्रीणां
श्रोत्रग्राह्यं विवर्जयेत् ॥

૫. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ સ્ત્રીઓનાં શ્રોત્ર-ગ્રાહ્ય કૂજન, રુદન, ગીત, હાસ્ય, ગર્જન કે ક્રંદન ન સાંભળે—સાંભળવાનો પ્રયત્ન ન કરે.

६. हासं किड्डं रइं दप्पं
सहसावत्तासियाणि य ।
बंभचेररओ थीणं
नाणुचिंते कयाइ वि ॥

हासं क्रीडां रतिं दर्पं
सहसाऽवत्रासितानि च ।
ब्रह्मचर्यरतः स्त्रीणां
नानुचिन्तयेत् कदाचिदपि ॥

૬. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ પૂર્વ-જીવનમાં સ્ત્રીઓ સાથે અનુભવેલાં હાસ્ય, ક્રીડા, રતિ, અભિમાન કે આકસ્મિક ત્રાસનું ક્યારેય અનુચિંતન ન કરે.[૧૦]

७. पणीयं भत्तपाणं तु
खिप्पं मयविवड्डणं ।
बंभचेररओ भिक्खू
निच्चसो परिवज्जए ॥

प्रणीतं भक्तपानं तु
क्षिप्रं मदविवर्धनम् ।
ब्रह्मचर्यरतो भिक्षुः
नित्यशः परिवर्जयेत् ॥

૭. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ શીઘ્રપણે કામ-વાસના વધારનાર પ્રણીત ભોજન-પાનનો સદા ત્યાગ કરે.

८. धम्मलद्धं मियं काले
जत्तत्थं पणिहाणवं ।
नाइमत्तं तु भुंजेज्जा
बंभचेररओ सया ॥

धर्म्यलब्धं मितं काले
यात्रार्थं प्रणिधानवान् ।
नाऽतिमात्रं तु भुञ्जीत
ब्रह्मचर्यरतः सदा ॥

૮. બ્રહ્મચર્ય-રત અને સ્વસ્થ ચિત્તવાળો ભિક્ષુ જીવન-નિર્વાહ માટે ઉચિત સમયે નિર્દોષ ભિક્ષા દ્વારા પ્રાપ્ત,[૧૧] પરિમિત ભોજન કરે, પરંતુ માત્રાથી અધિક ન ખાય.

९. विभूसं परिवज्जेज्जा
सरीरपरिमंडणं ।
बंभचेररओ भिक्खू
सिंगारत्थं न धारए ॥

विभूषां परिवर्जयेत्
शरीरपरिमण्डनम् ।
ब्रह्मचर्यरतो भिक्षुः
श्रृङ्गारार्थं न धारयेत् ॥

૯. બ્રહ્મચર્યમાં રત રહેનાર ભિક્ષુ શણગારનો ત્યાગ કરે અને શરીરની શોભા વધારનાર વાળ, દાઢી વગેરે શ્રૃંગાર માટે ધારણ ન કરે.

१०. सद्दे रूवे य गंधे य
रसे फासे तहेव य ।
पंचविहे कामगुणे
निच्चसो परिवज्जए ॥

शब्दान् रूपांश्च गंधांश्च
रसान् स्पर्शांस्तथैव च ।
पञ्चविधान् कामगुणान्
नित्यशः परिवर्जयेत् ॥

૧૦. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ—આ પાંચ પ્રકારના કામ-ગુણોનો સદા ત્યાગ કરે.

११. आलओ थीजणाइण्णो
थीकहा य मणोरमा ।
संथवो चेव नारीणं
तासिं इंदियदरिसणं ॥

आलयः स्त्रीजनाकीर्णः
स्त्रीकथा च मनोरमा ।
संस्तवश्चैव नारीणां
तासामिन्द्रियदर्शनम् ॥

૧૧. (૧) સ્ત્રીઓથી ખચિત આલય,
(૨) મનોરમ્ય સ્ત્રી-કથા,
(૩) સ્ત્રીઓનો પરિચય,
(૪) તેમની ઇન્દ્રિયો તરફ જોવું,

१२. कुइयं रुइयं गीयं
हसियं भुत्तासियाणि य ।
पणीयं भत्तपाणं च
अइमायं पाणभोयणं ॥

कूजितं रुदितं गीतं
हसितं भुक्तासितानि च ।
प्रणीतं भक्तपानं च
अतिमात्रं पानभोजनम् ॥

૧૨. (૫) તેમનાં કૂજન, રુદન, ગીત અને હાસ્યયુક્ત શબ્દો સાંભળવા,
(૬) ભોગવેલા ભોગ અને સંગાથને યાદ કરવા.
(૭) પ્રણીત પાન-ભોજન,

१३. गत्तभूसणमिट्ठं च
कामभोगा य दुज्जया ।
नरस्सत्तगवेसिस्स
विसं तालउडं जहा ॥

गात्रभूषणमिष्टं च
कामभोगाश्च दुर्जयाः ।
नरस्यात्मगवेषिणः
विषं तालपुटं यथा ॥

૧૩. (૮) માત્રાથી અધિક પાન-ભોજન,
(૯) શરીર-સજાવટની ઈચ્છા,
(૧૦) દુર્જય કામ-ભોગ—
આ દસ આત્મગવેષી મનુષ્ય માટે તાલપુટ[12] વિષ સમાન છે.

१४. दुज्जए कामभोगे य
निच्चसो परिवज्जए ।
संकट्ठाणाणि सव्वाणि
वज्जेज्जा पणिहाणवं ॥

दुर्जयान् कामभोगांश्च
नित्यशः परिवर्जयेत् ।
शंकास्थानानि सर्वाणि
वर्जयेत् प्रणिधानवान् ॥

૧૪. એકાગ્ર ચિત્તવાળો મુનિ દુર્જય કામ-ભોગો અને બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન કરાવનાર પૂર્વોક્ત બધાં સ્થાનોનો ત્યાગ કરે.

१५. धम्मारामे चरे भिक्खू
धिइमं धम्मसारही ।
धम्मारामरए दंते
बंभचेरसमाहिए ॥

धर्मारामे चरेद् भिक्षुः
धृतिमान् धर्मसारथिः ।
धर्मारामरतो दान्तः
ब्रह्मचर्यसमाहितः ॥

૧૫. ધૈર્યવાન[13], ધર્મના રથને ચલાવનાર, ધર્મરૂપી ઉદ્યાનમાં રત, દાન્ત અને બ્રહ્મચર્યમાં ચિત્તની સમાધિ પ્રાપ્ત કરનાર ભિક્ષુ ધર્મના આરામમાં (ઉદ્યાનમાં) વિચરણ કરે.

१६. देवदाणवगंधव्वा
जक्खरक्खसकिन्नरा ।
बंभयारिं नमंसंति
दुक्करं जे करंति तं ॥

देवदानवगन्धर्वाः
यक्षराक्षसकिन्नराः ।
ब्रह्मचारिणं नमस्कुर्वन्ति
दुष्करं यः करोति तत् ॥

૧૬. જે દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેવા તે બ્રહ્મચારીને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નર—આ બધા નમસ્કાર કરે છે.

१७. एस धम्मे धुवे निअए
सासए जिणदेसिए ।
सिद्धा सिज्झंति चाणेण
सिज्झिस्संति तहापरे ॥

एष धर्मो ध्रुवो नित्यः
शाश्वतो जिनदेशितः ।
सिद्धाः सिध्यन्ति चानेन
सेत्स्यन्ति तथापरे ।

૧૭. આ બ્રહ્મચર્ય-ધર્મ ધ્રુવ, નિત્ય, શાશ્વત[14] અને અર્હત્ દ્વારા ઉપદિષ્ટ છે. તેનું પાલન કરી અનેક જીવો સિદ્ધ થયા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ થશે.

—त्ति बेमि ॥

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

ટિપ્પણ

## અધ્યયન ૧૬ : બ્રહ્મચર્ય-સમાધિ-સ્થાન

**૧. આયુષ્મન્ ! (आउसं)**

આયુષ્મન્ શબ્દ શિષ્યને સંબોધવા માટે બહુ પ્રયોજાયો છે. પ્રશ્ન થાય છે કે જાતિ, કુળ વગેરેના આધારે પણ સંબોધન શબ્દ પ્રયોજી શકાય. તો પછી, આયુષ્ય સાથે જ તેનો પ્રયોગ કેમ ? ચૂર્ણિકારનો મત છે કે બધા જ સંબોધનવાચી શબ્દોમાં આયુષ્યવાચી સંબોધન જ ચડિયાતું છે. જો આયુષ્ય હોય છે તો જ જાતિ વગેરે બીજી-બીજી બાબતો હોય છે. આયુષ્યના અભાવમાં તેમનું કોઈ મૂલ્ય નથી હોતું.[1]

ચૂર્ણિકારે વિભિન્ન પૃષ્ઠભૂમિઓમાં 'આયુષ્મન્' શબ્દની અર્થ-મીમાંસા પ્રસ્તુત કરી છે. તે આ પ્રમાણે છે—

૧. હે આયુષ્મન્—સુધર્મા સ્વામી પોતાના પ્રમુખ શિષ્ય જંબૂને સંબોધિત કરી કહે છે—'જેવું મેં ભગવાન મહાવીર પાસે સાંભળ્યું છે તેવું હું કહું છું.' આનાથી શિષ્ય અને આચાર્યની વ્યવસ્થા જાણી શકાય છે.

૨. મેં ભગવાનના જીવન-કાળમાં આ પ્રમાણે સાંભળ્યું હતું—આનાથી બૌદ્ધદર્શન સંમત ક્ષણભંગુરવાદનું નિરસન થાય છે.

૩. મેં ભગવાન સમીપે રહેતાં આમ સાંભળ્યું છે—આનાથી ગુરુકુળવાસમાં રહેવાની વાત સ્પષ્ટ થાય છે અને એ પ્રગટ થાય છે કે શિષ્યે સદા ગુરુકુળવાસમાં રહેવું જોઈએ.

૪. મેં ગુરુ (ભગવાન)ના ચરણોની સેવા કરતાં આમ સાંભળ્યું છે—તાત્પર્ય એ છે કે મેં આ વાતો વિનય વડે પ્રાપ્ત કરી છે. આનાથી વિનયમૂલ ધર્મની વાત સ્પષ્ટ થાય છે.[2]

ચૂર્ણિકારે ભગવાન મહાવીર, સુધર્મા અને જંબૂનો જે ઉલ્લેખ કર્યો છે, તે વિમર્શનીય છે. આ અધ્યયનનો સંબંધ સ્થવિરો સાથે છે. એટલા માટે પ્રજ્ઞાપક આચાર્ય સ્થવિરો પાસેથી શ્રુતપ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ કરી રહ્યા છે.

**૨. સ્થવિર (ગણધર) (थेरेहिं)**

પ્રાચીનકાળની ગણવ્યવસ્થામાં સાત પદોમાં એક પદ 'સ્થવિર'નું રહેતું. સાતેય પદોનાં કાર્યો વહેંચાયેલાં હતાં. સ્થવિરોનું કાર્ય હતું—શ્રામણ્યમાં શિથિલ બનેલા સાધુઓને ફરી સંયમમાં સ્થિર કરવા. તેઓ અનેક સંપદાઓથી યુક્ત હતા. ચૂર્ણિકારે આ વાતનો સંકેત કર્યો છે.[3]

શાન્ત્યાચાર્યે સ્થવિરનો અર્થ ગણધર કર્યો છે.[4] અગત્સ્ય ચૂર્ણિમાં દસવૈકાલિક (૯।૪।૧)માં પ્રયુક્ત 'સ્થવિર' શબ્દનો આ જ અર્થ છે.[5] ગણધરના મુખ્યપણે બે અર્થ થાય છે—(૧) તીર્થંકરના પ્રધાન શિષ્ય (૨) અનુપમ જ્ઞાન આદિના ધારક. પ્રસ્તુત પ્રકરણમાં ગણધરનું તાત્પર્ય ગૌતમ વગેરે નવ ગણધરો નથી.

**૩. (दस बंभचेरसमाहिठाणा)**

વિશેષ વિમર્શ માટે જુઓ—આ જ અધ્યયનનું આમુખ.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २४१ : सत्स्वप्यन्येषु जात्यादिषु आमंत्रणेषु आयुरेव गरीयः, कुतः ? आयुषि सति सर्वाण्येव जात्यादीनि भवंति ।

૨. એજન, पृ. २४१ ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २४१ : धर्म्मे स्थिरीकरणात् स्थविराः.....स्थविरैः—ऐश्वर्यादिसम्पदुपैतैः ।

૪. बृहद्वृत्ति, पत्र ४२२ : स्थविरैः—गणधरैः ।

૫. अगस्त्यचूर्णि : थेरो पुण गणहरो ।

૪. (**संजमबहुले संवरबहुले समाहिबहुले**)

આમાં 'बहुल' શબ્દ ઉત્તર-પદમાં છે, જો કે તે પૂર્વ-પદમાં હોવો જોઈએ—'बहुलसंजमे', 'बहुलसंवरे', 'बहुलसमाहि'. વૃત્તિકારે આનું સમાધાન 'प्राकृतत्वात्' કહીને કરી દીધું છે.[1]

સંયમ, સંવર અને સમાધિનો અર્થ ચૂર્ણિ અને વૃત્તિઓમાં જુદો-જુદો છે—

| ચૂર્ણિ | બૃહદ્વૃત્તિ | સુખબોધા |
|---|---|---|
| ૧. સંયમ—પૃથ્વીકાય વગેરેનો સંયમ | આશ્રવ-વિરમણ | સંયમ |
| ૨. સંવર—પાંચ મહાવ્રત | આશ્રવદ્વાર-નિરોધ | ઈન્દ્રિય-સંવરણ |
| ૩. સમાધિ—જ્ઞાન વગેરે.[2] | ચિત્તની સ્થિરતા[3] | ચિત્તની સ્વસ્થતા[4] |

પ્રસ્તુત પ્રસંગમાં સંયમ અને સંવરનો સંબંધ ઈન્દ્રિયો સાથે છે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો તે સંયમ અને તેમનો નિરોધ કરવો તે સંવર છે. સમાધિનો અર્થ છે—ચિત્તની સ્વસ્થતા અથવા એકાગ્રતા.

૫. (સૂત્ર ૩)

આ અધ્યયનમાં બ્રહ્મચર્યનાં સાધનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સાધન-શુદ્ધિ વિના સાધ્યની સિદ્ધિ થતી નથી. જે બ્રહ્મચારી સાધનો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખે છે તેમનું બ્રહ્મચર્ય નાશ પામે છે. તેના નાશની સંભાવનાઓ આ પ્રમાણે છે—

(૧) શંકા (૨) કાંક્ષા (૩) વિચિકિત્સા (૪) ભેદ (૫) ઉન્માદ (૬) દીર્ઘકાલીન રોગ અને આતંક (૭) ધર્મ-ભ્રંશ

**(૧) શંકા—**બ્રહ્મચર્યનું પાલન કરવામાં કોઈ લાભ છે કે નહિ ? તીર્થંકરોએ અબ્રહ્મચર્યનો નિષેધ કર્યો છે કે નહિ ? અબ્રહ્મચર્યના સેવનમાં જે દોષ બતાવવામાં આવ્યા છે તે યથાર્થ છે કે નહિ ?—આ રીતે અનેક સંશયો પેદા થાય છે.

(૨) **કાંક્ષા—**શંકા પછી ઉત્પન્ન થનારી અબ્રહ્મચર્યની અભિલાષા.

(૩) **વિચિકિત્સા—**ચિત્ત-વિપ્લવ. જ્યારે અભિલાષા તીવ્ર બની જાય છે ત્યારે મન સમૂળગા ધર્મ પ્રત્યે વિદ્રોહ કરવા માંડે છે; ધર્માચરણ પ્રત્યે અનેક સંદેહ ઊભા થાય છે. આ જ અવસ્થાનું નામ વિચિકિત્સા છે.

(૪) ભેદ—જ્યારે વિચિકિત્સાનો ભાવ પુષ્ટ બની જાય છે ત્યારે ચારિત્રનો ભેદ—વિનાશ થાય છે.

**(૫, ૬) ઉન્માદ અને દીર્ઘકાલીન રોગ અને (આતંક)—**કોઈ મનુષ્ય બ્રહ્મચારી ત્યારે રહી શકે છે જ્યારે તે બ્રહ્મચર્યમાં અબ્રહ્મચર્યની અપેક્ષાએ અધિક આનંદ માને છે. જો કોઈ હઠપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરે પરંતુ ઈન્દ્રિયો અને મનને આત્મવશ રાખવાનાં આનંદની અનુભૂતિ ન કરી શકે તો તે ઉન્માદ કે રોગ અને આતંકથી ઘેરાઈ જાય છે.

(૭) **ધર્મ-ભ્રંશ—**ઉપરોક્ત પૂર્વાવસ્થાઓમાંથી જે બચી શકતો નથી તે ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે બ્રહ્મચારી બ્રહ્મચર્યના વિઘાતક પરિબળોથી બચે. પહેલાં તો તેના મનમાં બ્રહ્મચર્ય પ્રતિ સંદેહ જ ઉત્પન્ન ન થવો જોઈએ. સંદેહ થવાથી આગળની અવસ્થાઓમાંથી બચવું મુશ્કેલ થઈ જાય છે. આ અવસ્થાઓ કોઈ એક વ્યક્તિને એક-બે અને કોઈને વધારે પણ થઈ જાય છે.

સરખાવો—દશવૈકાલિક, ૮।૫૧, ૫૨.

---

१. सुखबोधा, पत्र २१९ ।
२. उत्तराध्ययन चूर्णि, पृ. २४१ ।
३. बृहद्वृत्ति, पत्र ४२२-४२३ ।
४. सुखबोधा, पत्र २१९ ।

**૬. માત્ર સ્ત્રીઓની વચ્ચે કથા ન કરે (नो इत्थीणं कहं)**

ચૂર્ણિકાર અનુસાર આનો અર્થ છે—સ્ત્રીસંબંધી કથા ન કરે. સ્ત્રી-કથાના ચાર પ્રકાર છે[1]—

૧. સ્ત્રીઓની જાતિ-વિષયક કથા, જેમ કે—આ ક્ષત્રિયાણી છે, બ્રાહ્મણી છે વગેરે.

૨. સ્ત્રીઓની કુળ-વિષયક કથા, જેમ કે—આ ઉગ્ર કુળની છે, દ્રવિડ કુળની છે, મરાઠા કુળની છે.

૩. સ્ત્રીઓની રૂપ-વિષયક કથા.

૪. સ્ત્રીઓની નૈપથ્ય—વેષભૂષા-વિષયક કથા, જેમ કે—અમુક દેશની સ્ત્રીઓની વેશભૂષા સુંદર છે, અસુંદર છે વગેરે.

વૃત્તિકારે આના બે અર્થ કર્યા છે—માત્ર સ્ત્રીઓમાં કથા ન કરે, તથા સ્ત્રીઓના જાતિ, કુળ, રૂપ, સંસ્થાન, નૈપથ્ય વગેરેની કથા ન કરે.[2] તેમણે રૂપનો અર્થ સંસ્થાન કર્યો છે.

**૭. (आलोएमाणस्स निज्झायमाणस्स)**

'आलोएमाण'નાં સંસ્કૃત રૂપો બે કરી શકાય—'आलोकमान' અને 'आलोचमान'. બંને ક્રિયાપદોનો અર્થ છે—જોતો. 'निज्झायमाण'નાં પણ સંસ્કૃત રૂપો બે થઈ શકે છે—'निर्ध्यायन्' અને 'निध्यायन्'. 'निर्ध्यायन्'નો અર્થ છે—ચિંતન કરતો અને 'निध्यायन्'નો અર્થ છે—જોતો. આલોકન અને નિર્ધ્યાનની પ્રક્રિયામાં અંતર છે. આલોકનનો અર્થ છે—ચારે તરફથી જોવું અથવા એક વાર દૃષ્ટિપાત કરવો. નિર્ધ્યાનનો અર્થ છે—જોયા પછી તેના વિષયમાં ચિંતન કરવું.

**૮. માટીની દીવાલ....પાકી દીવાલ (कुड्डु.....भित्त)**

શાન્ત્યાચાર્યે 'कुड्य'નો અર્થ ખડી માટીની બનેલી ભીંત,[3] નેમિચન્દ્રે પથ્થરોથી બનાવેલી ભીંત[4] અને ચૂર્ણિકારે પાકી ઈંટો વડે બનેલી ભીંત એવો કર્યો છે.[5]

શાન્ત્યાચાર્યે અને નેમિચન્દ્રે 'भित्ति'નો અર્થ 'પાકી ઈંટોથી બનેલી ભીંત'[6] અને ચૂર્ણિકારે 'केतुक' વગેરે કર્યો છે.[7]

શબ્દ-કોશોના રચનાકાળમાં આ બંને શબ્દો પર્યાયવાચી માનવામાં આવતા હતા.[8]

લાગે છે કે 'भित्ति' 'कुड्य'નો જ એક પ્રકાર છે. તેના પ્રકારોની ચર્ચા પ્રાચીન ગ્રંથોમાં મળે છે.

કુડ્યનો અર્થ છે—ભીંત. તે અનેક પ્રકારની બનતી હતી. જેમ કે—

(૧) લીંપેલી ભીંત.

(૨) લીંપ્યા વિનાની ભીંત.

(૩) ચેલિમ કુડ્ય—વસ્ત્રની ભીંત અથવા પડદો.

(૪) ફલમય કુડ્ય—લાકડાના પાટિયાં વડે બનેલી ભીંત.

(૫) ફલકપાસિત કુડ્ય—જેની માત્ર બાજુમાં જ પાટિયાં હોય અને અંદર ગારો વગેરે ભરેલ હોય.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृ. २४२।

૨. बृहद्वृत्ति, पत्र ४२४।

૩. बृहद्वृत्ति, पत्र ४२५ : कुड्यं—खटिकादिरचितम्।

૪. सुखबोधा, पत्र २२१ : कुड्यं लेष्टुकादिरचितम्।

૫. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २४२ : पक्केष्टकादि कुड्यम्।

૬. (क) बृहद्वृत्ति, पत्र ४२५ : भित्तिः—पक्केष्टकादिरचिता।
(ख) सुखबोधा, पत्र २२१।

૭. उत्तराध्ययन चूर्णि, पृ. २४२ : केतुगादि भित्ती।

૮. अभिधान चिंतामणि, ४।६१।

(૬) મટ્ઠ—ઘસીને ચીકણી કરેલી દીવાલ.

(૭) ચિત્ત—ચિત્રયુક્ત ભીંત.

(૮) કડિત—ચટ્ટાઈ વડે બનેલી દીવાલ.

(૯) તણકુડ—ઘાસની બનેલી દીવાલ વગેરે વગેરે.[1]

૯. પ્રણીત (**पणीयं**) :

જેમાંથી ઘી, તેલ વગેરેનાં ટીપાં ટપકતાં હોય અથવા જે ધાતુવૃદ્ધિકારક હોય, તેને 'પ્રણીત' આહાર કહેવામાં આવે છે.[2]

સરખાવો—દશવૈકાલિક, ૮।૫૬.

૧૦. (શ્લોક ૬)

પ્રસ્તુત શ્લોકમાં શૃંગારરસની કેટલીક વાતો કરવામાં આવી છે. તે કામશાસ્ત્રની ઉપજીવી છે. પ્રયુક્ત કેટલાક શબ્દોનો અર્થ આ પ્રમાણે છે—

o **રતિ**—દયિતાના સહવાસથી ઉત્પન્ન પ્રીતિ.

o **દર્પ**—મનસ્વિની નાયિકાના માનને ખંડિત કરવા માટે ઉત્પન્ન ગર્વ.

o **સહસા અવત્રાસિત**—પરાઙ્મુખ દયિતાને પ્રસન્ન કરવા માટે આકસ્મિક ત્રાસ ઉત્પન્ન કરવો, જેમ કે—પાછળથી આવી આંખ દબાવી દેવી, મર્મસ્થાનોનું ઘર્ષણ કરવું વગેરે.

૧૧. ભિક્ષા દ્વારા પ્રાપ્ત (**धम्मलद्धं**)

વૃત્તિકારે આનાં સંસ્કૃત રૂપો બે આપ્યાં છે—'ધર્મ્યલબ્ધ' અને 'ધર્મલબ્ધ'. 'ધર્મ્યલબ્ધ'નો અર્થ છે—એષણાથી પ્રાપ્ત અને 'ધર્મલબ્ધ'નો અર્થ છે—અધ્યાત્મના ઉપદેશ વડે પ્રાપ્ત, કોઈ ટૂચકા, કામણ-ટૂમણ વગેરેથી નહિ.[3]

૧૨. તાલપુટ (**तालउडं**)

આ તીવ્રતમ વિષ છે. આ વિષ હોઠની અંદર જતાં જ, તાળી વગાડવા જેટલાં અલ્પ સમયમાં વ્યક્તિને મારી નાખે છે. આ સદ્યોઘાતી વિષ છે.[4]

જુઓ—દશવૈકાલિક, ૮।૫૬.

૧૩. (**धिइमं**)

ધૃતિનો સામાન્ય અર્થ છે—ધૈર્ય. વૃત્તિકારે આનો અર્થ ચિત્તનું સ્વાસ્થ્ય કર્યો છે.[5] જેનું ચિત્ત સ્વસ્થ હોય છે તે જ ધૃતિમાન હોય છે.

---

१. अंगविज्जा, भूमिका पृ. ५८-५९।

२. (क) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २४२-२४३ : प्रणीतं—गलत्स्नेहं तैलघृतादिभिः।

(ख) बृहद्वृत्ति, पत्र ४२६ : 'प्रणीतं' गलद्बिन्दु, उपलक्षणत्वादन्यमप्यत्यन्तधातूद्रेककारिणम्।

३. बृहद्वृत्ति, पत्र ४२८।

४. बृहद्वृत्ति, पत्र ४२९ : तालपुटं सद्योघाति यत्रौष्ठपुटान्तर्वतिनि तालमात्रकालविलम्बतो मृत्युरुपजायते।

५. बृहद्वृत्ति, पत्र ४३० : धृतिमान्—धृतिः—चित्तस्वास्थ्यं तद्वान्।

**૧૪. ધ્રુવ, નિત્ય, શાશ્વત (धुवे निअए सासए)**

આ શ્લોકમાં પ્રયુક્ત ત્રણ શબ્દોનો અર્થ-બોધ આ પ્રમાણે છે—

**૧. ધ્રુવ**—પ્રમાણો વડે પ્રતિષ્ઠિત અને પરપ્રવાદીઓ વડે અખંડિત.

**૨. નિત્ય**—જે અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિર ભાવવાળું છે, જે ત્રિકાલવર્તી હોય છે, તે નિત્ય છે. આ દ્રવ્યાર્થિક દૃષ્ટિકોણ છે.

**૩. શાશ્વત**—જે નિરંતર ટકી રહે છે તે શશ્વદ્ છે. અથવા જે શશ્વદ્ બીજા-બીજા રૂપમાં ઉત્પન્ન થતું રહે છે. આ પર્યાયાર્થિક દૃષ્ટિકોણ છે.[1]

વૃત્તિકારનું કથન છે કે આ ત્રણે શબ્દોને એકાર્થક પણ માની શકાય છે. એવું એટલા માટે કે વિવિધ દેશોના શિષ્યો પર અનુગ્રહ કરવા માટે એકાર્થવાચક જુદા-જુદા શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલ છે.[2]

---

૧. बृहद्वृत्ति, पत्र ४३० ।

૨. એજન, पत्र ४३० : एकार्थिकानि वा नानादेशजविनेयानुग्रहार्थमुक्तानि ।

# सत्तरसमं अज्झयणं

## पावसमणिज्जं

# સત્તરમું અધ્યયન

## પાપ-શ્રમણીય

# આમુખ

આ અધ્યયનમાં પાપ-શ્રમણના સ્વરૂપનું નિરૂપણ છે, એટલા માટે તેને 'पावसमणिज्जं'—'पाप-श्रमणीय' કહેવામાં આવ્યું છે.

શ્રમણ બે પ્રકારના હોય છે—શ્રેષ્ઠ-શ્રમણ અને પાપ-શ્રમણ. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય—આ પાંચ આચારોનું પાલન કરે છે તે શ્રેષ્ઠ-શ્રમણ છે. તેનાં લક્ષણ પંદરમા અધ્યયનમાં બતાવવામાં આવ્યા છે. જે જ્ઞાન વગેરે આચારોનું સમ્યક્ પાલન નથી કરતો, આ અધ્યયનમાં વર્ણવેલાં અકરણીય કાર્યોનું આચરણ કરે છે, તે પાપ-શ્રમણ હોય છે.[1]

જે પ્રવ્રજ્યા ગ્રહણ કરી સુખશીલ બની જાય છે—'सीहत्ताए णिक्खंतो सियालत्ताए विहरति'—સિંહની માફક નિષ્ક્રાંત થવા છતાં પણ શિયાળની માફક પ્રવ્રજ્યાનું પાલન કરે છે, તે પાપ-શ્રમણ હોય છે. (શ્લોક ૧)

જે ખાઈ-પીને સૂઈ જાય છે, તે પાપ-શ્રમણ હોય છે. જૈન પરંપરામાં એવી ઔત્સર્ગિક મર્યાદા રહેલી છે કે મુનિ દિવસે ન સૂવે. તેના કેટલાક અપવાદો પણ છે. જે મુનિ વિહારથી થાકી ગયો હોય, વૃદ્ધ થઈ ગયો હોય, રોગી હોય તે મુનિ આચાર્યની આજ્ઞા લઈને દિવસે પણ સૂઈ શકે છે, અન્યથા નહિ.[2]

આયુર્વેદના ગ્રંથોમાં સૂવાનું વિધાન આ પ્રમાણે છે—નિદ્રા લેવા માટે ઉપયુક્ત કાળ રાત છે. જો રાતમાં પૂરી ઊંઘ ન આવે તો પ્રાતઃકાળે ભોજન પહેલાં સૂવું. રાતમાં જાગવાથી રુક્ષતા[3] અને દિવસમાં પથારીમાં સૂઈને ઊંઘવાથી સ્નિગ્ધતા પેદા થાય છે. પરંતુ દિવસમાં બેઠાં-બેઠાં ઊંઘ લેવાથી ન રુક્ષતા પેદા થાય છે કે ન સ્નિગ્ધતા. તે સ્વાસ્થ્ય માટે લાભપ્રદ છે.

જે મુનિ આચાર્ય અને ઉપાધ્યાયનો પ્રત્યનીક હોય છે, પાપોથી ડરતો નથી, કલહની ઉદીરણા કરે છે, ચંચળ હોય છે, રસગૃદ્ધ હોય છે, તપઃકર્મ નથી કરતો, ગણ અને ગણીને છોડી દે છે, તે પાપ-શ્રમણ છે.

આ અધ્યયનમાં—

શ્લોક ૧-૪માં જ્ઞાન-આચારની નિરપેક્ષતાનું વર્ણન છે.

શ્લોક ૫માં દર્શન-આચારની નિરપેક્ષતાનું વર્ણન છે.

શ્લોક ૬-૧૪માં ચરિત્ર-આચારની નિરપેક્ષતાનું વર્ણન છે.

શ્લોક ૧૫-૧૬માં તપઃ-આચારની નિરપેક્ષતાનું વર્ણન છે.

શ્લોક ૧૭-૧૯માં વીર્ય-આચારની નિરપેક્ષતાનું વર્ણન છે.

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३९० : जे भावा अकरणिज्जा, इहमज्झयणंमि वन्निअ जिणेहिं।
ते भावे सेवंतो, नायव्वो पावसमणोत्ति ॥

२. ओघनिर्युक्ति, गाथा ४१९ : अद्धाण परिस्संतो, गिलाण वुड्ढो अणुन्नवेत्ताणं।
संथारुत्तरपट्टो, अत्थरण निवज्जणा लोगं ॥

३. अष्टांगहृदय सूत्रस्थान ७।५५, ६५ : यथाकाल मतो निद्रां, रात्रौ सेवेत सात्मतः।
असात्म्याद् जागरादर्धं, प्रातः स्वप्यादभुक्तवान् ॥
रात्रौ जागरणं रुक्षं, स्निग्धं प्रस्वपनं दिवा।
अरूक्षमनभिस्यन्दि, त्वासीनप्रचलायितम् ॥

# सत्तरसमं अज्झयणं : સત્તરમું અધ્યયન
# पावसमणिज्जं : પાપ-શ્રમણીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. जे के इमे पव्वइए नियंठे<br>धम्मं सुणित्ता विणओववन्ने ।<br>सुदुल्लहं लहिउं बोहिलाभं<br>विहरेज्ज पच्छा य जहासुहं तु ॥ | यः कश्चिदयं प्रव्रजितो निर्ग्रन्थः<br>धर्मं श्रुत्वा विनयोपपन्नः ।<br>सुदुर्लभं लब्ध्वा बोधिलाभं<br>विहरेत् पश्चाच्च यथासुखं तु ॥ | ૧. કોઈ-કોઈ નિર્ગ્રંથ ધર્મ સાંભળી, દુર્લભતમ બોધિલાભ[1] પ્રાપ્ત કરી વિનય[2]થી યુક્ત બની પ્રવ્રજિત થાય છે પરંતુ પ્રવ્રજિત થયા પછી સ્વચ્છંદ-વિહારી[3] બની જાય છે. |
| २. सेज्जा दढा पाउरणं मे अत्थि<br>उप्पज्जई भोत्तुं तहेव पाउं ।<br>जाणामि जं वट्टइ आउसु ! त्ति<br>किं नाम काहामि सुएण भंते !॥ | शय्या दृढा प्रावरणं मेऽस्ति,<br>उत्पद्यते भोक्तुं तथैव पातुम् ।<br>जानामि यद्वर्तत आयुष्मन् ! इति<br>किं नाम करिष्यामि श्रुतेन भदन्त ? | ૨. (ગુરુ અધ્યયન માટે પ્રેરે ત્યારે તે કહે છે—) મને રહેવા માટે સારો ઉપાશ્રય મળી રહ્યો છે, કપડાં પણ મારી પાસે છે, ખાવા-પીવા માટે પણ મળી રહે છે. આયુષ્મન્ ! જે થઈ રહ્યું છે, તે હું જાણી લઉં છું. ભંતે ! પછી હું શ્રુતનું અધ્યયન કરી શું કરીશ ?[4] |
| ३. जे के इमे पव्वइए<br>निद्दासीले पगामसो ।<br>भोच्चा पेच्चा सुहं सुवइ<br>पावसमणि त्ति वुच्चई ॥ | यः कश्चिदयं प्रव्रजितो<br>निद्राशीलः प्रकामशः ।<br>भुक्त्वा पीत्वा सुखं स्वपिति<br>पापश्रमण इत्युच्यते ॥ | ૩. જે પ્રવ્રજિત બની વારંવાર નિદ્રા લે છે, ખાઈ-પી આરામથી ઊંઘી જાય છે, તે પાપ-શ્રમણ કહેવાય છે. |
| ४. आयरियउवज्झाएहिं<br>सुयं विणयं च गाहिए ।<br>ते चेव खिंसई बाले<br>पावसमणि त्ति वुच्चई ॥ | आचार्योपाध्यायैः<br>श्रुतं विनयं च ग्राहितः ।<br>तांश्चैव खिंसति बालः<br>पापश्रमण इत्युच्यते ॥ | ૪. જે આચાર્ય અને ઉપાધ્યાયે શ્રુત અને વિનય શીખવ્યા તેમની જ નિંદા કરે છે,[5] તે વિવેકહીન ભિક્ષુ પાપ-શ્રમણ કહેવાય છે. |
| ५. आयरियउवज्झायाणं<br>सम्मं नो पडितप्पइ ।<br>अप्पडिपूयए थद्धे<br>पावसमणि त्ति वुच्चई ॥ | आचार्योपाध्यायानां<br>सम्यग् न प्रतितप्यते ।<br>अप्रतिपूजकः स्तब्धः<br>पापश्रमण इत्युच्यते ॥ | ૫. જે આચાર્ય અને ઉપાધ્યાયના કાર્યોની સમ્યક્ પ્રકારે ચિંતા નથી કરતો—તેમની સેવા નથી કરતો, જે મોટાઓને સન્માન નથી આપતો, જે અભિમાની હોય છે, તે પાપ-શ્રમણ કહેવાય છે. |
| ६. सम्मद्दमाणे पाणाणि<br>बीयाणि हरियाणि य ।<br>असंजए संजयमन्नमाणे<br>पावसमणि त्ति वुच्चई ॥ | संमर्दयन् प्राणान्<br>बीजानि हरितानि च ।<br>असंयतः संयतं मन्यमानः<br>पापश्रमण इत्युच्यते ॥ | ૬. દ્વીન્દ્રિય વગેરે પ્રાણીઓ તથા બીજ અને વનસ્પતિનું મર્દન કરનારો, અસંયમી હોવા છતાં પણ પોતાની જાતને સંયમી માનનારો પાપ-શ્રમણ કહેવાય છે. |

७. संथारं फलगं पीढं
निसेज्जं पायकंबलं ।
अप्पमज्जियमारुहइ
पावसमणि त्ति वुच्चई ॥

संस्तारं फलकं पीठं
निषद्यां पादकम्बलम् ।
अप्रमृज्यारोहति
पापश्रमण इत्युच्यते ॥

૭. જે પથારી, પાટ, પીઠ, આસન[6] અને પગલૂછણિયાનું પ્રમાર્જન કર્યા વિના[7] (તથા જોયા વિના) તેમના પર બેસી જાય છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.

८. दवदवस्स चरई
पमत्ते य अभिक्खणं ।
उल्लंघणे य चंडे य
पावसमणि त्ति वुच्चई ॥

'दवदवस्स' चरति
प्रमत्तश्चाभीक्ष्णम् ।
उल्लंघनश्च चण्डश्च
पापश्रमण इत्युच्यते ॥

૮. જે ધમધમાટ કરતો[8] ચાલે છે, જે વારંવાર પ્રમાદ કરે છે, જે પ્રાણીઓને ઓળંગી[9]—તેમની ઉપર થઈને ચાલ્યો જાય છે, જે ક્રોધી છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.

९. पडिलेहेइ पमत्ते
अवउज्झइ पायकंबलं ।
पडिलेहणाअणाउत्ते
पावसमणि त्ति वुच्चई ॥

प्रतिलेखयति प्रमत्तः
अपोज्झति पादकम्बलम् ।
प्रतिलेखनाऽनायुक्तः
पापश्रमण इत्युच्यते ॥

૯. જે અસાવધાનીથી પ્રતિલેખન કરે છે, જે પાદકંબલને જયાં-ત્યાં મૂકી દે છે, એ રીતે જે પ્રતિલેખનામાં અસાવધાન હોય છે તે પાપ-શ્રમણ કહેવાય છે.

१०.पडिलेहेइ पमत्ते
से किंचि हु निसामिया ।
गुरुपरिभावए निच्चं
पावसमणि त्ति वुच्चई ॥

प्रतिलेखयति प्रमत्तः
स किंचित् खलु निशम्य ।
गुरुपरिभावको नित्यं
पापश्रमण इत्युच्यते ॥

૧૦.જે કંઈ પણ વાતચીત થઈ રહી હોય તે સાંભળીને પ્રતિલેખનામાં અસાવધાન બની જાય છે, જે ગુરુનો તિરસ્કાર કરે છે[10]—શિખામણ આપે ત્યારે તેમની સામે બોલવા લાગે છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.[11]

११.बहुमाई पमुहरे
थद्धे लुद्धे अणिग्गहे ।
असंविभागी अचियत्ते
पावसमणि त्ति वुच्चई ॥

बहुमायी प्रमुखरः
स्तब्धो लुब्धोऽनिग्रहः ।
असंविभागी 'अचियत्ते'
पापश्रमण इत्युच्यते ॥

૧૧.જે બહુ કપટી, વાચાળ, અભિમાની, લાલચુ, ઈન્દ્રિયો અને મન ઉપર કાબુ ન રાખનાર, ભોજન-પાન વગેરેનો સંવિભાગ ન કરનાર[12] અને ગુરુ વગેરે પ્રત્યે પ્રેમ ન રાખનાર હોય છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.

१२.विवादं च उदीरेइ
अहम्मे अत्तपण्णहा ।
वुग्गहे कलहे रत्ते
पावसमणि त्ति वुच्चई ॥

विवादं चोदीरयति
अधर्मः आत्मप्रज्ञाहा ।
व्युद्ग्रहे कलहे रक्तः
पापश्रमण इत्युच्यते ॥

૧૨.જે શાંત થઈ ગયેલા વિવાદને ફરીથી ઊખેળે છે, જે સદાચારથી શૂન્ય હોય છે, જે (કુતર્ક વડે) પોતાની પ્રજ્ઞાનું હનન કરે છે,[13] જે કદાગ્રહ અને કલહમાં[14] રત હોય છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.

१३.अथिरासणे कुक्कुईए
जत्थ तत्थ निसीयई ।
आसणम्मि अणाउत्ते
पावसमणि त्ति वुच्चई ॥

अस्थिरासनः कौकुचिकः
यत्र तत्र निषीदति ।
आसनेऽनायुक्तः
पापश्रमण इत्युच्यते ॥

૧૩.જે સ્થિરાસન નથી હોતો—વગર પ્રયોજને આમ-તેમ ચક્કર લગાવ્યા કરે છે, જે હાથ, પગ વગેરે અવયવોને હલાવ્યા કરે છે, જે જયાં-ત્યાં બેસી જાય છે,[15]—એ રીતે આસન (કે બેસવા)ના વિષયમાં જે અસાવધાન હોય છે તે પાપ-શ્રમણ કહેવાય છે.

१४.ससरक्खपाए सुवई
सेज्जं न पडिलेहइ ।
संथारए अणाउत्ते
पावसमणि त्ति वुच्चई ॥

ससरक्षपादः स्वपिति
शय्यां न प्रतिलिखति ।
संस्तारकेऽनायुक्तः
पापश्रमण इत्युच्यते ॥

૧૪.જે સચિત્ત રજથી ભરેલા પગનું પ્રમાર્જન કર્યા વિના જ સૂઈ જાય છે, સૂવાના સ્થાનનું પ્રતિલેખન નથી કરતો—એ રીતે પથારી (સૂવાના) વિષયમાં જે અસાવધાન હોય છે[16] તે પાપ-શ્રમણ કહેવાય છે.

१५.दुद्धदहीविगईओ
आहारेइ अभिक्खणं ।
अरए य तवोकम्मे
पावसमणि त्ति वुच्चई ॥

दुग्धदधिविकृती:
आहरत्यभीक्ष्णम् ।
अरतश्च तप: कर्मणि
पापश्रमण इत्युच्यते ॥

૧૫. જે દૂધ, દહીં વગેરે વિકૃતિઓનો[17] વારંવાર આહાર કરે છે અને તપસ્યામાં રત રહેતો નથી, તે પાપ-શ્રમણ કહેવાય છે.

१६.अत्थंतम्मि य सूरम्मि
आहारेइ अभिक्खणं ।
चोइओ पडिचोएइ
पावसमणि त्ति वुच्चई ॥

अस्तान्ते च सूर्ये
आहरत्यभीक्ष्णम् ।
चोदित: प्रतिचोदयति
पापश्रमण इत्युच्यते ॥

૧૬. જે સૂર્યોદયથી લઈ સૂર્યાસ્ત સુધી વારંવાર[18] ખાતો રહે છે, 'આવું નહિ કરવું જોઈએ'—આવા પ્રકારની શીખામણ આપનારને કહે છે કે 'તમે ઉપદેશ દેવામાં કુશળ છો, કરવામાં નહિ' તે પાપ-શ્રમણ કહેવાય છે.

१७.आयरियपरिच्चाई
परपासंडसेवए ।
गाणंगणिए दुब्भूए
पावसमणि त्ति वुच्चई ॥

आचार्यपरित्यागी
परपाषण्डसेवक: ।
गाणङ्गणिको दुर्भूत:
पापश्रमण इत्युच्यते ॥

૧૭. જે આચાર્યને છોડી[19] બીજા ધર્મ-સંપ્રદાયોમાં[20] ચાલ્યો જાય છે, જે છ મહિનાની અવધિમાં એક ગણમાંથી બીજા ગણમાં સંક્રમણ કરે છે[21], જેનું આચરણ નીંદનીય છે તે પાપ-શ્રમણ કહેવાય છે.

१८.सयं गेहं परिचज्ज
परगेहंसि वावडे ।
निमित्तेण य ववहरई
पावसमणि त्ति वुच्चई ॥

स्वकं गेहं परित्यज्य
परगेहे व्याप्रियते ।
निमित्तेन च व्यवहरति
पापश्रमण इत्युच्यते ॥

૧૮. જે પોતાનું ઘર છોડી (પ્રવ્રજિત થઈને) બીજાઓનાં ઘરોમાં વ્યાપૃત બને છે[22]—તેમનું કાર્ય કરે છે, જે શુભાશુભ બતાવી ધનનું ઉપાર્જન કરે છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.

१९.सन्नाइपिंडं जेमेइ
नेच्छई सामुदाणियं ।
गिहिनिसेज्जं च वाहेइ
पावसमणि त्ति वुच्चई ॥

स्वज्ञातिपिण्डं जेमति
नेच्छति सामुदानिकम् ।
गृहिनिषद्यां च वाहयति
पापश्रमण इत्युच्यते ॥

૧૯. જે પોતાના જ્ઞાતિ-જનોનાં ઘરે ભોજન કરે છે, પરંતુ સામુદાયિક ભિક્ષાચર્યા[23] કરવા ઈચ્છતો નથી, જે ગૃહસ્થની શય્યા પર બેસે છે, તે પાપ-શ્રમણ કહેવાય છે.

२०.एयारिसे पंचकुसीलसंवुडे
रूवंधरे मुणिपवराण हेट्ठिमे ।
अयंसि लोए विसमेव गरहिए
न से इहं नेव परत्थ लोए ॥

एतादृश: पंचकुशीलाऽसंवृत:
रूपधरो मुनिप्रवराणामधस्तन: ।
अस्मिल्लोके विषमिव गर्हित:
न स इह नैव परत्र लोके ॥

૨૦. જે પૂર્વોક્ત આચરણ કરનારો, પાંચ પ્રકારના કુશીલ સાધુઓ[24]ની જેમ અસંવૃત્ત, મુનિ-વેશને ધારણ કરનારો અને મુનિ-પ્રવરોની અપેક્ષાએ તુચ્છ સંયમવાળો હોય છે, તે આલોકમાં વિષની માફક નિંદિત બને છે. તે ન આ લોકમાં કંઈ બની શકે છે ન પરલોકમાં.

२१.जे वज्जए एए सया उ दोसे
से सुव्वए होइ मुणीण मज्झे ।
अयंसि लोए अमयं व पूइए
आराहए दुहओ लोगमिणं ॥

यो वर्जयत्येतान् सदा तु दोषान्
स सुव्रतो भवति मुनीनां मध्ये ।
अस्मिल्लोकेऽमृतमिव पूजित:
आराधयति द्विधा लोकमिमम् ॥

૨૧. જે આ દોષોનો સદા ત્યાગ કરે છે તે મુનિઓમાં સુવ્રત હોય છે. તે આલોકમાં અમૃતની માફક પૂજાય છે[25] તથા આલોક અને પરલોક—બંને લોકની આરાધના કરે છે.[26]

—त्ति बेमि ॥

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

## ટિપ્પણ

# અધ્યયન ૧૭ : પાપ-શ્રમણીય

### ૧. બોધિ-લાભ (बोहिलाभं)

પ્રસ્તુત પ્રસંગમાં 'બોધિ'નો અર્થ છે—(૧) ચેતનાનું જાગરણ, વિશેષ પ્રકારની સમજણ અને (૨) ધર્મ અથવા તત્ત્વ. વૃત્તિમાં આનો અર્થ—કેવલી-પ્રણીત ધર્મ એવો કરવામાં આવ્યો છે.[1]

વિશેષ વિવરણ માટે જુઓ—સૂયગડો ૧।૧।૧નું ટિપ્પણ.

### ૨. વિનય..... (विणओ....)

વિનયનો સામાન્ય અર્થ નમ્રતા છે. પ્રસ્તુત સંદર્ભમાં આ શબ્દ જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય તથા ઉપચારવિનય (શિષ્ટાચાર)—એમ ચતુર્વિધ વિનયના અર્થમાં પ્રયુક્ત થયો છે.[2] વિનયનો એક અર્થ છે—આચાર. વિશેષ વિવરણ માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિના પ્રથમ અધ્યયનનું આમુખ તથા પ્રથમ શ્લોકનું ટિપ્પણ.

### ૩. સ્વચ્છંદ-વિહારી (जहासुहं)

આનો શાબ્દિક અર્થ છે—જે પ્રવૃત્તિઓમાં પોતાને સુખની અનુભૂતિ થાય તેવી પ્રવૃત્તિ કરવી અર્થાત સ્વચ્છંદ-વિહારી બનવું.પ્રવ્રજિત થતી વેળાએ વ્યક્તિ સિંહવૃત્તિથી પ્રવ્રજિત થાય છે. પછી વિકથા વગેરેમાં સંલગ્ન થઈને ખિન્નતાનો અનુભવ કરતો કરતો શિયાળવૃત્તિવાળો બની જાય છે, શિથિલ થઈ જાય છે—'सीहत्ताए णिक्खंतो सीयालत्ताए विहरति ।'[3]

### ૪. (किं नाम काहामि सुएण भंते !)

ગુરુ દ્વારા શ્રુતની આરાધનાની પ્રેરણા અપાતાં આળસુ શિષ્ય કહે છે—'ભંતે ! શ્રુતના અધ્યયનનું શું કામ છે ? બહુશ્રુત અને અલ્પશ્રુતમાં કોઈ ખાસ તફાવત હોતો નથી. આપ શ્રુતની આરાધના કરો છો, છતાં અતીન્દ્રિય વસ્તુ જાણવા માટે અસમર્થ છો, જે પ્રત્યક્ષ છે તેને જ જોઈ શકો છો. અમે પણ વર્તમાનગ્રાહી છીએ, જે પ્રત્યક્ષ છે તેને જાણીએ છીએ. પછી હૃદય, કંઠ અને તાળવાને સૂકવનારા અધ્યયનનું શું પ્રયોજન ?'[4]

### ૫. નિંદા કરે છે (खिंसई)

આ દેશી ધાતુ છે. તેના બે અર્થ કરવામાં આવ્યા છે—તિરસ્કાર કરવો, નિંદા કરવી.[5]

---

૧. बृहद्वृत्ति, पत्र ४३२ : बोधिलाभं—जिनप्रणीतधर्मप्राप्ति-रूपम् ।

૨. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २४४ : विनयोपपन्नो—ज्ञान-दर्शन-चारित्र-उपचार-विनय-सम्पन्न इत्यर्थः ।

૩. बृहद्वृत्ति, पत्र ४३२ ।

૪. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २४४ : न च बहुश्रुताल्प-श्रुतयोः कश्चिद् विशेषः, ततः किं मम गलतालु-विशोषणेण ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४३३ : ये भवन्तो भदन्ता अधीयन्ते तेऽपि नातीन्द्रियं वस्तु किञ्चनावधुध्यन्ते, किन्तु साम्प्रतमात्रेक्षिण एव, तच्चैतावदस्मास्वेवमप्यस्ति, तत् किं हृदयगलतालुशोषविधायिनाऽधीतेनेति ?

૫. (ક) उत्तराध्ययन चूर्णि, पृष्ठ २४५ ।
(ખ) बृहद्वृत्ति, पत्र ४३३ ।

### ૬. આસન (निसेज्जं)

વૃત્તિકારે નિષદ્યાનો અર્થ સ્વાધ્યાયભૂમિ વગેરે કર્યો છે.[1] પ્રાચીનકાળમાં સ્વાધ્યાય માટે એકાંતસ્થાનનો ઉપયોગ કરવામાં આવતો હતો, તે મુનિઓનું સમાધિસ્થળ રહેતું,[2] તેને નિષદ્યા તરીકે ઓળખવામાં આવતું. આજ-કાલ પ્રચલિત 'निसीहिआ' શબ્દ પણ તેનો જ દ્યોતક છે. પરંતુ અહીં નિષદ્યાનો અર્થ આસન જ પ્રાસંગિક છે. સંસ્તાર, ફલક, પીઠ, પાદકંબલ—આ પદોની સાથે નિષદ્યાનો પ્રયોગ આસનવાચી જ હોવો જોઈએ. જુઓ—અધ્યયન ૨માં નિષદ્યા પરિષહનું ટિપ્પણ.

### ૭. પ્રમાર્જન કર્યા વિના (તથા જોયા વિના) (अप्पमज्जियं)

'પ્રમાર્જન' અને 'પ્રતિલેખન' આ બંને સંબંધિત કાર્યો છે, એટલા માટે જ્યાં પ્રમાર્જનનું વિધાન હોય ત્યાં પ્રતિલેખનનું વિધાન જાતે જ સમજી લેવું જોઈએ.[3]

### ૮. (दवदवस्स चरई)

સરખાવો—દસવેઆલિયં, ૫।૧।૧૪.

### ૯. પ્રાણીઓને ઓળંગીને (उल्लंघणे)

વૃત્તિકારે આનો મુખ્ય અર્થ બાળક વગેરેને ઓળંગીને જવું એવો કર્યો છે.[4] વૈકલ્પિક રૂપે તેમણે વાછડો, ડિંભ વગેરેનું ઉલ્લંઘન કરવું તેવો અર્થ પણ કર્યો છે.[5] દશવૈકાલિકમાં મુનિ માટે ઘેટું, બાળક, કૂતરું અને વાછડું—આ ચારેને ઓળંગીને કે ખસેડીને પ્રવેશ કરવાનો નિષેધ છે.[6]

### ૧૦. જે ગુરુનો તિરસ્કાર કરે છે (गुरुपरिभावए)

જે ગુરુ સાથે વિવાદ કરે છે અથવા ગુરુ વડે કોઈ કાર્ય માટે પ્રેરિત કરવામાં આવે ત્યારે 'આપ જ આ કામ કરો, આપે જ અમને એવું શીખવાડ્યું હતું અને આજ આપ જ એમાં દોષો કાઢો છો—આથી તે આપનો જ દોષ છે, અમારો નહિ'—આ રીતે અસભ્ય વચનો વડે જે તેમને અપમાનિત કરે છે, તેને 'ગુરુપરિભાવક' કહેવામાં આવે છે.[7]

### ૧૧. (શ્લોક ૯, ૧૦)

જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ૨૬।૨૯, ૩૦.

---

૧. बृहद्वृत्ति, पत्र ४३४ : निषद्यां—स्वाध्यायभूम्यादिकां यत्र निषद्यते ।

૨. जैनेन्द्र कोश, भाग २, पृष्ठ ६२७ ।

૩. बृहद्वृत्ति, पत्र ४३४ : 'अप्रमृज्य' रजोहरणादिनाऽसंशोध्य उपलक्षणत्वादप्रत्युपेक्ष्य च ।

૪. बृहद्वृत्ति, पत्र ४३४ : उल्लंघनश्च बालादीनामुचित-प्रतिपत्त्यकरणतोऽधःकर्ता ।

૫. એજન, पत्र ४३४ : उल्लंघनश्च वत्सडिम्भादीनाम ।

૬. दसवेआलियं, ५ । २२ :
एलगं दारगं साणं, वच्छगं वावि कोट्ठए ।
उल्लंघिया न पविसे, विऊहित्ताण व संजए ॥

૭. बृहद्वृत्ति पत्र ४३४ : गुरुपरिभावकः.... किमुक्तं भवति ?— असम्यक्प्रत्युपेक्षमाणोऽन्यद्वा वितथमाचरन् गुरुभि-श्चोदितस्तानेव विवदतेऽभिभवति वाऽसभ्यवचनैः, यथा— स्वयमेव प्रत्युपेक्षध्वं, युष्माभिरेव वयमित्थं शिक्षितास्ततो युष्माकमेवैष दोष इत्यादि ।

**૧૨. ભક્ત-પાન વગેરેનો સંવિભાગ ન કરનાર (असंविभागी)**

જે ગુરુ, ગ્લાન, બાલ વગેરે સાધુઓને ઉચિત અશન-પાન વગેરે આપે છે, તે 'સંવિભાગી' છે અને જે કેવળ પોતાના આત્મપોષણનું જ ધ્યાન રાખે છે, તે 'અસંવિભાગી' છે.[1] જુઓ—दसवेआलियं, ९। २ । २२.

**૧૩. જે (કુતર્કથી) પોતાની પ્રજ્ઞાનું હનન કરે છે (अत्तपन्नहा)**

શાન્ત્યાચાર્યે આનાં ત્રણ સંસ્કૃત રૂપ આપ્યાં છે—(૧) आत्मप्रश्नहा (૨) आत्तप्रज्ञाहा (૩) आप्तप्रज्ञाहा. જે આત્મા સંબંધી પ્રશ્નોને વાચાળતાથી હણી નાખે છે, તે 'आत्मप्रश्नहा' છે. જે પોતાની કે બીજાની બુદ્ધિને કુતર્કો દ્વારા હણી નાખે છે, તે 'आत्तप्रज्ञाहा' અથવા 'आप्तप्रज्ञाहा' કહેવાય છે.[2]

**૧૪. જે કદાગ્રહ અને કલહમાં (वुग्गहे कलहे)**

ચૂર્ણિની ભાષામાં સામાન્ય લડાઈને 'विग्रह' અને વાચિક લડાઈને 'कलह' કહેવામાં આવે છે.[3]

બૃહદ્‌વૃત્તિ અનુસાર દંડ વગેરેના ઘાતથી જનિત વિરોધને 'व्युद्‌ग्रह' અને વચન વગેરેથી ઉત્પન્ન વિરોધને 'कलह' કહેવામાં આવે છે.[4]

**૧૫. જે જ્યાં-ત્યાં બેસી જાય છે (जत्थ तत्थ निसीयई)**

આ શ્લોકમાં આસનનો વિવેક દર્શાવવામાં આવ્યો છે. 'જ્યાં-ત્યાં બેસી જાય છે'—તેનો આશય એવો છે કે સજીવ કે સરજસ્ક સ્થાન પર બેસી જાય છે. ઉપયુક્ત સ્થાનનો વિવેક દશવૈકાલિકમાં છે.[5] ચૂર્ણિકારે આનો સંકેત પણ આપ્યો છે.[6]

**૧૬. પથારી (કે સૂવા)ના વિષયમાં જે અસાવધાન હોય છે (संथारए अणाउत्ते)**

આની વ્યાખ્યામાં શાન્ત્યાચાર્યે ઓઘ-નિર્યુક્તિની એક ગાથાનો ઉલ્લેખ કર્યો છે.[7] જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ૨૬।૧૧નું ટિપ્પણ.

**૧૭. વિકૃતિઓનું (विगईओ)**

વિકૃતિ અને રસ આ બંને સમાન અર્થવાચી છે. અહીં દૂધ વગેરેને 'વિકૃતિ' કહેલ છે અને આ જ આગમમાં અન્યત્ર દૂધ, દહીં, ઘી વગેરેને 'રસ' કહેલ છે.[8] વિકૃતિના નવ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે—

---

૧. बृहद्‌वृत्ति, पत्र ४३४ : संविभजति—गुरुग्लानबालादिभ्य उचितमशनादि यच्छतीत्येवंशील: संविभागी न तथा य आत्मपोषकत्वेनैव सोऽसंविभागी ।

२. बृहद्‌वृत्ति, पत्र ४३४, ४३५ ।

३. उत्तराध्ययन चूर्णि, पृ. २४६ : विग्रहः सामान्येन कलहो वाचिकः ।

४. बृहद्‌वृत्ति, पत्र ४३५ : 'वुग्गहे' त्ति व्युद्‌ग्रहे दण्डादिघात-जनिते विरोधे 'कलहे' तस्मिन्नेव वाचिके ।

५. दसवेआलियं, ८।५ :
सुद्धपुढवीए न निसिए, ससरक्खम्मि य आसणे ।
पमज्जित्तु निसीएज्जा, जाइत्ता जस्स ओग्गहं ॥

६. उत्तराध्ययन चूर्णि, पृ. २४६ : सुद्धपुढवीए ण निसीएज्जत्ति एतन्न स्मरति ।

७. बृहद्‌वृत्ति, पत्र ४३५ : 'संस्तारके' फलककम्बलादौ, सुप्त इति शेषः, 'अनायुक्तः' 'कुक्कुडिपायपसारण आयामेउं पुणोवि आउंटे' इत्याद्यागमार्थानुपयुक्तः ।

८. उत्तरज्झयणाणि, ३०। २६ :
खीरदहिसप्पिमाई, पणीयं पाणभोयणं ।
परिवज्जणं रसाणं तु, भणियं रसविवज्जणं ॥

(૧) દૂધ (૨) દહીં (૩) નવનીત (માખણ) (૪) ઘી (૫) તેલ (૬) ગોળ (૭) મધ (૮) મદ્ય (૯) માંસ.[1]

સ્થાનાંગમાં તેલ, ઘી, વસા (ચરબી) અને નવનીતને સ્નેહ-વિકૃતિ પણ કહેવામાં આવેલ છે.[2]

આ જ સૂત્રમાં મધ, મદ્ય, માંસ અને નવનીતને મહાવિકૃતિ પણ કહેવામાં આવેલ છે.[3]

દૂધ, દહીં વગેરે વિકાર વધારનારા છે, એટલા માટે તેમનું નામ વિકૃતિ છે.[4]

વિકૃતિ ખાવાથી મોહનો ઉદય થાય છે.[5] એટલા માટે તે વારંવાર ન ખાવી જોઈએ. જુઓ—દશવૈકાલિક, ચૂલિકા ૨। ૭.

મદ્ય અને માંસ આ બે વિકૃતિઓ તથા વસા—આ બધાં અભક્ષ્ય છે. મધ અને નવનીતને કેટલાક આચાર્યો અભક્ષ્ય માને છે અને કેટલાક આચાર્યો વિશેષ પરિસ્થિતિમાં તેમને ભક્ષ્ય પણ માને છે. અહીં તે જ વિકૃતિઓને વારંવાર ખાવાનો નિષેધ કરવામાં આવ્યો છે જે ભક્ષ્ય છે.

ચૂર્ણિકારે 'विगति' શબ્દના આધારે તેનું નિર્વચન આ રીતે કર્યું છે—'अशोभनं गतिं नयन्तीति विगतयः'—જે ખરાબ ગતિમાં લઈ જાય છે તે વિગતિ છે.[6]

### ૧૮. વારંવાર (अभिक्खणं)

અભીક્ષ્ણનો અર્થ 'पुनः पुनः'—ફરી-ફરી થાય છે. ચૂર્ણિ અને વૃત્તિમાં તેનો ભાવાર્થ 'પ્રતિદિન' એવો કરવામાં આવ્યો છે. ફરી-ફરી આહાર કરે છે અર્થાત્ પ્રતિદિન આહાર કરે છે.[7] આનો મૂળ અર્થ 'વારંવાર ખાય છે, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખાતો રહે છે'—એવો હોવો જોઈએ. આનો સંબંધ 'एगभत्तं च भोयणं' (દશવૈકાલિક, ૬।૨૨) સાથે હોવો જોઈએ.

### ૧૯. આચાર્યને છોડીને (आयरियपरिच्चाई)

આચાર્ય મને તપસ્યામાં પ્રેરિત કરે છે તથા મેં આણેલા આહારને બાલ, ગ્લાન વગેરે સાધુઓમાં વહેંચી દે છે—આવાં કે આનાં જેવાં બીજાં કારણોને લઈને જે આચાર્યને છોડી દે છે, તે.....[8]

### ૨૦. બીજા ધર્મ-સંપ્રદાયોમાં (परपासंड)

વૃત્તિકારે 'परपासंड'નો અર્થ 'સૌગત' વગેરે કર્યો છે.[9]

વિશેષ વિવરણ માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ૨૩।૧૯નું ટિપ્પણ.

---

૧. ठाणं, ९।२३।

૨. ठाणं, ५।१८४ : चत्तारि सिणेहविगतीओ पन्नत्ताओ, तं जहा— तेल्लं घयं वसा णवणीतं।

૩. ठाणं, ४।१८५ : चत्तारि महाविगतीओ पन्नत्ताओ, तं जहा— महुं, मंसं, मज्जं, णवणीतं।

૪. बृहद्वृत्ति, पत्र ४३५ : विकृतिहेतुत्वाद्विकृती।

૫. उत्तराध्ययन चूर्णि, पृ. २४६ : विगतीमाहारयतः मोहोद्भवो भवति।

૬. उत्तराध्ययन चूर्णि, पृ. २४६ : विकृतिं—अशोभनं गतिं नयन्तीति विगतयः, ताश्च क्षीरविगत्यादयः।

૭.(ક) उत्तराध्ययन चूर्णि, पृ. २४६ : नित्यमाहारयति, यदि नाम कश्चिद् चोदयति किमिति भवं आहारं नित्यमाहारयति न चतुर्थषष्ठादि कदाचिदपि करोति ?

(ખ) बृहद्वृत्ति, पत्र ४३५ : अभीक्ष्णं .... प्रातरारभ्य सन्ध्यां यावत् पुनः पुनः भुंक्ते, यदि वा.... अभीक्ष्णं पुनः पुनः, दिने दिने इत्युक्तं भवति।

૮. बृहद्वृत्ति, पत्र ४३५ : 'आचार्यपरित्यागी' ते हि तपःकर्मणि विषीदन्तमुद्यमन्ति, आनीतमपि चान्नादि बालग्लानादिभ्यो दापयन्त्यतोऽतीवाहारलौल्यात्तत्परित्यजनशीलः।

૯. એજન, पत्र ४३५ : परान्—अन्यान् पाषण्डान्—सौगतप्रभृतीन् 'मृद्वी शय्या प्रातरुत्थाय पेया' इत्यादिकादभिप्रायतोऽत्यन्तमाहारप्रसक्तान्।

### ૨૧. એક ગણમાંથી બીજા ગણમાં સંક્રમણ કરે છે (गाणंगणिए)

ભગવાન મહાવીરની એવી વ્યવસ્થા હતી કે જે નિર્ગ્રંથ જે ગણમાં દીક્ષિત બને, તે જીવનપર્યંત તે જ ગણમાં રહે. વિશેષ પ્રયોજનવશ (અધ્યયન વગેરે માટે) તે ગુરુની આજ્ઞાથી બીજા સાધર્મિક ગણોમાં જઈ શકે છે.[૧] પરંતુ બીજા ગણમાં સંક્રમણ કર્યા પછી છ મહિના સુધી તે ફરી પરિવર્તન કરી શકતો નથી.[૨] છ મહિના પછી જો તે પરિવર્તન કરવા ઈચ્છે તો કરી શકે છે. જે મુનિ વિશેષ કારણ વિના છ મહિનાની અંદર જ પરિવર્તન કરે છે તેને 'ગાણંગણિક' કહે છે.[૩]

### ૨૨. બીજાના ઘરમાં વ્યાપૃત થાય છે—તેમનું કાર્ય કરે છે (परगेहंसि वावडे)

ચૂર્ણિમાં પર-ગૃહ-વ્યાપારનો અર્થ 'નિમિત્ત આદિનો વ્યાપાર' કરવામાં આવ્યો છે.[૪]

બૃહદ્‌વૃત્તિકારે આનો અર્થ 'જે મુનિ આહારાર્થી થઈને ગૃહસ્થોને આપ્તભાવ બતાવી તેમના કાર્યોમાં વ્યાપૃત થાય છે' તેવો કર્યો છે.[૫]

### ૨૩. સામુદાયિક-ભિક્ષા (सामुदाणियं)

સામુદાયિક-ભિક્ષાની વ્યાખ્યાનો એક અંશ દશવૈકાલિક ૫।૧।૨૫માં તથા બીજો અંશ આ શ્લોકમાં મળે છે. તે અનુસાર ઊંચ-નીચ વગેરે બધા કુળોમાંથી ભિક્ષા લેવી તે સામુદાયિક ભિક્ષા છે. તે અનુસાર જ્ઞાત-અજ્ઞાત બધા કુળોમાંથી ભિક્ષા લેવી તે સામુદાયિક ભિક્ષા છે.

શાન્ત્યાચાર્યે 'સામુદાયિક'ના બે અર્થ કર્યા છે—

(૧) અનેક ઘરોમાંથી લવાયેલી ભિક્ષા.

(૨) અજ્ઞાત ઉંછ—અપરિચિત ઘરોમાંથી લવાયેલી ભિક્ષા.[૬]

### ૨૪. પાંચ પ્રકારના કુશીલ સાધુઓ (पंचकुसीले)

જૈન આગમોમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથ બતાવવામાં આવ્યા છે[૭]—પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક.

મૂળ તથા ઉત્તર ગુણોમાં દોષ લગાવનાર મુનિ કુશીલ-નિર્ગ્રંથ કહેવાય છે. તેના મુખ્યત્વે બે પ્રકાર છે—પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ. બંનેના પાંચ-પાંચ પ્રકાર છે—(૧) જ્ઞાન કુશીલ (૨) દર્શન કુશીલ (૩) ચારિત્ર કુશીલ (૪) લિંગ કુશીલ (૫) યથાસૂક્ષ્મ કુશીલ.[૮] સૂત્રકૃતાંગની ચૂર્ણિમાં નવ પ્રકારના કુશીલ બતાવવામાં આવ્યા છે—(૧) પાર્શ્વસ્થ (૨) અવસન્ન (૩) કુશીલ (૪) સંસક્ત (૪) યથાછંદ (૬) કાયિક (૭) પ્રાશ્નિક (૮) સંપ્રસારક (૯) મામક.[૯]

---

૧. ઠાણં, ७।१।

૨. दसाओ २।३।

૩. बृहद्वृत्ति, पत्र ४३५-४३६ : स्वेच्छाप्रवृत्ततया 'गाणंगणिए' त्ति गणाद् गणं षण्मासाभ्यन्तर एव संक्रामतीति गाणंगणिक इत्यागमिकी परिभाषा।

૪. उत्तराध्ययन चूर्णि, पृ. २४६-२४७ : परगृहेषु व्यापारं करोति, निमित्तादीनां च व्यापारं करोति।

૫. बृहद्वृत्ति, पत्र ४३६ : 'परगेहे' अन्यवेश्मनि 'वावरे' त्ति व्याप्रियते—पिण्डार्थी सन् गृहिणामाप्तभावं दर्शयन् स्वतस्तत्कृत्यानि कुरुते।

૬. એજન, पत्र ४३६ : समुदानानि—भिक्षास्तेषां समूहः सामुदानिकम्...बहुगृहसम्बन्धिनं भिक्षासमूहमज्ञातोञ्छमितियावत्।

૭. ठाणं : ५।१८४।

૮. ठाणं : ५।१८७ : कुसीले पंचविधे पण्णत्ते, तं जहा—णाणकुसीले, दंसणकुसीले, चरित्तकुसीले, लिंगकुसीले, अहासुहुमकुसीले णामं पंचमे।

૯. सूत्रकृतांग चूर्णि, पृ. १०७।

પ્રસ્તુત પ્રસંગમાં બંને પ્રકારના કુશીલ—પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ નિર્ગ્રંથોનું વર્ણન છે.[1]

**૨૫. અમૃતની જેમ પૂજિત (अमयं व पूइए)**

ચૂર્ણિમાં અમૃતનું વર્ણન આ પ્રકારે છે—અમૃત ઉત્કૃષ્ટ વર્ણ, ગંધ અને રસથી યુક્ત હોય છે. તે શરીરની કાંતિને વધારે છે, શક્તિનું સંવર્ધન કરે છે તથા અવયવોને પુષ્ટ કરે છે. તે સૌભાગ્યનો જનક, બધા રોગોનો નાશ કરનાર અને અનેક ગુણોથી સંપન્ન હોય છે. તે કલ્પવૃક્ષના ફળની માફક અમૃતમય હોય છે.[2]

**૨૬. (શ્લોક ૨૦-૨૧)**

આ બે શ્લોકોમાં બે માર્ગો ઉપદિષ્ટ છે—એક કુવ્રતનો, બીજો સુવ્રતનો.

પહેલો અધોગમનનો માર્ગ છે. તે વ્યક્તિનાં વર્તમાન અને ભવિષ્ય—બંનેને બગાડે છે. બીજો ઊર્ધ્વગમનનો માર્ગ છે. તે વ્યક્તિનાં વર્તમાન અને ભવિષ્ય—બંનેને સુધારે છે.

કોઈ જંગલમાં એક સંન્યાસી સાધના કરી રહ્યો હતો. એક દિવસ કોઈ રાજા ત્યાંથી પસાર થયો. તેના હાથમાં મરેલું સસલું હતું. જંગલમાંથી શિકાર કરી પાછા ફરતી વેળાએ તે માર્ગ ભૂલી ગયો. તેણે સામે એક તાપસનો આશ્રમ જોયો. માર્ગ પૂછવા માટે તે તાપસની કુટિમાં આવ્યો અને બોલ્યો—'મહાત્મન્ ! હું ભૂલો પડ્યો છું. મને રસ્તો બતાવો.' સંન્યાસીએ કહ્યું—'હે રાજન ! હું તો બે જ માર્ગને જાણું છું—અહિંસા સ્વર્ગનો માર્ગ છે અને હિંસા નરકનો માર્ગ છે. ત્રીજો માર્ગ હું જાણતો નથી.' રાજાએ સદા-કાળ માટે અહિંસાનો માર્ગ સ્વીકારી લીધો. આ સુવ્રતનો માર્ગ છે. સાધના કરનાર બધી વ્યક્તિઓએ પણ સુવ્રતનો માર્ગ પસંદ કરવાનો છે.

---

૧. જુઓ—ठाणं ५ । १८५નું ટિપ્પણ.

૨. उत्तराध्ययन चूर्णि, पृ. २४७ : अमृतं कियद् वर्णगन्धरसोपेतं वर्णबलपुष्टिसौभाग्यजननं सर्वरोगनाशनं अनेकगुणसंपन्नं कल्पवृक्षफलवदमृतमभिधीयते ।

# अट्ठारसमं अज्झयणं

## संजइज्जं

# અઢારમું અધ્યયન

## સંજયીય

# આમુખ

આ અધ્યયનમાં રાજા સંજયનું વર્ણન આપવામાં આવેલ છે, એટલા માટે તેનું નામ 'संजइज्जं'—'સંજયીય' છે.[1]

કાંપિલ્ય નગરમાં સંજય નામે એક રાજા રાજ્ય કરતો હતો. એક વાર તે શિકાર કરવા માટે નીકળ્યો. તેની સાથે ચાર પ્રકારની સેનાઓ હતી. તે કેશર-ઉદ્યાનમાં ગયો. ત્યાં તેણે સંત્રસ્ત મૃગોને માર્યા. આમ-તેમ જોતાં તેની દૃષ્ટિ ગર્દભાલી મુનિ પર જઈ અટકી. તેઓ ધ્યાનસ્થ હતા. તેમને જોઈ તે ભ્રમમાં પડી ગયો. તેણે વિચાર્યું—'મેં અહીં મૃગોને મારી મુનિની આશાતના કરી છે.' તે ઘોડા પરથી નીચે ઉતર્યો. મુનિ પાસે જઈ વંદન કરી બોલ્યો—'ભગવન્ ! મને ક્ષમા કરો.' મુનિ ધ્યાનમાં લીન હતા. તેઓ કંઈ ન બોલ્યા. રાજાનો ભય વધ્યો. તેણે વિચાર્યું—જો મુનિ કોપાયમાન થઈ ગયા તો તેઓ પોતાના તેજ વડે સમગ્ર વિશ્વનો નાશ કરી નાખશે. તેણે ફરી કહ્યું—'ભંતે ! હું રાજા સંજય છું. મૌન છોડી મને કંઈક કહો.' (શ્લોક ૧-૧૦)

મુનિએ ધ્યાન પાર્યું અને અભયદાન દેતાં બોલ્યાં—'રાજન ! તને અભય છે. તું પણ અભયદાતા બન. આ અનિત્ય જીવલોકમાં તું શા માટે હિંસામાં આસક્ત બની રહ્યો છે ?' (શ્લોક ૧૧) મુનિએ જીવનની અસ્થિરતા, જ્ઞાતિ-સંબંધોની અસારતા, કર્મપરિણામોની નિશ્ચિતતાનો ઉપદેશ આપ્યો. રાજાએ સાંભળ્યો. વૈરાગ્ય ઊભરાઈ આવ્યો. તે રાજ્યનો ત્યાગ કરી મુનિ ગર્દભાલી પાસે શ્રમણ બની ગયો.

એક દિવસ એક ક્ષત્રિય મુનિ સંજય મુનિ પાસે આવ્યો અને પૂછ્યું—'તમારું નામ શું છે ? તમારું ગોત્ર કયું છે ? શા માટે તમે માહણ—મુનિ બન્યા છો ? તમે કેવી રીતે આચાર્યોની સેવા કરો છો અને કેવી રીતે વિનીત કહેવરાઓ છો ?' (શ્લોક ૨૧)

મુનિ સંજયે ઉત્તર આપ્યો—'નામે હું સંજય છું. ગોત્ર મારું ગૌતમ છે. ગર્દભાલી મારા આચાર્ય છે. મુક્તિ માટે હું માહણ બન્યો છું. આચાર્યના ઉપદેશ અનુસાર હું સેવા કરું છું એટલા માટે હું વિનીત છું.' (શ્લોક ૨૨)

ક્ષત્રિય મુનિએ તેમના જવાબથી આકર્ષાઈ વગર પૂછ્યે જ કેટલાંક તથ્યો પ્રગટ કર્યાં અને મુનિ સંજયને જૈન પ્રવચનમાં વિશેષ દૃઢ કરવા માટે મહાપુરુષોનાં ઉદાહરણો આપ્યાં તથા સંયમપૂર્વક જીવન વીતાવવાનો ઉપદેશ આપ્યો. સંયમી કેવો હોય છે ? તેણે શું કરવાનું હોય છે ? તપનું પાલન કેમ કરવું જોઈએ ? સુદુશ્ચર ધર્મનું આચરણ કેવી રીતે કરી શકાય ? વગેરે પ્રશ્નોનું સમાધાન આપ્યું.

જ્યારે સંજય રાજર્ષિએ પોતાનો આયુષ્યકાળ જાણવાની જિજ્ઞાસા બતાવી ત્યારે ક્ષત્રિય મુનિએ કહ્યું—'રાજર્ષિ ! જૈન-પ્રવચનમાં ત્રિકાલજ્ઞ તીર્થંકરની આરાધના કરનાર મુનિ સાધના વડે પોતે જ ત્રિકાલજ્ઞ બની જાય છે. હું તમારા આયુષ્યકાળને જાણું છું અને તમે વિશુદ્ધ પ્રજ્ઞાથી પ્રશ્ન પૂછ્યો છે એટલા માટે તે તમને બતાવી દઉં છું.'

અધ્યયન બહુ સૂત્રાત્મક શૈલીમાં લખવામાં આવ્યું છે, એટલા માટે તેમાં ઉક્ત ઘટનાનો સંકેત મળે છે. તેનું પૂરું વિવરણ મળતું નથી. વૃત્તિકારે સંકેતની ભાષાને સ્પષ્ટ કરવાનો થોડો પ્રયત્ન કર્યો છે. (શ્લોક ૩૦, ૩૧, ૩૨)

ક્ષત્રિય મુનિએ રાજર્ષિ સંજય સાથે દાર્શનિક ચર્ચા પણ કરી. ભગવાન મહાવીરના સમયમાં દર્શનની ચાર મુખ્ય ધારાઓ હતી—ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ.

તેમણે આ ચારેની જાણકારી આપી અને નિષ્કર્ષની ભાષામાં ક્રિયાવાદ પ્રત્યેની રુચિનાં સંવર્ધનની પ્રેરણા આપી. પ્રસંગવશ પોતાના અનુભવોનો ઉલ્લેખ કરી પુનર્જન્મ અને આત્માની સ્થાપના કરી. (શ્લોક ૩૩)

આ અધ્યયનથી એક નવદીક્ષિત મુનિના સ્થિરીકરણની પ્રક્રિયા સહજપણે જ ફલિત થાય છે.

આ અધ્યયનમાં ભરત, સગર, મઘવ, સનતકુમાર, શાંતિ, અર, કુંથુ, મહાપદ્મ, હરિષેણ, જય વગેરે દસ ચક્રવર્તીઓ અને દશાર્ણભદ્ર, કરકંડુ, દ્વિમુખ, નમિ, નગ્ગતિ, ઉદ્રાયણ, કાશીરાજ, વિજય, મહાબલ વગેરે નવ નરેશ્વરોનું વર્ણન છે.

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३९४ : संजयनामं गोयं, वेयंतो भावसंजओ होइ ।
तत्तो समुट्ठियमिणं, अज्झयणं संजइज्जं ति ॥

આમાં દશાર્ણ, કલિંગ, પાંચાલ, વિદેહ, ગાંધાર, સૌવીર, કાશી વગેરે દેશોનો નામોલ્લેખ પણ થયો છે. આ અધ્યયન પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક જૈન શાસનની પરંપરાનાં સંકલન-સૂત્ર જેવું છે.

# अट्ठारसमं अज्झयणं : અઢારમું અધ્યયન
# संजयीय : સંજયીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. कंपिल्ले नयरे राया<br>उदिण्णबलवाहणे ।<br>नामेणं संजए नाम<br>मिगव्वं उवणिग्गए ॥ | काम्पिल्ये नगरे राजा<br>उदीर्णबलवाहनः ।<br>नाम्ना संजयो नाम<br>मृगव्यामुपनिर्गतः ॥ | ૧. કાંપિલ્ય[1] નગરમાં સૈન્ય અને વાહનોથી સંપન્ન એવો સંજય નામે રાજા હતો. એક દિવસ તે શિકાર કરવા માટે નીકળ્યો. |
| २. हयाणीए गयाणीए<br>रहाणीए तहेव य ।<br>पायत्ताणीए महया<br>सव्वओ परिवारिए ॥ | हयानीकेन गजानीकेन<br>रथानीकेन तथैव च ।<br>पादातानीकेन महता<br>सर्वतः परिवारितः ॥ | ૨. તે મહાન અશ્વસેના, હસ્તિસેના, રથસેના અને પાયદળ-સેના વડે ચારે બાજુથી વીંટળાયેલો હતો. |
| ३. मिए छुभित्ता हयगओ<br>कंपिल्लुज्जाणकेसरे ।<br>भीए संते मिए तत्थ<br>वहेइ रसमुच्छिए ॥ | मृगान् क्षिप्त्वा हयगतः<br>काम्पिल्योद्यानकेसरे ।<br>भीतान् श्रान्तान् मृगान् तत्र<br>विध्यति रसमूर्च्छितः ॥ | ૩. તે ઘોડા પર સવાર થયો હતો. સૈનિકો હરણોને કાંપિલ્ય નગરના કેશર નામે ઉદ્યાન તરફ ધકેલી રહ્યા હતા. તે રસ-મૂર્ચ્છિત થઈ પેલાં ડરેલાં અને ખિન્ન બનેલાં હરણોને ત્યાં વ્યથિત કરી રહ્યો હતો—મારી રહ્યો હતો. |
| ४. अह केसरम्मि उज्जाणे<br>अणगारे तवोधणे ।<br>सज्झायज्झाणजुत्ते<br>धम्मज्झाणं झियायई ॥ | अथ केसरे उद्याने<br>अनगारस्तपोधनः ।<br>स्वाध्यायध्यानयुक्तः<br>धर्म्यध्यानं ध्यायति ॥ | ૪. તે કેશર નામે ઉદ્યાનમાં સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન રહેનારા એક તપોધન અણગાર ગર્દભાલી[2] ધર્મ-ધ્યાનમાં એકાગ્ર બની રહેલા હતા. |
| ५. अप्फोवमंडवम्मि<br>झायई झवियासवे ।<br>तस्सागए मिए पासं<br>वहेई से नराहिवे ॥ | 'अप्फोव' मण्डपे<br>ध्यायति क्षपितास्रवः ।<br>तस्यागतान् मृगान् पार्श्वं<br>विध्यति स नराधिपः ॥ | ૫. કર્મ-બંધનના હેતુઓને નિર્મૂળ કરનારા અણગાર લતા-મંડપ[3]માં ધ્યાન કરી રહ્યા હતા. રાજાએ તેમની પાસે આવેલાં હરણો પર બાણોના પ્રહાર કર્યા. |
| ६. अह आसगओ राया<br>खिप्पमागम्म सो तहिं ।<br>हए मिए उ पासित्ता<br>अणगारं तत्थ पासई ॥ | अथाश्वगतो राजा<br>क्षिप्रमागम्य स तस्मिन् ।<br>हतान् मृगान् तु दृष्ट्वा<br>अनगारं तत्र पश्यति ॥ | ૬. રાજા ઘોડા પર સવાર હતો. તે તરત ત્યાં આવ્યો. તેણે પહેલાં મરેલાં હરણોને જ જોયાં, પછી તેણે તે સ્થાનમાં રહેલા અણગારને જોયા. |

७. अह राया तत्थ संभंतो
अणगारो मणाहओ ।
मए उ मंदपुण्णेणं
रसगिद्धेण घंतुणा ॥

अथ राजा तत्र सम्भ्रान्तः
अनगारो मनागाहतः ।
मया तु मन्दपुण्येन
रसगृद्धेन घातुकेन ॥

૭. રાજા અણગારને જોઈ ભયભ્રાંત બની ગયો. તેણે વિચાર્યું—હું ભાગ્યહીન, રસલોલુપ અને જીવોને મારનારો છું. મેં તુચ્છ પ્રયોજન માટે મુનિને આઘાત પહોંચાડ્યો છે.

८. आसं विसज्जइत्ताणं
अणगारस्स सो निवो ।
विणएण वंदए पाए
भगवं ! एत्थ मे खमे ॥

अश्वं विसृज्य
अनगारस्य स नृपः ।
विनयेन वन्दते पादौ
भगवन् ! अत्र मे क्षमस्व ॥

૮. તે રાજા ઘોડાને છોડીને વિનયપૂર્વક અણગારના ચરણોમાં વંદના કરતો કહે છે—'ભગવન્ ! આ કાર્ય માટે મને ક્ષમા કરો.'

९. अह मोणेण सो भगवं
अणगारे झाणमस्सिए ।
रायाणं न पडिमंतेइ
तओ राया भयद्दुओ ॥

अथ मौनेन स भगवान्
अनगारो ध्यानमाश्रितः ।
राजानं न प्रतिमन्त्रयते
ततो राजा भयद्रुतः ॥

૯. તે અણગાર ભગવંત મૌનપૂર્વક ધ્યાનમાં લીન હતા. તેમણે રાજાને પ્રત્યુત્તર ન આપ્યો. આથી રાજા વધુ ભયાકુળ બની ગયો.

१०. संजओ अहमस्सीति
भगवं ! वाहराहि मे ।
कुद्धे तेएण अणगारे
डहेज्ज नरकोडिओ ॥

संजयोऽहमस्मीति
भगवन् ! व्याहर माम् ।
क्रुद्धस्तेजसाऽनगारः
दहेत् नरकोटीः ॥

૧૦. રાજા બોલ્યો—'હે ભગવન્ ! હું સંજય છું. આપ મારી સાથે વાતચીત કરો. અણગાર કોપાયમાન થઈને પોતાના તેજ વડે[૪] કરોડો મનુષ્યોને સળગાવી દે છે.'

११. अभओ पत्थिवा ! तुब्भं
अभयदाया भवाहि य ।
अणिच्चे जीवलोगम्मि
किं हिंसाए पसज्जसि ? ॥

अभयं पार्थिव ! तव
अभयदाता भव च ।
अनित्ये जीवलोके
किं हिंसायां प्रसजसि ?

૧૧. અણગાર બોલ્યા—'હે પાર્થિવ ! તને અભય છે અને તું પણ અભયદાતા બન. આ અનિત્ય જીવલોકમાં તું શા માટે હિંસામાં આસક્ત બની રહ્યો છે ?'[૫]

१२. जया सव्वं परिच्चज्ज
गंतव्वमवसस्स ते ।
अणिच्चे जीवलोगम्मि
किं रज्जम्मि पसज्जसि ? ॥

यदा सर्वं परित्यज्य
गन्तव्यमवशस्य ते ।
अनित्ये जीवलोके
किं राज्ये प्रसजसि ?

૧૨. 'જ્યારે તું પરાધીન છે અને એટલા માટે બધું છોડીને તારે ચાલ્યા જવાનું છે ત્યારે આ અનિત્ય જીવલોકમાં તું શા માટે રાજ્યમાં આસક્ત બની રહ્યો છે ?'

१३. जीवियं चेव रूवं च
विज्जुसंपायचंचलं ।
जत्थ तं मुज्झसी रायं
पेच्चत्थं नावबुज्झसे ॥

जीवितं चैव रूपं च
विद्युत्सम्पातचंचलम् ।
यत्र त्वं मुह्यसि राजन् !
प्रेत्यार्थं नावबुध्यसे ॥

૧૩. 'રાજન્ ! તું જેમાં મોહ કરી રહ્યો છે તે જીવન અને સૌંદર્ય વીજળીના ચમકારાની માફક ચંચળ છે. તું પરલોકના હિતને કેમ સમજતો નથી ?'

१४. दाराणि य सुया चेव
मित्ता य तह बंधवा ।
जीवंतमणुजीवंति
मयं नाणुव्वयंति य ॥

दाराश्च सुताश्चैव
मित्राणि च तथा बान्धवाः ।
जीवन्तमनुजीवन्ति
मृतं नानुव्रजन्ति च ॥

૧૪. 'સ્ત્રીઓ, પુત્રો, મિત્રો અને બાંધવો જીવતા વ્યક્તિની સાથે જીવે છે પરંતુ તેઓ મરેલાંની પાછળ જતાં નથી.'

१५.नीहरंति मयं पुत्ता
पियरं परमदुक्खिया ।
पियरो वि तहा पुत्ते
बंधू रायं ! तवं चरे ॥

निःसारयन्ति मृतं पुत्राः
पितरं परमदुःखिताः ।
पितरोऽपि तथा पुत्रान्
बन्धवो राजन् ! तपश्चरेः ॥

૧૫.'પુત્ર પોતાના મૃત પિતાને પરમ દુઃખ સાથે સ્મશાનમાં લઈ જાય છે અને એ જ રીતે પિતા પણ પોતાના પુત્રો અને બંધુઓને[6] સ્મશાનમાં લઈ જાય છે. એટલા માટે હે રાજન્ ! તું તપશ્ચરણ કર.'

१६.तओ तेणऽज्जिए दव्वे
दारे य परिरक्खिए ।
कीलंतऽन्ने नरा रायं!
हट्ठतुट्ठमलंकिया ॥

ततस्तेनार्जिते द्रव्ये
दारेषु च परिरक्षितेषु ।
क्रीडन्त्यन्ये नरा राजन् !
हृष्टतुष्टाऽलङ्कृताः ॥

૧૬.'હે રાજન્ ! મૃત્યુ પછી તે મૃત વ્યક્તિ વડે ઉપાર્જિત ધન અને સુરક્ષિત સ્ત્રીઓને હૃષ્ટ, તુષ્ટ[7] અને અલંકૃત બની બીજી વ્યક્તિઓ ભોગવે છે.'

१७.तेणावि जं कयं कम्मं
सुहं वा जइ वा दुहं ।
कम्मुणा तेण संजुत्तो
गच्छई उ परं भवं ॥

तेनापि यत् कृतं कर्म
सुखं वा यदि वा दुःखम् ।
कर्मणा तेन संयुक्तः
गच्छति तु परं भवम् ॥

૧૭.'તે મરનાર વ્યક્તિએ જે કર્મો કર્યાં—સુખ આપનાર કે દુઃખ આપનાર—તેમની જ સાથે તે પરભવમાં ચાલ્યો જાય છે.'

१८.सोऊण तस्स सो धम्मं
अणगारस्स अंतिए ।
महया संवेगनिव्वेयं
समावन्नो नराहिवो ॥

श्रुत्वा तस्य स धर्मं
अनगारस्यान्तिके ।
महता संवेगनिर्वेदं
समापन्नो नराधिपः ॥

૧૮.તે સંજય રાજા અણગાર સમીપે મહાન આદર સાથે[8] ધર્મ સાંભળી મોક્ષનો ઈચ્છુક અને સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન બની ગયો.

१९.संजओ चइउं रज्जं
निक्खंतो जिणसासणे ।
गद्दभालिस्स भगवओ
अणगारस्स अंतिए ॥

संजयस्त्यक्त्वा राज्यं
निष्क्रान्तो जिनशासने ।
गर्दभालेर्भगवतः
अनगारस्यान्तिके ॥

૧૯.સંજય રાજ્ય છોડી ભગવાન ગર્દભાલી અણગાર પાસે જિન-શાસનમાં દીક્ષિત થઈ ગયો.

२०.चिच्चा रट्ठं पव्वइए
खत्तिए परिभासइ ।
जहा ते दीसई रूवं
पसन्नं ते तहा मणो ॥

त्यक्त्वा राष्ट्रं प्रव्रजितः
क्षत्रियः परिभाषते ।
यथा ते दृश्यते रूपं
प्रसन्नं ते तथा मनः ॥

૨૦.જેણે રાષ્ટ્ર[9] છોડીને પ્રવ્રજ્યા લીધી, તે ક્ષત્રિયે[10] (અપ્રતિબદ્ધ-વિહારી રાજા સંજયને) કહ્યું—'તમારી આકૃતિ જેવી પ્રસન્ન દેખાઈ રહી છે તેવું જ તમારું મન પણ પ્રસન્ન દેખાઈ રહ્યું છે.'

२१.किंनामे ? किंगोत्ते ?
कस्सट्ठाए व माहणे ? ।
कहं पडियरसी बुद्धे ?
कहं विणीए त्ति वुच्चसि ? ॥

किंनामा ? किंगोत्रः ?
कस्मै अर्थाय वा माहनः ? ।
कथं प्रतिचरसि बुद्धान् ?
कथं विनीत इत्युच्यसे ? ॥

૨૧.'તમારું નામ શું છે ? ગોત્ર કયું છે ? શા માટે તમે માહણ—મુનિ બન્યા છો ? તમે કેવી રીતે આચાર્યોની સેવા કરો છો અને કેવી રીતે વિનીત કહેવાઓ છો ?'

२२.संजओ नाम नामेणं
तहा गोत्तेण गोयमो ।
गद्दभाली ममायरिया
विज्जाचरणपारगा ॥

संजयो नाम नाम्ना
तथा गोत्रेण गौतमः ।
गर्दभालयो ममाचार्याः
विद्याचरणपारगाः ॥

૨૨.'નામથી હું સંજય છું. ગોત્રથી ગૌતમ છું. ગર્દભાલી મારા આચાર્ય છે—વિદ્યા અને ચારિત્રના પારગામી. મુક્તિને માટે હું માહણ બન્યો છું. આચાર્યના ઉપદેશાનુસાર હું સેવા કરું છું. એટલા માટે હું વિનીત કહેવાઉં છું.'[11]

२३.किरियं अकिरियं विणयं
अन्नाणं च महामुणी ! ।
एएहिं चउहिं ठाणेहिं
मेयण्णे किं पभासई ? ॥

क्रियाऽक्रिया विनयः
अज्ञानं च महामुने ! ।
एतैश्चतुर्भिः स्थानैः
मेयज्ञः किं प्रभाषते ॥

૨૩.તે ક્ષત્રિય-શ્રમણ બોલ્યા—'મહામુનિ ! ક્રિયા, અક્રિયા, વિનય અને અજ્ઞાન—આ ચાર સ્થાનો વડે એકાંતવાદી તત્ત્વવેત્તા[12] કયું તત્ત્વ બતાવે છે ?—[13]

२४.इइ पाउकरे बुद्धे
नायए परिनिव्वुडे ।
विज्जाचरणसंपन्ने
सच्चे सच्चपरक्कमे ॥

इति प्रादुरकरोद् बुद्धः
ज्ञातकः परिनिर्वृतः ।
विद्याचरणसंपन्नः
सत्यः सत्यपराक्रमः ॥

૨૪.'તેને તત્ત્વવેત્તા જ્ઞાત-વંશીય, ઉપશાંત, વિદ્યા અને ચારિત્ર વડે સંપન્ન, સત્યવક્તા અને સત્ય-પરાક્રમ ભગવાન મહાવીરે પ્રગટ કરેલ છે.'

२५.पडंति नरए घोरे
जे नरा पावकारिणो ।
दिव्वं च गइं गच्छंति
चरित्ता धम्ममारियं ॥

पतन्ति नरके घोरे
ये नराः पापकारिणः ।
दिव्यां च गतिं गच्छन्ति
चरित्वा धर्ममार्यम् ॥

૨૫.'જે મનુષ્ય પાપ કરનારા છે તેઓ ઘોર નરકમાં જાય છે અને આર્ય-ધર્મનું આચરણ કરીને મનુષ્ય દિવ્ય ગતિ પ્રાપ્ત કરે છે.

२६.मायावुइयमेयं तु
मुसाभासा निरत्थिया ।
संजममाणो वि अहं
वसामि इरियामि य ॥

मायोक्तमेतत् तु
मृषाभाषा निरर्थिका ।
संयच्छन्नप्यहम्
वसामि ईरे च ॥

૨૬.'આ એકાંત દૃષ્ટિવાળા ક્રિયાવાદી વગેરે વાદીઓએ જે કહ્યું છે તે માયા-પૂર્ણ છે. એટલા માટે તે મિથ્યા-વચન છે, નિરર્થક છે. હું તે માયા-પૂર્ણ એકાંતવાદોથી બચીને રહું છું અને બચીને ચાલું છું.[14]

२७.सव्वे ते विइया मज्झं
मिच्छादिट्ठी अणारिया ।
विज्जमाणे परे लोए
सम्मं जाणामि अप्पगं ॥

सर्वे ते विदिता मम
मिथ्यादृष्टयोऽनार्याः ।
विद्यमाने परे लोके
सम्यग् जानाम्यात्मानम् ॥

૨૭.'મેં તે બધા એકાંત દૃષ્ટિવાળાઓને જાણી લીધા છે. તેઓ મિથ્યા-દૃષ્ટિ અને અનાર્ય છે. હું પરલોકના અસ્તિત્વમાં આત્માને સારી રીતે જાણું છું.

२८.अहमासी महापाणे
जुइमं वरिससओवमे ।
जा सा पाली महापाली
दिव्वा वरिससओवमा ॥

अहमासं महाप्राणे
द्युतिमान् वर्षशतोपमः ।
या सा पाली महापाली
दिव्या वर्षशतोपमा ॥

૨૮.'હું મહાપ્રાણ[15] નામે વિમાનમાં કાંતિમાન દેવ હતો. મેં ત્યાં પૂર્ણ આયુષ્યનો ભોગ કર્યો.[16] જેવી રીતે અહીં સો વર્ષનું આયુષ્ય પૂર્ણ ગણાય છે તેવી રીતે દેવલોકમાં પલ્યોપમ અને સાગરોપમ આયુષ્યને પૂર્ણ માનવામાં આવે છે.[17]

२९.से चुए बंभलोगाओ
माणुस्सं भवमागए ।
अप्पणो य परेसिं च
आउं जाणे जहा तहा ॥

अथ च्युतो ब्रह्मलोकात्
मानुष्यं भवमागतः ।
आत्मनश्च परेषां च
आयुर्जानामि यथा तथा ॥

૨૯.'તેવો હું બ્રહ્મલોકમાંથી ચ્યુત થઈને મનુષ્યલોકમાં આવ્યો છું. હું જેવી રીતે પોતાનાં આયુષ્યને જાણું છું તેવી જ રીતે બીજાનાં આયુષ્યને પણ જાણું છું.[18]

३०.नाणा रुइं च छंदं च
परिवज्जेज्ज संजए ।
अणट्ठा जे य सव्वत्था
इइ विज्जामणुसंचरे ॥

नाना रुचिं च छन्दश्च
परिवर्जयेत् संयतः ।
अनर्था ये च सर्वार्थाः
इति विद्यामनुसंचरेः ॥

૩૦.'સંયમીએ વિવિધ પ્રકારની રુચિ,[19] અભિપ્રાયો અને જે બધા પ્રકારના અનર્થો[20] છે તેમનું વર્જન કરવું જોઈએ—આ વિદ્યાના પંથ ઉપર તમારું સંચરણ હો'—(ક્ષત્રિય મુનિએ રાજર્ષિને કહ્યું)—

३१.पडिक्कमामि पसिणाणं
परमंतेहिं वा पुणो ।
अहो उट्ठिए अहोरायं
इइ विज्जा तवं चरे ॥

प्रतिक्रमामि प्रश्नेभ्यः
परमन्त्रेभ्यो वा पुनः ।
अहो उत्थितोऽहोरात्रम्
इति विद्वान् तपश्चरेः ॥

૩૧. 'હું (શુભાશુભ સૂચક) પ્રશ્નો અને ગૃહસ્થ-કાર્ય-સંબંધી મંત્રણાઓથી[૨૧] દૂર રહું છું. અહો ! હું દિવસ-રાત ધર્માચરણ માટે સાવધાન રહું છું—એમ સમજી[૨૨] તમે તપનું આચરણ કરો.

३२.जं च मे पुच्छसी काले
सम्मं सुद्धेण चेयसा ।
ताइं पाउकरे बुद्धे
तं नाणं जिणसासणे ॥

यच्च मां पृच्छसि काले
सम्यक् शुद्धेन चेतसा ।
तत् प्रादुरकरोद् बुद्धः
तज्ज्ञानं जिनशासने ॥

૩૨. 'જે તમે મને સમ્યક્ શુદ્ધ-ચિત્ત વડે આયુષ્ય-વિષયમાં પૂછો છો, તેને સર્વજ્ઞ ભગવાને પ્રગટ કરેલ છે, તે જ્ઞાન જિનશાસનમાં વિદ્યમાન છે.[૨૩]

३३.किरियं च रोयए धीरे
अकिरियं परिवज्जए ।
दिट्ठीए दिट्ठिसंपन्ने
धम्मं चर सुदुच्चरं ॥

क्रियां च रोचयेद् धीरः
अक्रियां परिवर्जयेत् ।
दृष्ट्या दृष्टिसंपन्नः
धर्मं चर सुदुश्चरम् ॥

૩૩. 'ધીર-પુરુષે ક્રિયાવાદ પર રુચિ કરવી જોઈએ અને અક્રિયાવાદ[૨૪] નો ત્યાગ કરવો જોઈએ. સમ્યક્-દૃષ્ટિ વડે દૃષ્ટિ-સંપન્ન બની તમે સુદુશ્ચર ધર્મનું આચરણ કરો.'

३४.एयं पुण्णपयं सोच्चा
अत्थधम्मोवसोहियं ।
भरहो वि भारहं वासं
चेच्चा कामाइ पव्वए ॥

एतत् पुण्यपदं श्रुत्वा
अर्थधर्मोपशोभितम् ।
भरतोऽपि भारतं वर्षं
त्यक्त्वा कामान् प्राव्रजन् ।

૩૪. અર્થ (મોક્ષ) અને ધર્મ વડે ઉપશોભિત આ પવિત્ર ઉપદેશ સાંભળીને ભરત ચક્રવર્તીએ ભારતવર્ષ અને કામ-ભોગો છોડીને પ્રવ્રજ્યા લીધી હતી.

३५.सगरो वि सागरंतं
भरहवासं नराहिवो ।
इस्सरियं केवलं हिच्चा
दयाए परिनिव्वुडे ॥

सगरो पि सागरान्तं
भरतवर्षं नराधिपः ।
ऐश्वर्यं केवलं हित्वा
दयया परिनिर्वृतः ॥

૩૫. 'સગર ચક્રવર્તી, સાગરપર્યંત[૨૫] ભારતવર્ષ અને પૂર્ણ ઐશ્વર્ય છોડીને અહિંસાની[૨૬] આરાધના કરીને મુક્ત થયા.

३६.चइत्ता भारहं वासं
चक्कवट्टी महिड्ढिओ ।
पव्वज्जमब्भुवगओ
मघवं नाम महाजसो ॥

त्यक्त्वा भारतं वर्षं
चक्रवर्ती महर्द्धिकः ।
प्रव्रज्यामभ्युपगतः
मघवा नाम महायशाः ॥

૩૬. મહર્દ્ધિક અને મહાન યશસ્વી મઘવા ચક્રવર્તીએ ભારતવર્ષને છોડી પ્રવ્રજ્યા લીધી હતી.

३७.सणंकुमारो मणुस्सिंदो
चक्कवट्टी महिड्ढिओ ।
पुत्तं रज्जे ठवित्ताणं
सो वि राया तवं चरे ॥

सनत्कुमारो मनुष्येन्द्रः
चक्रवर्ती महर्द्धिकः ।
पुत्रं राज्ये स्थापयित्वा
सोऽपि राजा तपोऽचरत् ॥

૩૭. 'મહર્દ્ધિક રાજા સનતકુમાર ચક્રવર્તીએ પુત્રને રાજ્ય પર સ્થાપિત કરી તપશ્ચરણ કર્યું.

३८.चइत्ता भारहं वासं
चक्कवट्टी महिड्ढिओ ।
संती संतिकरे लोए
पत्तो गइमणुत्तरं ॥

त्यक्त्वा भारतं वर्षं
चक्रवर्ती महर्द्धिकः
शान्तिः शान्तिकरो लोके
प्राप्तो गतिमनुत्तराम् ॥

૩૮. 'મહર્દ્ધિક અને લોકમાં શાંતિ કરનાર શાંતિનાથ ચક્રવર્તીએ ભારતવર્ષ છોડીને અનુત્તર-ગતિ પ્રાપ્ત કરી.

३९.इक्खागरायवसभो
कुंथू नाम नराहिवो ।
विक्खायकित्ती धिइमं
मोक्खं गओ अणुत्तरं ॥

इक्ष्वाकुराजवृषभः
कुन्थुर्नाम नराधिपः ।
विख्यातकीर्तिर्धृतिमान्
मोक्षं गतोऽनुत्तरम् ॥

૩૯.'ઇક્ષ્વાકુ કુળના રાજાઓમાં શ્રેષ્ઠ, વિખ્યાત કીર્તિવાળા, ધૃતિમાન ભગવાન કુંથુ નરેશ્વરે અનુત્તર મોક્ષ પ્રાપ્ત કર્યું.

४०.सागरंतं जहित्ताणं
भरहं वासं नरीसरो ।
अरो य अरयं पत्तो
पत्तो गइमणुत्तरं ॥

सागरान्तं हित्वा
भारतं वर्षं नरेश्वरः ।
अरश्चारजः प्राप्तः
प्राप्तो गतिमनुत्तराम् ॥

૪૦.'સાગરપર્યંત ભારતવર્ષને છોડીને કર્મરજથી મુક્ત થઈ 'અર' નરેશ્વરે અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

४१.चइत्ता भारहं वासं
चक्कवट्टी नराहिओ ।
चइत्ता उत्तमे भोए
महापउमे तवं चरे ॥

त्यक्त्वा भारतं वर्षं
चक्रवर्ती नराधिपः ।
त्यक्त्वा उत्तमान् भोगान्
महापद्मस्तपोऽचरत् ॥

૪૧.'વિપુલ રાજ્ય, સેના અને વાહન તથા ઉત્તમ ભોગો છોડીને મહાપદ્મ ચક્રવર્તીએ તપનું આચરણ કર્યું.

४२.एगच्छत्तं पसाहित्ता
महिं माणनिसूरणो ।
हरिसेणो मणुस्सिंदो
पत्तो गइमणुत्तरं ॥

एकच्छत्रां प्रसाध्य
महीं माननिषूदनः ।
हरिषेणो मनुष्येन्द्रः
प्राप्तो गतिमनुत्तराम् ॥

૪૨.'(શત્રુ રાજાઓનું) માન-મર્દન કરનારા હરિષેણ ચક્રવર્તીએ પૃથ્વી પર એકચક્રી શાસન કર્યું, પછી અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

४३.अन्निओ रायसहस्सेहिं
सुपरिच्चाई दमं चरे ।
जयनामो जिणक्खायं
पत्तो गइमणुत्तरं ॥

अन्वितो राजसहस्रैः
सुपरित्यागी दममचरत् ।
जयनामा जिनाख्यातं
प्राप्तो गतिमनुत्तराम् ॥

૪૩.'જય ચક્રવર્તીએ હજાર રાજાઓ સાથે રાજ્યનો પરિત્યાગ કરી જિન-ભાષિત દમનું આચરણ કર્યું અને અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

४४.दसण्णरज्जं मुइयं
चइत्ताणं मुणी चरे ।
दसण्णभद्दो निक्खंतो
सक्खं सक्केण चोइओ ॥

दशार्णराज्यं मुदितं
त्यक्त्वा मुनिरचरत् ।
दशार्णभद्रो निष्क्रान्तः
साक्षाच्छक्रेण चोदितः ॥

૪૪.'સાક્ષાત શક્ર દ્વારા પ્રેરિત દશાર્ણભદ્રે દશાર્ણ દેશનું પ્રમુદિત રાજ્ય છોડી પ્રવ્રજ્યા લીધી અને મુનિ-ધર્મનું આચરણ કર્યું.

(नमी नमेइ अप्पाणं
सक्खं सक्केण चोइओ ।
चइऊण गेहं वइदेही
सामण्णे पज्जुवट्ठिओ ॥)

(नमिर्नामयति आत्मानं
साक्षाच्छक्रेण चोदितः ।
त्यक्त्वा गेहं वैदेही
श्रामण्ये पर्युपस्थितः ॥)

(વિદેહના અધિપતિ નમિ રાજે, જે ગૃહત્યાગ કરી શ્રામણ્યમાં ઉપસ્થિત થયા અને દેવેન્દ્રને જેમણે સાક્ષાત પ્રેરિત કર્યા, આત્માને નમાવ્યો—તેઓ અત્યંત નમ્ર બની ગયા.[૨૭])

४५.करकंडू कलिंगेसु
पंचालेसु य दुम्मुहो ।
नमी राया विदेहेसु
गंधारेसु य नग्गई ॥

करकण्डुः कलिङ्गेषु
पञ्चालेषु च द्विमुखः ।
नमी राजा विदेहेषु
गान्धारेषु च नग्गतिः ॥

૪૫.'કલિંગમાં કરકંડુ, પાંચાલમાં દ્વિમુખ, વિદેહમાં નમિ અને ગાંધારમાં નગ્ગતિ[૨૮]—

४६.एए नरिंदवसभा
निक्खंता जिणसासणे ।
पुत्ते रज्जं ठवित्ताणं
सामण्णे पज्जुवट्ठिया ॥

एते नरेन्द्रवृषभाः
निष्कान्ता जिनशासने ।
पुत्रान् राज्ये स्थापयित्वा
श्रामण्ये पर्युपस्थिताः ॥

૪૬. 'રાજાઓમાં વૃષભ સમાન તેઓ પોતપોતાના પુત્રોને રાજ્ય પર સ્થાપિત કરી જિન-શાસનમાં પ્રવ્રજિત થયા અને શ્રમણ-ધર્મમાં સદા યત્નશીલ રહ્યા.

४७.सोवीररायवसभो
चेच्चा रज्जं मुणी चरे ।
उद्दायणो पव्वइओ
पत्तो गइमणुत्तरं ॥

सौवीरराजवृषभः
त्यक्त्वा राज्यं मुनिरचरत् ।
उद्रायणः प्रव्रजितः
प्राप्तो गतिमनुत्तराम् ॥

૪૭. 'સૌવીર રાજાઓમાં વૃષભ સમાન ઉદ્રાયણ રાજાએ રાજ્ય છોડી પ્રવ્રજ્યા લીધી, મુનિ-ધર્મનું આચરણ કર્યું અને અનુત્તર-ગતિ પ્રાપ્ત કરી.

४८.तहेव कासीराया
सेओ सच्चपरक्कमे ।
कामभोगे परिच्चज्ज
पहणे कम्ममहावणं ॥

तथैव काशीराजः
श्वेतः सत्यपराक्रमः ।
कामभोगान् परित्यज्य
प्राहन् कर्ममहावनम् ॥

૪૮. 'એ જ રીતે સત્ય માટે પરાક્રમ કરનાર કાશીરાજ શ્વેત[29] કામ-ભોગોનો પરિત્યાગ કરી કર્મ રૂપી મહાવનનું ઉન્મૂલન કર્યું.

४९.तहेव विजओ राया
अणट्ठाकित्ति पव्वए ।
रज्जं तु गुणसमिद्धं
पयहित्तु महाजसो ॥

तथैव विजयो राजा
अनष्टकीर्तिः प्राव्रजत् ।
राज्यं तु गुणसमृद्धं
प्रहाय महायशाः ॥

૪૯. 'એ જ રીતે વિમલ-કીર્તિ, મહાયશસ્વી વિજય રાજાએ ગુણ વડે સમૃદ્ધ રાજ્યને છોડીને જિન-શાસનમાં પ્રવ્રજ્યા લીધી.

५०.तहेवुग्गं तवं किच्चा
अव्वक्खित्तेण चेयसा ।
महाबलो रायरिसी
अद्दाय सिरसा सिरं ॥

तथैवोग्रं तपः कृत्वा
अव्याक्षिप्तेन चेतसा ।
महाबलो राजर्षिः
आदित शिरसा शिरः ॥

૫૦. 'એ જ રીતે અનાકુલ-ચિત્તે ઉગ્ર તપસ્યા કરી રાજર્ષિ મહાબલે પોતાનું શિર આપી શિર (મોક્ષ)[30] પ્રાપ્ત કર્યું.[31]

५१.कहं धीरो अहेऊहिं
उम्मत्तो व्व महिं चरे ?।
एए विसेसमादाय
सूरा दढपरक्कमा ॥

कथं धीरः अहेतुभिः
उन्मत्त इव महीं चरेत् ? ।
एते विशेषमादाय
शूरा दृढपराक्रमाः ॥

૫૧. 'એ ભરત વગેરે શૂર અને દૃઢ પરાક્રમશાળી રાજાઓ બીજાં ધર્મ-શાસનો કરતાં જૈન-શાસનમાં વિશેષતા પામીને પ્રવ્રજિત થયા તો પછી ધીર પુરુષ એકાંત-દૃષ્ટિમય અહેતુવાદો[32] વડે ઉન્મત્તની માફક કેવી રીતે પૃથ્વી પર વિચરણ કરે ?

५२.अच्चंतनियाणखमा
सच्चा मे भासिया वई ।
अतरिंसु तरंतेगे
तरिस्संति अणागया ॥

अत्यन्तनिदानक्षमा
सत्या मया भाषिता वाक् ।
अतीर्षुः तरन्त्येके
तरिष्यन्ति अनागताः ॥

૫૨. 'મેં આ અત્યંત યુક્તિયુક્ત[33] અને સત્ય વાત કહી છે. તેના વડે કેટલાય જીવો સંસાર-સમુદ્રનો પાર પામ્યા છે, પામી રહ્યા છે અને ભવિષ્યમાં પામશે.

५३.कहं धीरे अहेऊहिं
अत्ताणं परियावसे ?।
सव्वसंगविनिम्मुक्के
सिद्धे हवइ नीरए ॥
—त्ति बेमि ॥

कथं धीरः अहेतुभिः
आत्मानं पर्यावासयेत् ? ।
सर्वसङ्गविनिर्मुक्तः
सिद्धो भवति नीरजाः ॥
—इति ब्रवीमि ।

૫૩. 'ધીર પુરુષ એકાંત-દૃષ્ટિમય અહેતુવાદોમાં પોતાની જાતને કેવી રીતે જોડે ? જે બધા સંગોથી[34] મુક્ત હોય છે, તે કર્મ-રહિત બની સિદ્ધ થઈ જાય છે.'[35]

—આમ હું કહું છું.

ટિપ્પણ

# અધ્યયન ૧૮ : સંજયીય

## ૧. કાંપિલ્ય (**कंपिल्ले**)

જુઓ—૧૩।૨નું ટિપ્પણ.

## ૨. (**अणगारे तवोधणे**)

આ પદ્યમાં માત્ર 'અનગાર તપોધન' છે, અનગારનો નામોલ્લેખ થયો નથી. પરંતુ આ જ પ્રકરણમાં નિર્યુક્તિકારે અનગારનું નામ 'ગદ્દભાલિ' બતાવ્યું છે.[1]

## ૩. લતા-મંડપ (**अप्फोव**)

આ દેશ્ય શબ્દ છે. ચૂર્ણિ અને વૃત્તિમાં તેનો અર્થ છે—વૃક્ષ વગેરેથી ઘેરાયેલ, વિસ્તૃત, વૃક્ષ-ગુચ્છ-ગુલ્મ-લતા વડે આચ્છાદિત.[2]

## ૪. તેજથી (**तेएण**)

તપસ્યાના પ્રભાવથી અનેક લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. તેમાંની એક છે—તેજોલબ્ધિ. તેના વડે અનુગ્રહ અને નિગ્રહ—બંને કરી શકાય છે. નિગ્રહની અવસ્થામાં અનેક પ્રદેશો અને પ્રાણીઓને ભસ્મસાત્ કરી શકાય છે.

## ૫. (શ્લોક ૧૧)

પ્રસ્તુત શ્લોકમાં અહિંસાનાં આધારભૂત બે તત્ત્વો પ્રતિપાદિત છે—અભય અને અનિત્યતાનો બોધ. ભય હિંસાનું મુખ્ય કારણ છે. ભયની આશંકાથી જ મનુષ્યે શસ્ત્ર વગેરેનું નિર્માણ કર્યું છે. સહુથી અધિક ભય મૃત્યુનો હોય છે. જે કોઈના પ્રાણનું હરણ કરતો નથી તે અભયદાતા બની જાય છે.

અનિત્યતાની વિસ્મૃતિ મનુષ્યને હિંસા તરફ લઈ જાય છે. તેની સ્મૃતિ અહિંસાની એક પ્રબળ પ્રેરણા છે.

## ૬. પોતાના બાંધવોને (**बंधू**)

અહીં 'बंधू' શબ્દ પ્રથમાન્ત બહુવચન છે. 'बन्धून' એ પદ અધ્યાહાર છે. તેના આધારે આનો અનુવાદ થશે—બંધુ પોતાના બંધુઓને સ્મશાનમાં લઈ જાય છે.[3]

---

१. उत्तराध्ययन निर्युक्ति, गाथा ३१७ : अह केसरमुज्जाणे नामेणं गद्दभालि अणगारो ।

२. (क) उत्तराध्ययन चूर्णि, पृ. २४८ ।
(ख) बृहद्वृत्ति, पत्र ४३८ : अप्फोवमण्डवमिति वृक्षाद्याकीर्णे, तथा च वृद्धाः अप्फोव इति, किमुक्तं भवति ? आस्तीर्णे, वृक्षगुच्छगुल्मलतासंछन्न इत्यर्थः ।

३. बृहद्वृत्ति, पत्र ४४१ : 'बन्धु' त्ति बन्धवश्च बन्धूनिति शेषः ।

### ૭. હૃષ્ટ-તુષ્ટ (हट्ठतुट्ठ)

બહારથી પુલકિત હોવાને 'હૃષ્ટ' અને માનસિક પ્રીતિનો અનુભવ કરવાને 'તુષ્ટ' કહેવામાં આવે છે.[1]

### ૮. મહાન આદર સાથે (महया)

વૃત્તિકારને અહીં 'महया' શબ્દના બંને અર્થો અભિપ્રેત છે. આનો અર્થ થશે—મહાન આદર સાથે. વિભક્તિ વ્યત્યય દ્વારા તૃતીયાના સ્થાને પ્રથમ વિભક્તિ માની લેવામાં આવે તો આનું સંસ્કૃત રૂપ 'महत्' થાય છે.[2] ત્યારે તે ધર્મનું વિશેષણ બને છે. 'महता' એ સાધન બને છે.

### ૯. રાષ્ટ્રને (रट्ठं)

રાષ્ટ્રનો અર્થ 'ગ્રામ, નગર વગેરેનો સમુદાય'[3] અથવા 'મંડલ' છે.[4] પ્રાચીનકાળમાં 'રાષ્ટ્ર' શબ્દ આજ જેટલા વ્યાપક અર્થમાં પ્રયોજાતો નહિ. વર્તમાનકાળમાં રાષ્ટ્રનો અર્થ છે—પૂર્ણ પ્રભુસત્તા ધારણ કરનાર દેશ. પ્રાચીનકાળમાં એક જ દેશમાં અનેક રાષ્ટ્ર સમાઈ જતા.[5] તેમની સરખામણી આજના પ્રાંતો કે રાજ્ય-સરકારો સાથે કરી શકાય છે. મનુસ્મૃતિમાં રાષ્ટ્રનો પ્રયોગ કંઈક વ્યાપક અર્થમાં પણ થયેલો જણાય છે.[6]

### ૧૦. તે ક્ષત્રિયે (खत्तिए)

અહીં ક્ષત્રિયનું નામ બતાવવામાં આવ્યું નથી. પરંપરા અનુસાર આ વ્યક્તિ પૂર્વજન્મમાં વૈમાનિક દેવ હતો. ત્યાંથી ચ્યુત થઈ તે ક્ષત્રિયકુળમાં જન્મ્યો. યોગ્ય બાહ્ય નિમિત્તો મળતાં વિરક્ત બન્યો અને રાષ્ટ્ર છોડીને પ્રવ્રજિત બની ગયો. તે જનપદ-વિહાર કરતો-કરતો સંજય મુનિને મળ્યો અને અનેક જિજ્ઞાસાઓ દર્શાવી.[7]

### ૧૧. (શ્લોક ૨૧, ૨૨)

અહીં ક્ષત્રિયે પાંચ પ્રશ્નો પૂછ્યા—

(૧) તમારું નામ શું છે?

(૨) તમારું ગોત્ર કયું છે?

(૩) તમે માહણ શા માટે બન્યા છો?

(૪) તમે આચાર્યોની સેવા કઈ રીતે કરો છો?

---

૧. बृहद्‌वृत्ति, पत्र ४४१ : हृष्टाः बहिः पुलकादिमन्तः, तुष्टाः—आन्तरप्रीतिभाजः ।

૨. बृहद्‌वृत्ति, पत्र ४४१ : 'महय' त्ति महता आदरेणेतिशेषः, सुब्व्यत्ययेन वा महत् ।

૩. बृहद्‌वृत्ति, पत्र ४४२ : 'राष्ट्रं' ग्रामनगरादिसमुदायम् ।

૪. એજન, પત્ર ૪૧૧ : 'राष्ट्रं' मण्डलम् ।

૫. राजप्रश्नीय वृत्ति, पृ. २७६ : राज्यम्—राष्ट्रादिसमुदायात्मकम् । राष्ट्रं च जनपदं च ।

૬. मनुस्मृति, १०।६१ :

यत्र त्वेते परिध्वंसाज्जायन्ते वर्णदूषकाः ।
राष्ट्रिकैः सह तद्राष्ट्रं क्षिप्रमेव विनश्यति ॥

૭. बृहद्‌वृत्ति, पत्र ४४२ : 'क्षत्रियः' क्षत्रजातिरनिर्दिष्टनामा परिभाषते, संजयमुनिमित्युपस्कारः, स हि पूर्वजन्मनि वैमानिक आसीत्, ततश्च्युतः क्षत्रियकुलेऽजनि, तत्र च कुतश्चित्तथाविधनिमित्ततः स्मृतपूर्वजन्मा तत एव चोत्पन्नवैराग्यः प्रव्रज्यां गृहीतवान्, गृहीतप्रव्रज्यश्च विहरन् संजयमुनिं दृष्ट्वा तद्विमर्शार्थमिदमुक्तवान् ।

(૫) તમે વિનીત કેવી રીતે કહેવાઓ છો ?

સંજય મુનિએ આના ઉત્તરમાં કહ્યું–

(૧) મારું નામ સંજય છે.

(૨) મારું ગોત્ર ગૌતમ છે.

(૩) હું મુક્તિ માટે માહણ બન્યો છું.

(૪) હું મારા આચાર્ય ગર્દભાલિના આદેશ અનુસાર સેવા કરું છું.

(૫) હું આચાર્યના ઉપદેશનું આસેવન કરું છું, એટલા માટે વિનીત કહેવાઉં છું.

૨૨મા શ્લોકમાં નામ અને ગોત્રનો ઉત્તર સ્પષ્ટ શબ્દોમાં છે, બાકીના ત્રણ ઉત્તરો 'गद्दभाली ममायरिया, विज्जाचरणपारगा' આ બે ચરણોમાં સમાવી લેવામાં આવેલ છે.[1]

**૧૨. એકાંતવાદી તત્ત્વવેત્તા (मेयन्ने)**

'મેય'નો અર્થ છે–જ્ઞેય. મેયને જાણનાર મેયજ્ઞ કહેવાય છે. ક્ષત્રિયમુનિએ એકાંત ક્રિયાવાદી, અક્રિયાવાદી દાર્શનિકોના સિદ્ધાંતોની ચર્ચા કરીને મહાવીરના અનેકાંતવાદી દૃષ્ટિકોણનો સંજય ઋષિને પરિચય કરાવ્યો.

**૧૩. (શ્લોક ૨૩)**

આ શ્લોકમાં ચાર વાદો–(૧) ક્રિયાવાદ (૨) અક્રિયાવાદ (૩) અજ્ઞાનવાદ અને (૪) વિનયવાદ–ના વિષયમાં રાજર્ષિને પૂછવામાં આવ્યું છે. ભગવાન મહાવીરના સમસામયિક બધા વાદોનું આ વર્ગીકરણ છે. સૂત્રકૃતાંગમાં આને 'ચાર સમવસરણ' કહેવામાં આવ્યું છે.[2] આના ત્રણસો ત્રેંસઠ ભેદ થાય છે.

(૧) **ક્રિયાવાદ**–ક્રિયાવાદીઓ આત્માનું અસ્તિત્વ માને છે પરંતુ તે વ્યાપક છે કે અવ્યાપક, કર્તા છે કે અકર્તા, ક્રિયાવાન છે કે અક્રિયાવાન, મૂર્ત છે કે અમૂર્ત–તેમાં તેમને પ્રતીતિ હોતી નથી.

(૨) **અક્રિયાવાદ**–જેઓ આત્માના અસ્તિત્વને માનતા નથી તેઓ અક્રિયાવાદી છે. બીજા શબ્દોમાં તેમને નાસ્તિક પણ કહી શકાય છે. કેટલાક અક્રિયાવાદીઓ આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, પરંતુ 'આત્માનું શરીર સાથે એકત્વ છે કે અન્યત્વ તે કહી શકાતું નથી'–એવું માને છે. કેટલાક અક્રિયાવાદીઓ આત્માની ઉત્પત્તિ બાદ તરત જ તેનો પ્રલય માને છે.

(૩) **અજ્ઞાનવાદ**–જેઓ અજ્ઞાન વડે જ સિદ્ધિ માને છે તેઓ અજ્ઞાનવાદી છે. તેમની માન્યતા છે કે કેટલાક જગતને બ્રહ્માદિ વિવર્તમય, કેટલાક પ્રકૃતિ-પુરુષાત્મક, કેટલાક ષડ્-દ્રવ્યાત્મક, કેટલાક ચતુઃ-સત્યાત્મક, કેટલાક વિજ્ઞાનમય, કેટલાક શૂન્યમય વગેરે વગેરે માને છે. એ જ રીતે આત્મા પણ નિત્ય, અનિત્ય વગેરે અનેક પ્રકારો વડે જાણી શકાય છે–આ બધાના જ્ઞાનનો શો અર્થ ? આ જ્ઞાન સ્વર્ગ-પ્રાપ્તિ માટે નિરુપયોગી છે, અકિંચિત્કર છે વગેરે વગેરે.

(૪) **વિનયવાદ**–જેઓ વિનય વડે જ મુક્તિ માને છે તેઓ વિનયવાદી છે. તેમની માન્યતા છે કે દેવ, દાનવ, રાજા, તપસ્વી, હાથી, ઘોડા, હરણ, ગાય, ભેંસ, શિયાળ વગેરેને નમસ્કાર કરવાથી ક્લેશનો નાશ થાય છે. વિનય વડે જ કલ્યાણ થાય છે, બીજી રીતે નહિ.

ક્રિયાવાદીઓના ૧૮૦ ભેદ, અક્રિયાવાદીઓના ૮૪ ભેદ, વૈનયિકોના ૩૨ ભેદ અને અજ્ઞાનીઓના ૬૭ ભેદ મળે છે.

---

१. बृहद्वृत्ति, पत्र ४४२-४४३ : विद्याचरणपारगत्वाच्च तैस्तन्निवृत्तौ मुक्तिलक्षणं फलमुक्तं, ततस्तदर्थं माहनोऽस्मि, यथा च तदुपदेशस्तथा गुरून् प्रतिचरामि, तदुपदेशासेवनाच्च विनीतः।

२. सूयगडो, १।१२।१।

આ રીતે આ બધાના ૩૬૩ ભેદ થાય છે.[1]

અકલંકદેવે આ વાદોના આચાર્યોનો પણ નામોલ્લેખ કર્યો છે[2]—

કોક્કલ, કાંઠેવિદ્ધિ, કૌશિક, હરી, શ્મશ્રુમાન, કપિલ, રોમશ, હારિત, અશ્વ, મુંડ, આશ્વલાયન વગેરે ૧૮૦ ક્રિયાવાદના આચાર્યો અને તેમના મતો છે.

મરીચિ, કુમાર, ઉલૂક, કપિલ, ગાર્ગ્ય, વ્યાઘ્રભૂતિ, વાદ્બલિ, માઠર, મૌદ્ગલ્યાયન વગેરે ૮૪ અક્રિયાવાદના આચાર્યો અને તેમના મતો છે.

સાકલ્ય, વાષ્કલ, કુથુમિ, સાત્યમુગ્રિ, ચારાયણ, કાઠ, માધ્યંદિની, મૌદ, પૈપ્પલાદ, બાદરાયણ, સ્વિષ્ઠિકૃત, ઐતિકાયન, વસુ, જૈમિની વગેરે ૬૭ અજ્ઞાનવાદના આચાર્યો અને તેમના મતો છે.

વશિષ્ટ, પારાશર, જતુકર્ણ, વાલ્મીકિ, રોમહર્ષિણિ, સત્યદત્ત, વ્યાસ, એલાપુત્ર, ઔપમન્યવ, ઈન્દ્રદત્ત, અયસ્થૂલ વગેરે ૩૨ વિનયવાદના આચાર્યો અને તેમના મતો છે.

આ સંસારમાં ભિન્ન-ભિન્ન રુચિવાળા લોકો છે. કેટલાક ક્રિયાવાદમાં વિશ્વાસ રાખે છે અને કેટલાક અક્રિયાવાદમાં.[3] રાજર્ષિએ કહ્યું—ધીર પુરુષ ક્રિયાવાદમાં રુચિ રાખે અને અક્રિયાવાદનો ત્યાગ કરે.[4]

જૈન દર્શન ક્રિયાવાદી છે. પરંતુ એકાંત-દૃષ્ટિ નથી, એટલા માટે તે સમ્યગ્વાદ છે. જેના વડે આત્મા વગેરે તત્ત્વમાં વિશ્વાસ હોય છે, તે જ ક્રિયાવાદ (અસ્તિત્વવાદ)નું નિરૂપણ કરી શકે છે.[5]

જુઓ—૨૪મું ટિપ્પણ.

## ૧૪. (શ્લોક ૨૬)

ક્ષત્રિય શ્રમણે કહ્યું—હું તે માયાપૂર્ણ એકાંતવાદોથી બચીને રહું છું અને ચાલું છું. વૃત્તિકાર અનુસાર ક્ષત્રિય મુનિએ આ વાત સંજયમુનિના સ્થિરીકરણ માટે કરી.[6]

## ૧૫. મહાપ્રાણ (महापाणे)

આ પાંચમા દેવલોકનું એક વિમાન છે.[7]

## ૧૬. મેં ત્યાં પૂર્ણ આયુષ્યનો ભોગ કર્યો છે (वरिससओवमे)

મનુષ્ય-લોકમાં સો વર્ષનું આયુષ્ય પૂર્ણ આયુષ્ય મનાય છે. આ જ દૃષ્ટિએ દેવલોકના પૂર્ણ આયુષ્ય સાથે તેની તુલના કરવામાં આવી છે. ક્ષત્રિય મુનિએ કહ્યું—જેવી રીતે મનુષ્ય અહીં સો વર્ષનું આયુષ્ય ભોગવે છે, તેવી રીતે મેં ત્યાં દિવ્ય સો વર્ષનું આયુષ્ય ભોગવ્યું છે.[8]

---

૧. बृहद्वृत्ति, पत्र ४४४ : तत्र तावच्छतमशीतं क्रियावादिनां अक्रियावादिनश्च चतुरशीतिसंख्याः, अज्ञानिकाः सप्तषष्टिविधाः, वैनयिकवादिनो द्वात्रिंशत् एवं त्रिषष्ट्यधिकशतत्रयम्।

૨. तत्त्वार्थ राजवार्तिक, ८।१, पृ. ५६२।

૩. सूयगडो, १।१०।१७।

૪. उत्तरज्झयणाणि, १८।३३।

૫. सूयगडो, १।१२।२०-२१।

૬. बृहद्वृत्ति, पत्र ४४५ : 'संजममाणोऽवि' त्ति 'अपि' एवकारार्थस्ततः संयच्छन्नेव—उपरमन्नेव तदुक्त्याकर्णनादितः 'अहम्' इत्यात्मनिर्देशे विशेषतस्तत्स्थिरीकरणार्थम्, उक्तं हि—'ठियतो ठावए परं' ति।

૭. बृहद्वृत्ति, पत्र ४४५ : महाप्राणे महाप्राणनाम्नि ब्रह्मलोकविमाने।

૮. बृहद्वृत्ति, पत्र ४४५ : 'वरिससतोवमे' त्ति वर्षशतजीविना उपमा—दृष्टान्तो यस्यासौ वर्षशतोपमो मयूरव्यंसकादित्वात् समासः, ततोऽयमर्थः—यथेह वर्षशतजीवी इदानीं परिपूर्णायुरुच्यते, एवमहमपि तत्र परिपूर्णायुरभूवम्।

૧૭. (पाली महापाली)

પાલી જેવી રીતે જળને ધારણ કરે છે તેવી જ રીતે ભવ-સ્થિતિ જીવન-જળને ધારણ કરે છે. એટલા માટે તેને 'પાલી' કહેવામાં આવેલ છે.

'પાલી'ને પલ્યોપમ-પ્રમાણ અને 'મહાપાલી'ને સાગરોપમ-પ્રમાણ માનવામાં આવેલ છે.[૧] આ ગણનાતીત (ઉપમેય) કાળ છે. અસંખ્ય-કાળનો એક પલ્ય થાય છે અને દસ કોડાકોડી પલ્યોનો એક સાગર થાય છે. વિસ્તૃત જાણકારી માટે જુઓ– अणुओगदाराइं, સૂત્ર ૪૧૮ વગેરે.

અહીં 'મહાપાલી' ભવ-સ્થિતિને 'વર્ષશતોપમા' માનેલ છે. મનુષ્ય-લોકમાં સો વર્ષનું આયુષ્ય પૂર્ણ આયુષ્ય માનવામાં આવે છે, તે જ રીતે મહાપ્રાણ દેવલોકમાં મહાપાલીને પરમ આયુષ્ય માનવામાં આવે છે. એટલા માટે ફરી મહાપાલીને વર્ષશતોપમ કહેલ છે. પલ્યોપમ-કાળને એક પલ્યની ઉપમા વડે સમજાવવામાં આવેલ છે. પલ્યમાંથી એક-એક વાળ સો-સો વર્ષના અંતરે બહાર કાઢવામાં આવે છે. એટલા માટે તેને 'વર્ષ-શતોપમ' કહેલ હોય, એમ પણ કલ્પના કરી શકાય.[૨]

૧૮. (શ્લોક ૨૯)

ક્ષત્રિય મુનિએ સંજય મુનિને પોતાના પૂર્વજન્મની હકીકત બતાવી. તે પરથી એવું સૂચિત થાય છે કે તેમને જાતિ-સ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયેલું હતું. જાતિ-સ્મરણ દ્વારા પોતાના પૂર્વજન્મને જાણી શકાય છે. તેમણે આગળ કહ્યું–હું જેવી રીતે પોતાના આયુષ્યને જાણું છું તેવી જ રીતે બીજાઓનાં આયુષ્યને પણ જાણું છું. જાતિ-સ્મરણ વડે બીજાઓનાં આયુષ્યને જાણી શકાતું નથી. એટલે એમ લાગે છે કે તેમને બીજાઓનો પૂર્વજન્મ જાણવાની વિદ્યા પણ મળેલી હતી.

૧૯. રુચિ (रुइं)

અહીં રુચિનો અર્થ છે–ક્રિયાવાદ, અક્રિયાવાદ વગેરે દર્શનો પ્રત્યે થનારી અભિલાષા.[૩]

૨૦. બધા પ્રકારના અનર્થ (सव्वत्था)

આનાં સંસ્કૃત રૂપો બે બને છે અને તેના આધારે અર્થ પણ બે થાય છે[૪]–

૧. सर्वार्थाः–હિંસા વગેરે અશેષ વિષયો.

૨. सर्वत्र–'आ'કારને અલાક્ષણિક માનવાથી આનું સંસ્કૃત રૂપ 'सर्वत्र' થશે અને અર્થ થશે–બધા ક્ષેત્રો વગેરેમાં.

---

૧. बृहद्वृत्ति, पत्र ४४५ : तथाहि–या सा पालिरिव पालिः–जीवितजलधारणाद् भवस्थितिः, सा चोत्तरत्र महाशब्दोपादानादिह पल्योपमप्रमाणा ।

૨. એજન, पत्र ४४५-४४६ : दिवि भवा दिव्या वर्षशतेनोपमा यस्याः सा वर्षशतोपमा, यथा हि वर्षशतमिह परमायुः तथा तत्र महापाली, उत्कृष्टोऽपि हि तत्र सागरोपमैरेवायुरुपनीयते, न तूत्सर्पिण्यादिभिः अथवा–

"योजनं विस्तृतः पल्यस्तथा योजनमुत्सृतः ।
सप्तरात्रप्ररूढाणां केशाग्राणां स पूरितः ॥ १ ॥
ततो वर्षशते पूर्णे, एकैकं केशमुद्धरेत् ।
क्षीयते येन कालेन, तत्पल्योपममुच्यते ॥ २ ॥

इति वचनाद्वर्षशतैः केशोद्धारहेतुभिरुपमा अर्थात् पल्यविषया यस्या सा वर्षशतोपमा, द्विविधाऽपि स्थितिः, सागरोपमस्यापि पल्योपमनिष्पाद्यत्वात्, तत्र मम महापाली दिव्या भवस्थितिरासीदित्युपस्कारः, अतश्चाहं वर्षशतोपमायुरभूवमिति भावः ।

૩. बृहद्वृत्ति, पत्र ४४६ : रुचिं च–प्रक्रमात् क्रियावाद्यादिमतविषयमभिलाषम् ।

૪. बृहद्वृत्ति, पत्र ४४६ ।

## ૨૧. ગૃહસ્થ-કાર્ય-સંબંધી મંત્રણાઓથી (परमंतेहिं)

મુનિએ કહ્યું—હું અંગુષ્ઠ-વિદ્યા વગેરે પ્રશ્નોથી દૂર રહું છું, પરંતુ ગૃહસ્થ-કાર્ય-સંબંધી મંત્રણાઓથી વિશેષ દૂર રહું છું, કેમકે તે અતિ સાવદ્ય હોય છે. એટલા માટે મારા માટે કરણીય હોતી નથી.[1]

## ૨૨. સમજીને (विज्जा)

'विज्जा' (સં. विद्वान्) શબ્દ 'क्वसु' પ્રત્યયાંત છે. 'क्वसु' પ્રત્યય ભૂત અને વર્તમાન—બંને અર્થમાં થાય છે. પ્રસ્તુત સંદર્ભમાં 'क्वसु' પ્રત્યય વર્તમાન અર્થમાં નિર્દિષ્ટ છે.[2] તેનો અર્થ છે જાણીને—સમજીને. વૃત્તિમાં વિદ્વાનનો અર્થ 'જાણકાર' એવો કરવામાં આવેલ છે.[3]

## ૨૩. (શ્લોક ૩૧-૩૨)

ક્ષત્રિય મુનિએ રાજર્ષિ સંજયને કહ્યું—તેં મને આયુષ્યના વિષયમાં પ્રશ્ન કર્યો છે. હું પોતાનો આયુષ્યકાળ અને બીજાઓનો આયુષ્યકાળ પણ જાણું છું, પરંતુ હું એવા પ્રશ્નોથી પર થઈ ચૂક્યો છું. છતાં પણ તેં જાણવાની દૃષ્ટિથી મને પૂછ્યું છે તે હું બતાવું છું.

પછી ક્ષત્રિય મુનિએ સંભવિતપણે સંજયને તેના આયુષ્યકાળ વિશે કંઈક બતાવ્યું હોય એમ પ્રતીત થાય છે. તેમણે આગળ કહ્યું—મૃત્યુવિષયક જ્ઞાન જૈન શાસનમાં વિદ્યમાન છે. જિનશાસનની આરાધના કર, તે જ્ઞાન તને પણ પ્રાપ્ત થઈ શકશે.[4]

## ૨૪. ક્રિયાવાદ...અક્રિયાવાદ (किरियं.....अकिरियं)

સૂત્રકૃતાંગ ચૂર્ણિ અનુસાર ક્રિયાનો અર્થ છે—કંપન. એજન, કંપન, ગમન અને ક્રિયા (પ્રવૃત્તિ)—આ બધા એકાર્થક છે.[5] મહર્ષિ પતંજલિએ ચિત્ત-નિરોધના પ્રયત્નને ક્રિયા કહેલ છે. તેમણે ત્રણ પ્રકારની ક્રિયાઓ માની છે—૧. શારીરિક ક્રિયાયોગ—તપસ્યા વગેરે ૨. વાચિક ક્રિયાયોગ—સ્વાધ્યાય વગેરે અને ૩. માનસ ક્રિયાયોગ—ઈશ્વર-પ્રણિધાન વગેરે.[6]

ભગવાન મહાવીરના સમયમાં ચાર પ્રકારના વાદો પ્રચલિત હતા—ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ. પ્રસ્તુત પ્રસંગમાં 'किरिआ' શબ્દ ક્રિયાવાદના અર્થમાં પ્રયુક્ત છે. ક્રિયાવાદનો અર્થ છે—આત્મા વગેરે પદાર્થોમાં વિશ્વાસ કરવો તથા આત્મ-કર્તૃત્વનો સ્વીકાર કરવો. તેના ચાર અર્થ ફલિત થાય છે—આસ્તિકવાદ,[7] સમ્યગ્વાદ, પુનર્જન્મ અને કર્મવાદ.[8]

અક્રિયાવાદની ચાર પ્રતિપત્તીઓ છે—

૧. આત્માનો અસ્વીકાર.

---

૧. એજન, पत्र ४४६ : प्रतीपं क्रामामि प्रतिक्रामामि—प्रतिनिवर्त्ते, केभ्यः ?—'पसिणाणं' ति सुब्व्यत्यात् 'प्रश्नेभ्यः' शुभाशुभ-सूचकेभ्योऽङ्गुष्ठप्रश्नादिभ्यः, अन्येभ्यो वा साधिकरणेभ्यः, तथा परे-गृहस्थास्तेषां मन्त्राः परमन्त्राः-तत्कार्यालोचनरूपास्तेभ्यः, .... प्रतिक्रमामि, अतिसावद्यत्वात्तेषाम् ।

२. श्री भिक्षु शब्दानुशासनं, ५।३।६ : 'वेत्तेर्वा क्वसुः' ।

३. बृहद्वृत्ति, पत्र ४४६ : 'विज्जं' त्ति विद्वान् जानन् ।

४. बृहद्वृत्ति, पत्र ४४७ : 'अप्पणो य परेसिं च' इत्यादिना तस्यायुर्विज्ञतामवगम्य संजयमुनिनाऽसौ पृष्टः कियन्ममायुरिति, ततोऽसौ प्राह—यच्च त्वं मां कालविषयं पृच्छसि तत्प्रादुष्कृतवान् 'बुद्धः' सर्वज्ञोऽत एव तज्ज्ञानं जिनशासने व्यवच्छेदफलत्वाज्जिनशासन एव न त्वन्यस्मिन् सुगतादिशासने, अतो जिनशासन एव यत्नो विधेयो येन यथाऽहं जानामि तथा त्वमपि जानीषे ।

५. सूत्रकृतांग चूर्णि, पृष्ठ ३३६ : एजनं कंपन गमनं क्रियेत्यनर्थान्तरम् ।

६. पातंजलयोगदर्शनम् २।१ : 'तपः स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ।'

७. द. चू. १। पृ. २७ : किरिया नाम अत्थिवादो भण्णइ ।

८. જુઓ—सूयगडो १।१२।१નું ટિપ્પણ.

૨. આત્માના કર્તૃત્વનો અસ્વીકાર.

૩. કર્મનો અસ્વીકાર.

૪. પુનર્જન્મનો અસ્વીકાર.[1]

અક્રિયાવાદીને નાસ્તિકવાદી, નાસ્તિકપ્રજ્ઞ અને નાસ્તિકદૃષ્ટિ કહેવામાં આવેલ છે.[2] સ્થાનાંગસૂત્રમાં અક્રિયાવાદીના આઠ પ્રકારો બતાવવામાં આવ્યા છે—[3]

| | |
|---|---|
| ૧. એકવાદી | ૫. સાતવાદી |
| ૨. અનેકવાદી | ૬. સમુચ્છેદવાદી |
| ૩. મિતવાદી | ૭. નિત્યવાદી |
| ૪. નિર્મિતવાદી | ૮. અસત્પરલોકવાદી |

તેમનાં વિશેષ વિવરણ માટે જુઓ—ઠાણં ૮। ૨૨નું ટિપ્પણ તથા સૂયગડો ૧। ૧૨ । ૧નું ટિપ્પણ.

વૃત્તિકારે ક્રિયાનો અર્થ અસ્તિવાદ અને સત્ અનુષ્ઠાન તથા અક્રિયાનો અર્થ નાસ્તિવાદ અને મિથ્યા અનુષ્ઠાન કર્યો છે.[4]

જુઓ—આ જ અધ્યયનનું ૧૩મું ટિપ્પણ.

### ૨૫. સાગર પર્યંત (सागरंत)

ત્રણ દિશાઓ—પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં સાગરપર્યંત અને એક દિશા ઉત્તરમાં હિમાલય પર્વત સુધી.[5]

### ૨૬. અહિંસા (दयाए)

પ્રશ્નવ્યાકરણમાં અહિંસાનાં ૬૦ નામો ગણાવવામાં આવ્યા છે. તેમાં એક નામ છે—દયા. અહીં દયા અહિંસાના અર્થમાં પ્રયુક્ત છે.[6] વૃત્તિકારે દયાનો અર્થ સંયમ કર્યો છે.[7] દશવૈકાલિકમાં લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય—આ ચાર વિશુદ્ધિસ્થાનો બતાવવામાં આવ્યા છે.[8] અહિંસાની પરિભાષા બધા જીવો પ્રત્યેનો સંયમ છે.[9] આથી દયાનો અર્થ સંયમ પણ કરી શકાય છે.

### ૨૭. (नमी नमेइ अप्पाणं......सामण्णे पज्जुवट्ठिओ)

આ શ્લોક પ્રક્ષિપ્ત જણાય છે. આ નિર્ણય માટેનાં અનેક કારણો છે—

૧. આ નવમા અધ્યયનમાં (૯ । ૬૧) આવી ચૂકેલ છે.

૨. શાન્ત્યાચાર્યે પોતાની વૃત્તિમાં આની વ્યાખ્યા કરી નથી.

૩. આની આગળના શ્લોકમાં નમીરાજનો ઉલ્લેખ આવ્યો છે.

૪. શાન્ત્યાચાર્યે 'सूत्राणि सप्तदश'—એવો ઉલ્લેખ કર્યો છે.

---

૧. दशाश्रुतस्कन्ध दशा, ६, सूत्र ३ ।

૨. એજન, सूत्र ६ ।

૩. ठाणं ८।२२ ।

૪. बृहद्वृत्ति, पत्र ४४७ : 'क्रियां च 'अस्ति जीव इत्यादिरूपां सदनुष्ठानात्मिका वा....तथा 'अक्रियां' नास्त्यात्मेत्यादिकां मिथ्यादृक्परिकल्पिततत्तदनुष्ठानरूपां वा ।

૫. बृहद्वृत्ति, पत्र ४४८ : सागरान्तं–समुद्रपर्यन्तं दिक्त्रये, अन्यत्र तु हिमवत्पर्यन्तमित्युपस्कारः ।

૬. प्रश्नव्याकरण, ६।१।३ ।

૭. बृहद्वृत्ति, पत्र ४४८ : दयया—संयमेन ।

૮. दसवेआलियं ९।१।१३ : लज्जा दया संजम बंभचेरं, कल्लाणभागिस्स विसोहिठाणं ।

૯. એજન, ६।८ : अहिंसा निउणं दिट्ठा, सव्वभूएसु संजमो ॥

'एवं पुण्णपयं सोच्चा' (૩૪મો શ્લોક)થી 'तहेवुग्गं तवं किच्चा'(૫૦મો શ્લોક) સુધી ૧૭ શ્લોકો થાય છે. તેમાં 'नमि नमेइ अप्पाणं' તથા 'करकंडू कलिंगेसु' શ્લોકોની વ્યાખ્યા બૃહદ્‌વૃત્તિમાં નથી. બંને શ્લોકોને પ્રક્ષિપ્ત માનવાથી 'सप्तदश सूत्राणि'ની વાત બેસતી નથી અને 'करकंडू कलिंगेसु'ને પ્રક્ષિપ્ત માનવાનું યુક્તિયુક્ત જણાતું નથી. કેમકે 'नमि नमेइ अप्पाणं' આની તો પુનરાવૃત્તિ થઈ છે અને 'करकंडू कलिंगेसु'—આ શ્લોક પહેલી વાર આવ્યો છે. આથી 'नमी नमेइ अप्पाणं'ને જ પ્રક્ષિપ્ત માનવો જોઈએ.[1]

## ૨૮. (શ્લોક ૪૫)

મુનિના ત્રણ પ્રકાર હોય છે—

૧. સ્વયં-બુદ્ધ— જે સ્વયં બોધિ પ્રાપ્ત કરે છે.

૨. પ્રત્યેક-બુદ્ધ— જે કોઈ એક નિમિત્તથી બોધિ પ્રાપ્ત કરે છે.

૩. બુદ્ધ-બોધિત— જે ગુરૂના ઉપદેશથી બોધિ પ્રાપ્ત કરે છે.

પ્રત્યેક-બુદ્ધ એકાકી-વિહાર કરે છે. તેઓ ગચ્છવાસમાં નથી રહેતા.[2] પ્રસ્તુત શ્લોકમાં ચાર પ્રત્યેક-બુદ્ધોનો ઉલ્લેખ છે—

૧. કરકંડુ— કલિંગનો રાજા.

૨. દ્વિમુખ— પંચાલનો રાજા.

૩. નમિ— વિદેહનો રાજા.

૪. નગ્ગતિ— ગાંધારનો રાજા.

આ બધાનું વિસ્તૃત વર્ણન ટીકામાં મળે છે.[3] આ ચારેય પ્રત્યેક-બુદ્ધો એકીસાથે, એક જ સમયમાં દેવલોકમાંથી ચ્યુત થયા, એક સાથે પ્રવ્રજિત થયા, એક જ સમયે બુદ્ધ થયા, એક જ સમયમાં કેવળી બન્યા અને એક સાથે જ સિદ્ધ થયા.[4]

કરકંડુ ઘરડા બળદને જોઈ પ્રતિબુદ્ધ થયો.

દ્વિમુખ ઈન્દ્રધ્વજને જોઈ પ્રતિબુદ્ધ થયો.

નમિ એક કંકણની નીરવતા જોઈને પ્રતિબુદ્ધ થયો.

નગ્ગતિ મંજરીરહિત આમ્રવૃક્ષ જોઈને પ્રતિબુદ્ધ થયો.[5]

બૌદ્ધ ગ્રંથોમાં પણ આ ચાર પ્રત્યેક-બુદ્ધોનો ઉલ્લેખ મળે છે.[6] પરંતુ તેમનાં જીવન-ચરિત્ર તથા બોધિપ્રાપ્તિનાં નિમિત્તોના ઉલ્લેખમાં ભિન્નતા છે.

ચારે પ્રત્યેક-બુદ્ધોનાં જીવન-વૃત્ત આ પ્રમાણે છે—

### ૧. કરકંડુ

ચંપા નગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ પદ્માવતી હતું. તે ગણતંત્રના અધિનેતા મહારાજ ચેટકની પુત્રી હતી.

---

૧. बृहद्‌वृत्ति, पत्र ४४७-४४८ ।

૨. प्रवचनसारोद्धार, गाथा ५२५-५२८ ।

૩. सुखबोधा, पत्र १३३-१४५ ।

૪. उत्तराध्ययन निर्युक्ति, गाथा २७० ।

૫. सुखबोधा, पत्र १३३ :
वसहे य इन्दकेऊ, वलए अम्बे य पुप्फिए बोही ।
करकंडु दुम्मुहस्स, नमिस्स गन्धाररन्नो य ।

૬. कुम्भकार जातक ( सं. ४०८ ) ।

એક વાર રાણી ગર્ભવતી બની. તેને દોહદ ઉત્પન્ન થયો. પરંતુ તે દોહદની જાણ કરવામાં લજ્જા અનુભવતી રહી. તેનું શરીર સૂકાઈ ગયું. રાજાએ પૂછતાં તેણે પોતાનાં મનની વાત કરી દીધી.

રાણી રાજાનો વેષ ધારણ કરી હાથી પર બેઠી. રાજા પોતે જ તેના મસ્તક ઉપર છત્ર ધરી ઊભો રહ્યો. રાણીનો દોહદ પૂરો થયો. વરસાદ વરસવા લાગ્યો. હાથી વન તરફ ભાગ્યો. રાજા-રાણી ગભરાયાં. રાજાએ રાણીને વટવૃક્ષની ડાળી પકડી લેવા કહ્યું. હાથી વટવૃક્ષની નીચેથી પસાર થયો. રાજાએ એક ડાળી પકડી લીધી. રાણી ડાળી પકડી શકી નહિ. હાથી રાણીને લઈને ભાગ્યો. રાજા એકલો રહી ગયો. રાણીના વિયોગથી તે અત્યંત દુઃખી થયો.

હાથી થાકીને નિર્જન વનમાં જઈ અટક્યો. તેણે એક તળાવ જોયું. તે તરસ છિપાવવા પાણીમાં પેઠો. રાણી અવસર જોઈ નીચે ઊતરી અને તળાવમાંથી બહાર નીકળી ગઈ.

તે દિગ્મૂઢ બની આમ-તેમ જોવા લાગી. ભયાક્રાંત બની તે એક દિશા તરફ ચાલવા લાગી. તેણે એક તાપસને જોયો. તેની પાસે જઈ પ્રણામ કર્યાં. તાપસે તેનો પરિચય પૂછ્યો. રાણીએ સઘળું કહ્યું. તાપસે કહ્યું–'હું પણ મહારાજા ચેટકનો સગોત્રીય છું. હવે ભયભીત બનવાની કોઈ જરૂર નથી.' તેણે રાણીને આશ્વાસન આપી ફળો ભેટ ધર્યાં. રાણીએ ફળો ખાધાં. બંને ત્યાંથી ચાલ્યા. કેટલેક દૂર જઈ તાપસે ગામ બતાવતાં કહ્યું–'હું આ હળથી ખેડાયેલી ભૂમિ પર ચાલી શકું નહિ. પેલું દંતપુર નગર દેખાય છે. ત્યાં દંતવક્ર રાજા છે. તું નિર્ભય બની ત્યાં ચાલી જા અને સારો સંગાથ જોઈ ચંપાપુરી જતી રહેજે.'

રાણી પદ્માવતી દંતપુર પહોંચી. ત્યાં તેણે એક ઉપાશ્રયમાં સાધ્વીઓ જોઈ. તેમની પાસે જઈ વંદના કરી. સાધ્વીઓએ પરિચય પૂછ્યો. તેણે બધી હકીકત કહી સંભળાવી, પણ ગર્ભની વાત છૂપી રાખી.

સાધ્વીઓની વાત સાંભળી રાણીને વૈરાગ્ય થઈ આવ્યો. તેણે દીક્ષા લઈ લીધી. ગર્ભ વૃદ્ધિ પામતો ચાલ્યો. મહત્તરિકાએ આ જોઈ રાણીને પૂછ્યું. સાધ્વીરાણીએ સાચેસાચી વાત કહી દીધી. મહત્તરિકાએ આ વાત છૂપી રાખી. કાળ વીત્યો. ગર્ભના દિવસો પૂરા થયા. રાણીએ શય્યાતરના ઘરે જઈ બાળકને જન્મ આપ્યો. તે નવજાત બાળકને રત્નજડિત કામળામાં લપેટી અને પોતાની નામાંકિત મુદ્રા તેને પહેરાવી સ્મશાનમાં છોડી દીધો. સ્મશાનપાળે તેને જોયો અને પોતાની સ્ત્રીને સોંપ્યો. તેણે તેનું નામ 'અવકીર્ણક' રાખ્યું. સાધ્વીરાણીએ સ્મશાનપાળની પત્ની સાથે મિત્રતા કરી. રાણી જ્યારે ઉપાશ્રયમાં પહોંચી ત્યારે સાધ્વીઓએ ગર્ભ વિષયમાં પૂછ્યું. તેણે કહ્યું–'મરેલો પુત્ર જન્મ્યો હતો, મેં તેને ફેંકી દીધો.'

બાળક સ્મશાનપાળના ઘરે ઉછર્યો. તે પોતાના સમવયસ્ક બાળકો સાથે રમતી વખતે કહેતો–'હું તમારો રાજા છું. મને કર આપો.'

એકવાર તેના શરીરે સૂકી ખુજલી થઈ. તે પોતાના સાથીઓને કહેતો–'મને ખંજવાળી દો.' એવું કરવાથી તેનું નામ 'કરકંડુ' પડ્યું.

કરકંડુને તે સાધ્વી પ્રત્યે અનુરાગ હતો. તે સાધ્વી મોહવશ ભિક્ષામાં મળેલા લાડુ વગેરે તેને આપ્યા કરતી.

બાળક મોટો થયો. તે સ્મશાનની રક્ષા કરવા લાગ્યો. ત્યાં બાજુમાં જ વાંસનું વન હતું. એકવાર બે સાધુઓ તે દિશામાંથી નીકળ્યા. એક સાધુ દંડના લક્ષણોનો જ્ઞાતા હતો. તેણે કહ્યું–'અમુક પ્રકારનો દંડ જે ગ્રહણ કરશે, તે રાજા થશે.' કરકંડુ તથા એક બ્રાહ્મણના છોકરાએ આ વાત સાંભળી. બ્રાહ્મણકુમાર તત્કાળ ગયો અને લક્ષણવાળા વાંસનો દંડ કાપ્યો. કરકંડુએ કહ્યું–'આ વાંસ મારા સ્મશાનમાં ઉછર્યો છે, એટલે તેનો માલિક હું છું.' બંનેમાં વિવાદ થયો. બંને ન્યાયાધીશ પાસે ગયા. તેણે ન્યાય આપતાં કરકંડુને તે દંડ અપાવ્યો.

બ્રાહ્મણ કુપિત થયો અને તેણે ચાંડાળ પરિવારને મારવાનું ષડયંત્ર રચ્યું. ચાંડાળને તેની જાણકારી મળી ગઈ. તે પોતાના પરિવારને સાથે લઈ કાંચનપુર ચાલ્યો ગયો.

કાંચનપુરનો રાજા મરી ચૂક્યો હતો. તેને પુત્ર હતો નહિ. રાજા પસંદ કરવા એક ઘોડાને છૂટો મૂકવામાં આવ્યો. ઘોડો

સીધો ત્યાં જઈ અટક્યો જ્યાં ચાંડાલ વિશ્રામ કરી રહ્યો હતો. ઘોડાએ કુમાર કરકંડુની પ્રદક્ષિણા કરી અને તેની પાસે અટકી ગયો. સામંતો આવ્યા. કુમારને લઈ ગયા. રાજ્યાભિષેક થયો. તે કાંચનપુરનો રાજા બની ગયો.

જ્યારે બ્રાહ્મણકુમારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તે એક ગામ દાનમાં લેવાની આશાથી કરકંડુ પાસે આવ્યો અને યાચના કરી કે મને ચંપા રાજ્યમાં એક ગામ આપવામાં આવે. કરકંડુએ દધિવાહનના નામે પત્ર લખ્યો. દધિવાહને તેને પોતાનું અપમાન ગણ્યું. તેણે કરકંડુને સાચું-ખોટું સંભળાવ્યું. કરકંડુએ આ બધું સાંભળી ચંપા ઉપર ચઢાઈ કરી.

સાધ્વી રાણી પદ્માવતીએ યુદ્ધની વાત સાંભળી. મનુષ્ય-સંહારની કલ્પના સાકાર થઈ ઊઠી. તે ચંપા પહોંચી. પિતા-પુત્રનો પરિચય કરાવ્યો. યુદ્ધ બંધ થઈ ગયું. રાજા દધિવાહને પોતાનું સમગ્ર રાજ્ય કરકંડુને સોંપી પ્રવ્રજ્યા લઈ લીધી.

કરકંડુ ગો-પ્રિય હતો. એક દિવસ તે ગોકુળ જોવા ગયો. તેણે એક દુબળા વાછડાને જોયો. તેનું મન દયાથી ભરાઈ ગયું. તેણે આજ્ઞા કરી કે આ વાછડાને તેની માનું બધું દૂધ પીવરાવવામાં આવે અને જ્યારે તે મોટો થઈ જાય ત્યારે બીજી ગાયોનું દૂધ પણ તેને પીવરાવવામાં આવે. ગોપાલકોએ આ વાત સ્વીકારી.

વાછડો સુખપૂર્વક વધવા લાગ્યો. તે યુવાન બન્યો. તેનામાં અપાર શક્તિ હતી. રાજાએ જોયું. તે ખૂબ પ્રસન્ન થયો.

કેટલોક સમય વીત્યો. એક દિવસ રાજા ફરી ત્યાં આવ્યો. તેણે જોયું કે એ જ વાછડો આજ ઘરડો થઈ ગયો છે, આંખો બહાર નીકળી પડી છે, પગ ડગમગી રહ્યા છે અને તે બીજા નાના-મોટા બળદોના ધક્કા ખાઈ રહ્યો છે.રાજાનું મન વૈરાગ્યથી ભરાઈ ગયું. સંસારની પરિવર્તનશીલતાનું ભાન થયું. તે પ્રત્યેક-બુદ્ધ બની ગયો.[1]

**૨. દ્વિમુખ**

પંચાલ દેશમાં કાંપિલ્ય નામનું નગર હતું. ત્યાં જય નામનો રાજા રાજ્ય કરતો હતો. તે હરિકુળવંશમાં ઉત્પન્ન થયો હતો. તેની રાણીનું નામ ગુણમાલા હતું.

એક દિવસ રાજા રાજસભામાં બેઠો હતો. તેણે દૂતને પૂછ્યું—'સંસારમાં એવી કઈ વસ્તુ છે કે જે મારી પાસે નથી અને બીજા રાજાઓની પાસે છે?' દૂતે કહ્યું—'રાજન્ ! તમારે ત્યાં ચિત્રસભા નથી.' રાજાએ તત્કાળ ચિત્રકારોને બોલાવ્યા અને ચિત્રસભાનું નિર્માણ કરવાની આજ્ઞા આપી. ચિત્રકારોએ કાર્ય પ્રારંભ કર્યું. જમીન ખોદાવા લાગી. પાંચમા દિવસે એક રત્નમય દેદીપ્યમાન મહામુકુટ નીકળ્યો. રાજાને જાણ થઈ. તે અત્યંત પ્રસન્ન થયો.

થોડા જ સમયમાં ચિત્રસભાનું કાર્ય પૂર્ણ થયું. શુભ દિવસ જોઈ રાજાએ ત્યાં પ્રવેશ કર્યો અને મંગળ-વાદ્ય ધ્વનિઓની વચ્ચે તેણે પેલો મુકુટ ધારણ કર્યો. તે મુકુટના પ્રભાવથી તેના બે મુખ દેખાવા લાગ્યાં. લોકોએ તેનું નામ 'દ્વિમુખ' રાખ્યું.

કાળ પસાર થયો. રાજાના સાત પુત્રો થયા, પણ એક પણ પુત્રી ન થઈ. ગુણમાલા ઉદાસીન રહેવા લાગી. તેણે મદન નામે યક્ષની આરાધના શરૂ કરી. યક્ષ પ્રસન્ન થયો. તેને એક પુત્રી થઈ. તેનું નામ 'મદનમંજરી' રાખવામાં આવ્યું.

ઉજ્જૈનીના રાજા ચંડપ્રદ્યોતે મુકુટની વાત સાંભળી. તેણે દૂત મોકલ્યો. દૂતે દ્વિમુખ રાજાને કહ્યું—'યા તો આપ પોતાનો મુકુટ ચંડપ્રદ્યોત રાજાને સમર્પિત કરો અથવા યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ.'

દ્વિમુખ રાજાએ કહ્યું—'હું પોતાનો મુકુટ તો આપું કે જો તે મને ચાર વસ્તુઓ આપે—

૧. અનલગિરિ હાથી ૨. અગ્નિભીરુ રથ ૩. શિવા દેવી અને ૪. લોહજંઘ લેખાચાર્ય.'

દૂતે જઈને ચંડપ્રદ્યોતને બધી હકીકત કહી. તે કોપાયમાન થયો અને તેણે ચતુરંગિણી સેના લઈ દ્વિમુખ ઉપર ચડાઈ કરી. તે સીમા સુધી પહોંચ્યો, સેનાનો પડાવ નાખ્યો અને ગરુડ-વ્યૂહની રચના કરી. દ્વિમુખ પણ પોતાની સેના લઈ સીમા પર આવી પહોંચ્યો. તેણે સાગર-વ્યૂહની રચના કરી.

---

૧. सुखबोधा, पत्र १३३ ।

બંને તરફ ઘમસાણ યુદ્ધ થયું. મુકુટના પ્રભાવથી દ્વિમુખની સેના અજેય રહી. પ્રદ્યોતની સેના ભાગવા લાગી. તે હારી ગયો. દ્વિમુખે તેને બંદી બનાવ્યો.

ચંડપ્રદ્યોત કારાગૃહમાં કેદ હતો. એક દિવસ તેણે રાજકન્યા મદનમંજરીને જોઈ. તે તેનામાં આસક્ત બની ગયો. જેમ-તેમ રાત વીતી. પ્રાતઃકાળ થયો. રાજા દ્વિમુખ ત્યાં આવ્યો. તેણે પ્રદ્યોતને ઉદાસીન જોયો. કારણ પૂછતાં તેણે બધી વાત કહી. તેણે કહ્યું—'જો મદનમંજરી નહિ મળે તો હું અગ્નિમાં કૂદીને મરી જઈશ.' દ્વિમુખે પોતાની કન્યાનાં લગ્ન તેની સાથે કરી દીધાં. ચંડપ્રદ્યોત પોતાની નવવધૂને સાથે લઈ ઉજ્જૈની ચાલ્યો ગયો.

એકવાર ઈન્દ્ર-મહોત્સવ[1] આવ્યો. રાજાની આજ્ઞાથી નાગરિકોએ ઈન્દ્ર-ધ્વજની સ્થાપના કરી. તે ઈન્દ્ર-ધ્વજને અનેક પ્રકારનાં પુષ્પો, ઘંટડીઓ તથા માળાઓ વડે શણગારવામાં આવ્યો. લોકોએ તેની પૂજા કરી. ઠેર-ઠેર નૃત્ય, ગીત થવાં લાગ્યાં. બધા લોકો આનંદમગ્ન હતા. આ રીતે સાત દિવસ વીત્યા. પૂર્ણિમાના દિવસે મહારાજા દ્વિમુખે ઈન્દ્ર-ધ્વજની પૂજા કરી.

પૂજા-કાળ સમાપ્ત થયો. લોકોએ ઈન્દ્ર-ધ્વજનાં આભૂષણો ઊતારી લીધાં અને લાકડાંને સડક પર ફેંકી દીધું. એક દિવસ રાજા તે જ માર્ગેથી પસાર થયો. તેણે પેલા ઈન્દ્ર-ધ્વજનાં લાકડાંને મળ-મૂત્રમાં પડેલું જોયું. તેને વૈરાગ્ય થઈ આવ્યો. તે પ્રત્યેક-બુદ્ધ બની પંચ-મુષ્ટિ લોચ કરી પ્રવ્રજિત બની ગયો.[2]

### ૩. નમિ

અવંતી દેશમાં સુદર્શન નામનું નગર હતું. ત્યાં મણિરથ નામે રાજા રાજ્ય કરતો હતો. યુગબાહુ તેનો ભાઈ હતો. તેની પત્નીનું નામ મદનરેખા હતું. મણિરથે યુગબાહુને મારી નાખ્યો. મદનરેખા ગર્ભવતી હતી. તે ત્યાંથી એકલી ચાલી નીકળી. જંગલમાં તેણે એક પુત્રને જન્મ આપ્યો. તેને રત્ન-કંબલમાં લપેટી ત્યાં જ મૂકી પોતે શૌચ-કર્મ કરવા જળાશયમાં ગઈ. ત્યાં એક જળહસ્તિએ તેને સૂંઢથી પકડીને આકાશમાં ઊછાળ્યો. વિદેહરાષ્ટ્ર અંતર્ગત આવેલી મિથિલા નગરીનો નરેશ પદ્મરથ શિકાર કરવા જંગલમાં આવ્યો. તેણે પેલા બાળકને ઊપાડી લીધો. રાજા નિષ્પુત્ર હતો. પુત્રની સહજ પ્રાપ્તિ થતાં તેને પ્રસન્નતા થઈ. બાળક તેના ઘરમાં રહી વધવા લાગ્યો. તેના પ્રભાવથી પદ્મરથના શત્રુ રાજાઓ પણ તેને નમવા લાગ્યા. એટલા માટે બાળકનું નામ 'નમિ' રાખવામાં આવ્યું. યુવાન થયો એટલે તેનાં ૧૦૦૮ કન્યાઓ સાથે લગ્ન સંપન્ન થયાં.

પદ્મરથ વિદેહરાષ્ટ્રની રાજ્યસત્તા નમિને સોંપી પ્રવ્રજિત થઈ ગયો. એકવાર મહારાજ નમિને દાહ-જ્વર થયો. તેણે છ મહિના સુધી અત્યંત વેદના સહન કરી. વૈદ્યોએ રોગ અસાધ્ય બતાવ્યો. દાહ-જ્વરને શાંત કરવા માટે રાણીઓ પોતે જ ચંદન ઘસી રહી હતી. તેમના હાથમાં પહેરેલાં કંકણોનો ખખડવાનો અવાજ આવતો હતો. આ અવાજથી રાજાને કષ્ટ થવા લાગ્યું. તેણે કંકણો ઊતારી નાખવા માટે કહ્યું. બધી રાણીઓએ સૌભાગ્યચિહ્ન સ્વરૂપ એક-એક કંકણ રાખી બાકીનાં કંકણો ઊતારી નાખ્યાં. થોડી વાર પછી રાજાએ પોતાના મંત્રીને પૂછ્યું—'કંકણનો અવાજ કેમ સંભળાતો નથી ?' મંત્રીએ કહ્યું—'રાજન્ ! તેમના ઘર્ષણથી થતો અવાજ આપને અપ્રિય લાગે છે એમ વિચારી બધી રાણીઓએ એક-એક કંકણ છોડી બાકીના કંકણ ઊતારી કાઢ્યાં છે. એક કંકણમાં ઘર્ષણ થતું નથી. ઘર્ષણ વિના અવાજ ક્યાંથી થાય ?'

રાજા નમિએ વિચાર્યું—'સુખ એકલપણામાં છે. જ્યાં દ્વન્દ્વ છે, બે છે, ત્યાં દુઃખ છે.' વિચાર આગળ ચાલ્યો. તેણે વિચાર્યું—'જો હું આ રોગમાંથી મુક્ત થઈ જઈશ તો જરૂર પ્રવ્રજ્યા ગ્રહણ કરી લઈશ.' તે દિવસે કાર્તિક માસની પૂર્ણિમા હતી. રાજા એ જ ચિંતનમાં લીન બની સૂઈ ગયો. રાત્રિના અંતિમ પ્રહરમાં તેણે સ્વપ્ન જોયું. નંદીઘોષના અવાજથી તે જાગી ગયો. તેનો દાહ-જ્વર નષ્ટ થઈ ચૂક્યો હતો. તેણે સ્વપ્નનું ચિંતન કર્યું. તેને જાતિ-સ્મૃતિ થઈ આવી. તે પ્રતિબુદ્ધ બની પ્રવ્રજિત થઈ ગયો.[3]

---

૧. આ મહોત્સવનો પ્રારંભ ભરતે કર્યો હતો. નિશીથચૂર્ણિ (પત્ર ૧૧૭૪)માં આને આષાઢી પૂર્ણિમાના દિવસે ઉજવવાનો તથા આવશ્યક નિર્યુક્તિ હારિભદ્રીય વૃત્તિ (પત્ર ૩૫૯)માં કાર્તિક પૂર્ણિમાએ ઉજવવાનો ઉલ્લેખ છે. લાડ દેશમાં શ્રાવણ પૂર્ણિમાએ આ મહોત્સવ ઉજવવામાં આવતો હતો.

૨. सुखबोधा, पत्र १३५-१३६ ।

૩. એજન, पत्र १३६-१४३ ।

૪. નગ્ગતિ (नग्गति[1])

ગાંધાર જનપદમાં પુંડ્રવર્ધન નામે નગર હતું. ત્યાં સિંહરથ નામે રાજા રાજ્ય કરતો હતો. એકવાર ઉત્તરાપથમાંથી તેને બે ઘોડા ભેટમાં મળ્યા.

એક દિવસ રાજા અને રાજકુમાર બંને ઘોડા પર સવાર થઈ તેમની પરીક્ષા કરવા નીકળ્યા. રાજા જેમ-જેમ લગામ ખેંચતો તેમ-તેમ ઘોડો તેજીથી દોડવા લાગતો. દોડતા-દોડતા તે બાર યોજન સુધી ચાલ્યો ગયો. રાજાએ લગામ ઢીલી મૂકી. ઘોડો ત્યાંજ અટકી ગયો. તેને એક વૃક્ષ નીચે બાંધી રાજા ફરવા લાગ્યો. ફળ ખાઈને ભૂખ શાંત કરી. રાત વીતાવવા માટે રાજા પહાડ પર ચડ્યો. ત્યાં તેણે સાત મજલાવાળો એક સુંદર મહેલ જોયો. રાજા અંદર ગયો. ત્યાં એક સુંદર કન્યા જોઈ. એકબીજાને જોઈ બંને વચ્ચે પ્રેમ થઈ ગયો. રાજાએ કન્યાનો પરિચય પૂછ્યો ત્યારે તેણે કહ્યું—'પહેલાં મારી સાથે વિવાહ કરો, પછી હું મારો સમગ્ર વૃત્તાંત તમને કહીશ.'

રાજાએ તેની સાથે વિવાહ કર્યો. કન્યાનું નામ કનકમાલા હતું. રાત વીતી. પ્રાતઃકાળે કન્યાએ કથા સંભળાવી.

રાજાએ ધ્યાનપૂર્વક કથા સાંભળી. તેને જાતિસ્મરણ જ્ઞાન થઈ ગયું. તે એક મહિના સુધી ત્યાં જ રહ્યો.

એક દિવસ તેણે કનકમાલાને કહ્યું—'પ્રિયે ! શત્રુવર્ગ ક્યાંક મારા રાજ્યનો નાશ ન કરી દે એટલા માટે હવે મારે ત્યાં જવું જોઈએ. તું મને રજા આપ.' કનકમાલાએ કહ્યું—'જેવી આપની આજ્ઞા. પરંતુ આપનું નગર અહીંથી દૂર છે. આપ પગે ચાલી કેવી રીતે જઈ શકશો ? મારી પાસે પ્રજ્ઞપ્તિ-વિદ્યા છે, આપ તેની સાધના કરી લો.' રાજાએ વિદ્યાની સાધના કરી. વિદ્યા સિદ્ધ થતાં તે તેના પ્રભાવથી પોતાના નગરમાં પહોંચી ગયો.

રાજાને પાછો આવ્યો જાણી લોકોએ મહોત્સવ મનાવ્યો. સામંતોએ રાજાને પૂર્વ વૃત્તાંત પૂછ્યો. રાજાએ બધી વાત કરી. બધા આશ્ચર્યચકિત થઈ ગયા.

રાજા પાંચ-પાંચ દિવસના ગાળે તે જ પર્વત પર કનકમાલાને મળવા જતો રહેતો હતો. તે કેટલાક દિવસો તેની સાથે વીતાવી પોતાના નગરમાં પાછો ફર્યો. આ રીતે સમય વીતવા લાગ્યો. લોકો કહેતાં—રાજા 'નગ' અર્થાત્ પર્વત પર છે. એ પછી તેનું નામ નગ્ગતિ પડ્યું.

એક દિવસ રાજા ભ્રમણ કરવા નીકળ્યો. તેણે એક પુષ્પિત આમ્રવૃક્ષ જોયું. એક મંજરી તોડી તે આગળ વધ્યો. સાથે રહેલા બધા માણસોએ મંજરી, પત્રો, પ્રવાલ, પુષ્પો, ફળ વગેરે બધું તોડી લીધું. આમ્રનું વૃક્ષ હવે માત્ર ઠૂંઠું બની ગયું. રાજા ફરી તે જ માર્ગે પાછો ફર્યો. તેણે પૂછ્યું—'તે આમ્રવૃક્ષ ક્યાં છે ?' મંત્રીએ આંગળીના ઈશારે પેલા ઠૂંઠા તરફ સંકેત કર્યો. રાજા આંબાની તે અવસ્થા જોઈ અવાક્ બની ગયો. તેને કારણ જાણવા મળ્યું. તેણે વિચાર્યું—'જ્યાં ઋદ્ધિ છે ત્યાં શોભા છે. પરંતુ ઋદ્ધિ સ્વભાવથી જ ચંચળ હોય છે.' આવા વિચારો કરતાં તે સંબુદ્ધ બની ગયો.[2]

૨૯. શ્વેત (सेओ)

પ્રસ્તુત શ્લોકમાં આવેલ 'सेओ' કાશીમંડળના અધિપતિનું નામ છે. સ્થાનાંગસૂત્રમાં એવો ઉલ્લેખ છે કે ભગવાન મહાવીરે આઠ રાજાઓને પ્રવ્રજિત કર્યા હતા. તેમાં એક 'सेय' (શ્વેત) નામનો રાજા છે.[3] સ્થાનાંગની ટીકામાં તેને આમલકલ્પા નગરીનો રાજા બતાવવામાં આવ્યો છે. તેની રાણીનું નામ ધારણી હતું. એકવાર ભગવાન મહાવીર જ્યારે આમલકલ્પા નગરીમાં આવ્યા ત્યારે રાજા-રાણી બંને પ્રવચન સાંભળવા ગયાં અને પ્રવ્રજિત થઈ ગયાં.[4] સ્થાનાંગના આધારે કાશીરાજનું નામ શ્વેત હતું, એવી સંભાવના કરી શકાય છે.

૧. બૌદ્ધ જાતક (સં. ૪૪૮)માં નગ્ગજી અને શતપથ બ્રાહ્મણ (૮।૧।૪।૧૦)માં નગ્નજિત્ નામ છે.

૨. सुखबोधा, पत्र १४१-१४५ ।

૩. ठाणं, ८।४१ ।

૪. स्थानांगवृत्ति, पत्र ४०८ ।

ઉત્તરાધ્યયનની બૃહદ્‌વૃત્તિમાં 'सेओ'નો અર્થ શ્રેયસ્–અતિ પ્રશસ્ય કરવામાં આવ્યો છે.[1] ડૉ. હર્મન જેકોબીએ પણ આનું અનુસરણ કરી 'સેય'નો અનુવાદ best કર્યો છે અને તેને સત્યનું વિશેષણ માનેલ છે.[2]

સુખબોધામાં કાશીરાજનો પરિચય સાતમા બલદેવ નંદનના રૂપમાં આપવામાં આવ્યો છે. તેનું જીવનવૃત્ત આ પ્રમાણે છે– વારાણસી નગરીમાં અગ્નિશિખ રાજા હતો. તેની રાણીનું નામ હતું જયંતી. તેના પુત્રનું નામ હતું નંદન. તે સાતમો બલદેવ હતો. તેના નાના ભાઈ શેષવતીનો પુત્ર દત્ત વાસુદેવ હતો.[3]

સુખબોધાના આ મંતવ્યનો કોઈ પ્રાચીન આધાર જ્ઞાત નથી.

ડૉ. હર્મન જેકોબીએ ફૂટનોટમાં આ મત ઉદ્ધૃત કર્યો છે.[4]

૩૦. (**सिरसा सिरं**)

'**सिरसा**'–શિર આપ્યા વિના અર્થાત્ જીવનનિરપેક્ષ બન્યા વિના સાધ્યની ઉપલબ્ધિ થતી નથી. '**सिरसा**'–આ શબ્દમાં '**इष्टं साधयामि पातयामि वा शरीरम्**'નો પ્રતિધ્વનિ છે.

શાન્ત્યાચાર્યે આની સાથે '**इव**' વધારામાં જોડેલ છે.[5]

'**सिर**'–શરીરમાં સહુથી ઊંચું સ્થાન શિરનું છે. લોકમાં સહુથી ઊંચું મોક્ષ છે. આ જ સમાનતાના કારણે શિરસ્થાનીય મોક્ષને '**सिर**' કહ્યું છે.[6]

૩૧. (શ્લોક ૩૪-૫૦)

આ સત્તર શ્લોકોમાં જિન-શાસનમાં દીક્ષિત થનારા રાજાઓની સૂચિ આપવામાં આવી છે. આમાં દસ ચક્રવર્તી અને બાકીના નવ માંડલિક રાજાઓ છે–

| ચક્રવર્તી | રાજા |
|---|---|
| ૧. ભરત | ૧. દશાર્ણભદ્ર |
| ૨. સગર | ૨. કરકંડુ |
| ૩. મઘવા | ૩. દ્વિમુખ |
| ૪. સનત્કુમાર | ૪. નમિરાજ |
| ૫. શાંતિનાથ | ૫. નગ્ગતિ |
| ૬. કુંથુ | ૬. ઉદ્રાયણ |
| ૭. અર | ૭. શ્વેત |
| ૮. મહાપદ્મ | ૮. વિજય |
| ૯. હરિષેણ | ૯. મહાબલ |
| ૧૦. જય | |

---

૧. बृहद्वृत्ति, पत्र ४४८ : श्रेयसि–अतिप्रशस्ये ।

૨. जैनसूत्राज, उत्तराध्ययन : १८।४९, पृ. ८७ ।

૩. सुखबोधा, पत्र २५५ ।

૪. जैनसूत्राज, उत्तराध्ययन : १८।४९, पृ. ८७, फुट नोट ४ ।

૫. એજન, पत्र ४४९ : शिरसेव–शिरसा शिरःप्रदानेनेव जीवित-निरपेक्षमिति ।

૬. बृहद्वृत्ति, पत्र ४४७ : 'शिरं' ति शिर इव शिरः सर्वजगदुपरिवर्त्तितया मोक्षः ।

### ૩૨. અહેતુવાદો દ્વારા (अहेऊहिं)

બૃહદ્‌વૃત્તિમાં 'અહેતુ'નો અર્થ 'કુહેતુ' કરવામાં આવ્યો છે. જે પોતાના સાધ્યની સિદ્ધિ કરવા માટે સક્ષમ હોય છે તે સાધન અથવા હેતુ કહેવાય છે. એકાંતદૃષ્ટિવાળા જેટલા વિચારો છે તે પોતાના સાધ્યની સિદ્ધિ કરવામાં સફળ નથી થતા, એટલા માટે એકાંતવાદી દૃષ્ટિકોણને અહેતુ કહી શકાય.[1]

### ૩૩. અત્યંત યુક્તિયુક્ત (अच्चंतनियाणखमा)

શાન્ત્યાચાર્યે આના બે અર્થ કર્યા છે—

(૧) અતિશય નિદાન (હેતુ)યુક્ત.

(૨) અતિશય નિદાન (કર્મ-મલ શોધન)માં ક્ષમ.[2]

ચૂર્ણિકારે 'अनियाणखम' પદ માનીને અનિદાનનો અર્થ અબંધ કર્યો છે.[3]

### ૩૪. સંગોથી (संग)

જેનાથી કર્મનું બંધન થાય છે, તેને 'સંગ' કહેવામાં આવે છે. તે બે પ્રકારનો છે—દ્રવ્ય સંગ અને ભાવ સંગ. દ્રવ્યતઃ સંગ પદાર્થો હોય છે અને ભાવતઃ સંગ હોય છે એકાંતવાદી દર્શન.[4]

### ૩૫. (શ્લોક ૨૦-૫૩)

આ ચોત્રીસ શ્લોકોમાં ક્ષત્રિય અને રાજર્ષિ સંજય વચ્ચે થયેલા વાર્તાલાપનું સંકલન છે. ક્ષત્રિયે વગર પૂછ્યે જ પોતાનો પરિચય આપ્યો અને પછી અનેક રાજાઓનાં ઉદાહરણો વડે સંજયને સમજાવ્યો.

અંતમાં ક્ષત્રિય ત્યાંથી ચાલીને પોતાના વિવક્ષિત સ્થાન પર આવી ગયો.[5] રાજર્ષિ સંજય તપના આચરણ દ્વારા આશ્રવો ક્ષીણ કરીને મુક્ત થઈ ગયા.[6]

---

૧. बृहद्‌वृत्ति, पत्र ४४९ : अहेतुभिः क्रियावाद्यादिपरिकल्पितकुहेतुभिः ।

૨. એજન, पत्र ४४९ : अतिशयेन निदानैः—कारणैः, कोऽर्थः?—हेतुभिर्न तु परप्रत्ययेनैव, क्षमा—युक्ताऽत्यन्तनिदानक्षमा, यद्वा निदानं—कर्ममलशोधनं तस्मिन् क्षमाः—समर्थाः ।

૩. उत्तराध्ययन चूर्णि, पृ. २५० ।

૪. बृहद्‌वृत्ति, पत्र ४४९-४५० : सजन्ति—कर्मणा संबध्यन्ते जन्तव एभिरिति संगाः—द्रव्यतो द्रविणादयो भावतस्तु मिथ्यात्वरूपत्वादेत एव क्रियादिवादाः ।

૫. बृहद्‌वृत्ति, पत्र ४५० : इत्थं तमनुशास्य गतो विवक्षितं स्थानं क्षत्रियः ।

૬. उत्तराध्ययन निर्युक्ति, गाथा ४०४ :
काऊण तवच्चरणं बहूणि वासाणि सो धुयकिलेसो ।
तं ठाणं संपत्तो जं संपत्ता न सोयंति ॥

# एगूणविंसइमं अज्झयणं

मियापुत्तिज्जं

# ઓગણીસમું અધ્યયન

મૃગાપુત્રીય

# આમુખ

નિર્યુક્તિકાર અનુસાર આ અધ્યયનનું નામ 'मिगपुत्तिज्जं'–'मृगापुत्रीय' છે. મૃગા રાણીના પુત્રના કારણે આ અધ્યયન સમુત્પન્ન થયું છે, એટલા માટે તેનું નામ 'મૃગાપુત્રીય' રાખવામાં આવ્યું છે.[1]

સમવાયાંગ અનુસાર આનું નામ 'मियचारिया'–'मृगचारिका' છે.[2] આ નામકરણ પ્રતિપાદ્ય વિષયના આધારે થયું છે.

સુગ્રીવ નગરમાં બલભદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની પટરાણીનું નામ મૃગાવતી હતું. તેને એક પુત્ર હતો. માતા-પિતાએ તેનું નામ બલશ્રી રાખ્યું. તે લોકોમાં મૃગાપુત્ર નામે પ્રસિદ્ધ થયો. તે યુવાન થયો. પાણિગ્રહણ-સંપન્ન થયો. એકવાર તે પોતાની પત્નીઓ સાથે મહેલના ઝરુખામાં બેસીને ક્રીડા કરી રહ્યો હતો. માર્ગમાં લોકો આવી-જઈ રહ્યા હતા. સ્થાને-સ્થાને નૃત્ય-સંગીતની મંડળીઓ જામી હતી. એકાએક તેની નજર રાજમાર્ગ પર મંદ ગતિથી ચાલતા એક નિર્ગ્રંથ ઉપર જઈ પડી. મુનિના તેજોદીપ્ત લલાટ, ચમકતી આંખો અને તપસ્યાથી કૃશ શરીરને તે અનિમેષ દૃષ્ટિએ જોતો રહ્યો. મન આલોકિત થયું. ચિંતન તીવ્ર થયું. તેણે વિચાર્યું–'અન્યત્ર પણ મેં આવું સ્વરૂપ જોયું છે.' આ વિચારોમાં લીન થયો અને તેને જાતિસ્મૃતિજ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વ-જન્મની બધી ઘટનાઓ પ્રત્યક્ષ થઈ ગઈ. તેણે જાણી લીધું કે પૂર્વભવમાં તે શ્રમણ હતો. આ અનુભૂતિથી તેનું મન વૈરાગ્યથી ભરાઈ ગયું. તે પોતાના માતા-પિતા પાસે આવ્યો અને બોલ્યો–'તાત ! હું પ્રવ્રજ્યા લેવા ઈચ્છું છું. શરીર અનિત્ય છે, અશુચિમય છે, દુઃખ અને ક્લેશોનું પાત્ર છે. મને તેમાં કોઈ રસ નથી. જેને આજ કે કાલ છોડવું જ પડશે, તેને હું હમણાં જ છોડી દેવા ઈચ્છું છું. સંસારમાં દુઃખ જ દુઃખ છે. જન્મ દુઃખ છે, મરણ દુઃખ છે, જરા દુઃખ છે. બધા ભોગો આપાત-ભદ્ર અને પરિણામ-વિરસ છે.'

માતા-પિતાએ તેને સમજાવ્યો અને શ્રામણ્યની કઠોરતા અને તેની દુશ્ચરતાનું દિગ્દર્શન કરાવ્યું. તેમણે કહ્યું–

"પુત્ર ! શ્રામણ્ય દુશ્ચર છે. મુનિએ હજારો ગુણ ધારણ કરવાના હોય છે. તેણે જીવનભર પ્રાણાતિપાતથી વિરતિ કરવાની હોય છે. એ જ રીતે મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મચર્ય અને પરિગ્રહનું વિવર્જન કરવાનું હોય છે. રાત્રિભોજનનો સર્વથા ત્યાગ અત્યંત કઠણ છે. અનેક કષ્ટો સહન કરવાં પડે છે.

"ભિક્ષાચર્યા દુઃખપ્રદ હોય છે. યાચના અને અલાભ બંનેને સહન કરવાં દુષ્કર છે. સાધુએ કુક્ષિ-સંબલ બનવું પડે છે.

"તું સુકોમળ છે, શ્રામણ્ય અત્યંત કઠોર છે. તું તેનું પાલન નહિ કરી શકે. બીજી વાત એ છે કે આ શ્રામણ્ય યાવત્-જીવન પાળવાનું હોય છે. તેમાં અવધિ નથી હોતી. શ્રામણ્ય રેતીના કોળિયાની માફક નિઃસ્વાદ અને અસિધારાની માફક દુશ્ચર છે. તેનું પાલન કરવું લોઢાના ચણા ચાવવા બરાબર છે." (શ્લોક ૨૪-૩૮)

આ પ્રકારે મૃગાપુત્ર અને તેના માતા-પિતા વચ્ચે સુંદર સંવાદ ચાલે છે. માતા-પિતા તેને ભોગ તરફ આકૃષ્ટ કરવા ઈચ્છે છે અને તે પોતે સાધના તરફ અગ્રસર થવા ઈચ્છે છે. માતા-પિતાએ શ્રામણ્યને જે ઉપમાઓ વડે ઉપમિત કરેલ છે તે સંયમની ગુરુતા અને દુષ્કરતાને પ્રમાણિત કરે છે.

મૃગાપુત્રનો આત્મવિશ્વાસ મૂર્ત બને છે અને તે આ બધાને આત્મસાત્ કરવા માટે પોતાની જાતને યોગ્ય બતાવે છે.

અંતમાં માતા-પિતા કહે છે–'વત્સ ! જે કંઈ તું કહે છે તે સત્ય છે પરંતુ શ્રામણ્યનું સૌથી મોટું દુઃખ છે નિષ્પ્રતિકર્મતા અર્થાત્ રોગની ચિકિત્સા ન કરવી.'

મૃગાપુત્રે કહ્યું–'તાત ! અરણ્યમાં વસનારાં મૃગ વગેરે પશુઓ તથા પક્ષીઓની ચિકિત્સા કોણ કરે છે ? કોણ તેમને ઔષધિ આપે છે ? કોણ તેમની સુખ-શાતા પૂછે છે ? કોણ તેમને ભોજન-પાણી આપે છે ? હું પણ તેમની માફક રહીશ–

---

૧. उत्तराध्ययन निर्युक्ति, गाथा ४०८ :

मिगदेवीपुत्ताओ, बलसिरिनामा समुट्ठियं जम्हा ।
तम्हा मिगपुत्तिज्जं, अज्झयणं होइ नायव्वं ॥

२. समवाओ, समवाय ३६ ।

મૃગચારિકા વડે પોતાનું જીવન વીતાવીશ.' (શ્લોક ૭૬-૮૫)

માતા-પિતાએ મૃગાપુત્રની વાતો સાંભળી. તેની સંયમગ્રહણની દૃઢતાથી પરાજિત થઈ તેમણે તેને પ્રવ્રજ્યાની આજ્ઞા આપી. મૃગાપુત્ર મુનિ બની ગયો. તેણે પવિત્રતાથી શ્રામણ્યનું પાલન કર્યું અને અંતમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત બની ગયો.

# एगूणविंसइमं अज्झयणं : ઓગણીસમું અધ્યયન
# मियापुत्तिज्जं : મૃગાપુત્રીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. सुग्गीवे नयरे रम्मे<br>काणणुज्जाणसोहिए ।<br>राया बलभद्दो त्ति<br>मिया तस्सग्गमाहिसी ॥ | सुग्रीवे नगरे रम्ये<br>काननोद्यानशोभिते ।<br>राजा बलभद्र इति<br>मृगा तस्याग्रमहिषी ॥ | ૧. કાનનો અને ઉદ્યાનો[1] વડે શોભિત સુરમ્ય સુગ્રીવ નગરમાં બલભદ્ર નામે રાજા હતો. મૃગા તેની પટરાણી હતી. |
| २. तेसिं पुत्ते बलसिरी<br>मियापुत्ते त्ति विस्सुए ।<br>अम्मापिऊण दइए<br>जुवराया दमीसरे ॥ | तयोः पुत्रो बलश्रीः<br>मृगापुत्र इति विश्रुतः ।<br>अम्बापित्रोर्दयितः<br>युवराजो दमीश्वरः ॥ | ૨. તેમને 'બલશ્રી'[2] નામે પુત્ર હતો. લોકોમાં તે 'મૃગાપુત્ર' એવા નામે જાણીતો હતો. તે માતા-પિતાને પ્રિય, યુવરાજ[3] અને દમીશ્વર[4] હતો. |
| ३. नंदणे सो उ पासाए<br>कीलए सह इत्थिहिं ।<br>देवो दोगुंदगो चेव<br>निच्चं मुइयमाणसो ॥ | नन्दने स तु प्रासादे<br>क्रीडति सह स्त्रीभिः ।<br>देवो दोगुन्दकश्चेव<br>नित्यं मुदितमानसः ॥ | ૩. તે દોગુંદક[5] દેવોની માફક સદા આનંદિત મનવાળો રહી આનંદદાયક પ્રાસાદમાં સ્ત્રીઓ સાથે ક્રીડા કરી રહ્યો હતો. |
| ४. मणिरयणकुट्टिमतले<br>पासायालोयणट्ठिओ ।<br>आलोएइ नगरस्स<br>चउक्कतियचच्चरे ॥ | मणिरत्नकुट्टिमतले<br>प्रासादालोकनस्थितः ।<br>आलोकते नगरस्य<br>चतुष्कत्रिकचत्वराणि ॥ | ૪. મણિ અને રત્નો[6] જડેલ ભોંયતળવાળા પ્રાસાદના ગવાક્ષ[7]માં બેઠેલો મૃગાપુત્ર નગરના ચાર રસ્તાઓ, ત્રણ રસ્તાઓ અને ચોકોને જોઈ રહ્યો હતો. |
| ५. अह तत्थ अइच्छंतं<br>पासई समणसंजयं ।<br>तवनियमसंजमधरं<br>सीलड्ढं गुणआगरं ॥ | अथ तत्रातिक्रामन्त<br>पश्यति श्रमणसंयतम् ।<br>तपोनियमसंयमधरं<br>शीलाढ्यं गुणाकरम् ॥ | ૫. તેણે ત્યાં પસાર થતા એક સંયત શ્રમણને જોયો, જે તપ, નિયમ[8] અને સંયમને ધારણ કરનારો, શીલ વડે સમૃદ્ધ[9] અને ગુણોનો આકર હતો. |
| ६. तं देहई मियापुत्ते<br>दिट्ठीए अणिमिसाए उ ।<br>कहिं मन्नेरिसं रूवं<br>दिट्ठपुव्वं मए पुरा ॥ | तं पश्यति मृगापुत्रः<br>दृष्ट्याऽनिमेषया तु ।<br>कुत्र मन्ये ईदृशं रूपं<br>दृष्टपूर्वं मया पुरा ॥ | ૬. મૃગાપુત્રે તેને અનિમેષ-દૃષ્ટિએ જોયો અને મનોમન વિચાર કરવા લાગ્યો—'મને લાગે છે કે આવું રૂપ મેં પહેલાં ક્યાંક જોયું છે.' |

७. साहुस्स दरिसणे तस्स
अज्झवसाणम्मि सोहणे ।
मोहंगयस्स संतस्स
जाईसरणं समुप्पन्नं ॥

साधोर्दर्शने तस्य
अध्यवसाने शोभने ।
मोहं गतस्य शान्तस्य
जातिस्मरणं समुत्पन्नम् ॥

૭. સાધુનાં દર્શન અને અધ્યવસાયો[10] પવિત્ર થતાં 'મેં આવું ક્યાંક જોયું છે'–એ વિષયમાં તે સંમોહિત થઈ ગયો, તેની ચિત્તવૃત્તિ સઘન રૂપે એકાગ્ર થઈ ગઈ[11] અને તેના વિકલ્પો શાંત થઈ ગયા. આ અવસ્થામાં તેને પૂર્વ-જન્મની સ્મૃતિ થઈ આવી.

[देवलोग चुओ संतो
माणुसं भवमागओ ।
सन्निनाणे समुप्पण्णे
जाइं सरइ पुराणयं ॥]

[देवलोकच्युतः सन्
मानुषं भवमागतः ।
संज्ञिज्ञाने समुत्पन्ने
जातिं स्मरति पौराणिकीम् ॥]

[દેવલોકમાંથી ચ્યુત થઈ તે મનુષ્ય-જન્મમાં આવ્યો. સમનસ્ક-જ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે પૂર્વ-જન્મની સ્મૃતિ થઈ.]

८. जाईसरणे समुप्पन्ने
मियापुत्ते महिड्ढिए ।
सरई पोराणियं जाइं
सामण्णं च पुराकयं ॥

जातिस्मरणे समुत्पन्ने
मृगापुत्रो महर्द्धिकः ।
स्मरति पौराणिकीं जातिं
श्रामण्यं च पुराकृतम् ॥

૮. જાતિ-સ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી મહર્દ્ધિક મૃગા-પુત્રને પૂર્વ-જન્મ અને પૂર્વકૃત શ્રામણ્યની સ્મૃતિ થઈ આવી.

९. विसएहि अरज्जंतो
रज्जंतो संजमम्मि य ।
अम्मापियरं उवागम्म
इमं वयणमब्बवी ॥

विषयेष्वरज्यन्
रज्यन् संयमे च ।
अम्बापितरावुपागम्य
इदं वचनमब्रवीत् ॥

૯. હવે વિષયોમાં તેની આસક્તિ ન રહી. તે સંયમમાં અનુરક્ત બની ગયો. માતા-પિતાની સમીપે જઈ તેણે આ પ્રમાણે કહ્યું–

१०.सुयाणि मे पंच महव्वयाणि
नरएसु दुक्खं च तिरिक्खजोणिसु ।
निव्विण्णकामो मि महण्णवाओ
अणुजाणह पव्वइस्सामि अम्मो ! ॥

श्रुतानि मया पंच महाव्रतानि
नरकेषु दुःखं च तिर्यग्योनिषु ।
निर्विण्णकामोऽस्मि महार्णवात्
अनुजानीत प्रव्रजिष्यामि अम्ब ! ॥

૧૦. 'મેં પાંચ મહાવ્રતો સાંભળ્યાં છે. નરક અને તિર્યંચ યોનિઓમાં દુઃખ છે. હું સંસાર-સમુદ્રથી નિર્વિણ્ણ-કામ (વિરક્ત) થઈ ગયો છું. હું પ્રવ્રજિત થઈશ. માતા ! મને આપ અનુજ્ઞા આપો.

११.अम्मताय ! मए भोगा
भुत्ता विसफलोवमा ।
पच्छा कडुयविवागा
अणुबंधदुहावहा ।

अम्ब-तात ! मया भोगाः ।
भुक्ता विषफलोपमाः ।
पश्चात् कटुकविपाकाः
अनुबन्धदुःखावहाः ॥

૧૧. 'માતા-પિતા ! હું ભોગો ભોગવી ચુક્યો છું. આ ભોગો વિષ-તુલ્ય છે, તેમનું પરિણામ કટુ હોય છે અને તેઓ નિરંતર દુઃખ આપનારા છે.[12]

१२.इमं सरीरं अणिच्चं
असुइं असुइसंभवं ।
असासयावासमिणं
दुक्खकेसाण भायणं ॥

इदं शरीरमनित्यं
अशुच्यशुचिसंभवम् ।
अशाश्वतावासमिदं
दुःखक्लेशानां भाजनम् ॥

૧૨. 'આ શરીર અનિત્ય છે, અશુચિ છે, અશુચિમાંથી ઉત્પન્ન થયેલ છે, આત્માનો આ અશાશ્વત આવાસ છે અને દુઃખ તથા ક્લેશોનું[13] પાત્ર છે.

१३.असासए सरीरम्मि
रइं नोवलभामहं ।
पच्छा पुरा व चइयव्वे
फेणबुब्बुयसन्निभे ॥

अशाश्वते शरीरे
रतिं नोपलभेऽहम् ।
पश्चात् पुरा वा त्यक्तव्ये
फेनबुद्बुदसन्निभे ॥

૧૩. 'આ અશાશ્વત શરીરમાં મને આનંદ મળતો નથી. આને પહેલાં કે પછીથી જ્યારે-ત્યારે છોડવાનું છે. આ પાણીના પરપોટા જેવું નશ્વર છે.

१४.माणुसत्ते असारम्मि
वाहीरोगाण आलए ।
जरामरणघत्थम्मि
खणं पि न रमामहं ॥

मानुषत्वे असारे
व्याधिरोगाणामालये ।
जरामरणग्रस्ते
क्षणमपि न रमेऽहम् ॥

૧૪. 'મનુષ્ય-જીવન અસાર છે, વ્યાધિ અને રોગોનું[૧૪] ઘર છે. જરા અને મરણથી ગ્રસ્ત છે. તેમાં મને એક ક્ષણ પણ આનંદ મળતો નથી.

१५.जम्मं दुक्खं जरा दुक्खं
रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो
जत्थ कीसंति जंतवो ॥

जन्म दुःखं जरा दुःखं
रोगाश्च मरणानि च ।
अहो दुःखं खलु संसारः
यत्र क्लिश्यन्ति जन्तवः ॥

૧૫. 'જન્મ દુઃખ છે, વૃદ્ધાવસ્થા દુઃખ છે, રોગ દુઃખ છે અને મૃત્યુ દુઃખ છે. અહો ! સંસાર દુઃખ જ છે, જેમાં જીવો ક્લેશ પામી રહ્યા છે.

१६.खेत्तं वत्थुं हिरण्णं च
पुत्तदारं च बंधवा ।
चइत्ताणं इमं देहं
गंतव्वमवसस्स मे ॥

क्षेत्रं वास्तु हिरण्यं च
पुत्रदारांश्च बान्धवान् ।
त्यक्त्वेमं देहं
गन्तव्यमवशस्य मे ॥

૧૬. 'જમીન, ઘર, સોનું, પુત્ર, સ્ત્રી, બંધુજનો અને આ શરીરને છોડી મારે અવશ બની ચાલ્યા જવાનું છે.

१७.जहा किंपागफलाणं
परिणामो न सुंदरो ।
एवं भुत्ताण भोगाणं
परिणामो न सुंदरो ॥

यथा किम्पाकफलानां
परिणामो न सुन्दरः ।
एवं भुक्तानां भोगानां
परिणामो न सुन्दरः ॥

૧૭. 'જે રીતે કિંપાક-ફળ[૧૫] ખાવાનું પરિણામ સુંદર નથી હોતું તેવી જ રીતે ભોગવેલા ભોગોનું પરિણામ પણ સુંદર નથી હોતું.

१८.अद्धाणं जो महंतं तु
अपाहेओ पवज्जई ।
गच्छंतो सो दुही होई
छुहातण्हाए पीडिओ ॥

अध्वानं यो महान्तं तु
अपाथेयः प्रव्रजति ।
गच्छन् स दुःखी भवति
क्षुधातृष्णया पीडितः ॥

૧૮. 'જે મનુષ્ય લાંબો માર્ગ પકડે છે અને સાથે ભાતું લેતો નથી, તે ભૂખ અને તરસથી પીડિત થઈને જતાં-જતાં દુઃખી થાય છે.

१९.एवं धम्मं अकाऊणं
जो गच्छइ परं भवं ।
गच्छंतो सो दुही होइ
वाहीरोगेहिं पीडिओ ॥

एवं धर्ममकृत्वा
यो गच्छति परं भवम् ।
गच्छन् स दुःखी भवति
व्याधिरोगैः पीडितः ॥

૧૯. 'એ જ રીતે જે મનુષ્ય ધર્મ કર્યા વિના પરભવમાં જાય છે તે વ્યાધિ અને રોગો વડે પીડિત થઈ જીવન-યાપન કરતો દુઃખી થાય છે.

२०.अद्धाणं जो महंतं तु
सपाहेओ पवज्जई ।
गच्छंतो सो सुही होइ
छुहातण्हाविवज्जिओ ॥

अध्वानं यो महान्तं तु
सपाथेयः प्रव्रजति ।
गच्छन् स सुखी भवति
क्षुधातृष्णाविवर्जितः ॥

૨૦. 'જે મનુષ્ય લાંબો માર્ગ પકડે છે, પરંતુ ભાતા સાથે, તે ભૂખ-તરસથી રહિત બની ચાલતો સુખી થાય છે.

२१.एवं धम्मं पि काऊणं
जो गच्छइ परं भवं ।
गच्छंतो सो सुही होइ
अप्पकम्मे अवेयणे ॥

एवं धर्ममपि कृत्वा
यो गच्छति परं भवम् ।
गच्छन् स सुखी भवति
अल्पकर्माऽवेदनः ॥

૨૧. 'એ જ રીતે જે મનુષ્ય ધર્મની આરાધના કરી પરભવમાં જાય છે, તે અલ્પ કર્મવાળો અને વેદનારહિત બનીને જીવન-યાપન કરતો સુખી થાય છે.

२२.जहा गेहे पलित्तम्मि
तस्स गेहस्स जो पहू ।
सारभंडाणि नीणेइ
असारं अवउज्झइ ॥

यथा गेहे प्रदीप्ते
तस्य गेहस्य यः प्रभुः ।
सारभाण्डानि गमयति
असारमपोज्झति ॥

૨૨. 'જેવી રીતે ઘરમાં આગ લાગે ત્યારે તે ઘરનો સ્વામી મૂલ્યવાન વસ્તુઓ ઘરમાંથી કાઢી લે છે અને મૂલ્યહીન વસ્તુઓ ત્યાં જ છોડી દે છે;

२३.एवं लोए पलित्तम्मि
जराए मरणेण य ।
अप्पाणं तारइस्सामि
तुब्भेहिं अणुमन्निओ ॥

एवं लोके प्रदीप्ते
जरया मरणेन च ।
आत्मानं तारयिष्यामि
युष्माभिरनुमतः ॥

૨૩. 'તેવી જ રીતે આ લોક જરા અને મૃત્યુ વડે પ્રજ્વલિત થઈ રહ્યો છે. હું આપની આજ્ઞા મેળવી તેમાંથી પોતાની જાતને બહાર કાઢીશ.'

२४.तं बिंतम्मापियरो
सामण्णं पुत्त ! दुच्चरं ।
गुणाणं तु सहस्साइं
धारेयव्वाइं भिक्खुणो ॥

तं ब्रूतोऽम्बापितरौ
श्रामण्यं पुत्र ! दुश्चरम् ।
गुणानां तु सहस्राणि
धारयितव्यानि भिक्षोः ॥

૨૪. માતા-પિતાએ તેને કહ્યું—'પુત્ર ! શ્રામણ્યનું આચરણ અત્યંત કઠિન છે. ભિક્ષુએ હજારો ગુણો[૧૬] ધારણ કરવા પડે છે.

२५.समया सव्वभूएसु
सत्तुमित्तेसु वा जगे ।
पाणाइवायविरई
जावज्जीवाए दुक्करा ॥

समता सर्वभूतेषु
शत्रुमित्रेषु वा जगति ।
प्राणातिपातविरतिः
यावज्जीवं दुष्करा ॥

૨૫. 'વિશ્વના શત્રુ અને મિત્ર બધા જીવો પ્રત્યે સમભાવ રાખવો અને યાવજ્જીવન પ્રાણાતિપાતની વિરતિ કરવી ખૂબ કઠણ કાર્ય છે.

२६.निच्चकालऽप्पमत्तेणं
मुसावायविवज्जणं ।
भासियव्वं हियं सच्चं
निच्चाउत्तेण दुक्करं ॥

नित्यकालाप्रमत्तेन
मृषावादविवर्जनम् ।
भाषितव्यं हितं सत्यं
नित्यायुक्तेन दुष्करम् ॥

૨૬. 'સદા અપ્રમત્ત રહી મૃષાવાદનો ત્યાગ કરવો અને સતત સાવધાન રહી હિતકારી સત્ય-વચન બોલવાં તે ઘણું અઘરું કાર્ય છે.

२७. दंतसोहणमाइस्स
अदत्तस्स विवज्जणं ।
अणवज्जेसणिज्जस्स
गेण्हणा अवि दुक्करं ॥

दन्तशोधनमात्रस्य
अदत्तस्य विवर्जनम् ।
अनवद्यैषणीयस्य
ग्रहणमपि दुष्करम् ॥

૨૭. 'દાતણનો ટૂકડો[૧૭] પણ વગર આપે ન લેવો અને એવી આપેલી વસ્તુ પણ તે જ લેવી કે જે અનવદ્ય અને એષણીય હોય—ઘણું મુશ્કેલ કામ છે.

२८.विरई अबंभचेरस्स
कामभोगरसन्नुणा ।
उग्गं महव्वयं बंभं
धारेयव्वं सुदुक्करं ॥

विरतिरब्रह्मचर्यस्य
कामभोगरसज्ञेन ।
उग्रं महाव्रतं ब्रह्मं
धारयितव्यं सुदुष्करम् ॥

૨૮. 'કામ-ભોગનો રસ જાણનાર વ્યક્તિ માટે અબ્રહ્મચર્યની વિરતિ કરવી અને ઉગ્ર બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું ઘણું કઠણ કાર્ય છે.[૧૮]

२९. धणधन्नपेसवग्गेसु
परिग्गहविवज्जणं ।
सव्वारंभपरिच्चाओ
निम्ममत्तं सुदुक्करं ॥

धनधान्यप्रेष्यवर्गेषु
परिग्रहविवर्जनम् ।
सर्वारम्भपरित्यागः
निर्ममत्वं सुदुष्करम् ॥

૨૯. 'ધન-ધાન્ય[૧૯] અને દાસ વર્ગના પરિગ્રહણનો[૨૦] ત્યાગ કરવો, બધા આરંભ (દ્રવ્યની ઉત્પત્તિના વ્યાપારો) અને મમત્વનો ત્યાગ કરવો ખૂબ જ કઠણ કાર્ય છે.

३०.चउव्विहे वि आहारे
राईभोयणवज्जणा ।
सन्निहीसंचओ चेव
वज्जेयव्वो सुदुक्करो ॥

चतुर्विधेऽप्याहारे
रात्रिभोजनवर्जनम् ।
सन्निधिसंचयश्चैव
वर्जयितव्यः सुदुष्करः ॥

૩૦. 'ચતુર્વિધ આહાર રાતમાં ખાવાનો ત્યાગ કરવો તથા સંનિધિ અને સંચયનો ત્યાગ કરવો ખૂબ જ કઠણ કાર્ય છે.

३१.छुहा तण्हा य सीउण्हं
दंसमसगवेयणा ।
अक्कोसा दुक्खसेज्जा य
तणफासा जल्लमेव य ॥

क्षुधा तृषा च शीतोष्णं
दंशमशकवेदना ।
आक्रोशा दुःखशय्या च
तृणस्पर्शा 'जल्ल' मेव च ॥

૩૧. 'ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ અને મચ્છરોનું કષ્ટ, આક્રોશ-વચન, કષ્ટપ્રદ ઉપાશ્રય, ઘાસનું પાથરણું, મેલ,

३२.तालणा तज्जणा चेव
वहबंधपरीसहा ।
दुक्खं भिक्खायरिया
जायणा य अलाभया ॥

ताडना तर्जना चैव
वधबन्धौ परीषहौ ।
दुःखं भिक्षाचर्या
याचना चालाभता ॥

૩૨. 'તાડન, તર્જન, વધ, બંધન[21]નું કષ્ટ, ભિક્ષા-ચર્યા, યાચના અને અલાભ—આ બધાંને સહન કરવાં ખૂબ જ કઠણ કાર્ય છે.

३३.कावोया जा इमा वित्ती
केसलोओ य दारुणो ।
दुक्खं बंभवयं घोरं
धारेउं अ महप्पणो ॥

कापोती येयं वृत्तिः
केशलोचश्च दारुणः ।
दुःखं ब्रह्मव्रतं घोरं
धारयितुं च महात्मनः ॥

૩૩. 'આ જે કાપોતી-વૃત્તિ[22] (કબૂતર જેવી દોષભીરુ વૃત્તિ), દારુણ કેશ-લોચ[23] અને ઘોર બ્રહ્મચર્ય ધારણ કરવાનું હોય છે.[24] તે મહાન આત્માઓ માટે પણ દુષ્કર છે.

३४.सुहोइओ तुमं पुत्ता ! ।
सकुमालो सुमज्जिओ ।
न हु सी पभू तुमं पुत्ता !
सामण्णमणुपालिउं ॥

सुखोचितस्त्वं पुत्र !
सुकुमारश्च सुमज्जितः ।
न खलु असि प्रभुस्त्वं पुत्र !
श्रामण्यमनुपालयितुम् ॥

૩૪. 'પુત્ર ! તું સુખ ભોગવવા માટે યોગ્ય છે, સુકુમાર છે, સ્વચ્છ રહેનારો છે.[25] પુત્ર ! તું શ્રામણ્યનું પાલન કરવા સમર્થ નથી.

३५.जावज्जीवमविस्सामो
गुणाणं तु महाभरो ।
गुरुओ लोहभारो व्व
जो पुत्ता ! होइ दुव्वहो ॥

यावज्जीवमविश्रामः
गुणानां तु महाभरः ।
गुरुको लोहभार इव
यः पुत्र ! भवति दुर्वहः ॥

૩૫. 'પુત્ર ! શ્રામણ્યમાં જીવનભર વિશ્રામ નથી. એ ગુણોનો મહાન ભાર છે. ભારે ભરખમ લોઢાના ભારની જેમ તેનો ભાર ઉપાડવો ખૂબ કઠણ છે.

३६.आगासे गंगसोउ व्व
पडिसोओ व्व दुत्तरो ।
बाहाहिं सागरो चेव
तरियव्वो गुणोयही ॥

आकाशे गङ्गास्रोत इव
प्रतिस्रोत इव दुस्तरः ।
बाहुभ्यां सागरश्चैव
तरितव्यो गुणोदधिः ॥

૩૬. 'આકાશગંગાના સ્રોત[26], પ્રતિસ્રોત અને ભુજાઓ વડે સાગરને તરવાનું જેમ કઠિન કાર્ય છે તેવી જ રીતે ગુણોદધિ-સંયમને તરવાનું કાર્ય કઠણ છે.

३७.वालुयाकवले चेव
निरस्साए उ संजमे ।
असिधारागमणं चेव
दुक्करं चरिउं तवो ॥

वालुकाकवलश्चैव
निरास्वादस्तु संयमः ।
असिधारागमनं चेव
दुष्करं चरितुं तपः ॥

૩૭. 'સંયમ રેતીના કોળિયાની માફક સ્વાદરહિત છે. તપનું આચરણ તલવારની ધાર પર ચાલવા જેવું છે.

३८.अहीवेगंतदिट्ठीए
चरित्ते पुत्त ! दुच्चरे ।
जवा लोहमया चेव
चावेयव्वा सुदुक्करं ॥

अहिरिवैकान्तदृष्टिकः
चारित्रं पुत्र ! दुश्चरम् ।
यवा लोहमयाश्चैव
चर्वयितव्या सुदुष्करम् ॥

૩૮. 'પુત્ર ! સાપ જેવી રીતે એકાગ્ર દૃષ્ટિથી[૬૭] ચાલે છે, તેવી રીતે એકાગ્ર દૃષ્ટિએ ચારિત્રનું પાલન કરવું ખૂબ જ કઠણ કાર્ય છે. લોઢાના જવ ચાવવા જેમ કઠણ છે, તેમ જ ચારિત્રનું પાલન કઠણ છે.

३९.जहा अग्गिसिहा दित्ता
पाउं होइ सुदुक्करं ।
तह दुक्करं करेउं जे
तारुण्णे समणत्तणं ॥

यथाग्निशिखा दीप्ता
पातुं भवति सुदुष्करम् ।
तथा दुष्करं कर्तुं 'जे'
तारुण्ये श्रमणत्वम् ॥

૩૯. 'જેવી રીતે અગ્નિશિખાને[૬૮] પીવાનું અત્યંત કઠણ કાર્ય છે તેવી જ રીતે યૌવનમાં શ્રમણ ધર્મનું પાલન કરવું કઠણ છે.

४०.जहा दुक्खं भरेउं जे
होइ वायस्स कोत्थलो ।
तहा दुक्खं करेऊ जे
कीवेणं समणत्तणं ॥

यथा दुःखं भर्तुं 'जे'
भवति वातस्य 'कोत्थलो' ।
तथा दुष्करं कर्तुं 'जे'
क्लीबेन श्रमणत्वम् ॥

૪૦. 'જેવી રીતે વસ્ત્રના કોથળાને[૬૯] હવાથી ભરી દેવો કઠણ કાર્ય છે તેવી જ રીતે તત્ત્વહીન વ્યક્તિ માટે શ્રમણ ધર્મનું પાલન કરવું કઠણ કાર્ય છે.

४१.जहा तुलाए तोलेउं
दुक्करं मंदरो गिरी ।
तहा निहुयं नीसंकं
दुक्करं समणत्तणं ॥

यथा तुलया तोलयितुं
दुष्करं मन्दरो गिरिः ।
तथा निभृतं निःशङ्कं
दुष्करं श्रमणत्वम् ॥

૪૧. 'જેવી રીતે મેરૂ પર્વતને ત્રાજવા વડે તોળવો ખૂબ અઘરું કામ છે તેવી જ રીતે નિશ્ચળ અને નિર્ભય ભાવે શ્રમણ ધર્મનું પાલન કરવું ઘણું જ મુશ્કેલ કામ છે.

४२.जहा भुयाहिं तरिउं
दुक्करं रयणागरो ।
तहा अणुवसंतेण
दुक्करं दमसागरो ॥

यथा भुजाभ्यां तरितुं
दुष्करं रत्नाकरः ।
तथाऽनुपशान्तेन
दुष्करं दमसागरः ॥

૪૨. 'જેવી રીતે સમુદ્રને હાથ વડે તરવો ઘણું જ અઘરું કામ છે તેવી જ રીતે ઉપશમહીન વ્યક્તિ માટે દમરૂપી સમુદ્રને તરવો ઘણું જ અઘરું કામ છે.

४३.भुंज माणुस्सए भोगे
पंचलक्खणए तुमं ।
भुत्तभोगी तओ जाया !
पच्छा धम्मं चरिस्ससि ॥

भुङ्क्ष्व मानुष्यकान् भोगान्
पंचलक्षणकान् त्वम् ।
भुक्तभोगी ततो जात !
पश्चाद् धर्मं चरेः ॥

૪૩. 'પુત્ર ! તું મનુષ્ય-સંબંધી પાંચ ઈન્દ્રિયોના ભોગોને ભોગવ. પછી ભુક્તભોગી બની મુનિ-ધર્મનું આચરણ કરજે.'

४४.तं बिंतम्मापियरो
एवमेयं जहा फुडं ।
इह लोए निप्पिवासस्स
नत्थि किंचि वि दुक्करं ॥

तद् ब्रूतो अम्बापितरौ
एवमेतद् यथास्फुटम् ।
इह लोके निष्पिपासस्य
नास्ति किंचिदपि दुष्करम् ॥

૪૪. મૃગાપુત્રે કહ્યું[૭૦]—'માતા-પિતા ! જે આપે કહ્યું તે યોગ્ય છે. પરંતુ જે વ્યક્તિની ઐહિક સુખોની તરસ મરી ગઈ છે તેમને માટે કંઈપણ દુષ્કર નથી.

४५.सारीरमाणसा चेव
वेयणाओ अणंतसो ।
मए सोढाओ भीमाओ
असइं दुक्खभयाणि य ॥

शारीरमानस्यश्चैव
वेदनास्तु अनन्तशः ।
मया सोढा भीमाः
असकृद् दुःखभयानि च ॥

૪૫. 'મેં ભયંકર શારીરિક અને માનસિક વેદનાઓ અનંત વાર સહન કરી છે અને અનેક વાર દુઃખ અને ભયનો અનુભવ કર્યો છે.

४६.जरामरणकंतारे
चाउरंते भयागरे ।
मए सोढाणि भीमाणि
जम्माणि मरणाणि य ॥

जरामरणकान्तारे
चतुरन्ते भयाकरे।
मया सोढानि भीमानि
जन्मानि मरणानि च ॥

૪૬.'મેં ચાર અંતવાળા[31] અને ભયની ખાણરૂપ જન્મ-મરણ રૂપી જંગલમાં ભયંકર જન્મ-મરણો સહન કર્યાં છે.

४७.जहा इहं अगणी उण्हो
एत्तोणंतगुणे तहिं ।
नरएसु वेयणा उण्हा
अस्साया वेइया मए ॥

यथेहाग्निरुष्णः
इतोऽनन्तगुणस्तत्र।
नरकेषु वेदना उष्णा
असाता वेदिता मया ॥

૪૭.'જેવી રીતે અહીં અગ્નિ ઉષ્ણ છે, તેનાથી અનંતગણી અધિક દુઃખમય ઉષ્ણ-વેદના ત્યાં નરકમાં મેં સહન કરી છે.[32]

४८.जहा इमं इहं सीयं
एत्तोणंतगुणं तहिं ।
नरएसु वेयणा सीया
अस्साया वेइया मए ॥

यथेदमिह शीतम्
इतोऽनन्तगुणं तत्र।
नरकेषु वेदना शीता
असाता वेदिता मया ॥

૪૮.'જેવી અહીં ઠંડી છે, તેનાથી અનંતગણી અધિક દુઃખમય શીત-વેદના ત્યાં નરકમાં મેં સહન કરી છે.

४९.कंदंतो कंदुकुंभीसु
उड्ढपाओ अहोसिरो ।
हुयासणे जलंतम्मि
पक्कपुव्वो अणंतसो ॥

क्रन्दन् कन्दुकुम्भीषु
ऊर्ध्वपादोऽधःशिराः।
हुताशने ज्वलति
पक्वपूर्वोऽनन्तशः ॥

૪૯.'પકાવવાના પાત્રમાં[33], સળગતા અગ્નિમાં[34] પગ ઊંચા અને માથુ નીચું એવી રીતે આક્રંદ કરતાં મને અનંતવાર પકાવવામાં આવ્યો છે.

५०.महादवग्गिसंकासे
मरुम्मि वइरवालुए ।
कलंबवालुयाए य
दड्ढपुव्वो अणंतसो ॥

महादवाग्निसंकाशे
मरौ वज्रवालुकायाम्।
कदम्बवालुकायां च
दग्धपूर्वोऽनन्तशः ॥

૫૦.'મહા દવાગ્નિ તથા મરૂ દેશ અને વજ્રવાલુકા જેવી કદંબ નદીની રેતીમાં[35] મને અનંતવાર સળગાવવામાં આવ્યો છે.

५१.रसंतो कंदुकुंभीसु
उड्ढं बद्धो अबंधवो ।
करवत्तकरकयाईहिं
छिन्नपुव्वो अणंतसो ॥

रसन् कन्दुकुम्भीषु
ऊर्ध्वं बद्धोऽबान्धवः।
करपत्रक्रकचादिभिः
छिन्नपूर्वोऽनन्तशः ॥

૫૧.'હું પાક-પાત્રમાં રક્ષણરહિત બની આક્રંદ કરતો-કરતો ઊંચે બંધાયો છું તથા કરવત અને આરા વગેરે વડે અનંતવાર કપાયો છું.[36]

५२.अइतिक्खकंटगाइण्णे
तुंगे सिंबलिपायवे ।
खेवियं पासबद्धेणं
कड्ढोकड्ढाहिं दुक्करं ॥

अतितीक्ष्णकण्टकाकीर्णे
तुंगे शाल्मलिपादपे।
क्षेपितं पाशबद्धेन
कर्षापकर्षैः दुष्करम् ॥

૫૨.'અત્યંત તીક્ષ્ણ કાંટાવાળા, ઊંચા શાલ્મલિ વૃક્ષ પર[37] પાશથી બાંધી આમ-તેમ ખેંચી અસહ્ય વેદના વડે મને ખિન્ન કરવામાં આવ્યો છે.

५३.महाजंतेसु उच्छू वा
आरसंतो सुभेरवं ।
पीलिओ मि सकम्मेहिं ।
पावकम्मो अणंतसो ॥

महायन्त्रेष्विक्षुरिव
आरसन् सुभैरवम्।
पीडितोऽस्मि स्वकर्मभिः
पापकर्माऽनन्तशः ॥

૫૩.'પાપકર્મી એવો હું અતિ ભયંકર આક્રંદ કરતો પોતાનાં જ કર્મો દ્વારા મહાયંત્રોમાં શેરડીની માફક અનંતવાર પીલાયો છું.

५४.कूवंतो कोलसुणएहिं
सामेहिं सबलेहि य ।
पाडिओ फालिओ छिन्नो
विप्फुरंतो अणेगसो ॥

कूजन् कोलशुनकैः
श्यामैः शबलैश्च ।
पातितः स्फाटितः छिन्नः
विस्फुरन्ननेकशः ॥

૫૪. 'આમ-તેમ ભાગતાં અને આક્રંદ કરતાં મને કાળા અને કાબરચીતરાં સુવ્વર અને કૂતરાઓએ અનેકવાર પછાડ્યો, ફાડ્યો અને કાપ્યો છે.[૩૮]

५५.असीहि अयसिवण्णाहिं
भल्लीहिं पट्टिसेहि य ।
छिन्नो भिन्नो विभिन्नो य
ओइण्णो पावकम्मुणा ॥

असिभिरतसीवर्णाभिः
भल्लीभिः पट्टिशैश्च ।
छिन्नो भिन्नो विभिन्नश्च
अवतीर्णः पापकर्मणा ॥

૫૫. 'પાપકર્મો વડે નરકમાં અવતરેલો હું અળસીના ફૂલો જેવા નીલ રંગની તલવારો, ભાલા અને લોહદંડો[૩૯] વડે છેદાયો, ભેદાયો અને નાના-નાના ટુકડાઓમાં વિભાજિત કરાયો છું.

५६.अवसो लोहरहे जुत्तो
जलंते समिलाजुए ।
चोइओ तोत्तजुत्तेहिं
रोज्झो वा जह पाडिओ ॥

अवशो लोहरथे युक्तः
ज्वलति समिलायुते ।
चोदितस्तोत्रयोक्त्रैः
'रोज्झो' वा यथा पतितः ॥

૫૬. 'યુગ-કીલક (ધૂંસરીના કાણામાં નાખવામાં આવતા લાકડાના ખીલા) યુક્ત સળગતા લોહરથમાં પરવશ બનેલા મને જોતરવામાં આવ્યો, ચાબુક અને રાશ વડે[૪૦] હંકારવામાં આવ્યો તથા રોઝ[૪૧]ની માફક જમીન ઉપર પછાડવામાં આવ્યો છું.

५७.हुयासणे जलंतम्मि
चियासु महिसो विव ।
दड्ढो पक्को य अवसो
पावकम्मेहि पाविओ ॥

हुताशने ज्वलति
चितासु महिष इव ।
दग्धः पक्वश्चावशः
पापकर्मभिः पापिकः ॥

૫૭. 'પાપકર્મોથી ઘેરાયેલો[૪૨] અને પરવશ થયેલો હું પાડાની માફક[૪૩] અગ્નિની સળગતી ચિતાઓમાં સળગાવાયો અને પકાવાયો છું.

५८.बला संडासतुंडेहिं
लोहतुंडेहि पक्खिहिं ।
विलुत्तो विलवंतो हं
ढंकगिद्धेहिणंतसो ॥

बलात् संदंशतुण्डैः
लोहतुण्डैः पक्षिभिः ।
विलुप्तो विलपन्नहं
ध्वांक्षगृध्रैरनन्तशः ॥

૫૮. 'સાણસી જેવી ચાંચવાળા અને લોઢા જેવી કઠોર ચાંચવાળા ઢંક[૪૪] અને ગીધ પક્ષીઓ[૪૫] વડે, વિલાપ કરતો એવો હું બળજબરીપૂર્વક અનંતવાર ઠોલાયો છું.

५९.तण्हाकिलंतो धावंतो
पत्तो वेयरणिं नदिं ।
जलं पाहिं ति चिंतंतो
खुरधाराहिं विवाइओ ॥

तृष्णाक्लान्तो धावन्
प्राप्तो वैतरणीं नदीम् ।
जलं पास्यामीति चिन्तयन्
क्षुरधाराभिर्विपादितः ॥

૫૯. 'તરસથી પીડિત થઈને દોડતો હું વૈતરણી નદી ઉપર પહોંચ્યો. પાણી પીશ—એમ વિચારી રહ્યો હતો, એટલામાં છરાની ધારથી[૪૬] ચીરવામાં આવ્યો.

६०.उण्हाभितत्तो संपत्तो
असिपत्तं महावणं ।
असिपत्तेहिं पडंतेहिं
छिन्नपुव्वो अणेगसो ॥

उष्णाभितप्तः संप्राप्तः
असिपत्रं महावनम् ।
असिपत्रैः पतद्भिः
छिन्नपूर्वोऽनेकशः ॥

૬૦. 'ગરમીથી સંતપ્ત થઈ અસિ-પત્ર મહાવનમાં ગયો. ત્યાં પડતાં તલવાર જેવા તીક્ષ્ણ પત્રો વડે અનેકવાર છેદાયો છું.

६१.मुग्गरेहिं मुसंढीहिं
सूलेहिं मुसलेहि य ।
गयासं भग्गगत्तेहिं
पत्तं दुक्खं अणंतसो ॥

मुद्गरैः 'मुसुंढीहिं'
शूलैर्मुसलैश्च ।
गताशं भग्नगात्रैः
प्राप्तं दुःखमनन्तशः ॥

૬૧. 'મુદ્‌ગરો, મુસુંડીઓ[૪૭], શૂળો અને મુસળો વડે રક્ષણહીન દશામાં મારા શરીરનો છુંદો કરી નાખવામાં આવ્યો—આ રીતે હું અનંતવાર દુઃખી થયો છું.

६२.खुरेहिं तिक्खधारेहिं
छुरियाहिं कप्पणीहि य ।
कप्पिओ फालिओ छिन्नो
उक्कत्तो य अणेगसो ॥

क्षुरैः तीक्ष्णधारैः
क्षुरिकाभिः कल्पनीभिश्च ।
कल्पितः पाटितश्छिन्नः
उत्कृत्त चानेकशः ॥

૬૨. 'તેજ ધારવાળા છરા, છરીઓ અને કાતરોથી હું અનેકવાર કપાયો છું, ફડાયો છું, છેદાયો છું તથા મારી ચામડી ઉતારી લેવાઈ છે.

६३.पासेहिं कूडजालेहिं
मिओ वा अवसो अहं ।
वाहिओ बद्धरुद्धो अ
बहु सो चेव विवाइओ ॥

पाशैः कूटजालैः
मृग इव अवशोऽहम् ।
वाहितो बद्धरुद्धश्च
बहुशश्चैव विपादितः ॥

૬૩. 'પાશો તથા કૂટજાળો વડે મૃગની માફક પરવશ બનેલો હું અનેકવાર ઠગાયો છું, બંધાયો છું, રુંધાયો છું અને માર્યો ગયો છું.

६४.गलेहिं मगरजालेहिं
मच्छो वा अवसो अहं ।
उल्लिओ फालिओ गहिओ
मारिओ य अणंतसो ॥

गलैर्मकरजालैः
मत्स्य इव अवशोऽहम् ।
उल्लिखितः पाटितो गृहीतः
मारितश्चाऽनन्तशः ॥

૬૪. 'માછલી પકડવાનાં કાંટા અને મગરને પકડવાની જાળ દ્વારા માછલાની માફક પરવશ બનેલો હું અનંતવાર ખેંચાયો, ફડાયો, પકડાયો અને માર્યો ગયો છું.

६५.वीदंसएहि जालेहिं
लेप्पाहिं सउणो विव ।
गहिओ लग्गो बद्धो य
मारिओ य अणंतसो ॥

विदंशकैर्जालैः
लेपैः शकुन इव ।
गृहीतो लग्नो बद्धश्च
मारितश्चाऽनन्तशः ॥

૬૫. 'બાજ પક્ષીઓ, જાળો અને વજ્રલેપો દ્વારા પક્ષીની માફક હું અનંતવાર પકડાયો, ચોંટાડાયો, બંધાયો અને માર્યો ગયો છું.

६६.कुहाडफरसुमाईहिं
वड्ढईहिं दुमो विव ।
कुट्टिओ फालिओ छिन्नो
तच्छिओ य अणंतसो ॥

कुठारपरश्वादिभिः
वर्धकिभिर्द्रुम इव ।
कुट्टितः पाटितश्छिन्नः
तक्षितश्चाऽनन्तशः ॥

૬૬. 'સુથાર દ્વારા વૃક્ષની માફક કુહાડી અને પરશુ વગેરે વડે અનંતવાર કુટાયો, ફડાયો, કપાયો અને છોલાયો છું.

६७.चवेडमुट्ठिमाईहिं
कम्मारेहिं अयं पिव ।
ताडिओ कुट्टियो भिन्नो
चुण्णिओ य अणंतसो ॥

चपेटामुष्ट्यादिभिः
कर्मारैरय इव ।
ताडितः कुट्टितो भिन्नः
चूर्णितश्चाऽनन्तशः ॥

૬૭. 'લુહાર દ્વારા'' લોઢાની માફક ઘણ અને એરણ વડે અનંતવાર ટીપાયો, કુટાયો, ભેદાયો અને ચૂરેચૂરા કરાયો છું.

६८.तत्ताइं तंबलोहाइं
तउयाइं सीसयाणि य ।
पाइओ कलकलंताइं
आरसंतो सुभेरवं ॥

तप्तानि ताम्रलोहानि
त्रपुकानि सीसकानि च ।
पायितः कलकलायमानानि
आरसन् सुभैरवम् ॥

૬૮. 'ભયંકર આક્રંદ કરતા મને ગરમ અને ફળફળતું તાંબુ, લોઢું, અને સીસું પીવડાવાયું છે.

६९.तुहं पियाइं मंसाइं
खंडाइं सोल्लगाणि य ।
खाविओ मि समंसाइं
अग्गिवण्णाइं णेगसो ॥

तव प्रियाणि मांसानि
खण्डानि शूल्यकानि च ।
खादितोऽस्मि स्वमांसानि
अग्निवर्णान्यनेकशः ॥

૬૯. 'તને ટૂકડાં કરેલું અને શૂળમાં ખોસીને પકાવેલું માંસ પ્રિય હતું—આમ યાદ અપાવીને મારા શરીરનું માંસ કાપી અગ્નિ જેવું લાલચોળ કરી મને ખવડાવાયું છે.

७०.तुहं पिया सुरा सीहू
मेरओ य महूणि य ।
पाइओ मि जलंतीओ
वसाओ रुहिराणि य ।।

तव प्रिया सुरा सीधुः
मेरकश्च मधूनि च ।
पायितोऽस्मि ज्वलन्तीः
वसा रुधिराणि च ॥

૭૦. 'તને સુરા, સીધુ, મૈરેય અને મધુ—આ મદિરાઓ પ્રિય હતી—આવી યાદ અપાવી મને સળગતી ચરબી અને રુધિર પીવડાવાયાં છે.

७१.निच्चं भीएण तत्थेण
दुहिएण वहिएण य ।
परमा दुहसंबद्धा
वेयणा वेइया मए ।।

नित्यं भीतेन त्रस्तेन
दुःखितेन व्यथितेन च ।
परमा दुःखसंबद्धा
वेदना वेदिता मया ॥

૭૧. 'સદા ભયભીત, સંત્રસ્ત, દુઃખિત અને વ્યથિત રૂપમાં રહેતાં-રહેતાં પરમ દુઃખમય વેદનાનો મેં અનુભવ કર્યો છે.

७२.तिव्वचंडप्पगाढाओ
घोराओ अइदुस्सहा ।
महब्भयाओ भीमाओ
नरएसु वेइया मए ।।

तीव्रचण्डप्रगाढाः
घोरा अतिदुस्सहाः ।
महाभया भीमाः
नरकेषु वेदिता मया ॥

૭૨. 'તીવ્ર, ચંડ, પ્રગાઢ, ઘોર[૪૯], અત્યંત દુઃસહ, ભીમ અને અત્યંત ભયંકર વેદનાઓનો મેં નરકલોકમાં અનુભવ કર્યો છે.

७३.जारिसा माणुसे लोए
ताया ! दीसंति वेयणा ।
एत्तो अणंतगुणिया
नरएसु दुक्खवेयणा ।।

यादृश्यो मानुषे लोके
तात ! दृश्यन्ते वेदनाः ।
इतोऽनन्तगुणिताः
नरकेषु दुःखवेदनाः ॥

૭૩. 'માતા-પિતા ! મનુષ્ય-લોકમાં જેવી વેદના છે તેનાથી અનંતગણુ અધિક દુઃખ દેનારી વેદના નરક-લોકમાં છે.

७४.सव्वभवेसु अस्साया
वेयणा वेइया मए ।
निमेसंतरमित्तं पि
जं साया नत्थि वेयणा ।।

सर्वभवेष्वसाता
वेदना वेदिता मया ।
निमेषान्तरमात्रमपि
यत् साता नास्ति वेदना ॥

૭૪. 'મેં બધા જન્મોમાં દુઃખમય વેદનાનો અનુભવ કર્યો છે. ત્યાં એક પલકારાનું અંતર પડે એટલી પણ સુખમય વેદના નથી.'[૫૦]

७५.तं बिंतम्मापियरो
छंदेणं पुत्त ! पव्वया ।
नवरं पुण सामण्णे
दुक्खं निप्पडिकम्मया ।।

तं ब्रूतोऽम्बापितरौ
छन्दसा पुत्र ! प्रव्रज ।
'नवरं' पुनः श्रामण्ये
दुःखं निष्प्रतिकर्मता ॥

૭૫. માતા-પિતાએ તેને કહ્યું—'હે પુત્ર ! તારી ઈચ્છા છે તો પ્રવ્રજિત થઈ જા. પરંતુ શ્રમણ બન્યા પછી રોગોની ચિકિત્સા કરાવાતી નથી.[૫૧] એ કેટલો કઠણ માર્ગ છે. (એ જાણે છે ?)'

७६.सो बिंतम्मापियरो !
एवमेयं जहाफुडं ।
पडिकम्मं को कुणई
अरण्णे मियपक्खिणं ?।।

स ब्रूतेऽम्बापितरौ !
एवमेतद् यथास्फुटम् ।
प्रतिकर्म कः करोति
अरण्ये मृगपक्षिणाम् ?॥

૭૬. તેણે કહ્યું—'હે માતા-પિતા ! આપે જે કહ્યું તે ઠીક છે. પરંતુ જંગલમાં રહેનારાં હરણ[૫૨] અને પક્ષીઓની ચિકિત્સા કોણ કરે છે ?[૫૩]

७७.एगभूओ अरण्णे वा
जहा उ चरई मिगो ।
एवं धम्मं चरिस्सामि
संजमेण तवेण य ।।

एकभूतोऽरण्ये वा
यथा तु चरति मृगः ।
एवं धर्मं चरिष्यामि
संयमेन तपसा च ॥

૭૭. 'જેવી રીતે જંગલમાં હરણ એકલું વિચરે છે, તેવી જ રીતે હું પણ સંયમ અને તપ સાથે એકાકીભાવ પ્રાપ્ત કરી ધર્મનું આચરણ કરીશ.'

७८.जया मिगस्स आयंको
महारण्णम्मि जायई ।
अच्छंतं रुक्खमूलम्मि
को णं ताहे तिगिच्छई ? ॥

यथा मृगस्यातङ्कः
महारण्ये जायते ।
तिष्ठन्तं रूक्षमूले
क एनं तदा चिकित्सति ?॥

૭૮. 'જ્યારે મહાવનમાં[૫૪] હરણના શરીરમાં આતંક—રોગ ઉત્પન્ન થાય છે ત્યારે કોઈ વૃક્ષ તળે બેઠેલાં તે હરણની ચિકિત્સા કોણ કરે છે ?

७९.को वा से ओसहं देई ?
को वा से पुच्छई सुहं ? ।
को से भत्तं च पाणं च
आहरित्तु पणामए ? ॥

को वा तस्मै औषधं दत्ते ?
को वा तस्य पृच्छति सुखम् ?।
कस्तस्मै भक्तं च पानं च
आहृत्याऽर्पयेत् ? ॥

૭૯. 'કોણ તેને ઔષધ આપે છે ? કોણ તેને સુખનું પૂછે છે ? કોણ તેને ખાવા-પીવા માટે ભોજન-પાન લાવી આપે છે ?[૫૫]

८०.जया य से सुही होइ
तया गच्छइ गोयरं ।
भत्तपाणस्स अट्ठाए
वल्लराणि सराणि य ॥

यदा च स सुखी भवति
तदा गच्छति गोचरम् ।
भक्तपानस्याऽर्थाय
वल्लराणि सरांसि च ॥

૮૦. 'જ્યારે તે સ્વસ્થ થઈ જાય છે ત્યારે ગોચરમાં જાય છે. ખાવા-પીવા માટે લતા-નિકુંજો અને જળાશયોમાં[૫૬] જાય છે.

८१.खाइत्ता पाणियं पाउं
वल्लरेहिं सरेहि वा ।
मिगचारियं चरित्ताणं
गच्छई मिगचारियं ॥

खादित्वा पानीयं पीत्वा
वल्लरेषु सरस्सु वा ।
मृगचारिकां चरित्वा
गच्छति मृगचारिकाम् ॥

૮૧. 'લતા-નિકુંજો અને જળાશયોમાં ખાઈ-પીને તે મૃગચર્યા (કૂદકા) વડે મૃગચર્યા (સ્વતંત્ર વિહાર) માટે ચાલ્યું જાય છે.[૫૭]

८२.एवं समुट्ठिओ भिक्खू
एवमेव अणेगओ ।
मिगचारियं चरित्ताणं
उड्ढं पक्कमई दिसं ॥

एवं समुत्थितो भिक्षुः
एवमेवाऽनेकगः ।
मृगचारिकां चरित्वा
ऊर्ध्वां प्रक्रामति दिशम् ॥

૮૨. 'એ જ રીતે સંયમને માટે તૈયાર થયેલો ભિક્ષુ સ્વતંત્ર વિહાર[૫૮] કરતો-કરતો મૃગચર્યાનું આચરણ કરી ઊંચી દિશા—મોક્ષમાં ચાલ્યો જાય છે.

८३.जहा मिगे एग अणेगचारी
अणेगवासे धुवगोयरे य ।
एवं मुणी गोयरियं पविट्ठे
नो हीलए नो वि य खिंसएज्जा ॥

यथा मृग एकोऽनेकचारी
अनेकवासो ध्रुवगोचरश्च ।
एवं मुनिर्गोचर्यां प्रविष्टः
नो हीलयेन्नो अपि च खिंसयेत् ॥

૮૩. 'જે રીતે હરણ એકલું અનેક સ્થાનોમાં ભોજન-પાન લેનાર, અનેક સ્થાનોમાં રહેનાર અને ગોચર વડે જ જીવન-યાપન કરનાર[૫૯] હોય છે, તેવી જ રીતે ગોચરપ્રવિષ્ટ મુનિ જ્યારે ભિક્ષા માટે જાય છે ત્યારે કોઈની પણ અવજ્ઞા કે નિંદા કરતો નથી.

८४.मिगचारियं चरिस्सामि
एवं पुत्ता ! जहासुहं ।
अम्मापिऊहिंणुण्णाओ ।
जहाइ उवहिं तओ ॥

मृगचारिकां चरिष्यामि
एवं पुत्र ! यथासुखम् ।
अम्बापितृभ्यामनुज्ञातः
जहात्युपधिं ततः ॥

૮૪. (મૃગાપુત્રે કહ્યું—) 'હું મૃગચર્યાનું આચરણ કરીશ.' (માતા-પિતાએ કહ્યું—) 'પુત્ર ! જેમ તને સુખ થાય તેમ કર.' એ રીતે માતા-પિતાની અનુમતિ મેળવીને ઉપધિ[૬૦] છોડી રહ્યો છે.

८५.मियचारियं चरिस्सामि
सव्वदुक्खविमोक्खणिं ।
तुब्भेहिं अम्मणुण्णाओ
गच्छ पुत्त ! जहासुहं ॥

मृगचारिकां चरिष्यामि
सर्वदुःखविमोक्षणीम् ।
युवाभ्यामम्ब ! अनुज्ञातः
गच्छ पुत्र ! यथासुखम् ॥

૮૫. 'હું તમારી અનુમતિ મેળવીને બધા દુઃખોમાંથી મુક્તિ અપાવનાર મૃગચર્યાનું આચરણ કરીશ.' (માતા-પિતાએ કહ્યું—) 'પુત્ર ! જેમ તને સુખ થાય તેમ કર.

८६.एवं सो अम्मापियरो
अणुमाणित्ताण बहुविहं ।
ममत्तं छिंदई ताहे
महानागो व्व कंचुयं ॥

एवं सोऽम्बापितरौ
अनुमान्य बहुविधम् ।
ममत्वं छिनत्ति तदा
महानाग इव कंचुकम् ॥

૮૬. એ રીતે વિવિધ ઉપાયો વડે તે માતા-પિતાને અનુમતિ માટે રાજી કરી મમત્વનું છેદન કરી રહ્યો છે, જેવી રીતે કોઈ મહાનાગ કાંચળીનું છેદન કરે છે.

८७.इड्ढिं वित्तं च मित्ते य
पुत्तदारं च नायओ ।
रेणुयं व पडे लग्गं
निद्धुणित्ताण निग्गओ ॥

ऋद्धिं वित्तं च मित्राणि च
पुत्रदारांश्च ज्ञातीन् ।
रेणुकमिव पटे लग्नं
निर्धूय निर्गतः ॥

૮૭. ઋદ્ધિ, ધન, મિત્ર, પુત્ર, કલત્ર અને જ્ઞાતિજનોને કપડા પર લાગેલી ધૂળની માફક ઝાટકીને તે નીકળી ગયો– પ્રવ્રજિત થઈ ગયો.

८८.पंचमहव्वयजुत्तो
पंचसमिओ तिगुत्तिगुत्तो य ।
सब्भिंतरबाहिरओ
तवोकम्मंसि उज्जुओ ॥

पञ्चमहाव्रतयुक्तः
पञ्चसमितस्त्रिगुप्तिगुप्तश्च ।
साभ्यन्तरबाह्ये
तपःकर्मणि उद्युतः ॥

૮૮. તે પાંચ મહાવ્રતોથી યુક્ત, પાંચ સમિતિઓ વડે સમિત, ત્રણ ગુપ્તિઓ વડે ગુપ્ત, આંતરિક અને બાહ્ય તપશ્ચર્યામાં તત્પર–

८९.निम्ममो निरहंकारो
निस्संगो चत्तगारवो ।
समो य सव्वभूएसु
तसेसु थावरेसु य ॥

निर्ममो निरहंकारः
निस्सङ्गस्त्यक्तगौरवः ।
समश्च सर्वभूतेषु
त्रसेषु स्थावरेषु च ॥

૮૯. મમત્વરહિત, અહંકારરહિત, નિર્લેપ, ગૌરવનો ત્યાગ કરનાર, ત્રસ અને સ્થાવર બધા જીવોમાં સમભાવ રાખનાર–

९०.लाभालाभे सुहे दुक्खे
जीविए मरणे तहा ।
समो निंदापसंसासु
तहा माणावमाणओ ॥

लाभालाभे सुखे दुःखे
जीविते मरणे तथा ।
समो निन्दाप्रशंसयोः
तथा मानापमानयोः ॥

૯૦. લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, નિંદા-પ્રશંસા, માન-અપમાનમાં સમ રહેનાર–

९१.गारवेसु कसाएसु
दंडसल्लभएसु य ।
नियत्तो हाससोगाओ
अनियाणो अबंधणो ॥

गौरवेभ्यः कषायेभ्यः
दण्डशल्यभयेभ्यश्च ।
निवृत्तो हासशोकात्
अनिदानोऽबन्धनः ॥

૯૧. ગૌરવ, કષાય, દંડ, શલ્ય, ભય[૬૧], હાસ્ય અને શોકથી નિવૃત્ત, નિદાન અને બંધનથી રહિત–

९२.अणिस्सिओ इहं लोए
परलोए अणिस्सिओ ।
वासीचंदणकप्पो य ।
असणे अणसणे तहा ॥

अनिश्रित इह लोके
परलोकेऽनिश्रितः ।
वासीचन्दनकल्पश्च
अशनेऽनशने तथा ।

૯૨. ઈહલોક અને પરલોકમાં અનાસક્ત, વાંસલાથી કપાતાં કે ચંદન લગાવાતાં[૬૨] તથા આહાર મળે કે ન મળે તે બાબતમાં[૬૩] સમ રહેનાર–

९३.अप्पसत्थेहिं दारेहिं
सव्वओ पिहियासवे ।
अज्झप्पज्झाणजोगेहिं
पसत्थदमसासणे ॥

अप्रशस्तेभ्यो द्वारेभ्यः
सर्वतः पिहितास्रवः ।
अध्यात्मध्यानयोगैः
प्रशस्तदमशासनः ॥

૯૩. અપ્રશસ્ત દ્વારોથી આવનારા[૬૪] કર્મ-પુદ્‌ગલોનો સર્વતઃ નિરોધ કરનાર, અધ્યાત્મ-ધ્યાનયોગ વડે પ્રશસ્ત અને ઉપશમપ્રધાન શાસનમાં રહેનારો બન્યો.[૬૫]

९४.एवं नाणेण चरणेण
दंसणेण तवेण य ।
भावणाहि य सुद्धाहिं
सम्मं भावेत्तु अप्पयं ॥

एवं ज्ञानेन चरणेन
दर्शनेन तपसा च ।
भावनाभिश्च शुद्धाभिः
सम्यग् भावयित्वाऽऽत्मकम् ॥

૯૪. આ રીતે જ્ઞાન, ચારિત્ર, તપ અને વિશુદ્ધ ભાવનાઓ દ્વારા[૬૬] આત્માને સારી પેઠે ભાવિત કરીને—

९५.बहुयाणि उ वासाणि
सामण्णमणुपालिया ।
मासिएण उ भत्तेण
सिद्धिं पत्तो अणुत्तरं ॥

बहुकानि तु वर्षाणि
श्रामण्यमनुपाल्य ।
मासिकेन तु भक्तेन
सिद्धिं प्राप्तोऽनुत्तराम् ॥

૯૫. ઘણાં વર્ષો સુધી શ્રમણ ધર્મનું પાલન કરી, અંતમાં એક મહિનાનું અનશન કરી તે અનુત્તર સિદ્ધિ—મોક્ષને પ્રાપ્ત થયો.

९६.एवं करंति संबुद्धा
पंडिया पवियक्खणा ।
विणियट्टंति भोगेसु
मियापुत्ते जहा रिसी ॥

एवं कुर्वन्ति संबुद्धाः
पण्डिताः प्रविचक्षणाः ।
विनिवर्तन्ते भोगेभ्य
मृगापुत्रो यथा ऋषिः ॥

૯૬. સંબુદ્ધ, પંડિત અને પ્રવિચક્ષણ જેઓ હોય છે તેઓ આમ કરે છે. તેઓ ભોગોમાંથી એવી રીતે નિવૃત્ત થાય છે જેવી રીતે મૃગાપુત્ર ઋષિ થયા હતા.

९७.महापभावस्स महाजसस्स
मियाइपुत्तस्स निसम्म भासियं ।
तवप्पहाणं चरियं च उत्तमं
गइप्पहाणं च तिलोगविस्सुयं ॥

महाप्रभावस्य महायशसः
मृगायाः पुत्रस्य निशम्य भाषितम् ।
तपःप्रधानं चरितं चोत्तमं
प्रधानगतिं च त्रिलोकविश्रुताम् ॥

૯૭. મહા પ્રભાવશાળી, મહાન યશસ્વી મૃગાપુત્રનું[૬૭] કથન, તપપ્રધાન ઉત્તમ આચરણ અને ત્રિલોક-વિશ્રુત પ્રધાન-ગતિ (મોક્ષ)ને સાંભળીને[૬૮]—

९८.वियाणिया दुक्खविवद्धणं धणं
ममत्तबंधं च महब्भयावहं ।
सुहावहं धम्मधुरं अणुत्तरं
धारेह निव्वाणगुणावहं महं ॥

विज्ञाय दुःखविवर्धनं धनं
ममत्वबन्धं च महाभयावहम् ।
सुखावहां धर्मधुरामनुत्तरां
धारय निर्वाणगुणावहां महतीम् ॥

૯૮. ધનને દુ:ખ વધારનારું અને મમતાના બંધનને મહા ભયંકર જાણીને સુખ આપનારી, અનુત્તર નિર્વાણના ગુણો પ્રાપ્ત કરાવનારી[૬૯], મહાન ધર્મની ધુરાને ધારણ કરો.

—त्ति बेमि ॥

—इति ब्रवीमि ।

—એમ હું કહું છું.

टिप्पण

## અધ્યયન ૧૯ : મૃગાપુત્રીય

### ૧. કાનન અને ઉદ્યાન (काणणुज्जाण)

કાનન તે કહેવાય છે જ્યાં મોટાં વૃક્ષો હોય.[૧] ઉદ્યાનનો અર્થ છે—ક્રીડા-વન. વૃત્તિકારે ઉદ્યાનનો અર્થ 'આરામ' પણ કર્યો છે.[૨] આરામ જન-સાધારણ માટે ઘૂમવા-ફરવાનું સ્થાન હતું. ક્રીડા-વન એવું સ્થાન હતું કે જ્યાં નૌકાવિહાર, ખેલ-કૂદ તથા બીજી-બીજી ક્રીડાસામગ્રીની સુલભતા રહેતી. જુઓ—દશવૈકાલિક, ૬ા૧નું ટિપ્પણ.

### ૨. બલશ્રી (बलसिरी)

મૃગાપુત્રનાં બે નામ હતાં—બલશ્રી અને મૃગાપુત્ર. 'બલશ્રી' માતા-પિતા દ્વારા અપાયેલું નામ હતું અને જનસાધારણમાં તે 'મૃગાપુત્ર'ના નામે પ્રસિદ્ધ હતો.[૩]

### ૩. યુવરાજ (जुवराया)

રાજાઓમાં એવી પરંપરા હતી કે મોટો પુત્ર જ રાજ્યનો અધિકારી બનતો. તે જ્યારે રાજ્યનો કારભાર સંભાળવા માટે સમર્થ બની જતો ત્યારે તેને 'યુવરાજ' પદ આપવામાં આવતું. તે રાજ્યપદની પૂર્વ-સ્વીકૃતિનું વાચક છે.

પ્રાચીન સાહિત્યમાં એવું મળે છે કે રાજ્યાભિષેક પૂર્વે યુવરાજ પણ એક મંત્રી ગણાતો, જે રાજાને રાજ્યસંચાલનમાં સહાય કરતો. તેની વિશેષ મુદ્રા રહેતી અને તેની પદવીનું સૂચક એક નિશ્ચિત પદ પણ રહેતું.

'યુવરાજ'ને 'તીર્થ' પણ કહેવામાં આવ્યો છે. કૌટિલ્યે પોતાના અર્થશાસ્ત્રમાં ૧૮ તીર્થ ગણાવ્યાં છે, તેમાં 'યુવરાજ'નો ઉલ્લેખ પણ થયો છે. 'તીર્થ'નો અર્થ છે—મહા અમાત્ય.[૪]

### ૪. દમીશ્વર (दमीसरे)

શાન્ત્યાચાર્યે આના બે અર્થ આપ્યા છે—

(૧) ઉદ્ધત વ્યક્તિઓનું દમન કરનાર રાજાઓનો ઈશ્વર.

(૨) ઉપશમશીલ વ્યક્તિઓનો ઈશ્વર.

પ્રથમ અર્થ વર્તમાન અવસ્થાનો બોધક છે અને બીજો ભવિષ્યકાળની અપેક્ષાથી કહેવામાં આવે છે.[૫]

નેમિચંદ્રે માત્ર બીજો અર્થ જ કર્યો છે.[૬]

---

૧. सुखबोधा, पत्र २६० : काननानि—बृहद्वृक्षाश्रयाणि वनानि ।

૨. એજન, पत्र २६० : उद्यानानि—आरामाः क्रीडावनानि वा ।

૩. बृहद्वृत्ति, पत्र ४५१ : बलश्रीः बलश्रीनामा मातापितृ-विहितनाम्ना लोके च मृगापुत्र इति ।

૪. कौटिल्य अर्थशास्त्र, १।१२।८, पृ. २१-२३ ।

૫. बृहद्वृत्ति, पत्र ४५१ : दमिना — उद्धतदमनशीलास्ते च राजानस्तेषामीश्वरः — प्रभुर्दमीश्वरः, यद्वा दमिनः—उपशमिनस्तेषां सहजोपशमभावत ईश्वरो दमीश्वरः, भाविकालापेक्षं चैतत् ।

૬. सुखबोधा, पत्र २६० : 'दमीसरि' त्ति दमिनाम्—उपशमिनामीश्वरो दमीश्वरः, भाविकालापेक्षं चैतत् ।

### ૫. દોગુન્દગ (दोगुंदगो)

'દોગુન્દગ' ત્રાયસ્ત્રિંશ જાતિના દેવો હોય છે. તેઓ સદા ભોગ-પરાયણ હોય છે.[૧] તેમની વિશેષ જાણકારી માટે જુઓ— ભગવતી, ૧૦/૪.

### ૬. મણિ અને રત્ન (मणिरयण)

સામાન્યતઃ મણિ અને રત્ન પર્યાયવાચી શબ્દો માનવામાં આવે છે. વૃત્તિકારે તેમનામાં એવો ભેદ કર્યો છે કે વિશિષ્ટ માહાત્મ્યયુક્ત રત્નોને 'મણિ' કહે છે, જેમકે ચંદ્રકાન્તમણિ, સૂર્યકાન્તમણિ વગેરે વગેરે તથા બાકીના ગોમેદક વગેરે 'રત્ન' કહેવાય છે.[૨]

### ૭. ગવાક્ષ (आलोयण)

દશવૈકાલિક, ૫/૧/૧૫માં ગવાક્ષના અર્થમાં 'आलोय'નો પ્રયોગ થયો છે. અહીં તે જ અર્થમાં 'आलोयण' છે.

શાન્ત્યાચાર્યે તેનો એક અર્થ 'સૌથી ઊંચી ચતુરિકા' પણ કર્યો છે. ગવાક્ષ કે ચતુરિકા વડે દિશાઓનું આલોકન કરી શકાય છે, એટલા માટે તેને 'आलोकन' કહેવામાં આવે છે.[૩]

### ૮. નિયમ (नियम)

મહાવ્રત, વ્રત, નિયમ—આ બધા સાધારણપણે સંવરના વાચક છે. પરંતુ રૂઢિવશાત્ તેમનામાં અર્થભેદ પણ છે. યોગ-દર્શન સંમત અષ્ટાંગ યોગમાં નિયમનું બીજું સ્થાન છે.[૪] તદનુસાર શૌચ, સંતોષ, સ્વાધ્યાય, તપ અને દેવતાપ્રણિધાન—આ બધા નિયમો કહેવાય છે.[૫]

જૈન વ્યાખ્યા અનુસાર જે વ્રતોમાં જાતિ, દેશ, કાળ, સમય વગેરેનો અપવાદ નથી હોતો, તે 'મહાવ્રત' કહેવાય છે. જે વ્રતો અપવાદ સહિત હોય છે, તે 'વ્રત' કહેવાય છે. ઐચ્છિક વ્રતોને 'નિયમ' કહેવામાં આવે છે.

શાન્ત્યાચાર્યે 'અભિગ્રહાત્મક વ્રત'ને 'નિયમ' કહેલ છે.[૬]

### ૯. શીલથી સમૃદ્ધ (सीलड्ढं)

વૃત્તિકારે શીલનો અર્થ—અષ્ટાદશ સહસ્ર શીલાંગ કર્યો છે.[૭]

વિસ્તાર માટે જુઓ—ઉત્તરાધ્યયન, ૧૯/૨૪નું ટિપ્પણ.

---

૧. बृहद्वृत्ति, पत्र ४५१ : दोगुन्दगाश्च त्रायस्त्रिशा: तथा च वृद्धा: "त्रायस्त्रिशा देवा नित्यं भोगपरायणा दोगुंदुगा इति भण्णंति"।

૨. એજન, पत्र ४५१ : मणयश्च—विशिष्टमाहात्म्याश्चन्द्रकांतादयो, रत्नानि च—गोमेयकादीनि मणिरत्नानि ।

૩. એજન, पत्र ४५१ : आलोक्यन्ते दिशोऽस्मिन् स्थितैरित्यालोकनं प्रासादे प्रासादस्य वाऽऽलोकनं प्रासादालोकनं तस्मिन् सर्वोपरिवर्त्तिचतुरिकारूपे गवाक्षे ।

૪. पातंजलयोगदर्शन, २। २९ : यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावंगानि ।

૫. એજન, २। ३२ : शौचसंतोषतपस्स्वाध्यायेश्वरप्रणिधानानि नियमा: ।

૬. बृहद्वृत्ति, पत्र ४५१ - ४५२ : नियमश्च—द्रव्याद्यभिग्रहात्मक: ।

૭. बृहद्वृत्ति, पत्र ४५२ : शीलं — अष्टादशशीलाङ्गसहस्ररूपम् ।

**૧૦. અધ્યવસાન (अज्झवसाणम्मि)**

બૃહદ્‌વૃત્તિમાં અધ્યવસાનનો અર્થ છે—અંતઃકરણનું પરિણામ.[1] નિશીથચૂર્ણિમાં મનઃસંકલ્પ, અધ્યવસાન અને ચિત્તને એકાર્થક માનવામાં આવ્યું છે.[2] વિશેષાવશ્યક ભાષ્યમાં અતિ હર્ષ અને વિષાદને કારણે ચિંતનની જે ગહનતા આવે છે તેને અધ્યવસાન કહેવામાં આવેલ છે.[3] સ્થાનાંગમાં અધ્યવસાનને અકાલમૃત્યુનો એક હેતુ માનવામાં આવેલ છે.[4] તેનો અર્થ છે—રાગ, નેહ અને ભય વગેરેની તીવ્રતા.

**'अज्झवसाय'** અને **'अज्झवसाण'**—આ બંને શબ્દો એકાર્થક છે. જ્યાં ક્યાંય જાતિ-સ્મૃતિ અને અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિનો પ્રસંગ આવે છે ત્યાં **'सुभेणं अज्झवसाणेणं सुभेणं परिणामेणं लेसाहिं विसुज्झमाणाहिं'**—એવો પાઠ મળે છે.[5] આ ઉપલબ્ધિ પરિણામોની વિશુદ્ધિ અને સૂક્ષ્મતા વડે પ્રાપ્ત થાય છે. આ ચેતનાનું સૂક્ષ્મ સ્તર છે, એટલા માટે તેનો મનની સાથે સંબંધ જોડી શકાય નહિ.

**૧૧. (मोहंगयस्स)**

જૈન ધર્મમાં 'જાતિ-સ્મૃતિ'—પૂર્વ-જન્મનાં સ્મરણની એક વિશેષ પદ્ધતિ છે. કોઈ વ્યક્તિ પૂર્વ પરિચિત વ્યક્તિને જુએ છે ત્યારે તત્કાળ તેના ચૈતસિક સંસ્કારોમાં એક હલચલ પેદા થાય છે. તે વિચારે છે કે આ પ્રકારનો આકાર મેં ક્યાં જોયો છે? ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા દ્વારા ચિંતન આગળ વધે છે. મેં આ ક્યાં જોયું ? આ ક્યાં છે ?—એવા પ્રકારની ચિંતાનો એક સંઘર્ષ ચાલે છે. તે સમયે વ્યક્તિ સંમોહનની સ્થિતિમાં ચાલી જાય છે. તેવી સ્થિતિમાં તેને પૂર્વ-જન્મની સ્મૃતિ થઈ આવે છે.[6]

પ્રસ્તુત શ્લોક દ્વારા જાતિ-સ્મરણની પ્રક્રિયા ફલિત થાય છે. તેનાં ત્રણ અંગો છે—

(૧) દશ્ય વસ્તુ કે વ્યક્તિનો સાક્ષાત્કાર

(૨) અધ્યવસાનની શુદ્ધિ

(૩) સંમોહન.

જુઓ—૯।૧નું ટિપ્પણ.

**૧૨. (શ્લોક ૧૧)**

આ શ્લોકમાં ભોગોને વિષફળની ઉપમા આપવામાં આવી છે. જેવી રીતે વિષફળ પ્રથમ સ્વાદમાં અત્યંત મધુર હોય છે પરંતુ પરિણામકાળે અત્યંત કડવાં અને દુઃખદાયી હોય છે, તેવી જ રીતે ભોગો પણ સેવન-કાળમાં મધુર લાગે છે, પરંતુ તેમનો વિપાક કટુ હોય છે અને તેઓ અનવચ્છિન્ન દુઃખ આપનારા હોય છે.

**૧૩. ક્લેશોનું (....केसाण)**

ક્લેશ શબ્દ 'क्लिशूश् विबाधने', 'क्लिशङ् च् उपतापे'—આ બે ધાતુઓમાંથી નિષ્પન્ન થયેલ છે. તેનો અર્થ છે—બાધા,

---

૧. बृहद्वृत्ति, पत्र ४५२ : अध्यवसाने—इत्यन्तःकरण-परिणामे ।

૨. निशीथचूर्णि, भाग ३, पृष्ठ ७० : मणसंकप्पेत्ति वा अज्झवसाणं ति वा चित्तं ति वा एगट्ठं ।

૩. विशेषावश्यकभाष्य,

૪. ठाणं : ७। ७२ : सत्तविधे आउभेदे पण्णत्ते, तं जहा— अज्झवसाणणिमित्ते.... ।

૫. भगवई : ११ । १७१ ।

૬. बृहद्वृत्ति, पत्र ४५२ : 'अध्यवसाने इत्यन्तःकरणपरिणामे 'शोभने' प्रधाने क्षायोपशमिकभाववर्त्तिनीति यावत् 'मोहं' क्वेदं मया दृष्टं क्वेदमित्यतिचिन्तातश्चित्तसंघट्टजमूर्च्छात्मकं 'गतस्य' प्राप्तस्य' सतः ।

સંતાપ અને પીડા. વૃત્તિકારે ક્લેશનો અર્થ દુઃખ (અપ્રિય સંવેદન)ના હેતુભૂત જ્વરા વગેરે રોગ એવો કર્યો છે.[1]

મહર્ષિ પતંજલિએ પાંચ પ્રકારના ક્લેશ ગણાવ્યા છે—અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. તેમના અનુસાર ક્લેશનો અર્થ વિપર્યય છે.[2]

### ૧૪. વ્યાધિ અને રોગોનું (वाहीरोगाण)

અત્યંત પીડા ઉત્પન્ન કરનારા કુષ્ઠ જેવા રોગોને 'વ્યાધિ' કહેવામાં આવે છે અને ક્યારેક થનારા જ્વર વગેરેને 'રોગ' કહેવામાં આવે છે.[3]

### ૧૫. કિંપાક ફળ (किंपागफलाणं)

જૈન સાહિત્યમાં સ્થળે-સ્થળે કિંપાક ફળનો ઉલ્લેખ મળે છે. તે જોવામાં અતિ સુંદર અને ખાવામાં અત્યંત સ્વાદિષ્ટ હોય છે. તેને ખાવાનું પરિણામ છે—પ્રાણાંત. ભોગોની વિરસતા બતાવવા માટે ઘણા ભાગે આની જ ઉપમા આપવામાં આવે છે.

વૃત્તિકારે કિંપાકનો અર્થ વૃક્ષવિશેષ કર્યો છે.[4] તેનાં ફળ અતિ સ્વાદિષ્ટ હોય છે. કોશકારો અનુસાર તે એક લતાવિશેષ છે. તેનું બીજું નામ મહાકાલ લતા છે.[5] શાલિગ્રામનિઘંટુભૂષણમાં કારસ્કર, કિંપાક, વિષતિંદુક વિષદ્રુમ, ગરદ્રુમ, રમ્યફલ, કુપાક, કાલકૂટક—આ બધાંને પર્યાયવાચી માનવામાં આવ્યાં છે.[6] તેમાં કારસ્કર વૃક્ષનું જે વર્ણન મળે છે તદનુસાર કિંપાક કુચલાનું વૃક્ષ છે. કારસ્કર વૃક્ષ મધ્યમ આકારનું હોય છે. તે ઘણે ભાગે વનોમાં ઊગે છે. તેનાં પાંદડાં નાગરવેલના પાન જેટલાં પહોળા અને ફળ નારંગી જેવાં હોય છે. તેના બી કુચલા કહેવાય છે. તેનાં પાકેલાં ફળ વિષદ અને પાકમાં મધુર હોય છે.

વનસ્પતિસૃષ્ટિમાં કિંપાકફળનું વર્ણન આવી રીતે મળે છે—કિંપાકફળ અપક્વ અવસ્થામાં નીલ રંગનું અને પાકી જતાં નારંગી રંગનું બને છે. તેનો ગર કુદરતી મીઠો હોય છે. તેને પક્ષીઓ અને વાનરો ખૂબ શોખથી ખાય છે. ગર સિવાયનાં તેનાં બાકીનાં બધાં અંગો કડવાં હોય છે. તેનું સમગ્ર ફળ વિષમય હોય છે. અંગ્રેજીમાં તેના બીજોને સ્ટ્રિક્નિન નક્સવોમિકા (Strychnine Nuxvomica) કહે છે. તે બટનના આકારનાં, મખમલ જેવાં મુલાયમ, અતિ કઠોર અને વચમાં રકાબી જેવા ખાડાવાળા હોય છે.[7]

### ૧૬. હજારો ગુણ (गुणाणं तु सहस्साइं)

વૃત્તિકારે અહીં ગુણનો અર્થ—મુનિજીવનના ઉપકારી શીલાંગ ગુણ એવો કર્યો છે.[8] તેમની સંખ્યા અઢાર હજાર છે—

---

૧. बृहद्वृत्ति, पत्र ४५४ : दुःखम्—असातं तद्धेतवः क्लेशाः—ज्वरादयो रोगा दुःखक्लेशाः शाकपार्थिवादिवत्समासः ।

૨. पातंजलयोगदर्शनः ३। ३ पृ. १३४ : अविद्याऽस्मिता-रागद्वेषाभिनिवेशाः पञ्चक्लेशाः । क्लेशा इति पञ्च विपर्यया इत्यर्थः ।

૩. बृहद्वृत्ति, पत्र ४५४ : व्याधयः—अतीव बाधाहेतवः कुष्ठादयो, रोगाः—ज्वरादयः ।

૪. बृहद्वृत्ति, पत्र : ४५४ किम्पाकः—वृक्षविशेषस्तस्य फलान्यतीव सुस्वादूनि ।

૫. (ક) शब्दकल्पद्रुम, भाग २, पृ. १२८ : किम्पाक : पु० महाकाल लता । इति रत्नमाला । माकाल इति भाषा ।

(ખ) नानार्थसंग्रह, पृ. ७८ : किम्पाको महाकाल-फलाज्ञयोः ( मेदिनी ) ।

(ગ) वाचस्पत्यम्, भाग ३, पृ. २०५० : किम्पाकः ( माखाल ) महाकाल ।

(ઘ) એજન, भाग ६, पृ. ४०४० : महाकाल लताभेदे ।

૬. शालिग्रामनिघण्टुभूषणम् ( बृहन्निघण्टु रत्नाकरान्तर्गतो सप्तमाष्टम भाग ) पृ. ६०० ।

कारस्करस्तु किंपाको विषतिन्दुर्विषद्रुमः ।
गरद्रुमो रम्यफलः कुपाकः कालकूटकः ॥

૭. વનસ્પતિસૃષ્ટિ, સ્કંધ બીજો, પૃ. ૬૧.

૮. बृहद्वृत्ति, पत्र ४५६ : गुणानां—श्रामण्योपकारकाणां शीलाङ्गरूपाणाम् ।

**जे णो करंति मणसा, णिज्जिय आहारसन्ना सोइंदिये ।**
**पुढविकायारंभं खंतिजुत्ते ते मुणी वंदे ॥**

આ એક ગાથા છે. બીજી ગાથામાં 'खंति'ના સ્થાને 'मुत्ति' શબ્દ આવશે, બાકીનું જેમનું તેમ રહેશે. ત્રીજામાં 'अज्जव' આવશે. એ રીતે ૧૦ ગાથાઓમાં દસ ધર્મોનાં નામ ક્રમશઃ આવશે. પછી અગિયારમી ગાથામાં 'पुढवि'ના સ્થાને 'आउ' શબ્દ આવશે. 'पुढवि' સાથે ૧૦ ધર્મોનું પરિવર્તન થયું હતું તે જ રીતે 'आउ' શબ્દ સાથે પણ થશે. પછી 'आउ'ના સ્થાને ક્રમશઃ 'तेउ', 'वाउ', 'वणस्सइ', 'बेइंदिय', 'तेइंदिय', 'चतुरिंदिय', 'पंचेंदिय' અને 'अजीव'—આ દસ શબ્દો આવશે. પ્રત્યેકની સાથે દસ ધર્મોનું પરિવર્તન થવાથી (૧૦ x ૧૦)એકસો ગાથાઓ બની જશે. એ રીતે પાંચ ઈન્દ્રિયોની (૧૦૦ x ૫) પાંચસો ગાથાઓ થશે. પછી ૫૦૧માં 'आहार सन्ना'ના સ્થાને 'भयसन्ना' પછી 'मेहुणसन्ना' અને 'परिग्गहसन्ना' શબ્દો આવશે. એક સંજ્ઞાના ૫૦૦ થવાથી ૪ સંજ્ઞાના (૫૦૦ x ૪) ૨૦૦૦ થશે. પછી 'मणसा' શબ્દનું પરિવર્તન થશે. 'मणसा'ના સ્થાને 'वयसा' પછી 'कायसा' આવશે. એક-એક કાયના ૨૦૦૦ થવાથી ત્રણ કાયોના (૨૦૦૦ x ૩) ૬૦૦૦ થશે. પછી 'करंति' શબ્દમાં પરિવર્તન થશે. 'करंति'ના સ્થાને 'कारयंति' અને 'समणुजाणति' શબ્દો આવશે. એક-એકના ૬૦૦૦ થવાથી ત્રણના (૬૦૦૦ x ૩) ૧૮૦૦૦ થઈ જશે.

આ અઢાર હજાર શીલનાં અંગો છે. તેમને રથ વડે નીચે મુજબ ઉપમિત કરવામાં આવે છે—

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| जे णो करंति ६.... | जे णो कारयंति ६.... | जे णो समणुजाणति ६.... | | | | | | | |
| मणसा २.... | वयसा २.... | कायसा २.... | | | | | | | |
| णिज्जिय आहारसन्ना ५०० | णिज्जिय भयसन्ना ५०० | णिज्जिय मेहुणसन्ना ५०० | णिज्जिय परिग्गहसन्ना ५०० | | | | | | |
| श्रोत्रेन्द्रिय १०० | चक्षुरिन्द्रिय १०० | घ्राणेन्द्रिय १०० | रसनेन्द्रिय १०० | स्पर्शनेन्द्रिय १०० | | | | | |
| पृथिवी १० | अप् १० | तेजस् १० | वायु १० | वनस्पति १० | द्वीन्द्रिय १० | त्रीन्द्रिय १० | चतुरिन्द्रिय १० | पंचेन्द्रिय १० | |
| क्षान्ति १ | मुक्ति २ | आर्जव ३ | मार्दव ४ | लाघव ५ | सत्य ६ | संयम ७ | तप ८ | ब्रह्मचर्य ९ | अकिंचनता १० |

### ૧૭. દાતણ જેવડી વસ્તુ પણ (**दंतसोहणमाइस्स**)

વૃત્તિકારે 'माइस्स' પદમાં 'म'કારને અલાક્ષણિક માન્યો છે તથા 'आइ'નું સંસ્કૃત રૂપ 'आदि' કર્યું છે.[1] અર્થની દૃષ્ટિએ 'मात्र' શબ્દ અધિક યોગ્ય છે. 'मायस्स'—આનું ઉચ્ચારણ 'माइस्स' પણ થઈ શકે છે. 'य'કારનું 'इ'કારમાં પરિવર્તન થવું સહજ પ્રક્રિયા છે. તેનું સંસ્કૃત રૂપાંતર થશે—'दन्तशोधनमात्रस्य'.

### ૧૮. (શ્લોક ૨૮)

પ્રસ્તુત શ્લોકમાં બ્રહ્મચર્ય-વ્રતના સ્વીકારને અતિ દુષ્કર દર્શાવવામાં આવેલ છે. કામ-ભોગોના રસને જાણનારાઓ માટે અબ્રહ્મચર્યમાંથી અટકવું કેટલું દુષ્કર છે તે પ્રસંગમાં મુનિ સ્થૂલભદ્ર જેવાનું કોઈ વિરલ જ ઉદાહરણ મળે છે—

ચાતુર્માસનો પ્રારંભ થવાની તૈયારી હતી. સ્થૂલભદ્ર સહિત ચાર મુનિઓ આચાર્ય સંભૂતવિજય પાસે આવ્યા. સહુએ ગુરુ-ચરણોમાં પોતાનું નિવેદન પ્રસ્તુત કર્યું. એકે કહ્યું—'ગુરુદેવ ! હું સિંહની ગુફામાં ચાતુર્માસ ગાળવા ઈચ્છું છું.' બીજાએ સાપના રાફડા પર રહી સાધના કરવાની ઈચ્છા પ્રગટ કરી. ત્રીજાએ પનિહારીઓના પનઘટ પર અને ચોથા મુનિએ કોશા વેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસ ગાળવાની અનુમતિ માગી. ગુરુએ બધાને અનુમતિ આપી.

ચાર માસ વીત્યા. બધા નિર્વિઘ્ન સાધના સંપન્ન કરી આચાર્ય પાસે આવ્યા. આચાર્યે પહેલા મુનિને 'દુષ્કર કાર્ય કરનાર' એવા સંબોધનથી સંબોધિત કર્યા. એવી જ રીતે બીજા અને ત્રીજા મુનિને માટે પણ એ જ સંબોધન પ્રયોજ્યું. પરંતુ સ્થૂલભદ્રને જોતાં જ આચાર્યે તેમને દુષ્કર-દુષ્કર, મહાદુષ્કર કરનાર કહીને સંબોધન કર્યું. ત્રણે મુનિઓને ગુરુનું આ કથન ઘણું ખટક્યું. તેઓ પોતાની વાત કહે તે પૂર્વે આચાર્યે તેમને સમજાવતાં કહ્યું—'શિષ્યો ! સ્થૂલભદ્ર કોશા વેશ્યાની ચિત્રશાળામાં રહ્યા. બધી રીતે સુવિધાજનક અને ચિરપરિચિત સ્થાન, અનુકૂળ વાતાવરણ, પ્રતિદિન ષડ્‌રસ ભોજનનું આસેવન અને વળી કોશાના હાવભાવ. સર્વ કંઈ હોવા છતાં પણ ક્ષણભર માટે મનનું વિચલિત ન થવું, કામ-ભોગોના રસને જાણતા હોવા છતાં પણ બ્રહ્મચર્યવ્રતની કઠોર સાધના કરવી તે કેટલું મહાદુષ્કર કાર્ય છે ? આ તે જ કોશા છે જેની સાથે તે બાર વર્ષ સુધી રહ્યા હતા. ત્યાં રહીને તેણે માત્ર પોતાની સાધના જ નથી કરી, પરંતુ કોશા જેવી વેશ્યાને પણ એક સારી શ્રાવિકા બનાવી છે. આથી તેના માટે આ સંબોધન યથાર્થ છે.

તેમાંના એક મુનિએ ગુરુના વચનો પર અશ્રદ્ધા દર્શાવતાં કહ્યું—'કોશાને ત્યાં રહેવું તે કયું મહા-દુષ્કર કાર્ય છે ? ત્યાં તો હર કોઈ વ્યક્તિ સાધના કરી શકે. આપ મને અનુજ્ઞા આપો, હું હવેનો ચાતુર્માસ ત્યાં જ વીતાવીશ.' આચાર્યશ્રી ઈચ્છતા ન હતા કે તે મુનિ દેખાદેખીથી આવું કરે. વારંવાર ગુરુના નિષેધ છતાં તેણે પોતાનો આગ્રહ ન છોડ્યો. અંતે તે જ થયું જે થવાનું હતું. ચાતુર્માસ વીતાવવા માટે તે કોશાને ત્યાં પહોંચી ગયો.

કેટલાક દિવસો વીત્યા. ઈન્દ્રિય-વિષયોની સુલભતા. મનોજ્ઞ શબ્દ, મનોજ્ઞ રૂપ, મનોજ્ઞ રસ વગેરે પાંચેય વિષયોએ પોતાનો પ્રભાવ બતાવ્યો અને તેની કામ-વૃત્તિ જાગૃત થઈ ગઈ. હવે તે કોશાનો સહવાસ પામવા માટે આતુર હતો. અવસર જોઈ એક દિવસ પોતાની ભાવના કોશા સામે રજૂ કરી. કોશા તો પહેલેથી જ સતર્ક હતી. તે ઈચ્છતી ન હતી કે કોઈ મુનિ પોતાના કારણે સંયમ-ભ્રષ્ટ બને. મુનિને સન્માર્ગ પર લાવવા માટે તેણે એક ઉપાય વિચાર્યો. તેણે મુનિને કહ્યું—'જો આપ મને મેળવવા ઈચ્છતા હો તો મારી એક શરત આપે પૂરી કરવી પડશે. નેપાળથી રત્ન-કંબલ લાવવો પડશે.' કામ-ભાવનાની અભીપ્સાએ મુનિને નેપાળ જવા માટે વિવશ કરી દીધો. વરસાદની મોસમ. માર્ગમાં રહેલી સેંકડો કઠણાઈઓ અને ચાતુર્માસ વચ્ચે વિહાર. જેમ-તેમ કરી અનેક કષ્ટો સહન કરી મુનિ નેપાળ પહોંચ્યો અને રત્ન-કંબલ લઈ ફરી પાછો આવી ગયો.

---

૧. बृहद्वृत्ति, पत्र ४५६ : दंतसोहणमादिस्स त्ति, मकारोऽलाक्षणिकः,...... दन्तशोधनादेरपि ।

મનોમન તે ખૂબ પ્રસન્ન થઈ રહ્યો હતો કે આજ તેની મનોભાવના સફળ થશે. મુનિએ રત્ન-કંબલ કોશાને આપ્યો. પરંતુ કોશાએ મુનિનાં જોતાં જ કીચડથી ખરડાયેલાં પગ રત્ન-કંબલથી લૂછ્યાં અને તેને ખાળમાં ફેંકી દીધો. આ ઘટના મુનિ ફાટી આંખે જોતો રહી ગયો. તેના મન પર એક ગાઢ પ્રત્યાઘાત પડ્યો કે કેટલા કષ્ટો સહન કરી હું આ રત્ન-કંબલ લઈ આવ્યો અને આનો આવો દુરુપયોગ ! વાત કંઈ સમજાઈ નહિ. અંતે તેણે કોશાને પૂછી જ લીધું—'ભદ્રે ! તેં આ શું કર્યું ? આ બહુમૂલ્ય કંબલનો શું આ જ ઉપયોગ હતો ?' કોશાએ વ્યંગની ભાષામાં કહ્યું—'સંયમ-રત્નથી વધારે રત્ન-કંબલ વળી કઈ અમૂલ્ય વસ્તુ છે ? આપે તો તુચ્છ કામ-ભોગો માટે સંયમ-રત્ન જેવી અણમોલ વસ્તુને પણ છોડી દીધી. તો પછી રત્ન-કંબલની કઈ વિસાત ?' કોશાના આ વચનોએ મુનિનાં અંતઃકરણને વીંધી નાખ્યું. ફરી તે સંયમમાં સ્થિર બની ગયો. તેને આચાર્યના તે મહા દુષ્કર કથનની યાદ આવી ગઈ કે જેને કારણે તેણે આ પ્રપંચ રચ્યો હતો. અંતે તે આચાર્ય પાસે આવ્યો અને કૃતદોષની આલોચના કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની ગયો.

આ પ્રસંગમાં આ ઉદાહરણ પણ મનનીય છે—

એક સંન્યાસી ગામથી દૂર આશ્રમ બનાવી પોતાની સાધના કરી રહ્યા હતા. પ્રતિદિન ભક્તજનો તેમની પાસે આવતા અને પ્રવચન સાંભળી ચાલ્યા જતા. એક દિવસ મહાત્મા પોતાની શિષ્ય-મંડળી વચ્ચે વાચન કરતાં-કરતાં એક વાક્ય ઉપર આવીને અટકી ગયા. ગ્રંથમાં લખ્યું હતું—બ્રહ્મચર્યનું પાલન કરવું મહા દુષ્કર છે. વાક્ય વાંચતાં જ તેઓ ચોંક્યા અને પછી પોતાના ભક્તોને કહેવા લાગ્યા—દુષ્કરતા જેવી આમાં કઈ વાત છે ? આમાં ક્યાં ભૂખ્યા-તરસ્યા રહેવું પડે છે ? ખબર નથી કયા અજ્ઞાનીએ આવું મનઘડંત લખી નાખ્યું ? તત્કાળ તેમણે તે પંક્તિ કાપી નાખી.

કેટલાક દિવસો વીત્યા. અંધારી રાત અને વરસાદની ઋતુ હતી. એક નવયુવતી એકલી પોતાના ઘરે જઈ રહી હતી. સંયોગવશ તે અંધારું અને વરસાદને કારણે માર્ગની વચમાં જ અટકી ગઈ. આસપાસમાં આશ્રયનું કોઈ સ્થાન ન હતું. થોડે દૂર જ સંન્યાસીનો આશ્રમ હતો. તે ત્યાં પહોંચી. દરવાજો ખટખટાવ્યો. સંન્યાસીએ અંદરથી દરવાજો ખોલ્યો. યુવતીએ ગભરાતાં-ગભરાતાં સંન્યાસીને કહ્યું—'હે મહાત્માજી ! હું એકલી છું અને ખરાબ મોસમને કારણે પોતાના ઘરે જઈ શકું તેમ નથી. રાત અહીં જ વિશ્રામ કરવા ઈચ્છું છું. આપ મને સ્થાન બતાવો.' સંન્યાસીએ તેને આશ્રમની અંદર બનાવેલા મંદિરનું સ્થાન બતાવ્યું. યુવતી ત્યાં ગઈ અને સુરક્ષાની દૃષ્ટિએ તેણે બારણાં બંધ કરી સાંકળ લગાવી દીધી.

ત્યાં સુધી સંન્યાસીના મનમાં કોઈ પણ વિકાર ભાવના ન હતી. જેમ-જેમ રાત વીતવા લાગી, તેમ-તેમ એકાએક તેમને કામભાવના સતાવવા લાગી. તેમણે મનોમન જ વિચાર્યું—આજ અલભ્ય અવસર આવ્યો છે અને તે નવયુવતી પણ એકલી છે. હવે મારી મનોકામના પૂરી થવામાં સમય નહિ લાગે. તેઓ પોતાની જાતને રોકી શક્યા નહિ. તત્કાળ તેઓ ઊઠ્યા અને યુવતી પાસે બારણાં ખોલાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. યુવતી પણ મનોમન સમજી ગઈ કે જરૂર દાળમાં કંઈ કાળું છે. લાગે છે કે હવે સંન્યાસીના મનમાં તે પવિત્ર ભાવના નથી રહી. નિશ્ચિતપણે તેઓ મારા શીલનો ભંગ કરવા ઈચ્છે છે. એમ વિચારી તેણે બારણાં ખોલવાનો ઈન્કાર કરી દીધો.

પોતાનો પ્રયત્ન નિષ્ફળ જતો જોઈ સંન્યાસીએ બીજો ઉપાય વિચારી કાઢ્યો. તે મંદિરની ઉપર ચઢ્યા અને તેનો ગુંબજ તોડી અંદર ઘૂસવા લાગ્યા. સાંકડું કાણું અને સ્થૂળ શરીર. પરિણામ એ આવ્યું કે તેઓ વચ્ચે જ લટકી ગયા. ન તો તેઓ બહાર નીકળી શકતા હતા કે ન અંદર જઈ શકતા હતા. આ રસાકસીમાં તેમનું આખું શરીર છોલાઈને લોહીલુહાણ થઈ ગયું.

### ૧૯. ધન (ધણ)

ધનમાં ચલ અને અચલ—બંને પ્રકારની સંપત્તિનો સમાવેશ થાય છે. વિનિમય રૂપે રોકડ નાણાં દ્વારા જે લેણ-દેણ કરવામાં આવે છે તે ચલ સંપત્તિ કહેવાય છે. જમીન, મકાન, ખેતર, પશુ વગેરેને અચળ સંપત્તિ કહેવામાં આવે છે. મનુષ્યમાં ધનની અસીમ લાલસા હોય છે. તેને સંતોષ વિના સીમિત કરી શકાય નહિ.

'जहा लाहो तहा लोहो' એ સૂત્ર સર્વથા સત્ય છે.[१] એક કવિએ લખ્યું છે—

**"गोधन गजधन वाजिधन और रतनधन खान ।**

**जब आवै संतोष धन सब धन धूलि समान ।"**

## ૨૦. પરિગ્રહણ (परिग्गह)

અહીં 'परिग्गह'નો અર્થ છે પરિગ્રહણ—પોતાની માલિકીમાં રાખવું. સ્થાનાંગમાં પરિગ્રહના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે—શરીર, કર્મ-પુદ્ગલ અને ભાંડોપકરણ.[२]

પ્રસ્તુત શ્લોકમાં અપરિગ્રહનાં ત્રણ રૂપો મળે છે—૧. ધન-ધાન્ય આદિનો અસંગ્રહ. ૨. આરંભનો પરિત્યાગ ૩. નિર્મમત્વ. પરિગ્રહની વ્યાખ્યા મમત્વ—મૂર્ચ્છા તથા મમત્વના હેતુભૂત પદાર્થો—આ બંનેના આધારે કરવામાં આવી છે. દશવૈકાલિક અને તત્ત્વાર્થસૂત્રમાં તે માત્ર મમત્વના આધારે પણ કરવામાં આવી છે.[३]

## ૨૧. તાડન, તર્જના, વધ, બંધન (तालणा, तज्जणा, वह, बंध)

તાડન, તર્જના, વધ અને બંધન—આ ચારેય પરિગ્રહ છે—પ્રહાર અને તિરસ્કાર વડે ઉત્પન્ન કષ્ટો છે—

(૧) તાડન—હાથ વગેરેથી મારવું.[४]

(૨) તર્જના—તર્જની આંગળી બતાવીને અથવા ભ્રમર ચડાવીને તિરસ્કાર કરવો કે ઠપકો આપવો.[५]

(૩) વધ—લાકડી વગેરેથી પ્રહાર કરવો.[६]

(૪) બંધન—મયૂર-બંધ વગેરેથી બાંધવું.[७]

## ૨૨. આ જે કાપોતીવૃત્તિ (कावोया जा इमा वित्ती)

વૃત્તિકારે કાપોતીવૃત્તિનો અર્થ કર્યો છે—કબૂતરની માફક આજીવિકાનું નિર્વહણ કરનાર. જે રીતે કાપોત ધાન્યકણ (ટીકાકારે અહીં કીટનો પણ ઉલ્લેખ કર્યો છે, પરંતુ કબૂતરો કીટ ચણતા નથી) વગેરે ચણતી વખતે હંમેશા સાશંક રહે છે, તે જ રીતે ભિક્ષાચર્યામાં પ્રવૃત્ત મુનિ એષણા વગેરે દોષો પ્રત્યે સાશંક રહે છે.[८]

ભિક્ષુ સ્વયં ભોજન પકાવતો નથી. તે ગૃહસ્થ દ્વારા પોતાને માટે બનાવેલા ભોજનમાંથી તેનો કેટલોક અંશ લઈ પોતાની આજીવિકા ચલાવે છે. જૈન, બૌદ્ધ અને વૈદિક સાહિત્યમાં ભિક્ષુઓની ભિક્ષાનું નામકરણ પશુ-પક્ષીઓના નામોના આધારે કરવામાં આવેલ છે. જેમકે—માધુકરી વૃત્તિ, કાપોતી વૃત્તિ, અજગરી વૃત્તિ વગેરે.

મહાભારતમાં બ્રાહ્મણ માટે કાપોતી વૃત્તિનો ઉલ્લેખ મળે છે—

**'कुम्भधान्यैरुञ्छशिलैः, कापोतीं चास्थितास्तथा ।**

**यस्मिश्चैते वसन्त्यर्हास्तद् राष्ट्रमभिवर्धते ॥'**

---

१. उत्तरज्झयणाणि : ८।१७।
२. ठाणं : ३।९५।
૩. (ક) दसवेआलियं : ६।२० : मुच्छा परिग्गहो वुत्तो ।
(ખ) तत्त्वार्थसूत्र : ७।१२ : मूर्च्छा—परिग्रहः ।
૪. बृहद्वृत्ति, पत्र ४५६ : 'ताडना' करादिभिराहननम् ।
૫. એજન, पत्र ४५६ : तर्जना अंगुलिभ्रमणभ्रूत्क्षेपादिरूपा
૬. એજન, पत्र ४५६ : वधश्च—लकुटादिप्रहारः ।
૭. એજન, पत्र ४५६ : बंधश्च—मयूरबन्धादिः ।
૮. बृहद्वृत्ति, पत्र ४५६, ४५७ : कपोताः—पक्षिविशेषास्तेषामियं कापोती येयं वृत्तिः—निर्वहणोपायः, यथा हि ते नित्यशंकिताः कणकीटकादिग्रहणे प्रवर्तन्ते, एवं भिक्षुरप्येषणादोषशंक्येवभिक्षादौ प्रवर्तते ।

"ઘડા માત્ર અનાજનો સંગ્રહ કરીને અથવા ઉંછશિલ વડે અનાજનો સંગ્રહ કરીને 'કાપોતી'વૃત્તિનો આશ્રય લેનાર પૂજનીય બ્રાહ્મણો જે દેશમાં નિવાસ કરે છે તે રાષ્ટ્રની ઋદ્ધિ થાય છે."[1]

ગૃહસ્થને માટે પણ ચાર વૃત્તિઓનો ઉલ્લેખ છે. તેમાં કાપોતી ચોથી વૃત્તિ છે[2]—

૧. કોઠાર ભરી અનાજનો સંગ્રહ કરવો એ પહેલી વૃત્તિ છે.

૨. કુંડુ ભરી અનાજનો સંગ્રહ કરવો તે બીજી વૃત્તિ છે.

૩. એટલા અનાજનો સંગ્રહ કરવો જે બીજા દિવસ માટે બાકી વધે નહિ, તે ત્રીજી વૃત્તિ છે.

૪. કાપોતીવૃત્તિનો આશ્રય લઈ જીવન-નિર્વાહ કરવો તે ચોથી વૃત્તિ છે.

કાપોતીવૃત્તિને ઉંછ વૃત્તિ પણ કહેલ છે.

## ૨૩. દારુણ કેશ-લોચ (**केसलोओ य दारुणो**)

કેશ-લોચ—હાથ વડે ખેંચીને વાળ ઉખાડવા ખરેખર ખૂબ જ દારુણ હોય છે. લોચ શા માટે કરવામાં આવે ? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનું તર્કસંગત સમાધાન આપવું સંભવતઃ કઠિન છે. આ એક પરંપરા છે. તે કેવી રીતે પ્રચલિત થઈ ? તેનું સમાધાન પ્રાચીન સાહિત્યમાં શોધવું જોઈએ.

કલ્પસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે સંવત્સરી પૂર્વે લોચ અવશ્ય કરવો જોઈએ. તેની વ્યાખ્યામાં લોચ કરવાના કેટલાક હેતુઓ બતાવવામાં આવ્યા છે—

(૧) કેશ રાખવાથી અપ્કાયના જીવોની હિંસા થાય છે.

(૨) ભીંજાવાથી જૂ ઉત્પન્ન થાય છે.

(૩) ખજવાળવાથી મુનિ તેમને હણી નાખે છે.

(૪) ખજવાળવાથી મસ્તક પર નખ-ક્ષત થઈ જાય છે.

(૫) જો કોઈ મુનિ ક્ષુર (અસ્તરા) કે કાતરથી વાળ કાપે છે તો તેને આજ્ઞાભંગનો દોષ લાગે છે.

(૬) આવું કરવાથી સંયમ અને આત્મા (શરીર)—બંનેની વિરાધના થાય છે.

(૭) જૂઓ મરી જાય છે.

(૮) હજામ પોતાના અસ્તરા કે કાતરને પાણીથી ધૂએ છે. એથી પશ્ચાત્-કર્મ દોષ થાય છે.

(૯) જૈન શાસનની અવહેલના થાય છે.

આ હેતુઓ ધ્યાનમાં રાખતા મુનિ હાથ વડે જ કેશ ખેંચી કાઢે તે જ તેના માટે સારું છે. આ લોચવિધિમાં આપવાદિક વિધિનો પણ ઉલ્લેખ છે.[3]

દિગંબર-સાહિત્યમાં તેના કેટલાંક વધુ કારણો પણ બતાવવામાં આવ્યાં છે.

(૧) રાગ વગેરેનું નિરાકરણ કરવા,

(૨) પોતાના પૌરુષને પ્રગટ કરવા,

---

૧. महाभारत : शांतिपर्व २४३ । २४ ।

૨. એજન, शांतिपर्व २४३ । २, ३ ।

૩. सुबोधिका, पत्र १९०-१९१ : केशेषु हि अप्कायविराधना, तत्संसर्गाच्च यूकाः समूर्च्छन्ति, ताश्च कण्डूयमानो हन्ति शिरसि नखक्षतं वा स्यात्, यदि क्षुरेण मुण्डापयति कर्त्तर्या वा तदाऽऽज्ञाभंगाद्याः दोषाः संयमात्मविराधना, यूकाश्छिद्यन्ते नापितश्च पश्चात्कर्म करोति शासनापभ्राजना च, ततो लोच एव श्रेयान् ।

(૩) સર્વોત્કૃષ્ટ તપશ્ચરણ અને

(૪) લિંગ વગેરેના ગુણનું જ્ઞાપન કરવા માટે લોચ કરવો.[1]

રાગ વગેરેના નિરાકરણ સાથે તેનો સંબંધ છે—આ અન્વેષણનો વિષય છે. શાસનની અવહેલનાનો પ્રશ્ન સામયિક છે. જીવોની ઉત્પત્તિ ન થાય અને તેમની વિરાધના ન થાય—એટલી સાવધાની રાખી શકાય. આ હેતુઓ દ્વારા લોચની અનિવાર્યતા સિદ્ધ કરવી તે મુશ્કેલ કામ છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી કે આ કષ્ટ-સહિષ્ણુતાની એક ઘણી મોટી કસોટી છે. આ હેતુઓને જાણ્યા પછી આપણે એમ માનવું પડે છે કે આ એક ખૂબ પ્રાચીન પરંપરા છે.

દશવૈકાલિક વૃત્તિ અને મૂલારાધનામાં પણ લગભગ પૂર્વોક્ત જેવું જ વિવરણ મળે છે.

કાય-ક્લેશ સંસાર-વિરક્તિનો હેતુ છે. વીરાસન, ઉત્કટુકાસન, લોચ વગેરે તેના મુખ્ય પ્રકારો છે. (૧) નિર્લેપતા, (૨) પશ્ચાત્કર્મ-વર્જન, (૩) પુરઃકર્મ-વર્જન અને (૪) કષ્ટ-સહિષ્ણુતા—આ લોચ વડે પ્રાપ્ત થનારા ગુણ છે.[2]

કેશની સંભાળ ન લેવાથી તેમાં જૂ, લીખ વગેરે ઉત્પન્ન થાય છે. ત્યાંથી તેમને ખસેડવાનું મુશ્કેલ હોય છે. સૂતી વેળાએ બીજી-બીજી વસ્તુઓ સાથે અથડાવાથી તે જૂ-લીખોને પીડા થઈ શકે છે. બીજી જગ્યાએથી કીટાદિક જંતુઓ પણ ત્યાં તેમને ખાવા માટે આવે છે, તેમને પણ અટકાવવા મુશ્કેલ છે.

લોચથી મુંડપણું, મુંડપણાથી નિર્વિકારતા અને નિર્વિકારતાથી રત્નત્રયીમાં પ્રબળ પરાક્રમ કરી શકાય છે.

લોચ વડે આત્મ-દમન થાય છે; સુખમાં આસક્તિ નથી થતી; સ્વાધીનતા રહે છે (લોચ ન કરનાર માથું ધોવામાં, સુકવવામાં, તેલ નાખવામાં સમય વ્યતીત કરે છે, સ્વાધ્યાય વગેરે માટે સ્વતંત્ર રહી શકતો નથી); નિર્દોષતાની વૃદ્ધિ થાય છે અને શરીરનું મમત્વ દૂર થઈ જાય છે. લોચ વડે ધર્મ પ્રત્યે શ્રદ્ધા થાય છે, આ ઉગ્ર તપ છે, કષ્ટ-સહનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.[3]

**૨૪. (धारेउं अ महप्पणो)**

અહીં अ અને महप्पणोને જુદા માનીને અનુવાદ કરવામાં આવ્યો છે. તેમને સંયુક્ત માનીને પણ અનુવાદ થઈ શકે છે—ઘોર બ્રહ્મચર્ય ધારણ કરવું અમહાત્માઓ માટે દુષ્કર છે.

**૨૫. (सुमज्जिओ)**

'सुमज्जित'નો અર્થ છે—સારી રીતે સ્નાન કરેલ. વૃત્તિકારે તેને સૌકુમાર્યનો હેતુ દર્શાવ્યો છે.[4] 'सुमज्जिअ'નું બીજું સંસ્કૃત

---

૧. मूलाचार टीका, पृ. ३७० : जीवसम्मूर्च्छनादिपरिहारार्थं, रागादिनिराकरणार्थं, स्ववीर्यप्रकटनार्थं, सर्वोत्कृष्टतपश्चरणार्थं, लिंगादिगुणज्ञापनार्थं चेति ।

२. दशवैकालिक, हारिभद्रीय वृत्ति, पत्र २८-२९ :
वीरासण उक्कुडुगासणाइ लोआइओ य विण्णेओ ।
कायकिलेसो संसारवासनिव्वेअहेउन्ति ॥
वीरासणाइसु गुणा कायनिरोहो दया अ जीवेसु ।
परलोअमई अ तहा बहुमाणो चेव अन्नेसिं ॥
णिस्संगया य पच्छापुरकम्मविवज्जणं च लोअगुणा ।
दुक्खसहत्तं नरगादिभावणाए य निव्वेओ ॥
तथाऽन्यैरप्युक्तम्—
पश्चात्कर्म पुरःकर्मेर्यापथपरिग्रहः ।
दोषा ह्येते परित्यक्ताः, शिरोलोचं प्रकुर्वता ॥

३. मूलाराधना, आश्वास २।८८-९२ :
केसा संसज्जंति हु णिप्पडिकारस्स दुपरिहारा य ।
सयणादिसु ते जीवा दिट्ठा आगंतुया य तहा ॥
जूगाहिं य लिक्खाहिं य बाधिज्जंतस्स संकिलेसो य ।
संघट्टिज्जंति य ते कंडुयणे तेण सो लोचो ॥
लोचकदे मुण्डत्ते मुण्डत्ते होइ णिव्वियारत्तं ।
तो णिव्वियारकरणो पग्गहिददरंपरक्कमदि ॥
अप्पा दमिदो लोएण होइ ण सुहे य संगमुवयादि ।
सीधाणदा य णिद्दोसदा य देहे य णिम्ममदा ॥
आणक्खिदा य लोचेण अप्पणो होदि धम्मसड्ढा च ।
उग्गो तवो य लोचो तहेव दुक्खस्स सहणं च ॥

४. बृहद्वृत्ति, पत्र ४५७ : सुमज्जितः सुष्ठु स्नपितः, सकलनेपथ्योपलक्षणं चैतत्, इह च सुमज्जितत्वं सुकुमारत्वे हेतुः ।

રૂપ 'सुमार्जित' પણ થઈ શકે છે. 'मृजूक् शुद्धौ'માંથી सुमज्जितः અને 'मृजूषा शौचालंकारयोः'માંથી सुमार्जित રૂપ નિષ્પન્ન થાય છે.

**૨૬. (आगासे गंगसोउ व्व)**

આકાશગંગાનો અર્થ નીહારિકા છે, એવી સંભાવના કરી શકાય.

**૨૭. સાપ જેવી એકાગ્રદૃષ્ટિથી (अहीवेगंतदिट्ठीए)**

સાપ પોતાના લક્ષ્ય પર અત્યંત નિશ્ચળ દૃષ્ટિ રાખે છે, એ જ કારણ છે કે તેના વડે જોવાયેલા પદાર્થનું તેનામાં સ્થિર પ્રતિબિંબ પડે છે. તેની આંખોની રચના એવી છે કે તે પ્રતિબિંબને ગ્રહણ કરી લાંબા સમય સુધી તેને સ્થિર રાખી શકે છે તથા આવશ્યકતા ઊભી થતાં તેને પુનઃ પ્રતિબિંબિત કરી શકે છે, પ્રસ્તુત કરી શકે છે. તે પ્રતિબિંબ લાંબા સમય સુધી અમિટ રહે છે. આ જ કારણ છે કે સાપને મારનારા હત્યારાનું પ્રતિબિંબ સાપની આંખમાં સ્થિર થઈ જાય છે. તેના જ આધારે તેનો સાથી સાપ કે સાપણ હત્યારાનો વર્ષો સુધી પીછો કરી તેને મારી નાખે છે.

આગમોમાં મુનિ માટે 'अहीव एगंतदिट्ठी'—સાપની માફક એકાંતદૃષ્ટિ—એ વિશેષણ વપરાયું છે.[૧] તેનું તાત્પર્ય એ છે કે જેવી રીતે સાપ લક્ષ્ય પર જ દૃષ્ટિ રાખે છે, તેવી જ રીતે મુનિ પોતાના લક્ષ્ય—મોક્ષને જ દૃષ્ટિમાં રાખે. જે મુનિમાં આવી નિષ્ઠા હોય છે તે એકાંતદૃષ્ટિ કહેવાય છે.

**૨૮. પ્રજ્વલિત અગ્નિશિખાને (अग्गिसिहा दित्ता)**

આ શ્લોકના પ્રથમ ચરણમાં 'अग्गिसिहा' અને 'दित्ता'માં દ્વિતીયાને સ્થાને પ્રથમા વિભક્તિ છે. બીજા ચરણમાં 'सुदुक्करं'માં લિંગ-વ્યત્યય માની 'सुदुष्करा' કરવામાં આવે અને 'करोति' ધાતુ સર્વધાત્વર્થવાચી હોય છે, આથી તેને શક્તિના અર્થમાં માનવામાં આવે તો 'अग्निशिखा'ને પ્રથમા માનીને પણ વ્યાખ્યા કરી શકાય.[૨]

**૨૯. વસ્ત્રના કોથળાને (कोत्थलो)**

હિન્દીમાં આને 'थैला' અને રાજસ્થાનીમાં 'कोथला' કહે છે. ગુજરાતીમાં 'કોથળો' શબ્દ જ છે.

ટીકાકારનો સંકેત છે કે અહીં વસ્ત્ર, કામળો વગેરેનો થેલો જ ગ્રાહ્ય છે, કેમકે તે જ હવાથી ભરાઈ જતો નથી. ચામડા વગેરેનો થેલો તો ભરાઈ શકે છે.[૩]

**૩૦. (तं बिंतऽम्मापियरो)**

**बिंत**—આ 'ब्रूते'ના સ્થાને થયેલો આર્ષ-પ્રયોગ છે. બૃહદ્‌વૃત્તિમાં 'तं बिंतऽम्मापियरो'—આ પાઠના 'बिंत'પદને 'अम्मापियरो'નું

---

૧. (ક) अंतगडदसाओ ३।७२ : अहीव एगंतदिट्ठीए।
(ખ) पण्हावागरणाई १०।११ : जहा अही चेव एगदिट्ठी।

२. बृहद्वृत्ति, पत्र ४५७ : 'अग्निशिखा' अग्निज्वाला दीप्तेत्युज्ज्वला ज्वालाकराला वा, द्वितीयार्थे चात्र प्रथमा, ततो यथाऽग्निशिखां दीप्तां पातुं सुदुष्करं, नृभिरिति गम्यते, यदि वा लिंगव्यत्ययात् सर्वधात्वर्थत्वाच्च करोतेः 'सुदुष्करा' सुदुःशका यथाऽग्निशिखा दीप्ता पातुं भवतीति योगः, एवमुत्तरत्रापि भावना।

૩. बृहद्वृत्ति, पत्र ४५७ : कोत्थल इह वस्त्रकम्बलादिमयो गृह्यते, चर्ममयो हि सुखेनैव भ्रियतेति।

વિશેષણ માનવામાં આવેલ છે અને કર્તાનો અધ્યાહાર કરવામાં આવ્યો છે. તેના બે પાઠાંતર મળે છે—'सो बेअम्मापियरो'માં કર્તા અને ક્રિયાપદનું એકવચન મળે છે. 'तो बेंतऽम्मापियरो'—આ પાઠમાં વચન-વ્યત્યયના આધારે 'बिंत'નો પ્રયોગ 'ब्रूते'ના અર્થમાં બતાવવામાં આવ્યો છે.[1]

### ૩૧. ચાર અંતવાળો (चाउरंते)

સંસાર-રૂપી કાંતારના ચાર અંત હોય છે—(૧) નરક (૨) તિર્યંચ (૩) મનુષ્ય અને (૪) દેવ. એટલા માટે તેને 'चाउरंत' કહેવામાં આવે છે.[2]

### ૩૨. (શ્લોક ૪૭-૭૩)

આ શ્લોકોમાં નારકીય વેદનાઓનું ચિત્ર આંકવામાં આવ્યું છે. પહેલા ત્રણ નરકોમાં પરામાધાર્મિક દેવતાઓ દ્વારા પીડા પહોંચાડવામાં આવે છે અને અંતિમ ચારમાં નારકીય જીવ પોતે જ પરસ્પર વેદનાની ઉદીરણા કરે છે. પરમાધાર્મિક દેવ ૧૫ પ્રકારના છે. તેમના કાર્યો પણ જુદાં-જુદાં છે—

| નામ | કાર્ય |
|---|---|
| (૧) અંબ | હનન કરવું, ઊપરથી નીચે નાખવું, વીંધવું વગેરે. |
| (૨) અંબર્ષિ | કાપવું વગેરે. |
| (૩) શ્યામ | ફેંકવું, પટકવું, વીંધવું વગેરે. |
| (૪) શબલ | આંતરડાં, ફેફસાં, કાળજું વગેરે કાઢવાં. |
| (૫) રુદ્ર | તલવાર, ભાલા વગેરેથી મારવું, શૂળીમાં પરોવવું વગેરે. |
| (૬) ઉપરુદ્ર | અંગ-ઉપાંગો કાપવાં વગેરે. |
| (૭) કાલ | વિવિધ પાત્રોમાં પકાવવાં. |
| (૮) મહાકાલ | શરીરના વિવિધ સ્થાનોમાંથી માંસ કાઢવું. |
| (૯) અસિપત્ર | હાથ, પગ વગેરે કાપવાં. |
| (૧૦) ધનુ | કાન, હોઠ, દાંત કાપવાં. |
| (૧૧) કુંભ | વિવિધ કુંભીઓમાં પકાવવાં. |
| (૧૨) વાલુક | ભૂંજવું વગેરે. |
| (૧૩) વૈતરણિ | લોહી, પરુ વગેરેની નદીમાં નાખવાં. |
| (૧૪) ખરસ્વર | કરવત, કુહાડી વગેરેથી કાપવાં. |
| (૧૫) મહાઘોષ | ભયભીત થઈ દોડનારા નૈરયિકોનો અવરોધ કરવો. |

૧. बृहद्वृत्ति, पत्र ४५९ : 'तद्' अनन्तरोक्तं 'बिंति' 'बु वन्तौ' अभिदधतौ अम्बापितरौ, प्रक्रमान्मृगापुत्र आह, यथा एवमित्यादि, पठ्यते च—'सो बेअम्मापियरो !' त्ति स्पष्टमेव नवरमिह अम्बापितरावित्यामन्त्रणपदं, पठन्ति च—'तो बेंतऽम्मापियरो' त्ति 'बिंति' त्ति वचनव्यत्ययात्ततो ब्रूते अम्बापितरौ मृगापुत्र इति प्रक्रमः ।

૨. એજન, पत्र ४५९ : चत्वारो—देवादिभवा अन्ता—अवयवा यस्यासौ चतुरन्तः—संसारः ।

પરમાધાર્મિક દેવોનાં આ કાર્યો આ અધ્યયનમાં વર્ણવાયેલાં છે પરંતુ અહીં પરમાધાર્મિકોના નામોનો ઉલ્લેખ નથી. વિશેષ વર્ણન માટે જુઓ—સમવાયાંગ, સમવાય ૧૫, વૃત્તિ પત્ર ૨૮; ગચ્છાચાર પત્ર ૬૪-૬૫.

**૩૩. પકવવાના પાત્રમાં (कंदुकुंभीसु)**

'कंदुकुंभीसु'—'कंदु'નો અર્થ છે—ભઠ્ઠી. 'कुम्भी'નો અર્થ છે—નાનો ઘડો. 'कंदु-कुम्भी' એવા પાક-પાત્રનું નામ છે જે નીચેથી પહોળું અને ઉપરથી સાંકડા મુખવાળું હોય છે.

બૃહદ્વૃત્તિમાં આનો અર્થ લોઢું વગેરે ધાતુમાંથી બનાવેલ રસોઈનું પાત્ર કરવામાં આવ્યો છે.[1] સૂત્રકૃતાંગના ચૂર્ણિકારે કુંભીના બે અર્થ આપ્યા છે—૧. કુંભથી મોટું વાસણ, ૨. ઉષ્ટ્રિકા—ઊંટના આકારનું મોટું વાસણ.[2]

**૩૪. સળગતા અગ્નિમાં (हुयासणे)**

અગ્નિકાયિક જીવો બે પ્રકારના હોય છે—સૂક્ષ્મ અને બાદર. અગ્નિના બાદર જીવો નરકમાં હોતા નથી.[3] અહીં જે અગ્નિનો ઉલ્લેખ છે તે સજીવ અગ્નિ માટે નહિ, પરંતુ અગ્નિ જેવા તાપવાળા અને પ્રકાશવાળા પુદ્ગલો માટે છે.[4]

**૩૫. વજ્રવાલુકા જેવી કદંબ નદીની રેતીમાં (वइरवालुए, कलम्बवालुयाए)**

નરકમાં વજ્રવાલુકા અને કદંબવાલુકા નામની નદીઓ છે. આ નદીઓના તટને પણ 'વજ્રવાલુકા' અને 'કદંબવાલુકા' કહેવામાં આવેલ છે.[5]

**૩૬. (શ્લોક ૫૦-૫૧)**

તુલના માટે જુઓ—સૂયગડો : ૧।૫।૩૪, ૩૫.

**૩૭. શાલ્મલિ વૃક્ષ પર (सिंबलिपायवे)**

આનાં માટે 'कूट शाल्मलि' શબ્દનો પણ પ્રયોગ થાય છે. જુઓ—उत्तरज्झयणाणि, ૨૦।૩૬. આનો અર્થ છે—શીમળાનું વૃક્ષ. તેની છાલ પર અગણિત કાંટા હોય છે.

**૩૮. (कोलसुणएहिं, पाडिओ, फालिओ, छिन्नो)**

**कोलसुणएहिं**—કોલશુનકનો અર્થ 'सूअर' કરવામાં આવ્યો છે.[6] કોલનો અર્થ પણ 'सूअर' છે. એટલા માટે શુનકનો અર્થ 'કૂતરો' કરી શકાય.

---

૧. बृहद्वृत्ति, पत्र ४५१ : कंदुकुम्भीषु—पाकभाजनविशेषरूपासु लोहादिमयीषु।

૨. सूत्रकृतांग १।५।२४ चूर्णि पृ. १३३ : कुंभी महता कुम्भप्रमाणाधिकप्रमाणः कुम्भी भवति, अथवा कुंभी उट्टिगा।

૩. बृहद्वृत्ति पत्र ४५१ : तत्र च बादराग्नेरभावात् पृथिव्या एव तथाविधः स्पर्श इति गम्यते।

૪. એજન, पत्र ४५१ : अग्नौ देवमायाकृते।

૫. એજન, पत्र ४५१ : वज्रवालुकानदीसम्बन्धिपुलिनमपि वज्रवालुका तत्र यद्वा वज्रवद्वालुका यस्मिंस्त( स्मिन् स त )था तस्मिन्नरकप्रदेश इति गम्यते, 'कदम्बबालुकायां च' तथैव कदम्बवालुकानदीपुलिने च महादवाग्निसङ्काश इति योज्यत।

૬. बृहद्वृत्ति, पत्र ४६० : 'कोलसुणएहि' ति सूकरस्वरूपधारिभिः।

**पाडिओ**—पाटित. આનો અર્થ છે—ઉપરથી નીચે પાડવું.

**फालिओ**—फाटित. આનો અર્થ છે—વસ્ત્રની માફક ફાડવું.

**छिन्नो**—छिन्न. આનો અર્થ છે—વૃક્ષની માફક ચીરવું.[1]

### ૩૯. (असीहि, भल्लीहिं, पट्टिसेहिं)

**असीहि**—તલવારો ત્રણ પ્રકારની હોય છે—અસિ, ખડ્ગ અને ઋષ્ટિ. અસિ લાંબી, ખડ્ગ નાની અને ઋષ્ટિ બેધારી તલવારને કહેવામાં આવે છે.

**भल्लीहिं**—ભલ્લી (બરછી). એક પ્રકારનો ભાલો.

**पट्टिसेहिं**—પટ્ટિસનાં પર્યાયવાચી નામો ત્રણ છે—ખુરોપમ, લોહદંડ અને તીક્ષ્ણધાર.[2] આ પરથી આની આકૃતિની જાણકારી મળે છે. તેની અણીઓ ખુરપીની અણીઓ જેવી તીક્ષ્ણ હોય છે, તે લોઢાનો દંડ હોય છે અને તેની ધાર તીક્ષ્ણ હોય છે.

### ૪૦. ચાબુક અને રસ્સી દ્વારા (तोत्तजुत्तेहिं)

વૃત્તિકારે 'तोत्र'નો અર્થ ચાબુક અને 'योक्त्र'નો અર્થ એક પ્રકારનું બંધન કર્યો છે.[3]

સૂત્રકૃતાંગ (૧।૫।૩૦)માં 'आरुस्स विज्झंति तुदेण पट्ठे' પાઠ છે. આ સંદર્ભમાં 'तुद'નો અર્થ છે—પશુઓને હંકારવાનું તે સાધન જેમાં અણીદાર ખીલી નાખી હોય છે અને જે સમયે-સમયે પશુઓના ગુહ્યપ્રદેશમાં અડાડવામાં આવે છે, જેથી કરીને તે પશુઓ ગતિ પકડે.

'तुद' અને 'तोत्र' બંને એકાર્થક હોવા જોઈએ.

### ૪૧. રોઝ (रोज्झो)

આ દેશી શબ્દ છે. તેનો અર્થ છે—હરણની એક જાતિ.[4] સંસ્કૃતમાં તેનો તત્સમ અર્થ છે—ऋष्यः. ટીકાકારે પશુવિશેષ કહીને છોડી દીધું છે.[5]

### ૪૨. પાપ-કર્મોથી ઘેરાયેલ (पाविओ)

આનાં સંસ્કૃત રૂપો ત્રણ બને છે—૧. 'प्रावृतः'—ઘેરાયેલ, ૨. 'पापिकः'—પાપી, ૩. 'प्रापितः'—પ્રાપ્ત કરાવાયેલ.

વૃત્તિકારે આનો અર્થ 'पापिक' કર્યો છે.[6] પ્રસ્તુત પ્રસંગમાં प्रावृतः—ઘેરાયેલ—એ અર્થ સંગત લાગે છે.

### ૪૩. માફક (विव)

આ 'इव'ના અર્થમાં અવ્યય છે. 'पिव', 'मिव', 'विव' અને 'वा'—આ ચારે અવ્યય 'इव'ના અર્થમાં પ્રયોજાય છે.[7]

---

१. बृहद्वृत्ति, पत्र ४६० : 'पातितो' भुवि, 'फाटितो' जीर्णवस्त्रवत्, 'छिन्नो' वृक्षवदुभयदंष्ट्राभिरिति गम्यते ।

२. शेषनाममाला, श्लोक १४८-१४९ :
....पट्टिसस्तु खुरोपमः ।
लोहदण्डस्तीक्ष्ण धार.... ॥

३. बृहद्वृत्ति, पत्र ४६० : तोत्रयोक्त्रैः—प्राजनकबन्धनविशेषैः ।

४. देशीनाममाला, ७।१२ ।

५. बृहद्वृत्ति, पत्र ४६० : 'रोज्झः' पशुविशेषः ।

६. એજન, पत्र ४६० : 'पावितो' त्ति पापमस्यास्तीति भूम्नि मत्वर्थीयष्ठक् पापिकः ।

७. એજન, पत्र ४६० ।

**૪૪. કાગડો (ढंक)**

'ढंक'નો અર્થ છે—કાગડો. રાજસ્થાનીમાં તેને 'ढींकड़ा' (મોટો કાગડો) કહે છે.[1] નરકોમાં તિર્યંચગતિના જીવો હોતા નથી. ત્યાં પશુ-પક્ષીઓને અવકાશ નથી. દેવતા પશુ-પક્ષીઓનું વૈક્રિય રૂપ બનાવી નારકોને સંતાપ આપે છે.

**૪૫. પક્ષીઓના (पक्खिहिं)**

નરકમાં તિર્યંચ નથી હોતા. અહીં જે પક્ષીઓનો ઉલ્લેખ છે, તે દેવતાઓ દ્વારા કરવામાં આવેલા વૈક્રિય રૂપનો છે.[2]

**૪૬. છરાની ધારથી (खुरधाराहिं)**

આનો શાબ્દિક અર્થ છે—છરાની ધારની માફક તીક્ષ્ણ. પ્રસ્તુત પ્રસંગમાં આનો તાત્પર્યાર્થ છે કે વૈતરણી નદીના જળ-તરંગો છરાની જેવા તેજ ધારવાળા હોય છે.[3]

**૪૭. મુસુંડિયોથી (मुसंढीहिं)**

આ લાકડાની બનતી હતી. તેમાં ગોળ લોઢાના કાંટા જડવામાં આવતા.[4]

**૪૮. લુહાર દ્વારા (कम्मारेहिं)**

જીવાજીવાભિગમ આગમમાં લુહારના અર્થમાં 'कम्मार' શબ્દનો પ્રયોગ મળે છે.[5] બૃહદ્‌વૃત્તિમાં 'कुमारेहिं' પાઠ માનીને તેનો અર્થ લુહાર કરવામાં આવ્યો છે.[6] 'कुमारेहिं' એવો પાઠ અપપાઠ જણાય છે. તેના સ્થાને 'कम्मारेहिं' પાઠ હોવો જોઈએ.

**૪૯. (तिव्वचंडप्पगाढाओ घोराओ)**

આમાં તીવ્ર, ચંડ, પ્રગાઢ અને ઘોર—આ ચાર સમાલોચ્ય શબ્દો છે. નારકીય-વેદનાને રસ-વિપાકની દૃષ્ટિથી તીવ્ર કહેલ છે. ચંડનો અર્થ છે—ઉત્કટ. દીર્ઘકાલીનતાની દૃષ્ટિથી તેને પ્રગાઢ કહેવામાં આવે છે. ઘોરનો અર્થ છે—રૌદ્ર.[7]

**૫૦. (શ્લોક ૭૪)**

પ્રસ્તુત શ્લોકમાં મૃગાપુત્રનું અર્થવાદપરક વક્તવ્ય છે. અર્થવાદના પ્રસંગમાં કોઈ વિષય પર ભાર આપવા માટે અતિશયોક્તિપૂર્ણ કથન પણ કરી શકાય છે. આ વક્તવ્યમાં દુઃખની એટલી પ્રચુરતા બતાવી દીધી કે એમાં સુખ માટે ક્યાંય અવકાશ જ નથી.

---

૧. જુઓ, सूयगडो : १।१।६१નું ટિપ્પણ.

૨. बृहद्वृत्ति, पत्र ४६० : एते च वैक्रिया एव, तत्र तिरश्चामभावात् ।

૩. એજન, पत्र ४६० : 'खुरधाराहिन्ति क्षुरधाराभिरतिच्छेदकतया वैतरणीजलोर्मिभिरिति शेषः' ।

૪. शेषनाममाला, श्लोक १५१ : मुषुण्ढी स्याद् दारुमयी, वृत्तायकीलसंचिता ।

૫. जीवाजीवाभिगम ३।११८-११९..... कम्मारदारए सिता । वृत्ति पत्र १२१ : कम्मारदारकः लोहकारदारकः ।

૬. बृहद्वृत्ति, पत्र ४६१ : कुमारैः—अयस्कारैः ।

૭. એજન, पत्र ४६१ : तीव्रा अनुभागतोऽत एव चण्डाः—उत्कटाः प्रगाढाः—गुरुस्थितिकास्तत एव 'घोराः' रौद्राः ।

### ૫૧. રોગોની ચિકિત્સા નથી કરવામાં આવતી (निप्पडिकम्मया)

નિષ્પ્રતિકર્મતા કાય-ક્લેશ નામના તપનો એક પ્રકાર છે.[1] દશવૈકાલિક (૩।૪)માં ચિકિત્સાને અનાચાર કહેલ છે. ઉત્તરાધ્યયન (૨।૩૧, ૩૩)માં કહેવામાં આવ્યું છે—ભિક્ષુ ચિકિત્સાનું અભિનંદન ન કરે તથા જે ચિકિત્સાનો પરિત્યાગ કરે છે તે ભિક્ષુ છે. (૧૫।૮) અહીં નિષ્પ્રતિકર્મતાનો જે સંવાદ છે, તે ઉક્ત તથ્યોનું સમર્થન કરે છે. નિર્ગ્રંથ-પરંપરામાં નિષ્પ્રતિકર્મતા (ચિકિત્સા ન કરાવવી)નું વિધાન રહ્યું છે, પરંતુ સંભવતઃ આ વિશિષ્ટ અભિગ્રહધારી નિર્ગ્રંથો માટે રહેલ જણાય છે.

જુઓ—દસવેઆલિયં, ૩।૪નું ટિપ્પણ.

### ૫૨. હરણ (मिय....)

મૃગનો અર્થ હરણ પણ થાય છે અને પશુ પણ. અહીં બંને અર્થો ઘટી શકે છે.

વિસ્તાર માટે જુઓ—ઉત્તરજ્ઝયણાણિ, ૧।૫નું ટિપ્પણ.

### ૫૩. (શ્લોક ૭૬-૮૩)

૭૬મા શ્લોકમાં 'मियपक्खिणं' પાઠ આવ્યો છે. આગળના શ્લોકોમાં માત્ર 'મૃગ'નો જ વારંવાર ઉલ્લેખ થયો છે. એમ કેમ ? તેના સમાધાનમાં ટીકાકારે બતાવ્યું છે કે મૃગ ઘણાભાગે ઉપશમપ્રધાન હોય છે. એટલા માટે વારંવાર તેમના જ ઉદાહરણથી વિષયને સમજાવવામાં આવ્યો છે.[2]

### ૫૪. મહાવનમાં (महारण्णम्मि)

ટીકાકારનું કથન છે કે અહીં 'મહા' શબ્દ વિશેષ પ્રયોજન માટે જ મૂકવામાં આવ્યો છે. સાધારણ અરણ્યમાં લોકોનું આવાગમન ચાલુ રહે છે. ત્યાં કોઈ કૃપાળુ વ્યક્તિ કોઈ પશુને પીડિત જોઈને તેની ચિકિત્સા કરી આપે છે, જેમ કે કોઈ વૈદ્યે અરણ્યમાં એક વાઘની આંખોની ચિકિત્સા કરી હતી. મહાઅરણ્યમાં આવાગમન ન રહેતું હોવાથી પશુઓની ચિકિત્સાનો પ્રસંગ જ આવતો નથી.[3]

### ૫૫. આપે છે (पणामए)

'अर्प्' ધાતુનો પ્રાકૃતમાં 'प्रणाम' આદેશ થાય છે.[4] તેનો અર્થ છે—આપવું.

### ૫૬. લતાકુંજો (वल्लराणि)

આ દેશી શબ્દ છે. તેના સાત અર્થ થાય છે—અરણ્ય, મહિષ, ક્ષેત્ર, યુવાન, સમીર, નિર્જળ દેશ અને વન.[5]

---

૧. ओवाइयं, सूत्र ३६ : सव्वगायपरिकम्मविभूसविप्पमुक्के।

૨. बृहद्वृत्ति, पत्र ४६३ : इह च मृगपक्षिणामुभयेषामुपक्षेपे यन्मृगस्यैव पुनः पुनदृष्टान्तत्वेन समर्थनं तत्तस्य प्रायः प्रशमप्रधानत्वादिति सम्प्रदायः।

૩. એજન, पत्र ४६२ : 'महारण्य' इति महाग्रहणममहति ह्यरण्येऽपि कश्चित्कदाचित्पश्येत् दृष्ट्वा च कृपार्तश्चिकित्सेदपि, श्रूयते हि केनचिद् भिषजा व्याघ्रस्य चक्षुरुद्घाटितमटव्यामिति।

૪. (ક) बृहद्वृत्ति, पत्र ४६२ : 'प्रणामयेत्' अर्पयेत्, 'अर्पेः पणाम' इति वचनात्।
(ખ) तुलसीमंजरी : सूत्र ८८४ : अर्पेरल्लिद-चच्चुप्पपणामाः।

૫. देशीनाममाला, ७।८६ : वल्लरमरण्णमहिसक्खेत्तजुवसमीर-णिज्जलवणेसु।

ટીકાકારે તેના ચાર અર્થોનો નિર્દેશ કર્યો છે—અરણ્ય, નિર્જળ-દેશ, વન અને ક્ષેત્ર.[1] અહીં 'वल्लर'નો અર્થ ગહન (લતા-કુંજ) હોવો જોઈએ.

### ૫૭. મૃગચર્યા (मिगचारियं)

પ્રસ્તુત અધ્યયનમાં 'मिगचारियं' અથવા 'मियचारियं' શબ્દ પાંચ વાર આવ્યો છે—શ્લોક ૮૧, ૮૨, ૮૪ અને ૮૫માં. શાન્ત્યાચાર્યે 'मिगचारिया'નાં સંસ્કૃત રૂપ બે આપ્યાં છે[2]—

૧. मृगचर्या—હરણોની આમ-તેમ કૂદાકૂદ કરવા રૂપ ચર્યા.

૨. मितचारिता—પરિમિત ભક્ષણ રૂપ ચર્યા. હરણો સ્વભાવથી જ મિતાહારી હોય છે.

'चर्या'નું પ્રાકૃત રૂપ 'चरिया' બને છે, એટલા માટે 'चारिया'નું સંસ્કૃત રૂપ 'चारिका' કે 'चारिता'—બંને બની શકે છે. અર્થસંગતિની દૃષ્ટિએ 'मितचारिता'ની અપેક્ષાએ 'मृगचारिका' અધિક યોગ્ય છે.

પ્રસ્તુત શ્લોક (૮૧)માં 'मिगचारियं' શબ્દ બે વાર પ્રયોજાયો છે. બંનેના અર્થ જુદા છે—

૧. **मिगचारियं चरित्ताणं**—અહીં મૃગચારિકાનો અર્થ છે—મૃગોની માફક આમ-તેમ કૂદતાં-કૂદતાં ભ્રમણ કરવું. આ મૃગોના ચાલવાનો પ્રકાર છે. વૃત્તિકારે વિકલ્પે તેનું સંસ્કૃત રૂપ 'मितचारितां' આપીને તેનો અર્થ આવો કર્યો છે—મૃગો સ્વભાવથી પરિમિતભોજી હોય છે. તેમની પરિમિત ભક્ષણની ચર્યા 'मितचारिता' કહેવાય છે.

૨. **गच्छई मिगचारियं**—અહીં મૃગચારિકાનો અર્થ છે—મૃગોની આશ્રયભૂમિ, જ્યાં મૃગો સ્વતંત્ર રૂપે ઊઠી-બેસી શકે છે. તાત્પર્ય કે આ સ્વતંત્ર વિહારની ભૂમિ છે.

### ૫૮. સ્વતંત્ર વિહાર (अणेगओ)

જેવી રીતે હરણ એક વૃક્ષ સાથે પ્રતિબદ્ધ થઈને રહેતું નથી, પરંતુ અનેક સ્થાનો પર વિચરે છે, તેવી જ રીતે મુનિ પણ અનેકગામી હોય છે. તે કોઈ એક સ્થાન સાથે જોડાઈ રહેતો નથી, અનિયત વિહાર કરતો રહે છે.[3]

### ૫૯. ગોચર વડે જ જીવન-યાપન કરનાર (धुवगोयरे)

અહીં 'ध्रुव'નો અર્થ છે—સદા અને 'ગોચર'નો અર્થ છે—વનની તે ભૂમિ જ્યાં પશુઓને ચરવા માટે ઘાસ અને પીવા માટે પાણી મળ્યા કરે છે. અરણ્ય-પશુ આ જ ગોચર વડે પોતાનું જીવન-યાપન કરે છે.

### ૬૦. ઉપધિ (उवहिं)

ઉપધિનો અર્થ છે—ઉપકરણ—આભરણ વગેરે. મૃગાપુત્રને માતા-પિતા દ્વારા પ્રવ્રજિત થવાની અનુમતિ મળી ગઈ. તે સમયે તેણે ઉપધિનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો.

---

૧. बृहद्वृत्ति, पत्र ४६२ : उक्तं च—"गहणमवाणियदेसं रण्णे छेत्तं च वल्लरं जाण ।"

૨. એજન, पत्र ४६२-४६३ : मृगाणां चर्या—इतश्चेतश्चोत्प्लवनात्मकं चरणं मृगचर्या तां, 'मितचारितां' वा परिमितभक्षणात्मिकां 'चरित्वा' आसेव्य परिमिताहार एव हि स्वरूपेणैव मृगा भवन्ति । ...मृगाणां चर्या—चेष्टा स्वातन्त्र्योपवेशनादिका यस्यां सा मृगचर्या—मृगाश्रयभूस्ताम् ।

૩. એજન, पत्र ४६३ : 'अणेगय' त्ति अनेकगो यथा ह्यसौ वृक्षमूले नैकस्मिन्नेवास्ते किन्तु कदाचित्क्वचिदेवमेषोऽप्यनियतस्थानस्थतया ।

વૃત્તિકારે ઉપધિના બે પ્રકાર બતાવ્યા છે—દ્રવ્ય અને ભાવ. દ્રવ્ય ઉપધિનો અર્થ છે—ઉપકરણ અને ભાવ ઉપધિનો અર્થ છે—છદ્મ કે કપટ. પ્રવ્રજિત થવા માટે આ બંનેનો ત્યાગ આવશ્યક છે.[1]

## ૬૧. (શ્લોક ૯૧)

પ્રસ્તુત શ્લોકના કેટલાક શબ્દોની સમજૂતી આ પ્રમાણે છે—

૧. ગારવ—ગૌરવનો અર્થ છે—અભિમાનથી ઉત્તપ્ત ચિત્તની અવસ્થા. તે ત્રણ પ્રકારનું છે[2]—

- ઋદ્ધિ-ગૌરવ—ઐશ્વર્યનું અભિમાન.
- રસ-ગૌરવ—
- સાત-ગૌરવ—સુખ-સગવડનું અભિમાન.

૨. દંડ—દંડનો અર્થ છે—દુષ્પ્રણિધાન. તેના ત્રણ પ્રકાર છે—

- મનોદંડ—મનનું દુષ્પ્રણિધાન.
- વચોદંડ—વચનની દુષ્પ્રયુક્તતા.
- કાયદંડ—શારીરિક દુષ્પ્રવૃત્તિ.

૩. શલ્ય—શલ્યનો અર્થ છે—અંતરમાં ઘુસેલો દોષ. તેના ત્રણ પ્રકાર છે—

- માયા-શલ્ય—કપટપૂર્ણ આચરણ.
- નિદાન-શલ્ય—ઐહિક અને પારલૌકિક ઉપલબ્ધિ માટે ધર્મનો વિનિમય.
- મિથ્યાદર્શન-શલ્ય—આત્માનો મિથ્યાત્વમય દૃષ્ટિકોણ.

[દંડ અને શલ્યના વિશેષ વિવરણ માટે જુઓ—૩૧।૪નું ટિપ્પણ.]

૪. ભય—તેના સાત પ્રકાર છે[3]—

| | | |
|---|---|---|
| ૧. ઈહલોક ભય | ૪. અકસ્માત ભય | ૭. અશ્લોક ભય |
| ૨. પરલોક ભય | ૫. વેદના ભય | |
| ૩. આદાન ભય | ૬. મરણ ભય | |

## ૬૨. વાંસલાથી કાપવામાં કે ચંદન લગાવવામાં.... (वासीचंदणकप्पो)

શાન્ત્યાચાર્ય અનુસાર 'वासी' અને 'चन्दन' શબ્દો દ્વારા તેમનો પ્રયોગ કરનારા વ્યક્તિઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે. કોઈ વ્યક્તિ વાંસલાથી છોલે છે, કોઈ બીજો ચંદનનો લેપ કરે છે—મુનિ બંને પર સમભાવ રાખે. અહીં 'कल्प' શબ્દનો અર્થ સદૃશ (સમાન) છે.[4] જૈન સાહિત્યમાં આ સામ્ય-યોગ વારંવાર પ્રતિધ્વનિત થાય છે—

---

૧. बृहद्वृत्ति, पत्र ४६३ : जहाति—त्यजति उपधिम्—उपकरण-भात्ररणादि द्रव्यतो भावतस्तु छद्मादि येनात्मा नरक उपधीयते, ततश्च प्रव्रजतीत्युक्तं भवति ।

૨. ठाणं ३।५०५ ।

૩. ठाणं ७।२७ ।

૪. बृहद्वृत्ति, पत्र ४६५ : वासीचन्दनशब्दाभ्यां च तद्व्यापार-कपुरुषावुपलक्षितौ, ततश्च यदि किलैको वास्या तक्ष्णोति, अन्यश्च गोशीर्षादिना चन्दनेनालिम्पति, तथाऽपि रागद्वेषा-भावतो द्वयोरपि तुल्यः, कल्पशब्दस्येह सदृशपर्यायत्वात् ।

**जो चंदणेण बाहुं आलिंपइ वासिणा वि तच्छेइ ।**

**संथुणइ जो अ निंदइ महारिसिणो तत्थ समभावा ॥**[1]

શ્રીમદ્ જયાચાર્યે ભગવાન ઋષભની સ્તુતિમાં આ સામ્યયોગની ભાવનાનું આવા શબ્દોમાં ચિત્રાંકન કર્યું છે—

**वासी चंदन समपणैं, थिर-चित्त जिन ध्याया ।**

**इम तन-सार तजी करी, प्रभु केवल पाया ॥**[2]

ડૉ. હરમન જેકોબીએ આ પદનો અર્થ આ પ્રમાણે કર્યો છે—'અમનોજ્ઞ અને મનોજ્ઞ' વસ્તુઓ પ્રત્યે. તેમના મતાનુસાર 'वासी' શબ્દ અમનોજ્ઞ કે અપ્રીતિકર વસ્તુઓ માટે તથા 'चन्दन' શબ્દ મનોજ્ઞ કે પ્રીતિકર વસ્તુઓ માટે વપરાયો છે.

ડૉ. જેકોબી અવચૂરીકારના અર્થ પર ટિપ્પણ કરતાં લખે છે—અવચૂરીકારે 'वास'નો અર્થ રહેવાનું સ્થાન એવો કર્યો છે. પરંતુ મને લાગે છે કે ચંદનની સાથે 'वासी' શબ્દનો પ્રયોગ હોવાથી તે કોઈ દુર્ગંધયુક્ત પદાર્થનો દ્યોતક હોવો જોઈએ.[3]

અવચૂરીકાર તથા જેકોબીનો અર્થ યથાર્થ નથી જણાતો.

**૬૩. (अणसणे)**

'नञ्'ના બે અર્થ થાય છે—અભાવ અને કુત્સા. અહીં 'अवसणे'નો અર્થ છે 'ભોજન ન મળતાં' અથવા 'ખરાબ ભોજન મળે ત્યારે'.[4]

**૬૪. અપ્રશસ્ત દ્વારોથી આવનાર (अप्पसत्थेहिं दारेहिं)**

આશ્રવ દ્વારા કર્મ-પુદ્ગલોનું ગ્રહણ કરવામાં આવે છે, એટલા માટે તેમને દ્વાર કહેવામાં આવે છે. આગમ-સાહિત્યમાં ક્યાંક-ક્યાંક આશ્રવ અને ક્યાંક-ક્યાંક આશ્રવદ્વારનો પ્રયોગ મળે છે.[5] હિંસા વગેરે અપ્રશસ્ત દ્વારો છે.

**૬૫. અધ્યાત્મ-ધ્યાન-યોગ દ્વારા પ્રશસ્ત તથા ઉપશમ પ્રધાન શાસનમાં રહેનાર (अज्झप्पज्झाणजोगेहिं पसत्थदमसासणे)**

યોગ શબ્દને અધ્યાત્મ અને ધ્યાન બંને સાથે જોડી શકાય છે—અધ્યાત્મ યોગ, ધ્યાન યોગ. જૈન શાસન દમનું શાસન છે. તેમાં દમનાં પ્રશસ્ત સાધનો જ માન્ય છે. અપ્રશસ્ત સાધનો વડે દમ કરવાનું જૈન સાધના પદ્ધતિમાં વાંછનીય નથી. અધ્યાત્મ યોગ અને ધ્યાન-યોગ—એ દમનાં પ્રશસ્ત સાધનો છે. અધ્યાત્મ યોગ વડે વ્યક્તિ પોતાની અંતશ્ચેતના સુધી પહોંચે છે અને શુદ્ધ ચેતનાની અનુભૂતિનો અભ્યાસ કરે છે. તે ધ્યાન દ્વારા સમાધિ સિદ્ધ કરીને સમય-સમયે ઊઠતા તરંગોને શાંત અને ક્ષીણ કરે છે. આ બળપ્રયોગ વડે કરવામાં આવનાર દમન નથી, પરંતુ સાધના દ્વારા કરવામાં આવનાર ઉપશમન છે. આ પ્રશસ્ત દમની અવસ્થામાં જ જિનશાસન કે આત્માનુશાસન ઉપલબ્ધ થાય છે.[6]

વૃત્તિકારે અધ્યાત્મ-ધ્યાન-યોગનો અર્થ—શુભ ધ્યાનનો વ્યાપાર એવો કર્યો છે.[7]

---

૧. उपदेशमाला, ९ । २ ।

૨. चौवीसी १।५ ।

૩. सेक्रेड बुक्स ओफ दी ईस्ट, Vol.XLV, Page 11. फुटनोट नं. १ **Apparently he gives vasa the meaning dwelling but I think the juxtaposition of Candana calls for a word denoting a bad smelling substance, perhaps 'ordure'.**

૪. बृहद्वृत्ति, पत्र ४६५ : नञाऽभावे कुत्सायां वा, ततश्चाशनस्यभोजनस्याभावे कुत्सिताशनभावे वा ।

૫. (ક) दसवेआलियं : ३ । ११ पंचासवपरिन्नाया...
(ખ) ठाणं, ५ । १०९; 'समवाओ, ५ । ४ : पंच आसवदारा पण्णत्ता ....

૬. बृहद्वृत्ति, पत्र ४६५ : 'अप्रशस्तेभ्यः' प्रशंसाऽनास्पदेभ्यः 'द्वारेभ्यः' कर्मोपार्जनोपायेभ्यो हिंसादिभ्यः ।

૭. એજન, पत्र ४६५ : अध्यात्मेत्यात्मनि ध्यानयोगाः—शुभध्यानव्यापारा—अध्यात्मध्यानयोगास्तैः, अध्यात्म ग्रहणं तु परस्थानां तेषामकिञ्चित्करत्वाद्, अन्यथाऽतिप्रसंगात्, प्रशस्तः प्रशंसास्पदो दमश्च—उपशमः शासनं च—सर्वज्ञागमात्मकं यस्य स प्रशस्तदमशासन इति ।

### ૬૬. ભાવનાઓ દ્વારા (भावणाहि य सुद्धाहिं)

વૃત્તિકારે ભાવના શબ્દનો સંબંધ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ તથા અનિત્ય વગેરે બાર અનુપ્રેક્ષાઓ સાથે સ્થાપિત કર્યો છે.[1] ધ્યાન-શતકમાં ચાર ભાવનાઓનો ઉલ્લેખ મળે છે[2]—

| | |
|---|---|
| ૧. જ્ઞાન-ભાવના | ૩. ચારિત્ર-ભાવના |
| ૨. દર્શન-ભાવના | ૪. વૈરાગ્ય-ભાવના |

સંભાવના કરી શકાય કે આ ભાવના શબ્દનો આ શ્લોકમાં નિર્દેશાયેલાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની સાથે સંબંધ છે.

### ૬૭. મૃગાપુત્ર (मियाइपुत्तस्स)

मियाइ—અહીં मियाए પાઠ હોવો જોઈતો હતો. તેનો અર્થ છે—મૃગા રાણીનો. પરંતુ છંદની દૃષ્ટિએ 'ए'કારનો 'इ'કાર કરવામાં આવ્યો છે.

### ૬૮. સાંભળીને (निसम्म)

શ્રવણ અને નિશમન—બંને શબ્દો સાંભળવાના અર્થમાં પ્રયોજાય છે. બંનેના તાત્પર્યાર્થમાં અંતર છે. કાન વડે શબ્દમાત્રને ગ્રહણ કરવા તે શ્રવણ છે. ગંભીરતાપૂર્વક સાંભળવું, અવધારવું તે નિશમન છે.

### ૬૯. નિર્વાણના ગુણો પ્રાપ્ત કરાવનાર (निव्वाणगुणावहं)

નિર્વાણના ચાર ગુણો છે—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ અને અનંત આનંદ—સુખ. જે આ ચારેયની પ્રાપ્તિ કરાવે છે તે નિર્વાણગુણાવહા (ધર્મની ધુરા) છે.[3]

---

૧. बृहद्वृत्ति, पत्र ४६५ : 'भावनाभिः' महाव्रतसम्बन्धिनी-भिर्वक्ष्यमाणाभिरनित्यत्वादिविषयाभिर्वा 'विशुद्धाभिः' निदानादिदोषरहिताभिर्भावयित्वा—तन्मयतां नीत्वा 'अप्पयं' ति आत्मानम् ।

૨. ध्यानशतक, श्लोक ३० ।

૩. बृहद्वृत्ति, पत्र ४६६ ।

# विंसइमं अज्झयणं

## महानियंठिज्जं

# વીસમું અધ્યયન

## મહાનિર્ગ્રન્થીય

# આમુખ

મગધ દેશનો સમ્રાટ શ્રેણિક એક વાર વિહારયાત્રા માટે મંડિતકુક્ષી નામે ઉદ્યાનમાં ગયો. ચોતરફ ફરી તેણે ઉદ્યાનની શોભા નિહાળી. જોતાં-જોતાં તેની નજર એક ધ્યાનસ્થ મુનિ ઉપર જઈ અટકી. રાજા તેની પાસે ગયો. વંદના કરી. મુનિનાં રૂપ-લાવણ્ય જોઈ તે અત્યંત વિસ્મિત બન્યો. તેણે પૂછ્યું—'હે મુનિ ! ભોગ-કાળમાં સંન્યાસ-ગ્રહણની વાત સમજમાં નથી આવતી. આપ તરુણ છો, ભોગ ભોગવવા યોગ્ય છો. આ અવસ્થામાં આપ મુનિ કેમ બન્યા ?' મુનિએ કહ્યું—'હે રાજન ! હું અનાથ છું. મારો કોઈ નાથ નથી, રક્ષક નથી. એટલા માટે હું મુનિ બન્યો છું.' રાજાએ હસતાં-હસતાં કહ્યું—'શરીર-સંપદાથી તો આપ ઐશ્વર્યશાળી લાગો છો, પછી અનાથ કેવી રીતે ? ગમે તેમ હોય હું આપનો નાથ બનું છું. આપ મારી સાથે ચાલો. સુખપૂર્વક ભોગો ભોગવો. હે મુનિ ! મનુષ્ય-ભવ વારંવાર મળતો નથી.' મુનિએ કહ્યું—'તું પોતે જ અનાથ છે. મારો નાથ કેવી રીતે બની શકે ?' રાજાને આ વાક્ય તીરની માફક ખૂંચ્યું. તેણે કહ્યું—'હે મુનિ ! આપ જૂઠું કેમ બોલો છો ? હું અપાર સંપત્તિનો સ્વામી છું. મારા રાજ્યમાં મારી દરેક આજ્ઞા અખંડ રૂપે પ્રવર્તિત થાય છે. મારી પાસે હજારો હાથી, ઘોડા, રથ, સુભટો અને નોકર-ચાકર છે. સંપૂર્ણ સુખ-સામગ્રી હાજર છે. મારા આશરે હજારો વ્યક્તિઓ પોષાય છે. આવી અવસ્થામાં હું અનાથ કેવી રીતે ?' મુનિએ કહ્યું—'તું અનાથનો અર્થ નથી જાણતો અને એ નથી જાણતો કે કઈ વ્યક્તિ કેવી રીતે સનાથ હોય છે અને કેવી રીતે અનાથ ?'

મુનિએ આગળ કહ્યું—'હું કૌશામ્બી નગરીમાં રહેતો હતો. મારા પિતા અપાર ધનરાશિના સ્વામી હતા. મારું કુળ સંપન્ન કુળ હતું. મારો વિવાહ ઉચ્ચ કુળમાં થયો હતો. એક વાર મને અસહ્ય અક્ષિ-રોગ થયો. તે મટાડવા માટે અનેકવિધ પ્રયત્નો કરવામાં આવ્યા. પિતાએ અપાર ધનરાશિનો વ્યય કર્યો. બધા પરિવારજનોએ વિવિધ પ્રયત્નો કર્યા. પણ બધું વ્યર્થ. મારા સગા-સંબંધીઓએ મારી વેદના પર અપાર આંસુ વહાવ્યાં. પણ મારી વેદનામાં તેઓ ભાગ પડાવી શક્યા નહિ. આ હતી મારી અનાથતા. જો હું આ પીડામાંથી મુક્ત થઈ જઈશ તો હું મુનિ બની જઈશ—એવા સંકલ્પપૂર્વક હું સૂઈ ગયો. જેમ-જેમ રાત વીતી તેમ-તેમ રોગ શાંત થતો ગયો. સૂર્યોદય થતાં-થતાં હું પ્રાણીઓનો નાથ બની ગયો. તે બધાને મારાથી રક્ષણ મળી ગયું. આ છે મારી સનાથતા. મેં આત્મા પર શાસન કર્યું—આ છે મારી સનાથતા. હું શ્રામણ્યનું વિધિપૂર્વક પાલન કરું છું—આ છે મારી સનાથતા.'

રાજાએ સનાથ અને અનાથનો આવો અર્થ પહેલી વાર સાંભળ્યો. તેનાં જ્ઞાન-ચક્ષુ ઊઘડી ગયાં. તે બોલ્યો—'મહર્ષિ ! આપ જ વાસ્તવમાં સનાથ અને સબાંધવ છો. હું આપની પાસેથી ધર્મનું અનુશાસન લેવા ઈચ્છું છું.' (શ્લોક ૫૫)

મુનિએ તેને નિર્ગ્રંથ ધર્મની દીક્ષા આપી. તે ધર્મમાં અનુરક્ત બની ગયો.

આ અધ્યયનમાં અનેક વિષયો ચર્ચાયા છે—

૧. આત્મ-કર્તૃત્વ માટે શ્લોક ૩૬, ૩૭ અને ૪૮ મનનીય છે.

૨. ૪૪મા શ્લોકમાં વિષયોપપન્ન ધર્મનાં પરિણામોનું દિગ્દર્શન છે. જેવી રીતે પીધેલું કાળકૂટ વિષ, અવિધિપૂર્વક પકડેલું શસ્ત્ર અને અનિયંત્રિત વેતાલ વિનાશકારી બને છે, તેવી જ રીતે વિષયો યુક્ત ધર્મ પણ વિનાશકારી બને છે.

૩. દ્રવ્યલિંગ વડે લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી, તે માટે શ્લોક ૪૧થી ૫૦ મનનીય છે.

(સરખાવો— સુત્તનિપાત : મહાવગ્ગ—પવજ્જા સુત્ત)

# विंसइमं अज्झयणं : વીસમું અધ્યયન
# महानियंठिज्जं : મહાનિર્ગ્રંથીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. सिद्धाणं नमो किच्चा<br>संजयाणं च भावओ ।<br>अत्थधम्मगइं तच्चं<br>अणुसट्ठिं सुणेह मे ॥ | सिद्धेभ्यो नमः कृत्वा<br>संयतेभ्यश्च भावतः ।<br>अर्थधर्मगतिं तथ्याम्<br>अनुशिष्टिं श्रृणुत मे ॥ | ૧. સિદ્ધો અને સંયત-આત્માઓને ભાવપૂર્વક નમસ્કાર કરીને[1] હું અર્થ (સાધ્ય) અને ધર્મનું જ્ઞાન કરાવનાર તથ્યપૂર્ણ[2] અનુશાસનાનું નિરૂપણ કરું છું. તે મારી પાસેથી સાંભળો. |
| २. पभूयरयणो राया<br>सेणिओ मगहाहिवो ।<br>विहारजत्तं निज्जाओ<br>मंडिकुच्छिसि चेइए ॥ | प्रभूतरत्नो राजा<br>श्रेणिको मगधाधिपः ।<br>विहारयात्रां निर्यातः<br>मण्डिकुक्षौ चैत्ये ॥ | ૨. પ્રચુર રત્નો વડે[3] સંપન્ન, મગધનો અધિપતિ રાજા શ્રેણિક મંડિકુક્ષિ નામે ઉદ્યાનમાં વિહાર-યાત્રા (ક્રીડા-યાત્રા) માટે ગયો. |
| ३. नाणादुमलयाइण्णं<br>नाणापक्खिनिसेवियं ।<br>नाणाकुसुमसंछन्नं<br>उज्जाणं नंदणोवमं ॥ | नानाद्रुमलताकीर्णं<br>नानापक्षिनिषेवितम् ।<br>नानाकुसुमसंछन्नम्<br>उद्यानं नन्दनोपमम् ॥ | ૩. તે ઉદ્યાન વિવિધ પ્રકારના વૃક્ષો અને લતાઓથી આકીર્ણ, વિવિધ પ્રકારના પક્ષીઓનું આશ્રયસ્થાન, વિવિધ પ્રકારના ફૂલોથી છવાયેલું અને નંદનવન સમાન હતું. |
| ४. तत्थ सो पासई साहुं<br>संजयं सुसमाहियं ।<br>निसन्नं रुक्खमूलम्मि<br>सुकुमालं सुहोइयं ॥ | तत्र स पश्यति साधुं<br>संयतं सुसमाहितम् ।<br>निषण्णं रूक्षमूले<br>सुकुमारं सुखोचितम् ॥ | ૪. ત્યાં રાજાએ સંયત, માનસિક સમાધિ સંપન્ન, વૃક્ષ નીચે બેઠેલા સુકુમાર અને સુખ ભોગવવા યોગ્ય સાધુને જોયો. |
| ५. तस्स रूवं तु पासित्ता<br>राइणो तम्मि संजए ।<br>अच्चंतपरमो आसी<br>अउलो रूवविम्हओ ॥ | तस्य रूपं तु दृष्ट्वा<br>राज्ञः तस्मिन् संयते ।<br>अत्यन्तपरम आसीत्<br>अतुलो रूपविस्मयः ॥ | ૫. તેનું રૂપ જોઈને રાજા તે સંયત તરફ આકર્ષાયો અને તેને અત્યંત ઉત્કૃષ્ટ અને અતુલનીય વિસ્મય થયું. |
| ६. अहो ! वण्णो अहो ! रूवं<br>अहो ! अज्जस्स सोमया ।<br>अहो ! खंती अहो ! मुत्ती<br>अहो ! भोगे असंगया ॥ | अहो ! वर्णः अहो ! रूपम्<br>अहो ! आर्यस्य सौम्यता ।<br>अहो ! क्षान्तिरहो ! मुक्तिः<br>अहो ! भोगेऽसङ्गता ॥ | ૬. આશ્ચર્ય ! કેવો વર્ણ અને કેવું રૂપ છે ? [4] આશ્ચર્ય ! આર્યની કેવી સૌમ્યતા છે ? આશ્ચર્ય ! કેવી ક્ષમા અને નિર્લોભતા છે ?<br>આશ્ચર્ય ! ભોગોમાં કેવી અનાસક્તિ છે ? |

७. तस्स पाए उ वंदित्ता
काऊण य पयाहिणं ।
नाइदूरमणासन्ने
पंजली पडिपुच्छई ॥

तस्य पादौ तु वन्दित्वा
कृत्वा च प्रदक्षिणाम् ।
नातिदूरमनासन्नः
प्राञ्जलिः प्रतिपृच्छति ॥

૭. તેના ચરણોમાં નમસ્કાર અને પ્રદક્ષિણા[૫] કરીને, ન અતિ દૂર કે ન અતિ નિકટ રહીને રાજાએ હાથ જોડીને પૂછ્યું—

८. तरुणो सि अज्जो ! पव्वइओ
भोगकालम्मि संजया ! ।
उवट्ठिओ सि सामण्णे
एयमट्ठं सुणेमि ता ॥

तरुणोऽस्यार्य ! प्रव्रजितः
भोगकाले संयत ! ।
उपस्थितोऽसि श्रामण्ये
एतमर्थं श्रृणोमि तावत् ॥

૮. 'હે આર્ય ! હજુ તો તમે તરુણ છો. હે સંયત ! તમે ભોગકાળમાં પ્રવ્રજિત થયા છો, શ્રામણ્ય માટે ઉપસ્થિત થયા છો તેનું શું પ્રયોજન છે તે હું સાંભળવા ઈચ્છું છું.'

९. अणाहो मि महाराय !
नाहो मज्झ न विज्जई ।
अणुकंपगं सुहिं वावि
कंचि नाभिसमेमहं ॥

अनाथोऽस्मि महाराज !
नाथो मम न विद्यते ।
अनुकम्पकं सुहृदं वापि
कंचिन्नाभिसमेम्यहम् ॥

૯. 'મહારાજ ! હું અનાથ છું, મારો કોઈ નાથ[૬] નથી. મારી ઉપર અનુકંપા કરનાર કે કોઈ મિત્ર મને મળતો નથી.'

१०. तओ सो पहसिओ राया
सेणिओ मगहाहिवो ।
एवं ते इड्ढिमंतस्स
कहं नाहो न विज्जई ? ॥

ततः स प्रहसितो राजा
श्रेणिको मगधाधिपः ।
एवं ते ऋद्धिमतः
कथं नाथो न विद्यते ? ॥

૧૦. આ સાંભળી મગધાધિપતિ રાજા શ્રેણિક જોરથી હસ્યો અને તેણે કહ્યું—'તમે આવા સહજ સૌભાગ્યશાળી છો, પછી તમારો નાથ કોઈ કેમ ન હોય ?[૭]

११. होमि नाहो भयंताणं !
भोगे भुंजाहि संजया ! ।
मित्तनाईपरिवुडो
माणुस्सं खु सुदुल्लहं ॥

भवामि नाथो भदन्तानां
भोगान् भङ्क्ष्व संयत ! ।
मित्रज्ञातिपरिवृतः
मानुष्यं खलु सुदुर्लभम् ॥

૧૧. 'હે ભદંત ! હું તમારો નાથ થાઉં છું. હે સંયત ! મિત્ર અને જ્ઞાતિજનોથી ઘેરાઈને વિષયોનો ભોગ કરો. આ મનુષ્ય-જન્મ બહુ દુર્લભ છે.'

१२. अप्पणा वि अणाहो सि
सेणिया ! मगहाहिवा ! ।
अप्पणा अणाहो संतो
कहं नाहो भविस्ससि ? ॥

आत्मनाप्यनाथोऽसि
श्रेणिक ! मगधाधिप ! ।
आत्मनाऽनाथः सन्
कथं नाथो भविष्यसि ? ॥

૧૨. 'હે મગધના અધિપતિ શ્રેણિક ! તું પોતે અનાથ છે. પોતે અનાથ હોવા છતાં પણ તું બીજાનો નાથ કેવી રીતે બનીશ ?'

१३. एवं वुत्तो नरिंदो सो
सुसंभंतो सुविम्हिओ ।
वयणं अस्सुयपुव्वं
साहुणा विम्हयन्निओ ॥

एवमुक्तो नरेन्द्रः सः
सुसम्भ्रान्त सुविस्मितः ।
वचनमश्रुतपूर्वं
साधुना विस्मयान्वितः ॥

૧૩. શ્રેણિક પહેલાં જ આશ્ચર્યચકિત થયો હતો અને સાધુ વડે—તું અનાથ છે—એવું અશ્રુતપૂર્વ વચન કહેવાતાં તે અત્યંત વ્યાકુળ અને અત્યંત આશ્ચર્યમગ્ન બની ગયો.

१४. अस्सा हत्थी मणुसत्ता मे
पुरं अंतेउरं च मे ।
भुंजामि माणुसे भोगे
आणाइस्सरियं च मे ॥

अश्वा हस्तिनो मनुष्या मे
पुरमन्तःपुरं च मे ।
भुनज्मि मानुषान् भोगान्
आज्ञैश्वर्यं च मे ॥

૧૪. 'મારી પાસે હાથી અને ઘોડા છે, નગર અને અંતઃપુર છે, હું મનુષ્યસંબંધી ભોગો ભોગવી રહ્યો છું, આજ્ઞા અને ઐશ્વર્ય[૮] મારી પાસે છે.[૯]

| | | |
|---|---|---|
| १५.एरिसे संपयग्गम्मि<br>सव्वकामसमप्पिए ।<br>कहं अणाहो भवइ ?<br>मा हु भंते ! मुसं वए ॥ | ईदृशे सम्प्रदग्रे<br>समर्पितसर्वकामे ।<br>कथमनाथो भवामि ?<br>मा खलु भदन्त ! मृषा वादीत् ॥!? | ૧૫.જેણે મને બધા કામ-ભોગો સમર્પિત કર્યા છે તેવી ઉત્કૃષ્ટ સંપદા હોવા છતાં હું અનાથ કેવી રીતે હોઉં ? હે ભદંત ! અસત્ય ન બોલો.' |
| १६.न तुमं जाणे अणाहस्स<br>अत्थं पोत्थं व पत्थिवा ! ।<br>जहा अणाहो भवई<br>सणाहो वा नराहिवा ! ? ॥ | न त्वं जानीषेऽनाथस्य<br>अर्थं प्रोत्थां वा पार्थिव ! ।<br>यथाऽनाथो भवति<br>सनाथो नराधिप !?॥ | ૧૬.'હે પાર્થિવ ! તું અનાથ શબ્દનો અર્થ અને તેની ઉત્પત્તિ[10] —મેં તને અનાથ શા માટે કહ્યો તે—નથી જાણતો, એટલા માટે અનાથ કે સનાથ કેવી રીતે બને છે તે નથી જાણતો. |
| १७.सुणेह मे महाराय !<br>अव्वक्खित्तेण चेयसा ।<br>जहा अणाहो भवई<br>जहा मे य पवत्तियं ॥ | श्रृणु मे महाराज !<br>अव्याक्षिप्तेन चेतसा ।<br>यथाऽनाथो भवति<br>यथा मया च प्रवर्त्तितम् ॥ | ૧૭.'હે મહારાજ ! તું અવ્યાકુળ ચિત્તે—કેવી રીતે કોઈ પુરુષ અનાથ હોય છે અને કેવા રૂપમાં મેં તેનો પ્રયોગ કર્યો છે તે સાંભળ.' |
| १८.कोसंबी नाम नयरी<br>पुराणपुरभेयणी ।<br>तत्थ आसी पिया मज्झ<br>पभूयधणसंचओ । | कौशाम्बी नाम नगरी<br>पुराणपुरभेदिनी ।<br>तत्रासीत् पिता मम<br>प्रभूतधनसंचयः ॥ | ૧૮.'પ્રાચીન નગરોમાં અસાધારણ સુંદર[11] કૌશામ્બી નામની નગરી છે. ત્યાં મારા પિતા રહે છે. તેમની પાસે પ્રચુર ધનનો સંચય છે. |
| १९.पढमे वए महाराय !<br>अउला मे अच्छिवेयणा ।<br>अहोत्था विउलो दाहो<br>सव्वंगेसु य पत्थिवा ! ॥ | प्रथमे वयसि महाराज !<br>अतुला मेऽक्षिवेदना ।<br>अभूद् विपुलो दाहः<br>सर्वाङ्गेषु च पार्थिव ! ॥ | ૧૯.'હે મહારાજ ! પ્રથમ વય (યૌવન)માં મારી આંખોમાં અસાધારણ વેદના ઉત્પન્ન થઈ. હે પાર્થિવ ! મારું આખું શરીર પીડાદાયક બળતરાથી સળગી ઊઠ્યું. |
| २०.सत्थं जहा परमतिक्खं<br>सरीरविवरंतरे ।<br>पवेसेज्ज अरी कुद्धो<br>एवं मे अच्छिवेयणा ॥ | शस्त्रं यथा परमतीक्ष्णं<br>शरीरविवरन्तरे ।<br>प्रवेशयेदरिः क्रुद्धः<br>एवं मेऽक्षिवेदना ॥ | ૨૦.'જેવી રીતે કોપાયમાન બનેલો શત્રુ શરીરના છેદોમાં તીક્ષ્ણ શસ્ત્રો ઘુસાડે છે, તેવી જ રીતે મારી આંખોમાં વેદના થઈ રહી હતી. |
| २१.तियं मे अंतरिच्छं च<br>उत्तमंगं च पीडई ।<br>इंदासणिसमा घोरा<br>वेयणा परमदारुणा ॥ | त्रिकं मे अन्तरिक्षं च<br>उत्तमांगं च पीडयति ।<br>इन्द्राशनिसमा घोरा<br>वेदना परमदारुणा । | ૨૧.'મારા કમરભાગ, અંતશ્ચેતના[12] અને મસ્તકમાં, જેવી રીતે ઈન્દ્રનું વજ્ર વાગવાથી ઘોર વેદના થાય છે તેવી મહા દારુણ વેદના થઈ રહી હતી. |
| २२.उवट्ठिया मे आयरिया<br>विज्जामंततिगिच्छगा ।<br>अबीया सत्थकुसला<br>मंतमूलविसारया ॥ | उपस्थिता मे आचार्याः<br>विद्यामन्त्रचिकित्सकाः ।<br>अद्वितीयाः शास्त्रकुशलाः<br>मंत्रमूलविशारदाः ॥ | ૨૨.'વિદ્યા અને મંત્ર દ્વારા ચિકિત્સા કરનારાઓ અને મંત્ર અને ઔષધિઓના વિશારદ અદ્વિતીય શાસ્ત્રકુશળ, પ્રાણાચાર્યો મારી ચિકિત્સા કરવા માટે ઉપસ્થિત થયા.[13] |

२३.ते मे तिगिच्छं कुव्वंति
चाउप्पायं जहाहियं ।
न य दुक्खा विमोयंति
एसा मज्झ अणाहया ।।

ते मे चिकित्सां कुर्वन्ति
चतुष्पादां यथाऽऽहृताम्।
न च दुःखाद् विमोचयन्ति
एषा ममाऽनाथता ॥

૨૩.'તેમણે ગુરુ પરંપરાથી પ્રાપ્ત[14] આયુર્વિદ્યાના આધારે મારી ચતુષ્પાદ-ચિકિત્સા[15] કરી, પરંતુ તેઓ મને દુઃખમાંથી મુક્ત કરી શક્યા નહિ—આ મારી અનાથતા છે.

२४.पिया मे सव्वसारं पि
दिज्जाहि मम कारणा ।
न य दुक्खा विमोएइ
एसा मज्झ अणाहया ।।

पिता मे सर्वसारमपि।
दद्यान् मम कारणात्।
न च दुःखाद् विमोचयति
एषा ममाऽनाथता ॥

૨૪.'મારા પિતાએ મારા માટે તે પ્રાણાચાર્યોને બહુમૂલ્ય વસ્તુઓ આપી, પરંતુ તેઓ (પિતા) મને દુઃખમાંથી મુક્ત કરાવી શક્યા નહિ—આ મારી અનાથતા છે.

२५.माया य मे महाराय !
पुत्तसोगदुहट्टिया ।
न य दुक्खा विमोएइ
एसा मज्झ अणाहया ।।

माता च मे महाराज !
पुत्रशोकदुःखार्ता।
न च दुःखाद् विमोचयति
एषा ममाऽनाथता ॥

૨૫.'મહારાજ ! મારી માતા પુત્રશોકના દુઃખથી પીડિત હોવા છતાં પણ મને દુઃખમાંથી મુક્ત કરાવી શકી નહિ—આ મારી અનાથતા છે.

२६.भायरो मे महाराय !
सगा जेट्ठकणिट्ठगा ।
न य दुक्खा विमोयंति
एसा मज्झ अणाहया ।।

भ्रातरो मे महाराज !
स्वका ज्येष्ठकनिष्ठकाः।
न च दुःखाद् विमोचयन्ति
एषा ममाऽनाथता ॥

૨૬.'મહારાજ ! મારા નાના-મોટા સગા ભાઈઓ પણ મને દુઃખમાંથી છોડાવી શક્યા નહિ—આ મારી અનાથતા છે.

२७.भइणीओ मे महाराय !
सगा जेट्ठकणिट्ठगा ।
न य दुक्खा विमोयंति
एसा मज्झ अणाहया ।।

भगिन्यो मे महाराज !
स्वका ज्येष्ठकनिष्ठकाः।
न च दुःखाद् विमोचयन्ति
एषा ममाऽनाथता ॥

૨૭.'મહારાજ ! મારી નાની-મોટી સગી બહેનો પણ મને દુઃખમાંથી મુક્ત કરાવી શકી નહિ— આ મારી અનાથતા છે.

२८.भारिया मे महाराय !
अणुरत्ता अणुव्वया ।
अंसुपुण्णेहिं नयणेहिं
उरं मे परिसिंचई ।।

भार्या मे महाराज !
अनुरक्ताऽनुव्रता।
अश्रुपूर्णाभ्यां नयनाभ्यां
उरो मे परिषिंचति ॥

૨૮.'મહારાજ ! મારામાં અનુરક્ત અને પતિવ્રતા[16] મારી પત્ની આંસુ ભરી આંખોથી મારી છાતીને ભીંજવતી રહી.

२९.अन्नं पाणं च ण्हाणं च
गंधमल्लविलेवणं ।
मए नायमणायं वा
सा बाला नोवभुंजई ।।

अन्नं पानं च स्नानं च
गन्धमाल्यविलेपनम्।
मया ज्ञातमज्ञातं वा
सा बाला नोपभुङ्क्ते ॥

૨૯.'તે બાળા મારી પ્રત્યક્ષ કે પરોક્ષમાં અન્ન, પાન, સ્નાન[17], ગંધ, માલ્ય અને વિલેપનનો ભોગ કરતી ન હતી.

३०.खणं पि मे महाराय !
पासाओ वि न फिट्टई ।
न य दुक्खा विमोएइ
एसा मज्झ अणाहया ।।

क्षणमपि मे महाराज !
पार्श्वतोपि न भ्रश्यति।
न च दुःखाद् विमोचयति
एषा ममाऽनाथता ॥

૩૦.'મહારાજ ! તે ક્ષણભર માટે પણ મારાથી દૂર ખસતી ન હતી.[18] પરંતુ તે મને દુઃખમાંથી મુક્ત કરાવી શકી નહિ—આ મારી અનાથતા છે.

३१.तओ हं एवमाहंसु
दुक्खमा हु पुणो पुणो ।
वेयणा अणुभविउं जे
संसारम्मि अणंतए ।।

ततोऽहमेवमवोचम्
दुःक्षमा खलु पुनः पुनः ।
वेदनाऽनुभवितुं 'जे'
संसारेऽनन्तके ॥

૩૧. 'ત્યારે મેં એ પ્રમાણે કહ્યું—'આ અનંત સંસારમાં વારંવાર અસહ્ય[19] વેદનાનો અનુભવ કરવો પડે છે.

३२.सइं च जइ मुच्चेज्जा
वेयणा विउला इओ ।
खंतो दंतो निरारंभो
पव्वए अणगारियं ।।

सकृच्च यदि मुच्ये
वेदनायाः विपुलाया इतः ।
क्षान्तो दान्तो निरारम्भः
प्रव्रजेयमनगारिताम् ॥

૩૨. 'આ વિપુલ વેદનામાંથી જો હું એક વાર પણ મુક્ત થઈ જાઉં તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભ બની અનગારવૃત્તિ સ્વીકારી લઈશ.

३३.एवं च चिंतइत्ताणं
पसुत्तो मि नराहिवा ! ।
परियट्टंतीए राईए
वेयणा मे खयं गया ।।

एवं च चिन्तयित्वा
प्रसुप्तोऽस्मि नराधिप ! ।
परिवर्तमानायां रात्रौ
वेदना मे क्षयं गता ॥

૩૩. 'હે નરાધિપ ! આવું ચિંતન કરી હું સૂઈ ગયો. વીતતી જતી રાતની સાથે-સાથે મારી વેદના પણ ક્ષીણ થતી ગઈ.[20]

३४.तओ कल्ले पभायम्मि
आपुच्छित्ताण बंधवे ।
खंतो दंतो निरारंभो
पव्वइओऽणगारियं ।।

ततः कल्यः प्रभाते
आपृच्छ्य बान्धवान् ।
क्षान्तो दान्तो निरारम्भः
प्रव्रजितोऽनगारिताम् ॥

૩૪. 'તે પછી પ્રભાતકાળે હું સ્વસ્થ બની ગયો. હું પોતાના બંધુજનોને પૂછીને ક્ષાન્ત, દાન્ત અને નિરારંભ બની અનગારવૃત્તિમાં પ્રવ્રજિત થયો.

३५.ततो हं नाहो जाओ
अप्पणो य परस्स य ।
सव्वेसिं चेव भूयाणं
तसाण थावराण य ।।

ततोऽहं नाथो जातः
आत्मनश्च परस्य च ।
सर्वेषां चैव भूतानां
त्रसानां स्थावराणां च ॥

૩૫. 'ત્યારથી હું પોતાનો અને બીજાઓનો તથા બધા ત્રસ અને સ્થાવર જીવોનો નાથ બની ગયો.

३६.अप्पा नई वेयरणी
अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणू
अप्पा मे नंदणं वणं ।।

आत्मा नदी वैतरणी
आत्मा मे कूटशाल्मली ।
आत्मा कामदुधा धेनुः
आत्मा मे नन्दनं वनम् ॥

૩૬. 'મારો આત્મા જ વૈતરણી નદી છે અને આત્મા જ કૂટ શાલ્મલી[22] વૃક્ષ છે, આત્મા જ કામદૂધા ધેનુ છે અને આત્મા જ નંદનવન છે.

३७.अप्पा कत्ता विकत्ता य
दुहाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च
दुप्पट्ठियसुपट्ठिओ ।।

आत्मा कर्ता विकर्ता च
दुःखानां च सुखानां च ।
आत्मा मित्रममित्रं च
दुष्प्रस्थितः सुप्रस्थितः ॥

૩૭. 'આત્મા જ સુખ-દુઃખ પેદા કરનાર અને તેનો ક્ષય કરનાર છે. સત્પ્રવૃત્તિમાં જોડાયેલ આત્મા જ મિત્ર છે અને દુષ્પ્રવૃત્તિમાં જોડાયેલ આત્મા જ શત્રુ છે.

३८.इमा हु अन्ना वि अणाहया निवा !
तमेगचित्तो निहुओ सुणेहि ।
नियंठधम्मं लहियाण वी जहा
सीयंति एगे बहुकायरा नरा ॥

इयं खलु अन्याप्यनाथता नृप !
तामेकचित्तो निभृतः श्रृणु ।
निर्ग्रन्थधर्मं लब्ध्वाऽपि यथा
सीदन्त्येके बहुकातरा नराः ॥

૩૮. 'હે રાજન ! આ એક બીજી અનાથતા જ છે. એકાગ્ર-ચિત્ત, સ્થિર, શાંત થઈને તું મને સાંભળ. જેવી રીતે કેટલાક માણસો બહુ કાયર હોય છે, તેઓ નિર્ગ્રંથ ધર્મ પામીને પણ કષ્ટાનુભવ કરે છે—નિર્ગ્રંથાચારનું પાલન કરવામાં શિથિલ થઈ જાય છે.[23]

३९.जो पव्वइत्ताण महव्वयाइं
सम्मं नो फासयई पमाया ।
अनिग्गहप्पा य रसेसु गिद्धे
न मूलओ छिंदइ बंधणं से ॥

यः प्रव्रज्य महाव्रतानि
सम्यक् नो स्पृशति प्रमादात् ।
अनिग्रहात्मा च रसेषु गृद्धः
न मूलतः छिनत्ति बन्धनं सः ॥

૩૯. 'જે મહાવ્રતોને સ્વીકારીને સમ્યક્‌પણે તેનું પાલન નથી કરતો, પોતાના આત્માનો નિગ્રહ નથી કરતો, રસોમાં મૂર્છિત થાય છે, તે બંધનનો મૂલોચ્છેદ કરી શકતો નથી.

४०.आउत्तया जस्स न अत्थि काइ
इरियाए भासाए तहेसणाए ।
आयाणनिक्खेवदुगुंछणाए
न वीरजायं अणुजाइ मग्गं ॥

आयुक्तता यस्य नास्ति कापि
ईर्यायां भाषायां तथैषणायाम् ।
आदाननिक्षेपजुगुप्सनायां
न वीरयातमनुयाति मार्गम् ॥

૪૦. 'ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉચ્ચાર-પ્રસ્રવણની પરિસ્થાપનામાં જે સાવધાની[24] રાખતો નથી, તે જે માર્ગ પર વીર પુરુષો ચાલ્યા છે[25] તે માર્ગનું અનુગમન કરી શકતો નથી.

४१.चिरं पि से मुंडरुई भवित्ता
अथिरव्वए तवनियमेहि भट्ठे ।
चिरं पि अप्पाण किलेसइत्ता
न पारए होइ हु संपराए ॥

चिरमपि स मुण्डरुचिर्भूत्वा
अस्थिरव्रतस्तपोनियमेभ्यो भ्रष्टः ।
चिरमप्यात्मानं क्लेशयित्वा
न पारगो भवति खलु संपराये ॥

૪૧. 'જે વ્રતોમાં સ્થિર નથી, તપ અને નિયમો[26]થી ભ્રષ્ટ છે, તે ચિરકાળ મુંડનમાં રુચિ[27] રાખીને પણ અને ચિરકાળ સુધી આત્માને કષ્ટ આપીને પણ સંસારનો પાર પામી શકતો નથી.

४२.पोल्ले व मुट्ठी जह से असारे
अयंतिए कूडकहावणे वा ।
राढामणी वेरुलियप्पगासे
अमहग्घए होइ य जाणएसु ॥

'पोल्ला' एव मुष्टिर्यथा सोऽसारः
अयन्त्रितः कूटकार्षापण इव ।
राढामणिर्वैडूर्यप्रकाशः
अमहार्घको भवति च ज्ञेषु ॥

૪૨. 'જે પોલી મુઠ્ઠીની માફક અસાર છે, ખોટા સિક્કા[28]ની જેમ મુદ્રા રહિત[29] છે, કાચમણિ હોવા છતાં વૈડૂર્યની માફક ચમકે છે, તે જાણકાર વ્યક્તિઓની દૃષ્ટિએ મૂલ્યહીન બની જાય છે.

४३.कुसीललिंगं इह धारइत्ता
इसिज्झयं जीविय वूहइत्ता ।
असंजए संजयलप्पमाणे
विणिघायमागच्छइ से चिरं पि ॥

कुशीललिंगमिह धारयित्वा
ऋषिध्वजं जीविकां बृंहयित्वा ।
असंयतः संयतं लपन्
विनिघातमागच्छति स चिरमपि ॥

૪૩. 'જે કુશીલ-વેશ[30] અને ઋષિ-ધ્વજ (રજોહરણ વગેરે મુનિ-ચિહ્નો) ધારણ કરીને તેના દ્વારા આજીવિકા ચલાવે છે, અસંયત હોવા છતાં પણ પોતાની જાતને સંયત કહેવડાવે છે, તે ચિરકાળ સુધી વિનાશને પ્રાપ્ત થાય છે.

४४.विसं तु पीयं जह कालकूडं
हणाइ सत्थं जह कुग्गहीयं ।
एसे व धम्मो विसओववन्नो
हणाइ वेयाल इवाविवन्नो ॥

विषं तु पीतं यथा कालकूटं
हन्ति शस्त्रं यथा कुगृहीतम् ।
एष एवं धर्मो विषयोपपन्नः
हन्ति वेताल इवाविपन्नः ॥

૪૪. 'પીધેલું કાળકૂટ વિષ, અવિધિથી પકડેલું શસ્ત્ર અને વશ ન કરાયેલ વેતાલ જેવી રીતે વિનાશકારી બને છે[31], તેવી જ રીતે વિષયોથી યુક્ત[32] ધર્મ પણ વિનાશકારી બને છે.

४५.जे लक्खणं सुविणं पउंजमाणे
निमित्तकोऊहलसंपगाढे ।
कुहेडविज्जासवदारजीवी
न गच्छई सरणं तम्मि काले ॥

यो लक्षणं स्वप्नं प्रयुञ्जानः
निमित्तकुतूहलसंप्रगाढः ।
कुहेटविद्याश्रवद्वारजीवी
न गच्छति शरणं तस्मिन् काले ॥

૪૫. 'જે લક્ષણ-શાસ્ત્ર, સ્વપ્ન-શાસ્ત્રનો પ્રયોગ કરે છે, નિમિત્ત-શાસ્ત્ર અને કૌતુક કાર્યમાં અત્યંત આસક્ત છે, મિથ્યા આશ્ચર્ય ઉત્પન્ન કરનાર[33] વિદ્યારૂપી આશ્રવદ્વાર વડે જીવિકા ચલાવે છે, તેને કર્મનું ફળ ભોગવતી વખતે કોઈનું શરણ મળતું નથી.

४६.तमंतमेणेव उ से असीले
सया दुही विप्परियासुवेइ ।
संधावई नरगतिरिक्खजोणिं
मोणं विराहेत्तु असाहुरूवे ॥

तमस्तमसैव तु सः अशीलः
सदा दुःखी विपर्यासमुपैति ।
संधावति नरकतिर्यग्योनीः
मौनं विराध्याऽसाधुरूपः ॥

૪૬. 'તે શીલ-રહિત સાધુ પોતાના તીવ્ર અજ્ઞાન વડે સતત દુઃખી થઈ વિપર્યાસ પામે છે.[34] તે અસાધુ પ્રકૃતિવાળો મુનિ ધર્મની વિરાધના કરી નરક અને તિર્યંચ યોનિમાં આવ-જા કર્યા કરે છે.

४७. उद्देसियं कीयगडं नियागं
न मुंचई किंचि अणेसणिज्जं ।
अग्गी विवा सव्वभक्खी भवित्ता
इओ चुओ गच्छइ कट्टु पावं ॥

औद्देशिकं क्रीतकृतं नित्याग्रं
न मुञ्चति किञ्चिदनेषणीयम् ।
अग्निरिव सर्वभक्षी भूत्वा
इतश्च्युतो गच्छति कृत्वा पापम् ॥

૪૭. 'જે ઔદ્દેશિક, ક્રીતકૃત, નિત્યાગ્ર[૩૫] અને કંઈ પણ અનેષણીયને છોડતો નથી, તે અગ્નિની માફક સર્વ-ભક્ષી બની, પાપ-કર્મનું અર્જન કરે છે અને અહીંથી મરી દુર્ગતિમાં જાય છે.

४८. न तं अरी कंठछेत्ता करेइ
जं से करे अप्पणिया दुरप्पा ।
से नाहिई मच्चुमुहं तु पत्ते
पच्छाणुतावेण दयाविहूणो ॥

न तमरिः कण्ठच्छेत्ता करोति
यं तस्य करोत्यात्मीया दुरात्मता ।
स ज्ञास्यति मृत्युमुखं तु प्राप्तः
पश्चादनुतापेन दयाविहीनः ॥

૪૮. 'પોતાની દુષ્પ્રવૃત્તિ જે અનર્થ ઉત્પન્ન કરે છે તેવો અનર્થ ગળું કાપનાર શત્રુ પણ નથી કરતો. તે દુષ્પ્રવૃત્તિ કરનાર દયા[૩૬]વિહીન મનુષ્ય મૃત્યુના મોંમાં પહોંચવાના સમયે આ તથ્ય જાણી શકશે.

४९. निरट्ठिया नग्गरुई उ तस्स
जे उत्तमट्ठं विवज्जासमेई ।
इमे वि से नत्थि परे वि लोए
दुहओ वि से झिज्जइ तत्थ लोए ॥

निरर्थिका नाग्न्यरुचिस्तु तस्य
य उत्तमार्थे विपर्यासमेति ।
अयमपि तस्य नास्ति परोऽपि लोकः
द्वयोपि स क्षीयते तत्र लोकः ॥

૪૯. 'જે અંતિમ સમયની આરાધના[૩૭]માં પણ વિપરીત બુદ્ધિ રાખે છે—દુષ્પ્રવૃત્તિને સત્પ્રવૃત્તિ માને છે—તેની સંયમ રુચિ પણ નિરર્થક છે. તેના માટે આ લોક પણ નથી અને પરલોક પણ નથી. તે બંને લોકોથી ભ્રષ્ટ થયેલ, લોકોના પ્રયોજનની પૂર્તિ ન કરી શકવાને કારણે ચિંતાથી ક્ષીણ થાય છે.

५०. एमेवहाछंदकुसीलरूवे
मग्गं विराहेत्तु जिणुत्तमाणं ।
कुररी विवा भोगरसाणुगिद्धा
निरट्ठसोया परियावमेइ ॥

एवमेव यथाच्छन्दकुशीलरूपः
मार्गं विराध्य जिनोत्तमानाम् ।
कुररी इव भोगरसानुगृद्धा
निरर्थशोका परितापमेति ॥

૫૦. 'એ જ રીતે યથાછંદ (સ્વચ્છંદ ભાવે વિહાર કરનાર) અને કુશીલ સાધુ જિનોત્તમ ભગવાનના માર્ગની વિરાધના કરી પરિતાપ પામે છે, જેવી રીતે—ભોગ-રસમાં આસક્ત થઈ અર્થહીન ચિંતા કરનારી ગીધ પક્ષિણી.

५१. सोच्चाण मेहावि सुभासियं इमं
अणुसासणं नाणगुणोववेयं ।
मग्गं कुसीलाण जहाय सव्वं
महानियंठाण वए पहेणं ॥

श्रुत्वा मेधावी सुभाषितमिदं
अनुशासनं ज्ञानगुणोपेतम् ।
मार्गं कुशीलानां हित्वा सर्वं
महानिर्ग्रन्थानां व्रजेत् पथा ॥

૫૧. 'મેધાવી પુરુષ આ સુભાષિત, જ્ઞાન-ગુણથી યુક્ત અનુશાસન સાંભળીને કુશીલ વ્યક્તિઓના બધા માર્ગોને છોડી મહાનિર્ગ્રંથના માર્ગે ચાલે.

५२. चरित्तमायारगुणन्निए तओ
अणुत्तरं संजमं पालियाणं ।
निरासवे संखवियाण कम्मं
उवेइ ठाणं विउलुत्तमं धुवं ॥

चरित्राचारगुणान्वितस्ततः
अनुत्तरं संयमं पालयित्वा ।
निरास्रवः संक्षपय्य कर्म
उपैति स्थानं विपुलोत्तमं ध्रुवम् ॥

૫૨. 'પછી ચરિત્રના આચરણ અને જ્ઞાન વગેરે ગુણોથી સંપન્ન નિર્ગ્રંથ અનુત્તર સંયમનું પાલન કરી, કર્મોનો ક્ષય કરી નિરાસ્રવ બને છે અને તે વિપુલોત્તમ શાશ્વત મોક્ષમાં ચાલ્યો જાય છે."

५३. एवुग्गदंते वि महातवोधणे
महामुणी महापइन्ने महायसे ।
महानियंठिज्जमिणं महासुयं
से काहए महया वित्थरेणं ॥

एवमुग्रदान्तोपि महातपोधनः
महामुनिर्महाप्रतिज्ञो महायशाः ।
महानिर्ग्रन्थीयमिदं महाश्रुतं
सोऽचीकथत् महता विस्तरेण ॥

૫૩. 'આ રીતે ઉગ્ર-દાન્ત, મહા-તપોધન, મહા-પ્રતિજ્ઞ, મહાન યશસ્વી તે મહામુનિએ આ મહાશ્રુત, મહાનિર્ગ્રંથીય અધ્યયન મહાન વિસ્તાર સાથે કહ્યું.

| | | |
|---|---|---|
| ५४. तुट्ठो य सेणिओ राया<br>इणमुदाहु कयंजली ।<br>अणाहत्तं जहाभूयं<br>सुट्ठु मे उवदंसियं ॥ | तुष्टश्च श्रेणिको राजा<br>इदमुदाह कृताञ्जलिः ।<br>अनाथत्वं यथाभूतं<br>सुष्ठु मे उपदर्शितम् ॥ | ૫૪. શ્રેણિક રાજા સંતુષ્ટ થયો અને બંને હાથ જોડી આ પ્રમાણે બોલ્યો–'હે ભગવાન ! તમે અનાથનું યથાર્થ સ્વરૂપ મને સમજાવ્યું છે. |
| ५५. तुज्झं सुलद्धं खु मणुस्सजम्मं<br>लाभा सुलद्धा य तुमे महेसी ! ।<br>तुब्भे सणाहा य सबंधवा य<br>जं भे ठिया मग्गे जिणुत्तमाणं ॥ | तव सुलब्धं खलु मनुष्यजन्म<br>लाभाः सुलब्धाश्च त्वया महर्षे ! ।<br>यूयं सनाथाश्च सबान्धवाश्च<br>यद् भवन्तः स्थिता मार्गे<br>जिनोत्तमानाम् ॥ | ૫૫. 'હે મહર્ષિ ! તમારો મનુષ્ય-જન્મ સુલબ્ધ છે–સફળ છે. તમને જે ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ છે તે પણ સફળ છે. તમે સફળ છો, સબાંધવ છો, કેમકે તમે જિનોત્તમ (તીર્થંકર)ના માર્ગમાં અવસ્થિત છો. |
| ५६. तं सि नाहो अणाहाणं<br>सव्वभूयाण संजया ! ।<br>खामेमि ते महाभाग !<br>इच्छामि अणुसासिउं ॥ | त्वमसि नाथोऽनाथानां<br>सर्वभूतानां संयत ! ।<br>क्षमयामि त्वां महाभाग !<br>इच्छाम्यनुशासयितुम् ॥ | ૫૬. 'તમે અનાથોના નાથ છો, તમે બધા જીવોના નાથ છો. હે મહાભાગ ! હું તમારી ક્ષમા માગું છું અને તમારી પાસે અનુશાસિત થવા ઈચ્છું છું. |
| ५७. पुच्छिऊण मए तुब्भं<br>झाणविग्घो उ जो कओ ।<br>निमंतिओ य भोगेहिं<br>तं सव्वं मरिसेहि मे ॥ | पृष्ट्वा मया तव<br>ध्यानविघ्नस्तु यः कृतः ।<br>निमन्त्रितश्च भोगैः<br>तत् सर्वं मर्षय मे ॥ | ૫૭. 'મેં તમને પ્રશ્ન પૂછી ધ્યાનમાં જે વિઘ્ન કર્યું અને ભોગો માટે નિમંત્રણ આપ્યું તે બધાને માટે ક્ષમા કરો.' |
| ५८. एवं थुणित्ताण स रायसीहो<br>अणगारसीहो परमाइ भत्तिए ।<br>सओरोहो य सपरियणो य<br>धम्माणुरत्तो विमलेण चेयसा ॥ | एवं स्तुत्वा स राजसिंहः<br>अनगारसिंहं परमया भक्त्या ।<br>सावरोधश्च सपरिजनश्च<br>धर्मानुरक्तो विमलेन चेतसा ॥ | ૫૮. આ રીતે રાજસિંહ–શ્રેણિક અનગાર-સિંહની પરમ ભક્તિપૂર્વક સ્તુતિ કરી પોતાના વિમળ ચિત્ત વડે રાણીવાસ, પરિજનો અને બંધુજન સહિત ધર્મમાં અનુરક્ત બન્યો. |
| ५९. ऊससियरोमकूवो<br>काऊण य पयाहिणं ।<br>अभिवंदिऊण सिरसा<br>अइयाओ नराहिवो ॥ | उच्छ्वसितरोमकूपः<br>कृत्वा च प्रदक्षिणाम् ।<br>अभिवन्द्य शिरसा<br>अतियातो नराधिपः ॥ | ૫૯. રાજાના રોમ-કૂપ ઉચ્છ્વસિત થઈ રહ્યા હતા. તે મુનિની પ્રદક્ષિણા કરી, મસ્તક ઝુકાવી, વંદના કરી ચાલ્યો ગયો. |
| ६०. इयरो वि गुणसमिद्धो<br>तिगुत्तिगुत्तो तिदंडविरओ य ।<br>विहग इव विप्पमुक्को<br>विहरइ वसुहं विगयमोहो ॥<br>–त्ति बेमि ॥ | इतरोऽपि गुणसमृद्धः<br>त्रिगुप्तिगुप्तस्त्रिदण्डविरतश्च ।<br>विहग इव विप्रमुक्तः<br>विहरति वसुधां विगतमोहः ॥<br>–इति ब्रवीमि । | ૬૦. તે ગુણથી સમૃદ્ધ, ત્રિગુપ્તિઓથી ગુપ્ત, ત્રણ દંડોથી વિરત અને નિર્મોહ મુનિ પણ પક્ષીની માફક સ્વતંત્ર ભાવે ભૂમિતલ પર વિહાર કરવા લાગ્યા.<br>–આમ હું કહું છું. |

ટિપ્પણ

# અધ્યયન ૨૦ : મહાનિર્ગ્રન્થીય

**૧. સિદ્ધો અને સંયત આત્માઓને ભાવપૂર્વક નમસ્કાર કરીને (सिद्धाणं नमो.........भावओ)**

આ અધ્યયનનો પ્રારંભ નમસ્કાર સાથે થયો છે. આગમ-સાહિત્યમાં મંગળ-વિધિનો પ્રયોગ ભાગ્યે જ મળે છે. અહીં સિદ્ધો અને સંયતોને નમસ્કાર કરવામાં આવ્યા છે.

વૃત્તિકારે 'संयत' શબ્દ વડે આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓનું ગ્રહણ કર્યું છે.[1]

ખારવેલનો શિલાલેખ કે જે ઈ.સ.પૂર્વે ૧૫૨નો છે, તેમાં 'नमो अरहंताणं', 'नमो सव्व सिधाणं'—આ બે પદોને નમસ્કાર કરવામાં આવ્યા છે.[2]

આ રીતે નમસ્કાર મંગળની પરંપરાઓ જુદી-જુદી રહી છે.

**૨. અર્થ અને ધર્મનું જ્ઞાન કરાવનાર તથ્યપૂર્ણ (अत्थधम्मगइं तच्चं)**

અહીં **'अत्थधम्मगइं तच्चं'** તથા અધ્યયન ૨૮।૧માં **'मोक्खमग्गगइं तच्चं'**—આ બન્નેમાં 'गइ'નો અર્થ જ્ઞાન હોવો જોઈએ.[3] આપ્ટેએ 'गइ'નો અર્થ જ્ઞાન કર્યો છે.[4] ડૉ. હરમન જેકોબીએ 'गइ'નો અર્થ મોક્ષ કર્યો છે તથા અર્થ, ધર્મ અને મોક્ષ—આ ત્રણેની ચર્ચા કરતાં તેઓ લખે છે—હું વિચારું છું કે 'अत्थधम्मगइं' વડે અર્થ, ધર્મ અને મોક્ષની ચર્ચા કરવામાં આવી છે. જો કે વૃત્તિકાર 'ગતિ'નો અર્થ જ્ઞાન કરે છે. 'कामार्थ-धर्ममोक्ष'—આ ઉક્તિવિશેષમાંથી કામને કાઢી નાખવામાં આવેલ છે, કેમકે સાધુઓ માટે કામ વર્જનીય છે.[5]

૨૮મા અધ્યયન પરથી એ સ્પષ્ટ થાય છે કે 'गइ'નો અર્થ મોક્ષ નથી. 'અર્થ' શબ્દના અનેક અર્થ છે. અહીં તેનો પ્રયોગ પદાર્થ, સાધ્ય કે લક્ષ્ય માટે કરવામાં આવેલો જણાય છે. આ રીતે મોક્ષ અને ધર્મ—બે પુરુષાર્થની ચર્ચા પ્રાસંગિક છે. 'अत्थधम्मगइ'નું તાત્પર્ય થશે—પદાર્થ, સાધ્યભૂત મોક્ષ અને સાધનભૂત ધર્મનું જ્ઞાન.

'तच्चं' શબ્દ યથાર્થવાદનો દ્યોતક છે. દર્શન-જગતમાં બે ધારાઓ છે—એક પ્રત્યયવાદની, બીજી યથાર્થવાદની. પ્રત્યયવાદ ચેતનાના અસ્તિત્વને મૂળ માનીને પદાર્થને માત્ર તે જ ચેતનાના પ્રત્યયરૂપ બતાવે છે, જ્યારે યથાર્થવાદ પ્રત્યેક પદાર્થનું વસ્તુનિષ્ઠ અસ્તિત્વ નિરૂપિત કરે છે. 'तच्चं' તથ્ય કે યથાર્થ નિરૂપણનો સંકેત છે. તેનાથી યથાર્થવાદ ફલિત થાય છે.

જૈન દર્શન પદાર્થની સત્તાને યથાર્થ માને છે. 'अत्थधम्मगइं तच्चं'નું તાત્પર્ય થશે—યથાર્થવાદ, જ્યાં અર્થ (પદાર્થ) અને ધર્મનું નિરૂપણ છે.

૨૮।૧માં 'मोक्खमग्गगइं तच्चं'નું તાત્પર્ય થશે—યથાર્થવાદ, જ્યાં મોક્ષમાર્ગનું નિરૂપણ છે.

---

૧. बृहद्वृत्ति, पत्र ४७२ : 'संयतेभ्यश्च' सकलसावद्यव्यापारोपरतेभ्यः आचार्योपाध्यायसर्वसाधुभ्यः इति यावत् ।

૨. પ્રાચીન ભારતીય અભિલેખ, દ્વિતીય ખંડ, પૃષ્ઠ ૨૬.

૩. એ જ રીતે ૩૦મા તથા ૩૫મા અધ્યયનનું નામ ક્રમશઃ 'तवमग्गगई' અને 'अणगारमग्गगई' છે.

૪. આપ્ટે સંસ્કૃત-ઈંગ્લિશ ડિક્સનરી.

૫. **S. B. E. Vol. XLV P. 100 footnote. Atthadhammagaim arthadharmagati. I think this equal to artha dharma moksha, though the Commentators offer a different explanation by making 'gati' mean 'gnana'. The phrase is derived from the typical expression kamartha dharmamoksha by leaving out kama, which of course could not be admitted by ascetics.**

'अर्थ तत्त्व'નું તાત્પર્ય છે—વસ્તુનું સાચું રૂપ અથવા વાસ્તવિક સત્ય.[1]

### ૩. રત્નોથી (.....रयणो)

અહીં 'रयण' શબ્દના બે અર્થ છે–(૧) હીરા, પન્ના વગેરે રત્નો તથા (૨) વિશિષ્ટ હાથી, ઘોડા.[2]

રાજાઓની રિદ્ધિ-સિદ્ધિમાં વિશિષ્ટ લક્ષણયુક્ત હાથી-ઘોડાને પણ 'રત્ન' માનવામાં આવ્યા છે.

### ૪. આશ્ચર્ય ! કેવો વર્ણ અને કેવું રૂપ (अहो ! वण्णो अहो ! रूवं)

પ્રસ્તુત શ્લોકમાં અનાથિ મુનિની શરીર-સંપદા માટે બે શબ્દોનો પ્રયોગ થયો છે—વર્ણ અને રૂપ. વર્ણનો અર્થ છે લાવણ્ય અને રૂપનો અર્થ છે શરીરનો આકાર.[3]

### ૫. પ્રદક્ષિણા (पयाहिणं)

આ શ્લોકમાં વંદન પછી 'પ્રદક્ષિણા'નું કથન થયું છે. વંદનની સાથે જ 'પ્રદક્ષિણા'ની વિધિનો સમાવેશ થાય છે. તો પછી અહીં વંદન પછી પ્રદક્ષિણાનું કથન શા માટે—એવો પ્રશ્ન થઈ શકે છે.

બૃહદ્ વૃત્તિકારે આનું સમાધાન એમ કર્યું છે કે પૂજ્ય વ્યક્તિઓને જોતાં જ વંદના કરવી જોઈએ. તેની સૂચના આપવા માટે પ્રદક્ષિણાનો ઉલ્લેખ બાદમાં કરવામાં આવ્યો છે.[4] પરંતુ આ સમાધાન હૃદયને જચતું નથી. શું આ શ્લોક વડે એવી સૂચના તો નથી મળતી ને કે વંદના પછી પ્રદક્ષિણા કરવામાં આવતી ?

### ૬. નાથ (नाहो)

અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિને 'યોગ' અને પ્રાપ્ય વસ્તુના સંરક્ષણને 'ક્ષેમ' કહેવામાં આવે છે. જે યોગ-ક્ષેમ કરનાર હોય છે તે 'નાથ' કહેવાય છે.[5] અનાથિ મુનિએ શ્રેણિકને કહ્યું—'ગૃહસ્થજીવનમાં મારો કોઈ નાથ ન હતો. હું મુનિ બન્યો અને નાથ બની ગયો—પોતાનો, બીજાઓનો અને બધા જીવોનો.'[6]

બૌદ્ધ-સાહિત્યમાં ૧૦ નાથ-કરણ ધર્મોનું નિરૂપણ આવી રીતે થયેલું મળે છે—

કયા દસ ધર્મો બહુ ઉપકારક છે ? દસ નાથ-કરણ ધર્મો—

(૧) આવુસો ! ભિક્ષુ શીલવાન, પ્રાતિમોક્ષ (ભિક્ષુનિયમ)-સંવર (કવચ) વડે સંવૃત (આચ્છાદિત) હોય છે. થોડીક બુરાઈઓ (વદ્ય)માં પણ ભય-દર્શી, આચાર-ગોચર-યુક્ત બની વિહાર કરે છે, (શિક્ષાપદોને) ગ્રહણ કરી શિક્ષાપદો શીખવે છે. જે આ આવુસો ! ભિક્ષુ શીલવાન૦, આ પણ ધર્મ નાથ-કરણ (અનાથ ન કરનાર) છે.

---

૧. આપ્ટે : સંસ્કૃત-ઈંગ્લિશ ડિક્સનરી :
अर्थ तत्त्व—The real truth, the fact of the matter. 2. The real nature or cause of anything.

૨. बृहद्वृत्ति, पत्र ४७२ : रत्नानि—मरकतादीनि प्रवरगजाश्वादिरूपाणि वा ।

૩. એજન, पत्र ४७३ : 'वर्णः' सुस्निग्धो गौरआदिः, 'रूपम्' आकारः ।

૪. એજન, पत्र ४७३ : पादवन्दनान्तरं प्रदक्षिणाऽभिधानं पूज्यानामालोक एव प्रणामः क्रियत इति ख्यापनार्थम् ।

૫. એજન, पत्र ४७३ : 'नाथः' योगक्षेमविधाता ।

૬. उत्तरज्झयणाणि २०।३५ :
ततो हं नाहो जाओ अप्पणो य परस्स य ।
सव्वेसिं चेव भूयाणं तसाण थावराण य ॥

(૨) ભિક્ષુ, બહુશ્રુત, શ્રુતધર, શ્રુત-સંચયવાન હોય છે. જે તે ધર્મ આદિ-કલ્યાણ, મધ્ય-કલ્યાણ, પર્યવસાન-કલ્યાણ, સાર્થક = સવ્યંજન છે, (જેને) કેવલ, પરિપૂર્ણ, પરિશુદ્ધ બ્રહ્મચર્ય કહે છે, એવા ધર્મો, (ભિક્ષુ)એ ઘણા સાંભળેલાં, ગ્રહણ કરેલાં, વાણી દ્વારા પરિચિત, મન વડે અનુપેક્ષિત, દૃષ્ટિ વડે સુપ્રતિબદ્ધ (= અંતઃસ્તલ સુધી જોયેલાં) હોય છે; આ પણ ધર્મ નાથ-કરણ હોય છે.

(૩) ભિક્ષુ કલ્યાણ-મિત્ર = કલ્યાણ-સહાય = કલ્યાણ-સંપ્રવંક હોય છે. જે આ ભિક્ષુ કલ્યાણ-મિત્ર હોય છે, આ પણ૦.

(૪) ભિક્ષુ સુવચ, સૌવચસ્ય (= મધુરભાષિત)વાળા ધર્મોથી યુક્ત હોય છે. અનુશાસની (= ધર્મ-ઉપદેશ)માં પ્રદક્ષિણગ્રાહી = સમર્થ (= ક્ષમ) (હોય છે), આ પણ૦.

(૫) ભિક્ષુ સબ્રહ્મચારીઓનાં જે વિવિધ પ્રકારનાં કર્તવ્યો હોય છે તેમાં દક્ષ = આળસ-રહિત હોય છે, તેમાં ઉપાય = વિમર્શયુક્ત, કરવામાં સમર્થ = વિધાનમાં સમર્થ હોય છે. આ પણ૦.

(૬) ભિક્ષુ અભિધર્મ (= સૂત્રમાં), અભિ-વિનય (= ભિક્ષુ-નિયમોમાં), ધર્મ-કામ (= ધર્મેચ્છુ), પ્રિય-સમુદાહાર (= બીજાના ઉપદેશને સન્માનપૂર્વક સાંભળનાર, પોતે ઉપદેશ કરવામાં ઉત્સાહી, ખૂબ પ્રમુદિત હોય છે, આ પણ૦.

(૭) ભિક્ષુ જેવાં તેવાં ચીવર, પિંડપાત, શયનાસન, ગ્લાન-પ્રત્યય-ભૈષજ્ય-પરિષ્કાર વડે સંતુષ્ટ હોય છે૦.

(૮) ભિક્ષુ અકુશળ-ધર્મોના વિનાશને માટે, કુશળ-ધર્મોની પ્રાપ્તિ માટે ઉદ્યોગી (= આરબ્ધ-વીર્ય), સ્થામવાન = દૃઢપરાક્રમ હોય છે. કુશળ-ધર્મોમાં અનિક્ષિપ્ત-ધુર (= ન ભાગનારો) હોય છે૦.

(૯) ભિક્ષુ સ્મૃતિમાન, અત્યુત્તમ સ્મૃતિ-પરિપાક યુક્ત હોય છે; ઘણાં સમય પહેલાં કરેલાં, ઘણાં પુરાણા ભાષણનું પણ સ્મરણ કરનાર, અનુસ્મરણ કરનાર હોય છે૦.

(૧૦) ભિક્ષુ પ્રજ્ઞાવાન ઉદય-અસ્ત-ગામિની, આર્ય નિર્વેધિક (= અન્તસ્તલ સુધી પહોંચનાર), સમ્યક્-દુઃખક્ષય-ગામિની પ્રજ્ઞા યુક્ત હોય છે૦.[1]

### ૭. (कहं नाहो न विज्जई)

શ્રેણિકે અનાથિ મુનિને કહ્યું–'આપનો વર્ણ અને આકાર વિસ્મયકારી છે. આવી સંપદાયુક્ત હોવા છતાં પણ આપનો કોઈ નાથ નથી, એ કેમ બને ? કેમ કે આવો લૌકિક પ્રવાદ છે–'यत्राकृतिस्तत्र गुणाः वसन्ति' જ્યાં આકૃતિ છે ત્યાં ગુણોનો નિવાસ છે. આપ પ્રશસ્ત આકૃતિ ધરાવો છો, એટલા માટે આપ ગુણોના આકર છો અને બીજું પણ કહેવાયું છે–'गुणवति धनं ततः श्रीः श्रीमत्याज्ञा ततो राज्यमिति'–ગુણવાન તરફ ધન આવે છે. તેનાથી તેની શ્રી–શોભા વધે છે. તેનામાં આદેશ આપવાની ક્ષમતા વધે છે અને અંતે જતાં તે રાજા બને છે.[2]

### ૮. આજ્ઞા અને ઐશ્વર્ય (आणाइस्सरियं)

આજ્ઞાનો અર્થ છે–અસ્ખલિત અનુશાસન. એવી આજ્ઞા જેનું ઉલ્લંઘન કરવાનું કોઈ સાહસ ન કરી શકે.

ઐશ્વર્યનો અર્થ છે–અપાર સંપદા, અમાપ સમૃદ્ધિ. તેનો બીજો અર્થ છે–પ્રભુત્વ.[3]

---

૧. दीघनिकाय ३।११, पृ. ३१२-३१३।

૨. बृहद्वृत्ति, पत्र ४७३।

૩. એજન, पत्र ४७४ : आज्ञा अस्खलितशासनात्मिका, एश्वर्यं च द्रव्यादिसमृद्धिः, यद्वा आज्ञया ऐश्वर्यं – प्रभुत्वं आज्ञैश्वर्यम्।

૯. (શ્લોક ૧૪)

મનુષ્યની પાસે ત્રણ શક્તિઓ હોય છે—સંપદાની શક્તિ, ઐશ્વર્ય—સત્તાની શક્તિ અને અધ્યાત્મની શક્તિ. જેની પાસે આ ત્રણમાંથી એક પણ શક્તિ હોય છે તે ઈષ્ટ સિદ્ધિ કરવામાં સફળ થાય છે. એટલા માટે સમ્રાટ શ્રેણિકે પોતાના ઐશ્વર્ય તરફ મુનિનું ધ્યાન આકર્ષ્યું. ઐશ્વર્યના દૃષ્ટાંત રૂપે એક કથા પ્રચલિત છે—

એકવાર રાજા અને મંત્રીમાં વિવાદ ઊભો થયો કે મોટું કોણ ? અંતમાં નક્કી થયું કે જે પોતાની શક્તિનું પ્રદર્શન કરી શકે તે જ મોટો ગણાશે. કેટલાક દિવસો વીત્યા. રાજ્યસભા મળી હતી. બધા સભાસદો પોતપોતાના સ્થાન ઉપર બેઠા હતા. અવસર જોઈને મંત્રીએ પોતાના એક પરમ મિત્ર સભાસદને રાજાને લાફો મારવાનું સૂચન કર્યું. આ સાંભળતાં જ તે વ્યક્તિ ખચકાયો અને ગભરાયો. મંત્રી દ્વારા આશ્વસ્ત હોવા છતાં પણ તેની હિંમત ન ચાલી કે તે રાજા પર પ્રહાર કરે. રાજાની સામે મંત્રીની શક્તિ વ્યર્થ પુરવાર થઈ.

હવે રાજાનો વારો હતો કે તે પોતાની શક્તિનું પ્રદર્શન કરે. એક દિવસ તેણે પણ પોતાના કોઈ સામંતને આજ્ઞા કરી કે મંત્રીને લાફો મારે. સામંતે પળનીય રાહ ન જોઈ. તે તત્કાળ ઊભો થયો અને બધાના જોતાં-જોતાં જ મંત્રીના મોઢા પર તમાચો લગાવી દીધો.

રાજાની પાસે સત્તાની શક્તિ હતી, જેના આધારે તે જે કરવા ધારે તે કરી શકતો હતો. મંત્રી પાસે એવી શક્તિ ન હતી. આ અંતર માત્ર સત્તા અને અસત્તાનું જ હતું.

૧૦. ઉત્પત્તિ (पोत्थं)

'पोत्थ' શબ્દનાં બે સંસ્કૃત રૂપો થાય છે—'प्रोत्थां' અને 'पुस्तम्'. વૃત્તિકારે 'प्रोत्थां'નો અર્થ મૂળ ઉત્પત્તિ કર્યો છે.[1] પ્રસ્તુત સંદર્ભમાં આ જ અર્થ સંગત જણાય છે.

૧૧. પ્રાચીન નગરોમાં અસાધારણ સુંદર (पुराणपुरभेयणी)

વૃત્તિકારે આનો શાબ્દિક અર્થ—પોતાના ગુણો વડે અસાધારણ હોવાને કારણે અન્ય નગરોથી પોતાની ભિન્નતા બતાવનાર નગર એવો કર્યો છે. તેમણે એક પાઠાંતર 'नगराण पुडभेयण'નો ઉલ્લેખ કર્યો છે. તેનો અર્થ છે—પ્રધાન નગરી.[2]

ડૉ. હરમન જેકોબીએ મૂળમાં આનો અર્થ 'ઈન્દ્ર' કર્યો છે અને તેની ચર્ચા કરતાં લખ્યું છે—ઉત્તરાધ્યયનના વૃત્તિકાર આનો માત્ર શાબ્દિક અર્થ પ્રસ્તુત કરે છે. પરંતુ એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે 'पुरभेदन'નો અર્થ 'पुरंदर'—ઈન્દ્ર કે 'पुरभिद्'—શિવ થવો જોઈએ. 'पुरभिद्'નો એક અર્થ ઈન્દ્ર જ થાય.[3]

---

૧. बृहद्वृत्ति, पत्र ४७५ : प्रोत्थां वा प्रकृष्टोत्थानरूपाम् ।

૨. એજન, पत्र ४७५ : पुराण पुरभेयणि त्ति पुराणपुराणि भिनत्ति—स्वगुणैरसाधारणत्वाद् भेदेन व्यवस्थापयति पुराणपुरभेदिनी ।

૩. જૈન સૂત્રાઝ, પાર્ટ ૨, ડૉ. જેકોબી, પૃષ્ઠ ૧૦૨.

મૂળ તથા ફૂટનોટ—there is a Town Kausambi by name, which is among towns what Indra is (among the Gods).

Purana Purabhedani. As usual the commentators give a purely etymological explanation. But it is obvious that Purabhedana must have a similar meaning as Purandara=Indra, or Purabhid Siva. The latter word occurs in later literature only, and besides, Siva does not yet seem to have been generally acknowledged as the supreme god, when and where the Jaina Sutras were composed. The Vedic word Purbhid, 'destroyer of castles', also presents itself as an analogy; though it is not yet exclusive epithet of a god. It is frequently applied to Indra.

પ્રસ્તુત પ્રસંગમાં ડૉ. હરમન જેકોબીનો આ અર્થ યોગ્ય જણાતો નથી. 'पुराणपुरभेयणी' એ કૌશામ્બીનું વિશેષણ છે અને તે તેની પ્રધાનતાનું સૂચકમાત્ર છે.

### ૧૨. અન્તશ્ચેતના (अंतरिच्छं)

'अंतरिच्छं' શબ્દનાં બે સંસ્કૃત રૂપો બને છે—'अन्तरेच्छं' અને 'अन्तरिक्षम्'. વૃત્તિકારે 'अंतरेच्छं' શબ્દ માનીને તેનો અર્થ મધ્યવર્તી ઈચ્છા એવો કર્યો છે.[1] પ્રસ્તુત સંદર્ભમાં 'अंतरिक्ष' શબ્દ વધુ સંગત જણાય છે. તેનો અર્થ છે—અંતશ્ચેતના.[2]

### ૧૩. (શ્લોક ૨૨)

પ્રાચીનકાળમાં ચિકિત્સાની મુખ્યત્વે બે પદ્ધતિઓ હતી—ઔષધવિજ્ઞાન અને ભેષજવિજ્ઞાન. પ્રાણાચાર્ય દ્રવ્યોના રાસાયણિક વિજ્ઞાન વડે શરીરના રોગોનું નિવારણ કરતા હતા. તેઓ દ્રવ્યગુણ પરિજ્ઞાનમાં નિષ્ણાત હતા. આ ઔષધવિજ્ઞાનની ચિકિત્સાપદ્ધતિ છે.

આ પદ્ધતિની સાથે-સાથે મંત્ર-તંત્રની ચિકિત્સાપદ્ધતિનો પણ વિકાસ થયો અને ચિકિત્સાની દૃષ્ટિએ અનેક માંત્રિક તથા તાંત્રિક ગ્રંથોની રચના થઈ. આ ચિકિત્સાપદ્ધતિનું નામ ભેષજવિજ્ઞાન હતું.[3] આ ચિકિત્સાપદ્ધતિઓ વડે રોગનિવારણ કરનારા પ્રાણાચાર્ય કહેવાતા.

પ્રસ્તુત શ્લોકમાં પ્રયુક્ત 'आयरिय' શબ્દ પ્રાણાચાર્યનો વાચક છે.[4] અહીં ત્રણ વિશેષણો પ્રયોજાયાં છે—વિદ્યા-મંત્ર-ચિકિત્સક, શસ્ત્ર-કુશલ કે શાસ્ત્ર-કુશલ ચિકિત્સક તથા મંત્ર-મૂલ-વિશારદ.[5] આ ત્રણેય વિશેષણો ભિન્ન-ભિન્ન પ્રાણાચાર્યના દ્યોતક છે. એક જ વ્યક્તિ આ ત્રણેયમાં વિશારદ હોય એવું જરૂરી ન હતું. કોઈ આયુર્વેદમાં, કોઈ મંત્રવિદ્યામાં અને કોઈ શલ્ય-ચિકિત્સામાં નિષ્ણાત થતા.

### ૧૪. ગુરુ પરંપરાથી પ્રાપ્ત (जहाहियं)

વૃત્તિકારે આનાં બે સંસ્કૃત રૂપોની વ્યાખ્યા કરી છે—૧. 'यथाहितं'—હિતને અનુરૂપ. ૨. 'यथाधीतं'—ગુરુ પરંપરાથી ચાલી આવેલ વમન-વિરેચન વગેરે દ્વારા થનારી ચિકિત્સા.[6] આનાં બે વધુ સંસ્કૃત રૂપો થઈ શકે છે—'यथाऽहितं' અને 'यथाहृतं'. 'अधीत'નું સંસ્કૃત રૂપ 'अहिय' પણ બને છે. અનુવાદ 'यथाधीत'ના આધારે કરવામાં આવ્યો છે.

### ૧૫. ચતુષ્પાદ (चाउप्पायं)

ચિકિત્સાના ચાર પાદ હોય છે—વૈદ્ય, ઔષધ, રોગી અને રોગીની સેવા કરનાર. જ્યાં આ ચારેયનો પૂર્ણ યોગ હોય છે,

---

૧. बृहद्वृत्ति, पत्र ४७५ : 'अन्तरा' मध्ये इच्छं वा अभिमत-वस्त्वभिलावं न केवलं बहिस्त्रि का ह्येवेति भाव: ।

૨. આપ્ટે : સંસ્કૃત-ઈંગ્લિશ ડિક્શનરી :
अन्तरिक्षं—'शरीरेष्वन्त: अक्षयं न पृथिव्यादिवत् क्षीयते' ।

૩. काश्यपसंहिता, इन्द्रियस्थान ३।४।५ :
ओषधं भेषजं प्रोक्तं, द्विप्रकारं चिकित्सितम् ।
ओषधं द्रव्यसंयोगं, ब्रुवते दीपनादिकम् ॥
हुतव्रततपोदानं, शान्तिकर्म च भेषजम् ।
.............................. ॥

૪. बृहद्वृत्ति, पत्र ४७५ : 'आचार्या:' इति प्राणाचार्या वैद्या इति यावत् ।

૫. એજન, पत्र ४७५ : 'सत्थकुसल' त्ति शस्त्रेषु शास्त्रेषु वा कुशला: शस्त्रकुशला शास्त्रकुशला वा ।

૬. એજન, पत्र ४७५ : 'यथाहितं' हितानतिक्रमेण यथा, धीतं वा—गुरुसम्प्रदायागतवमनविरेचनकादिरूपाम् ।

તેને 'ચતુષ્પાદ-ચિકિત્સા' કહે છે.[1] સ્થાનાંગમાં આ ચારેય અંગોને 'ચિકિત્સા' કહેવામાં આવેલ છે.[2]

### ૧૬. પતિવ્રતા (अणुव्वया)

જેનું વ્રત—આચાર કુળને અનુરૂપ હોય છે તે સ્ત્રી અનુવ્રતા કહેવાય છે. વૃત્તિકારે તેનો અર્થ પતિવ્રતા કર્યો છે. 'अणुव्वया'નો વૈકલ્પિક અર્થ 'अनुवया'—સમાન વયવાળી એવો થઈ શકે છે.[3]

### ૧૭. સ્નાન (ण्हाणं)

સ્નાનનો સામાન્ય અર્થ છે—ન્હાવું. અહીં સ્નાનનો અર્થ છે—સ્નાનનું સાધન, સુગંધિત પાણી વગેરે.[4]

જુઓ—દસવેઆલિયં ૬।૬૩નું ટિપ્પણ.

### ૧૮. (फिट्टई)

'भ्रंश्' ધાતુનો પ્રાકૃતમાં 'फिट्ट' આદેશ થાય છે. તેનો અર્થ છે—દૂર થવું કે નાશ પામવું.[5]

### ૧૯. દુસ્સહ્ય (दुक्खमा हु)

આનાં સંસ્કૃતમાં બે રૂપો થઈ શકે છે—'दुःक्षमा खलु, दुःखमाहुः'. 'दुःक्षमा'—આ વેદનાનું વિશેષણ છે, તેનો અર્થ છે દુસ્સહ્ય. 'दुक्खमाहु'—આને સંયુક્ત માનવાથી તેનો અર્થ થશે—વેદનાનો અનુભવ કરવો. અહીં 'आहुः' ક્રિયાપદ છે.

### ૨૦. (શ્લોક ૩૨-૩૩)

પ્રસ્તુત પ્રકરણ શ્રદ્ધા-ચિકિત્સા (Faith healing) અને સંકલ્પનું સ્પષ્ટ ઉદાહરણ છે. અનાથિ મુનિ આંખોની ભયંકર વેદનાથી પીડાતા હતા. બધા પ્રકારની ચિકિત્સાઓ—ઔષધોપચાર કરવા છતાં પણ તેમનો રોગ શાંત ન થયો. જ્યારે બધા ઉપચારો અને બધા ચિકિત્સકો તેમના માટે અકિંચિત્કર બની ગયા ત્યારે તેમણે પોતાને માટે એક ચિકિત્સા કરી. તે તેમના માટે અચૂક સિદ્ધ થઈ. તે હતી શ્રદ્ધા-ચિકિત્સા. શ્રદ્ધા, આત્મ-વિશ્વાસ અને દૃઢ સંકલ્પ દ્વારા તેઓ રોગમુક્ત બની ગયા. મનોમન અનાથિ મુનિએ એક સંકલ્પ કર્યો—જો હું આ વિપુલ વેદનામાંથી મુક્ત થઈ જાઉં તો હું અણગાર-વૃત્તિ સ્વીકારી લઈશ. આ સંકલ્પની સાથે તેઓ કાયોત્સર્ગની મુદ્રામાં સૂઈ ગયા. ભાવનાનો અતિરેક શ્રદ્ધા, આસ્થા અને આત્મ-વિશ્વાસમાં પરિણત થઈ ગયો. તે આસ્થાએ જ સંકલ્પને અધ્યવસાય, સૂક્ષ્મતમ શરીર સુધી પહોંચાડી દીધો.

જેમ-જેમ રાત વીતી તેમ-તેમ તેમનો સંકલ્પ સફળ બનતો ગયો. હવે સંકલ્પ સંકલ્પ ન રહેતાં સાધ્ય બની ગયો. સૂર્યોદય થતાં-થતાં તેઓ આ ભયંકર બિમારીમાંથી સર્વથા મુક્ત થઈ ગયા.

---

૧. बृहद्वृत्ति, पत्र ४७५ : 'चाउप्पायं' ति चतुष्पदां भिषग्भैषजातुरप्रतिचारकात्मकचतुर्भा( त्मकभा )ग-चतुष्टयात्मिकाम् ।

૨. ठाणं, ४। ५१६ : चउव्विहा तिगिच्छा पन्नत्ता, तं जहा—विज्जो ओसधाई आउरे परिचारते ।

૩. बृहद्वृत्ति, पत्र ४७६ : 'अणुव्वयत्ति' अन्विति—कुलानुरूपं व्रतं—आचारोऽस्या अनुव्रता पतिव्रतेति यावत्, वयोऽनुरूपा वा ।

૪. बृहद्वृत्ति, पत्र ४७६ : स्नात्यनेनेति स्नानं—गन्धोदकादि ।

૫. तुलसीमंजरी, सूत्र ८१२ : भ्रशेः फिड-फिट्ट-फुड-फुट्ट-चुक्क-भुल्लाः ।

**૨૧. સ્વસ્થ (कल्ले)**

અહીં 'कल्ले' શબ્દના બે અર્થ થઈ શકે છે—નિરોગી અને આવનાર દિવસ—કાલ. પ્રસ્તુત સંદર્ભમાં આનો અર્થ 'સ્વસ્થ' એવો કરવામાં આવ્યો છે.

**૨૨. કૂટશાલ્મલી (कूडसामली)**

આ વૃક્ષો વિશાળ હોય છે અને તેમની ડાળીઓ પર નાના-નાના અણીદાર કાંટા હોય છે. ફળોમાંથી સફેદ રૂ નીકળે છે. હિંદીમાં તેમનું નામ 'સેમલ' કે 'સેમર' છે.

ભાવપ્રકાશનિઘંટુમાં કૂટશાલ્મલી અને શાલ્મલી—આ બંનેનો જુદો ઉલ્લેખ મળે છે. આ બંને વૃક્ષોમાં સમાનતાઓ વધુ છે, ભિન્નતા ઓછી છે.[1]

**૨૩. (શ્લોક ૩૮)**

ડૉ. હરમન જેકોબીએ ૩૮થી ૫૩ સુધીની ગાથાઓને પ્રક્ષિપ્ત માની છે. તેમણે તેનાં બે કારણ બતાવ્યાં છે[2]—

૧. આ ગાથાઓમાં પ્રતિપાદ્ય વિષયનો સંદર્ભ સાથે મેળ ખાતો નથી.

૨. એકથી સાડત્રીસ ગાથાઓનો છંદ એક પ્રકારનો છે અને આડત્રીસથી ત્રેપન સુધીની ગાથાઓનો છંદ જુદો છે.

ડૉ. હરમન જેકોબીનું આ અનુમાન યોગ્ય લાગે છે. અનાથતાની ચર્ચા નવમા શ્લોકથી શરૂ થાય છે અને તે સાડત્રીસમા શ્લોકમાં પૂરી થઈ જાય છે. તે પછી 'तुट्ठो य सेणियो राया' આ ચોપનમા શ્લોકમાં સમ્રાટ શ્રેણિક મુનિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ રીતે આ કથાવસ્તુ સ્વાભાવિક જ પ્રાસંગિક બની જાય છે.

**૨૪. સાવધાની (आउत्तया)**

'युक्त' શબ્દના અનેક અર્થો થાય છે—સંબદ્ધ, ઉદ્યુક્ત, સહિત, સમન્વિત અને સમાહિત.[3] ગીતાના શાંકરભાષ્યમાં તેનો અર્થ સમાહિત કરવામાં આવ્યો છે.[4]

ઉત્તરાધ્યયનના વૃત્તિકારે આનો અર્થ અવધાનતા—એકાગ્રતા કર્યો છે. આપ્ટેમાં પણ આ જ અર્થ મળે છે.[5]

**૨૫. વીર પુરુષો ચાલ્યા છે (वीरजायं)**

આ શબ્દ માર્ગનું વિશેષણ છે. તેના બે અર્થ કરી શકાય છે—તે માર્ગ કે જેના પર વીર પુરુષો ચાલ્યા છે અથવા તે માર્ગ કે જેના પર ભગવાન મહાવીરે પરિવ્રજન કર્યું છે. પ્રસ્તુત સંદર્ભમાં બંને અર્થો સંગત થઈ શકે છે.

---

૧. भावप्रकाशनिघण्टु, वटादिवर्ग, श्लोक ५४-५८ ।

૨. જૈન સૂત્રાજ, ઉત્તરાધ્યયન, ભાગ ૨, પૃ. ૧૦૪.

**The verses 34-53 are apparently a later addition because (1) The subject treated in them is not connected with that of the foregoing part, and (2) They are composed in a different metre.**

૩. दसवेआलियं, हारिभद्रीय वृत्ति, पत्र ११८ ।

૪. गीता, ६।८ शांकरभाष्य, पृ. १७७ : युक्त इत्युच्यते योगी—युक्तः समाहितः ।

૫. (ક) बृहद्वृत्ति, पत्र ४७८ : आयुक्तता—दत्तावधानता ।

(ખ) આપ્ટે : To fix or direct (The mind) Towards.

२६. (.....नियमेहि)

નિયમનો અર્થ છે—વ્યવસ્થા, મર્યાદા. દિગંબર સાહિત્યમાં નિયમના ચાર અર્થ મળે છે—

૧. અનંત ચતુષ્ટયાત્મક ચેતનાનું પરિણામ.[1]

૨. કાલ-મર્યાદાપૂર્વક કરવામાં આવેલો ત્યાગ.[2]

૩. સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર.[3]

૪. 'આ જ તથા આમ જ કરવાનું છે.'—આવા સંકલ્પ વડે અન્ય પદાર્થની નિવૃત્તિ કરવી.[4]

દશવૈકાલિકની જિનદાસ-ચૂર્ણિમાં પ્રતિમા વગેરે અભિગ્રહને નિયમ કહેલ છે.[5]

યમ અને નિયમ—એ બંને એક જ ધાતુમાંથી નિષ્પન્ન શબ્દો છે. નિરંતર સેવનીય વ્રતને 'યમ' અને સમયે-સમયે આચરણીય અનુષ્ઠાનને 'નિયમ' કહેવામાં આવે છે—'**यमास्तु सततं सेव्याः, नियमास्तु कदाचन ।**' મહર્ષિ પતંજલિએ શૌચ, સંતોષ વગેરેને નિયમ કહેલ છે.[6]

૨૭. મુંડનમાં રુચિ (मुण्डरुई)

જે માત્ર મસ્તક મુંડાવવામાં જ શ્રેય સમજે છે અને બાકીના આચાર—અનુષ્ઠાનોથી વિમુખ બને છે, તે 'મુંડરુચિ' કહેવાય છે.[7]

૨૮. સિક્કા (कहावणे)

ભારતવર્ષનો અતિ અધિક પ્રચલિત સિક્કો 'કાર્ષાપણ' હતો. મનુસ્મૃતિમાં તેને જ 'ધરણ' અને 'રાજતપુરાણ' (ચાંદી-પુરાણ) પણ કહેલ છે.[8] ચાંદીના કાર્ષાપણ કે પુરાણનું વજન ૩૨ રતિ હતું. સોના અને તાંબાના 'કર્ષ'નું વજન ૮૦ રતિ હતું. તાંબાના કાર્ષાપણને 'પણ' કહેતા.[9] પાણિનીય સૂત્ર પર વાર્તિક લખતાં કાત્યાયને 'કાર્ષાપણ'ને 'પ્રતિ' કહેલ છે અને 'પ્રતિ' વડે ખરીદવામાં આવતી વસ્તુને 'પ્રતિક' કહેવામાં આવેલ છે. પાણિનીએ આ સિક્કાઓને 'આહત' કહ્યાં છે.[10] જાતકોમાં 'કહાપણ' શબ્દ મળે છે. અષ્ટાધ્યાયીમાં 'કાર્ષાપણ' અને 'પણ' આ બંને મળે છે.[11] સંભવ છે કે ચાંદીના સિક્કાઓનું 'કાર્ષાપણ' અને તાંબાના કર્ષનું નામ 'પણ' રહ્યું હોય.[12]

---

૧. नियमसार, १ तात्पर्यवृत्ति : यः .....स्वभावानन्तचतुष्टयात्मकः शुद्धज्ञानचेतनापरिणामः स नियमः ।
૨. रत्नकरंड श्रावकाचार ८७ : नियमः परिमितकालः ।
૩. नियमसार, १ तात्पर्यवृत्ति : नियमशब्दस्तावत् सम्यग्दर्शनज्ञानचारित्रेषु वर्तते ।
૪. राजवार्तिक १।७।३ ।
૫. जिनदासचूर्णि, पृ. ३७० : नियमा—पडिमादयो अभिग्गहविसेसा ।
૬. पातंजलयोगदर्शन, २ । ३२ ।
૭. बृहद्वृत्ति, पत्र ४७८ : मुण्ड एव—मुण्डन एव केशापनयनात्मनि शेषानुष्ठानपरांगमुखता रुचिर्यस्यासौ मुण्डरुचिः ।
૮. मनुस्मृति, ८।१३५, १३६ :
पलं सुवर्णाश्चत्वारः पलानि धरणं दश ।
द्वे कृष्णले समधृते विज्ञेयो रूप्यमाषकः ॥
ते षोडश स्याद्धरणं पुराणश्चैव राजतः ।
कार्षापणस्तु विज्ञेयस्ताम्रिकः कार्षिकः पणः ।
૯. એજન, ८।१३६ ।
१०. पाणिनि अष्टाध्यायी, ५।२।१२० ।
११. (ક) पाणिनि अष्टाध्यायी, ५।१।२९ ।
(ખ) એજન, ५।१।३४।
१२. पाणिनिकालीन भारतवर्ष, पृ. २५७ ।

### ૨૯. મુદ્રારહિત છે (अयंतिए)

વૃત્તિકારે 'अयंतिए'ને મુનિનું વિશેષણ માનીને તેનો અર્થ નિયંત્રણ રહિત એવો કર્યો છે.[1]

અમે આ શબ્દને કૂટકાર્ષાપણનું વિશેષણ માનીને તેનો અર્થ મુદ્રા-રહિત એવો કર્યો છે. આખા પદનો અર્થ થશે—મુદ્રા-રહિત ખોટો સિક્કો.

### ૩૦. કુશીલ-વેશ (कुसीललिंगं)

વૃત્તિકારે 'कुसीललिंग'ને એક શબ્દ માનીને તેનો અર્થ પાર્શ્વસ્થ વગેરે શિથિલાચારી સાધુઓનો વેશ એવો કર્યો છે.[2]

પરંતુ કુશીલનો કોઈ પોતાનો સ્વતંત્ર વેશ અહીં વિવક્ષિત નથી. આનું પ્રતિપાદ્ય એવું છે કે કુશીલ હોવા છતાં જે મુનિનો વેશ ધારણ કરે છે. એટલા માટે કુશીલને પ્રથમ વિભક્તિ રહિત પદ માનીને તેનો અર્થ તેનો અર્થ કરવામાં આવે તો પ્રતિપાદ્ય યોગ્ય અર્થમાં સમજાય છે.

### ૩૧. (हणाइ वेयाल इवाविवन्नो)

'अविपन्न'નો અર્થ છે—અનિયંત્રિત, અબાધિત. વેતાલ મંત્રો વડે નિયંત્રિત કે કીલિત થઈને જ હિત સાધી શકે છે, નહિ તો નહિ. જો તે અનિયંત્રિત બને છે તો તે વિનાશનો હેતુ બને છે.[3]

### ૩૨. વિષયોથી યુક્ત (विसओववन्नो)

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ—આ વિષયો છે. આ વિષયો સાથે જોડાયેલો ધર્મ તારક નહિ, મારક બને છે.[4]

ભગવાન મહાવીરની આ ઘોષણા ધર્મના ક્ષેત્રમાં એક ક્રાંતિનો અવાજ છે.

માર્ક્સે ધર્મના વિષયોપપન્ન સ્વરૂપને અથવા સત્તા અને અર્થ સાથે જોડાયેલા ધર્મને લક્ષ્યમાં રાખીને જ તેને માદક કહ્યો હતો.

### ૩૩. (कोऊहल, कुहेडविज्जा)

**'कोऊहल'**—સંતાનપ્રાપ્તિ માટે વિશેષ દ્રવ્યો મેળવેલા જળથી સ્નાન વગેરે કરવાને 'કૌતુક' કહેવામાં આવે છે.[5]

**'कुहेडविज्जा'**—મિથ્યા-આશ્ચર્ય પ્રસ્તુત કરનારી મંત્ર-તંત્રાત્મક વિદ્યાને 'કુહેટક' વિદ્યા કહેવામાં આવે છે.[6] બીજા શબ્દોમાં તેને 'ઈન્દ્રજાળ' કહી શકાય.

### ૩૪. વિપર્યાસને પ્રાપ્ત થઈ જાય છે (विप्परियासुवेइ)

આનો અર્થ છે—વિપર્યાસને પ્રાપ્ત થાય છે—દુઃખનિવૃત્તિ માટે મુનિ બને છે, પ્રત્યુત દુઃખી થાય છે. આયારો (૨૧૫૧)માં

---

૧. बृहद्वृत्ति, पत्र ४७८ : अयन्त्रित: अनियमित: कूटकार्षापणवत् ।

૨. એજન, पत्र ४७८ : कुशीललिंगं—पार्श्वस्थादिवेषम् ।

૩. એજન, पत्र ४७९ : वेताल इवाविवण्ण 'त्ति अविपन्न: अप्राप्तविपत् मन्त्रादिभिरनियन्त्रित इत्यर्थ: ।

૪. એજન, पत्र ४७९ : शब्दादिविषययुक्तो हन्ति ।

૫. એજન, पत्र ४७९ : कौतुकं च सपत्याद्यर्थं स्नपनादि ।

૬. એજન, पत्र ४७९ : कुहेटकविद्या—अलीकाश्चर्यविधायिमन्त्रज्ञानात्मिका: ।

'विप्परियासमुवेति'નો આ જ અર્થ મળે છે.[1]

શાન્ત્યાચાર્યે આનો અર્થ વિપરીત દૃષ્ટિને પ્રાપ્ત થાય છે[2]—એવો કર્યો છે. પરંતુ 'दुही' પદ પછી 'विप्परियासुवेइ' પાઠ છે. એટલે આ તાત્ત્વિક વિપર્યાસ સાથે સંબદ્ધ પ્રતીત થતું નથી.

### ૩૫. (**उद्देसियं कीयगडं नियागं**)

જુઓ—દસવેઆલિયં, ૩।૨નું ટિપ્પણ.

### ૩૬. દયા (**दया**......)

વૃત્તિમાં દયાનો મુખ્ય અર્થ સંયમ, સત્ય વગેરે તથા વૈકલ્પિક અર્થ અહિંસા કર્યો છે.[3]

### ૩૭. અંતિમ સમયની આરાધના (**उत्तमट्ठं**)

'उत्तमार्थ'નો અર્થ છે—મોક્ષ. ચાર પુરુષાર્થોમાં 'મોક્ષ' ઉત્તમ પુરુષાર્થ છે, એટલા માટે તેને ઉત્તમાર્થ કહેવામાં આવેલ છે. પ્રસ્તુત આગમમાં બે અન્ય સ્થાનોમાં પણ આ પદનો પ્રયોગ થયો છે—**'उत्तमट्ठगवेसए'** (૧૧।૩૨) અને **'उत्तमट्ठगवेसओ'** (૨૫।૯). બંને સ્થાનોમાં વૃત્તિકારે 'उत्तमट्ठ'નો અર્થ મોક્ષ કર્યો છે.

પ્રસ્તુત પ્રસંગમાં વૃત્તિકારે 'उत्तमट्ठ'નો અર્થ અંતિમ સમયની આરાધના એવો કર્યો છે.[4]

---

૧. आचारांगवृत्ति, पत्र १२८ : सुखार्थी..... सुखस्य च विपर्यासो दुःखं तदुपैति, उक्तं च—
'दुःखद्विद् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥
२. बृहद्वृत्ति, पत्र ४७९ : 'विप्परियासुवेइ' त्ति विपर्यासं तत्त्वादिषु वैपरीत्यम्, उपैति—उपगच्छति ।
३. बृहद्वृत्ति, पत्र ४७९ : दया—संयमः सत्याद्युप-लक्षणमहिंसा वा ।
४. बृहद्वृत्ति, पत्र ४७९ : उत्तमर्थेऽपि पर्यन्तसमयाराधना-रूपेति ।

# एगविंसइमं अज्झयणं

## समुद्दपालीयं

# એકવીસમું અધ્યયન

## સમુદ્રપાલીય

# આમુખ

આ અધ્યયનનું પ્રતિપાદન 'સમુદપાલ'—સમુદ્રપાલના માધ્યમથી થયું છે, એટલા માટે તેનું નામ 'સમુદપાલીય'—'સમુદ્રપાલીય' રાખવામાં આવ્યું છે.

ચંપા નામની નગરી હતી. ત્યાં પાલિત નામનો સાર્થવાહ રહેતો હતો. તે શ્રમણોપાસક હતો. નિર્ગ્રંથ-પ્રવચનમાં તેને શ્રદ્ધા હતી. દૂર-દૂર સુધી તેનો વેપાર ફેલાયેલો હતો. એક વાર તે સામુદ્રિક યાત્રા માટે યાનપાત્ર પર આરૂઢ થઈ ઘરેથી નીકળ્યો. તે પોતાની સાથે ગણિમ—સોપારી વગેરે તથા ધરિમ—સોનું વગેરે લઈને નીકળ્યો. જતાં-જતાં સમુદ્રના તટ પર પિહુંડ નામે નગરમાં રોકાયો. પોતાનો માલ વેચવા માટે તે ત્યાં કેટલાક દિવસ સુધી રહ્યો. નગરવાસીઓ સાથે તેનો પરિચય વધ્યો અને એક શેઠે તેની સાથે પોતાની પુત્રી પરણાવી.

કેટલોક સમય ત્યાં રહીને તે સ્વદેશ પાછો ફર્યો. તેની નવોઢા ગર્ભવતી બની. સમુદ્રયાત્રાની વચાળે તેણે એક સુંદર અને લક્ષણવંતા પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'સમુદ્રપાલ' રાખવામાં આવ્યું. વૈભવપૂર્વક તેનું લાલન-પાલન થયું. તે ૭૨ કળાઓમાં પ્રવીણ થયો. જ્યારે તે યુવાન બન્યો ત્યારે ૬૪ કળાઓમાં પારંગત 'રૂપિણી' નામની કન્યા સાથે તેનું પાણિગ્રહણ થયું. તે તેની સાથે દેવતુલ્ય ભોગોનો ઉપભોગ કરતો આનંદપૂર્વક રહેવા લાગ્યો. એક વાર તે મહેલના ઝરૂખામાં બેઠો-બેઠો નગરની શોભા જોઈ રહ્યો હતો. તેણે જોયું કે રાજપુરૂષો એક વ્યક્તિને વધભૂમિ તરફ લઈ જઈ રહ્યા હતા. તે વ્યક્તિએ લાલ વસ્ત્રો પહેર્યાં હતાં. તેના ગળામાં લાલ કણેરની માળાઓ હતી. તેને એ સમજતાં વાર ના લાગી કે આનો વધ કરવામાં આવશે. આ બધું જોઈ કુમારનું મન સંવેગથી ભરાઈ ગયું. 'સારા કર્મોનું ફળ સારું હોય છે અને બુરા કર્મોનું બુરું.' આ ચિંતનથી તેનો માર્ગ સ્પષ્ટ બની ગયો. માતા-પિતાની આજ્ઞા લઈ તે દીક્ષિત થયો. તેણે સાધના કરી અને કર્મોનો નાશ કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બન્યો.

આત્માનુશાસનના ઉપાયોની સાથે-સાથે આ અધ્યયનમાં સમુદ્ર-યાત્રાનો ઉલ્લેખ મહત્ત્વપૂર્ણ છે. તે કાળે ભારતમાં વેપારીઓ દૂર-દૂર સુધી વેપાર માટે જતા હતા. સામુદ્રિક વેપાર ઉન્નત અવસ્થામાં હતો. વેપારીઓના પોતાના યાનપાત્ર અર્થાત્ વહાણો હતા અને તેઓ એક સ્થળેથી બીજા સ્થળે માલ લઈને આવતા-જતા હતા. તે સમયે અનેક વસ્તુઓની ભારતમાંથી નિકાસ થતી હતી. તેમાં સોપારી, સોનું વગેરે વગેરે મુખ્ય હતા. એ વિશેષ ઉલ્લેખનીય છે કે તે કાળે ભારત પાસે પ્રચુર સોનું હતું. તે બીજા દેશોને તેની નિકાસ કરતો હતો.

આ અધ્યયનમાં 'વવહાર' (શ્લોક ૩)—'વ્યવહાર' અને 'વજ્ઝમંડલસોભાગ' (શ્લોક ૮)—'વધ્ય-મંડન-શોભાક'—આ બે શબ્દો ધ્યાન આપવા જેવા છે. આગમકાળમાં 'વ્યવહાર' શબ્દ ક્રય-વિક્રયનો ઘોતક હતો. આયાત અને નિકાસ તેની અંતર્ગત થતાં.[1]

'વધ્ય-મંડન-શોભાક'—આ શબ્દ તે સમયના દંડ-વિધાન તરફ સંકેત કરે છે. તે સમયે ચોરી કરનારાને કઠોર સજા કરવામાં આવતી હતી. જેને વધની સજા કરવામાં આવતી તેને કણેરના લાલ ફૂલોની માળા પહેરાવવામાં આવતી. તેને લાલ કપડાં પહેરાવવામાં આવતાં. શરીર પર લાલ ચંદનનો લેપ કરવામાં આવતો. આખા નગરને તેના કુકૃત્યોની જાણકારી કરવામાં આવતી અને તેને નગરના રાજમાર્ગે થઈ વધભૂમિ તરફ લઈ જવામાં આવતો.[2]

આ અધ્યયનમાં તત્કાલીન રાજ્યવ્યવસ્થાનો ઉલ્લેખ પણ થયો છે. ગ્રંથકાર કહે છે—'મુનિ ઉચિત કાળે એક સ્થાનેથી બીજા સ્થાનમાં જાય.' આ કથન સાભિપ્રાય કરાયેલું છે. તે સમયે ભારત અનેક એકમોમાં વહેંચાયેલું હતું. નાના-નાના રાષ્ટ્રો રહેતા. આપસનો કલહ મર્યાદા વટાવી ચૂક્યો હતો. એટલા માટે મુનિને ગમનાગમનમાં પૂર્ણ સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે (શ્લોક ૧૪). મૌલિક દષ્ટિએ આ અધ્યયનમાં 'ચંપા' (શ્લોક ૧) અને 'પિહુંડ' (શ્લોક ૩) નગરોનો ઉલ્લેખ થયો છે. ૨૪ શ્લોકોનું આ નાનકડું અધ્યયન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

---

૧. सूयगडो, १।११।५।

૨. એજન, ११६, वृत्ति, पत्र १५०।

# एगविंसइमं अज्झयणं : એકવીસમું અધ્યયન
# समुद्दपालीयं : સમુદ્રપાલીય

| મૂળ | સંસ્કૃત છાયા | ગુજરાતી અનુવાદ |
|---|---|---|
| १. चंपाए पालिए नाम<br>सावए आसि वाणिए ।<br>महावीरस्स भगवओ<br>सीसे सो उ महप्पणो ॥ | चम्पायां पालितो नाम<br>श्रावक आसीद् वाणिजः ।<br>महावीरस्य भगवतः<br>शिष्यः स तु महात्मनः ॥ | ૧. ચંપા નગરીમાં[૧] પાલિત નામે એક વણિક–શ્રાવક[૨] થયો. તે મહાત્મા ભગવાન મહાવીરનો શિષ્ય હતો. |
| २. निग्गंथे पावयणे<br>सावए से विकोविए ।<br>पोएण ववहरंते<br>पिहुंडं नगरमागए ॥ | नैर्ग्रन्थे प्रवचने<br>श्रावकः स विकोविदः ।<br>पोतेन व्यवहरन्<br>पिहुण्डं नगरमागतः ॥ | ૨. તે શ્રાવક નિર્ગ્રંથ-પ્રવચનમાં કોવિદ[૩] હતો. તે વહાણ દ્વારા વેપાર ખેડતો[૪] પિહુંડ નગરમાં[૫] આવી પહોંચ્યો. |
| ३. पिहुंडे ववहरंतस्स<br>वाणिओ देइ धूयरं ।<br>तं ससत्तं पइगिज्झ<br>सदेसमह पत्थिओ ॥ | पिहुण्डे व्यवहरते<br>वाणिजो ददाति दुहितरम् ।<br>तां ससत्वां प्रतिगृह्य<br>स्वदेशमथ प्रस्थितः ॥ | ૩. પિહુંડ નગરમાં વેપાર કરતી વેળાએ તેને કોઈ વણિકે પુત્રી પરણાવી. કેટલોક સમય રોકાઈને પછી ગર્ભવતી એવી તેને લઈને તે સ્વદેશ જવા નીકળ્યો. |
| ४. अह पालियस्स घरणी<br>समुद्दंमि पसवई ।<br>अह दारए तहिं जाए<br>समुद्दपालि त्ति नामए ॥ | अथ पालितस्य गृहिणी<br>समुद्रे प्रसूते ।<br>अथ दारकस्तस्मिन् जातः<br>समुद्रपाल इति नामकः ॥ | ૪. પાલિતની પત્નીએ સમુદ્રમાં પુત્રને જન્મ આપ્યો. તે સમુદ્રમાં ઉત્પન્ન થયો, એટલા માટે તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું. |
| ५. खेमेण आगए चंपं<br>सावए वाणिए घरं ।<br>संवड्ढई घरे तस्स<br>दारए से सुहोइए ॥ | क्षेमेणागतश्चम्पां<br>श्रावको वाणिजो गृहम् ।<br>संवर्धते गृहे तस्य<br>दारकः स सुखोचितः ॥ | ૫. તે વણિક-શ્રાવક કુશળતાપૂર્વક ચંપા નગરીમાં પોતાના ઘરે આવ્યો. તે સુખોચિત[૬] પુત્ર પોતાના ઘરમાં વધવા લાગ્યો. |
| ६. बावत्तरिं कलाओ य<br>सिक्खए नीइकोविए ।<br>जोव्वणेण य संपन्ने<br>सुरूवे पियदंसणे ॥ | द्वासप्तति कलाश्च<br>शिक्षते नीतिकोविदः ।<br>यौवनेन च सम्पन्नः<br>सुरूपः प्रियदर्शनः ॥ | ૬. તે બોંતેર કળાઓ[૭] શીખ્યો અને નીતિકોવિદ બન્યો. તે પૂર્ણ યૌવન સંપન્ન, સુરૂપ અને પ્રિય દેખાવા લાગ્યો. |

७. तस्स रूववइं भज्जं
पिया आणेइ रूविणिं ।
पासाए कीलए रम्मे
देवो दोगुंदओ जहा ॥

तस्य रूपवतीं भार्यां
पिताऽऽनयति रूपिणीम् ।
प्रासादे क्रीडति रम्ये
देवो दोगुन्दको यथा ॥

૭. તેનો પિતા તેના માટે રૂપિણી નામે સુંદર ભાર્યા લઈ આવ્યો. તે દોગુંદક દેવની માફક તેની સાથે સુરમ્ય મહેલમાં ક્રીડા કરવા લાગ્યો.

८. अह अन्नया कयाई
पासायालोयणे ठिओ ।
वज्झमंडणसोभागं
वज्झं पासइ वज्झगं ॥

अथान्यदा कदाचित्
प्रासादालोकने स्थितः ।
वध्यमण्डनशोभाकं
वध्यं पश्यति बाह्यगम् ॥

૮. તે કોઈ એક વાર મહેલના ઝરૂખામાં બેઠો હતો. તેણે વધ્ય-જનોચિત અલંકારોથી શોભિત[8] વધ્યને નગરની બહાર લઈ જવાતો જોયો.[9]

९. तं पासिऊण संविग्गो
समुद्दपालो इणमब्बवी ।
अहोसुभाण कम्माणं
निज्जाणं पावगं इमं ॥

तं दृष्ट्वा संविग्नः
समुद्रपाल इदमब्रवीत् ।
अहो अशुभानां कर्मणां
निर्याणं पापकमिदम् ॥

૯. તેને જોઈ વૈરાગ્યમાં ભીંજાયેલો[10] સમુદ્રપાલ આમ બોલ્યો—'અહો ! આ અશુભ કર્મોનું દુઃખદ નિર્યાણ—અવસાન છે.'

१०. संबुद्धो सो तहिं भगवं
परं संवेगमागओ ।
आपुच्छऽम्मापियरो
पव्वए अणगारियं ॥

संबुद्धः स तत्र भगवान्
परं संवेगमागतः ।
आपृच्छ्याम्बापितरौ
प्राव्राजीदनगारिताम् ॥

૧૦. તે ભગવાન[11] પરમ વૈરાગ્ય પામ્યો અને સંબુદ્ધ બની ગયો. તેણે માતા-પિતાને પૂછી સાધુપણું સ્વીકારી લીધું.

११. जहित्तु संगं च महाकिलेसं
महंतमोहं कसिणं भयावहं ।
परियायधम्मं चभिरोयएज्जा
वयाणि सीलाणि परीसहे य ॥

हित्वा सङ्गञ्च महाक्लेशं
महामोहं कृष्णं भयावहम् ।
पर्यायधर्मं चाभिरोचयेत्
व्रतानि शीलानि परीषहांश्च ॥

૧૧. મુનિ મહાન ક્લેશ અને મહાન મોહને ઉત્પન્ન કરનારા કૃષ્ણ[12] અને ભયાવહ સંગ (આસક્તિ)ને છોડીને પર્યાય-ધર્મ (પ્રવ્રજ્યા)[13], વ્રત અને શીલ તથા પરીષહોમાં અભિરુચિ રાખે.

१२. अहिंस सच्चं च अतेणगं च
तत्तो य बंभं अपरिग्गहं च ।
पडिवज्जिया पंच महव्वयाणि
चरिज्ज धम्मं जिणदेसियं विऊ ॥

अहिंसां सत्यं चास्तैन्यकं च
ततश्च ब्रह्मापरिग्रहं च ।
प्रतिपद्य पंचमहाव्रतानि
चरेद् धर्मं जिनदेशितं विद्वान् ॥

૧૨. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—આ પાંચ મહાવ્રતોને સ્વીકારીને વિદ્વાન મુનિ વીતરાગ-ઉપદિષ્ટ ધર્મનું આચરણ કરે.

१३. सव्वेहिं भूएहिं दयाणुकंपी
खंतिक्खमे संजयबंभयारी ।
सावज्जजोगं परिवज्जयंतो
चरिज्ज भिक्खू सुसमाहिइंदिए ॥

सर्वेषु भूतेषु दयानुकम्पी
क्षान्तिक्षमः संयतब्रह्मचारी ।
सावद्ययोगं परिवर्जयन्
चरेद् भिक्षुः सुसमाहितेन्द्रियः ॥

૧૩. સુસમાહિત-ઈન્દ્રિયવાળો ભિક્ષુ બધા જીવો પ્રત્યે દયાનુકંપી[14] બને. ક્ષાન્તિક્ષમ[15], સંયત અને બ્રહ્મચારી બને. તે સાવદ્ય યોગનો ત્યાગ કરતો રહી વિચરણ કરે.

१४. कालेण कालं विहरेज्ज रट्ठे
बलाबलं जाणिय अप्पणो य ।
सीहो व सद्देण न संतसेज्जा
वयजोग सुच्चा न असब्भमाहु ॥

कालेन कालं विहरेत् राष्ट्रे
बलाबलं ज्ञात्वाऽऽत्मनश्च ।
सिंह इव शब्देन न संत्रस्येत्
वचोयोगं श्रुत्वा नासभ्यमाह ॥

૧૪. મુનિ પોતાના બળાબળને તોળીને કાલોચિત કાર્ય કરતો[16] રાષ્ટ્રમાં વિહાર કરે. તે સિંહની માફક ભયાવહ શબ્દોથી સંત્રસ્ત ન થાય. તે કુવચન સાંભળી અસભ્ય વચન ન બોલે.

१५. अवेहमाणो उ परिव्वएज्जा
पियमप्पियं सव्व तितिक्खएज्जा।
न सव्व सव्वत्थभिरोयएज्जा
न यावि पूयं गरहं च संजए ॥

उपेक्षमाणस्तु परिव्रजेत्
प्रियमप्रियं सर्वं तितिक्षेत।
न सर्वं सर्वत्राभिरोचयेत्
न चापि पूजां गर्हां च सजेत् ॥

૧૫. સંયમી મુનિ કુવચનોની ઉપેક્ષા કરતો પરિવ્રજન કરે. પ્રિય અને અપ્રિય સર્વ કંઈ સહન કરે. સર્વત્ર બધું (જે કંઈ દેખે તે)ની અભિલાષા ન કરે તથા પૂજા અને ગર્હાની પણ અભિલાષા ન કરે.

१६. अणेगछंदा इह माणवेहिं
जे भावओ संपगरेइ भिक्खू।
भयभेरवा तत्थ उइंति भीमा
दिव्वा मणुस्सा अदुवा तिरिच्छा ॥

अनेकच्छन्दः इह मानवेषु
यान् भावतः संप्रकरोति भिक्षुः।
भयभैरवास्तत्रोद्यन्ति भीमाः
दिव्या मानुष्याः अथवा तैरश्चाः ॥

૧૬. સંસારમાં મનુષ્યોમાં જે અનેક મતો હોય છે, વસ્તુ-સ્થિતિથી તે ભિક્ષુઓમાં પણ હોય છે. પરંતુ ભિક્ષુ તેમના પર અનુશાસન કરે અને સાધુપણામાં દેવ, મનુષ્ય તથા તિર્યંચસંબંધી ભય પેદા કરનાર ભીષણ-ભીષણતમ ઉપસર્ગો ઉત્પન્ન થાય તેમને સહન કરે.

१७. परीसहा दुव्विसहा अणेगे
सीयंति जत्था बहुकायरा नरा।
से तत्थ पत्ते न वहिज्ज भिक्खू
संगामसीसे इव नागराया ॥

परीषहा दुर्विषहा अनेके
सीदन्ति यत्र बहुकातरा नराः।
स तत्र प्राप्तो न व्यथेत् भिक्षुः
सङ्ग्रामशीर्ष इव नागराजः ॥

૧૭. જ્યાં અનેક દુસ્સહ પરીષહ પ્રાપ્ત થાય છે ત્યાં ઘણા બધા કાયર લોકો ખિન્ન બની જાય છે. પરંતુ ભિક્ષુ તેમને પ્રાપ્ત કરી વ્યથિત ન બને—જેવી રીતે સંગ્રામશીર્ષ (મોરચા) પર નાગરાજ વ્યથિત થતો નથી.

१८. सीओसिणा दंसमसा य फासा
आयंका विविहा फुसंति देहं।
अकुक्कुओ तत्थहियासएज्जा
रयाइं खेवेज्ज पुरेकडाइं ॥

शीतोष्णं दंशमशकाश्च स्पर्शाः
आतङ्का विविधाः स्पृशन्ति देहम्।
अकुकूचस्तत्राधिसहेत
रजांसि क्षपयेत् पुराकृतानि ॥

૧૮. શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર, તૃણ-સ્પર્શ અને વિવિધ પ્રકારના આતંકો જયારે દેહનો સ્પર્શ કરે ત્યારે મુનિ શાંત ભાવે સહન કરે, પૂર્વકૃત રજો (કર્મો)ને ક્ષીણ કરે.

१९. पहाय रागं च तहेव दोसं
मोहं च भिक्खू सययं वियक्खणो।
मेरु व्व वाएण अकंपमाणो
परीसहे आयगुत्ते सहेज्जा ॥

प्रहाय रागं च तथैव दोषं
मोहं च भिक्षुः सततं विचक्षणः।
मेरुरिव वातेनाऽकम्पमानः
परीषहान् आत्मगुप्तः सहेत ॥

૧૯. વિચક્ષણ ભિક્ષુ રાગ, દ્વેષ અને મોહનો સતત ત્યાગ કરી, પવન વચ્ચે રહેલા મેરુની માફક અકંપમાન બની તથા આત્મગુપ્ત બની પરીષહો સહન કરે.

२०. अणुन्नए नावणए महेसी
न यावि पूयं गरहं व संजए।
स उज्जुभावं पडिवज्ज संजए
निव्वाणमग्गं विरए उवेइ ॥

अनुन्नतो नावनतो महर्षिः
न चापि पूजां गर्हां च सजेत्।
स ऋजुभावं प्रतिपद्य संयतः
निर्वाणमार्गं विरत उपैति ॥

૨૦. પૂજામાં ઉન્નત અને ગર્હામાં અવનત ન થનાર મહર્ષિ મુનિ તેમનામાં (પૂજા અને ગર્હામાં) લિપ્ત ન થાય. અલિપ્ત રહેનાર તે વિરત સંયમી આર્જવ સ્વીકારીને નિર્વાણ-માર્ગ પ્રાપ્ત કરે છે.

२१. अरइरइसहे पहीणसंथवे
विरए आयहिए पहाणवं।
परमट्ठपएहिं चिट्ठई
छिन्नसोए अममे अकिंचणे ॥

अरतिरतिसहः प्रहीणसंस्तवः
विरतः आत्महितः प्रधानवान्।
परमार्थपदेषु तिष्ठति
छिन्नशोकोऽममोऽकिंचनः ॥

૨૧. જે રતિ અને અરતિને સહન કરનાર, પરિચયને ક્ષીણ કરનાર, અકર્તવ્યથી વિરત રહેનાર, આત્મહિત કરનાર તથા પ્રધાનવાન (સંયમવાન) હોય છે, તે છિન્ન-શોક (અશોક), મમત્વમુક્ત અને અકિંચન બની પરમાર્થ-પદોમાં સ્થિત બને છે.

२२. विवित्तलयणाइं भएज्ज ताई
निरोवलेवाइ असंथडाइं।
इसीहि चिण्णाइ महायसेहिं
काएण फासेज्ज परीसहाइं ॥

विविक्तलयनानि भजेत त्रायी
निरुपलेपान्यसंस्तृतानि।
ऋषिभिश्चीर्णानि महायशोभिः
कायेन स्पृशेत् परीषहान् ॥

૨૨. ત્રાયી મુનિ મહાયશસ્વી ઋષિઓ દ્વારા આચીર્ણ, અલિપ્ત અને અસંસ્તૃત (બીજ વગેરેથી રહિત) વિવિક્ત લયનો (એકાન્ત સ્થાનો)નું સેવન કરે તથા કાયા વડે પરીષહો સહન કરે.

२३. **सण्णाणनाणोवगए महेसी**
**अणुत्तरं चरिउं धम्मसंचयं ।**
**अणुत्तरे नाणधरे जसंसी**
**ओभासई सूरिए वंतलिक्खे ॥**

सज्ज्ञानज्ञानोपगतो महर्षिः
अनुत्तरं चरित्वा धर्मसंचयम् ।
अनुत्तरः ज्ञानधरः यशस्वी
अवभासते सूर्य इवान्तरिक्षे ॥

૨૩.સદ્જ્ઞાન વડે જ્ઞાન પ્રાપ્ત કરનાર મહર્ષિ મુનિ અનુત્તર ધર્મ-સંચયનું આચરણ કરી અનુત્તર જ્ઞાનધારી અને યશસ્વી બની અંતરિક્ષમાં સૂર્યની માફક દીપ્તિમાન બને છે.

२४. **दुविहं खवेऊण य पुण्णपावं**
**निरंगणे सव्वओ विप्पमुक्के ।**
**तरित्ता समुद्दं व महाभवोघं**
**समुद्दपाले अपुणागमं गए ॥**

द्विविधं क्षपयित्वा च पुण्यपापं
निरङ्गणः सर्वतो विप्रमुक्तः ।
तरित्वा समुद्रमिव महाभवौघं
समुद्रपालोऽपुनरागमं गतः ॥

૨૪.સમુદ્રપાલ સંયમમાં નિશ્ચળ[30] અને સર્વથા મુક્ત થઈ, પુણ્ય અને પાપ બંનેને ક્ષીણ કરી તથા વિશાળ સંસાર પ્રવાહને સમુદ્રની માફક તરી જઈ અપુનરાગમન-ગતિ (મોક્ષ)માં ગયો.

**— त्ति बेमि ॥**

—इति ब्रवीमि ।

—આમ હું કહું છું.

टिप्पण

# અધ્યયન ૨૧ : સમુદ્રપાલીય

### ૧. ચંપા નગરીમાં (**चंपाए**)

આ અંગ જનપદની રાજધાની હતી. વર્તમાન સમયે તેની ઓળખાણ ભાગલપુરથી ૨૪ માઈલ પૂર્વમાં આવેલ આધુનિક 'ચંપાપુર' અને 'ચંપા નગર' નામે બે ગામો વડે આપવામાં આવે છે.

વિશેષ વિવરણ માટે જુઓ—પરિશિષ્ટ ૧, ભૌગોલિક પરિચય.

### ૨. શ્રાવક (**सावए**)

ભગવાન મહાવીરનો સંઘ ચાર ભાગોમાં વહેંચાયેલો હતો—શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા.[1] ભગવાને બે પ્રકારનો ધર્મ બતાવ્યો—અગાર-ચારિત્ર-ધર્મ અને અનગાર-ચારિત્ર-ધર્મ.[2] જે અગાર-ચારિત્ર-ધર્મનું પાલન કરે છે તે શ્રાવક કે શ્રમણોપાસક કહેવાય છે.

### ૩. કોવિદ (**विकोविए**)

ઘણા બધા શ્રાવકો પણ નિર્ગ્રંથ-પ્રવચનના વિદ્વાનો બનતા.[3] ઔપપાતિક સૂત્રમાં શ્રાવકોને લબ્ધાર્થ, પૃષ્ટાર્થ, ગૃહીતાર્થ વગેરે કહેવામાં આવ્યા છે.[4] રાજીમતી માટે પણ 'બહુશ્રુત' વિશેષણ પ્રયોજાયું છે.[5]

### ૪. પોત-વહાણ વડે વેપાર કરતો (**पोएण ववहरंते**)

ભારતમાં નૌકા-વ્યાપાર કરવાની પરંપરા ઘણી પ્રાચીન છે. ઋગ્વેદ (૧।૨૫।૭; ૧।૪૮।૩; ૧। ૫૬। ૨; ૧। ૧૧૬। ૩; ૨। ૪૮। ૩; ૭। ૮૮।૩-૪)માં સમુદ્રમાં ચાલનારી નૌકાઓનો ઉલ્લેખ આવે છે તથા ભુજ્યુનાવિકના બહુ દૂર ચાલ્યા જવાથી માર્ગ ભૂલી જવાનું અને પૂષાની સ્તુતિ કરવાથી સુરક્ષિત પાછા આવવાનું વર્ણન છે.

પણ્ડાર જાતક (૨।૧૨૮, ૫।૭૫)માં એવા જહાજોનો ઉલ્લેખ છે કે જેમાં લગભગ પાંચસો વ્યાપારીઓ મુસાફરી કરી રહ્યા હતા; કે જે ડૂબી ગયા. વિનય-પિટકમાં પૂર્ણ નામે એક ભારતીય વ્યાપારીએ છ વાર સમુદ્ર-યાત્રા કર્યાનું વર્ણન છે. સંયુક્ત-નિકાય (૨।૧૧૫, ૫।૫૧) તથા અંગુત્તર-નિકાય (૪।૨૭)માં છ-છ મહિના સુધી વહાણ દ્વારા કરવામાં આવતી સમુદ્ર-યાત્રાનું વર્ણન છે. દીઘ-નિકાય (૧।૨૨૨)માં વર્ણન આવે છે કે દૂર-દૂર દેશો સુધી સમુદ્ર-યાત્રા કરનારા વ્યાપારીઓ પોતાની સાથે પક્ષીઓ રાખતા હતા. જ્યારે વહાણ સ્થળથી ખૂબ દૂર-દૂર પહોંચી જતું અને ભૂમિના કોઈ ચિહ્નો નજરે પડતા નહિ ત્યારે તે પક્ષીઓને છોડી દેવામાં આવતાં હતાં. જો ભૂમિ નજીક જ હોય તો તે પક્ષીઓ પાછા ફરતા નહિ,નહિ તો થોડી વાર સુધી આમ-તેમ ઊડી ફરી પાછા આવી જતાં.

આવશ્યક નિર્યુક્તિ અનુસાર વહાણોનું નિર્માણ ભગવાન ઋષભના સમયમાં થયું હતું.[6] જૈન-સાહિત્યમાં 'જલપત્તન'ના અનેક ઉલ્લેખો મળે છે.[7] ત્યાં નૌકાઓ વડે માલ આવતો.

---

૧. ठाणं, ४। ६०५ : चउव्विहे संघे पं० तं०—समणा समणीओ सावया सावियाओ ।

૨. એજન, २। १०९ : चरित्तधम्मे दुविहे पं० तं०—अगारचरित्तधम्मे चेव अणगारचरित्तधम्मे चेव ।

૩. बृहद्वृत्ति, पत्र ४२८ 'नैर्ग्रन्थे' निर्ग्रन्थसम्बन्धिनि 'पावयणे' त्ति प्रवचने श्रावकः सः इति पालितो विशेषेण कोविदः—पंडितो विकोविदः ।

૪. ओवाइयं, सूत्र १२० ।

૫. उत्तरज्झयणाणि, २२ । ३२ : सीलवंता बहुस्सुया ।

૬. आवश्यक निर्युक्ति, २१४ : पोता तह सागरंमि वहणाइं ।

૭. (ક) बृहत्कल्प भाष्य, भाग २, पृ. ३४२ ।
(ખ) आचारांग चूर्णि, पृ. २८१

સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન વગેરેમાં દુષ્કર કાર્યની તુલના સમુદ્ર-યાત્રા સાથે કરવામાં આવી છે.[1] નાલંદાના લેપ નામના ગાથાપતિ પાસે અનેક યાન-પાત્રો હતા.[2] સિંહલદ્વીપ, જાવા, સુમાત્રા વગેરેમાં અનેક વ્યાપારીઓ જતા. જ્ઞાતા-ધર્મકથા (૧૧૯)માં જિનપાલિત અને જિનરક્ષિતે બાર વાર લવણ-સમુદ્રની યાત્રા કર્યાનો ઉલ્લેખ છે. લવણ-સમુદ્ર-યાત્રાનું પ્રલંબ વર્ણન જ્ઞાતા-ધર્મકથા (૧૧૧૭)માં પણ છે.

### ૫. પિહુંડ નગરમાં (पिहुंड)

આ સમુદ્રના કિનારે આવી રહેલું એક નગર હતું. વિશેષ વિવરણ માટે જુઓ—પરિશિષ્ટ ૧, ભૌગોલિક પરિચય.

### ૬. સુખોચિત (सुहोइए)

વૃત્તિકારે આનો અર્થ સુકુમાર કર્યો છે.[3] પ્રસ્તુત આગમમાં ૧૯।૩૪માં સુખોચિત અને સુકુમાર—બંને શબ્દોનો એક સાથે પ્રયોગ છે. એટલા માટે સુખોચિતનો અર્થ—સુખ ભોગવવાનો યોગ્ય થવો જોઈએ.

### ૭. બોંતેર કળાઓ (बावत्तरिं कलाओ)

બોંતેર કળાઓની જાણકારી માટે જુઓ—સમવાઓ, સમવાય ૭૨.

### ૮. વધ્યજનોચિત મંડનોથી શોભિત (वज्झमंडणसोभागं)

આ શબ્દોમાં એક પ્રાચીન પરંપરાનો સંકેત મળે છે. પ્રાચીન કાળમાં ચોરી કરનારાઓને કઠોર સજા કરવામાં આવતી હતી. જેને વધની સજા કરવામાં આવતી તેના ગળામાં કણેરના લાલ ફૂલોની માળા પહેરાવવામાં આવતી, તેને લાલ કપડાં પહેરાવવામાં આવતાં. તેના શરીર પર લાલ ચંદનનો લેપ કરવામાં આવતો અને તેને આખા નગરમાં ફેરવી તેના વધ્ય હોવાની જાણકારી આપતાં-આપતાં તેને સ્મશાન તરફ લઈ જવામાં આવતો.[4]

### ૯. બહારથી જતો જોયો (पासइ वज्झगं)

બૃહદ્‌વૃત્તિ અનુસાર આનાં સંસ્કૃત રૂપ બે થાય છે—बाह्यगं, वध्यगं. बाह्यगनो અર્થ છે— નગરની બહાર લઈ જવાતો તથા वध्यगनो અર્થ છે—વધ્યભૂમિમાં લઈ જવાતો.[5]

### ૧૦. વૈરાગ્યથી ભીંજાયેલો (संविग्गो)

'संविग्गो' એ સમુદ્રપાલનું વિશેષણ છે. બૃહદ્‌વૃત્તિમાં 'संवेग' પાઠ છે અને તે ચોર માટે પ્રયાજાયેલ છે. 'संवेग'નો અર્થ છે—સંસાર પ્રત્યે ઉદાસીનતા અને મોક્ષની અભિલાષા અર્થાત્ વૈરાગ્ય. અહીં વૈરાગ્યના હેતુભૂત વધ્યપુરુષને 'સંવેગ' માન્યો છે.[6]

### ૧૧. ભગવન્ (भगवं)

'भग' શબ્દના અનેક અર્થો છે. વૃત્તિકારે અહીં તેનો અર્થ માહાત્મ્ય કર્યો છે. તેનો તાત્પર્યાર્થ છે—ઐશ્વર્ય સંપન્ન.

---

૧. (ક) सूयगडो, १।११।५।
(ખ) उत्तरज्झयणाणि, ८।६।

૨. सूयगडो, २।७।६९।

૩. बृहद्वृत्ति, पत्र ४८३ : सुखोचितः—सुकुमारः।

૪. (ક) सूत्रकृतांग, १।६ वृत्ति, पत्र १५०, चूर्णि, पृ. १८४ : चोरो रक्तकणवीरकृतमुण्डमालो रक्तपरिधानो रक्तचन्दनोपलिप्तश्च प्रहतवध्यडिण्डिमो राजमार्गेण नीयमानः।
(ખ) बृहद्वृत्ति, पत्र ४८३ : वधमर्हतीति वध्यस्तस्य मण्डनानि—रक्तचन्दनकरवीरादीनि तैः शोभा—तत्कालोचितपरभागलक्षणा यस्यासौ वध्यमण्डनशोभाकस्तम्।

૫. बृहद्वृत्ति, पत्र ४८३ : बाह्यं—नगरबहिर्वर्त्तिप्रदेशं गच्छतीति बाह्यगस्तं, कोऽर्थः ?—बहिर्निष्क्रामन्तं, यद् वा वध्यगम् इह वध्यशब्देनोपचाराद् वध्यभूमिरुक्ता।

૬. એજન, पत्र ४८३ : संवेग—संसारवैमुख्यतो मुक्त्यभिलाषस्तद् हेतुत्वात् सोऽपि संवेगस्तम्।

### ૧૨. કૃષ્ણ (कसिणं)

આનાં સંસ્કૃત રૂપ બે બને છે—કૃત્સ્ન અને કૃષ્ણ. સંગ કૃષ્ણલેશ્યાના પરિણામનું કારણ બને છે, એટલા માટે તેને કૃષ્ણ કહેવામાં આવેલ છે. આ ચૂર્ણિકારનો મત છે.[1] વૃત્તિમાં કૃત્સ્ન અને કૃષ્ણ—બંને રૂપો મળે છે.[2] અર્થની દૃષ્ટિએ કૃષ્ણ રૂપ અધિક પ્રાસંગિક છે.

### ૧૩. પર્યાયધર્મ (પ્રવ્રજ્યા) (परियायधम्मं)

પર્યાય શબ્દના અનેક અર્થો થાય છે. પર્યાયનો એક અર્થ છે—દીક્ષા. પર્યાય-ધર્મનો અર્થ છે—મુનિ-ધર્મ.

ચૂર્ણિકારે પર્યાયનો અર્થ સંયમ-પર્યાય અને ધર્મનો અર્થ શ્રુત-ધર્મ કર્યો છે.[3] વૃત્તિમાં પર્યાયનો અર્થ છે—પ્રવ્રજ્યા-પર્યાય અને ધર્મનો અર્થ છે—પર્યાયધર્મ—પ્રવ્રજ્યાધર્મ.[4]

### ૧૪. દયાનુકંપી (दयाणुकंपी)

બૃહદ્‌વૃત્તિ અનુસાર દયાના બે અર્થ છે—હિતોપદેશ આપવો, રક્ષા કરવી.

જે હિતોપદેશ અને સર્વ પ્રાણીઓની રક્ષા—અહિંસારૂપ દયા—થી કંપનશીલ હોય છે તે 'દયાનુકંપી' કહેવાય છે.[5]

### ૧૫. ક્ષાંતિક્ષમ (खंतिक्खमे)

જે ક્ષાન્તિથી કુવચનોને સહન કરે છે, તે 'ક્ષાન્તિ-ક્ષમ' કહેવાય છે, પરંતુ અશક્તિથી સહન કરનારો નહિ.[6]

### ૧૬. કાલોચિત કાર્ય કરતો (कालेण कालं)

અહીં 'काल'-કાળ શબ્દ સમયોચિત કાર્ય કરવાના અર્થમાં પ્રયુક્ત છે. જે સમયમાં જે કાર્ય કરવા યોગ્ય હોય છે તે જ કાળમાં તે સંપન્ન કરવું, જેમ કે—સ્વાધ્યાયકાળમાં સ્વાધ્યાય. પ્રતિલેખન સમયે પ્રતિલેખન, વૈયાવૃત્યના સમયે વૈયાવૃત્ય કરવી વગેરે. ઉત્સર્ગ અને અપવાદ—આ બંને પ્રકારના નિયમોનો પોતપોતાની મર્યાદામાં પ્રયોગ—ઉત્સર્ગકાળમાં ઉત્સર્ગના નિયમો અને અપવાદકાળમાં અપવાદના નિયમોનું પાલન કરવું તે 'कालेण कालं'નો તાત્પર્યાર્થ છે.[7]

### ૧૭. ઉપેક્ષા કરતો (उवेहमाणो)

ઉપેક્ષાનો એક અર્થ છે—ઉપ + ઈક્ષ—નિકટતાથી જોવું. તેનો બીજો અર્થ છે—ઉપેક્ષા કરવી, ઉદાસીન રહેવું. પ્રસ્તુત શ્લોકમાં આ બીજો અર્થ જ પ્રાસંગિક છે.

### ૧૮. (न सव्व सव्वत्थभिरोयएज्जा)

શાન્ત્યાચાર્યના મતે આના બે અર્થ છે[8]—

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६१ : कृष्णं—कृष्णलेश्यापरिणामि।

૨. बृहद्‌वृत्ति, पत्र ४८६ : कसिणं ति कृत्स्नं कृष्णं वा कृष्णलेश्यापरिणामहेतुत्वेन।

૩. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६१ : संयमपर्याये स्थित्वा श्रुतधर्मे अभिरुचिं करोति।

૪. बृहद्‌वृत्ति, पत्र ४८५ : परियाय त्ति प्रक्रमात् प्रव्रज्या-पर्यायस्तत्र धर्मः पर्यायधर्मः।

૫. એજન, पत्र ४८५ : दयया—हितोपदेशादिना-ऽऽत्मिकया रक्षणरूपया वाऽनुकम्पनशीलो दयानुकम्पी।

૬. એજન, पत्र ४८५-४८६ : क्षान्त्या न त्वशक्त्या क्षमते—प्रत्यनीकाद्युदीरित दुर्वचनादिकं सहत इति क्षान्तिक्षमः।

૭. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६२ : कालेण कारणभूतेन यद् यस्मिन् काले कर्त्तव्यं तत् तस्मिन्नेव समाचरति, स्वाध्यायकाले स्वाध्यायं करोति, एवं प्रतिलेखनकाले प्रतिलेखयति, वैयावृत्यकाले वैयावृत्यं, उपसर्गकाले उपसर्गं अपवादकाले अपवादं करोति।

૮. बृहद्‌वृत्ति, पत्र ४८६ : न सव्वत्ति सर्वं वस्तु सर्वत्रस्थाने-ऽभ्यरोचयेत न यथादृष्टाभिलाषुकोऽभूदिति भावः, यदि वा यदकेत्र पुष्टालम्बनतः सेवितं न तत् सर्वम्—अभिमताहारादि सर्वत्राभिलषितवान्।

૧. જે કંઈ જુએ તેને ઈચ્છે નહિ.

૨. એક વાર વિશેષ કારણસર જેનું સેવન કરે, તેનું સર્વત્ર સેવન ન કરે.

**૧૯. (न यावि पूयं गरहं च संजए)**

મુનિ પૂજા અને ગર્હાની અભિલાષા ન કરે. વૃત્તિકારે ગર્હાના વિષયમાં એક વિચાર પ્રસ્તુત કર્યો છે. કેટલાક વિચારકોનો મત એવો હતો કે ગર્હા (આત્મગર્હા અથવા હીન ભાવના) વડે કર્મનો ક્ષય થાય છે. આ મત સાથે અસહમતી પ્રગટ કરવા માટે ગર્હાનું ગ્રહણ કરવામાં આવ્યું છે—એવો વૃત્તિકારનો મત છે. ગર્હાનો વૈકલ્પિક અર્થ પરાપવાદ કરવામાં આવ્યો છે.[1] તેની અભિલાષા ન કરવાનું સ્વાભાવિક છે.

**૨૦. શાંતભાવથી (अकुक्कुओ)**

ઉત્તરાધ્યયન ૧।૩૦માં 'अप्पकुक्कुए' શબ્દ પ્રયોજાયો છે. તેની વૃત્તિમાં શાન્ત્યાચાર્યે 'कुक्कुए'નો અર્થ 'कौत्कुच' અર્થાત્ ચંચળ કર્યો છે.[2] પ્રસ્તુત આગમના ૩૬।૨૬૩માં 'कोक्कुइय'નો અર્થ 'कोकुच्य' કરાયો છે.[3] પ્રસ્તુત શ્લોકમાં વૃત્તિકારે 'अकुक्कुओ'નો અર્થ ઉક્ત બંને અર્થોથી જુદો કર્યો છે. 'अकुक्कुओ' (સં. अकुक्कुजः) અર્થાત્ આક્રંદન કરનાર.[4] અહીં પણ 'कुक्कुय' શબ્દ 'कौत्कुच'ના અર્થમાં સંભવી શકે છે, છતાં પણ વૃત્તિકારે તેનો અર્થ તેવો કેમ નથી કર્યો તે વિચારણીય છે.

**૨૧. આત્મગુપ્ત બનીને (आयगुत्ते)**

અહીં આત્મા શબ્દ શરીરના અર્થમાં પ્રયોજાયો છે. જે વ્યક્તિ કાચબાની માફક પોતાના બધા અંગોને સંકુચિત કરી લે છે, ગુપ્ત કરી લે છે, તે આત્મગુપ્ત કહેવાય છે.[5]

**૨૨. પૂજામાં ઉન્નત અને ગર્હામાં અવનત ન થનાર (अणुन्नए नावणए)**

ચૂર્ણિમાં આનો અર્થ છે—મુનિ ચાલતી વેળાએ ઊંચું મોઢું કરી અથવા ખૂબ નીચું મોઢું કરી ન ચાલે, પરંતુ યુગાન્તરભૂમીને જોતો-જોતો ચાલે.[6]

વૃત્તિકાર અનુસાર તેનો અર્થ છે—પૂજા પ્રત્યે ઉન્નત અને ગર્હા પ્રત્યે અવનત.[7]

**૨૩. લિપ્ત ન થાવ (न... संजए)**

આ પાઠ વિષયમાં બે કલ્પના કરી શકાય છે—

(૧) અનુસ્વારને અલાક્ષણિક માનવામાં આવે.

(૨) મૂળ પાઠ 'सज्जए' હોય.

વૃત્તિકારે તેનું સંસ્કૃત રૂપ 'सजेत्' આપ્યું છે. તેનો અર્થ છે—લિપ્ત થવું.

---

૧. बृहद्वृत्ति, पत्र ४८६ : इह च गर्हातोऽपि कर्मक्षय इति केचिदतस्तन्मतव्यवच्छेदार्थं गर्हाग्रहणं, यद्वा गर्हा-परापवाद-रूपा ।

૨. એજન, पत्र ५८, ५९ : .... कौच्कुचं-करचरणभ्रूभ्रमणाद्य-सच्चेष्टात्मकमस्येति.... कौत्कुचः ।

૩. એજન, पत्र ७०९ : कौत्कुच्यं द्विधा—कायकौत्कुच्यं वाक्कौत्कुच्यं च ।

૪. એજન, पत्र ४८६ : अकुक्कुय त्ति आर्षत्वात् कुत्सितं कूजति—पीडितः सन्नाक्रन्दति कुकूजो न तथेत्यकुकूजः ।

૫. એજન, पत्र ४८६ : आत्मना गुप्तः—आत्मगुप्तः—कूर्मवत् संकुचितसर्वांगः ।

૬. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६२ : तथा नात्यर्थमुन्नतेन च चात्यर्थमवनतेन, किं ? युगान्तरलोकिना गन्तव्यम् ।

૭. बृहद्वृत्ति, पत्र ४८७ : उन्नतो हि पूजां प्रति अवनतश्च गर्हां प्रति ।

૨૪. પરિચયને... (...संथवे)

સંસ્તવનો અર્થ છે—પરિચય. ચૂર્ણિમાં બે પ્રકારનો સંસ્તવ માનવામાં આવ્યો છે—વચન સંસ્તવ અને સંવાસસંસ્તવ.[1] વૃત્તિમાં પૂર્વસંસ્તવ, પ્શ્ચાતસંસ્તવ, વચનસંસ્તવ તથા સંવાસસંસ્તવ—એવા ચાર પ્રકારના સંસ્તવોની ચર્ચા છે. માતા-પિતા, ભાઈ-બહેન વગેરેનો પરિચય પૂર્વસંસ્તવ છે. સાસુ-સસરા, સાળા-સાળીનો પરિચય પશ્ચાત્‌સંસ્તવ છે. જેની સાથે વાતચીતનો વધુ સંબંધ રહે છે તે વચનસંસ્તવ છે. જેની સાથે અધિક રહેવાનો સંબંધ બને છે તે સંવાસસંસ્તવ છે.[2]

૨૫. પ્રધાનવાન (સંયમવાન) (पहाणवं)

વૃત્તિમાં 'પ્રધાન'નો અર્થ સંયમ છે. સંયમ મુક્તિનો હેતુ છે, એટલા માટે તેને પ્રધાન કહેવામાં આવેલ છે.[3] બુદ્ધિ અને સમજદારી એવા પણ તેના અર્થો મળે છે.[4] 'પ્રધાન' શબ્દને સંજ્ઞાવાચી માનવાથી જ 'પ્રધાનવાન્' થઈ શકે છે. અહીં 'उपहाणवं' પાઠનું અનુમાન પણ કરી શકાય છે. ઉપધાનનો અર્થ છે તપસ્યા. ઉપધાનવાન્ અર્થાત્ તપસ્વી.

૨૬. છિન્ન-શોક (અશોક) (छिन्नसोए)

આનાં સંસ્કૃત રૂપો બે બને છે—छिन्नस्रोतस् અને छिन्नशोक:. ચૂર્ણિકારે પ્રથમ રૂપ માનીને તેનો અર્થ આવો કર્યો છે—જે વ્યક્તિના મિથ્યાદર્શન વગેરે બધા સ્રોતો સુકાઈ જાય છે, દૂર થઈ જાય છે, તે છિન્નસ્રોતવાળો બને છે.[5] વૃત્તિકારે આને વૈકલ્પિક અર્થ માની આનો અર્થ છિન્નશોક—જેના બધા શોક દૂર થઈ ગયા છે—એવો કર્યો છે.[6]

૨૭. પરમાર્થ-પદોમાં (परमट्ठपएहिं)

પરમાર્થનો અર્થ છે—મોક્ષ. જે સાધનો વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે તે પરમાર્થ-પદ કહેવાય છે. તે ત્રણ છે—સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર.[7]

૨૮. અલિપ્ત (निरोवलेवाइ)

જે સ્થાન અકૃત, અકારિત અને અસંકલ્પિત છે તથા જે સંયમનો ઉપઘાત કરનારાં તત્ત્વોથી રહિત છે, તે સ્થાનો નિરુપલેપ હોય છે. આ ચૂર્ણિનો મત છે.[8] વૃત્તિકારે આસક્તિના ઉપલેપથી રહિત સ્થાનોને નિરુપલેપ માન્યાં છે.[9]

૨૯. વિવિક્ત લયનો—એકાંત સ્થાનોનું (विवित्तलयणाइं)

વૃત્તિકારે આનો અર્થ—સ્ત્રી વગેરે રહિત ઉપાશ્રય એવો કર્યો છે.[10] લયનનો મુખ્ય અર્થ 'પર્વતોમાં કોતરી કાઢેલું ગૃહ' (ગુફા) થાય છે. 'लेणी' શબ્દ આ જ 'लयण' કે 'लेण'નો અપભ્રંશ છે.

૩૦. નિશ્ચલ (निरंगणे)

'निरंगण' શબ્દના બે સંસ્કૃત રૂપો કરી શકાય છે—'निरंगण' અને 'निरञ्जन'. 'निरंगण'નો અર્થ છે—લેપરહિત. 'निरंजन'નો એક અર્થ છે—ગતિરહિત, નિશ્ચળ અને બીજો અર્થ છે—દેહ અથવા અભિવ્યક્તિરહિત. પ્રાકૃતમાં 'ज'કારનો 'ग'કાર આદેશ થાય છે. એટલા માટે 'निरंजन'નું 'निरंगण' રૂપ બની શકે છે.

---

૧. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६२ ।

૨. बृहद्वृत्ति, पत्र ४८७ ।

૩. એજન, पत्र ४८७ : प्रधानः स च संयमो मुक्तिहेतुत्वात् ।

૪. आप्टे—संस्कृत इंग्लिश डिक्शनरी ।

૫. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६३ : मिथ्यादर्शनादीनि श्रोतांसि छिन्नानि—अपगतानि तस्य ।

૬. बृहद्वृत्ति, पत्र ४८७ ।

૭. એજન, पत्र ४८७ : परमार्थो मोक्षः, स पद्यते—गम्यते यैस्तानि परमार्थपदानि—सम्यग्दर्शनादीनि ।

૮. उत्तराध्ययन चूर्णि, पृष्ठ २६३ : स्त्रीपशुपण्डकविवर्जितानि लयनानि सेवति, तान्येव विशेष्यन्ते, अकृतमकारितम-संकल्पितानि संयमोपघातविरहितानि ।

૯. बृहद्वृत्ति, पत्र ४८७ : निरुपलेपानि—अभिष्वंगरूपोपलेप-वर्जितानि ।

૧૦. એજન, पत्र ४८७ : विविक्तलयनानि स्त्र्यादिविर-हितोपाश्रय-रूपाणि विविक्तत्वादेव च ।